
# નિયમસાર રહસ્ય


(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૬ના ગાથા - ૧ થી ૧૯ તથા કળશ-૧ થી ૩૫ ઉપરના શબ્દશઃ પ્રવચનો )




શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદ આચાર્ય દેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



શ્રી કાનજીસ્વામી

## ભાગ – ૧

પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર રહસ્ય

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૬૬ના જીવ અધિકાર, ગાથા-૧ થી ૧૯ તથા કળશ-૧ થી ૩૫
ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવત<br>૨૦૮૧ | વીર સંવત<br>૨૫૫૧ | ઈ. સન<br>૨૦૨૪ |
|---|---|---|

**પ્રકાશન તિથિ**

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ આચાર્ય પદારોહણ દિન,
માગશર વદ-૮, તા. ૨૩-૧૨-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.’ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા, ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગપ્રકાશક’ ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**




## નિયમસાર રહસ્ય ભાગ-૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૮૯, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૧ | ૨૩-૦૨-૧૯૬૬ | શ્લોક-૧-૨ | ૦૦૧ |
| ૦૨ | ૨૪-૦૨-૧૯૬૬ | શ્લોક-૩થી ૭, ગાથા-૧ | ૦૧૪ |
| ૦૩ | ૨૫-૦૨-૧૯૬૬ | ગાથા-૧ | ૦૨૯ |
| ૦૪ | ૨૬-૦૨-૧૯૬૬ | ગાથા-૧, ૨, શ્લોક-૮ | ૦૪૪ |
| ૦૫ | ૨૭-૦૨-૧૯૬૬ | ગાથા-૨, શ્લોક-૯ | ૦૫૮ |
| ૦૬ | ૨૮-૦૨-૧૯૬૬ | શ્લોક-૯, ગાથા-૩ | ૦૭૧ |
| ૦૭ | ૦૧-૦૩-૧૯૬૬ | ગાથા-૩, | ૦૮૪ |
| ૦૮ | ૦૨-૦૩-૧૯૬૬ | ગાથા-૩, શ્લોક-૧૦ | ૦૯૮ |
| ૦૯ | ૦૩-૦૩-૧૯૬૬ | ગાથા-૪, શ્લોક-૧૦ | ૧૧૦ |
| ૧૦ | ૦૪-૦૩-૧૯૬૬ | ગાથા-૫, શ્લોક-૧૧, ૧૨ | ૧૨૪ |
| ૧૧ | ૦૫-૦૩-૧૯૬૬ | શ્લોક-૧૨, ગાથા-૬ | ૧૩૮ |
| ૧૨ | ૦૬-૦૩-૧૯૬૬ | ગાથા-૬, | ૧૫૨ |
| ૧૩ | ૦૭-૦૩-૧૯૬૬ | ગાથા-૬, શ્લોક-૧૩ | ૧૬૬ |
| ૧૪ | ૦૮-૦૩-૧૯૬૬ | ગાથા-૭ | ૧૭૮ |
| ૧૫ | ૦૯-૦૩-૧૯૬૬ | ગાથા-૭, ૮, શ્લોક-૧૪, ૧૫ | ૧૯૧ |
| ૧૬ | ૧૦-૦૩-૧૯૬૬ | શ્લોક-૧૫, ગાથા-૯ | ૨૦૫ |
| ૧૭ | ૧૧-૦૩-૧૯૬૬ | ગાથા-૯થી ૧૨, શ્લોક-૧૬, ૧૭ | ૨૧૮ |
| ૧૮ | ૧૨-૦૩-૧૯૬૬ | ગાથા-૧૧, ૧૨ | ૨૩૧ |
| ૧૯ | ૧૩-૦૩-૧૯૬૬ | ગાથા-૧૧, ૧૨, શ્લોક-૧૮થી ૨૦ | ૨૪૪ |
| ૨૦ | ૧૪-૦૩-૧૯૬૬ | શ્લોક-૨૦થી ૨૨ | ૨૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૧૫-03-૧૯૬૬ | ગાથા-૧૩ | ૨૬૮ |
| ૨૨ | ૧૬-03-૧૯૬૬ | ગાથા-૧૩, શ્લોક-૨૩ | ૨૮૧ |
| ૨૩ | ૧૭-03-૧૯૬૬ | શ્લોક-૨૩, ગાથા-૧૪ | ૨૯૪ |
| ૨૪ | ૧૮-03-૧૯૬૬ | શ્લોક-૨૪થી ૨૬ | 30૮ |
| ૨૫ | ૧૯-03-૧૯૬૬ | ગાથા-૧૫ | 3૨0 |
| ૨૬ | ૨0-03-૧૯૬૬ | ગાથા-૧૫ | 333 |
| ૨૭ | ૨૧-03-૧૯૬૬ | ગાથા-૧૫, શ્લોક-૨૭ | 3૪૬ |
| ૨૮ | ૨૨-03-૧૯૬૬ | ગાથા-૧૬થી ૧૮, શ્લોક-૨૮, ૨૯ | 3૬૧ |
| ૨૯ | ૨3-03-૧૯૬૬ | ગાથા-૧૮ | 3૭૬ |
| 30 | ૨૪-03-૧૯૬૬ | ગાથા-૧૮, શ્લોક-30 | 3૯૨ |
| 3૧ | ૨૫-03-૧૯૬૬ | શ્લોક-3૧થી 3૫ | ૪0૬ |
| 3૨ | ૨૬-03-૧૯૬૬ | શ્લોક-3૫, ગાથા-૧૯ | ૪૧૯ |
| 33 | ૨૭-03-૧૯૬૬ | ગાથા-૧૯ | ૪33 |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# નિયમસાર રહસ્ય

(ભાગ–૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના ૧૯૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## જીવ અધિકાર

**ફાગણ સુદ-૩, બુધવાર, તા. ૨૩-૦૨-૧૯૬૬, શ્લોક-૧, ૨, પ્રવચન નં. ૧**

(નિયમસાર) કુંદકુંદાચાર્યદેવનું કરેલું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય વગેરે એમના (દ્વારા) કૃત આ નિયમસાર. આની વિશેષતા એ છે કે આમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. અને પોતે છેલ્લી ગાથામાં એમ કહ્યું કે મેં મારી ભાવના માટે આ શાસ્ત્ર રચ્યું છે. છેલ્લું. છે? '**णियभावणाणिमित्तं**' છેને, છેલ્લું છે. ૧૮૭ (ગાથા) છેને. '**णियभावणाणिमित्तं मए कदं**' એમ ૧૮૭ ગાથામાં છે. આ નિયમસાર કુંદકુંદાચાર્ય મહામુનિ આચાર્ય દિગંબર સર્વજ્ઞ પરમાત્મા પાસે ગયેલ, ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યું. એમાં કહે છે કે આ તો મારી ભાવનાને કારણે મેં આ રચ્યું છે. આહા..હા..! સમજાય છે? (બાકીના) ચાર શાસ્ત્રમાં આવો શબ્દ ક્યાંય નથી. '**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**' મેં મારી ભાવના માટે, વારંવાર સ્વરૂપની શુદ્ધતાની એકાગ્રતા કેવી હોય મોક્ષમાર્ગની—એવી ભાવના માટે મેં આ શાસ્ત્ર રચ્યું છે. જિનોપદેશને જાણીને. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એ ઉપદેશ કર્યો તે જાણીને '**पुव्वावरदोसणिम्मुक्कं**' આગળ પાછળ દોષથી રહિત આ શાસ્ત્ર છે. એમ છેલ્લી ગાથામાં

પોતે કુંદકુંદાચાર્ય મહારાજ સાક્ષી આપે છે.

નિયમસાર. નિયમ એટલે **'णियमेण य जं कज्जं'**. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપની અંતર્મુખ સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર જે ત્રણને નિયમ કહેવામાં આવે છે. **'णियमेण य जं कज्जं'** જે નિયમથી, નિશ્ચયથી આત્માના સ્વભાવનો અનુભવ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા જેવું કર્તવ્ય છે તે વાત હું કહીશ. ત્રીજી ગાથામાં કહેશે, **'णियमेण य जं कज्जं'** જે કર્તવ્ય ભગવાન આત્માને નિયમથી, નિશ્ચયથી, ચોક્કસ રીતે કર્તવ્ય—કરવાલાયક એવો આત્માના સ્વભાવની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા એ જ હિતાર્થી, મોક્ષાર્થી જીવને કરવાયોગ્ય કર્તવ્ય હોય તો તે છે. આ સાદી ભાષા છે, સહેલી ભાષા છે. ગુજરાતી કંઈ એવી કાંઈ (અઘરી) નથી. બરાબર ખ્યાલ રાખે (તો સમજાય એવી છે).

'ૐ' પહેલું મંગળિક કર્યું છે. **'પરમાત્માને નમઃ'** **'શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત'** શ્રીમદ્ સ્વરૂપલક્ષ્મીવાળા ભગવંત મહિમાવંત કુંદકુંદાચાર્ય દિગંબર સંત મહંત ધર્મના ધોરી એમણે આ નિયમસાર પ્રણીત કર્યું છે. **'શ્રી નિયમસાર'**. પહેલો **'જીવ અધિકાર'** એની **'શ્રીપદ્મપ્રભમધારીદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ'** છે. કુંદકુંદાચાર્ય પછી ઘણા વર્ષો પછી લગભગ ૧૧૦૦ વર્ષ પછી એક પદ્મપ્રભમલધારી મુનિ થયા છે. દિગંબર મુનિ છે, એ આચાર્ય નહિ. અમૃતચંદ્રાચાર્ય એ તો આચાર્ય હતા. આ મુનિ હતા. પણ મુનિ એ પંચપરમેષ્ઠી છેને. એ પદ્મપ્રભમલધારીદેવથી આ શાસ્ત્રની ટીકા કરવામાં આવી છે. એમાં પહેલું પરમાત્માનું સ્તવન કરે છે. હું ટીકાકાર ટીકા કરવા માંગું છું, એમાં હું પરમાત્માને પ્રથમ વંદન કરું છું. દેવ અમારા કેવા હોય? અને અમારી દૃષ્ટિમાં દેવ કેવી રુચિએ અમને બેઠા છે, એ દેવનું વર્ણન કરે છે.

(मालिनी)

त्वयि सति परमात्मन्माद्दशान्मोहमुग्धान्
कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम्।
सुगतमगधरं वा वागधीशं शिवं वा
जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा।।१।।

ગ્રંથના આદિમાં તાત્પર્યવૃત્તિ સંસ્કૃત ટીકા પદ્મપ્રભમલધારીદેવ કહે છે.

**'શ્લોકાર્થ :— હે પરમાત્મા!'** હે પરમાત્મા! જુઓ, ધર્મીની દૃષ્ટિમાં કેવા પરમાત્મા વસ્યા છે અને કોને એ દેવ માને છે? **'હે પરમાત્મા! તું હોતા...'** તારી સર્વજ્ઞપર્યાય અને મોહ ને રાગ-દ્વેષના અભાવની હયાતીવાળા પરમાત્મા તારી હયાતી હોતાં હું બીજાઓને કેમ વંદન કરું? સમજાય છે કાંઈ? હે ભગવાન! તું હોતા. એમ કરીને સિદ્ધ કરે છે કે સર્વજ્ઞ પરમાત્મા મોહ ને રાગ-દ્વેષ રહિત અને સર્વજ્ઞપદને પ્રાપ્ત થયેલા પરમાત્મા બિરાજમાન છે. જુઓ, આ સમ્યગ્દૃષ્ટિના પરમાત્મા આવા હોય.

ભગવાન! તારી હયાતી હોતાં **'હું મારા જેવા (સંસારીઓ જેવા) મોહમુગ્ધ અને**

**કામવશ બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?**' આંતરો પાડે છે. કુદેવ અને સુદેવ. સુદેવ કેવા હોય? અને કુદેવ કેવા હોય? એનું વર્ણન પ્રથમ કરે છે. મોહમુગ્ધ. ભગવાન! જે મોહમાં મુંઝાયેલા છે. આપ તો મોહરહિત થયેલા છો. જે કામને વશ થઈ ગયેલા છે. આપ કામવશથી રહિત વીતરાગ છો. સમજાય છે કાંઈ? જુઓ, જેની દૃષ્ટિમાં ભવના અભાવની રુચિ આત્માની થઈ છે, ભવના અભાવભાવની રુચિ આત્માની થઈ છે એને આવા પરમાત્મા રુચે છે, બીજા રુચતા નથી. જેને મોહ અને વિષયવાસના રહિત થવું છે અને આત્માના સ્વરૂપની સાવધાની અને સ્થિરતા પ્રગટ કરવી છે એવા ધર્મીજીવને આવા પરમાત્માની રુચિની ઈષ્ટતા હોય છે.

કહે છે, હે નાથ! જુઓ આમ! મારા જેવા એટલે હું પણ એક સંસારી છું એવા બીજા જીવો પણ મોહ, ભગવાન આત્મા આનંદકંદને ભૂલી અને ભ્રમણામાં પડ્યા છે કે અમે ઈશ્વર છીએ અને દેવ છીએ અને કામવાસના વીતરાગસ્વભાવ આત્માનો આનંદ એને છોડીને, એનું એને ભાન નથી, એવાઓ બીજાઓ કામ નામ ઈચ્છાને વશ થયેલા એવા '**બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?**' ચાર બોલ લીધા છે. બુદ્ધને.. એ મોહમુગ્ધ પ્રાણી છે. એને આત્મતત્ત્વનું ભાન નહોતું બુદ્ધને પણ, એમ કહે છે. આહા..હા..! બ્રહ્મા-વિષ્ણુ-મહેશ. આ ચર્ચા વખતે હતું. ક્ષણિક માને છેને. ન જ પૂજું. પ્રભુ! હું તો વીતરાગભાવનો પૂજનાર એ મોહી અને કામના વશ પડેલાને કેમ આદર અને બહુમાન હું આપું? સમજાય છે કાંઈ? '**(ન જ પૂજું).**' હું એવાઓને ન પૂજું. અર્થાત્ જેને મોહ અને રાગ બે ટળી ગયા છે, એવા વીતરાગ અને એવા સર્વજ્ઞપ્રભુ એ જ મારે આદરણીય પરમાત્મા છે. સમજાય છે કાંઈ? કારણ કે મારે પણ વિકારરહિત અને સ્વરૂપની સાવધાની ઉગ્રતાસહિત થવું છે. સ્વરૂપ શુદ્ધની સાવધાનીની સહિત અને વિકાર મોહ, રાગરહિત, અસ્તિ નાસ્તિ કરે છે, એવી સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ભગવાન એની સાવધાની અંતરમાં અને વિકારના અભાવરૂપ ભાવની પ્રાપ્તિ પ્રભુ મારે કરવી છે. મારે બીજું કાંઈ જોઈતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તો પછી ઈષ્ટદેવ, મારા ઈષ્ટદેવ—પરમાત્મા તો મારો આત્મા છે અંદર અને વિકારની અનિષ્ટતા ઈ મારી દૃષ્ટિમાં છે. આપને તો બધું ટળી ગયું છે. મોહ અને રાગ-દ્વેષ ટળ્યા અને પૂર્ણ આનંદની, જ્ઞાનની પ્રાપ્તિ થઈ. એવા સિવાય હે નાથ! આવા મોહ અને રાગને વશ પડેલા એવા અવિવેકી દેવને કેમ નમું?

'**જેણે ભવોને જીત્યા છે...**' હવે અહીં આવ્યું વજન. પાઠમાં છેને ઈ શબ્દ? '**त्वयि सति परमात्मन्माद्दशान्मोहमुग्धान्, कथमतनु**' '**अतनु**' એટલે શરીર વિનાનો. જે કામ એને વશ થઈ ગયેલા તેને હું કેમ પૂજું? હું તો ભગવાન શુદ્ધ આત્મા આનંદનો પૂજનાર છું. હું તો મારા શુદ્ધ વીતરાગ સ્વભાવનો આદર કરનાર છું. હું રાગનો પણ આદર કરનાર નથી. તો પછી મારા દેવને પૂર્ણાનંદની પ્રાપ્તિ હોય અને રાગનો અભાવ હોય એ જ મારા

દેવને વંદન કરું છું. હું બીજાને વંદન કરતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**જેણે ભવોને જીત્યા છે...**' આ એક શબ્દ બહુ પડ્યો છે. આવે છેને ભાઈ? પંચાસ્તિકાયમાં આવે છે. શૈલી એવી છેને, એ જ શૈલી છે. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યે ત્યાં પહેલાં શ્લોકમાં કહ્યું હતું, '**जीतभवान्**' અરે..! પ્રભુ! અમારા પરમેશ્વર તો જેણે ભવને જીત્યા છે, અમારે ભવનો અભાવ કરવો એવા અમારે તો પરમાત્મા ભવના અભાવવાળા હોય. જેને ભવનો અભાવ થઈ ગયો છે. સમજાય છે આમાં? આહા..હા..! ભગવાન! અમને ખાત્રી છે પ્રભુ હોં! આપે ભવને જીત્યા છે. જુઓ, જિન કહેવું છેને જિન. જિન એટલે જીત્યા. કોને જીત્યા? ભવ અને ભવના ભાવને. જેણે ભવને જીત્યા અને આત્મા અભવસ્વરૂપ ચિદાનંદ મુક્તસ્વરૂપ એની આપને પ્રાપ્તિ થઈ.

'**જેણે ભવોને જીત્યા છે...**' જુઓ, ખૂબી જુઓ, કર્મને જીત્યા છે એમ નથી લીધું. ફક્ત ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ એનાથી વિરુદ્ધ જે વિકાર જે ભવરૂપ છે, એવા ભવના ભાવને જેણે જીત્યો નામ છેદ્યો છે. જુઓ, આમાં ભવમાં તો સ્વર્ગના ભવને પણ છેદ્યા છે એમ કહે છે. સ્વર્ગના ભવ પણ આપને હોય નહિ. અમારે સ્વર્ગના ભવનો અભાવ કરવા અમે સ્વરૂપની સાવધાનીમાં ગયા છીએ તો અમારા દેવ પણ ભવના અભાવવાળા જ હોય. આહા..હા..! સમજાય છે? એ પરમાત્મા જિન પરમેશ્વર જ એવા હોય છે. એ સિવાય કોઈ જગતની અંદર ભવના અભાવવાળા પરમાત્મા જિન સિવાય કોઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**જેણે ભવોને જીત્યા...**' જેણે. ભગવાન આત્માએ પરમાત્માએ—આપે ભવોને જીત્યા છે. અહો..! આપ વીતરાગસ્વભાવના સાધન દ્વારા ભવના ભાવનો અભાવ કરીને ભવને જીત્યા છે. એ અમારા દૃષ્ટિમાં આપનું પરમાત્મપણું કેવું છે એ અમારા ભાનમાં આવ્યું છે, કહે છે. સમજાણું કાંઈ? '**ભવોને જીત્યા તેને હું વંદું છું,...**' કોઈ ભવના કારણથી તમને ભવ મળશે, આવા કારણ સેવો (એમ કહે) એ વીતરાગ નહિ. વીતરાગ તો ભવના અભાવ કરનારા ભવનો અભાવ કરવાની જ વાત કરે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર જેણે ભવનો અભાવ કર્યો. પ્રભુ! આપ ભવના અભાવનું જ કથન કરનારા છો. એવા જૈન પરમેશ્વર સિવાય ભવના અભાવ કરવાની વાત કોઈના બીજામાં મુખમાં હોઈ શકે નહિ. ચંદ્રકાંતભાઈ! વાત જોવો કેવી વાત છે! એવા જેણે ભવના ભાવને જીત્યા છે '**તેને હું વંદું છું,...**' આહા..હા..! તેને હું નમસ્કાર કરું છું, હું એને નમું છું. મારું વલણ નમનમાં ભવના અભાવવાળા વીતરાગ પ્રત્યે જાય છે. મારો વિકલ્પ પણ ભવના અભાવવાળા ભગવાન પ્રત્યે નમનમાં જાય છે. અંદરનો મારો ભાવ, ભવ વિનાનો મારો સ્વભાવ એમાં મારું નમન અને વલણ જાય છે. સમજાણું કાંઈ? '**તેને હું વંદું છું,...**' એમ કહે છે. હું વંદન કરું છું.

'**તેને પ્રકાશમાન...**' '**भासुरं**' શબ્દ છેને? '**પ્રકાશમાન એવા શ્રી જિન કહો,...**'

પ્રકાશમાન છે. શ્રી કેવળજ્ઞાનથી પ્રકાશમાન પરમાત્મા, હું પણ કેવળજ્ઞાનમય પ્રકાશમાન પરમાત્મા થવાનો કામી, અભિલાષી છું. સમજાય છે કાંઈ? મુનિ કહે છે. મુનિ પદ્મપ્રભમલધારીદેવ, હે નાથ! આપ ચૈતન્યપ્રકાશના **'भासुरं'**થી પ્રકાશમાન ... છો. એવા ભગવાન, એવા શ્રી જિન, એવા શ્રી સ્વરૂપના વીતરાગ-લક્ષ્મીવાળા જિન કહો, એને જિન કહો કે **'સુગત કહો,...'** ઈ બુદ્ધ સુગત નહિ, આપ સુગત છો. સમજાય છે કાંઈ? સુગત છેને? હેઠે અર્થ છે. **'બુદ્ધને સુગત કહેવામાં આવે છે.'** બુદ્ધને. સુગતના બે અર્થ છે. સુ-ગત, સુ-ગત. સુ નામ શોભનિકતાને પ્રાપ્ત, સુ-ગત. હે નાથ! આપ સુ—મોહ અને રાગ-દ્વેષના મલિન પરિણામ જે અશોભનિક છે (એનાથી) રહિત આપ શોભનિક છો. સમજાય છે કાંઈ? આપ સુ છો સુ. મોહ અને રાગ-દ્વેષના અશોભનિક પરિણામ છે. એનાથી આપ રહિત, શોભનિક પરિણામવાળા (છો). સમજાય છે કાંઈ? અને ગત, ગત. ગત છેને? સંપૂર્ણતાને પ્રાપ્ત. ગત છેને બીજો શબ્દ? સુ-ગત. હે ભગવાન! જુઓ, આ ઓળખાણ સમ્યક્જ્ઞાનમાં દેવની આવી હોય. એમને એમ ભગવાન.. ભગવાન કરે, નમો અરિહંતાણં (બોલી જાય) એમ ન હોય, કહે છે.

પ્રવચનસારમાં પણ ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે હું વંદન કરનાર કોણ? અને આપ વંદનને યોગ્ય કોણ? આપ વંદનને યોગ્ય સર્વજ્ઞ પરમાત્મા. હું વંદન કરનાર કોણ? હું જ્ઞાન દર્શનસંપન્ન આત્મા તે વંદન કરનાર. સમજાય છે કાંઈ? હું રાગવાળો ને વિકારવાળો એવો વંદન કરનાર હું નહિ. કહો, જમુભાઈ!

**શ્રોતા :—** ... પોતાની ઓળખાણ કરાવે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પોતે પોતાને જાણે. હું કોણ હું? હું એટલે જાણનાર દેખનાર સ્વભાવથી ભરેલો ભગવાન તે હું. ઈ કર્મવાળો ને શરીરવાળો ને પુણ્યવાળો ને વંદનના વિકલ્પવાળો પણ નહિ. ભલે વિકલ્પ આવ્યો પણ એ વાળો હું નથી. સમજાય છે કાંઈ? સમજ્યા વિનાનો વંદન કરનાર અને વંદનયોગ્ય કોણ? એનું વંદન સાચું હોઈ શકે નહિ.

અહીં તો કહે છે, ભગવાન! આપ સુગત છો, હોં! પહેલાં જિનની વ્યાખ્યા કરી કે ભવને જીત્યા તે જિન. હવે આપ સુગત છો. ભવને જીત્યા, એમાંથી પાછું સુગત કાઢ્યું. મોહ, મિથ્યાભ્રાંતિ અને રાગ-દ્વેષ અશુભને આપે ટાળ્યા એટલે આપ શોભનિક છો. આપ સ્વરૂપના શણગારથી શોભાયમાન છો. અને ગત આપ કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદને પ્રાપ્ત છો. સુ અને ગત. અસ્તિ નાસ્તિ. મોહથી રહિત, વિકારથી રહિત, જ્ઞાનાનંદને આપ પ્રાપ્ત છો. પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ એ અમારા શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યું છે કે આપ પૂર્ણ પ્રાપ્ત છો. આહા..હા..! સમજાય છે કાંઈ? પોતામાં જેને સમ્યક્જ્ઞાન દ્વારા આત્મા જણાણો છે, દર્શન દ્વારા આત્માની પ્રતીત થઈ છે, સ્થિરતાનો અંશ છે એ દ્વારા આત્મા જણાણો છે, એ દ્વારા પૂર્ણ પરમાત્માને એ જાણે છે.

ભગવાન અરિહંત પરમેશ્વર જિન શોભનિક છે. એ જ શોભાવાળી દશા કે જેમાં રાગનો,

પુણ્યનો કણ રહે નહિ. જેમાં પુણ્યના વિકલ્પનો કણ ન રહે તે શોભનિક દશા કહેવાય. જુઓ, એને પ્રસન્ન છે તે પ્રસન્નતાવાળા પરમાત્માને વંદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જે ગત છે. પોતાનો ભગવાન આત્મા જે જ્ઞાન, દર્શન, આનંદથી પરિપૂર્ણ ભરેલ છે એને આપ પ્રાપ્ત છો, પ્રભુ! આપ કૃતકૃત્ય છો. કરવાનું હવે તમારે બાકી નથી. અમારે હજી અંદરમાં એકાકાર થવાનું બાકી છે. સમજાણું કાંઈ? જુઓ,

'(૨) **કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે;...**' ગત એટલે પ્રાપ્ત છે. '**તેથી તેમને અહીં સુગત કહ્યા છે.**' સાચા દેવના આત્માને ઓળખે તેને આત્માની ઓળખાણ થયા વિના રહે નહિ. એમ અરિહંત અરિહંત કરે.. ભગવાન ભગવાન (કરે).. એમ ન ચાલે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** અન્યમતિના ભગવાનનાં નામ લઈને ભગવાનનું માહાત્મ્ય કર્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એનાથી ક્યાં કર્યું છે? એ નહિ અને આ આવા છો, એમ કરીને કહ્યું છે. તમે એવા નથી અને એ બીજા છે એ તમારા જેવા નથી. બેનો આંતરો પાડે કે નહિ? ભક્તામરમાં પણ સ્તુતિમાં કહ્યું છેને? હે નાથ! સારું થયું કે મેં પહેલાં હરિ, હરાહર દૃષ્ટા. પહેલાં બીજા કુદેવ, કુગુરુને બરાબર જોઈ લીધા બધા. હવે આપ પ્રાપ્ત થયા, હવે આપને મૂકું નહિ. સમજાય છે કાંઈ? આ તો અંતરના પુણ્ય-પાપના રાગરહિત અને શરીરરહિત આત્મસ્વભાવની રુચિના અંદરના પોકાર છે. સમજાણું કાંઈ? ભક્તિના પોકાર અંદરની આત્માનું ભજન, ભક્તિ એટલે ખરેખર તો ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ પવિત્ર સ્વરૂપ એની અંદરમાં નિર્મળ રુચિનું પરિણમન તેને નિશ્ચયભક્તિ કહે છે. એ નિશ્ચળભક્તિ, નિશ્ચયભક્તિ, નિશ્ચળભક્તિ એમાં આવા પરમાત્મા યાદ આવે ત્યારે વિકલ્પ ઉઠે છે કે ભગવાન આવા હોય છે. મારે એવી દશા પ્રાપ્ત કરવી છે, ભગવાન એવા હોય છે. સમજાણું કાંઈ? એ ગત છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન એના પણ અત્યારે તો મોટા વાંધા. કેવળજ્ઞાન કેવું હોય? એક સમયમાં ભગવાનનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકવર્તી પદાર્થને ભગવાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! આ પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત છો, હોં! અમારો આત્મા વિશ્વાસથી અનુભવથી કહે છે. આપ સર્વજ્ઞને પ્રાપ્ત થયો છો, હોં! કોઈ હવે જાણવાનું આપને બાકી નથી રહ્યું. આહા..હા..!

**શ્રોતા :—** સંયોગ આવે એમ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સંયોગ આવે એવું થાય એમ નથી જાણતા પ્રભુ આપ. સમજાણું કાંઈ? કહે છેને કેટલાક કે કેવળજ્ઞાની શું જાણે? ભવિષ્યમાં આવો સંયોગ આવે એવી પર્યાય થાય, આવો આવે તો ન થાય. ત્યારે ભગવાનના જ્ઞાનમાં જગતની ચીજ કેટલીક નિયત અને કેટલીક અનિયત છે. નિયત અનિયત એટલે? કેટલીક નિશ્ચય છે અને કેટલીક અનિશ્ચય

છે. એવું અહીં કેવળી જાણે છે.

**શ્રોતા :—** એને અનેકાંત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે..! એને અનેકાંત કહેવાય નહિ, એને તો ફૂદડીવાદ કહેવાય.

અહીં તો પ્રભુ આપ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું થયું, થાય અને થશે એ બધી પર્યાયોને આપના જ્ઞાનની પર્યાયને જાણતાં એ બધી જણાઈ ગઈ છે. આપ સુગત છો એમ અમને ખાત્રી છે. આહા..હા..! આપ ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જ્ઞાનમાં પ્રાપ્ત કરી લીધા છે. હવે નવું જાણવું રહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સુગત.

આપ '**ગિરિધર...**' છો. '**મગ મગ**' શબ્દ પડ્યો છેને? પર્વતના ધરનાર છો. ઓલા કહે છેને, કૃષ્ણએ પર્વત ઉપાડ્યો હતો. એ લોકોમાં કહે છેને. શ્રીકૃષ્ણએ ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યો હતો. ભગવાન! આપ જ મગધર પર્વતના તોળનાર છો. અનંત અનંત વીર્યથી આપે જ અનંતા ગુણને પ્રગટ કરીને, આપે જ પ્રગટ કર્યા એવા વીર્યધર આપ જ છો. જુઓ, નીચે. શ્રીકૃષ્ણને ગિરીધર '**(અર્થાત્ પર્વતને ધરી રાખનાર) કહેવામાં આવ્યા છે. શ્રી જિનભગવાન અનંતવીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.**' અનંતવીર્ય પ્રભુ! અનંતા ગુણની પર્યાય પૂર્ણ પ્રગટ થઈને રચના જે વીર્યએ કરી છે, અનંતા ગુણની પર્યાયની પરિણમનની રચના વીર્યએ (કરી છે). સ્વરૂપના સામર્થ્યને જે વીર્ય દ્વારા રચે એને વીર્ય કહીએ. એવું આપ જ અનંતુ વીર્ય પ્રગટ કરીને પરિણમ્યા છો. એ વીર્ય નહિ, આંગળીથી ડુંગર ઊંચો રાખે એ તો શરીરનું વીર્ય. એ પણ એનું વીર્ય ઓલાને અડ્યું પણ નથી. એ આંગળીથી ડુંગર ઊંચો થયો પણ નથી. અંગુળી જુદી ચીજ છે, એ જુદી ચીજ છે. એકને લઈને બીજી ઊંચી થાય, ત્રણકાળમાં નહિ. કોઈને આધારે કોઈ ઊંચું થાય નહિ અને કોઈને આધારે કોઈ પરિણમે નહિ.

અહીં તો ભગવાન તમે જ મગધર છો એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન અનંત વીર્યવાન. આહા..હા..! અંતર પોતાને અનંત વીર્યવાન આત્માની પ્રતીતિ થઈ છેને. અનંતવીર્યનો ધણી હું છું. મારા સ્વરૂપની એકાગ્રતાથી મારા સ્વરૂપના સામર્થ્યની રચના કરનારો હું એકલો પોતે છું. એમ સમ્યગ્દૃષ્ટિને પોતાના વીર્યની શ્રદ્ધાના ભાનમાં ભગવાનને પણ એવા ભાળે છે. સમજાણું કાંઈ? દેવોમાં નજર ગઈ છે એમની અત્યારે. સમજાણું? આવા દેવ હોય ઈ આવા હોય, એ સિવાય ઊંધા હોય એ નહિ. એના ભલે નામ આપ્યા પણ એ નામ પ્રભુ આપને લાગુ પડે છે, બીજાને નહિ. સમજાણું કાંઈ?

સ્તુતિ કરતાં ઋષભદેવની સ્તુતિ કરતાં પદ્મનંદીઆચાર્ય છેને? પદ્મનંદી પંચવિંશતિ. પદ્મનંદી આચાર્ય સ્તુતિ કરે છે. ત્યારે આમ સ્તુતિ કરતાં (કહે છે), પ્રભુ! હું તો જ્યાં ત્યાં આપને જ ભાળું છું, હોં! કારણ કે સર્વજ્ઞપદનું તરવરપણું આમ શ્રદ્ધામાં તરવરે છે કે એક સમયનું આવું જ્ઞાન ત્રણકાળનું હોય. ભગવાન! આપ જ્યારે ભરતક્ષેત્રમાં હતા ત્યારથી આપ જ્યારે

અહીંથી જ્યારે મોક્ષ પધાર્યા, આ નદીઓ કલકલ કરે છે, ભગવાન! આ નદી કલકલ કલકલ પ્રવાહ હોયને પ્રવાહ, પાણીનો અવાજ આવેને? કલકલ, પ્રભુ! એ કલકલ નહિ. પ્રભુ! એ આપના કેવળજ્ઞાનના વિરહનો કકળાટ છે એને. આહા..હા..! ભગવાન! આપ સર્વજ્ઞ પરમેશ્વર અહીંથી ગયા (એટલે આ) નદી એ બહાને એ કકળાટ કરે છે. ખળભળાટ, ખળભળાટ કરે છે. એનો અર્થ કે મારો આત્મા પૂર્ણ કેવળજ્ઞાન લેવાને માટે તલ્લીન થઈ ગયો છે. મને કેવળજ્ઞાનના વિરહ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કુંદકુંદાચાર્ય ધ્યાનમાં હતા, ભગવાનનો વિરહ જોયો. પોન્નુર હિલ. આહા..! અરે..! અમને સર્વજ્ઞ પરમેશ્વરના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. જ્યાં તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે એમના અમને વિરહ પડ્યા, અમને અહીં અવતાર મળ્યા. હે નાથ! તમે આ ક્ષેત્રમાં નથી. એમ અંદરમાં વિચારની ધારામાં સમવસરણની રચના કરતાં અંદર નમી જાય છે ભગવાનને આમ. હે પ્રભુ! આવા સુગતના વિરહ અમને! જ્યાં અહીં વંદન કરે છે ત્યાં અવાજ છૂટે છે. ભગવાનની વાણીમાં છૂટે છે, સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ. સમજાય છે કાંઈ? એવી ધારા અંદર એકાકાર થાય છે. સમવસરણની રચના કરીને ભગવાનને બિરાજમાન કર્યા અંદરમાં. પ્રભુ! તારા અમને વિરહ પડ્યા. આ ભરતક્ષેત્રમાં અમારા અવતાર થયા. એવી સ્તુતિ અને ભક્તિ કરતાં આમ નમે છે. ભગવાનની વાણીને હલાવે છે એકવાર જરી. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છેને. સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ. ભગવાનની વાણી નીકળે છે, સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ. તમારા સદ્ધર્મની વૃદ્ધિ હો! ઓહો..હો..! સેઠિયા! ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. કુંદકુંદાચાર્ય અહીંયા ભરતક્ષેત્રમાં હતા. સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ. આ શું? આ શું? કોઈ માણસ નથી અહીંયા અને આ અવાજ શું આવ્યો? ભગવાનના મુખમાં આ શું અવાજ આવ્યો? સદ્ધર્મ વૃદ્ધિ? ત્યાં દેવ એમના પૂર્વના મિત્ર હતા. એને ખબર પડી કે કોઈ વંદન કરે છે એમની આ વાત છે. કુંદકુંદાચાર્ય છે. દેવ આવે છે દેવ. સમજાણું? અને એમની ચાર તસુ ઊંચે ચાલવાની ભગવાન કુંદકુંદાચાર્યને લબ્ધિ પણ હતી. જમીનથી ચાર તસુ ઊંચે ચાલવાની ચારણઋદ્ધિ. ચારણઋદ્ધિ અને દેવ. ભગવાન પાસે લઈ ગયા ત્યાં. આઠ દિ' ત્યાં ભગવાન પાસે સાંભળ્યું. સાક્ષાત્ પરમાત્માની વાણી. સમજાય છે? ઓલા વિરહનું વેદન.

ભરતક્ષેત્રના માનવી પવિત્રતા અને પુણ્યમાં કેટલા કે જેને સાક્ષાત્ ભગવાન મહાવિદેહની જાત્રા (થઈ)! આહા..હા..! રતનલાલજી! આહા..હા..! અંદરમાંથી ધ્વનિ ઉઠીને. પુણ્ય પણ એટલા. એકદમ શરીર.. જઈને ભગવાનને ભેટે (-સન્મુખ થાય) છે, લ્યો. ચક્રવર્તી ઊભા થઈને પ્રશ્ન કરે છે, પ્રભુ! આ કોણ છે? આટલું તીડ જેવું શરીર, ચાર હાથનું શરીર અને ત્યાં પાંચસો ધનુષના બે હજાર હાથના ઊંચા. આ કોણ છે? ભગવાનના મુખમાં નીકળે છે કે એ ભરતક્ષેત્રના ધર્મધોરી આચાર્ય છે. દિગંબર સંત ધર્મના આધાર. છેને? આમાં ક્યાંક હશે. છે? સમવસરણ (સ્તુતિમાં છે). સમજાય છે કાંઈ?

અહીં પણ કહે છે કે ભગવાન! અમને તમારા અહીં વિરહ છે પણ અમારા જ્ઞાનમાં તો આપ તરવરો છો. તરવરો સમજાય છેને? ખ્યાલમાં છે. આપ ખ્યાલમાંથી જતા નથી. સમજાય છે કાંઈ? અન્યમતિમાં વાત છે. સુરદાસ છેને, ભાઈ! સુરદાસ. શ્રીકૃષ્ણ આમ હતા. પછી આમ રમતા રમતા... આંખ નહોતી. શ્રીકૃષ્ણ ખસી ગયા. ખસી ગયા અને છુપાઈ ગયા. સુરદાસ કહે છે કે તમે બાહ્યથી ખસો, મારા કાળજામાંથી ખસો તો ખરા કહેવાઓ. બહારથી ભલે દૂર ચાલ્યા ગયા શ્રીકૃષ્ણ, બહારથી દૂર જાઓ. અમારા જ્ઞાનના કાળજામાંથી તમે દૂર નહિ થઈ શકો. આહા..હા..!

એમ અહીંયા કહે છે, હે ભગવાન! તમારા સ્વરૂપની સ્થિતિની દશા અમારા જ્ઞાનમાં આવી છે એ હવે નીકળવાની નથી. આહા..હા..! ભલે આપ મહાવિદેહમાં બિરાજતા હો, સમજાય છે કાંઈ? સિદ્ધમાં બિરાજમાન હો, અમારા પરમાત્માનું અમારું સ્વરૂપ અમને જ્ઞાનમાં આવ્યું છે અને અમને પૂર્ણ કેવળજ્ઞાનને લેવાની તાલાવેલી છે. તાલાવેલી છે કે આવા ભગવાન અમારા દેવ હોય અને એવી શક્તિને પ્રગટ કરવી એ અમારું કામ હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી કહ્યું, 'વાગીશ્વર...'. **'બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.'** હવે બીજું શું આ લીધું? એ ગુણ લીધા પહેલાં. બોધ અને મગધર. આ વાણી (લ્યે છે). ભગવાન! આપની વાણી જગતમાં એવી વાણી ત્રણકાળમાં બીજાને કોઈને હોઈ શકે નહિ. વાણીવાળા લેવા છેને ભગવાનને, અહીં સિદ્ધ નથી લેવા. સિદ્ધ તો અશરીરી છે. વાગીશ્વર. જિનભગવાન દિવ્યવાણીના પ્રકાશક એવા તીર્થંકર લેવા છે, હોં! અહીં તો સાક્ષાત્. આપની વાણી પૂર્ણ જ્ઞાનપ્રાપ્ત, મોહરહિત શોભનિક અને અનંતવીર્યથી શોભાયમાન ભગવાન આપની વાણી જે નીકળે એ વાણી દિવ્યધ્વનિ અને આગમ કહેવાય. અજ્ઞાનીઓની વાણીને આગમ કહેવાય નહિ. સમજાય છે કાંઈ? વાણીની, શાસ્ત્રની ભાઈ વ્યાખ્યા કરે છે. શાસ્ત્રની પછી કરશે પણ આ તો એના શાસ્ત્ર આવા દેહમાંથી મુખમાં નીકળે એને શાસ્ત્ર કહેવાય. શાસ્ત્ર આ કહેવાય. શાસ્ત્રએ શું કહ્યું એ પછી કહેશે. સમજાણું કાંઈ?

દેવ, શાસ્ત્ર અને ગુરુ—ત્રણના ત્રણ શ્લોક છે પહેલાં. દેવા આવા હોય એની વાણી ઉત્કૃષ્ટ હોય. આહા..હા..! સમજાય છે? એ દિવ્યધ્વનિ હોય પાછી એની. આ આપણે બોલીએ છીએ એવો અવાજ એને ન હોય, ભગવાનને. કારણ કે જેનું રૂપ એકરૂપ થઈ ગયું છે. વીતરાગસ્વરૂપે અભેદ થઈ ગયા એની વાણી ભેદવાળી ન હોય. આમ ન હોય. ૐ અંદરથી (આવે). 'ૐકાર ધુનિ સુણી અર્થ ગણધર વિચારે, ૐકાર ધુનિ સુણી અર્થ ગણધર વિચારે'. ૐ નીકળે આમ અંદરથી. આખા શરીરમાંથી ૐ ધ્વનિ (છૂટે). હે નાથ! એવી ધ્વનિ તો સર્વજ્ઞ પરમેશ્વર હે જિન! આપને જ હોય છે. એવી વાણી અન્ય અજ્ઞાનીઓને હોતી નથી.

સમજાણું કાંઈ? તે પાછા પરમાત્મા થયા એને વાણી ન હોય એમેય નહિ, એમ કહે છે. કેટલાક કહે છે કે પરમાત્મા થઈ ગયા પછી વાણી ન હોય. અહીં તો પરમાત્મા થયા એને વાણી હોય છે. અરિહંત સર્વજ્ઞદેવ પૂર્ણ પરમાત્મપદ પામ્યા અને વાણી હોય છે. એવા વાણી ઉત્કૃષ્ટ કરનારા દેવ તે અમારા દેવ છે. સમજાણું કાંઈ? એની વાણી અમારે માન્ય છે, એ સિવાય બીજાની વાણી અમારે માન્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક એમ કહે, હું આમ કહું છું. તું કોણ પણ? સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું અને સર્વજ્ઞની વાણીમાં જે આવ્યું, એ તને સમજાણું હોય તો એ કહે, ભઈ ભગવાને આમ કહ્યું છે. ભગવાને આમ જાણ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો આ મુનિ પોતે મહા પંચમહાવ્રતધારી મહાસંયમી છે, અલ્પભવી જીવ છે. અલ્પ ભવે મુક્તિ પામનાર છે. એવા મુનિ ભાવલિંગી સંત આત્માના આનંદકંદમાં ઝુલનારા છે. આગળ કહેશે કે મારા મુખમાંથી આગમ ઝરે છે. સેઠિયા! આગળ કહેશે આગળ. અમારા મુખમાંથી પરમાગમ ઝરે છે. પુષ્પમાંથી જેમ પરાગ ઝરે, રસ, એમ જેટલા શબ્દો નીકળે એ બધા અમારા પરમાગમ ઝરે છે, કહે છે. આહા..હા..! એ પોતાના મુનિપણાના આનંદકંદના ભાનવાળી દશા છે એથી જે કાંઈ વાણી નીકળે એ બધી પરમાગમ જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એની વાણીના નકાર કરનારા પણ છે અત્યારે કે નહિ, એ મુનિ હતા. એની શ્રદ્ધાને મેળ ખાતો નથી એટલે (કહે છે), આ નહિ. એમ પણ કહેનારા અત્યારે છે. આહા..હા..!

કહે છે, એ વાગેશ્વર, વાણીના ઈશ્વર (કહ્યા છે). વાગેશ્વર. ઈશ્વર એટલે કંઈ વાણીના ધણી નથી. પણ એવી વાણી હોય તો પ્રભુ! આપને જ હોય છે. વાગેશ્વર. ઓલા વાઘેશ્વર કહે છે એમ નહિ. વાઘ ઉપર બેઠી હોય, વાગેશ્વરી. આ તો વાક્ ઈશ્વર, વાક્ નામ ઉત્કૃષ્ટ વાણી જે નીકળે ૐ ધ્વનિ, એના પ્રભુ આપ સ્વામી એટલે આપ સ્વભાવથી પૂર્ણ થયા એની વાણીમાં આવું નિમિત્તપણું હોય છે. સમજાણું કાંઈ? એવી વાણી અજ્ઞાનીને, અરે..! છદ્મસ્થ જ્ઞાનીને પણ આવી વાણી હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી કહે છે, **'વાગીશ્વર કહો કે શિવ કહો.'** લોકોમાં શિવ કહેવાય છેને શંકર? શિવ કહેવાય આ શંકરને. **'શ્રી જિન ભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં શિવ કહેવામાં આવે છે.'** શિવનો અર્થ કલ્યાણમૂર્તિ. ઉપદ્રવ વિનાનો સ્વભાવ. નિરુપદ્રવી ભાવ. કલ્યાણમય ભાવ. ભગવાન! આપની કેવળજ્ઞાનદશા એવી છે કે હવે કોઈ વિઘ્ન થાય એવું નથી. પાછું પડે એવું નથી, ઉપદ્રવ થાય એવું નથી, એવી ભગવાન આપની દશા છે. સર્વજ્ઞપદ સર્વદર્શી પૂર્ણ આનંદ. જુઓ, આ સમ્યગ્દર્શનને આવા દેવનું જ્ઞાન, ભાન હોય છે. સમજાય છે કાંઈ? એમને એમ દેવ માનવા એમ નહિ. દિવ્યશક્તિ જે અમારી છે એને અમે પ્રતીત, ભાનમાં લીધી છે. એ શક્તિનો પૂર્ણ વિકાસ નાથ તમને થયો છે એટલે હવે અમે તમને દેવ તરીકે વંદન કરીએ છીએ. કારણ કે એ પદવીના પ્રાપ્તિના અમે અભિલાષી છીએ. અમારે

રાગાદિ કે ભવ આદિ જોઈતા નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? શિવ, શિવ. કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને શિવ કહેવામાં આવે છે. લ્યો, એટલા વિશેષણ તો એક કળશમાં આપ્યા. સમજાણું? હવે બીજો કળશ. ઈ શાસ્ત્રનો છે હોં! બીજો કળશ છેને એનો.

(अनुष्टुभ)

वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम्।
वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्।।२।।

'(શ્લોકાર્થ) :— **વાચંયમીંદ્રોનું...**' યમીંદ્રો, વાચંયમીંદ્રોનો નીચે (અર્થ) કર્યો છે. '**વાચંયમીંદ્રો—મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો;...**' ભગવાન! આપ તો વાચંયમીંદ્ર '**મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો;...**' આપ તો મૌન સેવનારા છો. ઓહો..હો..! પૂર્ણ મૌન થઈ ગયા. કેવળજ્ઞાન પ્રાપ્ત જેમાં વિકલ્પ પણ રહ્યો નથી. વાચંયમીંદ્રો—મુનિઓમાં પ્રધાન જિનદેવ. મહાસંત ગણધરો પણ છે, કબુલાત કરે છે. ગણધરો સભામાં બિરાજમાન છે ચાર જ્ઞાનના ધણી એમાં પણ આપ પ્રધાન ઈન્દ્ર છો. મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ છો. જિનદેવો '**વાક્‌સંયમીઓમાં ઈન્દ્ર સમાન...**' વાક્‌સંયમીમાં. વાણીનો સંયમ જેને પૂર્ણ વર્તે એમાં પણ આપ ઈન્દ્ર સમાન છો. '**(વાચંયમી—મુનિ,...**' વાચંયમી એટલે મુનિ '**(અથવા મૌન સેવનાર, વાણીના સંયમી)**' એમાં આપ ઉત્કૃષ્ટ છો.

**શ્રોતા** :— ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ વાણીનું નિમિત્તપણું બતાવ્યું. ઉત્કૃષ્ટ વાણી આપની જ હોય અને મૌન પૂર્ણ થઈ ગયેલા ત્યારે વાણી ઉત્કૃષ્ટ નીકળે, બીજાને નીકળે નહિ એમ કહે છે. આહા..હા..! આ તો વાતું ભાઈ! અંતરની અધ્યાત્મની છે. વિકલ્પથી મૌન થઈ ગયા. પૂર્ણ નિર્વિકલ્પદશા પ્રગટી એવા મુનિઓના પણ આપ ઈન્દ્ર છો. સમજાય છે કાંઈ? વાણીમાં સંયમી છો, જુઓ, એવા જિનદેવ. શું વાત કરે છે? વાણીની વાત કરે છે હવે. પહેલાં દેવની વાત કરી. હવે વાણી. પહેલાં દેવને વંદન કર્યું. હવે શાસ્ત્રને કરે છે, પછી ગુરુને કરશે. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન'. આવે છેને ભક્તિમાં? ડૉક્ટર! ભક્તિમાં આવે છે કે નહિ? દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણની વ્યાખ્યા કરે છે. એમને એમ ઓઘે ઓઘે દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ એમ નહિ. સમજાય છે કાંઈ? દેવ સર્વજ્ઞ પરમેશ્વર આવા હોય એવું સમ્યગ્દૃષ્ટિને ભાનમાં હોય છે. અને શાસ્ત્ર આવા હોય.

કહે છે, '**વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે...**' એ વાણી નીકળવાનું આ વાહન—મુખ છે. મુખકમળ કહ્યું છે, બાકી તો ભગવાનને વાણી આખા શરીરથી નીકળે છે. પણ લોકો ભાષા એમ કહેને, મુખથી (વાણી નીકળે) એટલે એ અપેક્ષાથી લીધું છે. સમજાણું કાંઈ? જેની વાણી કેવી છે? '**(-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે...**' વાહન એના દ્વારા વાણી નીકળે છે. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે કે, ભાઈ! પરમાત્મા

થઈ જાય પછી એને વાણી ન હોય. અહીં તો કહે છે, પરમાત્મા થયા એ પરમાત્મા કઈ રીતે થયા એ વાણીમાં ન આવે તો એનું પરમાત્મપણું બીજા જાણે શી રીતે? અને બીજાઓને પરમાત્મા કેમ થયા, એ માર્ગ પણ જાણવામાં (આવે છે). વાણી ન હોય તો જાણવામાં આવે કઈ રીતે? એટલે કે હે નાથ! પરમાત્મા થયા પછી પણ તમારી વાણી તો ઉત્કૃષ્ટ હોય છે. બીજાને ન હોય એવી વાણી આપની હોય છે. કહો, સમજાણું કાંઈ? '**મુખકમળ જેનું વાહન છે,...**'

'**અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...**' ભગવાનની વાણી બે નયથી—નિશ્ચય અને વ્યવહાર, નિશ્ચય અને વ્યવહાર. સમજાય છે કાંઈ? નિશ્ચયસ્વરૂપ પણ બતાવે અને વ્યવહાર છે એને પણ બતાવે. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય—બે નય છે. દરેક વસ્તુ દ્રવ્યથી નિત્ય છે, પર્યાયે અનિત્ય છે. એ બે નયને આશ્રયે ભગવાનની વાણી હોય છે. એક નયને આશ્રયે નહિ. આમાં વાંધા ઉઠાવે છે ઘણા. બે નયને આશ્રિત છેને, માટે બેય નય આદરણીય છે. એમ નથી. કથનની પદ્ધતિ બે નયે વીતરાગવાણીમાં આવે છે—નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. એમાં દ્રવ્યાર્થિકનયનો વિષય તે આદરણીય આત્મા છે. પર્યાયનો ભેદ વિકલ્પ આદિ જે પર્યાય છે તે આશ્રય કરવાલાયક નથી. જાણવા માટે બે નયને આધીન કથન ભગવાનનું આવે. ભારે વાત પણ. સમજાણું કાંઈ?

આ '**બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...**' અહીં વજન આપે છે ઘણા. જુઓ, ભગવાનની વાણી બે નયે છે. માટે વ્યવહાર પણ લાભનું કારણ અને નિશ્ચય પણ લાભનું કારણ. લાભના કારણનો અહીં વિષય છે જ નહિ. આ તો બે નયે ભગવાનની વાણી નીકળે છે. નિશ્ચય, વ્યવહાર, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક. કારણ કે વસ્તુનું સ્વરૂપ જ એવું છે. અખંડ જ્ઞાયકમૂર્તિનું કથન દ્રવ્યનું એ દ્રવ્યાર્થિક છે. એના ગુણભેદનું, અવસ્થાનું, રાગનું કથન પર્યાયાર્થિક છે. એ વસ્તુ એવી જ છે. પ્રમાણના વિષયમાં બે નયોનું જ કથન ભગવાનની વાણીમાં આવે. એમાં પ્રયોજન સિદ્ધ કરવા માટે નિશ્ચયને મુખ્ય કરીને અને વ્યવહારને ગૌણ કરીને. એનો અર્થ ખરેખર તો મુખ્યને નિશ્ચય કરીને અને ગૌણને વ્યવહાર કરીને. સમજાણું કાંઈ?

અધ્યાત્મશૈલીમાં જ્યાં વાત આવે તો બે નયથી વાત કરે શાસ્ત્ર, છતાં મુખ્ય તે નિશ્ચય છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ તે નિશ્ચય છે. મુખ્ય છે માટે નિશ્ચય છે. નિશ્ચય છે માટે મુખ્ય એમ નહિ. સમજાણું કાંઈ? નિશ્ચયની વ્યાખ્યા સ્વાશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર. પોતાના આત્માને આશ્રિત દ્રવ્ય, ગુણ અને પર્યાય રાગાદિ નિશ્ચય કહેવામાં આવે અને કર્મ આદિ પર વ્યવહાર કહેવામાં આવે. એ અહીં નહિ. એ કથન એવું આવે, પણ પ્રયોજન સિદ્ધ કરવા માટે મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર. એટલે શું? આત્માનો મુખ્ય સ્વભાવ અભેદ અખંડાનંદ એકરૂપ છે એને મુખ્ય કરીને ભગવાને નિશ્ચય

કહ્યો છે. એનો આશ્રય કર તો તને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ પ્રગટ થાય. સમજાણું કાંઈ? કેટલા પડખા એને ધારવા. આ તો બે જ કીધા.

'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વખાણી છે' શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર સોળ વર્ષની ઉમરે ગાયન બનાવેલું. સોળ વર્ષની નાની ઉમરમાં. 'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વખાણી છે.' સમજાણું કાંઈ? છે અહીંયા? છેલ્લો ભાગ છે. મોક્ષ, મોક્ષ. મોક્ષમાળા છેને? જુઓ, 'જિનેશ્વરની વાણી' સોળ વર્ષે કહે છે, સોળ વર્ષની ઉંમર. ૧૯૫૭માં દેહ છૂટી ગયો. ૧૯૨૪માં જન્મ, સંવત ૧૯૨૪માં જન્મ. સોળ વર્ષની ઉંમરે ૧૦૮ પાઠ બનાવ્યા એમાં આ ૧૦૭મો પાઠ છે. 'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે, સકળ જગત હિતકારણી, હારિણી મોહ' જુઓ, મોહને હરનારી વાણી છે. વાણીમાં મોહને હરવાની વાત આવે છે. 'તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે. ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ, આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે. અહો રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ, જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.' સોળ વર્ષની ઉંમર હોં! ૧૦૮ પાઠ બનાવ્યા સોળ વર્ષે! સંવત ૧૯૨૪માં જન્મ. સંવત ૧૯૪૦માં આ બનાવ્યું. ૧૦૮ પાઠ. એક એક પાઠમાં ઘણો વિસ્તાર. ૧૦૮ પાઠ બનાવીને એનું નામ 'મોક્ષમાળા' આપ્યું. કારણ કે માળાના ૧૦૮ મણકા હોય છેને મણકા? મણકાને કહેવાયને? પારા. ૧૦૮ પાઠમાં આ ૧૦૭મો પાઠ છે.

'અહો રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા,' અજ્ઞાનીઓ જિનેશ્વરની વાણીનો ખ્યાલ પામતા નથી. રતનલાલજી! આ સોળ વર્ષવાળા. ડૉક્ટર! ૧૬ ૧૬. આમ કરે તો ૬૧ થાય. ૬૧વાળાને ખબર પડતી નથી. આ સોળ વર્ષે પૂર્વના સંસ્કારને લઈને.. સાત વર્ષે તો જાતિસ્મરણ હતું. ૧૯૫૭માં દેહ છૂટી ગયો. સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ. તમારી વૈશાખ વદ પાંચમ, અમારી ચૈત્ર વદ પાંચમ. 'અહો રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા,' અજ્ઞાનીઓને જિનવાણીનો ખ્યાલ આવતો નથી. 'જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.' એ ભગવાનની વાણીના ભાવ જ્ઞાનીએ જાણ્યા તેણે જાણ્યા, બીજાને એની ખબર પડે નહિ. એવું સોળ વર્ષે તો કહે છે, હોં! સમજાય છે કાંઈ?

અહીંયા મુનિરાજ કહે છે, ઓહો..! બે નય—નિશ્ચય અને વ્યવહાર અથવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. બે સર્વસ્વ—બધું કહેવાની એમ શબ્દ પડ્યો છેને. બધું છેને. દ્રવ્ય, પર્યાય છે, ભેદ છે, અભેદ છે, એ વસ્તુનું સ્વરૂપ છે એ રીતે ભગવાનની વાણીમાં આવે છે. કહેવાની જેની પદ્ધતિ છે. નય '**नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्**'. '**તે વાણીને (-જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું.**' લ્યો. આ વાણીને નમસ્કાર કર્યો. આહા..હા..! જિનશ્વરદેવ જેમ પરમાત્માની સ્થાપના છે, એમ જિનવાણી પણ વાણીની સ્થાપના થાય છે. આપણે સ્થાપના કરેલી છેને? આ સમયસાર. જિનવાણીની સ્થાપના છે. એ જિનવાણી

પણ ધર્મી જ્ઞાની જીવને બહુમાન તરીકે વંદન કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. એક બાજુ એમ પણ કહેવાય.. લોકો રાડ નાખી જાય. અધ્યાત્મની શૈલી જ્યાં અંતર ચાલતી હોય ત્યારે એમ કહે કે જે બુદ્ધિ શાસ્ત્રમાં પ્રવર્તે તે બુદ્ધિમાં રાગ ભાગ છે માટે તેને વ્યભિચાર ભાવને કહેવામાં આવે છે. સેઠિયા!

પદ્મનંદી પંચવિંશતિમાં પદ્મનંદી આચાર્ય મહારાજ વર્ણન કરે છે, ભાઈ! બુદ્ધિ તો તારી છેને. એ બુદ્ધિ તારું અંતર છોડીને એ શાસ્ત્ર શબ્દોની અંદર જાય (એમાં) રાગ થાય છે. એક કોર અહીં વંદન કરે છે. એ વ્યવહારના વંદન કાળે વંદન હોય છે, પરમાર્થને કાળે એને શું સ્વરૂપ યથાર્થ છે? એ તરફ વિકલ્પ જાય છે તે બુદ્ધિ રાગવાળી છે. ઘર છોડીને બહાર જાય છે. બેય નયના કથનો જેમ છે તેમ એણે જાણવા જોઈએ. હઠાગ્રહ કરવો ન જોઈએ કે આમ કેમ? એમ ભગવાન પોતે કહે છે. એ વાણીને હું વંદન કરું છું. એ શાસ્ત્રને વંદન કર્યું. સમજાય છે કાંઈ? ઓળખીને હોં! ઓળખ્યા વિના એમ નહિ. આવ્યું હતુંને? આમાંય આવ્યું હતું. જિનવાણી. કળશટીકામાં આવ્યું હતુંને. વાણીને પણ નમસ્કાર છે. બીજો કળશ છેને? સમયસાર કળશટીકામાં વાણીને નમસ્કાર (કર્યા છે).

'વચનામૃત વીતરાગના પરમશાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ', કાયરજનને આ વાણીના ભાવો કઠણ પ્રતિકૂળ આકરા લાગે. સમજાય છે કાંઈ? વીતરાગની વાણીના ધ્વનિમાં એમ આવે અધ્યાત્મમાં, અરે..! આત્મા! અખંડાનંદ ચિદાનંદસ્વરૂપને છોડીને તું બહાર વિકલ્પમાં આવ્યો, દોષ છે. વિકલ્પ રાગ છે. બહારના પરદ્રવ્ય તરફ લક્ષ ગયું, રાગ છે એમ પણ કહે. બીજી કોર, પરમાત્માની વાણી વંદનયોગ્ય છે એમ પણ કહે. સમજાય છે? પણ વાણી એમ કહે છે, એમ. વીતરાગની વાણી એમ કહે છે કે અમારા તરફનું લક્ષ તારું છે એ પણ રાગ છે, એમ વાણી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એવી વાણી જેની નિસ્પૃહપણે સત્ય વાત જેના મુખમાંથી નીકળી એવી વાણીને હું નમસ્કાર કરું છું. એમ કરીને વાણીની ઓળખાણ અને દેવની ઓળખાણ પોતાના આત્મામાં જે થઈ છે એને વંદન કરે છે. ત્રીજી વાત કરશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૪, ગુરુવાર, તા. ૨૪-૦૨-૧૯૬૬, શ્લોક-૩ થી ૭, ગાથા-૧, પ્રવચન નં. ૨

(નિયમસાર), કુંદકુંદાચાર્યનું કરેલું. એમાં પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે એમણે ટીકા કરી છે. ટીકા કરનાર દેવ, શાસ્ત્ર અને ગુરુનો વિનય કરીને આ ટીકા કરવા માંગે છે. પહેલાં દેવનો

વિનય કર્યો પહેલાં શ્લોકમાં. બીજામાં શાસ્ત્રનો વિનય કરીને વંદન કર્યું. ત્રીજામાં પોતાના ગુરુને વંદન કરે છે. છે દિગંબર મુનિ, પદ્મપ્રભમલધારીદેવ દિગંબર સંત મુનિ જંગલમાં વસનારા, આચાર્યપદ નહોતું, હતા મુનિ. એ પોતાના દેવને ઓળખીને વંદન કર્યું, શાસ્ત્રની પદ્ધતિને ઓળખીને વંદન કર્યું, હવે પોતાના ગુરુને વંદન કરે છે.

(शालिनी)

सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं
तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम्।
शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे
तद्विद्याढ्यं वीरनन्दिं व्रतीन्द्रम्।।३।।

કહે છે કે હું ટીકા કરવા માંગુ છું પણ બધા મારા ગુરુઓ, સંતોને હું વંદન કરું છું. પહેલાં સિદ્ધસેન મુનીન્દ્ર એક આચાર્ય થયા છે. દિગંબરમાં હોં! શ્વેતાંબરમાં પણ એક સિદ્ધસેન થયા છે, પણ એને કાંઈ આ દિગંબર મુનિ વંદન કરે નહિ. કેટલાક આમાંથી ઈ અર્થ કાઢે છે કે જુઓ, સિદ્ધસેનને પણ પહેલાં, મધ્યસ્થ હતા એટલે વંદન, આદર કર્યો છે. અહીં તો કહે છે, '(**શ્લોકાર્થ :—**) **ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને,...**' ઉત્તમ સિદ્ધાંતો જેના મુખમાંથી નીકળ્યા હતા એવા સિદ્ધસેન શ્રી સ્વરૂપી લક્ષ્મીના પતિ એવા સિદ્ધસેન મુનીન્દ્રને હું વંદન કરું છું.

**શ્રોતા :—** સિદ્ધસેન દિવાકરને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, નહિ, કીધુંને. સાંભળ્યું શું? સિદ્ધસેન દિવાકર નહિ. સિદ્ધસેન દિગંબર મુનિ હતા. મુનિ દિગંબર સિવાય દિગંબર મુનિ કોઈ બીજાને વંદન ન કરે. શબ્દ પણ પડ્યો છે અહીંયા. મુનીન્દ્ર છે સિદ્ધસેન, તે પણ ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ છે ઈ. મહા આત્મજ્ઞાન, આત્મધ્યાન અને વીતરાગી સિદ્ધાંત જેણે રચ્યા છે એવા શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને હું વંદન કરું છું. સમજાય છે કાંઈ? કેટલાક વિદ્વાનો એમાંથી કાઢે છે. પહેલાં બહુ સમભાવ હતો, બેયને સરખા માનતા. શ્વેતાંબરમાંથી જે મુનિઓ પાક્યા એ સાચા સિદ્ધાંત સર્વજ્ઞે કહેલા સિદ્ધાંત જેવા મુનિ એમાં હોઈ શકે જ નહિ. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં તો આખો દેવ, ગુરુ, શાસ્ત્રનો સિદ્ધાંતનો ફેર છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલા સિદ્ધાંત, એમના કહેલા ગુરુ અને એમના કહેલા દેવ, એ તો સર્વજ્ઞે કહેલા એક દિગંબર ધર્મમાં સનાતનસ્વરૂપ છે, બીજે એ હોઈ શકે નહિ. માટે સિદ્ધસેન જે આ વંદન કર્યું છે એ દિગંબર સંત મુનિ છે. આત્મજ્ઞાની, ધ્યાની અને ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ છે. આત્મજ્ઞાન ધ્યાનમાં મહા સર્વસ્વ ઉત્કૃષ્ટ છે.

'**તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને,...**' અકલંકદેવ થઈ ગયા છેને? તત્ત્વાર્થ રાજવાર્તિકના કર્તા. ઈ આપણે અકલંક-નિકલંકનું નહોતું? સંવાદ હતોને? અકલંક-નિકલંક. એની

ખાતર નિકલંકનું મૃત્યુ થયું. અકલંકદેવે મહા બૌદ્ધ સાથે ચર્ચા કરીને જૈનધર્મનો ઝંડો-જયજયકાર કરાવ્યો. એવા અકલંકદેવ રાજકુમાર હતા. પછી દીક્ષા લીધી છે. કેવા છે ઈ? તર્કરૂપી કમળ. તર્કરૂપી કમળ નામ ફૂલ, કમળ એને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન છે. એવા તર્કથી સિદ્ધાંતો સિદ્ધ કર્યા છે કે તર્કરૂપી કમળને ખોલવામાં પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન છે. એવા મુનીન્દ્રને હું વંદન કરું છું.

ત્રીજા. '**શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને...**' શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન. ચંદ્ર ઊગે કે દરિયો ઊછળે છે. ચંદ્ર ઊગેને? આમ દરિયો ઊછળે. એમ કેવા હતા પૂજ્યપાદસ્વામી? સર્વાર્થસિદ્ધિની ટીકા કરનાર અને બીજું આ સમાધિશતક, ઈષ્ટોપદેશ આદિ કરનારા પૂજ્યપાદસ્વામી, કુંદકુંદાચાર્ય ... પછી થયા. મહા દિગંબર સંત મુનિ, આત્મધ્યાની, જ્ઞાની જંગલમાં વસવાવાળા, પૂજ્યપાદસ્વામી મહાન સંત મહા દેવ જેની પૂજા કરતાં એવી જેની લબ્ધિ હતી. એવા પૂજ્યપાદસ્વામી કેવા છે? શબ્દરૂપી સિંધુને (ઊછાળવામાં) ચંદ્ર સમાન છે. શબ્દની શૈલી, સર્વાર્થસિદ્ધિમાં એટલી રચના ટીકા કરી છે, અદ્‌ભુત ટીકા! તત્ત્વાર્થસૂત્ર બનાવ્યું, ભગવાન કુંદકુંદાચાર્યના શિષ્ય ઉમાસ્વામી, અને એમની ટીકા કરી પૂજ્યપાદસ્વામી. ત્રણે દિગંબર મુનિ હતા. કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ, ઉમાસ્વામી દિગંબર મુનિ, પૂજ્યપાદસ્વામી પણ દિગંબર મુનિ. એ સિવાય મુનિપણું સાચું દિગંબર સિવાય ક્યાંય સાચું હોઈ શકે જ નહિ. એ વસ્તુનો સ્વભાવ છે.

એટલે અહીં કહે છે, જેણે શબ્દરૂપી દરિયાને ઊછાળવામાં ચંદ્ર સમાન કામ કર્યું છે. શબ્દનો ભંડોળ ઘણો પ્રગટ કર્યો એમણે. ઈ ત્રણ બોલ કહ્યા. (હવે વીરનંદિ મુનીન્દ્રને) વંદન કરે છે. પોતાના ગુરુ. '**તદ્‌વિદ્યાથી (સિદ્ધાન્તાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધ...**' પદ્મપ્રભમલધારીદેવ મુનિ દિગંબર સંત હતા. કહે છે કે મારા ગુરુ કેવા છે? કે એ ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ હતા, તર્કકમળના સૂર્ય હતા અને શબ્દસિંધુને ઊછાળવામાં ચંદ્રમા સમાન હતા—ત્રણેમાં પૂરા હતા. તદ્‌વિદ્યાથી સમૃદ્ધ ત્રણેમાં પૂરા એવા '**વીરનંદિ મુનીન્દ્રને...**' મુનીન્દ્ર—મુનિના ઈન્દ્ર એટલે આચાર્ય. અમારા ગુરુ વીરનંદિ આચાર્ય જે ત્રણેમાં પૂરા હતા, એને હું વંદું છું. આ દેવ, શાસ્ત્ર અને ગુરુ ત્રણના ત્રણ શ્લોક છે. ભક્તિમાં આવે છેને? 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન'. આ ત્રણના ત્રણ શ્લોક મૂક્યા. આવા અરિહંત સર્વજ્ઞ હોય, આવી એની વાણી હોય અને આવા સંત મુનિ દિગંબર મુનિઓ આવા હોય. એને ઓળખીને ત્રણને વંદન કરીને ટીકા કરવા માંગે છે. કેટલો વિનય છે, જુઓ, દિગંબર મુનિ સંત જંગલવાસી છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. પરમાગમ મારા મુખમાંથી નીકળે છે એમ આગળ કહેશે. એ પણ આ રીતે વિનય.. વિનય.. વિનય બહુમાન કરીને હું નિયમસારની ટીકા કરવા માંગુ છું. ચોથો શ્લોક.

(अनुष्टुभ)

अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।
वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम्।।४।।

કહે છે કે હું ટીકા કરીશ '**ભવ્યોના મોક્ષને માટે...**' જુઓ, આ સિદ્ધાંત પહેલો. '**ભવ્યોના મોક્ષ માટે...**' યોગ્ય જીવના મોક્ષને માટે. એક તો 'ભવ્ય' શબ્દ વાપર્યો છે. યોગ્ય, જે આત્માની યોગ્યતા મોક્ષની લાયકાતની છે એવા જીવને માટે. મોક્ષને માટે. પણ એના છૂટકારો, બંધનથી છૂટે એવું નિયમસાર ભગવાન કુંદકુંચાર્યે કરી એની હું ટીકા કરવા માંગુ છું. ભવ્ય જીવના મોક્ષને માટે.

**શ્રોતા :—** અત્યારે મોક્ષ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મોક્ષ જ છે આત્મામાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ પ્રગટ કરે એને અલ્પ કાળમાં મોક્ષ થશે, એ થશે જ એને. પછી વચ્ચે સ્વર્ગ આદિ એકાદ ભવ કરવો પડે એ તો એક ધર્મશાળામાં રોકાવું પડે. ધર્મશાળા સમજાણું? પચ્ચીસ ગાઉ ચાલવું હોય, સોળ ગાઉ ચાલ્યા, રાત પડી ગઈ તો ધર્મશાળામાં (રોકાય). છોડ્યું ગાડું, રાખ્યું ધર્મશાળામાં ચાર પહોર. સવાર પડે ત્યાં નવ ગાવ કાપવા છે ત્યાં ચાલ્યા જશે. એમ અત્યારે આ આત્મા પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધન કરે તો અલ્પકાળમાં કદાચિત્ પૂર્ણ ન થાય તો એ રાગાદિ બાકી (રહ્યા તેના ફળમાં) સ્વર્ગની ધર્મશાળામાં જશે. ત્યાંથી નીકળીને અવતાર મનુષ્યનો થઈને જે અધૂરું હતું એ પૂરું કરશે. એટલે મોક્ષ જ છે. સમજાણું કાંઈ?

'**ભવ્યોના મોક્ષને માટે...**' કોઈ કહે કે ત્યારે મોક્ષ અત્યારે? પણ અત્યારે જ છે, સાંભળને! સંપૂર્ણ દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય એને મોક્ષ જ, વર્તમાને મોક્ષ છે એક ન્યાયે. અધૂરું છે ઈ પૂરું થઈ જશે. એક વાત. '**તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે...**' આ ટીકા કરું છું એમાં મારો બીજો કોઈ હેતુ નથી. ફક્ત વિકલ્પ છે, પણ મારું લક્ષ સ્વભાવસન્મુખમાં છે. મોક્ષમાર્ગ આ છે, મોક્ષમાર્ગ આ છે, મોક્ષમાર્ગ આ છે. એમ હું ઘૂંટી, એ ઘૂંટતા મારા આત્માની શુદ્ધિને અર્થે આ ટીકા બનાવું છું. એ અમૃતચંદ્રાચાર્યની શૈલી લીધી. આમાંથી ટીકા કરે છે કેટલાક કે જુઓ, ટીકા કરતાં પણ શુદ્ધિ થાય છે. વિકલ્પ ઉઠ્યોને એ શુભભાવથી પણ આત્માની શુદ્ધિ થાય છે. એમ કાઢે છે. શેઠિયા! અરે..! ભગવાન! એ તો અમૃતચંદ્રાચાર્યે એમ કહ્યું. બીજા શ્લોકમાં એ પોતે કહે છે કે આવો જ્યારે મોક્ષમાર્ગનો અધિકાર હું શરૂ કરું છું, ભગવાન શુદ્ધ પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિ, એનું જ્ઞાન અને લીનતા એ નિશ્ચયમોક્ષમાર્ગ રાગ અને પરની અપેક્ષા વિનાના માર્ગને હું આમાં ટીકામાં ઘૂંટીશ, ઘૂંટવામાં મારું ધ્યાન જ તે તરફના સ્વભાવસન્મુખ છે, એટલે એ કાળે મારી શુદ્ધિને માટે આ ટીકા કરું છું. સમજાણું કાંઈ? ટીકા કરવામાં જે વિકલ્પ છે એ તો પુણ્યબંધનું કારણ છે. પણ અહીંયા પ્રધાનપણું સ્વભાવની એકતાનો મોક્ષમાર્ગ વર્ણવશે, તે તરફની પ્રધાનતાથી

વર્ણન કરીશ. માટે મારી શુદ્ધિને માટે આ ટીકા કરું છું. દુનિયા પાસેથી માન લેવા નહિ, દુનિયા પાસે મોટપ લેવા નહિ, દુનિયા જાણે કે આ બહુ વિદ્વાન છે ટીકા કરનાર, એ માટે નહિ. બસ, એટલું બતાવે છે.

**'નિજ આત્માની શુદ્ધિને અર્થે નિયમસારની 'તાત્પર્યવૃત્તિ'...'** એનું નામ તાત્પર્યવૃત્તિ (છે). શાસ્ત્રમાં તાત્પર્ય શું કહેવું છે? ભગવાન કુંદકુંદાચાર્યને તાત્પર્ય ભાવ શું કહેવો છે? એવા નામની ટીકા હું કહીશ. એમ પદ્મપ્રભમલધારીદેવ મુનિ પ્રતિજ્ઞા કરે છે.

પાંચમો (શ્લોક). હવે ટીકા તે હું કરનાર તે કોણ? એમ કરીને પોતાની વિનયતા વર્ણવે છે.

(आर्या)

**गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।**
**परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः।।५।।**

આહા..હા..! જુઓ, નિર્માનતાથી ટીકા કરનાર પોતાની નિર્માનતા વર્ણવે છે. અરે..રે..! આગળ જે બધી વાત આવશે એ, કહે છે કે **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** શું? પરમાગમનો અર્થનો સમૂહ. ગણધરોથી ટીકા કરાયેલી છે. એના અર્થ કાંઈ મારા છે નહિ. ભગવાન પરમાત્માએ જે નિયમસાર—મોક્ષમાર્ગ કહ્યો, એના અર્થના સમૂહના કરનારા તો ગણધરદેવ છે. ગુણના ધરનાર ગણધરો, ગુણધરો એનાથી રચાયેલા શું? **'પરમાગમના અર્થસમૂહનું કથન...'** એનાથી વ્યક્ત કરાયેલા **'અને શ્રુતધરોની પરંપરાથી...'** ગણધરથી માંડીને અત્યાર સુધી મારા ગુરુ સુધી મહા ભાવશ્રુતના ધરનાર, દ્રવ્યશ્રુતના ધરનાર, એણે વ્યક્ત કર્યા છે. આ નિયમસારના ભાવને અર્થો દ્વારા એ મુનિઓએ જ વ્યક્ત પ્રગટ કરેલા છે. હું તે કોણ કરનાર? આહા..હા..! સમજાણું કાંઈ?

મુનિ કહે છે, હું તે કોણ કરનાર? એના અર્થો તો ગણધર ભગવાનથી, શ્રુત સાધુ પરંપરાએ સાધુ ચાલ્યા આવ્યા, અમારા ગુરુ તરીકે એમણે આના અર્થો તો કરેલા જ છે. હું એના અર્થનો કરનાર કોણ? આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** ... સંધિ જળવાયેલી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, જળવાય, બધી જળવાયેલી છે. શું કહે છે, જુઓને!

**'શ્રુતધરોની પરંપરાથી સારી રીતે...'** સુવ્યક્ત છેને? સારી રીતે વ્યક્ત કરાયેલા. હું કંઈ અંદર ઝીણવટ મૂકીને મારા ઘરનું કહીશ એમ નહિ, બધું વ્યક્ત કરાયેલું છે. જુઓ, આગળ આવશે, કારણપર્યાય ને બધું આવશે, એ બધું વ્યક્ત કરાયેલું છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'આ પરમાગમ...'** આ પરમ આગમ, આગમ તો છે પણ પરમ આગમ છે. એના **'અર્થસમૂહનું કથન...'** એના શબ્દોના અર્થસમૂહનું કથન **'કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** પાઠમાં છે, જુઓ, **'वयं मन्दाः वक्तुममुं के'**. મહામુનિ પરમાગમના જાણનાર મહા છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે છે. અમૃતઆનંદમાં ઝુલે છે. એક ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન વિકલ્પ,

ક્ષણમાં સાતમું ગુણસ્થાન. એવા અમૃતઆનંદનો અનુભવ કરતાં-કરતાં ટીકા કરે છે. પણ કહે છે કે અમે તે કોણ કરનાર? હું તે કોણ કરનાર? એ ટીકાના અર્થોના સમૂહો ગણધરો એને શ્રુતની પરંપરાના ધરનાર મુનિઓએ કરેલા છે તે હું કહીશ. સમજાણું કાંઈ?

**'કથન કરવાને અમે મંદબુદ્ધિ...'** પાછી ભાષા લીધી છે. છેને? **'मन्दाः'**. આહા..હા..! આવી ટીકા કરનાર કહે છે, અમે તો મંદબુદ્ધિ છીએ. જમુભાઈ! આ તો સાધારણ ચોપડી બનાવે તો કહે, અમે કર્યું છે, અમે આ કર્યું, અમે આ કર્યું, અમે આ કર્યું. ભાઈ! અરે..! અમે તો મંદબુદ્ધિ છીએ. અમારી બુદ્ધિ કેટલી? અમે સાધારણ બુદ્ધિવાળા છીએ. આ ટીકા તો ગણધરોએ ભગવાનથી આવેલા સૂત્રો એના અર્થો ગણધરોએ કરેલા. એના અર્થો પરંપરાએ સંતોએ કરેલા. દિગંબર મહામુનિઓ પરંપરાની પાટે ચાલ્યા આવેલા એમણે કરેલા છે. અમે તે એના કરનાર કોણ છીએ? આહા..હા..! સમજાણું કાંઈ? એટલો વિનય, એટલી નિર્માનતા, એટલી સ્વરૂપની સાવધાની અને સંતોનો આદર. તે પૂર્વક ટીકા કરવા માંગે છે. **'અમે મંદબુદ્ધિ તે કોણ?'** અમે તે કોણ? આની ટીકા કરનાર અમે તે કોણ? આહા..હા..! ત્યારે કહે છે, ટીકા થાય છે એમાં કારણ શું?

(अनुष्टुभ्)

अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः।
परमागमसारस्य रुच्या मांसलयाऽधुना।।६।।

અરે..! **'શ્લોકાર્થ :— હમણાં અમારું મન...'** જુઓ, કહે છે. ટીકા થવામાં એ વિકલ્પ ઉઠ્યા જ કરે છે અમારા મનમાં. અમારું હમણાં મન આ શાસ્ત્રનો અર્થ સ્પષ્ટ થાય, ગણધરોએ કરેલો છે એ સ્પષ્ટ અહીંયા લખાણમાં આવે એમ અમારું મન વારંવાર વિકલ્પમાં જાય છે. અમે છીએ તો સ્વરૂપ આનંદમાં અમારો ભાવ, પણ અમારું મન ત્યાં વારંવાર ફરે છે કે આની ટીકા થાય, આના અર્થો બહાર પડે, અમારા કંઠસ્થ ગુરુએ અમને આપ્યું છે એ બહાર આવે, એમ વારંવાર મનની પ્રેરણા થયા કરે છે. આહા..! **'હમણાં અમારું મન...'** પાછી ભાષા શું છે? **'अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः'** સમજાય છે? હમણાં એટલે હમણાં. **'प्रेरितानि पुनः पुनः। परमागमसारस्य रुच्या मांसलयाऽधुना'** છેને છેલ્લો? છેલ્લો શબ્દ છેને? **'अधुना'**. નહિતર અમે તો જ્ઞાનસ્વરૂપ છીએ, શુદ્ધ સ્વરૂપ છીએ. અમારે તો વિકલ્પેય નથી અને રાગ પણ નથી. પણ હમણાં અમારું મન આ નિયમસાર, ભગવાન કુંદકુંદાચાર્યે કરેલું છે એના અર્થો ગણધરોથી સંતો સુધી ચાલ્યા આવ્યા છે તો એની ટીકા થાય એમ અમારું મન આમ થયા કરે છે, વારંવાર એમાં જાય છે. મારા મનનો વિકલ્પ ત્યાં જાય છે એથી આ ટીકા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કરીને શું કહ્યું? કે વિકલ્પ અમારો એ ઉઠવાનો એ કાળ અમારે અત્યારે છે. સેઠિયા! આહા..હા..! આ ટીકાને (થવાને) વિકલ્પ ઉઠવાનો કાળ અમારે છે (માટે) એ વિકલ્પ આવે છે. વારંવાર વિકલ્પ આવે

છે. એના સમાધાન માટે આ થાય છે. કહો, વજુભાઈ! આહા..હા..!

**'હમણાં અમારું મન...'** અમે છીએ તો જ્ઞાન અને આનંદ. અમારું સ્વરૂપ તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ છીએ. પણ મનમાં હજી અમને વિકલ્પ વારંવાર આવ્યા કરે છે. આ થાય, આની (ટીકા) થાય, આની ટીકા થાય. ત્યારે અત્યારે કાળ જ એવો વર્તે છે વિલ્પનો. સમજાણું કાંઈ? **'પરમાગમના સાર...'** પરમ આગમ જે નિયમસાર એનો સાર એની પુષ્ટિ. પુષ્ટ પુષ્ટ, એના **'સારની પુષ્ટ રુચિથી...'** બરાબર એનો આમ જે અર્થ છે એ પુષ્ટ થાય એવી અમારી રુચિથી **'ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** ફરી વિકલ્પ આવે ત્યાં ફરીને આવે છે, આની ટીકા થાય, આના અર્થો પુષ્ટ થાય, સત્ય સ્વરૂપ બહાર આવે અને સત્ય લોકો સમજે એવો વારંવાર વિકલ્પ આવ્યા કરે છે. જમુભાઈ! જુઓ તો ખરા એ ટીકા કરનારની રીત અને પદ્ધતિ!

**'અત્યંત પ્રેરિત થાય છે.'** ભાષા પાછી એવી છે, જોયું? **'પરમાગમના સારની પુષ્ટ રુચિથી...'** પુષ્ટ રુચિથી **'ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. (એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે).'** આવો એક વિકલ્પ આવે છે તો રચાય છે. અમે તો જ્ઞાનસ્વરૂપ છીએ, આનંદસ્વરૂપ છીએ. એ આનંદ અને જ્ઞાન રચે કોને? આહા..હા..! પણ એક વિકલ્પ આવ્યા કરે છે, શાસ્ત્રની રચનાનો કાળ છે તો એ રચાઈ જાશે એમ કહે છે. ત્યારે હવે કહે છે કે એ કહેલું તો પહેલેથી આચાર્યોએ કહેલું છે. કુંદકુંદાચાર્ય(એ કહેલું છે).

(अनुष्टुभ)

पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः।
प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः।।७।।

સૂત્રકાર ભગવાન કુંદકુંદાચાર્યે, ભગવાન કુંદકુંદાચાર્યે. સૂત્રકાર એ છે એમ પોતે કહે છે. સૂત્ર કરનાર હું નથી. સૂત્ર કરનાર કુંદકુંદાચાર્ય મહારાજ સંત છે. **'પૂર્વે પાંચ અસ્તિકાય...'** પાંચ અસ્તિકાયનું વર્ણન એમાં કર્યું છે. **'છ દ્રવ્ય,...'** છ દ્રવ્ય. જુઓ, આ જૈનશાસનમાં આવી ચીજ છે. પાંચ અસ્તિકાય છે, કાળ સિવાય. છ દ્રવ્ય છે કાળસહિત. **'સાત તત્ત્વ...'** છે પુણ્ય-પાપને આસ્રવમાં ભેળવીને. નવ પદાર્થ છે આસ્રવમાંથી પુણ્ય-પાપને જુદાં પાડીને. એટલાની વ્યાખ્યા સૂત્રકારે કહી છે, હું કોણ કરનાર? કહે છે. એનું આ વર્ણન ટીકામાં ચાલશે, ચાલશે, વિકલ્પ ઉઠ્યો છે, ચાલશે. આહા..હા..!

**'તેમ જ...'** હવે ખૂબી લ્યે છે કે **'પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે...'** આમાં પચ્ચખાણ, વ્રત, તપ, આલોચના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની સત્ક્રિયા, સત્ક્રિયા, નિર્મળ પર્યાયરૂપી સત્ક્રિયા (કહેલ છે). છે? **'પ્રત્યાખ્યાનાદિ...'** પડિકમણું, પ્રત્યાખ્યાન, આલોચના, સમાધિ, ભક્તિ આદિ ઘણા બોલ છે એમાં. એ બધી સત્ક્રિયા. ભગવાન આત્મા

શુદ્ધ ધ્રુવ જ્ઞાનાનંદસ્વરૂપ એની શુદ્ધ પરિણતિરૂપી સત્ક્રિયા. શુદ્ધ પરિણતિરૂપી સત્ક્રિયા. જુઓ, આ ક્રિયા. ક્રિયા તો ત્રણ પ્રકારની છે. એક જડની પર્યાય તે જડની ક્રિયા, એક દયા, દાનના વિકલ્પ તે વિભાવની ક્રિયા અને આ સ્વભાવની ક્રિયા. એ અસત્ક્રિયા. આહા..હા..! અહીં તો પોતે જ પહેલેથી કહે છે. સમજાણું કાંઈ? જેટલા અધિકાર આમાં આવશે એમાં આ પહેલી ક્રિયા સત્ક્રિયાનું જ એમાં વર્ણન છે. સમજાણું કાંઈ? ભક્તિ, સમાધિ, સામાયિક, યોગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આલોચના, પ્રત્યાખ્યાન, પડિકમણું એ બધી, આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની, અંતરલક્ષ કરતાં જે શુદ્ધતાની દશા પ્રગટ થાય, શુદ્ધતા નિર્વિકલ્પ વીતરાગપરિણતિ એવી અવસ્થાના ભેદને અહીંયા સત્ક્રિયા કહેવામાં આવે છે. એ સત્ક્રિયા તે મોક્ષનું કારણ છે. વચ્ચે વિકલ્પ આદિ આવે, વ્યવહાર આદિ એ મોક્ષનું કારણ નથી. એમ બતાવવા માંગે છે અહીંથી. આહા..હા..! સમજાય છે કાંઈ? છેને, જુઓને પાઠમાં છે કે નહિ? '**प्रत्याख्यानादिसत्क्रियाः**'. લ્યો. સમજાણું? હેં? શું કીધું?

**શ્રોતા** :— માણસોનું સમાધાન થાય એવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— માણસોનું સમાધાન થાય ઈ આ સમાધાન થાય. શુભ વિકલ્પથી, રાગથી સમાધાન ન થાય. કહો, સમજાણું કાંઈ? જુઓને, આ બધા બોલ છેને આગળ. શુદ્ધોપયોગ, આવશ્યક, સામાયિક, ચૌવિસંતો, વંદન ઈ આવશ્યકો, ભક્તિ, સમાધિ, પ્રાયશ્ચિત, આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે. સમજાણું કાંઈ?

પદ્મપ્રભમલધારીદેવ મુનિ કહે છે, કુંદકુંદાચાર્ય મહારાજે આત્માની પુણ્ય-પાપના વિકલ્પ વિનાની સત્ક્રિયા. 'ક્રિયા પર્યાયની ફેરણી' રાગરહિત શુદ્ધ ભગવાન આત્મા એની અંતર એકાગ્રતા થતાં જે નિર્મળ નિર્વિકારી વીતરાગી પર્યાયની દશા થાય તે સત્ક્રિયા. તેને પ્રતિક્રમણ કહેવાય, તેને પ્રત્યાખ્યાન કહેવાય, તેને સંવર કહેવાય, તેને નિર્જરા કહેવાય, તેને ભક્તિ કહેવાય, તેને સમાધિ કહેવાય, એને શુદ્ધોપયોગ કહેવાય. સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો ભગવાન કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિ વગેરેને સત્ક્રિયા કહેલ છે. હું તો એના કહેલા અર્થોનો ભાવ કહીશ. કહેલ સત્ક્રિયા જ કીધી છે આમાં કુંદકુંદાચાર્યે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ સત્ક્રિયા છે. શું કીધું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. પર્યાય તે સત્ક્રિયા છે. આહા..હા..! ભગવાન આત્મા.. કહો, સૌભાગ્યભાઈ! આ વળી શુદ્ધ યાદ આવ્યું. તમારો પ્રશ્ન હતોને, શુદ્ધ શુદ્ધ. શુદ્ધ કહો કે સત્ક્રિયા કહો. એ શુદ્ધ પરમાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ, આનંદકંદ એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવ તરફની એકાગ્રતા થતાં જે સત્ નામ શુદ્ધ દશાની પર્યાય પ્રગટ થાય, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ પણ આત્માની સત્ક્રિયાનું પર્યાયનું રૂપ છે. મોક્ષમાર્ગ છેને, મોક્ષમાર્ગ એ પર્યાય છે. શું? મોક્ષમાર્ગ કોઈ દ્રવ્ય-ગુણ નથી. મોક્ષમાર્ગ, રાગ એ મોક્ષમાર્ગ નથી એમ સિદ્ધ કરવું છે અહીં. મોક્ષમાર્ગ તો સત્ક્રિયા છે. આહા..હા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ. જેની સ્મૃતિના યાદમાત્રથી જેને આનંદ આવે એવો ભગવાન છે, કહે છે. સમજાય છે કાંઈ? આ આત્મા. એકલો જ્ઞાન અને આનંદ ને શુદ્ધતાનો ભરેલો ભંડાર. કહો, આવ્યું હતુંને સવારમાં? છ ઢાળામાં નહોતું આવ્યું? અનંતગુણનો ભંડાર. કરંડ, સુકરંડ, ચંદ કરંડ. આહા..હા..!

ભગવાન પોતાનો હોં! એ પરની ચિંતાએ પોતે પડ્યો ચોર્યાશીના કૂવામાં. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાની ચિંતા, એકાગ્રતાને ભૂલી પરની ચિંતામાં હોળીમાં પડ્યો કૂવે ચોર્યાશીના અવતારમાં. આહા..હા..! એની અશુદ્ધતાનું ચિંતવન જ એને ગળે પડ્યું છે ચોર્યાશીના અવતારમાં. અનુભવપ્રકાશમાં કહ્યું છેને, ભાઈ? તારું અશુદ્ધ ચિંતવન તારે ગળે પડ્યું. અનુભવપ્રકાશમાં (કહ્યું છે). દીપચંદજી થયા છેને સાધર્મી. દિગંબર શ્રાવક થયા છે. તારી અશુદ્ધતાનું ચિંતવન તને ગળે પડ્યું છે. ભાઈ! પુણ્ય અને પાપ ને દયા ને વ્રત ને ભક્તિના વિકલ્પ હોં, વિકલ્પ ભાવ, એ અશુદ્ધતાનું ચિંતવન તેં કર્યું એ તને ગળે પડ્યું, એ તને ફાંસી પડી. આહા..હા..! કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ?

ભગવાન અનંતગુણનો સાગર શુદ્ધ સ્વરૂપે ભરેલો પ્રભુ એનું અંતર ચિંતવન—એકાગ્ર થવું —એનું નામ સત્ક્રિયા કહેવાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેની સામું જોયે જે દશા પ્રગટ થાય એને સત્ક્રિયા કહેવામાં આવે છે. પર સામું જોઈને જે વિકલ્પની ચિંતવના થાય એ અશુદ્ધ અસત્ક્રિયા છે, એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિ કહેવા માંગે છે કે કુંદકુંદાચાર્ય મહારાજ મહાસંત મુનિ આચાર્ય, આચાર્ય કુંદકુંદાચાર્યદેવ ગુરુ એમ કહેશે આગળ. કુંદકુંદાચાર્યદેવ ગુરુ, સમજ્યાને? ક્યાંક શબ્દ છે ઈ. એમાં છે જુઓ, પહેલી ગાથામાં ટીકામાં છેલ્લો શબ્દ છે. '**पूर्वसूरिणा श्रीकुन्दकुन्दाचार्यदेवगुरुणा प्रतिज्ञातम्।**' પહેલી ગાથાની ટીકાની અંદર ટીકાનો છેલ્લો શબ્દ છે. પહેલી ગાથાની ટીકાનો છેલ્લો શબ્દ છે. પાંચમું પાનું. '**श्रीकुन्दकुन्दाचार्यदेवगुरुणा**' કેટલા વિશેષણ આપ્યા છે! પોતે પદ્મપ્રભમલધારીદેવ. છે પ્રભુભાઈ! ટીકાનો છેલ્લો શબ્દ છે. ટીકામાં વાંચ્યું, નીચે ... '**પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.**' પહેલી ગાથા. કુંદકુંદાચાર્યદેવગુરુ, પાછો એમ શબ્દ વાપર્યો. સમજાણું કાંઈ?

કહે છે, એ 'ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે).' પચ્ચાખાણ, પચ્ચખાણ કોને કહેવું? પડિકમણું કોને કહેવુ? સંવર કોને કહેવો? સમાધિ, બોધિ સમજાય છે? અહીં ઘણા બોલ એમાં લખેલા છે, ઈ આમાં નહિ લખેલા હોય. ઓલામાં એક પાનામાં (લખેલું). આમાં નથી. આ બોલ ઘણા પહેલેથી લખેલા છે હોં બધા બોલો, આમાં. જ્ઞાનચેતના, ઉપયોગ, સ્વપરપ્રકાશક જ્ઞાનોપયોગ, કારણશુદ્ધપર્યાય સહજ અવસ્થા વગેરે. પ્રસિદ્ધ શુદ્ધ કારણભગવાન, યોગ, અવસ્થા એવા ઘણા બોલ છે અંદરમાં, જુદાં જુદાં ઘણા નાખ્યા છે, આમાં નથી નાખ્યા. પરમભાવ એવા

શબ્દો જુદાં જુદાં પાડ્યા છે, આમાં નથી નાખ્યા. પાછળ નાખ્યા છે, જુઓ, સંયમ, નિયમ, અધ્યાત્મ, તપ, ધર્મધ્યાન, શુક્લધ્યાન, કુળ, મંદિર, સામાયિક, વ્રત, પરમભક્તિ એ સત્ક્રિયારૂપી શુદ્ધ પરિણતિ પોતાની સ્ત્રી, યોગ, ભક્તિ, શુદ્ધનિશ્ચયઆવશ્યક, સામાયિકગુણ, પ્રતિક્રમણાદિ ક્રિયા, શુદ્ધનિશ્ચયક્રિયા, પરમાર્થ ક્રિયાકાંડ, ભાગવત્ શાસ્ત્ર, સત્, શીલ અને સેવા. એ બધી શુદ્ધ પરિણતિની ક્રિયાને નામ આપે છે. એટલા નામ છે, આ પાછળ લખી લીધા છે. પાછળ છે. આખા શાસ્ત્રમાંથી. સમજાણું કાંઈ? આ તો વંચાઈ ગયું છેને. ત્રણ વાર વંચાઈ ગયું છે આ, બે વાર વંચાઈ ગયું છે બીજું. શીતલપ્રસાદનું અર્થ કરેલું છેને, ઈ બે વાર નિયમસાર વાંચી ગયો છું. એકવાર ત્યાં હીરાભાઈના મકાનમાં, એકવાર અહીં ત્રણ વાર. આ ચોથી વાર ચાલે છે. આમ નિયમસાર છઠ્ઠી વાર ચાલે છે. સમજાણું કાંઈ? ઓહો..!

**શ્રોતા :—** બધું આપને યાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ કે બધું તમારે યાદ કરવાનું, અમારે કાંઈ યાદ કરવાનું નહિ, અમે કેવા ભાગ્યશાળી! પણ તમે અહીંયા આવો છો કે નહિ ૩૧ વર્ષથી. આ ૩૧ વર્ષ થશે, ફાગણ વદ ત્રીજ. આ આપણી. ૧૯૯૧ના ફાગણ વદ ત્રીજે અહીં આવ્યા છીએ. ૩૧ વર્ષ પૂરા, ચૌદ દિ' પછી. તમારી ચૈત્ર વદ કહેવાયને? અમારી ફાગણ વદ ત્રીજ. ૩૧ પૂરા. ૩૧- ૩૦ અને ૧. એમાં પાંચ વાર તો આ નિયમસાર વંચાઈ ગયું છે. આ ત્રણ વાર વંચાણું છે અને બે વાર ઓલું વંચાણું છે. શીતલપ્રસાદના અર્થ કરેલું હતુંને, તે દિ' તો આ ક્યાં હતું? આપણા તરફથી તો આ ૨૦૦૭ની સાલમાં છપાણુંને. ૨૦૦૭માં, ૨૦૧૧માં પછી આ ... કહો, સમજાણું?

અહીં વજન શું કહેવું છે? કે નિયમસારમાં કુંદકુંદાચાર્યે પ્રત્યાખ્યાન, પચ્ચખાણ સત્ક્રિયાનું વર્ણન કર્યું છે. સમજાય છે કાંઈ? અસત્‌ની વ્યાખ્યા આવશે પણ એનું વજન નથી. એ તો જાણવા માટે આવશે. અને આ તો ખાસ આદરવા માટે જે છે, પ્રત્યાખ્યાન, ગયા કાળનું પડિકમણું, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પ્રત્યાખ્યાન એવી વાતું કરે છે કે નહિ ગાયન બોલે એમાં? પડિકમણામાં બોલે છે. ઈ શું ચીજ છે? કે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય પદાર્થ એના અંતરની સ્મૃતિ થતાં, એકાકાર થતાં જે શુદ્ધ દશા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સમાધિ આદિ જે પ્રગટ થાય, પ્રત્યાખ્યાન, એને સત્ક્રિયા કહેવામાં આવે છે. એ સત્ક્રિયા એ સંવર, નિર્જરારૂપ છે. એ સત્ક્રિયા તે મોક્ષનું કારણ છે અને એ સત્ક્રિયા તે મોક્ષમાર્ગ છે. કહો, સમજાય છે કાંઈ?

'**(સત્ક્રિયા કહેલ છે).**' હોં કહે છે. ગ્રંથકાર કહે છે, '**અતિ વિસ્તારથી બસ થાઓ, બસ થાઓ. સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો!**' જે આ કથન ચાલશે એ એમને એમ જયવંત વર્તો. એમ કરીને પોતાના ભાવને આ શાસ્ત્ર કાયમ રહે એમ વર્ણવશે.

હવે સૂત્રાવતાર, કુંદકુંદાચાર્ય મહારાજની ગાથા તાડપત્ર ઉપર કહેલી. ભગવાન કુંદકુંદાચાર્ય...

णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।
वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।

આ ધ્વનિ, આ શબ્દો ભગવાન કુંદકુંદાચાર્યના વિકલ્પમાં હતા. સમજાય છે કાંઈ? વિકલ્પમાં આ ભાવ હતો એમ. શબ્દો તો શબ્દો નીકળ્યા.

णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।
वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।

નીચે એનું હરિગીત છે. હરિગીત છે. એનું નામ હરિગીત છે. હરિ એટલે ભગવાન આત્મા એના ગાણા. 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું જન્મ્યું સફળ તવ દેખું, હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું' પ્રભુ એટલે આત્મા હોં! એવું હરિગીત. એ આપણા પંડિતજીએ હિંમતભાઈએ આ બધા શબ્દોને (અડીને) અર્થ કર્યા છે. એ એમનું બનાવેલું આ હરિગીત છે.

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને**
**કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.**

એનો શબ્દાર્થ પહેલો લઈએ, પહેલો.

'**અન્વયાર્થ :— અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (-કેવળજ્ઞાની કેવળદર્શની)**...' વીર ભગવાન મહાવીરપ્રભુ. શાસનના નાયક છેલ્લા. અનંત અનંત.. આહા..હા..! અને ઉત્કૃષ્ટ. બે વિશેષણ (કહ્યા). જે મહાવીરપ્રભુનું જ્ઞાન અનંત હતું. અનંતને અનંતને અનંત તરીકે જાણેલું એવું અનંત હતું. અને ઉત્કૃષ્ટ હતું. બીજા જ્ઞાનો તો ચાર છે પણ આ તો ઉત્કૃષ્ટ જ્ઞાન. જ્ઞાન, દર્શન જેમનો સ્વભાવ એવા કેવળજ્ઞાની, કેવળદર્શની. જુઓ, જેનો એવો સ્વભાવ. ભગવાન પરમાત્મા મહાવીરદેવ જેમનો અંત વિનાનો બેહદ અને ઉત્કૃષ્ટ જ્ઞાન, દર્શન જેનો સ્વભાવ છે. એમ અસ્તિ તરીકે પર્યાયની પૂર્ણતાની સત્તાનો મહાવીરદેવને પ્રગટ ભાવ થયો છે. એવી મહાન સત્તાનો જેના જ્ઞાનમાં સ્વીકાર છે. કોના જ્ઞાનમાં? આ વંદન કરનારના.

કુંદકુંદાચાર્યદેવના જ્ઞાનમાં અલ્પજ્ઞાન મતિ અને શ્રુત હોવા છતાં, ભગવાન વીર અનંત બેહદ માપ વિનાનું અને ઉત્કૃષ્ટ એવા જ્ઞાન, દર્શન જેનો સ્વભાવ છે એવા વીરને, એવા વીરપ્રભુ, ભગવાન મહાવીર. '**जिणं वीरं**' જિન ઉપર વજન આપશે. આખી ટીકામાં જિનથી શરૂ કરશે. જિન વીર. સમજાણું કાંઈ? જિન શબ્દ વાપર્યો છે. જિન વીર. વીતરાગી જેણે... કહેશે અંદર હોં! મોહ-રાગ-દ્વેષાદિ જેણે જીત્યા છે એવા જિન વીર. એને અમે જિન વીર, મહાવીર કહીએ છીએ. એને **નમીને**, એને નમીને '**કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું**...' આ નિયમસાર તો કેવળી ભગવાને કહેલું છે. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. ત્યાં કેવળી ભગવાન સીમંધર પરમાત્માએ કહ્યું હતું અને ત્યાં બીજા શ્રુતકેવળીઓ હતા એમની પાસે પણ ત્યાં લીધેલું હતું. આ મોક્ષનો માર્ગ શ્રુતકેવળી અને કેવળીએ કહેલું.

એમ કહીને નિયમસારને મહાપુરુષોએ કહેલું એમ પ્રમાણ ઠરાવ્યું. માટે પ્રમાણ છે. હું કહું છું એમ ન કહેતા, એમનું કહેલું કહું છું એમ કરીને કેવળી અને શ્રુતકેવળીએ કહેલું છે માટે પ્રમાણ છે. સમજાય છે કાંઈ? અલ્પજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી શાસ્ત્ર રચ્યા એવું આ શાસ્ત્ર નથી, એમ કહે છે. સર્વજ્ઞના મુખમાંથી નીકળેલું, શ્રુતકેવળીઓએ અનુભવીને કહેલું એવા નિયમસારને હું કહીશ, એમ કહે છે. એવા નિયમસારને હું '**वक्ष्यामि**' કહીશ. મારા કલ્પનાની વાત નથી, હું કહીશ એમ નહિ, પણ આમનું કહેલું કહીશ. સમજાણું કાંઈ?

'ટીકા :— **અહીં '**जिनं नत्वा**' એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.**' અસાધારણ મંગળિક. '**जिनं नत्वा**' ઓહો..! જેણે મોહ અને રાગ-દ્વેષ હતા અને જીત્યા. હતા એને જીતેને? ન હોય એને શું જીતે? એટલે હિત કર્યું. ભગવાન પરમાત્મા અનંત વીરપ્રભુ એણે, મોહ અને રાગ-દ્વેષ હતા (એને) જીત્યા, જીત્યા. વ્યય થઈ ગયો, અનંતવીતરાગ અને વિજ્ઞાનઘન દશા જેને પ્રગટ થઈ. એમ કહીને મહા અસાધારણ મંગળિક કર્યું છે.

**શ્રોતા :—** અસાધારણ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અસાધારણ એટલે એના જેવું કોઈ મંગળિક નહિ. બધા હેઠા એ સિવાય. અદ્વિતીય અજોડ મંગળ, અજોડ મંગળ. એની સાથે મંગળનો મુકાબલો બીજાનો થઈ શકે નહિ.

**શ્રોતા :—** દાખલો આપોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ દાખલો કીધોને. કેવળજ્ઞાન પરમાત્મા ઉત્કૃષ્ટ જ્યાં છે એમ વર્ણવ્યું, હવે એનું મંગળિક બીજું કોને કહેવું? કહે છે. સમજાણું કાંઈ?

'**એ ગાથાથી શાસ્ત્રના અદિમાં અસાધારણ મંગળ...**' અસાધારણ સમજતા નથી? આ સાધારણ, અસાધારણ નથી આવતું? સાધારણ, અસાધારણ વનસ્પતિની વ્યાખ્યા નથી સમજતા? સાધારણ વનસ્પતિ? એટલે શું? એક શરીરમાં અનેક. અને અસાધારણ વનસ્પતિ એટલે શું? એક શરીરમાં એક જીવ. સાંભળ્યું છે કે નહિ? આ નિગોદ. બટાટા-આલુ એ સાધારણ છે. સાધારણ એટલે શરીર એક અને અનંત જીવ. અસાધારણ એટલે પ્રત્યેક, સાધારણ નહિ. એક શરીરમાં એક (જીવ). આ મંગળિક એક્કો છે એમ કહે છે. આ એક મંગળિકમાં બીજું મંગળિક એનાથી બધા હેઠા છે. આના જેવું એક મંગળિક હોઈ શકે નહિ. સમજાણું કે નહિ? આહા..હા..! ભાઈએ એમ કહ્યું કે કંઈક દાખલો? દાખલો ક્યો આપવો? ભગવાનનું કહેલું જ આપીએ છીએ, સાધારણ, અસાધારણ. અસાધારણ વનસ્પતિ એટલે એક શરીરમાં એક જીવ રહેનારો. એક્કો મંગળિક, એક્કો મંગળિક, એક જ મંગળિક જેમાં બીજું કોઈ સમાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો દુનિયામાં નથી કહેતા? આ અસાધારણ વાત છે. નથી કહેતા? ભાઈ! એવું તો આપણે આવે છે કે નહિ? એ.. જયંતિભાઈ! અસાધારણ

વાત છે એટલે કે આ કાંઈ સાધારણ વાત નથી. એમ આ મંગળિક અસાધારણ છે, સાધારણ નથી, એમ કહે છે. એમાં તો મહા સિદ્ધાંતો સમાઈ ગયા એમ કહે છે.

'**जिनं नत्वा**'. ઓ..હો..! એક આત્મા છે, અનંત ગુણનો ભંડાર છે, એ ટકીને વિકારવાળું જે ચિંતવન હતું એને સ્વભાવની સન્મુખ થઈને જેણે જીત્યા, વિકારનો વ્યય થયો, નિર્વિકારનો ઉત્પાદ થયો, અખંડાનંદ ધ્રુવથી પોતે ટકી રહેલો. એવો ઉત્પાદ, વ્યય, ધ્રુવ આ '**जिनं नत्वा**'માં ત્રણે સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નમું છું એમ કીધુંને? ત્યારે નમું છું એટલે? હું વિકારને નમતો નથી. પહેલોં હું પોતે વિકારનો આદર કરનાર હતો તો હું હવે '**जिनं नत्वा**' વીતરાગભાવને નમન કરનાર છું. એમ કહીને પોતે પણ પોતાની વાત સિદ્ધ કરે છે. જ્ઞાનાનંદ ભગવાન આત્મા છું. અનાદિથી વિકારનો આદર કરતોં એનો અર્થ કે વિકારને નમતો (હતો). પુણ્ય-પાપના વિકલ્પ બહુ સારા.. સારા.. સારા એમ માનતો એનો અર્થ કે એને હું નમતો, એનો વિનય કરતો, એનો હું આદર કરતોં. હવે હું '**जिनं नत्वा**'. આત્માની વીતરાગી પર્યાય તેને નમું છું, રાગને નમતો નથી અને રાગને આદર દેતો નથી. આહા..હા..!

આ તો અધ્યાત્મ-શાસ્ત્ર છેને, એમાં તો ઘણા ઘણા ભાવો, ઘણા ભરેલા હોય એક એક શબ્દમાં, એક '**जिनं नत्वा**'માંથી બાર અંગ ઊભા થાય. બાર અંગની ટીકા સ્પષ્ટીકરણ '**जिनं नत्वा**', સમભાવ વીતરાગને નમું છું. એવો વીતરાગભાવ, વીતરાગી દશા, એ ગુણની દશા એવા ગુણના અનંતા ગુણો. કારણ કે વીતરાગી દશા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એમાં સ્થિરતા, એનો આનંદ, એનું અસ્તિત્વ, એનું વસ્તુત્વ વગેરે એક '**जिनं नत्वा**'માંથી અનંતગુણ સિદ્ધ થાય, અનંતી પર્યાય સિદ્ધ થાય, વિકારી અનંતી પર્યાયનો અભાવ સિદ્ધ થાય. આહા..હા..! ધરમચંદજી! આ તો શાસ્ત્ર છે. આ કાંઈ વાર્તા, કથા નથી કે નોવેલ કરી નાખી એક જણાએ. ઓલો આવ્યો હતોને તમારો, નહિ? વડોદરાવાળો. કેવો? કમલનાથ. એક આવ્યો હતો અહીં વ્યાખ્યાનમાં. બહુ નોવેલો બનાવે છે. ધૂડમાં નોવેલ. અહીં વ્યાખ્યાનમાં આવેલો. વ્યાખ્યાનમાં આવે.

આ તો સર્વજ્ઞની વાણી અને એને કહે છે કે હું તો '**जिनं नत्वा**'. ઓહો..! આવા વીર અનંતજ્ઞાન, દર્શનને ધરનાર તેનો જેનો સ્વભાવ જ એ થઈ ગયો છે, એમ કહે છે. સ્વભાવ જ એ થઈ ગયો, ભાઈ! એમ કીધું આ. અનંતદર્શન શક્તિ નહિ, પર્યાય. આહા..હા..! જેને અનંત ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાનસ્વભાવ જ થઈ ગયો છે. એવા વીરને નમું છું, એવા જિનને (નમું છું). આહા..હા..! જેની પર્યાયનો સ્વભાવ જ એવો થઈ ગયો છે. જેવો દ્રવ્ય-ગુણનો સ્વભાવ છે એવી પર્યાયનો (સ્વભાવ થઈ ગયો). અનંત ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાનસ્વભાવ '**अणंतवरणाणदंसणसहावं**' એમ શબ્દ પડ્યો છે. ઈ પર્યાયની વ્યાખ્યા છે આ. ગુણની વ્યાખ્યા નથી. આહા..હા..! ભગવાનને વીર પ્રભુ એમને એમ હું નમતો નથી, હું ઓળખીને નમું છું. પરમાત્મા જેનું શાસન ચાલે છે, જેના શાસનમાં હું એક આચાર્ય થયો છું, એમ કહે છે.

તે હું કુંદકુંદાચાર્ય નામ છે શરીરનું એવો હું એક કુંદકુંદાચાર્ય આવા વીર ઉત્કૃષ્ટ અનંતજ્ઞાન, દર્શન જેનો પર્યાયસ્વભાવ જ થઈ ગયો છે. સ્વપર્યાય સ્પષ્ટ ભવનં સ્વભાવ. એનું ભવન જ સ્વભાવનું એવું થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'जिनं नत्वा'એ ગાથાથી શાસ્ત્રની શરૂઆતમાં અજોડ મંગળ કહ્યું છે. અજોડ મંગળ કહ્યું. એની સાથે જોડે કોઈ ઊભો રહે એવું છે નહિ. આહા..હા..! વીતરાગને નમતા અને તે આવા સ્વભાવવંત જ્યાં જ્ઞાન ખ્યાલમાં આવ્યું, એને નમન કરું છું એનો અર્થ જ ઈ થયો કે હું અનંત બેહદ દર્શન, જ્ઞાનમાં નમેલો, વળેલો વીતરાગપર્યાયવાળો હું પૂર્ણ વીતરાગ સ્વભાવને પ્રાપ્તને હું નમન, વંદન કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? વંદ્યવંદકભાવ ક્યાં હોય? છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય, વિકલ્પ છે ત્યાં સુધી. ભગવાન વંદનિક છે અને હું એનો વંદનાર એ વિકલ્પ છઠ્ઠા સુધી હોય, પછી હોય નહિ. સાતમા ગુણસ્થાનથી ભગવાનને વંદન કરનાર હું અને આ (ભગવાન વંદનયોગ્ય) એમ હોય નહિ. અભેદ દશા જ્યાં થઈ ગઈ ત્યાં હોય નહિ. એમ કરીને પોતે પણ કહે છે કે મારો વિકલ્પ ઉઠ્યો છે, હું એક વંદન કરનાર છું. વંદન કરવાને લાયક અનંતજ્ઞાન, દર્શનસ્વભાવ જેનો પ્રાપ્ત થઈ ગયો છે એવા જિનને હું નમું છું. સમજાણું કાંઈ?

આવે છેને સ્વયંભૂ સ્તોત્રમાં? સમંતભદ્રાચાર્ય. શંકરની પિંડી હતીને? રાજા કહે, 'નમન કરો.' 'મારું નમન સહન નહિ કરી શકે. મારું નમન ઈ પિંડી નહિ સહન કરી શકે. હું તો વીતરાગને નમન કરનારો છું.' રાજા કહે, 'નમન કરો આ પિંડને. અત્યાર સુધી ખાધા છે લાડવા.' ઓલો રોગ થયો હતોને? ભસ્મ રોગ. પહેલાં રોગ હતો ત્યાં સુધી તો ખાતા હતા, પછી બચી ગયું. બચ્યું ત્યારે ખબર પડી કે આ તો ઈ ખાતા હતા. શંકરને ખવરાવતા હતા. 'નમન કરો અત્યારે.' 'સહન નહિ કરી શકે. હું એક વીતરાગસ્વભાવની દૃષ્ટિવાળો હું એક જિન છું. અને હું જિન પરમાત્માને નમન કરનાર, બીજાને નમન કરનાર હું છું નહિ. નહિ સહન કરી શકે એ પિંડી, ફાટશે.' 'ફાટે તો ફાટવા દ્યો.' સ્તુતિ ચંદ્રપ્રભુની ઉપાડીને, એવી ઉપાડી અંદરથી.. ફટ થઈને ચંદ્રપ્રભુ નીકળ્યા. આ ભગવાન, જુઓ, આ અમારા ભગવાન, બીજા ન હોય. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વંદન કરનારા (પણ કેવા)!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવા જ હોય. હતા, અમે ગયા હતાને ઓલી પણે. કેવા એ? ભુવનેશ્વર. ભુવનેશ્વરના મંદિરમાં ન્યાં અમે ગયા હતાને જ્યારે, ખંડગિરી ઉદયગિરી જાત્રા. કલકત્તાથી ઓલી કોર, ખંડગિરી ઉદયગિરી ગયા હતા. ત્યાં જોવા ગયા હતા. પણ ઓલા કહે કે પણ અડધા કલાક પછી બતાવું. ઈ વખતે ન્યાં ફાટેલી છે પિંડી. ન્યાં ચંદ્રપ્રભુ નીકળેલા. પણ અમારે વખત નહોતો. અમે કહ્યું, તરત બતાવો તો અમે જોઈએ. સમંતભદ્રાચાર્ય અહીં શું છે? એ પછી શંકરનું દેવળ થઈ ગયું છે. એ બાજુ શંકરના બહુ દેવળ છે, ભાઈ! જોયા

હતાને, ભાઈ? બહુ દેવળ, ચારે કોર ઘણા દેવળો એ વખતે. ખેતરમાં પડ્યા હોય. અમથા ખાલી ખેતરમાં ઘણા દેખ્યા, નહિ ભાઈ? ભાઈ વજુભાઈ હતાને?

કહે કે, 'સહન નહિ (કરી શકે), હું વીતરાગનો ભગત છું. અજ્ઞાનીઓનો હું ભગત નથી. હું છું છદ્મસ્થ અલ્પજ્ઞાની પણ હું પૂર્ણાનંદ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગને પીછાણીને મેં ઓળખ્યા છે. માટે બીજાને નમન ન કરું.' ઈ તો આવે છેને સ્તોત્રમાં પણ? ભગવાન બહાર નીકળે છે જાણે ગુફામાંથી. સમંતભદ્ર આવે છે (અને કહે છે), ઊભા રહો, પ્રભુ! આપ આપ્ત છો કે નહિ? હું પરીક્ષા કરીને વંદન કરું છું. ઊભા રહો. સમંતભદ્રની સ્તુતિમાં આવે છે હોં!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તમે જોયું હતું? પછી અમને વખત નહોતો મળ્યો. અમારે ટાઈમ થઈ ગયેલો. ત્રડ પડી જશે, પત્થર નહિ ઝીલે અમારું સ્તવન. પુણ્યનો યોગ પાછો ભેગો. પુણ્યનો યોગ પાછો ભેગો હતો. પવિત્રતા એકલી કામ ન કરે. પવિત્રતા જરીયે કામ ન કરે. પાછો પુણ્યનો યોગ હતોને, આમ જ્યાં સ્તુતિ ઉપાડી, ફડાક ચંદ્રપ્રભુની પ્રતિમા (નીકળી).

અહીં કહે છે કે હું એક કુંદકુંદાચાર્ય, સંપૂર્ણ જેને દર્શન, જ્ઞાન પ્રગટ્યા એવા ભગવાન જેનો સ્વભાવ જ પર્યાયનો થઈ ગયો છે, પર્યાયનો સ્વભાવ જ જેનો અનંતદર્શન ઉત્કૃષ્ટ થઈ ગયો છે, એવા વીરને હું નમન કરું, બીજાને હું નમન કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસધારણ મંગળ...'** મંગળ—મંગ નામ પવિત્રતા અને લ નામ લાતી. એવી પવિત્રતાને પ્રાપ્ત એવું મારું મંગળિક છે, એ વીતરાગ જ ઝીલી શકે, બીજો ઝીલી શકે નહિ. આહા..હા..! બે અર્થ થયાને, મંગળને. મંગ એટલે પવિત્રતા અને લ એટલે લાતી, પ્રાપ્તિ. અથવા મં-પાપ, ગલ—ગાળે. પાપને ગાળે અને મંગને—પવિત્રતાને પમાડે. એવું અમારું ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી અનંતદર્શન, જ્ઞાન ઉત્કૃષ્ટ મારો સ્વભાવ જ છે એવો, પણ જેને પર્યાયમાં ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાનસ્વભાવરૂપે પરિણમન આખું થઈ ગયું. એમ આસ્થા કરી (કે) દેવ આવા હોય. બીજા દેવ હોઈ શકે નહિ. એકલા વીતરાગ વીતરાગ નહિ, વીતરાગ તો રાગનો અભાવ બતાવે છે. સાથે અનંતદર્શન, જ્ઞાનસ્વભાવનું પરિણમન થઈ ગયું છે. એકલો દીવો સૂર્ય ઉગી ગયો, અસંખ્યપ્રદેશે આમ અનંત સૂર્ય ખીલી ગયા છે. અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય ખીલી ગયા છે. ઓહો..! પૂર્વની પર્યાય હતી એનો નાશ કર્યો, આવી પર્યાય સ્વભાવરૂપ એકરૂપ સ્વભાવરૂપ થઈ ગઈ. ગુણ અને દ્રવ્ય તો ત્રિકાળ રહ્યા. એવા વીર પરમાત્મા એક જ પોતે, એવા એવા અનંતા વીતરાગો થઈ ગયા, એમાંથી આ શાસનમાં ચાલે છે વીતરાગને નમસ્કાર હું મહાવીરને કરું છું. સમજાણું કાંઈ?

અહીં તો સમજીને વંદન છેને! ઓઘે ઓઘે હું કોણ અને આ કોણ, ખબર વિના વંદન કરે, એ તો શુભરાગ હોય તો પુણ્ય બાંધે. એમ નહિ. સમજાય છે કાંઈ? એ શાસ્ત્રની આદિમાં

અસાધારણ બેજોડ અજોડ જેની સાથે કોઈ સંબંધ ન થાય એવું ભગવાનનું મેં મંગળ કર્યું છે. 'नत्वा' આદિ પદોનું તાત્પર્ય...' હવે એક એક શબ્દનો ટીકામાં જુદો જુદો અર્થ કરીને એનો ભાવાર્થ બતાવશે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૫, શુક્રવાર, તા. ૨૫-૦૨-૧૯૬૬, ગાથા-૧, પ્રવચન નં. ૩

આ નિયમસાર શાસ્ત્ર કુંદકુંદાચાર્યકૃત છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. પહેલી ગાથાનો અર્થ ચાલે છે, જુઓ. 'णमिऊण जिणं वीरं' પદ્મપ્રભમલધારીદેવ દિગંબર મુનિ થઈ ગયા છે એમણે આ ટીકા બનાવી છે, કુંદકુંદાચાર્યના શ્લોકની. તો શું કહે છે?

**'नत्वा' આદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :'** છેને પહેલું? **'नत्वा णमिऊण'**. પહેલો શબ્દ છે. કોને હું નમસ્કાર કરું છું? અને એ પુરુષ કેવા છે? બેનું જ્ઞાન કરીને હું નમસ્કાર કરું છું. એમને એમ નમસ્કાર નથી કરતો. **'जिणं वीरं'** શું કહે છે? જુઓ, **'અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે જીતે છે તે 'જિન' છે.'** જિનની વ્યાખ્યા. જિન એને કહે છે કે જેણે અનેક જન્મરૂપી અટવી-વન, એને પ્રાપ્ત કરાવવાને હેતુભૂત કારણ **'સમસ્ત મોહરાગદ્વેષાદિક...'** એમ અહીંયા તો કહ્યું છે, ભાઈ! શું કહ્યું? કર્મને નથી કહ્યું.

**શ્રોતા :—** (બીજા શાસ્ત્રમાં કહ્યું છે.)

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો નિમિત્તથી કથન છે. અહીંયા તો મોહ અને રાગ-દ્વેષ ઈ અનંત જન્મ-મરણનું કારણ છે. સમજાય છે? ભાઈ! કર્મ નહિ, કર્મ તો જડ છે, પરપદાર્થ છે. પરપદાર્થ આત્માને રખડાવતો નથી. પરપદાર્થ શું કરે? લોકો કહે છે કે નહિ? કર્મ અમને રખડાવે છે. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' ઈ આવે છે કે નહિ? ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.'

તો અહીંયા પહેલેથી કહે છે કે અનેક જન્મ નામ સંસારની ઉત્પત્તિ એવી અટવી, એને પ્રાપ્ત કરાવવાનો હેતુ—કારણ સમસ્ત મોહ, રાગ-દ્વેષાદિ ભાવ (છે). મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ સમસ્ત જન્મ-મરણનો હેતુ છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. અશુદ્ધ ઉપાદાનમાં પોતામાં મોહ, રાગ-દ્વેષ થાય છે તે જ અવતાર કરવાનું કારણ છે. કહો, જમુભાઈ! તો કહે છે કે તેને જીતી લ્યે છે. જેણે આત્માનો સ્વભાવ શુદ્ધ આનંદનો આશ્રય કરીને મોહ અને રાગ-

દ્વેષને જીત્યા તેને જિન કહે છે. ત્રણ વાત સિદ્ધ કરી. કઈ? એક તો મોહ અને રાગ-દ્વેષને કારણે જન્મ હતા. એનો, સ્વરૂપનો આશ્રય, આનંદના આશ્રયે તેનો વ્યય કર્યો અને વીતરાગતા ઉત્પન્ન કરી. વસ્તુ તો ધ્રુવ એવી છે જ. 'જે જીતે છે...' એટલે જેણે જીતી લીધા છે. ભગવાન આત્મા વીરપ્રભુ મહાવીર, છેલ્લા તીર્થંકર જેનું શાસન છે તેમને અહીંયા વંદન (કર્યા છે).

મૂળ પાઠ પોતે કરે છેને, કુંદકુંદાચાર્ય. '**णमिऊण जिणं वीरं**'. એવા જિન છે કે જેણે રાગ-દ્વેષને જીતી લીધા. તો એ સિદ્ધ કર્યું કે એમનામાં પહેલાં મોહ, રાગ-દ્વેષ હતા. પહેલાં શુદ્ધ હતા પર્યાયમાં એમ નહિ. ભગવાન વીર પણ પહેલાં પર્યાયમાં અનાદિથી શુદ્ધ જ હતા એમ નહિ, અશુદ્ધ હતા. વસ્તુ શુદ્ધ છે, પણ પર્યાયમાં અશુદ્ધ હતા. શુદ્ધતા ન હોય તો રખડવામાં દુઃખનું કારણ બીજું હોત જ નહિ. સમજાય છે કાંઈ? અશુદ્ધતા એનું દુઃખનું કારણ પોતાનું છે એ અનાદિનું વીર ભગવાનને પણ હતું. કોઈ કહે છેને કે બધા શુદ્ધ જ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પર્યાય શુદ્ધ છે. પર્યાય શુદ્ધ નથી. સમજાય છે કાંઈ? અનાદિની પર્યાય તો અશુદ્ધ છે. દ્રવ્ય, ગુણ શુદ્ધ છે. ચિદાનંદ શુદ્ધ સ્વભાવ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો અશુદ્ધતા ટાળવાનો પ્રયાસ શું કરે? અશુદ્ધતા છે. અનાદિની પર્યાયમાં અશુદ્ધતા છે. કોઈ કહે છેને, આત્મા શુદ્ધ છે, શુદ્ધ છે, શુદ્ધ છે. પણ શુદ્ધ તે કઈ રીતે? દ્રવ્ય અને ગુણે શુદ્ધ છે. અનાદિની પર્યાયમાં શુદ્ધતા નથી. પર્યાયમાં શુદ્ધતા હોય તો પછી પુરુષાર્થ કરવાનું રહ્યું ક્યાં? આવશ્યકતા રહેતી નથી. સમજાય છે કાંઈ? તો પર્યાયમાં મોહ, રાગ-દ્વેષ (છે), પર્યાયમાં મોહ, રાગ-દ્વેષ છે એને જીત્યા તો એ પર્યાયનો વ્યય કર્યો. એને જિન કહે છે. જિન શબ્દમાં એવો ધ્વનિ આવ્યો કે પહેલાં વિકાર હતો એને જીતી લીધો. સમજાય છે કાંઈ?

તો એમ બતાવ્યું કે.. અનાદિકાળનો... આ પણ તકરાર કરે છેને, આજે આવ્યું હતું સર્વજ્ઞનું. ઓલું સન્મતિનું નહોતું આવ્યું? મુખત્યાર. ઓલો કહે છે કે સિદ્ધ સાદિ છે. ઓલો કહે, અનાદિ છે. અનાદિ છે એ બરાબર છે. અનાદિ સિદ્ધ છે. સિદ્ધ કંઈ પહેલાં હતા એવું કોઈ નથી. નવા સિદ્ધ થાય એ પહેલાં છે. નવા સિદ્ધ થાય એ પહેલાં. પણ અનાદિમાં સિદ્ધ કોઈ નહોતા અને પહેલાંવહેલા સિદ્ધ થયા એમ નથી. સમજાય છે કાંઈ? સિદ્ધ છેને, સિદ્ધ પરમાત્મા. એ અનાદિના અનંત સિદ્ધ પહેલેથી અનાદિથી છે. પહેલાં સિદ્ધ કોઈ નહોતા અને પહેલાં સંસાર એકલો હતો અને પછી સિદ્ધ થયા એમ નથી. એક જીવની અપેક્ષાથી કહો તો પહેલાં સંસાર હતો એનો નાશ કરીને સિદ્ધ થયા. પણ જગતમાં સિદ્ધપદ કદી અનાદિનું નહોતું, તો સિદ્ધ પણ નહોતા તો મોક્ષ પણ નહોતો. તો મોક્ષ નહોતો તો સંવર, નિર્જરાનો ઉપાય નહોતો. સંવર, નિર્જરાનો ઉપાય નહોતો તો સંસારી પણ નહોતા. કંઈ રહેતું નથી. સમજાય છે? જરી સૂક્ષ્મ છે. સિદ્ધ તો અનંત અનંતકાળથી છે. વ્યક્તિગત નવા થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? સંસાર પણ અનાદિનો છે, મોક્ષ પણ (અનાદિનો

છે). સાત તત્ત્વ છે કે નહિ? તો આસ્રવ, બંધતત્ત્વ પણ અનાદિના છે અને સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વ પણ જગતમાં અનાદિના છે. નથી જગતમાં? સાધકજીવ પણ છે, સિદ્ધ પણ છે, મિથ્યાદષ્ટિ પણ છે. સંસાર અનાદિથી બધા છે. સમજાય છે કાંઈ?

અહીંયા ભગવાન જીવે વ્યક્તિગત આત્માએ પોતામાં જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હતા તે સમ્યગ્દર્શન અને વીતરાગભાવથી જીતી લીધા. **'વીર' એટલે વિક્રાંત (-પરાક્રમી);...'** વીરની વ્યાખ્યા કરે છે હવે. પહેલી જિનની વ્યાખ્યા કરી. **'जिणं'**. હવે વીર. વિક્રાંત—પરાક્રમી હતા ભગવાન. વીરની વ્યાખ્યા છેને, વીર્યતિ ઈતિ વીર. પોતાના વીર્યને પ્રેરે મહાપરાક્રમી. વીરતા પ્રગટ કરે. વીરની બીજી વ્યાખ્યા. વીરતા—વીર્ય પ્રગટ કરે, અનંતવીર્ય. શૌર્ય પ્રગટ કરે. શૂરવીરતા અંતરમાં પ્રગટ થાય અને વિક્રમ—પરાક્રમ દર્શાવે, પોતાનું પરાક્રમ દેખાડે. પોતાના સ્વરૂપમાં અનંતવીર્ય પડ્યું છે તો પરાક્રમ દેખાડીને વિકારને જીતે.

**'કર્મશત્રુઓ પર વિજય મેળવે,...'** એ કર્મ આવ્યા હવે. નિમિત્ત. કર્મશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરે. વિજય પ્રાપ્ત તો વિકાર ઉપર કરવાનો છે. પણ નિમિત્તરૂપે કર્મ છે તો એના ઉપર વિજય મેળ્વ્યો એમ કહેવામાં આવે છે. કર્મ કંઈ પોતાથી ટળી શકે છે કે બાંધી શકે છે (એમ નથી). (કારણ કે) કર્મ તો જડ પદાર્થ છે. જડનું બંધાવું અને જડનું છૂટવું તો દ્રવ્યની પર્યાય એની પર્યાયના આશ્રયે છે. પણ પોતાનો વિકાર જીત્યો તો કર્મને જીત્યા એમ કહેવામાં આવે છે. સમજાય છે, ભાઈ? જડને શું જીતે? જડ તો માટી ધૂડ છે આઠ કર્મ. પોતાની વિકારી પર્યાયને જીતી સ્વભાવના ભાન દ્વારા તો કર્મને જીત્યા એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. **'વિજય મેળવે, તે 'વીર' છે.'** એનું નામ વીર. કોઈ દુશ્મોને મારે, શત્રુઓને મારે બહુ લડાઈ કરીને એ વીર નહિ. સમજાય છે કાંઈ? પોતાના રાગ-દ્વેષ, અજ્ઞાન અને મોહ એના ઉપર પરાક્રમ કરીને, પુરુષાર્થ કરીને વિકારભાવમાં શૌર્ય પ્રગટ કરીને તેને હણે તેનું નામ સાચો વીર કહેવામાં આવે છે.

**'એવા વીરને...'** એવા વીર એટલે પરમાત્માને. હવે એના નામ કહે છે. **'કે જે શ્રી વર્ધમાન,...'** નામ છે. વીરપ્રભુનું નામ એક વર્ધમાન છે. **'શ્રી સન્મતિનાથ,...'** છે. દરેકનું કારણ છે. સન્મતિનાથ છે. બીજું, **'શ્રી અતિવીર...'** નામ છે, અને ચોથું **'શ્રી મહાવીર...'** નામ છે. વીર તો પહેલાં કહ્યું. **'એ નામોથી યુક્ત છે,...'** એ પાંચ નામથી ભગવાન મહાવીર યુક્ત હતા. પાંચ નામથી. દરેકની વ્યાખ્યા છે. મહાવીરનો અર્થ પ્રથમ વર્ધમાન થયા. એના ઘરમાં લક્ષ્મી આદિ હતી તો વીર કહ્યું અને સન્મતિનાથ. હજી તો બાળક હતા અને એક મુનિ દર્શન કરવા આવ્યા, એમને જે શંકા હતી તેનું સમાધાન થઈ ગયું. મુનિ હતા સાચા. બાળક હતા એના દર્શન કર્યા ત્યાં એમનું સમાધાન થઈ ગયું (તેથી) સન્મતિનાથ. એવા એવા નામ ... સમજાય છે કાંઈ? **'એ નામોથી યુક્ત છે,...'** ભાઈ! એમ કર્યું છે. **'सनाथः'** શબ્દનો અર્થ છેને. **'सनाथः'** એટલે સ-યુક્ત, યુક્ત. એવા નામથી યુક્ત

ભગવાન (હતા). વીર, વર્ધમાન, સન્મતિનાથ, અતિવીર અને મહાવીર—એવા પાંચ નામોથી પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ મહાવીર યુક્ત હતા. એટલે હયાતી સિદ્ધ કરી કે વીર હતા અને એ વીરે આવો પુરુષાર્થ કરીને મોહ, રાગ-દ્વેષ જીત્યા એવી સિદ્ધિ કરી. કોઈ અધ્ધરથી વાત છે એમ નથી. લિખીંતગ મહાવીર છે, કહેવાવાળા મહાવીર પરમાત્મા છે એમની વાત અમે કહીએ છીએ અને એમને હું નમસ્કાર કરું છું. તે પરમેશ્વર છે. તે વીર પરમેશ્વર છે, પરમેશ્વર, એ પરમેશ્વર છે, બીજા કોઈ જગતના કર્તા-હર્તા પરમેશ્વર છે જ નહિ. વીર પરમાત્મા મહાવીર એ છેલ્લા તીર્થંકર પરમેશ્વર છે. મહા દેવાધિદેવ. જુઓ,

'**મહાદેવાધિદેવ છે,...**' મહાદેવો સ્વર્ગના એના પણ, દેવોના દેવ ગણધર અને ગણધરના દેવ પણ પોતે. '**મહાદેવાધિદેવ છે, છેલ્લા તીર્થનાથ છે,...**' છેલ્લા તીર્થના નાથ. આ ચોવીશીમાં અસંખ્ય કાળ ગયો. ચોવીસ તીર્થંકર થયા એમાં અંતિમ છેલ્લા ભગવાન હતા. '**જે ત્રણ ભુવનના...**' હવે '**अणंतवरणाणदंसणसहावं**'ની વ્યાખ્યા કરે છે. ત્રણ શબ્દની કરી એમને નમસ્કાર કર્યા. '**જે ત્રણ ભુવનના...**' જગતમાં અધો, ઊર્ધ્વ, મધ્ય અને ખાલી ભાગ આકાશ. '**સચરાચર...**' સચરાચર—સ્થિર અને અસ્થિર. જેટલા પદાર્થ જગતમાં છે સચરાચર. ગતિ કરવાવાળા કે સ્થિર થવાવાળા જેટલા જગતમાં પદાર્થ છે તેમને દ્રવ્ય, ગુણ, પર્યાયથી કહેવાતા. ગતિ શબ્દ પડ્યો છેને એમાં ટીકામાં, એ ભૂલ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયથી કહેવાતા સમયને જાણવા-દેખવાને સમર્થ. ભગવાન સર્વજ્ઞ પરમાત્માની ઓળખાણ કેવી રીતે કરાવે છે.

એક સમયમાં ત્રણ ભુવન એટલે ક્ષેત્ર લીધું. સચરાચર પદાર્થ લીધા. સ્થિર અને અસ્થિર. જીવ-જડ કેટલાક અસ્થિર પણ છેને. જીવ અને જડ ગતિ કરે છે અને કેટલાક આકાશ અને ધર્માસ્તિ આદિ સ્થિર છે. એટલે ત્રણલોક લીધા, સચરાચર સ્થિર-અસ્થિર લીધા અને દરેકના દ્રવ્ય-ગુણ-પર્યાય લીધા. દરેક આત્મા, પ્રત્યેક પરમાણુના દ્રવ્ય, ગુણ અને પર્યાય. ત્રણકાળની પર્યાય ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ છે. સમજાય છે કાંઈ? આવી ગઈ છે કે નહિ? કેવળજ્ઞાનમાં પ્રત્યેક દ્રવ્ય નામ શક્તિનો પિંડ, ગુણ નામ શક્તિ, પર્યાય નામ અવસ્થાથી કહેવાતા, દ્રવ્ય, ગુણ, પર્યાયથી કહેવામાં આવતા એવા સમય નામ સમસ્ત દ્રવ્ય જાણવા-દેખવામાં સમર્થ. જેના જ્ઞાન-દર્શન જાણવા-દેખવામાં સમર્થ. ત્રણકાળ, ત્રણલોકની પર્યાય ભગવાન દેખે છે કે નહિ? અનાદિઅનંત દેખે છે. આદિ નથી. આદિ નથી તો અનાદિ જુએ છે, જેમ છે તેમ દેખે છે. તો જીવની પહેલી પર્યાય કઈ? પહેલી છે જ નહિ. અનાદિ છે. જીવ અનાદિ, પરમાણુ અનાદિ, છ દ્રવ્ય અનાદિ. અનાદિની પર્યાય પણ અનાદિ, દ્રવ્ય પણ અનાદિ, ગુણ પણ અનાદિના જેવા દ્રવ્ય, ગુણ, પર્યાય છે અને વર્તમાન જેવા દ્રવ્ય, ગુણ, પર્યાય છે, અનંતકાળ જેવા દ્રવ્ય, ગુણ, પર્યાય રહેશે તે બધાને ભગવાન એક સમયમાં જાણે-દેખે છે. એનું નામ કેવળજ્ઞાન-કેવળદર્શન છે. કહો, સમજાણું કે નહિ?

ત્રણકાળ, ત્રણલોક, સ્થિર, અસ્થિર, દ્રવ્ય, ગુણ, પર્યાય બધાને ભગવાનનું જ્ઞાન '**केवलवरणाणदंसणसहावं**'. જેની પર્યાયનો સ્વભાવ આવો થઈ ગયો. બધું જાણે તો ખલાસ થઈ ગયું. એઈ..! ક્રમબદ્ધ થઈ ગયું. ભાઈ! શું નામ છે તમારું? ... શું છે અહીંયા? જુઓ, ભગવાને કેવળજ્ઞાન, કેવળદર્શનમાં બધા દ્રવ્ય, ગુણ, પર્યાય જોયા. તો ભૂતકાળ અને ભવિષ્યમાં જ્યાં જ્યાં થવાની પર્યાયો બધી એક સમયમાં જોઈ છે કે નહિ? અનિયત રહ્યું? જ્યારે ત્યાં નિમિત્ત મળશે તો પર્યાય થશે, નિમિત્ત નહિ મળે નહિ થાય એમ રહ્યું?

**શ્રોતા :—** અનેકાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અનેકાંતનો અર્થ આ છે. જે સમયે જે દ્રવ્યમાં જે પર્યાય થઈ ગઈ, છે અને થશે તેને એક સમયમાં ભગવાન જાણે છે. વળી અનિયત છે, અચોક્કસ પર્યાય છે, ભગવાન અચોક્કસ દેખે છે, એમ છે જ નહિ. મોટી તકરાર કરે છેને? પંડિત લોકો કેટલાક કહે છેને? નિયત પણ છે, અનિયત પણ છે. પણ અનિયતનો અર્થ શું? સચરાચર દ્રવ્ય, ગુણ, પર્યાય બધી. કોઈ પર્યાય બાકી નહિ. વિકારી પર્યાય હો કે અવિકારી પર્યાય હો, બધી ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં જાણવા-દેખવામાં આવી છે. એમ કહે છે કે વિકારી પર્યાય છે તે અનિયત છે, જેવો સંયોગ મળશે એમ થશે. અને શુદ્ધ છે તે નિયત છે. એમ છે જ નહિ. બધી શુદ્ધ-અશુદ્ધ પર્યાય જે દ્રવ્યની જ્યાં થવાની છે તે થશે એમ ભગવાનના જ્ઞાનમાં પહેલાં સમયે આવી ગયું છે. કહો, ગંભીરમલજી! કેવી ગંભીર વાત છે! જુઓ, આહા..હા..! બહુ તકરાર કરે છે હોં સામે. નહિ, આવું કેવળજ્ઞાન માની લે તો ભગવાને નિયતને મિથ્યાદૃષ્ટિ કહ્યું છે. નિયતને ગોમ્મટસારમાં મિથ્યાદૃષ્ટિ કહ્યું છે. જે સમયે જ્યાં થશે. પણ એ તો નિયત એકાંત માને છે ઈ. જે સમયે જે પર્યાય થાય છે તે પોતાના સ્વભાવ, પુરુષાર્થ, નિયતિ, યોગ્યતા બધું એક સમયમાં છે. ત્રણકાળ, ત્રણલોકમાં જેવી પર્યાય જ્યાં થવાની છે તેવી ત્યાં થશે, ત્યાં એવું નિમિત્ત પણ છે, પુરુષાર્થ પણ છે. બધું ભગવાને એક સમયમાં એમ જોયું છે.

**શ્રોતા :—** સર્વજ્ઞ જ રહેતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સર્વજ્ઞ જ નથી રહેતા. વાત ઈ છે. ગંભીરમલજી! ગંભીર ચીજ છે. તો સર્વજ્ઞ સિદ્ધ નથી થતા, ભાઈ! સર્વજ્ઞ કોને કહેવાય?

**શ્રોતા :—** ...ક્રમબદ્ધપર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ ક્રમબદ્ધનો અર્થ શું? ભગવાનનો એક સમયમાં જ્ઞાન-દર્શનનો વિકાસ એટલો પૂર્ણ થઈ ગયો કે જ્યાં ભૂતકાળમાં જેવી દ્રવ્યની પર્યાય થઈ તેને પણ ભગવાન જાણે છે, વર્તમાન જેવી છે તેને પણ જાણે છે, ભવિષ્યમાં જે સમયે જ્યાં જે થવાની, જ્યાં જે થવાની તેને પણ વર્તમાનમાં જાણે છે, નવી જાણે નહિ. ત્યાં થશે ત્યારે અહીંયા જાણશે? સમજાય છે? પર્યાય જ્યારે થશે ત્યારે જાણશે (એમ છે જ નહિ). કારણ કે અનુકૂળ

સંયોગ મળે તો થાય, પ્રતિકૂળ હોય તો ન થાય, એમ છે જ નહિ. સર્વજ્ઞના જ્ઞાનમાં આવું ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભૂત, ભવિષ્ય, વર્તમાન અનંતી શુદ્ધ પર્યાય, અનંતી અશુદ્ધ પર્યાય જે સમયે જ્યાં જ્યાં છે તે ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ છે. સમજાય છે કાંઈ? તો પછી નિયત થઈ જશે. નિયત જ છે. જે સમયે જે પર્યાય થવાની છે તે થશે, ભગવાનના જ્ઞાનમાં પહેલાં સમયે નથી આવ્યું? બીજા સમયે નવી આવવાની છે? નવી આવવાની છે? કે ત્યાં પર્યાય થશે ત્યારે અહીંયા જાણશે? એ તો કહ્યું, ત્રણ ભુવન એટલે ત્રણલોક લીધા. સચરાચર—ગતિ, આગતિવાળા જીવ. કેટલાક જીવ સ્થિર છે, કેટલાક ગતિ કરે છે અને કેટલાક પરમાણુ પણ બે પ્રકારના છે. સ્કંધ, કેટલાક ગતિ કરે છે, કેટલાક સ્થિર છે. બધાને ભગવાન દ્રવ્ય, ગુણ, પર્યાય (સહિત જાણે છે). એનું દ્રવ્ય નામ શક્તિનો પિંડ, ગુણ નામ શક્તિ, પર્યાય નામ વિકારી, અવિકારી દશા. બધાને ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ દેખે છે. તેમના જ્ઞાનબહાર કોઈ પર્યાય આઘીપાછી થાય છે એમ નથી. ઈ આવે છેને, ભાઈ? ભૈયા ભગવતીદાસમાં. ભૈયા ભગવતીદાસને?

ભૈયા ભગવતીદાસ છે એમણે કહ્યું છે. બ્રહ્મવિલાસ. 'જો જો દેખી વીતરાગને, સોં સોં હોંસી વીરા રે, અનહોની કબહુ ન હોસી, કાહે હોત અધીરા રે'. સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયમાં પોતાના સ્વભાવની શ્રદ્ધામાં એમ જાણે છે, જે સમયે જ્યાં જે દ્રવ્યની પર્યાય થવાની છે તે થશે, હું એનો પરનો કરવાવાળો નથી. સમજાય છે કાંઈ? મારા સિવાય અનંત પદાર્થ છે તે સમયે જ્યાં જે પર્યાય થવાની તે થવાની, હું એને શું કરું? હું તો જાણનાર છું. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં પણ જે રાગ આવે છે તેને સમ્યગ્દૃષ્ટિ જાણનાર છે કે છે, હું તો જાણનાર-દેખનાર છું. રાગનો પણ કર્તા નહિ અને પરદ્રવ્યનો પણ કર્તા નહિ. એવી અકર્તાબુદ્ધિમાં જ્યાં જ્યાં જે પર્યાય (થવાની છે તે) થાય છે એવો નિર્ણય અકર્તાબુદ્ધિમાં થઈ જાય છે. તે તેનો પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ?

ક્રમબદ્ધ સાંભળ્યું છેને, ભાઈ? ક્રમબદ્ધની વ્યાખ્યા બહુ ચાલે છે. ક્રમબદ્ધ. અહીંનો બહુ વિરોધ કરે છે. નહિ, એમ જ છે. ક્રમબદ્ધનો અર્થ અકર્તાપણું સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા... હેં?

**શ્રોતા :—** ...વિરોધ આવી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. વિરુદ્ધ આવી જાય છે. કરે તો શું? કરી શકે? અને આઘુંપાછું કરે? તો સર્વજ્ઞમાં વિરોધ આવે છે. નવી પર્યાય કરે, એમાં નહિ થવાવાળી હું કરી દઉં તો સર્વજ્ઞએ જોયું છે એમાં ફેરફાર થઈ જાય છે. અનિશ્ચિત કંઈ છે જ નહિ, બધું નિશ્ચિત જ છે. એવો નિર્ણય સમ્યક્જ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિને હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં પુરુષાર્થ છે. અકર્તાપણાનો પુરુષાર્થ છે, જ્ઞાતાદૃષ્ટાનો પુરુષાર્થ છે. જ્યાં જે પર્યાય થાય

છે તે થાય એમાં હું શું કરું? અને મારામાં પણ જે રાગાદિ આવે છે તો આવો, એમાં દૂર શું કરું અને બનાવું શું? હું તો જાણનાર-દેખનાર છું. સર્વજ્ઞ ભગવાન જેમ ત્રણકાળ, ત્રણલોક જાણે છે, દેખે છે એમ સમ્યગ્દૃષ્ટિ પણ પોતાની પર્યાય, દ્રવ્ય, ગુણ, પરની પર્યાયને જાણનાર-દેખનાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' પ્રવચનસારની ૮૦મી ગાથા છે. ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જેણે જાણ્યા, '**सो जाणदि अप्पाणं**' તેણે આત્માને જાણી લીધો. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા અરિહંતના. આ દ્રવ્ય, ગુણ, પર્યાય છે. અરિહંતનું જેણે દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ નામ શક્તિ, પર્યાય નામ દશા સર્વજ્ઞએ એક સમયમાં જેમ છે તેમ જોયું. એવો જેણે નિશ્ચય કર્યો તેણે પોતાના આત્માનો નિશ્ચય કરે છે.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હા, તે જ છે. હું આવો છું.

'**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।**' હું પણ સર્વજ્ઞસ્વભાવી છું, જાણનાર-દેખનાર છું અને અકર્તા—રાગાદિ, પરનો અકર્તા છું. એવો પુરુષાર્થ થાય છે ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય અકર્તાપણાનો થાય છે. સમજાય છે કાંઈ?

એ આજે આવ્યો છે સર્વજ્ઞનો લેખ. પહેલાં લેખ આવ્યો હતો. આ બીજામાં હશે, જૈનદર્શનમાં. આમાં આવ્યો હતો. તું સર્વજ્ઞને નથી માનતો? સર્વજ્ઞને માનું છું, પણ પદાર્થ જેવો છે એવો અને ભગવાને કહ્યો તેવું ભગવાન જાણે છે. પણ જાણ્યું એવું કહ્યું કે કહ્યું તેવું જાણ્યું? એનો એ પાઠ છે. જૈનદર્શનમાં લેખ છે.

ભાઈ! સર્વજ્ઞ પ્રભુ એક સમયમાં એટલું... '**अणंतवरणाणदंसणसहावं**' એની વ્યાખ્યા થાય છે. એ ભગવાનની પર્યાયનો સ્વભાવ એવો થઈ ગયો કે અનંત અને વર, વર નામ ઉત્કૃષ્ટ. ફરીથી. '**अणंतवरणाणदंसणसहावं**' આટલા શબ્દ પડ્યા છે. સર્વજ્ઞ પરમાત્મા વીર નાથ એવા અનંત તીર્થંકરો (થયા), અહીં તો અત્યારે વીરનું કામ છે, અનંત તીર્થંકરો થયા, ભગવાન પાસે બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુ સાક્ષાત્ બિરાજે છે. વર્તમાનમાં પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, સાક્ષાત્ અરિહંતપદે છે. ચોવીસ તીર્થંકરો સિદ્ધપદમાં ચાલ્યા ગયા, સિદ્ધપદ થઈ ગયા. આ તો અરિહંતપદે બિરાજે છે. હજી ચાર કર્મ બાકી છે, ચાર કર્મનો નાશ કર્યો છે. વીસ તીર્થંકર બિરાજે છે. વર્તમાન મોજૂદ મહાવિદેહક્ષેત્રમાં છે અને લાખો કેવળી બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ! બધા પોતાની જ્ઞાનપર્યાયમાં, પોતાના અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શન પર્યાયસ્વભાવમાં લાકોલોકને એક સમયમાં જાણે છે. સમજાય છે કાંઈ?

વળી કોઈ એમ કહે કે ભગવાને અનાદિ કહ્યું તો એમાં આદિ તો જાણી નહિ. હવે

પણ આદિ હોય તો જાણેને? આદિ છે જ નહિ. તો અનાદિ કહ્યું તો એનું જ્ઞાન ન થયું. એમ છે જ નહિ, સાંભળ તો ખરો. વસ્તુ અનાદિ છે. અનાદિને અનાદિ જાણ્યું, અનંતને અનંત જાણી લીધું, અનંતને અનંતપણે જાણી લીધું. જાણ્યું એટલે ત્યાં અંત આવી જશે? અનંત તો અનંત જ છે. ક્ષેત્ર—આકાશ અનંત છે. અનંત અનંત છે. જાણી લીધું તો ત્યાં અંત આવી જશે? અનંતને અનંતપણે જાણી લીધું. અનંત છે એમ જાણી લીધું. સમજાણું કાંઈ? આહા..હા..! જાણી લીધું ત્યાં અંત આવી ગયો ભાઈ એમ કહે છે વળી. અનંતને અનંત જાણ્યું ત્યાં તો અંત આવી ગયો કે નહિ? અરે..! અંત નથી આવ્યો. સાંભળ તો ખરો. અનાદિઅનંત વસ્તુ જેવી છે એવી ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ છે. ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ તો ત્યાં આદિ-અંત થઈ જશે? એમ છે જ નહિ.

એક સમયમાં પરમાત્મા '**अणंतवरणाणदंसणसहावं**'. પર્યાયસ્વભાવ જ એવો થઈ ગયો. અનાદિઅનંત અનંત ક્ષેત્ર, અનંત દ્રવ્ય, અનંત ગુણ, અનંતી પર્યાય ત્રણકાળ, ત્રણલોકની એક સેકંડના અસંખ્યભાગમાં જ્ઞાન-દર્શનની પર્યાયનો સ્વભાવ એવો થઈ ગયો, બધું જાણી લ્યે છે. જાણ્યા વિનાની કોઈ ચીજ રહી નહિ. આવા અરિહંતને અરિહંત કહે છે. અરિહંતના જ્ઞાનની ખબર નહિ અને અરિહંતના ભગત થઈ જાય. સમજાય છે કાંઈ? દ્રવ્ય, ગુણ, પર્યાય કહેવામાં આવતા. જેટલા પદાર્થને દ્રવ્ય કહેવામાં આવે, જેને ગુણ કહેવામાં આવે, પર્યાય તે સમય નામ પદાર્થ '**જાણવા-દેખવામાં સમર્થ એવા સકળવિમળ...**' સર્વથા નિર્મળ ભગવાન '**કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે,...**' લ્યો, ઓલો સ્વભાવ લીધોને. કેવળજ્ઞાનદર્શનથી વીર પરમાત્મા સહિત છે.

'**તેને—પ્રણમીને કહું છું.**' '**नत्वा**' આવ્યું હવે. '**णमिऊण**' છેને પહેલો શબ્દ. '**તેને—પ્રણમીને કહું છું.**' લ્યો. પદ્મપ્રભમલધારીદેવ દિગંબર મુનિ સંત વનવાસી હતા. આનંદકંદમાં ઝુલવાવાળા, છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં ઝુલવાવાળા આ પદ્મપ્રભમલધારીદેવ મુનિ હોં! જંગલમાં દિગંબર(પણે વિચરનારા) એમણે આ ટીકા બનાવી છે. મહા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને (બિરાજમાન) અને નગ્ન, એક મોરપીંછી અને કમંડળ. બીજા કોઈ ઉપકરણ (નહિ). એક પુસ્તક હોય, બીજું કાંઈ હોતું જ નથી. ઈ કહે છે, એવા ભગવાન વીર પ્રભુ '**સકળવિમળ કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે,...**' સંયુક્ત છે '**તેને—પ્રણમીને કહું છું.**' તેમને નમન કરીને હું આ ટીકા કરું છું. સમજાણું?

અથવા કુંદકુંદાચાર્ય કહે છે કે તેમને નમન કરીને હું નિયમસાર કહું છું. આહા..હા..! કુંદકુંદાચાર્ય પણ ભગવાન પાસે ગયા હતા. સમજાય છે કાંઈ? સંવત ૪૯માં અહીંયા ભરતક્ષેત્રમાં હતા. કુંદકુંદાચાર્યદેવ ભગવાન પાસે ગયા હતા સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર ભગવાન વર્તમાન બિરાજે છે. આયુષ્ય તો ક્રોડ પૂર્વનું છે. અબજો વર્ષ, અબજો અબજો વર્ષથી છે ભગવાન, હજી અબજો વર્ષ રહેવાના છે. .... આગામી ચોવીશીના તેરમા તીર્થંકર અહીંયા થાશે ત્યારે

મોક્ષ જાશે. અત્યારે તો અરિહંતપદ છે. કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં દિગંબર સંત મુનિ ભરતક્ષેત્રમાં થયા, ઈ ત્યાં ગયા હતા અને આઠ દિન રહ્યા હતા સદેહે, સદેહે. કંઈ ચૌદ પૂર્વની લબ્ધિ નહોતી, આહારકની લબ્ધિ નહોતી. પણ ચારણઋદ્ધિની લબ્ધિ હતી. જમીનથી ચાર તસુ ઊંચે ચાલવાની. ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા, સાંભળીને આ શાસ્ત્ર બનાવ્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, સમજાય છે કાંઈ?

અહીં આવ્યુંને મદ્રાસથી એંસી માઈલ આ બાજુ, વંદેવાસ. વંદેવાસથી પાંચ માઈલ છે પોન્નુર હિલ, ત્યાં કુંદકુંદાચાર્યદેવ ધ્યાનમાં રહેતા હતા. ધ્યાનમાં રહેતા હતા, ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી, ભગવાન સાક્ષાત્ બિરાજે છે ત્યાં ગયા, આઠ દિવસ રહ્યા. સાક્ષાત્ સમવસરણમાં વાત સાંભળી. પછી અહીંયા આવ્યા અને તાડપત્ર ઉપર (શાસ્ત્ર) લખ્યા છે. સમજાય છે કાંઈ? બધું તાડપત્ર ઉપર લખવામાં આવ્યું છે.

કહે છે કે, અરે..! આવા ભગવાન વીરનાથ અનંત દર્શનજ્ઞાનસ્વભાવસહિતને હું નમસ્કાર કરું છું. આહા..હા...! એમનું શાસન ચાલે છેને! **'શું કહું છું?'** હવે જુઓ ખૂબી. **'શું કહું છું? નિયમસાર કહું છું.'** નિયમસાર છેને, આ મોક્ષમાર્ગનો અધિકાર. જીવ અધિકાર પહેલો છે. એમાં નિયમસાર કહું છું. હવે એની વ્યાખ્યા. **'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.'** જુઓ, શું કહે છે? જુઓને શું કહે છે? દેખો એમ કહે છે. નિયમ શબ્દનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે છે. નિયમની વ્યાખ્યા જ આ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નામ નિયમ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું નામ નિયમ. હવે સાર. સાર શબ્દ છેને? સાર. સાર કેમ લીધું?

**'નિયમસાર' '(નિયમનો સાર)' એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** જુઓ, શું કહે છે? ભગવાન કુંદકુંદાચાર્યદેવ નિયમસાર કહે છે. નિયમનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સારનો અર્થ શુદ્ધરત્નત્રય. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ. વ્યવહારરત્નત્રય નહિ, એ રત્નત્રય યથાર્થ છે જ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ, **'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.'** અને સાર કહીને **'એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** નિયમસારની વ્યાખ્યા શુદ્ધરત્નત્રયસ્વરૂપ. શુદ્ધરત્નત્રયનો અર્થ ભગવાન આત્મા અનંત જ્ઞાનાનંદ જ્ઞાનસ્વરૂપ એના અનુભવમાં નિર્વિકલ્પ પ્રતીતિ થવી, સ્વસંવેદજ્ઞાન થવું અને સ્વરૂપમાં લીનતા થવી—એ ત્રણ મળીને શુદ્ધરત્નત્રય છે, તેનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? આ વ્યવહારરત્નત્રયને વ્યવહારરત્નત્રય નિમિત્તથી કહેવામાં આવે છે, છે નહિ. સાચા રત્નત્રય ઈ નથી, સાચા રત્નત્રય આ છે. સમજાણું કાંઈ? જુઓ,

**'वोच्छामि णियमसारं'**. હું કહીશ નિયમનો સાર. એની વ્યાખ્યા શું થઈ? જેમ સમયસાર. સમય નામ આત્મા, સાર નામ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત એનું નામ સમયસાર. સમજાણું કાંઈ? સમય એટલે શુદ્ધ આત્મા. સમયસાર. સમય નામ આત્મા. સમ્યગ્દર્શન-જ્ઞાન આદિથી

પરિણમવાવાળો. સાર (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ, કર્મ જડ અને નોકર્મ શરીર, વાણી એનાથી ભિન્ન, એવી પર્યાયસહિત આત્માને સમયસાર કહે છે. શું કીધું? જમુભાઈ! અહીં અને એમાં શું ફેર પડ્યો? ત્યાં શુદ્ધાત્માનું નામ સમયસાર, અહીં શુદ્ધરત્નત્રય પર્યાયનું નામ નિયમસાર. શું કહે છે?

સમયસાર એ શુદ્ધ આત્માની વાત કરી. સમયસાર ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ પ્રભુ અવિકારી સ્વભાવનો પિંડ આત્મા એ પુણ્ય-પાપનો વિકાર, વ્યવહારરત્નત્રયનો વિકાર, દયા, દાન, વ્રત અથવા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ એ ભાવકર્મ છે. જડકર્મ આઠ કર્મ છે. નોકર્મ શરીર, વાણી. નોકર્મ, જડકર્મ અને ભાવકર્મ એનાથી રહિત શુદ્ધાત્મા એનું નામ સમયસાર.

**શ્રોતા :—** બંન્ને એક જ વાત છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, આ બીજી વાત. આ પર્યાય છે. પેલી દ્રવ્યની વાત, આ પર્યાયની વાત છે. દ્રવ્યની વાત છે, આ પર્યાયની વાત છે. અહીં તો આ ફેર લેવો છેને. અહીં શુદ્ધરત્નત્રય લેવા છે. તો આત્માની નિર્મળ શુદ્ધ પર્યાયને અહીં રત્નત્રય કહે છે. અને સમયસારમાં આત્મા આખો દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ સહિતના આખા આત્માને સમયસાર કહ્યો. ઈ વસ્તુ જ એવી છે, વસ્તુ એવી છે.

**શ્રોતા :—** આ દ્રવ્યનું કથન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ પર્યાયનું કથન છે. પર્યાયનું. મોક્ષમાર્ગ છેને, મોક્ષમાર્ગ પર્યાય છે, મોક્ષમાર્ગ ગુણ નથી, મોક્ષમાર્ગ દ્રવ્ય નથી. મોક્ષમાર્ગ એ પર્યાય છે, મોક્ષ પણ પર્યાય છે. શું? સિદ્ધ પણ પર્યાય છે, ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ છે. પર્યાય છે, તો એનો મોક્ષમાર્ગ પણ પર્યાય છે, ગુણ નહિ, ગુણ તો ત્રિકાળ છે. દ્રવ્ય અને ગુણ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ દ્રવ્ય જે ત્રિકાળ શુદ્ધ છે, ગુણ જે ત્રિકાળ શુદ્ધ છે અને વિકારરહિત વર્તમાન પર્યાય શુદ્ધ એ આખાને સમયસાર શુદ્ધ આત્મા કહે છે. અહીંયા પર્યાયમાં દ્રવ્ય, ગુણ શુદ્ધ છે, પર્યાયમાં શુદ્ધતા, શુદ્ધ સ્વભાવ આનંદકંદનું નિશ્ચયસમ્યગ્દર્શન થયું, નિર્વિકલ્પ સ્વભાવ પ્રતીત અને નિશ્ચય સ્વસંવેદન સ્વભાવનું જ્ઞાન અને નિશ્ચયસ્વસ્વરૂપનું દર્શન, જ્ઞાનસહિત લીનતા એ ત્રણે પર્યાયને અહીંયા નિયમસાર કહે છે. નિયમ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને સાર નામ શુદ્ધતા. એ પર્યાયને નિયમસાર કહે છે. કેમ, ગંભીરમલજી! સમજાણું કાંઈ? આહા..હા..!

આ મોક્ષમાર્ગનો અધિકાર છે કે નહિ? તો મોક્ષમાર્ગ તો પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નહિ. કેવળજ્ઞાન પણ પર્યાય છે. એક સમયમાં ઉત્પન્ન થાય છે, બીજા સમયે વ્યય થઈને નવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાનગુણ ધ્રુવ છે ત્રિકાળ. પણ પર્યાય જે ચાર મતિ, શ્રુત, કેવળ આદિ એ તો પાંચ પર્યાય છે. તો કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેવળદર્શન પણ

પર્યાય છે, કેવળવીર્ય પણ પર્યાય છે, અનંતઆનંદ પ્રગટ થયો એ પણ પર્યાય છે. આ '**अणंतवरणाणदंसणसहावं**' જે ભગવાનને કહ્યું એ તો પર્યાય છે એની. ગુણ નહિ. નિયમ નામ ગુણ નહિ. નિયમ નામ પોતાની શુદ્ધ પર્યાય મોક્ષમાર્ગ નિયમ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નામ નિયમ એ પર્યાય છે. હવે એ પર્યાય કેવી છે? સાર. સાર નામ શુદ્ધરત્નત્રય છે. સમજાણું? ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** સમયસારને પ્રાપ્ત કરાવે તે નિયમસાર!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો મોક્ષને પ્રાપ્ત કરાવનારનું નામ નિયમસાર છે. સમયસાર તો શુદ્ધ આત્મા આખો. એ તો પર્યાયસહિત નીચે પણ શુદ્ધ આત્મા કહે, સિદ્ધને પણ શુદ્ધ આત્મા કહે. પણ અહીં તો શુદ્ધ દ્રવ્ય, ગુણ જે છે એની અંતરમાં શુદ્ધ... અહીં વ્યવહારરત્નત્રયનો નિષેધ કરવા માટે નિયમસાર કહેવામાં આવ્યું છે. એ ત્રીજી ગાથામાં આવશે, ત્રીજી ગાથામાં, હોં! '**विपरीतपरिहारार्थं**' ત્રીજી ગાથામાં આવશે.

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।**

સાર કેમ કહ્યું છે? નિયમસાર કેમ કહ્યું છે? ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય અને ગુણથી આનંદકંદ છે. એની શુદ્ધ શ્રદ્ધા. વ્યવહારરત્નત્રય નહિ. વ્યવહારરત્નત્રય વિકલ્પ, રાગ છે, અશુદ્ધરત્નત્રય છે. સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રય ઉપચારિક રત્નત્રય છે, અયથાર્થ રત્નત્રય છે. આરોપિત રત્નત્રય છે, અશુદ્ધરત્નત્રય છે, બાહ્યરત્નત્રય છે.

આ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ પરમાનંદ એની અંતર્મુખ થઈને શુદ્ધ સમ્યગ્દર્શન કહો કે નિશ્ચયસમ્યગ્દર્શન કહો અને શુદ્ધ સ્વભાવનું જ્ઞાન કહો કે સમ્યક્જ્ઞાન કહો, સ્વભાવનું જ્ઞાન. પરની વાત અહીંયા નથી. શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી. શાસ્ત્રજ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદવાળી શ્રદ્ધા, છ દ્રવ્યની ભેદવાળી શ્રદ્ધા એ બધું વિકલ્પમાં જાય છે. સમજાય છે કાંઈ? એ યથાર્થ રત્નત્રય નહિ, એમ બતાવવા સાર કહ્યું છે. આહા..હા..! ભારે તકરાર, વાંધા. લોકોને તત્ત્વ સમજવાનો અભ્યાસ નહિ, સ્વાધ્યાય કરવો નથી. છે? અને એમને એમ ઉપરથી માની લેવું. એમ ન ચાલે. આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો કહેલો છે. એ કોઈના અલ્પજ્ઞાનથી કહેલો, અનુમાનથી કહેલો એવું નથી. આમ છે. ત્રણકાળ, ત્રણલોક જેના જ્ઞાન-દર્શનમાં આવી ગયા, એવો છે. પહેલી ગાથામાં ટીકાકારે નિયમસારનું લઈ લીધું, લ્યો.

ભગવાન! શુદ્ધરત્નત્રય કહે છે. એવો એક બોલ (આવશે), સ્વભાવરત્નત્રય કહેશે. પછી સ્વભાવરત્નત્રય કહેશે. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રય એ સ્વભાવરત્નત્રય. જુઓ, બહુ આવે છે, ત્રીજી ગાથામાં આવે છેને. સ્વભાવરત્નત્રય કહ્યું, ત્રીજી ગાથામાં. સ્વભાવરત્નત્રય છેને, ભાઈ? ત્રીજી ગાથામાં સ્વભાવરત્નત્રય (કહ્યું છે). '**પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ**

**કહ્યું છે.**' ત્રીજી ગાથામાં ટીકાની બીજી લીટી. સ્વભાવરત્નત્રય. બીજી ગાથામાં, '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' બીજી ગાથામાં પણ છે. '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' '**मग्गो मग्गफलं**' ઈ પણ છે. બીજી લીટી છે. શું કહે છે? ભાઈ! જુઓ, આ ઉપોદ્‌ઘાત થાય છે એમાં સિદ્ધાંત કહી દીધા છે.

નિયમસાર આ પુસ્તકનું નામ છે. તો એ તો શબ્દ છે. નિયમસાર તો શબ્દ છે, પણ એનું વાચ્ય શું? વાચ્ય—ભાવ. જેમ સાકર. સાકર શબ્દ છે. તો સાકર બતાવે છે કોને? સાકર પદાર્થને. સાકર પદાર્થમાં સાકર શબ્દ નથી. સાકર શબ્દમાં સાકર નથી. સાકર ભિન્ન છે, શબ્દ ભિન્ન છે. આ નિયમસાર શબ્દ છે, બતાવે છે પોતાની નિર્મળ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય. વાચક એને બતાવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કહે છે, નિયમ શબ્દ પ્રથમ.. જુઓ, આ તો ટીકાકારે ખુલાસો કર્યો છે અને આચાર્ય પણ ત્રીજી ગાથામાં ખુલાસો પોતે કરશે. પોતે કહે છે? શું કહે છે? સ્વયં કરશે.

'**નિયમ' શબ્દ, પ્રથમ તો,...**' પહેલી તો એ વાત છે કે. એમ. સમજાણું કાંઈ? '**कं, नियमसारम्। नियमशब्दस्तावत्**' '**तावत्**' છેને સંસ્કૃતમાં? નિયમ શબ્દ '**तावत्**' એવું સંસ્કૃત છે. મૂળ વાત ઈ છે કે, પહેલી વાત ઈ છે કે, પ્રથમ વાત ઈ છે કે '**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે...**' નિયમ શબ્દ કહેવામાં આવ્યો છે. અને '**નિયમસાર ('નિયમનો સાર') એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની અંતર સન્મુખમાં સમ્યક્ નિશ્ચયસમ્યગ્દર્શન, સ્વ આશ્રયે શુદ્ધતા અને સમ્યક્જ્ઞાન સ્વ-આશ્રયનું સ્વસંવેદન અને સ્વ-આશ્રયમાં લીનતા, ચરવું, રમવું એ ત્રણે મળીને શુદ્ધરત્નત્રય કહે છે. એ શુદ્ધરત્નત્રયને સાર કહે છે. એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? છે?

**શ્રોતા :—** આના સિવાય બીજો કોઈ માર્ગ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોઈ માર્ગ નથી, આના સિવાય કોઈ માર્ગ નથી. આ છે તો બીજા નથી. એનો અર્થ થયો કે વ્યવહારરત્નત્રયના વિકલ્પને મોક્ષમાર્ગ કહ્યો છે એ કથનથી કહ્યો છે, છે નહિ. ટોડરમલજીએ કહ્યુંને, મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે નથી. ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક. છે, લખ્યું છે, બરાબર બહુ સારું લખ્યું છે સાતમા અધિકારમાં. મોક્ષમાર્ગ બે નથી, બે પ્રકારનું નિરૂપણ છે. નિશ્ચય નિરૂપણ પોતાના સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષમાર્ગ. સાથે એવું નિમિત્ત સહચર વ્યવહાર જોઈને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. કથનમાં બે છે, વસ્તુ બે નથી. સમજાણું કાંઈ? ટોડરમલજીએ ઘરનું કાંઈ નથી કહ્યું. લોકો કહે, ટોડરમલજીએ આમ લખ્યું છે ઈ આર્ષવાક્ય નથી. હવે તને શી ખબર પડે આર્ષવાક્યની. ટોડરમલજીએ તો શાસ્ત્રનું જે દોહન છે તેને લખ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પોતાના ઘરની વાત નથી કરી. હજારો શાસ્ત્રોનું દોહન કરીને મોક્ષમાર્ગ પ્રકાશક બનાવ્યું છે. સમજાણું કાંઈ? એમ કહે છે કે ઈ બે મોક્ષમાર્ગની ના પાડે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છેને, બે મોક્ષમાર્ગ

માને ઈ ભ્રમ છે. સાતમા અધ્યાયમાં છે. ૨૫૬? શું કહે છે જુઓ, પહેલી શરૂઆતમાં અહીં છે. જુઓ, કેટલાક કહે છે કે **મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહ્યો તે નિશ્ચયમોક્ષમાર્ગ.** '**તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી...**' છે નહિ '**પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે.**' બહુ સારી વાત કરી છે. ૨૫૫ પાને મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતીમાં છે. સમજાણું કાંઈ?

કહે છે કે બે માને તો ભ્રમ છે. અહીંયા લખ્યું છેને? (પાનું-૨૫૮) '**આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.**' એ તો ભ્રમ છે. બે મોક્ષમાર્ગ માનવા એ તો ભ્રમણા છે. સમજાણું કાંઈ? ત્યારે ઓલો કહે કે બે મોક્ષમાર્ગ ન માને તો ભ્રમણા છે. એમ કહે છે અત્યારે. ટોડરમલને ખોટા ઠરાવવા માટે (આમ કહે છે). એમ છે નહિ, ટોડરમલે શાસ્ત્રમાંથી કાઢ્યું છે, પોતાની ઘરની વાત નથી કરતાં. મહા ભવભીરુ હતા. સમજાણું કાંઈ? એક એક શબ્દ શાસ્ત્રના પ્રમાણથી કહ્યા છે. અહીં શું કહ્યું? જુઓ,

નિયમસારનો અર્થ પોતાનો શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા. વિકાર દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત એવા શુદ્ધ ભગવાન આત્માનો અંતર શુદ્ધ ચૈતન્યનો આશ્રય કરીને નિશ્ચયસમ્યગ્દર્શન થાય તેને શુદ્ધ સમ્યગ્દર્શન કહે છે, તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે, તેને અભ્યંતર સમ્યગ્દર્શન કહે છે, તેને સ્વભાવિક સમ્યગ્દર્શન કહે છે, તે જ ખરું સમ્યગ્દર્શન છે. અને પોતાનું શુદ્ધસ્વરૂપ એનું ભાન, સ્વ જ્ઞાન આત્માનું એનું નામ શુદ્ધ જ્ઞાન છે, સ્વભાવિક જ્ઞાન છે, અનુપચારિક જ્ઞાન છે, અભ્યતંર જ્ઞાન છે. અને એ સ્વરૂપના દર્શન, જ્ઞાન સહિતમાં અરાગી... વિકલ્પ મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે, એ નહિ, સ્વરૂપમાં રમણતા અરાગી શુદ્ધતા એ શુદ્ધ ચારિત્ર છે, અભ્યંતર ચારિત્ર છે, સ્વભાવિક ચારિત્ર છે, નિશ્ચયચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ત્રણેની વાત કરે છે. સાર કહેતાં '**શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' કહો, જમુભાઈ! આહા..હા..! એમને એમ વાંચી જાય, સમજ્યા વિના. એક એક શબ્દમાં ભાવ પડ્યા છે.

કહે છે કે ભગવાન આત્મા... દેવ-ગુરુ-શાસ્ત્રની પરદ્રવ્યની શ્રદ્ધા એ તો વિકલ્પ છે. નવ તત્ત્વની ભેદ શ્રદ્ધા એ પણ રાગ છે, પંચમહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ પણ રાગ છે, ખરા રત્નત્રય નહિ. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું નિયમસાર કહીશ, કેવળી-શ્રુતકેવળીએ કહ્યું છે એમ હું કહીશ. ઈ હવે લેશે. જુઓ, '**केवलिसुदकेवलीभणिदं**'. ચોથું પદ છે. એ કેવળી સર્વજ્ઞ પરમાત્માએ અને શ્રુતકેવળીઓએ જેમ કહ્યું છે એમ હું કહીશ. સમજાણું કાંઈ? હજી મોક્ષમાર્ગ સાચો શું, ઉપચારીક શું એની ખબર નથી, કેવળજ્ઞાનીએ શું કહ્યું એની ખબર નથી અને હું સમ્યગ્દૃષ્ટિ છું અને ધર્મી છું. ક્યાંથી આવ્યો ધર્મ? આહા..હા..!

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં? અહીં બીજાનું ક્યાં કહેવું છે? પ્રથમ એટલે નિયમસાર બે શબ્દ છે. શું? નિયમસાર. એમાં પહેલો 'નિયમ' છે ઈ, એનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમ. અને 'સાર' બીજો છે. એમ કહે છે. નિયમસાર શબ્દ પડ્યો છે .. આ બીજો છેને સાર.

નિયમ-સાર. પાઠમાં લીધુંને. જુઓ, '**नियमशब्दस्तावत्**' નિયમ શબ્દનો પહેલો અર્થ છે કે. પહેલાં નિયમનો '**सम्यग्दर्शनज्ञानचारित्रेषु वर्तते**' નિયમ. પછી 'સાર' એ બીજો શબ્દ છે. નિયમસાર. સમજાણું કાંઈ? લોકોને નિશ્ચય વસ્તુ શું છે એ ખબર નથી. કાલે કહ્યુંને, ભાઈ કૈલાચંદ્રજીએ, આમાં પણ આવ્યુંને? એમાં જ કહ્યું છેને? '**अबुधस्य बोधनार्थं**' '**अबुधस्य**'. મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા માટે અસત્યાર્થ જે વ્યવહારનય કહીને ઉપદેશે છે, પરંતુ જે કેવળ વ્યવહારને જાણે છે તેને તો ઉપદેશ આપવો યોગ્ય જ નથી. '**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्**' પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો કેટલામો શ્લોક છે? છઠ્ઠો. '**व्यवहारमेव केवलमवैति**' જે એકલા વ્યવહારને માને છે, જાણે છે અને નિશ્ચય શું વસ્તુ છે એની ખબર નથી અને વ્યવહારને જ માને છે '**यस्तस्य देशना नास्ति**' તે ઉપદેશને લાયક નથી. આહા..હા..! જુઓ, સમજાણું કાંઈ? આ વાત વર્તમાનમાં એવી ગડબડ થઈ ગઈ છે, એકાંત છે, એકાંત છે. અરે..! સાંભળ તો ખરો, ભગવાન!

**माणवक एव सिंहो यथा भवत्यनवगीत सिंहस्य**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य।।७।।**

મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા માટે અસત્યાર્થ જે વ્યવહારનય છે તેનો ઉપદેશ કરે છે. છે ખરી નય, નયનો વિષય પણ છે, પણ એ સાચું સ્વરૂપ કહેનારી નય નથી. પરંતુ જે કેવળ વ્યવહારને જાણે છે તેને તો ઉપદેશ દેવો યોગ્ય નથી. જેમ કોઈ સાચા સિંહને જાણતો નથી અને બિલાડીને સિંહ છે (એમ બતાવે છે). એમ નિશ્ચયને ન જાણે અને વ્યવહારને નિશ્ચયપણાને પ્રાપ્ત હોય એવા કોઈ નિર્વિચાર પુરુષ એમ પ્રશ્ન કરે કે અમારે તો વ્યવહાર છોડવો છે. વ્યવહાર શું છોડે? વ્યવહાર હોય છે, આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય હોય અને વચ્ચે રાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ આવ્યા વિના રહેતો નથી, પણ એ વ્યવહાર છે, બંધનું કારણ છે, મુક્તિનું કારણ નથી. વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. વ્યવહારનય છે કે નહિ? તો નયનો કોઈ વિષય છે કે નહિ? નય છે તે વિષયી છે, તો એનો કોઈ વિષય છે કે નહિ? તો નિશ્ચયમોક્ષમાર્ગ તો પોતાના શુદ્ધસ્વરૂપના આશ્રયે પ્રગટ થયો એ જ શુદ્ધરત્નત્રય ખરેખર મોક્ષનો માર્ગ છે. પણ જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, મુનિ હોય તો પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રનું જ્ઞાન હોયા વિના રહેતા નથી. તેને વ્યવહાર

કહે છે. પણ એ વ્યવહાર ખરેખર મોક્ષનો માર્ગ નથી. સમજાય છે કાંઈ? મોક્ષનો માર્ગ તો નિશ્ચય આ છે. શુદ્ધરત્નત્રય એ જ એક મોક્ષમાર્ગ છે. બીજાને નિમિત્તને જોઈને ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. અરે..રે..! વસ્તુની... કહો, ન્યાલભાઈ! આ તો બિલાડી થઈ ગઈ સિંહ. આહા..હા..!

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદ અનંત કેવળજ્ઞાન-દર્શન ચતુષ્ટયથી ભરેલો આત્મા છે. શક્તિરૂપે કેવળજ્ઞાન, દર્શન, આનંદ અંદર ભર્યા જ છે. ઈ છે તે વ્યક્ત પ્રગટ થાય છે પર્યાયમાં. પણ અંદર છે ઈ પ્રગટ થાય છે કે નથી તે પ્રગટ થાય છે? પ્રાપ્તની પ્રાપ્તિ છે કે ન પ્રાપ્ત હોય અને તે બહાર આવે છે? ભગવાન આત્મા બેહદ અનંતજ્ઞાન, દર્શન, આનંદયુક્ત અંદર પડ્યો છે. એવા આત્માની અંતરમાં પ્રતીતિ નિર્વિકલ્પ અનુભવ કરીને કરવી તેનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન, એનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન (છે). શુદ્ધસમ્યગ્દર્શનરત્ન. આ ત્રણ બોલ. અને આત્માનું અંદર 'શુદ્ધ ભગવાન અનંતજ્ઞાન, દર્શનમય છું' એવું રાગરહિત સ્વસંવેદન, જ્ઞાનનું વેદન થવું એનું નામ શુદ્ધ સમ્યક્જ્ઞાન, શુદ્ધસમ્યક્જ્ઞાનરત્ન. એને રત્ન કહે છે. આહા..હા..! અને એ આત્મા ભગવાન પોતાના દર્શન, જ્ઞાન નિશ્ચય સહિત સ્વરૂપમાં રમણતા અવિકારી શાંતિની રમણતા કરે, રમે, ચરે, લીન થાય, આનંદનો અતીન્દ્રિયનો ઘણો અનુભવ કરે એનું નામ શુદ્ધરત્નત્રયમાં શુદ્ધ ચારિત્ર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આ ભાષા કાંઈ બહુ એવી નથી હિન્દી, સાધારણ ભાષા છે, અમારા ગુજરાતી રાડ પાડે છે. હિન્દી લોકો બહુ આવે છે તો હિન્દી બોલવું પડે છે. તો કહે, અમે સમજતા નથી. ભઈ, આ તો સાદી હિન્દી છે. આ લોકો બોલે એ તો અમે સમજતા નથી, એવી ભાષા નથી આ.

**શ્રોતા :—** .. નથી, પણ મજા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ મજા આમાં જ મજા છે. ઈ તો રામજીભાઈએ તમને દલીલ આપી હતી સવારમાં થોડી. કહો, સમજાણું કાંઈ? એનું ધ્યાન રાખવું. કોઈ પરદેશથી આવે, એકાદ બે દિવસ રહે એને માટે ગુજરાતી ન સમજાય તો તમે તો અહીં સદાય પડ્યા છો. શું કહે છે સમજાય છે? એમ દલીલ કરે છે કે તમે હિન્દી બોલો છે તો અમે સમજતા નથી. એમ ગુજરાતીવાળા કહે છે. ભાઈ! ઈ સમજવાની તૈયારી કરવી. હિન્દી લોકો કો'ક દિ' આવે તો બોલવું પડે કે નહિ?

મોટો અર્થ છે, જુઓ, નિયમ. શું કહ્યું? નિયમસાર. મોક્ષમાર્ગની પર્યાયનું નામ નિયમસાર છે. એ પર્યાયમાં ત્રણ બોલ આવ્યા—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ ત્રણેને શુદ્ધ કહ્યા. શુદ્ધનો અર્થ સ્વભાવરત્નત્રય. જે પોતાના દ્રવ્યના અવલંબને નિરુપચારરત્નત્રય અંતરમાં પ્રગટ થાય છે એનું નામ નિયમસાર નામ મોક્ષમાર્ગની પર્યાય યથાર્થમાં કહેવાય છે. સમજાય છે કાંઈ? જોડે વિકલ્પ હો, એ બંધનું કારણ, મોક્ષનો માર્ગ નહિ. વ્યવહારરત્નત્રય મોક્ષનો માર્ગ નહિ. નહિને કહેવું તેનું નામ વ્યવહાર છે. છે તેને યથાર્થ જાણવું એનું નામ નિશ્ચય છે. સમજાણું

કાંઈ? શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે. હવે એ કોણે કહ્યું છે એમ હું કહું છું, ઈ વાત ચાલશે.
(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૬, શનિવાર, તા. ૨૬-૦૨-૧૯૬૬, ગાથા-૧,૨, શ્લોક-૮, પ્રવચન નં. ૪

આ નિયમસાર, પાંચમું પાનું છે. પહેલી ગાથા ચાલે છે. શું કહે છે? જુઓ, અહીં સુધી આવ્યું, જુઓ, '**નિયમસાર**' કહું છું.' આવ્યું છેને કાલે? કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે કે હું સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનીએ કહેલું નિમયસારનું સ્વરૂપ કહું છું. એ નિયમસાર એટલે શું? નિયમ શબ્દ પહેલોં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે છે. નિયમ એટલે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર માટે 'નિયમ' શબ્દ વાપરવામાં, કહેવામાં આવ્યો છે. જુઓ, મોક્ષમાર્ગના અધિકારની વાત કરશે.

આ '**નિયમસાર ('નિયમનો સાર') એમ કહેતાં...**' સાર કહેતાં '**શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' અહીં વજન વધારે છે. નિયમસાર. નિયમ એટલે કે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને સાર એટલે શુદ્ધરત્નત્રય. એટલે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એની અંતરમાં સ્વભાવસન્મુખની નિશ્ચયદૃષ્ટિ, શુદ્ધ સમ્યક્ અનુભવદૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન. એ આત્માનું શુદ્ધ સ્વભાવનું અંતર જ્ઞાન એ શુદ્ધ સમ્યક્જ્ઞાન અને આત્મામાં શુદ્ધ દર્શન-જ્ઞાનપૂર્વક સ્વરૂપની રમણતાની લીનતા એ સમ્યક્ચારિત્ર. એ ત્રણે શુદ્ધરત્નત્રય છે. સમજાણું કાંઈ? શુદ્ધ નામ પવિત્ર રત્નત્રય છે જે મોક્ષનો માર્ગ છે. વચમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામનો રાગ કે શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ એ અશુદ્ધ છે, એ અશુદ્ધ છે. એ વ્યવહારરત્નત્રય તે પરાશ્રય હોવાથી અશુદ્ધ છે, બંધનું કારણ છે. એમાંથી એ નીકળે છે. સમજાણું કાંઈ આમાં?

શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવે કહેલું તે કુંદકુંદાચાર્ય કહે છે તે હું કહીશ. શુદ્ધ શબ્દ કેમ વાપર્યો છે? નિશ્ચયરત્નત્રય કહેવા માટે? સમજાણું કાંઈ? નિશ્ચયરત્નત્રય એટલે શુદ્ધ ભગવાન અનંતગુણ ચૈતન્યપિંડ આત્મા એના સન્મુખની સમ્યક્ અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. એ સ્વદ્રવ્ય આશ્રય... મોડા આવ્યા છોકરાઓ. પાછળ જોવું નહિ. જુઓ, અનાદિનો વાંધો ઉઠ્યો છે એનો અહીં ખુલાસો છે. કનુભાઈ!

નિયમસાર. ફક્ત બે શબ્દ છે. નિયમ એટલે કે નિશ્ચય સ્વરૂપે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

છે એને નિયમ કહેવામાં આવે છે અને સાર શબ્દે શુદ્ધ નિયમ, શુદ્ધ નિયમ. ભાઈ! સાર શબ્દે શુદ્ધ નિયમ, શુદ્ધ નિશ્ચય. ભગવાન આત્મા એક સમયમાં અખંડ અનંતગુણનો પિંડ પ્રભુ એવા શુદ્ધ ચિદાનંદ આત્માની અંતર્મુખ થઈને, અનુભવ આત્માનો કરીને જે અંતર પ્રતીત--સમ્યગ્દર્શન—થાય તેને શુદ્ધ સમ્યગ્દર્શન-રત્ન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આજ તો ગુજરાતી છે હવે. કેમ ઠીકને? અમારા પંડિતજીનો પક્ષ આવ્યો તો ઠીક પક્ષ કરે છે. સમજાય છે કાંઈ?

અનંતકાળમાં અનંતવાર જૈન સાધુ દિગંબર પણ અનંતવાર થયો. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, પણ સમ્યગ્દર્શન નિશ્ચય શું છે એને એણે પ્રગટ કર્યું નહિ અને એ વિના એણે વ્યવહારના ક્રિયાકાંડ પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના રાગ, શાસ્ત્રના ભણતર અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એવા ભાવથી એણે શુક્લલેશ્યા ઉપાર્જીને નવમી ગ્રૈવેયકમાં અનંતવાર ગયો, પણ જન્મ-મરણ એના મટ્યા નહિ. સમજાણું કાંઈ? એ જન્મ-મરણને મટવાનો એક જ ઉપાય છે કે ભગવાન આત્મા પોતાના નિજાનંદ શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એની શુદ્ધ સમ્યગ્દર્શનદશા, શુદ્ધ સમ્યક્ એટલે વ્યવહારસમ્યક્નો જે વિકલ્પ છે એ અશુદ્ધ છે, એ બંધનું કારણ છે. વ્યવહારસમકિત જે કહેવાય, એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ જે છે એ રાગ છે, એ અશુદ્ધ છે, એ બંધનું કારણ છે, એ મોક્ષનું કારણ ખરું નથી. સમજાણું કાંઈ?

અને જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, સર્વજ્ઞે કહેલા શાસ્ત્રોનું જ્ઞાન, પરસન્મુખ તરફની વૃત્તિની લાગણી છે, એ જ્ઞાન પણ વિકલ્પ-રાગમય હોવાથી બંધનું જ કારણ છે. ચારિત્ર—પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિના જે પંચમહાવ્રતના વિકલ્પ એ શુભરાગ છે. એ પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલો શુભભાવ છે. એને વ્યવહારરત્નત્રય નિશ્ચયરત્નત્રય જો હોય તો એને વ્યવહારરત્નત્રયનો આરોપ દેવામાં આવે છે. છતાં એ વ્યવહારરત્નત્રય પણ બંધનું જ કારણ છે. કહો, સમજાણું કાંઈ?

તેથી અહીંયા આચાર્ય મહારાજ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને નિયમ શબ્દ કહેવામાં આવ્યો છે અને સાર શબ્દ કહેતાં '**શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' એ શુદ્ધરત્નત્રય સ્વરૂપને નિયમસાર કહેવામાં આવે છે. એ પર્યાય છે. શું? શુદ્ધરત્નત્રય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—એ શુદ્ધ નિર્મળ નિર્વિકારી દશા છે. દ્રવ્ય નહિ, દ્રવ્ય ત્રિકાળ છે. ગુણ—શક્તિ ત્રિકાળ છે. એની આ ત્રણેય પર્યાય છે. નિર્મળ વીતરાગી શુદ્ધ સ્વભાવની અંતર્મુખની નિર્વિકારી દૃષ્ટિ, સમ્યગ્દર્શન એ શુદ્ધ દશા છે, પર્યાય છે. આત્મા શુદ્ધ ચૈતન્યનું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાનની નિર્મળ પર્યાય છે અને સ્વરૂપમાં દર્શન-જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું, વીતરાગભાવે અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એ ચારિત્ર છે એ શુદ્ધ છે. એ ચારિત્ર ત્રિકાળ ગુણની એક નિર્મળ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે અનંત તીર્થંકરો આ પ્રમાણે કહેતા આવ્યા છે. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ બિરાજમાન છે એવા વીસ તીર્થંકરોની હયાતી છે. એવા લાખો કેવળીઓ બિરાજમાન છે. મનુષ્યક્ષેત્રમાં છે, વર્તમાન મહાવિદેહમાં. એ બધા તીર્થંકરો શુદ્ધરત્નત્રયને મોક્ષમાર્ગ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત છે.

'કેવું છે તે?' હવે શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ. 'કેવું છે તે? કેવળીઓ...' સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત થઈ ગયા એમણે '**અને શ્રુતકેવળીઓએ કહેલું છે.**' શું કહે છે? ભગવાન આત્મા અનંત શાંતરસનો પિંડ પ્રભુ વીતરાગસ્વભાવી કંદ આત્મા (છે). કારણ કે શરીર, વાણી, કર્મ એ તો અજીવતત્ત્વ છે. પાપ—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ એ પાપતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, જાત્રાનો વિકલ્પ એ પુણ્યતત્ત્વ છે. એ પુણ્ય અને પાપ બેય આસ્રવતત્ત્વ છે. એનાથી ભગવાન આત્મા એકલો સચ્ચિદાનંદ સિદ્ધ સમાન શુદ્ધ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જોયો એવો વીતરાગ સ્વભાવ આત્મા એવા વીતરાગીએ, એવા કેવળીએ આ શુદ્ધરત્નત્રયને મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? પાઠમાં છેને?

'**वोच्छामि णियमसारं**' આ એની વ્યાખ્યા. '**केवलिसुदकेवलीभणिदं**'. એ સર્વજ્ઞ પરમેશ્વરો, તીર્થંકરો કે સામાન્ય કેવળીઓ કે શ્રુતકેવળીઓ જેટલા થયા ભગવાન કેવળીઓ અને શ્રુતકેવળીઓ, તે બધાએ ભગવાન આત્મા એનું શુદ્ધ અંતર નિર્વિકલ્પ વીતરાગી દર્શન, જ્ઞાન અને ચારિત્ર તેને જ નિયમસાર અને તેને જ મોક્ષનો માર્ગ ભગવાનનો એ વર્ણવ્યો અને કહ્યો છે. સમજાણું કાંઈ? બાર અંગમાં પણ આ વાત આવી છે એમ કહે છે. સમજાય છે કાંઈ? કેવળીઓ અને શ્રુતકેવળીઓએ (કહેલું છે).

'**કેવળીઓ' તે સકલપ્રત્યક્ષજ્ઞાનના ધરનારા...**' સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રણકાળ, ત્રણલોકના સકળ પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાનના ધરનારા ભગવાન છે. મહાવીર વીર પરમાત્મા આદિ અનંત તીર્થંકરો થયા. એ સકલપ્રત્યક્ષજ્ઞાનના ધરનારા (અર્થાત્) એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેને પ્રત્યક્ષ જાણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એમણે કહેલું છે એમ કહેવા માંગે છે. કુંદકુંદાચાર્ય (એમ કહે છે) 'હું પોતે કહું છું કલ્પના મારા ઘરની' એમ નહિ. અનંત વીતરાગદેવોએ અનાદિથી આ જ માર્ગ કહ્યો છે.

'**અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા;...**' સકળ દ્રવ્યશ્રુત. બાર અંગ... ચૌદ પૂર્વ તો બાર અંગમાં સમાઈ ગયા. બધા સકળ શ્રુત ભગવાનની વાણીમાં બાર અંગ નીકળ્યા એ બાર અંગના ધરનારા શ્રુતકેવળીઓ છદ્મસ્થ એમણે પણ આવા શુદ્ધરત્નત્રયને જ નિમયસાર અને મોક્ષમાર્ગ કહ્યો છે. આહા..હા..! અરે..! જગતને ભગવાન શું કહે છે ઈ સાંભળવા પણ મળે નહિ. સર્વજ્ઞની વાણીમાં શું તત્ત્વ છે ઈ સાંભળવા મળે નહિ. સમજે

કે દિ'? રુચે કે દિ'? અને પરિણમે કે દિ'?

**શ્રોતા :—** મૂળ દસ્તાવેજ આ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મૂળ દસ્તાવેજ છે આ, અધ્ધરથી લિખિતંગ નથી. સહી મફતલાલની નથી. સહી અંદર ભગવાન કેવળીઓએ કહેલાની સહી છે. સમજાણું કાંઈ? શું ન્યાલભાઈ? એમાં છે કે નહિ, જુઓ શબ્દ એમાં.

દ્રવ્યશ્રુત. બે વાત થઈ. સર્વજ્ઞ ભગવાને પણ આત્મા અખંડ શુદ્ધ ચિદાનંદની અંતર અનુભવની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષમાર્ગ શુદ્ધરત્નત્રયને કેવળીએ કહેલો છે અને શ્રુતકેવળીએ પણ એ જ કહ્યું છે. બેમાં કંઈ ફેર નથી. વળી શાસ્ત્રકાર કાંઈક છદ્મસ્થ અલ્પજ્ઞ છે એટલે બીજું કહે, સર્વજ્ઞ છે એટલે કાંઈક બીજું કહે એમ છે નહિ.

**શ્રોતા :—** કેવળજ્ઞાનમાં એક પ્રકાર અને શ્રુતજ્ઞાનમાં બીજો પ્રકાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ બે પ્રકાર છે જ નહિ એમ કહે છે. શ્રુતજ્ઞાનમાં ફક્ત પરોક્ષ છે, કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. બીજો કાંઈ ફેર નથી. ભગવાન કેવળજ્ઞાની... પ્રત્યક્ષ શબ્દ વાપર્યો છે, જુઓને! '**સકલપ્રત્યક્ષજ્ઞાનના ધરનારા અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા; એવા કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું,...**' શું કહેલું? શુદ્ધરત્નત્રયસ્વરૂપ નિયમસાર. આહા..હા..! એક જ પદમાં એણે બધું સમાડી દીધું છે!

શુદ્ધરત્નત્રયને જ મોક્ષનો માર્ગ કહીએ. વચ્ચે વિકલ્પ શુભરાગ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એને શ્રુતકેવળીઓએ અને કેવળીઓએ શુદ્ધરત્નત્રય કહ્યું નથી એટલે એને મોક્ષમાર્ગ કહ્યો નથી. કહો, સમજાણું આમાં? આ તો લેખસહિત સામે પડ્યા છે. વાણિયા તો દશેરાના ચોપડા જોવે કે નહિ દિવાળીના? ભાઈ! મેળવો—મીંઢવો આપણે નામા. આ મીંઢવો અંદર શું છે. છગનભાઈ! છે કે નહિ એમાં? આહા..હા..! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર કેવળજ્ઞાનીનું એક જ કથન અનાદિ અનંત તીર્થંકરોનું હોય છે અને શ્રુતકેવળીઓ ત્રણકાળના જેટલા થાય તેનું કથન પણ એક જ પ્રકારનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું,...**' કેવું છે એ શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ? '**સકળ ભવ્યસમૂહને હિતકર,...**' આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મા અનંતગુણનો પિંડ પ્રભુ, પુણ્ય-પાપના રાગરહિત એવા શુદ્ધ ભગવાન આત્માની અંતર્મુખની નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ શાંતિ—સ્થિરતા એ જ સકળ ભવ્યસમૂહને હિતકર છે. સમજાણું કાંઈ? એ જ હિતનો કરનાર મોક્ષનો માર્ગ છે. આહા..હા..! રાડ નાખી જાય છે માણસો. શરીરની ક્રિયા ધૂડની ક્રિયા છે. આ તો માટી જડ છે. આ તો અજીવ પુદ્‌ગલ છે, ધૂડ છે. એની ક્રિયા તને મુક્તિ આપતી હતી શરીરની? અને અંદર કોઈ વિકલ્પ ઉઠે શુભનો, દયા, દાન, વ્રત, ભક્તિ એ તો પુણ્ય છે, એ પુણ્ય મુક્તિ આપતી

હતી? એ હિતકર છે? પુણ્યભાવ હિતકર છે? આ પરની ક્રિયા થાય આમ આમ હાલે એ તો જડની પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી ઉત્પન્ન સત્ (છે). એ પરમાણુમાત્રમાં દરેક પરમાણુમાં એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થયા કરે છે. તો એક એક સમયની એની પરમાણુની પર્યાય જે હાલે, ચાલે, બોલે એ તો જડની પર્યાય છે. એ પર્યાયથી આત્માને ધર્મ થાય? મુક્તિ થાતી હશે? શરીરાશ્રિત ક્રિયા તે ધર્મનું કારણ છે. ધૂડમાંય નથી, સાંભળને!

**શ્રોતા :—** આ બોલવાનું ક્યાંથી થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્વતંત્ર છે. અનંતકાળથી એણે (સાચું) સાંભળ્યું જ નથી. સાચી વાત સાંભળવાનો એને અવસર મળ્યો નથી. લીધો નથી. આહા..હા..! માથાકૂટ કરીને મરી ગયો, સૂકાઈને. સમજાણું કાંઈ?

અહીંયા આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યે કહેલું એમાંથી આટલા શબ્દો વધારે કાઢ્યા. '**સકળ ભવ્યસમૂહને હિતકર...**' ઓલો શુદ્ધરત્નત્રય છેને મોક્ષમાર્ગ એથી કહે છે. આત્મા ભગવાન એની અંતર અનુભવ સમ્યક્ વીતરાગીદશા સમ્યગ્દર્શન, વીતરાગીજ્ઞાન સમ્યક્જ્ઞાન, વીતરાગી ચારિત્ર એવો મોક્ષનો માર્ગ એ સકળ ભવ્યજીવને હિતકર છે. અભવીને હોય નહિ. સમજાય છે કાંઈ? સકળ કેમ કહ્યું? કે કોઈ ભવ્યજીવને માટે બીજો માર્ગ હશે અને કોઈ ભવ્યજીવને માટે ત્રીજો હશે (એમ નથી).

**શ્રોતા :—** એવું અનેકાંત નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ અનેકાંત નથી. પાંચમા આરાના ભવ્યજીવને બીજો માર્ગ હોય, ચોથા આરામાં ભવ્યજીવને બીજો માર્ગ હોય એમ છે નહિ. ભરતક્ષેત્રના જીવને બીજો માર્ગ હોય, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે ત્યાં ભવ્યજીવને બીજો માર્ગ હોય એમ છે નહિ.

**શ્રોતા :—** પંચમકાળ અને ચોથો કાળ એમાં તો ફેર પડેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાંય ફેર ન મળે. પંચમકાળને કાળને શું ફેર છે? અંતર શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એક જ મોક્ષનો માર્ગ. સર્વ ભવ્યજીવને હિતકર એક જ છે. ચોથો આરો હોય કે પાંચમો આરો હોય. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો સામે પડ્યું છે, ટીકાસહિત સૂત્ર છે.

સકળ ભવ્યજીવ. ન્યાં વાપર્યું, સકલપ્રત્યક્ષજ્ઞાનના ધરનારા કેવળી. ત્યારે અહીં કહ્યું, '**સકળ ભવ્યસમૂહને હિતકર...**' સામે. બધા ભવ્ય-લાયક પ્રાણી યોગ્ય છે એને તો ભગવાન આત્માએ તીર્થંકરોએ કહેલો, આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પથી હઠીને આત્મા ચિદાનંદકંદની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષનો માર્ગ બધા ભવ્યજીવને હિતનો કરનાર છે. બાકી હિતકર બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું '**નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું.**' એવું નિયમસાર સકળ ભવ્યસમૂહને હિતનું કરનાર. સકળમાં સ્ત્રીઓ ને આત્મા ને બાળક ને બધા આવી ગયા હશે કે નહિ? પશુ? પશુ હોય છે સમકિતી.

સમજાય છે કાંઈ? નરકના જીવ સમકિતી છે. સાત નરકમાં નારકીઓ સમ્યગ્દૃષ્ટિ છે. અઢી દ્વીપની અંદર જ્યારે ભગવાન બિરાજમાન હતા ત્યારે તો કોઈ પશુ પણ સમકિતી હોય છે. પણ અઢી દ્વીપ બહાર તો અસંખ્યાતા સમકિતી ત્રણે કાળે બિરાજમાન છે. સમજાણું કાંઈ? અઢી દ્વીપ બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. એમાં સ્વયંભૂરમણ સમુદ્ર આદિમાં અસંખ્ય પંચમ ગુણસ્થાનવાળા સમકિતી, આ રત્નત્રયવાળા હોં! આગળ કહેશે, પંચમ ગુણસ્થાનવાળાને પણ નિશ્ચયરત્નત્રય હોય છે. એ આગળ કહેશે ભક્તિ (અધિકારમાં). સમજાણું કાંઈ? શ્રાવકને પણ નિશ્ચયરત્નત્રય હોય છે. એ તિર્યંચ છે અઢી દ્વીપ બહાર અસંખ્યાતા સમકિતી હોં! આત્મજ્ઞાની અનુભવી. એને પણ પરમહિતનો કરનાર આ રત્નત્રય જે એને પ્રગટ્યા છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ શ્રાવકને પણ એ જ હિતકર છે. શું કહેવું છે?

કોઈ ઠેકાણે એવું આવેને? કે સાધુનો માર્ગ આ અને શ્રાવકને ઓલો શુભભાવ એ ધર્મનું પરંપરા કારણ છે. એ તો ઉપચારનું કથન છે. સમજાણું કાંઈ? શ્રાવક સાચો હોય, સાચા શ્રાવકની વાત છે હોં! આ વાડાની વાત નથી. વાડામાં શ્રાવક નામ ધરાવે. કરિયાતાથી કોથળી અને નામ આપે સાકર, એટલે કાંઈ કરિયાતા મીઠા થઈ જતા હશે? એમ શ્રાવક અને મુનિ નામ ધરાવે, વસ્તુની તો ખબર ન મળે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે આત્મા કહે છે એનું દર્શન, એનું જ્ઞાન અને ચારિત્ર શું એની તો ખબરેય ન મળે. એને શ્રાવક, સાધુ કહેતા નથી જૈનશાસનમાં. આ તો ત્રણકાળ, ત્રણલોકનો માર્ગ છે. આ કાંઈ કોઈ પાંચ-પચ્ચીસ માણસ માને એવો નથી. ઇન્દ્રો જેને સુધારે છે, ગણધરો જેને અનુભવે છે, તીર્થંકરોએ કહેલું છે, તિર્યંચો જેને અનુભવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એવું પરમાગમ કહીશ, કહું છું. કે જે શ્રાવક હોય સાચા એને પણ એક શુદ્ધરત્નત્રય જ હિતકર છે. વચ્ચે એને શુભભાવ આવે ખરો. જ્યાં સુધી વીતરાગભાવ પૂર્ણ પ્રગટે નહિ ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, જાત્રા, દયા, દાન, વ્રતના શુભભાવ હોય ખરા, પણ એ શુભભાવ હિતકર નથી. પુણ્ય બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાડ નાખી જાય એવું છેને માણસને. કોઈ દિ' સાંભળ્યું ન હોય. વીતરાગના વાડામાં જન્મ્યા. વીતરાગ.. વીતરાગ... અમે જૈન. પણ જૈન શું કહે છે એની એને ખબર ન મળે.

અહીં આચાર્ય મહારાજ કહે છે કે એ નિયમસાર સર્વ ભવ્યજીવને, શ્રાવકને, મુનિને, યથાયોગ્ય ચોથા ગુણસ્થાને પણ રત્નત્રયનો અંશ છેને, એ બધાને સર્વને હિતકર છે. '**આમ, વિશિષ્ટ ઇષ્ટદેવતાના સ્તવન પછી,...**' જુઓ, આમ ખાસ ઇષ્ટદેવ સર્વજ્ઞ પરમેશ્વર એનું સ્તવન કરીને, વંદન કરીને '**સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.**' જુઓ, ભાષા ટીકાકારની. પદ્મપ્રભમલધારીદેવ મુનિ નગ્ન મુનિ દિગંબર થઈ ગયા છે. આજ પહેલાં લગભગ આઠસો વર્ષ કે નવસો વર્ષ પહેલાં. સમજાય છે? એમણે આ ટીકા કરી. કુંદકુંદાચાર્ય આજ પહેલાં બે હજાર વર્ષ પહેલાં, સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં થયા હતા. દિગંબર

મુનિ સંત. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. રહીને આવીને આ શાસ્ત્રો રચ્યા છે. કહો!

ટીકાકાર કહે છે, આચાર્યદેવે ખાસ ઈષ્ટદેવતાના સ્તવન પછી **'સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી. આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય કહેવામાં આવ્યું.'**

**'(હવે, પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે :—)'** બોલો ભાઈ બોલો તમે.

(मालिनी)

जयति जगति वीरः शुद्धभावास्तमारः
त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः
नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः
समवसृतिनिवासः केवलश्रीनिवासः।।८।।

વીર ભગવાનને નમસ્કાર કર્યો છેને પહેલો. શ્લોકમાં, **'णमिऊण जिणं वीरं'**. વીર પરમાત્મા મહાવીરદેવ ભગવાન, એનો કળશ હવે કર્યો. કેવા છે વીર પરમાત્મા ભગવાન મહાવીરદેવ? **'શુદ્ધભાવ વડે મારનો (કામનો) જેણે નાશ કર્યો છે,...'** શું કીધું? પરમાત્મા અરિહંત વીતરાગ મહાવીર પ્રભુએ શુદ્ધભાવ વડે જેણે કામદેવ, હિંસા અને મરણનો નાશ કર્યો છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર વીર પ્રભુ પરમાત્મા થયા એમણે શું કર્યું? શુદ્ધભાવ, શુભ નહિ, અશુભ તો પાપ છે, શુભભાવ પુણ્ય છે. એ બે વડે કર્મનો નાશ થતો નથી. તેથી ટીકાકાર કહે છે, **'શુદ્ધભાવ વડે...'** શુદ્ધભાવ નામ શુદ્ધોપયોગ વડે માર, માર શબ્દે કામદેવ, રાગાદિની ઈચ્છા, અથવા હિંસા, રાગ એ હિંસા છે, અને મરણ આત્માની શાંતિનું મરણ રાગ થતાં થાય છે, એ બધાનો જેણે નાશ કર્યો છે. ભગવાન પરમેશ્વર વીતરાગ વીરદેવ એણે ભગવાન આત્માનો અંતર આશ્રય કરી શુદ્ધ વીતરાગી પર્યાય દ્વારા જેણે મરણનો, કામનો અને હિંસાનો અભાવ કર્યો છે. એક વાત એ અંતરની લીધી.

હવે સાથે પુણ્ય બતાવે છે. ભગવાન મહાવીર પ્રભુએ આ કહ્યું, એને વંદન કર્યું અને આવા હતા એમ બતાવે છે. **'ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...'** એ પુણ્ય બતાવ્યું. ઓલી પવિત્રતા બતાવી. જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું એ શુદ્ધભાવ વડે કર્યું છે એમ કહે છે. શુદ્ધભાવની વીતરાગતા દ્વારા કેવળજ્ઞાન, કેવળદર્શનને પામ્યા. એટલે તો આવી ગયું કે નિશ્ચય શુદ્ધરત્નત્રય માર્ગ એ દ્વારા કેવળજ્ઞાન પામ્યા. સમજાણું કાંઈ? અને **'ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...'** ઊર્ધ્વ, મધ્ય અને અધો એના દેવેન્દ્રો અને દેવોને, એવા બધા જનોને જે પૂજ્ય વીતરાગ પરમાત્મા મહાવીર છે. એ એનો અતિશય પુણ્યનો બતાવ્યો. અંદરમાં પવિત્રતાની અધિકતા, બહારમાં પુણ્યની અધિકતા કે જેને ત્રણલોકના દેવો આદિ જીવો મોટા એને પૂજે છે.

**'પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...'** એ અંતર બતાવ્યું પાછું. ભગવાન આત્મા કેવળજ્ઞાન જે પ્રગટ થયું એવું એ પર્યાયનું, કેવળજ્ઞાન પર્યાય છે, કેવળજ્ઞાન પર્યાય છે, પૂર્ણ પર્યાય, પૂર્ણ સ્વભાવદશા એ પૂર્ણ જ્ઞાન એટલે કેવળજ્ઞાન, એમ. પૂર્ણ ભગવાન. ચાર જ્ઞાન તો હજી અપૂર્ણ છે—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય સમ્યગ્દષ્ટિને હોય તોપણ. જેને પૂર્ણ... અસ્તિપણું ભગવાનનું આવું હોય એમ બતાવે છે. એવાને ઓળખીને અમે નમન કરીએ છીએ. એમને એમ ઓઘે ઓઘે વંદન કરીએ છીએ આંધળી દોડે એમ નહિ. સમજાણું કાંઈ? **'પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે...'** જુઓ, એક જ રાજ્ય પૂર્ણ જ્ઞાન. એમ. બીજું રાજ નહિ. એ રાગના સ્વામી નહિ, લોકના સ્વામી નહિ. એમ કહેવાયને ત્રણલોકના નાથ? ના, એ તો પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે. કાંઈ જગતના સ્વામી નથી. જગત તો ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? પરમેશ્વર વીરદેવ એવા અનંત તીર્થંકરો. અહીં વીરનું છેલ્લું શાસન છેને એટલે એમને નમન કરીને મોક્ષમાર્ગ કહેશે.

પૂર્ણ કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભગવાન જાણે છે. સચરાચર દ્રવ્ય, ગુણ, પર્યાય, ભૂત, ભવિષ્ય અને વર્તમાન. જ્યાં જ્યાં અનંત કાળે પર્યાય થઈ, અનંત કાળ પછી થશે, વર્તમાન વર્તે છે, તે ભગવાન, એક જ સમયના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે છે. સચરાચર ને આવ્યું હતુંને બધું? ભેગું આમાં નાખી દીધું. કહો, સમજાણું આમાં? **'પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે...'** હવે એ જ્ઞાનમાં શું હદ હશે કાંઈ? ભઈ, ભગવાનના જ્ઞાનમાં જે સમયે આવું નિમિત્ત મળે તો આવી દશા થાય અને આવું નિમિત્ત ન મળે તો આવી થાય, એમ હશે? એમ છે જ નહિ. ભગવાનના જ્ઞાનમાં તો ત્રણકાળના અનંતા દ્રવ્યો આત્માઓ, અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. ભગવાને છ દ્રવ્ય જોયા છે. એક એક દ્રવ્યમાં અનંતા ગુણ જોયા છે. એ અનંતા ગુણની એક સમયની અનંતી પર્યાય જે સમયે થઈ, થાય અને થશે એ ભગવાનના (જ્ઞાનમાં) એક સમયમાં જાણવામાં આવી ગઈ. એને નવું જાણવાનું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો સ્તુતિમાં પણ આવે છે, ઓલામાં દેવચંદજી કહે છે એમાં, શીતલનાથની સ્તુતિ. ખચ્ચરગચ્છમાં એક થઈ ગયાને? દેવચંદજી. એ કહે છે, 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ ચાર જી.. જડ ચેતન...' એની ભગવાન આપની આજ્ઞા.. ભાષા ભુલી ગયા. આડ વિના. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ ચાર જી,...' એક શબ્દ પડ્યો રહ્યો. આડ વિના... એમ કે કોઈ... શબ્દ છે. લાવોને ભઈ, ક્યાં ગયું દેવચંદજીનું? 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ ચાર જી,' એ ભગવાનની આજ્ઞા પ્રમાણે બધું થઈ રહ્યું છે, એમ કહે છે. ત્રણકાળ, ત્રણલોકની અંદરમાં.. સમજાણું કાંઈ? જે ભગવાને જ્ઞાનમાં જોયું એ જ પ્રમાણે ત્યાં થયા જ કરે છે એવો એનો સ્વભાવ છે. એ છે, બધા ચિન્હો

કરેલા છે. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ...' શીતલનાથની સ્તુતિનો પાંચમો શ્લોક છે. ખચ્ચરગચ્છમાં એક દેવચંદજી થયા. એને કેટલોક આ અભ્યાસ હતો.

'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી,' કાર એટલે આજ્ઞા. ઓલી નવી શીશપેન છેને એ દ્વારા લીટા કર્યા છે, એટલે લોકોને વિશેષ ખ્યાલ આવે. શીશપેન આવી છેને નવી જાતની. ઓલી આવી છેને, ભાઈ? કો'કે આપી છેને, ઊંચી. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ' જેટલા રજકણો, જેટલા આત્માઓ જગતમાં અનાદિઅનંત વર્તે છે એનું દ્રવ્ય એટલે વસ્તુ, એનું ક્ષેત્ર એટલે પહોળાઈ, એનો કાળ એટલે અવસ્થા, એનો ભાવ એટલે ગુણ, એક ગુણ. રાજનીતિ (એટલે) એ દ્રવ્યનો સ્વભાવ જ અનાદિનો એવો છે. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની' એ ત્રાસ વિના ભગવાનની આજ્ઞા પ્રમાણે 'કોઈ ન લોપે કારજી' ભગવાને જ્ઞાનમાં જોયું તે પ્રમાણે અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાય પરિણમી રહ્યા છે. એ ત્રાસ નથી એને કે અરે..! અમારે પરાધીન (થઈને) પરિણમવું પડે છે. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી' જેચંદભાઈ! આ આમાં લખ્યું છે, જુઓ, તમારે ક્યાં નાખ્યું છે ઈ? વીતરાગની ... રાજનીતિ પ્રકાર છે. પ્રભુની આજ્ઞા સર્વ દ્રવ્ય માને છે. સમજ્યા? સર્વ દ્રવ્ય માને છે. હે પ્રભુ! જે રીતે તમો તમારા જ્ઞાનમાં જાણો છો, જેમ જેમ તમારું જ્ઞાન પરિણમે તેમ સર્વ દ્રવ્ય પરિણમે છે. તે રીતે તમે પ્રરૂપણા કરો છો. તે જ રીતે સર્વ દ્રવ્યની પરિણતિ છે. માટે તમે કોઈને કહેતા નથી તથા કોઈને ત્રાસ કરતાં નથી, ભય પમાડતા નથી. પરંતુ તમારા જ્ઞાનની પરિણતિ ... નથી, આજ્ઞા લોપતા નથી. સમજાણું કાંઈ? અરે..! એક વાતને કાંઈ.. સર્વજ્ઞ એટલે શું? સર્વજ્ઞ એટલે જેના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ (થઈ ગયા). કંઈ જાણ્યું બાકી રહે નહિ અને જાણે માટે ઓલાને પરિણમવું પડે એવો ત્રાસ ન હોય. સમજાણું કાંઈ? આહા..!

'**પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...**' પરમાત્મા સર્વજ્ઞદેવ અત્યારે તો પ્રભુ સિદ્ધમાં બિરાજે છે પણ અહીંયા તો વર્તમાન છે એવી રીતે સ્તુતિ કરે છે, ભાઈ! આગળ ઈ આવશે. એમ લીધુંને? '**દેવોનો સમાજ જેને...**' જુઓને. અહીં તો સમવસરણમાં વીર બેઠા છે એની સ્તુતિ કરે છે. નહિતર વીર પરમાત્મા અત્યારે અરિહંત નથી. વીર પ્રભુ અત્યારે સિદ્ધ છે. અત્યારે ચોવીસ તીર્થંકરો નમો સિદ્ધાણંમાં ભળી ગયા છે. સીમંધર ભગવાન આદિ બિરાજે છે તે નમો અરિહંતાણંમાં છે. પણ ટીકાકાર સૂત્રકાર મહાવીર જાણે વર્તમાન સમવસરણમાં બિરાજતા હોય એને ઉદ્દેશીને સ્તવન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તમે દૂર રહ્યા પણ અમારા જ્ઞાનમાં દૂર નથી એમ કહે છે. શું કીધું જુઓને!

....નો નાશ કર્યો અને ત્રણ ભુવનના દેવોને પૂજ્ય છે. ઈ અહીં ક્યાં છે હવે? ઈ તો સિદ્ધ થઈ ગયા. પણ લીધા છે અહીંના શાસનમાં બિરાજતા ત્યારે. '**દેવોનો સમાજ જેને નમે છે,...**' દેવોનો સમાજ જેને નમે છે. અહીં આવશે, જુઓ, સમવસરણમાં નિવાસ

છે એમ કહેશે. બેઠા છો, અમે તો એમ માનીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા ભ્રમણાવાળા મા-બાપ મરી જાય પછી સુરધન કરે છે કે નહિ? બેસાડે સુરધનને. ભ્રમણાના ટોળા. આ તો કહે છે કે અમે અમારા જ્ઞાનમાં બિરાજમાન કર્યા છે. આમ સમવસરણમાં જાણે સાક્ષાત્ બિરાજતા હો. વર્તમાન સમવસરણમાં હે વીર! બિરાજતા હો એ રીતે અમે આપની સ્તુતિ કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**દેવોનો સમાજ જેને નમે છે, જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે,...**' એ ગુણ આવ્યો. એક ગુણ અને એક પુણ્ય, એક ગુણ અને એક પુણ્ય એ રીતે બબ્બે વાત લીધી છે. જન્મવૃક્ષનું બીજ. જન્મનું બીજ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ જેણે નષ્ટ કર્યું છે. જેને હવે જન્મ છે નહિ. જન્મવૃક્ષનું બીજ આઠ કર્મ છે હોં! એ બધું નાશ કરી નાખ્યું છે. જેણે નષ્ટ કર્યું છે. એમ કરીને પૂર્વે હતા ખરા કર્મ વીરપ્રભુને પણ. હતા એને આત્માના અનુભવ અને સ્થિરતા દ્વારા '**જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે, સમવસરણમાં જેનો નિવાસ છે...**' આ તો પંચમઆરાના મુનિ કુંદકુંદાચાર્ય હજી બે હજાર વર્ષ પહેલાં થયા. મહાવીર ભગવાન પછી છસ્સો વર્ષે અને આ જે ટીકાકાર છે એ તો હજી હમણાં આઠસો-નવસો વર્ષ પહેલાં થયા. કહે છે કે અમારે કાળનો ભેદ નથી. આ સમવસરણમાં જાણે નિવાસ છે. એકલો વાસ નહિ, નિવાસ. હે પ્રભુ! સર્વજ્ઞપદે દેવોના પૂજ્ય અને જન્મ-મરણનો જેણે નાશ કર્યો છે, જ્ઞાન જેનું પૂરું રાજ્ય છે, મારને જેણે જીતી લીધો છે. એવા ભગવાન સમવસરણમાં જેનો નિવાસ (છે). જુઓ, અત્યારે મહાવીર અહીં નથી, અત્યારે સમવસરણમાં નથી, અત્યારે મહાવીર સિદ્ધાલયમાં છે. શું કીધું? અત્યારે મહાવીર ભગવાન સિદ્ધાલયમાં સિદ્ધમાં બિરાજે છે. સિદ્ધ થઈ ગયા એ તો. ઈ તો જ્યારે સમવસરણ હતું ત્યારે અરિહંત હતા. અરિહંતપદની અપેક્ષા રાખીને સ્તવન કરે છે. કારણ કે આપની વાણી નીકળતી હોય એવા ભગવાન અમે તો જોઈએ છીએ, કહે છે.

અહીં કીધુંને? કહેલું કહ્યું છેને. '**केवलिसुदकेवलीभणिदं**'. સમજાણું? એ સમવસરણમાં પરમાત્મા બિરાજમાન છે, એમનો નિવાસ (છે), એમણે આ કહેલું છે. આહા..હા..! ભક્તોની ભક્તિ પણ કેવી ઊછળે કે જેને આમ નજીક કર્યા હથેળીમાં. આ ભગવાન તમે સમવસરણમાં બિરાજમાન છોને! પણ સમવસરણ નથી અત્યારેને? સાંભળને! નથી કોણ કહે છે? સમજાણું કાંઈ? સીમંધર ભગવાન તો સમવસરણમાં બિરાજે છે. એ તો વાત બરાબર છે. સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકરો અત્યારે સમવસરણમાં બિરાજમાન મનુષ્યદેહે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે. આ હંબગ નથી હોં! બધું યથાર્થ (છે), ત્રણકાળ, ત્રણલોકમાં સત્ય છે. એના નાના ઘર પણ જોયા નથી સરખા એને ત્રણકાળમાં શું છે એની ખબર ક્યાં છે? ભગવાન મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ (છે), પાંચસો ધનુષનો દેહ છે, બે હજાર હાથ ઊંચા, ક્રોડ પૂર્વનું આયુષ્ય એવા વીતરાગ વીસ તીર્થંકર બિરાજમાન છે.

એવો '**સમવસરણમાં જેનો નિવાસ છે...**' અહીં તો ભગવાનને કહે છે, પ્રભુ! આપ સમવસરણમાં બિરાજમાન (છો). મોક્ષ ગયા એને ઉતાર્યા છે હેઠે. આહા..હા..! હવે અમે તમારી પાસે આવવાના બાકી છીએ, હોં પ્રભુ! તમે ઉપર વયા ગયાને. હવે અમે આવશું. તમે નહિ ઉતરો તો અમે આવશું હવે ત્યાં. આહા..હા..! '**અને કેવળશ્રી (—કેવળજ્ઞાનદર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે,...**' બે વાત લીધીને. સમવસરણમાં વસે છે એ તો ક્ષેત્ર કીધું, પણ અંદરમાં નિશ્ચયથી શેમાં વસો છો? કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી લક્ષ્મી આપમાં વસે છે '**તે વીર જગતમાં જયવંત વર્તે છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ દિગંબર જંગલવાસી વનવાસી, એ વનમાં આ ટીકા કરી છે. મુનિઓ સંતો તો વનમાં જ રહેતા હતા. આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં-કરતાં વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયું. શાસ્ત્રના કર્તા પણ મુનિ છે નહિ. કારણ કે રજકણની પર્યાય છે આ. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા જે વીર, જેનામાં જ્ઞાન અને દર્શનની શ્રીલક્ષ્મી વસે છે. '**તે વીર જગતમાં જયવંત વર્તે છે.**' જયવંત વર્તે છે, કહે છે. અમારે તો સમવસરણમાં બિરાજમાન છે જયવંત એમ કહે છે, લ્યો. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** સંતો ... ભક્ત અને ભગવાન .. જુદાં ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જુદાં હોય જ નહિ. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર જેના સમકિતીદષ્ટિના જ્ઞાનમાં બેઠા છે. પહેલી તો વાત કરી, સિદ્ધ પરમાત્માને તમારા જ્ઞાનમાં સ્થાપીએ છીએ. ઉપર છે એને આવ અંદરમાં લે. અનંત સિદ્ધો, અનંત કેવળજ્ઞાની બિરાજમાન પૂર્ણાનંદ જન્મ-મરણનો નાશ કરી પૂર્ણાનંદની પ્રાપ્તિ (કરી છે) એવા સિદ્ધને તમારા જ્ઞાનને આંગણે અમે પધરાવીએ છીએ. સમયસારમાં પહેલી ગાથામાં કહ્યું. અહીં પણ અમે અમારા જ્ઞાનમાં પધરાવીએ છીએ. અહીં જાણે ભગવાન બિરાજતા હોય એમ કહે છે, લ્યો. '**જયવંત વર્તે છે.**' એમ ભાષા છેને? વર્તે છે એમ છેને? 'जयति' લ્યો, સમજાણું કાંઈ? 'जयति' છેને? કેવળશ્રી નિવાસ. પહેલો બોલ. 'जयति जगति' આહા..હા..! એ પહેલી ગાથા થઈ. હવે બીજી ગાથા, નિયમસાર.

**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं।।२।।**

જુઓ, ઓલા 'दुविहं' મોક્ષમાર્ગ નહિ પણ 'दुविहं' આમ. આમ માર્ગ અને માર્ગનું ફળ બે. ભાષા પણ જુઓને! મોક્ષમાર્ગ બે નહિ. મોક્ષમાર્ગ તો એક જ શુદ્ધરત્નત્રય તે. નિશ્ચયરત્નત્રય તે એક જ મોક્ષમાર્ગ. પણ માર્ગ અને માર્ગના ફળ બે છે. સમજાણું? નીચે એનું હરિગીત છે.

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

આ હરિગીત કર્યું છે, મૂળ પાઠને અડીને. અમારા પંડિતજી (છે) અહીંયા. શબ્દાર્થ લઈએ જરી. અન્વયાર્થ છેને?

'**અન્વયાર્થ :— માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે;...**' જૈનશાસન વીતરાગમાર્ગ સિવાય આ માર્ગ ક્યાંય બીજે અન્યમાં ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકતો નથી. સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરે છે. જૈનશાસન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનો સ્વભાવ જે અનાદિ જગતનો, ચૈતન્યનો આદિનો છે એ જેણે જાણીને પૂર્ણ અનુભવ્યો આત્માને એવી પૂર્ણ દશા જેણે પ્રગટ કરી એમણે કહેલો ભાવ તે જૈનશાસન છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એના શાસનમાં માર્ગ અને માર્ગફળ બે કથન કરવામાં આવ્યું છે. કહો, સમજાણું? '**समाख्यातम्**' નિરૂપણ.

'**માર્ગ...**' હવે માર્ગ એટલે શું? માર્ગ '**મોક્ષોપાય છે...**' માર્ગ એટલે કારણ, માર્ગ એટલે પંથ, માર્ગ એટલે રસ્તો. મોક્ષમાં જવાનો રસ્તો. ભાવનગર જાવું હોય તો રસ્તો હોય કે નહિ? ભાવનગર. એમ મોક્ષ નામ પૂર્ણ આનંદની પર્યાય, મોક્ષ નામ પૂર્ણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદની પૂર્ણ દશા, પર્યાય છે, મોક્ષ એ પર્યાય છે, મોક્ષ ગુણ નથી. મોક્ષ એક આત્માની પૂર્ણ શુદ્ધ (દશા છે). 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ'. લ્યો, એ જૈનશાસન આવ્યું એમાં. શ્રીમદ્ રાજચંદ્રની છેને એક કડી આત્મસિદ્ધિની? માર્ગ એ મોક્ષનો ઉપાય છે. માર્ગની વ્યાખ્યા જ મોક્ષનો ઉપાય. મોક્ષ એટલે પૂર્ણાનંદ.

'**અને...**' '**तस्य फलं**' '**તેનું ફળ...**' મોક્ષ એટલે નિર્વાણ. બેય પર્યાયની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આત્મા દ્રવ્ય તો અનાદિઅનંત. એના ગુણો ધ્રુવ અનાદિઅનંત, એની મોક્ષમાર્ગની નિર્મળ વીતરાગી પર્યાય, અપૂર્ણ પર્યાય તે મોક્ષનો ઉપાય. પૂર્ણ પર્યાય તે મોક્ષ. પર્યાય સમજાય છે? અવસ્થા, દશા, હાલત. મોક્ષનો માર્ગ શુદ્ધ પર્યાયની હાલત છે અને મોક્ષ એ પૂર્ણ શુદ્ધ પર્યાયની દશા છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, પર્યાય નવી પ્રગટ થાય છે. પર્યાય અનાદિની મોક્ષપર્યાય ન હોય, મોક્ષનો માર્ગ પણ અનાદિનો ન હોય. અનાદિનો મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન માર્ગ પર્યાયનો હતો એમાંથી નવો સ્વભાવનું ભાન કરી નિશ્ચયરત્નત્રયની પર્યાય પ્રગટ કરી એને મોક્ષનો ઉપાય, કારણ અને માર્ગ કહેવામાં આવે છે, જૈનશાસનને વિષે. આચાર્ય કહે છે કે જૈનશાસનમાં આમ કહેવામાં આવે છે. આ કો'કના શાસનમાં નહિ.

પરમેશ્વરે વીતરાગે શું કહ્યું છે? વીતરાગ પરમેશ્વર છ દ્રવ્યના જાણનાર, છ કાયના જાણનાર, નવ તત્ત્વના જાણનાર, ત્રણકાળ, ત્રણલોકના જાણનાર એવા જૈન ભગવાને શું કહ્યું છે? એ જૈન ભગવાનના શાસનમાં જ આ કહ્યું છે. બીજે એ વાત, જૈનશાસન સિવાય અન્યમાર્ગમાં

આ માર્ગ ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી, જેને વીતરાગતા પૂર્ણ દશા થઈ નથી, તેને ત્રણકાળ, ત્રણલોકમાં શું છે એ જાણવામાં આવ્યું નથી. આવ્યા વિના એ વાતું કરે એ બધા અજ્ઞાની માનનાર છે. માટે કહે છે, તે મોક્ષનો માર્ગ તે મોક્ષનો ઉપાય અને તેનું ફળ.. જોયું? તેનું ફળ. કોનું? પેલા મોક્ષમાર્ગના ઉપાયનું. નિર્વાણ છે, સિદ્ધપદ છે.

'**ટીકા :— આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના...**' જુઓ, શબ્દ વાપર્યો છેને, નિરૂપણ. આવ્યું પાછું. '**समाख्यातम्**' કહ્યું હતુંને? '**समाख्यातम्**'નું નિરૂપણ કર્યું. કથન. '**આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના** (–**તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના**) છે.' હવે સૂત્ર આવ્યું. જુઓ, તત્ત્વાર્થસૂત્ર, ઉમાસ્વામીનું કરેલું.

'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' લ્યો, આ વ્યાખ્યા. એ.. ધર્મચંદજી! તત્ત્વાર્થસૂત્રમાં કહ્યુંને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર? એ વ્યવહારસમ્યગ્દર્શન કહ્યું છે કે નિશ્ચય? નિશ્ચય? તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું ઈ નિશ્ચય? અહીં તો આધાર માટે ઈ કહ્યું છે. શુદ્ધરત્નત્રયની વ્યાખ્યા છે એમાં. તત્ત્વાર્થસૂત્રમાં પહેલું સૂત્ર જે છે, '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**'. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. '**जीवाजीवास्रवबंधसंवरनिर्जरामोक्षःतत्त्वम्**'. એ શુદ્ધરત્નત્રયની વ્યાખ્યા છે, શુદ્ધ સમકિતની વ્યાખ્યા છે. શુદ્ધ કહો, નિશ્ચય કહો, પરમાર્થ કહો, અભેદનય કહો, નયનો વિષય. સમજાણું? '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**'. કહો, હવે કેટલાક (એમ કહે છે કે) તત્ત્વાર્થશ્રદ્ધાન એ વ્યવહારસમકિત છે. જાઓ! વ્યવહાર તો પરાશ્રિત હોય, પરાશ્રિત તો વિકલ્પ અને રાગ છે, રાગ તો બંધનું કારણ છે. અહીં તો મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે. તત્ત્વાર્થસૂત્ર મોક્ષશાસ્ત્ર છે. મોક્ષની વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ?

('**સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે**)' **એવું** (**શાસ્ત્રનું**) **વચન હોવાથી....**' એવું શાસ્ત્રનું વચન છે. ઉમાસ્વામી મહારાજ... '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' જુઓ, આ કારણ. '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! બેસવું કઠણ એને. એવા લાકડા ઘાલ્યા હોય છેને અંદર. શલ્ય નાખ્યા હોય છે. એ.. આવું ન હોય, એ.. આવું ન હોય. માર્ગ તો ભગવાન શુદ્ધરત્નત્રયને કહે છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યનો અંતર અનુભવ, એની દૃષ્ટિ અંતર નિર્વિકલ્પ, અને એનું જ્ઞાન અને એની શાંતિ—સ્થિરતા, સ્થિરતા, રમણતા વીતરાગી એને શુદ્ધરત્નત્રયને ભગવાને માર્ગ કહ્યો છે, એને રસ્તો કહ્યો છે, એને પંથ કહ્યો છે, એને ઉપાય કહ્યો છે, એને કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? ભાવનગર જાવું હોય તો માર્ગ હોય કે નહિ? માર્ગ અહીં છેને? વીસ માઈલ, ઓગણીસ માઈલ. ઈ માર્ગ છે. ભાવનગર પહોંચવું એનું ફળ છે. એમ ભગવાન પરમાત્મા તું એ નિર્વાણ છે, એનો માર્ગ આ શુદ્ધરત્નત્રય છે.

વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્ર એ અશુદ્ધરત્નત્રય છે, એ બંધનું કારણ છે, એ મોક્ષનું કારણ ખરેખર નથી એમ સિદ્ધ કરે છે. આકરું પડે, એ.. ધર્મચંદજી! ત્યાં બધે સનાવત ને ખંડવા ને.. રાડેરાડ નાખે બિચારા. કરો પોકાર તમારા ઘરે. સમજાણું કાંઈ? અહીં તો દૂર રહ્યા છીએ. રાડેરાડ પાડે છે. અરે..! આ નિશ્ચય.. નિશ્ચય. હવે સાંભળને. નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે આરોપિત અસત્ય. સમજાણું કાંઈ?

શુદ્ધરત્નત્રય તે માર્ગ છે. ભગવાન આત્માનો શુદ્ધરત્નત્રય જે પર્યાય તે મોક્ષનો માર્ગ છે. કબુલ કરતાં હજી પરસેવા ઉતરી જાય. એ પરિણમાવે કે દિ' અને બેસે કે દિ' એને? એમ ન હોય, એનું સાધન કાંઈક છેને, સાધન કાંઈક છેને. નિશ્ચયનું સાધન... હવે સાંભળને! સાધન-બાધન વ્યવહારને કહ્યા એ તો નિમિત્તથી વાત કરી છે. સ્વરૂપ જ સાધન છે, બીજું સાધન-ફાધન નથી. સમજાણું કાંઈ? એ વ્યવહાર સાધન હોય... ત્યાં ઓલા કહેતા હતાને? અગાસમાં ગયા હતા. પણ એનું કાંઈક સાધન હોયને? એનું સાધન નથી? કીધું, સાધન આ સ્વરૂપ નિર્ણય કરે ઈ એનું સાધન. બાકી બધું ઓલું... ઓલું આવે છેને? 'ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન. અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલ નિજ ભાન.' એટલે ઓલો ત્યાગ-વૈરાગ્ય સાધન છે એમ. અરે..! એ તો વાત કરી છે રાગની મંદતાની. સાધન-ફાધન કેવા? સમજાણું કાંઈ? એ.. ન્યાલભાઈ! એક મારવાડી હતો. પૂછતો હતો. હળવે હળવે પૂછ્યું. મહારાજ! એનું સાધન? અમારે તો સાધન ચાલે છે બધું.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યદેવ સર્વજ્ઞ પરમેશ્વર અને શ્રુતકેવળીઓએ કહેલા માર્ગને સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? અને માર્ગનું ફળ—અંતર ભગવાન આત્માનો શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ પવિત્ર શ્રદ્ધા. વીતરાગ દૃષ્ટિ, વીતરાગ જ્ઞાન અને વીતરાગ ચારિત્ર તે માર્ગ છે. તે મોક્ષનો ઉપાય છે. એનું ફળ '**મુક્તિરૂપી સ્ત્રીના...**' મુક્તિરૂપી. ઉપમા આપે છે. '**વિશાળ ભાલપ્રદેશે શોભા-અલંકારરૂપ તિલકપણું છે...**' મોક્ષનું તિલકપણું, મોક્ષદશા એમ કહેવું છે. '(**અર્થાત્ માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીને વરવું તે છે**).' શિવરમણી. મોક્ષરૂપી પર્યાયને વરવું એટલે પ્રગટ કરવું એનું નામ મોક્ષદશા છે. મુક્તિરૂપી સ્ત્રીનો વિશાળ ભાલપ્રદેશ, વિશાળ ભાલપ્રદેશ. એમાં શોભા અલંકારરૂપ તિલક કર્યું તિલક. મોક્ષને વર્યા. એમ શાંતિ અને પૂર્ણ આનંદને મોક્ષમાર્ગના કરનારા પૂર્ણ દશાને વર્યા એમ કહે છે.

'**આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ) બે પ્રકારનું...**' છે, લ્યો. સમજાણું કાંઈ? માર્ગ શું અને માર્ગફળ શું એ પણ વાત કીધી. હવે કોણે કોણે કહ્યું છે એ વિશેષ વાત છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૭, રવિવાર, તા. ૨૭-૦૨-૧૯૬૬,**
**ગાથા-૨, શ્લોક-૯, પ્રવચન નં. ૫**

આ નિમયસાર મોક્ષમાર્ગ છે. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં દિગંબર મુનિ થયા, આચાર્ય હતા. એમણે આ નિયમસાર બનાવ્યું છે. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ વગેરે. આ મોક્ષમાર્ગનો અધિકાર છે. જુઓ, અહીંયા આવ્યું.

'**આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ)...**' બીજી ગાથા છે. '**બે પ્રકારનું,...**' બીજા ગાથા છેને, ચાલુ છે. માર્ગ અને માર્ગનું ફળ. મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનું ફળ નિર્વાણ. બે પ્રકારના કથન આ શાસ્ત્રમાં આવશે. તો કહે છે કે એ બે પ્રકારનું કોણે કહ્યું છે? '**ચતુર્થજ્ઞાનધારી (મનઃપર્યયજ્ઞાનના ધરનારા)...**' ગણધરદેવ. સર્વજ્ઞોએ કહ્યું છે, પણ ગણધરદેવ ચાર જ્ઞાનના ધરનારા આદિ '**પૂર્વાચાર્યોએ...**' ધ્યાન રાખજો! અહીં તો હજી ઉપોદ્‌ઘાત થાય છે, પછી બે વાત આવશે. '**પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે.**' ચાર જ્ઞાનના ધરનારા ગણધરદેવે સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવના શાસનમાં મોક્ષનો માર્ગ અને મોક્ષનું, બેનું કથન કર્યું છે. સમજાણું કાંઈ? એ સાક્ષી આપી કે હું કહેવાવાળો નથી. સર્વજ્ઞના શાસનમાં ચાર જ્ઞાનના ધરનારા ગણધરથી માંડીને મહાન આચાર્યો સંતો થયા એમણે માર્ગ અને માર્ગનું ફળ, એમ બે પ્રકારે કથન કર્યું છે. હવે માર્ગની વ્યાખ્યા કરે છે. શું કહ્યું?

ચતુર્થજ્ઞાની આદિ ગણધરોએ જૈનશાસનમાં સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં શું કહ્યું? '**નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્‌શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ...**' જરી ધ્યાન રાખીને સાંભળવું. ખાસ મૂળ રત્નની વાત છે. કે '**નિજ પરમાત્મતત્ત્વ...**' પોતાનો નિજ પરમ આત્મસ્વરૂપ. અનંતજ્ઞાન, આનંદથી ભરેલો આત્મા. જે શુભ વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ દુઃખ છે. એ દુઃખ છે. ભડકવું નહિ, થોડું શાંતિથી સાંભળવું. એ દુઃખ જે વિકલ્પ વ્યવહારરત્નત્રયનો છે એ દુઃખ છે. એનાથી રહિત પરમાત્મતત્ત્વ જે પોતાનું આનંદરૂપ છે, અતીન્દ્રિય અમૃત આનંદ, આનંદસાગર ભર્યો છે આત્મા. પરમ આત્મતત્ત્વ. પરમઆત્મ નામ પરમ અતીન્દ્રિય આનંદથી, અતીન્દ્રિય આનંદથી છલોછલ અરૂપી ચિદ્‌ઘન ભગવાન, અરૂપી સ્વરૂપ, અરૂપી સ્વરૂપ પરમઆત્મા આનંદકંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલો છે એનું સમ્યક્‌શ્રદ્ધાન. એ પરમ આનંદસ્વરૂપ ભગવાન આત્મા પોતાનો એનું સમ્યક્‌શ્રદ્ધાન. એનું સમ્યક્‌શ્રદ્ધાન નિશ્ચય. સ્વદ્રવ્યના આશ્રયે અંતરમાં પરમાનંદમૂર્તિ પ્રભુ આત્મા એનું સમ્યક્‌શ્રદ્ધાન કે આ આનંદરૂપ આત્મા છે, સુખરૂપ આનંદ છે. એ સિવાય શુભ-અશુભરાગ બધું દુઃખમય છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત. જરી સૂક્ષ્મ વાત છે હોં! વર્તમાનથી. હજી આગળ આવશે.

આવો ભગવાન આત્મા શુદ્ધ નિર્વિકલ્પ પરમાનંદનો સાગર એની, સ્વસન્મુખમાં સમ્યક્શ્રદ્ધાન કે જેમાં અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટ થાય એનું નામ પરમ આનંદની પરમ સમ્યક્શ્રદ્ધા, નિશ્ચયસમ્યગ્દર્શન જેમાં આનંદનો અંશ પ્રગટ થાય, શાંતિનો અંશ પ્રગટ થાય ચારિત્રનો, એવા અનંતગુણના શુદ્ધ અંશ જેમાં પ્રગટ થાય એવું સમ્યક્શ્રદ્ધાન એને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિશ્ચયસમ્યગ્દર્શન... આગળ કહેશે, '**પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' એક એક બોલ લીધો પહેલાં. ભગવાન આત્મા એકલો અમૃતસ્વરૂપ. વસ્તુ છેને આત્મા, પદાર્થ છે કે નહિ? આ શરીર જડ માટી છે, કર્મ માટી છે, વાણી માટી ધૂડ છે. પુણ્ય-પાપના ભાવ એ આસ્રવતત્ત્વ વિકાર દુઃખરૂપ છે. તો એનાથી રહિત આખું તત્ત્વ છે કે નહિ? આખું તત્ત્વ અમૃત અને આનંદ સુખરૂપથી, એકલા આનંદથી ભરેલો છે. એની સમ્યક્શ્રદ્ધા સ્વભાવ આશ્રયની, આ આનંદ જ છે, આમાં લીન થવાથી મને અતીન્દ્રિય આનંદ આવશે, એવી અંતર્મુખમાં સ્વભાવસન્મુખની, સ્વ-આશ્રયની નિશ્ચય સમ્યક્શ્રદ્ધાન શુદ્ધરત્નત્રયમાં, સમ્યક્ રત્નત્રય શુદ્ધરત્નત્રય એ મોક્ષમાર્ગનો એક અવયવ (છે).

બીજું, પરમાત્મતત્ત્વનું જ્ઞાન. આહા..હા..! તે જ પરમાત્મ ભગવાન આત્મા શુદ્ધ અનાકુળ આનંદસ્વરૂપ એનું અંતર્મુખ સન્મુખનું જ્ઞાન. અંતર્મુખ સ્વસન્મુખનું જ્ઞાન એનું નામ સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. જે જ્ઞાનમાં આત્માના આનંદના અંશનું વેદન આવે છે તેને સમ્યક્જ્ઞાન પ્રથમ મોક્ષના માર્ગમાં બીજો અવયવ કહેવામાં આવે છે. પહેલોં અવયવ સમ્યગ્દર્શન, બીજો અવયવ સમ્યક્જ્ઞાન. કહો, પ્રવીણભાઈ! પ્રવીણભાઈ કહેતા હતા, ... કરીને મરી ગયા. કેટલો વખત ગયો. ક્યાં ગયા હિંમતભાઈ? ઈ કહેતા હતા સવારમાં. કેટલો વખત (ગયો). કીધું, એ કાંઈ નહિ. જેનો સરવાળો સારો એનું સારું. આહા..હા..!

જુઓ, ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે, '**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं।**' જૈનશાસનમાં સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરના પંથમાં એ માર્ગ બે પ્રકારનો (વર્ણવ્યો છે). એક માર્ગ અને એક માર્ગનું ફળ. માર્ગ ભગવાન નિજ (પરમેશ્વરની શ્રદ્ધા કરવી તે નિશ્ચયમાર્ગ છે). પરમેશ્વર સર્વજ્ઞની માન્યતા કરવી તે વિકલ્પ શુભરાગ છે. પરદ્રવ્ય છેને. શુભરાગ છે. ભગવાન પરદ્રવ્ય છે. એ છે એવી માન્યતાનો ભાવ રાગ છે, એ દુઃખ છે. અરે..! અરે..! રાડ નાખે એવું છે ભઈ હોં આ. આ તો વીતરાગમાર્ગ જગતે સુણ્યો નથી, સાંભળ્યો નથી કોઈ દિ'.

ભગવાન આત્મા એકલો નિજાનંદ પ્રભુ, એકલો અનાકુળ અમૃતરસથી ભરેલો એનું જ્ઞાન. એનું સમ્યક્જ્ઞાન એનું નામ મોક્ષનો માર્ગ એક કહેવાય છે. અને નિજપરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન. હવે આચરણ. દેહની ક્રિયા જડ છે એની સાથે સંબંધ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ જે મિથ્યાદૃષ્ટિને થાય છે એ પણ દુઃખરૂપ છે, એની વાત નથી. સમ્યગ્દૃષ્ટિને પણ જે વિકલ્પ ઉઠે છે વ્યવહારરત્નત્રયનો, એ પણ દુઃખરૂપ છે. એની અપેક્ષા અહીંયા

નથી. સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ સાંભળવો, સમજવો... 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'. નપુંસક, પાવૈયા, હીજડાઓને તો કઠણ પડે. હાય.. હાય..! અર..ર..ર..! આવો માર્ગ? સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના શાસનમાં, '**जिणसासणे**' એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. જૈનશાસનને વિષે, ગણધર ચાર જ્ઞાનના ધરવાવાળા એમનાથી માંડી પરંપરા સંતો સાચા આચાર્ય થયા એમણે આ માર્ગ મોક્ષનો છે એમ શાસનમાં કહ્યું છે. સમજાય છે કાંઈ? નિજપરમાત્મતત્ત્વનું સમ્યક્શ્રદ્ધાન, નિજપરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન, નિજપરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન. એ સ્વરૂપ શુદ્ધ શ્રદ્ધામાં નિર્વિકલ્પ આનંદથી આવ્યું અને સ્વસંવેદનજ્ઞાનથી જે જ્ઞાન થયું, તેમાં અનુષ્ઠાન-લીન થવું. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્માની દૃષ્ટિ અને જ્ઞાન થયા, એમાં લીન નિર્વિકલ્પ આનંદનો ઉગ્ર સ્વાદ આવવો. નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદના ઉગ્ર સ્વાદમાં લીન થવું એનું નામ નિજપરમાત્મતત્ત્વમાં અનુષ્ઠાન—આચરણ—ચારિત્ર કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે ઈ અમારી ગુજરાતી ભાષા છે. તમારી, સમજમેં કુછ આતા હૈ? ઐસી હૈ.

નિજ ભગવાન પોતાનું સ્વરૂપ.. ઓ..હો..હો..! પડ્યો છે આત્મા આનંદમય પોતાની પાસે, શોધે છે પરમાં. મરતો નથી, ખરી રીતે તો. વિકલ્પથી મરી જાય ત્યારે જીવતો થાય એવો છે. જેચંદભાઈ! પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ એનું મૃત્યુ કરી નાખે અને ચૈતન્ય ભગવાન નિજાનંદ પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન કરે તો જીવનું જીવન સફળ થાય. આહા..હા..! કંટાળો થઈ આવે છે, મોહનભાઈ! બધું ખ્યાલ છે. આહા..હા..!

કહે છે, અરે..! પ્રભુ! સુખ તો તારા સાગરમાં અંદર દરિયો આત્મામાં ભર્યો છે. સમજાય છે કાંઈ? બહાર ધૂડમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, પૈસામાં કરતાં-કરતાં બહુ તો પાપભાવમાં અને આગળ આવતા-આવતા કોઈ રાગની મંદતા, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા શુભભાવમાં સુખ ગોતે છે. ધૂડમાંય સુખ નથી. સમજાણું કાંઈ? દુઃખ છે. શરીર, સ્ત્રી, કુટુંબ દુઃખ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પોતે પરદ્રવ્ય એ દુઃખ નથી, પણ એના સન્મુખની શ્રદ્ધાનો રાગ આવે છે અને સ્ત્રી, કુટુંબ, પરિવાર છે એની મમતાનો રાગ આવે છે એ બેય મંદ અને તીવ્ર રાગ દુઃખરૂપ છે. એ દુઃખથી રહિત ભગવાન આત્મા... આહા..હા..! એનું અનુષ્ઠાન. અનુષ્ઠાન એવો શબ્દ લીધો છે. અનુષ્ઠાન, સ્વરૂપમાં લીનતાનું અનુષ્ઠાન. વલ્લભદાસભાઈ! આહા..હા..!

'**શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ...**' છે? શબ્દ પડ્યો છે? શુદ્ધરત્નત્રયસ્વરૂપ. આત્મક એટલે સ્વરૂપ. શુદ્ધરત્નત્રયસ્વરૂપ. નિજપરમાત્મા આનંદની મૂર્તિ એના સ્વસન્મુખની દૃષ્ટિ કરીને પોતાના આત્માના અનુભવમાં સમ્યક્ પ્રતીતિ થવી અને પોતાના સ્વરૂપનું અંતર્મુખ થઈને સમ્યક્જ્ઞાન થવું અને ભગવાન આત્મા આનંદમાં લીન થઈ, અતીન્દ્રિય આનંદમાં લીનતાનું, શુદ્ધતાનું અનુષ્ઠાન પ્રગટ થવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ શુદ્ધરત્નત્રયાત્મક છે. એ

શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ છે. આ માર્ગ ચાર જ્ઞાનના ધરનારા ગણધરોએ, સંતોએ, મુનિઓએ જૈનશાસનમાં અનાદિ કાળથી આવી પ્રરૂપણા કરતાં આવ્યા છે. છે? પાઠ છે કે નહિ? ટીકા પણ છે. આહા..હા..! આનાથી વિરુદ્ધ કહે તે મિથ્યાદૃષ્ટિ પોતાના ઘરની વાત કરે છે. સમજાણું કાંઈ? ભારે કથન, ભાઈ! આ તો મોક્ષમાર્ગની હજી બીજી ગાથા જ ચાલે છે.

શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ. હવે આ શબ્દ આવ્યો. '**પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય** છે...' જુઓ હવે ખૂબી. શું કહે છે? પરમનિરપેક્ષ અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન રાગ, એની અપેક્ષા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કિંચિત્ નથી. ધીરૂભાઈ! સમજાણું કાંઈ? શબ્દ પડ્યો છે. જુઓ, શુદ્ધરત્નત્રયસ્વરૂપ. કેવો છે માર્ગ? મોક્ષનો માર્ગ, સત્ય માર્ગ, નિશ્ચય માર્ગ, વાસ્તવિક માર્ગ, યથાર્થ માર્ગ, ધ્રુવ માર્ગ, અચળ માર્ગ, શુદ્ધરત્નત્રયસ્વરૂપ એ માર્ગ. જૈનશાસનમાં ચાર જ્ઞાનના ધણીઓએ અને સંતોએ વીતરાગના માર્ગમાં આવું કથન માર્ગનું કહ્યું છે. આ જ એક માર્ગ છે. આ માર્ગ બીજાની અપેક્ષા રાખતો નથી. શું? પરમનિરપેક્ષ. નીચે ખુલાસો છે.

'**શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજપરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની...**' પરની નામ વ્યવહારરત્નત્રયના વિકલ્પની એને અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રયનો રાગ હોય તો આવા નિરપેક્ષ રત્નત્રય પ્રગટ થાય એમ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ... વ્યવહારથી શું છે?

નિશ્ચયથી વ્યવહાર વિકલ્પ છે તો નિશ્ચયરત્નત્રય અહીંયા છે એમ છે જ નહિ. સ્વભાવના આશ્રયે રાગની અપેક્ષા વિના, વ્યવહારની અપેક્ષા વિના, સ્વભાવની અપેક્ષાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જ એક મોક્ષનો માર્ગ ગણધરોએ જૈનશાસનમાં કહ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— આશ્રય, આશ્રય, અવલંબન હોય તો થાય ઈ. જુઓ, આ ખુલાસો તો પહેલેથી (કરે છે). શુદ્ધરત્નત્રય પરની અને ભેદોની કિંચિત્ અપેક્ષા રહિત. ભેદની પણ અપેક્ષા નથી કે હું ગુણી છું અને આ ગુણ છે. એવી અપેક્ષા પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રથમ સત્ય મોક્ષનો માર્ગ છે એમાં પરની જરીયે અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રયની (સમ્યગ્દર્શન) પ્રગટ થાય ત્યારે પણ અપેક્ષા નથી અને પ્રગટ થયા પછી પણ પરની અપેક્ષા નથી. શું કહે છે? ગણધરદેવ જૈનશાસનમાં સર્વજ્ઞના માર્ગમાં અનાદિ કાળથી આમ કહેતા આવ્યા છે. ભગવાન આત્મા અખંડાનંદ ચૈતન્યસાગર આનંદથી ભરેલો એની શ્રદ્ધા, એનું સમ્યક્ રત્નત્રયનું જ્ઞાન આત્માનું અને સ્વરૂપ-અનુષ્ઠાન. આ ત્રણ નિર્મળ પર્યાય છે. શુદ્ધરત્નત્રય નિર્મળ દશા છે. ભગવાન આત્મા દ્રવ્ય છે. સમજાણું? પરમાત્મતત્ત્વ એ દ્રવ્ય છે, નિજપરમાત્મતત્ત્વ એ દ્રવ્ય છે—વસ્તુ. એની સમ્યક્શ્રદ્ધા જ્ઞાન એ પર્યાય છે. નિર્વિકલ્પ રાગરહિત વીતરાગી પર્યાય

તેને અહીંયા શુદ્ધરત્નત્રય કહેવામાં આવ્યું છે. આહા..હા..! એને પરમનિરપેક્ષ, રાગનું રત્ન જે વ્યવહાર હોય, એની અપેક્ષા વિના રત્નત્રય છે તેને નિરપેક્ષરત્નત્રય કહેવામાં આવે છે. ગણધરોએ આમ કહ્યું છે. જગુભાઈ! ભઈ, ખુલ્લી વાત આવેને ખુલ્લી...

**શ્રોતા :—** હેય ઉપાદેય બંનેનું જ્ઞાન કરવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જ્ઞાન-ધ્યાનની પછી વાત. અહીં તો આશ્રય કરવો એક જ વાત છે. ઈ નારદ છે. આ જ્ઞાન થયું, આ દર્શન થયું તો વચ્ચે રાગ છે તે જ્ઞાન કરવાલાયક છે. પણ ઈ છે તો અહીંયા રત્નત્રય રહે છે, ઈ છે તો રત્નત્રય પ્રગટ થાય છે અને છે તો રત્નત્રયની શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ ત્રણકાળમાં નથી. સમજાણું કે નહિ? દેવાનુપ્રિયા! દેવાનુપ્રિયા કહ્યું, સમજ્યા? ઈ ભાષા છે. દેવ છેને, ઈ મનુષ્યભવને ઈચ્છે છેને? અમને મનુષ્યદેહ મળે તો ઠીક. તો દેવાનુપ્રિયા કહે છે. મનુષ્યદેહ દેવને વલ્લભ છે. મનુષ્યદેહ છેને? એ દેવને વલ્લભ છેને. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! જગતને સત્ય વાત સાંભળવા મળી નથી. સાંભળી નહિ, સાંભળી નહિ. ક્યાંથી સમજે? અને ક્યાંથી રુચિ કરે?

અહીં તો આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યે કહ્યું કે '**दुविहं जिणसासणे समक्खादं**' '**समक्खादं**' બરાબર પ્રસિદ્ધથી કહ્યું છે કે ભગવાન આત્મા.. અરે..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' ઈ આવે છે કે નહિ? દૌલતરામજીમાં. છ ઢાળામાં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો'. એમાં પણ આવ્યું છે, છ ઢાળામાં ઘણું સારું આવ્યું છે. એમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. પણ સમજે વિચારે કોણ? પોતાની પક્કડ કરી માની લીધું હોય એને પુષ્ટ કરે. વાંચે તો પણ એની પુષ્ટિ કરે. પોતાની દૃષ્ટિથી વાંચે અને એ દૃષ્ટિનું પોષણ કરે. આમાં આમ છે, તેમાં આમ છે. સમજાણું કાંઈ?

અહીંયા ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અનંત થયા એમાં મહાવીર પરમાત્માને વંદન કરીને કહ્યું કે એમના શાસનમાં ચાર જ્ઞાનના ધરનારા ગણધરોએ બાર અંગની રચના કરવાવાળાએ, બાર અંગની અંતર્મુહૂર્તમાં રચના કરવાવાળાએ આમ કહ્યું છે કે નિજપરમાત્મસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન એ રત્નત્રય એક જ મોક્ષનો માર્ગ છે. એ પરની અપેક્ષા રાખતો નથી, ભેદોની લેશ પણ અપેક્ષારહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે. ઈ એક જ મોક્ષનો ઉપાય છે. મોક્ષના માર્ગ બે નથી. મોક્ષનો માર્ગ નિશ્ચય અને વ્યવહાર બે નથી. બે નથી, એક નિશ્ચયમાર્ગ અને એક વ્યવહારમાર્ગ એમ જૈનશાસનમાં છે જ નહિ. સમજાણું કાંઈ? તેથી તો શુદ્ધરત્નત્રય નિરપેક્ષ શબ્દ વાપર્યો છે. પરમનિરપેક્ષ.

ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ પોતાની અંતર્મુખની દૃષ્ટિમાં રાગની મંદતાની બિલકુલ જેને અપેક્ષા નથી એને શુદ્ધરત્નત્રય સ્વભાવની પર્યાય કહેવામાં આવે છે. એ મોક્ષનો માર્ગ છે. આ તો સહેલી ભાષા છે હોં! ગુજરાતીવાળાને પણ સમજાય એવી છે. આપણી કંઈ

એવી હિન્દી નથી આવડતી. સમજાણું કાંઈ? થોડું પણ એ ... હશેને, જુઓને! '**મોક્ષનો ઉપાય છે...**' આહા..હા..! અરે..! એને નિર્ણયના પણ ઠેકાણા ન મળે. હજી નિર્ણય પહેલાં શુદ્ધરત્નત્રયથી મુક્તિ છે, ઈ એક જ મોક્ષમાર્ગ છે એવા નિર્ણયના ઠેકાણા ન મળે. એ તે ક્યાં જશે રખડવા? ચાર ગતિમાં છે. સમજાય છે કાંઈ? કેમ? કે રાગનો કણ પણ જે છે એ દુઃખરૂપ છે, દુઃખરૂપ છે, આસ્રવ છે, એ ઝેર છે. એ ઝેરને આત્માના ધર્મને માટે મદદગાર માનવો એ મિથ્યાત્વરૂપી અનંતુ ઝેર છે, કે જે મિથ્યાશ્રદ્ધામાં અનંતા નરક અને નિગોદ ભવ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક રાગની મંદતાનો એક કણ, કણ, એ ચૈતન્ય આત્માના અમૃતથી વિરુદ્ધ છે. વિરુદ્ધ છે તો દુઃખ છે. ભગવાન સુખ છે તો રાગ દુઃખ છે. આત્મા અમૃતમૂર્તિ છે તો એ રાગનો મંદ કણ એ કષાયનું ઝેર છે. એ ઝેરની અપેક્ષા નિશ્ચયરત્નત્રયમાં બિલકુલ નથી, એમ કહે છે. આહા..હા..! ઓલા કહે કે થોડું ઝેર હોય તો અમૃત પ્રગટે. થોડુંક ઝેર હોય તો અમૃત પ્રગટે. સમજાણું કાંઈ? એ.. મોહનભાઈ! હાય.. હાય! ભાઈ! એ મરી ગયો પણ તું અનંતકાળથી. સ્વસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન વિના પરસન્મુખની ક્રિયાકાંડ અને રાગની મંદતાથી પણ મને લાભ થાશે, મહા ચૈતન્યઅમૃતના સાગરનો તેં અનાદર કર્યો છે. અનાદર કર્યો છે અને રાગના કણનો ઝેરનો આદર (કરે છે) એને અમૃતના સાગરનો અનાદર છે. એવો મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવમાં અનંત નિગોદ નરકના ભવ કરવાની શક્તિ પડી છે. સમજાણું કાંઈ? આવો રાગ અને રાગથી લાભ એ માન્યતા છોડી દે.

એકલો ચૈતન્ય ભગવાન પરમાનંદની મૂર્તિ સ્વસાગર આનંદથી ભરેલી એની સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચયરત્નત્રય, સાચા રત્નત્રય, અભ્યંતર રત્નત્રય, સ્વભાવરત્નત્રય, સ્વસન્મુખની દશાના રત્નત્રય એ રાગની અપેક્ષા વિના એ જ મોક્ષનો માર્ગ છે. અથવા વ્યવહારની અપેક્ષા વિના આ એકલો મોક્ષનો માર્ગ જૈનશાસનમાં અનંત સંતો, અનંત કેવળીઓએ કહ્યો છે. આનાથી વિરુદ્ધ કહે તે જૈનશાસનનો વેરી છે. મલૂકચંદભાઈ! એ જૈનશાસનના પાક્કા વેરી, શત્રુ છે. સમજાણું કાંઈ? જૈનશાસન છે, વીતરાગશાસન છે. વીતરાગપર્યાય પોતાના આત્માના આશ્રયે સ્વ-આશ્રયે પ્રગટે, જે પરના આશ્રયવાળા રાગથી આત્માને લાભ માને એ જૈનશાસન નહિ. એ અજ્ઞાની મિથ્યાદષ્ટિના કહેલા શાસ્ત્ર, મિથ્યાદષ્ટિના ગુરુ અને મિથ્યાદષ્ટિના કથન અને એના દેવ, બધું મિથ્યાત્વ છે, જૈનશાસન નહિ. સમજાણું કાંઈ? ટીકા સ્પષ્ટ છે કે નહિ? એ.. છગનભાઈ! છે કે નહિ આમાં?

**શ્રોતા** :— જૈનશાસન સ્યાદ્વાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સ્યાદ્વાદ છેને કિ નિશ્ચયથી થાય, વ્યવહારથી નહિ. એનું નામ સ્યાદ્વાદ. ઈ અમારે પ્રશ્નકાર છે, નારદ છે. નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી થાય નહિ. પણ વ્યવહાર છે તે જ્ઞાન કરવા માટે છે, આદરણીય કરવા માટે નથી. એનું નામ સ્યાદ્વાદ.

સમજાય છે કાંઈ? અનેકાંતવાદ કરીને ફૂદડીવાદ (કરે), તમારા ઠેકાણા નથી એનું નામ અનેકાંત એમ છે નહિ. અન્યમતિ કહે છે કે તમારું અનેકાંતવાદ તો ફૂદડીવાદ છે. આમ છે અને આમ છે. એમ નથી. આમ છે અને બીજી રીતે નથી. એમ જૈનશાસન અનેકાંત કહે છે. સમજાણું કાંઈ? એ... દેવાનુપ્રિયા! એણે ચારે કોર રખડવું બહુ પડે.

શુદ્ધરત્નત્રયસ્વરૂપ... અનેકાંત ત્યાં ઓલો કહેતો હતોને? નથુલાલ આવ્યો હતોને? નથુલાલજી ત્યાં તમારે.. આચાર્યોએ અનેકાંત કહ્યું છે. મેં કહ્યું, અનેકાંતનો અર્થ શું? ફૂદડીવાદ છે? નિર્ણય કોઈ નહિ? રાગથી પણ લાભ છે, વીતરાગથી પણ લાભ છે, પરથી લાભ છે અને સ્વથી પણ લાભ છે. આમાં નિર્ણય તો કોઈ થયો જ નહિ. શું એનો અર્થ? આવો માર્ગ વીતરાગનો છે? આ તો સંશયવાદ થયો. સંશયવાદ થયો, અચોક્કસવાદ થયો, વિપરીત વાદ છે ઈ, ઈ અનેકાંતવાદ નથી.

**શ્રોતા :–** કથંચિત્ વાદ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યુંને કથંચિત્. કથંચિત્ આત્મા સ્વભાવથી લાભ કરે છે અને કોઈ અપેક્ષાએ પરથી લાભ કરતોં નથી. સમજાણું કાંઈ? જરિયા રહે છેને જરિયા, ન્યાંથી આવ્યા છે. જ્યાં ત્યાં ફાં ફાં મારે. કહો, સમજાણું કાંઈ?

શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમનિરપેક્ષ. જુઓ, એકલો નિરપેક્ષ નહિ. એ.. દેવાનુપ્રિયા! શું શબ્દ છે? પરમનિરપેક્ષ.

**શ્રોતા :–** સર્વથા નયને સાબિત કરવા માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજો નય છે તો વ્યવહાર છે. એનું જ્ઞાન કરવાનું કહ્યું. એનાથી તો ફર્યો. એનાથી નિરપેક્ષ તો વ્યવહાર તો આવ્યો. છે ખરો પણ એ દુઃખરૂપ છે, આરોપિત છે, યથાર્થ નહિ. તેથી તો પરમનિરપેક્ષ કહ્યું. સમજાણું કાંઈ? ભારે વાત આકરી! જગતને વીતરાગદર્શન રુચિમાં બેસવું હજી (કઠણ પડે છે), દર્શન તો પછી. સમ્યગ્દર્શન તો ક્યાંય રહી ગયું. હજી રુચિમાં 'આ આમ છે અને આમ નથી' બેસવાનું કઠણ પડે જગતને.

શુદ્ધરત્નત્રય ભગવાન માર્ગ પરમનિરપેક્ષ, પરમનિરપેક્ષ. વ્યવહારની જરીયે અપેક્ષા નહિ. કહે છેને? 'પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષારહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે;...' આહા..હા..! હો, બીજો માર્ગ છે, વ્યવહારનો આરોપ કરવાની એક વસ્તુ છે. નિશ્ચય વસ્તુ જ્યારે પ્રગટ થઈ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે, પંચમહાવ્રતના વિકલ્પ છે તે છે, પણ ઈ છે તો આ રત્નત્રય છે એમ નથી. એક બીજી વસ્તુ છે જ્ઞાન કરવા માટે છે. સ્વપરપ્રકાશકજ્ઞાન છે તે નિજનું જ્ઞાન કરવામાં આવું પરનું જ્ઞાન રહ્યું એનું નામ પરની અપેક્ષા વ્યવહાર જ્ઞાનમાં આવી, વસ્તુના આશ્રયમાં નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન કરવાની વસ્તુ છે વિકલ્પ, પણ છે દુઃખરૂપ, છે બંધનું કારણ, છે ઝેર, છે પરાશ્રિત વિભાવભાવ. આહા..હા..! જગતને વીતરાગમાર્ગ સાંભળવા મળ્યો નથી. જિંદગી એમને એમ નીકળી ગઈ,

બફમમાં ને બફમમાં. કાંઈક આપણે સમજીએ છીએ. બફમ સમજ્યા? અંધદશા, આંધળીદશા, અજ્ઞાનદશા. અમે કાંઈક કરીએ છીએ, કાંઈક કરીએ છે. કરતાં-કરતાં કરશું. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશેને. કાલે એક જણો કહેતો હતોને. તારા વ્યવહારના પણ ક્યાં ઠેકાણા છે? નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.

આ નિશ્ચયરત્નત્રય સ્વભાવના પ્રગટ થયા, સાથે વિકલ્પ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો છે, મુનિ હોય પંચમહાવ્રતધારી સંત દિગંબર એને પંચમહાવ્રતના વિકલ્પ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ ઈ છે તો નિશ્ચય ઉત્પન્ન થાય છે, ઈ છે તો નિશ્ચયરત્નત્રય ટક્યા છે, ઈ છે તો નિશ્ચયરત્નત્રયની વૃદ્ધિ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** પ્રાયશ્ચિત લેવું ઈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઘણું વાંચ્યું છેને. અહીં ઘણું રહ્યા અને ન્યાં પણ ગોટા વાળ્યા છે. બેય ઠેકાણે રહ્યા છે. અહીંનું ન્યાં કહે અને ન્યાનું અહીં કહે. પ્રાયશ્ચિતનો અર્થ શું? આગળ આવશે. પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ આનંદકંદમાં સ્થિર થવું તે પ્રાયશ્ચિત છે. એ પ્રાયશ્ચિતના અધિકારમાં છે. શું કહેવાય ઈ? પ્રાયશ્ચિત નામ છેને? ક્યો અધિકાર છે? ભઈ ઈ બોલે એનું કહેવું છેને જરી. આલોચના? પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત ... ગુજરાતીમાં લખ્યું છે. આઠમો અધિકાર છે. આમાં ક્યાં (લખ્યું) છે? પાનું કેટલું? આ રહ્યું જુઓ, જુઓ ઈ.

પ્રાયશ્ચિત—પ્રચુરરૂપે નિર્વિકાર ચિત્ત. જુઓ, અહીં તો દરેક શબ્દના અર્થ છે નિયમસારમાં. પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત, પ્રાયઃ ચિત્ત—પ્રચુરતાથી નિર્વિકાર ચિત્ત. અંતર્મુખ આકાર પરમસમાધિથી યુક્ત પરમજિનયોગીશ્વર પાપરૂપી અટવીને બાળવા માટે. સમજાણું? જુઓ, અંતર્મુખ પરમસમાધિ એનું નામ પ્રાયશ્ચિત છે. દેવાનુપ્રિયા! નિયમસાર તો સાંભળ્યું છે તમે, નથી સાંભળ્યું? ઘણી વાર સાંભળ્યું છે તે દિ'. પ્રાય.. સ્વરૂપ ચિદાનંદ ભગવાન એમાં અંતર્મુખ આકાર, બહિર્મુખ વિકલ્પ નહિ. બહિર્મુખના વિકલ્પ પુણ્યબંધનું કારણ ઝેર, દુઃખ છે. ભગવાન આત્મા અંતર્મુખ ચિદાનંદ આકારમાં પરિણમન શુદ્ધ થવું, વીતરાગી થવું એને સર્વજ્ઞશાસનમાં પ્રાયશ્ચિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો હિન્દી છેને. ગુજરાતીમાં ચિહ્ન કરેલું છેને. આહા..હા..!

પરમનિરપેક્ષ. જૈનશાસન તો સાપેક્ષ છે. અરે..! સાંભળ તો ખરો. એ તો કથન, વ્યવહારની સાપેક્ષતા વ્યવહારનયથી છે. નિશ્ચયનયમાં અપેક્ષા-ફપેક્ષા છે નહિ. આવા નિશ્ચયનયમાં અપેક્ષા નથી એમ માન્યા વિના વ્યવહારનું જ્ઞાન સાચું થતું નથી. સમજાણું કાંઈ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ સમયસારની બારમી ગાથામાં છે. નિરપેક્ષ રત્ન પ્રગટ થયા તો વ્યવહારના વિકલ્પ આવે છે, તે છે એમ જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નહિ. આદરણીય, રાગને આદરણીય માને તો વીતરાગનો અનાદર થાય છે. વીતરાગભાવને આદરણીય માને તે રાગને આદરણીય માનતો નથી. અને રાગને આદરણીય માનવાવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ અજૈન છે, એ જૈન નથી. જૈનમાં તો વીતરાગભાવનો આદર

છે. જૈન છે.. વીતરાગધર્મ, વીતરાગ સમ્યક્, વીતરાગ જ્ઞાન, વીતરાગ અનુષ્ઠાન, વીતરાગ પ્રાયશ્ચિત, વીતરાગ યોગ, વીતરાગ ભક્તિ, વીતરાગ સમાધિ, વીતરાગ પ્રતિક્રમણ, વીતરાગ આલોચના, વીતરાગ પ્રત્યાખ્યાન. આ બધું આવશે, બધું આવશે એમાં, બધા બોલ આવશે. સમજાણું કાંઈ? આ તો અહીંયા મોક્ષમાર્ગની શરૂઆત કરે છે. આહા..હા..! એ.. ન્યાલભાઈ! આ અમારા ડોસા બેઠા છે એને ફોહલાવીને ખવડાવો કહે છે. આહા..હા..!

ભાઈ! પ્રભુ! તારા માર્ગ તો પ્રભુ એવા છે કે એ સમજ્યે અને એ આશ્રય કર્યા વિના તારો આરો ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય આવવાનો નથી. ક્યાંય રખડે, ચાહે તો મહાવ્રત પાળ ને ચાહે તો ભક્તિ કરીને મરી જા અને અબજો, કરોડો મંદિર કરે અને ન્યાં ટોકરા વગાડ્યા કરે, સ્તુતિ અને ભક્તિ, એ બધા શુભભાવ છે. સમજાય છે કાંઈ? એ.. જગુભાઈ! એ શુભભાવ તીવ્ર કષાય દુઃખથી બચવા માટે શુભભાવ દુઃખરૂપ આવે છે. ઓછો દુઃખરૂપ છે, છે તો દુઃખ જ. આહા..હા..! સુખ નહિ. કેમકે શુભરાગ છે ઈ, સુખ ક્યાંથી આવ્યું? શુભરાગ તો ઝેર છે. આત્મા અમૃતસ્વરૂપથી વિભાવ વિપરીત ભાવ છે. વિપરીત ભાવમાં ઝેર પડ્યું છે, ભગવાન આત્મામાં અમૃત પડ્યું છે. એ.. અમૃતલાલજી! આ અમૃતનું આવ્યું.

**શ્રોતા :—** અમૃત અને ઝેર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. નામ અમૃત પડ્યું અને આનું ઝેર નામ પડ્યું. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! મુનિએ ખુલાસો કેવો કર્યો! સંમત થાય, એમ છેને? સંમત થાય. બરાબર સમકથન કરવામાં આવ્યું છે. શાસનની અંદર અનંત તીર્થંકરોએ અનંત કેવળીઓએ, બાર અંગની રચના કરવાવાળા,... બાર અંગમાં ખબર નહોતી એને? સમજાણું કાંઈ? શ્રીમદ્ કહે છે, બાળકના હાથમાં સોમલ હોય તો પણ પડાવી લેવો. કહે છેને, થપાટ મારીને પડાવી લેવો. હિત કરવું છેને. બાળકના હાથમાં સોમલ હોયને, સોમલ—ઝેર... એ શ્રીમદ્ રાજચંદ્ર થયાને? એમનો એક ટૂકડો છે, બાળકના હાથમાં સોમલનો—ઝેરનો ટૂકડો હોય તો થપાટ મારીને પાડી દેજે. મરી જશે. એમ અજ્ઞાનીએ રાગમાં ધર્મ માનીને ઝેર પકડ્યું છે, થપાટ માર કે ઝેર છે. લૂટી લે, દુઃખ છે.

**શ્રોતા :—** ફોસલાવાય નહિ એ વખતે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ફોસલાવાય નહિ. સમજાણું કાંઈ?

એ.. જૈનશાસનના માર્ગ ભગવાન કોઈ અલૌકિક માર્ગ છે. લોકો માને છે એમ છે જ નહિ. લોકોને એની ખબરેય નથી, ગંધ નથી. જૈનશાસન પરમોત્કૃષ્ટ કેવળજ્ઞાની પરમાત્મા, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એવા કેવળીના માર્ગમાં ચાર જ્ઞાનના આચાર્યોએ તો આમ કહ્યું છે. તું કહેનાર કોણ? તું સ્વચ્છંદે કહેનાર કોણ? વ્યવહાર છે તો નિશ્ચય થશે, કોણ છે કહેનાર? સમજાણું કાંઈ? મૂઢ છે, મિથ્યાદષ્ટિ અનંત સંસારી જીવ. વ્યવહાર છે તો નિશ્ચય છે એમ માનવાવાળો મૂઢ જૈનશાસનથી બહાર વિરોધી, વેરી છે. સમજાણું

કાંઈ? અહીંયા આવ્યુંને ભાઈ, જુઓ,

કહે છે, ભગવાન! તારી મહિમાની અંતર શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર રાગની મહિમાથી પ્રગટ થાય? એ વ્યવહાર તો રાગ છે, એનાથી પ્રગટ થાય? ઝેરથી અમૃત પ્રગટ થાય? ઝેરને મારી નાખ. શુભરાગની રુચિ છોડીને શુદ્ધ સ્વભાવની રુચિ, જ્ઞાન અને રમણતા તે જ એક મોક્ષમાર્ગ છે. ત્રણકાળ, ત્રણલોક... 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. સમજાણું કાંઈ? વચ્ચે શુભરાગ છે, રાગ છે, દુઃખ છે. પણ તીવ્ર કષાય નથી ઈ અપેક્ષાથી એને વ્યવહારથી નિમિત્ત કહીને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. છે બંધમાર્ગ, એને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. આ પણ મોક્ષમાર્ગ અને આ પણ મોક્ષમાર્ગ? બે પરસ્પર વિરુદ્ધ છે બે નય તો. વ્યવહારનય અને નિશ્ચયનય બે વિરુદ્ધ છે. નિશ્ચય કહે કે આ માર્ગ, વ્યવહાર કહે છે આ. એ તો વિરુદ્ધ છે.

**શ્રોતા :—** બેમાંથી સાચો માર્ગ ક્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાચો એ સત્ય (નિશ્ચય). સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એણે સ્વસન્મુખનું માહાત્મ્ય પણ કર્યું નહિ. એને માહાત્મ્ય હોય તો આમ... આમ.. ભગવાન આપી દેશે, પરમેશ્વર આપી દેશે, મૂર્તિ આપશે, જાત્રા આપશે ને સમેદશિખરની જાત્રામાંથી સમ્યગ્દર્શન થાય છે. વાત તો ભાઈ (આવી છે).

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, ક્યારેય નહિ. ત્રણકાળ, ત્રણલોકમાં ક્યારેય નહિ. સમજાણું કાંઈ? જૈનશાસનમાં બાર અંગની રચના કરવાવાળા, ચૌદ પૂર્વને કંઠસ્થ કરવાવાળા અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના કરી એવા ગણધરદેવ, એ તો શુદ્ધરત્નત્રય વ્યવહાર અને નિમિત્ત અપેક્ષા વિના છે એમ વર્ણન કરે છે. સમજાણું કાંઈ?

હવે, એ તો માર્ગ કહ્યો. એ માર્ગનું ફળ (કહેશે). એ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે. '**અને તે શુદ્ધરત્નત્રયનું...**' તે શુદ્ધરત્નત્રયનું, જુઓ, તે શુદ્ધરત્નત્રય, જે પોતાનો ભગવાન પૂર્ણાનંદથી છલોછલ ભરેલો છે એના સન્મુખની અનુભવદૃષ્ટિ કરીને જ્ઞાન, અનુષ્ઠાન થયા તે શુદ્ધરત્નત્રયનું ફળ '**સ્વાત્મોપલબ્ધિ (—નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ) છે.**' નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિ કહો કે મુક્તિ કહો. સમજાણું કાંઈ? વચ્ચે વિકલ્પ આવે છે એનું એ ફળ નથી. સમજાણું કાંઈ?

નિયમસાર છે. પર્યાયનું કથન છે. નિયમસાર મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ પર્યાય છે. સમજાણું? પર્યાય સમજ્યા? અવસ્થા છે. મોક્ષ પણ પર્યાય છે, સિદ્ધ પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. કેવળજ્ઞાન પણ ગુણ નથી. સિદ્ધ પણ—મોક્ષ પણ ગુણ નથી. વલ્લભદાસભાઈ! આહા..હા..! દ્રવ્ય અને ગુણ ધ્રુવ ત્રિકાળ રહે છે અને એના અંતરમાં અનુભવમાં સમ્યક્‌શ્રદ્ધા, જ્ઞાન થાય એ તો પર્યાય છે, અવસ્થા છે. એ અવસ્થા નિર્મળ વીતરાગી પર્યાયને મોક્ષમાર્ગ કહ્યો અને એ પર્યાયથી પૂર્ણ વીતરાગી કેવળજ્ઞાન આદિ થાય તેને એનું ફળ કહ્યું.

પણ છે તો મોક્ષ પણ પર્યાય, ગુણ નહિ. સિદ્ધદશા ગુણ નહિ. અનંતકેવળજ્ઞાન, અનંતકેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય ચતુષ્ટય જે પ્રગટ થાય છે મોક્ષમાં એ પર્યાય છે, ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ રહે છે, અનાદિઅનંત. નિગોદમાં પણ છે, સિદ્ધમાં પણ છે. અનાદિઅનંત દ્રવ્ય અને ગુણ અનાદિઅનંત. સંસાર એ પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે, મોક્ષ પર્યાય છે. ત્રણે પર્યાય છે. સમજાણું કાંઈ?

સંસાર ત્રિકાળ દ્રવ્ય-ગુણથી વિપરીત—રાગથી મને લાભ છે, પુણ્યથી મને ધર્મ છે, પાપમાં મીઠાશ છે એવો મિથ્યાત્વભાવ એ સંસારપર્યાય છે, એ સંસારપર્યાય છે. સાથે રહેલા રાગ-દ્વેષભાવ એ વિકારી પર્યાય છે, તેને સંસાર કહે છે. કુટુંબ, સ્ત્રીને સંસાર કહેતા નથી. સમજાણું કાંઈ? એ સંસારપર્યાયને છેદવાવાળી નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન એ મોક્ષના માર્ગની પર્યાય છે. એ ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષાયિક પર્યાય છે. સંસારપર્યાય ઉદયભાવની પર્યાય છે, ઉદયભાવ. આ શુદ્ધરત્નત્રય છે તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકની પર્યાય છે અને તેનું ફળ છે તે ક્ષાયિક પર્યાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધદશા એ ક્ષાયિકપર્યાય છે. છે ત્રણે પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? હજી સંસાર કોને કહેવો એની ખબર ન હોય. આ બાયડી, છોકરા સંસાર. છોડો. ઈ ક્યાં સંસાર તારો ન્યાં ગરી ગયો હતો એમાં? તારો સંસાર ઘુસી ગયો છે એમાં? એ તો જડ પરપદાર્થ છે. પરમાં તારો સંસાર છે? તારો સંસાર પરપદાર્થમાં છે? બાયડી, છોકરા, પૈસા—ધૂડમાં મકાનમાં?

**'संसरण इति संसारः'**. ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ, પોતાના સ્વભાવનો આદર છોડીને વિકાર અને સંયોગનો આદર કરવાનો મિથ્યાભાવ અને રાગ-દ્વેષ તેને ત્રિલોકનાથ સંસાર કહે છે. બરાબર છે, ભાઈ? આહા..હા..! કોને છેદવો છે? કોને ટાળવા છે? કોને છોડવા છે? એની ખબર નથી. છોડ બાયડી, છોકરા. પણ છૂટા જ પડ્યા છે, કે દિ' ગરી હતા તારામાં? કે દિ' ઘુસી ગયા હતા એમાં? દુકાન છોડી, મકાન છોડ્યા લ્યો સંસાર છોડ્યો. જડ છોડ્યા ઈ સંસાર છોડ્યા? ભાન ન મળે કાંઈ. સંસાર છોડ્યો તો છેને. મિથ્યાત્વ લીધું છે! આહા..હા..! સમજાણું કાંઈ? એ જગુભાઈ! ભારે વાત પણ હોં! ઝીરવવી કઠણ પડે હોં માણસને તો. માર્ગ તો પ્રભુ આ છે.

જ્યારે જ્યારે એને સુખ જોઈતું હોય એ સ્વભાવસન્મુખ થશે ત્યારે ... એક વાત, લાખ વાતની વાત. જ્યારથી એને સુખ લેવું હોય, આજ હો, કાલ હો, પરમ દિ' હો, અનંત કાળ હો, જ્યારે તને સુખ જોઈએ એ આત્માની અંતર સન્મુખ થયા વિના તને સુખ ત્રણકાળમાં મળશે નહિ.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અજ્ઞાની અનાદિથી ગોતે છે, નથી ગોઠતું અંદરમાં. 'બહાર ફરતા ફરતા અંદરમાં જવાશે, બહાર ફરતા ફરતા અંદરમાં જવાશે' એમ અનાદિથી મૂઢ માની રહ્યો

છે. પરસન્મુખ જઈએ પછી સ્વસન્મુખ અવાશે. સમજાણું કાંઈ? ભોંયરામાં થોડા ઉતરીએ પછી મેડી ઉપર ચડાશે. મેડી કહે છેને? માળ, માળ. મજલા. ભોંયરુ હોયને, ભોંયરુ સમજો છો? ભોંયરુ હોય છેને? મકાન વચ્ચે, નીચે ભોંયરુ હોય, ઉપર મેડી હોય. થોડુ ભોંયરામાં ઉતરીએ પછી મેડી ઉપર ચડશું. એમ રાગ-દ્વેષમાં પહેલાં ઉતરીએ પછી વીતરાગમાં આવશું. સમજાણું કાંઈ? એ માર્ગ વીતરાગમાં ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? એઈ..! દેવાનુપ્રિયા! કેટલું માખણ ચોપડતા હશો ત્યાં? બહુ નહિ કે થોડું? ઈ કંઈ બોલતા નથી, એ બોલે નહિ. તમારા વતી આ ખુલાસો કરે છે. એ.. દેવાનુપ્રિયા!

કહે છે, ભગવાન! ભગવાન ભગવાનને કહે છે. આત્મા ભગવાન છે કે નહિ? ઈ સમયસારમાં લીધું છે. ૭૨ ગાથા છેને. અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે હે પ્રભુ! તું તો સુખરૂપ છોને. પ્રભુ! આસ્રવ તો દુ:ખરૂપ છેને. એમ ૭૨ ગાથા છેને, સમયસારની કર્તા કર્મની એમાં લીધું છે. સમજ્યા? ૭૨ ગાથા છે. ૭૪માં લીધું છે. ૭૨માં અને ૭૪માં વિષય બહુ સ્પષ્ટ છે. '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુ:ખરૂપ છે;...**' પુણ્ય અને પાપ, શુભાશુભ વિકલ્પ દુ:ખરૂપ છે. '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુ:ખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' ભગવાન આત્મા જ આનંદરૂપ છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તે દુ:ખરૂપ છે. દાંડી પીટીને પોકાર કર્યો છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય જેને કહે છે, રાગ, એ દુ:ખરૂપ છે. શું દુ:ખરૂપ આનંદનું સાધન થાય? અનાકુળ ભગવાન આત્મા એના આશ્રયે પ્રગટ થયું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેનું દુ:ખ સાધન થાય? દુ:ખ સાધન અને સુખ સાધ્ય, એમ છે?

**શ્રોતા :—** લખ્યું કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો લખ્યું છે નિમિત્ત દેખાડવા માટે. નિમિત્ત છે. તીવ્ર કષાય છે તો ત્યાં આગળ એવું નિમિત્તનો આરોપ દેવાલાયક નથી. કષાયની મંદતા છે એમાં આરોપ કરવાની લાયકાત છે નિમિત્ત તરીકે. સાધન-ફાધન નહિ. દુ:ખ છે.

જુઓ, '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી...**' '**णादूण दुक्खा**' અને આત્મા ભગવાન આનંદમૂર્તિ છે. સમજાણું કાંઈ? આ સમજાય એવી ભાષા છે. આત્મા છેને આત્મા એ તો આનંદસ્વરૂપ છે. એને આત્મા કહે છેને? વિકલ્પ ઉઠે છે ઈ આત્મા છે? ઈ તો આસ્રવ છે. એનાથી ભલે પુણ્ય બંધાય, તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ આસ્રવ છે, દુ:ખ છે. એઈ..! રાડ નાખે, અર..ર..ર..! તીર્થંકરગોત્ર બાંધે ઈ ભાવ દુ:ખ? પણ આસ્રવ છે કે નહિ? ષોડશકારણભાવના આસ્રવ છે કે નહિ? કે સંવર છે? સંવર હોય તો બંધ થાય નહિ. આસ્રવ છે એટલે બંધ થાય છે. તીર્થંકર પ્રકૃતિના બંધનો કારણભાવ પણ દુ:ખરૂપ છે. આહા..હા..! પ્રકૃતિથી આત્માનો મોક્ષ થાય છે, તીર્થંકર પ્રકૃતિ બંધાણી એટલે? અને જે ભાવ રાગ આવ્યો એનાથી આત્માનો મોક્ષ થાય છે? ત્રણકાળમાં નહિ. એ રાગ દુ:ખનું કારણ છે, એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. એના ફળમાં પ્રકૃતિ પડી જડ એને હેય માને છે. એક

ભગવાન આત્મા શુદ્ધ અનાકુળ આનંદનો પિંડ એનો આશ્રય કરીને સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને જ ઉપાદેય માને છે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તેને પણ સમ્યગ્દૃષ્ટિ દુઃખરૂપ માનીને હેય માને છે. ષોડશકારણભાવના. રાજી થઈ જાય, આહા..હા..! ષોડશકારણભાવનાથી તીર્થંકરગોત્ર બંધાયને! તીર્થંકરગોત્ર બંધાયને! તીર્થંકરગોત્ર બંધાણું એટલે કેવળી થાય છે? તીર્થંકરગોત્ર બંધાણું એનાથી કેવળી થાય છે? બિલકુલ જૂઠ છે. એ ભાવને છેદીને સ્વભાવની શાંતિની સ્થિરતા જ્યારે કરી ત્યારે કેવળી થાય છે, ત્યારે એ તીર્થંકર પ્રકૃતિના બંધનો ઉદય સમવસરણ આવ્યું. સમવસરણ થયું એમાં આત્મામાં શું આવ્યું? સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? માર્ગ વીતરાગનો આવો છે. આવી રુચિ કર્યા વિના અને અંતર અનુભવ દૃષ્ટિ કર્યા વિના એના સંવર, નિર્જરાનો માર્ગ કદી શરૂ નથી થતો. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' સમજાણું કાંઈ?

**'તે શુદ્ધરત્નત્રયનું ફળ...'** તે શુદ્ધરત્નત્રયનું ફળ **'સ્વાત્મોપલબ્ધિ...'** સ્વ આત્મ ઉપલબ્ધિ. પોતાનો આત્મા શુદ્ધની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ. પોતાના શુદ્ધ આત્માની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે પૂર્ણ પર્યાય છે, પર્યાય છે, અવસ્થા છે, પૂર્ણ દશાની પ્રાપ્તિ એ આ મોક્ષમાર્ગ જે શુદ્ધ પર્યાય છે તેનું એ ફળ છે. બરાબર છે?

**'(હવે બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(પૃથ્વી)

क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः
क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः।
क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो
निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः।।९।।

વાહ! '(શ્લોકાર્થ :—) **મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...'** અનાદિનું પુણ્યનું ફળ સ્ત્રી આદિ, લક્ષ્મી આદિ ધૂડ ... પુણ્યના ફળ છેને ઈ બધા. પૈસા, લક્ષ્મી, સ્ત્રી એ પુણ્યના ફળ છે. **'મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન...'** રાગથી **'ઉત્પન્ન થતા સુખ તરફ...'** સુખ માને છેને? સુખ. સુખ છે તો નહિ, દુઃખ છે. **'સુખ તરફ ગતિ કરે છે...'** એક વાત. **'અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.'** કામ અને અર્થ, બે લીધા, ભાઈ! સમજાણું કાંઈ? ક્યારેક અજ્ઞાની ધનરક્ષાની બુદ્ધિ કરવાનો દુઃખરૂપ ભાવ કરે છે. શું કહ્યું સમજાણું? ક્યારેક સ્ત્રી આદિના ભોગમાં રતિ માનીને સુખ તરફ ગતિ કરે છે, મૂઢ મિથ્યાદૃષ્ટિ. એમાં સુખ નથી. **'અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.'** હું ધનની રક્ષા કરું.

**શ્રોતા :—** એ સુખનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુઃખનો, સુખનો નહિ.

**શ્રોતા :—** ... એક તો સુખનો આવ્યો. આ બીજો ક્યો આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ મૂઢ માને છે. એ.. મોહનભાઈ! એઈ..! મલૂકચંદભાઈ! આને લ્યોને ભઈ મોટાને. માને છે કે નહિ? માને છે કે અમે સુખી છીએ. ધૂડમાંય સુખી નથી. મોટા દુઃખમાં દાઝી ગયો છે, બળી રહ્યો છે. દુઃખમાં બળી રહ્યો છે. લક્ષ્મીની મમતામાં બળી રહ્યા છે, આકુળતામાં બળે છે. આહા..હા..!

**'જે પંડિત...'** જુઓ, હવે આને પંડિત કહે છે. જ્ઞાની. પહેલાં બેને અજ્ઞાની કહ્યા. પૂર્વના પુણ્યનું ફળ સ્ત્રી અને પુણ્યનું ફળ લક્ષ્મી—એમાં સુખ માનવાવાળો અનાદિથી સુખ માને છે તે મૂઢ છે, એ મિથ્યાદૃષ્ટિ સંસારપ્રાણી છે. સમ્યગ્દૃષ્ટિ સ્ત્રીના ભોગમાં સુખ ત્રણકાળમાં માનતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ લક્ષ્મીમાં સુખ ત્રણકાળમાં માનતો નથી.

**શ્રોતા :—** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ જ કહે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ નામ પુણ્ય, આ એનું અર્થ અને કામ બે ફળ. એમાં રખડે છે રખડે, એમ કહે છે. એમ કે આમાં ધર્મ રહી ગયુંને. એ આવી ગયું. ધર્મ કહ્યું હતું મેં. પુણ્યનું ફળ એમ પહેલાં કહ્યું હતું. દેવાનુપ્રિયા! તમે તો બધું સાંભળેલું છે એટલે ફટ નાખે અંદર. સાંભળેલું છેને. એ તો કહ્યુંને, બાપુ! પહેલેથી કહ્યું હતું કે પુણ્યનું ફળ આ બાયડી-સ્ત્રી અને પુણ્યનું ફળ આ લક્ષ્મી. પુણ્ય એટલે ધર્મ એટલે વ્યવહારધર્મ, એનું ફળ આ ધૂડ. એનામાં સુખ માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

હવે પંડિત જે જ્ઞાની એ **'ક્યારેક જિનવરના માર્ગને પામીને...'** જુઓ, આ કહ્યો એવો માર્ગ શુદ્ધરત્નત્રય જિનવરના માર્ગમાં, અન્યમાં ક્યાંય નથી, જિનવરમાં પણ આ, **'જિનવરના માર્ગને પામીને નિજ આત્મામાં રત થાય છે...'** જુઓ, પોતાના શુદ્ધ આનંદમાં રત થાય છે તે જ મોક્ષના માર્ગમાં જ્ઞાની ચાલે છે, અજ્ઞાનીઓ એમાં ચાલતા નથી. **'તે ખરેખર આ મુક્તિને પામે છે.'** ખરેખર તે મુક્તિને પામે છે. વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૮, સોમવાર, તા. ૨૮-૦૨-૧૯૬૬, શ્લોક-૯, ગાથા-૩, પ્રવચન નં. ૬

આ નિયમસાર શાસ્ત્ર છે. એનો જીવ અધિકાર. બીજી ગાથાનો છેલ્લો કળશ છેને, કળશ, નવમો કળશ. એમાં થોડા બોલ રહી ગયા છે. શું કહે છે? જુઓ, નવમો કળશ છેને? સાતમે પાને હિન્દીમાં હશે. **'મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...'** અનાદિ કાળથી મનુષ્ય પુણ્યનું જે ફળે એવી સ્ત્રી આદિ તેના પ્રત્યે રતિ

કરીને સુખ માને છે. અનાદિ કાળથી પુણ્યનું ફળ એ સ્ત્રી આદિ. '**અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.**' લક્ષ્મી—અર્થ. ધર્મ, અર્થ અને કામ. ત્રણ પુરુષાર્થ કહ્યાને? તો કોઈ વખતે પુણ્યના ફળની સ્ત્રી અને પુણ્યફળમાં લક્ષ્મી (મળે), એ બેય પુણ્યફળ એટલે ધર્મ, અર્થ અને કામ—આવી ગયા. ક્યાં ગયા? વયા ગયા? ગયા હશે. ... કહો, સમજાણું? હવે રહી ગયું આપણે આ.

'**જે પંડિત...**' અનાદિ કાળના પુણ્યના ફળ અને પુણ્યની રુચિમાં જે પડ્યા છે તેને છોડીને, પંડિત એને કહે છે, વિદ્વાન, ધર્મી, જ્ઞાની '**ક્યારેક જિનવરના માર્ગને પામીને...**' જિનેશ્વર વીતરાગ પરમેશ્વરે કહેલા માર્ગને પ્રાપ્ત કરીને. તો ક્યો માર્ગ?

**શ્રોતા :—** એ તો આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, હવે આવશે.

'**નિજ આત્મામાં રત થાય છે,...**' શું સમજાણું? આ તો કાલે ઉતાવળથી થયું હતુંને? જિનવર તીર્થંકર પરમેશ્વર એનો મોક્ષનો માર્ગ ક્યો? કે '**જિનવરના માર્ગને પામીને નિજ આત્મામાં રત થાય છે,...**' જિનવરને ઈ કહ્યું છે. આ પોતાનો આત્મા શુદ્ધ સ્વભાવ પૂર્ણ બ્રહ્મ આનંદકંદ એમાં દૃષ્ટિ કરીને, જ્ઞાન કરીને લીન થવું તે જ જિનવરનો માર્ગ છે. સમજાણું કાંઈ? જુઓ, એમાં છે. એ કહ્યું તેમ લીન થયા અને લીન થવાનું કહ્યું છે એમ કહે છે. જમુભાઈ! જિનવરનો માર્ગ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથનો માર્ગ ઈ કે નિજ આત્મા પોતાનો આત્મા નિજ,... પરમેશ્વરે આ માર્ગ કહ્યો છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ભગવાન અનંતગુણના શુદ્ધ સ્વભાવરૂપ પરમાત્મા પોતાનો નિજ, એવા આત્મામાં જે રત થઈ જાય છે, આ નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો. જિનવરે નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો. સ્વસન્મુખની દૃષ્ટિ, સ્વસન્મુખનું જ્ઞાન અને સ્વસન્મુખની લીનતા તે જ ભગવાને જિનવરના માર્ગમાં, જિનવરે ઈ કહ્યું છે. સમજાણું કાંઈ? એમાંથી ઈ નીકળે છે હોં!

'**જિનવરના માર્ગને પામીને...**' જિનવરનો માર્ગ જ આ છે. નિજ ભગવાન આત્મા અખંડ આનંદ અને શુદ્ધ સ્વભાવથી પરિપૂર્ણ નિજ કારણપરમાત્મા એમાં રત થવું. નિજ આત્મા એ તો પદાર્થ થયો, રત થવું એ મોક્ષનો માર્ગ થયો. સમજાણું કાંઈ? એ સ્વરૂપમાં અંતરમાં એકાકાર (થવું) એ જ પોતાનું કર્તવ્ય છે અને એ જ કરવાલાયક છે, ઈ હમણાં કહેશે. સમજાણું કાંઈ? અનાદિ કાળથી પરદ્રવ્યનું તો કોઈ કરી શકતું નથી. બરાબર છે? પોતા સિવાય પરપદાર્થનું કોઈ કાંઈ કરી શકતું નથી. પોતામાં કર્યું, શું? ઊંધો પુરુષાર્થ. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ વગેરે શુભાશુભ વિકલ્પ અને ભ્રાંતિ, એ ઊંધું કામ અનાદિથી કર્યું છે. પોતામાં પોતાને કારણે પોતામાં કર્યું છે. પરના કારણે નહિ અને પરમાં તો છે નહિ. તો હવે કહે છે કે ઊંધું કામ... પહેલાં બે કહ્યુંને? વિષય અને ધનની રક્ષા, આ એણે અનાદિથી કર્યું છે.

**શ્રોતા :—** ઈ બે કામ મુખ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મુખ્ય નહિ, ઈ કર્યા અજ્ઞાનપણે. મુખ્ય ક્યાં છે? અજ્ઞાનપણે ઈ કર્યું. ધનની રક્ષા કરું એવી બુદ્ધિ કરે છે, એમ છેને? ઓલામાં ગતિ કરે છે. '**ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...**' શું કહ્યું સમજાણું? આત્માએ અનાદિ કાળમાં ક્યારેક વિષયની વાસનામાં લીન થયો, ક્યારેક ધનની રક્ષામાં બુદ્ધિ કરી, તો પાપના ભાવ કર્યા તો એમાં લક્ષ્મી આદિ, સ્ત્રી આદિ મળ્યા તો એનું કારણ પુણ્ય, એ પુણ્ય પણ અનાદિકાળથી કર્યું. પુણ્ય અને પાપ બે ભાવ અનાદિથી કર્યા છે. એ સિવાય બીજા કોઈ પદાર્થનું પરનું તો કાંઈ કર્યું નથી.

**શ્રોતા :—** માર્ગ પામવો અને રત થવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માર્ગ પામવો ઈ જ રત છે, વળી બીજો ક્યો માર્ગ છે? પોતાના સ્વરૂપમાં સ્વસન્મુખમાં લીન થવું એ જ માર્ગ, એ જ માર્ગ. વળી માર્ગ પામવો અને રત થવું એવી બે ચીજ ક્યાં છે?

**શ્રોતા :—** માર્ગ પામીને રત થવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પામીને એટલે એ જિનવરનો માર્ગ આ છે, એમ. જિનવરનો માર્ગ આ છે કે નિજ સ્વરૂપમાં લીન થવું એ માર્ગ છે, એમ. માર્ગની વ્યાખ્યા કરી એ તો. ઠીક તર્ક કરે છે આ. એના શબ્દના ઓલા કર્યા હોયને.. આ એમ નથી. જિનવરનો માર્ગ પ્રાપ્ત કરીને શું પ્રાપ્ત કર્યું? નિજ આત્મામાં રત થઈ જાય છે ઈ માર્ગ.

બે વાત કરી. એક તો, આત્માએ અનાદિ કાળથી ધનની મમતા કરી, ભોગની મમતા કરી, પરનું કાંઈ કર્યું નથી. પરનું તો એક રજકણનું પણ કામ કરી શકતો નથી, જ્ઞાની કે અજ્ઞાની. એ વાત તો અહીંયા લીધી નથી. એક વાત લીધી કે સુખબુદ્ધિ, પૂર્વના પુણ્યને કારણે મળી લક્ષ્મી આદિ એમાં સુખબુદ્ધિ કરી. તો અનાદિ કાળથી પોતાની પર્યાયમાં ઉલટો ભાવ કર્યો. હવે ભગવાનનો માર્ગ એ છે, જિનવરમાર્ગ કે સ્વભાવસન્મુખ થવું એ સુલટો માર્ગ છે. આ માર્ગ જિનવરે કહ્યો છે. સમજાણું કાંઈ? પંડિત એને કહે છે. પહેલાં બે કહ્યા એને મૂર્ખ કહે છે.

ધનની રક્ષાની બુદ્ધિ કરી. એમ કહ્યુંને? રક્ષા શું કરી શકે? રક્ષા થઈ શકતી નથી, ધનરક્ષાની બુદ્ધિ કરી. અને '**ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ...**' પરિણમન કર્યું. પરવિષયમાં સુખ છે એવો રાગ કર્યો. દેહની ક્રિયા કરી શકે કે લક્ષ્મી રાખી શકે ઈ વાત છે જ નહિ. સમજાણું કાંઈ? જુઓ, શબ્દ કેવો પડ્યો છે? '**સુખ તરફ ગતિ કરે છે...**' અંદરમાં સુખની વિષયવાસના પરિણમન કરે છે અને કાં ધનની રક્ષાની બુદ્ધિ કરે છે. બસ આ. આ અનાદિકાળથી મૂઢ જીવે આ કર્યું છે. આ પંડિત સામે મૂર્ખ લેવું. પંડિત છે કે નહિ? તો પંડિત સામે મૂર્ખ અજ્ઞાની લેવા. આહા..હા..! સમજાણું કાંઈ?

અને પંડિત અર્થાત્ વિવેકી અર્થાત્ જ્ઞાની ક્યારેક નામ પોતાના સ્વરૂપને સમજવાના કાળમાં '**જિનવરના માર્ગને પામીને...**' પંડિત એને કહે છે કે જિનવરનો માર્ગ પામીને અર્થાત્ સમજીને આત્મામાં રત થઈ જવું. માર્ગ આ કહે છે. જ્ઞાની એમ સમજે છે કે જિનવરે પોતાના નિજસ્વરૂપની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન અને (રમણતા કરવી) આ જ જિનવરનો માર્ગ છે એમ સમજ્યો તે જ્ઞાની. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ક્યારેક...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યારેક એટલે અનાદિ કાળમાં નહિ પણ ક્યારેક. ક્યારેક એટલે અનાદિ કાળમાં નહિ પણ ક્યારેક નવો કરે ત્યારે, એમ. ઓલામાં બે કેમ લીધા? કોઈ વખતે ધનની બુદ્ધિ અને કોઈ વખતે વિષયની બુદ્ધિ. કોઈ વખતે. એ અનાદિથી. અનાદિમાં બે પ્રકાર. હવે એ બે છોડીને ક્યારેક એટલે જ્યારે આત્માની સમજણનો કાળ લ્યે તે કાળે. સમજાણું કાંઈ?

'**પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને...**' ઓહો..! ટૂંકામાં બહુ લીધું છે. નિજ ભગવાન આત્માની સન્મુખ (થઈને). 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. આવ્યુંને? દૌલતરામજી, દૌલતરામજીએ ... ભાઈ! ભગવાને તારો આત્મા પરમાનંદ શુદ્ધ ચૈતન્ય ભગવાન જોયો છે. તારા આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા એ જ ભગવાનનો માર્ગ છે. ભગવાને એમ કહ્યું છે કે મારી સન્મુખ જોઈને તું માર્ગ પ્રાપ્ત કર? એમ ભગવાને કહ્યું નથી. જુઓ, ભગવાનના મુખમાંથી વીતરાગભાવ જ નીકળ્યો છે એમ કહે છે અહીંયા. મોક્ષમાર્ગના કારણમાં વીતરાગભાવ જ નીકળ્યો છે. 'પરની ઉપેક્ષા કરીને' એમ નથી લીધું. 'આત્માની અપેક્ષા કરીને લીન થવું' એમ જિનવરે કહ્યું છે. કહો, મોહનભાઈ! ધનની રક્ષા માટે કેટલું કરી શકે? રક્ષાની બુદ્ધિ તો કરી શકે કે નહિ? બુદ્ધિ કરે મૂઢ થઈને. એટલે કાંઈ પૈસા રહી શકે છે એને કારણે?

**શ્રોતા :—** શરીરને સાજા રાખવાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડમાંય.. આ શરીરને સાચવવાની બુદ્ધિ કરે મૂઢ.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પંડિતની સામે મૂર્ખ છે. સમજાણું કાંઈ? આ તો ધનની મુખ્ય વાત કરી છે. પણ ધન શબ્દે આત્મા સિવાય બાહ્ય ચીજની રક્ષાની બુદ્ધિ કરે. બુદ્ધિ કરે, પાપબુદ્ધિ કરે પણ એનાથી રક્ષા થાય છે એમ નથી. સમજાણું કાંઈ? ધન, શરીર, સ્ત્રી, કુટુંબ, દેશ બધું લેવું. સમજાણું કાંઈ? રક્ષાબુદ્ધિ કરે, પાપબુદ્ધિ કરે એનાથી રક્ષા થાય છે એમ નથી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કરવા કહેવાય છે આ? એકાદ વાત સમજે. શું કરવા કહેવાય

છે આ? આ શા માટે કહે છે? એક એક શબ્દમાં કેટલું એમાં ભર્યું છે!

શાસ્ત્રમાં જે કહ્યું, **'मग्गो'** ભગવાને કહ્યું **'जिणसासणे मग्गो'** એનો અર્થ કર્યો કળશટીકામાં, જૈનશાસનને વિષે સર્વજ્ઞ પરમેશ્વરે આમ ફરમાન કર્યું કે તારો આત્મા અનાદિ કાળથી પરમાં સુખબુદ્ધિ કરી અને ધનાદિ, શરીરાદિની રક્ષાબુદ્ધિ કરી. બુદ્ધિ કરી પાપ. મોહનભાઈ! શરીર ઠીક રહે તો ઠીક, સગવડતા ઠીક રહે તો ઠીક, દેશ મને ઠીક રહે તો ઠીક (એવી) બુદ્ધિ કરી. પર ઠીક રહે ન રહે એ તારા અધિકારની વાત નથી, એ તો પરપદાર્થ છે, એમ ભગવાન કહે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..! ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં માર્ગની આવી વ્યાખ્યા કરી કે તારું સ્વરૂપ પરમાનંદ પ્રભુ એ અનાદિથી પરમાં સુખબુદ્ધિ અને રક્ષાબુદ્ધિ કરીને રખડે છે. ચૈતન્યસન્મુખ થઈને લીન થઈ જાઓ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે ખરેખર આ મુક્તિને પામે છે.'** લ્યો, બેય વાત લઈ લીધી. નિજ આત્મામાં શુદ્ધ ચૈતન્ય ભગવાન એમાં શ્રદ્ધા નિશ્ચયથી, એનો સમ્યક્ નિશ્ચય અને એમાં નિશ્ચય સ્થિરતા એનાથી મુક્તિ થાય છે. આ માર્ગ અને એનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. બેય લઈ લીધા. માર્ગ અને માર્ગનું ફળ. માર્ગ અને માર્ગનું ફળ બે લીધા. બે ગાથા થઈ. હવે ત્રીજી.

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।**

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

આ હિન્દીમાં બનાવ્યા છે, પહેલાં ગુજરાતીમાં (બનેલા). આ અમારા પંડિતજીએ બધા બનાવ્યા. ટીકા (અનુવાદ) પણ કર્યો અને આ હરિગીત પણ એમણે બનાવ્યા. સમયસારના, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર બધાના હરિગીત એમણે બનાવ્યા. ગુજરાતીમાંથી હિન્દીમાં બન્યા. જુઓ, ત્રીજા શ્લોકનો અર્થ. પહેલાં થોડો શબ્દાર્થ લઈએ.

**'અન્વયાર્થ :— નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય...'** જુઓ, જે નિશ્ચયથી કરવાયોગ્ય હોય અને નિશ્ચયથી થઈ શકતું હોય. નિશ્ચયથી **'જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.'** જુઓ, નિશ્ચયથી કરવાલાયક હોય, થવાલાયક હોય, તારાથી થવાલાયક હોય. સમજાણું કાંઈ? નિશ્ચયથી જે કરવાયોગ્ય હોય. જડને કરવાયોગ્ય હોય તે તો છે નહિ, વ્યવહાર કરવાયોગ્ય છે એ પણ નહિ, રાગાદિ કરવાયોગ્ય છે એમ નથી. સમજાણું કાંઈ? નિયમથી કરવાયોગ્ય હોય તે જ્ઞાન, દર્શન, ચારિત્ર. પોતાનું શુદ્ધ સ્વરૂપ એના શ્રદ્ધા, જ્ઞાન. અહીંયા પહેલાં જ્ઞાન લીધું છે, સમજાણું? જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ લીધું છેને? પાઠમાં છે. ન્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? શબ્દ શરૂ ન્યાંથી થાય છે. નિશ્ચયથી કરવાલાયક હોય તે જ્ઞાન, દર્શન, ચારિત્ર. સમજાણું કાંઈ? જ્ઞાન પહેલાં લીધું. અનુભૂતિ.

પોતાના શુદ્ધ સ્વરૂપનો અંતર અનુભવ એ જ્ઞાન, એની પ્રતીતિ તે દર્શન, એમાં લીનતા તે ચારિત્ર. એ જૈનશાસનમાં સર્વજ્ઞ પરમાત્માએ (એમ કહ્યું કે) નિયમથી કરવાલાયક હોય તો આ ત્રણ વાત છે. આહા..હા..! છે આ ક્રિયા. મોક્ષમાર્ગની આ ક્રિયા. સમજાણું કાંઈ? કરવાયોગ્ય હોય તો આ કાર્ય છે. આહા..હા..! 'यत् कार्यं'. ઝીણી વાત પણ ભારે. પોતાનું ચૈતન્યનિધાન મહાન પદાર્થ પ્રભુ એની એકાગ્રતા કરવી તે જ નિયમથી કરવાલાયક છે. સ્વભાવમાં અનંતકાળમાં કદી આવ્યો નથી. વિભાવમાં અનંતકાળથી રોકાઈને પરિભ્રમણ કર્યું. એ કંઈ નિયમથી કર્તવ્યલાયક નહોતું. કર્તવ્યલાયક હતું તે કર્યું નહિ અને કર્તવ્યલાયક નહોતું તે કર્યું.

**શ્રોતા :—** ગુરુ-શિષ્ય... ગુરુની આજ્ઞા બહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જિનવરની આજ્ઞા, સર્વજ્ઞદેવની. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ અનંત પરમાત્મા થયા, વર્તમાનમાં બિરાજે છે અને ભવિષ્યમાં થશે, બધા એક જ વાત કરે છે. જિનવરદેવ એ વસ્તુનું સ્વરૂપ પર્યાયનું છે. જિનવર એવા પરમાત્મા એમણે કહ્યું કે હે જીવ! તારે નિશ્ચયથી યથાર્થપણે, વ્યાજબીપણે, ચોક્કસપણે કરવાલાયક જો હોય તો તારું કર્તવ્ય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ તારું કર્તવ્ય, કાર્ય તારું છે. આહા..હા..! ધર્મ આ. ન્યાલભાઈ! ધર્મ કરો, ધર્મ કરો. ધર્મ કરે તે સુખી થશે. પરબારું લખે છેને કાગળમાં.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે બાર અંગમાંથી ચૌદ પૂર્વમાંથી અને કેવળજ્ઞાનમાંથી આવું તાત્પર્ય કહ્યું છે. લ્યો. સમજાણું કાંઈ? નિયમથી તારાથી થઈ શકે છે અને તારે કરવાલાયક હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર. આ નિશ્ચય હોં નિશ્ચય. વ્યવહારનો નિષેધ કરશે હમણાં. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! આવું તત્ત્વ પ્રત્યક્ષ વાત, ચોખ્ખી સ્પષ્ટ વાત એમાં ઝઘડા (ઊભા કરે). વ્યવહાર કરતાં-કરતાં થાય છે, એનાથી આમ થાય છે ને ધૂડ થાય છે. અહીં તો નિષેધ કરે છે. કર્તવ્યલાયક તારે હોય (તો) સ્વભાવસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા એ જ તારે કર્તવ્યલાયક છે. અને એ તારું કાર્ય તારાથી થઈ શકે છે. જેચંદભાઈ! હવે કાર્યકર ક્યારે થવું આ દુનિયાનું? દેશનું કરવું, આનું કરવું... ધૂડેય કોઈ કરતાં નથી. દેહનું કરી શકતો નથી ઈ દેશનું શું કરે? આ દેહ, દેહ. દેહનું કરી શકતો નથી અને દેશનું કરે. દેશ તો ક્યાંય દૂર રહ્યો. દેહ તો અહીં નજીક છે એક ક્ષેત્રમાં. ઘડીકમાં ... થઈ ગયું, આંખ ફૂટી ગઈ, આમ થઈ ગયું, અહીં ... ચડ્યા, આમ થયું, આમ થઈ ગયું... ૩૬૫ દિ'માં જડનું કાંઈ કરી શકતો નથી. સમજાણું કાંઈ? ભાઈ! પરનું કરી શકે છે? આ તો પરમાણુ માટી જડ છે. જડની પર્યાયનું શું કરે? વ્યવહારથી શું કરે? બોલવામાં આવે છે કે આણે આમ કર્યું. એ તો કાર્ય વખતે કોણ હતું તેનું જ્ઞાન કરાવવાની વાત છે. કરી કોણ શકે?

**શ્રોતા :—** ખાય-પી તો શકેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ ખાય-પીવે? ધૂડ ખાય-પીવે? વિકલ્પ કરે. ઈ કર્તવ્ય નથી એવું કરે છે. વિકલ્પ કર્તવ્ય નથી. અહીં તો વ્યવહારરત્નત્રય કર્તવ્ય નથી એમ કહેશે એની

સાથે, ગુલાંટ ખાશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી જાય ઈ જુદી વાત છે, પણ એ કરવાલાયક છે (એમ નથી). તારી સ્વતંત્રતાથી થઈ શકે એવું હોય અને ચોક્કસ સ્વસન્મુખ થાય તો આવું તારા કર્તાથી કાર્ય થઈ શકે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? થોડી વાત પણ એને યથાર્થપણે જેવી છે તેવી તેણે સમજણમાં લેવી જોઈએ. બહુ લાંબી લાંબી વાત... આહા..હા..!

'જે કરવાયોગ્ય હોય...' નિયમથી, નિશ્ચયથી કરવાયોગ્ય હોય અથવા એ તારા આશ્રયે, તું આશ્રય કરી શકે છે અને જેટલો આશ્રય કરી શકે તેટલું કાર્ય જરૂર તારામાં થાય છે. એઈ..! વસ્તુ ચિદાનંદ પરમાત્મા આખો પૂર્ણ પડ્યો છેને. એનો આશ્રય કર, આટલું તારું કાર્ય ચોક્કસ થશે. એ જ કરવાલાયક છે. ભાઈ! રાજમલજી બે દિવસ પહેલાં કહેતા હતા, ગમે તે કાળે સ્વભાવ માનવો પડશે. આજે આવે, કાલે આવે કે પરમ દિ' આવે કે અનંત કાળે આવે. તારે સુખ જોઈએ તો સ્વભાવમાં આવવું પડશે. ઈ કહેતા હતા, હોં! .... આ મા-બાપ રોવે, લાખ રોવે તેથી શું? એ.. ન્યાલભાઈ! અનંતકાળમાં તારે સુખી થવું હોય તો કહે છે કે સ્વભાવસન્મુખ આવવું પડશે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? ગમે તે સમયે તું તારા સુખની સ્વતંત્રતાનો અભિલાષી હો તે સમયે તારે સ્વભાવમાં આવવું પડશે. બીજો કોઈ ઉપાય છે જ નહિ. ન્યાલભાઈ! કેટલી પરસન્મુખતા રાગની ક્રિયા પાછળ થાય છે. બીજાનું ભલુ કરી દે, પછી આ થાય એમ છે? કોણ કરી શકે છે ભલું? પરનું ભલું ભૂંડું (કોઈ નથી કરી શકતું). આ દેહના રજકણ પણ કરી શકતો નથી. એં... થઈ જાય. બોલતા. બોલતા મોટા વકીલ હોય ઈ ફેં... થઈ જાય. જડની પર્યાય છે, તારું કામ છે ઈ? ઈ તારું કર્તવ્ય છે? તારાથી થઈ શકે છે? વ્યવહારથી થઈ શકે છે? દેવશીભાઈ! ભઈ, આ મકાન-બકાન કરાવે છે બધા. જુઓને! આ મગનભાઈ ધ્યાન રાખે છે તો ઈ કરતાં હશે કે નહિ? હવે થઈ ગયું કહે છે. ધૂડમાં. એ તો એની મેળાએ થયું છે. ચીમનભાઈ! ચીમનભાઈ પણ કરાવે છે. કહો, સમજાણું કાંઈ? અરે.. અરે..! આ ભારે વાત, ભાઈ!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ફરમાવે છે કે તારે વ્યાજબી યથાર્થપણે નિશ્ચયથી કરવાલાયક હોય તો સ્વભાવસન્મુખના દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! કહો, આ બાળકને પણ આ કરવાનું છે, યુવાનને પણ આ કરવાનું છે અને વૃદ્ધને (પણ આ કરવાનું છે). બાળ, યુવાન, વૃદ્ધ તો દેહની દશા છે, આત્મામાં નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! જ્ઞાન, દર્શન, ચારિત્ર શબ્દ અહીંથી લીધો. અનુભૂતિ છેને, પહેલાં અનુભૂતિ થાય છે અને એની પ્રતીતિ થાય છે. એટલે અહીં જ્ઞાન લીધું. પહેલાં જ્ઞાન થયું કે આ આત્મા છે, શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદ છે એવું ભાન થયું, તે જ પ્રતીતિ, એમાં લીનતા એમ લીધું. સમજાણું કાંઈ? બહુ લોકોને દુર્લભ લાગે. દુર્લભ નથી પણ એ જ કરવાલાયક છે અને થઈ શકે છે, બીજું થઈ શકતું નથી. બીજાનું કાર્ય કરી શકતો નથી અને વ્યવહારનો વિકલ્પ પણ તું કરી શકતો નથી.

એ તો એવી પૂર્વની પર્યાયનો કાળ હોય ત્યારે આવે છે. સ્વભાવસન્મુખ થવાનું જ તારું કર્તવ્ય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કેટલી જાહોજહાલી થઈ ગઈ સોનગઢમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું થઈ જાહોજહાલી? આત્મામાં કે બહારમાં? એઈ.. મલૂકચંદભાઈ! જુઓ, આમ કેટલી જાહોજલાલી છે! જાહોજલાલી આત્મામાં હોય કે બહારમાં? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! એક જ વાતને તું રટી લે કે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ જ તારું યથાર્થ નિશ્ચયથી કર્તવ્ય છે. આહા..હા..! એક શબ્દમાં તો ઘણું ભરી દીધું. '**नियमेन च यत्कार्यं**' જુઓ, '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જો તારું કાર્ય હોય તો સ્વસન્મુખની જ્ઞાન, દર્શન અને ચારિત્રની ક્રિયા છે, એ જ તારું નિશ્ચયનું કાર્ય છે. સમજાણું કાંઈ? બરાબર છે? બાબુભાઈ! તો આ બધું રળવું કે દિ'? છોકરાને બચાવવા, ભણાવવા.. ..ભાઈ!

ભગવાન જિનેશ્વરદેવ દેશ-કાળ દેખીને કહેતા હશે કે વગર દેખે કહેતા હશે? માણસ ... કેટલી ... છે એને કહો. અહીં તો એક જ વાત કરે છે. થઈ શકે એવી તારી સ્વતંત્ર વસ્તુ હોય તો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ (છે) એમ અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ તારું કર્તવ્ય છે. આહા..હા..! એક શબ્દે ત્રીજી ગાથામાં કુંદકુંદાચાર્ય જૈનશાસનનો સાર (મૂકી દીધો છે).

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડમાંય કરી શકતો નથી બહાર. વિકલ્પ કર્યા કરે, આ મહાસુખને કાગળ લખું ને ઢીકણું કરું ને ફીકણું કરું. શું કરે છે? ધૂળ કરે છે? હેં? આહા..હા..! ભાઈ! તું તારી સત્તામાં ઉલટું-સુલટું કરી શકે, બીજાની સત્તામાં ઉલટુ-સુલટું કેવી રીતે કરે? સમજાણું કાંઈ?

ધૂડ કરી શકે? તારા હોવાપણામાં, તારી વસ્તુના અસ્તિત્વમાં તું ઉલટું-સુલટું કરી શકે. પરની સત્તામાં ઉલટું-સુલટું કરવાની લાયકાત આત્મામાં છે નહિ અને તું છે તો એમાં થાય છે એમ ઈ પણ નથી. તું છો તો કહે છે કે ક્યારેક અનંતકાળમાં વિષયમાં સુખબુદ્ધિ રાખી, ક્યારેક શરીરાદિ, લક્ષ્મી આદિની રક્ષા કરવાની બુદ્ધિ કરી. એ કર્યું, પણ એ કંઈ કર્તવ્ય છે? એ તો દુઃખરૂપ દશા કરી. સમજાણું કાંઈ? એ ચૈતન્યનું કર્તવ્ય છે? ભગવાન આત્માનું કર્તવ્ય છે? અંશબુદ્ધિ ભ્રમ અને અસ્થિરતાનું એ તો કર્તવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કુંદકુંદાચાર્ય જૈનદર્શનના સ્તંભ! જેણે આખા જૈનદર્શનનું રહસ્ય ખોલી નાખ્યું. એકાંત છે, એકાંત છે (એમ પોકાર કરે છે). શું કહે છે? જુઓ, બસ! બીજું કંઈ કરવું નહિ? બીજું કરવું નહિ? આ મંદિર બનાવવા, ફલાણું કરવું.. એઈ..! આ બધા કર્યા છેને, છગનભાઈએ મંદિર કર્યું, આ મોહનભાઈએ ત્યાં મંદિર કર્યું મોરબીમાં. આ તમારે કરે છે હજી. જમુભાઈ

કરશે ન્યાં. અમદાવાદમાં આ લ્યો બેય, આ શેઠને બાકી છે. ત્રણ લાખ રૂપિયાનું. બહુ સરસ કરશે. મોટા હોય તો સરસ જ કરેને.

અહીં તો કહે છે કે તું કરી શકતો જ નથી. આહા..હા..! એ મંદિર થવાનું હોય તો થાય છે, તારું એ કર્તવ્ય જ નથી. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્ગલની પર્યાય છે. પુદ્ગલ પરમાણુનું પરાવર્તન થઈને ઈ પર્યાય થાય છે. શું તારાથી થાય છે? તારું એ કાર્ય છે? અહીં તો વિકારી વ્યવહારરત્નત્રયના વિકલ્પનું પણ તારું કર્તવ્ય નથી એમ બતાવે છે. કર્તવ્ય હોય વિકારનું તો આત્મા વિકારમય થઈ જાય. પરનું કર્તવ્ય હોય તો આત્મા પરમય થઈ જાય. ભાઈ! શું કહ્યું સમજાણું? પરનું કાર્ય કરે તો પરરૂપ થઈ જાય અને વિકારનું કાર્ય કરે તો વિકારરૂપ તન્મય થઈ જાય. એવી વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કરે તો થાય આ માર્ગ, ન કરે તો ન થાય આ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ બોલ લીધા. એ નિશ્ચય. નિશ્ચય નામ નિયમથી કર્તવ્ય એનો અર્થ કે નિશ્ચય-આત્મા શુદ્ધ ભગવાન પરમાનંદસ્વરૂપ એમાં જ્ઞાન કરીને દૃષ્ટિ લગાવવી અને સ્થિરતા થવી એ જ તારું નિયમથી કરવાલાયક કર્તવ્ય હોય તો આ માર્ગ છે.

'**विपरीतपरिहारार्थं**' એક શબ્દ પડ્યો છે જુઓ, કુંદકુંદાચાર્યનો. '**વિપરીતના પરિહાર અર્થે (-જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે)...**' વ્યવહારરત્નત્રય જેને કહે છે એ નિશ્ચયથી વિરુદ્ધ છે. આહા..! સમજાણું કાંઈ? કાલે ઈ કહ્યું હતુંને? શુદ્ધરત્નત્રય પરમનિરપેક્ષ હોવાથી. ખરેખર વ્યવહારના વિકલ્પ છે એની સ્વ-આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિશ્ચયથી એની અપેક્ષા છે જ નહિ. વ્યવહારનયથી વ્યવહારમાર્ગની અપેક્ષાનું જ્ઞાન કરવાલાયક છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર જે નિશ્ચયકર્તવ્ય આત્માનું છે એ '**વિપરીતના પરિહાર અર્થે...**' વિપરીત નામ પોતાનું શુદ્ધ સ્વરૂપ એનું જ્ઞાન, એનું દર્શન, એની સ્થિરતા-ચારિત્ર એનાથી વિપરીત. વિકલ્પ જે વ્યવહારરત્નત્રય કહે છે અથવા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ એક વિપરીત અને વ્યવહાર, નિશ્ચયથી વિપરીત વ્યવહાર. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર વાંચવાનો રાગ એ નિશ્ચયમાર્ગથી વિપરીત માર્ગ છે. કેમ? આ સ્વ-આશ્રય છે, પેલો પર-આશ્રય છે, આ શુદ્ધતા છે, ઈ અશુદ્ધતા છે, એનાથી મોક્ષમાર્ગ થાય છે, આનાથી બંધ થાય છે. અહીં આના કરતાં ફેર છે. અશુભ કરતાં ફેર એ બીજી વાત થઈ. એ વ્યવહારથી ફેર થયો. પરમાર્થથી શું ફેર પડ્યો? ન્યાલભાઈ! ભારે વાત આકરી, ભાઈ! વીતરાગમાર્ગની વાત જ એવી એવે ગડબડે ચડાવી દીધી છેને. લોકો જાણે આમ કરીએ, આમ કરીએ, પૂજા, ભક્તિ, તપ ને આમ કરતાં-કરતાં મોક્ષ થઈ જશે. આમ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થઈ જશે. ત્રણકાળ, ત્રણલોકમાં વસ્તુનું સ્વરૂપ એવું છે

કે પરાશ્રયના વિકલ્પથી સ્વાશ્રયની બુદ્ધિ થાય એમ કદી થતું નથી. કર્તવ્ય નથી, ઈ આવી જાય છે. કર્તવ્ય નથી, કર્તવ્ય તો આ એક જ છે. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, શ્રાવકને પણ ત્રણ બોલ કહ્યા. દેવદર્શન ષટ્કારકના છ બોલ છેને? એ કર્તવ્ય નિશ્ચયથી નથી, એ નિશ્ચયઆવશ્યક નથી. ઈ આગળ આવશે. સમજ્યા? શુભભાવ પણ નિશ્ચયઆવશ્યક નહિ. આહા..હા..! શ્રાવકને પણ કહ્યું, ઈ ત્યાં લેશે ભક્તિ અધિકારમાં. શ્રાવક અને મુનિ બેયને નિશ્ચયરત્નત્રય એનું કર્તવ્ય છે. બેયને હોં! કુંદકુંદાચાર્યે પાઠમાં લીધું છે. એ વ્યવહાર વચ્ચે આવે છે પણ કર્તવ્ય કરીને આવે છે અને કરવાલાયક છે અને આવે છે એમ નથી. બહુ વાત આકરી!

**શ્રોતા :—** મનુષ્યની ફરજ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મનુષ્યની નહિ, આત્માની આ ફરજ છે. માનવ આત્મા છે જ નહિ. આત્માની આ ફરજ છે. જો તું આત્મા હો તો તારા આત્માની આ ફરજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું ચીમનભાઈ! શું કરવું આમાં? મંત્રીપણું કર્તવ્ય હશે કે નહિ? બાપુ! પણ તું જેવો છો એવા થવું એ તારું કર્તવ્ય છે. જેવો છે એવું થાવું માર્ગમાં એ તારું કર્તવ્ય છે. જેવો નથી એ એનું કર્તવ્ય છે? વિકાર આદિ રૂપ આત્મા છે? વિકાર આદિ, પરરૂપ આત્મા છે? શરીર, કર્મરૂપ આત્મા છે? વિકારરૂપ આત્મા છે? તો જેવો નથી એ રૂપ થવું એ એનું કર્તવ્ય છે? એ તો શુદ્ધ ચિદાનંદ અનંતગુણનો આનંદકંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલો સુખનો સાગર. તો સુખનો સાગર ભગવાન એનું કર્તવ્ય શું? કે સુખરૂપ જ્ઞાન, સુખરૂપ દર્શન, સુખરૂપ ચારિત્ર એ તારું નિશ્ચયકર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અનાકુળ અતીન્દ્રિય આનંદરૂપ આત્મા, એનું કર્તવ્ય શું? કાર્ય શું? કારણ તો આ થયું. સમજાણું કાંઈ? વસ્તુ. તો કાર્ય શું? કે તારું કાર્ય સ્વસન્મુખ થઈને દ્રવ્યને કારણ બનાવીને સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય કરવી એ જ ભગવાન તારું કર્તવ્ય છે. આજ કર, કાલે કર, પરમ દિ' કર, અનંત વર્ષ પછી કર પણ કર્તવ્ય તો આ છે. સમજાણું કાંઈ? આ કર્યા વિના તારું કાર્ય શરૂ નથી થતું અને કાર્ય શરૂ થયા વિના એનું કાર્ય જે મોક્ષ એ કદી નથી થતો. આ તો પર્યાયને કાર્ય કહ્યું છેને ભાઈ અહીં તો? માર્ગને કાર્ય કહ્યું છે અહીં. એ ભાષા વાપરી છે જુઓને. ઓહો..હો..!

ભગવાન આત્મા શાંત.. શાંત.. અકષાય સ્વભાવથી ભરેલો આત્મા. જે શાંતિ પ્રાપ્ત કરવા માંગે છે, સુખ લેવા ચાહે છે, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માંગે છે એ ક્યાંથી આવશે? બહારથી આવશે? ભાઈ! કેવળજ્ઞાન ક્યાંથી બહારથી વસ્તુ આવે છે કેવળજ્ઞાન? અંદર છે. અંદર છે આનંદ, અંદર છે કેવળજ્ઞાન, અંદર છે કેવળદર્શન, અંદર છે પૂર્ણ વીર્ય. એવા આત્માનું નિજ

કાર્ય નિશ્ચયથી આ છે, વિપરીતના પરિહાર અર્થે 'ખરેખર 'સાર' **એવું વચન કહ્યું છે.'** જુઓ, નિયમ-સાર, નિયમ-સાર. બે શબ્દનો અર્થ કર્યો. આમાં પણ તકરાર કરે છે, નહિ, વિપરીતમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ વિપરીત. હવે એટલું ક્યાં કહેવું છે? સમજાણું કાંઈ?

આ તો સમયસાર કાલે શબ્દ ઉઠ્યો હતોને એમાં પ્રશ્ન ઉઠ્યો હતો ત્યારે. સમયમાં દ્રવ્ય આવી જાય છેને મગજમાં, સમય એટલે દ્રવ્ય અને સાર એટલે પરરહિત શુદ્ધ. એમ. અહીં કીધુંને, નિયમ એટલે શુદ્ધ પર્યાય. નિયમ એટલે શુદ્ધ પર્યાય. સાર કેમ કહ્યું? વિકારરહિત એ શુદ્ધથી વિપરીત ભાવથી રહિત. એમાંથી પછી કાલે કાઢ્યું હતું વધારે. સમજાણું કાંઈ? ... શબ્દ વાપર્યો છેને. ત્યાં ઉત્પાદવ્યયધ્રુવસહિત વાપર્યો છેને, બીજી ગાથામાં. **'जीवो' 'जीवो'** કેવો? ઉત્પાદવ્યયધ્રુવયુક્તં જીવો. એ જીવ લીધો છે. ઉત્પાદવ્યયસહિત આખો પ્રમાણનો વિષય લીધો છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ કાલે પ્રશ્ન ઉઠ્યોને જરી, સમયસાર સાથે મેળવવા. ઈ વિચાર ચાલ્યો અંદર. આ શબ્દોનો મેળ શી રીતે કરવો? શબ્દોનો. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'जीवो चरित्तदंसणणाणठिदो'**. **'जीवो'** કીધું ત્યાં ઉત્પાદવ્યયધ્રુવ ત્રણે લઈ લીધા. પછી લીધું કે ચરિત્ર, દર્શન, જ્ઞાનમાં સ્થિર હોય તે સ્વસમય કહેવાય. ભગવાન આત્મા પૂર્ણાનંદ અહીંયા દ્રવ્યસ્વભાવ છે વસ્તુ એના સ્વસન્મુખમાં નિશ્ચયથી સ્વઆશ્રય પોતે કર્તા થઈને, પોતાનો આત્મા કર્તા થઈને, આત્માને કારણ બનાવીને પોતાથી જે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર જે નિશ્ચય થાય છે તે જ એનું નિશ્ચયથી સ્વનું કાર્ય અને કારણથી ઉત્પન્ન થાય છે. સ્વના કારણથી સ્વકાર્ય ઉત્પન્ન થાય છે. એ જ તારું કર્તવ્ય છે, જેમાં કોઈની અપેક્ષા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જે આ નિયમથી નિશ્ચયકર્તવ્ય છે એમાં નિમિત્તની, વિકલ્પની, સંઘયણની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! નિશ્ચયમાં પોતાના કર્તવ્યમાં કોઈ પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

અહીંયા તો વિકલ્પ વ્યવહારની અપેક્ષા નિશ્ચયમાં નથી, દર્શનમોહનીય કર્મનો અભાવ થાય તો આ મોક્ષમાર્ગ થાય, ભાઈ! (એવી પણ અપેક્ષા નથી). આહા..હા..! ભાઈ! આ તો તારા સ્વતંત્ર સ્વતંત્ર ભગવાન રાજા કામ કરે છે, કહે છે. દર્શનમોહ(નો) અંદર નિમિત્તપણે અભાવ થાય તો આ કાર્ય થાય એવી અપેક્ષા એમાં છે જ નહિ. વિકલ્પ વ્યવહારનો છે તો નિશ્ચયમોક્ષમાર્ગનું કાર્ય છે એમ છે જ નહિ. આહા..હા..! વ્યવહારથી વ્યવહારનયની અપેક્ષા છે. વ્યવહારથી વ્યવહાર રાગની અપેક્ષા જાણવામાં છે. પ્રગટ કરવામાં એ વ્યવહાર છે તો પ્રગટ થાય છે એમ નથી. ખરેખર નિશ્ચય પણ પ્રગટ થાય છે, સાથે વ્યવહાર પ્રગટ થાય છે તો નિશ્ચય છે તો વ્યવહાર પ્રગટ થાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? પરના લક્ષે વિકલ્પ આવ્યો એ સ્વતંત્ર નિરપેક્ષ નિશ્ચયની અપેક્ષા વિના એ આવ્યો છે. એઈ..! આ તો

માર્ગ.. આહા..હા..!

કેવળજ્ઞાન સાદિઅનંત અનંત. 'સાદિ અનંત અનંત સમાધિસુખમાં' જેનો અનંતઆનંદ પ્રગટ થયો તે અનંતકાળ.. અનંતકાળ.. અનંતકાળ.. જેટલો કાળ દ્રવ્ય રહે તેટલો કાળ અનંતઆનંદ રહે. એના આનંદનું કારણ કેવું છે? અને એ કારણનું કારણ ભગવાન કેવો છે? સમજાણું કાંઈ?

કહે છે કે '**(જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે)**' છેને એમાં અર્થ? જ્ઞાનદર્શનચારિત્રથી જે વ્યવહાર વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એ વિપરીત છે આ નિશ્ચયથી. તેના પરિહાર માટે '**ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે.**' ભગવાન કુંદકુંદાચાર્યના મુખમાંથી આવો સાર શબ્દ જે નીકળ્યો, નિયમસાર, કહો, સમજાણું કાંઈ? (વિપરીતના પરિહાર) માટે કહ્યો છે.

'**ટીકા :— અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે...**' સંસ્કૃતમાં છે હોં સંસ્કૃતમાં છે. '**अत्र नियमशब्दस्य सारत्वप्रतिपादनद्वारेण स्वभावरत्नत्रयस्वरूपमुक्तम्।**' ઓ..હો..હો..! નિયમસાર! નિયમસાર! જેટલું સમયસાર આદિ બહાર આવ્યા એટલું બહાર નહોતું આવ્યું. એક આ શીતલપ્રસાદે થોડા અર્થ કર્યા હતા. આ તો હિન્દી, ગુજરાતી અક્ષરે અક્ષર. સમજાણું કાંઈ? '**આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે...**' કેમ જોડ્યો છે? '**તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' લ્યો. સાર કહેવામાં (કારણ) એ છે કે સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહે છે. વિકલ્પ જે વ્યવહારરત્નત્રય એની વાત અમે કરતાં નથી, એ તો જાણવાલાયક છે. કહેવું છે આ. પછી તરત વ્યવહારનું કહેશે હોં! પણ એ તો આદરવાલાયક અને કરવાલાયક હોય તો આ વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**સ્વભાવરત્નત્રયનું...**' જુઓ, પહેલાં શુદ્ધરત્નત્રય કહ્યું હતું. પહેલાં શુદ્ધરત્નત્રય કહ્યું હતુંને, ગાથામાં? '**શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી...**' શુદ્ધરત્નત્રય કહ્યું હતું. એની પહેલાં બીજી લીટીમાં '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' એમ કહ્યું હતું. શુદ્ધરત્નત્રય કહો કે સ્વભાવરત્નત્રય કહો. અહીં સ્વભાવ (કહ્યું) તે પર્યાયની વાત છે હોં! ત્રિકાળ સ્વભાવની વાત નથી. સમજાણું કાંઈ? જેમ પહેલી ગાથામાં આવ્યું હતુંને? '**अणंतवरणाणदंसणसहावं**'. પહેલી ગાથામાં આવ્યું હતું. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીર પરમાત્મા '**अणंतवरणाणदंसणसहावं**' પર્યાયમાં અનંતદર્શન, જ્ઞાનસ્વભાવ. અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન સ્વભાવ એ પર્યાય થઈ ગઈ. પર્યાયની વાત છે હોં! એમ અહીંયા કહ્યું, ભગવાન આત્મા પોતાનો શુદ્ધ જે ત્રિકાળ સ્વભાવ એના સન્મુખમાં સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર એને પણ સ્વભાવરત્નત્રય કહે છે. આ પર્યાયની વાત છે. પર્યાય, પ્રગટ અવસ્થા, પ્રગટ દશા. સમજાણું કાંઈ? દ્રવ્ય છે તે ત્રિકાળી પારિણામિકભાવે છે, વસ્તુ. આ સ્વભાવરત્નત્રય ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. સમજાણું

કાંઈ?

'**તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' ભગવાન કુંદકુંદાચાર્ય નિયમસાર શબ્દ કહેતાં, વાચ્યમાં સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહેવા માંગે છે. સ્વભાવ. ભગવાન આત્મા પૂર્ણ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ અનંતસુખસાગરનો સમુદ્ર, ભગવાન આત્મા અનંતજ્ઞાનનો સમુદ્ર, અનંતદર્શનનો સમુદ્ર, અનંતબળનો સમુદ્ર, અનંતસુખનો સમુદ્ર પ્રભુ આત્મા એ સ્વભાવ ત્રિકાળ. એના સન્મુખ થઈને નિજનો આશ્રય લઈને જે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર થયા તે પર્યાયને સ્વભાવરત્નત્રય કહેવામાં આવે છે. એ સ્વભાવ છે તેના આશ્રયે પ્રગટ થયેલા સ્વભાવરત્નત્રય છે. તેનાથી વિરુદ્ધ વ્યવહારરત્નત્રયને વિભાવરત્નત્રય કહે છે. પાંગળો છેને પાંગળો, જાણે કાંઈક.. કાંઈક.. કાંઈક આનો આધાર હોય, કાંઈક આનો આધાર હોય, કાંઈક આનો આધાર હોય. પાંગળો હોયને, લાકડી વિના ચાલી શકે નહિ. પાંગળો છે જ નહિ.

ભગવાન અનંત ચૈતન્યમૂર્તિ વજ્રબિંબ છે, વજ્રબિંબ ચૈતન્યવજ્ર બિંબ, ચૈતન્ય વજ્રબિંબ. આ ધૂળ તો ઘણા રજકણનું ભેગું થઈને વજ્ર થાય. ઘણા રજકણ ભેગા થઈને વજ્ર થાયને. ઘણા વજ્ર ભેગા થઈને બિંબ થાય છે. આ તો એકલો ચૈતન્યબિંબ, એક દ્રવ્ય વજ્ર ચૈતન્યબિંબ જેમાં વિકલ્પનો પ્રવેશ નથી, જેમાંથી વિકલ્પ ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા એનો નિયમ, નિશ્ચયમોક્ષમાર્ગ સ્વના આશ્રયે ઉત્પન્ન થયા સ્વભાવરત્નત્રય, સાર શબ્દથી એ બતાવ્યું કે એમાં વિકાર, વ્યવહારનો અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શાંતિથી સ્વાધ્યાય સાંભળ્યો નથી, શાંતિથી સ્વાધ્યાય કર્યો જ નથી. એમને એમ ચાલ્યા ઉપરથી. આમ છે ને તેમ છે ને તેમ છે. બાપુ! માર્ગ તો શાંત છેને. ભાઈ! એમાં તો ભાષા જ નથી. ભાષા જ નથી સ્વરૂપમાં. સ્વરૂપમાં ભાષા છે? ભાષા તો જડ છે. આહા..હા..! ભાષા જ નથી કે હું આને આમ સમજાવું તો ઠીક પડે, એવું એમાં છે જ નહિ. વિકલ્પ કરું તો ઠીક પડે, મને ઠીક પડે એવું વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઠીક પડેને શું કહે છે? ઠીક. એમ કે વિકલ્પ કંઈક કરું તો ઠીક થશે. કહે છે કે ના, વ્યવહાર વિકલ્પ આવો હોય તો મને ઠીક નિશ્ચય થશે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. છગનભાઈ! આહા..હા..! કોલાહલ કરે, તકરાર કરે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી સજ્જડ ઠોસ વાત છે, ઈ વાત તો તને કંટાળો આવી જાય. અર..ર..ર..! આવું? કાંઈક કાંઈક કોઈ આધાર આધાર? પરનો આધાર ગોતે છે. લંગડો છો? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આમ તો ભગવાન-ભગવાન કરે છે અને ભગવાન શું કહે છે...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ એને ખબર ક્યાં છે ભગવાન શું કહે છે. ભગવાન ભગવાન કરે.. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. ભગવાન! હે ભગવાન! તમે કહ્યું ઈ સત્ છે, પણ તમે શું કહ્યું એની ખબર નથી, તો સત્ ક્યાંથી આવ્યું? બધી પરની વાતું. ભગવાને આમ કહ્યું, પોતાની કલ્પનાથી (કહે), ભગવાને આમ કહ્યું છે, ભગવાને આમ કહ્યું છે. સમજાણું

કાંઈ? આહા..હા..!

**‘સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.’** સમજ્યા? પહેલાં શુદ્ધરત્નત્રય કહ્યું હતું, આમાં સ્વભાવરત્નત્રયની વ્યાખ્યા કરી. વિપરીત લીધુંને? વિભાવ એનાથી આ અનુકૂળ એટલે સ્વભાવ. ઓહો..હો..! હવે જરી ઝીણી વાત છે, હોં! બે-ત્રણ મિનિટ છે. આખું લઈશું ત્યારે કામ આવશે. એકસાથે નહિ ચાલે. પછી વાત...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૯, મંગળવાર, તા. ૧-૦૩-૧૯૬૬, ગાથા-૩, પ્રવચન નં. ૭

આ નિયમસાર શાસ્ત્ર છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. ભગવાન તીર્થંકરદેવ જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન હતું એ ભગવાન ત્રણકાળ, ત્રણલોકના જ્ઞાનમાં મોક્ષનો માર્ગ જેવો જાણ્યો એવો કહ્યો. એ અહીંયા કહેવામાં આવે છે. વાત જરી ઝીણી છે આજ તો વળી. જુઓ, કહે છે, માથે આવ્યું છે, **‘અહીં આ (ગાથામાં)...’** ત્રીજી ગાથા. **‘નિયમ’ શબ્દને ‘સાર’ શબ્દ કેમ લગાડ્યો છે...’** નિયમસાર. આ શાસ્ત્રનું નામ નિયમસાર. નિયમ... **‘પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.’** એટલે શું? કે આ આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાનંદસ્વરૂપ આત્મા છે. એનું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ સ્વભાવરત્નત્રય એને બતાવવા માટે અહીં નિયમસાર કહેવામાં આવે છે. ભાષા બધી... સમજાણું કાંઈ? સ્વભાવરત્નત્રય એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય. એ ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એને અહીંયા સ્વભાવરત્નત્રય કહેવામાં આવ્યું છે. કેમકે વિકલ્પ જે રાગાદિ છે એ વ્યવહારરત્નત્રય કહેવામાં આવે એનો નિષેધ કરવા અહીંયા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનો ખુલાસો કરશે હોં!

કહે છે કે **‘જે સ્વભાવ પરમપારિણામિકભાવે સ્થિત...’** ભાષા બધી તદ્દન ગંભીર અને ઊંડી વીતરાગની છે, ભાઈ! આ આત્મા જે છે આત્મા, એ શરીર, વાણી, મન આ તો રજકણ જડ માટી છે, એનાથી જુદો. કર્મના રજકણો છે આઠ કર્મના, કર્મ જેને કહીએ એ જડ છે, એનાથી જુદો અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર છે એનાથી જુદો. ત્યારે જુદો પણ છે શું ત્યારે ઈ? સહજપરમપારિણામિકભાવ. સ્વભાવિક વસ્તુ વસ્તુ. ભગવાનના જ્ઞાનમાં પરમેશ્વરના જ્ઞાનમાં આવી કે આ આત્મા સ્વભાવિક પરમપારિણામિક એટલે સ્વભાવ,

પરિણામ એટલે કોઈની અપેક્ષા વિના પરમસ્વરૂપ જે એનું છે, જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય એવું પરમસ્વભાવભાવમાં સ્થિત. અહીં શું કહેવું છે? કાર્યનિયમનું કારણ આ છે એમ બતાવવું છે. મોક્ષનો માર્ગ એ કાર્ય છે. એનું કારણ આ આત્મા અંદર પરમ સ્વભાવ ભરેલો ભંડાર ભગવાન છે, એમાં સ્થિત થાય તે નિયમ.

'**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...**' આત્મામાં સ્વભાવ, ધ્રુવપણે અનાદિઅનંત ધ્રુવ નિત્ય સ્વભાવ, અનંતચતુષ્ટય. અનંતજ્ઞાન. બેહદ એમાં જ્ઞાન ભરેલ છે, અનંત જેમાં દર્શન ભરેલ છે, અનંત જેમાં આનંદ અને અનંત જેમાં વીર્ય ભરેલ છે. સમજાય છે કાંઈ? એવો સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ '**શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ...**' શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. એ ચાર સ્વરૂપે આત્મામાં શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવરૂપ જે છે તેને નિયમ કહેવામાં આવે છે. એને કારણનિયમ એટલે સદા ધ્રુવ. ભગવાન આત્મા સ્વભાવી પરમસ્વભાવમાં જ્ઞાન અનંત, દર્શન, ચારિત્ર, આનંદ રહેલા છે, એનું એકરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તેને નિયમ કહેવામાં આવે છે. બહુ ઝીણું. જમુભાઈ! હવે ગુજરાતી આવી. પણ હજી બહુ ઝીણું આવશે.

**શ્રોતા :—** આજની બીજી વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બીજી વ્યાખ્યા છે આજની, સાર કહેવો છેને. નિયમસાર છે એ તો મોક્ષમાર્ગની પર્યાય છે. ઈ કહેશે કે આત્મામાં શુદ્ધ દશા થવી એ મોક્ષમાર્ગની પર્યાય છે, પર્યાય છે—અવસ્થા છે, પણ અવસ્થાનું કારણ કોણ? કે અંદર ભરેલો પદાર્થ છે એ કારણ છે.

**શ્રોતા :—** એને પણ પાછો નિયમ કહેવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ નિયમ નિશ્ચય વસ્તુ છેને. નિયમ એટલે નિશ્ચય વસ્તુ છે.

ભગવાન આત્મા અનાદિઅનંત એ કાળે, પણ ગુણે—ભાવે, ભાવે કીધુંને? '**પરમ પારિણામિકભાવે...**' સ્વભાવભાવ વસ્તુ છેને? જેમ પીપર છે, લીંડીપીપર એના અંદરમાં ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે. બરાબર છેને? આ પીપર ઘૂંટે ત્યારે પ્રગટ થાય છે ક્યાંથી? અંદર છે એમાંથી આવે છેને? કે પત્થરમાંથી આવે? સમજાણું કાંઈ? પીપર આવડી પીપર, આ લીંડીપીપર. ચોસઠ પહોરી અંદર પૂરી પૂરી બેહદ ચોસઠ પહોરો તીખો સ્વભાવ પડ્યો છે અને લીલો રંગ પડ્યો છે અને સુંવાળો સ્વભાવ પડ્યો છે. રંગ, રસ, સ્પર્શ અને ગંધ પણ એમાં અનંત અનંત ગંધનો સ્વભાવ પડ્યો છે. ઈ પીપર ખાય ત્યારે ગંધ પણ બીજી જાતની આવે. લીલો રંગ. ચોસઠ પહોરી ઘૂંટે ત્યારે સુંવાળી થાયને સુંવાળી, લીલી, તીખી અને સમજાય છે? ગંધ પણ એની જુદી જાતની હોય, સુગંધ. એ બધી પ્રગટ થઈ એ ક્યાંથી થઈ? એ અંદરમાં છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. અવેડો સમજો છો? અમારી અહીંયા ભાષા છે. હવે ગુજરાતી ચાલશે.

એમ ભગવાન આત્મા એક મહાન કૂવો અથવા પીપર, લીંડીપીપરની લીંડી આટલી છે,

આ શરીર પ્રમાણે આત્મા છે. એમાં અસંખ્ય પ્રદેશ છે. ભગવાન કેવળજ્ઞાનીએ શરીર પ્રમાણે અહીંયા આત્મા છેને બધે. તો અહીંયા એના પ્રદેશો છે. અંશ અંશ થઈને આખા શરીર પ્રમાણે. ભિન્ન અરૂપી ભગવાન. અરૂપી ચૈતન્યશીલા. આ તો જડ છે બધું, પણ અંદરમાં અરૂપી ચૈતન્યશીલા, અરૂપી જ્ઞાનઘન જે પદાર્થ છે એને આત્મા કહે છે. એ આત્મામાં જેમ પીપરના અંદરમાં ચોસઠ પહોરી તીખાશ, સુંવાળપ, લીલપ આદિ પડી છે, એમ ભગવાન.. અહીં અનંતચતુષ્ટય કીધુંને? સ્વભાવચતુષ્ટય. ઓલામાં પણ રંગ, ગંધ, રસ અને સ્પર્શ પીપરમાં પૂરા પડ્યા છે તો પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મામાં સ્વભાવ-અનંતચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. એ ચારેયને શુદ્ધજ્ઞાનચેતનાભાવરૂપ પરિણામ કહેવામાં આવ્યા છે. ભારે ઝીણું. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા. આ કોની વાત ચાલે છે? જાણે કોણ? પીપરને જાણે કોણ છે? પીપરના દાણાને જાણે કોણ કે આ પીપરનો છે? એમાં ચોસઠી પહોરી છે એમ જાણે કોણ? આ જાણે કે જડ જાણે? એમ આ જાણનાર આત્મા પોતે જાણનાર પોતામાં જાણે કે મારામાં અનંત બેહદ સ્વભાવ જ્ઞાન, અચિંત્ય દર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આત્મામાં પડ્યું છે. ભગવાન તીર્થંકદેવના જ્ઞાનમાં આત્મા આવો ભાસ્યો છે, દરેકનો. આહા..હા..! આત્માની એને કિંમત ન મળે. ધૂડની કિંમત. સમજાણું કાંઈ?

જુઓ, અહીંયા કીધુંને? પહેલોં એકડો છેને? '**સહજપરમપારિણામિક ભાવે...**' એમ કહ્યુંને? એની વ્યાખ્યા નીચે કહી છે, નોટ. '**આ પરમપારિણામિકભાવમાં...**' ભગવાન આત્મા ધ્રુવ ધ્રુવ નિત્ય રહે. અવસ્થા થાય, પર્યાય થાય એ એક ક્ષણની દશા છે, એ નહિ. અવસ્થા થાય ઉત્પાદ-વ્યય. નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા (વ્યય થાય) એ તો ઉત્પાદ-વ્યય છેસ એ નહિ. જેમ પીપરમાં પહેલી પાંચ પહોરી ઉત્પન્ન થાય, ચાર પહોરી જાય એ ઉત્પાદ-વ્યય થઈ કહેવાય. પણ અંદરમાં ભરેલું પૂર્ણ છે ચોસઠ પહોરું એમાં એ ઉત્પાદ-વ્યય નથી, એ તો ધ્રુવરૂપે પીપરમાં તીખાશ પડી છે. સમજાય છે કાંઈ? પીપરનો દાણો છે. પચાસ લીધા, મૂક્યા. પછી એમાંથી પહેલી એક્કેય પહોરની તીખાશ નહોતી. પછી પ્રગટી તો એક પહોરી પ્રગટીને પર્યાયમાં બહાર. એક પહોરી પ્રગટી, પહેલી એક પહોરી નહોતી એનો વ્યય થયો. પ્રગટી એનો ઉત્પાદ થયો. વળી બીજી પહોરે બીજી ઘૂંટી તો બે પહોરી પ્રગટી, એક પહોરીનો વ્યય થયો. એમ કરતાં-કરતાં ચોસઠ પહોરી પ્રગટી અને ત્રેસઠ પહોરીનો અભાવ થયો. એ ઉત્પાદ-વ્યયની અવસ્થામાં જે દશા થાય એને ન ગણતા એના અંદરમાં ભરેલું પૂર્ણ તીખાશ અને લીલો રંગ છે, એમ આ આત્મામાં વર્તમાન દશામાં રાગ અને દ્વેષનો નાશ થઈને વીતરાગી અવસ્થા પ્રગટે એ અવસ્થાને ન લીધી, વસ્તુ જે ત્રિકાળ છે એને લેવી. એવો પરમપારિણામિકભાવ ભગવાન પૂર્ણ ધ્રુવ.. ધ્રુવ.. સત્.. સત્.. સત્ ગુણનો

સાહેબો, સ્વભાવમય એકલો. જેટલા કેવળજ્ઞાની પરમાત્માને જેટલી અવસ્થાઓ નિર્મળ પૂર્ણ પ્રગટ છે એ બધા ગુણમાંથી આવી છે, અંદરના ગુણમાંથી. એવો આત્મા એના અંદરમાં પરમપારિણામિકભાવ જે કહ્યો એ, 'પારિણામિક' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...' અવસ્થાનું થવું અને જવું એ અહીંયા બતાવવું નથી. ત્રિકાળ એકરૂપ રહેવું એને બતાવવું છે. આજ ઝીણું આવ્યું પણ આવી ગુજરાતી. આજથી તમારે સહેલું પડશે કે નહિ? કહો, સમજાય છે કાંઈ? આહા..!

અરે..! કોઈ દિ' નિજ આત્માના દરબારમાં શું ભર્યું છે એની એને ખબર ન મળે. કોઠીમાં જુવાર ભરી હોય તો એને ખબર પડે કે હા, કોઠીમાં (જુવાર છે), કાઢો કાઢો કાઢો, ખુટશે નહિ બાર મહિના નહિ ખૂટે, લ્યો. તેલ, ઘી ભર્યા હોયને? બાર મહિના સંઘરતાને? હવે તો ક્યાં છે એટલું બધું સંઘરવાનું. પહેલાં તો પાંચ પાંચ વર્ષ સુધી સંઘરી રાખતા. તેલની કોઠી મોટી નથી રાખતા? દાણા સંઘરી રાખતા. હવે આપણે પાંચ વર્ષ તો વાંધો નથી. જાઓ! એટલા બધા દાણા છે. ભલે જૂના થાશે ઘઉં, ચોખા ને પણ... એની ભરેલીની ખબર. આ ભગવાન આત્મા આખો છે, દેહથી (ભિન્ન) વસ્તુ અરૂપી જ્ઞાનઘન આ શરીર પ્રમાણે દળ છે પહોળાઈ, એનામાં શું ભર્યું છે અંદર? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એમાં ભરેલો છે ભાવ, ભાવ. ઈ ઊપજવું અને વિણસવાની જે આ દશા છે, જેમ એક વિચાર ઉત્પન્ન થયા અને બીજો વિચાર ગયો, એ તો દશામાં થાય છે, હાલતમાં. સોનું છે એ વીંટી ટળીને કુંડળ થયું. તો વીંટીની અવસ્થાનું જવું અને કુંડળનું થવું પણ એ તો અવસ્થા થઈ, પણ સોનું જે છે, પીળાશ, ચીકાશ, વજન એ તો કાયમ એમને એમ રહે છે, કાયમ એમને એમ રહે છે. એમ આત્મામાં અવસ્થા જે રાગની અને રાગના અભાવની એ ન લેવી અત્યારે કહે છે, પર્યાયને ન લેવી, હાલતને ન લેવી. વસ્તુ જે ત્રિકાળ પરમસ્વભાવ જેને કોઈ નિમિત્તની અપેક્ષા નથી અને ઊપજવું, બદલવું એની જેને અપેક્ષા નથી એવો આત્મભગવાન, પરમપારિણામિકમાં પરિણામ શબ્દ પડ્યો ઈ '**પર્યાયાર્થિક નયનો વિષય નથી;...**' શું કહે છે? હવે આ તો ગુજરાતી આવ્યું છે આજ તો. એઈ..!

ભગવાન આત્મા એમાં એક અંશ ઊપજવા-બદલવાનો અને એક અંશ ત્રિકાળી રહેવાનો. જેમ સોનું ત્રિકાળ રહે એમને એમ અને કુંડળ અને કડાંની અવસ્થાઓ થાય. એ અવસ્થા થાય એને પર્યાય કહે છે અને વસ્તુ કાયમ રહે એને દ્રવ્ય કહે છે, પદાર્થ કહે છે. એમ આત્મામાં અવસ્થા વિકારની, અવિકારની, ધર્મની, અધર્મની, સિદ્ધની એ બધી દશાઓ થાય એ ક્ષણિક અવસ્થા છે, એ અવસ્થા વર્તમાન હાલત એ અવસ્થાના અંશનું લક્ષ કરનારને એ પર્યાય જણાય. એ અહીં ન લેવું. અહીં તો ત્રિકાળ '**પરમપારિણામિકભાવ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...**' વસ્તુનો સ્વભાવભાવ ધ્રુવપણે આત્મામાં એકરૂપ ત્રિકાળ છે. '**અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' દ્રવ્ય એટલે કાયમી પદાર્થ વસ્તુ, સામાન્ય વસ્તુ

એને લક્ષ કરવાવાળી નયનો એ વિષય છે. અવસ્થાના લક્ષને કરનારી પર્યાયનો એ વિષય નથી. કહો, સમજાય છે કાંઈ? વીતરાગ પરમેશ્વરના માર્ગમાં શું છે એની એને ખબર ન મળે અને ધર્મ કરવો. શી રીતે કરે પણ? સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** ધર્મ કરવા માટે શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ ધર્મ એટલે શું? ધર્મ એ માટે તો (આ વાત) ચાલે છે. ધર્મ એક નવી અવસ્થા છે. ધર્મ એ કાયમની ચીજ નથી. 'કરવો' એમ છે કે નહિ ધર્મ? કે કરું ધર્મ. ત્યારે કરુંનો અર્થ શું? કે નવું કાંઈક કરવું. અને જૂનો અધર્મ છે એને ટાળવો. એમ થયું કે નહિ? ત્યારે અધર્મદશાને ટાળવી અને ધર્મને કરવો. પણ એ દશા છે. પણ એ દશા ક્યાંથી આવે છે? અધર્મ ટળે અને દશા ધર્મની થાય શાંતિની, જ્ઞાનની એ આવી ક્યાંથી? દશા તો અધર્મની હતી. સમજાય છે કાંઈ? એ દશા આવી ક્યાંથી? કે ત્રિકાળમાં પડી છે ત્યાંથી આવી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વેપારમાં તો કાંઈ નથી, મફતનો હેરાન થાય છે. એ.. મલૂકચંદભાઈ! મફતનો હેરાન થઈ-થઈને મરી ગયો અભિમાન કરીને. જેચંદભાઈ! પાંત્રીસ વર્ષ મફતમાં હેરાન ઉકડામાં ગયા બધા. હેરાન, અભિમાન અને પાપ કરીને. આ તો એક દાખલો છે, હોં! બધાને માટે છે. મલૂકચંદભાઈને માટે નથી. એના છોકરા પણ ત્યાં હેરાન-હેરાન થાય છે. કરોડો રૂપિયા એના છોકરા પાસે છે તો હેરાન-હેરાન છે. શરીરમાં આ છે અને બ્લડ પ્રેશર થઈ ગયું છે ને ધૂડ થઈ ગઈ છે. સરકાર પાસેથી પચાસ લાખ આવ્યા નહિ અને અહીં ગરી ગયા ફિલ્મમાં થોડાક અને શરીરમાં આમ થઈ ગયું. હેરાન-હેરાન! કહો, સમજાણું કાંઈ? ધૂડમાંય હખ નથી ત્યાં, કરોડ હોય કે પાંચ કરોડ હોય, એ તો ધૂડ માટી છે.

ભગવાન આત્મા, પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ આ આત્માને એવો ધ્રુવપણે જોયો છે અને એમ છે, કે જેની વર્તમાન હાલત-દશા થાય એને વર્તમાન અવસ્થાના લક્ષવાળું એને પર્યાયનય કહે છે. એ ન લેવું. અહીં તો ત્રિકાળી વસ્તુ છે ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. '**દ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' વિશેષ માટે હિન્દી સમયસાર જોવું એમ કહે છે. એ તો આધાર આપ્યો છે. શું કીધું સમજાણું કાંઈ? આ આત્મા છેને? આ તો રજકણ, આ તો માટી છે, ધૂડ છે આ શરીર અને અંદર આઠ કર્મ છે એ ધૂડ રજકણ છે, ધૂડ છે. એ જુદું. પણ આત્મા છે કે નહિ અંદર વસ્તુ? એ આત્મામાં બે અંશ છે. એક પલટતો અંશ, બદલતો વિચાર આદિ, એને પર્યાય કહેવાય છે અને એક કાયમ રહેતો અંશ એને દ્રવ્ય કહેવાય છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

કહે છે, આ જે અમે વાત કરીએ છીએ એ પર્યાયની નહિ, પારિણામિક શબ્દ ભલે હો પણ એ અવસ્થાની નહિ, વસ્તુ ત્રિકાળ ધ્રુવ ધ્રુવ છે, સત્ શાશ્વત ધ્રુવ અનંતજ્ઞાન, અનંતદર્શન,

અનંતઆનંદ, અનંતબળ એવો પરિણામિકભાવ એમાં રહેલો એકરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. '**શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...**' બે અર્થ. ઓલા પારિણામિક અને આ એક શુદ્ધજ્ઞાન. '**પર્યાયાર્થિકનયનો વિષય નથી, આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ...**' વસ્તુ છે ધ્રુવ. એ ધ્રુવને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ (કહે છે). નિત્ય વસ્તુ જે છે એને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવે છે. વીતરાગની ભાષામાં ભગવાને એમ કહ્યું કે એ આત્મા ધ્રુવ નિત્ય છે. એમાં અનંતગુણ જે છે એમાં અનંતચતુષ્ટયમાંથી આનંદરૂપ એનું શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવે છે. એ વર્તમાન અવસ્થાનો વિષય નથી, એ ત્રિકાળ ધ્રુવ દૃષ્ટિનો વિષય છે. સમજાય છે કાંઈ? આરે.. આરે..! ધર્મને સમજવા માટે... આ તો ભાષા જ નવી કેટલાકને તો, જિંદગીમાં કેટલાકે (પહેલી વાર સાંભળી હોય). સહજપારિણામિકભાવ એમાં શુદ્ધચેતનાપરિણામ રહ્યા.

**શ્રોતા :—** ઘરમાં ન આવે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઘરમાં ન આવે અને સાંભળવા જાય ન્યાં પણ ન આવે. ..ભાઈ! બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ કેવળજ્ઞાની જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવા તીર્થંકર ભગવાન અનંતા થઈ ગયા, વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન આદિ તીર્થંકરો વીસ બિરાજે છે અને લાખો કેવળી બિરાજે છે વર્તમાન. એ અને અનંત થઈ ગયા અને અનંત થશે. એ ભગવાનના જ્ઞાનમાં જે આવ્યું એનું આ કથન છે. એણે કોઈ દિ' (દરકાર કરી નથી). ન્યાલભાઈ! આ સહજપારિણામિકભાવ તમારા અપાસરામાં કોઈ દિ' સાંભળ્યો નહિ હોય. આ શેઠિયા ઘરના ન્યાં. મોટાને કહેવાયને? નહિ? નામ લેવાય જેચંદભાઈનું, મોટામાં આ લેવાય.

**શ્રોતા :—** સહજપારિણામિકભાવને સહજકૂટસ્થ કીધું હોત તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કૂટસ્થ કહે તો સમજે નહિ. એ વસ્તુ સહજ બતાવવી છે. પારિણામિક એટલે જેને કોઈ અપેક્ષા નહિ એવો ત્રિકાળી ભાવ. બદલવાની અપેક્ષા નહિ, ટળવાની અપેક્ષા નહિ, ઊપજવાની અપેક્ષા નહિ. એવું એનું ત્રિકાળી સ્વરૂપ તેને પરમપારિણામિકભાવ કહેવામાં આવે છે. પાંચ ભાવ છે. પર્યાયના ચાર ભાવ—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. અને આ દ્રવ્યનો એક પારિણામિક ત્રિકાળ ભાવ. એ ઠીક તર્ક કરે છે જુઓ ઘરનો. ભગવાને આમ કહ્યું ન હોત તો? એમ. ઠીકને? ભગવાને આમ શું કરવા કહ્યું?

**શ્રોતા :—** પારિણામિક કહ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ ઈ પારિણામકિ કહ્યું એમાં વસ્તુ છે. કહ્યું એમાં તર્ક ખોટો છે તમારો. સમજાય છે કાંઈ? એ અસ્થાને તર્ક આવ્યો તમારો. ન્યાય સમજો. ભગવાને પારિણામિકભાવ કહ્યો એમાં અનંત માહાત્મ્ય અને વસ્તુ રહેલી છે. પારિણામિક એટલે કે

સહજ સહજ બદલ્યા વિનાની ચીજરૂપ ભાવ. જેમાં ઊપજવું, બદલવું, નાશ થવું, ટળવું એવું કાંઈ નથી એવો ભાવ બતાવવા ભગવાનના મુખમાં પારિણામિકભાવ (શબ્દ) આવ્યો છે. એઈ..! ભઈ આ તો કઠણ વાત છે. જૈન દરબારની કોર્ટમાં ઊભા રહેવું, સાંભળવું એ કઠણ વાતું છે. આહા..હા..!

જ્યાં ગણધરો ઊભા છે, ચાર જ્ઞાનના ધણી ઊભા હોય, ઈન્દ્રો સો સો ખડા સમવસરણમાં છે. ભગવાનની દિવ્યધ્વનિ નીકળે છે. અત્યારે નીકળે છે મહાવિદેહક્ષેત્રમાં. સમજાય છે કાંઈ? બિરાજે છેને ભગવાન વિહરમાન પરમાત્મા સાક્ષાત્. મનોહરભાઈ! આવે છેને? વિહરમાન ભગવાન, નહિ? વિચરે છે વર્તમાન. પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે, હજી મનુષ્ય છે. કરોડો વર્ષ, અબજો વર્ષ પછી સિદ્ધ થશે. અત્યારે અરિહંત પદે છે. સમજાય છે કાંઈ? એ મહાન મર્મ છે આ શબ્દોમાં. અનંત કેવળીઓએ એમ કહ્યું છે. ચાર જ્ઞાનના ધણીએ એ શબ્દ વાપર્યો છે.

સ્વભાવિકપરમપારિણામિકસ્વભાવ. પારિણામિક એટલે વસ્તુ સહજરૂપ ભાવ એને અહીંયા પારિણામિકભાવ કહ્યો છે. એને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ, એનું આખું એકરૂપ ચતુષ્ટય ગણીને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય—બળ અંદર એના ચતુષ્ટયનું એકરૂપ ગણીને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવ્યા છે. એ પરિણામ પર્યાય નથી, એ પરિણામ અવસ્થા નથી, એ પરિણામ ઉત્પાદવ્યય (રૂપ નથી). સમજાણું કાંઈ? ધર્મચંદજી! આ ક્યાં ચાલે છે અત્યારે? માથાકૂટ આ કરો ને આ કરો, આ ક્રિયા કરો શુભરાગ થાય, કાંઈક પુણ્ય બંધાય. વસ્તુને સમજ્યા વિના ત્રણકાળમાં ધર્મ થતો નથી. આહા..! સવારે આવ્યું બરાબર ... પણ બહુ ઊંચું આવ્યું છે હોં! .. બરાબર આજે (આવ્યું છે). આહા..હા..!

આ માણેકસ્તંભ રોપ્યા નિયમસારના! આહા..હા..! આચાર્ય કહે છે કે સાંભળ! આ ભગવાન આત્મા... ભાઈ! તું હજી એનો ખ્યાલ તો કર. ખ્યાલ તો કર, ખ્યાલમાં તો વાત લે કે આ શું કહે છે? તારું ઘર આખું ભરેલું છે અનંતગુણથી એને અહીંયા પરિણામિકભાવે સંબોધ્યો છે. સમજાણું કાંઈ? ન્યાલભાઈ! '**તે નિયમ (—કારણનિયમ) છે.**' '**આ નિયમ તે કારણનિયમ છે.**' હેઠે છે. '**કેમકે તે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ કાર્યનિયમનું કારણ છે. (કારણનિયમના આશ્રયે કાર્યનિયમ પ્રગટે છે).**' શું કહે છે હવે? આમાં તો ઘણું ભરી દીધું. આ રાજમલજી કહેતા હતા કે અમે આ સાંભળ્યું નથી. એટલે પછી આ લીધું એને લઈને. ... હું અહીં છું ત્યાં સુધી કોઈ દિ' આ સાંભળ્યું નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એક વાર ખ્યાલમાં તો લે વાત. ભૂલી જા તર્ક-ફર્ક આ ને આ ને આ!

એ વસ્તુ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં વર્તમાન જે ઊપજવું બદલવાની અવસ્થા થાય છે એનું લક્ષ છોડી દઈને એની વાત અત્યારે પહેલી કરવી નથી. એ વસ્તુ ઊપજવું વિણસવું, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા ઊપજે અને મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન

અને મિથ્યારાગનો અભાવ થાય એ પર્યાય છે, એ પર્યાય છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન ક્યાંથી થાય? ખાણ કોણ? ખાણ કોણ? એ કારણભગવાન પરમસ્વભાવભાવ ભરેલો એ ખાણ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ ખાણ છે. સમજાય છે કાંઈ? છગનભાઈ! આહા..હા..!

કહે છે કે આત્માનો મોક્ષમાર્ગ... મોક્ષ એટલે પૂર્ણ આનંદની દશા સિદ્ધની. સિદ્ધદશા પૂર્ણ થવું એનું નામ મોક્ષ. પરમાત્મા સિદ્ધ થવું અશરીરી પૂર્ણ દશા. આત્માની પૂર્ણ નિર્મળ આનંદદશાનું નામ સિદ્ધ. એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવપર્યાય નિર્વિકારી દશા એ મોક્ષનો માર્ગ. હવે કહે છે કે એ મોક્ષનો માર્ગ જે પ્રગટ થાય છે એ અવસ્થા છે, એનું કારણ કોણ? (પૂર્વે) મિથ્યાદર્શન ટળ્યું માટે થઈ? કર્મનો અભાવ થયો માટે થઈ? (-ના). તો થાય ક્યાંથી એ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગના આનંદના ત્રણે પરિણામ એની ખાણ ત્રિકાળ આનંદકંદ શુદ્ધ ચૈતન્યપરિણામ ભાવ એ કારણ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ થવી એ કાર્ય છે. સમજાણું કાંઈ? આ તો માથું ફરી જાય ત્યારે સમજાય એવું છે. આહા..! એમ કાંઈ ન્યાં...

આહા..હા..! ઈન્દ્રો ઉપરથી ઉતરતા હશે સાંભળવા એ કેવી વાર્તા હશે? ઈન્દ્રો સ્વર્ગના, અર્ધ દેવલોકના નાથ, સુધર્મના, દક્ષિણાર્થના સ્વામી. ત્રણ તો જ્ઞાન જેને, અસંખ્ય દેવ તો જેની સેવા કરે, કરોડો તો હજી એને ઘરે અપ્સરાઓ. આ ભિખારી જેવી દશા નહિ, એની દશા તો એના બેસવાના ...ના એક પડવાયાના અબજો રૂપિયાની કિંમતનો એવો પડવાયો હોય નીચે. એવા ઈન્દ્રો દક્ષિણાર્ધના સ્વામી શક્રેન્દ્ર, ઉત્તરાર્ધના સ્વામી ઈશાનઈન્દ્ર, એવા એવા સો ઈન્દ્રો ભગવાનના સમવસરણમાં જાય. સમજાય છે કાંઈ? એ વાર્તા કેવી હશે? ચકલી લાવી ચોખાનો દાણો, ચોખા-મગની ખીચડી કરી એવી વાત હશે? સમજાય છે કાંઈ? આહા..હા..!

જેના ફળ અનંતઆનંદરૂપી મોક્ષદશા એના કારણરૂપી મોક્ષનો માર્ગ એના કારણરૂપી ભગવાન પરમાનંદસ્વભાવ ત્રિકાળ તે એનું કારણ છે. આહા..! સમજાણું કાંઈ? કહે છે કે નિયમ કારણનિયમ છે. નિયમસારમાં જે મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય એ તો કાર્ય છે. એનું પણ કાર્ય પાછું મોક્ષ થાય તે કાર્ય છે. પણ આ પર્યાય જે પ્રગટ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિર્મળ સ્વભાવરત્નત્રયરૂપ પર્યાય છે. એ સ્વભાવરત્નત્રયરૂપ દશા ક્યાંથી આવે? અને કોને લક્ષે થાય? અને એનું કારણ કોણ? મોહનભાઈ! ચોપડા ચુંથી-ચુંથીને મરી ગયા અનંતકાળથી, શાસ્ત્રના ભણતર પણ ભણી ભણીને મરી ગયો, પણ આ આત્મા કોણ છે એને કોઈ દિ' ભણ્યો નહિ. આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર તેની એક એક વાણીમાં અનંતુ રહસ્ય. એ ગણધર ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના રચનારા ગણધર પણ આમ સાંભળે. એને આવી આવી વાતું ચૌદ પૂર્વમાં અનંતી પડી હોય. ઈ તો ચૌદ પૂર્વની અંતર્મુહૂર્તમાં રચના કરે. એ

જ વાણી અંદર સાંભળે કે શું કહે છે આ? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભાઈ! અમે મોક્ષમાર્ગને કહેશું. અને મોક્ષમાર્ગ એક પર્યાય છે, દ્રવ્ય-ગુણ નહિ. મોક્ષમાર્ગ નવી પ્રગટ થતી દશા છે. મોક્ષમાર્ગ કંઈ અનાદિનો નથી એની પાસે. માર્ગ છે? માર્ગ હોય તો મોક્ષ આવવો જોઈએ. તો મોક્ષનો માર્ગ એ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની પર્યાયમાં—અવસ્થામાં—અનાદિથી નથી. અનાદિથી એની દશામાં મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ, આ ત્રણ છે અનાદિથી. હવે એને ટાળીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... ઓલા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર જે છે એ વિભાવપર્યાય છે, વિકારી દશા છે, એ દશાને ટાળીને સ્વભાવિક રત્નત્રય મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ કરવો છે. તો એ મોક્ષમાર્ગ બતાવવા પહેલાં ભગવાન કહે છે કે એ કાર્યદશા ક્યાંથી આવી? એ કાર્ય જે સમ્યગ્દર્શનરૂપી કાર્ય, સમ્યક્જ્ઞાનરૂપી કાર્ય, સમ્યક્ચારિત્રરૂપી કાર્ય—એક સમયમાં ત્રણે બોલ આવી જાય છે. સમય છેને? સમ-અય. સમ એટલે સમ્યગ્દર્શન, અય એટલે જ્ઞાન, સાર એટલે ચારિત્ર. સમજાણું કાંઈ? એક સમયસાર શબ્દમાં ત્રણ બોલ ભેગા આવી ગયા.

આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવરત્નત્રય કહેશું. એટલે કે સમયસાર એટલે કે આત્માની સમ્યગ્દર્શન દશા, સમ્યક્જ્ઞાન.. સમ-સમ્યગ્દર્શન, અય-જ્ઞાન, ગતિ પરિણમન અને સાર ચારિત્ર. એ સ્વભાવરત્નત્રય જે મોક્ષનો માર્ગ છે જે નિર્વિકારી દશા છે એ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે એને કહેશું. એ કહેવા પહેલાં એ શુદ્ધરત્નત્રયનું કારણ કોણ? છે એમાંથી આવે કે ન હોય એમાંથી આવે? છે એમાંથી. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો અત્યારે પર્યાયમાં અનંતસંસારી જીવને નથી. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ છે. ત્યારે પ્રગટ થાય સ્વભાવ શુદ્ધતા એ આવે ક્યાંથી? શેમાં પડી છે એ શક્તિ? કે ત્રિકાળ પરમસ્વભાવ ભગવાન આત્મા એ ધ્રુવ સ્વરૂપે નિત્યાનંદમૂર્તિ પરમસ્વભાવભાવ એના શુદ્ધચેતનાપરિણામ જે ધ્રુવ એ પરમ પારિણામિક સ્વભાવમાં કારણનિયમ એમાં પડ્યું છે. જે કાર્યનિયમનું કારણ એમાં પડ્યું છે. આહા..હા..! ભાષા જુદી, ભાવ જુદાં. ન્યાલભાઈ! 'આ લીલોતરી ખાવી નહિ, આ ન ખાવું.' એ તો વિકલ્પ છે, સાંભળને! આ લીલોછમ જેવો ભગવાન અંદર છે, એક સેકંડના અસંખ્યભાગમાં લીલોછમ અંદર આમ કરમાય નહિ, કોઈ દિ' ઉત્પન્ન થાય નહિ, કોઈ દિ' વ્યય થાય નહિ કોઈથી. એવું જેનું અનંત અનંત શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભાવરૂપ સ્વભાવ એને અહીંયા કારણનિયમ કહેવામાં આવે છે કે જેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કારણમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

પરમાત્મા પરમતત્ત્વ.. ઈ કહેશે હવે. જુઓ, નિયમ કાર્યનિયમ. આ કારણનિયમ કીધું. હવે કાર્યનિયમ એટલે? નિશ્ચયથી નક્કી જે કરવાયોગ્ય... હવે કરવાયોગ્ય, ઓલું તો ત્રિકાળી છે, એ કંઈ કરવાયોગ્ય નથી. એ તો છે એને શું કરવું? ત્રિકાળ જ્ઞાન, દર્શન, આનંદમૂર્તિ ધ્રુવ ધ્રુવ અનાદિઅનંત શુદ્ધભાવરૂપ ત્રિકાળ પડ્યો છે આત્મા.

**શ્રોતા :—** ... ઉત્પાદ-વ્યય.. સત્‌ની વ્યાખ્યા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્રણે સત્ છે, એનો ક્યાં પ્રશ્ન છે અહીંયા? આ વાત તો કરી. એ તો એક સમયનું સત્ છે, આ ત્રિકાળ સત્‌ની વાત ચાલે છે. એ બધી નોવેલ વાંચી છે, માથા ફરી ગયા છે બધા. આ ઉત્પાદ-વ્યય તો.. એ તો વાત બે-ત્રણ વાર કરી, એ તો એક સમયની પર્યાય છે, એક સમયની અવસ્થા છે. છે, પણ એક સમયનું સત્ છે. આ ત્રિકાળ સત્ છે. આ દ્રવ્યાર્થિક વાત કરી ઈ શું કરી? અહીં તો હવે ઉત્પાદમાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ પ્રગટ કેમ થાય? ક્યાંથી થાય? કોઈ મફત અધ્ધરથી લટકતો હશે? સમજાણું કાંઈ?

કહે છે કે ઈ વસ્તુ ભગવાન.. મૂળ આત્મા એટલે એને આમ વસ્તુ શું છે એનો ખ્યાલ નથી. વસ્તુ એટલે આત્મા. બસ, હવે શું? રાગ કરીએ અને રાગ છોડીએ, બસ. પણ એ તો અવસ્થાની વાત છે. એ તો વ્યવહારુ પર્યાયનો આત્મા થયો. નિશ્ચયઆત્મા કોણ છે? કે જે ત્રિકાળ એકરૂપ રહે? સમજાણું કાંઈ? હવે વ્યવહારઆત્મા અને નિશ્ચયઆત્મા. કેટલી ભાષા! અહીં તો એમ કહેવું છે, ભાઈ! અમે સ્વભાવરત્નત્રયને કહેશું. એટલે નિયમસારને કહેશું એટલે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગ એ પર્યાયને કહેશું. હવે પણ પર્યાય નથી અને ઉત્પન્ન થાય એ ક્યાંથી? કોઈ અધ્ધરથી લટકે છે? ત્રિકાળ આત્મામાં અનંત ગુણ અને ધ્રુવપણું સ્વભાવ પડ્યો છે એને અમે કારણનિયમ કહીએ છીએ. એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તમાન પર્યાયમાં કાર્યરૂપે ઊપજે છે.

ખાણની ખબર ન મળે અને ખોદવા જાય ક્યાંક. જોઈતું હોય સોનું અને લોઢાની ખાણ ખોદે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે શુદ્ધ આનંદધર્મ ક્યાં છે? શું રાગમાં છે? શરીરમાં છે? આ ક્રિયા જડની એમાં છે? ક્યાંથી પણ એ આવે? મોહનભાઈ! આહા..હા..! હેં?

**શ્રોતા :—** દેવ-શાસ્ત્ર-ગુરુ પાસેથી આવી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે હશે એનો ભાવ? ક્યાં ગયા? ગયાને? ભીખાભાઈ ગયા. કહો, સમજાણું આમાં? આહા..હા..!

અનાદિઅનંત ભગવાન સર્વજ્ઞો અનાદિથી પાંચ ભાવ કહેતા આવ્યા છે. એમાં એક આ પારિણામિકભાવ છે તે ધ્રુવ ભાવ છે ત્રિકાળ પરમસ્વભાવ અને એની અવસ્થાઓ થાય એ પુણ્ય-પાપના ભાવ થાય તે ઉદયભાવ છે અને આ મોક્ષમાર્ગ થાય તે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો બીજું વળી મગજમાં કહેવું હતું. ઓલો ઉપશમભાવ છેને? ભાઈ! ત્રણ. ત્રણ ભાવ નથી લીધા સમયસાર શ્લોકમાં? એમાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ રાગાદિ રહિત લીધું છે. ત્રણ ભાવ મોક્ષનો માર્ગ છે એ રાગાદિ રહિત લીધો. શુભરાગ એમ નથી લીધું. ત્યાં ઉપશમમાં એમ લીધું છે. સમજાણું?

(સમયસાર, ૩૨૦ ગાથા, જયસેનાચાર્યદેવની ટીકામાં) એમ કીધું છે કે '**परिणमनमागमभाष-**

**यौपशमिकक्षायोपशमिकक्षायिकं भावत्रयं भण्यते। अध्यात्मभाषया पुनः शुद्धात्माभिमुखपरिणामः शुद्धोपयोग इत्यादि पर्यायसंज्ञा लभते।**' પછી કહ્યું છે એનામાં, સમજ્યા? શુદ્ધ '**पारिणामिकभावविषये...**' ત્રિકાળ '**या भावना तद्रूपं यदौपशमिकादिभावत्रयं तत्समस्तरागादिरहित्वेन शुद्धोपादानकारणत्वान्मोक्षकारणं भवति,...**' રાગાદિરહિત. શુભજોગ શુભજોગ કહે છેને? ઉપશમમાં પણ ઈ જ ... ભગવાન આત્મા શુદ્ધપારિણામિક ભાવ એ ત્યાં લીધું. વિષય પારિણામિકભાવ કીધો છે ત્યાં. ત્રિકાળ એકરૂપ સ્વભાવ એમાં મોક્ષનો માર્ગ નથી અને મોક્ષ નથી. એ તો મોક્ષમાર્ગનું કારણ છે અને મોક્ષમાર્ગ છે એ ઉપશમ આદિ ભાવ ત્રયં. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અને ઓલો પુણ્ય-પાપનો ધર્મ અનાદિનો છે એ ઉદયભાવ છે. એ ઉદયભાવ વિકારી દશા એનો નાશ કરવો અને ઉપશમભાવ પ્રગટ કરવો એ ઉત્પાદ પર્યાય છે. એ પર્યાય કેવી છે? કે રાગાદિરહિત. '**समस्तरागादिरहित्वेन शुद्धोपादानकारणत्वान्मोक्षकारणं भवति**'. એ મોક્ષનું કારણ છે. અહીંયા એમ કહે છે... સમજાણું કાંઈ? એ.. ધર્મચંદજી! શું કહ્યું?

'**(-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય તે...**' ભગવાન આત્મા એક સમયમાં... એ કરવાલાયક છે, એ કરવાલાયક એ પર્યાય થઈ. આ કાંઈ કરવાલાયક (છે)? એ તો વસ્તુ છે અનાદિ. સમજાણું કાંઈ? હવે કહે છે, જે નિયમ એટલે કાર્યનિયમ. કાર્યનિયમ એટલે કે નક્કી કરવાયોગ્ય, નિશ્ચયથી કરવાયોગ્ય કાર્ય એટલે પ્રયોજનસ્વરૂપ. પ્રયોજન જીવનું એમાં સિદ્ધ થાય છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન અનાદિ મરી ગયો કરી કરીને, કાંઈ એમાં પ્રયોજન સિદ્ધ થયું નહિ. સમજાય છે કાંઈ? જે કરવાયોગ્ય હોય તે અથવા પ્રયોજનસ્વરૂપ હોય તે. શું તે? '**જ્ઞાનદર્શનચારિત્ર. તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' કરવાયોગ્ય હોય તે, પ્રયોજનરૂપ હોય તે. શું તે? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ અનંતકાળથી કર્યું નથી એ કરવાલાયક છે. સમજાણું કાંઈ? આત્મા સિવાય જડ આદિના, વેપાર ધંધા આદિની પર્યાય તો કોઈ દિ' એણે કરી જ નથી. આ ખાવું, પીવું, હાલવું, ચાલવું એ બધી જડની ક્રિયા તો આત્માએ કોઈ દિ' અજ્ઞાનભાવે પણ કરી નથી. એ તો જડની થાય છે. એણે કર્યો છે આત્માને ભૂલીને અજ્ઞાન અને રાગ-દ્વેષનો ભાવ! ...ભાઈ! હવે એ અજ્ઞાન અને રાગ-દ્વેષને ટાળવા માટે, ભગવાન કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કાર્ય કરવા જેવું છે. એ કાર્ય કરવા જેવું છે, કેમકે નવું છે. સમજાણું કાંઈ? એ કાર્યનિયમ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર '**તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' હવે. હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માનો મોક્ષનો માર્ગ તે કારણ ત્રિકાળમાંથી તેના અવલંબે પ્રગટ થાય તે, એનું સ્વરૂપ શું છે એ વાત કરે છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળમાંય .. નું પ્રયોજન નથી. શું પ્રયોજન છે? બાયડી, છોકરાને

નભાવવા એ પ્રયોજન હશે? ધૂડેય નભાવી શકતો નથી. કોણ નભાવી શકે? એ તો જડ પરવસ્તુ છે. શું હશે? રસોડાનું ધ્યાન કરી શકતો હશે કે નહિ? નહિ? તમે તો કર્તા-હર્તા અત્યારે છો, કહે છે ગામમાં. રસોડાનું અને આ ફલાણાનું ને ઢીકણાનું .... સમજાણું કાંઈ? કોણ કરે? રજકણને ફેરવે કોણ? ફૂદડી ફેરવી શકે નહિ. પરદ્રવ્યનું કોણ કરે? સ્વતંત્ર પદાર્થ છે જગતના. એ પોતે જ પોતાને કારણે પલટીને કાર્ય કરી રહ્યા, એને બીજું દ્રવ્ય કરે તો થાય તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય. બરાબર છે? આહા..હા..!

અહીં તો વિકાર કરવો એ કાંઈ એનું કર્તવ્ય છે? અરે..! વ્યવહારના વિકલ્પોના દર્શન, જ્ઞાન, ચારિત્રના વ્યવહારના (વિકલ્પ) એ કાંઈ ખરું કર્તવ્ય છે? એ તો પુણ્યબંધનું કારણ છે, એમ બતાવે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રયોજન આ એક જ છે. ધૂડમાંય પ્રયોજન નથી બીજે. વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકલ્પો પણ એ પ્રયોજનસ્વરૂપ નથી. પુણ્યબંધનું કારણ છે. એ પ્રયોજનરૂપ નથી. એમાંથી આત્માનું કાર્ય જરા પણ સિદ્ધ થતું નથી. આહા..હા..! વીતરાગમાર્ગ જગતને સાંભળવા મળે નહિ, એ સમજે કે દિ' અને રુચિમાં લાવીને પરિણમાવે કે દિ'? આમ વાત (છે).

પિંડલો પ્રભુ ચૈતન્ય એની ખાણમાં તો ખૂટે નહિ એટલા ગુણોની પર્યાય પડી છે. જેની ખાણમાં અનંતા અનંતા કેવળજ્ઞાન પ્રગટ થયે જાય તોપણ એ ખૂટે નહિ એવો ભગવાન અંદર છે. સમજાણું કાંઈ? એક ગામમાં એવું હતું કે આ ગામમાં એવો રિવાજ છે કે ખૂટે નહિ ખૂટલનો. ખૂટે નહિ ખૂટલનો. કોઈ એમ કહે કે ભાઈ! આવું ન હોય. પણ અમારા ગામમાં એવો રિવાજ છે કે ખૂટે નહિ ખૂટલનો. અહીં ખૂટે નહિ આત્મા. એ વાત ચાલી હતી. ખબર છે બધી, ક્યા ગામમાં અને કોણ કહેતું હતું? સમજાણું કાંઈ? એ બધા ગામમાં એવા વેપાર કરનારા ને, ઓલો કહે કે તમે ખૂટી જાઓ છો. આ ગામમાં ખૂટે નહિ ખૂટલનો. સમજો છો ભાષા? આ ગુજરાતી છે. ખૂટે નહિ ખૂટલનો. આ પચાસ-સાંઈઠ વર્ષ પહેલાંની વાત છે. વાણિયા વાણિયા વચ્ચે ... પણ આ તમે (ખૂટી જાઓ છે). અહીં તો ખૂટે નહિ ખૂટલનો. એ.. ન્યાલભાઈ! અહીં ખૂટે નહિ એવો આત્મા કહેવામાં આવે છે કે જેમાંથી ગુણની પર્યાય ખૂટે નહિ એને ભગવાન કહેવામાં આવે છે, લે અહીં! સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ આત્મા શું છે એ એને વાતમાં બેઠી નથી, સાંભળી નથી. આ તે આત્મા કોને કહેવો? જાણે મહત્તા આપે પરને આપી કે આહા..હા..! તારી મહત્તાનો પાર નથી. કેવળીઓ પૂરી મહત્તા કહી શકતા નથી એટલો તું છો. આહા..હા..! એવું એનું દ્રવ્યસ્વરૂપ, વસ્તુસ્વરૂપ પરિણામસ્ભાવભાવસ્વરૂપ છે.

કહે છે, એ કારણ છે. જોયું? બધા કારણ ઊડાવવા છે. નિમિત્તકારણ હોય તો સમ્યગ્દર્શન થાય, વ્યવહાર હોય તો નિશ્ચયસમ્યગ્દર્શન થાય, આ દેવના દર્શન હોય તો સમ્યગ્દર્શન થાય, એ બધી વાત એમ નથી, લે. આ દેવ આત્મા અંદર ભગવાન બિરાજે છે એના દર્શન

કર તો સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? હવે એની સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે. '**ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.**' એ સ્વરૂપ કોનું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એનું સ્વરૂપ કહે છે. ઓલું તો મોક્ષમાર્ગ તો કાર્ય છે અને કારણની પહેલી વાત કરી કે ઈ કાર્ય આવ્યું ક્યાંથી? અંદરના વસ્તુમાં ભંડાર દળ પડ્યો છે આખો. એની અંદર એકાગ્ર થાય ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? આ ફુવારામાં જેટલું જોર દે એટલો ફુવારો નીકળે છેને પાણીમાંથી? ફૂ... થઈને.

ભગવાન આત્મામાં એટલા ગુણો પારિણામિક સ્વભાવે એટલે સહજભાવે શક્તિ એટલી પડી છે.. ભાઈ! એ ભગવાનના જ્ઞાનમાં આવી છે, પૂરી કહી શકતા નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો, તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' શ્રીમદ્ રાજચંદ્ર નાની ઉંમરમાં ત્રીસ વર્ષે આ અપૂર્વ અવસરની ગાથાઓ મૂકી છે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે...' પર્યાયનું હોં! દ્રવ્ય-ગુણની તો વાત શી? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં...' શું ચીજ પણ એ તે જ્ઞાનમાં આવી. 'કહી શક્યા નહિ...' ગુંગાના ગોળ. ગુંગો ગોળને સ્વાદે પણ વાણીમાં શું કહે? એવો ભગવાન જેની નિર્મળ કેવળજ્ઞાનની પર્યાય પણ જ્યાં કહી શકાય નહિ પૂરી, એના ગુણ અને આત્માની તો શું વાત કરવી!

એ ભગવાન આત્મા, અરે..! એને કોઈ દિ' કિંમત એની કરતાં આવડી નથી. દુનિયાની ધૂડની કિંમતુ ને ગોળની કિંમતુ ને દાણાની કિંમતુ ને સોનાની કિંમતુ. આ સોળવલું છે ને ધૂળવલું છે. સમજાય છે કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કેવળજ્ઞાની કહે છે, ભગવાન! તું ભગવાન છો, મારા જેવો છો. કેવળજ્ઞાન આદિ થશે એ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે એવો છે? તારા સ્વરૂપમાં પૂર્ણ પડ્યું છે, ભાઈ! તું પૂર્ણાનંદ છો. તું બધી દશાનો કારણ છે. એ સિદ્ધની દશાનું પણ તું કારણ છો, હું નહિ, એમ કહે છે. આહા..હા..! તારી સિદ્ધની દશાનું કારણ તારો આત્મા છે અને તારા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના ધર્મનો કારણ તારો આત્મા છે, અમે નહિ. આહા..હા..! વીતરાગ એમ કહે. બીજા એમ કહે કે અમે તને તારી દઈશું. તું તરીશ, અમારે તો કાંઈ તરાય એવું નથી. ...ભાઈ! આ તો વીતરાગ કહે. આહા..હા..!

જૈનશાસનમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એમ કહ્યું, ભાઈ! તારી ધર્મદશાનું કારણ તારો આત્મા છે. આહા..હા..! ધર્મદશા કહો કે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. તારા ધર્મનું કારણ તારો આત્મા છે. તારા ધર્મનું કારણ રાગની મંદતા, કષાય આદિ ભાવ એ ધર્મનું કારણ નથી. અમે નિમિત્ત તરીકે પણ તારા ધર્મનું કારણ નથી, લે! તું ધર્મનું કારણ તારું કહે ત્યારે અમે નિમિત્ત કહેવામાં આવીએ. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી કારણસમયસાર પહેલું લીધું. કારણપરમાત્મા. હવે સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે. પહેલું જ્ઞાન લેશે. બોલ ત્રણ છે

ખરાને. સમજાણું કાંઈ?

'(૧) **પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' જુઓ, પહેલાં પાઠમાં ત્રણ આવ્યા હતા ખરાને? જ્ઞાન, દર્શન, ચારિત્ર છે ખરાને? એટલે જ્ઞાનની વ્યાખ્યા કરે છે. સમ્યક્જ્ઞાન કોને કહેવું કે જે જ્ઞાન મોક્ષનો માર્ગ છે? જે જ્ઞાન બંધનને ટાળવાનો ઉપાય છે, એ જ્ઞાનની વ્યાખ્યા શું? કે '**પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' સર્વજ્ઞ કહે છે કે મારું લક્ષ અને અવલંબ્યા વિના, અમારી વાણીને અવલંબ્યા વિના, અમારી પ્રતિમાને અવલંબ્યા વિના અને એના તરફનો શુભરાગ થાય એને અવલંબ્યા વિના. જુઓ, એમાં છે કે નહિ? '**પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે...**' સમસ્તપણે, સમસ્તપણે '**અંતર્મુખ યોગશક્તિ...**' જુઓ, બહિર્મુખનો વિકલ્પ ને શરીર, વાણી, મન કે ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર બધાનું અવલંબન છોડી દઈને પરના અવલંબન વિના આહા..હા..! '**નિઃશેષપણે અંતર્મુખ...**' અંતર્મુખ. ભગવાન આત્મા વસ્તુ એમાં અંતર્મુખ, અંતર મુખ્યતા, અંતર દશા.

'**યોગશક્તિમાંથી ઉપાદેય...**' '**(ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને...)**' વર્તમાન જ્ઞાનદશા, અવસ્થા એને ત્રિકાળ કારણ તરફ લગાવી દઈને '**(સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય)...**' ભગવાન આત્મા શુદ્ધચેતના જ્ઞાનપરિણામ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. છે એના અંતર્મુખ થઈને, બહિર્મુખનો વિકલ્પ બહિર દિશા ફરી જ્યાં. અંતર્મુખના સ્વભાવમાં જ્યાં પૂર્ણ જ્ઞાને ભરેલો છે, એના અંતર્મુખમાં સંપૂર્ણપણે નિઃશેષ અંદર વીર્યને જોડી દઈને '**(ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજપરમતત્ત્વનું પરિજ્ઞાન...**' નિજપરમતત્ત્વ જે પહેલું કહ્યું. પરમસ્વભાવભાવ નિજપરમતત્ત્વનું પરિજ્ઞાન '**તે જ્ઞાન છે.**' એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લૌકિક જ્ઞાનેય નહિ, વકીલાતનું નહિ, આ ડૉક્ટરનું નહિ, આ ધૂડધાણીનું કર્યું હતું આ જેચંદભાઈએ બધું આ લોકનું. એ.. મોહનભાઈ! બેય ભેગા થઈને ધૂળધાણી કરી હતી એ નહિ. આ શાસ્ત્રના ભણતર પણ નહિ, લે! ભગવાને કહેલા શાસ્ત્ર એ પરવસ્તુ ઉપર લક્ષ દે ત્યાં સુધી એ સમ્યક્જ્ઞાન નહિ. આહા..હા..! આ એનાથી ઉઘડેલું જ્ઞાન, રાગ મંદ કરીને ક્ષયોપશમભાવ (થયો) એને પણ અવલંબ્યા વિના, એમ કહે છે.

ભગવાન અંતર્મુખ અવલંબીને સમસ્તપણે જેવું નિજપરમતત્ત્વ ભગવાન આત્મા એનું જે જ્ઞાન, પાછું પરિજ્ઞાન હોં! એનું નામ મોક્ષના માર્ગનું સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. એક બોલ ચાલ્યો. વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૧૦, બુધવાર, તા. ૨-૦૩-૧૯૬૬, ગાથા-૩, શ્લોક-૧૦, પ્રવચન નં. ૮

આ નિયમસાર શાસ્ત્ર ચાલે છે. એનો પહેલોં અધિકાર જીવ અધિકાર, ત્રીજી ગાથા. જુઓ, અહીંથી ફરથી લઈએ. એક છેને? એક. શું અધિકાર ચાલે છે? નિયમસાર, મોક્ષનો માર્ગ. પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં શું કારણ પડે છે? દર્શન, જ્ઞાન, ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહે છે? કે જે મોક્ષનો ઉપાય છે અને જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કહે છે, સમ્યક્જ્ઞાન. જુઓ, પહેલું. સમ્યક્જ્ઞાન મોક્ષનો ઉપાય છે. સમ્યક્જ્ઞાનની વ્યાખ્યા શું? કે પરદ્રવ્યનું અવલંબન લીધા વિના. છે એમાં? પરદ્રવ્ય શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર કે પુણ્ય અને પાપના ભાવ એનું અવલંબન લીધા વિના. '**નિઃશેષપણે અંતર્મુખ...**' આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, ધ્રુવ ચિદાનંદ જેમાં અનંતશાંતિ અને આનંદ પડ્યા છે એવો જે આત્મા, બહિર્મુખની વૃત્તિનું અવલંબન છોડીને અંતર્મુખ સ્વભાવ ચેતનનું અવલંબન લઈને નિઃશેષપણે. નિઃશેષનો અર્થ શું? કોઈપણ વિકલ્પનું અવલંબન છોડીને. અંતર્મુખ. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એના સન્મુખ '**યોગશક્તિમાંથી ઉપાદેય (ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને...)**' પોતાના જ્ઞાનવેપારને સંપૂર્ણપણે અંતર્મુખ સ્વભાવસન્મુખ નિજઘરમાં કરીને. આહા..હા..! આજે સવારે આવ્યું હતું, નહિ? 'નિજઘરમેં કબહુ ન આયા', 'કભી નિજઘર ન આયા'. પરઘર વિકલ્પ, પુણ્ય-પાપના ભાવ અને શરીર, વાણી પરદ્રવ્યનું લક્ષ કરીને બહિર્મુખ થઈને પરિભ્રમણ કર્યું. વસંતલાલજી! આહા..હા..! 'કબહુ નિજઘર ન આયા.' તો કહે છે, નિજઘર કેવું છે? કે પરદ્રવ્યનું અવલંબન લીધા વિના. જુઓ, એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ અવલંબન નથી.

અંતર્મુખ નિઃશેષ સંપૂર્ણપણે પરમાનંદ પોતાનું નિજ સ્વરૂપ એના સન્મુખ વેપાર કરીને '**(ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજપરમતત્ત્વ...**' નિજ પોતાનું સ્વરૂપ પરમ આનંદસ્વરૂપ એ ગ્રહણ કરવાયોગ્ય છે. એ દૃષ્ટિમાં લેવા યોગ્ય છે. એ પરમતત્ત્વનું પરિજ્ઞાન એનું નામ જ્ઞાન છે. એનું નામ જ્ઞાન છે. એ જ્ઞાન મોક્ષનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન આદિ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? નિજઘર પરમાત્મા નિજસ્વરૂપ સમસ્તપણે બાહ્ય પદાર્થનું અવલંબન, લક્ષ, આશ્રય છોડીને અંતર્મુખ સમસ્તપણે ધ્રુવ ભગવાન પોતાનું નિજસ્વરૂપ સન્મુખ કરીને, સ્વરૂપને ગ્રહણ કરીને જ્ઞાન કરવું એનું નામ સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન સંવર અને નિર્જરાનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સિવાય પરનું અવલંબન જેટલું લે તેટલો શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન લે (એમાં) શુભવિકલ્પ, શુભરાગ થાય છે.

પુણ્યબંધ થાય છે. સમજાણું કાંઈ?

નિજ સ્વરૂપ ભગવાન આત્મા એને અંતર ગ્રહણ નામ એની પક્કડ, ચૈતન્યમાં અંતર ઉપયોગ કરીને તેને પોતાના સ્વસંવેદનમાં, સ્વ પોતાના વેદન પ્રત્યક્ષમાં એને પકડીને દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું એનું નામ સમ્યક્જ્ઞાન મોક્ષના માર્ગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ્ઞાન પહેલો અવયવ કહેવામાં આવે છે.

**શ્રોતા :—** દેશનાલબ્ધિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેશનાલબ્ધિ નહિ અહીંયા. દેવાનુપ્રિયા! અહીં તો બધું નીકળ્યું તમારું, દેશનાલબ્ધિ નહિ. ક્યાંય ગઈ એ તો. પરદ્રવ્યનું અવલંબન છે એમાં. જુઓ, પણ અંદર છે કે નહિ? પગ લુલા થઈને આવ્યા છે ત્યાં અંદરથી. જુઓ,

એવું જે નિજપરમતત્ત્વ, નિજપરમતત્ત્વ. ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અનંત ગુણની ગાંઠ. અનંત ગુણની ગાંઠ. જેમાં મહા લાલ ચૈતન્ય લાલ રત્ન ભરેલા પડ્યા છે. આહા..હા..! એ રતન લાલ રત્નની ગાંસડી છે આત્મા. અનંત રત્નની ગાંઠ. એ તરફનો ઉપયોગ સમસ્ત પ્રકારે. સમસ્ત કેમ લીધું? કોઈપણ અંશ રાગનો, વિકલ્પનો આશ્રય છોડીને. પોતાના નિજ સ્વરૂપસન્મુખનું પોતાના સ્વરૂપનું જ્ઞાન કરીને તેને પકડવું એનું નામ નિજતત્ત્વનું પરિજ્ઞાન, જાણવું—જ્ઞાન કહેવામાં આવ્યું છે. ઓહો..હો..! એ.. દેવાનુપ્રિયા! દેશનાલબ્ધિ ક્યાં રહી ગઈ? દેશનાલબ્ધિ તો ઠીક પણ એ તરફનો રાગ મંદ કરીને, જે કહે છે એનો ખ્યાલ આવ્યો જ્ઞાનના ક્ષયોપશમમાં એનું પણ અવલંબન છોડીને, એમ કહે છે. સમજાણું કાંઈ?

ગુરુએ કહ્યું એ દેશનાલબ્ધિ હોય છે. પણ એ થયું, સાંભળ્યું મંદ રાગમાં, એ તરફનો ખ્યાલ આવ્યો કે 'આત્મા શુદ્ધ છે' એમ કહે છે, એવા જ્ઞાનનો ક્ષયોપશમ પરલક્ષી વિકાસ થયો એનો આશ્રય પણ છોડીને. સમજાણું કાંઈ? આહા..હા..! નિજસ્વરૂપનું માહાત્મ્ય જ એને કદી આવ્યું નહિ. પરઘરની વાત કરતાં-કરતાં પોતાનો મોક્ષ થઈ જશે એમ અનાદિથી માન્યું છે લોકોએ. ન્યાલ (થવાનો) રસ્તો બીજો અને ચાલ્યો ગયો બીજે. આહા..હા..! એની શ્રદ્ધામાં પહેલાં એમ જામવું જોઈએ, એમ રુચવું જોઈએ કે સ્વસ્વભાવની સન્મુખતા થયા વિના કદી આત્માનું સમ્યક્જ્ઞાન-દર્શન મોક્ષનો માર્ગ થતો નથી. સમજાણું કાંઈ? વસંતલાલજી! શું ચાલે છે તમારા કલકત્તામાં? ઝઘડા ચાલે છે. 'નહિ, વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે. પહેલાં વ્યવહાર કરો પછી થાય.' ધૂડમાંય નથી થતું એમ કહે છે. સમજાણું કાંઈ?

આવું જે નિજપરમતત્ત્વ ભવગાન જે મહાસામર્થ્ય સ્વભાવસ્વરૂપ નિઃશેષપણે પરનું લક્ષ છોડીને, સમસ્તપણે સ્વભાવસન્મુખનો ઉપયોગ કરીને જે જ્ઞાન થાય છે તેને સમ્યક્જ્ઞાન મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. ઈ કોણ કરી દ્યે? બીજો કોઈ કરી શકે છે? બીજાથી મળે છે? એક વાત.

હવે સમ્યગ્દર્શન. '(૨) **ભગવાન પરમાત્માના...**' પરમાત્મા નામ પોતાનું સ્વરૂપ હોં! પરમાત્મા એટલે. પરમઆત્મા—પરમસ્વરૂપ, પોતાનું ધ્રુવ પરમ ત્રિકાળ સ્વરૂપ. ભગવાન મહિમાવંત પોતાનું પરમ પરમ પરમ ઉત્કૃષ્ટ સ્વરૂપ એના '**સુખના અભિલાષી...**' એના સુખ નામ આનંદનો અભિલાષી છે એવા '**જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું...**' શુદ્ધ અંતઃતત્ત્વ ભગવાન આનંદસ્વરૂપ એનો વિલાસ, ક્રિડા, મોજ, આનંદ. નીચે છે. એનું '**જન્મભૂમિસ્થાન...**' શું કહે છે? ઓહો..! અતીન્દ્રિય આનંદના જન્મની ઉત્પત્તિ ભૂમિનું સ્થાન '**જે નિજશુદ્ધ જીવાસ્તિકાય...**' નિજશુદ્ધજીવાસ્તિકાય એમ કેમ કહ્યું? અસંખ્ય પ્રદેશ છેને? અજ્ઞાની તો કહે છે, આત્મા.. આત્મા. પણ એમ નહિ. અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ એવો નિજ શુદ્ધજીવાસ્તિકાય '**તેનાથી ઊપજતું જે પરમશ્રદ્ધાન તે જ દર્શન છે.**' એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

ફરીથી. ભગવાન પરમાત્મા પોતાનું નિજ પરમસ્વરૂપ એના આનંદના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસ નામ આનંદ અને મોજનું ઉત્પત્તિ ભૂમિ સ્થાન, અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ ભૂમિ સ્થાન, ઉત્પન્ન થવાનું ભૂમિ—સ્થળ જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય. શું કહ્યું સમજાણું? અતીન્દ્રિય આનંદના અભિલાષીને અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનું ભૂમિ સ્થાન ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્માનો આનંદ નથી શરીરમાં, નથી સ્ત્રીમાં, વિષયમાં નથી, નથી પાપમાં, પુણ્યમાં નથી, નથી એક સમયની અવસ્થામાં. આહા..હા..!

માણસ કહે છે કે આ જમીનમાં ચોખા પાકે છે. એમ કહે છેને? આ જમીનમાં ચોખા પાકે છે, આ જમીનમાં ઘઉં પાકે છે. આત્મા જમીન કેવી છે? આત્મભૂમિ કેવી છે? સમજાણું કાંઈ? કોઈ કહે છેને, આ જમીનમાં બહુ ચોખા-ચાવલ થાય છેને? કેવા? બાસમતિ... શું કહેવાય? બાસમતિ ને એવા ઘણાં, કુલ્ફા અને ફલાણા.. બહુ ચોખા. એક ઠેકાણે ત્યાં ગયા હતા. ગાડા આવતા ગાડા બહુ. કયુ ગામ? ચીખલી, ચીખલી. ચીખલી ગયા હતા તો બહુ ચોખા ઊંચા. સાંજે બહાર ફરવા ગયા આહાર કરીને, ત્યાં ગાડે ગાડા (ભરીને આવે). બહુ ઊંચા ચોખા આવે છે. ચીખલી. એમ કહે છે કે ચોખા પાકવાની જમીન જુદી જાતની હોય છે.

એમ પોતાના અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિની ભૂમિ કોણ? ન્યાલભાઈ! પોતાનો આત્મા નિજભૂમિ, નિજક્ષેત્ર, નિજસ્વભાવનું ક્ષેત્ર પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય સુખના અભિલાષીને, અતીન્દ્રિય સુખના અભિલાષીને પોતાના અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિની ભૂમિનું ક્ષેત્ર પોતાનો આત્મા છે. આહા..હા..! છે?

**શ્રોતા :—** એ તો પ્રગટ જ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પ્રગટ જ છે. વસ્તુ પ્રગટ છે, વસ્તુ કે દિ' અપ્રગટ છે? પદાર્થ પદાર્થ પદાર્થ પદાર્થ... સત્ સત્ સત્ સચ્ચિદાનંદ શાશ્વત જ્ઞાન આનંદકંદ ધ્રુવ એ અતીન્દ્રિય

આનંદનું... અહીં તો ઈ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ અતીન્દ્રિય આનંદનો જ અભિલાષી છે. ભાઈ! એમ બતાવે છે. સમ્યગ્દૃષ્ટિ અતીન્દ્રિય આનંદનો જ અભિલાષી છે. પુણ્યનો, પાપનો, વિકલ્પનો, નિમિત્તનો, પર્યાયનો અભિલાષી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મસ્વરૂપ મહિમાવંત પોતાનો પરમ પરમ આત્મ એટલે સ્વરૂપ, એવા એના અતીન્દ્રિય આનંદના અભિલાષી, સુખાભિલાષી એવા જીવને, એવા જીવને '**શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું...**' અંતઃતત્ત્વ પરમસ્વરૂપ ભગવાન આત્મા એની મોજના આનંદના ઉત્પત્તિ ભૂમિ સ્થાન જે નિજશુદ્ધજીવાસ્તિકાય એનાથી ઉત્પન્ન થવાવાળું, એની પ્રતીત કરીને ઉત્પન્ન થવાવાળું પરમશ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે. સાથે એમ લઈ લીધું કે સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ સાથે થાય છે એમ લઈ લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એવું નથી કે પ્રતીત, પ્રતીત, પ્રતીત. સમજાણું કાંઈ? પોતાનું આનંદધામ ભગવાન છે, અતીન્દ્રિય આનંદનો અભિલાષી સમ્યગ્દૃષ્ટિ એના આનંદનું ઉત્પત્તિસ્થાન, નિજ ભૂમિ, નિજ ક્ષેત્ર, નિજ સ્વભાવની ભૂમિ એ તરફની દૃષ્ટિ કરવાથી જે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, સાથે અતીન્દ્રિય આનંદનું વેદન પણ સાથે આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** મહાભાગ્યે સાંભળવા મળે આ વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાચી વાત છે, વાત સાચી. આવી વસ્તુ ક્યાંય સાંભળવા મળતી નથી. ગડબડ ગડબડ ગડબડ... આમ કરો, આમ કરો. પૂજા કરો, ભક્તિ કરો, તપ કરો, અપવાસ કરો, નામસ્મરણ કરો... કરતાં-કરતાં તમને ધર્મ થઈ જશે. ન્યાલભાઈ! ન્યાલભાઈએ તો બધુ ઘણું સાંભળ્યું છે. ભગવાનજીભાઈ! ઈ પણ જૂના માણસ છે, ઘણું સાંભળ્યું છે. આહા..હા..!

ભાઈ! તારી ચીજમાં કોઈ માલ છે કે નહિ? તું આત્મા છો, તો આત્મામાં કોઈ સત્ત્વ, સત્ત્વ, સત્‌નું સત્ત્વ એ સત્‌ છે, આત્મા સત્‌ છે, સત્‌ છેને? કે અસત્‌ છે? સત્‌ છે, તો એમાં કોઈ સત્ત્વ છે કે નહિ? એનો રસ, કસ, માલ. એમાં તો અનંતજ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શ્રદ્ધા એવા અનંત અનંત કસ—ગુણ ભર્યા છે. એ મોક્ષના અભિલાષીને અથવા આનંદના અભિલાષીને.. અહીં તો સમ્યગ્દર્શનનો અર્થ આ લીધો છે. અતીન્દ્રિય શાંતિ અને આનંદના અભિલાષીને... સમજાણું કાંઈ? આવા જીવને શુદ્ધ અંતઃતત્ત્વ, એક સમયની પર્યાય પણ નહિ, પુણ્ય-પાપના વિકલ્પ પણ નહિ, નિમિત્ત પણ નહિ, શુદ્ધ અંતઃતત્ત્વ માલ અખંડ જ્ઞાયકભાવ શુદ્ધ એનો વિલાસ, એનો આનંદ, એની જન્મભૂમિ, ઉત્પત્તિનું સ્થાન એવું જે નિજશુદ્ધજીવાસ્તિકાય. એવો જે નિજશુદ્ધજીવાસ્તિકાય.

જીવાસ્તિકાય શા માટે લીધું સમજાણું? અન્યમતિમાં અસંખ્ય પ્રદેશી આત્મા એમ છે જ નહિ. એણે જોયો નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે આત્મા જીવાસ્તિ—અસ્તિ છે અને કાય છે. જીવ છે. જુઓ, શુદ્ધ જીવ છે, અસ્તિ એટલે છે અને કાય, સમૂહ છે. સમૂહ

છે, એક જ પ્રદેશ એમ નહિ, અસંખ્ય પ્રદેશ સમૂહ છે. એવો જે શુદ્ધ નિજ જીવ અસ્તિકાય. શુદ્ધ જીવ નિજ અસ્તિ છે એવો સમૂહ તે જ સમ્યગ્દ્રષ્ટિને આનંદની ઉત્પત્તિની ભૂમિકા છે એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં ઈ આ જ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणी मोक्षमार्गः'**. એમાં જે તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે તે જ આ વસ્તુ છે. કેમકે તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં આત્મા આવ્યો. તો આત્મા છે ઈ આનંદની ઉત્પત્તિનું સ્થાન છે. એની અંતરમાં શ્રદ્ધા કરી તો શ્રદ્ધા આદિ ઉત્પન્ન થયા તે સંવર, નિર્જરા થયા. પૂર્ણ શુદ્ધિ મોક્ષ થશે એવી પ્રતીતિ થઈ અને આસ્રવ, બંધ છે એનો આશ્રય છોડીને અહીંયા પોતાનું નિજનું અવલંબન લીધું, આસ્રવ, બંધનું પણ જ્ઞાન થયું એમ સાત તત્ત્વમાં જ્ઞાયકતત્ત્વનો આશ્રય કરીને જે આનંદની ઉત્પત્તિનું સ્થાન ભગવાનને જોઈને જે પ્રતીતિ થઈ એમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન—સાતે તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

મહિમાવંત પ્રભુ પોતાનો આત્મા એના સુખનો અભિલાષી. જુઓ, અભિલાષ નામ છેને? અભિલાષ નામ છે. નામ છે કે નહિ? તમારે બોર્ડિંગમાં છે એક છોકરાનું. ઓલો બૌદ્ધ થયો છે ઈ. અકલંક, નિકલંક અને બૌદ્ધ. એનું નામ અભિલાષ છે અભિલાષ છે. સવારે આવ્યો હતો, મેં કહ્યું, અભિલાષ મોક્ષની કરવી હોં! એ છોકરાનું નામ ભાઈ અભિલાષ છે. ક્યાંકનો છે. કલોલનો છે? અભિલાષ નામ છે. સવારમાં આવ્યો હતો. મેં કહ્યું કે (ભલે) બૌદ્ધ થયો, પણ અભિલાષ તો મોક્ષની કરવી. આત્મા છૂટે એની અભિલાષ. સમજાણું કાંઈ? આ અભિલાષ આજ આવ્યું આમાં, જુઓ, ભગવાન આત્મા, 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. જુઓ, દૌલતરામજી કૃત છ ઢાળા છેને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, તોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો'. ઈ આ વાત થઈ, ઈ જ વાત છે. સમજાણું કાંઈ? છ ઢાળામાં પણ ઈ જ કહ્યું છે, તત્ત્વાર્થશ્રદ્ધાનમાં પણ આ જ કહ્યું છે, અહીંયા પણ ઈ જ છે. સમજાણું કાંઈ?

જીવને એવા '**નિજશુદ્ધજીવાસ્તિકાય...**' નિજ નામ પોતાનો શુદ્ધજીવાસ્તિકાય. એ અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનું સ્થાન છે. અતીન્દ્રિય આનંદના અભિલાષીને આવો જીવ જે આનંદની ભૂમિ છે એની પ્રતીત કરવી, શ્રદ્ધાન કરવું અને એનાથી ઉત્પન્ન થવાવાળા, આવા આત્મામાંથી ઉત્પન્ન થવાવાળું '**જે પરમશ્રદ્ધાન...**' જુઓ, આત્મા અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનું સ્થાન, એનાથી ઉત્પન્ન થવાવાળું, રાગથી ઉત્પન્ન થવાવાળું, પુણ્યથી ઉત્પન્ન થવાવાળું, વિકલ્પથી અને નિમિત્તથી, શરીરની ઉત્પન્ન થવાવાળું નહિ.

**શ્રોતા :—** જીવિત શરીરથી ઉત્પન્ન થવાવાળું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જીવિત શરીરથી ઉત્પન્ન થાય. ભગવાન! એ પ્રશ્ન ઉઠ્યો છેને જયપુરમાં પહેલાં? સચેત શરીરથી-કાયાથી ધર્મ થાય છે. આહા..હા..! અરે..! ભગવાન! અરે..!

તારે ક્યાં જાવું છે? તને તારા સ્વરૂપની કિંમત નહિ. શરીરની ક્રિયા, સચેત શરીર. તો એનાથી ચાલતા-ચાલતા ધર્મમાં કાંઈક લાભ થાય છે. અહીં તો કહે છે, ભગવાન! શરીરની પર્યાયથી તો નહિ, આ શુભરાગની પર્યાયથી નહિ, આ રાગની મંદતાથી ક્ષયોપશમજ્ઞાન થયું એનાથી નહિ, ભગવાન એક સમયમાં અંતઃતત્ત્વ પરમશુદ્ધધ્રુવસ્વભાવ એનાથી ઉત્પન્ન થનાર સમ્યગ્દર્શનને સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! સાંભળવા મળે નહિ, સમજે નહિ, રુચિ ક્યારે કરે? સ્વ તરફનો અંતરનો ઉપયોગનો પ્રયોગ—અજમાયશ કેવી રીતે કરે? ધર્મચંદજી! આહા..હા..! ચાંદમલજી! શું છે? બહુ ગડબડ થાય છે ચારે બાજુ. અરે..! ભગવાન! તારા ઘરનું માહાત્મ્ય તને નહિ અને તું બીજાનું માહાત્મ્ય કરવા જાય અને સ્વના માહાત્મ્યની પ્રતીતિ થાય એમ કેમ બને? આહા..હા..! નિજઘરની પ્રતીતિ નહિ, નિજઘરનું માહાત્મ્ય નહિ, નિજઘરમાં શું ચૈતન્યરત્નાકર આત્મા છે (એનો મહિમા નહિ). ચૈતન્યરત્નાકર. અનંત અનંત રત્નની ગાંસડી આત્મા છે એવા આનંદની ઉત્પત્તિનું સ્થાન જ આત્મા છે.

એવો ભગવાન નિજસ્વરૂપ શુદ્ધજીવઅસ્તિકાય. શબ્દ પણ કેવો લીધો છે! શુદ્ધ જીવ છે, સમૂહ અસંખ્ય પ્રદેશનો સમૂહ. એ આનંદની ઉત્પત્તિનું સ્થાન એવા જીવથી ઉત્પન્ન થાય છે, જે આનંદની ઉત્પત્તિનું સ્થાન, એનાથી ઉત્પન્ન થાય છે એવી શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. આમ લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમશ્રદ્ધાન...**' ભાષા પાછી જોઈ? સમજ્યા? આવો જીવાસ્તિકાય તેનાથી ઉત્પન્ન થતું. વસ્તુ સ્વભાવ એનાથી ઉત્પન્ન થતું, એનાથી ઉત્પન્ન થાય એવું પરમશ્રદ્ધાન '**તે જ દર્શન છે.**' આ સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ? ઓહો..! હવે સમ્યક્ચારિત્ર. ત્રણ છેને ત્રણ? શુદ્ધરત્નત્રય મોક્ષનો માર્ગ. શુદ્ધરત્નત્રય કહો, સ્વભાવરત્નત્રય કહો, અનુપચાર રત્નત્રય કહો, અભ્યંતર રત્નત્રય કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જેણે સમવસરણમાં સો ઈન્દ્રની હાજરીમાં-ઉપસ્થિતિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વર્ણન કર્યું હતું. સમજાણું કાંઈ? અનંત તીર્થંકરો થયા, વર્તમાનમાં બિરાજમાન છે. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર સીમંધર પ્રભુ બિરાજમાન છે એ સમવસરણમાં આમ ફરમાવે છે. આહા..હા..! હવે એ સમ્યક્જ્ઞાન પહેલાં કહ્યું. અનુભૂતિ થાય છે એમાં પ્રતીતિ થવી. પછી દર્શન કહ્યું. હવે ચારિત્ર. હવે સમ્યક્ચારિત્ર કોને કહે છે? મોક્ષના માર્ગનો ત્રીજો ભાગ.

'(૩) **નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં...**' હવે આ આત્માની વ્યાખ્યા કરી. પહેલાંમાં જીવાસ્તિકાય કહ્યું હતું. હવે અહીં નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. આત્મા કોણ છે? ખરેખર તો જ્ઞાનદર્શનસ્વરૂપ જ આત્મા છે. '**કારણપરમાત્મામાં...**' આવો કારણપરમાત્મા પોતાનું સ્વરૂપ. નિશ્ચયમાં જ્ઞાન અને દર્શન—જાણવું અને દેખવું ત્રિકાળ સ્વરૂપ એમાં ભર્યું છે. જાણકસ્વભાવ, દર્શનસ્વભાવ એવા નિશ્ચય યથાર્થ જ્ઞાનદર્શનસ્વરૂપ કારણપરમાત્મા. અહીં જુઓ

કારણપરમાત્મા લીધું. જે ત્યાં નિજશુદ્ધજીવાસ્તિકાય કહ્યું હતું તેને અહીંયા કારણપરમાત્મા લીધું. ત્યાં નિજપરમતત્ત્વ કહ્યું હતું. ભાષા ફેરવી છે. પહેલાંમાં નિજપરમતત્ત્વનું પરિજ્ઞાન કહ્યું હતું, બીજામાં નિજશુદ્ધજીવસ્તિકાયની ઉત્પન્ન થતી શ્રદ્ધા કહી હતી, ત્રીજામાં નિશ્ચય જ્ઞાનદર્શનસ્વરૂપ કારણપરમાત્મા (કહ્યું). શબ્દો ફેરવ્યા, વસ્તુ એની એ છે. સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ? સામે છે. જુઓ, મેળવો તો ખરા કે અત્યાર સુધી શું માનતા હતા અને છે શું?

ભગવાન આત્મા જે આનંદની ઉત્પત્તિનું સ્થાન, તો અહીંયા કહ્યું કે નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. સમજાણું કાંઈ? એ કારણપરમાત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, કારણપ્રભુ, પરમતત્ત્વ, પરમઆનંદની ઉત્પત્તિની ભૂમિ એવો પોતાનો કારણપ્રભુ. કારણપ્રભુ ધ્રુવ એમાં '**અવિચળ સ્થિતિ...**' એમાં ચળે નહિ એવી સ્થિતિ. '**(-નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.**' આહા..હા..! આ તો હજી દેહની ક્રિયા એ ચારિત્ર, નગ્નપણું એ ચારિત્ર, પંચમહાવ્રતના વિકલ્પ આવે ઈ ચારિત્ર. એ ચારિત્ર-ફારિત્ર નહિ. સમજાણું કાંઈ? એકાંત છે, એકાંત છે. ભગવાન! સાંભળ તો ખરો. માર્ગ આ છે. વચ્ચે પંચમહાવ્રતના વિકલ્પ આવે છે પણ એ રાગ છે, એ ચારિત્ર નહિ. નિમિત્ત જોઈને વ્યવહારચારિત્રને ચારિત્ર કહ્યું. એ બંધનું કારણ છે. અહીંયા મોક્ષના માર્ગની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? મુનિ આદિ હો, સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન, નિર્મળતા (થયા હોય) એમને, સ્વરૂપમાં ન ઠરે ત્યારે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ આવે છે. બાહ્ય શરીર નગ્ન થઈ જાય છે, પણ એ કંઈ મોક્ષનું કારણ નથી. નગ્નપણું અને પંચમહાવ્રતનો રાગ એ મોક્ષનું કારણ નથી, સંવર, નિર્જરાનું કારણ નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ કારણભગવાન, અહીં કારણ લીધું, જુઓ, સમજાણું કાંઈ? કેમકે ચારિત્રરૂપી કાર્ય ક્યાંથી પ્રગટ થાય ઈ બતાવવું છે. કહ્યું હતુંને? '**णियमेण य जं कज्जं**' પહેલાં (પદમાં) છેને? '**णियमेण य जं कज्जं तं णियमं**'. નિયમથી જે કર્તવ્ય છે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. નિયમથી કર્તવ્ય ચારિત્ર. તો ચારિત્ર શું છે? કે ભગવાન આત્મા પૂર્ણઆનંદઘન શીલા, અતીન્દ્રિય આનંદની શીલા, અતીન્દ્રિય આનંદની ચૈતન્યશીલા. શીલા સમજો છોને? ભાઈ! પત્થર. આ ચૈતન્યશીલા. અતીન્દ્રિય આનંદની ચૈતન્યશીલા એ કારણપરમાત્મા. એને પહેલાં પરમતત્ત્વ કહ્યું હતું, બીજામાં શુદ્ધજીવાસ્તિકાય કહ્યું હતું, ત્રીજામાં એને કારણપરમાત્મા કહ્યું. એમાં અવિચળ સ્થિતિ. આવી ભૂમિકામાં અંતરમાં એકાકાર થઈને અવિચળ—ન ચળે એવી સ્થિતિ. '**(-નિશ્ચળપણે લીન રહેવું)...**' તેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ચારિત્ર કહે છે. પાછો શબ્દ શું છે? '**તે જ ચારિત્ર છે.**' એમ. તે જ એક નિશ્ચય ખરું ચારિત્ર છે. વચ્ચે પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ આવે છે. વ્યવહારનયથી એમ કહે કે અઠ્યાવીશ મૂળગુણ પાળે છે એમ કહેવામાં આવે છે. આગળ વ્યવહારમાં આવશે. અઠ્યાવીશ મૂળગુણ મુનિ પાળે. પાળે શું? હોય છે. એ બંધનું કારણ છે. એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું

કાંઈ? એ.. દેવાનુપ્રિયા!

આ નિશ્ચયધર્મધ્યાન. ધર્મધ્યાનના બે પ્રકાર છે. એક નિશ્ચયધર્મધ્યાન, એક નિશ્ચયશુક્લધ્યાન. આગળ આવશે. સમજાણું કાંઈ? મારામાં ચિહ્ન કર્યા છે, આમાં નહિ હોય. ગુજરાતીમાં કર્યા છે. સમજાણું? નિશ્ચયધર્મધ્યાન. ૧૧૯, શરૂઆતમાં છેને? શું કહેવાય? અનુક્રમણિકા. **'નિશ્ચયધર્મધ્યાન સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે.'** નિશ્ચયધર્મધ્યાન. હિન્દીમાં વીસમે પાને છે. શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છેને? એના અધિકારમાં છે. નિશ્ચયધર્મધ્યાન જ. સમજ્યા? નિશ્ચયધર્મધ્યાન. એ.. દેવાનુપ્રિયા! શુક્લધ્યાન નહિ. આહા..હા..! અંદર બીજે પણ છે. **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન આ બે ધ્યાનો જ ઉપાદેય છે,...'** આ બાજુ છે. **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન આ બે ધ્યાનો જ ઉપાદેય છે,...'** આ બાજુ છે. સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન, નિશ્ચયશુકલધ્યાન. નિશ્ચય-પરમઆવશ્યક અધિકારમાં. અનુક્રમણિકામાં લઈ લીધું છે. સમજાણું કાંઈ? એમ કે આ તો શુક્લધ્યાનની વાત છે, એમ કહે છે કેટલાક. એ વતી કહે છે. કેમ નિર્ણય છે એ રામજીભાઈ જાણે. કહો, એઈ..! મલૂકચંદભાઈ! અહીં કહે છે.. એ.. દેવાનુપ્રિયા!

**'નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મા...'** આહા..હા..! એક રત્ન પાંચ લાખનું હોય તો આમ ટગ ટગ જોયા કરે. ત્રણ લાખનો મુગટ છેને અહીંયા, શ્વેતાંબરમાં નહિ? શેત્રુંજય. ભગવાન ઉપર. પાલીતાણામાં. આદિનાથ ભગવાન. નીચે ઉતરીને કહે જુઓ, શું જોવું છે? એક તો ભગવાનને મુગટ જ હોય નહિ. વીતરાગમૂર્તિને મુગટ હોય જ નહિ, મુગટ કેવા? સમજાણું કાંઈ? કપડા કેવા? આંગી કેવી? એ તો વીતરાગમૂર્તિ છે. સમજાણું કાંઈ? એમાં ફૂલ ને ફળ ને માળા ને... એ વીતરાગમૂર્તિ હોય જ નહિ. એ તો વીતરાગમૂર્તિ એકલી છે. શુભભાવમાં શુભભાવ ભક્તિમાં નિમિત્ત કહેવામાં આવે છે. એ આવ્યું હતું અમારી સાથે હતાને? શું કહેવાય આપણા? .. એ આણંદજી કલ્યાણજી તરફના હતા. એટલે કહે કે મુગટ ઉપરથી હેઠે ઉતર્યો, મહારાજ! જોવો હોય તો શું જોવું એમાં કીધું. એક તો ભગવાન ઉપર ત્રણ લાખનો મુગટ.. આહા..હા..! શું છે? એક રત્ન ત્રણ લાખનું જોવે તો ટગ ટગ (જોવે). આ તો મહારત્ન ભગવાન છે. આહા..હા..! ચૈતન્યરત્ન રત્નાકર ભગવાન આત્મા જેની સામે ટગ ટગ લગાવીને લીન થવું એનું નામ સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...'** ત્રણ લીધા. ત્રણની વ્યાખ્યા થઈ ગઈને. આ જ્ઞાન, જે નિજપરમતત્ત્વનું પરિજ્ઞાન. દર્શન, જે પોતાના શુદ્ધ આત્મામાંથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધા. ચારિત્ર, પોતાના કારણસ્વરૂપમાં અવિચળ લીનતા. એ સ્વરૂપ **'નિયમ નિર્વાણનું કારણ છે.'** એ નિયમ, એ નિયમ. એને નિયમ કહ્યું, ત્રણને નિયમ કહ્યું. એ નિર્વાણનું કારણ છે, એ નિયમ મોક્ષનું કારણ છે. આ સિવાય મોક્ષનું કારણ બીજું કોઈ નથી. આહા..હા...! જિંદગી ક્યાં જાય? જિંદગી ચાલી જાય. અમે આવો ત્યાગ કર્યો છે, અમે આવા વ્રત લીધા છે,

આવો ત્યાગ કર્યો છે, અમને ઘણો મંદ કષાય વર્તે છે. સમજાણું કાંઈ? પાંચ રસ નથી ખાતા, મીઠું નથી ખાતા, મીઠું કહે છે? લવણ કહે છેને? લવણ નથી ખાતા, કેરીનો રસ નથી પીતા, શેરડીના રસનો ત્યાગ છે, પાંચ રસનો ત્યાગ છે. પણ આ સ્વરસનો અંદર આદર છે કે નહિ? ભૂલી ગયા. નિજરસના આનંદના ભાન વિના પરરસનો, રાગનો ત્યાગ ક્યાંથી થશે? આહા..હા..! ભૂલભૂલામણી છે, હોં! વડોદરામાં છેને? આ ત્યાગ, આ ત્યાગ ને આ એમાં ધર્મ. ભૂલભૂલામણીમાં ઘુસી ગયો છે. ઘુસી ગયો છે. વડોદરમાં છે, વડોદરામાં નથી? મહેંદી, મહેંદી. મહેંદી કહેવાયને? મોટી. વડોદરમાં મોટી ભૂલભૂલામણી. અંદર ગરે પછી નીકળવું ક્યાંથી ખબર ન પડે. એમ આ ઊંધાઈમાં એવો ઘુસી ગયો... ન્યાલભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, આમ કરો, ક્રિયા કરો, રાગ મંદ કરો, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, પ્રભાવના કરો.. સમજ્યા? અષ્ટાહ્નિકા ઉજવો, બે પાંચ જાત્રા કાઢો સમેદશિખરની. 'એક વાર વંદે જો કોઈ...' એમાં શું આવ્યું પણ? એ તો શુભભાવ હોય તો પુણ્ય બંધાઈ જાય. કદાચિત્ સીધા નરકમાં ન જાય. એમાં આવ્યું શું?

ભગવાન પોતાનો સમેદશિખર, પોતાનો નિજ પરમાત્મા સમેદશિખરની અંતર દૃષ્ટિ કર્યા વિના કદી સાચી જાત્રા હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કરી આવ્યા છીએને, બે વખત. (સંવત) ૨૦૧૩ અને ૨૦૧૫. આહા..હા..! આ પદ્મપ્રભમલધારીદેવ. કુંદકુંદાચાર્ય મહારાજની ગાથા છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત આચાર્ય હતા. સંવત ૪૯ની સાલમાં આ ભરતક્ષેત્રમાં. મહા સંત દિગંબર ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય ભગવાન સીમંધર ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ? પોન્નુર હિલ. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. પદ્મપ્રભમલધારીદેવ લગભગ તેરની સાલમાં થયા. આ નિશ્ચય... સમજાણું?

**'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...'** એટલે જે કહ્યું ઈ. આવો **'નિયમ નિર્વાણનું કારણ છે.'** આ નિયમ, આ નિયમ નિર્વાણનું કારણ છે. બીજા નિયમ આવા લીધા ને વ્રત લીધા, ફલાણું લીધું એ કાંઈ નહિ. આહા..હા..! તે **'નિર્વાણનું કારણ છે.'** બગડો છેને બગડો? 'કારણ જેવું જ કાર્ય થાય છે; તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.' એ શીતલપ્રસાદે લખ્યું છેને, ઈ લીધું છે. સમજાણું કાંઈ? સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ, સ્વરૂપમાં, તે જ ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે. બીજા કોઈ રાગાદિ, વિકલ્પાદિ ક્રિયા એ કોઈ ચારિત્ર નથી અને સ્થિર રહેવાનો એ ઉપાય પણ નથી. સમજાણું કાંઈ?

**'તે 'નિયમ' શબ્દને...'** સાર લગાવ્યુંને? સાર. નિયમસાર શબ્દ પડ્યો છેને? તો કહે છે, સાર કેમ લગાડ્યો? સારનો સાચો અર્થ શું છે આમાં? કે **'નિયમ' શબ્દને વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે.'** નિયમસાર. નિયમ (અર્થાત્) નિજ

સ્વરૂપનું પરિજ્ઞાન, નિજસ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલી પ્રતીત અને નિજસ્વરૂપમાં અવિચળ સ્થિરતા એ નિયમ. સાર (અર્થાત્) એ નિયમથી વિપરીત વ્યવહાર વિકલ્પ આદિના ભાવ, એ વિપરીતના પરિહાર હેતુ. વિપરીત ભાવ છે એ નિયમ છે જ નહિ, એ મોક્ષમાર્ગ નથી. **'વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે.'** લો, સમજાણું કાંઈ? પાઠમાં છે. **'विपरीतपरिहारार्थं भणितं खलु सारमिति वचनम्'.** વસંતીલાલજી! બીજા એમ કહે છે કે વિપરીતનો અર્થ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર કરે છે. કરે છે કે નહિ? મિથ્યાત્વ તો ક્યાંય ચાલ્યું ગયું. પણ પોતાના શુદ્ધસ્વરૂપના આશ્રયે ઉત્પન્ન થયા જ્ઞાન, દર્શન, ચારિત્ર એનાથી વિપરીત પરના આશ્રયે ઉત્પન્ન થવાવાળા વિકલ્પ, વ્યવહારરત્નત્રયનો નિષેધ કરવા માટે કે એ મોક્ષમાર્ગ નથી, એ નિયમ નથી, એ બંધનો અભાવ કરવાનું કારણ નથી એ બતાવવા માટે નિયમમાં સાર શબ્દ જોડવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નીચે ત્રગડો છેને. વિપરીત. ત્રગડાને શું કહે છે તમારી ભાષામાં? તીન, તીન. 'વિપરીત--વિરુદ્ધ. (વ્યવહારરત્નત્રયસ્વરૂપ વિકલ્પોને...' જુઓ, વ્યવહારરત્નત્રય વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ રાગ છે. શાસ્ત્રનું જ્ઞાન પણ વિકલ્પ છે અને નવ તત્ત્વની શ્રદ્ધા અથવા પંચમહાવ્રતના પરિણામ આદિ પણ વિકલ્પ નામ રાગ છે. એ વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પ છે, રાગ છે, પરાશ્રિત ભાવ છે. આ સ્વાશ્રિત ભાવમાંથી મુકતિ છે, પરાશ્રયના ભાવને છોડાવવા માટે સાર શબ્દ નિયમ સાથે કહેવામાં આવ્યો છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? શું? જુઓ, બે વાત કરી.

વિપરીતનો અર્થ શું? વ્યવહારરત્નત્રય જે વિકલ્પ છે, પરાશ્રિત, એ પરાશ્રિત ભાવ એને છોડીને 'માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ...' ઓલા વિકલ્પની સામે નિર્વિકલ્પ અને પરાશ્રિતની સામે સ્વ-આશ્રય. 'નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ—શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.)' સાર શબ્દ કહેવામાં આવ્યો છે. આટલું તો સ્પષ્ટ છે. આહા..હા..! અરે..! કાને પડે અને એની હા પાડે તો પણ મહાભાગ્ય છે. સમજાણું કાંઈ? આહા..! આવો માર્ગ સ્વસન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષમાર્ગ. સાર કેમ કહ્યું? કે સ્વાશ્રિત શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં વિપરીત પરાશ્રય વ્યવહારભાવને કાઢી નાખી, એ મોક્ષમાર્ગમાં છે નહિ, એને છોડવા માટે સાર શબ્દ કહેવામાં આવ્યો છે. 'શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે...' નિયમ (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. અને સાર શુદ્ધ. શુદ્ધરત્નત્રય, સ્વભાવરત્નત્રય. વિભાવરત્નત્રય અશુદ્ધરત્નત્રયનો નિષેધ કરવા માટે સાર શબ્દ કહેવામાં આવ્યો છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? પહેલાં આવી રુચિ તો કરે, શ્રદ્ધામાં રુચે તો ખરું. શ્રદ્ધા કરે નહિ અને આમ કરતાં-કરતાં થઈ જશે. ધૂડેય નહિ થાય. સમજાણું કાંઈ? 'સ્વીકાર અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.)' હવે શ્લોક છે. એનો ત્રીજી ગાથાનો શ્લોક. બોલો.

(आर्या)

इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम्।
अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि।।१०।।

અહીંયા પદ્મપ્રભમલધારીદેવ ત્રીજી ગાથાની ટીકા પૂર્ણ કરીને શ્લોક કહે છે.

'**શ્લોકાર્થ :— એ રીતે હું વિપરીત વિનાના** (-વિકલ્પરહિત)... ' ભેદરહિત, વ્યવહારરહિત, પરાશ્રયરહિત '**અનુત્તમ રત્નત્રયનો...**' 'અનુત્તમ—જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવું;...' (નિશ્ચય) રત્નત્રયથી વ્યવહારરત્નત્રય ઉત્તમ નથી. સમજાણું કાંઈ? રત્ન કહ્યું, જુઓ, રત્નની કિંમત ચૂકવવાથી મોક્ષરૂપી રત્ન મળે છે. રત્નત્રયથી મોક્ષરૂપી રત્ન મળે છે. જેની પર્યાયને નિયમને રત્નત્રય કહ્યું તો એના દ્રવ્યસ્વભાવની શું કિંમત કરવી? સમજાણું કાંઈ? જેની સ્વઆશ્રિત પરમતત્ત્વની શ્રદ્ધા, પરમતત્ત્વનું જ્ઞાન, પરમતત્ત્વમાં સ્થિરતા એ પર્યાયને શુદ્ધરત્નત્રય કહ્યું. એક સમયની નિર્વિકારી દશા જે મોક્ષનું કારણ છે એને રત્નત્રય કહ્યું, એવા એવા અનંત અનંત રત્નત્રયની પર્યાય તો જેમાં અંદર પડી છે, બધી એમાંથી આવીને? ઉત્પન્ન થઈને? કહ્યુંને, એમાંથી ઉત્પન્ન થઈ. જીવાસ્તિકાય એનાથી ઉત્પન્ન થઈ પરમશ્રદ્ધા. તો ઉત્પન્ન થઈ જેમાંથી શ્રદ્ધા એને રત્ન કહ્યું, તો આત્માને શું કહેવું? અનંત ચૈતન્યરત્નાકર, અનંત ચૈતન્યરત્નાકર. આહા..! સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે જુઓ તો રત્ન ભર્યા છે એકલા. વેળુને સ્થાને. વેળુ હોયને. આ ભગવાન આત્મા એના તળમાં તળમાં તળમાં તળમાં જુઓ તો એકલા શુદ્ધ અનંતગુણરૂપ રત્ન જ પડ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને...**' પદ્મપ્રભમલધારીદેવ મુનિ કહે છે. જુઓ, મુનિ પંચમઆરાના મુનિ. આ પંચમઆરાના મુનિ છે કે નહિ? હજી નવસો વર્ષ પહેલાં થયા. તેરની સાલ છેને? તેરમાં લગભગ છે, નવસો વર્ષ પહેલાં. એ મુનિ કહે છે, જુઓ, ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિ નથી. ઈ કહે છે, '**હું વિપરીત વિનાના** (-વિકલ્પરહિત) **અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને...**' આશ્રય કરીને, હું આશ્રય કરીને. ભાન છે કે નહિ? ખબર નથી? હું આશ્રય કરું છું ખબર નથી? ભગવાન જાણે? કહે છે કે નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય છે કે નહિ? ભગવાન જાણે. આ શું કહે છે? આ છદ્મસ્થ મુનિ છે. નવસો વર્ષ પહેલાં પંચમઆરામાં થયા છે. ભગવાન પછી તો ઘણા વર્ષ પછી થયા. સમજાણું કાંઈ? ભગવાનને તો ૨૫૦૦ વર્ષ થયા. સોળસો વર્ષ પહેલાં. તેરની સાલ કઈ? સમજાણું કાંઈ? કહો! એ મુનિ કહે છે. નગ્ન મુનિ દિગંબર હતા. આચાર્ય નહોતા. મુનિ દિગંબર વસ્ત્રનો દોરો નહિ. એક કમંડળ અને એક મોરપીંછી, નિમિત્તરૂપ ઉપકરણ. અંતરમાં કહે છે, વિકલ્પ આવે છે તે પણ મારી ચીજ નથી. મારામાં તો વિપરીતરહિત, વ્યવહારના વિકલ્પરહિત અનુત્તમ નામ ઉત્તમમાં ઉત્તમ, એના જેવું બીજું કોઈ ઉત્તમ નથી, વ્યવહારરત્નત્રય ઉત્તમ નથી. ઓહો..હો..! દેવ-ગુરુ-શાસ્ત્રની પરદ્રવ્યની શ્રદ્ધા કરવી એ પણ ઉત્તમ નહિ. આહા..હા..! વિકલ્પ છે. એ

**'અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને...'** રત્નત્રયનો આશ્રય કરીને એમ લીધું. છે તો દ્રવ્યનો આશ્રય, પણ ઓલા વિકલ્પનો, વ્યવહારનો આશ્રય નથી એ અપેક્ષાથી અહીં આશ્રય કહ્યો. સમજાણું કાંઈ?

**'અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા...'** મોક્ષરૂપી રમણી-સ્ત્રી, શિવરમણીથી ઉત્પન્ન **'અનંગ...'** અનંગ—અંગ નહિ. **'(-અશરીરી, અતીન્દ્રિય, આત્મિક)...'** અનંદ અશરીરી, અતીન્દ્રિય આત્મિક **'સુખને પ્રાપ્ત કરું છું.'** રમણીથી ઉત્પન્ન અનંગ સુખને પ્રાપ્ત કરું છું. કરીશ નહિ, કરું છું. સમજાણું કાંઈ? લ્યો, આ મુનિપણું. આહા..હા..! પંચમઆરાનું મુનિપણું પણ આવું છે. કોઈ કાળે કરીને ફરી જાય છે? લુપરીમાં લોટ, ઘી અને ગોળ ત્રણથી વધારે ચોથી કોઈ વસ્તુ હોય? પંચમઆરો હોય કે ચોથો આરો હોય! મુનિ કહે છે, હું આવો ભગવાન આત્મા શુદ્ધ પરમઆનંદનું ધામ એનાથી ઉત્પન્ન થયેલા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એનો આશ્રય કરીને. જુઓ, આમ લીધું. સમજાણું કાંઈ? **'મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા અનંગ (-અશરીરી, અતીન્દ્રિય, આત્મિક) સુખને પ્રાપ્ત કરું છું.'** હું અતીન્દ્રિય આત્માના આનંદને વર્તમાન પ્રાપ્ત કરું છું અને મુક્તિને પણ અનંતસુખને હું પ્રાપ્ત કરીશ એમ નહિ, હું પ્રાપ્ત કરું છું. મુક્તિ પણ મારી પાસે જ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત સમાડી દીધી. માર્ગ અને માર્ગનું ફળ.

માર્ગ, ભગવાન આત્મા મહા અનંતગુણ નિધિ એનો આશ્રય કરીને, સ્વ-આશ્રયમાં જે જ્ઞાન, દર્શન, ચારિત્ર થયા એનો આશ્રય કરીને. કેમકે એમાં આનંદ આવ્યો છે. સમજાણું કાંઈ? એમાં પણ અતીન્દ્રિય આનંદ આવ્યો છે. એ અતીન્દ્રિય આનંદની ભૂમિ તો દ્રવ્ય છે. આનંદ આવ્યો એનો આશ્રય કરીને હું અતીન્દ્રિય આનંદરૂપી જે મુક્તિરમણીના સુખને પ્રાપ્ત કરું છું. હું વર્તમાનમાં જ આત્માના, મોક્ષના આનંદને પ્રાપ્ત કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? **'अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि'**. **'प्रपद्याहम्'** એમ છેને? ઈને? **'प्रपद्याहम्'**. આહા..હા..! લખતી વખતે વિકલ્પ છેને? ભલે હો. સમજાણું કાંઈ?

અહો..! ભગવાન આત્મા સુખનો સાગર અતીન્દ્રિય આનંદનો અમૃતનો મહાસમુદ્ર. એનાથી ઉત્પન્ન થયેલા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એટલે સ્થિરતા તેનો હું આશ્રય કરું છું. શા માટે? મુક્તિરૂપી રમણીથી ઉત્પન્ન અનંગ સુખને પ્રાપ્ત કરું છું. અતીન્દ્રિય આનંદને વર્તમાનમાં પ્રાપ્ત કરું છું. જુઓ, આ મુનિપણું. પંચમકાળનું મુનિપણું. એ.. દેવાનુપ્રિયા!

**શ્રોતા :—** પરદ્રવ્યોના આલંબન વિના લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, આલંબન વિના. એટલે કીધું, આલંબન નથી. સ્વદ્રવ્યનું આલંબન છે એમ કહ્યું. શું આલંબન? શું કહ્યું વળી? પરદ્રવ્યના આલંબન વિના સમજાયું. પરદ્રવ્યના આલંબન વિના એટલે સ્વદ્રવ્યના આલંબનમાં. બસ, ખલાસ થઈ ગયું.

**શ્રોતા :—** પરના આલંબનનું સુખ વયું ગયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લે! શું કીધું? એમ કીધું? પરદ્રવ્યમાં ક્યાં સુખ છે? ધૂડમાંય નથી. એ તો પહેલાં કહ્યું. વિકલ્પમાં સુખ નથી. પરદ્રવ્યમાં તો છે જ નહિ, પણ પરદ્રવ્યના અવલંબનથી વિકલ્પ ઉત્પન્ન થાય છે વ્યવહારરત્નત્રય, એ વ્યવહારરત્નત્રયમાં સુખ નથી એમ કહે છે અહીંયા તો.

**શ્રોતા :–** પરદ્રવ્યનું આલંબન છોડ્યું કે સ્વદ્રવ્યનું આલંબન લીધું, બેય એકાર્થવાચક છે એમ કહું છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ એકાર્થવાચી અસ્તિ નાસ્તિથી કથન છે. એ છોડવાનું કથન કર્યું પણ અહીં આલંબન લીધું તો પરદ્રવ્યનું આલંબન છૂટી ગયું. એમ કથનની પદ્ધતિ છે. આ પરદ્રવ્ય છે અને એને હું છોડું, એમ છે ત્યાં? સમજાવવાની રીત શું કરે? 'આ પરદ્રવ્ય છે એનું આલંબન હું છોડું છું.' એ પણ વિકલ્પ છે. એ તો એક સમજાવવાની પદ્ધતિ છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્યના માહાત્મ્યનું વીર્યની સ્ફુરણા કરીને અવલંબન લ્યે છે, (ત્યારે) પરદ્રવ્યનું અવલંબન નથી, નથી તેને અવલંબન છોડ્યું એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અનંગ—અશરીરી, અંગ વિનાનું, અતીન્દ્રિય, આત્મિક સુખને પ્રાપ્ત કરું છું. લો, ત્રીજી ગાથા પૂરી થઈ. હવે ચોથી ગાથા છે. ટીકા છેને? '**રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણો વિષે આ કથન છે.**' રત્નત્રયના ભેદ જુદાં-જુદાં બતાવવાનો વિકલ્પના. અને તેમના લક્ષણો વિષે ચોથી ગાથામાં કથન છે. સમજાણું કાંઈ? ઈ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૧૧, ગુરુવાર, તા. ૩-૦૩-૧૯૬૬, ગાથા-૪, શ્લોક-૧૦, પ્રવચન નં. ૯

ચોથી ગાથા, નિયમસાર. જીવ અધિકાર ચાલે છેને. જીવ, જીવ આત્મા કોને કહે છે? એમાં મોક્ષનો ઉપાય શું છે? ચોથી ગાથા બોલાશે ફરીને. ત્રણ પૂરી થઈ ગઈને?

णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं।
एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होइ।।४।।
છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

હવે શું કહે છે? '**રત્નત્રયના ભેદો પાડવા વિષે....**' શબ્દાર્થ પહેલોં લ્યો શબ્દાર્થ.

શબ્દાર્થ છેને?

'**અન્વયાર્થ :—** (રત્નત્રયરૂપ) **નિયમ મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમનિર્વાણ છે.**' મોક્ષ છે. જુઓ, નિર્વાણ નહિ, પરમ નિર્વાણ (કહ્યું છે). '**વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે)...**' શું કહે છે જરી? ભાઈ! રાત્રે કહેતા હતાને કે શું કરવું? પહેલાં આત્મા શું છે ઈ સમજવું. આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને અનંતશાંતિ આનંદગુણથી સહિત છે. એવા આત્માની અંતર અનુભવ સ્વસન્મુખની દૃષ્ટિ કરીને પ્રતીત થવી એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે એ સાચું સમ્યગ્દર્શન છે, એ શુદ્ધ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ખુલાસો કરશે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય એના જ્ઞાનનું જ્ઞાન કરવું અથવા સ્વસ્વભાવનું જ્ઞાન કરવું એનું નામ શુદ્ધ સમ્યક્જ્ઞાન છે. શુદ્ધ અનુપચાર સમ્યક્જ્ઞાન છે, વાસ્તવિક સમ્યક્જ્ઞાન છે. અને શુદ્ધ સ્વરૂપ દર્શન, જ્ઞાનસહિત એવો આત્મા દર્શન, જ્ઞાનની મૂર્તિ આત્મા એમાં લીનતા લીનતા થવી એ સમ્યક્ચારિત્ર-શુદ્ધચારિત્ર-સત્યચારિત્ર છે. કહો, આ તો સાદી ભાષા છેને? એ રત્નત્રયના ભેદો પાડવા વિષે. અર્થાત્ એ જે રત્નત્રય ત્રણ છે એને ભેદ કરીને સમજાવવા. સમજાવવા છે તો રત્નત્રયને. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા, એ રત્નત્રયમાં ભેદ પાડવા વિષે. એનો વ્યવહાર કરીને, ભેદ કરીને અભેદ સમજાવવા માટે આ કથન હવે ચાલે છે. શું સમજાણું? શીતલપ્રસાદે એ લખ્યું છે. વાંચ્યુંને હમણાં? સાંભળ્યું કે નહિ? શું લખ્યું છે? ફરીને સાંભળવું છે? ઠીક!

આ અભેદરત્નત્રયનું સ્વરૂપ.. અભેદરત્નત્રય સમજાણું? પોતાનો આત્મા.. વસંતીલાલજી! ઈ તો બરાબર ધ્યાન રાખે છે. આ આત્મા છેને આત્મા? આત્મપદાર્થ છેને? પદાર્થ છે તો એમાં અનંત અનંત સંખ્યાએ અને અનંત કાળ રહેવાવાળા અનંતગુણ છે. આવા આત્માને પર તરફથી અશેષ, બધા પરને કાઢી નાખી એકલા સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તરફ દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરવી એનું નામ શુદ્ધરત્નત્રય, (સ્વભાવ)રત્નત્રય, યથાર્થ સત્ય મોક્ષનો ઉપાય. હવે કહે છે કે એ અભેદરત્નત્રયનું સ્વરૂપ ભેદરત્નત્રયને જાણ્યા વિના, સાથે વ્યવહારસમ્યગ્દર્શનથી આ રીતે સમ્યગ્દર્શન કેવું છે એમ જણાવવા માટે વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા કરશે. સમજાણું કાંઈ? છેને?

'**રત્નત્રયના ભેદો પાડવા વિષે...**' વ્યવહાર કરવા વિષે. આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન, લીનતા (થાય) એ તો યથાર્થ સ્વભાવરત્નત્રય. પણ સાથે ભેદરત્નત્રય અર્થાત્ વ્યવહારરત્નત્રય અથવા ઉપચારીક રત્નત્રય એટલે વિકલ્પાત્મક જે સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે અને વ્યવહારચારિત્ર એ દ્વારા અભેદ જાણવું છે. આવું વ્યવહારસમકિત હોય ત્યાં અંદર નિશ્ચયસમ્યગ્દર્શન હોય જ છે. આવું વ્યવહારજ્ઞાન હોય તો અહીંયા નિશ્ચયસમ્યક્જ્ઞાન આવું હોય જ છે. એનાથી થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? આવું વ્યવહારચારિત્ર હોય,

પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ એ એમ જણાવે છે કે ત્યાં આગળ નિશ્ચયસ્વરૂપની લીનતાની અકષાયભાવની પરિણતિ છે એમ ભેદ જણાવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ભેદથી થાતું નથી, ભેદ છે તો છે એમ નથી. પણ આવા ભેદના વિકલ્પની જાત એવી છે ત્યાં આવી ચીજ છે એમ ભેદ અભેદને બતાવે છે. સમજાણું કાંઈ?

**'રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.'** વ્યવહારસમ્યગ્દર્શનનું લક્ષણ શું? વ્યવહારજ્ઞાનનું લક્ષણ શું? વ્યવહારચારિત્ર જે પરાશ્રયભાવ છે (તેનું લક્ષણ શું)? સ્વઆશ્રય ભાવ છે એવા નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ તો સ્વાશ્રય છે. એ ભૂમિકામાં જ્યાં સુધી વીતરાગદશા પૂર્ણ ન થાય તો પરાશ્રિત એવું જ અનુકૂળ એક નિમિત્ત (ત્યાં હોય છે). વ્યવહારસમ્યગ્દર્શનનો આવો વિકલ્પ છે, વ્યવહારજ્ઞાનનો શાસ્ત્રનો આવો વિકલ્પ છે, વ્યવહારચારિત્રનો (રાગ, આવો વિકલ્પ છે). એ વિકલ્પની મર્યાદા એ નિશ્ચયરત્નત્રય આવું છે તેને જણાવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? બતાવનાર, ભેદ નિશ્ચયને બતાવે એમ (કહે છે).

ભેદ છે એ પુણ્યબંધનું કારણ છે. વ્યવહારરત્નત્રય છે.. મોટી તકરાર ઈ છે, આજ મોટો લેખ છે, ભાઈ! .. બધા ઉપર. આ બધા કુંદકુંદાચાર્યે આવા પંચમહાવ્રત પાળ્યા, ૨૮ મૂળગુણ પાળ્યા, અણુવ્રત અને મહાવ્રત ચારિત્ર પળાવ્યા તો ત્યાં એ બધા ખોટા લખ્યા છે? ... તેં તો ક્યારેય વાંચ્યા (હશે), અહીં તો પહેલેથી જ બધા વાંચેલા છે. આહા..હા..! ભાઈ! અણુવ્રત ને... એઈ..! દેવાનુપ્રિયા! આ જ્યાં ફરે છેને ત્યાં આવા ગપ્પા બહુ ચાલે છે. ત્યાંથી આવે છે લખાણ બધા. તમે જો વ્યવહાર વિરુદ્ધ શાસ્ત્ર અને આવા ચારિત્ર વિના સમ્યગ્દર્શન કહેતા હો તો બતાવો, ક્યા ગુરુ અને ક્યા શાસ્ત્રની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન છે? એમ લખ્યું છે. અરે..! ભગવાન! આત્માગુરુ વિના સમ્યગ્દર્શન નથી. તને ખબર નથી. સમજાણું કાંઈ? એમ લખ્યું છે હોં! છેલ્લે છે, જુઓ, એની ભાષા મીઠી છે હોં! ભાવ વિરુદ્ધ છે. જુઓ, કહે છે કે તેને સત્યાર્થ માનીને પોતાની ગુરુશ્રદ્ધા, જિનવાણી શ્રદ્ધાના તમારે પ્રમાણ દેવા જોઈએ. પોતાની ગ્રંથોમાંથી વ્યવહારચારિત્રના નિષેધના નિંદક સમસ્ત ઉલ્લેખોને દૂર કરી દેવા જોઈએ. જો તેઓ આમ નથી કરવા માંગતા, આવો સુધારે નથી કરતાં તો સમ્યગ્દર્શનની સ્પષ્ટ વ્યાખ્યા કરે કે ક્યા ગુરુ છે કે જે સમ્યગ્દર્શન છે? કઈ વાણી એવી છે કે સમ્યગ્દર્શન ... જેમાં અચળ શ્રદ્ધા થવાથી સમ્યગ્દર્શનનું ... થાય છે? આ ભૂમિકારૂપ અમારું પ્રેમભાવથી નમ્ર નિવેદન છે. જો તમે સમ્યગ્દર્શન,. આવા દેવ, આવા ગુરુ, આવા શાસ્ત્ર એની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન ન માનો તો એવા ક્યા ગુરુ છે કે ... કે જેનાથી સમ્યગ્દર્શન થયું છે? અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ!

દેવ-ગુરુ-શાસ્ત્ર... ઈ હમણાં કહેશે કે, ભેદ વ્યવહારરત્નત્રય છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર.. અહીં કહેશે. આપ્ત, આગમ અને તત્ત્વો—એની શ્રદ્ધા એ વ્યવહારસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

એ રાગ છે, વિકલ્પ છે. ત્યારે કહે કે સમ્યગ્દર્શનના બીજા ક્યા ગુરુ છે તમારા? આ ગુરુને જ્યારે તમે વિકાર માનો, આવા દેવ-ગુરુ-શાસ્ત્રને વિકાર માનો તો... પણ બીજા આ ગુરુ આત્મા છે. આહા..હા..! પોતાનો આત્મા શુદ્ધ ચિદાનંદનું અંતર્મુખ થઈને.. આત્મા જ ગુરુ પોતાનો છે અને આત્મા જ દેવ પોતાનો છે અને આત્મા જ જ્ઞાનમૂર્તિ પોતામાં જ્ઞાન રાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના આશ્રયે... એમ કે દેવ, ગુરુ, વાણીને તમે જ્યારે વિકાર કહો અને ... પછી ક્યા ગુરુ એવા છે કે જેનાથી સમ્યગ્દર્શન થાય? એઈ..! દેવાનુપ્રિયા! ભઈ આ રહ્યા. એને વાત કરી. ... સમજાણું કાંઈ?

શું કહે છે? અહીંયા પોતાનો આત્મા... સમજાણું કાંઈ? જે સમ્યગ્દર્શન, જ્ઞાન પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અનંત અનંતગુણથી ભરેલું એવું, પુણ્ય-પાપની રુચિ છોડીને, દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે એ તરફની સન્મુખતા પણ છોડીને, તેનાથી વિમુખ થઈને. વિમુખ એટલે વિપરીત. એની ઉપેક્ષા કરીને પોતાનો આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે એવા અંતરમાં અનંતગુણ પડ્યા છે. અનાદિ અનંત અનંત ગુણ પડ્યા છે આત્મામાં. એવા આત્માને પુણ્ય-પાપના રાગથી ખસીને સ્વભાવસન્મુખની અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ જ નિશ્ચયસમ્યગ્દર્શન સાચું છે. એમાં પર દેવ-ગુરુ-શાસ્ત્ર આવતા નથી. તો એમ કે આ દેવ-ગુરુ મળ્યા, વળી બીજા દેવ-ગુરુ કોણ છે કે અહીં જેનાથી સમ્યગ્દર્શન થાય છે? અરે..! ભગવાન! ભાઈ!

આત્મામાં અનંતકાળમાં આવા પર .. ની શ્રદ્ધા અનંતવાર કરી. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. સાંભળ્યું છે? ઈ આવ્યું છેને એમાં? 'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો'. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. સાંભળ્યું છે? ઈ આવ્યું છેને એમાં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન...' આત્મજ્ઞાન. ત્યાં પરના જ્ઞાનની વાત ક્યાં છે? એમ કે જ્યાં તમે પરની શ્રદ્ધા અને પરના જ્ઞાનને જ્ઞાન નથી કહેતા તો વળી બીજા જ્ઞાન, દર્શન કોણ છે? જૈનશાસનમાં શાસ્ત્ર વિના જ્ઞાન થાય નહિ. પંચમહાવ્રત વિના ચારિત્ર (હોય નહિ). હવે ત્રીજું રહ્યું કોણ? એમ કહે છે. એ.. ન્યાલભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! બાપુ! તારી ચીજમાં શું છે? અંતર અતીન્દ્રિય આનંદ ભર્યો છે, અતીન્દ્રિય શાંતરૂપ, વીતરાગસ્વરૂપ, વીતરાગ કંદ આત્મા છે. એ પરનું લક્ષ છોડીને પોતાના આત્માનું પૂર્ણ સ્વરૂપ, અભેદ સ્વરૂપ, એકરૂપ અખંડાનંદ એ તરફ લક્ષ કરીને જે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ સ્વભાવના આશ્રયે થાય તે સમ્યગ્દર્શન સાચું છે. આ એણે અનંતકાળમાં કદી કર્યું નથી. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન થાય ત્યારે એની પાસે શુભરાગ વ્યવહારસમ્યગ્દર્શન કેવું છે? કે ઈ એમ જણાવે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રનું જેને યથાર્થ શ્રદ્ધાન છે એ રાગ છે. તો એમ જણાવે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઈ જણાવે છે કે આત્માના પૂર્ણાનંદની નિર્વિકલ્પ પ્રતીતિ છે એ વિકલ્પથી જણાય છે. એ વિકલ્પ બતાવે છે, એનાથી થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'રત્નત્રયના ભેદો પાડવા વિષે...'** ભગવાન આત્મા.. અરે..! એને આત્મા શું છે એની કિંમત નથી. આહા..હા..! એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદ પ્રભુ અનંત અનંત સિદ્ધપદ જેના પેટમાં—ગર્ભમાં—આત્મામાં પડ્યા છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે? 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો, જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણ નાટક આગમ કેરો.' બનારસીદાસ કહે છે. 'તાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો.' આ દેહમાં વસવું માંસના લોચામાં એનાથી છૂટી જવું, એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હું સમયસાર નાટક કહીશ. 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ' હું આત્મા એકલો જ્ઞાનનો સૂર્ય છું, આનંદની નિધિ છું, શાંતિનો પૂર્ણ સમુદ્ર છું. આવા આવા અનંતગુણથી ભરેલો હું આત્મા એકરૂપ પ્રભુ છું, એવી અંતર્મુખની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ તે નિશ્ચય છે, તે યથાર્થ છે, તે શુદ્ધ છે, તે જ યથાર્થ મોક્ષનું બીજ છે. સમજાણું કાંઈ?

પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ત્રણ પોતાના સ્વભાવના આશ્રયે થયા એ ભૂમિકામાં વ્યવહાર કેવા પ્રકારનો હોય છે? ક્યા પ્રકારનો હોય છે? એ વ્યવહાર ભૂમિકાના શ્રદ્ધા, જ્ઞાન, વર્તન એમ બતાવે છે કે અંદરમાં નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવા હોય છે, એમ બતાવવા માટે નિમિત્તકારણ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! કોઈ દિ' આત્મા શું છે એની ચિંતા જ ક્યારેય કરી નથી. દુનિયાની ચિંતા કરીને મરી ગયો. સમજાણું કાંઈ? અને વ્યવહારની ચિંતા, વ્યવહારની ચિંતા. વ્યવહાર તો પરાશ્રિત છે, બંધનું કારણ છે. પણ અહીંયા તો કહે છે કે અબંધસ્વભાવ ભગવાન આત્મા એના અબંધપરિણામ જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વઆશ્રયે થયા તો તે સમયે તેને બતાવવાની નિમિત્તતા, યોગ્યતા, વિકલ્પ કેવા શ્રદ્ધા-જ્ઞાન છે તે વ્યવહારને બતાવે છે અને એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે. સમજાણું કાંઈ? હું વ્યવહારને બતાવીશ એમ કહે છેને? પણ એ વ્યવહાર, આ નિશ્ચય આવું અંદરમાં છે એમ બતાવે છે. આહા..હા..! ઈ અશુદ્ધતાના લક્ષે, આટલી શુદ્ધતા છે, નહિતર આટલો વિકલ્પ એ જાતનો ન હોય, એ જાતનો વિકલ્પ ન હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, તત્ત્વાર્થ (શ્રદ્ધાન) યથાર્થ એ વિકલ્પ. ઈ એમ બતાવે છે કે એમાં આત્માના આશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન થયું છે એ નિમિત્તના તોલથી બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.'** હવે શું કહે છે જુઓ, **'સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહાઆનંદનો લાભ તે મોક્ષ છે.'** આ મોક્ષની વ્યાખ્યા. મોક્ષની વ્યાખ્યા, મોક્ષનું સ્વરૂપ શું? **'સમસ્ત કર્મના...'** જુઓ, કર્મ સિદ્ધ કર્યા પહેલાં (કે) કર્મ છે. કર્મ આઠ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય આદિ આઠ કર્મ છે. એ **'સમસ્ત કર્મના...'** જે ઉત્પાદ નામ સંબંધ હતો તેના નાશથી સાક્ષાત્ પ્રાપ્ત કર્યો. સાક્ષાત્ કેમ કહ્યું? કે આત્મામાં અંતરમાં તો મહાઆનંદ છે જ.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે આત્મા. શક્તિ, એનું સત્ત્વ, એનો અંદર માખણ-ભાવ, અંદરમાં તો એકલો મહાઆનંદની મૂર્તિ આત્મા છે. શક્તિરૂપે, સત્ત્વરૂપે, ભાવરૂપે, ધ્રુવરૂપે, સ્વભાવરૂપે. સમજાણું કાંઈ? પણ ઈ સ્વભાવમાં **'સાક્ષાત્ મેળવાતો...'** મેળવાતો. પ્રાપ્ત કરવામાં આવતો. શું? મહાઆનંદનો લાભ. પોતાની પર્યાયમાં, પોતાના સ્વભાવમાં જે મોક્ષ છે, આનંદ છે, એ અંતર્મુખ દૃષ્ટિ કરીને પૂર્ણ મોક્ષનો આનંદનો લાભ થવો. ભાષા એમ લીધી, મહાઆનંદનો લાભ. એમ લીધું છે. અનંતચતુષ્ટયનો લાભ (નહિ કહીને ફક્ત) આનંદની વાત કરી છે. મહાઆનંદનો લાભ તે મોક્ષ છે. આ લાભ એમાં છે. સમજાણું કાંઈ? શું વાત કંઈ સમજાતી નથી.

**'સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો...'** સમજાણું કાંઈ? **'મહાઆનંદનો લાભ...'** બેસવા દ્યો, જગ્યા કરો થોડી, ધ્યાન તો રાખો. આમ ખસી જાઓ થોડા આ બાજુ. સમજાણું કાંઈ? શું કહે છે? હજી તો મોક્ષની વ્યાખ્યા કરે છે. આહા..હા..! **'સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહાઆનંદનો લાભ...'** આહા..હા..! સંસારી સુખ તો દુઃખ છે. મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાથી અલ્પ આનંદ છે, પણ મોક્ષ પ્રાપ્ત કરવાથી મહાઆનંદ છે. સમજાણું કાંઈ? મોક્ષ કોઈ એવી દશા નથી કે ઉપર લટકવું. આત્મામાં પરમઆનંદ પડ્યો છે, અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ અંદર પડી છે. તો પડી છે તે પ્રગટ થાય છે.

**શ્રોતા :—** અત્યારે પડી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પડી નથી તો શું છે? બતાવો. ન પડી હોય તો ઘસો પત્થરને ઘસો અને કાઢો. સમજાણું કાંઈ? લીંડીપીપર નથી હોતી? છોટીપીપર. પત્થર ઉપર ઘસે છેને? ઘસવાથી પ્રગટ થાય છે? ઘસવાથી પ્રગટ થતી હોય તો કોલસાનો ઘસે, પથરાને ઘસે. રતનલાલજી! એમાં છે, એમાં છે તે પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મા અંતરમાં મહા આનંદ છે. ખબર નથી. સમજાણું કાંઈ? અંતરમાં પરમ આનંદ સ્વભાવ પડ્યો છે આત્મામાં. એના અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન, રમણતા કરીને જે મહાઆનંદમાથી અલ્પ આનંદ પ્રગટ થયો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને એનાથી પૂર્ણ આનંદનો લાભ (થવો) તે મોક્ષ. આહા..હા..! આહા..હા..!

**શ્રોતા :—** કર્મનો નાશ કરતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ નાશ કરતોં નથી? તમે નથી કરતાં એટલે નથી થતો. શું એની મેળાએ થાય છે? 'કર્મનો નાશ એની મેળાએ થાય.' દેવાનુપ્રિયા! કરવો નથી, તમારે પુરુષાર્થ કરવો નથી (એટલે એમ કહે છે કે) કર્મ એને કારણે ખસી જશે.

**શ્રોતા :—** પુરુષાર્થ ઊંધો કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કરે છે? ઊંધો કરે છે. શું કરે છે? અહીંથી અહીં, અહીંથી

અહીં રખડ્યા રખડ કરે છે કેટલું, જુઓ,

આત્મા ભગવાન આત્મા પોતાના ઊંધા પુરુષાર્થથી મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્ર કરે છે તો કર્મ બંધાય છે. શું? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ'. સ્તુતિમાં આવે છેને? ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ'. કર્મ તો જડ છે. માટી ધૂડ તને દોષ કરાવે છે? મૂઢ થઈને ભૂલ કરે અને નાખે દોષ કર્મ ઉપર. એને કદી (દોષ) નીકળવાનો અવસર મળે નહિ. તો કહે છે..

**શ્રોતા :—** 'કર્મ બિચારે કૌન' એ આચાર્યનું કથન નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઓહો..! આહા..! ઠીક કહે છે. આચાર્યના કથન છે. આચાર્યના કથનનો અર્થ ન્યાય એ આચાર્યનું કથન. ન્યાય છે એ આચાર્યનું કથન. ઈ કહે છે, સામાવાળા કહે છે, નહિ? આર્ષવાક્ય લાવો. અરે..! ભગવાન! આર્ષવાક્ય છે, સાંભળ તો ખરો. તત્ત્વથી વાસ્તવિક અનુકૂળ છે તેનું નામ આર્ષવાક્ય, ભગવાનનું વાક્ય છે ઈ. ઠીક છે, ન્યાંથી લાવે છેને. ઈ કહ્યું કે નહિ? ઉપદેશ કેમ આપ્યો ભગવાને? ચાલો સાંભળો. ઉપદેશ ભગવાને આત્માને દીધો કે કર્મને દીધો? 'નીકળી જા, ભાઈસાહેબ. (કર્મ)! તારો વાંક છે.' ઈ આર્ષવાક્ય છે? આર્ષવાક્ય છે કે નહિ? તું કર્મનો નાશ કર અને તારા ઊંધા પુરુષાર્થથી કર્મ બંધાયા છે. તું સુલટો (પુરુષાર્થથી) નાશ કર એવું આર્ષનું વાક્ય છે કે નહિ? તો આર્ષનું વાક્ય શું થયું? કે કર્મથી થતું નથી એમ આર્ષવાક્ય થયું. એમણે કહ્યું કે, તું જિન છે. વીતરાગ થઈ જા. રાગ દ્વેષ રહિત થા. કર્મ બિચારા જડ છે, તને કંઈ કરતાં નથી. તારી ભૂલ છે તો તને કહીએ છીએ. જડને કહે છે? 'ભાઈ! નીકળી જા, એને મોક્ષ કરવો છે.' એમ એને (કર્મને) સમજાવવો છે? બસ! આત્માને સમજાવ્યો એનો અર્થ કે આત્માની ભૂલ છે. આત્માને સમજાવ્યો તો આત્માની ભૂલ છે અને ઈ ભૂલ ટાળી શકે છે આત્મા, તો આત્માને કહ્યું છે. બરાબર છે, ભાઈ! આહા..હા..! અરે..! કંઈ પડી નથી અને હેરાન-હેરાન થઈ ચોર્યાશીના અવતારમાં ચાર ગતિમાં ભટકે છે.

અહીં આર્ષનું વાક્ય છે. આ આર્ષનું વાક્ય ન થયું? 'તમે આત્માને સમજો' એવું વાક્ય ભગવાનનું છે કે નહિ? તમે આવા આત્માને સમજો. તો એનો અર્થ શું થયો? હજી તું સમજ્યો નથી. એનો અર્થ એમ થયો કે કર્મએ તને સમજાવ્યો નથી? એવો અર્થ થયો? તું સમજ્યો નથી. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા, અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' અને અપને આપ ભૂલ ટાલકર ભગવાન થઈ જાય. બીજા ઉપર ક્યાં વાત છે. સમજાણું કાંઈ?

તો કહે છે, '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહાઆનંદ...**' આત્મામાં મહાઆનંદ તો પડ્યો છે એનો પર્યાયમાં, અવસ્થામાં, દશામાં પૂર્ણ આનંદનો લાભ થાય એનું નામ મુક્તિ. કહો, આ તો સીધી વાત છે. '**તે મહાઆનંદનો ઉપાય...**' હવે ઉપાય

(કહે છે). એનો ઉપાય? '**તે મહાઆનંદનો ઉપાય પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.**' શું કહ્યું? આત્મામાં આનંદ જે અતીન્દ્રિય છે એની દશામાં હાલતમાં મહા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ. એનો ઉપાય કર્મ ખસી જાય એ એનો ઉપાય એમ કહ્યું છે? તેના મહાઆનંદનો ઉપાય પૂર્વોક્ત ત્રણ ગાથામાં કહ્યું, '**નિરુપચાર રત્નત્રય પરિણતિ છે.**' જુઓ ભાષા! ઓહો..હો..!

ભગવાન આત્મા.. ભઈ આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે. આઠ વર્ષની છોડી પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે, પશુ પણ પ્રાપ્ત કરી શકે છે, ઢોર પણ, પશુ. નારકી પામે છે. નારકી નરકમાં મહા વેદન, વેદન, વેદનનો પાર નથી. એ અંતર્મુખ થઈને, ઓહો..! સંતો જ્ઞાનીઓએ મનુષ્યભવમાં મને કહ્યું હતું, મેં દરકાર કરી નહિ. આ નરકવેદન આ શું? આહા..હા..! ઈ પણ અંતરમાં વિચાર કરે છે. અંતર ભગવાન આત્મા અંતર્મુખ... બહિર્મુખની દૃષ્ટિ ખસેડીને અંતર ભગવાન આત્મા પોતાનું નિજ સ્વરૂપ એ તરફની દૃષ્ટિ કરે છે તો સમ્યગ્દર્શન, સત્યદર્શન, શુદ્ધદર્શન નરકમાં પણ પામી જાય છે. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે જુઓ, છે કે નહિ? પહેલી નરકમાં છે. તીર્થંકર થશે. ભવિષ્યમાં પહેલાં તીર્થંકર થવાના છે. આગામી ચોવીશીમાં પહેલાં તીર્થંકર થવાના છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ નરકમાં છે. આત્મજ્ઞાન છે, ક્ષાયિકસમકિત છે. ભાઈ! સાંભળ્યું છે કે નહિ? પહેલાં તો નરકનું મોટું આયુષ્ય બંધાયું હતું. પછી સમ્યક્ આત્મજ્ઞાન પામ્યા, રાજ હતું, સ્ત્રીઓ હતી, હજારો રાણીઓ હતી. હો, તો એમાં શું? પોતાની અંતર દૃષ્ટિમાં અનુભવ કરીને ક્ષાયિકસમકિત પામ્યા. પણ પૂર્વનું નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું તો ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિમાં ગયા પણ આત્મદર્શન, જ્ઞાન લઈને ગયા છે. ત્યાં પણ આત્મદર્શન, જ્ઞાન છે. સમયે સમયે તીર્થંકરગોત્ર પણ બાંધે છે. આગામી કાળમાં ભરતક્ષેત્રમાં મહારાણીને કૂંખે અવતાર થશે અને પ્રથમ તીર્થંકર આગામી ચોવીશીમાં થશે. એ બધો પ્રતાપ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનનો છે. સમજાણું કાંઈ? ચારિત્ર નહોતું. ચારિત્ર નહોતું, અંતર ચારિત્ર હોય તો તો મુક્તિ થઈ જાય. અંતર ચારિત્રની વાત છે હોં! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કર્યું, સ્વરૂપાચરણ પ્રાપ્ત કર્યું. એકભવતારી તીર્થંકર ગોત્ર બાંધીને નરકમાં ગયા છે. ચોર્યાશી હજાર વર્ષમાં અઢી હજાર (વર્ષ) ગયા. સાડી એક્યાસી હજાર વર્ષ બાકી છે. (ત્યાર પછી) નીકળશે. એ કહે છે કે પ્રતાપ સમ્યગ્દર્શન, જ્ઞાનનો (છે).

'**નિરુપચાર રત્નત્રય...**' એનો અર્થ શું? વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે ઉપચારીક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રત અને બાર વ્રતનો વિકલ્પ એ ઉપચાર, આરોપિત, અયથાર્થ રત્નત્રય છે. ભગવાન આત્માનું, અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી નિરુપચાર દૃષ્ટિ, જ્ઞાન પ્રગટ કરવી એ રત્નત્રય ખરેખર આત્માની નિર્વિકારી વીતરાગી નિર્દોષ અવસ્થા છે. એ જ મોક્ષ પ્રાપ્ત

કરવાનો ઉપાય છે. એ.. દેવાનુપ્રિયા! એમ કેમ ઉપાય ન કહ્યો કે કર્મનું ટળવું એ મોક્ષનો ઉપાય છે? સમ્યક્જ્ઞાન આત્મામાં થાય અંતર્મુખમાં તો કર્મ એને કારણે નાશ પામે છે એમ જ્ઞાનમાં આવે છે, નાશ કરવો પડતો નથી. જ્ઞાન આવી જાય છે. આત્મા કર્મનો નાશ કરે છે એમ પણ નથી અને કર્મ નાશ થયા તો અહીંયા પરિણતિ પ્રગટ થઈ એમ પણ નથી, એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ?

'**મહાઆનંદનો ઉપાય...**' ભાષા પણ આનંદથી લીધી છે. નિર્વાણ.. નિર્વાણ. શીતળીભૂત શાંત એ અતીન્દ્રિય આનંદની પર્યાયની પ્રાપ્તિનું નામ મુક્તિ. એ મુક્તિનો ઉપાય પોતાના આત્મામાં પરમ આનંદ જે પડ્યો છે એની અંતર દૃષ્ટિમાં તો 'આનંદમય છું' એવી પ્રતીતિ સમ્યગ્દર્શન. હું આનંદમય છું, એનું જ્ઞાન અને હું આનંદમય છું એમાં લીનતા. એવા '**નિરુપચાર રત્નત્રય...**' જે વાસ્તવિક મોક્ષમાર્ગ. નિરુપચાર એટલે નિ-ઉપચાર. ઉપચાર નહિ પણ યથાર્થ. યથાર્થ રત્નત્રય પર્યાય, યથાર્થ પરમાનંદ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? જુઓ, છે કે નહિ એમાં? '**पूर्वोक्तनिरुपचाररत्नत्रयपरिणतिस्तस्य महानन्दस्योपायः।** ' લ્યો. આહા..હા..! અરે..! એનું જ્ઞાનેય ન મળે, સમજાય નહિ અને ધર્મ થઈ જાય! આહા..હા..!

ધર્મ તો આત્માના અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટ થાય એનું નામ ધર્મ છે. ધર્મ પોતાનો આનંદમૂર્તિ ભગવાન, જેમ ગોળનો રવો હોયને? રવો કહે છે? શું કહે છે? કોલ્હાપુરનો. કોલ્હાપુરનો ગોળ નથી આવતો? અડધા નંબરનો બહુ ઊંચો હોય છે. અડધા નંબરનો ગોળ બહુ ઊંચો સફેદ. એને ચીરે તો શું નીકળે એમાંથી? લોહી નીકળે કે કાળી જીરી નીકળે કે... અને આખો ઉઘાડો કરી નાખે તો? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો એક રવો છે. આહા..હા..!

**શ્રોતા :—** (એ ઉઘાડો છે, પણ આ ક્યાં ઉઘાડો છે)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ઉઘોડું છે, આ ઉઘાડો છે. ખબર ક્યાં છે? આ ઉઘાડો છે એમ જાણે છે કોણ? આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો રવો છે. સ્વસન્મુખની એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીંયા નિરુપચાર, ઉપચાર એટલે અયથાર્થ અને નિરુપચાર એટલે યથાર્થ. યથાર્થ રત્નત્રયરૂપ પરિણતિ, અવસ્થા એ મોક્ષના આનંદને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. અરે..! મનુષ્યપણામાં આ વાત કદી સાંભળી નહિ, સમજણમાં લીધી નહિ અને એને હિત થઈ જશે! (એમ કદી ન બને). આહા..હા..!

**શ્રોતા :—** સાંભળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાંભળી નથી. સાંભળવા મળતી નથી. ગડબડ.. ગડબડ.. ગડબડ.

ભગવાન! તારા આત્મામાં પ્રભુ અતીન્દ્રિય આનંદનો ચૂવો પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચૂસે છેને કુલ્ફી? કુલ્ફીને ચૂસે છે કે નહિ? એમ અહીંયા આત્મા અતીન્દ્રિય આનંદનો રવો છે. એમાં એકાગ્રતા થઈને પોતાના આત્માના આનંદને ચૂસવું એનું નામ પ્રતીત નામ

સમ્યગ્દર્શન. એના આનંદની એકાગ્ર જ્ઞાનમાં આનંદનું જ્ઞાન થવું, ત્રિકાળમાં આનંદ છે અને પર્યાયમાં આનંદ છે, એનું નામ જ્ઞાન અને એવા આનંદમાં સ્થિરતા થઈને વિશેષ આનંદ પ્રગટ કરવો એનું નામ ચારિત્ર. આહા..હા..! હેરાન-હેરાન થઈ જાય છે, પણ એના સ્વસન્મુખની કિંમત નહિ. પૈસાની કિંમત, ધૂડની કિંમત, શરીરની કિંમત, આબરૂની કાં અંદરમાં પાપ પરિણામ થાય છે, આહા..હા..! ઘણું કર્યું, આજ તો બહુ મજા આવી. પુણ્યભાવ થયો એ શુભભાવ છે. એ તો પુણ્ય છે, વિકાર છે. વિકારથી ભગવાન આત્મા ભિન્ન એની અંતરની દૃષ્ટિ, અંતર્મુખનું અભ્યંતર આત્માનું જ્ઞાન અને અભ્યંતર સ્વરૂપમાં લીનતા એ રત્નત્રય પરિણતિ, આત્માની નિર્દોષ દશા, મહાઆનંદરૂપ મોક્ષનો ઈ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! શ્રદ્ધામાં લ્યે નહિ, જ્ઞાનમાં જ્ઞેય કરે નહિ અને સ્થિરતાનો પ્રયત્ન શું છે એને જાણે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** નથી થતું એટલે ... કોઈ હોવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ નથી થાતું? પુરુષાર્થ કરતોં નથી માટે થતું નથી. આ શું કહે છે? નિજસ્વભાવસન્મુખ થતો નથી માટે થતું નથી. વળી બીજું કારણ શું હોય? બહિર્દષ્ટિ છે એટલે અંતરદષ્ટિ કરતોં નથી. આ કારણ છે. જુઓ, પંચાસ્તિકાયમાં (કહ્યું છે), જેટલું પરવિષયનું પ્રતિબદ્ધપણું છે એટલો સ્વ વિષયમાં આવતો નથી. બીજું શું છે? આહા..હા..!

**શ્રોતા :—** ખોટો ઉપાય માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખોટો ઉપાય માને છે. રમત કરવી છે, ગમત કરવી છે, આમ આમ લેવું છે, ખાવું પીવું છે. સમજાણું કાંઈ? વિશીમાં બરાબર લાડવા-બાડવા મળે... એમાં દસ રૂપિયા વધારે લેજે પણ અમારે જોઈએ એવી રસોઈ. અહીં સોનગઢમાં મળે નહિ. ત્યાં કેવું કહેવાય? ધનબાદ? કેવું? જરિયા, જરિયા. જરિયામાં મકાન છે ઘરના, વિશીવાળાને કહે, દસ રૂપિયા વધારે લેજે, પચ્ચીસ લેતો હોય પાંત્રીસ લેજે, લેને. પચાસ લેજે પણ સારી રસોઈ ... હું આવું ત્યારે તાવડીમાંથી ઊની ઊની (રોટલી) આવવી જોઈએ. હવે આમાં મજા પડે એને આત્મામાં મજા ક્યાંથી આવે? કારણ કોનું છે? કર્મ શું કરે? જડ કર્મના માથે દોષ નાખે છે? તારી ભૂલ કર્મ ઉપર નાખે છે? મોટો અપરાધ કરે છે. સમજાણું કાંઈ?

આ મોક્ષ અને મોક્ષનો ઉપાય, બે પંક્તિમાં કહી દીધો. ભગવાન આત્મા એની વર્તમાન દશામાં પૂર્ણ આનંદનો લાભ થવો એનું નામ મુક્તિ. અને એ મુક્તિનો ઉપાય, ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુની આનંદની પ્રતીતિમાં 'હું આનંદમય છું', વિકાર નહિ, શરીર નહિ, કર્મ નહિ એવું જ્ઞાન થઈને, એવું પોતાનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી, પોતાનું જ્ઞાન કરવું અને લીનતા થવી એ એક જ પોતાના પરમાનંદરૂપી મુક્તિનો ઉપાય છે. બીજો કોઈ સત્ય ઉપાય નથી. સમજાણું કાંઈ?

**'વળી, (નિરુપચાર રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં અંતર્ભૂત રહેલાં) આ ત્રણનું-**

**જ્ઞાન, દર્શન અને ચારિત્રનું...**' એમાં ત્રણ રહ્યા છેને? અહીં જ્ઞાન, દર્શન, ચારિત્ર પહેલેથી લીધું હતુંને. પછી લેશે શ્રદ્ધાથી. પહેલેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અંતરમાંથી આવે છે. પછી વ્યવહારમાં શ્રદ્ધાથી લેશે. સમજાય છે કાંઈ? આ તો ભઈ અંતરની ધર્મકથા છે. આ એવી વાત નથી કે રાજા છે ને રાણી છે ને વાત સાંભળી લીધી અને ઘરે કહી દીધું. આ તો ઘરમાં બેસવાની વાત છે. કેમ ભાઈ? 'કબહુ ન નિજઘર આયા' ગાયું હતું કે નહિ? ... કદી નિજઘરમાં આવ્યો નહિ. નિજઘર શું છે? પરઘરમાં પરિભ્રમણ કરે છે. શુભ-અશુભભાવ વિકાર એ પરઘર છે. દેહ, વાણી, મન, આ ધૂડ માટી પરઘર છે. પોતાની નિજઘરની સંભાળ કદી લીધી નહિ. આહા..હા..! હેરાન.. હેરાન થઈ ગયો તોપણ શું છે? પોતાનો ઉલટો પુરુષાર્થ કરે છે, પછી ભૂલ નાખશે કર્મ ઉપર ને કાં કુગુરુ એવા મળ્યા કાં ક્ષેત્ર આવું મળ્યું કાં શરીરમાં આવો રોગ થઈ ગયો. આવી આવી ભૂલ કરે પોતાથી અને નાખે બીજા ઉપર. આહા..! સમજાણું કાંઈ? પાત્ર હોય તો સમજાયા વિના રહે નહિ, મળ્યા વિના રહે નહિ. સાક્ષાત્ ભગવાનનો જોગ મળે, પાત્ર હોય તો. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુ તીર્થંકરદેવ છે. ત્રિલોકનાથ સો ઈન્દ્રના પૂજનિક છે. દૂર કેમ આવ્યો? પોતાને કારણે છે. શું બીજાને કારણે છે? સમજાણું કાંઈ? આહા..હા..!

આ ત્રણનું ભિન્ન ભિન્ન નિરૂપણ હોય છે. '**કઈ રીતે? આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને.**' આ જ્ઞાન છે એવો વિકલ્પ, જે શાસ્ત્રનું જ્ઞાન છેને એના દ્વારા 'આ આત્માનું જ્ઞાન છે' એમ બતાવે છે. વ્યવહારશ્રદ્ધા દ્વારા આ નિશ્ચયસમ્યગ્દર્શન (છે). વ્યવહારશ્રદ્ધામાં નિરંતર નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાનની પરિણતિ રહે છે. ટોડરમલનું છેને ભાઈ? આહા...! વળી એનું નીકળ્યું અહીં જ્ઞાનમાં. '**આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને. (આ શાસ્ત્રમાં) જે ગાથાસૂત્રો આગળ કહેવાશે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં લક્ષણ જણાશે.**' વ્યવહાર હોં! વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્ર જે ભેદરૂપ છે, જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન સાચા છે એની ભૂમિકામાં જે વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન છે તેને બતાવશે. આવું એને વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન, વ્યવહાર રાગની મંદતારૂપ ચારિત્ર હોય છે. સમજાણું કાંઈ?

'**(હવે, ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :)**' બોલો.

(मंदाक्रान्ता)

मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा
ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्यापि नैव।
शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्
बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः।।११।।

આહા..હા..! મુનિઓ પહેલાં આત્મજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરે છે. આહા..હા..! પછી જ્યારે

ચારિત્ર લેવા તૈયાર થાય છે, અંતર ચારિત્રની વાત છે, હોં! બાહ્ય વિકલ્પ, નગ્ન (ઈ નહિ), અંતર આનંદ, અંતરમાં લીન લીનતા, મગ્ન થવા માટે ... કરે છે ત્યારે માતાને કહે છે, જ્યારે રજા લ્યે છે, હે મા! માતા! અરે..! દીકરા! તું ચારિત્ર અંતરનું લઈશ ત્યાં વનવાસમાં જઈશ. મા! એક વાર રજા દે, બીજી જનેતા હવે નહિ કરું. બીજી માતા નહિ કરું. એક માં તો રોવે છે, બીજી માંને નહિ રોવરાવું. આહા..હા..! માતા! મારી ક્ષણ લાખેણી જાય. અરે..! મારા સ્વરૂપની સ્થિરતાની મોસમ—મારો કાળ છે. સમજાણું કાંઈ? પહેલાં આત્મદર્શન થયું છે, શુદ્ધ ચૈતન્યના ભાનવાળાની વાત છે હોં! એમને એમ બહારથી છોડી દે અને નગ્ન (થઈ જાય) એ કંઈ સાચું મુનિપણું નથી.

અંતર પોતાના આનંદનો ભાસ થયો છે. અતીન્દ્રિય આનંદની પ્રતીતનું સમ્યગ્દર્શન (થયું છે), અતીન્દ્રિય આનંદનું જ્ઞાન થયું છે, પછી જ્યારે ચારિત્ર લેવાની વૃત્તિ થાય છે (ત્યારે) માતા રજા ન આપે. હજારો સ્ત્રીઓ હોય પદમણી જેવી. હે રમણી! હવે તું મને રમાડી શકે એવી તારી તાકાત નથી. મારો રાગ હતો, મારી રમણી તો મારી પાસે છે. મારા આનંદમાં રમું એ આનંદ મારી પાસે છે. માતા! તારા ઉદરમાં આવ્યો, ફરીને ઉદરમાં ન આવું. આવી પોતાની ચારિત્રદશામાં વનવાસમાં ચાલ્યા જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક ક્ષણ લાખેણી. બા! જગતમાં કમાવાનો કાળ હોય મોસમમાં, બે મહિના, કેટલી ચીવટ રાખે છે. ચીવટને શું કહે છે? સાવધાની. બહુ સાવધાની રાખે. ભઈ, આપણે બાર મહિનામાં બે માસ છે કમાવાના. આ પાંચ, દસ, પચ્ચીસ હજાર કમાશું બાર મહિને, પછી ખાશું. એમ કહે છે, માતા! અમારો ધર્મકાળ, યુવાનકાળ છે. અમારી દૃષ્ટિ અમારા આત્મા ઉપર છે. હું આનંદ છું. રાગ નહિ, પુણ્ય નહિ, કોઈ ચીજ મારી નથી. હવે મારી કચાશ છે પુરુષાર્થની (એને દૂર કરી) પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવાની (ભાવના છે). ઈ કહે છે.

જુઓ, '**શ્લોકાર્થ :— મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક (શુદ્ધરત્નત્રય-પરિણતિએ પરિણમેલો) આત્મા છે.**' અરે..! સ્વના આશ્રયમાં લાભ છે એ સ્વની કિંમત જ કદી કરી નહિ. સમજાણું કાંઈ? મોટાનો આશ્રય લે છે, શા માટે? એની કિંમત જુએ છે કે એની પાસે પાંચ-પચાસ લાખ છે. હું નોકરી કરીશ તો પાંચ હજાર આપશે અથવા અનુકૂળતા કરી આપશે. એમ આત્મા કોણ? કોણ છે ઈ? અનંતજ્ઞાન, આનંદની પાટ પડી છે અંદર, શીતળ પાટ. જેમ બરફની પાટ શીતળ છે, એમ ભગવાન આત્મા શાંત, અકષાય વીતરાગ આનંદની પાટ પડી છે. એવી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ તો કહે છે કે મોક્ષનો ઉપાય મુનિઓને શુદ્ધરત્નત્રયાત્મક આત્મા છે. સ્વ આત્માના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર વ્રતાદિના ભાવ છે એ તો વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે. પણ એ ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી. અંતરમાં જે વીણા વાગે છે આત્માના આનંદની ઝણઝણાટ.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ભંડાર એની દૃષ્ટિ, એકતા, એનું જ્ઞાન અભેદ, એની લીનતા અનુપચારીક ચારિત્ર એવા શુદ્ધરત્નત્રય તે આત્મા છે. શું કહે છે? ઈ આત્મા છે. શુદ્ધરત્નત્રય એ આત્મા છે. વિકલ્પ દયા, દાન, વ્રતના ઉત્પન્ન થાય છે એ શુદ્ધરત્નત્રય નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્માના દરબારમાં અંતરમાં પ્રવેશ કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અનંત કાળમાં ઉત્પન્ન નથી થયું અને અનંતકાળમાં મોક્ષ પ્રાપ્ત થયો નથી એનો ઉપાય અંતરની રત્નત્રય દશા છે. સમજાણું કાંઈ?

કહે છે, એ શુદ્ધરત્નત્રયાત્મક આત્મા છે. શું કહે છે? હવે વ્યવહારની વાત કરશે. એની પાસે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે, પણ એ રાગ છે, એ આત્મા નહિ.

**શ્રોતા :–** મોક્ષ એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, મોક્ષ તો આત્માના પરમાનંદનો લાભનો મોક્ષ. મોક્ષ શું ઉપર લટકવું છે? સિદ્ધ તો મોક્ષ થાય છે તો ઊંચે જાય છે એટલું. મોક્ષ શું પરમાં રહે છે? મોક્ષ તો પોતાની પરમાનંદ દશાનું નામ મોક્ષ. પીપરમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે અંદરમાં. ચોસઠ પહોરી છેને? પ્રગટ થાય છે. એ પૂરેપૂરી પ્રગટ થઈ ગઈ. એમ ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે એ પોતાની દશામાં અંતર્મુખ રત્નત્રયથી પૂર્ણ પ્રગટ થાય એનું નામ મોક્ષ. પરમઆનંદના અનુભવનું નામ મોક્ષ. આ દુઃખનો અનુભવ એનું નામ સંસાર. સમજાણું કાંઈ? એકલા દુઃખનો અનુભવ એ સંસાર. કંઈક આત્માના આનંદનો અનુભવ અને થોડા દુઃખનો (અનુભવ) એનું નામ મોક્ષનો માર્ગ. પણ એ આનંદનો અનુભવ તે મોક્ષનો માર્ગ. થોડું દુઃખ છે એટલે આનંદ થોડો છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. આહા..હા..!

કહે છે, સંતોને ચારિત્ર એને હોય છેને? ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન, જ્ઞાન હોય છે. પણ સંતો ત્યાગી મુનિ દિગંબર હોય છે, નગ્ન મુનિ વનમાં રહે છે આત્મામાં મસ્ત. અતીન્દ્રિય આનંદ. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, સમંતભદ્રાચાર્ય મહા સંતો ધર્મના ધોરી, ધર્મના સ્તંભ. ભગવાન આત્મા અનાકુળ અનંતગુણની ખાણ એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા અનુભવમાં આનંદમાં થઈ તે દશા આત્મા છે. વ્યવહારરત્નત્રય બતાવે છે કે વ્યવહારરત્નત્રય આવશે, અમે કહીશું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા... સમજાણું કાંઈ? આગમની શ્રદ્ધા, આપ્ત—સર્વજ્ઞની શ્રદ્ધા પણ એ વિકલ્પ છે, શુભરાગ છે, આત્મા નહિ. પણ એ આવ્યા વિના, નિમિત્ત આવ્યા વિના રહેતું નથી. આહા..હા..!

અહીં તો હજી વ્યવહાર છે એને સર્વસ્વ માની લીધું. મૂળગી મુડી નહિ. વ્યાજ લઈ લ્યો વ્યાજ. પણ મુડી તો લાવ પહેલી. મુડીને શું કહે છે? પુંજી. દસ લાખ આપ્યા છે, ચાર આના વ્યાજ તરીકે. વ્યાજ લઈ લ્યો. પણ પહેલાં મુડી લાવ મારી. એમ આત્મા શું મુડી છે, લાવ તો ... આમ કરો, રાગ મંદ કરો, વ્રત કરો, તપ કરો એ તો રાગ મંદ

છે એ તો વ્યાજ છે. મૂળગી મુડી વિના.

**શ્રોતા :—** આત્મામાં કાયમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે..! દૃષ્ટિ અને જ્ઞાનમાં કાયમ ટકી શકે છે. કોણ ના પાડે છે? દૃષ્ટિ અને જ્ઞાન... જેવો આત્મા ધ્રુવ છે એવી દૃષ્ટિ કાયમ ટકે છે. શું છે? એ તો સ્થિરતાની અપેક્ષાએ. સ્વરૂપમાં ઉપયોગ ન લાગે એ અપેક્ષાએ વાત છે. દૃષ્ટિ અને જ્ઞાન તો કાયમ રહે છે. ઈ પ્રશ્ન-નારદ છે. સમજાણું કાંઈ? એ એમ છે કે ત્યારે પ્રયોજન સમજાણું. એમાં રહી શકે નહિ તો અમારે વ્યવહાર કરવો કે નહિ? પણ ઈ તો અહીં કહેવાય છે. એમાં પ્રશ્ન (શું છે ઈ) ખબર નથી? પણ પહેલી દૃષ્ટિ અને જ્ઞાન તો કરે, એ વિના ઠરવું ક્યાંથી થશે? સમજાણું કાંઈ? ઈ પ્રયોજન વિના પૂછે નહિ.

કહે છે કે ભગવાન આત્મા એ વિકલ્પ જે ઉઠે છે રાગ, એ દર્શન નહિ, એ જ્ઞાન નહિ, એ ચારિત્ર નહિ. આહા..હા..! **'જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...'** જુઓ, આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ એનું અંતર જ્ઞાન કરે છે તે આત્મા છે. એ જ્ઞાન આત્માથી કોઈ અન્ય વસ્તુ નથી. શાસ્ત્રનું જ્ઞાન એ તો જ્ઞાનથી અન્ય વસ્તુ છે, આત્માથી અન્ય વસ્તુ છે. વસંતીલાલજી! આહા..હા..! **'જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...'** આત્માનું અંતર જ્ઞાન એ જ્ઞાન આત્મા છે. આત્મા સાથે એકત્વ થયું છે. એ જ્ઞાન કોઈ આત્માથી અન્ય વસ્તુ નથી. આ શ્રુતનું જ્ઞાન કર્યું એ તો અન્ય છે. એ ક્યાં આત્મા કહ્યો? આહા..હા..!

**'દર્શન પણ આનાથી બીજું નથી...'** ભગવાન આત્મા એની અંતરમાં પ્રતીતિ સમ્યક્ અનુભવમાં થઈ એ આત્મા છે. વ્યવહારસમ્યગ્દર્શન એ આત્મા નહિ એમ કહે છે. આહા..હા..! આત્મા આત્માની પ્રાપ્તિમાં ઉપાય છે. શું અણાત્મા વિકલ્પ ઉપાય છે? છે જ નહિ. આવે છે જરૂર, છે તેને બતાવે છે. આહા..હા..!

**'અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.'** ચારિત્ર આત્માથી અન્ય નથી. ભગવાન આત્મા અંતરમાં એકાકાર આનંદમાં થઈ જાય, ચરવું, રમવું, આત્મામાં લીન થવું, અતીન્દ્રિય આનંદ, એ અતીન્દ્રિય આનંદરૂપી ચારિત્ર આત્માથી અન્ય નથી. પંચમહાવ્રતના વિકલ્પ તો આત્માથી અન્ય છે. છે ખરા, બતાવશે કે નિમિત્ત છે. આવો વ્યવહાર આવશે, હોય છે, પણ એ આત્મા નહિ. આહા...હા..! સમજાણું ભાઈ? આહા..હા..! શીલ, શીલ, શીલ. પોતાના ચૈતન્યસ્વભાવનું શીલ, સ્વરૂપની સ્થિરતા અંતર આનંદ એ ચારિત્ર પણ આત્મા છે. દેહની ક્રિયા આત્મા છે? ચારિત્ર છે? પંચમહાવ્રતના વિકલ્પ આત્મા છે? ચારિત્ર છે? નહિ.

**'આ, મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.'** જુઓ, **'આ, મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.'** આવું, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં કહેતા હતા. **'આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે.'** અહીં તો આ જાણીને, હોં! આમ જાણ્યું, તેનું

જ્ઞાન થયું એ જન્મ-મરણનો અંત કરીને ફરીને માતાના પેટમાં નહિ આવે. અર્થાત્ ફરીને અવતાર થશે નહિ. એને ભવ્ય કહે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૧૨, શુક્રવાર, તા. ૪-૦૩-૧૯૬૬, ગાથા-૫, શ્લોક-૧૧, ૧૨, પ્રવચન નં. ૧૦

આ નિયમસાર શાસ્ત્ર છે. એમાં જીવ અધિકાર પહેલોં ચાલે છે. ચાર ગાથા થઈ. નિયમસાર એટલે નિશ્ચય મોક્ષનો માર્ગ. આત્માનો સ્વભાવ, જીવનું શુદ્ધ સ્વરૂપ એની અંતર્મુખની નિર્વિકલ્પ દૃષ્ટિ થવી એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન. એ નિશ્ચય નિયમ મોક્ષનો માર્ગ. નિયમથી—ચોકકસથી તે મોક્ષનો માર્ગ. અને સમ્યક્જ્ઞાન એ આત્માનું જ્ઞાન. સ્વસ્વરૂપનું જ્ઞાન, અંતર્મુખ તત્ત્વને અંતર્મુખનું વેદન કરીને 'આ આત્મા' એવું જે ભાન, નિયમ, સમ્યક્જ્ઞાન તે મોક્ષનો બીજો અવયવ માર્ગ છે. ત્રીજો ચારિત્ર. સ્વરૂપમાં દર્શનજ્ઞાનસ્વરૂપ જે આત્મા.. ઓલા દર્શન, જ્ઞાન સમકિત, જ્ઞાનની પર્યાય છે, આ તો દર્શનજ્ઞાનસ્વરૂપ આત્મા એમાં અંતરમાં લીનતા, વીતરાગતાની ઉત્પત્તિ ઉગ્રતા એનું નામ ચારિત્ર છે. એ ત્રણ થઈને એક મોક્ષનો માર્ગ છે. એ પહેલાં કહ્યું.

હવે એને ભેદ કથન દ્વારા અહીંયા અભેદપણું શું છે ત્યાં એનો અંતર આત્મસ્વભાવ નિર્દોષ વીતરાગી પર્યાયરૂપ શ્રદ્ધા નિર્દોષ સ્વભાવની, નિર્દોષ સ્વભાવનું જ્ઞાન, નિર્દોષ સ્વભાવની લીનતા એને જણાવવા વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો શુભ ભાગ ભેદથી અભેદ સમજાવે છે કે આવો જ્યાં ભાવ હોય છે ત્યાં એ ભાવ એમ જણાવે છે કે અંદરમાં આત્માના આશ્રયથી એને નિશ્ચય અભેદશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થયું છે એવું જણાવવા માટે આ કથન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આમાં વ્યવહારની વાત આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેવાનુપ્રિયા! શું હા જી? હા જીમાં કેટલું વજન કેની કોરનું હતું? એ તો એણે જણાવ્યું એમ. આવા વિકલ્પની મર્યાદા, જ્યાં અંતરમાં આત્માની શ્રદ્ધા, જ્ઞાન આવા હોય તો આવો એને વિકલ્પ હોય એમ જણાવે છે. સમજાણું કાંઈ? માથે લખ્યું હતુંને? ભેદ કથન દ્વારા અભેદ સમજાવવા અર્થે. અથવા આઠમી ગાથામાં આવી ગયુંને, સમયસારમાં. અનાર્ય પરમાર્થને સમજતો નથી એથી એને વ્યવહારથી પરમાર્થ સમજાવવામાં

આવે છે. એમ અભેદસ્વરૂપને સીધી રીતે અનુભવ દષ્ટિ, અને શાંતિ એને સમજાય નહિ એથી એને આવા વીતરાગી દેવ, વીતરાગી વાણી અને વીતરાગે કહેલા તત્ત્વો એનો ભેદરૂપ રાગ, એને શ્રદ્ધા સમકિત વ્યવહાર કહે છે. એમાં એને અભેદ ચૈતન્ય નિર્દોષ આત્મા એનું શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર હોય છે એવું આનાથી જાણી લેવું. સમજાય છે કાંઈ? ભેદ અભેદને બતાવે છે. ઈ પ્રાપ્ત કરાવે છે એમ નહિ. શું કીધું? પ્રાપ્ત કરાવે છે એમ ક્યાં કહ્યું? ત્યાં આવા વિકલ્પની મર્યાદા એ અહીં નિર્દોષ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિનું સમ્યગ્દર્શન એ નિર્દોષ પરમાત્માની શ્રદ્ધાનો વિકલ્પ, આમ જણાવે છે કે ત્યાં આવી નિર્દોષ સમ્યગ્દર્શન દશા છે, એમ જણાવે છે. સમજાણું કાંઈ?

આત્માનું જ્ઞાન, સમ્યક્જ્ઞાન, ચૈતન્યનું જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન. અને આગમનું જ્ઞાન, સર્વજ્ઞોએ જે વાણીની રચનાથી બધા પદાર્થનું સ્થાપન કર્યું એનું જ્ઞાન એ એમ ત્યાં જણાવે છે કે અહીંયા આત્માનું જ્ઞાન એને નિશ્ચય અભેદ છે એમ જણાવે છે. વસંતીલાલજી! ભારે ઝીણું ભાઈ! માણસને આ તો એવું (કઠણ) પડે છેને કે પોકાર પોકાર કરે છે. ખળભળાટ.. ખળભળાટ...

**શ્રોતા :—** આવી ભૂમિકા હોય અને આવો જ વિકલ્પ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવો જ હોય અને એવું જ એને જ્ઞાન કરવા માટે નિમિત્ત છે. એ સિવાય બીજી જાત ન હોય એટલી એની નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મર્યાદામાં આવા જ શુભરાગનું નિમિત્ત અને સાધન તરીકે વ્યવહાર હોય. વ્યવહારસાધન તરીકે હોં! સાધન એને કહ્યું છે.

**શ્રોતા :—** નિમિત્ત નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરવા માટે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પ્રસિદ્ધ કરે છે. એમ છે ઈ વાત. નિમિત્ત નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે, પ્રગટ કરતું નથી. પ્રગટ કરતું નથી. નિમિત્ત નૈમિત્તિકને પ્રગટ કરતું નથી. પણ પ્રસિદ્ધ કરે છે કે આ ઠેકાણે આવું છે. સમજાણું કાંઈ? કુંભાર અને ચાક છે એ નિમિત્ત છે. એ પ્રસિદ્ધ કોને કરે છે? કે એક માટી ઘડારૂપે પરિણમે છે એવા નૈમિત્તિક દશાને એ નિમિત્ત પ્રસિદ્ધ કરે છે, પ્રગટ કરે છે એમ નહિ. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય એક નિમિત્ત છે. તો એ એમ પ્રસિદ્ધ કરે છે કે એ નિમિત્ત જ્યારે કહેવાણું ત્યારે સામે સ્વયં ગતિ કરનાર જડ-ચૈતન્યની પર્યાય નૈમિત્તિક રૂપે છે એમ નિમિત્ત પ્રસિદ્ધ કરે છે. એને લઈને આ થાય છે અને પ્રગટ કરે છે એમ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** બેમાં આંતરો શું છે ઈ કાંઈ સમજાતું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ છે સ્વ-આશ્રય, એ છે પર-આશ્રય. મોક્ષમાર્ગ સ્વઆશ્રય દર્શન, જ્ઞાન, ચારિત્ર છે અને આ શુભરાગ પરાશ્રય છે, પણ પરાશ્રય પણ ઉત્કૃષ્ટ કેવી જાત છે કે એની મર્યાદામાં આવો જ વિકલ્પ હોય. ઈ એમ જણાવે છે કે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવું ત્યાં હોય છે. આ છે બંધનું કારણ, ઓલું મોક્ષનું કારણ. આ છે નિમિત્ત

વ્યવહાર, ઓલી છે શુદ્ધ ઉપાદાનની નિર્મળ પર્યાય. અરે..! ભાઈ! અનંતકાળથી એણે તત્ત્વની અંતર મર્યાદા વસ્તુ ભગવાન આત્મા તદ્દન નિર્દોષ અંતર અનંતગુણનો પિંડ એની જેને અહીંયા પ્રતીતિ—દર્શન થયું એને નિર્દોષ પરમાત્મા સર્વજ્ઞદેવનો એની શ્રદ્ધામાં એને શુભરાગ હોય છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવાનું ક્યાં? '**णियमेण कज्जं**' તો એ જ છે. એ તો પહેલું આવી ગયું. '**णियमेण य जं कज्जं**' નિયમથી કરવાલાયક એ તો પહેલાં આવી ગયું. ત્રીજી ગાથામાં આવી ગયું કે નહિ? ત્રીજી દેખો. '**नियमेन च यत्कार्यं**'. નિશ્ચયથી ભગવાન આત્મા પોતાના સ્વભાવ શુદ્ધ અખંડ પરમેશ્વરપદને નિજથી શ્રદ્ધા કરી, નિજથી જ્ઞાન કરી અને નિજથી સ્થિરતા કરે એ જ નિયમથી કર્તવ્ય છે, એ જ જીવનું નિયમથી કરવાલાયક કર્તવ્ય છે. પણ તે સ્થળમાં, તે સ્થાનમાં, તે કાળમાં આવો એક શુભરાગ આવે છે એને 'વ્યવહારે કરે છે' એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ત્રીજી ગાથામાં ચોખ્ખું કરી નાખ્યું, '**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**' '**વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ યોજેલ છે**'. નિશ્ચય તે કર્તવ્ય છે. કેમ? કે કર્તા ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો ભંડાર એ કર્તાપણે થઈને કાર્ય કરે એ તો નિશ્ચય શુદ્ધ દશાનું જ કાર્ય કરે. સમજાય છે કાંઈ? કેમકે એમાં ભરેલા બધા ગુણો શુદ્ધ છે. પૂર્ણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતપ્રભુતા, અનંતવિભુતા, અનંતસ્વચ્છતા એવી અનંત શક્તિઓ અનંતકાળ રહે એવી અનંત શક્તિઓ, એક શક્તિનું અનંત સામર્થ્ય, એવો એક ભગવાન આત્મા એનું નિશ્ચય કર્તાપણું સ્વભાવનું નિશ્ચય શુદ્ધની પર્યાયનું જ કર્તવ્ય એને હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ તો ત્રીજી ગાથામાં કહ્યું. '**णियमेण य जं कज्जं**'. ભાઈ! આકરું પડે કે મોંઘુ પડે પણ વસ્તુ તો એ છે. આ વિના ક્યાંય ત્રણકાળમાં શરણ નથી. રખડી મર્યો ચોર્યાશીના અવતારમાં ચાર ગતિમાં. સમજાય છે? આવા નિશ્ચયના ભાન વિના એકલા વ્યવહારથી કરીને પણ રખડી મર્યો ચાર ગતિમાં. પુણ્યબંધનું એકલું કારણ. જે કરવાલાયક છે એ તો ભગવાન આત્મા વસ્તુ છેને? અને વસ્તુ છે તો એ રચનાર, કરનાર, થનારરૂપે છેને? તો એ ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ કરતાં એ સ્વભાવની શુદ્ધતાને જ કરે, શુદ્ધતાને રચે, શુદ્ધતાને જ બનાવે, શુદ્ધતારૂપે પરિણમે અને થાય. એ તેનું મૂળ નિશ્ચયકર્તવ્ય છે. આહા..! સમજાણું કાંઈ? પણ એ એને એ વસ્તુ આવી છે, મોક્ષમાર્ગ પરમાર્થ, ત્યાં એક આવો શુભવિકલ્પ જે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર જેણે પૂર્ણ પદ પ્રાપ્ત કર્યું એવું પદ અહીંયા પૂર્ણ છે એવી એની પર્યાયમાં પ્રતીત થઈ એને આવી શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :— પ્રાથમિક કાર્ય પહેલાં આવું જ હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પ્રાથમિક નિશ્ચયકાર્ય જ હોય છે. એ તમે નહોતા અને આવી ગયું છે પહેલું. પગે લુલા હતા ત્યારે. ત્રીજી ગાથામાં આવી ગયું છે પહેલું. છે? એમાં વાંચ્યુ? **'णियमेण य जं कज्जं'**. પ્રશ્નનારદ છેને ઈ.

**શ્રોતા** :— ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પ્રાથમિક આવ્યું નહિ? નિશ્ચય. ઈ કહ્યા પછી આ કહ્યું. શું? વાંચો, ત્રીજી છેને? બાપા! જુઓ, ત્રીજી ગાથા જુઓ. શું છે?

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।**

પહેલું ઈ આવ્યું. નિષેધ કરીને આવ્યું. વ્યવહારનો નિષેધ કરીને કે વ્યવહાર નિશ્ચયસ્વરૂપમાં છે નહિ અને એ નિશ્ચયસ્વરૂપ રાગવાળું નથી. સમજાણું કાંઈ? કહો, દેવાનુપ્રિયા! ત્રીજી ગાથા છેને, ભાઈ? જુઓ, શું કીધું? **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી જે કર્તવ્ય છે આત્માનું. કેમકે વસ્તુ ભગવાન આત્મા વિકારમય છે જ નહિ કોઈ દિ'. એક સમયનો એક અંશ વિકૃત, એ તો અવસ્થાનો અંશ છે. વસ્તુ છે એ શુદ્ધ જ્ઞાનાનંદ અખંડાનંદ પ્રભુ ભગવાન આત્મા છે. એનું નિશ્ચયથી કર્તવ્ય હોય (તો એક) શુદ્ધ સ્વભાવનું શુદ્ધ કર્તવ્ય જ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યનો ભંડાર, અરે..! પરમેશ્વરની પૂરી દશાવાળો એ છે. એવું આખું સત્ત્વ જ પરમેશ્વરમય છે. ખબર ન મળે, ખબર ન મળે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જે પરમેશ્વર થયા, સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞની એક સમયની પર્યાય પ્રગટ થઈ અને સર્વદર્શી, સર્વઆનંદ, સર્વવીર્ય આદિ અનંત પર્યાયો (પ્રગટ થઈ) એ બધી શેમાં હતી? એવો પૂર્ણાનંદનો નાથ ભગવાન અનંતગુણનો પિંડ આત્મા પોતાના પરમેશ્વરને જ્યારે પોતે ભેટા કરે છે.. સમજાય છે કાંઈ? અંતર્મુખ પરમેશ્વરને પોતે ભેટો કરે છે ત્યારે સ્વભાવનું કર્તવ્ય શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ—ચારિત્ર નિશ્ચયકર્તવ્ય આ હોય છે, એ થાય છે અને એ જ એમાં બને છે. સ્વભાવમાં બીજું શું બને? સમજાણું કાંઈ? આહા..હા..! એવા સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નામ સ્થિરતા નામ મોક્ષમાર્ગના કાળમાં એને વ્યવહારનો શુભરાગ એવી જ ઉત્કૃષ્ટ દશાવાળા પરમેશ્વરની પ્રતીતનો, ઉત્કૃષ્ટ સર્વજ્ઞે કહેલી વાણીની પ્રતીતનો અને ભગવાને કહેલા તત્ત્વો સર્વજ્ઞે જોયેલા, કહેલા તત્ત્વો, પરમેશ્વર વીતરાગે, એવા તત્ત્વોનો શ્રદ્ધાનો વિકલ્પ એની ભૂમિકામાં વ્યવહાર નિમિત્તરૂપે પરના આશ્રયવાળો, સ્વઆશ્રયની આ દશામાં પૂર્ણ દશા થઈ નથી માટે આવો એને શુભરાગ હોય છે. એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા** :— ... નિશ્ચય વિના વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હોય જ નહિ. નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી આવ્યો? ઈ વ્યવહાર

કોથળો બતાવે છે કે આમાં માલ કાંઈક બીજો છે એમ બતાવે છે. ડબ્બો બતાવે છે કે આમાં કાંઈક બીજો માલ છે. કેસર છે એ કાંઈ કોથળામાં ન રહે. એ કેસર ડબ્બામાં અને મણિમાં.. મણિ શું કહેવાય? બરણી બરણી. બરણીમાં રહે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા.. ઓહો..! જે સર્વજ્ઞ પરમેશ્વર ત્રણલોકના નાથ કેવળજ્ઞાની જેની એક સમયની એ આત્મદ્રવ્યની અનંતી પર્યાય.. પર્યાય છેને મોક્ષ એ તો? કેવળજ્ઞાન એ પર્યાય છે, એક અવયવ છે, એક દશા છે, સિદ્ધ પણ અનંતગુણની એક નિર્મળ દશા છે, એવી અનંતી દશાનો ભંડાર આ આત્મા જેને અંતર સ્વભાવમાં પ્રતીત અને જ્ઞાનમાં રમણતામાં આવ્યો અને એવા ભગવાનની શ્રદ્ધાના વિકલ્પ ભક્તિમાં ઊછળે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયની વ્યાખ્યા પહેલી મૂકી હતી, દેવાનુપ્રિયા! એ તો અંદર રાખીને વાત કરે છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

અરે..! ભગવાન! તું પણ પહેલો જ્યાં ન હોય ત્યાં બીજો ક્યાંથી લાવવો? સમજાય છે આમાં? આમ અખંડાનંદ પ્રભુ, અરે..! જેનામાં અતીન્દ્રિય આનંદનો સાગર છલોછલ આનંદથી ભરેલો આત્મા. કેમ બેસે? ક્યાં બેસે? કોઈ દિ' સાંભળ્યો નથી એણે. સમજાય છે? ઝાંવા નાખે છે બહારમાં, ધૂડમાં ને આમાં ને આમાં ને આમાં. એનો અર્થ થયો કે સુખને માટે ઝાંવા નાખે છે. તો સુખ ક્યાંક છે ખરું. પણ સુખ ક્યાં છે એની એને ખબર નથી. ઝાંવા નાખે છે આમ, અહીંથી લઉં, અહીંથી લઉં, ધૂડમાંથી લઉં, ભોગમાંથી લઉં, આબરૂમાંથી (લઉં). ક્યાંય ધૂડમાંય નથી, સાંભળને! સુખની કલ્પનાના ઝાંવા એ સુખને સિદ્ધ કરે છે કે ક્યાંક સુખ છે. પણ જ્યાં જે સત્તામાં સુખ છે એની સામું એની નજર નથી. નજર પુણ્ય ને પાપ ને રાગ અને દ્વેષના ફળ ધૂડ, ત્યાં મંથન કરે છે. જેમાં ઝેર છે એમાં સુખ માનીને અનાદિથી બેઠો છે. મોહનભાઈ! આહા..હા..!

કહે છે, અરે..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળી ત્રિલોકનાથે જોયેલો, અજ્ઞાની પણ નહિ, કોઈ અજ્ઞાની સર્વજ્ઞ સિવાય આત્માની વાત કરે તો એણે આત્મા જાણ્યો નથી. સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એવા સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ. અનંતા સિદ્ધો અનાદિના છે, લાખો કેવળીઓ વર્તમાન મહાવિદેહમાં બિરાજમાન છે અને વીસ તીર્થંકરો વર્તમાન બિરાજમાન સમવસરણના મધ્યમાં છે, મહાવિદેહક્ષેત્રમાં. એ બધા ભગવાનો જેણે જ્ઞાનમાં આત્મા જોયો એ આત્મા એટલે, અમને જે પ્રગટેલી અનંતજ્ઞાન, દર્શન, આનંદની અનંત દશાઓ એવી અનંતી અનંતી દશાની ખાણ નિધિ તે આત્મા, એમ ભગવાને કેવળજ્ઞાનીએ જોયું છે. આહા..હા..!

એવો આ ભગવાન આત્મા.. આ તો માટી જડ ધૂડ, વાણી ધૂડ, આ શુભ-અશુભના ભાવ ઉઠે એ વિકાર ભૂલ, એ ભૂલ વિનાનો આખો ભગવાન એ પૂર્ણાનંદનો નાથ અંતર્મુખ દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન થાય, જે સમ્યક્જ્ઞાન થાય, સ્થિરતા થાય, સ્વઆશ્રય થાય તે

યથાર્થ પૂર્ણ મહાઆનંદના લાભરૂપી મોક્ષ એનું એ કારણ છે. સમજાણું કાંઈ? ઈ વાત આવી ગઈ છે. મહાઆનંદનો લાભ તે મોક્ષ. મોક્ષ કંઈ બીજું લટકવાનું-ફટકવાનું નથી. આત્મામાં મહા આનંદ પડ્યો છે એને અંતર્મુખ થઈને દશામાં આનંદ, અતીન્દ્રિય આનંદ જે ઈન્દ્રના સ્વાદમાં નથી, એ ક્રોડો ઈન્દ્રાણીના વિષયમાં રાગ છે, ઝેર છે. આ અમૃતના અંદર સ્વાદ, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સાગરનું પૂર, આહા..હા..! એવા આત્માની અંતર્મુખની બાહ્યથી વિમુખ થઈ, ઉપેક્ષા કરી, સ્વભાવની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન, એનું જ્ઞાન, એની લીનતા એ મોક્ષનો માર્ગ. એ મહાઆનંદરૂપી મોક્ષ જે સિદ્ધપદ એનો એ માર્ગ. એવા માર્ગ પ્રગટ થયેલાને વ્યવહાર કોથળો નિમિત્તરૂપે કેવો હોય? એ માલનો કોથળો કેવો હોય? સમજાણું કાંઈ? નિમિત્તની અથવા ઉપચારે રત્નત્રયની, વ્યવહારરત્નત્રયની વ્યાખ્યામાં આ પહેલી સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે. એ પાંચમી ગાથા.

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ હતા. એ વનવાસી મુનિ હતા. જંગલમાં રહેતા હતા. એમણે ભગવાન પાસે જઈ, સીમંધર પ્રભુ પાસે ગયા, આઠ દિન રહ્યા પછી એ જંગલમાં આ શાસ્ત્ર બનાવ્યા છે. ત્યાં પોન્નુર હિલ મદ્રાસથી એંસી માઈલ છે. પોન્નુર હિલ ટેકરી છે. વંદેવાસ ગામ છે. ત્યાં બે વાર જઈ આવ્યા છીએ. બે વાર હતા કે નહિ? બે વાર હતા. એમાં આ તાડપત્રો ઉપર આ શ્લોકો લખાણા છે. સાક્ષાત્ પરમેશ્વરનો ભેટો કર્યા પછી દિગંબર સંત મુનિ જંગલમાં વસનારાએ આ શાસ્ત્ર લખ્યા છે. એ અહીંયા નિશ્ચયમોક્ષમાર્ગની સાથે વ્યવહારમોક્ષમાર્ગ કેવો હોય? વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા પહેલાં કરી, જ્ઞાન પછી, ચારિત્ર પછી. એની વ્યાખ્યા કરે છે.

**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।**
**ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो।।५।।**

સમજાણું? એનો શબ્દાર્થ પહેલોં લઈએ, લ્યો. નીચે હરિગીત.

**રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.**

‘**ટીકા :— આ વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.**’ વ્યવહાર એટલે શુભવિકલ્પ છે, શુભરાગ છે કે આવા ભગવાન હોય એવી શ્રદ્ધાનો ભાગ છે. ‘**આપ્ત...**’ હવે આપ્ત કહે છે. ‘**આપ્ત એટલે શંકારહિત.**’ આપ્ત એટલે શંકારહિત ભગવાન છે. શંકા એટલે શું? પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવ સો ઈન્દ્રના પૂજ્ય પરમાત્મા વીતરાગ મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. અહીંયા ભગવાન જ્યારે અરિહંતપદે હતા ત્યારે અહીંયા સર્વજ્ઞપદે હતા અહીંયા, એ હવે સિદ્ધ ગયા અત્યારે. ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા. આ ત્યારે અરિહંતપદે બિરાજે છે. અરિહંતપદના મુખમાંથી નીકળેલા વાક્યોનું અહીં કહેવું છે માટે પહેલાં અરિહંતની વ્યાખ્યા કરે છે.

સર્વજ્ઞ પરમેશ્વર કેવા હોય?—આપ્ત. જેના નિમિત્તથી આત્માનું હિત સમજાય. સમજાય છે? હિતોપદેશક. હિતનો ઉપદેશ કરવાળા. પૂર્ણ કરવાવાળા કેવા હોય છે? શંકારહિત હોય છે પોતે. જોયું? સમ્યગ્દર્શનમાં જેમ નિઃશંકિત પહેલી દશા (હોય છે), એમ અહીંયા શંકારહિત પૂર્ણ (આપ્તની) વાત કરે છે. '**શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).**' શંકાની વ્યાખ્યા આ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ શંકા, એ દોષરહિત ભગવાન છે. સમજાય છે કાંઈ? નિઃશંક સ્વભાવની દૃષ્ટિમાં નિઃશંકપણે પૂર્ણ રાગદ્વેષમોહરહિત થયેલા ભગવાન એની વ્યવહારુ શ્રદ્ધામાં આવા પરમાત્મા શ્રદ્ધામાં વર્તતા હોય છે. ભારે વાત, ભાઈ! વાર્તા હોય તો બહારની કાંઈક હોય તો સમજાય, પકડાય. ભાઈ! તેં તારા અંતરના માર્ગ બાપુ કોઈ દિ' જોયા નથી, ભાઈ! એ બધી રખડવાની વાતું સાંભળી છે.

આ ભગવાન આત્મા પરમેશ્વર થવાને લાયક જ્યાં આત્મા થયો, કહે છે કે એની શ્રદ્ધામાં કેવા પરમેશ્વર વર્તતા હોય છે? સમજાય છે? કે જેને મોહ અને રાગ-દ્વેષ દોષો નાશ થઈ ગયા છે. સમજાણું કાંઈ? એ દોષો જેને હોતા નથી. એવા અરિહંત વીતરાગદેવ પરમેશ્વર. એને મોહ એટલે મિથ્યાત્વ નથી અને જેને રાગ ને દ્વેષની અસ્થિરતા નથી એટલે સમ્યગ્દર્શન અને પૂર્ણ સ્થિરતાનું ચારિત્ર જેને વર્તે છે. સમજાણું કાંઈ? એ આપ્તની વ્યાખ્યા કરી. એવા ભગવાનની જેને શ્રદ્ધા (હોય છે). છેલ્લે છે શબ્દ એનો. સમ્યક્શ્રદ્ધાન તે વ્યવહારસમકિત. એવા ભગવાનની જેને વ્યવહારસમ્યક્શ્રદ્ધા (હોય છે) તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. ઉપચારે સમકિત. અનુપચાર તો આત્માનું અંદર દર્શન તે સમકિત છે. આ ઉપચાર સમકિત કહેવામાં આવે છે.

હવે આગમ. આગમની શ્રદ્ધા. સમ્યગ્દૃષ્ટિને, સમ્યક્જ્ઞાનીને, ધર્મીને વ્યવહારમાં આત્માનું જ્ઞાન એ તો આત્માનું જ્ઞાન અને આત્માની શ્રદ્ધા પણ એની શ્રદ્ધામાં આગમની શ્રદ્ધા હોય છે. આગમ..

**શ્રોતા :—** આત્માની શ્રદ્ધા અને આગમની શ્રદ્ધા... (બન્નેમાં ફેર શું છે)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકનું ફળ પુણ્ય છે અને એકનું ફળ મોક્ષ છે, એમ છે. ખુલાસો કરાવે છે. સમજાણું કાંઈ? એવા ત્યાં પુણ્ય બંધાઈ જાય છે, સાતિશય પુણ્ય, સમ્યગ્દૃષ્ટિ છે એટલે.

કહે છે, '**આગમ એટલે આપ્તના...**' જુઓ, આપ્ત, ઈ આપ્ત એટલે? મોહ અને રાગ-દ્વેષરહિત થયા ભગવાન પરમેશ્વર એના મુખમાંથી નીકળેલી વાણી. '**મુખારવિંદમાંથી નીકળેલી,...**' મુખ તો ભાઈ લેવાય છેને? ... નહિતર તો આખા આત્મપ્રદેશથી સર્વજ્ઞ પરમેશ્વર થાય, ૐ આખા આત્મામાંથી નીકળે. ૐ ધ્વનિ. એ ગણધર ૐ ધ્વનિ (સાંભળીને) અર્થ ગણધર વિચારે. ૐ સાંભળી, ભગવાનની વાણીમાં ૐ ધ્વનિ આવે. એ ગણધરદેવ ચાર જ્ઞાનના ધણી એની રચના ભગવાનની વાણીથી આગમની કરે. એટલે આપ્ત એ સિદ્ધ

કર્યા. મુખારવિંદમાંથી નીકળેલી, એ અરિહંત સિદ્ધ કર્યા. સિદ્ધ છે એની વાત નહિ. સિદ્ધને વાણી હોતી નથી. મુખ-અરવિંદ. મુખરૂપી અરવિંદ એટલે કમળ. મુખરૂપી કમળમાંથી ૐ ધ્વનિ નીકળી. એવી નીકળેલી કેવી વાણી છે?

'**સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ...**' ત્રણકાળ, ત્રણલોકના જગતના દ્રવ્ય, ગુણ અને પર્યાય પદાર્થ ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં જણાઈ ગયા છે. એવા ત્રણકાળ, ત્રણલોકના પદાર્થને વીતરાગની વાણી સમસ્ત વસ્તુવિસ્તાર—છ દ્રવ્ય. સમજાણું કાંઈ? છ દ્રવ્ય અનંતા. સમસ્ત વસ્તુ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે કંઈ જગતમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એ બધી વસ્તુના વિસ્તારનું '**સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના.**' એ ભગવાનની દિવ્યધ્વનિ એને આગમ કહેવામાં આવે છે. આહા..! એ વાણીની રચનાને આગમ કહેવામાં આવે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ થયા એના મુખારવિંદમાંથી ધ્વનિ નીકળે કે ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ ભગવાને જાણ્યા, એવી વસ્તુનું સ્થાપન વાણી દ્વારા કર્યું, વાણી દ્વારા સ્થાપન કર્યું કે આમ છે. એ કરવામાં તાકાતવાળી ચરુત વચનરચના. વચનરચના પણ ઊંચી. 'વચનામૃત વીતરાગના...' આ એને આગમ કહેવામાં આવે છે.

એ આગમની શ્રદ્ધા. આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદસ્વરૂપ છે એવા જેને અંતર શ્રદ્ધા, જ્ઞાન થયા છે એને આવા આગમની શ્રદ્ધાનો ભાવ હોય છે. બીજા આગમને એ માનતો નથી. સમજાણું કાંઈ? અરે..! આ ક્યાં નવરાશ છે? જગતમાં એક તો પૈસા ને આબરૂ ને ભોગ ને કીર્તિ ને ધૂડધમાહા... રખડવાના રસ્તામાં પડ્યો, હવે આ કે દિ' આને સાંભળવું? અને બહુ ... જાય તો વ્યવહારની ક્રિયાકાંડના રાગમાં. ભગવાન આત્મા એ રાગરહિત ચિદાનંદ પ્રભુ, એની અંતરની દૃષ્ટિ આનંદની એવી દૃષ્ટિ થાય તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે. એ સમ્યગ્દર્શન તે મુક્તિનો માર્ગ. એમાં આવી શ્રદ્ધા તે શુભરાગરૂપે હોય છે. સર્વજ્ઞની શ્રદ્ધા, દોષરહિત પરમેશ્વરની. શુભરાગ છે ઈ. એ વ્યવહારસમકિત કહેવાય છે. એમની વાણીની શ્રદ્ધા, અજ્ઞાનીઓની વાણી નહિ. જે તે બકે સર્વજ્ઞ સિવાય, પરમેશ્વરના જ્ઞાનના ત્રણકાળ વિના જેણે પોતાની કલ્પનાએ બક્યા છે એને આગમ કહેતા નથી. સમજાણું કાંઈ? એવો વિવેક સમ્યગ્દૃષ્ટિને આવા જ આગમ હોય, એવો વિવેક એને શ્રદ્ધામાં હોય છે. સમજાણું કાંઈ?

પાછી '**ચતુર વચનરચના**' કીધી. વચનની અલૌકિક રચના! આગમ એટલે? સાધારણ કવિ રચે છે એ સાધારણ વાતમાં જાણે કાંઈક અદ્‌ભુતતા લાગે. આ તો ગણધરની રચના, વીતરાગની વાણીની રચના અલૌકિક ચતુર હોય છે. એનું જેને સમ્યક્શ્રદ્ધાન હોય એવા સમકિતદૃષ્ટિ જીવને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** ચતુર વચનરચના પણ છે તો પુદ્‌ગલની પર્યાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુદ્‌ગલની પણ રચના છેને? જડની પર્યાય બીજી પર્યાય કરતાં

ફેર છેને? પર્યાય પર્યાયમાં ફેર છે કે નહિ? એક માંસની પર્યાય અને એક દાળની પર્યાય, એક મોસંબીની પર્યાય અને એક માંસની પર્યાય, ફેર છે કે નહિ? એમ વાણીની પર્યાયમાં ફેર છે.

**શ્રોતા :—** (એ આપ્તના વચનો છે!)

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, હા. કીધુંને. આપ્તના વચનો, એના વચનો. એના મુખમાંથી નીકળેલી ધ્વનિ એને આગમ કહેવામાં આવે છે. ત્રણકાળ, ત્રણલોક જેણે જોયા છે અને એવું જ વાણીમાં સ્થાપન કર્યું. વાણી દ્વારા સ્થાપન (કર્યું). છ દ્રવ્ય છે. એક એક દ્રવ્યમાં અનંતા ગુણો છે. અનંતગુણની અનંતી પર્યાય છે. અનંતા સિદ્ધો છે, અનંતા નિગોદો છે. અનાદિકાળથી મુક્તદશા છે, સંસારદશા છે. એવું જેણે—ભગવાને વાણી દ્વારા નિમિત્તથી સ્થાપન કર્યું એવી વાણીને આગમ કહેવામાં આવે છે. એ આગમની શ્રદ્ધા નિશ્ચય આત્માના અનુભવી સમકિતીને વ્યવહારશ્રદ્ધા તરીકે હોય છે. સમજાણું કાંઈ?

હવે તત્ત્વોની શ્રદ્ધા. ત્રણ કહ્યું હતુંને? આપ્ત, આગમ અને તત્ત્વ. એમાં પણ ઝીણી વાત છે જરી. '**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ. જુઓ, એકલું સ્વરૂપી ભગવાન પરમાત્મતત્ત્વ અંતઃ એકરૂપે ભગવાન આત્મા એનું અંતર્મુખનું સમ્યગ્દર્શન એ નિશ્ચય. પૂર્ણ શાંતિનો સાગર ભગવાન પરમેશ્વરે જે પરમેશ્વરતા પ્રગટ કરી એ બધી પરમેશ્વરતા આત્મામાં પડી છે. એવી અંતરમાં સમ્યક્ પ્રતીતિ નિશ્ચય એ નિશ્ચયસમ્યગ્દર્શન. સાથે વ્યવહાર સમ્યગ્દર્શનમાં તત્ત્વનો વિકલ્પ કેવો હોય? કે બહિઃતત્ત્વ, બીજા જીવ, અજીવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ. '**એવાં (બે) ભેદોવાળાં...**' અંતઃતત્ત્વ આ પરમાત્મા અને બહિઃતત્ત્વ સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય—એવા બે પ્રકારના તત્ત્વોની શ્રદ્ધાનો વિકલ્પ તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..!

અરે..! એના ઘરની વાત કોઈ દિ' સાંભળી નથી. એને કોઈ પાંચ દસ લાખ પૈસા પેદા થવાનું કહેને, છ મહિનામાં તો અંદરથી હડકો (આવે), હેં! ધૂડમાંય નથી હવે, સાંભળને. ધૂડમાં ન્યાં નરકના સ્થાન છે. એ.. મૂળચંદભાઈ! પાંચ લાખ એક મહિને મળશે. શું? ધૂડ. એ તો પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હશે તો મળશે, કાંઈ તારા ડહાપણથી મળે એવું નથી. છતાં એને હેં..! (થઈ જાય). હેં કર્યું આમાં? ધૂડમાં હેં થઈ ગયું તારું. એઈ..! દેવાનુપ્રિયા!

**શ્રોતા :—** ... તો ખવાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું ખવાય? ધૂડ ખાય? રાગ ખાય, શું ખાય? આહા..હા..! જેને કહે છે, બાહ્ય લક્ષ્મીના પ્રેમમાં આટલા હડકા, અરે..! ભગવાન! તારી અંતર લક્ષ્મીમાં તો સાગર ભર્યા છે લક્ષ્મીના. જ્ઞાન, દર્શન, આનંદ આદિના એ લક્ષ્મીનું આત્મતત્ત્વ આત્મા, એનો જેને અંતર પૂર્ણ સ્વભાવનો ભરોસો અંતર દૃષ્ટિ અને સમ્યક્ થયું નિશ્ચય, એને આ

પરમાત્મતત્ત્વ અંતઃતત્ત્વરૂપ પરમાત્મા અને સંવર, નિર્જરા, મોક્ષ આદિ બાહ્ય તત્ત્વ, પર્યાય છેને? એ બેના વિકલ્પવાળી શ્રદ્ધાને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..! છે કે નહિ પુસ્તક અંદર? આહા..હા..!

કહે છે, સમ્યગ્દૃષ્ટિ, ધર્મી અંતરમાં દૃષ્ટિ થઈ છે, ચૈતન્યના સહજાનંદ ભગવાન નિજ સ્વરૂપની એવી દૃષ્ટિવંતને વ્યવહારસમકિતનું સ્વરૂપ કેવું હોય? કે વ્યવહારસમકિતના ભાવમાં સર્વજ્ઞ પરમેશ્વર જેની શ્રદ્ધામાં તરવરતા હોય છે અને સર્વજ્ઞના મુખે નીકળેલી વાણી જ જેની શ્રદ્ધામાં વર્તતી હોય છે અને જેની શ્રદ્ધામાં તત્ત્વોમાં ભગવાન અંતઃતત્ત્વ, અંદરનું તત્ત્વ પૂર્ણ સ્વરૂપ તત્ત્વ, એક. એકની શ્રદ્ધા થઈ એ તો નિશ્ચય થઈ, પણ એવા પરમાત્મા અને આ સંવર, નિર્જરા, મોક્ષ ને આસ્રવ ને બંધ એવા બહિઃતત્ત્વ, એ બેની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠવો એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..! એ વ્યવહાર ભેદ એમ જણાવે છે, અંદર એને નિશ્ચય આત્માની પરમાત્મસ્વભાવની શ્રદ્ધા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! દેડકા સમકિત પામે છે ભગવાનના સમવસરણમાં. આટલા. શરીર આવડું, આત્મા ક્યાં એવડો થઈ ગયો? આત્મા મહાન પદાર્થ છે. દેડકો હોય કે માછલું હોય. સમજાય છે કાંઈ? ભગવાનના સમવસરણમાં તો તિર્યંચો આત્મજ્ઞાન પામે છે. આ કહીએ છીએ ઈ. આહા..હા..!

**શ્રોતા :—** અંતઃતત્ત્વ એ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના, ના. અંતઃતત્ત્વની દૃષ્ટિ થઈ એ તો નિશ્ચય, પણ અંતઃતત્ત્વ એવું પરમાત્મતત્ત્વ અને બહિર સંવર (આદિ) એવા બે પ્રકારની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે તે વ્યવહાર.

**શ્રોતા :—** પણ એ તો નિશ્ચય હોય ત્યારેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ એ તો નિશ્ચય હોય ત્યારની વ્યાખ્યા થાય છેને. ઈ તો વાત પહેલી થઈ ગઈ. એની તો વ્યાખ્યા થઈ ગઈ. અહીં તો અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વને વ્યવહારસમકિત કેમ કહ્યું એની વાત છે આ. સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા તદ્દન શરીર, કર્મ જડથી નિરાળો અને પુણ્ય ને પાપના ભાવ ઉઠે એ વિકારથી પણ નિરાળું તત્ત્વ અંદર અખંડાનંદ પ્રભુ છે આત્મા, એવો પરમેશ્વર નિજ અંતઃતત્ત્વ, અંતઃતત્ત્વ એવું જે પરમાત્મતત્ત્વ પરમસ્વરૂપ પોતાનું, એનો અંતરમાં અનુભવ સમ્યગ્દર્શન તે નિશ્ચયસમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? એ નિશ્ચયસમ્યગ્દર્શનનું તત્ત્વ. પણ જોડે વ્યવહારસમકિતનું તત્ત્વ વિકલ્પ એ તત્ત્વ શું? કે આ પરમાત્મા છું અને આ પર્યાય આદિ બહિઃતત્ત્વ છે—એ બેના વિકલ્પની શ્રદ્ધા વર્તે તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. કારણ કે બે થઈ ગયા. ઓલો એકલો હતો. હવે બેમાં વ્યવહાર આવ્યો, એકમાં નિશ્ચય. આહા..હા..! ધર્મ ધુરંધર ધોરી કાળ ભગવાન પાસે વર્તે છે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં. તીર્થંકરદેવ સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં છે. ત્યાં તો નાના નાના બાળકો પણ આત્માનું આ ભાન કરે

છે. આઠ આઠ વર્ષના. શરીરના આઠ વર્ષ શું, આત્મા અનાદિઅનંત છે કે નહિ! આ ક્યાં, આ ધૂડનો સંયોગ તો હમણા થયો થોડો. એવા અનંતવાર થયા, આત્મા તો એમને એમ અનાદિઅનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે... એવી ટીકા કરી છેને..! '**तच्चाणं**' એટલે કે ઘણા તત્ત્વોની શ્રદ્ધા. ઘણા એટલે? કે પોતાનું પરમતત્ત્વ સ્વરૂપ ભગવાન એ એકલું અંતરમાં સ્વભાવની અનુભવની શ્રદ્ધા એ તો નિશ્ચયસમ્યગ્દર્શન. પણ ત્યારે વ્યવહાર વિકલ્પ છે એમાં? કે આવું પરમાતત્ત્વ છે અને આ બહિ:તત્ત્વ સંવર, નિર્જરા અને મોક્ષ આવા હોય, કેવળજ્ઞાની મોક્ષતત્ત્વ આવા હોય, સંવર આવો હોય, બંધ આવો હોય—એવા બે પ્રકારના સ્વ અને પરની શ્રદ્ધાનો વિકલ્પ એવા તત્ત્વને વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, શું કહ્યું?

અંતઃતત્ત્વ અપ્પણો અપ્પા. ઈ આવશે, શુદ્ધભાવમાં આવશે. શુદ્ધભાવ છેને? ભાઈ! ૩૯મી ગાથા. વસ્તુ વસ્તુ વસ્તુ. અનંત અનંતકાળ રહેનારી અને અનંત અનંતગુણનો ભંડાર વર્તમાન. એવું અંતઃતત્ત્વ, પરમતત્ત્વ, પરમસ્વરૂપ ભગવાન નિજ એના પુણ્ય-પાપ અને પરની રુચિ છોડી એવો ભગવાન પૂર્ણ પ્રભુ નિજ એના અનુભવ જ્ઞાન કરીને પ્રતીત કરવી એ તો નિશ્ચય સાચું સમકિત છે કે જે સંવર અને નિર્જરારૂપ છે. એવા સમકિતના કાળમાં આ પરમાત્મા હું અને આ સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધની પર્યાય આ, એવા બે પ્રકારના ભેદ પડ્યા એટલે વિકલ્પ ઉઠ્યો એ શુભરાગ એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. બે પ્રકારના તત્ત્વો ભેદવાળા તેની શ્રદ્ધા તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ન્યાલભાઈ! આ અંતર ને બાહ્ય કોઈ દિ' સાંભળ્યું નહોતું ક્યાંય. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આમ ફરમાવે છે, ભાઈ! આહા..હા..! તારા સ્વરૂપનો તું સનાથ છો, પ્રભુ! તારા સ્વરૂપમાં તો અનંત અનંત શાંતિ અને આનંદના સાગર ભર્યા છે એ તને ખબર નથી. તું બીજાને અધિકપણું આપીને બીજાની મોટપ કરવા મથે છો, એ તારી હિણપ થાય છે એમાં. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પરમેશ્વરે પરમેશ્વર રૂપ કહ્યું છે આત્માનું, એવું પરમતત્ત્વનું અંતર સ્વરૂપ એને પરથી અધિક નામ જુદો પાડીને અંતર્મુખમાં એની પ્રતીતની નિઃશંકતા દૃષ્ટિ પ્રગટ કરવી એનું નામ નિઃશંક સમકિતદૃષ્ટિ છે. એવા સમ્યગ્દર્શનના કાળમાં એને વ્યવહાર પરસન્મુખનો વિકલ્પ ઉઠે તો કેવી શ્રદ્ધાનો હોય? તત્ત્વોમાં. આપ્તમાં સર્વજ્ઞ પરમેશ્વર, આગમમાં એમના મુખથી કહેલી, નીકળેલી વાણીઓ અને તત્ત્વોમાં હું અને આ બે એવા (ભેદ). હું આ પૂર્ણસ્વરૂપ છું અને આ પર્યાય એક સમયની સંવર હોય, નિર્જરા હોય, કેવળજ્ઞાન એક સમયમાં હોય એ મોક્ષતત્ત્વ એક સમયનું છે, એક સમયનું. મોક્ષતત્ત્વ પણ એક સમયનું છે. નવી નવી પર્યાય મોક્ષમાં થાય છે. એવી એક એક સમયની મોક્ષપર્યાય કેવળજ્ઞાનની, એક સમયની સંવર, નિર્જરા, આસ્રવ, પુણ્ય, પાપ અને બંધ અને અજીવ એવી બહિ:તત્ત્વોની ભેદવાળી સ્વ અને પરની શ્રદ્ધાનો

ભાગ એને વ્યવહાસમકિત, પુણ્યબંધનનું કારણ, પુણ્યાસ્રવનું કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અથવા...'** હવે તત્ત્વના ભેદ વધારે પાડે છે. ઓલા બે પાડ્યા. હવે પાડે છે સાત. સામાન્ય કીધું હતુંને ઓલું બહિ:તત્ત્વ? એના વિશેષ ભાગ પાડે છે. **'જીવ,...'** આ જીવ છે, આ **'અજીવ,...'** જડ છે શરીર, કર્મ આદિ. આ **'આસ્રવ,...'** છે. પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ એ નવા આવરણનું કારણ આસ્રવ છે. આ **'સંવર,...'** એ આસ્રવને, સ્વરૂપની એકાગ્રતા થતાં જેટલો આસ્રવ અટકે છે એટલી શુદ્ધતા પ્રગટે છે એને સંવર કહેવાય છે. પણ છે સંવર પર્યાય. **'નિર્જરા,...'** આત્મામાં શુદ્ધિની શક્તિ જે પડી છે એના ભાન દ્વારા શુદ્ધિની વૃદ્ધિની પર્યાય પ્રગટ થાય તેને નિર્જરા કહે છે. **'બંધ,...'** ભગવાન આત્મા જેટલો રાગમાં અટકેલો છે, બે રૂપે થયેલ છે એટલો એ બંધભાવ છે. અને **'મોક્ષ,...'** પૂર્ણ કેવળજ્ઞાન અને આનંદ આદિ દશા (એ) મોક્ષ. જુઓ, અહીંયા સર્વજ્ઞને ઓલી શ્રદ્ધામાં લીધા હતા પહેલાં, આપ્તને, હવે અહીં તત્ત્વોમાં સર્વજ્ઞને લઈ લીધા, ભાઈ!

**'જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...'** જીવ અજીવ બે દ્રવ્ય છે અને આ બીજી એની પાંચ પર્યાયો છે, અવસ્થાઓ છે. એ અવસ્થાનું જેમ છે તેમ સ્વરૂપ અને જીવ, અજીવ વસ્તુનું જેમ છે તેમ સ્વરૂપ અને મોક્ષ, એક સમયમાં કેવળજ્ઞાની ત્રણકાળ, ત્રણલોક દેખે, જાણે. એવી કેવળજ્ઞાનની પર્યાય. આવા ભેદવાળા ભાગની શ્રદ્ધા કરવી એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..! પણ ઓલું નિશ્ચયસમ્યગ્દર્શન હોય તો અહીં વ્યવહાર કહેવાય છે. એ તો પહેલું નિશ્ચયનું લઈ ગયા હતા. **'णियमेण य जं कज्जं'**. મોક્ષમાર્ગનો અધિકાર છે નિયમસાર. યથાર્થપણે કથનની જે શૈલી છે એ પ્રમાણે આવ્યું છે.

જગતના માહાત્મ્ય એવા આવે.. પચાસ લાખ એક મહિનામાં પેદા થાય તો મૂકો લાપસી. જ્યાં ઈ આવ્યા, બ્લડ પ્રેશર ઉપડ્યું. હાય.. હાય..! પણ આ છેને સુખ? આ છેને આવ્યા ઈ? ભાઈસા'બ, અત્યારે ઈ રહેવા દે. માથું ફરી જાય છે, ચક્કર મારે છે. ન્યાં વળી હોંશના કાળમાં ચક્કર આવ્યા તો હોંશ પડી રહી. અહીં સલવાણો પાછો આમાં. આહા..હા..!

**શ્રોતા :—** ... પૈસા પૂરા ખર્ચી નાખશે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પૂરા કરશે ધૂડમાં.. મરી જાય એનો બાપ પણ. ઈ પણ મરી જાય છે. ડૉક્ટર પણ મરી જાય છે કે નહિ? એ.. મલૂકચંદભાઈ! એના બાપ વળી આવ્યા છે. પૈસા પડ્યા રહે. લાલબહાદુર શાસ્ત્રી બિચારા કેટલા ... લ્યો. ડૉક્ટરો જોડે હતા કમરામાં. દોડીને ગયા, ડૉક્ટરે જોયું કે થઈ રહ્યું આ તો. મોઢું ફીક્કુ પડી ગયું. અંદરથી શ્વાસ અટકી ગયો. ન્યાં સ્થિતિ દેહની પૂરી થાય (એમાં) ઈન્દ્ર, નરેન્દ્ર (ઉપરથી) ઊતરે તો કોણ ફેરવી શકે છે? ત્રણકાળ, ત્રણલોકમાં જેની સ્થિતિ દેહની જેટલી લઈને આવ્યો એ ક્ષેત્ર, તે કાળે, તે સંયોગે દેહ છૂટે છૂટક્યો. છૂટે છૂટક્યો. તારા લાખ, કરોડ રૂપિયા રાખ અને ડૉક્ટર રાખ

હાજર, કાંઈ થાય એવું નથી. એની હોંશું અને આની હોંશ ન મળે. આહા..હા..!

**શ્રોતા :—** ઊંધો પુરુષાર્થ કર્યે જ જાય છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઊંધો કર્યે જ જાય છે. ઊંધો પુરુષાર્થ કર્યે જ જાય છે. પુરુષાર્થ ઊંધો હોં રાગમાં. બહારનો નહિ કાંઈ. ફૂદડી ફેરવી શકે ત્રણકાળમાં, આંખની પાંપણ ફેરવે આત્મા ત્રણકાળ, ત્રણલોકમાં નહિ. જડની અવસ્થાને કોઈ આત્મા કરે (એમ બને નહિ). તત્ત્વ જગતનું તત્ત્વ ભિન્ન સ્વતઃ છે એને બીજો કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આ રાગનો અને દ્વેષનો પુરુષાર્થ કરે, હોળી સળગાવે. સમજાણું કે નહિ? હોળી કષાયની સળગાવે છે, બીજું છે શું? વિચાર કર્યો છે કે દિ' એણે? શેઠિયા હોય કે રાજા હોય, રંક હોય કે ભિખારી હોય, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, વિકલ્પની જાળ ઉત્પન્ન કરે છે. બસ! એટલો એનો અધિકાર છે. એ સિવાય બહારનો અધિકાર નથી.

હવે કહે છે કે તને ઉત્સાહ પરમાં, રાગ, વિકારમાં જાય છે એ ઉત્સાહ એકવાર સ્વભાવમાં તો લાવ! ઉત્સાહ કરી તો શકે છો. ઉત્સાહ કરી તો શકે છો, એ ઉત્સાહ આમ જાય છે તો આમ લાવ હવે અંદર. સમજાણું કાંઈ? માથું ફરી જાય એને કે આ સમજાતું નથી. શું કહો છે ઈ સમજાતું નથી. એક જણો કહેતો હતો કે શું કહો છો એ સમજાતું નથી. પણ આ કે દિ' સાંભળ્યો હતો? ઊભો થયો નહોતો કોઈ દિ'. આખી જિંદગી બધા અજ્ઞાનના પાપ સેવી-સેવીને સોજા ચડ્યા છે. આ આત્મા શું વસ્તુ ભગવાન પરમેશ્વર કહે છે એને તેં સાંભળ્યું નથી અને સાંભળ્યા વિના તને એનો ઉત્સાહ આવે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો મુનિ કહે છે, પદ્મપ્રભમલધારીદેવ મુનિ દિગંબર વનવાસી છે. જંગલમાં રહેનારા દિગંબર મુનિ. કુંદકુંદાચાર્ય મહારાજના શ્લોકની ટીકા કરે છે. ભાઈ! આવું સ્વરૂપ છે, ભાઈ! વ્યવહારસમકિતનું આવું સ્વરૂપ છે. એમાં પણ જેના ઠેકાણા નથી એને તો નિશ્ચય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સાત તત્ત્વની શ્રદ્ધા, સ્વપર તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને ભગવાન સર્વજ્ઞ અને એની વાણી, ઈ કેવી હોય એની ખબરું ન મળે, એને તો વ્યવહારશ્રદ્ધા એકલી નિશ્ચય વિનાની (એનું) પણ ભાન નથી. સમજાણું કાંઈ? કહે છે, ભગવાનની વાણીમાં આવેલા તત્ત્વો અને ભગવાનના આગમો અને ભગવાન પરમેશ્વર પોતે, એ ત્રણની શ્રદ્ધા કરવી એને શુભવિકલ્પ પુણ્યનો ભાગ કહેવામાં આવે છે. પણ પાછળ પવિત્રતા આત્માની દૃષ્ટિ અને જ્ઞાન થયા છે તો આને વ્યવહારસમકિતનો આરોપ દેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તેમનું...**' છેને? તેમનું એટલે '**(આપ્તનું,...**' પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ. '**(આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.**' ભલે ભરતક્ષેત્રમાં ભગવાન વર્તમાનમાં બિરાજમાન નથી, પણ વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરદેવ સાક્ષાત્ મોજૂદ

બિરાજમાન છે. સમજાણું કાંઈ? એવા પરમેશ્વરની આત્મ-પરમેશ્વરની શ્રદ્ધાપૂર્વક એવા પરમેશ્વરની શ્રદ્ધા, એમના કહેલા વચનો અને તત્ત્વોની શ્રદ્ધા એને વ્યવહારસમકિત કહે છે.

'(હવે, **પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે** :—)'

(आर्या)

**भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।**
**तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि।।१२।।**

'**શ્લોકાર્થ** :—' અરે..! '**ભવના ભયને ભેદનારા આ ભગવાન...**' બધા 'ભ ભા' લીધા છે. '**ભવના...**' ચાર ગતિના ભવ, સ્વર્ગ અને નરક ધૂડના ભવ બધા. શેઠાઈના અને રાંકાઈના ભવ, એ '**ભવના ભયને ભેદનારા આ ભગવાન...**' એવા ત્રિલોકનાથ પરમેશ્વર એના પ્રત્યે '**શું તને ભક્તિ નથી?**' સમજાણું કાંઈ? આહા..હા..! '**ભવના ભયને ભેદનારા...**' વ્યાખ્યા કેવી કરી? એ ભવનો અભાવ બતાવનારા ભગવાન છે, ભાઈ! આહા..હા..! ભગવાનની વાણી અને શાસ્ત્રમાં ભવનો અભાવ બતાવનારી વાણી છે. આહા..હા...! કેવી શૈલી લીધી! ભગવાન! તું આત્મા છોને, પ્રભુ! એમાં ભવનો ભાવ અને ભવ એ તારામાં ક્યાં છે? એમ ભગવાનની વાણીમાં આવે છે. એ '**ભવના ભયને ભેદનારા...**' આહા..હા..! એટલે કે ભવરહિત કરનારા પરમાત્મા જે નિમિત્તરૂપે છે એવા ભગવાન પ્રત્યે '**શું તને ભક્તિ નથી?**'

'**તો તું ભવસાગરની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.**' ભવસમુદ્રનો મોટો દરિયો ચોર્યાશીના અવતારનો એના મધ્યમાં પાછો, કાંઠે નહિ. એના મધ્યમાં રહેલો મગર. મગર એના મુખમાં. આટલા વિશેષણ વાપર્યા. એઈ..! મગર છેને, પકડે પછી મૂકે નહિ. એનો સ્વભાવ છે. મગર ટાંગો પકડે (પછી) મૂકે નહિ. કીધું હતુંને, એક ફેરી કલકત્તા સાત આઠ માણસ ફરવા ગયા હતા સાંજના. ઘણા વર્ષની વાત છે. મા-બાપ, છોકરો બધા. એમાં જરી હોડીમાં જતા હશે. આમ મગર આવ્યો. પકડ્યો, આઠ વર્ષનો છોકરો, ટાંગો પકડ્યો. નાવવાળો કહે, મગરમચ્છ આવ્યો છે, ટાંગો પકડ્યો છે. કાઢી નાખ છોકરાને, નહિતર આ બધાને બુડાવશે. હાય.. હાય..! મા-બાપ શું કરવું? છોડી દે નહિતર હું કાઢી નાખું. એકે ઉપાડ્યો હાથ અને બીજાએ ઉપાડ્યો હાથ. બેય મા-બાપે છોકરાને નાખી દીધો. શું કરે? ટાંગો પકડ્યો મગરે. ટાંગો પકડ્યો નહિ મૂકે. હવે આમ હલાવી લેશે આખાને. ખેંચે, બધું જશે. છોડી દે છોકરાને. છોકરો કહે, એ.. બા, એ.. બા. શું કર પણ? જા હેઠે.

કહે છે, '**ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગર...**' પાછા એમાં મગર એના મુખમાં રહેલો. મૂકે નહિ કોઈ દિ'. સમજાણું કાંઈ? એ મુખમાં તું છો હોં! ભગવાન પરમાત્મા પરમેશ્વરે કહેલું તત્ત્વ એની શ્રદ્ધા નથી, એની શ્રદ્ધા નથી—ભગવાનની. ભવસમુદ્રના મધ્યમાં (મગરના) મુખમાં છો, ચોર્યાશીના અવતારમાં. માટે ભગવાન શું કહે છે એને જો, તું તેવો છો એની શ્રદ્ધા કર એમ અહીંયા કહેવામાં આવે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૧૩, શનિવાર, તા. ૫-૦૩-૧૯૬૬,**
**શ્લોક-૧૨, ગાથા-૬, પ્રવચન નં. ૧૧**

આ નિયમસાર શાસ્ત્ર છે, એનો જીવ અધિકાર. નિયમસાર અર્થાત્ મોક્ષનો માર્ગ. નિયમ અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને સારનો અર્થ વિપરીત વિકલ્પ અને ભેદરહિત એવા આત્માના મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયને અહીંયા નિયમસાર કહે છે. સમજાણું કાંઈ? નિયમ નિશ્ચયથી કરવાલાયક જે કર્તવ્ય છે તે નિયમ. પોતાનું પવિત્ર શુદ્ધ સ્વરૂપ—સ્વભાવ એનું નિશ્ચયકર્તવ્ય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ છે. સમજાણું કાંઈ? નિશ્ચયકર્તવ્ય નામ કાર્ય નામ કામ શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાનાનંદ સહજાનંદમૂર્તિ એ શુદ્ધ સ્વભાવનું નિશ્ચયકર્તવ્ય પર્યાયરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એનું નામ નિયમસાર કહે છે. એ નિયમસાર નિશ્ચયમોક્ષમાર્ગ જ્યાં અંતરમાં પ્રગટ થયો એને ભેદકથન દ્વારા એ અભેદને જણાવે છે.

અહીંયા વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્રનો વિકલ્પ એ બતાવે છે વ્યવહાર એ નિશ્ચયને બતાવે છે કે અહીંયા નિશ્ચય આવી દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? ઈ આવી ગયું છે. ભેદકથન દ્વારા અભેદને બતાવે છે. નિશ્ચય સ્વરૂપ પોતાના શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રને અભેદને ભેદ બતાવે છે કે આવો વિકલ્પ જ્યાં શુભરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો છે ત્યાં એ બતાવે છે કે નિશ્ચય આત્માની અનુભવ દૃષ્ટિ ત્યાં હોય છે. નિમિત્ત નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ વ્યવહાર દેવ, ગુરુ અને શાસ્ત્ર સ્વતત્ત્વની શ્રદ્ધામાં એ શુભરાગ નિમિત્ત છે. નિમિત્ત પ્રસિદ્ધ કરે છે કે અંતરમાં આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા છે એવી નૈમિત્તિક દશાને નિમિત્ત પ્રગટ નથી કરતું, પ્રસિદ્ધ કરે છે કે છે, બસ એટલું. ભાઈ! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે.

આત્મા નિશ્ચયકર્તવ્ય તો ઈ છે કે પોતાનો શુદ્ધ સ્વભાવ પરમાનંદની સન્મુખ થઈને પોતાની પર્યાયમાં નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરવા એ જ એનું કર્તવ્ય છે. શુદ્ધનું શુદ્ધ પર્યાય કર્તવ્ય છે. સમજાણું કાંઈ? શુદ્ધ સ્વભાવનું શુદ્ધ દ્રવ્ય કારણ છે તો એની પર્યાય પણ શુદ્ધ એનું કર્તવ્ય છે. આહા..હા..! પણ એની સાથે આગમ, તત્ત્વ અને આપ્ત પરમાત્મા એની શ્રદ્ધાનો શુભરાગરૂપ શુભોપયોગ હોય છે એ પ્રસિદ્ધ કરે છે કે ત્યાં આગળ શુદ્ધશ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. એની પ્રસિદ્ધિ માટે એ વસ્તુ છે. સમજાણું કાંઈ? આ કાલે આવી ગયું હતું, કાલે બપોરે. એ જ વાત ચાલે છે. આ વાત અત્યારે (લુપ્ત થઈ ગઈ).

અંતર વસ્તુ અને એ નિશ્ચયમોક્ષમાર્ગમાં સાથે નિમિત્તરૂપ વ્યવહારભાવ શુભોપયોગરૂપ જેને વ્યવહારમોક્ષમાર્ગ આરોપથી કહેવાય, યથાર્થમાં તે મોક્ષમાર્ગ નથી, પણ આવી ભૂમિકામાં આવી

યોગ્યતાનો શુભરાગ હોય છે તે શુભયોગની યોગ્યતથી એમ જણાય છે કે અંતર સ્વરૂપમાં આ ભૂમિકામાં નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ છે એવી પ્રસિદ્ધિ માટે નિમિત્તને પ્રસિદ્ધ કરે છે. એ નિશ્ચયની પ્રસિદ્ધિ માટે વ્યવહારને પ્રસિદ્ધ કરે છે, વ્યવહારને બતાવે છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

છેલ્લો અધિકાર ઈ આવ્યો, ગાથા આવી ગઈને કે ભગવાનની ભક્તિ, પરમેશ્વર સર્વજ્ઞદેવની ભક્તિનો તને ભાવ નથી? સમજાણું કાંઈ? ભવના ભયને ભેદવાવાળા, ભવના ભયને ભેદવાવાળા. મૂળ વાત શું લીધી? તારી દૃષ્ટિ ભવના ભાવ અને ભવથી રહિત એવા આત્માની દૃષ્ટિ થઈ છે, જ્ઞાન થયું છે અને લીનતા થઈ છે તો ભવને ભેદવાવાળા વીતરાગદેવ નિમિત્તરૂપે, ભવનો અભાવ કરવામાં એ નિમિત્ત છે અને તેમની વાણી પણ ભવનો અભાવ કરનારી એમની વાણી છે. સમજાણું કાંઈ? ભવના ભયને ભેદવાવાળા એવા ભગવાન. સમજાણું કાંઈ? ભગવાન.. અહીં તો ભગવાનને ભાઈ લીધા છે. ભગવાન વીતરાગ જ એવા છે. ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ એવા છે કે ભવના ભયને ભેદવાવાળા, પોતાના પણ ભવ નથી અને બીજાને ભવના ભયને ભેદવાવાળા નિમિત્ત તરીકે એમ છે. આગળ આવશે, મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ છે. ન્યાલભાઈ! આ બીજી રીતે આવે છે. જુઓ, આગળ આવશે, હોં! આગળ આવશેને. '**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ...**' પાછળ છે સોળમા પાને.

એનો અર્થ કે ભગવાન પરમેશ્વર અરિહંતદેવ વીતરાગ પરમેશ્વર એમની કૃપાનું, મુક્તિ કૃપાનું ફળ છે. આહા..હા..! એનો અર્થ કે ભગવાન એમ કહે છે કે તારો ભવભાવરહિત તારો ભાવસ્વભાવ છે એવી દૃષ્ટિ, જ્ઞાન તું કર. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનની વાણીમાં એમ આવે છે કારણ કે એ ભવના ભયનું ભેદન કરીને સ્વભાવભાવ પ્રગટ કર્યો છે. તો એમની વાણીમાં એમ આવ્યું તો ભગવાન જ એવા છે એમ અહીંયા કહી દીધું ભાઈ! કે ભગવાન જ એવા છે. આહા..હા..!

**શ્રોતા :—** અમૃતચંદ્રાચાર્યે કીધુંને કે આ ભગવાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ભગવાન એવા છે કે તારા ભવના ભયને ભેદવાવાળા ભગવાન છે. એનો અર્થ કે તું એમ માન. એ કહે છે એ ભાવ, ભવના ભયનો અભાવ કરવાવાળો ભાવ. એમ તું માન, અનુભવ કર તો ભગવાન એવા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહ્યું હતુંને? (સંવત) ૧૯૭૨માં અવાજ આવ્યો હતો પહેલોં, કીધુંને? પચાસ વર્ષ પહેલાં. ભગવાને દીઠું (એમ થાશે). અરે..! ભગવાન! પરમેશ્વર જેને દૃષ્ટિમાં આવ્યો એના ભવ ભગવાને જોયા જ નથી. ભગવાનની વાણી એવી છે? ભગવાન એવા છે? સમજાણું કાંઈ? જુઓ, આની સાથે મળતું આવી જાય છે અંદર. ભગવાન પરમાત્મા અરિહંતદેવ તું એને કહે છે કે કેવળજ્ઞાનીએ જોયું છે. તો ભગવાનની વાણી અને ભગવાન કેવા છે? એ તો ભવના ભયને ભેદવાવાળા ભગવાન છે. પરના અને સ્વના. શ્રીચંદજી! સમજાણું

કાંઈ?

એમણે કહ્યું કે તારો સ્વભાવ ભગવાન મારા જેવો છે. સર્વજ્ઞ વીતરાગ થયા, સર્વજ્ઞ વીતરાગ થયા તો અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને તું સર્વજ્ઞ વીતરાગ દશા કર એવો એમનો ઉપદેશ છે. (એવો) ઉપદેશ છે તો ભગવાન પણ એવા જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ પિંડ સર્વજ્ઞદળ જ્યાં પૂર્ણ પ્રગટ થયું પરમાત્મા, કહે છે કે ભગવાન જેના જ્ઞાનમાં બેઠા તો ભગવાન તો ભવના ભયને છેદવાવાળા છે. સમજાણું કાંઈ? ભગવાન જેની દૃષ્ટિમાં બેઠા એને ભવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભવ નથી. ભવ કેવા? ભવ અને ભવનો ભાવ તો વિકાર છે. ભગવાન તો ભવનો અભાવ કરીને બેઠા અને એમની વાણી અને ઈ બેય એક જ છે. વાણીમાં પણ એમ આવ્યું અને ભગવાન એમ કહે છે. ભવનો છેદ કરવાવાળી વાણી અને ભવનો છેદ કરવાવાળા ભગવાન છે. સમજાણું કાંઈ? એનો અર્થ કે તું છેદ કર તો નિમિત્ત આવું છે. ત્યારે એને છેદ કરવાવાળા કહેવામાં આવે. એમ કહે છે. આહા..હા..! ભારે વીતરાગમાર્ગ, ભાઈ! વસંતીલાલજી!

ભગવાન સર્વજ્ઞ એક સમયમાં પૂર્ણાનંદ પૂર્ણ જ્ઞાનનો પિંડ અને પૂર્ણ વીતરાગ, એવી જેને અંતર સ્વભાવમાં પોતાની પ્રતીતિ થઈ, એવી પ્રતીતિમાં આવા ભગવાનની પ્રતીતિનો વિકલ્પ છે તો ભવના ભયને ભેદવાવાળા જ ભગવાન છે એમ કહે છે અહીંયા તો. સમજાણું કાંઈ? તો કહે છે કે અહો..! ભવને ભયને ભેદવાવાળા ભગવાન. ચાર 'ભ' આવ્યા.

भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि।।१२।।

આહા..હા..! ભાઈ! પ્રભુ! તું પણ ભગવાન (છો). ભક્તિ ઉઠે અંદરમાંથી નીકળીને કેવળજ્ઞાન પ્રગટ કરે એવો તું ભગવાન છો! આહા..હા..! ભક્તિ ઉઠે સમજો છો? હિન્દી છે ભભક. પાણીનો ઘડો નીકળેને? ભ.. ભ.. ભ.. થતું. કુંભ કહે છેને? કુંભ. કું નામ પાણી, ભ નામ ભરેલું. કુંભ. કું—પાણી થાયને? અમારે પંડિતજીને પૂછવું પડે. કું એટલે પાણી અને ભ એટલે ભરેલું. એને કુંભ કહે છે. એમ ભગવાન આત્મા ભવના ભાવથી રહિત પૂર્ણ ભાવથી ભરેલો ભગવાન આત્મા કુંભ છે. આહા..હા..! એમ ભગવાને બતાવ્યું. સમજાણું કાંઈ?

કહે છે કે અરે..! તને એના પ્રત્યે ભક્તિ નથી? એનો અર્થ કે નિશ્ચય ભવના ભાવ વિનાના તારા સ્વભાવની તને ભક્તિ થઈ છે તો ભગવાનની ભક્તિનો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અરે..! '**ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી?**' આહા..હા..! સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન આદિ થયા તો પરમાત્મા પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવ્યા વિના રહેતો જ નથી એમ કહે છે. ભૂમિકાની દશાની દિશા જ એવી છે. એ દશાની દિશા આ પરમાત્મા પ્રત્યે ઉલ્લાસ. ઓહો..! આ સર્વજ્ઞ વીતરાગ એક સમયમાં પૂર્ણ અવિકારી કંદ ચિદાનંદ કાતળી અને સર્વજ્ઞસ્વરૂપી મૂર્તિ પ્રભુ, સમજાણું કાંઈ? શું આવા પ્રત્યે ભક્તિ નથી?

'**તો તું ભવસમુદ્રની મધ્યમાં...**' જુઓ, અહીં જ્યારે ભવનો અભાવ કરવાવાળો આત્મા અને ભવનો અભાવ કરવાવાળા ભગવાન, એનાથી વિરુદ્ધ જો તારી ભક્તિ નિશ્ચયમાં અને વ્યવહારમાં નથી તો તું ભવસમુદ્રની મધ્યમાં, ચોર્યાશી લાખ અવતારના મધ્યમાં રહેવાવાળો, ભવસમુદ્રમાં રહેવાવાળો મગર, આ મગરના મુખમાં છે. કે જે મગર મુખમાં પગ પકડે તો છોડે નહિ. છોડે નહિ એવો મગરનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પગ પકડે, હોડીમાં હોય તો ખેંચી લે, ફડાક દઈને. એવો મગરનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? ગામમાં એક મગર આવી ગયો, ભાઈ! એક ગામમાં મગર આવી ગયો મોટો. એક છોકરાને પગથી પકડ્યો. પકડ્યો અને માણસો ભેગા થયા. પગ પકડ્યો અને આણે એવો ઊભો કર્યો મોઢામાં ઊભા માથે. આખા ગામમાં ખેંચ્યો એને. એમ છોકરાનો ઊભો રાખીને હોં! ... હજારો માણસો પણ મૂકે શેનો? દોડીને લઈ ગયો બહાર. પાણીના ઊંડાણમાં લઈ ગયો, મારી નાખ્યો. ગામમાં હોં ગામમાં. મગરમચ્છ આવ્યો અને છોકરો જુવાન. પગ પકડ્યો, એવો પકડ્યો હતો પગ પકડ્યો અને એને ઢસડવો જોઈએ તો આમ કડકાઈ કરી કે ઊભો કરે અને મોઢું સીધું. એટલો દોડ્યો મગર, માણસો પાસે પથરા ને... કોઈને ગણે નહિ. લઈ ગયો બહાર. જ્યાંથી મગર આવ્યો હતો જે પાણીમાંથી ત્યાં (લઈ ગયો અને) મારી નાખ્યો. મૂકે નહિ. સમજાણું કાંઈ?

એમ કહે છે કે ભગવાન પરમાત્મા પોતાના નિજ સ્વરૂપની નિશ્ચયભક્તિ અને અહીંયા પરમાત્મા પ્રત્યેની ભક્તિનો તને ઉલ્લાસ નથી તો ભસમુદ્રના મધ્યમાં મગરમચ્છના (મોઢામાં તું છે). કાંઠે મગરમચ્છ નહિ. મધ્યમાં છે અને મગરમચ્છે તારા ટાંગા પકડ્યા છે મિથ્યાત્વથી, ચાર ગતિમાં ઊંડે રખડવાનો છો એમ કહે છે. એ ડૂબશે ભવભ્રમણના ભાવમાં. અહીં તો ઉપમા આપી છે. સમજાણું કાંઈ? આવા મગરના મુખમાં છે. ભગવાન! તારા ભગવાનની દૃષ્ટિ તને ન થઈ, તારા ભગવાનની દૃષ્ટિ ન થઈ તો બહારના પરમાત્મા પ્રત્યે પણ તને ભક્તિ થઈ નથી તો ભગવાનથી વિરુદ્ધ ભવમાં તારું ભ્રમણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? હવે છઠ્ઠી ગાથા, ભગવાનનું સ્વરૂપ.

સર્વજ્ઞ પરમાત્મા અઢાર દોષરહિત. નિશ્ચયસમ્યગ્દર્શન—આત્માના સ્વરૂપની અંતર અનુભવ પ્રતીતિ થઈ તેને વ્યવહારસમ્યગ્દર્શનમાં આવા દેવ જ પ્રતીતમાં આવે છે, આવા દેવ જ શ્રદ્ધામાં છે, બીજા દેવ શ્રદ્ધામાં આવતા નથી. સમજાણું કાંઈ? હવે દેવની વ્યાખ્યા કરે છે. જુઓ,

छुहतण्हभीरूरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।
सेदं खेद मदो रइ विम्हियणिद्दा जणुव्वेगो।।६।।

**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ તે**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

એ અઢાર નામ છે. ક્ષુધા, તૃષા, ભય, રોષ, રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ,

સ્વેદ, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ. આ આઢાર દોષ છે. પરમાત્મા અરિહંત સર્વજ્ઞદેવને અઢાર દોષ હોતા નથી. આવા દેવની શ્રદ્ધા સાચા સમ્યગ્દષ્ટિને વ્યવહારસમકિતમાં આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? હવે કહે છે, અઢાર દોષનું સ્વરૂપ. આ '**सद्दहणा**'ની વાત ચાલે છે, શ્રદ્ધા—વ્યવહારશ્રદ્ધાની વાત ચાલે છે. વ્યવહારશ્રદ્ધામાં નિશ્ચયશ્રદ્ધા બતાવનારી છે અને વ્યવહારશ્રદ્ધામાં આવા દેવની શ્રદ્ધા હોય છે, બીજા દેવની શ્રદ્ધા હોતી નથી.

ભગવાન અરિહંત પરમેશ્વર કેવા છે? ક્ષુધારહિત છે. ભગવાનને ક્ષુધા નથી. લ્યો, ... '(૧) **અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે...**' જુઓ, એટલી વ્યાખ્યા. ખાસ, '(**અર્થાત્ વિશિષ્ઠ—ખાસ પ્રકારના—અશાતાવેદનીયકર્મના નિમિત્તે થતી...**' ઉદીરણા છેને? '(**જે વિશિષ્ટ શરીરઅવસ્થા...**' શરીરની અવસ્થા થવી. શરીરની અવસ્થા. '(**તેના ઉપર લક્ષ જઈને મોહનીયકર્મના નિમિત્તે થતું જે ખાવાની ઈચ્છારૂપ દુઃખ...**' ખાવાની ઈચ્છારૂપ દુઃખ, ખાવાની ઈચ્છારૂપ દુઃખ '(**તે ક્ષુધા છે).**' ક્ષુધાનો એ ક્લેશ થાય છે. આ લઉં, ખાઉં. એ ઈચ્છા જ દુઃખ છે. સમજાણું કાંઈ? એ ક્ષુધા અરિહંત પરમેશ્વરને નથી હોતી. કોઈ કહે છેને, ભગવાનને રોગ થયો. ક્ષુધા, પછી એમણે દવા લીધી. શું કહ્યું સમજાણું? શું કહે છે? પેચોટી રોગ થયો અને એમાં દવા લીધી દવા. ભગવાનને દવા અને આહાર-પાણી હોતા નથી. ક્ષુધા લાગે એ દેવ જ નહિ. દિવ્યશક્તિ.. જેના સેવક, જેના સેવક નમન કરવામાં જે નમન કરે છે (એવા) ઈન્દ્ર અર્ધલોકના સ્વામી એને હજારો વર્ષે ઈચ્છા થાય છે અને એના દેવને ક્ષુધા અને તૃષા લાગે એ દેવ નહિ. સમજાણું કાંઈ? પહેલાં દેવલોકનો ઈન્દ્ર બે હજાર.. બે હજાર... બે સાગરોપમની સ્થિતિ. બે સાગરોપમની સ્થિતિમાં એને કેટલા વર્ષે આહારની ઈચ્છા થાય. સમજાણું કાંઈ? ભગવાન આહાર કરે તો દેવ શેના? દિવ્યશક્તિ જેને આત્મામાં પ્રગટ થઈ એવા સમ્યગ્દષ્ટિ દિવ્યશક્તિ પ્રગટ કરનારા પરમાત્માને ક્ષુધા માનતો નથી. સમજાણું કાંઈ? ક્ષુધાનો દોષ કે ઈચ્છા થતી નથી. ક્ષુધા હોય તે પરમાત્મા નહિ. આગળ કહેશે, ઈ પરમાત્મા નહિ. સમજાણું કાંઈ? સાતમી ગાથામાં કહેશે, હોં! '**सो परमप्पा उच्चइ तव्विरीओ ण परमप्पा**' આનાથી વિપરીત તે પરમાત્મા નહિ, એ સાતમી ગાથામાં કહેશે. કહેશે, સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વ્યવહારની વાત આપ કહો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ શું કહે છે? આ વ્યવહાર નથી? એઈ..! આ લોકો કહે છે કે તમે વ્યવહારની વાત કરતાં જ નથી. અરે..! ભગવાન! નિશ્ચયની વાત કરે છે. આ શું આવ્યું? આ શું છે? દેવ કોણ છે? વ્યવહાર છે એની શ્રદ્ધા પણ વ્યવહાર છે, રાગ છે. આહા..! સમજ્યા? એકલો નિશ્ચય કહે છે નિશ્ચય એમ કહે છે. વ્યવહાર સમજાવો. તને નથી ખબર વ્યવહારની, નથી ખબર નિશ્ચયની. કોણ સમજાવવાળો છે? સમજ્યા? જાઓ

જાઓ ભાઈ, એમને કહો, વ્યવહારનો ઉપદેશ (કરે). વ્યવહારની વ્યાખ્યા શું?

**શ્રોતા :–** પંડિત જે માને તે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું પંડિત... પંડિત શું કહે છે એને ખબર નથી. પંડિતને વ્યવહારની ખબર નથી. નિશ્ચય પોતાનું સ્વરૂપ શુદ્ધ અખંડાનંદની દૃષ્ટિમાં—પ્રતીતમાં આવા દેવ વ્યવહારપ્રતીતમાં આવ્યા વિના રહેતા નથી. એ દેવને ક્ષુધા હોતી નથી. બીજો સંપ્રદાય કહે છે કે એમને ક્ષુધા હોય છે. જૈનમાં બે સંપ્રદાય છેને? એ વાત સાચી નથી. ભાઈ ...! બીજા કહે છેને, ક્ષુધા છે, આહાર છે. શ્વેતાંબર સંપ્રદાયમાં ચાલે છે. એ વાત જ સાચી નથી. દેવની વ્યાખ્યા, દેવનું સ્વરૂપ જ નથી જાણતા. જેને ક્ષુધા લાગે તો આહાર લેવાનો ભાવ થાય, ભાવ ન હોય ત્યાં રાગ નથી. તો એની મેળાએ આહાર જાય. એની મેળાએ આહાર આવતો જ નથી. ઈચ્છા વિના આહાર જાતો જ નથી. આવી જેને પરમાત્મદશા પ્રાપ્ત માને છે તો એ પરમાત્મદશા એવી છે જ નહિ. તો એના માર્ગની પણ એને ખબર નથી. અને માર્ગમાં નિમિત્ત શું છે? અને પૂર્ણ દશા થઈ તો ક્યા નિમિત્તનો અભાવ થયો એની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનને ક્ષુધા નથી હોતી. અરિહંત સર્વજ્ઞદેવને ત્રિલોકનાથ તીર્થંકરને ક્ષુધા નથી હોતી. એક વાત.

'(૨) **અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર** (-વધારે તીવ્ર), **મંદ અથવા મંદતર પીડા...**' પીડા એમ લીધું છે. પહેલાંમાં ક્લેશ લીધો. '**ક્લેશની કરનારી તે ક્ષુધા...**' એમ લીધું. અહીંયા '**પીડાથી ઊપજતી તે તૃષા છે...**' એમ લીધું છે. શબ્દમાં થોડો સંસ્કૃત ટીકામાં ફેર પાડ્યો છે. તૃષા થોડી ઘણી ઘણા પ્રકારે છેને. એ તૃષા ભગવાનને નથી. અરિહંત પરમેશ્વરને તૃષા નથી કે પાણી પીવે. સમજાણું કાંઈ? અશાતાવેદનીયકર્મ ખાસ ... ઉદીરણા થાય છે. (તેના નિમિત્તે) '**(થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા...**' શરીરની અવસ્થા થાયને આમ ગળું સુકાય. '**(તેના ઉપર લક્ષ જઈને મોહનીયકર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ...**' પાણી પીવાની ઈચ્છા તે દુઃખ એ ભગવાનને હોતું નથી. અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. ઓહો..હો..! શુદ્ધોપયોગનું ફળ અતીન્દ્રિય આનંદ, અનંતઆનંદ, અનંત અનંતદર્શન, જ્ઞાન, અનંત સમાધિ સુખ (પ્રગટ થયા) એમને તૃષા કેવી? સુધારસની પૂર્ણતા થઈ ગઈ એમને તૃષા નથી હોતી. આવા દેવની શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં આવા દેવની માન્યતા કરે છે. મોહનભાઈ! આ વ્યવહાર આવ્યો કે નહિ? વ્યવહાર આવ્યો કે નહિ? દેવચંદજી! ઈ કહે છે કે વ્યવહાર નથી કહેતા. આ શું છે? વ્યવહાર છે કે શું છે આ? વ્યવહાર વિકલ્પ આવે છે, ઉપદેશ કરવો, વિકલ્પ આવવો એ પણ વ્યવહાર છે. પણ વ્યવહાર કર્તવ્ય છે અને લાભદાયક છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અરિહંત પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એમને તૃષાનું દુઃખ નથી.

'(૩) **આલોકનો ભય,...**' ભગવાનને હોતો નથી. '**પરલોકનો ભય...**' ભગવાનને

હોતો નથી. '**અરક્ષાભય,...**' હોતો નથી, '**અગુપ્તિભય, મરણભય, વેદનાભય અને અકસ્માતભય...**' સાત પ્રકારના ભયનો ભગવાનને અભાવ છે. ભગવાનને કોઈ ભય હોતા નથી. '(૪) **ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.**' ક્રોધી પુરુષ હોયને? ક્રોધ કરે છે, રોષ કરે છે... આવો રોષ ભગવાનને હોતો નથી. રોષ હોય એ ભગવાન નહિ. દરેકમાં ન્યાય ... સમજાણું કાંઈ? '(૫) **રાગ પ્રશસ્ત અને પ્રશસ્ત...**' બે પ્રકારના. બેય રાગ ભગવાનને નથી. '**દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્તરાગ...**' ભગવાનને નથી. સર્વજ્ઞ પરમેશ્વર સમકિતી જીવ વ્યવહારશ્રદ્ધામાં દેવ માને છે તે દેવ કેવા છે? કે તેમને '**દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ત્યથી...**' ઉત્પન્ન થનારો રાગ. કેવળી કેવળીનો વિનય કરે એમ ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? છગનભાઈ! ફેર છે. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન'. કેવળી વિનય કરે નહિ. વિનય તો શુભભાવ છે, પ્રશસ્તરાગ છે, એ રાગ ભગવાનને હોતો નથી. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતો ત્યાં જામનગરમાં. છે કે નહિ કોઈ જામનગરવાળા? આપણે જામનગર ગયા હતાને? એક છોકરો છેને, દસ વર્ષનો નાની ઉંમરનો. હમણાં આવ્યો હતોને અહીંયા. પહેલાં સાત વર્ષની ઉંમરે, ત્રણ વર્ષ પહેલાં એણે પ્રશ્ન કર્યો હતો. મહારાજ! તમે આત્માને જુઓ, આત્માને જુઓ એમ કહો છો... સાત વર્ષનો છોકરો, ભાઈ! જામનગર. નાનો, એણે પ્રશ્ન કર્યો કે તમે આત્માને જોવાનું કહે છો તો અમે આંખી બંધ કરીએ છીએ તો અંધારુ દેખાય છે. અંધારુ દેખાય છે. શું જોવું અમારે? સમજાણું કાંઈ? ભાઈ! અંધારુ કોણ જોવે છે? અંધારુ અંધારાને જોવે છે? ચૈતન્યની સત્તામાં અંધારુ દેખાય છે. ચૈતન્યના પ્રકાશમાં અંધારુ દેખાય છે, અંધારામાં અંધારુ દેખાતું નથી. પછી હમણાં પ્રશ્ન કર્યો, મહારાજ! આત્મસિદ્ધિની ઓગણીસમી ગાથામાં, કેવળી વિનય કરે એ વાત કઈ રીતે છે? હમણા દસ વર્ષ થયા છે, પહેલાં સાત વર્ષનો હતો. સમજાણું કાંઈ? કેવળી વિનય કરે? મેં કીધું, કેવળી વિનય કરે એમ નથી. કેવળી કોઈનો વિનય ન કરે, જુઓ!

કેવળજ્ઞાની પરમેશ્વર કોઈને દાન દે.. ન્યાલભાઈ! ...નું દાન. એ તો વળી છદ્મસ્થમાં વાત આવે. એ છદ્મસ્થને આવે. કોઈને દાન દે શુભભાવથી કે શીલ બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ કે ઉપવાસ કરવો એ કેવળીને નથી. ગુરુજનોની વૈયાવૃત્ત્ય. પોતાથી મોટાની સેવા કેવળીને નથી. કેવળી મોટા છે એનાથી મોટા વળી કોણ હોય? સિદ્ધને પણ એમના નમસ્કાર નથી હોતા. સમજાણું કાંઈ? તીર્થંકર ભગવાન જ્યારે છદ્મસ્થ હોય, ગૃહસ્થાશ્રમમાં ત્યાગ કરે છે ત્યારે 'નમો સિદ્ધાણં' કરે છે. કેવળજ્ઞાન થયા પછી એમને એવો પ્રશસ્તરાગ છે જ નહિ. એ તો રાગ છે. પરનો વિનય કરવો, વૈયાવૃત્ત્ય કરવી, સેવા કરવી, દાન કરવું સમજ્યા? શીલ પાળવું કે હું આમ પાળું, ઉપવાસ કરવો એ તો બધો શુભરાગ છે. જુઓ, લ્યો, ઉપવાસ

એ શુભરાગ છે. સંવર ક્યાંથી આવ્યો? સંવર તો સ્વરૂપની સ્થિરતામાં ઇચ્છા રોકાઈને અતીન્દ્રિય આનંદની પ્રગટતા થવી એનું નામ ઉપવાસ છે. નિશ્ચયઉપવાસ ઈ જ છે. સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યો ઉપવાસ કરવાનો, પણ એ શુભરાગ છે. અપવાસ કરું, એ શુભવિકલ્પ છે. એવો રાગ ભગવાનને (હોતો નથી). ભગવાને ઉપવાસ કર્યા એમ આવે છે, ભાઈ! છેલ્લે એમ કહે. છઠ લીધી. મૃત્યુ કાળે છઠ લીધી. છેલ્લે મોક્ષ પધારવા વખતે છઠ ધારણ કરી એમ શ્વેતાંબરમાં આવે છે. એમ છે જ નહિ. એઈ..! છગનભાઈ! આ બધા અગ્રેસરો ત્યાં હતાને, એમણે આ બધું ફેરવી નાખ્યું, બધું ફેરવી નાખ્યું. કહો. સમજાય છે કાંઈ? કહે છે કે પ્રશસ્તરાગ—દાન દેવું, શીલ પાળવું, હું શીલ પાળું એવો વિકલ્પ છેને? ઉપવાસ કરું એવો વિકલ્પ, ગુરુજનોની સેવા '**વગેરેમાં ઉત્પન્ન થતો...**' રાગ એ રાગ ભગવાનને છે જ નહિ. એવો રાગ હોય તો એ ભગવાન છે જ નહિ. એવી શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિ જીવને વ્યવહારશ્રદ્ધામાં આવા દેવની શ્રદ્ધા છે. એમને અપવાસ છે કે બીજાની વૈયાવૃત્ત્ય કરે છે, કોઈની સેવા કરે છે, કોઈનો વિનય કરે છે એમ ભગવાનને હોતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**અને સ્ત્રી સંબંધી,...**' એ અશુભ (રાગ), '**રાજા સંબંધી,...**' અશુભ '**ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાના ને સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે.**' એ ભગવાનને નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરને એ નથી. એ પર્યાયની નિર્મળતા વીતરાગતા જ્યાં થઈ, એવું દિવ્યશક્તિમાં હોતું નથી. '(૬) **ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે...**' જુઓ, ચાર પ્રકારના સાધુ પ્રત્યે વાત્સલ્ય એ મોહ પ્રશસ્ત છે. ઈ ભગવાનને નથી. બીજા કેવળી પ્રત્યે કે બીજા સાધુ પ્રત્યે ભગવાનને પ્રશસ્ત (રાગ હોય નહિ). ઈ કહે છેને ઓલા, કહે છે, વાત્સલ્ય આવે છેને? વાત્સલ્ય આઠ ગુણમાં. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ અને વાત્સલ્ય. જુઓ, વાત્સલ્ય ભગવાનને પણ છે એમ કહે છે એક જણો. સમકિત છેને? સમ્યગ્દર્શન છે કે નહિ કેવળીને? સમ્યગ્દર્શનના આઠ ગુણમાં વાત્સલ્ય છે કે નહિ? કેવળીને પણ જગત પ્રત્યે વાત્સલ્ય છે. એમ કહેવાવાળા છે. સમજાણું કાંઈ? પંડિત નામ ધરાવવાવાળા આમ કહે છે હોં! વાત્સલ્ય છે ભગવાનને. સમકિતના આઠ ગુણ છે એ ક્યાં જાય? વાત્સલ્ય તો સ્વરૂપમાં એકાગ્રતા થાય એ વાત્સલ્ય છે. વાત્સલ્ય બીજું શું છે? પોતાના ગુણમાં પૂર્ણતામાં એકાકાર થઈ ગયો ઈ વાત્સલ્ય છે. પર પ્રત્યે, ગણધર પ્રત્યે પણ કેવળીને વાત્સલ્ય નથી. સમજાણું કાંઈ? ગણધર છે મોટા શિષ્ય, બાર અંગની રચના (કરે છે), એમના પ્રત્યે ભગવાનને વાત્સલ્ય છે જ નહિ, એ તો વીતરાગ છે. આહા..હા..!

**શ્રોતા :—** જે આવું માને એને દેવના સ્વરૂપની ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેવના સ્વરૂપની ખબર નથી. જાઓ, એમ કે જાણ્યું ભગવાને કે આ ગૌતમ છે, મારો મોક્ષ થાશે... એઈ..! છોકરાઓ! ધ્યાન રાખો! સમજાણું કાંઈ?

શું કહે છે? શું કહ્યું? ભગવાન મોક્ષ પધારવાના હતા તો ગૌતમને છોડી દીધા. ... કારણ કે નહિ ત્યાગુ તો એને ખેદ થશે. સમજાણું કાંઈ? એમ છે જ નહિ. આવે છે કે નહિ? એઈ..! આ છગનભાઈએ બધું સાંભળ્યું છેને? ત્યાં બધા હતાને અગ્રેસરો. આ મલૂકચંદભાઈ હતા. સમજાણું કાંઈ? .. કથામાં આવે છે હોં! ભગવાન જ્યાં અહીં આવ્યા ત્યાં મોક્ષ પધાર્યા. અરે..! ભગવાન! મને વિરહમાં મૂકીને પ્રભુ મોક્ષ પધાર્યા. ગૌતમ ગણધરને એવું થાતું હશે? એ.. મોહનભાઈ! આહા..હા..! ભગવાન આપ એકલા મોક્ષ ગયા મને મૂકીને... આવે છે કાંઈક હોં! મને છોડીને આપ મોક્ષ પધાર્યા. સમજ્યા? એવો વિકલ્પ, એવું વાત્સલ્ય વીતરાગને હોતા નથી. એ વીતરાગને સમજતા નથી.

વીતરાગ સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોક જ્ઞેયપણે વર્તે છે, એકલા વીતરાગના પરમ આનંદના પિંડ થઈ ગયા છે એવા દેવમાં આવી ઈચ્છા, વાત્સલ્યતા હોતી નથી. સમજાણું કાંઈ? મોહ નથી. અને તે સિવાય, ચાર પ્રકારના સાધુ નીચે કહ્યા છેને? 'ૠષિ, મુનિ, યતિ અને અણગાર.' જુઓ, 'ૠદ્ધિવાળા શ્રમણ તે ૠષિ છે.' તેમના પ્રત્યે પણ ભગવાનને વાત્સલ્ય નથી. 'અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે.' તેમના પ્રત્યે પણ ભગવાનને વાત્સલ્ય નથી. કેવળી પ્રત્યે કેવળીને વાત્સલ્ય નથી. અમરચંદભાઈ! ભારે વાત પણ! ગોટા તો બહુ સાંભળ્યા હતા. 'ઉપશમક અને ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે.' તેમના પ્રત્યે પણ વાત્સલ્ય નથી. અહો..! ધન્ય છે ક્ષપકશ્રેણિ ચડે છે. કેવળજ્ઞાનીને એમ થાતું હશે? ક્ષપકશ્રેણિ ચડ્યા છે ને કેવળજ્ઞાન પામે છે, (એવો વિકલ્પ) એ તો રાગ છે, શુભરાગ છે. એ ભગવાનને હોતો નથી. સર્વજ્ઞપદની વ્યાખ્યા સમજવી જ કઠણ છે. આ હમણા બધી ગડબડ થઈ ગઈ છેને.

એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે છે એમાં ગડબડ કરી નાખે છે, લ્યો! સમજાણું કાંઈ? ના, ના, એ અનિયત પણ દેખે છે. અનિયતની વ્યાખ્યા શું? ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક અનાદિઅનંત જેટલી પર્યાય જ્યાં જ્યાં જે સમયે થાય તે બધી જ્ઞાનમાં આવી ગઈ છે. આઘીપાછી દ્રવ્યમાં થાય છે તો આઘીપાછી અનિયત છે એમ જાણે? દેવચંદજી! સમજાણું કાંઈ? આવા સર્વજ્ઞની એક સમયની પર્યાય આવી છે એમ માનવાવાળાનો વિકલ્પ જે છે તે શુભ છે, તો એમને માનવાવાળાને સ્વભાવ તરફની નિશ્ચયદૃષ્ટિ છે એમ એ બતાવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** નિયત-અનિયતને જાણે છે, નિશ્ચિત-અનિશ્ચિતને જાણે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ અનિયત છે જ ક્યાં? અનિયત ક્યાં રહ્યું? અનિશ્ચિત કોઈ વસ્તુ છે? કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ જોયા, એમાં અનિશ્ચિત શું છે? કંઈ રહ્યું? ભાઈ! હુકમચંદજી! શું અનિયત રહ્યું? કંઈ નહિ. એક સમયમાં ભગવાનને આમ પ્રત્યક્ષ જ્ઞાન થયું. અનંતકાળને આદિ વિનાની ચીજને આદિ વિના જાણી લીધી? અનંતકાળ. અંત નથી

તો અંત જાણી લીધો? જાણ્યું તો અંત થઈ ગયો? બધું જાણી લીધું એક સમયમાં. આકાશ અનંત છે તો અનંત છે એમ જાણ્યું. જે સમયે એક દ્રવ્યની પર્યાય અનાદિઅનંત પ્રવાહરૂપે સમયે સમયે થાય છે, જે સમયે જ્યાં થાય છે તેવું ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં આવી ગયું છે. ભગવાનના જ્ઞાનથી આઘીપાછી અવસ્થા થતી નથી. બોલતા તો હતા, 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહુ...' એમ ન કહો. ત્યારે શું કરવું? 'જે જે હોસી પર્યાયમેં, તે તે દેખે ભગવાન' એમ કરો. હોસી તો... એક સમયમાં ત્રણકાળ જણાઈ ગયા છે. એમાં વળી 'હોસી' નવી શું હશે? આવો અર્થ કરે છે કેટલાક પંડિત લોકો. અરે..! કોઈ પૂછતું નથી, કોઈ પૂછનાર નહિ.

**શ્રોતા :—** ... તો ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય, ઈ વાત છે. ક્રમબદ્ધ સિદ્ધ કરવા માટે કેવળજ્ઞાનને ખસેડી નાખો. અનિયત જોવે છે, નિયત-અનિયત જોવે છે એવું કેવળજ્ઞાન કરી નાખ્યું. એમ બનાવવાથી નથી બનતું, તું બની જઈશ. તું મિથ્યાત્વમાં બની જઈશ. આવી વસ્તુમાં ફેરફાર થતો નથી.

કહે છે, સામાન્ય સાધુ. એ ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે ભગવાનને વાત્સલ્ય હોતું નથી. આહા..હા..!

**શ્રોતા :—** ભગવાન વાત્સલ્ય વગરના?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ કરે? એ તો વાણી નીકળે. અંદરમાં તો વીતરાગતા છે. એ તો નિમિત્તથી કહેવામાં આવે છે. એ તો વીતરાગ પૂર્ણાનંદ... ઓ..હો..હો..!

**શ્રોતા :—** ભગવાન મહાસ્વાર્થી છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્વાર્થી છે બધા. સ્વાર્થી છેને ભાઈ? બધા પોતાની પર્યાયને કરે છે, બીજાની કોણ કરે છે? પરાર્થી કોણ છે? કોઈ નહિ. અજ્ઞાની માને છે કે હું પરાર્થી છું, હું પરનું બધું કરી શકું છું. કોણ કરે? શું તે કાર્ય વિનાનું દ્રવ્ય છે? પરપદાર્થ કાર્ય વિનાનું, પર્યાય વિનાનું દ્રવ્ય છે કે બીજો એનું કરી દે? શું કરે? પ્રત્યેક પદાર્થ પોતાની સમય-સમયની અવસ્થાનું કાર્ય કરી રહ્યું છે. ત્રણકાળ, ત્રણલોકમાં પ્રત્યેક સમયમાં પ્રત્યેક પદાર્થ પોતાનું ઉત્પાદરૂપી પર્યાયનું કામ—કાર્ય કરી રહ્યા છે. બીજો કરે શું? સમજાણું કાંઈ? અજ્ઞાની માને કે મેં એનું કર્યું અને એનાથી મારામાં થયું. રખડ ચાર ગતિમાં રખડવા. મૂઢ માને છે. સમજાણું કાંઈ? એમ ત્રણકાળમાં કોઈથી કોઈની દશા થાય છે, ત્રણકાળમાં થતી નથી.

કહે છે કે ભગવાનને કેવળી પ્રત્યે, અવધિજ્ઞાની મનઃપર્યયજ્ઞાન પામ્યો, ઓહો..! કાલનો કઠિયારો... કઠિયારો સમજો છો? લાકડી (ભેગી કરે), આજ કેવળ પામ્યો, તો ભગવાનને

પ્રેમ થાય કે નહિ? વાહ.. વાહ! બહુ સરસ કામ તેં કર્યું! એમ નથી. ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર.. આહા..હા..! આવ્યું ૨૦-૨૧.

**શ્રોતા :—** એમના જ્ઞાનમાં એમ આવી ગયું કે પહેલેથી એમ જ થવાનું હતું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધું ભાળે છે કે આ સમયે આ કેવળજ્ઞાન પામશે. નવી શું વાત છે? ભગવાનના જ્ઞાનમાં કોઈ નવી વાત છે? આહા..! આવા વીતરાગ સર્વજ્ઞ એની વ્યવહારશ્રદ્ધામાં આવે છે તો એ શ્રદ્ધા નિશ્ચયશ્રદ્ધાને બતાવે છે કે એની પાસે આત્માની આવી શ્રદ્ધા છે. વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી ત્યાં નિશ્ચયશ્રદ્ધા હોય ક્યાંથી? આહા..હા..! બહુ ગડબડ થઈ. ચોખ્ખું થયું વધારે. બહુ વિરોધ કરે છેને તો વધારે ચોખ્ખું થાય છે, સ્પષ્ટ થાય છે. બાપુ! આ તો સ્પષ્ટ વાત છે, ત્રણકાળમાં ફરે નહિ એવી વાત છે. આ વાતમાં કોઈ ગડબડ કરે માટે ફેરફાર થઈ જાય એમ નથી. વ્યવસ્થિત પદાર્થ, વિશ્વની અવસ્થા વ્યવસ્થિત થઈ રહી છે. વિશ્વ નામ સમસ્ત પદાર્થની અવસ્થા વ્યવસ્થિત એની અવસ્થા, વ્યવસ્થા અવસ્થા એ એની વ્યવસ્થા (થઈ રહી છે) એ વ્યવસ્થાને બીજું કરવાવાળું કોણ છે કે બીજા કોઈની વ્યવસ્થા કરે? સમજાણું કાંઈ?

વ્યવસ્થા—વિ-વિશેષ અવસ્થા. સામાન્યપણે જે દ્રવ્ય છે એની અવસ્થા તે ક્ષણે એવી થાય છે તે થાય છે, કરે કોણ? ભગવાન જાણે છે. થાય છે તો થાય છે. ત્રણકાળ જાણે છે. સમજાણું કાંઈ? ભગવાનના જ્ઞાનમાં... એ આપણે આવી ગયું, કળશટીકામાં. ભગવાનના જ્ઞાનમાં જે ઝળકી રહ્યું છે તેવું ત્યાં થઈ રહ્યું છે. આ સમયે આ જીવ મોક્ષ જશે, એ બધી કેવળજ્ઞાનમાં નોંધ છે. આવ્યું છેને ભાઈ! સમજાણું? એ પુસ્તક નથી આવ્યું ત્યાં? ઈ પુસ્તક હમણા છપાવ્યું છે. બધા વ્યાખ્યાન હમણા થઈ ગયા. કળશટીકા. કળશ છેને અમૃતચંદ્રાચાર્યના, સમયસારમાં એની ટીકા રાજમલે બનાવી. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી.' બનારસીદાસે કહ્યું. એમનું છે. જુઓ, આવ્યું છે. જુઓ, ફૂલચંદજી પાસે હશે.

'.. પહુંચનેકા કાલ ભવ્ય જીવોંમેં કિતને જીવ મોક્ષ જાનેયોગ્ય હૈ, ઉનકે મોક્ષ પહુંચનેકા કાલપરિમાણ હૈ. યહ જીવ ઈતના કાલ બીતનેપર મોક્ષ જાયેગા. ઐસી નોંધ કેવલજ્ઞાનમેં હૈ.' આ પુસ્તક હમણા બહુ સારુ છપાવ્યું છે. કળશટીકા, રાજમલજીની ટીકા છે. 'યહ જીવ ઈતના કાલ બીતનેપર મોક્ષ જાયેગા. ઐસી નોંધ કેવળજ્ઞાનમેં હૈ.' જુઓ, નોંધ નામ સમજણ, જ્ઞાન. કેવળજ્ઞાનમાં જ્ઞાન છે. તેઓ ના પાડે છે કે નહિ. એમ નહિ. આ સમયે આ મોક્ષમાં જાશે એમ કેવળજ્ઞાની નથી જાણતા. આહા..હા..! આ રીતે શું કરવું છે એને? સમજાણું કાંઈ? આ કળશટીકા જોઈ છે કે નહિ? વાંચી છે કે નહિ? વાંચી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન પરમેશ્વર.. ઓ..હો..! જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. એ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપની પૂર્ણાનંદ પરમાત્મા એવી કેવળજ્ઞાની જે પર્યાય પામ્યા

અને અનંતી પર્યાય કેવળજ્ઞાન, દર્શન, આનંદ આદિ પર્યાય એવી અનંતી અનંતી પર્યાયનો પિંડલો ભગવાન આત્મા છે. એવા ભગવાન આત્માની, આખા આત્માની નિશ્ચય પ્રતીત થઈ એમાં આવી કેવળજ્ઞાનની પ્રતીતિ તો વ્યવહારશ્રદ્ધાનમાં આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? **'અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.'** બીજો સંસારનો.

'(૭) **ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન (-ચિંતા, વિચાર) પ્રશસ્ત છે...'** એ ચિંતા ભગવાનને નથી. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની ચિંતા ભગવાનને નથી. સમજાણું કાંઈ? ચિંતા કેવી? પૂર્ણાનંદ થયો પછી શું? વિચાર, ચિંતા અથવા વિચાર પ્રશસ્ત છે. સર્વજ્ઞ પરમેશ્વરને નથી થતી. એક સમયમાં આવા પૂર્ણજ્ઞાન અને આનંદ પ્રગટ થયા એને પ્રશસ્ત વિચાર છે જ નહિ **'અને તે સિવાયનું (આર્તરૂપ અને રૌદ્રરૂપ ચિંતન) અપ્રશસ્ત જ છે.'** ભગવાનને નથી. પરમેશ્વરને આવી ચિંતા અપ્રશસ્ત અને પ્રશસ્ત બેય નથી હોતી.

'(૮) **તિર્યંચોને તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર...'** તિર્યંચ અને મનુષ્યની વય, વય ઉંમર થાયને ઉંમર. ઉંમર કહે છે? શું કહે છે? તેનો વયકૃત દેહવિકાર. એની જીર્ણ દશા, જરા. ભગવાનને જરા હોતી નથી. શરીર ભગવાનનું જીર્ણ નથી થતું. એવુંને એવું શરીર રહે છે. નિમિત્ત પણ એવું છે. પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયા તો એવીને એવી અપ્રતિહત ધારા એમને છે, એમ શરીર પણ એવું પરમૌદારિક શરીર એવુંને એવું રહે છે. ભગવાન આઠ વર્ષે કેવળ પામે તો કરોડ પૂર્વ કેવળી રહે તો શરીર જીર્ણ નથી થતું.

**શ્રોતા :—** ખાય નહિ અને જીર્ણ નથી થતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખાય પણ નહિ અને જીર્ણ નથી થતું. આહા..હા..! પરમાણુ ખાય કોણ? અને પીવે કોણ? અહીંયા પણ કોઈ ખાય છે તે પ્રમાણે શરીર રહે છે એમ નથી. મોટું શરીર પુષ્ટ હોય અને બે રોટલી ખાતો હોય અને પાંચ, દસ, બાર, પંદર પંદર, વીસ વીસ ખાતો હોય.. સમજાણું કાંઈ? તો શરીર પાતળું (હોય). સાંભળ્યું છે. એક જણ નહિ? તમારે આવતા હશે કે નહિ કોઈ? એક આવ્યો હતો કે નહિ? અહીં તો સાંભળ્યું હતુંને. કેટલી રોટલી ચડાવતો? બાવીસ. અને શરીર પાતળું. અમારે બાવીસ રોટલીના તમારા પીસ્તાળીસ લેવા, મરી જઈએ અમે તો. દોઢ રૂપિયાનું દનિયું અને ખાય છે અઢીનું. એક આવ્યો હતો. એ તો સાંભળ્યું છે કે પીસ્તાળીસ રૂપિયા લ્યે છે. એમ કહે છે. મલૂકચંદભાઈ લ્યે છે પીસ્તાળીસ એક મહિનાના. હવે ઓલો બાવીસ રોટલી ખાય તો પોણોસો એંસી રૂપિયા થાય મહિનાના. સમજાણું કાંઈ?

અહીં તો બીજું કહેવું હતું, એનું શરીર પાતળું હતું. બાવીસ રોટલી ખાતો હતો અને બે રોટલી ખાતો હોય અને શરીર જુઓ તો અલમસ્ત એવું અમે જોયું છે. સમજાણું કાંઈ? આહાર ઉપર શરીરની સ્થિતિ નથી. એ તો એના રજકણની યોગ્યતા પ્રમાણે એની સ્થિતિ છે. ભગવાન આહાર લેતા નથી તોપણ શરીર એવુંને એવું રહે છે. એવી ભગવાનની શ્રદ્ધા

કરનારો વ્યવહારશ્રદ્ધાવંત કહેવામાં આવે છે. એ વ્યવહારશ્રદ્ધાવંતને આત્માની શ્રદ્ધા છે એને આ વ્યવહારશ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ?

'(૯) **વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (-શરીર સંબંધી) પીડા...**' ભાષા જુઓ. અહીં અશાતા નથી નાખી, એઈ! રોગમાં એ ન નાખ્યું. '**વાત, પિત્ત અને કફની વિષમતા...**' ભાઈ! એમ નાખ્યું છે. આ ત્રણ છેને—વાત, પિત્ત અને કફ—એની વિષમતા થઈ જાય તેનાથી '**ઉત્પન્ન થતી કલેવર (-શરીર સંબંધી) પીડા તે જ રોગ છે.**' તેને રોગ કહે છે. ભગવાનને રોગ નથી. ભગવાનજીભાઈ! ભગવાનને રોગ નથી. ગૌશાળે નાખ્યો હતો. તેજોલેશ્યા આવે છેને? ભગવાનને તેજોલેશ્યા નાખી હતી. છ માસ રોગ થયો. લોહીખંડ ઝાડા થયા. લોહીખંડ કહે છે, પેચોટી શું કહે છે? પેચોટી. ખોટી વાત. ભગવાનના શરીરને પણ તેઓ નથી જાણતા. આત્માને તો નહિ પણ આત્માના શરીરને (પણ નથી જાણતા). પરમાત્મા થયા એમનું શરીર પરમૌદારિક, પરમૌદારિક (હોય).

**શ્રોતા :—** આ કાળમાં અપવાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ કાળમાં અપવાદ ત્રણકાળમાં ન હોય. સમજાણું કાંઈ? અપવાદ, વસ્તુમાં સત્ય છે એમાં અપવાદ કેવો? આ કાળે કોઈ સિદ્ધ હેઠે ઉતરીને નરકમાં જાશે? એવો કોઈ અપવાદ હશે કે નહિ? આ કાળમાં અપવાદ છે કે કોઈ સિદ્ધ ઉપરથી હમણાં નરકમાં ગયા. એવો અપવાદ હોય જ નહિ. સમજાણું કાંઈ?

વિષમતાથી કલેવર રોગ. ભગવાનને રોગ નથી. રોગ જેના શરીરમાં હોય તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી. આહા..હા..! આવું કેવળજ્ઞાન અને વીતરાગદશા... આહા..હા..! શરીરના રજકણ પણ પુણ્યને કારણે પલટી જાય છે. એવા રજકણ થઈ જાય કેવળજ્ઞાન થાય ત્યારે કે સ્ફટિક જેવા. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? જેને રોગની પીડા શરીરમાં, રાગીને રોગની દશા હોય છે. રાગને કારણે નહિ. કહે છેને. પણ એ રાગને કારણે નહિ. પણ જ્યાં રાગ છે ત્યાં રોગદશા એને પૂર્વનું પ્રારબ્ધ એટલું એને છે તો અશાતાની તીવ્રતાથી રોગ થાય છે, એમ કહેવું છે. જ્યાં વીતરાગતા છે ત્યાં પૂર્વની અશાતા એટલી નથી એમ બતાવવું છે હોં! રાગ છે તો રોગ છે એમ નહિ. સમજાણું કાંઈ? એ જેચંદભાઈ! તો જેચંદભાઈ રાડ પાડે કે મને રોગ છે તો હું રાગી વધારે છું અને આ નિરોગી છે તો રાગ વિનાના છે? એમ નથી. રાગીને પૂર્વ કર્મમાં રસ ઘણો પડ્યો છે તો એ અશાતાને કારણે રાગીપ્રાણીને શરીરમાં રોગ થાય છે. વીતરાગદશા જ્યાં થઈ તો કર્મનો રસ ઘણો નાશ થઈ ગયો, અલ્પ થોડો રહ્યો. કહેશે, સમુદ્રમાં બિંદુ જેટલી અશાતાવેદનીય થોડી પડી છે. એ કંઈ શરીરને રોગ ઊપજાવી શકે એમ નથી. ભગવાન અરિહંતને આમ છે. સમજાણું કાંઈ?

'(૧૦) **સાદિ-સનિધન, મૂર્ત ઈન્દ્રિયોવાળા, વિજાતીય નરનારકાદિ...**' વિજાતીય છેને, આત્માથી. '**વિભાવવ્યંજનપર્યાયનો...**' આ વિભાવવ્યંજનપર્યાય શરીરની છે તેનો 'જે

**વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.'** આનો નાશ એ ભગવાનને નથી. ભગવાનને નાશ થતાં વિભાવપર્યાય છૂટી જાય છે, મુક્તિ થાય છે, મૃત્યુ નહિ. એ તો મુક્તિ છે. સમજાણું કાંઈ? '(૧૧) **અશુભકર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.'** સ્વેદ-પસીના, પસીના. એ સ્વેદ પણ અશુભના ઉદયને કારણે છે. ભગવાનને નથી. ભગવાનને પરસેવો હોતો નથી. સમજાણું કાંઈ?

'(૧૨) **અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.'** ભગવાનને ખેદ નથી. '(૧૩) **સર્વ જનતાના (-જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે,...'** હવે મદ મદની વ્યાખ્યા કરે છે. એવો પ્રાણી હોય કે એવી કવિત્વશક્તિ હોય કે કવિતા બોલતા બોલતા કવિત્વને કારણે જેના હૃદયમાં સાંભળવાવાળાને આહ્‌લાદ થઈ જાય. એવું કવિત્વ, મધુર કંઠ, ઘંટડી જાણે છૂટતી હોય. સમજાણું કાંઈ? કંઠનું અભિમાન કરવું તે મદ છે. એવો મદ ભગવાનને નથી. વાણી એની વાણી તે વાણી! ઓ..હો..હો..! ૐ ધ્વનિ છૂટે. ગણધરોને પણ જ્યાં મીઠું લાગે કાનમાં પડે, જાણે અમૃત રેડતા હોય. અભિમાન નથી. એવો મદ નથી એમ બતાવવું છે. હોં! સમજાણું કાંઈ? **'સહજ ચતુર કવિત્વ...'** છેને? ચતુર કવિ, હુશિયાર કવિ. તેને કારણે મદ થઈ જાય છે.

**'સહજ (સુંદર) શરીરને લીધે,...'** મદ થાય છે. સુંદર રૂપાળું શરીર હોય, સુંદર અવયવ. સુંદર છે, મારે સુંદર છે. ધૂડ છે, એ તો જડ છે. એનો મદ. ભગવાનને તો પરમૌદારિક શરીર છે. ઘણું સુંદર રૂપ. ઈન્દ્રોના શરીરથી પણ હજારગુણા પ્રકાશનું એમનું શરીર છે. આવા પરમેશ્વર અરિહંત એને સમ્યગ્દૃષ્ટિ વ્યવહારશ્રદ્ધામાં આવા દેવને માને છે, બીજાને માનતો નથી. સમજાણું કાંઈ? અહીં તો ભગવાનને નામે માથા ફોડે કેટલાય. દીકરા માટે, પૈસા માટે, આને માટે એ તો બધા મૂઢ છે. એને તો વ્યવહારદૃષ્ટિ પણ સાચી નથી.

**'સહજ (ઉત્તમ) કુળને લીધે...'** ઉત્તમ કુળ હોયને ઉત્તમ. સહજની વ્યાખ્યા ઉત્તમ કરી. સ્વાભાવિક ઉત્તમ કુળ મળ્યું હોયને, ઉત્તમ કુળ એનું અભિમાન કે અમે ઉત્તમ કુળના છીએ. શું કુળ? આત્મામાં કુળ જ નથી. એવો મદ ભગવાનને નથી. **'સહજ બળને લીધે,...'** શરીરનું સ્વાભાવિક બળ એને કારણે અભિમાન. **'સહજ ઐશ્વર્યને લીધે...'** મોટપ, કુદરતી મોટપ. એનું શરીર, આબરૂ આદિ મોટું ઐશ્વર્ય દેખાતું હોય. (તેને લીધે) **'જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.'** ભગવાનને મદ નથી. **'મનોજ્ઞ (મનપસંદ) વસ્તુઓમાં પરમપ્રીતિ તે જ રતિ છે.'** ભગવાનને નથી. મનોહર-ફનોહર કોઈ નથી.

'(૧૫) **પરમસમરસીભાવની ભાવનારહિત જીવોને...'** જુઓ, ભાષા આ લીધી વળી. પરમસમરસીભાવ—શાંત વીતરાગતા. આવી ભાવનારહિત જીવોને **'ક્યારેક પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.'** અજ્ઞાનીને વિસ્મય દેખાય છે. પોતાનું સ્વરૂપ

આનંદકારી જોયું છે એને બીજામાં વિસ્મયતા લાગતી નથી. વિસ્મયતા લાગતી જ નથી. ભગવાનને વિસ્મયતા નથી. '(૧૬) **કેવળ શુભકર્મથી દેવપર્યાયમાં ઉત્પત્તિ...'** લ્યો, પુણ્યને કારણે દેવમાં ઉત્પત્તિ. '**કેવળ અશુભકર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી તિર્યંચપર્યાયમાં જે ઉત્પત્તિ અને શુભાશુભ મિશ્રકર્મથી મનુષ્યપર્યાયમાં જે ઉત્પત્તિ, તે જન્મ છે.**' એ જન્મ ભગવાનને નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ દેવાધિદેવ સમ્યગ્દૃષ્ટિના વ્યવહારશ્રદ્ધામાં આવા દેવની માન્યતા હોય છે. તેમને જન્મ નથી.

'(૧૭) **દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે...**' લ્યો. ઢંકાઈ જાય. '**તે જ નિદ્રા છે.**' ભગવાનને નિદ્રા નથી હોતી. સર્વજ્ઞને નિદ્રા નથી હોતી. '(૧૮) **ઈષ્ટના વિયોગમાં વિક્લવભાવ** (ગભરાટ) **તે જ ઉદ્વેગ છે.**' લ્યો. અનુકૂળ વિયોગમાં વિક્લવભાવ. ક્લેશ કરવો (તે) ઉદ્વેગ. '**આ (અઢાર) મહા દોષથી ત્રણ લોક વ્યાપ્ત છે.**' સમજાણું કાંઈ? આ '**વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.**' પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા આ અઢાર દોષોથી મુક્ત છે. સંસારથી એમની વિપરીતતા છે. આખો સંસાર અઢાર દોષથી સહિત છે, ભગવાન પરમેશ્વર અઢાર દોષથી રહિત છે. સમજાણું કાંઈ?

આ કુંદકુંદાચાર્ય મહારાજ પાઠમાં લખે છે, જુઓ, અધ્યાત્મ બતાવનારા કુંદકુંદાચાર્યદેવ. મોક્ષમાર્ગમાં આ અધિકાર લીધો. સમજાણું કાંઈ? આવા દેવમાં જેમની વૃત્તિમાં માન્યતા છે પછી જુએ છે કે આની શુદ્ધશ્રદ્ધા વસ્તુના સ્વભાવ તરફ ઢળી છે તે નિશ્ચય છે, વિકલ્પ છે તે વ્યવહાર છે. આવો નિશ્ચય અને વ્યવહાર, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી હોય છે. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ?

'**વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવઘાતિકર્મોનો અભાવ હોવાથી...**' દ્રવ્યકર્મ નથી અને ભાવકર્મનો ઘાતિનો અભાવ છે. '**ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય?**' અગિયાર કહ્યા પહેલાં અગિયાર. અઢારમાંથી અગિયાર એમાં લીધા. બીજા સાત લેશે. સાત નીચે અર્થમાં લેશે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૧૪, રવિવાર, તા. ૬-૦૩-૧૯૬૬, ગાથા-૬, પ્રવચન નં. ૧૨

આ નિયમસાર ચાલે છે. જીવ અધિકાર. એની છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલે છે. જુઓ, શું ચાલે છે? અરિહંત પરમેશ્વર જે તીર્થંકરદેવ છે તે અઢાર દોષરહિત છે. એ અઢાર દોષ રહિત અરિહંત પરમાત્મા એમની શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનની ભૂમિકામાં

આવા અઢાર દોષરહિત ભગવાનની શ્રદ્ધાનો શુભરાગ શુભોપયોગ આવે છે, તેને વ્યવહારસમકિત કહે છે. સમજાણું કાંઈ? અરિહંતની વાત ચાલે છે. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ એની અંતરમાં, સ્વભાવની શુદ્ધ શ્રદ્ધા અને સ્વભાવનું શુદ્ધ જ્ઞાન થાય છે તે જ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. સાથે સમ્યગ્દૃષ્ટિને આવા અરહિંતદેવ અઢાર દોષરહિત છે એવા દેવની પણ શ્રદ્ધા, ભક્તિ ઉલ્લાસમાં શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તેને વ્યવહાર કહે છે. વ્યવહાર. સમકિત નથી પણ વ્યવહાર કહે છે. સમકિત તો આત્માની શુદ્ધશ્રદ્ધા જ્ઞાનાનંદની એનું નામ જ સમ્યગ્દર્શન છે.

હવે કહે છે કે અઢાર દોષ પહેલાં લખ્યા છે. જુઓ, પહેલેથી લઈએ છીએ. '**વીતરાગ સર્વજ્ઞને...**' છે ઉપર? વીતરાગ પરમેશ્વર જૈન અરિહંત પરમેશ્વર જે અનંત થઈ ગયા, સિદ્ધ થઈ ગયા અને વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે. એ '**દ્રવ્ય-ભાવઘાતિકર્મોનો અભાવ હોવાથી...**' ભગવાનને જડ ઘાતિકર્મનો અભાવ છે અને ઘાતિકર્મના રસરૂપી વિકારનો પણ અભાવ છે. તેમને ભય નથી. ભગવાન અરિહંતને ભય નથી. રોષ નથી, રાગ, મોહ, શુભાશુભ ચિંતા નથી, ખેદ નથી, મદ નથી, રતિ નથી, વિસ્મય નથી, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય? કેમકે જેને ઘાતિકર્મનો નાશ થયો અને એના ભાવરસનો પણ નાશ થયો, એવા પરમાત્માને અગિયાર દોષ હોતા નથી.

હવે (કહે છે), ભગવાનને ક્ષુધા નથી હોતી. ઈ કહે છે જુઓ, '**વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીયકર્મોદય મધ્યે બિંદુ જેટલો અશાતાવેદનીયકર્મોદય વર્તે છે તે, મોહનીય કર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય?**' એ અમારા પંડિતજીએ ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ? '**ન જ થાય.**' ભગવાનને ક્ષુધા તૃષા હોતા નથી. માને છેને એક સંપ્રદાય કે ક્ષુધા-તૃષા છે. ભગવાનને એ હોતા નથી. '**કારણ કે ગમે તેટલું અશાતાવેદનીયકર્મ હોય તોપણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ, તો પછી અહાં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (-અવિદ્યમાન જેવું) અશાતાવેદનીયકર્મ વર્તે છે ત્યાં ક્ષુધાતૃષાની લાગણી ક્યાંથી હોય?**' ભગવાનને ક્ષુધા તૃષાની વૃત્તિ લાગણી નથી. પરમેશ્વરને પરમાનંદનો અનુભવ છે. જેમને શુદ્ધોપયોગનું ફળ પ્રાપ્ત થયું છે. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ એના અંતર શુદ્ધ આચરણરૂપ ઉપયોગ. પુણ્ય-પાપના અશુદ્ધોપયોગથી રહિત પોતાના આનંદનો શુદ્ધોપયોગના આચરણના ફળરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. શ્રીચંદજી! સમજાય છે? એને આવા ક્ષુધા તૃષા હોતા નથી. એવી પરમાત્મપદવીને યોગ્ય ભગવાનને ક્ષુધા-તૃષા માનવા એ અરિહંતના (સ્વરૂપની) મોટી ભૂલ માને છે. અરિહંતને એવું હોતું નથી. સમજાણું કાંઈ?

'**ક્ષુધાતૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે? આમ**

**વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી.'** કવલાહાર. બીજા લોકો ખાય એમ ભગવાન ખાતા નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ખાધે-પીધે સુખી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખાધે-પીધે કોણ સુખી હતો? ઈ તો વાત આવી નહિ? ખાવા-પીવાની તો સવારમાં ન આવી વાત? ઈચ્છા એ તો દુઃખ છે. ખાવા-પીવાની ઈચ્છા એ તો રાગ છે, રાગ છે તે દુઃખ છે. ખાવા-પીવયમાં ક્યાં ધૂડમાં સુખ છે? સમજાણું કાંઈ? જેને પરમાત્માને અનંતઆનંદ પ્રગટ થયો એમને ક્ષુધા-તૃષા નથી, એમને કવલાહાર નથી.

**'કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં), સુગંધિત, સુરસવાળાં, સપ્તધાતુરહિત પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્‌ગલો પ્રતિક્ષણ આવે છે અને તેથી શરીરસ્થિતિ રહે છે.'** શરીરસ્થિતિ કાયમ ટકે છે. એવા પૂર્વના પુણ્યને કારણે એવા કર્મના રજકણ આવે છે. એવુંને એવું શરીર (રહે છે). એમને વૃદ્ધાવસ્થા નથી થતી, શરીરની જીર્ણતા નથી થતી, એમને રોગ નથી થતો. એવું પરમાત્માનું શરીર છે. આવા દોષરહિત પરમાત્માને માનવા જોઈએ. એ બે બોલ કહ્યા. પહેલાં અગિયાર કહ્યા હતા, આ બે કહ્યા, તેર (થયા). હવે ત્રણ.

**'વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિકર્મોને એવો જ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતાં નથી.'** આ ત્રણ નથી હોતા. અગિયાર ઉપર કહ્યા, બે વચમાં કહ્યા અને ત્રણ આ. ભગવાનને શરીરમાં જરા નથી હોતી. એના સેવક ઈન્દ્રો હોય એને જરા નથી હોતી, તો ભગવાન પૂજ્ય છે એમને જરા કેવી? શરીર જીર્ણ થાય કે રોગ થાય... સમજાણું કાંઈ? ભગવાનને રોગ થતો નથી. અને સ્વેદ, સ્વેદ એટલે પરસેવો, પરસેવો પણ ભગવાનને હોતાં નથી. એ સોળ થયા. બે રહ્યા.

**'વળી કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભભાવો નહિ હોવાથી...'** જુઓ, શુભાશુભભાવ જન્મ-ઉત્પત્તિનું સ્થાન છે. શું કહ્યું? ચોર્યાશીના અવતારમાં ઉત્પત્તિનો હેતુ શુભાશુભભાવ છે. એને જન્મ કહે છે. શુભાશુભભાવથી જન્મ થાય છે. તો શુભાશુભભાવ ભગવાનને છે જ નહિ. સમજાણું કાંઈ? **'તેમને જન્મ હોતો નથી;...'** ખુબી શું કરી સમજાણું? શુભ અને અશુભ બન્ને ભાવ જન્મનું કારણ છે. શુદ્ધોપયોગ જ જન્મના નાશનું કારણ છે. આહા..હા..! પોતાનો આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ ભગવાન જેવો સર્વજ્ઞ પરમેશ્વરે જોયો છે એવી પરમાનંદમૂર્તિ એના અંતર્મુખના સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન, આચરણનું શુદ્ધ આચરણ એ શુદ્ધોપયોગ, એ સંસારને નાશ કરનાર છે. અને શુભ ને અશુભભાવ પુણ્ય ને પાપ બેય ભાવ જન્મની ઉત્પત્તિનું કારણ છે. સમજાણું કાંઈ? **'શુભાશુભ ભાવો**

**નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી;...'** મોક્ષ થઈ જશે. **'અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.'** બે થઈ ગયા. અઢાર દોષ નથી. **'આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષરહિત છે.'**

**'એ જ રીતે (અન્ય શાસ્ત્રમાં ગાથા દ્વારા) કહ્યું છે કે :—'**

**सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ।**
**दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो।।**

ધર્મીજીવ પોતાના નિજસ્વરૂપની દૃષ્ટિની ભૂમિકામાં આવા પરમાત્માને દેવ તરીકે શ્રદ્ધે છે, બીજા દેવને એ માનતો નથી. સમજાણું કાંઈ? આવા સર્વજ્ઞ પરમેશ્વર દેવ સિવાય કોઈ દેવને એ માને નહિ, કોઈને ભજે નહિ. ઈ કહે છે જુઓ,

**'ગાથાર્થ :— તે ધર્મ છે જ્યાં દયા છે,...'** દયાનો અર્થ... સૂક્ષ્મ વાત છે. પોતાના આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી, શુભ અને અશુભરાગની ઉત્પત્તિ ન થવી, કારણ કે શુભ અને અશુભરાગ જ હિંસા છે. કહ્યું હતુંને? કે શુભાશુભભાવથી તો જન્મ છે. જન્મ કંઈ અહિંસાથી જન્મ થાય? સમજાણું કાંઈ? આત્મામાં જેટલા શુભ અને અશુભભાવ (થાય) તેટલી આત્માના સ્વભાવની હિંસા થાય છે. એનો બંધ થવાથી તેને જન્મ ધારણ કરવો પડે છે. દયા, ભગવાન આત્મા એકલો ચૈતન્ય આનંદનું પૂર આત્મા છે. પૂર સમજો છો? પાણીનું પૂર આવે છેને? નદીમાં. બાઢ—પૂર. કહે છે, બાઢ તો વળી વૃદ્ધિ. આ તો પ્રવાહ નથી ચાલતો? મોટો પ્રવાહ. પ્રવાહ ચાલે છે, પૂર પૂર. પ્રવાહ પણ નહિ. પાણીનું પૂર ચાલેને. હિન્દીમાં પ્રવાહ પણ પૂરનો શું અર્થ છે? નદીનું પૂર, નદીમાં પૂર આવે એમ આત્મામાં જ્ઞાન અને આનંદના પૂર પડ્યા છે. ખબર નથી શું વસ્તુ છે.

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગરહિત, શરીર, કર્મ આ તો જડ માટી ધૂડ છે, આ કાંઈ આત્મા ક્યાં છે? અને અંદરમાં શુભ-અશુભભાવ થાય છે તે વિકાર છે. વિકારની પાછળ અંતર આત્મા સ્વભાવમાં ચૈતન્ય આનંદનું પૂર સ્વભાવ પડ્યો છે, એની અંદર ઉપયોગ એકાકાર કરીને વીતરાગતાનું પ્રગટ થવું એનું નામ દયા, અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેવચંદજી! એને દયા કહે છે. પરની દયામાં તો શુભભાવ છે. શુભભાવથી કંઈ પરની દયા પળાતી નથી. એ તો એનું આયુષ્ય હોય તો જીવે, આયુષ્ય ન હોય તો મરી જાય. એમ છે કે નહિ? ડૉક્ટર બચાવી શકે કે નહિ? નહિ? બચાવી નથી શકતો?

**શ્રોતા :—** જે નથી મરતા એને બચાવી શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જે નથી મરતા એ તો નહોતો મરવાનો એને કારણે, એમાં ડૉક્ટરે શું કર્યું? સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે કે કોઈ પરની આયુષ્યની સ્થિતિ થયા વિના એ બચે નહિ અને આયુષ્યની સ્થિતિ ન હોય તો મર્યા વિના રહે નહિ. બીજો એને મારી

શકે કે બચાવી શકે એવી તાકાત નથી. એનું નામ દયા નથી. પરને બચાવવાનો ભાવ આવે છે એ શુભભાવ છે, પુણ્યભાવ છે. મારવાનો ભાવ એ પાપ છે. પોતાના સ્વભાવની દયા કરવી, પોતાના ચૈતન્યની અહિંસા થવી, હિંસા ન થવી, વિકારની ઉત્પત્તિ ન થાય અને વિકારરહિત પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવની અંતરમાં દૃષ્ટિ કરી નિર્વિકાર સ્વભાવની ઉત્પત્તિ થવી એનું નામ ભગવાન અહિંસારૂપી પરમાર્થ દયા કહે છે. તારી દયા એ ધર્મ છે. કહો, વસંતીલાલજી! લોકોને... ઈ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્ય મહારાજે લખ્યું છે કે જેટલો એમાં રાગ છે એટલી એમાં હિંસા છે, એટલો એમાં બંધ છે એમ એક ઠેકાણે કહ્યું. બીજા ઠેકાણે રાગની ઉત્પત્તિનું નામ હિંસા છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ, કુંદકુંદાચાર્ય મહારાજ થયા એમના પછી ૧૧૦૦ વર્ષે થયા. દિગંબર સંત. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલાં થયા. અમૃતચંદ્રાચાર્ય હમણાં ૯૦૦ વર્ષ પહેલાં થયા. દિગંબર મુનિ સંત જંગલમાં વસનારા. ઈ કહે છે કે જેટલા અંશે રાગ (થાય).. કેમકે આત્મા જ્ઞાનાનંદ અરાગસ્વરૂપી સ્વભાવનો પિંડ છે એમાં જેટલો રાગનો અંશ થાય તેટલી પોતાની શાંતિનો ઘાત થાય છે. સમજાણું કાંઈ? જેટલા અંશમાં આત્માની શાંતિ અકષાયની ઉત્પત્તિ થવી સ્વભાવના આશ્રયે અંતર્મુખમાં આત્મા પરમાનંદનો સાગર પડ્યો છે. એનું અવલંબન લઈને અંતરમાં અંતર સન્મુખ ઘોલન કરીને જેટલી શક્તિમાંથી વ્યક્તતા અકષાયભાવની પ્રગટ થાય તે જ દયા અને તે જ પરમધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે ધર્મ છે જ્યાં દયા છે, તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે,...**' શું કહે છે? એને તપ કહે છે કે જ્યાં પાંચ ઈન્દ્રિયના વિષય તરફથી ખસી ગયો છે. પાંચેય ઈન્દ્રિય શબ્દ, રૂપ, રસથી ખસી ગયો છે અને અંતર આનંદમાં મશગુલ થયો છે એનું નામ તપ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વ્યાખ્યા, ભાઈ! '**તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે,...**' શુભ-અશુભ વિષય બહારના. બાહ્ય લક્ષ છેને બાહ્ય. શુભ હો કે અશુભ હો, એ તરફથી નિગ્રહ કરીને, બહારમાં નિગ્રહ થયો, અંતરમાં શાંતિની પક્કડ થઈ. અંતર શુદ્ધસ્વભાવની એકાગ્રતા થઈ તો પાંચ ઈન્દ્રિય શુભાશુભનો નિગ્રહ થઈ ગયો. એવી આત્મદશાને તપ કહેવાય છે, એનું નામ જ મોક્ષનો માર્ગ કહેવાય છે. ભારે ઝીણું.

**શ્રોતા :—** બાર પ્રકારના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એઈ..! ... કાઢે છે. બાર પ્રકારના તપની ક્યાં ઈ વ્યાખ્યા છે, ઈ તો વ્યવહાર વિકલ્પની વાત છે. બાર પ્રકારના તપ આવ્યા છે.

અહીં તો આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધસ્વભાવનો ભંડાર એ તરફમાં એને વિષય કરીને પરવિષયથી ખસીને પોતાના વિષયને ધ્યેય કરીને લીન થવું એનું નામ ભગવાન વિષય નિગ્રહ તપ કહે છે. કહો, અમરચંદભાઈ! હવે આ અપવાસના તપ.. એઈ..! અમારા ન્યાલભાઈ ક્યાં ગયા?

દેવ કોને કહે છે? '**તે દેવ છે જે અઢાર દોષરહિત છે;...**' આ અઢાર દોષ માથે કહ્યાને. એ અઢાર દોષરહિતને દેવ કહે છે. અઢાર દોષમાંથી એક પણ દોષ હોય તો એને દેવ નથી કહેતા. સમ્યગ્દૃષ્ટિ જીવ નિજ દિવ્ય શરીર આત્મા ભગવાન એની પ્રતીતિ—શ્રદ્ધામાં અઢાર દોષરહિત દેવને જ વ્યવહારથી દેવ તરીકે સ્વીકારે છે. નિશ્ચયથી દેવ પોતાનો. સમજાણું કાંઈ? એ દેવનો દેવ છે પોતે ભગવાન. એક સમયમાં આત્મા દિવ્યશક્તિ એવો અનંતગુણનો પિંડ ભંડારનો અનુભવ કરવો એ જ પોતાનો આત્મા દેવ છે. આવા દેવની દૃષ્ટિની ભૂમિકામાં શુભરાગ આવે છે તો એ શુભરાગમાં અઢાર દોષરહિત પરમાત્માને જ સમકિતી સ્વીકારે છે. એ સિવાય બીજા દોષવાળાને દેવ તરીકે સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા. '**આ બાબતમાં સંશય નથી.**' એમાં સંદેહ નથી કે વળી ભગવાનને ક્ષુધા હશે કે નહિ? તૃષા હશે કે નહિ? રોગ હોય કે નહિ? સંદેહ નથી એમ લીધું ભાઈ. હશે કે નહિ? એમ નહિ, હોય જ નહિ. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર સો ઈન્દ્રથી પૂજનિક પરમાત્મા સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમાં અરિહંતપણે સીમંધરપ્રભુ બિરાજે છે. મહાવીર આદિ ભગવાન પહેલાં થઈ ગયા. એ તો સિદ્ધ થઈ ગયા. અરિહંતને પણ કોઈ ક્ષુધા, તૃષા, રોગાદિનું દુઃખ અને દોષ હોતા નથી, એમાં સંશય નથી. નિઃસંદેહ એમ છે એમ કહે છે. ભગવાન આત્માના સ્વરૂપની દયા તે ધર્મ છે અને બાહ્ય તરફથી વિષય નિગ્રહ કરીને અંતરમાં સ્વરૂપમાં સ્થિરતા કરવી તે તપ છે. અઢાર દોષરહિત તે દેવ છે. કહો, સમજાણું કાંઈ? ધર્મ, તપ અને દેવ ત્રણ આવ્યા. ત્રણની વ્યાખ્યા બહુ ટૂંકી. હવે શ્લોક.

'**વળી, શ્રી વિદ્યાનંદસ્વામીએ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' છેને શ્લોક? બહુ સારો છે.

**अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः**
**स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्।**
**इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धैः**
**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति।।**

આહા..હા..! વિદ્યાનંદી દિગંબર સંત થયા છે. બ્રાહ્મણ હતા, પછી મુનિ થયા. અંતરમાં ઘણાં પુરુષાર્થની જાગ્રતિ કરીને શ્લોક બનાવ્યા છે. શ્લોકવાર્તિક બનાવ્યું છેને? શ્લોકવાર્તિક પુસ્તક બનાવ્યું છે. તત્ત્વાર્થસૂત્રની મોટી ટીકા (લખી છે) એમણે આ શ્લોક બનાવ્યો છે.

'**શ્લોકાર્થ :— ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...**' શું કહે છે? ઈષ્ટ મુક્તિને કહે છે. પહેલાં અહીંથી લેવું છે. ભાઈ! આ જગતમાં ઈષ્ટ તે મુક્તિ છે. છેને? મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યક્જ્ઞાન છેને. અહીં ઈષ્ટ ફળ, ઈષ્ટના ફળની સિદ્ધિ. સમજાય છે? ઈષ્ટનું ફળ, શુદ્ધોપયોગનું ફળ મુક્તિ એ જ ઈષ્ટ છે, બીજું કોઈ ઈષ્ટ નથી. ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે. મુક્તિના ફળની પ્રાપ્તિનો ઉપાય સમ્યક્જ્ઞાન. જુઓ ખુબી! ભગવાન આત્મા

પૂર્ણ આનંદની... મહાઆનંદનો લાભ પહેલાં કહ્યું હતુંને? આમાં જ કહ્યું હતું. મોક્ષનો લાભ નહોતો કહ્યો? મહાઆનંદનો લાભ તે મોક્ષ. ઈ કહ્યું હતું. સમજાણું કાંઈ? જુઓ, મહાઆનંદનો લાભ તે મોક્ષ. ચોથી ગાથામાં કહ્યું હતું. '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહાઆનંદનો લાભ તે મોક્ષ છે.**' વ્યાખ્યા જુદી. પરમ મહાઆનંદ અતીન્દ્રિયનો લાભનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી વસ્તુ નથી. આત્મામાં જે પરમઆનંદ પડ્યો છે, શરીર, વાણી, મન, પૈસા, ધૂળમાં ક્યાંય આનંદ નથી, પુણ્ય-પાપના ભાવમાં આનંદ નથી. મોહનભાઈ! આનંદ આત્મામાં પડ્યો છે. મહાઆનંદ. મહા નામ અતીન્દ્રિય આનંદ, પૂર્ણ આનંદ. એની શક્તિમાં જે આનંદ પડ્યો છે તે પોતાની દશામાં મહાઆનંદ પ્રાપ્ત થવો તેનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ. બરાબર છે ભાઈ? આહા..હા..!

'લાભ સવાયા' તમારા વાણિયા લખે છેને? પૈસાના. વર્ષ બેસે ત્યારે લખે, લાભ સવાયા. ધૂળમાંય નથી લાભ હવે, ન્યાં પાચ લાખ મળે તોય ધૂડ અને દસ લાખ મળે તોય પૂર્વના પુણ્ય બળી જાય તો મળે. પૂર્વના પુણ્ય બળી જાય છે તો મળે છે. એ એને મળતા નથી, એ તો આવે છે તો માને છે કે મને મળ્યા. એ તો રાગ, મમતા એને મળી.

**શ્રોતા :—** ગમે તેમ હો પણ ગાલમાં ચમક આવી જાય છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગમે એમ હોય પણ પૈસા આવતા ચમક આવી જાય છે. હેં.. મલૂકચંદભાઈ!

**શ્રોતા :—** મલૂકચંદભાઈને ક્યાં આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ એના છોકરાને આવ્યા છેને. મારા સાળાના વહુ આવા છે તો એનો પોરો ચડી ગયો. તો આને તો દીકરો સગો છે. ધૂડમાંય નથી, સાંભળને ભાઈ! એ પૈસામાં ચમક ફમક છે નહિ. મૂઢ અજ્ઞાની પોતાની નિજસ્વરૂપલક્ષ્મીને ચૂકીને પર ધૂડ લક્ષ્મીમાં આનંદ છે એમ ભ્રમણાથી માને છે. આનંદ તો પોતાના સ્વરૂપમાં પડ્યો છે. જેને ખોલીને, એકાગ્રતાથી ખોલીને જેની વર્તમાન દશામાં પૂર્ણ આનંદ પ્રગટ થાય તેનું નામ ભગવાન મોક્ષ કહે છે. છેને મહાઆનંદનો લાભ એનું નામ મોક્ષ!

એ મોક્ષ અહીંયા ઈષ્ટ ફળની સિદ્ધિ એનો ઉપાય. એ ઈષ્ટ ફળની સિદ્ધિ એટલે મુક્તિ. મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યક્જ્ઞાન. એમ કેમ કર્યું? જ્ઞાનથી કહ્યુંને, આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો એનું જ્ઞાન થવું તે મુક્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનપ્રધાનથી કથન છે. એકલો જ્ઞાનનો સૂર્ય આત્મા છે. સમજાણું કાંઈ? જ્ઞાન ચૈતન્યસૂર્ય ભગવાન એવું સમ્યક્ ચૈતન્યસ્વરૂપ ચૈતન્યચમત્કાર ચૈતન્યસ્વરૂપ પુણ્ય-પાપના રાગથી રહિત એવું ચૈતન્યનું સમ્યક્જ્ઞાન, મુક્તિનો ઉપાય સમ્યક્જ્ઞાન છે. મુક્તિનો ઉપાય શુભરાગ અને અશુભરાગ છે એમ અહીંયા નથી કહ્યું. ક્યાંથી કહે છે આ બધા? એઈ..! રતનલાલજી! શું કહ્યું? જુઓ, વિદ્યાનંદસ્વામી બ્રાહ્મણ હતા પછી જૈન પરમેશ્વરની વાત સાંભળી અને એમ થયું, ઓહો..હો..! દેવ આ! આ દેવ!

વાત બેસી ગઈ. પછી દેવના લક્ષણ બાંધ્યા અને...

'**ઈષ્ટ ફળની સિદ્ધિ...**' પ્રાપ્તિ એનો ઉપાય. ઈષ્ટ મુક્તિની પ્રાપ્તિ એનો ઉપાય. '**સુબોધ છે...**' જુઓ, સુબોધ છે. સુબોધ શબ્દ પડ્યો છેને? સમ્યક્જ્ઞાન. મોક્ષ પરમાનંદ પોતાનો સ્વભાવ એની પ્રાપ્તિ એનું કારણ સુબોધ છે, સમ્યક્જ્ઞાન છે. હું આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય છું એમાં એકાગ્ર થાઉં તો મને મુક્તિ પ્રાપ્ત થશે. એ મુક્તિનો ઉપાય સમ્યક્જ્ઞાન છે. સુબોધ છે. પહેલેથી ઉપાડ્યું છે.

**શ્રોતા :—** આપે તો ખોલવાની વાત કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકાગ્ર થવું એ ખોલવું. તિજોરીમાં પડ્યું હોય તો ખોલે છે કે નહિ? એમ અંદર પડી છે એમાં એકાગ્રતા કરે તો શક્તિ ખુલી જાય. શું છે? સમજાણું?

ભગવાન આનંદપિંડ ચિદાનંદની સન્મુખ થઈને જેટલી એકાગ્રતા કરે એટલી ખીલી જાય અંદરમાંથી એવી એ વસ્તુ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદકંદ છે. બહારથી ક્યાં માન્યું છે? એ પીપરનો દૃષ્ટાંત આપ્યો હતોને? સાંભળ્યો નહિ? લીંડીપીપર હોય છેને? ભાઈ! આ લીંડીપીપર નથી થાતી? લીંડીપીપર. ચીકણી હોય છેને? એમાં ચોસઠ પહોરી તીખાશ અંદર પડી છેને. ચોંસઠ પહોરી ઘૂંટે છેને? ઘસે છેને, ઘસે છે. ઘસતા ઘસતા ચોસઠ પહોરી તીખાશ આવે છે એ ક્યાંથી આવી? ઘસવાથી આવી? બિલકુલ નહિ. ઘસવાથી આવે તો પથરા અને કોલસા ઘસી નાખે. એમાં છે. બરાબર છે? ભાઈ! સમજાય છે કે નહિ? પીપર આવડી હોં! આવડી પીપર કાળી અને નાની અને ઉપર કરકરી. કરકરીને શું કહે છે? સુંવાળી નથી હોતી. આમ ઝીણા ઝીણા હોય છેને? દાણે દાણે હોય છે. એ દાણા દાણા હોય છે, કાળી હોય છે, નાની હોય છે, પણ અંદરમાં ચોસઠ પહોરી નામ રૂપિયો, ચોસઠ પૈસાનો રૂપિયો હતોને અત્યાર સુધી તો. સૌ પૈસાનો તો હમણા થયો. ચોસઠ પૈસા નામ ચોસઠ પહોર ઘૂંટવાથી ચોંસઠ પહોરી તીખાશ બહાર આવે છે. અમારી કાઠિયાવાડી ભાષામાં ચોસઠ પહોરી તીખાશ (કહે છે). તીખો રસ અંદર પડ્યો છે તો પ્રગટ થાય છે. છે એમાંથી પ્રગટ થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. ન હોય એમાંથી આવતી નથી. ઘૂંટવાથી આવતી હોય તો પથરા અને કોલસા ઘસી નાખે તો ધૂડમાંથી નીકળે? ન્યાં ક્યાં છે. ભાઈ! બરાબર છે? આ ન્યાયથી લોજીકથી તો વાત ચાલે છે.

એમ આત્મામાં, જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે, ભગવાન આત્મામાં એક દાણો, શરીર પ્રમાણે ભિન્ન અરૂપી ભગવાન છે એની અંદર શક્તિમાં રૂપિયે રૂપિયો પૂરા સોળ આના આનંદ અને જ્ઞાન ભર્યા છે. સમજાણું કાંઈ? એ દાણામાં જેમ ચરપરાઈ અને લીલો રંગ (છે). રંગ છેને? બહારથી તો કાળી છે. એ રંગ ક્યાંથી આવ્યો? અંદર છે? હા, અંદર છે તો આવ્યો છે. તીખાશ અંદર ભરી છે તો આવી છે. ભગવાન આત્મા શરીર, કર્મ નહિ, પુણ્ય-પાપના રાગ નહિ એ સિવાય ભગવાનસ્વરૂપમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની

શક્તિ પડી છે. એનો બોધ કરવો, 'હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. હું રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ.' એ રીતે નિજચૈતન્યનો સુબોધ કરવો એ સુબોધ મુક્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સુબોધમાં કિંમત આવે છે. શું? જ્ઞાનમાં કિંમત આવી કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આનંદ છે. એવી કિંમત આવી. જ્ઞાન જાણે છે. કોઈપણ ચીજની કિંમત જ્ઞાન કરે છે કે નહિ? કિંમત કોણ કરે? હીરાની કિંમત કોણ કરે? આ હીરો આવડો છે, પાંચ લાખનો છે, બહુ કિંમતી છે. કિંમત કોણ કરે? જડ કરે? એને તો ભાનેય નથી. તો એવી કિંમત કરનારું જ્ઞાન પરની કિંમત કરે છે એ તો અજ્ઞાન છે, એ તો મૂઢ છે. પોતાની કિંમત કરે ચૈતન્યહીરો, ઓહો..! જેમાં શાંત.. શાંતપણે અંતર્મુખ એકાગ્ર થાય તો શક્તિમાં પડેલી શાંતિ જેટલી એકાગ્રતા કરે તેટલી પ્રગટ થાય, એમ પહેલાં જ્ઞાન થવું જોઈએ. એ જ્ઞાન વિના મુક્તિનો ઉપાય કદી હાથ નહિ આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

આમ બહાર લક્ષ કરે છે તો શું બહારમાં આત્મા છે? બહારમાં તો શરીર ધૂડ અને પુણ્ય-પાપના ભાવ છે બહારમાં તો. એ લક્ષ કરવાવાળો બહારની કિંમત કરે છે તો લક્ષ કરવાવાળો નિજ કિંમત કરે. સમજાણું કાંઈ? હું જ આત્મા આનંદ અતીન્દ્રિય અને જ્ઞાનનો પૂર છું. પૂરનો અર્થ પૂરો, પૂરાનો અર્થ એકરૂપ છું, એકરૂપ અને અખંડ છું. એમ પોતાના જ્ઞાનથી પોતાના દ્રવ્યની કિંમત કરે એનું નામ સુબોધ કહેવાય છે. એ સુબોધ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં કિંમત આવી કે આ આત્મા જ શુદ્ધ પરમાનંદ છે. પછી મુક્તિ એનાથી થાય છે એનો અર્થ શું? કે પોતાની જ કિંમતમાં એ એકાકાર થઈને એકાગ્ર થાય છે, તેનાથી પૂર્ણ મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? સુબોધમાં ઘણું ભરી દીધું છે. પુણ્ય-પાપના વિકલ્પની કિંમત ઊડી ગઈ સમ્યક્જ્ઞાનમાં. નિમિત્તની કિંમત ઊડી ગઈ. શું કહ્યું? આ શરીર ને વાણીની કિંમત ઊડી ગઈ સુબોધમાં. તેનાથી મારી મુક્તિ થાય છે?—ના. શુભાશુભપરિણામથી મુક્તિ થાય છે?—ના. શુભાશુભપરિણામ સમ્યક્જ્ઞાન વસ્તુમાં છે જ નહિ. તો સમ્યક્ ચૈતન્યનો સુબોધ થયો એ જ સુબોધ સમ્યક્જ્ઞાન મુક્તિનો ઉપાય છે. આહા..હા..! કેમ પ્રવીણભાઈ! આ પ્રવીણ થવું જોઈએ પહેલાં એમ કહે છે.

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** આવા સમ્યક્જ્ઞાનમાં સુશાસ્ત્ર નિમિત્ત પડે છે. સુશાસ્ત્ર હોં! ભાષા જુઓ, બીજા અજ્ઞાનીના મિથ્યાશાસ્ત્ર નહિ. સુશાસ્ત્ર, જેમાં સમ્યક્જ્ઞાન બતાવવું છે. વસ્તુ જેવી છે એમ જે વાચક શબ્દો બતાવે, એને બતાવનાર શાસ્ત્રોને સુશાસ્ત્ર કહે છે. ભગવાન આત્મા, અહીં સુબોધ સમ્યક્જ્ઞાન મુક્તિનું કારણ અને એ સુબોધ સુશાસ્ત્રથી થાય છે. એનો અર્થ કે એ શાસ્ત્રમાં એમ કહ્યું હોય કે તારી વસ્તુ પૂર્ણ શુદ્ધ છે, તું તારું જ્ઞાન કર તો તારી શુદ્ધિની વૃદ્ધિ થાય. એમ શાસ્ત્રમાં કહ્યું હોય તે શાસ્ત્રને સુશાસ્ત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અર્થાત્ પોતાના સ્વભાવની શુદ્ધિ મુક્તિ પૂર્ણ એનો ઉપાય સુબોધ. એ

સુબોધ શાસ્ત્રએ કહ્યો. એ શાસ્ત્રએ એમ કહ્યું. તો શાસ્ત્રએ એમ કહ્યુંને? તો એ શાસ્ત્રને સુશાસ્ત્ર (કહે છે). જે શાસ્ત્ર એને આત્માના પરમસ્વભાવની કિંમત કરાવવામાં નિમિત્ત થાય એવા શાસ્ત્રને સુશાસ્ત્ર કહે છે. સમજાણું કાંઈ? જે શાસ્ત્ર રાગ અને વિકલ્પને બતાવીને આત્માને લાભ બતાવે તે સુશાસ્ત્ર નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર સર્વજ્ઞના મુખથી નીકળેલા, એ સર્વજ્ઞના મુખે નીકળ્યા તો એ શાસ્ત્ર જ્ઞાનસ્વરૂપની પૂર્ણતા અને વીતરાગતા પ્રાપ્ત કરી તો જ્ઞાનસ્વરૂપની પૂર્ણતાનું કેવળજ્ઞાન, વીતરાગ પૂર્ણતા એ જે રીતે પ્રગટ થાય જેમાંથી એને બતાવે તેનું નામ શાસ્ત્ર કહેવાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આવો ઉપદેશ મહાભાગ્યે સાંભળવા મળે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા! ઓહો..હો..! એક શ્લોકમાં કેટલું ભરી દીધું છે! ચોપડામાં આમ લખ્યું છે ઈ ચોપડાને ચોપડા કહે છે. ચોપડા કહે છેને? કે જેમાં એની મુડીની, પુંજીની કિંમત બતાવે. અને એ પુંજીની કિંમત કરાવીને પુંજી જે રીતે પ્રગટ થાય એમ બતાવે એનું નામ શાસ્ત્ર કહેવામાં આવ્યા છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો આખા શાસ્ત્રમાં તાત્પર્ય વીતરાગતા બતાવી હોય. તો એ સુશાસ્ત્ર અહીંયા જ્ઞાન કરાવે છે સુબોધ એ વીતરાગી જ્ઞાન છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞના શાસ્ત્ર નિમિત્તથી કથન છે. અહીં કરે છે તો એનાથી થયું એમ કહેવામાં આવ્યું છે. સાથે નિમિત્તનૈમિત્તિકસંબંધ જોડી દીધો છે.

સુશાસ્ત્રથી થાય છે. શાસ્ત્રથી થાય છે એનો અર્થ કે જ્યારે એના ઉપાદાનમાં સમજવાની લાયકાત થઈ તો શાસ્ત્ર કહે છે એમ પોતાથી શુદ્ધ ઉપાદાનમાં સમ્યક્જ્ઞાન પ્રગટ કર્યું તો સુશાસ્ત્રથી થયું એમ નિમિત્તથી કથન કરવામાં આવ્યું. ત્યાં જબલપુરમાં ચર્ચા કરવાવાળા છેને. સમજાણું કાંઈ? જો એકલા શાસ્ત્રથી શબ્દોથી થતું હોય તો શબ્દ તો અનંતવાર સાંભળ્યા. અહીં તો સુબોધ થવામાં નિમિત્ત કોણ છે એ બતાવે છે. સુબોધ થયો તો પોતાથી. શાસ્ત્રએ એમ કહ્યું કે તારી વસ્તુ તારી પાસે છે એની ઉપર તું નજર કર. એમ નજર કરવામાં નિમિત્ત કોણ પડ્યું? કે સુશાસ્ત્ર. સમજાણું કાંઈ? અહીંયા નિમિત્ત સંબંધ બતાવવો છેને.

જૈનદર્શનની અનેકાંત શૈલી એવી પ્રગટ કરી છે. એક બાજુ એમ કહે કે શાસ્ત્રમાં બુદ્ધિ ફરે તો એને વ્યભિચારી કહેવી. પદ્મનંદી પંચવિંશતીમાં એમ કહ્યું કે પોતાની બુદ્ધિ છે તે પોતાને છોડીને પરશાસ્ત્રમાં વિકલ્પ જાય તો વિકલ્પ ઉઠે છે તે રાગ છે. પરદ્રવ્યનું લક્ષ કરે છે એમાં વિકાર થયો, તે અપેક્ષાથી કહ્યું. અહીંયા શાસ્ત્ર છે તો પરદ્રવ્ય, પણ એમાં કહેલો ભાવ જેને સમજાયો તો એને કહેવામાં આવ્યું કે શાસ્ત્રથી એને (સુબોધ) થયો એમ વ્યવહારથી કહેવાય છે. આહા..હા..! બોલવામાં કેમ આવે? નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવવો છે. નિમિત્ત તો સુશાસ્ત્ર છે એટલું કહેવું છે. સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્ત હોય તો સુશાસ્ત્ર એક જ હોય છે એમ બતાવવું છે. નિયમ. મિથ્યાશાસ્ત્ર સર્વજ્ઞ સિવાયના કલ્પિત શાસ્ત્રોથી સમ્યક્જ્ઞાન થાય એમ કદી બનતું નથી. કેમકે મિથ્યાશાસ્ત્રમાં જ્ઞાનનું સ્વરૂપ ચૈતન્ય શું છે? એની ઉત્પત્તિ

કઈ રીતે થાય? એ મિથ્યાશાસ્ત્ર કહેનારાએ પણ જાણ્યું નથી તો એ શાસ્ત્રમાં એવી વાત આવતી નથી. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભગવાને જોયા એમના મુખથી શાસ્ત્ર નીકળ્યા. ઈ કહે છે, જુઓ,

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** ઉત્પન્ન થાય છે એની વાત છેને અહીંયા? આમ તો અનંતવાર સાંભળ્યું. ભગવાનની દિવ્યધ્વનિ પણ અનંતવાર સાંભળી. ઉત્પન્ન થયું નહિ ત્યાં નિમિત્ત કોને કહેવું? સમજાણું કાંઈ? સુબોધ, ભગવાન આમ કહે છે. એમનો અભિપ્રાય છે કે તારું ચૈતન્ય પૂર્ણ શાંતિથી ભરેલું છે. તારે પરસન્મુખ જોવાની બિલકુલ (જરૂર નથી). તારી શાંતિ માટે, તારા ધર્મ માટે પરસન્મુખ જોવાની જરૂર નથી. તારા સ્વસન્મુખ જો, એમ ભગવાનની વાણીમાં આવ્યું. કેમકે સર્વજ્ઞે એમ જોયું છે કે ઈ સ્વસન્મુખ થશે ત્યારે એને શાંતિ થશે, સમ્યક્ થશે. એમ ભગવાને જોયું છે તો વાણીમાં એમ આવ્યું. એ વાણી એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવવો છેને.

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** પરંપરા લેવી છેને. આવા સુશાસ્ત્રનું નિમિત્ત કોણ? સર્વજ્ઞ પરમેશ્વર આપ્ત. હિતોપદેશક સર્વજ્ઞ પરમેશ્વર. એમનું નિમિત્ત વાણીમાં છે. વાણી તો વાણીની ક્રિયા છે. એ વાણીની ક્રિયાના કર્તા ભગવાન નથી. જડની પર્યાય છે દિવ્યધ્વનિ પણ. આહા..હા..! પણ અહીંયા તો નિમિત્તનૈમિત્તિક સંબંધની સંધિ જોડવી છે. ઈષ્ટની મુક્તિની પ્રાપ્તિ સુબોધ(થી થાય છે), સુબોધ થવામાં સુશાસ્ત્ર નિમિત્ત છે. સુશાસ્ત્રમાં નિમિત્ત અરિહંત સર્વજ્ઞ પરમાત્મા. એમના મુખ સિવાય આવી દિવ્યધ્વનિ અજ્ઞાનીને કદી નીકળતી નથી. સમજાણું કાંઈ?

**'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** આપ્ત. આપ્ત એટલે હિતને માટે માનવાલાયક એને આપ્ત કહે છે. હિતને માટે માનવાલાયકને આપ્ત કહે છે. પોતાના હિત માટે પરમેશ્વર માનવાલાયક છે. સમજાણું કાંઈ? **'માટે તેમના પ્રસાદને લીધે...'** જુઓ ભાષા! અહો..! સર્વજ્ઞ પરમેશ્વર જેમના જ્ઞાનથી એમ જાણવામાં આવ્યું કે આ પ્રાણી આ સમયે મુક્તિ પ્રાપ્ત કરવાને લાયક છે, આ સમયે આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાને લાયક છે એમ જ્ઞાનમાં આવ્યું હતું અને વાણી નીકળી તો કહે છે કે ભગવાનનો અમને પ્રસાદ છે, અમારી મુક્તિમાં ભગવાનની મહેરબાની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમયસાર. સમયસારની પાંચમી ગાથા છેને? જુઓ, પાંચમી ગાથામાં શું કહે છે? જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે. શું કહે છે? એમાં પ્રસાદ શબ્દ આવ્યો છે. પાંચમી ગાથા છેને? કુંદકુંદાચાર્ય કહે છે કે મારા વૈભવથી હું સમયસાર કહીશ. મારા આત્માનો વૈભવ જે જ્ઞાન, દર્શન, આનંદની પ્રાપ્તિ થઈ એનાથી હું સમયસાર કહીશ. એ વૈભવની ઉત્પત્તિમાં નિમિત્ત કોણ હતું એ પાંચમી ગાથામાં કહ્યું. વિજ્ઞાનઘન આત્મામાં જે અંતર્નિમગ્ન છે સર્વજ્ઞપ્રભુ. સર્વજ્ઞ પરમેશ્વર પોતાના

વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન હતા. એક. પછી ગણધર વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. પછી અમારા ગુરુપર્યંત.. ઓહો..હો..! એ પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. ભાઈ! એમ કહ્યું. શુભરાગ હતો એમ નથી કહ્યું અહીંયા. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! વિજ્ઞાનઘન પોતાનો આત્મા (કહ્યું) તો આત્મા એકની વ્યાખ્યા કરી કે નિર્મળ વિજ્ઞાનઘન તે આત્મા. એ તો વ્યાખ્યા એટલી. આત્મા કોને કહે છે? નિર્મળ વિજ્ઞાનઘન.

જેમ ઠંડીમાં ઘી જામી જાય, ઘી, ઘી. ઘી હોય છેને? દળ જામી જાય. એમાં આંગળીનો તો પ્રવેશ ન થાય પણ લોઢાનું હથિયાર, અમારી ભાષામાં તાવેથો કહે છે, તમારે શું કહે છે? ખુરપી. અમારે કાઠિયાવાડી ભાષામાં તાવેથો કહે છે. લોઢાનો લાંબો હોય છેને. આંગળી તો પ્રવેશ કરે નહિ પણ તાવેથો ગરી ન શકે. પોષ મહિનાની ઠંડીમાં ભેંસનું ઘી જામી જાય છે. એવું જામી જાય, દળ થઈ જાય કે આંગળી પ્રવેશ કરી ન શકે.

એમ ભગવાન આત્મા શીતળ અકષાયસ્વભાવથી (ભરેલો) વિજ્ઞાનઘન પિંડરૂપ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા. આત્માની વ્યાખ્યા જ આ. આત્મા અર્થાત્ નિર્મળ વિજ્ઞાનઘન નિવડ નક્કોર, જેમાં એક વિકલ્પનો રાગનો પણ પ્રવેશ નહિ. એવો ભગવાન નિર્મળ વિજ્ઞાનઘન આત્મા. એમાં અંતર્નિમગ્ન. ઈ પર્યાય થઈ, પેલો આત્મા થયો. શું કહ્યું સમજાણું? આ તો અધ્યાત્મની વાત છે તો અલૌકિક વાત છે! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના ઘરની વાત છે, ભાઈ!

કહે છે કે પ્રભુ! એ સર્વજ્ઞ કેવા હતા? અને એમની પરંપરામાં ગણધરદેવ અને પરંપરામાં કુંદકુંદાચાર્ય કહે છે અમારા ગુરુ કેવા હતા? એનો ખ્યાલ કરે છે. પરનો ખ્યાલ ન આવે એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ વિજ્ઞાનઘન વસ્તુસ્વરૂપ એમાં અંતર્નિમગ્ન. સર્વજ્ઞ અંતર્નિમગ્ન લીન થયા અને પરંપરાએ અપરગુરુ. પરમગુરુ સર્વજ્ઞદેવ, અપરગુરુ ગણધરથી માંડી અમારા ગુરુપર્યંત. કુંદકુંદાચાર્ય કહે છે કે અમારા ગુરુ એ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન આત્મામાં હતા. લ્યો, આ ગુરુની વ્યાખ્યા. એ ક્રિયા કરતાં હતા, અઠ્યાવીસ (મૂળગુણ) પાળતા હતા એમ ન કહ્યું, ભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! ઈ એવા હતા, એમનાથી પ્રસાદરૂપ અપાયેલ. અહીં તો મારે પ્રસાદ લેવું છે. એની મહેરબાની થઈ. આત્મા આત્મા એમની પ્રસાદી ભગવાનની. જુઓ, સર્વજ્ઞની અને પોતાના ગુરુની, બધાની પ્રસાદી. સર્વજ્ઞથી વર્તમાન સુધી અમારા ગુરુ જે વિજ્ઞાનઘન નિર્મળ આત્મામાં લીન હતા, લીન હતા. આહા..હા..!

**શ્રોતા :—** આ કાળના હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ કાળના એના ગુરુની વાત કરે છે. કુંદકુંદાચાર્ય ભગવાન પછી છસ્સો વર્ષે થયા. સંવત ૪૯. ત્યાં સુધી તો કહે છે કે અમારા ગુરુ આવા હતા. સર્વજ્ઞ આવા હતા, અમારા ગુરુ પણ એવા હતા. થોડો ફેર છે એને અહીંયા ગણવામાં આવ્યો

નથી. અહીં તો બીજું કહેવું છે, આવા પરમાત્મા અને અમારા ગુરુની તો ઓળખાણ કરી, તેમના દ્વારા પ્રસાદરૂપે અપાયેલ. એમની પ્રસાદી મને મળી. આહા..હા..!

**શ્રોતા :—** મહેરબાનીની વ્યાખ્યા જરા સ્પષ્ટ કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મહેરબાનીનો અર્થ એ છે કે પોતાની પાત્રતાને પરની પ્રસાદી કહેવામાં આવી છે. એવી વાત છે, ભાઈ! આ તો ગુલાંટ ખાય છે વાત. છેને? શું કહ્યું? અમે સર્વજ્ઞ અને અમારા ગુરુની મહેરબાનીની પ્રાપ્ત કરવા માટે અમે લાયક હતા. અમે લાયક હતા એમ ન કહેતા, પ્રસાદથી અમને (મળ્યું છે), એમ ગુલાંટ ખાઈને વાત કરી છે. આહા..હા..! સંતો નિર્માનપણે કેવી કથનપદ્ધતિ (કરે છે)! આવી પદ્ધતિ છે. આહા..હા..! એ સમયમાં અમારી પાત્રતા એવી હતી કે આવી વાણી ભગવાનના મુખમાંથી, અમારા ગુરુના મુખમાંથી આવી. શું? કે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ. અમારા ગુરુએ અમને શુદ્ધાત્મતત્ત્વનો કૃપા કરીને ઉપદેશ આપ્યો. બાહ્ય જ્ઞાન તમને ન આપ્યું? બધામાં અમને તો આ આપ્યું, બસ. ભગવાન! આત્મા, અમારા ગુરુએ અમને આમ સંભળાવ્યું. સર્વજ્ઞ પરમેશ્વરથી પરંપરા ધારાવાહી ચાલી. તો એ સર્વેએ એક શબ્દ અમને આપ્યો. આહા..હા..! જુઓ તો ખરા! સમજાણું કાંઈ? આહા..હા..! આ તે કંઈ ટીકા! કહે છે, અમારા...

**શ્રોતા :—** ... ગુજરાતીમાં વ્યાખ્યાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં તો ... અમારે ગુજરાતી તો ભાઈએ કર્યું છે, હિંમતભાઈએ. સહેલો-સહેલો શબ્દાર્થ (કર્યો). કહો, સમજાણું કાંઈ? આહા..હા...!

કુંદકુંદાચાર્યદેવ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલતા હતા. કહે છે કે શાસ્ત્ર લખતી વખતે.. ઓહો..! ક્યાંથી આસ્થા ઉપાડી છે. સર્વજ્ઞદેવથી કે અમારા ગુરુપર્યંત એ બધા નિર્મળ વિજ્ઞાનઘન થયા. એક આત્મા બતાવ્યો અને એમાં તેઓ લીન હતા. એનું નામ અમારા પરમેશ્વર અને અમારા ગુરુ. અને એ ગુરુ અને અમારા ભગવાને શું કર્યું? મારી ઉપર કૃપા કરીને, મારી પાત્રતા એવી હતી કે એ જ ઉપદેશને લાયક હું હતો. સમજાણું કાંઈ? બાકી આવો ઉપદેશ તો અનંતવાર સાંભળ્યો હતો. નહિ, એ નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાનના મુખથી દિવ્યધ્વનિમાં અનંતવાર સાંભળ્યું હતું. નહિ, એ નહિ. અમે અહીંયા અંતર શુદ્ધ સ્વભાવ આત્માનો સમજવાની લાયકાત યોગ્યતા હતી, તે જ સમયે ભગવાન ગુરુએ અને સર્વજ્ઞથી આવેલો, શુદ્ધાત્મતત્ત્વના પ્રસાદથી અનુગ્રહપૂર્વક ઉપેદશથી જેનો જન્મ થયો છે. અમારા આત્માની શાંતિ, જ્ઞાન, શ્રદ્ધા ધર્મ એનાથી ઉત્પન્ન થયો છે. જુઓ, એનાથી ઉત્પન્ન થયો એમ નિમિત્તથી કહ્યું. અમારા અંતરની ઉત્પત્તિમાં એ નિમિત્ત હતા. બીજું કોઈ નિમિત્ત નહોતું. સમજાણું કાંઈ? સમયસાર એટલે ચૌદ પૂર્વનો સાર. આ ભરતક્ષેત્રના ભગવાન. વાચકપણે, ભગવાન વાચ્ય પૂરા. એવી સમયસારની શૈલી.. ઓહો..! કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ પાસે ગયા હતા એ તો ઠીક પણ લાવ્યા કેટલું અને પરિણમ્યા કેટલું! ધોધ છૂટ્યો. અમારા ભગવાને એટલું કહ્યું અમને.

ઓહો..! આ બધા નવ તત્ત્વ, જીવ, અજીવ, છ દ્રવ્ય ને.. પણ એ બધાનો સાર આ છે. સમજાણું કાંઈ? શશીભાઈ! ફળી ત્યારે જ મહેરબાની કહેવાણી! સમજાણું કાંઈ? આહા..હા..!

શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક પ્રસાદરૂપે, પ્રસાદીરૂપે અમને શું આપ્યો? શુદ્ધાત્મતત્ત્વનો (ઉપદેશ) અનુગ્રહ, અનુગ્રહ, અમને અનુસરીને કૃપાપૂર્વક મહેરબાની કરીને આપ્યો. આહા..હા..! ભાઈ! આત્મા છેને. ભગવાન છેને. બસ. બસ એમ આપ્યું, એવું લઈ લીધું. આ ઉપદેશ આપ્યો. આ સાંભળે એને શ્રોતાને શ્રદ્ધાનું મુખ્ય તત્ત્વ આ છે. બાકી બધી વાતું ઘણી હોય સમજવાની સ્પષ્ટતા માટે. પણ આ બધું કરવા માટે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો બીજા દેશમાં બેસવું હોય એની વાત છે. જાણે બીજા દેશમાં છીએ, અહીં નહિ. આહા..હા..! એના ... અમને ઉત્પન્ન થયેલો છે અમારો ...

શ્રીમદ્દે કહ્યું છેને એક ઠેકાણે, 'હમ પરદેશી પંખી સાધુ, આરે દેશકે નાહી રે, હમ પરદેશી પંખી સાધુ, હમ પરદેશી પંખી સાધુ, આરે દેશકે નાહી રે...' આ દેશના અમે નથી, હોં! સમજાય છે કાંઈ? આ દેશના નહિ. અમે તો સ્વરૂપદેશના છીએ. ત્યાં જઈને પૂર્ણ કરવા માંગીએ છીએ, કહે છે. આહા..! સમજાણું કાંઈ? આ તો ભારે સમયસાર! અલૌકિક વાત છે! એઈ..! દેવાનુપ્રિયા! આહા..હા..!

'**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે...**' અને તેના પ્રસાદને લીધે. પ્રસાદના કારણની વ્યાખ્યા કેવી કરી? કે મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી. પાઠ તો આટલો છે, '**તેમના પ્રસાદને લીધે...**' પણ એનો અર્થ કર્યો કે મુક્તિ સર્વજ્ઞદેવની કૃપા કૃપા થઈ. આહા..હા..! પોતાની કૃપા થઈ અને સર્વજ્ઞની વાણી નિમિત્ત થઈ તો એમની કૃપા થઈ એમ કહી દીધું. સમજાણું કાંઈ? ક્યાં ગયા ભાઈ? હુકમચંદજી. બેઠા છે? આહા..! કહે છે, સર્વજ્ઞ મુક્તિ... સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથના પ્રસાદથી, પ્રસાદથી મહેરબાનીનું (ફળ છે). આહા..હા..! જ્યાં પોતાના સર્વજ્ઞ સ્વભાવનો ઉલ્લાસિત વીર્ય દ્વારા નિશ્ચય થયો તો ભગવાનની કૃપા (થઈ). ભગવાનની કૃપા ... એમના જ્ઞાનમાં એમ હતું... અમારી ઉપર ભગવાનની કૃપા છે. સમજાણું કાંઈ? એ પોતાના આહ્‌લાદની પ્રસિદ્ધિ કરે છે. સમજાય છે?

'**આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...**' માટે એવા આપ્તપુરુષો સર્વજ્ઞદેવ તત્ત્વજ્ઞાનીઓ દ્વારા પૂજવાયોગ્ય છે. અજ્ઞાનીઓ એની કિંમત નહિ કરી શકે એમ કહે છે. બુધજનો વડે જ પૂજવાયોગ્ય છે. એવા આપ્ત ભગવાન, મુક્તિ ફળની કૃપાને આપનારા એ ભગવાન છે, એમ નિમિત્તથી કથન (કર્યું છે). પોતાના ઉપાદાનથી જાગ્યો છેને! અમારી મુક્તિના દેનાર એ છે એમ કરીને આરોપ કરીને ભક્તિનો ઉલ્લાસ બતાવ્યો છે. '**કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.**' કર્યા ઉપકારને સાધુ ભૂલતા નથી. આહા..હા..! ઉપકાર પોતાને પોતાથી થયો, ઉપકાર કર્યો એને સજ્જન પુરુષો ભૂલતા નથી. વંદન અને આદર કરે છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ-૧૫, સોમવાર, તા. ૭-૦૩-૧૯૬૬,**
**ગાથા-૬, શ્લોક-૧૩, પ્રવચન નં. ૧૩**

શું ચાલે છે? જુઓ, આ તેરમો શ્લોક આવ્યો છે. પાનું-૧૬. શ્લોક-૧૩. શું અધિકાર છે આ? કે આ આત્મા નિયમસાર.. આ નિયમસાર છે, નિયમસાર. નિયમ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. નિયમ એટલે આત્મા પવિત્ર શુદ્ધ સ્વરૂપ એનું અંતરમાં નિશ્ચય સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શન એ નિયમ, આત્માના સ્વભાવનું જ્ઞાન એ સમ્યક્‌જ્ઞાન એ નિયમ અને સ્વરૂપમાં લીનતાની રમણતા એ ચારિત્રરૂપ નિયમ. સમજાય છે? આ આત્મા... ઈ કહેશે. હમણા કહેવું હતું. સાર છેને ઓલો? સાર બાકી રહ્યો છેને.

નિયમસાર એટલે કે નિશ્ચયમોક્ષમાર્ગ એટલે કે આ આત્મા પુણ્ય-પાપના ભેદ વિકલ્પ રહિત, શરીર, કર્મરહિત અને આ ગુણી અને આ ગુણ છે એવા ભેદથી પણ રહિત એકલો ચૈતન્ય સત્ત્વ સ્વભાવ પરમાનંદ અનાકુળ એકસ્વરૂપ એની એકાકાર દૃષ્ટિ કરીને, એક સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને જે સમ્યક્ પ્રતીતિ થાય તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. જે સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ, લૌકિક નહિ, રાગ ને વિકારનું પણ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન પરમજ્ઞાનની મૂર્તિ ચૈતન્ય એનું જ્ઞાન સન્મુખનું એ જ્ઞાન તે નિયમ છે. સમ્યગ્દર્શન તે નિયમ છે, જ્ઞાન તે નિયમ છે અને તેમાં લીનતા તે નિયમ છે. અને સાર એટલે કે વ્યવહાર ને ભેદરહિત બતાવવા સાર શબ્દને કહેવામાં આવ્યો છે. સમજાણું આમાં? ચીમનભાઈ! એ.. કાંતિભાઈ! આ બધી તમારે તૈયારી કરવી પડશે કે નહિ? ભગવાન! જુઓને, વીરચંદભાઈ તો બહુ કહેતા હતા, અભેદ.. અભેદ.. અભેદ. ખબર છે કે નહિ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં એ પૂર્ણ એકરૂપ સ્વરૂપ એમાં 'આ આત્મા અને આ એના જ્ઞાન, દર્શન ગુણ' એવો સત્‌ના સત્ત્વનો ભેદ પણ નહિ. સત્ વસ્તુ જે ભગવાન આત્મા એનું સત્ત્વ એટલે અનંતગુણ. એવો ગુણ અને ગુણીનો પણ ભેદ નહિ. અભેદસ્વભાવની દૃષ્ટિ, અભેદસ્વભાવનું જ્ઞાન, અભેદસ્વભાવમાં રમણતા, લીનતા, ચરવું એ એક જ નિયમ નામ મોક્ષનો માર્ગ છે. અને સાર નિયમસાર, એ સાર કેમ કહ્યો? કે એ ગુણ ગુણીનો ભેદ કે પર્યાય અને દ્રવ્યનો ભેદ એ ભેદને ટાળવા સાર કહ્યો છે. અને પુણ્યના વિકલ્પ વ્યવહારરત્નત્રયનો રાગ એ સાર નથી. એના રહિત આત્માને બતાવવા નિયમસાર કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

એ નિયમસાર ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થતાં પ્રગટ થાય તેને સર્વજ્ઞદેવ પરમાત્મા ભગવાનની વાણીરૂપ આગમ, ભગવાને કહેલા તત્ત્વો એને વ્યવહારરૂપ શ્રદ્ધામાં વર્તતા હોય

છે. સમજાય છે કે નહિ? એઈ..! આ સમજાય છે કે નહિ આ બધું? ત્યાંની કાંઈ વાત નથી હવે. સમજાણું આમાં? બે, ત્રણ વાર તો કીધું. એ.. ...ભાઈ! આ વસ્તુ છેને વસ્તુ, ભગવાન આત્મા પૂર્ણ કંદ વસ્તુ પદાર્થ, આખો પદાર્થ, એકરૂપ પદાર્થ જેમાં વિકલ્પ રાગાદિ નહિ, પણ આ અંશ છે અને આ અંશી છે, આ આખી ચીજ છે અને અંશતા તેનો ભેદ છે અથવા ગુણ એનો પ્રકાર એક છે એવો પણ જેમાં લક્ષ નહિ. એક અભેદ ઉપર દૃષ્ટિ થવી એવા દર્શનને સમ્યગ્દર્શન નિયમ કહેવામાં આવે છે, એવા અભેદ સ્વભાવનું જ્ઞાન થવું તેને સમ્યક્જ્ઞાન નિયમ કહેવામાં આવે છે અને એ અભેદ ચૈતન્યમાં લીનતા, લીનતા, રમણતા, આનંદની ઉગ્રતાનું વેદન એને ચારિત્ર નામ મોક્ષનો માર્ગ નિયમ કહેવામાં આવે છે.

એને સાર શબ્દ કેમ કહ્યો? નિયમસાર. સાર, એ અભેદમાંથી ભેદરહિત બતાવવા સાર કહ્યો છે અને વ્યવહાર વિકલ્પ જે વિપરીત છે, શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એનાથી વિપરીત જે રાગાદિ છે, વ્યવહાર જેને કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે. એ રાગરહિત નિયમ બતાવવા તેને નિયમસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાત ભારે! કહો, સમજાય છે કે નહિ? ...ભાઈ! ન્યાં ક્યાં.. કચ્છમાં આવું કાંઈ હોય નહિ. સાંભળવા મળે નહિ, સમાગમ ન મળે, ન્યાં કાંઈ છે? આહા..હા..!

કહે છે, પ્રભુ! તારા હિતની વાત છે. શું? તારા હિતની વાત છે. તો જગત હિતની વાત સાંભળવા બહુ તૈયાર હોય. મોહનભાઈ! આ હિત છે. ધૂડમાંય હિત ક્યાંય નથી બહારમાં. હિત અને એનાથી પરમહિત પ્રગટે પરમમોક્ષ. માર્ગ અને માર્ગનું ફળ, બેની વ્યાખ્યા છે આમાં, બસ! હિત એનો મોક્ષનો માર્ગ અને પરમહિત એનું ફળ મોક્ષ. કહે છે, ભાઈ! તારું હિત આવા નિશ્ચયમોક્ષમાર્ગ જે સ્વવસ્તુના આશ્રયે અભેદના લક્ષે જે દર્શન, જ્ઞાન, સ્થિરતા પ્રગટે તેને નિયમ કહીએ છીએ અને ભેદ ને વિકાર, વ્યવહારનો અભાવ બતાવવા તેને સાર કહેવામાં આવે છે. એવો નિયમસાર પ્રગટ હોવા છતાં એને કાઢી નાખ્યો હતો એમાંથી એવો પણ ભાવ ત્યાં વ્યવહારે કેવો આવે એની વાત અહીંયા કરવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાણું? જેને કાઢી નાખ્યું હતું નિયમસારમાં ભેદ ન હોય, વ્યવહાર ન હોય, એમાં ન હોય. સમજાણું કાંઈ? ..ભાઈ!

ભગવાન! 'न खलु न खलु यस्मात् अन्यथा साध्यसिद्धि' આવે છે કે નહિ? વીરજીભાઈ બહુ બોલતા ઈ. ખબર છે? એક જ ભગવાન. એ શબ્દો એના ખાસ કેટલાક. ઈ છે, એના શબ્દો. (સંવત) ૭૧ની સાલનો પરિચય અને એકાવન વર્ષ થયા. ૭૧માં રાજકોટમાં ચૈત્ર મહિને પહેલાં અમે આવ્યા હતા ત્યારે ઈ આવ્યા હતા ત્યાં. વારિયા તારાચંદભાઈ ને ઈ બેય. ૭૧માં. ૭૧નો ચૈત્ર મહિનો. સમજાણું કાંઈ? આ આત્મા વસ્તુ તરીકે.. રાગ વિકલ્પ હો, એ છે જાણવાલાયક છે, આદરવાલાયક નથી. નિમિત્ત છે, આદરવાલાયક નથી. આદરવાલાયક તો ધર્મીને અંતર સ્વભાવસન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ ત્રણે પ્રગટ

કરવાલાયક છે, એ જ આદરવાલાયક છે, એ જ હિત છે અને એ જ નિયમસાર છે.

હવે, એ નિયમસાર દશા પ્રગટ થયા છતાં એને વર્તમાનમાં પૂર્ણ વીતરાગપણે નથી એથી એને દેવ-ગુરુ અને શાસ્ત્ર ને દેવ ને એમની વાણી અને ભગવાને કહેલા તત્ત્વો એનો શ્રદ્ધાનો ભાવ શુભરૂપે હોય છે. આ એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું? કાંતિભાઈ! ભારે વાત! આ તો બાળગોપાળ બધાને પકડાય એવી અને થાય એવી વાત છે. બાળ હોય તો બિચારા ખાઈ શકે નહિ, વેપાર કરી શકે નહિ, દુકાને બેસી શકે નહિ. પણ આ તો કરી શકે. શરીરનો બાળક, શરીરનો બાળક છેને? ... વેપારમાં દુકાને સીધું બેસવું, ચોપડા વાંચવા... આ કરી શકે. બરાબર હશે? વૃદ્ધ માણસ હોય, શરીર જીર્ણ થઈ ગયું ને આમ થઈ ગયું. એ બધું દુકાને બેસવું અને ધંધો કરવો એવું ન કરી શકે (પણ) આ કરી શકે. કારણ કે એ તો પરવસ્તુ છે અને સ્વવસ્તુ સ્વાધીન અખંડ પડી છે એના ઉપર દૃષ્ટિ અને ધ્યેય કરીને લીનતા કરી શકાય છે, એને અહીંયા નિયમસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે એવી દશામાં એને સર્વજ્ઞ પરમાત્મા આપ્ત વીતરાગ અને એમના સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો અને સર્વજ્ઞના મુખથી નીકળેલા તત્ત્વો એની શ્રદ્ધા થાય તેને વ્યવહારશ્રદ્ધા કહે છે. કે જે નિયમસારમાંથી કાઢી નાખ્યું. એ નિયમસારમાં નથી. નિયમસારમાં એ નથી પણ નિયમસારની ભૂમિકાના કાળમાં આવો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય છે, તે આવો જ હોય છે એમ બતાવવા વ્યવહારશ્રદ્ધાની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, પેલી વાત પણ કેવી કરી છે! પહેલી નિશ્ચય કરી અને પછી વ્યવહાર કરી. નિશ્ચય હોય તો ઓલાને વ્યવહાર કહેવાય. શાસ્ત્રની રચના કેટલી અલૌકિક છે! આહા..હા..! સમજાય છે કાંઈ? હવે અહીંયા જરી એક શબ્દ થોડો રહી ગયો હતો. ક્યો? છેલ્લો શબ્દ ઉતાવળથી થઈ ગયો. ક્યો? પહેલોં ઓલો શ્લોક છેને? જુઓ, ફરીને થોડો લઈએ. એ શ્લોક ઉપરનો જ ફરીને લઈએ. વિદ્યાનંદસ્વામીએ શ્લોક દ્વારા કહ્યું ઈ લ્યો. છેને?

આ ભગવાનની શ્રદ્ધા અને ભક્તિ કેમ હોય? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ છે પરદ્રવ્ય, સ્વદ્રવ્યને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થઈ હોય એને પરદ્રવ્ય એવા વીતરાગ પરમેશ્વરની શ્રદ્ધાનો રાગ પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ ન થાય ત્યાં સુધી એને પરમાત્માની શ્રદ્ધાની ભક્તિ હોય છે. એ ભક્તિને શુભરાગ અને શુભોપયોગ કહે છે. હવે કહે છે કે ભક્તિ કેમ હોય છે?

‘**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે,...**’ સમજાણું કાંઈ? આત્માને પ્રિયકારી ફળની સિદ્ધિ એનો ઉપાય. પ્રિયકારી ફળ એ તો મુક્તિ છે. છે કે નહિ એમાં? આ ગુજરાતી છે, ગુજરાતીમાં છેને? સોળમે પાને પહેલું. ‘**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે,...**’ અર્થાત્ ઈષ્ટ ફળની સિદ્ધિ એટલે મુક્તિની પ્રાપ્તિ એટલે કે પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મુક્તિ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મહાઆનંદનો લાભ તેને મુક્તિ કહે છે. હા, માંગે એવું મળે ઈ. પૂર્ણ

આનંદ માંગે એવો મળે. આ ધર્મીની વાત છેને, અહીં ક્યાં અજ્ઞાની માંગે છે. અજ્ઞાની શું માંગે? ઇષ્ટ ફળ ધર્મીને મુક્તિ છે. આહા..હા..! ધર્મીને આનંદની પ્રાપ્તિ તે એનું ઇષ્ટ છે. દુઃખ ઇષ્ટ હોય? સમજાય છે કાંઈ? દુઃખ પ્રિય હોય કોઈને? સુખ પ્રિય છે. સુખ પ્રિય (હોય) તો પૂર્ણ સુખ તો મોક્ષમાં છે. એટલે પૂર્ણ આનંદનો લાભ મહાઆનંદનો લાભ એને મુક્તિ કહે છે. પહેલાં આવી ગયું છે. સમજાણું? એનું જ્ઞાન, એ સિદ્ધિનો ઉપાય તે સમ્યક્જ્ઞાન છે. સમ્યક્જ્ઞાન વિના મુક્તિ પ્રાપ્ત થતી નથી. કહો, બરાબર છે? સવારે આવ્યું હતું ઈ. સવારે આવ્યું હતુંને? આમાં વિદ્યાનંદસ્વામીનો (શ્લોક છે).

'**સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...**' એવું સમ્યક્જ્ઞાન જે મુક્તિનું કારણ પરમ આનંદરૂપી મોક્ષ એટલે આત્માની પૂર્ણ શુદ્ધ નિર્મળદશા એનું કારણ સમ્યક્જ્ઞાન. સમ્યક્જ્ઞાન વિના પૂર્ણ મુક્તિનો ઉપાય કોઈ દિ' સૂઝે નહિ. ઉપાય સૂઝે નહિ તો ફળ આવે નહિ. સમજાણું કાંઈ? એ સુબોધ સુશાસ્ત્રથી થાય. નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવે છે. જ્યાં સમ્યક્જ્ઞાન થાય ત્યાં એને સુશાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે, કુશાસ્ત્ર ન હોય. સર્વજ્ઞ પરમાત્મા સિવાય વીતરાગ કેવળજ્ઞાની પરમેશ્વરના કહેલા શાસ્ત્ર છે, એ સિવાય શાસ્ત્ર સમ્યક્જ્ઞાનમાં નિમિત્ત તરીકે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે સુશાસ્ત્ર છે એનાથી અહીં જ્ઞાન થયું, પણ સુબોધ જ્યારે થાય ત્યારે તેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવે છે. સમજાણું કાંઈ? એમાં એક શબ્દ છે બહુ સારો. નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ ફક્ત બતાવે છે, એ પરાધીનતા બતાવતું નથી. એવો શબ્દ છે, શબ્દ પડ્યો છે ક્યાંક. ભૂલાઈ ગયું છે. નિમિત્તનૈમિત્તિકસંબંધ... સમજ્યાને? એની સાથે એક શબ્દ પડ્યો છે. ખાસ કરીને એક શબ્દ કાંઈક છે અંદર નિમિત્ત નૈમિત્તિકનો. એક શબ્દ પડ્યો છે.

વસ્તુસ્થિતિ આ છે કે વસ્તુ સ્વતંત્ર છે. એમાં પરિણમન સ્વયં જ થાય છે. જુઓ, આ તમારી હિન્દી છે. આ મોટો એક લેખ આવ્યો છે જૈન સંદેશમાં. નિમિત્ત ઉપસ્થિત રહે છે. નિમિત્ત ઉપસ્થિત હોય છે, નિમિત્તની હયાતી છે. અહીંથી જુઓ, '**સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...**' સુબોધમાં નિમિત્ત સુશાસ્ત્ર મોજૂદ છે, પરંતુ એનાથી વસ્તુમાં કોઈ પ્રતિક્રિયા નથી થતી. કર્તા નથી. એ નિમિત્ત આત્માના સમ્યક્જ્ઞાનને ઊપજાવે એવું નથી. સમજાણું કાંઈ? મારે તો અહીં આ એક શબ્દ લેવો છે. ખાલી નિમિત્તનૈમિત્તિકસંબંધ પરસ્પર રહે છે. ખાલી. ખાલી નિમિત્તનૈમિત્તિકસંબંધ પરસ્પર રહે છે. ખાલી શબ્દ વાપર્યો છેને એટલે એમાં બીજું કાંઈ નથી. લખાણ ઠીક લખ્યું છે. એણે બિચારાએ લખ્યું છે હોં! મેં આ લખ્યું છે, વિદ્વાનો પ્રત્યે શિક્ષારૂપ નથી, પરંતુ અપીલરૂપે છે. શાંત ચિત્તથી સમજીને કરવામાં આવે તો બધાનું કલ્યાણ થાય. જૈનશાસનમાં મલિનતા ન આવે. નહિતર આ ગોટો વળી ગયો છે અત્યારે. આ તો વીતરાગ શાસન છે પરમેશ્વર ત્રિલોકનાથનું! જૈન સંદેશમાં આવ્યું છે. સાગરના પંડિત છે. કેવા? રામદેવ, મુન્નાલાલ રામદેવ. ઠીક લખ્યું છે. ... શબ્દમાં થોડો ફેર

છે. બાકી તો... લેખક, પંડિત મુન્નાલાલજી રામદેવ, સાગર. આ જૈન સંદેશમાં આવ્યું છે. પણ બહુ સારી વાત કરી છે. બહુ તકરાર પાંચની ચાલે છેને. પાંચનું લખ્યું છે. પાંચની તકરાર છે. પાંચમાં એટલું બધું કાંઈ છે નહિ, સીધી વાત છે અને મોટા શાસ્ત્રના અર્થ કરી કરીને ખર્ચ કરો છો, છપાવો છો મફતના. એમ બિચારાએ લખ્યું છે. ખાલી શબ્દ વાપર્યો છેને. ફક્ત ફક્ત નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. એ કંઈ પ્રતિક્રિયા કરતું નથી. શાસ્ત્રનું નિમિત્તપણું અહીં જ્ઞાનને ઊપજાવતું નથી. પણ છે સામી મોજૂદગી નિમિત્ત છે. આ એટલું અહીં બતાવે છે. શાસ્ત્રકારને પ્રશ્ન ઉઠ્યો હતોને. સમજાય છે કાંઈ?

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** એનો અર્થ શાસ્ત્ર, જેને સુબોધ થવાનો છે એને જ્ઞાન ઊપજાવી શકે છે એમ નથી. અને જ્યાં સમ્યક્જ્ઞાન ઊપજે છે ત્યાં શાસ્ત્ર છે માટે ઊપજે છે એવી શાસ્ત્રની અપેક્ષા પણ ઊપજનારને નથી. છતાં નિમિત્ત વસ્તુ છે. બસ, આટલી વાત સિદ્ધ કરવી છે. હીરાલાલજી! આ લેખ સારો છે. વાંચ્યો? વિદ્વાનોને લખ્યું છે .... શરૂઆતમાં લખ્યું છે. આ ચર્ચા અત્યારે ચાલે છે. લખ્યું છે હોં! આજકાલ વિવાદના મુખ્ય વિષય—નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, નિયતિ-અનિયતિ બનેલા છે. એનું સમાધાન સત્યદષ્ટિથી સમ્યક્જ્ઞાનના આલોકમાં ક્ષણભરમાં થઈ શકે છે. ક્ષણભરમાં થઈ શકે છે. એવી વાત નથી પણ મોટી ચર્ચા વાદવિવાદે ચડી. સમજાણું કાંઈ? સમજાય છે?

આપણે અહીં કુદરતે (આવ્યું કે) **'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** એનો અર્થ કે જેને અંદર સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિનો સ્વકાળ છે એને સુશાસ્ત્ર એક માત્ર નિમિત્તરૂપે હોય છે. એ નિમિત્તમાં બીજું નિમિત્ત ન હોય એટલું બતાવવા સુશાસ્ત્રથી જ્ઞાન થાય છે એમ બતાવવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો હતોને રાત્રે, દેવચંદજી! પુરુષાર્થનો. એમાં આવી ગયું. **'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** જુઓ, એ નિમિત્તનું કથન છે. (કેવળીની) વાણીથી શાસ્ત્ર જે ઉત્પન્ન થાય છે એ સ્વતંત્ર પોતાના ઉપાદાનથી ઉત્પન્ન થાય છે. ત્યાં ફક્ત કેવળજ્ઞાનનું નિમિત્તપણું ત્યાં છે. પણ કેવળજ્ઞાની નિમિત્ત છે માટે સુશાસ્ત્ર, વાણી ઉત્પન્ન થાય છે એમ નથી. નિમિત્તની પ્રતિક્રિયા ત્યાં કાંઈક થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? થોડી વાતમાં પણ મોટા ઢગલા કરી મૂક્યા છે તકરારના. સીધી વાત છે, ભાઈ!

જે દ્રવ્યની જે સમયે પરિણમનની પર્યાય છે એ પોતાથી થાય છે. પોતાથી સમજ્યા? અપનેસે. એટલો શબ્દ લઈ લેવો. આ અમારી ગુજરાતીમાં છે. આપસે-નિજસે. નિમિત્તની ઉપસ્થિતિ છે. નિમિત્તની કંઈ ક્રિયા, પ્રતિ એમાં કાંઈક ક્રિયા થાય છે એમ નથી. એમ ક્રિયા થાય તેને નિમિત્ત કહેવાતું નથી. સમજાય છે કાંઈ? ...ની વ્યાખ્યા ઠીક કરી છે. પછી વાંચશું.

**'સુશાસ્ત્રની ઉત્પત્તિ...'** જુઓ, ... તકરાર. લ્યો ઉત્પત્તિ. ભાઈ! ભગવાન! એ તો કહે છે કે આ સર્વજ્ઞપદ છે પૂર્ણ દશા પરમાત્માને પ્રગટ થઈ છે ત્યાં વાણીની સ્વશક્તિથી ઉત્પન્ન થયેલી એને ભગવાનનો યોગ અને જ્ઞાન નિમિત્ત કહેવાય છે. એથી એનાથી વાણી

થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી...**' આપ્ત નામ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એનાથી શાસ્ત્રની ઉત્પત્તિ (થાય છે). '**માટે તેમના પ્રસાદને લીધે...**' અહો..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા એના મુખથી નીકળી વાણી, સુશાસ્ત્ર, સુશાસ્ત્રના નિમિત્તથી સંબંધમાં ઉત્પન્ન થયેલું જ્ઞાન અને એ સુબોધ તે મુક્તિનું કારણ. '**માટે તેમના પ્રસાદને લીધે...**' એની વ્યાખ્યા જુદી કરી છે. મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ છે. જુઓ, નિમિત્ત. જ્યાં અહીંયા મુક્તિની પર્યાય પ્રગટ થવાની લાયકાત છે ત્યાં સર્વજ્ઞદેવનું નિમિત્તપણું છે. માટે તેની કૃપાનું ફળ છે એમ કહેવામાં આવે છે. ભગવાનની કૃપા હશે? એ તો વિકલ્પ વિનાના છે, વીતરાગ છે. પણ જેને આત્માની કૃપા પ્રગટ થઈ શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને જ્યાં પૂર્ણ આનંદની, મોક્ષમાર્ગ પ્રગટ કરીને મુક્તિની પર્યાય પ્રગટ થઈ એ પોતાના આત્માની જ કૃપાનું ફળ છે. એ આ નિમિત્તનું ફળ છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કારણ કે એવા જ નિમિત્તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જ હોય. બીજા ત્યાં નિમિત્ત તરીકે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...**' એવા સર્વજ્ઞ પરમેશ્વર બુધજનો વડે એટલે કે જાણકસ્વભાવ દ્વારા જેણે સ્વભાવ જાણ્યો છે એવા જ્ઞાની વડે પૂજવાયોગ્ય છે, એમ કહ્યું છે. અજ્ઞાનીને પૂજવાયોગ્ય બનતા નથી. સમજાણું કાંઈ? એવા આપ્ત સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એ બુધજનો વડે એટલે વિચિક્ષણ ડાહ્યા જ્ઞાનીપુરુષો વડે. એમાં એ આવે છેને, ભાઈ! પંચાસ્તિકાય. બુધજનો વડે એમાં પણ આવે છેને? પહેલાં શરૂઆતમાં આવે છે, ... એના વડે. આવે છે. છેને? (ગાથા-૧) '**એમ કહીને (જિનો) સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે...**' એ આ. અમૃતચંદ્રાચાર્યે પહેલાં શ્લોકમાં કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયના પહેલાં શ્લોકમાં કહ્યું કે ભગવાનના વાક્ય મધુર છે. '**સમસ્ત શંકાદિ દોષોનાં સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી વિશદ (નિર્મળ, સ્પષ્ટ) છે,...**' એવી ભગવાનની વાણી '**એમ કહીને (જિનો) સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી...**' સમજાણું? એ પણ આવ્યું હતું પહેલું, સ્થાપીને... આવ્યું હતુંને ઓલામાં 'સ્થાપવામાં સમર્થ...' 'ચતુર વચનરચના' આવ્યું હતું પહેલાં. આમાં હતી 'ચતુર વચનરચના' શબ્દ હતાને ત્યાં. સમસ્ત વસ્તુ વિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ. પહેલી લીટી છે. જુઓ, ચતુર વચનરચના. સમસ્ત વસ્તુ વિસ્તારનું સ્થાપન કરવામાં કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના. વચનરચના ભગવાનની એવી છે! એ અહીં કહે છે, અમૃતચંદ્રાચાર્ય.

જેમનો ઉપદેશ વિચારવંત ડાહ્યા પુરુષો વડે બહુમાનને યોગ્ય છે. બહુમાનપૂર્વક વિચારવો જોઈએ એમ કહે છે. બહુમાનપૂર્વક. વીતરાગની વાણી બહુમાનપૂર્વક (અર્થાત્) એમાં ઘણું ભર્યું છે એમ બહુ વિનયપૂર્વક વિચારવી જોઈએ. સમજાણું કાંઈ? આ અમૃતચંદ્રાચાર્ય. અહીં

વિદ્યાનંદસ્વામી કહે છે, જુઓ,. અહો..! સર્વજ્ઞ પરમેશ્વર જેની કૃપાનું ફળ મુક્તિ એટલે કે એમના જ્ઞાનમાં એનો મુક્તિનો માર્ગ અને મુક્તિ આ જીવને આ સમયે (થાશે) એવું જે ભાસ્યું છેને, સમજાય છે? એવું જ્ઞાન જેને અંતરમાં પ્રગટ્યું એવા સર્વજ્ઞ પરમેશ્વરનું જ્ઞાન સ્વભાવના લક્ષે પ્રગટ્યું એને સર્વજ્ઞની કૃપા થઈ એમ કહેવામાં આવે છે. એ કૃપા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, બુધપુરુષો વડે '**બુધજનો વડે પૂજવાયોગ્ય છે...**' ભગવાન પરમાત્મા. કેમ કે '(**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે.**)' જ્ઞાનીઓ વડે પૂજનીય છે, ધર્મી વડે પૂજનીય છે, બુધજનો વડે પૂજનીય છે, ડાહ્યા પુરુષો વડે પૂજનીય છે, વિચારવંત વડે માનવાલાયકવાળા જીવને પૂજનિય છે. આહા..! સમજાય છે કાંઈ? '**કેમકે...**' આમાં એનો સિદ્ધાંત બતાવે છે. વ્યવહારસમકિત બતાવે છેને. '**કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.**' સાધુ નામ ભલા પુરુષો, આત્માર્થીજનો કરેલા ઉપકારને સાધુ, સજ્જનો ભૂલતા નથી. આહા..હા..! જુઓ, આ ઉપકાર સ્વીકારે છે. છે તો પોતાની પર્યાયથી થયેલું પણ નિમિત્તનો ઉપકાર આરોપિત કરીને, અહો..! આવા આત્માની વાત મને સમજવામાં આ નિમિત્ત હતું, ઘણો ઉપકાર. આ કહે કોણ? અને હોય ક્યાં? આવું હોય ક્યાં? અને કહે કોણ? સમજાણું કાંઈ?

કેમકે '**કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો)...**' '**साधवो**' છેને? એટલે પુરુષો એટલે સજ્જનો. '**न विस्मरन्ति, न विस्मरन्ति**' એટલે કે ભૂલતા નથી કે એના જ્ઞાનનો ખ્યાલ ભૂલતા નથી. ઉપકાર કર્યો છેને. પોતાને ઉપકાર થયો માટે કર્યો છે એમ કહે છે. પોતાને કરેલો પોતે ઉપકાર એમાં એ નિમિત્ત છે, માટે કરેલો ઉપકાર છે એમ કહેવામાં આવે છે. આ તો વાણી કબીરની (કેવળીની) છે. સમજાણું કાંઈ? ભગવાન કેવળજ્ઞાનીની વાણીના એ કથનો છે. વ્યવહારના કથનો નિશ્ચયને બતાવે છે. વ્યવહારની શૈલીનું કથન શું છે એને જાણવું જોઈએ. આહા..હા..! આ વ્યવહારશ્રદ્ધાની વ્યાખ્યા કરી.

જેને સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા જાણવામાં, શ્રદ્ધવામાં, ઠરવામાં આવ્યો એ આવા પુરુષની શ્રદ્ધા, ભક્તિ છોડતા નથી એટલે કે એવો ભાવ એને આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? આ ઉપકારને ભૂલતા નથી. ઓલો કહે કે ઉપકાર કોણ કરે? બાપુ! કઈ અપેક્ષા છે? કઈ નયનું કથન છે? એને જાણવું જોઈએને. ... અહો! પ્રભુ! અમને આત્મા આપ્યો. એમ કહે. ન કહ્યું? 'તે તો પ્રભુએ આપીયો' આત્મસિદ્ધિમાં આવે છેને? આત્મા અપાતો હશે. પણ એ આત્મા શું છે એ જ્ઞાનમાં અમને નહોતું એ આપ જ્ઞાનમાં નિમિત્ત થયા તો આપે જ અમને આત્મા આપ્યો એમ કહેવામાં આવે. આ..હા..હા..! વિનય હોય ત્યાં.. અહો! પ્રભુ! ન્યાલ કર્યા, ન્યાલ કર્યા, અમારું કલ્યાણ કરી નાખ્યું, એમ બોલે. એમ બોલે કે અમે કલ્યાણ અમારી મેળે કર્યું છે? એવી વાણી આવે જ, છતાં થયું છે પોતાથી,

પરથી નહિ. પોતાથી થાય છે, પરથી નહિ.

'(વળી, છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા સર્વજ્ઞ ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે).' જુઓ, પોતે બ્રહ્મચારી છેને. પદ્મપ્રભમલધારિદેવ બાળબ્રહ્મચારી છે, ટીકા કરનાર. સ્તુતિમાં બાળબ્રહ્મચારી નેમિનાથ ભગવાનને યાદ કર્યા. સમજાણું કાંઈ?

शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः
स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथः।
पदनतवनमाली भव्यपद्मांशुमाली
दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः।।१३।।

નેમિનાથ ભગવાનને યાદ કરે છે. પદ્મપ્રભમલધારિદેવ (કહે છે), અમારા શ્રદ્ધા-જ્ઞાનના વિષયમાં તો અમારો આત્મા છે, પણ એવા વસ્તુને સમજાવવામાં તીર્થંકરદેવ એને પણ, બાળબ્રહ્મચારી નેમિનાથ ભગવાનને સ્મરણ કરીને ઉપકારથી સ્તુતિ કરે છે. કેવા છે નેમિનાથ પ્રભુ? **'જે સો ઈન્દ્રોથી પૂજ્ય છે,...'** એ વાત વ્યવહારથી જરી પુણ્યની. સો ઈન્દ્રથી પૂજ્ય છે. જેને સો ઈન્દ્રો પૂજે છે. વાઘ, સિંહ.. સમજાય છે? અને નરેન્દ્ર, દેવેન્દ્ર, અસુરેન્દ્ર એવા જેને સો ઈન્દ્રો પૂજે છે. એવા છે ભગવાન. જુઓ, પૂજ્ય કોના છે એમ બતાવ્યું. દુનિયાના અગ્રગણ્ય જે સો ઈન્દ્રો, દુનિયાના અગ્રગણ્ય જે સો ઈન્દ્રો. પશુમાં સિંહ ઈન્દ્ર છે, મનુષ્યમાં વાસુદેવ આદિ ચક્રવર્તી ઈન્દ્ર છે, દેવમાં દેવેન્દ્ર અગ્રેસર મુખ્ય છે એ. એવા ચૌદ રાજૂલોકના અગ્રગણ્ય રાજાઓ, નરેન્દ્રો અને ઈન્દ્રો જે અધિક છે, એ સો ઈન્દ્રથી પૂજ્ય છે. સો પૂરા ઈન્દ્ર થયા, પૂરું, પૂરા. આહા..હા..! (શ્વેતાંબરમાં) ચોસઠ કહે છે, (આપણે) સો કહે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં ચોસઠ કહે છે. સો ઈન્દ્રથી પૂજ્ય ભગવાન. નેમિનાથ ભગવાન ગિરનાર ઉપર મોક્ષ પધાર્યા. આ ગિરનાર અહીં નજીક છે. સમજાણું કાંઈ? એ સો ઈન્દ્રથી પૂજ્ય છે. એવી શ્રદ્ધા નિશ્ચયસમ્યગ્દૃષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં એવા ભગવાન આવ્યા વિના રહેતા નથી એમ કહે છે.

**'જેમનું સદ્બોધરૂપી...'** હવે જ્ઞાન આવ્યું. અંતર આવ્યું. ઓલું પુણ્ય બતાવ્યું. જેમનું અથવા આવા ઈન્દ્રો જેને પૂજે છે, ઈન્દ્રોની વિભૂત જ્યાં અચિંત્ય પુણ્ય છે એવા વિભૂતિવાળા પણ આવા વિભૂતિવાળાને પૂજે છે. સમજાય છે કાંઈ? કેવી વિભૂતિ છે અંદરની એની? **'જેમનું સદ્બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે,...'** આહા..હા..! આ તો રાજ્ય થોડું, ચક્રવર્તીને છ ખંડનું હોય. આ તો સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય, કેવળજ્ઞાન ત્રિકાળ રાજ્ય છે. પોતામાં નેમિનાથ ભગવાનને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક (જણાઈ ગયા), કોઈ ખામી બાકી રહી નથી એવું જેનું સામ્રાજ્ય છે. કેવળજ્ઞાનનું જેને સામ્રાજ્ય છે. આહા..હા..! ત્રણલોકના નાથ એમ કહેવાય છેને? નાથનો અર્થ જાણનાર. બીજા નાથ ક્યાં પરના છે ઈ.

ધર્મીજીવને ધર્મ તો સ્વ-આશ્રયે પ્રગટે પણ પર-આશ્રયમાં આવા ભગવાન ઉપર પણ ભક્તિ આવ્યા વિના રહેતી નથી. એવો શુભરાગ એ ભૂમિકાએ હોય છે, વ્યવહાર હોય છે. કોણે ના પાડી? ઓલો કહે, એ.. વ્યવહાર... પણ વ્યવહાર ક્યારે? આ નિશ્ચય સ્વનું ભાન થયું ત્યારે આવો વ્યવહાર ત્યાં હોય છે. એ ભાન વિનાના વ્યવહાર એ તો એકલા પુણ્ય બાંધે, એમાં કાંઈ આત્માને લાભ નથી. આ વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ છે, પણ સાથે સંવર, નિર્જરા જે સ્વ-આશ્રયથી પ્રગટ થઈ છે. માટે તે આવા ભક્તિના ભાવને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જેમનું સદ્‌બોધરૂપી...**' સત્ એટલે સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય. સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય. આહા..હા..! કહ્યુંને? ભાઈ! દેવચંદજી નહિ? શીતલનાથ ભગવાનની સ્તુતિમાં, 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ, રાજનીતિએ ચાર જી.. દ્રવ્ય, ક્ષેત્ર, ને કાળ, ભાવ ગુણ એ રાજનીતિએ ચાર જી... ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુના કોઈ ન લોપે કાર જી...' શીતલનાથ ભગવાન કેવળજ્ઞાનની કાર—આજ્ઞા છે, 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ...' આ જગતની અંદર વર્તી રહ્યા છે. રાજનીતિ, લોક રાજનીતિ પદાર્થ છ દ્રવ્યની નીતિનું સ્વરૂપ છે. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની...' ત્રાસ નથી જડ-ચૈતન્યને, ભય નથી કે અરે..! ભગવાને આમ.. 'ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી' આજ્ઞા. ભગવાનની આજ્ઞા ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ કોઈ લોપતા નથી. સમજાણું કાંઈ? એ શીતલનાથનું સ્તવન છે. ૨૪ કર્યા છેને. પાછો ઊંડો આઘો વિચાર નહિ. આટલી વાત કરીને પડ્યા રહ્યા પાછા. પણ જેને આવું જ્ઞાન વર્તે એની ત્રણકાળ, ત્રણલોકની પર્યાય એના પ્રમાણે થાય એવો જેને નિર્ણય વર્તે એને સ્વસન્મુખ દૃષ્ટિ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એ .. ભાઈ કહેતા હતા. અહીં બેઠા હતા. અહીં ક્રમબદ્ધની વ્યાખ્યા ચાલતી હતી. 'એમ ક્રમબદ્ધ ક્રમબદ્ધ ન ચાલે.' સાચી વાત કીધું, ભાઈ! ખબર છે એકવાર? અહીં બેઠા હતા. એમ ક્રમબદ્ધ.. ક્રમબદ્ધ (ન ચાલે). અંદરમાં એકાકાર થઈને જાણે ક્રમે થાય એમ તો ક્રમબદ્ધ કહેવાય. આ લોકો સ્વચ્છંદ કરે એમ ન ચાલે. ક્રમે ક્રમે થાશે, ક્રમે ક્રમે થાશે. ક્રમબદ્ધ ક્યારે કહેવાય? સ્વસન્મુખની અંદરમાં જ્ઞાનની એકાગ્રતા કરીને પછી ક્રમે જે થાય તેને જાણે એનું નામ ક્રમબદ્ધ કહેવાય. પ્રવીણભાઈ! કાંતિભાઈ! આહા..હા..!

ભગવાન! જેમનું સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય વિશાળ ત્રણકાળ, ત્રણલોક જેના જ્ઞાન પ્રમાણે વર્તી રહ્યા છે. આહા..હા..! એવું રાજ્ય કોનું હોય? છ ખંડનું રાજ્ય તો આટલામાં હોય. ભગવાનનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોક જાણે. જાણે તે પ્રમાણે ત્યાં થઈ રહ્યું છે. છતાં એને આનું દબાણ છે ભગવાનના જ્ઞાનનું માટે થાય છે એમ નહિ. 'ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર.' કાર એટલે આજ્ઞા. દેવચંદજી ચોવીસીમાં છે. વળી કેવા છે? નેમિનાથ ભગવાન લેવા છેને. બ્રહ્મચારી પોતે. પોતે બ્રહ્મચારી એટલે બ્રહ્મચારી ભગવાનને યાદ કર્યા.

'**કામવિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે,...**' જોયું! એ કામવિજયી લૌકાંતિક દેવો છે પાંચમા દેવલોકના એને યાદ કર્યા. એ બ્રહ્મચારી છે. પાંચમા દેવલોકે દેવો છે એ બ્રહ્મચારી છે, એને ઈન્દ્રાણી નથી. બ્રહ્મઋષી કહેવાય છે ઈ, દેવઋષિ, દેવઋષિ. ઈન્દ્રાણી નથી. જાવજીવ બ્રહ્મચર્ય છે. સમજાય છે કાંઈ? એવા લૌકાંતિક દેવો જે સમ્યગ્દૃષ્ટિ છે, જે જ્ઞાની છે, જેને એકભવતારી મુક્તિ છે. લૌકાંતિકદેવમાંથી નીકળીને એક જ ભવે મુક્તિએ જનારા છે. સમજાણું કાંઈ? એને આઠ સાગરની સ્થિતિ ત્યાં છે, ઓછીવત્તી નહિ. બધા લૌકાંતિક દેવની. બ્રહ્મચારી દેવો છે. એવા કામવજિયી એ છે. એવા દેવોના પણ નાથ છે. સમજાણું કાંઈ? આવા ભગવાન આહા..હા..! કામવિજયી લૌકાંતિક દેવ જે છે એના પણ એ નાથ છે.

'**દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે,...**' એક નિશ્ચય અને એક વ્યવહાર, એક નિશ્ચય અને વ્યવહાર એવી રીતે ... છે. દુષ્ટ પાપોનો સમૂહ. પાપ શબ્દે પુણ્ય-પાપ બધુંય હોં! બધું પાપ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પાપ. દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે. વિકારભાવ જેમને સર્વથા નાશ થઈ ગયો છે. વળી કહે છે, '**શ્રી કૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે,...**' વાસુદેવ કૃષ્ણદેવ, કૃષ્ણ એમના બંધુ મોટી ઉંમરના હતા, નેમિનાથ નાની ઉંમરના હતા. કાકા ભઈજીના ભાઈઓ હતા. ત્રણ ખંડનો ધણી કૃષ્ણ, વાસુદેવ જેના શરીરની સુંદરતા એટલી, પૂર્વે નિદાન કરેલું કે આ પ્રમાણે ચારિત્રનું ફળ હોય તો વાસુદેવ થાઉં. વાસુદેવ થયેલા. એવા શ્રી કૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે. સર્વજ્ઞ પરમેશ્વરને જ્ઞાન, કેવળજ્ઞાન થયું. શ્રી કૃષ્ણ દ્વારિકામાંથી આવી.. 'ધન્ય પ્રભુ! જગતનો ઉદ્ધાર કર્યો નાથ!' સમજાણું કાંઈ? એવા પરમેશ્વર!

સજ્ઝાયમાં આવે છે, ભાઈ! આ તો ઘણા વર્ષ પહેલાં સજ્ઝાય. ૬૪-૬૫ની સાલની વાત છે. શ્વેતાંબરની. ભગવાન પાસે ગયા હતા. શ્રી કૃષ્ણ એકવાર ભગવાન પાસે ગયા હતા. નેમિનાથ પ્રભુ સમવસરણમાં બિરાજતા. વંદન કરવા ગયા. પ્રભુ! હું ક્યાં જઈશ? અને આ દ્વારિકાનું શું થશે? એવો પ્રશ્ન કર્યો. આ દ્વારિકાનું શું થશે? કેમ એવો પ્રશ્ન ઉઠ્યો? ગજસુકુમાલે દીક્ષા લીધેલી, એમના નાના ભાઈએ. દીક્ષા લઈને દ્વારિકાના સ્મશાનમાં (ધ્યાનમાં હતા). સોમિલે અગ્નિ ભરી. આ શું? આ શું? મગજમાં ઉઠ્યો વિકલ્પ. ભાઈ! આ તો શ્વેતાંબર શાસ્ત્રથી વાત... આ શું પ્રભુ? હું અહીંયા પુણ્યશાળી વાસુદેવ છું. આપ અહીંયાના જન્મેલા તીર્થંકર છો. આપ અહીંયા બિરાજમાન છો. આ શું? એ તો તીર્થંકર હોય ત્યાં એવું ન થાય હોં! આ તો સ્મશાનમાં આ શું? પ્રભુ! આ દ્વારિકાનું શું થશે? દ્વારિકાનું શું થશે? દ્વારિકા નહિ રહે એમ લાગે છે. કેટલા? આ શું? પ્રભુ! ભગવાનના મુખમાં આવે છે, હે વાસુદેવ! બાર વર્ષે એને બાળી મૂકશે. આવે છેને? દિપાયન ઋષિ એના કારણે દ્વારિકા બળી જશે. પ્રભુ! મારું શું થશે? ભાઈ! સ્થિતિ જરા એવી છે. તમારી દશા એવી છે, તમારી સ્થિતિ

છે નીચે. પછી કહે છે, પ્રભુ! હું ત્યાં નહિ જાઉં હોં! એમ કહે છે. 'નહિ જાઉં, નહિ જાઉં પ્રભુજી નહિ જાઉં નરક... જેવો તેવો પણ તારા કુળનો જન્મ્યો કૃષ્ણ કહેવાણો, ઓ પ્રભુજી નહિ જાવું એ ... ' નીચે. એવી સ્તુતિ આવે છે. બધું વાંચેલુ ઘણું હતુંને પહેલેથી.

ભગવાન પછી કહે છે, હે વાસુદેવ! વાણીમાં આવે છે કે હે કૃષ્ણ! તમે આવતી ચોવીશીમાં મારા જેવા તીર્થંકર થશો. આવતી ચોવીશીમાં મારા જેવા તીર્થંકર થઈને મોક્ષ જશો. એમ જ્યાં સાંભળે છે, સિંહનાદ કરે છે. વાસુદેવ છેને, બહુ શક્તિ! સિંહના અવાજ કરતાં પણ ... એમનો અવાજ હોય છે. કસોટાબંધ જ્યાં બેઠા હતા અને એકદમ જ્યાં ભગવાનના મુખમાંથી વાણી આવી, કૃષ્ણ! દિલગીર ન થાઓ. આવતી ચોવીશીમાં તીર્થંકર થવાના છો. મારા જેવા થઈને મુક્તિએ જશો. સિંહનાદ કરે છે. ઓહો..! મારા કુળમાં પ્રભુ પાક્યા, હું પણ પ્રભુ થવાનો છું. સમજાય છે? એવા શ્રી કૃષ્ણ જેમના ચરણોમાં નમ્યા છે. સમજાણું કાંઈ? મોટી વાતું, મોટામાં એવી જ હોયને? મોટા ધંધામાં લાભ પણ મોટા ઢગલા આવતા હોય કે નહિ? લાખો આવે, લાકો જાય. બધી મોટી વાતું હોય. આહા..હા..!

મોટા ત્રિલોકનાથ પ્રભુ! હું જેવો તેવો પણ તારા કુળનો કહેવાણો હોં! એમ કહે છે. જેના કુળમાં ત્રણલોકના નાથ ભગવાન એ કુળે હું અવતર્યો. પ્રભુ! મારી શું દશા? મોક્ષ જશો, ભાઈ! તમે આવતી ચોવીશીમાં તીર્થંકર થઈને મોક્ષ જશો એવી તમારી સ્થિતિ છે. એવા કૃષ્ણ પણ જેને સાંભળીને આમ નમી પડ્યા છે. આહા..! ધન્ય ધન્ય પ્રભુ અવતારા અમારા અને તમારા! સમજાણું કાંઈ?

અહીં તો પોતે પદ્મપ્રભમલધારિદેવ પોતે બાળબ્રહ્મચારી મુનિ છે એ બાળબ્રહ્મચારી નેમિનાથને બાળબ્રહ્મચારી દેવો પૂજે છે અને આ કૃષ્ણ જેવા જેના ભાઈ ત્રણ ખંડના ધણી નમી ગયા છે, કહે છે. નમી ગયા, પ્રભુ! ધન્ય અવતાર! આવા દેવની શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિ વ્યવહારની શ્રદ્ધામાં આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ?

**'ભવ્યકમળના જે સૂર્ય છે,...'** જુઓ, ભવ્યરૂપી કમળ એને ખીલવા માટે ભગવાન સૂર્ય છે. ખીલવાને લાયક છેને ઈ. અભવિ છે? જે કમળ ખીલવાને લાયક હોય એને સૂર્ય નિમિત્ત કહેવાય. એમ ભવ્યપ્રાણી જેના સ્વરૂપમાં અનંતજ્ઞાન, દર્શન આદિ પડ્યા છે એ ભવ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને લાયક છે. ભગવાન! એ ભવ્યરૂપી કમળ માટે સૂર્ય છો. આ બધું નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવે છે, હોં! પ્રગટ તો એને લઈને થાય છે. સૂર્યથી કમળ ખીલતું નથી. જો સૂર્યથી કમળ ખીલે તો લાકડા ખીલવા જોઈએ. લાકડાના કમળ હોય, લાકડાના કમળ કે આરસપહાણના કમળ બનાવ્યા હોય ઈ ખીલે? સૂર્યના કિરણો આવે એના ઉપર. કિરણ બતાવે છેને? જુઓને, આગ્રામાં દયાળબાગ. ઓહો..! કેટલા સાડા ત્રણ .. એ કળીઓ એવી બતાવે. પણ એ સૂર્યથી ખીલે? વનસ્પતિના કમળ ખીલવાને યોગ્ય સૂર્યના નિમિત્ત આમ ખીલી ઉઠે ફડાક દઈને. હે ભગવાન! આપ તો ભવ્યજીવને ખીલવામાં નિમિત્ત છો.

એના સૂર્ય છો. વાહ! આ તો વ્યવહારશ્રદ્ધામાં વ્યવહારની વાત ચાલે છે. '**(ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે),...**' સમજાણું કાંઈ? ત્યાં વાંધા કાઢે. અરે..! સાંભળને હવે. સમજ્યા વિના.. ઉપાદાનથી જ્યાં કામ થવાની લાયકાત હોય છે ત્યાં આવા ભગવાન ત્રણલોકના નાથ સૂર્ય સમાન નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**તે આનંદભૂમિ નેમિનાથ...**' જુઓ, એ મોક્ષ કીધું હતુંને? મોક્ષ. પહેલું કહ્યું હતું મોક્ષ. મહાઆનંદનો લાભ તે મોક્ષ એમ કહ્યું હતું. એ અહીં સંભાર્યું છે. પહેલું કહ્યું હતું. ચોથી ગાથા. '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહાઆનંદનો લાભ તે મોક્ષ છે.**' દસમે પાને, પહેલી લીટી ટીકાની. છે? મહાઆનંદનો લાભ તે મોક્ષ. ભગવાનને મોક્ષ થયો છે. કેવળજ્ઞાન છેને. ભાવમોક્ષ થઈ ગયો છે ભગવાનને. '**આનંદભૂમિ નેમિનાથ...**' જુઓ, ખુબી એ કીધી. ભગવાન એ તો આનંદની ભૂમિ છે, જેમાંથી અતીન્દ્રિય આનંદ પાકે છે. અતીન્દ્રિય આનંદ એના ક્ષેત્રમાં પાકે છે. પુણ્ય-પાપ નહિ, સંસાર નહિ. સંસાર કેવા ત્યાં? ચોખા પાકે સાધારણમાં ક્યાંય? સમજાય છે? જ્યાં ચોખા પાકતા હોય ત્યાં કળથી પાકે? એવા ભગવાન નેમિનાથ પરમાત્મા એક સમયમાં અસંખ્ય પ્રદેશે ક્ષેત્રમાં તમારામાં આનંદ પાકે છે. સમયે-સમયે અતીન્દ્રિય આનંદ. એવા આનંદભૂમિ નેમિનાથ '**અમને શાશ્વત સુખ આપો.**' ભાષા તો વ્યવહારે એમ કહે કે નહિ? સમાહિવર મુત્તં દિંત્તુ નથી આવતું? બોહિ લાભં. સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ. આવે છે કે નહિ લોગસ્સમાં? એ આપો એટલે મને મારા પુરુષાર્થની જાગ્રતિ થાય ત્યારે 'આપ આપો' એમ કહેવામાં આવે છે. અરે..! વસ્તુની ખબર ન મળે.

'**(-આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને...**' શું કહે છે? '**શાશ્વત સુખ આપો.**' મોક્ષ આપો એનો અર્થ. જે સુખ આવ્યું જાય નહિ એવા સુખને (આપો). સંસારસુખની વાતેય નથી. સ્વર્ગ-બર્ગ અમને મળે એની વાત નથી. આપ તો આનંદભૂમિ નેમિનાથ પરમાત્મા... આહા..હા..! અમે આપની શ્રદ્ધા કરીએ અને અમને પૂર્ણાનંદ અમારા સ્વરૂપની... ન મળે એમ બને નહિ.

**શ્રોતા :—** ભાવાર્થ તમે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભાવાર્થ તો જેમ હોય એમ હોયને. શબ્દાર્થમાં ભાવાર્થ કહેવો છે કે શબ્દાર્થ માટે શબ્દાર્થ છે? એક ગાથામાં પાંચ અર્થ છે. દરેકનો શબ્દાર્થ હોય, પછી એનો ભાવાર્થ હોય, આગમાર્થ હોય, નયાર્થ હોય, સ્વમતનો અને પરમતનો અર્થ હોય. સ્વમત આમ છે અને પરમત આમ કહે છે. એક એક ગાથામાં બધું હોય. બધે ઉતારવા જઈએ તો પાર ક્યાં આવે? સમજાણું કાંઈ?

અમને... જોર કેટલું પોતાનું છે! શાશ્વત સુખ આપો. ભગવાન! આપ આનંદભૂમિ છો. નાથ! અમારી શ્રદ્ધામાં આપ વર્તો છો એટલે આપને કહીએ છીએ અમને તો શાશ્વત સુખ

આપો. એનો અર્થ આત્મા પાસે શાશ્વત સુખ લેવાની તૈયારી છે, તો કહે છે, આપ અમને આપો. એમ ઉપચારથી વ્યવહારથી ભગવાનને સ્તુતિમાં કહેવામાં આવે છે. એનું વિશેષ વર્ણન...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૧, મંગળવાર, તા. ૮-૦૩-૧૯૬૬, ગાથા-૭, પ્રવચન નં. ૧૪

સંવત ૪૯, દિગંબર સંત મુનિ હતા એમણે બનાવ્યું. મોક્ષમાર્ગ. નિયમસારનો અર્થ મોક્ષમાર્ગ છે. સાતમી ગાથા. છ ગાથા પૂરી થઈ. સાતમી ચાલે છે. જુઓ,

णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो।
सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा।।७।।

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્‌વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

જુઓ, અહીં વિપરીત આવ્યું. ઓલામાં જેમ વિપરીત પરિહાર (આવ્યું હતું). એમ અહીં વિપરીત આવ્યું. એ શૈલી જ ઈ છે. શું કહે છે?

'**ટીકા :— આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.**' અહીંયા શું ચાલે છે? પહેલાં ચાલ્યું કે આત્મા અનંત શુદ્ધ ગુણસ્વરૂપ (છે). શુદ્ધ અનંતઆનંદ, જ્ઞાનસ્વરૂપ આત્મા એનું અંતર્મુખ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થવાથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન. આત્મા શરીર, કર્મથી રહિત, પુણ્ય-પાપના ભાવથી પણ રહિત અને એક સમયની અવસ્થા જે ઉઘાડરૂપ વિકાસરૂપ છે એટલો જ નથી, અખંડ જ્ઞાયક ચૈતન્યજ્યોત વસ્તુ સ્વભાવ એકરૂપ આત્મા અનંતગુણનું રૂપ એનું અંતર્મુખમાં સમ્યગ્દર્શન પ્રગટ કરવું. સમજાય છે કાંઈ?

આત્માનું શુદ્ધ આનંદસ્વરૂપ. એ સ્વભાવ શુદ્ધ સ્વભાવની ખાણ છે. આત્મા એટલે... એટલે કહે છે? અર્થાત્. આત્મા અર્થાત્ અનંત અનંતજ્ઞાન, શાંતિ, આનંદની નિધિ છે, ખાણ છે. જેમ પરમાણુ રંગ, ગંધ, રસ, સ્પર્શની ખાણ છે રજકણમાં, એ રજકણમાંથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયમાં અનંત રંગ, ગંધ, સ્પર્શની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એક રજકણ પોંઈટ પરમાણુ જડ છે, એ રંગ, ગંધ, રસ, સ્પર્શની ખાણ છે, નિધિ છે. તો એમાંથી અનંતરંગ, અનંતગંધ, અનંતરસ, અનંતસ્પર્શ એવી એની પર્યાય—અવસ્થા એ સ્વભાવમાંથી આવે છે. એમ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આત્મા છે, એક સમયમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદ આદિ (ગુણની ખાણ છે).

આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અંતરમાં એની શક્તિ બેહદ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, શ્રદ્ધાસ્વભાવ એવા અનંત પડ્યા છે. એ વસ્તુ સ્વભાવ જે એકરૂપ છે એના ઉપર દૃષ્ટિ દેવાથી એમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાયનો વિકાસ થાય છે. એ આત્મા અંતર પૂર્ણાનંદ અનંતજ્ઞાનમય એની અંતર એકાગ્રતાનું જોર દેવાથી જે સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય તેનું નામ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન નિયમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો નિશ્ચયનિયમ સમ્યગ્દર્શન થયું એની સાથે વ્યવહારસમ્યગ્દર્શનનો શુભરાગ અરિહંત પરમાત્માને માનવાવાળો એવો શુભભાવ હોય છે. એ કેવા અરિહંતને માને છે? એવા અરિહંતની વ્યાખ્યા ચાલે છે.

**શ્રોતા :—** અરિહંતને તો માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં અરિહંતને માને? અરિહંતનું શું સ્વરૂપ છે એ સમજ્યા વિના? એક સમયમાં ત્રણકાલ આદિ ખૂબ લેશે. એક શ્લોકમાં. જુઓ, કાર્ય પ્રગટ થયું, કારણ કેવું છે એ બધું લઈને તીર્થંકરની સિદ્ધિ કરે છે. વસંતીલાલજી! આહા..હા..!

બહિર્મુખ દૃષ્ટિથી અનંતકાળ એણે કાઢ્યો. અંતર ચિદાનંદ ભગવાન અનંતઆનંદની નિધિ અંતરમાં નજર કરવાથી, નજર કરવાથી, એકાગ્રતા કરવાથી, શ્રદ્ધા કરવાથી, સ્થિરતા કરવાથી અંદરમાંથી નિર્મળ પર્યાયનું પ્રગટ થવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એનું નામ નિયમસાર નામ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ જ્યારે અંતરમાં સ્વસન્મુખ થવાથી પ્રગટ થયો ત્યારે એને વ્યવહારરૂપ તીર્થંકરની શ્રદ્ધા કેવી હોય છે, એ વાત ચાલે છે. તીર્થંકરની શ્રદ્ધા, ભગવાનના આગમની શ્રદ્ધા અને ભગવાને કહેલા, સર્વજ્ઞે જાણેલા તત્ત્વોની શ્રદ્ધા- એ ત્રણેની શ્રદ્ધા કરવી તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. જે નિશ્ચયસમ્યગ્દર્શન થયું છે ત્યાં આવું વ્યવહારસમ્યગ્દર્શન હોય છે. આહા..હા..! જ્ઞાનચંદજી! એ તીર્થંકરને કેવા માને છે? સમ્યગ્દૃષ્ટિ કેવા તીર્થંકરને (માને છે) એનું સ્વરૂપ કહે છે. જુઓ,

'**આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.**' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ. '**આત્માનાં ગુણોનો ઘાત કરનારાં...**' હવે તીર્થંકરની વ્યાખ્યા કરે છે. આત્મા જે અનંત અનંતગુણની રાશિ છે એની વર્તમાન પર્યાયમાં—અવસ્થામાં પોતાના ભાવથી પોતાની પર્યાયનો ઘાત થાય છે ત્યારે ઘાતિકર્મ નિમિત્ત કહેવામાં આવે છે. તો ઘાતિકર્મ ઘાત કરે છે. કેમ કે ઘાતિકર્મના લક્ષથી પોતાના ગુણની પર્યાયનો ઘાત થાય છે. સમજાણું કાંઈ? આત્માના ગુણો. ગુણોનો ઘાત નથી થતો. પર્યાયનો ઘાત થાય છે. કેમકે ગુણ જે આત્મા છે અનંતજ્ઞાન, દર્શન, આનંદ એના ગુણનો વિકાસ જે નિર્મળ થવો જોઈએ એ નહિ કરતાં એની પર્યાયમાં, અવસ્થામાં જડકર્મના લક્ષે પોતાની પર્યાય ઘાત થાય છે તેમાં ઘાતિકર્મ નિમિત્ત થાય છે.

'**આત્માનાં ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો...**' અહીં ગુણ શબ્દે પર્યાય વાપરી છે. ઘાતિકર્મ. '**જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, અંતરાયકર્મ અને મોહનીયકર્મ...**' એ

ચાર કર્મ. **'તેમનો નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી...'** ભગવાન તીર્થંકર પરમાત્માએ પરમેશ્વરે.. અહીં અરિહંતની વ્યાખ્યા ચાલે છે. સિદ્ધની વ્યાખ્યા નથી. સિદ્ધ તો આઠ કર્મથી રહિત થઈ ગયા. ચાર કર્મ બાકી છે. જે ચોવીશ તીર્થંકર થયા એ તો સિદ્ધ થઈ ગયા. ભગવાન બિરાજે મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર પરમાત્મા અરિહંતપણે બિરાજે છે, તીર્થંકરપણે બિરાજે છે. ભરતક્ષેત્રમાં અત્યારે તીર્થંકર નથી, મહાવિદેહક્ષેત્રમાં છે. અહીંના તીર્થંકર તો સિદ્ધ થઈ ગયા. અત્યારે તીર્થંકર નથી. તો કહે છે કે જે તીર્થંકર હોય છે એ ચાર કર્મનો નાશ કરીને કેવળજ્ઞાન પામે છે. તો સિદ્ધ કર્યું કે તીર્થંકરના આત્માની પર્યાયમાં પણ ઘાતિકર્મ ચાર અનાદિના નિમિત્તરૂપે હતા. તેમણે પોતાના સ્વભાવની શક્તિના વિકાસ દ્વારા પોતાની અશુદ્ધતા અને અપૂર્ણતાનો નાશ કર્યો. સાથે આ ચાર કર્મનો પણ નાશ થયો તો ચાર કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. શબ્દેશબ્દ થાય છે કે નહિ?

**'તેમનો નિરવશેષપણે...'** જુઓ, એ ચાર ઘાતિકર્મનો નિરવશેષ. કંઈ પણ બાકી રાખ્યા વિના. નિરવશેષ—બાકી કંઈ પણ રાખ્યા વિના ચાર કર્મનો પ્રધ્વંસ. પ્ર નામ વિશેષે ધ્વંસ કર્યો હોવાને લીધે. કંઈ પણ શેષ બાકી રાખ્યા વિના નાશ કરી દેવાથી જે ભગવાન નિઃશેષ દોષરહિત છે. નિઃશેષ દોષરહિત પહેલો શબ્દ પડ્યો છે. તીર્થંકરમાં કોઈ દોષ નથી. ક્ષુધા નહિ, તૃષા નહિ, રોગ નહિ, જન્મ નહિ, મરણ નહિ, જરા નહિ, ખેદ નહિ, રતિ નહિ, સ્વેદ નહિ એવા અઢાર દોષ એ તીર્થંકરને અરિહંતપદમાં હોતા નથી. આવા તીર્થંકરને સમકિતી વ્યવહારસમકિતમાં માને છે, એમ કહે છે. એ સિવાય બીજા દેવને માનતા નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ જ કહે છે. પોતાના દેવના સ્વરૂપની પ્રતીતિ થઈ, નિજ સ્વરૂપની પ્રતીતિ થઈ તો એની વ્યવહાર પ્રતીતિમાં આવા દેવની પ્રતીતિ હોય છે. એને બીજા દેવની પ્રતીતિ હોતી નથી. સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞે પરમેશ્વરે આવો આત્મા કહ્યો છે. તારો આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ છે અને અનંતગુણનો પિંડ એવો આત્મા તરફ તારી દૃષ્ટિ કરવાથી, સ્વ એકાગ્રતામાં દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય છે, એનું નામ સાચો મોક્ષમાર્ગ છે, એનું નામ નિયમસાર કહેવામાં આવે છે. એ નિયમસાર મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ તો એને તીર્થંકરદેવ વ્યવહારશ્રદ્ધામાં આવા વર્તે છે કે કોઈ દોષ ભગવાનને હોતા નથી. ક્ષુધા, તૃષા, રોગ કંઈ નથી હોતું. સમજાણું કાંઈ?

**'અથવા પૂર્વ સૂત્રમાં (છઠ્ઠી ગાથામાં) કહેલા અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી...'** પૂર્વ સૂત્ર કહ્યું હતુંને, ક્ષુધા, તૃષા, રોગ નહિ. એ અઢાર દોષ નિર્મૂળ કરી નાખ્યા હોવાથી **'જે 'નિઃશેષદોષરહિત' કહેવામાં આવ્યા છે...'** બે વાત કરી. ચાર ઘાતિકર્મનો નિઃશેષપણે નાશ કર્યો અને અઢાર દોષ પૂર્વે કહ્યા તેનો પણ નિઃશેષપણે નાશ કર્યો. નાશ

કર્યો તો થયું શું? પ્રગટ શું થયું? પેલું તો નાશ થયું. '**સકળવિમળ (-સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન...**' ભગવાનને પ્રગટ થયું. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. ભગવાનનું કેવળજ્ઞાન એક સમય નામ સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ, ત્રણલોક એકસાથે જાણે એવી કેવળજ્ઞાનની દશા પ્રગટ થઈ છે, એને અરિહંત તીર્થંકર કહેવામાં આવે છે. '**કેવળદર્શન...**' એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભેદ પાડ્યા વિના દેખવા એનું નામ કેવળદર્શન છે. એક સમયમાં ભેદ પાડીને બધું અનંતદ્રવ્ય, અનંતગુણ, અનંતીપર્યાય ભિન્ન ભિન્ન કરીને જાણવી તેનું નામ કેવળજ્ઞાન છે.

'**પરમવીતરાગાત્મક આનંદ...**' જુઓ, કેવો પ્રગટ થયો? પરમવીતરાગસ્વરૂપ આનંદ ભગવાનને પ્રગટ થયો. અતીન્દ્રિય આનંદ. મોહાદિનો નાશ થયો છે, અઢાર દોષરહિત છે, આત્મામાં અતીન્દ્રિય આનંદ હતો એ અંતરમાં અનુભવથી અતીન્દ્રિય આનંદ જેની દશામાં પ્રગટ થયો છે. આ શબ્દ કેમ વાપર્યો છે? પરમવીતરાગ આનંદ. દુનિયાના સુખ જે માને છે એ તો રાગવાળા દુઃખ છે.

**શ્રોતા :—** બે પ્રકારના આનંદ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, એક દુઃખી જ છે. પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂમાં સુખ માને છે એ રાગની કલ્પનાનું દુઃખ છે, એ સુખ છે જ નહિ. બરાબર હશે? હીરાલાલજી! કલાક જળવાઈ રહે તો બરાબર છે. બહારમાં ક્યાં ધૂડમાંય સુખ નથી. પૈસામાં સુખ છે? બાયડીમાં સુખ છે? ધૂડ એ તો પર છે. આબરૂ, કીર્તિમાં કલ્પના કરે છે કે હું સુખી છું. ભગવાન કહે છે કે રાગરૂપ દુઃખદશા છે. એ રાગરૂપ દુઃખદશાનો તીર્થંકરને નાશ થઈ ગયો છે અને વીતરાગ આનંદ જેને પ્રગટ થયો છે. એ વાત કરે છે. જુઓ, ભાષા એ... સમજાણું કાંઈ? કેટલું સુખ હશે? મોહનભાઈ! પરમાં.. ક્યાં ગયા મોહનભાઈ? કેટલું સુખ હશે? જેચંદભાઈ! સંસારમાં કેટલું સુખ છે?

**શ્રોતા :—** મરી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મરી ગયા. તમે કહો છો એ બીજી રીતે કહેવાય છે અને અહીં કહેવાય છે બીજી રીતે. શરીરમાં રોગ છે અને કંઈક સાધારણ લક્ષ્મી જાય છે કે અનુકૂળ નથી દેખાતું એ દુઃખ છે એ વાત જ જૂઠી છે. એ વાત જ તદ્દન મૂઢે માનેલી છે અજ્ઞાનીએ. એની દશામાં રાગ અને દ્વેષ જે થાય છે એ જ દુઃખ છે. સંયોગમાં દુઃખ-બુખ નથી. મરી ગયા ઈ તમે બહારની વાત કરો છો. અહીં કહે છે અંદરની. એ.. મોહનભાઈ! ઘુંટાઈ ગયું છે, એવું ઘુંટાઈ ગયું છે અંદર. કાંઈક સગવડતા વઈ જાયને, પહેલાં સરખી હતી એ. બધી સગવડતા હોય, ત્યાં રોટલા છે પણ બહારમાં ધૂડમાંય નથી. એ સગવડતામાં પણ સુખ નથી અને અગવડતામાં દુઃખ નથી. અજ્ઞાની મૂઢ એની માન્યતામાં કલ્પના કરે છે કે હું દુઃખી છું. હું તો ભાઈ ગરીબ છું. મારી પાસે કાંઈ નથી.

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ જ કહે છે કે ગરીબ છે ઈ. ઈ ગરીબ માને છે પોતાને, આત્માને ગરીબ માને છે. શરીરમાં રોગ માટે હું ગરીબ દુઃખી થઈ ગયો, એ જ ગરીબ છે, રંક છે, રાંક છે. શરીરમાં રોગ અને હું દુઃખી, કોણ કહે છે? ભગવાન ના પાડે છે. સમજાણું કાંઈ? તારી માન્યતામાં એમ થઈ ગયું છે કે મને પ્રતિકૂળતા છે એટલે હું દુઃખી છું, એ તારી માન્યતા દુઃખનું કારણ છે. એ માન્યતા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દુઃખરૂપ છે.

અહીં કહે છે કે ભગવાનને પરમવીતરાગ આનંદ થઈ ગયો. મિથ્યાત્વનો નાશ થયો, રાગ-દ્વેષનો નાશ કર્યો. પરમવીતરાગ પરમઆનંદ સર્વજ્ઞ પરમેશ્વરને પ્રગટ થયા. એ અનંતચતુષ્ટયમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય (પ્રગટ થયા). વીર્ય એમાં સાથે લઈ લીધું. ઈત્યાદિ શબ્દ પડ્યો છે. '**ઈત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે...**' જુઓ, ભગવાનનો આ વૈભવ! ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમનો વૈભવ શું? અંતરમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આદિ જે અંતરમાંથી પ્રગટ થયા એ આત્માનો તીર્થંકરનો વૈભવ છે. સમજાણું કાંઈ? સમવસરણ તો પરની વસ્તુ છે. એમાં આત્માને શું આવ્યું? '**ઈત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે,...**' એવા તીર્થંકરને ધર્મીજીવ સમ્યગ્દર્શનમાં વ્યવહારશ્રદ્ધામાં એને જ દેવ માને છે, બીજાને દેવ માનતા નથી. સમજાણું કાંઈ? ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા.. સમજાણું કાંઈ?

'**એવા જે પરમાત્મા—**' એવા જે પરમાત્મા વીતરાગ પરમેશ્વર '**એટલે કે ત્રિકાળનિરાવરણ,...**' સમજાય છે? '**ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે.**' દેખો ભાષા! જુઓ ખુબી! આમાં બધી વાત કરી. શું કહે છે? સર્વજ્ઞ પરમેશ્વર કેવી રીતે થયા? વીતરાગ પરમાનંદની પ્રાપ્તિ તીર્થંકર ભગવાનને કઈ રીતે થઈ? કઈ રીતે થઈ એ જ માર્ગ અનાદિનો છે. અનાદિનો એ જ માર્ગ છે. તો માર્ગની વ્યાખ્યા પણ એમાં થોડી કરી. કેવો છે આત્મા? હવે આત્માની વ્યાખ્યા કરે છે. આત્મા જે છે અંદર એ ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુને આવરણ શું? વસ્તુ અનંતગુણનો પિંડ નિરાવરણ ચૈતન્યસ્વભાવની ખાણ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન આત્મા વસ્તુ જે છે એ વસ્તુ સ્વભાવ છે, જેનું સત્ત્વ શક્તિરૂપ છે એ તો ત્રિકાળ નિરાવરણ જ છે. એક સમયની પર્યાય રોકાઈ ગઈ છે. પર્યાય રોકાણી છે એ દ્રવ્યસ્વભાવમાં નથી. વસ્તુ જે છે એના તળમાં, આત્માના તળમાં અનંતજ્ઞાન, દર્શન આદિ જે સ્વભાવ પડ્યા છે એ તો ત્રિકાળ નિરાવરણ જ છે. આહા..હા..!

શ્રોતા :— નિરાવરણ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવરણ એટલું નથી સમજાતું? આવરણ નહિ, ઢંકાયેલું નહિ, આચ્છાદન નહિ. હજી મગજ કામ કરતું નથી આટલા મહિનાથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તો નાના છોકરાને આવડે. ઈ ગુંચી ગયા પરમાં. સમજાણું કાંઈ? આવરણ નામ આચ્છાદન.

તો વસ્તુ જે વસ્તુસ્વભાવ આત્મા છે એને આચ્છાદન ક્યાં છે? એક સમયની અવસ્થા પર્યાય છે એમાં ભાવ-આચ્છાદન પોતાના પર્યાય અંશમાં છે અને જડ આવરણ નિમિત્તરૂપે વ્યવહારથી છે. સમજાણું કાંઈ? વસ્તુ જે છે જ્ઞાનઘન, વસ્તુ જે આત્મા છે એમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સ્વભાવ (ભરેલો છે). સમજાણું? એવી ચીજ જે પદાર્થ ભગવાન આત્મા, આ હોં! એ અંતર શક્તિનું સત્ત્વ એ ત્રિકાળનિરાવરણ છે.

એવો **'ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ...'** કેવો છે આત્મા? નિત્યાનંદ છે. એમાં અતીન્દ્રિય આનંદ નિત્ય પડ્યો છે. એક સમયની પર્યાય અવસ્થામાં દુઃખ જે કલ્પના કરે છે એ એક સમયની દશા છે, વસ્તુમાં દુઃખ નથી. વસ્તુ નિત્યાનંદ આત્મા છે. અહીં તો કહેશે કે આવા આત્માની એકાગ્રતાથી ભગવાનને પરમાત્મપણું પ્રાપ્ત થયું છે. આહા..હા..! હજી આત્મા શું છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ બધાના આત્મા કેવા જોયા છે? કે શરીર, આ કર્મ, આ વાણી એ તો જડ જોયા, જડ છે અને એમાં પુણ્ય-પાપના ભાવ છે એને આસ્રવતત્ત્વ જોયું છે. સમજાણું કાંઈ? અને એક સમયની અવસ્થામાં અલ્પજ્ઞપણું આદિ દેખાય છે એ તો વ્યવહારથી અંશમાં દેખાય છે. વસ્તુમાં ક્યાં અલ્પજ્ઞપણું છે? વસ્તુ ત્રિકાળ સર્વજ્ઞ પૂર્ણ આનંદસ્વભાવ છે. આહા..હા..! ઓહો..હો..!

વસ્તુ છે વસ્તુ છેને મહાન. સર્વજ્ઞપણું સર્વદર્શીપણું ક્યાંથી આવે છે? બહારથી આવે છે? અંદરમાં પડ્યા છે. તો પડ્યા છે ક્યાં? વસ્તુસ્વભાવમાં. જડમાં કર્મમાં નથી, રાગમાં નથી, અલ્પજ્ઞ દશા વર્તમાન વિકાસ છે એમાં નથી. એ તો એક સમયની અવસ્થા, અવસ્થા હાલત (છે). એ સિવાય આખો આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું તત્ત્વ એની ખબર ન મળે. ભગવાન કહે એના તત્ત્વની અને એની શ્રદ્ધાની ખબર ન મળે અને એને ધર્મ થાય! ધર્મ કેવી રીતે થાય? સમજાણું કાંઈ? ત્રિકાળનિરાવરણ ભગવાન વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. નિત્યાનંદ. એનો ખુલાસો નીચે છે.

નિત્યાનંદ-એકસ્વરૂપ. છેને? નિજકારણપરમાત્મા. નિત્ય આનંદરૂપ પ્રભુ કેવો છે? એકસ્વરૂપ આનંદ છે અંદર. એવો નિજકારણપરમાત્મા. નિજ નામ પોતાનો કારણસ્વરૂપ ધ્રુવ પરમાત્મા, પોતાનું દ્રવ્ય એ કારણપરમાત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? બતાવવા છે તીર્થંકર, પણ તીર્થંકર કઈ રીતે થયા? મોક્ષમાર્ગ પણ નાખી દીધો એમાં. આહા..હા..! કહે છે, ભગવાન! તું જે નિર્દોષપણું પ્રાપ્ત કરવા ચાહે છે એ નિર્દોષપણું આવશે ક્યાંથી? બહારથી એ વસ્તુ આવે છે? નિર્દોષપણું ઇચ્છે છે એ સદોષતાનો અભાવ કરવા ઇચ્છે છે, તો સદોષનો નાશ થવાથી નિર્દોષતા પૂર્ણ આવે છે ક્યાંથી? કોઈ બહારમાં પડી છે તો આવે છે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતરમાં જેનો ધ્રુવસ્વભાવ છે, નિત્ય સ્વભાવ છે, અસલી સ્વભાવ છે, કાયમી સ્વભાવ છે, ધ્રુવસ્વભાવ છે. એમાં બધી શક્તિઓ પૂર્ણ શુદ્ધ પડી છે. આહા..હા..!

એ નિત્યાનંદ-એકસ્વરૂપ, એકરૂપ. પર્યાયનો ભેદ નહિ. રાગરૂપ તો નહિ, કર્મરૂપ નહિ,

ભેદરૂપ નહિ. એ કારણે એકસ્વરૂપ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતાનું નિજસ્વરૂપ એકરૂપ. કેવું? શરીર, કર્મ છે એ તો જડ છે, એ તો અજીવ છે. પુણ્ય પાપના ભાવ થાય છે એ તો વિકલ્પ વિકાર છે અને વિકાસરૂપ એક સમયની ઉઘાડ દશા છે એ તો એક સમયનો અંશ છે. એ સિવાય આખી ચીજ દ્રવ્ય છે એ તો એકરૂપ છે. આ ભેદ, પર્યાયના અંશનો ભેદ પણ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ હીરાલાલજી! (વાત) પકડાય છે કે નહિ થોડી? ઠીક પણ આવ્યા. નવરા પડ્યા છે કે નહિ? આ કરવાની વસ્તુ છે, એણે કદી સાંભળી નથી.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્માએ આત્માને આવો જોયો છે કે તું આત્મા કેવો છો? કે ત્રિકાળ વસ્તુ છે એ નિરાવરણ છે અને નિત્યાનંદ (એકસ્વરૂપ છે). આનંદની પ્રધાનતાથી વાત કરવી છે. લોકોને આનંદ જોઈએ છેને? આનંદ જોઈએ છેને? તો ભગવાન આત્મા નિત્ય આનંદના રસથી ભરપૂર ભરેલો છે. જે અતીન્દ્રિય આનંદ ભગવાનને પ્રગટ થયો એ આવ્યો ક્યાંથી? એ અંતરમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એમાંથી એકાગ્ર થઈને આવ્યો છે. ઈ બતાવે છે. આહા..હા..! કંઈ પુણ્ય-પાપના રાગમાં એકાગ્ર થયો અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો, નિમિત્તમાં એકાગ્ર થયો અને પ્રગટ થયો, એક સમયની દશામાં એકાગ્ર થયો અને પ્રગટ થયો એમ નથી. સમજાણું કાંઈ? એકાગ્ર થાય છે પર્યાય, પણ થાય છે દ્રવ્યમાં એકાગ્ર. સમજાણું કાંઈ? પર્યાય એક સમયની પ્રગટ છે એમાં એકાગ્રતા ક્યાં છે? એ તો એક સમયનો અંશ છે. એક સમયની પર્યાય એકાગ્ર થાય છે ઈ પણ શેમાં? પર્યાય પર્યાયમાં એકાગ્ર નથી થતી. પર્યાય-અવસ્થા રાગમાં નહિ, નિમિત્તમાં નહિ. એક સમયની પ્રગટ જે જ્ઞાન, દર્શન, વીર્યની અવસ્થા છે એમાં એ પર્યાય એકાગ્ર નથી થતી. શું થાય એમાં? એ તો એક સમયની દશા છે. એનાથી રહિત ત્રિકાળ નિત્યાનંદ ભગવાન ધ્રુવસ્વરૂપ છે એમાં નિત્યાનંદપણું પડ્યું છે તે એકરૂપ છે. પર્યાયનો ભેદ પણ નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ત્રિકાળ વસ્તુ નિરાવરણ અને નિત્ય આનંદરૂપ, નિત્ય આનંદરૂપ અને એક જેનું સ્વરૂપ. એક જેનું સ્વરૂપ એટલે ભેદ નહિ. પર્યાયના અંશનો પણ ભેદ એમાં નથી. વસ્તુ અખંડ છે એવો એકસ્વરૂપ નિજકારણપરમાત્મા. નિજ પરમાત્મા હોં! ભગવાનના પરમાત્મા પરમાત્મા પાસે રહ્યા. એ પરમાત્મા જે થયા એ નિજકારણપરમાત્મા વસ્તુ હતી એવા નિજકારણપરમાત્માની ભાવના. ... અરે.. ભગવાન! શું કરે? આખી વાત ફેરવી નાખી. આખો માર્ગ વીતરાગનો... આ નિજ પરમાત્મા, ભગવાન જે થયા, સર્વજ્ઞ થયા અનંતચતુષ્ટય જે પર્યાયમાં પ્રગટ થયા એ અંતર વસ્તુમાં હતા એની શક્તિને નિજ કારણપરમાત્મા કહે છે. એ કારણપરમાત્માની એકાગ્રતાથી અંતરમાં એ સ્વભાવસન્મુખની એકાગ્રતાથી મહાન સ્વભાવ એ નિત્યાનંદ પ્રભુ છે એ તરફની એકાગ્રતાથી એમાં સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર થયા. એ ભાવનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય આવ્યા. આ નિયમસાર જે કહ્યું ઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

શબ્દ પડ્યા છે, ચોખ્ખા પડ્યા છે આ તો. સંસ્કૃતમાંથી શબ્દ છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત બે હજાર વર્ષ પહેલાં થયા એમનો શ્લોક છે. એની ટીકા દિગંબર મુનિ પદ્મપ્રભમલધારિદેવ આજથી નવસો વર્ષ પહેલાં થયા છે, એમની ટીકા છે. આ એનું હિન્દી છે, શબ્દેશબ્દ. કહે છે કે ભગવાન પરમેશ્વરપણું દશામાં પ્રાપ્ત થયું એમને દશામાં, હાલતમાં, પર્યાયમાં અનંતદર્શન, જ્ઞાન, આનંદ પરમાત્મ અરિહંતપદ પ્રાપ્ત થયું એ કેવી રીતે? અને જેને જ્યારે એ પદ અનંતકાળમાં પ્રાપ્ત થયું, થાય છે અને થશે, એ કેવી રીતે? એનો આત્મા નિજ વસ્તુ જે ધ્રુવ ત્રિકાલ એની ભાવના. ભાવના શબ્દે એકાગ્રતા. વસ્તુ સ્વભાવમાં એકાગ્રતા. સમ્યગ્દર્શનરૂપી પર્યાયની અંતર એકાગ્રતા, સમ્યગ્જ્ઞાન પર્યાયની એકાગ્રતા, ચારિત્રપર્યાયની એકાગ્રતા. એ ભાવનામાં નિશ્ચય સ્વદ્રવ્ય આશ્રય મોક્ષમાર્ગની પર્યાય એમાં સમાઈ જાય છે. એને અહીંયા ભાવના કહે છે. જેને પહેલાં માર્ગ કહ્યો હતો, કુંદકુંદાચાર્યે પહેલાં કહ્યું હતું કે હું '**मग्गो मग्गफलं**' હું મોક્ષનો માર્ગ અને મોક્ષમાર્ગનું ફળ કહીશ. તો આમાં બેય આવી જાય છે, જુઓ, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું.

અરે..! એની ચીજમાં આમ અતીન્દ્રિય આનંદરસ ઝરે છે. ખબર ન મળે. આ મધપુડો થાયને? મધપુડો માખીનો. શું કહે છે? મધમાખીનો છત એમાં માખી ઊડે છે. મધ ઝરે છે. એમાં છે તો ઝરે છે કે નથી ને ઉપરથી નીકળે છે? આત્મા અંદર અનંતઆનંદ-મધુ છતો અંદરમાં પડ્યો છે. સમજાણું કાંઈ? લ્યો, એ દાખલો આવ્યો. આ કોઈ દિ' આવ્યો નહોતો. આ તો સ્વભાવના ફળમાં અતીન્દ્રિય આનંદ છે, અંદર પડ્યો છે. સમજાણું? જેમ પરમાણુના તળમાં અનંત રંગ, ગંધ, રસ, સ્પર્શની શક્તિ છે તો એમાંથી પ્રવાહ વહે છે, સમજાય છે? સવારે આવ્યું હતુંને ચર્ચામાં નહિ? સ્વાધ્યાય. એમાંથી પ્રશ્ન ઉઠ્યો હતો. આવ્યું હતું, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. એક પરમાણુ આમ પરિણમે છે. આ આત્મા! અનંત અનંત પરમાણુ જેમ પુદ્‌ગલની શક્તિની ખાણ છે, નિધિ, એમ ભગવાન અતીન્દ્રિય ચૈતન્ય આનંદગુણની ખાણ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! પરમાણુમાં પણ અનંત રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાય .. અનંત અનંત છે. એવી પર્યાય અનંત વાર થાય છે. એવી એવી પર્યાય ક્યાંથી આવે છે? આટલો સૂક્ષ્મ પરમાણુ. આ સ્વભાવની વાત છે, સ્વભાવ છે. એ આટલું ક્ષેત્ર છે એમ નહિ, એનો સ્વભાવ. અચેતન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવ. સ્વભાવનો પિંડ છે તો એમાંથી પર્યાય, એવી રૂપી પર્યાય ચાલી આવે છે.

એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં વર્તમાનમાં મોજૂદ ચીજ નિત્ય એકરૂપ ભગવાન આત્મા એની ભાવના, એના એકાગ્રતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકાગ્રતાલક્ષણ મોક્ષમાર્ગ કહે છેને? પ્રવચનસાર. લ્યો, પ્રવચનસારમાં આવે છે, એકાગ્રતાલક્ષણ. શુદ્ધાત્મતત્ત્વ

પ્રવૃત્તિરૂપ એકાગ્રતાલક્ષણ મોક્ષમાર્ગ. શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ એકાગ્રતા મોક્ષમાર્ગ. ભગવાન આત્મા શુદ્ધ શુદ્ધ સત્ત્વનો પિંડ એ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ, એના તરફ જે પરિણતિ થઈ અને એકાગ્રતા, અંતરમાં એકાગ્રતા થઈ એનું નામ અહીંયા ભાવના, એનું નામ મોક્ષમાર્ગ, એનું નામ માર્ગ કહેવામાં આવે છે. એ માર્ગથી માર્ગનું ફળ ભગવાનને આવ્યું. સમજાણું કાંઈ?

નિજકારણપરમાત્મા! આહા..હા..! આ ભાષા. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અંતર શક્તિનું સત્ત્વ હતું એમાં એકાગ્ર થયો. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? એવા મોક્ષમાર્ગથી ઉત્પન્ન મોક્ષ અનાદિનો નથી પર્યાયમાં, વસ્તુ તરીકે મુક્ત છે, પણ પર્યાયમાં જે મુક્તિ—સિદ્ધપદ થાય છે એ અનાદિથી નથી. મોક્ષપર્યાય આવી ભાવનાથી ઉત્પન્ન (થાય છે). ભાવના એ પર્યાય છે. આ એકસ્વરૂપ પરમાત્મા તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આ દ્રવ્ય અને પર્યાય કોઈ દિ' (સાંભળ્યા ન હોય). વીતરાગના પહેલાં એકડાના આ નામ છે. એ પણ સાંભળ્યું ન હોય, સમજ્યો નહિ.

અહીંયા ત્રિકાળ પરમાત્મા, એવો જે પરમાત્મા. એવો શબ્દ પડ્યો છેને? પછી લીટી કરી છે. અર્થાત્ એ પરમાત્મા. અર્થાત્ '**ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્મા...**' એમ. એ.. ન્યાલભાઈ! કોઈ દિ' અપાસરામાં આવો શબ્દ પણ નહિ આવ્યો હોય એને. આહા..હા..! આમ કહેવાનો હેતુ (એ છે કે) જ્યાં તારે લક્ષ કરવાનું છે એ લક્ષવાળી વસ્તુ કેવી છે? જ્યાં તારે લક્ષ કરવાનું છે, જ્યાં તારે ધ્યેય બનાવવાનું છે, જ્યાં તારી ભાવના નામ એકાગ્રતા કરવી છે એ એકાગ્રતા કરવાની વસ્તુ કેવી છે? લ્યો, આ સંતો દિગંબર મુનિઓએ જંગલમાં સર્વજ્ઞ પરમેશ્વરને કહેલો માર્ગ ખુલ્લો કરી નાખ્યો. માર્ગ આવો છે, ભાઈ! (શ્રોતા :— આપે એમનું હૃદય ખોલી નાખ્યું! એમના હૃદયની વાત કહી દીધી!) આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન વસ્તુ છે કે નહિ? દ્રવ્ય વસ્તુ, દ્રવ્યસ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. વસ્તુ એટલે ચૈતન્યસ્વભાવ. તો ચૈતન્યસ્વભાવ એ ધ્રુવસ્વભાવ. અનંતગુણરૂપ ચૈતન્યસ્વભાવ એ વસ્તુ છે એનું એકરૂપ અહીંયા આત્માને લેવો. ગુણભેદ પણ નહિ, પર્યાયભેદ નહિ. એવો એકરૂપ પરમાત્મા. લીટી કરીને કહ્યું. કેવો? '**ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્મા...**' નિત્યાનંદની વ્યાખ્યા કે એકસ્વરૂપ નિજકારણપરમાત્મા. ઓલો એકરૂપ નિત્ય છેને એની એકાગ્રતાથી ઉત્પન્ન. એ ભાવના પણ નવી ઉત્પન્ન થઈ છે. વસ્તુ ત્રિકાળ જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્યમાં એકાગ્રતાથી ઉત્પન્ન થયેલી મોક્ષમાર્ગની પર્યાય—ભાવના એનાથી પ્રગટ થવાવાળો કાર્યપરમાત્મા, એનાથી પ્રગટ થયા સર્વજ્ઞદેવ. પરમાત્મા અરિહંત કઈ રીતે થયા? કે પરમાત્મા પોતાના નિજસ્વરૂપની એકાગ્રતારૂપી પર્યાયથી, કારણથી કારણપરમાત્મા નિજદ્રવ્ય એની એકાગ્રતારૂપી કારણ મોક્ષમાર્ગ એનું કાર્ય કેવળજ્ઞાનાદિ કાર્યફળ એ મોક્ષ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કેટલો સમય લાગે કાર્યફળ આવતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંતર્મુહૂર્ત. સમજાણું કાંઈ? ત્રણેની વાત છેને. ત્રણે અંતર્મુહૂર્ત પૂર્ણ એકાગ્ર થઈ જાય તો અંતર્મુહૂર્તમાં કેવળ (થઈ જાય). સંસારનો અભાવ અને મોક્ષ. આઠ વર્ષનો... અનાદિનો કોઈ જીવ નિગોદમાંથી નીકળ્યો હોય અને મનુષ્યપણું પહેલુંવહેલું પામ્યો હોય, આઠ વર્ષની ઉંમર હોય અને ભગવાન પાસે સાંભળતો હોય અને સાંભળતા જ આત્મજ્ઞાન થયું અંતર્મુહૂર્તમાં, ફડાક! દર્શન થયું તે થયું, સ્થિરતા થઈ, ચારિત્ર થયું અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લ્યે છે. અનાદિશાંત સંસાર અને સાદિઅનંત કેવળજ્ઞાન એણે પ્રાપ્ત કરી લીધું અંતર્મુહૂર્તમાં. એ.. દેવાનુપ્રિયા! આહા..હા..!

ઇન્દ્રિયપ્રત્યક્ષને પ્રત્યક્ષ કરનારું જ્ઞાન. જાણે કોણ? આ જ્ઞાન જાણે છે કે.. આ તો ધૂડ માટી છે. જાણવાની જે આંખ છે વર્તમાન એ પર્યાય છે અને જેની આંખ છે એ આખું દ્રવ્ય છે પૂર્ણ જ્ઞાનનેત્રથી ભરેલું છે. વસ્તુ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કેવો કહ્યો એ સાંભળવા મળે નહિ, સમજાય નહિ તો ક્યાંથી ધર્મ થાય? ધર્મ તો પર્યાય છે. ધર્મ કરવો એ તો પર્યાય છે. અધર્મનો નાશ કરવો એ અધર્મ પણ પર્યાય છે. તો અધર્મનો નાશ કરીને ધર્મપર્યાય ક્યાંથી પ્રગટ થાય છે? એ વસ્તુ સ્વભાવમાં નિર્દોષ પરમાત્મા નિજસ્વરૂપ નિજ કારણપ્રભુને ધ્યેય બનાવવાથી, જેમાં લક્ષ કરવાથી, જેમાં ત્રાટક કરવાથી, અભેદમાં લીન થવાથી કાર્યપરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? કાર્યપરમાત્મા એટલે? જે વસ્તુ છે ત્રિકાળ એ કારણપરમાત્મા. એની એકાગ્રતા એ મોક્ષનો માર્ગ. એના ફળરૂપે આત્માની કેવળજ્ઞાન, કેવળદર્શન, અરિહંતપદ જે પ્રાપ્ત થયા એ મોક્ષદશા છે. એને અહીંયા કાર્યપરમાત્મા કહે છે. કાર્યપરમાત્મા અને કારણપરમાત્મા... ભારે ભાષા, ભાઈ! સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવનો પંથ માર્ગ શું છે સમજાય નહિ, સાંભળવા મળે નહિ એનો રસ્તો ક્યાંથી નીકળે? એમને એમ અંધાધૂંધ અનાદિકાળથી ચાલ્યો આવ્યો છે, આંખ મીંચીને ચાર ગતિમાં. કોઈ ક્યાંય શરણ નથી. જ્યાં શરણ છે એ વસ્તુ કેવી છે એની ખબર નથી. કેવી છે? ક્યા પ્રકારે છે? એવી છે કે નહિ? એની ખબર નથી તો ક્યાં એકાગ્રતા કરશે? સમજાણું કાંઈ?

પદ્મપ્રભમલધારિદેવ શ્લોકની ટીકા કરે છે. જુઓ, પાઠ તો એમ છે, '**केवलणाणाइपरमविभवजुदो। सो परमप्पा उच्चइ**' એને પરમાત્મા કહે છે. તો પરમાત્મા કઈ રીતે પ્રગટ થયા? એમ કાઢ્યું એમાંથી. '**णिस्सेसदोसरहिओ**' કીધુંને? સમજાણું કાંઈ? દોષરહિત તો પર્યાય થઈ, નિર્દોષસહિત તો પર્યાય થઈ. વસ્તુ કેવી છે?

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. ભગવાને સત્‌ની આવી વ્યાખ્યા કહી છે, ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્રમાં. દસલક્ષણીપર્વમાં ઈ ચાલે છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. સત્ જે વસ્તુ છે એમાં ત્રણ અંશ છે—નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, જૂની અવસ્થા—પર્યાયનું વ્યય થવું, સદશ્યપણે ધ્રુવ સત્ રહેવું—એ ત્રણે મળીને દ્રવ્ય સત્ કહેવામાં આવે છે. તો આત્મા પણ સત્ દ્રવ્ય

છે. તો ત્રણે અંશમય છે. પૂર્વની અવસ્થા દોષ આદિ છે તેનો વ્યય કરીને, નવી અવસ્થા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અથવા મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ અને ધ્રુવ સત્ તો ત્રિકાળ છે. ત્રિકાળ ધ્રુવ છે એમાં એકાગ્ર થઈને નવી પર્યાયનું ઉત્પન્ન થવું, જૂના વિકારનો નાશ થવો એનું નામ મોક્ષમાર્ગ. પછી મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થવો, મોક્ષની પર્યાય ઉત્પન્ન થવી એ કાર્યપરમાત્મા. આહા..હા..! આ તો સત્‌ની વ્યાખ્યા છે. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' અને 'सत् द्रव्य लक्षणं'.

એ તો ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં પહેલેથી કહ્યું. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. તત્ત્વાર્થ -જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષઃ તત્ત્વ. તો એમાં જીવતત્ત્વ કયુ કે જે સત્‌રૂપ છે, જેમાં ત્રણ અંશ છે. સત્‌રૂપ ધ્રુવ એ કારણપરમાત્મા ત્રિકાળ અનંતગુણનો પિંડ તે કારણપરમાત્મા, તે ધ્રુવ. એમાં જે અધ્રુવ દોષ છે, સંસારરૂપી દોષ કાઢવા માટે એ ધ્રુવમાં એકાગ્ર થવાથી નવી શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે તો દોષનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ઈ વાત કરે છે. દોષરહિત થયા તો ઉત્પન્ન શું થયું? ઉત્પન્ન થયું તો કેવી રીતે, કોનાથી ઉત્પન્ન થયું? એમ કહે છે. આહા..હા..! પોતાની સામું જોવાનો કદી અવસર જ મળ્યો નથી, સાંભળવા જ મળ્યું નહિ. શું છે અંદર? હું તો જાણે માલ વિનાની ચીજ. હું કોણ છું અંદર? કાયમ રહેવાવાળી ચીજમાં શું છે અંદર? અને પલટતી દશામાં શું છે? પોતાના ને પોતામાં હોં! આહા..હા..!

અહીંયા તો બહુ થોડા શબ્દમાં દ્રવ્યને, મોક્ષમાર્ગને અને મોક્ષને સમાડી દીધા છે, બતાવી દીધા છે. આહા..હા..! આવા પરમાત્મા થયા એવા પરમાત્માને સમ્યગ્દષ્ટિ પોતાના કારણપરમાત્માની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તો એને આવા કાર્યપરમાત્માની વ્યવહારશ્રદ્ધામાં આવા પરમાત્મા માને છે. કોઈ અનાદિના પરમાત્મા છે, જીવ છે, કર્તા છે એમ કોઈ છે નહિ. સમજાણું કાંઈ?

સાંભળવાનો ઉકેલ ક્યાં નથી થતો? એમ કે સાંભળવામાં જરી ઝીણું પડે છે, એમ કહે છે. આ વાત તો આટલી સીધી સાદી (ભાષામાં) કહેવાય છે એમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણના એવા કોઈ શબ્દની જરૂર નથી. વસ્તુ છે કે નહિ વસ્તુ? પીપર છે કે નહિ લીંડીપીપર? તો એમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે એને આવરણ છે? એ તો ત્રિકાળ ધ્રુવ છે અંદરમાં. પીપરનો દાણો નથી હોતો? લીંડીપીપરનો. ચોસઠ પહોરી તીખાશ પડી છેને? તીખાશ, તીખાશ અમારે કહે છે કાઠિયાવાડમાં. તમારે ચરપરાઈ કહે. અને લીલો રંગ પડ્યો છે અને સુંવાળપ છે. સુંવાળપને શું કહે છે? મુલાયમ. મુલાયમપણું અંદર પડ્યું છે તો પ્રગટ થાય છે. સુંવાળી, લીલી તીખાશ પ્રગટ થાય છે. ક્યાંથી પ્રગટ થાય છે? અંદર છે તો પ્રગટ થાય છે. પથરાથી થાય છે? પણ ખરલ અને દસ્તાથી થાય તો કોલસા અને કાંકર ઘૂંટે. કોલસા અને કાંકરા ઘૂંટી નાખે ચોસઠ પહોર. ક્યાંથી નીકળે? અંદર છે જ નહિને. કોલસા અને કાંકરા ચોસઠ

પહોર ઘૂંટે તો? ચોસઠ પહોર ઘૂંટે છે. શું છે? કોલસાનો લોટ થાય છે. પીપરમાં તીખાશ ચોસઠ પહોરી પડી છે, સોળ આના, રૂપિયો લીલો રંગ. શું કીધું? મુલાયમ અંદર સુંવાળી, સુંવાળી શક્તિ પડી છે અને ગંધ પણ એવી અંદર પડી છે.

એમ ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, વીર્ય સ્વચતુષ્ટય મહા અંદર પડ્યા છે. આહા..હા..! અરે..! ભગવાન! તારું કાર્ય કરવું હોય તો બહારથી નથી થતું. તારું કાર્ય તારા આત્માના અંતર સ્વભાવના સાધનથી થાય છે. તો આત્મા શું છે એને સમજ્યા વિના એનું સાધન કેવી રીતે કરે? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ... દુરબીનથી દેખોડોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ દુરબીનથી દેખાડીએ છીએને, જુઓને! જોવાવાળાને આંખ તો એની જોઈએને. કે જોવાવાળાને બીજો દેખાડે છે? એણે જ્ઞાનમાં જોવું પડશે કે નહિ? આહા..હા..!

**શ્રોતા :—** સંતાડી રાખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સંતાડી રાખ્યો છે એણે. માનીને સંતાડી રાખ્યો છે એણે, મૂઢ થઈને. જેચંદભાઈ! અહીં તો મૂઢ અને અજ્ઞાની બે શબ્દ વાપરે છે, કુંદકુંદાચાર્ય. '**अण्णाणी मूढो**' આવે છેને? સમયસાર. બંધ અધિકારમાં, '**अण्णाणी मूढो**'. તને ભાન નથી? મૂઢ છો. બે શબ્દ વાપરે છે. એ કુંદકુંદાચાર્યના શબ્દો છે. કંઈ ખબર નથી, ખબર નથી. આ આત્મા શું છે? કાયમની વસ્તુ અંદર શું છે? પલટતી દશા શું છે? પલટવું શેમાં થાય છે? પલટવું અને કાયમ મળીને પ્રમાણનો વિષય શું વસ્તુ છે? સમજાણું કાંઈ? કેટલું નાખ્યું છે જુઓ,

પરમાત્માની ભાવનાથી પોતાનું નિજસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ભગવાન આત્માની એકાગ્રતાની ભાવનાથી કેવળજ્ઞાનીને પરમાત્મપદ પ્રાપ્ત થયું છે. એ પરમાત્મપદ થયું એ નવું થયું માટે કાર્ય કહેવામાં આવે છે. ત્રિકાળ વસ્તુ છે તેને કારણ કહેવામાં આવે છે અને મોક્ષના માર્ગને કારણમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે.**' તે જ ભગવાન અર્હંત પરમેશ્વર છે. આવાને અર્હંત પરમેશ્વર કહેવામાં આવે છે. '**આ ભગવાન...**' ભગવાન એટલે મહિમાવંત, અર્હત કોઈ ખામી બાકી રહી નથી. એવા પરમેશ્વરને અરિહંત પરમેશ્વર કહેવામાં આવે છે. આમ સમજ્યા વિના અરિહંત પરમેશ્વર, અરિહંત પરમેશ્વર બોલે પણ અરિહંતની શું દશા છે? કઈ રીતે પ્રગટ થાય એની ખબર નથી તો અરિહંતને જાણતો નથી.

**શ્રોતા :—** માળા ફેરવે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માળા ફરે એમાં ક્યાં છે? લાકડાના પથરા ફરે છે. ભાવ ફરે છે કે નહિ અંદર? ભાવ ફર્યા વિના... વસ્તુ શું છે એ સમજ્યા વિના લાકડાના પારા ફરે

એમાં શું આવ્યું? નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં... શુભરાગ થયો, શુભરાગ. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

**'આ ભગવાન પરમેશ્વરના ગુણોથી...'** જુઓ, આવા પરમેશ્વર વીતરાગદેવ એના **'ગુણોથી વિપરીત...'** ભગવાન પરમેશ્વરના ગુણોથી. ગુણ શબ્દે પર્યાય. **'વિપરીત ગુણોવાળા બધા (દેવાભાસો)...'** બધા કહે, અમે દેવ છીએ, બ્રહ્મા ને વિષ્ણુ ને મહેશ ને શંકર.. કોઈ દેવ નથી. સાચા દેવ સર્વજ્ઞ આવા પરમાત્મા એને સાચા દેવ (કહેવાય). આવા દેવને સમકિતી સાચા દેવ માને છે. બીજાને દેવ માનતો નથી. સમજાણું કાંઈ? **'ભલે દેવત્વના અભિમાનથી દગ્ધ હોય...'** માનો. અમે દેવ છીએ, આમ છીએ. જગતના કરનાર, નાશ કરનાર, રક્ષા કરનાર, ઉત્પન્ન કરનારા ને બધા ખોટા છે. એ દેવ માને કે અમે દેવ છીએ. સમજાણું કાંઈ? **'ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત...'** ભલે. ભલે શબ્દ તમારે આવે છે હોં! **'ભલે દેવત્વના અભિમાનથી દગ્ધ હોય...'** બળી ગયેલા છે અભિમાનથી. **'તોપણ, સંસારી છે.'** આવા પરમેશ્વર સિવાય કોઈ દેવ કહે કે અમે દેવ છીએ, (તો) એ સંસારી છે. સમજાણું કાંઈ? આવા અર્હંત પરમેશ્વર વીતરાગ પોતાની પર્યાયમાં પૂર્ણ આનંદ આદિ પ્રગટ થયા અંતર સ્વભાવનું અવલંબન લઈને, એવા ભગવાનને ભગવાન કહે છે. આવા ભગવાનને પોતાના સ્વભાવમાં દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું એવા સમ્યગ્દૃષ્ટિ આવા ભગવાનને વ્યવહારશ્રદ્ધાનમાં માને છે અને તેમના કહેલા આગમને માને છે અને એમના કહેલા તત્ત્વોના માને છે. એ માનવું એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. નિશ્ચયસમકિત તો પોતાના દ્રવ્યના આશ્રયે થયું, એની સાથે રાગ છે તેને વ્યવહારસમકિત કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૨, બુધવાર, તા. ૯-૦૩-૧૯૬૬,**
**ગાથા-૭, ૮, શ્લોક-૧૪, ૧૫, પ્રવચન નં. ૧૫**

આ નિયમસાર, પહેલો જીવ અધિકાર ચાલે છે. એની સાતમી ગાથા. એમાં આધાર આપે છે, ભગવાનના ગુણગ્રામની. વાત તો એ ચાલે કે વ્યવહારસમકિતમાં ધર્મીજીવને દેવ, આગમ અને તત્ત્વની શ્રદ્ધા હોય છે. એમાં કેવા દેવની? કે આવા દેવની શ્રદ્ધા હોય છે કે જેનું સ્વરૂપ ચાલે છે.

'**એવી જ રીતે (ભગવાન) શ્રી કુંદકુંદાચાર્યદેવે (પ્રવચનસારની ગાથામાં) કહ્યું છે કે...**' જયસેનાચાર્યદેવની ટીકામાં આ શ્લોક આવે છે.

तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं।
तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो।।

ભગવાન તીર્થંકરદેવને સમકિતીને ભક્તિયોગ્ય, વ્યવહાર ભક્તિયોગ્ય છે એ પરમાત્મા કેવા છે? કે જેને '**તેજ (ભામંડળ),...**' છે. ભા—પ્રભા. ... શરીરની આસપાસ પ્રકાશ-.. ભા એટલે પ્રભા, પ્રભામંડળ છે. એટલું જેનું પુણ્ય છે એટલે ભામંડળ છે. '**દર્શન (કેવળદર્શન),...**' છે.

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આખા શરીરમાં. દેખાય છે કે નહિ આ? સમજાણું કાંઈ? ઈ તો સ્પષ્ટ કરેને. એવી પુણ્ય પ્રકૃતિ છે કે એનો પ્રકાશ આખા શરીરમાં આમ બહાર દેખાય છે. એમાં નજર કરે તો સાત ભવ દેખાય એવું એ ભામંડળ છે. જેને કેવળદર્શન છે. ત્રણકાળ, ત્રણલોકના જગતમાં વર્તનારા દ્રવ્ય, ગુણ અને પર્યાય એક સમયમાં સામાન્યપણે દેખે એવું પરમાત્માને કેવળદર્શન હોય છે.

'**જ્ઞાન (કેવળજ્ઞાન),...**' એક સમયમાં વિશેષપણે ભિન્ન-ભિન્નપણે દરેક પર્યાયને, ગુણને, દ્રવ્યને જુદી-જુદી રીતે એક સમયમાં ભેદ પાડીને જાણે છતાં વિકલ્પ નહિ એવી જે જ્ઞાનની તાકાત—સામર્થ્ય તેને જ્ઞાન—કેવળજ્ઞાન કહે છે. એવા ભગવાન અરિહંતને એવું જ્ઞાન હોય છે. '**ઋદ્ધિ (સમવસરણાદિ વિભૂતિ),...**' બે ગુણ કહ્યા, એક બહાર પ્રભામંડળનું પુણ્ય કહ્યું, પાછું બહારનું પુણ્ય કહ્યું. સમવસરણાદિ વિભૂતિ જે બીજાને હોય નહિ. ઈન્દ્રો જેની વિભૂતિ રચે, બહાર સમવરસણ. એવા વિભૂતિવાળા. '**સૌખ્ય (અનંત અતીન્દ્રિય સુખ),...**' જેને હોય છે. અનંત બેહદ જેને પ્રગટ પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સુખનો અનુભવ હોય છે, એને પરમેશ્વર કહેવાય છે.

'**(ઈન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું) ઐશ્વર્ય,...**' છે. સમજાણું? ઈન્દ્રો પણ જેને દાસપણે વર્તે એવી તો એની ઈશ્વરતા છે. એટલી ... છે. ઈન્દ્રનો વૈભવ અર્ધલોકના સ્વામી આમ નમી જાય. દાસ.. દાસ. એવી તો જેની પુણ્યપ્રકૃતિ અને પવિત્રતા બેયમાં પૂરા ભગવાન છે. સમજાણું કાંઈ? '**(ત્રણલોકના અધિપતિઓ...)**' પહેલાં ઐશ્વર્ય કીધું. '**(ઈન્દ્રાદિક પણ દાસપણે વર્તે..)**' એને દાસપણે વર્તવાનું કહેવું ન પડે, એ જ વર્તે એની મેળાએ. એટલી એની ઈશ્વરતા દેખાય. દિવ્યધ્વનિ, સમવસરણની, કેવળજ્ઞાન અંતર વિભૂતિની અને બહારની વિભૂતિ. ભગવાન સમવસરણમાં બિરાજમાન હોય, ઈન્દ્રો અર્ધલોકના સ્વામી, ક્રોડો ઈન્દ્રાણીના સ્વામી, અસંખ્ય દેવના નાથ દેવો પણ ત્યાં આવીને દાસપણે વર્તે એવી એની વિભૂતિ--ઐશ્વર્યતા છે. એને અરિહંત ને પરમેશ્વર તીર્થંકર કહેવાય છે. એ તીર્થંકરને સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી ભક્તિમાં માને છે.

'**(ત્રણલોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ)...**' ત્રણલોકના અધિપતિને વલ્લભ છે ભગવાન, વ્હાલા છે. '**ત્રિભુવનપ્રધાનવલ્લભપણું,...**' '**तिहुवणपहाणदइयं**' છેને? ત્રણ લોકમાં વર્તનારા પ્રધાન પુરુષો એને પણ તે ભગવાન વલ્લભ છે. '**આવું જેમનું માહાત્મ્ય છે, તે અર્હંત છે.**' કહો, સમજાણું કાંઈ? આવી જેની અંતર અને બાહ્ય ઋદ્ધિમાં બેય પૂરા, એને અરિહંત પરમેશ્વર તીર્થંકર કહેવામાં આવે છે. એને સમ્યગ્દૃષ્ટિ ભક્તિથી શ્રદ્ધામાં બહુમાનથી માને છે. એ સિવાય બીજા પરમાત્માને માને નહિ. બીજા દેવાભાસને ન માને.

'**વળી એ જ રીતે (આચાર્યદેવ)...**' ઓલો ખુલાસો આવી ગયોને નીચે... '**શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (આત્મખ્યાતિના ૨૪મા શ્લોકમાં-કળશમાં) કહ્યું છે કે :**'

(શાર્દૂલવિક્રીડિત)

**कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।**

જે ભગવાનના શરીરની કાન્તિથી, જેની કાન્તિ શરીરની એટલી હોય છે (કે) '**દશે દિશાઓને ધુએ છે...**' એટલે દશે દિશાઓમાં અંજવાળુ કરે છે. ધોએનો અર્થ ઈ. '**નિર્મળ કરે છે,...**' એટલે અંધારુ રહેતું નથી. જ્યાં ભગવાન બિરાજે ત્યાં મોટો જાણે હજારો સૂર્યનું તેજ હોય એવું એનું શરીર. ચારે કોર અંજવાળુ.. અંજવાળુ.. અંધારુ ક્યાંય હોય નહિ. વગર સૂર્યે અંજવાળુ. રાત્રિમાં પણ વગર સૂર્યે અંજવાળુ. એવું તો એના શરીરના પરમાણુનું તેજ, આમ કાન્તિમય કિરણો પડતા હોય. એવું તો જેનું પુણ્ય હોય છે એમ કહે છે. શરીર એવું હોય છે બાહ્ય જડ.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એની હદ પ્રમાણે. વાત સાચી એમનો પ્રશ્ન એની મર્યાદા પ્રમાણે.

**‘જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...’** એટલું તેજ છે કે સૂર્યના તેજ અને ચંદ્રના તેજ ગમે એટલા હોય, બધાને ઢાંકી દે એવા તો શરીરની પ્રભા-ભા એટલો પ્રકાશ નીકળે કે સૂર્યના તેજને ઢાંકી દે. **‘જેઓ રૂપથી જનોના મન હરી લે છે,...’** એવું તો સુંદર રૂપ હોય છે ભગવાનનું કે ઇન્દ્રોના મન પણ હરાઈ જાય છે. એવું (અંગ) એક એક નમણું. શરીરનો દરેક અવયવનો દરેક ભાગ નમણો અને લાવણ્યવાળો. પૂર્ણ પુણ્ય ન્યાં ન હોય તો પછી ક્યાં હોય? પૂર્ણ પુણ્ય થયા છે. **‘જેઓ દિવ્યધ્વનિ વડે...’** દિવ્યધ્વનિ ૐ અવાજ નીકળે ભગવાનના મુખમાં. અહો..! **‘(ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય...’** કાનમાં જાણે અમૃત વરસતું હોય એવું ભવ્યોને સુખ ઉત્પન્ન કરે છે. એવી વાણીની મીઠાશ દિવ્યધ્વનિની વચન ચતુરાઈ એવી મીઠાશવાળી હોય, મીઠાશવાળી હોય.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવી વાત છે. આવું હોય તો યાદ રહે અને ચિત્ત ચોંટે કહે છે. ઓલી આત્માની વાત ઝીણી પડે એમાં ચિત્ત ન ચોંટે. આ તો વ્યવહારસમકિતમાં માનવાયોગ્ય તીર્થંકર આવા હોય એમ કહે છે. એમ. ચિત્ત જેનું આત્મામાં ચોંટ્યું હોય એને આવા માનવાલાયક છે એમ કહે છે. એમ કે આમાં ખબરેય પડે કે આ.. આ.. પણ જેને ચૈતન્યના તેજ અને ચૈત્યના આનંદની જેને અંતર્મુખ દૃષ્ટિ અને અનુભવ થયા એને આવા ભગવાન વ્યવહારમાં શ્રદ્ધામાં વર્તે છે. વ્યવહારસમકિતમાં આવા માન્ય છે એને, બીજા દેવ માન્ય હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો એક પુણ્યપ્રકૃતિની વાત છે. પવિત્રતા તો કેવળજ્ઞાન, કેવળદર્શનની છે.

**‘અને જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,...’** શરીરમાં. લક્ષણો જ એવા એના આખા શરીરમાં હોય છે, એક હજાર અને આઠ. **‘તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.’** ભેગું કરી નાખ્યું. તે તીર્થંકર... એવા તીર્થંકરો સમ્યગ્દૃષ્ટિને વંદન કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? વાત તો ઈ ચાલે છેને. આપ્ત, આપ્તની વ્યાખ્યા ચાલે છે. આગમની પછી ચાલશે અને તત્ત્વાર્થની પછી ચાલશે. આપ્ત, આગમ અને તત્ત્વાર્થની શ્રદ્ધા તેને વ્યવહારસમકિત કહે છે. એમાં આપ્તની તીર્થંકરની વ્યાખ્યા ચાલે છે. કહો, સમજાણું?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, કહેવાય, બધું કહેવાય. ભેગુ ઓલામાં આચાર્ય કહ્યા. મોટા સૂરી, મોટા આચાર્ય છે.

‘વળી, **(સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છે :—)**’ એ તો બ્રહ્મચારી ભગવાન

નેમિનાથની સ્તુતિ કરે છે. પહેલાં પણ આવ્યું હતું, ફરીને આવે છે. આહા..!

(मालिनी)

जगदिदमजगच्च ज्ञाननीरेरूहान्त-
र्भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम्।
तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं
जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम्।।१४।।

'**શ્લોકાર્થ :— જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે...**' ભગવાન નેમિનાથ આદિ તીર્થંકરો. અહીં નેમિનાથની પ્રધાનપણે સ્તુતિ કરે છે. પોતે પદ્મપ્રભમલધારિદેવ બાળબ્રહ્મચારી છે, મુનિ છે, જેના મુખમાંથી આગમ ઝરે છે. એવા પંચમહાવ્રતધારી અઢ્યાવીસ મૂળગુણના ધરનાર વ્યવહારે, નિશ્ચય તો અંદર શુદ્ધોપયોગરૂપી પરિણતિના ધરનાર છે. સમજાય છે કાંઈ? એવા આચાર્ય મુનિ.. મુનિને પાંચ આચાર હોય છે, એમ નહિ કે આચાર્યને જ પાંચ આચાર હોય છે. એ કહે છે કે '**જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે, તેમ જેમના જ્ઞાનકમળમાં...**' જ્ઞાનકમળ. આત્માનું જ્ઞાનકમળ એટલું ખીલેલું છે ભગવાન નેમિનાથને કે '**આ જગત તેમ જ અજગત...**' ભાષા જુઓ આ વાપરી છે. પાઠમાં છેને? '**जगदिदमजगच्च**' આ લોક તે જગત છે અને ખાલી અલોક તેને અજગત કહેવામાં આવે છે. અજગત. આ લોક તો એ અલોક, આ જગત તો એ અજગત. એમ. '**જગત તેમ જ અજગત (-લોક તેમ જ અલોક) સદા...**' સદા '**સ્પષ્ટપણે સમાઈ જાય છે...**' જુઓ, જ્ઞાનમાં સમાઈ જાય એટલે જણાઈ જાય છે ભગવાનના જ્ઞાનમાં. ઓહો..! આ ચૈતન્યની ઋદ્ધિ! ઓલી બહારની ઋદ્ધિ બતાવી હતી.

એના જ્ઞાનની નિર્મળતા, જેનો સ્વભાવ જ્ઞાન અને સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવ.. એકલું સ્વભાવરૂપે જ્યાં પરિણમીને રાગમાં અટકવું રહી ગયું અને એકલો નિર્મળાનંદ પૂર્ણ જ્ઞાનપ્રકાશ, જગત અને અજગત, લોક અને અલોક સ્પષ્ટપણે, સ્પષ્ટપણે અને તે સદા, જ્યારથી પ્રગટ થયું ત્યારથી સદાય. આહા..હા..! એ કેવળજ્ઞાનદશા એમાં કમળમાં ભ્રમર... સમજાય છે? કમળ મોટું અને ભ્રમર નાનો, એમ થયું કે નહિ? આવડા કમળમાં. એમ ભગવાનના જ્ઞાનમાં લોકાલોક તો ભ્રમરની જેમ સમાઈ ગયા ક્યાંય. એકલો જ્ઞાનનો પ્રકાશ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જેનો સ્વભાવ જ જ્યાં ખીલી ગયો, જે સ્વભાવરૂપે હતું એ પ્રગટરૂપે (થઈ ગયું).

'**सहाव**' કહ્યું હતુંને પહેલું? કેવળ '**केवलणाणदंसणसहाव**' પહેલું કહ્યું હતું, વીરમાં. પહેલી ગાથા. ભગવાન વીર કેવા છે? એમ કરીને. '**णमिउण**' જેનો સ્વભાવ જ કેવળજ્ઞાન એક સમયમાં પરિણમન જ જેનું આખું નિર્મળ પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ થઈ ગયો એના જ્ઞાનમાં, કહે છે, જગત અને અજગત કમળમાં જેમ ભમરો હોય એમ સમાઈ ગયા છે.

આહા..હા..! એના આખા વાંધા અત્યારે કાઢે છે કે આમ છે ને એણે આમ જાણ્યું, એણે ફલાણું જાણ્યું... અનિયત જાણ્યું. અહીં તો કહે છે, એક સમયમાં એ તો ત્રણકાળ, ત્રણલોક અને અલોક તો સમાઈ ગયા છે, અંદર પેસી ગયા છે. એનાથી અનંતગુણું હોત તો પણ કેવળજ્ઞાન જાણત. એમાંથી પાછું એક બીજું કાઢે છે. શું કાઢે છે? કહોને, શું કીધું? નિમિત્તવાળો શું કાઢે એમાં? એમ કે બીજા જ્ઞેયો નથી માટે જાણતા નથી. શું (કહ્યું)? શક્તિ ભલે ઘણી છે, પણ (સામે જ્ઞેય નથી એટલે જાણતા નથી). ભારે! દૃષ્ટિફેરે શું વાત છે? જ્યારે આમ કહે છે કે કમળમાં ભ્રમર સમાઈ ગયા છે, એમ જેના જ્ઞાનમાં સમાઈ ગયું છે. એથી અનંતગુણું હોત તોપણ જાણત. એમ કરીને એના ચૈતન્યની વિકાસના સામર્થ્યની અચિંત્યતા બેહદતા વર્ણવી. ત્યારે ઓલા શું કહે છે? જુઓ, જ્ઞેય એટલું નથી માટે નથી જાણતા. જુઓ, નિમિત્તની પ્રધાનતા! વસંતીલાલજી! આહા..હા..! શું કામ કરે છેને, ભ્રમણા દૃષ્ટિ શું કામ કરે છે. એ સમજાણું કે નહિ? એ વાત થઈ હતીને એક ફેરી? કેમ યાદ ન આવ્યું?

કહે છ, '**સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે,...**' અહીં તો ઓલું નથી કે એથી અનંતગુણું હોત તો જાણત કેમ? એ તો આવી ગયું. મોટું કીધુંને? કમળ આવડું મોટું ભમરો નાનો. અનંતગુણું હોય જાણે એટલું સામર્થ્ય છે. તો કહે છે, 'જ્ઞેય નથી માટે કેમ જાણે? માટે, જુઓ જ્ઞેયપ્રધાન થઈ ગયું.' આહા..હા..! દૃષ્ટિફેરે ક્યાંના ક્યાં અર્થો (કરે છે). આ તો વિકાસ જ એટલો વિકાસ જ છે. આ છે જ એટલું એટલે શું થાય? એથી અનંતગુણું હોત તોપણ જાણત. માટે જ્ઞેય નથી માટે નથી જાણતા માટે જ્ઞેયની પરાધીનતાએ અહીં જાણવું થાય છે એમ સિદ્ધ ક્યાં કરવું છે. સમજાણું કાંઈ? છે કે નહિ આપણે ક્યાંક ચાકળો એવો? હા, એ. વિશ્વમાત્ર કમળતુલ્ય ભાસે... કહો, સમજાણું?

'**સદા સ્પષ્ટપણે...**' ભગવાન ચૈતન્યહીરો ચમકતો પ્રગટ થઈ ગયો એમને. સદા હવેથી એક સમયથી અનંતકાળ સુધી સ્પષ્ટપણે એવોને એવો સદા સ્પષ્ટ પ્રતિભાસ લોકાલોકનું જેને જ્ઞાનની એક સમયની પર્યાયમાં છે એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. એવા ભગવાનને પ્રાપ્ત જેને પોતાની દશામાં કરવા છે એ દશાની શ્રદ્ધાવંતને આવા ભગવાન માન્ય હોય છે. '**સમાઈ જાય છે—જણાય છે, તે નેમિનાથ તીર્થંકરભગવાનને હું ખરેખર પૂજું છું...**' તે નેમિનાથ તીર્થંકર ભગવાનને હું ખરેખર પૂજું છું. કહો. '**કે જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (-દુસ્તર સંસારસમુદ્રને પણ) બે ભુજાઓથી તરી જાઉં.**' હું તરી જાઉં, તરી જઈશ સંસારને, કહે છે. ચૈતન્યનું ભાન છે અને આવા ભગવાન ભક્તિમાં વર્તે છે, શ્રદ્ધામાં. ભુજાએ તરી જવાનો. સમજાણું કાંઈ? '**હું ખરેખર પૂજું છું કે જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ...**' મહા દુસ્તર સમુદ્રમાં તરંગો ચોર્યાશી લાખના ઊછળે છે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ સંસાર છે. સમજાય છે? એને તરી જાઉં. એ સંસાર છે મિથ્યાત્વનો. આવે છેને, એમાં આવે છે. પ્રવચનસારમાં આવે છે. સંસાર શબ્દ છેને, એમાં આવે છે ક્યાંક.

સંસાર તરી જાય છેને. સાતમી ગાથામાં આવે છે. 'चारित्तं खलु धम्मो' છેને? 'जो सो समो त्ति णिद्दिट्ठो। मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।। ' એમાં (–જયસેનાચાર્યદેવની ટીકામાં) આવે છે. 'चरणं चारित्रं तदेव ' ચારિત્ર કેવું છે? 'मिथ्यात्वरागादिसंसरणरूपे भावसंसारे पतन्तं प्राणिनमुद्धृत्य निर्विकारशुद्धचैतन्ये धरतीति धर्मः।' ધર્મની વ્યાખ્યા કરી. મિથ્યાત્વરાગાદિરૂપ સંસાર એ સંસાર છે. ભ્રમણા. ચૈતન્યના આનંદ અને પૂર્ણ શુદ્ધની શ્રદ્ધા વિના રાગમાં ધર્મ, પુણ્યમાં ધર્મ ... ભ્રમણા અને રાગ. એવો 'संसरणरूपे भावसंसारे पतन्तं' જુઓ, ભાવસંસારમાં પડતાં 'प्राणिनमुद्धृत्य' એવો 'निर्विकारशुद्धचैतन्ये धरतीति' નિર્વિકાર પરિણામમાં ધરે તેને ધર્મ કહેવામાં આવે છે. આ ધર્મની વ્યાખ્યા. આહા..હા..! લ્યો આ ઝીણું. જે પ્રાણી નિર્વિકાર શુદ્ધ ચૈતન્યને ધારે તેને ધર્મ કહે છે. ધમ્મો કીધુંને? ધમ્મો. એ ધર્મ છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યે પણ ઘણું લખ્યું છે, હોં! કેટલાક ખુલાસા... કહો, સમજાણું?

'હું ખરેખર...' હુંનું આવે છેને ઓલામાં પણ? પ્રવનચસાર. સ્વસંવેદનપ્રત્યક્ષ હું. ન્યાંથી તો ઉપાડ્યું છે, ભાઈ! ઓલા કહે કે સ્વસંવેદન મુનિને ... મુનિ પોતે કહે છે, હું એટલે સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ તે હું, બીજું કાંઈ હું નહિ. એમ. હું મારા જ્ઞાનથી વેદનથી જણાઈ શકું છું એવો હું. કોણ? કે દર્શનજ્ઞાન મારું કાયમનું સ્વરૂપ છે એ સ્વસંવેદનપ્રત્યક્ષથી જાણું છું એવો હું. એ હું ભગવાનને વંદન કરું છું. કેમ છે? પ્રવચનસાર. હું, કુંદકુંદાચાર્ય એટલે હું કોણ? હું કોણ? દર્શનજ્ઞાન જેનું સામાન્ય ત્રિકાળ સ્વરૂપ છે એકરૂપ એને હું મારા સ્વસંવેદનપ્રત્યક્ષથી જાણું છું. મારા સ્વસંવેદન—પોતાના અંદરથી વેદનારો જાણનારો હું એવો આત્મા આવા તીર્થંકર ભગવાનને વંદન કરું છું. સમજાણું કાંઈ? મુનિ વંદન કરનારાની ખબર ન મળે, વંદન કરવું કોને એની ખબર ન મળે. પછી માને કે મને બધી ખબર છે.

અહીં હું આવ્યુંને? તીર્થંકર ભગવાને, આવા તીર્થંકર ભગવાન એ મારા જ્ઞાનમાં છે. હું સ્વસંવેદનથી જાણનારો પ્રત્યક્ષ ચૈતન્ય હું. ખરેખર તે ભગવાનને હું પૂજું છું. ખરેખર પૂજનારો તે ભગવાનને હું પૂજક છું. સમજાણું કાંઈ? ભગવાન પૂજ્ય છે, પૂજાવાયોગ્ય અને હું પૂજક છું. હું આ છું કે જેથી દુસ્તર સંસારસમુદ્રને બે ભુજાથી તરી જઈશ. સમજાય છે? દર્શન અને ચારિત્રથી હું પાર થઈ જઈશ. એ સાત ગાથા થઈ. એ ભગવાનની વાત થઈ. હવે આગમ અને તત્ત્વ. ત્રણ શબ્દ હતાને પહેલાં. પાંચમી ગાથામાં હતાને? 'अत्तागमतच्चाणं'. આપ્ત એટલે પરમેશ્વર, આગમ એટલે એમની વાણી અને તત્ત્વો કહેલા એની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. એમાં તીર્થંકર આપ્ત એની વ્યાખ્યા થઈ ગઈ. હવે એમણે કહેલા આગમ કોને કહેવા? એ વાત કરે છે. જુઓ,

तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं।
आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था।।८।।

અહીં છે વજન 'सुद्धं'.

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.**

જુઓ, વાણી કોની હોય આગમ? સમ્યગ્દૃષ્ટિ વ્યવહારમાં એ વાણીને માને. નિશ્ચયમાં તો પોતાના આત્માને જાણે અને માને છે, વ્યવહારમાં આવી વાણીને માને છે. એ વાણીને પરીક્ષા એને હોય છે. આહા..હા..! આ વ્યવહારસમકિતની વાત ચાલે છે. ઓલા કહે, વ્યવહાર માનતા નથી, વ્યવહાર કહેતા નથી. કેટલો વ્યવહાર તારે કેહવડાવવો છે? એને એમ કે આ વ્યવહાર હોય તો નિશ્ચય પમાય, લાભ થાય એવું કાંઈક કહે તો વ્યવહાર કીધો કહેવાય. આવો વ્યવહાર સમ્યગ્દૃષ્ટિને, મુનિઓને, ધર્મીને એની શ્રદ્ધામાં વ્યવહારમાં હોય છે, હોય છે. પૂર્ણ જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવો વ્યવહાર (હોય છે). એ તો પહેલોં નિશ્ચય સ્થાપીને પછી વ્યવહાર આવો હોય છે એનું સ્થાપન કરે છે. બીજો ક્યો વ્યવહાર જોતો હશે એને?

'**ટીકા :— આ પરમાગમના સ્વરૂપનું કથન છે.**' શબ્દાર્થ પહેલાં થોડો લઈએ. '**તેમના મુખમાંથી નીકળેલી વાણી...**' તેમના છેને? '**तस्य**'. એટલે જે ભગવાન કહ્યાને? આટલી વ્યાખ્યા (કરી ઈ). એમના મુખમાંથી નીકળેલી વાણી '**કે જે પૂર્વાપર દોષરહિત...**' છે. આગળપાછળ દોષ ન હોય એમાં. પહેલું કાંઈક કહે અને પછી કાંઈક કહે એમ હોય નહિ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમની વાણી પૂર્વાપર દોષરહિત, આગળપાછળ વિરોધરહિત '**અને શુદ્ધ છે,...**' વાણી શુદ્ધ છે, વાણી શુદ્ધ છે. શુદ્ધ સ્વરૂપને કહેનારી છેને. વાણી શુદ્ધ છે. નિર્દોષ વાણી છે. નિર્દોષ તત્ત્વને, નિર્દોષ ભાવને કહેનારી છે ઈ. કહો, સમજાણું? '**તેને આગમ કહેલ છે;...**' કહો. ઘરની કલ્પનાએ આચાર્ય નામ ધરાવીને કહ્યા હોય આગમ—અમે આગમ કહ્યા છે, અમે આ રચ્યા છે—એમ ન હોય. સર્વજ્ઞ ભગવાનથી કહેલા, એમને અનુસારે પછી રચે એ જુદી વાત છે, પણ અધ્ધરથી ભગવાન સર્વજ્ઞને મૂકીને ઘરની કલ્પનાએ શાસ્ત્ર રચ્યા એને આગમ કહેવામાં આવતા નથી. એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ કલ્પિત બનાવ્યાને શાસ્ત્રો એ શાસ્ત્ર કહેવાતા નથી. છગનભાઈ!

'**અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે.**' એ આગમે જે તત્ત્વાર્થ કહ્યા,.. જુઓ, તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો, બધો એક જ અર્થ છે. કોઈ વાંધા કહે છે, તત્ત્વાર્થ અને દ્રવ્ય જુદાં, અહીં તો તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો, બધું એક જ કહેશે. નવમી ગાથામાં એ તત્ત્વાર્થ, જુઓ, દ્રવ્યને તત્ત્વાર્થ કહેશે. નવમીમાં. '**तच्चत्था इदि भणिदा**'. જુઓ, છેને? '**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं। तच्चत्था इदि भणिदा**' એને તત્ત્વાર્થ કહ્યા છે. એ દ્રવ્યને તત્ત્વાર્થ કહ્યા છે. ભગવાને જે જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા એને જ ભગવાને તત્ત્વાર્થ કહ્યા. તત્ત્વાર્થ કહો કે છ દ્રવ્ય કહો, એમાં કાંઈ ફેર નથી. '**તત્ત્વાર્થો કહ્યા છે.**' જુઓ,

કેટલી વાત સિદ્ધ કરી? કે ભગવાન સર્વજ્ઞ આવા હોય એના મુખથી નીકળેલી વાણી ૐ ધ્વનિથી. અને એ આગમે કહેલા તત્ત્વો એની સમ્યગ્દૃષ્ટિ જીવને બરાબર તત્ત્વોની, આગમની અને આપ્તની શ્રદ્ધા હોય છે. કસોટી કરી, પરીક્ષા કરીને હોય છે. સમજાણું કાંઈ? '**આ પરમાગમના સ્વરૂપનું કથન છે.**'

'તે (પૂર્વોક્ત)...' પૂર્વે કહેલા '**પરમેશ્વરના...**' સાતમી (ગાથામાં) કહ્યું એ. '**મુખકમળમાંથી નીકળેલ...**' આવે છે આખા શરીરમાંથી પણ મુખ્યપણે આમ બોલાય છેને એટલે ઈ ભાષાએ કથન કર્યું છે. આમ નીકળે છે આખા શરીરમાંથી ૐ ધ્વનિ. એની પછી ભાષામાં વાંધા છેને જરી. એ '**મુખકમળમાંથી નીકળેલ ચતુરવચનરચનાનો વિસ્તાર...**' લ્યો. ચતુરવચનરચનાનો વિસ્તાર. જ્યાં કેવળજ્ઞાનમાંથી વાણી આવી નિમિત્ત થઈને, વાણી તો વાણીથી આવી છે, પણ આમ નિમિત્ત કેવળજ્ઞાન છેને! એ વાણી... આ..હા..! જેને ઘરે હજારો કળથી પાક અનાજના થાય.. સમજાય છે? એના વસવાયાને કેટલું મળતું હશે? વસવાયા સમજો છો? નથી સમજતા? ત્યાંના કામ કરનારા હોયને, સુતાર, લુહાર, કુંભાર. એ અમારી કાઠિયાવાડી ભાષામાં (વસવાયા કહેવાય છે). બે-પાંચ કળશી પાકતો હોય એના સુતાર, લુહારને અમુક મળે પણ હજારો કળશી જેને પાકે એના સુતાર, લુહારને ઘણું મળે. ગાડાના ગાડા ભરી દે. એમ જ્યાં ભગવાનને પાક થયો છે કેવળજ્ઞાનનો, કહે છે કે સાંભળનારને ઢગલાના ઢગલા વાણીમાં મળે છે એમ કહે છે. જુઓ, ચતુર વચનરચનાનો વિસ્તાર. એટલો વાણીમાં વિસ્તાર આવે છે કે સાંભળનારાઓ તો આમ ન્યાલ થઈ જાય અંદરથી. સમજે એને એમ કહે છે. સમજે એની વાત છેને કે ન સમજે એની? નહિતર તો (ભગવાન) પાસે અનંતવાર ગયા. અહીં તો સંધિ સમજે એની જ વાત કરી છે અહીં, ન સમજે એની વાત નથી.

'**ચતુર વચનરચનાનો વિસ્તાર...**' એવો વિસ્તાર. એક 'જગત' કહે ત્યાં કેટલો વિસ્તાર કરે? છ દ્રવ્ય ને એના ગુણો ને એની પર્યાય ને. દ્રવ્ય કહે ત્યાં અનંત ગુણો, અનંત પર્યાય. એટલી વચનરચના કે '**કે જે 'પૂર્વાપર દોષરહિત' છે...**' પહેલાં અને આગળપાછળમાં ક્યાંય દોષ હોતા નથી. સર્વજ્ઞમાં શું? રાગ-દ્વેષ, મોહ નાશ થઈને જ્યાં જ્ઞાન પ્રગટ્યા છે એની વાણીમાં પૂર્ણ પૂર્ણ સત્‌નો સત્ય પ્રવાહ જ વહે છે. પૂર્ણ સત્‌નો સત્ય પ્રવાહ જ વહે છે. '**પૂર્વાપર દોષરહિત' છે અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે...**' શુદ્ધની વ્યાખ્યા કરી. રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસા (અર્થાત્) 'મારો, આને મારવું જોઈએ ને આને આમ છે,' એ ભાષા વીતરાગની વાણીમાં ન હોય. સમજાય છે કાંઈ? 'તે તો મરી ગયેલા છે, એને માર તો તને પાપ નહિ લાગે.' એવી વાણી ભગવાનની ન હોય. એવા આગમ કહેવાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? '**પાપક્રિયાશૂન્ય હોવાથી...**' હિંસા, જૂઠું આદિ કોઈપણ પાપની ક્રિયાથી શૂન્ય છે. '**તે—પરમાગમ કહેવામાં આવેલ છે.**' તેને પરમાગમ કહે છે.

એ સિવાય અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી જોડ્યા હોય એને પરમાગમ કહેતા નથી. જુઓ, અહીં તો આગમને પરમાગમ કીધું છે. સમજાણું? પાઠ છેને '**आगममिदि परिकहियं**'. એ પરમાગમ છે, મહા પરમાગમ. ભગવાનની વાણી છે.

'**તે પરમાગમે—કે જે (પરમાગમ) ભવ્યોએ...**' ભવ્યોએ (અર્થાત્) લાયક જીવે. '**કર્ણરૂપી અંજલિથી...**' કર્ણરૂપી ખોબો. અહીં તો કાઠિયાવાડી ભાષા જરી છેને. અહીં પીવેને જેમ માણસ આમ? આમ પીવે કે નહિ પાણીની તૃષા (લાગી હોય ત્યારે). આ કાનરૂપી ખોબો. ખોબા જેવો છેને અંદર. આહા..હા..! હે સુકર્ણા! આવે છેને? અષ્ટપાહુડમાં આવે છેને? હે કર્ણવાળા! એવું આવે છે, અષ્ટપાહુડમાં આવે છે હોં! હે સુકર્ણા! કર્ણવાળા, કાનવાળા સાંભળ! કાનવાળો એને કહીએ. અમારી વાત તો સાંભળ કાન મળ્યા છે તો તને. સમજાણું કાંઈ? અષ્ટપાહુડમાં આવે છે હોં! અષ્ટપાહુડ છે? બીજી ગાથા છે. સુકર્ણા. શૈલી આચાર્યોની કથનપદ્ધતિ ગજબ છે! કુંદકુંદાચાર્યની શૈલી પણ ઘણી ગંભીર અને ઘણી ઊંડી વિશાળ વિસ્તાર સ્થાપે છેને. આ ભગવાનની જેમ એ વિસ્તાર સ્થાપે છે. એવી એની રચના ગજબ! ...સ્થિતિ ઊભી થઈ જાય છે. પહેલાંમાં તો વંદન હોયને. બીજી ગાથા જુઓ.

**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।**
**तें सोउण सकण्णे दंसणहीणो ण वंदिव्वो।।२।।**

'**सकण्णे**' હે કર્ણવાળા! સમજાણું? સમ્યગ્દર્શનની જ વાત સાંભળ. ધર્મમાં પહેલું સમ્યગ્દર્શન છે. એ જિનવરે શિષ્યોને કહ્યું છે. '**तें सोउण सकण्णे**' '**तं श्रुत्वा स्वकर्णे दर्शनहीनो न वन्दितव्यः।**' કાનથી તેં સાંભળ્યું હોય, તો હવે પછી મિથ્યાદૃષ્ટિને વંદન કરીશ નહિ એમ કહે છે. સમજાણું? '**सकण्णे**' આચાર્ય ઉપદેશ આપે છે કે હે સકર્ણા કહીએ પંડિત સત્પુરુષો! એની વ્યાખ્યા કરી છે પછી સકર્ણાની. કાન કરીને તેં સાંભળ્યું છે, એ સાંભળ્યું છે એને યથાર્થ પંડિતપણું પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? જેને સાંભળીને અંદર જ્ઞાન યથાભાન થયું છે એને સકર્ણા કહેવામાં આવે છે. એના હરિગીત તો થઈ ગયા છેને, નહિ? બીજાના. બીજાના થઈ ગયા હશે એટલે યાદ છે. કહો, સમજાણું આમાં?

'**ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી...**' બરાબર પીવાયોગ્ય છે એવું એ અમૃત છે, એવું એ અમૃત છે.

**શ્રોતા :—** બે કાનરૂપી અંજલિથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અંજલિ જ છે આ, એ કાન જ અંજલિ છે. એક એક છેને? બે સાંભળે છેને બરાબર. એ વાત ઠીક છે.

'**કર્ણરૂપી અંજલિથી પીવાયોગ્ય અમૃત છે,...**' ભગવાનની વાણી. એ ભગવાનની વાણી અમૃત છે એમ કહે છે. 'વચનામૃત વીતરાગના' આહા..હા..! ચૈતન્યને જગાડીને જાગ્રત કરીને અમૃત બનાવી દે. મરવું નહિ એ મોક્ષ બનાવે. સમજાણું કાંઈ? '**જે મુક્તિસુંદરીના**

**મુખનું દર્પણ છે...'** સમજાણું? '**(અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે),...'** અહીં તો કહે છે કે મુક્તિને જ દર્શાવે છે, ભાઈ! એમ કહે છે. વાણી તો મોક્ષને જ દર્શાવે છે, વીતરાગ પર્યાય પૂર્ણ એને જ દર્શાવે છે એમ કહે છે, જોયું? આહા..! ભાઈ! તારો પૂર્ણ વીતરાગસ્વભાવ છેને. પૂર્ણ વીતરાગસ્વભાવસ્વરૂપ જ છો, અકષાયસ્વભાવસ્વરૂપ જ છો. એમાં એકાગ્ર થઈને વીતરાગી પર્યાય પૂર્ણ પ્રગટ થાય એનું નામ મુક્તિ. આ એને આગમ બતાવે છે. બીજી બધી ભલે વાતું કરે પણ આ બતાવે છે એમ કહે છે. મુખ્ય એનું પ્રયોજન પરમહિત એવો મોક્ષ (એને બતાવે છે). મુક્તિસુંદરી.. સમજાય છે? '**(પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે),...'**

'**જે સંસારસમુદ્રના મહાવમળમાં નિમગ્ન...'** જે સંસારસમુદ્રના મહાવમળ—મોટા ચકરાવા—નિગોદના જીવો, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ.. આહા..હા..! ચકરાવાના વમળ ઠેલંઠેલા એક ભવમાંથી બીજે અને બીજેથી ત્રીજે. આહા..હા..! ભગવાન આત્મા એને આવા ભવમાં ઠેલંઠેલા હિલોળા, ભવના હિલોળા એક પછી એક, એક પછી એક, એક પછી એક અનંત અનંત.. અનંત.. અનંત.. અનંત... એવા મહાવમળ એમાં નિમગ્ન જે સમસ્ત ભવ્યજનોને, એમાં નિમગ્ન એવા '**સમસ્ત ભવ્યજનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે...'** નિમિત્તરૂપ છેને. જુઓ, આવ્યું આ નિમિત્તનું. નિમિત્ત છેને અંદરમાં અંતર જ્યારે સમજાય આવું એને નિમિત્ત હોય છે. એના જ્ઞાનમાં આવું નિમિત્ત વર્તે છે. આહા..હા..! વ્યવહારશ્રદ્ધાની વાત છે કે નહિ? મહાવમળ ખાય છે, ભમરી જેમ ભમર ખાયને? મોટા પાણીના વમળ થાયને? એમાં જે કંઈ વસ્તુ પડે ઈ અંદર ઊતરી જાય. ચોર્યાશીના વમળમાં ઊંડો ક્યાંય ક્યાંય ફર્યા કરે. એવા નિમગ્ન એવા જીવોને, સમસ્ત ભવ્યજનોને, સમસ્ત ભવ્યજીવોને હસ્તાવલંબન હાથનો ટેકો આપે છે, એવું પરમાગમ છે. સમજાણું કાંઈ?

'**જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...'** આહા..હા..! '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...'** 'ટોચ ઉપરનું રત્ન, ચૂડામણિ, કલગીનું રત્ન.' માથે હોયને? પરમાગમ કેવા છે? સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે. ઓહો..હો..! પૂર્ણ વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. એક વિકલ્પથી પણ વૈરાગ્ય. સારા ઉદયભાવથી વૈરાગ્ય. એવું એ બતાવે છે. વીતરાગભાવ બતાવે છે અને આમથી વીતરાગતા અને પરથી ઉદાસીન બતાવે છે. પરમાગમ સ્વાભાવિક વૈરાગ્ય, સ્વાભાવિક વૈરાગ્ય એટલે આનંદ અને જ્ઞાન સહિતનો વૈરાગ્ય. એવા મહેલના, વૈરાગ્યનો મહેલ સ્વભાવિક વૈરાગ્ય એનો મહેલ એની શિખામણિ ટોચ સમાન આમ પરમાગમ છે. એમાં પરમ વૈરાગ્ય વીતરાગની વાતું જે બીજે હોઈ શકે નહિ. આહા..હા..! 'કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.' વીતરાગતા. આખા શાસ્ત્રનું તાત્પર્ય શું છે? પંચાસ્તિકાયમાં આવે છે છેલ્લું. ભગવાનના સારા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ... સ્વભાવિક પરથી ઉદાસીનતા, સ્વભાવના અસ્તિત્વમાં રમણતા

એવું પરમાગમ બતાવે છે. સમજાણું?

ભરતેશ-વૈભવમાં આવે છે. ચક્રવર્તી ઋષભદેવ ભગવાન પાસે સાંભળે છેને. સાંભળતા-સાંભળતા એને મતિની વિશેષતા થઈ ગઈ, શ્રુતની વિશેષતા થઈ ગઈ, અવધિની વિશેષતા થઈ ગઈ, અવધિદર્શનની વિશેષતા થઈ. મતિજ્ઞાન વધી ગયું, શ્રુતજ્ઞાન વધી ગયું, અવધિજ્ઞાન વધી ગયું અને સાથે અવધિદર્શન થયું. સમજાય છે? મતિજ્ઞાનમાં જાતિસ્મરણ થયું ભેગું, વધી ગઈ ધારણા એકદમ ... સમ્યક્જ્ઞાન હતું એકદમ મતિનો વધારો થઈ ગયો.. શ્રુતજ્ઞાન એકદમ વધી ગયું, ... એકદમ વધી ગયું. અવધિજ્ઞાન થઈ ગયું અને અવધિદર્શન થયું. સંસારમાં છ ખંડના ધણી હતા. ભગવાન પાસે બેઠા અને એટલી અંદર ધારા ભગવાનની વહી કે અંતરમાં ... સમવસરણમાં મતિ, શ્રુત ને અવધિ ને (અવધિ)દર્શન ક્ષાયિકસમકિત. એક પાંચમો બોલ યાદ રહેતો નથી. ક્ષાયિક સમકિત થઈ ગયું ત્યાં.

**શ્રોતા :—** ભગવાનની વાણી સાંભળવાથી થયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, હા; ઈ તો પોતાથી થયું છેને, ત્યારે વાણીથી કહેવાય છે. પાત્ર પોતાથી પ્રગટ્યું .. ક્ષાયિકસમકિત. આહા..હા..! પાંચ બોલ થયા. પાંચ બોલ. ક્ષયોપશમનું ક્ષાયિક થયું, મતિની ઉત્કૃષ્ટતા થઈ ગઈ,... શ્રુતની ઉત્કૃષ્ટતા, અવધિજ્ઞાન, અવધિદર્શન—પાંચ બોલ એક સમયે એકસાથે પ્રગટ થઈ ગયા, ફડાક દઈને. કહો, રાજા ચક્રવર્તી છ ખંડનો ધણી. પુણ્યશાળીને લઈને પ્રગટ્યું? આટલા પુણ્ય હતા પણ એની સામું જોયું નથી, એમ. સમજાણું કાંઈ? સમજાણું? એવું જેને.. ભરત ચક્રવર્તીને ભગવાનના સમવસરણમાં પાંચ બોલ પ્રગટ્યા એટલી ઋદ્ધિ અને સમૃદ્ધિ હતી છતાં. કાંઈ લક્ષ નથી. ... એકદમ નિર્મળતા..

એવા ભગવાન '**જે કદી નહિ જોયેલા (-અજાણ્યા, અનનુભૂત, જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલો નથી એવા) મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે...**' એ પરમાગમ ભગવાનની વાણી એ મોક્ષ-મહેલનું પહેલું પગથિયું છે. કહો, સમજાણું કાંઈ? એ આગમથી એને જ્ઞાન થાય છે. નિમિત્તપણે તો એમ છેને. સર્વજ્ઞદેવની કૃપાનું ફળ મુક્તિ. આગમથી સુબોધ થાય, સુબોધથી મોક્ષ થાય છે. મોક્ષમહેલનું પહેલું પગથિયું છે. '**અને જે કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે...**' જુઓ, વિષયવાસનાથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારા, રાગરૂપ અંગારા જે '**વડે શેકાતા સમસ્ત દીન જનોના...**' સમસ્ત દીન-ગરીબ, હીન. કામભોગના કામીઓ દીન અને હીન (છે) એમ કહે છે. આહા..! રાંકા છે રાંકા. રાગરૂપી અંગારા વડે શેકાતા સમસ્ત દીનજનો, ભિખારીજનો, સ્વરૂપની સાહ્યબી છોડીને ઈચ્છાથી ભોગ ને પુણ્ય ને બહારને ઈચ્છે છે કામભોગને તે દીનમાં દીન, ભિખારીમાં ભિખારી, રાંકમાં રાંક છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન બાદશાહ ચૈતન્ય આનંદમૂર્તિ એની દૃષ્ટિ અને ભાવના છોડીને એકલા કામભોગથી

શેકાતા દીનજનોને '**મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ...**' એવો જે મહાક્લેશ. વિષયવાસના, રાગ, મમતા, આબરૂ, કીર્તિ, ઝંખના મારીને સળગતો હોય, શેકાતો હોય અંદરથી એવા મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ. ભગવાનની વાણી '**સજળ મેઘ...**' સજળ મેઘ '(-**પાણીભરેલું વાદળું)...**' ખાલી વાદળા નહિ પાછા એમ કહે છે. ખોટા વાદળા નહિ કે પાતળા થઈને વિંખાઈ જાય. પાણીથી ભરેલા એ વરસ્યે જ છૂટકો. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એની વાણી સાંભળવા બેઠા છે, કહે છે, એને તો જાણે સજળ મેઘ (વરસ્યો). સજળ છેને? પાણીસહિત મેઘ, પાણી ભરેલું વાદળું છે. '**તેણે...**' એવા આગમે '**ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થ કહ્યાં છે.**' ત્રણે વાત આવી ગઈ. એવા જે સર્વજ્ઞ પરમેશ્વર.. પહેલી વ્યાખ્યા થઈ ગઈ. એમના મુખમાંથી નીકળેલા આગમો અને એ આગમે કહેલાં તત્ત્વો. અજ્ઞાનીએ કહેલા તત્ત્વો એ તત્ત્વો નહિ. સમજાય છે કાંઈ? '**તેણે ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થ કહ્યાં છે.**' પુણ્ય-પાપને આસ્રવમાં સમાડી દીધા હતા, આસ્રવમાથી પુણ્ય પાપ જુદાં પાડ્યા. સાત તત્ત્વો કહો કે નવ પદાર્થ કહો પુણ્ય પાપ જુદાં પાડીને. આવા આગમે સાત તત્ત્વ અને નવ પદાર્થ કહ્યા છે. સમજાણું કાંઈ?

'**तत्त्वार्थाः**' '**तेन तु कथिता भवन्ति तत्त्वार्थाः**' આવા તત્ત્વની શ્રદ્ધા સમ્યક્ નિશ્ચયસમ્યગ્દષ્ટિને—આત્માના શુદ્ધ સ્વભાવની દષ્ટિવંતને આવા ભગવાન, આવા કહેલા આગમ, એણે કહેલા તત્ત્વોની વ્યવહારશ્રદ્ધા એને હોય છે. કહો, સમજાણું કાંઈ? આ વ્યવહાર એને હોય છે. આવો વ્યવહાર ન હોય એમ બને નહિ. ખરેખર સાત તત્ત્વો અને નવ પદાર્થો, ભગવાનના મુખમાંથી નીકળેલા આગમ એણે કહ્યા. સમજાણું? સર્વજ્ઞ સિવાય પોતાની કલ્પનાએ શાસ્ત્રો બાંધ્યા અને એમાં પોતાની કલ્પનાએ તત્ત્વો કહ્યાં એ તત્ત્વ નહિ. એ આગમ પણ નહિ અને એ તત્ત્વ નહિ. પરમેશ્વરના મુખમાંથી, ત્રિલોકનાથના મુખમાંથી વાણી નીકળી એ આગમ. એમણે કહેલા તત્ત્વો એ તત્ત્વ. એ ત્રણેની શ્રદ્ધા નિશ્ચયસમ્યગ્દષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં એ ત્રણની શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ? છે શુભોપયોગ, શુભવિકલ્પ રાગ મંદતાનો ભાવ, પણ એ આવો ભાવ વ્યવહારનો હોય જ છે. સમજાણું કાંઈ?

'**એવી જ રીતે (આચાર્યદેવ) શ્રી સમંતભદ્રસ્વામીએ (રત્નકરંડશ્રાવકાચારમાં ૪૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**'

(आर्या)

अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात्।
निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः॥

'**શ્લોકાર્થ :— જે ન્યૂનતા વિના,...**' (અર્થાત્) ઓછું નહિ. ભગવાને કહેલું તત્ત્વ એનાથી ઓછું જ્ઞાન નહિ. કમ નહિ, એણે કહેલાથી ઓછું નહિ, કહેલાથી અધિક નહિ, કહેલાથી વિપરીત નહિ. ત્રણે આવી ગયા. ઓછું, અધિક અને વિપરીત. ભગવાનના આગમમાં કહેલા

તત્ત્વો એના જ્ઞાનમાં ઓછું, અધિક અને વિપરીત વિનાનું '**યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે...**' સમજાણું? આ રત્નકરંડશ્રાવકાચાર, સમંતભદ્રાચાર્યનો શ્લોક છે. મિથ્યાત્વમાં આવે છે. પચ્ચીસ મિથ્યાત્વમાં નથી આવતું? શું આવે છે એમાં? ઓછું, અધિક અને વિપરીત-ત્રણ આવે છે, ત્રણ આવે છે. ઓછું માનવું ભગવાને કીધું એનાથી તે મિથ્યાત્વ, એનાથી અધિક માનવું તે મિથ્યાત્વ, વિપરીત માનવું એ મિથ્યાત્વ. ઓછું, અધિક અને વિપરીત ત્રણ બોલ આવે છે, પચ્ચીસ મિથ્યાત્વમાં. ભગવાનજીભાઈ! પચ્ચીસ મિથ્યાત્વ પડિકમણામાં આવે છે. ઈ એમાં પડિકમણામાં આવે છે.

**શ્રોતા :—** મિચ્છામી દુક્કડમ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ મિચ્છામી દુક્કડમ (નહિ).

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે જેવું આગમ અને જેવું સ્વરૂપ એમનું અને જેવા તત્ત્વો એને એના જ્ઞાનમાં ઓછું, અધિક અને વિપરીત (રહિત) જ્ઞાન થાય, ત્યારે તેને વ્યવહારજ્ઞાન સાચું કહેવામાં આવે છે. સમજાય છે? '**તેને આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે.**' લ્યો. આગમવંતો, આગમના જાણનારાઓ એને જ્ઞાન કહે છે, સમ્યક્જ્ઞાન કહે છે. છેને? સમ્યક્જ્ઞાન કહે છે, તેને સમ્યક્જ્ઞાન કહે છે. સમજાણું? ઓછું, અધિક અને વિપરીત—ત્રણ ન હોય. દલીચંદભાઈ! આવે છે એમાં? હા, એમાં આવે છે. ઓછું માને તો મિથ્યાત્વ, અધિક માને તો મિથ્યાત્વ, ભગવાને કહ્યું એનાથી વિપરીત માને તો મિથ્યાત્વ. પણ એની ખબર હોવી જોઈએ કે નહિ એને?

**શ્રોતા :—** ઈ તો ભગવાનને ખબર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભગવાનને ખબર એમાં શું કામ આવે? એના જ્ઞાનમાં ખબર હોવી જોઈએને કે આ ઓછું છે, વિપરીત છે કે અધિક છે. એટલે કહે છે કે ભગવાને કહેલા તત્ત્વોનું જ્ઞાન.. સમજાય છે? એવું હોવું જોઈએ કે જેમાં ઓછું, અધિક કે વિપરીતપણું ન હોય, એને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે.

'**(હવે, આઠમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા જિનવાણીને—જિનાગમને વંદન કરે છે :—)**' લ્યો. જિનવાણીને.

(हरिणी)

ललितललितं शुद्धं निर्वाणकारणकारणं
निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।
भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं
प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः॥१५॥

કેવા છે જિનવચન વીતરાગી વાણી પરમેશ્વરની? '**લલિતમાં લલિત છે,...**' '**અત્યંત પ્રસન્નતા ઊપજાવે એવાં, અતિશય મનોહર**' છે. સમજાણું? જેને સાંભળતા ઝોલું ન આવે

એવી છે, એમ કહે છે. એની ગંભીરતા વીતરાગની વાણીની એટલી ગંભીરતા (કે) અત્યંત પ્રસન્નતા ઊપજાવે. અત્યંત પ્રસન્નતા ઊપજાવે. લલિતમાં લલિત. ઈન્દ્રો પણ જ્યાં સાંભળે છે (તો) પ્રસન્ન.. પ્રસન્ન.. પ્રસન્ન.. પ્રસન્ન... ઓ..હો..હો..! શું વીતરાગની વાણી! સમવસરણમાં દિવ્યધ્વનિ છૂટીને સાંભળે, ગણધરો પણ જ્યાં પ્રસન્ન વર્તે છે. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના જેણે અંતર્મુહૂર્તમાં કરી એવા ગણધરોને પણ વાણીમાં પ્રસન્નતા વર્તે છે, ઓ..હો..! એવા અને અતિશય મનોહર. એની—લલિતમાં લલિતની વ્યાખ્યા. સમજ્યા? અતિશય મનોહર--મનને હરનારી. એ વાણી એટલી મીઠી, એટલી મીઠી, એટલી મનોહર, એટલી પ્રસન્નતાદાયક, એટલી મધુર કે એના શાંત.. શાંત..

**'જે શુદ્ધ છે,...'** માથે શબ્દ હતોને શુદ્ધ? મૂળમાં. શુદ્ધ છે શુદ્ધ. એટલે રાગનો અભાવ હોવાથી પાપક્રિયાથી રહિત છે. જેમાં એકલી પવિત્રતા સ્થાપવામાં આવે છે, રાગ સ્થાપવામાં આવતો નથી. રાગ આદરણીય છે એવો ભાવ ભગવાનની વાણીમાં આવતો નથી. સમજાય છે કાંઈ? પરમેશ્વરની વાણીમાં પવિત્રતાને સ્થાપન કરે છે. અપવિત્રતાનો એક અંશ પણ કરવા જેવો છે એવું વાણીમાં આવતું નથી. **'જે શુદ્ધ છે,...'** એને લઈને ભગવાનની વાણી શુદ્ધ છે. રાગનો એક કણ પણ બંધનનું કારણ દોષવાળું એ વીતરાગના કહેલા તત્ત્વોમાં, એના આગમોમાં રાગનો આદર કરવો એ એના આગમમાં હોઈ શકે નહિ, એવા શુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે નિર્વાણના કારણનું કારણ છે,...'** વાણીની વાત લેવી છેને. નિર્વાણનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું આ નિમિત્તકારણ. આત્મા જ્ઞાનાનંદ ભગવાન પૂર્ણ આનંદ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ. એ સમ્યગ્દર્શન મોક્ષનું કારણ અને એ સમ્યગ્દર્શનનું નિમિત્ત કારણ આ. દ્રવ્યકારણ તો અંદર એ જુદી વાત, અત્યારે એ વાત નથી. સમજાણું કાંઈ? મોક્ષ જે આત્માનો પરમ આનંદનો લાભ, પરમ અતીન્દ્રિય આનંદનો લાભ મોક્ષ. એનું કારણ મોક્ષનો માર્ગ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું નિશ્ચયકારણ દ્રવ્યસ્વભાવ અને વ્યવહાર નિમિત્તકારણ વીતરાગની વાણી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** મતિ-શ્રુત... પ્રત્યક્ષ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પ્રત્યક્ષ પણ નિમિત્ત છેને. વાણી છે કે નહિ? ઈ ક્યાં છે અહીં. પ્રત્યક્ષ દર્શન-જ્ઞાન થાય ત્યારે. અહીં થાય છેને, શુદ્ધ ઉપાદાન તો અહીં છે, એ તો નિમિત્ત છે. તેથી તે નિર્વાણના કારણનું કારણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે.. થોડો અર્થ છે લ્યો...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૩, ગુરુવાર, તા. ૧૦-૦૩-૧૯૬૬,**
**શ્લોક-૧૫, ગાથા-૯, પ્રવચન નં. ૧૬**

નિયમસાર, જીવ અધિકાર. આઠમી ગાથાનો છેલ્લો કળશ છે. 'જે (**જિનવચન**)...' આગમની વાત ચાલે છે. શું ચાલે છે આ ખબર છે? શું ચાલે છે? આગમ, પણ આગમનું શું ચાલે છે? આ વ્યવહારસમકિતનો વિષય આપ્ત, આગમ અને તત્ત્વાર્થ એની વ્યાખ્યા ચાલે છે. સમજાય છે કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય એ આત્મા. નિશ્ચયસમ્યગ્દર્શન જે સત્યદર્શન નિયમસાર જે સત્ય મોક્ષમાર્ગ એનો વિષય તો આત્મા છે. એ આત્માને આશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન થાય છે. એને વ્યવહારસમ્યગ્દર્શન હોય છે. એ વ્યવહારસમ્યગ્દર્શનનો વિષય આ ત્રણ—આપ્ત, આગમ અને એમના કહેલા તત્ત્વો. એ વ્યવહારશ્રદ્ધાના વિષયો છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? તીર્થંકર આપ્ત એની વ્યાખ્યા આવી ગઈ. એમની વાણી કેવી?

'**જે (જિનવચન) લલિતમાં લલિત છે,...**' ભગવાનની વીતરાગની દિવ્યધ્વનિ વાણી અત્યંત પ્રસન્નતા ઊપજાવે એવા. પ્રસન્નતા આત્માને ઊપજાવે એવી ભગવાનની વાણી છે. પાત્રની વાત છેને અહીંયા. ઊપજે એની વાત છે કે નહિ? ઊપજે એને આ નિમિત્ત છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. અહીં તો વ્યવહારની વાત સિદ્ધ કરવી છેને. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એની વાણી અત્યંત પ્રસન્નતા ઊપજાવે એવા એ વાણી—વચનો છે. અતિશય મનોહર વચન છે. નીચે છે ફૂટનોટ.

'**જે શુદ્ધ છે,...**' જે શુદ્ધ છે, વાણી શુદ્ધ છે. વાણી તો પુદ્ગલની વિભાવિક પર્યાય છે. વાણી તો ઘણા પરમાણુની સ્કંધરૂપે થયેલી એની એક વિભાવિક અવસ્થા છે, પણ શુદ્ધ છે. એ શુદ્ધને સ્થાપન કરે છે, વીતરાગભાવને સ્થાપન કરે છે, વીતરાગભાવને દર્શાવે છે મુખ્યપણે, એથી એ વાણીને શુદ્ધ કહેવામાં આવે છે. વીતરાગ સિવાય કોઈ અજ્ઞાનીની વાણી શુદ્ધ હોઈ શકે નહિ. તીર્થંકરદેવ પરમાત્મા એને પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ્યા એને પોતે શુદ્ધ છે તો વાણી પણ એમાં શુદ્ધ કહેવામાં આવે છે.

'**જે નિર્વાણના કારણનું કારણ છે,...**' અહીં સુધી આવ્યું હતું. કેવી છે વીતરાગની પરમેશ્વરની વાણી? કે જે વ્યવહારસમકિતમાં એ વાણી ભક્તિથી શ્રદ્ધવાલાયક છે. કહો, સમજાય છે કાંઈ? નિર્વાણ નામ આત્માનો પરમાનંદનો લાભ. નિર્વાણ એટલે આત્માનો આનંદ જે અંતર અતીન્દ્રિય છે એની પર્યાયમાં પૂર્ણ દશામાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ એને મોક્ષ કહે છે. એ મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના આશ્રયે પ્રગટ થતી દશા એ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનું કારણ અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં

જિનવાણીનું નિમિત્ત છે. એનું નિમિત્તકારણ. સમજાય છે કાંઈ?

મોક્ષરૂપી આત્માની દશા,... આત્મામાં મુક્તસ્વરૂપે આનંદ તો પડ્યો જ છે, અતીન્દ્રિય આનંદ. એને બંધન નથી. દરેક આત્મામાં. વસ્તુ છેને. એનો અતીન્દ્રિય આનંદ બેહદ સ્વભાવ પડ્યો છે. મુક્તસ્વરૂપ જ છે આનંદ તો પણ એ ધ્રુવસ્વરૂપ છે. એને આશ્રયે પ્રગટ થતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એ પૂર્ણ આનંદનું જે વસ્તુનું સ્વરૂપ એમાંથી પ્રગટ થતી પૂર્ણ આનંદદશારૂપી મુક્તિ એનું કારણ નિશ્ચયમોક્ષમાર્ગ છે. નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ વસ્તુનો દ્રવ્યસ્વભાવ છે. એ નિશ્ચયમોક્ષમાર્ગનું નિમિત્તકારણ વીતરાગની વાણી છે. આ બરાબર સંધિ કરી એમ કહે છે. કહો, સમજાય છે કે નહિ આમાં?

'**નિર્વાણના કારણનું કારણ...**' એ નિર્વાણનું કારણ તો શુદ્ધ ઉપાદાન અંતર નિર્મળ દશા. મોક્ષ પૂર્ણ શુદ્ધ દશા. પૂર્ણ આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ... પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ દશા. એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ શુદ્ધ ઉપાદાન. એનું નિમિત્તકારણ જિનની વાણી. પરમાગમ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવની વાણી એ મોક્ષના કારણનું નિમિત્તકારણ.

'**જે સર્વ જીવોના કર્ણોને અમૃત છે,...**' એમ શબ્દ લેવો. ભવ્યો શબ્દ છેને, એને ઠેકાણે અહીંયા જીવોના એમ લેવું. સુધારી નાખવું. '**સર્વ જીવોના કર્ણોને...**' કાનને અમૃત સમાન છે. સર્વ જીવને વીતરાગની વાણી અમૃત સરીખી છે, જાણે અમૃત રેડાતું હોય. આવ્યું હતુંને માથે? સમજાણું કાંઈ? આવ્યું હતું, ઉપર આવ્યું હતું. ઓલી કોર આવ્યું હતું. અમૃત વરસાવતા હોય એવું. '**સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે...**' એવી વાણી છે. પરમેશ્વર પૂર્ણાનંદ પૂર્ણાનંદ ભગવાન પરમેશ્વરને પ્રગટ થયો એ વાણી પણ પૂર્ણ અમૃત આપે એવી છે. એ વાણી પોતે અમૃતસ્વરૂપ છે એમ કહે છે. સમજાણું? '**કર્ણોને અમૃત છે,...**' અમૃત છે. ઓલા ખીલા પડે એમ નથી કહેતા? એવા આકરા શબ્દો બોલેને નિંદાના કે ખીલા પડે છે, વાગે છે એમ નથી કહેતા માણસો? શૂળ અથવા બાણ વાગતા હોય. આકરા શબ્દો એવા બોલેને, બાઈઓ-બાઈઓ એકબીજા જ્યારે (જગડતી) હોયને, એકબીજાની અધિકાઈ બતાવવા, ઓલી હીણી પડી જાય અને આ અધિક બતાવવા, આને હીણી બતાવવા ઓલી અધિક થઈ જાય. બતાવવાની ભાષા ચાલતી હોય એ સમજવા જેવી હોય બધી. વેણમાં એમ કે પોતાની અધિકાઈ છે અને એ હીણી છે એમ બતાવવું હોય છે. ઘરમાં બેનો ન બનાવ હોય અને દેરાણી-જેઠાણીનું સાંભળ્યું હોય તો ખબર પડે. એવી ઢબે એ વાત નીકળતી હોયને. એવો ટોણો એક મારેને, એવો એક ટોણો મારેને જાણે હું અધિક છું અને ... ખીલા પડે અંદરથી.

આ ભગવાનની વાણી તો અમૃત જેવી છે. વીતરાગતા વરસાવે, ઉપશમરસ, શાંત... શાંત... શાંત... જ્ઞાતાદૃષ્ટા ભગવાન તારું સ્વરૂપ છે. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોક તો તારા જ્ઞાનના જાણવાના વિષય છે. આવી વાણી કંઈ પણ નથી. તું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન છો,

પ્રભુ! એ બધા જગત તો તારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે. આ..હા..! કોઈ પ્રતિકૂળ છે નહિ, કોઈ અનુકૂળ છે નહિ. સત્ ભગવાન આત્મા જાણનાર-દેખનાર સ્વભાવે ... સર્વ જીવોના કાનને અમૃત છે.

**'જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે...'** આહા..હા..! જે ભવભવ ચોર્યાશીના અવતાર. ભવ ભવ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય.. ઓહો..હો..! નરકના ઉપરાઉપર ભવ! સમજાણું? એવા ભવભવરૂપી અરણ્ય—જંગલ એનો ઉગ્ર દાવાનળ. એ જંગલના ઝાડો હજારો સળગતા હોય જ્યારે, હજારો ઝાડ. સૂકા ભેગા લીલાને સૂકા કરતાં-કરતાં વન ચાલ્યું જાય. મોટા જંગલ હોય છેને. હજારો જોજનમાં જંગલ હોય. એકલા ઝાડ ઝાડ ઝાડ ઝાડ... એવા ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળ, સળગતો મોટો દાવાનળ. જ્યાં ખીચોખીચ ઝાડ ભર્યા હોય. ક્યાંય વચ્ચે આંતરો નહિ એટલા ઝાડ. એ સળગે તો પછી ક્યાં ઓલવે? એટલો દાવાનળ. એમ ચોર્યાશીના અવતાર દાવાનળ. ઝાડ પછી ઝાડ, ઝાડ પછી ઝાડ એમ ભવ પછી ભવ, ભવ પછી ભવ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને કેટલાક ઓલા.. નહિ? ઊના .. નથી આવતું? શું કહેવાય? ઓહો..હો..! ડુંગરા જુઓ તો ત્રણ ત્રણ પટા ઉપરથી દેખાય. એકલું જંગલ હોં! એમાં જો ઈ સળગ્યું હોય કોણ ઓલવવા જાય? એટલા ઝાડ. રંગેરંગના લીલા, પીળા ફૂલ ને... ન્યાં જાય કોણ? જ્યાં એક એક ઊંડા ઊંડા ઓલા... એવા. એમ કહે છે, હજારા લાખો ઝાડની આમ ઝાડીઓ એ સળગે દાવાનળ. એમ આ એક ભવથી બીજો, બીજાથી ત્રીજો, ત્રીજાથી ચોથો સળગે છે દાવાનળ. એવા **'ઉગ્ર દાવાનળને શમાવવામાં...'** ભગવાનની વાણી મેઘધારા જળ છે. સાંબેલાની જેમ પાણી પડે એમ. ઝડ ઓલવાય જાય બધું. સાંબેલા સમજો છો? મૂસળધારા નથી કહેતા? મૂસળધારા પડે. મૂસળનો અર્થ સાંબેલુ થાય. મૂસળધારા પડે એકદમ.

ભગવાનની વાણી ચોર્યાશીના અવતારના દાવાનળ ઉગ્ર સળગતો એને જળ છે ઓલવવા માટે. કહો, સમજાય છે? ન્યાં નહિ ઓલાય તો પછી ઓલાશે કે દિ ક્યાં? એમ કહે છે. આહા..હા..! વીતરાગની વાણી સાંભળીને દાવાનળ નહિ ઓલવે તો પછી ઓલવશે ક્યાં? મોહનભાઈ! એક પછી એક ભવ દેખાય છે કે નહિ? અહીં ક્યાંકથી આવ્યો કે નહિ? ક્યાંકથી આવ્યો હશે. ન્યાં બીજે ભવે હોળી હતી. ત્યાં રાખ થઈ, એનાથી પહેલાં, એનાથી બીજે, એનાથી ત્રીજે, ચોથે, પાંચમે... કોઈ સમય અનંતકાળમાં ભવ વિનાનો હશે? કોઈ સમય અનંતકાળમાં શરીર વિનાનો હશે? કોઈ સમય અનંતકાળનો કષાયઅગ્નિ વિનાનો હશે? ચોર્યાશીના અવતાર ભલે સ્વર્ગ હો, નરક હો. ઓ..હો..હો..! અનંતી હાર. જેમ ઝાડની અનંત હાર, એમ ભવની અનંતી હાર પડી છે. સળગતો દાવાનળ. ભગવાનની વાણી પડે (ત્યાં) ઓલાઈ જાય. વીતરાગની વાણી વીતરાગતા બતાવે. વીતરાગ.. વીતરાગ.. શાંત.. આત્મા સર્વજ્ઞસ્વભાવી વીતરાગ (છે). એમ ઠરતાં દાવાનળ ઠરી જાય. સમજાણું કાંઈ? જુઓને, ઉગ્ર દાવાનળ કીધો

હોં આમાં. આ બધા શેઠિયા-ફેઠિયાને એમાં નાખ્યા લાગે છે. પૈસાવાળાને, દેવલોકને એમાં નાખ્યા હશે? દેવતાને? પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા હોય, પચ્ચીસ-પચ્ચીસ લાખના બંગલા મોટા હજીરા હોય, પંખા નાખ્યા હોય ફરતા માથે. અરણ્ય સળગે છે મોટું, જંગલ સળગે છે, બાપા! તારા કાળજામાં આત્માના ભાન વિના વિકારનો દાવાનળ સળગે છે ઈ. મોટો ભઠ્ઠો. ઓ..હો..હો..!

જુઓને, દ્વારિકા સળગી તો છ મહિને ન ઓલાણી. કારણ કે મોટી દ્વારિકા. ઓ..હો..હો..! કેટલી બાર યોજન ને... મોટી પહોળી. એમાં ઘી, વ્યાસતેલ, તેલ બધું ભર્યું હોય કે નહિ આખું? ... સળગ્યું તે છ છ મહિના સુધી આમ ... પ્રવેશ કરી શકે નહિ. કોઈ પંખી ઉપરથી આવી શકે નહિ. એટલી ઝાળ, એટલી હેઠે ધગ.. ધગ.. ધગ.. સમજ્યા? શ્રી કૃષ્ણ અને બળદેવ બે નીકળ્યા, બહાર નીકળ્યા, બહાર નીકળ્યા. આ..હા..હા..! એ જનેતા અને જનક, માતા ને પિતા સળગતા મૂકી નીકળી ગયા બહાર. શું કરે? સળગવાનો.. એકદમ સળગતું.. ઓલું શું કહેવાય? દીપાયન. થવાનું હતું, ભગવાને પહેલેથી કહ્યું હતું. એ ફરે છે કાંઈ? ઈ સળગે આમ.. હાય.. હાય..! એ.. કૃષ્ણ..! એ.. બળદેવ! અમને ઉગારો. પોકાર કરે. મોટા યોદ્ધા હતા. કંઈક દેવને ઊડાવી દે એવા હતા પણ... સળગવા ટાણે, એ.. વાસુદેવ! એ.. કૃષ્ણ! બળી જઈએ છીએ અમે. કોણ બચાવે? મા-બાપને લઈ રથ જોડી બહાર નીકળે છે. જ્યાં દરવાજો આવ્યો આકાશવાણી થઈ, થંભી જાઓ, એ બહાર નહિ નીકળે. તમે બહાર નીકળી જાઓ, મા બાપ બહાર નહિ નીકળે. હાય.. હાય..! કહો, છગનભાઈ! એ જનેતા, જેનો ભગત છ છ મહિને પગે લાગવા જતા. વાસુદેવ હતાને. બહુ ૠદ્ધિને વ્યવસ્થા ઘણીને. સારો દિકરો તો દરરોજ પગે લાગવા જાય. પણ આ તો એટલી વ્યવસ્થા કે આમ છ મહિને દર્શન કરવા જાય માતાના. એટલી વ્યવસ્થા. છ મહિને આવે તોય બેટા! ... એવી ભક્તિ કરેને આમ. ઈ મા-બાપને છોડ્યા હોં! છોડી દે. છોડી દ્યો, બેય. તમે બે સિવાય બહાર નહિ નીકળાય. આ..હા..! ક્યાં ગયા પુણ્ય? કહો, મોહનભાઈ! એ.. રાડ્યું પાડતા વસુદેવ અને દેવકી! દીકરા! નીકળી જાઓ. આકાશવાણી થઈ છે. અમે તો નહિ બચીએ, તમે નીકળી જાઓ. આહા..હા..! આમ સળગે છે. પછી રોવે છે હોં! હાથ નાખીને રોવે છે. અરે.. ભાઈ! આપણે કોણ? બળદેવ વાસુદેવ. દેવો પણ આપણાથી ડરતા. ત્રણ ખંડના દેવોને વશ કરેલા. આ સળગે ઈ આપણી નજરે! ક્યાં જાશું? ભાઈ! આહા..હા..!

એવું આ અરણ્ય છે, સળગે છે એમ બતાવવું છે. ચોર્યાશીના અવતાર દાવાનળ સળગે છે વિકારથી. ભાગ ન્યાંથી નીકળ. નીકળવાની વાણી આ વીતરાગ ... છે. કષાય અને અજ્ઞાનને ટાળવા અને વીતરાગતાને બતાવવા વીતરાગની વાણી છે. એવી વાણી બીજે હોઈ શકે નહિ. સમજાણું?

**'અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે,...'** જુઓ, એના જાણનારાઓ વડે

વંદનીક વાણી છે. એના નહિ જાણનાર વડે કોણ વાંદે વાણીને? એમ કહે છે. જૈન યોગીઓ એટલે જેણે આત્માના વીતરાગભાવે આત્માને સાધ્યો છે એવા સંતો એવા વડે સદા વંદ્ય છે. એ વીતરાગની વાણી પણ સદા વંદનીક છે, આદરણીય છે. '**તે આ જિનભગવાનનાં સદ્‌વચનને...**' તે આ જિનભગવાનના '**(સમ્યક્ જિનાગમને) હું...**' મુનિ પોતે છે હોં! '**પ્રતિદિન વંદું છું.**' બહુમાન છેને. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ કથન છે એ સમજે નહિ. એક કોર પદ્મનંદિમાં એમ કહે, જે બુદ્ધિ શાસ્ત્રમાં વર્તે ત્યાં સુધી વ્યભિચારી છે. એઈ..! કઈ અપેક્ષાએ વાત છે? એ સ્વરૂપમાંથી બહાર નીકળે છે અને જેટલો વિકલ્પ બહારમાં જાય છે એ અપેક્ષાએ તે બંધનનું કારણ છે એમ બતાવવું છે. અને અહીં એનું બહુમાનની વ્યવહારે ભક્તિ બતાવવી છે. ત્યાં એ વિકલ્પ પણ દુઃખદાયક છે એમ બતાવવું છે અને અહીં વાણીનું બહુમાન બતાવવું છે. એમ જે અપેક્ષાએ જે ચાલતું હોય એમ સમજવું જોઈએ કે નહિ? વ્યવહારસમકિતમાં વિષય આવો હોય અને એને ભક્તિથી વંદન કરે, હોય એમ અહીં બતાવવું છે. '**હું પ્રતિદિન વંદું છું.**' દરરોજ વીતરાગવાણીને, મુનિ પોતે પંચમહાવ્રતધારી પદ્મપ્રભમલધારિદેવ સંત જંગલમાં વસનારા (કહે છે). લ્યો, એ પંદરમો શ્લોક થયો. એ આઠમી ગાથા થઈ.

હવે ભગવાને કહેલા તત્ત્વાર્થ. એક તો આપ્તની વ્યાખ્યા આવી ગઈ. બીજી આગમની આ વ્યાખ્યા ગઈ. હવે આગમે કહેલા તત્ત્વો. ભગવાનની વાણીમાં આવેલા છ દ્રવ્યો. દ્રવ્ય છ કહો કે તત્ત્વાર્થ કહો, બધું એકવચન છે. એ તત્ત્વોની શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને આત્માની શ્રદ્ધાની સાથે આવા તત્ત્વોની શ્રદ્ધા એને હોય છે.

जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।
तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता।।९।।

**જીવદ્રવ્ય, પુદ્‌ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ,**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુકત જે. ૯.**

જુઓ, શું કહે છે? ટીકા, એની વ્યાખ્યા. નવમી ગાથાની ટીકા.

'**ટીકા :— અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં પૃથક્-પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.**' ભગવાનના જ્ઞાનમાં કેવળજ્ઞાનીના જ્ઞાનમાં છ દ્રવ્ય જોવામાં આવ્યા. એ છ દ્રવ્યને અહીંયા તત્ત્વો કહેવામાં આવે છે. એ તત્ત્વોની શ્રદ્ધા ધર્મી નિશ્ચયસમ્યગ્દષ્ટિવંતને વ્યવહારશ્રદ્ધામાં આવા તત્ત્વોની શ્રદ્ધા એને વર્તતી હોય છે. બીજી શ્રદ્ધા એને હોતી નથી. કહો, અજ્ઞાનીએ કોઈ એક જ તત્ત્વ કહ્યું આદિ ઘણા પ્રકાર છે કે નહિ? એ કોઈ તત્ત્વ એને માન્ય નથી. વ્યવહારસમકિતમાં તો આ છ દ્રવ્ય અને નવ તત્ત્વો શ્રદ્ધામાં માન્ય છે.

'**સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર,...**' પાંચ ઈન્દ્રિય. '**મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છવાસ નામના દસ પ્રાણ...**' એ દશ પ્રાણ છે. એ પ્રાણથી સંસારમાં 'જે

**જીવે છે,...'** પહેલી જીવની વ્યાખ્યા. છ દ્રવ્ય છેને છ દ્રવ્ય. છ દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે. વ્યવહારમાં એને છ દ્રવ્યની શ્રદ્ધા હોય. નિશ્ચયમાં આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં (હોય છે). હવે જીવની વ્યાખ્યા. જીવ દશ પ્રાણે કરીને **'જીવે છે, જીવશે...'** જે જીવશે ઈ અને **'પૂર્વે જીવતો હતો...'** વ્યવહારજીવની વ્યાખ્યા છેને. **'તે 'જીવ' છે.—આ સંગ્રહનય કહ્યો.'** વ્યવહારસમકિતમાં અનંત જીવો સંસારપણે દશ પ્રાણથી જીવ્યા, જીવે અને જીવશે એવો સંગ્રહનયના સામાન્ય જીવનું સ્વરૂપ. સમ્યગ્દષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં આવા જીવની એને શ્રદ્ધા હોય છે. એક જ જીવ છે એમ નહિ. એને પ્રાણ દશ હોય છે. પાછું વીતરાગ સિવાય બીજે ન હોય દશ પ્રાણ—પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, આયુષ્ય, શ્વાસ. એ જડની પર્યાય દશ હોય છે. એ પ્રકારે વ્યવહારે જીવતો આવ્યો, જીવે અને જીવશે. એવા જીવની શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને હોય છે.

**'નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે,...'** ખરેખર તો આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદને ધારણ કરવાને લીધે **'જીવ' છે.'** ભાવપ્રાણને ધારણ કરે છે. કહો, સમજાણું કાંઈ? નિશ્ચયથી તો ભાવપ્રાણ—જ્ઞાન, દર્શન, આનંદાદિને ધારે છે. **'વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.'** જીવતો હતો આ ધારણ કરવાની અપેક્ષાએ. એવી શ્રદ્ધા સમકિતીને વ્યવહારસમકિતમાં આવા જીવની શ્રદ્ધા હોય છે. હવે ઝીણું આવ્યું જરી.

**'શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.'** સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમૂર્તિ એકરૂપ અખંડ જ્ઞાનની પ્રતીતિ હોવાના કાળમાં જીવની આવી શ્રદ્ધા એને ભેદોની હોય છે. કાર્યશુદ્ધજીવ. કાર્યશુદ્ધજીવ એટલે? **'શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર...'** ગુણ શબ્દે ઈ પર્યાય છે. સમજાણું કાંઈ? અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવા વ્યવહારથી.. વ્યવહાર કેમ? કે એક સમયની પર્યાય છે. આત્મા ત્રિકાળ છે એમાં કેવળજ્ઞાનાદિ એક સમયની દશા છે. વસંતીલાલજી! કેવળજ્ઞાન પણ વ્યવહારનયે જીવ છે. કેવળજ્ઞાની વ્યવહારનો, સદ્‌ભૂતવ્યવહારનો વિષય છે. આહા..હા..! પર્યાય છેને. શુદ્ધસદ્‌ભૂત પણ એટલું. વ્યવહારથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવા શુદ્ધગુણ એટલે પર્યાય એનો આધાર હોવાને લીધે એ કાર્યશુદ્ધજીવ છે. કાર્યશુદ્ધજીવ એટલે સિદ્ધ પરમાત્મદશા. એને કાર્યશુદ્ધજીવ કહે છે. નીચે છે.

'દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે...' દરેક આત્મા શક્તિ અંદર ગુણસ્વભાવની અપેક્ષાએ શુદ્ધ 'સહજજ્ઞાનાદિક સહિત છે...' અંદર આત્મામાં સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, સ્વભાવિક વીર્ય. 'તેથી દરેક જીવ 'કારણશુદ્ધજીવ' છે;...' સમજાણું કાંઈ? ઈ પછી આવશે આમાં પાઠમાં. અહીં તો ખુલાસો (છે). કારણશુદ્ધજીવ કોણ? આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો પદાર્થ—વસ્તુ તેને કારણશુદ્ધજીવ કહેવામાં આવે છે, જેમાંથી કાર્યશુદ્ધ

જીવ પ્રગટ થાય. આહા..! 'જે કારણશુદ્ધ જીવને ભાવે છે...' જુઓ, એવો આત્મા અનંતજ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ એવો આત્મા ધ્રુવ કારણજીવ કારણઆત્મા એને ભાવે છે, તેને જે ભાવે છે. ભાવે છે એટલે? ભાવે છે. ધ્યાવે છે એમ નથી. ભાવે છે એટલે એની એકાગ્ર થઈને ભાવના કરે છે. 'કારણશુદ્ધ ભગવાન આત્મા છું' એમ એની એકાગ્રતાની ભાવના કરે છે. 'તેનો જ આશ્રય કરે છે,...' તેનો જ આશ્રય કરે છે. હવે તો અંદર એકાગ્ર થાય છે. આ તો વિષય સ્પષ્ટ કરે છે. એનોને એનો. ભાવે છે એનો અર્થ કે તેનો જ આશ્રય કરે છે.

વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ ચિદ્ઘન અનંતગુણનો પિંડ કારણપરમાત્મા, કારણપરમાત્મા કહો કે કારણજીવ (કહો). અહીં જીવની વ્યાખ્યા છેને. પરમાત્માની વ્યાખ્યા હોય તો પરમાત્મા એને કારણપરમાત્મા (કહે) અને પૂર્ણ કાર્યદશાને કાર્યપરમાત્મા (કહે). અહીં જીવની વ્યાખ્યા છે એટલે એનેને એને કારણજીવ (કહે છે) અને એની એકાગ્રતા થતા પૂર્ણ કાર્ય પ્રગટે એને કાર્યજીવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? 'તે વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ (-કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે...' લ્યો. સર્વજ્ઞ પરમેશ્વર એ પ્રગટરૂપે—વ્યક્તિરૂપે, ઓલી જીવની શક્તિ છે ત્રિકાળ, ત્રિકાળ શક્તિરૂપે તેને કારણજીવ કહે છે. એની એકાગ્રતા નામ મોક્ષનો માર્ગ પ્રગટ કરી એકાગ્ર થાય એના ફળ તરીકે પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય એને કાર્યશુદ્ધજીવ કહે છે. સમજાણું? 'કાર્યશુદ્ધજીવ' થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...' એટલે કે આત્મામાં એ શક્તિ પડી છે એમાંથી એ પ્રગટ થાય છે. ન હોય તો કાંઈ બહારથી આવે એવું નથી. સિદ્ધપદ, મોક્ષપદ એ વ્યક્ત દશા પ્રગટ દશા છે, એ શક્તિમાંથી વ્યક્તતા થાય છે. શું કીધું સમજાણું?

એ શક્તિરૂપે ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આદિ સ્વરૂપ શક્તિમાંથી વ્યક્તિ મોક્ષ પ્રગટ થાય છે. એમ કહીને કહ્યું કે મોક્ષની દશા એ નિમિત્તથી થતી નથી, સંઘયણથી થતી નથી, વ્યવહારના રાગથી થતી નથી, પૂર્વની પર્યાય મોક્ષમાર્ગથી પણ એ કાર્ય શુદ્ધ થતું નથી, કાર્યજીવ થતો નથી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયથી પણ એ કાર્ય (સિદ્ધ થતું નથી). શક્તિની વ્યક્તિ, શક્તિમાંથી પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખજાના ખોલી નાખ્યા છે. કોણ ન લ્યે હવે? પદ્મનંદિ આચાર્યમાં કહે છે, અરે..! ભગવાને ખજાના બતાવ્યા તો હવે આ ખજાના, ચક્રવર્તી આદિના ખજાના છોડીને આ ખજાના, કોણ ન લ્યે? ધૂડમાં શું ખજાનામાં પડ્યું છે? ભગવાનની સ્તુતિ લીધી છે. આહા..હા..!

'શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.' જુઓ, શું સિદ્ધ કર્યું એમાં સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સીધો અનંત શક્તિનો ધણી એમાંથી વ્યક્તિ નામ પરમાત્મદશા અથવા કાર્યશુદ્ધદશા-સિદ્ધદશા એમાંથી પ્રગટ થાય છે. એમ કહીને બધું ઊડાડી દીધું. સંઘયણમાંથી પરમાત્મા કેવળજ્ઞાન થવાય, વ્યવહારરત્નત્રય હોય તો કેવળજ્ઞાન થાય, આ પૂર્વે મોક્ષનો માર્ગ નિશ્ચય હોય તો કેવળજ્ઞાન થાય એ બધી વ્યવહારની વાતું

થઈ. સમજાણું કાંઈ? આ તો ભગવાન આત્મા જેના કુંડમાં, જેના અંદર સરોવરમાં સ્વભાવમાં અનંત અનંતજ્ઞાન, દર્શન, આનંદ તે અતીન્દ્રિય વીર્યની પૂતળી પ્રભુ શક્તિરૂપ ભગવાન છે એમાંથી વ્યક્તરૂપ પ્રગટરૂપ મોક્ષદશા થાય છે. પ્રગટરૂપી મોક્ષદશાના કાર્યનું કારણ જીવની શક્તિરૂપ તત્ત્વ તે.

**શ્રોતા :—** કરણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરણ ઈ, બીજો કરણ ક્યો હતો? કરણ એ આત્માનું સાધન પડ્યું એ કરણ. કર્તા એ, કરણ એ-સાધન એ બધું એનામાં પડ્યું છે. સમજાણું કાંઈ?

'આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...' આમ હોવાથી, નીચે છેને? 'શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...' શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને. શક્તિ શુદ્ધ છે એમ કહેવું છે. 'કારણશુદ્ધજીવ કહેવાય છે...' એને કારણશુદ્ધજીવ કહેવાય છે. જીવ વિચાર અને નવ તત્ત્વ ને એમાં આ વાત ક્યાંય ન આવે. 'અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને...' જુઓ, શક્તિરૂપ શુદ્ધ ભગવાન આત્મા જેના ખજાનામાંથી અંદરમાંથી મોક્ષદશા પ્રગટ થાય છે, સમજાણું? એ પટારામાં માલ પડ્યો છે તે ઉઘાડે ત્યાં પ્રગટ થાય છે અંદર. અનંત અનંતજ્ઞાન કેવળજ્ઞાન, અનંતદર્શન જે દશા પ્રગટ થાય એ શક્તિમાંથી પ્રગટ થાય છે. માટે શક્તિવાળાને કારણજીવ કહે છે, વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધજીવ કહેવાય છે. કહો, સમજાણું આમાં?

'(કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ.' આટલું સ્પષ્ટ કર્યું છે. પંડિતજીએ આટલું સ્પષ્ટ કર્યું. કારણશુદ્ધ એટલે કારણ અપેક્ષાએ શુદ્ધ. કોણ? કાર્યદશા જે ભગવાન આત્માની મોક્ષદશા એનું કારણ અપેક્ષાએ એટલે શુદ્ધ અથવા શક્તિએ શુદ્ધ. 'કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષા શુદ્ધ.)' લ્યો. છે કે નહિ, ધર્મચંદજી! આ બે અર્થ કર્યા. કારણ અપેક્ષાએ શુદ્ધ એટલે શક્તિ અપેક્ષાએ શુદ્ધ. કારણ અપેક્ષાએ શુદ્ધ એટલે શક્તિ અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ, એમ. સ્પષ્ટ તો ઘણું કર્યું છે. હવે અહીંયા.

ભગવાન આત્મા વ્યવહારથી કેવળજ્ઞાનદશા એ પર્યાય છેને. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે સિદ્ધપદ પ્રગટે ઈ પર્યાય છે, પર્યાય માટે વ્યવહાર. કેવળજ્ઞાન એ વ્યવહાર. કેમકે વસ્તુ ત્રિકાળ એકરૂપ છે એનો પર્યાય અંશ છે, કેવળજ્ઞાન અંશ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત ચતુષ્ટય જે ભગવાનને પ્રગટ્યા એ અંશ છે, અંશી તો આખી ચીજ છે, વસ્તુ આખી ભરેલી છે સત્ત્વ આખું. સત્ત્વ વસ્તુ. એટલે એને વ્યવહાર કહ્યો. ત્રિકાળ વસ્તુને નિશ્ચય કહ્યો. એક સમયની અવસ્થા પ્રગટ થાય મોક્ષદશા કેવળજ્ઞાન તેને વ્યવહાર કહ્યો. એઈ..! ન્યાલભાઈ! હવે ઓલો વ્યવહાર તો ક્યાં ગયો? આહા..હા..!

વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણ એટલે પર્યાય. એનો 'આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે...' મોક્ષદશા એટલે કાર્યશુદ્ધજીવ. આહા..! કાર્યશુદ્ધ જીવ. જુઓ, એનું કાર્ય થયું.

સમજાણું? સિદ્ધપદ થયું એટલે કાર્ય થયું એનું. એ કાર્ય છે. **'અશુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી...'** જોયું? ઉપચરિત સદ્‌ભૂતવ્યવહારથી. **'મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ'** છે.' અશુદ્ધ સદ્‌ભૂત છે તો પર્યાય આત્માની એ પણ અશુદ્ધ છે, છે અંશ વ્યવહારથી. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન—ચાર જ્ઞાન. એવા ચાર જ્ઞાનાદિ વિભાવપર્યાયનો આધાર હોવાને લીધે. એ ચાર જ્ઞાનને વિભાવપર્યાય કીધી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** નીકળી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નીકળી જાય છે અને એનું કાયમનું સ્વરૂપ નથી. ઓલું શુદ્ધ છે અને આ તો અશુદ્ધ છેને.

અશુદ્ધ છે એની પર્યાય પણ મલિન, કેમ? અપૂર્ણ છે માટે, વ્યવહાર એનો એક સમયનો પર્યાય છે માટે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન—એ વિભાવપર્યાયનો આધાર હોવાને લીધે, એને ગુણ જ કીધા છે, અશુદ્ધજીવ છે. એ ચાર જ્ઞાનની અપેક્ષાએ વ્યવહારથી અશુદ્ધજીવ કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? રાગદ્વેષ તે અશુદ્ધ એ તો એક કોર રહી ગયું. અહીં તો ચાર જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—એ અશુદ્ધ છે. અપૂર્ણ છેને. અને સદ્‌ભૂત છે એની પર્યાય છે. સદ્‌ભૂત એટલે એમાં છે, વ્યવહાર એટલે ગૌણ, પર્યાય છે. અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. મતિજ્ઞાનાદિ વિભાવપર્યાયને **'આધાર હોવાને લીધે 'અશુદ્ધજીવ'** છે.' ત્યાં સુધી અશુદ્ધજીવ છે. આહા..હા..! આવી રીતે વ્યવહારસમ્યગ્દર્શનમાં જીવોના ભેદની શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને હોય છે. વ્યવહારસમ્યગ્દર્શનમાં જીવના આવા ભેદોની શ્રદ્ધા વ્યવહારસમકિતમાં હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

નિશ્ચયસમ્યગ્દર્શનમાં તો આત્મા જ છે એકલો અખંડ અભેદ. વ્યવહારસમ્યગ્દર્શનમાં કાર્યશુદ્ધ જીવ આવો હોય એની શ્રદ્ધા છે. કારણશુદ્ધજીવ ત્રિકાળ આવો છે. ભેદ પાડ્યાને, ભેદ પડ્યાને, માટે વ્યવહાર આવી ગયું. સમજાણું? કેવળજ્ઞાનાદિ કાર્યજીવ શુદ્ધસદ્‌ભૂત અને મતિજ્ઞાનાદિ અશુદ્ધ, એમાં રહેલી પર્યાય સદ્‌ભૂત, અંશ છે માટે વ્યવહાર. એનાથી તે અશુદ્ધજીવ કહેવામાં આવે છે. શું આમાં યાદ રાખવું? એક જીવની વ્યાખ્યામાં આટલું આવે છે. એ **'जीवा'** શબ્દ પડ્યો છે પહેલો. **'जीवा'**. છેને પહેલો? **'जीवा पोग्गलकाया'** એમાં **'जीवा'**ની વ્યાખ્યા ચાલે છે. ઓલામાં પાંચસો ત્રેસઠ ભેદ ને... આ ભેદ ને ફલાણો ભેદ...

હવે આવ્યું કારણ. **'શુદ્ધનિશ્ચયથી...'** જુઓ, ભગવાન આત્મા શુદ્ધ ત્રિકાળ નિશ્ચય ત્રિકાળ **'સહજજ્ઞાનાદિ...'** સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ, સહજદર્શન ત્રિકાળ, સહજઆનંદ ત્રિકાળ, સહજવીર્ય ત્રિકાળ એવા **'પરમસ્વભાવગુણોનો...'** જુઓ, એ પરમસ્વભાવગુણ છે. ત્રિકાળ આત્મામાં આવા **'સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ'** છે.' ભગવાન આત્મા ત્રિકાળ વસ્તુ છે એમાં અનંતજ્ઞાનાદિ ત્રિકાળ ભાવ જે છે એનો આધાર હોવાને લીધે ભગવાન આત્માને કારણશુદ્ધજીવ કહેવામાં આવે છે. કહો, ન્યાલભાઈ!

આ વાંચ્યું હતું કે નહિ નિયમસાર? દાંત કાઢે છે. રાખ્યું છે કે નહિ ઘરે? આહા..હા..!

કહે છે, ભાઈ! જીવ કોને કહેવો? કારણશુદ્ધજીવ સમ્યગ્દર્શનમાં કારણ ખરો, સમજાય છે? એના કારણજીવમાંથી કાર્ય પૂર્ણ પ્રગટ થાય. એ બધા ભેદો, ભેદ છેને બધા? એવા ભેદોને વ્યવહારસમ્યગ્દૃષ્ટિ આવા જીવના ભેદ છે જગતમાં એમ શ્રદ્ધે છે. નિશ્ચયમાં પોતાનો કારણશુદ્ધજીવ ચૈતન્ય છે એને શ્રદ્ધામાં લીધો છે એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. પણ આ કારણ ને આ કાર્ય ને આ ભેદ એવા બધા પ્રકારના ભેદને વ્યવહારસમકિતમાં ઈ શ્રદ્ધે છે. છોટાભાઈ!

**શ્રોતા :—** વ્યવહાર..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહારસમકિતની વાત છેને. કારણ અને કાર્ય આ તો બધા ભેદો. એકલો કારણજીવ છે એ તો સમ્યગ્દર્શનનો વિષય એકલો થયો. એમાં પછી બીજો ભેદ કાંઈ નહિ. પણ આ તો જીવમાં કારણશુદ્ધ આ ને કાર્યશુદ્ધ આ ને અશુદ્ધગુણનો આધાર આ શુદ્ધગુણના એટલા બધા ભેદ એ બધા વ્યવહારશ્રદ્ધાના વિષયના જગતના જીવો છે એનો ભેદ છે. ખરેખર નિજ કારણશુદ્ધ(જીવ) તો પોતાના નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય છે. પણ જેટલા બીજા જીવોના પ્રકાર ભેદ છે એ બધા વ્યવહારશ્રદ્ધામાં એ બધા ભેદોની શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ? એ '**કારણશુદ્ધજીવ**' છે.' એટલે શક્તિરૂપે શુદ્ધજીવ છે. આવી ગયુંને ઈ? કારણ અપેક્ષાએ એટલે શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે. કહો, આ બધા આત્મા જગતના અનંત આત્માઓ છે એને આ ભેદોમાં સમાડી દીધા. કોઈ આમાંથી બાકી રહ્યો નહિ. જીવની જેટલી જગતમાં જાત છે એમાંથી કોઈ આમાં બાકી ન રહી. ઓલા અશુદ્ધમાં તો મતિ અજ્ઞાનાદિ પણ આવી જાય છે. સમજાય છે કાંઈ?

હવે કહે છે, '**આ (જીવ) ચેતન છે;...**' આ જીવ છે તે ચેતન છે, જીવ, જીવ. '**આના (-જીવના) ચેતન ગુણો છે.**' એ ચેતનને ચેતનગુણો હોય. સમજાણું કાંઈ? ચૈતન્યને ચેતનગુણો હોય. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ આદિ અનંત શક્તિઓ એ બધી ચેતન છે. સમજાણું કાંઈ? '**આ (જીવ) ચેતન છે;...**' એ ચેતનની સાધારણ વ્યાખ્યા કરે છે કે આ બધા જીવો. એના ચેતનગુણો છે. '**આ અમૂર્ત છે;...**' જીવ જીવની વ્યાખ્યા છે હોં આમાં. એ અમૂર્ત છે '**આના અમૂર્ત ગુણો છે.**' ગુણો પણ અમૂર્ત છે. '**આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે.**' સમજાણું? જે શુદ્ધજીવ છે એના શુદ્ધ ગુણો છે. '**આ અશુદ્ધ છે;...**' અશુદ્ધજીવ કીધો હતોને. '**આના અશુદ્ધ ગુણો છે.**' મતિજ્ઞાનાદિ. એ અશુદ્ધજીવના અશુદ્ધ મતિજ્ઞાનાદિ ગુણો. અને '**પર્યાય પણ એ પ્રમાણે છે.**' શુદ્ધગુણની શુદ્ધ પર્યાય અને અશુદ્ધ ગુણને અશુદ્ધ પર્યાય છે. સમજાણું કાંઈ? પહેલી એ જીવની વ્યાખ્યા કીધી. '**जीवा**' એ એક શબ્દની એટલી વ્યાખ્યા થઈ.

હવે '**पोग्गलकाया**' બીજો શબ્દ છેને? '**पोग्गलकाया**'. '**વળી, જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્‌ગલ**

છે.' વ્યાખ્યા આ. પુદ્‌ગલની વ્યાખ્યા. શરીરાદિ ભેગા થાય અને જુદાં પડે એ પુદ્‌ગલનો સ્વભાવ છે એમ એણે વ્યવહારશ્રદ્ધામાં માનવું જોઈએ. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધામાં હોં! હું એને પૂરું અને ગળું એમ નહિ. એ પુદ્‌ગલનો જ શરીરના, વાણીના, મનના, કર્મના બહારના પૂરણ-ગલન, ભેગા થાય છૂટા પડે, ભેગા થાય છૂટા પડે એવા પૂરણ અને ગલન સ્વભાવસહિત એવા ભાવસહિત છૂટા અને ભેગા થવાના સ્વભાવવાળું તે પુદ્‌ગલ છે. બીજા લોકો આમ રજકણને ભેગા કરે અને છૂટા પાડે એવો આત્મામાં સ્વભાવ નથી. એ પુદ્‌ગલનો એનો સ્વભાવ છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? એ કફના ઝાળા બાઝવા અને કફના ઝાળા છૂટવા એ પુદ્‌ગલનો સ્વભાવ છે એમ કહે છે. શરીર આમ ભેગા થયા દળ આ બધું આમ, વળી વીંખાઈ જાય એ પુદ્‌ગલનો સ્વભાવ છે, આત્માને લઈને નહિ.

**શ્રોતા :—** ક્ષણે-ક્ષણે થતું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્ષણે-ક્ષણે થાતું નથી? આ નથી જોતા? ટાંગો આમ હાલતો નથી. ખબર છે કે નહિ? કોનો સ્વભાવ ઈ? એનો. એમ કહે છે અહીં. પહેલોં ટાંગો હાલતો હતો એ પુદ્‌ગલનો પુરાવાનો સ્વભાવ એ જાતની ગતિ ઉત્પન્ન કરવાનો. આ જાતનો નહિ થવાનો એનો એ સ્વભાવ છે. આત્માને લઈને કાંઈ એમાં થયું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આત્મા ધ્યાન રાખે તો શરીર ઠીક રહે, ધ્યાન ન રાખે તો અઠીક થાય એ વાત જ મિથ્યાદષ્ટિની માની છે. કહો, બરાબર હશે આમાં? વસંતીલાલજી!

**શ્રોતા :—** દૂધ-ઘી ખાય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડમાં દૂધ ઘી ખાય તોય મરી જાય ન્યાંને ન્યાં. દૂધ ઘી ખાય તો પણ એં... થઈ જાય. એક છોકરો બિચારો માંદો હતો. ત્રણ ભાઈ વચ્ચે એક છોકરો હતો. ગુરુકુળમાં હોં! ગૃહસ્થ મોટા. એ બિચારાને છેલ્લે સારો કરવા ગયા, મોસંબી આમ નાખવા ગયા ત્યાં ઊડી ગયો. મોઢું એનું એમ કે ... કર્યો. ઘી નાખીને ... એકનો એક છોકરો. સારું કરવા ગયા. શું પણ પુદ્‌ગલનો સ્વભાવ એ આત્મા ત્રણકાળમાં કાંઈ કરી ન શકે એને.

**શ્રોતા :—** વાતને પાક્કી કરવા શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એની વાતને પાક્કી કરવા નક્કી કરવું કે આનો સ્વભાવ આ અને મારો સ્વભાવ જ્ઞાન. સમજાણું? આ રોટલી થાય, દાળ-ભાત થાય, શાક થાય, કટકા થાય, બટકા થાય, ભેગા થાય એ બધો પુદ્‌ગલનો સ્વભાવ છે, આત્મા એને કાંઈ કરી શકતો નથી એમ કહે છે. એમ સમ્યગ્દષ્ટિ વ્યવહારસમકિતમાં પુદ્‌ગલનો ભરાવા અને પૂરાવાનો સ્વભાવ છે એમ માને છે. નિશ્ચયમાં તો આત્માની દૃષ્ટિ છે. આહા..હા..! આ તો પરદ્રવ્યની વાત છેને, આત્મા સિવાય. સમજાણું? એ કર્મ પણ એને કારણે આવે અને એને કારણે જાય. એવો પુદ્‌ગલનો સ્વભાવ છે. આહા..હા..!

**શ્રોતા :—** અત્યાર સુધી... એ મારું કર્યું...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ મારું કર્યું કે દિ' હતું પણ? મૂઢ થઈને માન્યું હતું. હજી એમાંને એમાં ઘૂંટાયા કરે છે કે મેં કર્યું હતું. ધૂડ કરી હતી. વસંતીલાલજી! આમ બરાબર ચાલી શકીએ. આમ ચાલે. જોડા ચમ-ચમ બોલે, ઓલા કૂણા ચામડાના પહેર્યા હોયને. ધૂડમાં, એ તો પુદ્‌ગલનો સ્વભાવ છે. તારો સ્વભાવ નથી. ચમ ચમ ને આમ ને આમ એ બધો જડનો સ્વભાવ પુદ્‌ગલનો એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મી વ્યવહારશ્રદ્ધામાં એ રીતે માને છે. હજી જેને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય તો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** માદળિયું (બાંધવું)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માદળિયું આ કીધુંને, માદળિયું આ. તું જ્ઞાન છો, જ્ઞાન છું એમ માદળિયું બાંધ. જડના સ્વભાવ એને કારણે થાય એમ બાંધ. જ્ઞાનમાં નક્કી કરી. ઈ માદળિયું. માદળિયું ક્યુ હતું બીજું?

**શ્રોતા :—** યાદ રહે એ માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગાળ દે એ યાદ કેમ રહે છેને એને? સરખાઈની ગાળ દીધી હોય સાળાએ, એમાં સાળાએ ગાળ દીધી હોય. આહા..હા..! એની બહેન મારા ઘરે અને ઈ મને ગાળ દે! આહા..હા..! જુઓ! સમજાણું? આહા..હા..! એકવાર બનેવીએ ગાળ દીધી હતી. ખસની વાત હતી એકવાર. કાઠી હતા કાઠી. બનેવીએ કાંઈક કહ્યું હશે પહેલાં. એમાંથી એનો સાળો એને એવી લાગેલી... જવા દીધું. એની બહેન રાંધતી હતી અને એનો બનેવી ખાતો હતો, પોતે ગયા કાઠી, એનો સાળો. હાથમાં લઈને અંદર મારી નાખવા. આવો.. આવો.. આવો, આપા! એને ખબર નહિ, એના સાળા ખરાને. ગયા અંદર. ખાતો હતો, એની બહેન રાંધતી હતી. મારી નાખ્યો ન્યાં. ચૂલા પાસે ભૂક્કા. 'આહા!' એની બહેને કર્યું. મારી નાખ્યો. કો'ક અપશબ્દ એવો કીધો હશે. એમાં એવી લાગી ગઈ. પણ એ તો એણે ભાવ કરેલા. આકરી વાત છે, ભાઈ! એણે છરો માર્યો અને એને લઈને શરીરના કટકા થયા એમ નથી, એમ કહે છે અહીં. એઈ..! એ પુદ્‌ગલનો એવો સ્વભાવ ત્યાં હતો કે (જેથી) આમ હતા એ આમ વીંખાઈ ગયા એવો એનો સ્વભાવ હતો. આ..હા..હા..! ભારે વાત, ભાઈ!

**શ્રોતા :—** માદળિયું .... પડશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માદળિયું રહેવા ક્યાં દે છે ઈ. કહો, સમજાય છે કાંઈ? શું કહેવાય છે આ?

પૂરણ ગલન '**ગલન-પૂરણસ્વભાવ સહિત છે...**' એમ કીધું છેને? પૂરણ-ગલન સ્વભાવસહિત છે. એ પૂરણ-ગલન એનો સ્વભાવ છે. એવો એનો સ્વભાવ છે. હોઠ આમ થવા, આ થવું, આ થવું બધો પુદ્‌ગલનો સ્વભાવ છે. વાણી ઉઠવી, નીકળવી એ બધો પુદ્‌ગલનો સ્વભાવ છે, આત્માને કારણે બિલકુલ નહિ. આત્માની જાત તો બતાવી એની

કે આ હદની છે એની મર્યાદા, બસ એટલી. સમજાય છે? પુદ્ગલ ઘડીકમાં આમ થઈ જાય. રગ સૂકાય જરીક અહીંથી. આંખો બંધ, ફટ! કેને લઈને? આયુષ્યને લઈને કહેવું એ નિમિત્તથી વાત છે. પુદ્ગલનો જ એવો એક સમયની પર્યાયનો એનો સ્વભાવ પૂરણ-ગલન થવું એ પુદ્ગલનો સ્વભાવ છે. એને નિશ્ચયસમ્યગ્દર્શનમાં આવું જ્ઞાન વ્યવહારે શ્રદ્ધાનું ... ડૉક્ટરના ઈંજેક્શન... પુદ્ગલનો સ્વભાવ છે. ધર્મચંદનો આત્મા કાંઈ કરતોં નથી એમ કહે છે. રાડ નાખી જાય ઓલા બધા. અર..ર..ર..! આવું? સાંભળને હવે. તારે સત્ય સાંભળવું છે કે અસત્ય? સમજાણું કાંઈ? 'આમ કહેશે તો કોઈ પછી કરશે નહિ.' પણ કરી શકે છે કોણ? પુદ્ગલના એક રજકણની આંખની પાંપણ ફેરવી શકે છે કોણ? એમ તો કહે છે અહીં. બરાબર છે બીજી રીતે કહે છે. કહો, સમજાણું આમાં? ..ભાઈ કહેતા હતા કાલે સવારમાં ... કાંઈક હતું કે નહિ? ... ત્યાંથી અહીં આવતા આમ દેખાતું હતું. પુદ્ગલના એક પરમાણુથી માંડી અનંતા રજકણના સ્કંધ. એ લાડવા થાય, દાળ-ભાત થાય, શાક થાય એ પુદ્ગલનો સ્વભાવ. એ ગલન-પૂરણ સ્વભાવસહિત રજકણ છે એ એના કારણે છે.

**શ્રોતા :—** બાઈને કારણે નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાઈને કારણે.. આનો આત્મા એની પર્યાયમાં છે એમ કીધું. શુદ્ધ-અશુદ્ધ આદિ જે પર્યાય એમાં ઈ છે. આ પુદ્ગલના સ્વભાવમાં જીવ આવ્યો નથી કે એ પોતે કરે પરને. સમજાણું કાંઈ? એ કીધું.

'**આ (પુદ્ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;...**' જુઓ, પર્યાય લીધી છે આમાં હોં! પર્યાય લીધી છે. એ દરેક પરમાણુ, દરેક પુદ્ગલ શ્વેત આદિ પર્યાયો છે. રંગ આદિ ગુણ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ છે અને શ્વેત, કાળી આદિ પર્યાય છે. એટલે '**શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;...**' એ પરમાણુ દરેક શ્વેતાદિ પર્યાયનો આધારભૂત મૂર્ત છે. સમજાય છે? એટલે? પર્યાય ધોળી, કાળી, સુગંધ, દુર્ગંધ, ટાઢી, ઊની પર્યાય એનો આધાર કોણ છે? પુદ્ગલ આધાર છે, પરમાણુ આધાર છે. તારે લઈને ન્યાં ટાઢી-ઊની થાતી નથી એમ કહે છે. પુદ્ગલમાં ધોળી પર્યાય, સુંવાળી પર્યાય, ટાઢી પર્યાય, ઊની પર્યાય (થાય) એ કંઈ તારે લઈને નથી. એ ટાડી, ઊની પર્યાયનો આધાર એ પરમાણુ છે. તું આધાર નથી કે તારે લઈને ન્યાં થાય. સમજાણું કાંઈ?

પાણીની ઊની પર્યાયનો આધાર એના પરમાણુ છે, અગ્નિ નહિ, બીજો આત્મા પણ નહિ. આહા..હા..! આ તો વીતરાગી વિજ્ઞાન છે. અજ્ઞાનીના વિજ્ઞાન છેને આ બધા, કલ્પિત છે. આ તો સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીથી સિદ્ધ થયેલી વાત છે, પણ કોઈ દિ' સાંભળી નથી. આ..હા..! તો આ ન કરે? પુદ્ગલનું ન કરે? આ મોટા-મોટા નામ ધરાવનાર કહે છે લ્યો, અહીં કહે છે, પણ એ શ્વેતાદિ પર્યાયનો આધાર તો મૂર્ત પુદ્ગલ છે, એ મૂર્ત છે. એ મૂર્તની પર્યાયનો આધાર શું તારે થાવું છે? તું મૂર્ત છો? પુદ્ગલની ટાઢી-ઊની પર્યાય

થાય એનો આધાર તે પુદ્ગલ પરમાણુ મૂર્ત છે એ એનો આધાર છે. તું અમૂર્ત એનો આધાર છો? સમજાણું કાંઈ? સમયે-સમયે પુદ્ગલની જે કંઈ ટાઢી, ઊની, સુગંધ, દુર્ગંધ.. સમજાય છે? પર્યાય થાય ખાટી, મીઠી આદિ એ બધી પર્યાય છે એનો આધાર એ પરમાણુ મૂર્ત આધાર છે. મૂર્ત આધાર. અમૂર્ત આત્મા એનો આધાર નથી. અમૂર્ત પર્યાયનો આધાર આત્મા છે. આ મૂર્ત પર્યાયનો આધાર મૂર્ત પરમાણુ પુદ્ગલ છે. એવી શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં આવી શ્રદ્ધા પુદ્ગલના સ્વભાવની શ્રદ્ધા વર્તતી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** .. એ પણ શ્રદ્ધામાં લેવું અને આ પણ શ્રદ્ધામાં લેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું શ્રદ્ધામાં લેવું? .. કોણ? એ તો નિમિત્તથી વાત કરી, નિમિત્તથી વાત કરી. દાવાનળ કીધો, દાવાનળ બહારનો છે? તારો કષાય છે એને તું ઠાર તેમાં નિમિત્ત કહેવાય માટે કીધું.

**'આ અચેતન છે; આના અચેતન ગુણો છે.'** લ્યો. એ પુદ્ગલ છે એ બધા અચેતન છે. આના મૂર્ત ગુણો છે, પુદ્ગલના ગુણો મૂર્ત છે. સમજાય છે? અને આ અચેતન પરમાણુઓ છે બધા. આના અચેતન ગુણો છે. અચેતનના અચેતન ગુણો અને અચેતનના અચેતન પર્યાય. મૂર્ત પર્યાય. ત્યાં મૂર્ત શબ્દ વાપર્યો, આને અચેતન વાપર્યો. સમજાણું? એવી રીતે સમ્યગ્દષ્ટિ પુદ્ગલમાં આવા સ્વભાવને પોતાની શ્રદ્ધામાં બરાબર શ્રદ્ધે છે. મારાથી એમાં કાંઈ થાય છે કે બીજાથી એમાં કાંઈ થાય છે. એ પરમાણુની પર્યાયનો બીજો કોઈ આધાર છે, અમૂર્ત આત્મા મૂર્ત પર્યાયનો આધાર છે એમ છે નહિ, એમ વ્યવહારશ્રદ્ધામાં શ્રદ્ધે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૪, શુક્રવાર, તા. ૧૧-૦૩-૧૯૬૬,
## ગાથા-૯ થી ૧૨, શ્લોક-૧૬, ૧૭, પ્રવચન નં. ૧૭

.. અધિકાર ચાલે છે. નિયમસાર. જીવ અધિકાર. પુદ્ગલ સુધીની વ્યાખ્યા આવી ગઈ. જીવ અને પુદ્ગલ બેની. હવે ધર્માસ્તિની વાત કરે છે.

**'સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્વભાવગતિ અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.'** શું કીધું? નીચે છે જુઓ. 'ચૌદમા ગણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય...' જ્યારે અહીં સિદ્ધ થાય છેને સિદ્ધ, ત્યારે લોકાંતે એક સમયમાં આમ જાય છેને 'તે જીવની સ્વભાવગતિક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિક્રિયા છે. એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્ગલની સ્વભાવગતિક્રિયા છે....' એક રજકણ. સ્વભાવ છે કારણે એને વિભાવ નથી, નિમિત્ત ... 'પુદ્ગલસ્કંધ ગમન કરે તે પુદ્ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા

છે.' દરેક પરમાણુની એમાં વિભાવગતિ છે. શું? દરેક રજકણનું વિભાવપણે પરિણમન છેને? દરેકનું. એમાં વિભાવપરિણમન છે. 'આ સ્વાભાવિક તેમ જ વિભાવિકગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.' જુઓ, અહીં ધર્માસ્તિ નિમિત્ત સ્થાપ્યું ઓલા વિભાવમાં. સમજાણું? ગતિક્રિયામાં અશુદ્ધપણે સંસારી પરિણમે કે પુદ્‌ગલસ્કંધપણે અશુદ્ધપણે પરિણમે અને પરિણમીને ગતિ કરતાં હોય.. 'પરિણત જીવને', વજન અહીં છે. એ પોતે જીવ અને પુદ્‌ગલ સ્વાભાવિક એક કે શુદ્ધ જીવ કે સ્કંધ કે અશુદ્ધ જીવ એ ... સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત, એ પરિણમેલા જીવ કે પુદ્‌ગલને સ્વભાવગતિમાં કે વિભાવગતિમાં નિમિત્ત ધર્મ છે. એ વખતે ધર્માસ્તિને નિમિત્ત કહેવામાં આવે છે. ધર્માસ્તિકાય એને પરિણમાવતું નથી, ગતિ કરાવતું નથી. સમજાણું કાંઈ?

**'સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું (-સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.'** અધર્માસ્તિકાય નામનું તત્ત્વ છે. આ છ દ્રવ્યને સમ્યગ્દૃષ્ટિ વ્યવહારસમ્યક્‌માં બરાબર આવું માને છે. જેવો એનો સ્વતંત્ર સ્વભાવ, એને નિમિત્ત કોણ, એ બધું યથાર્થ માને છે. એ માટે આ કહેવામાં આવે છે. નિયમસારમાં આ કહ્યું છે. મોક્ષનો માર્ગ તો પોતાના સ્વભાવથી અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ થાય એ વીતરાગી દશા આત્માની એ જ મોક્ષનો માર્ગ. પણ પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એને આ છ દ્રવ્યની જે સ્થિતિ વર્ણવાય છે એ પ્રકારના ભેદોનું જેવું છે તેવું સ્વતંત્ર વ્યવહારશ્રદ્ધામાં એને હોય છે. કહો, સમજાણું?

**શ્રોતા :–** આચાર્યોનું કથન આ રીતે નિમિત્તથી અપાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ રીતે અપાય છે નિમિત્તથી. આહા..! બીજો કોઈ ઉપાય નથી એમાં. સમજાણું કાંઈ? એ બધા પ્રશ્ન થઈ ગયેલા છે પહેલાં. જુઓ નીચે એનો ખુલાસો.

'સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે...' સ્થિર થઈ ગયા છે ભગવાન એને અધર્માસ્તિનું નિમિત્ત છે. 'અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિકસ્થિતિક્રિયા છે. વૈભાવિકસ્થિતિ. અકેલો પરમાણુ સ્થિર રહે તે પુદ્‌ગલની સ્વાભાવિકસ્થિતિક્રિયા છે...' એકલો રજકણ સ્થિર રહે ઈ. 'અને સ્કંધ સ્થિર રહે તે પુદ્‌ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે.' સમજાણું? એક-એક પરમાણુ વિભાવપણે પરિણમેલો છે. એમ નહિ કે સ્કંધ બધા ભેગા થયા માટે પરમાણુ ભેગા થઈ ગયા છે. 'આ જીવ-પુદ્‌ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિકસ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.' આ વ્યાખ્યા આટલી કરી. જીવની કરી, પુદ્‌ગલની કરી, ધર્મ, અધર્મની કરી.

**'(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (-અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.'** એટલી વ્યાખ્યા આકાશની કરી. સમજાણું કાંઈ? **'પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.'** પાંચેય દ્રવ્યો પરિણમે છે એમાં કાળ નામનું દ્રવ્ય છે એની પર્યાય

નિમિત્ત છે. '(**જીવ સિવાયનાં ચાર) અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે;...**' જીવ સિવાયનાં ચાર. પુદ્ગલ તો મૂર્ત છે. ચાર છેને બીજા? ધર્માસ્તિ, અધર્માસ્તિક, કાળ અને આકાશ. એના શુદ્ધ ગુણ છે અને '**તેમના પર્યાયો પણ...**' વ્યંજનપર્યાય શુદ્ધ છે.

'(**હવે, નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે :—**)' જુઓ, આ રીતે છ દ્રવ્યને સમ્યગ્દષ્ટિ, જેમ સ્વતંત્ર છે તેમ એને માને છે. વિભાવગતિ પરિણમન સ્વયં કરે, સ્વભાવગતિ પરિણમન સ્વયં કરે. વિભાવગતિ સ્થિરતા સ્વયં કરે, સ્વભાવસ્થિરતા સ્વયં કરે, ત્યારે એને ધર્માસ્તિ, અધર્માસ્તિ નિમિત્ત છે. બધાને રહેવાનું સ્થાન (તેમાં) આકાશ નિમિત્ત છે, પરિણમવામાં કાળ (નિમિત્ત છે). આવા ભગવાને જોયેલાં છ દ્રવ્યો અનાદિ જગતમાં છે. એને માને છે. હવે એનો શ્લોક.

(मालिनी)

इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं
द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।
हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते
स भवति परमश्रीकामिनीकामरूपः।।१६।।

'**શ્લોકાર્થ :— એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને...**' ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્ન. ષટ્ દ્રવ્યનો સમૂહ '**કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે...**' અસ્તિવાળું છે એમ સિદ્ધ કરવું છે. એની સત્તાથી એ તત્ત્વો પોતાથી નભી રહ્યા છે. ટીક રહ્યા છે સ્વતંત્ર. '**તેજના અંબારને લીધે કિરણોવાળું છે...**' લ્યો. આકાશ ને જીવ ને એમાં તેજ હશે? શબ્દ પડ્યો છે, તેજ. જુઓ, જે રત્ન '**તેજના અંબારને લીધિ કિરણોવાળું છે...**' એઈ..! દેવાનુપ્રિયા! એનો અર્થ જીવ, આકાશ, ધર્માસ્તિ આદિ તત્ત્વો પોતાની સત્તાની શોભાથી શોભી રહ્યા છે, પોતાની સત્તાથી નભીને ટકી રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? એના તેજના કિરણોને કોઈની મદદ નથી. એમ પાછું નિમિત્ત ભલે હો એમ કીધું, છતાં દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી જેમ રત્ન શોભે તેમ એ શોભી રહ્યા છે.

'**અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે...**' એ વીતરાગના માર્ગની અંદર રહેલા છે છ દ્રવ્યો. '**જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે...**' એ રત્ન એટલે છ દ્રવ્યસ્વરૂપ. '**તેને—જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ...**' આત્માની સમ્યગ્દર્શનપૂર્વક છ દ્રવ્યને બરાબર જેમ છે તેમ તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં પોષણ અર્થે, પોતાના હૃદયની શોભા માટે ધારણ કરે છે. આત્માની શ્રદ્ધાપૂર્વક આવા છ દ્રવ્યની શ્રદ્ધા બરાબર ધારણ કરે છે. '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિની...**' પરમશ્રી એટલે લક્ષ્મી એવી જે કામિનીનો વલ્લભ થાય છે. '(**અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે**).' એક સમયની પર્યાયમાં છ દ્રવ્યની શ્રદ્ધા

કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? એક સમયની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યની શ્રદ્ધા કરવાની એની પર્યાયની તાકાત છે. આખા દ્રવ્યની શ્રદ્ધા, આખા અનંતગુણ અને અનંતપર્યાયનો પિંડ એવું આખું દ્રવ્ય એની શ્રદ્ધા (કરવાની) સમ્યગ્દર્શનમાં તાકાત છે. કહો, સમજાણું કાંઈ? એ વાત ત્યાં છ દ્રવ્યની કરી. હવે જીવના ઉપયોગની વ્યાખ્યા કરે છે.

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માર્ગમાં છે. માર્ગના અંદરમાં છે. માર્ગમાં ઓલીકોર પણ નથી અને આમેય નથી, એમ. જિનમાર્ગના મધ્યમાં છે. વીતરાગ માર્ગની અંદર આ છે એમ કહેવું છે મધ્યમાં એટલે. દસમી ગાથા.

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति।।१०।।**

જુઓ, આ જીવના ભાવની વ્યાખ્યા કરે છે. ઉપયોગ-ઉપયોગ.

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

'**ટીકા :— અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.**' જુઓ, દ્રવ્યની વ્યાખ્યા કરી, હવે એના ઉપયોગની વ્યાખ્યા કરે છે. એના ગુણની દશા સ્વતંત્ર છે એમ અહીંયા સિદ્ધ કરવા માંગે છે. '**આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.**' ભગવાન આત્મા એ વસ્તુ, એનો ચૈતન્યગુણ. સમજાણું? આત્મા દ્રવ્ય, એનો ચૈતન્યગુણ. દર્શન-જ્ઞાન ભેગું હોં! ચૈતન્ય (કહેતા). એનો અનુવર્તી—એને અનુસરીને થનારો પરિણામ એ પર્યાય. ત્રણ વાત લીધી ત્રણ.

આત્મા ચેતન, એનો ગુણ ચૈતન્ય, એની પરિણતિ તે પર્યાય તે અવસ્થા. સમજાણું કાંઈ? આત્માનો ચૈતન્ય જે ગુણ, આત્મા દ્રવ્ય, ચૈતન્ય ગુણ, એને અનુસરીને થનારો. જુઓ ભાષા! ઇન્દ્રિયને, નિમિત્તને અનુસરીને થનારો એમ નહિ. સમજાણું કાંઈ? પોતાનો આત્મા, એનો ચૈતન્ય ગુણ, ભલે અજ્ઞાન હો કે જ્ઞાન, અહીં તો બારેય કહેશે. એ ચૈતન્યને અનુસરીને વર્તનારો પરિણામ, પર્યાય તે ઉપયોગ છે.

'**ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે. દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' સમજાણું? દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. પ્રકાશ ધર્મ છે અને દીપક એનો ધર્મી છે. ભગવાન આત્મા ધર્મનો ધરનાર છે. અહીં ધર્મ ઓલો અત્યારે લેવો નથી. અહીંયા ધર્મ એટલે ઉપયોગ. ઉપયોગ ચૈતન્ય ગુણ એને અનુસરીને થતા પરિણામ. અહીં તો કેવળજ્ઞાન પણ પરિણામ છે, કેવળદર્શન એ પરિણામ છે. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન. આત્મા દ્રવ્ય છે, ચૈતન્ય જ્ઞાન-દર્શન સામાન્ય ગુણ છે, એને અનુસરીને બાર પ્રકારના પરિણામ થાય, અવસ્થા તે એના પરિણામ છે. સમજાણું કાંઈ? ઘણું નાખ્યું એમાં.

**'જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...'** જ્ઞાન અને દર્શનના ભેદથી ઉપયોગના બે પ્રકાર છે. **'આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...'** જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર—સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. **'તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે;... '** એ સ્વભાવજ્ઞાનની વ્યાખ્યા પહેલી. સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ-વિઘ્ન વિનાની, અતીન્દ્રિય અને અવિનાશી છે. સમજાણું? **'તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે...'** શું કહે છે? કાર્ય તો સકળવિમળ સર્વથા નિર્મળ કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા નથી. નિરપેક્ષ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ ચૈતન્યને અનુસરીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે એમ કહે છે. શું? સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાન. પહેલોં ચૈતન્ય લીધો એમાં જ્ઞાન, દર્શન ભેગું છે. હવે જ્ઞાન. એ જ્ઞાન એનો ગુણ ... એને અનુસરીને થતા કેવળજ્ઞાનના પરિણામ. એ કેવળજ્ઞાનના પરિણામ એ ચૈતન્યને અનુસરીને વર્તનારા છે. એ બીજી ચીજની અપેક્ષા રાખીને વર્તે એવા એ પરિણામ નથી. કહો, સમજાણું? કેવળજ્ઞાનાવરણીય ક્ષયાત્, ફલાણું એ બધા વ્યવહારના કથન છે. અહીં તો કહે છે કે આત્મા ભગવાન આત્મા, એનો ચૈતન્ય દર્શન-જ્ઞાન સામાન્ય ગુણ ત્રિકાળ, એમાં એક જ્ઞાન એને અનુસરીને વર્તતી કેવળજ્ઞાનરૂપી કાર્ય જે દશા, એ જ્ઞાન આત્માના જ્ઞાનગુણને અનુવર્તીને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ખરેખર કર્મના નિમિત્તની અપેક્ષા કે અભાવની અપેક્ષા ત્યાં નથી નિશ્ચયમાં. નિશ્ચયમાં પૂર્વે ચાર જ્ઞાન હતાં તો કેવળજ્ઞાન થયું એમેય નથી. સમજાણું કાંઈ? એમાં નીકળે છે કે નહિ? એમાં નીકળે છે કે નહિ એમાં અર્થમાં? કાર્યસ્વભાવજ્ઞાન એટલે પર્યાય. આત્મદ્રવ્ય એનો જ્ઞાનગુણ. દર્શન-જ્ઞાન બે ભેગા. દર્શન પછી લેશે. એ જ્ઞાનગુણને અનુસરીને થતા કેવળજ્ઞાનના પરિણામરૂપ દશા એ કાર્યસ્વભાવજ્ઞાન છે. એ કાર્યસ્વભાવજ્ઞાન પરની કોઈ અપેક્ષા રાખીને થાય છે એમ નહિ. એ ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. કહો, સમજાણું આમાં? આહા..! અંતર્મુખ ભગવાન અસાધારણ જ્ઞાનગુણનો ધરનાર એના ઉપર અનુસરીને, એને અનુસરીને, એને અનુકૂળ થઈને, એમાં એકાકાર થઈને એમાંથી પ્રગટ થયેલા કેવળજ્ઞાનના પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? જીવના ઉપયોગની આવી સ્થિતિ છે, એમ સમ્યગ્દૃષ્ટિ પોતાની શ્રદ્ધામાં આ રીતે સ્વીકારે છે. આહા..હા..! ભારે વાંધા એક સાથે કેટલાય.

અહીં તો દરેક પર્યાય અત્યારે આપણે સિદ્ધ કરીશું હોં! ચૈતન્યને અનુસરીને. એ તો પછી સ્વપર અપેક્ષિત તો અપેક્ષિત વાત થઈ છે. અશુદ્ધતાને અને શુદ્ધતાને જુદું પાડવા. બાકી તો અશુદ્ધ પર્યાય સ્વતંત્ર નિરપેક્ષ નિશ્ચયથી છે. સમજાણું કાંઈ? વિકાર જીવમાં થાય,..

અહીં તો એ લેવું નથી, અહીં તો ઉપયોગની વ્યાખ્યા લેવી છે, પણ જ્યાં વિકાર થાય એ પણ નિશ્ચયથી નિરપેક્ષ છે. સમજાણું કાંઈ? સ્વતંત્ર પર્યાય છે. એ તો વિકાર તો કોઈ એના અંતર ગુણને અનુસરીને થાય એવી દશા નથી. ભાઈ! આ તો વિકાર કોઈ અનુસરીને થાય એવી (દશા નથી). સમજાણું કાંઈ? છતાં વિકાર સ્વતંત્ર છે. ભાઈ! સમજાણું? શું કીધું? વિકાર અંદર કોઈ ગુણને અનુસરીને થાય એવો નથી. દ્રવ્યને આશ્રયે થાય એમ કહેવાય, પણ અંદર કોઈ વિકારગુણ આખો પડ્યો છે (એમ નથી). દ્રવ્યને આશ્રયે થાય એ બરાબર છે. સમજાય છે? આ તો જ્ઞાન તો ગુણ છે આખો, એને અનુસરીને, દ્રવ્ય-ગુણને અનુસરીને કેવળજ્ઞાન પરિણામ (થાય છે). જ્યાં રાગાદિ વિકાર પણ નિરપેક્ષ સ્વયંસિદ્ધ અવસ્થા પોતાથી થાય છે. નિમિત્તથી જ્ઞાન કરાવવાને ઉદયભાવ કહે. સમજાય છે કાંઈ? આ જીવની આ સ્થિતિનું આ રીતે સ્વતંત્ર શ્રદ્ધા ન કરે ત્યાં સુધી એની શ્રદ્ધામાં ઠેકાણા નથી.

**શ્રોતા :—** અનુસરવાનો અર્થ આશ્રય નથી થતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આશ્રય તો દ્રવ્યમાં થાય છેને, એ અપેક્ષાએ. આ તો અનુસરીને અંદર ઓલો ગુણ છેને, એને લઈને થાય છે. અનુસરવું, એને અનુસરવું. આશ્રય એનો ભાવ કહેવાય.

અહીં તો કહે છે, કે કેવળજ્ઞાન જે આત્માને અનંત આનંદના અવિનાભાવવાળું કેવળજ્ઞાન એ અંતરના ગુણને અનુસરીને, દ્રવ્યનો જે ગુણ એને અનુસરીને, કહે તો દ્રવ્ય પણ દ્રવ્યનો ગુણ એને અનુસરીને વર્તતા વર્તમાનમાં પરિણામ કેવળજ્ઞાન તેને કાર્યસ્વભાવજ્ઞાન (કહે છે). પરની અપેક્ષા વિના, પૂર્વની ચાર જ્ઞાનની નિર્મળતા હતી તેથી કેવળજ્ઞાન થયું એમ પણ નહિ. મતિ અને શ્રુતજ્ઞાનની ઉત્કૃષ્ટતા હતી માટે કેવળ થયું એમ પણ નહિ. અને પરમાવધિ, સર્વાવધિવાળાને એ ભવમાં કેવળજ્ઞાન થાય છે. પરમાવધિ જેને થયું હોય, સર્વાવધિ (થયું હોય) એ જીવને એ ભવમાં જ કેવળ થાય. છતાં એ પરમાવધિ અને સર્વાવધિને અનુસરીને કેવળ થયું એમ નથી. સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ! સમજાય છે કે નહિ આમાં? વાત આ તો કોણ જાણે કેવી હશે? આ તો એના દરબારની વાત કરે છે. ભગવાન જ્ઞાનગુણના મહિમાથી ભરેલો ખજાનો છે. એને અનુસરીને સ્વદ્રવ્યમાં નિધાન પડ્યું છે તેને અનુસરીને કેવળજ્ઞાનના મોક્ષપર્યાય, ભાવમોક્ષ થયોને ઈ, કાર્યસ્વભાવજ્ઞાન ભગવાન આત્માને અનુસરીને થાય છે. એને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

'**કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે...**' ઓહો..! સીધું દ્રવ્યને અવલંબી અનુસરીને એક સમયમાં ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ ભાસે એવું કેવળજ્ઞાન ભગવાન આત્મા પોતાના જ ગુણને અનુસરીને કરવાવાળો છે. એવું એ સ્વતંત્ર દ્રવ્ય અને ગુણ અને પર્યાય આવી એની સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ઓહો..! લખાણ કેટલા આવે છે! આમ થશે, કેવળજ્ઞાન વજ્રનારાચસંહનન હોય તો થાય, મનુષ્યદેહ

હોય તો થાય, ફલાણું હોય તો થાય, ઢીકણું હોય તો થાય. આહા..હા..! હવે સાંભળને, એ બધી વાતું રહેવા દે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યઅનુવિધાયી પરિણામ. કેવળજ્ઞાન પણ ચૈતન્યઅનુવિધાયી પરિણામ કાર્ય છે. એ કાર્યનું બીજું કારણ નથી. કારણ અંદર કહેશે, વસ્તુ પોતે કારણ છે ગુણ, ઈ કહેશે, બીજું કોઈ કારણ છે નહિ. સમજાણું કાંઈ? '**અને તેનું કારણ...**' હવે એનું કારણ કહે છે. '**તેનું કારણ...**' કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય, ક્ષયાત્ એમ પણ નહિ. પૂર્વના ચાર જ્ઞાન એનું કારણ, એમ પણ નહિ. હજી ન્યાં વાંધા. ક્ષયાત્ આમ છે ને તેમ છે. ક્ષય થયે જ કેવળજ્ઞાન થાય. એ.. દેવાનુપ્રિયા! કેવળજ્ઞાનારણીયના ક્ષયથી કેવળજ્ઞાન થાય. ભાઈ! દ્રવ્યની પોતાની જ્યાં પર્યાય છે એ પર્યાય તેનું કાર્ય છે. કેવળજ્ઞાન એનું કાર્ય છે. એને કારણ તરીકે '**પરમપારિણામિકભાવે રહેલું...**' વસ્તુમાં પરમપારિણામકિ સ્વભાવભાવ સત્ત્વરૂપ, સત્નું સત્ત્વ. આત્મા સત્ ચિદ્ એનું જે સત્ત્વ જ્ઞાન, એ ત્રિકાળ જ્ઞાનસ્વભાવમાં રહેલું... રહેલું, '**ત્રિકાળનિરુપાધિરૂપ...**' ત્રિકાળનિરુપાધિરૂપ. કેવળજ્ઞાન તો એક સમયનો પ્રગટ થતો પર્યાય છે. બધા કર્મના વાંધા બહુ કાઢે છે તમારે ત્યાં. આ કર્મ લખ્યા ને આ કેવળજ્ઞાન લખ્યું. હવે લાખ લખ્યા, સાંભળને હવે. તું છો કે નહિ? મુઓ, છો કે નહિ તું? ઓલા નથી કહેતા, આ ખાઈ ગયા, તું હતો કે નહિ? મુઓનો અર્થ ત્યાં છે કે નહિ, એમ કહે છે ત્યાં. એમ કહે છે કે નહિ? ચીમનભાઈ! આ છોકરાને કાંઈ ... અને ખાઈ ગયો હોય દસ શેર બાજરો અને ઉઘાડી રાખ્યું હોય. પણ તું મુઓ છો કે નહિ ત્યાં? ... તું હતો કે નહિ ત્યાં? એમ આ કેવળજ્ઞાન વખતે તું હતો કે નહિ ત્યાં? સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન થયું એમાં તું હતો કે નહિ ક્યાંય? કે કેવળજ્ઞાન પરને લઈને થયું? તારી સત્તામાં મોજૂદગીમાં એ પરમ પારિણામિકભાવમાં રહેલું સદા ત્રિકાળ એકરૂપે જ્ઞાન હોં! જ્ઞાનની વ્યાખ્યા છેને.

'**ત્રિકાળનિરુપાધિરૂપ...**' એ તો ત્રિકાળ નિરુપાધિ સત્ત્વ છે જ્ઞાન. એવું સહજજ્ઞાન જે છે એ કેવળજ્ઞાનનું કારણ છે. તું અંદર જ્ઞાનરૂપે ભરેલો છો એ કેવળજ્ઞાનનું કારણ છે. તું જીવતો જ્ઞાનરૂપે અંદર જ્ઞાનસ્વભાવ જીવતું જીવ જ છે. એકરૂપ જ્ઞાન પરમપારિણામિકભાવે એ કેવળજ્ઞાનનું કારણ છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? કેટલી ટીકા કરી છે! '**તેનું કારણ પરમપારિણામિકભાવે...**' પાછું ત્રિકાળ લેવું છેને. ત્રિકાળનિરુપાધિરૂપ ભગવાન આત્માનો, આત્મામાં સ્વાભાવિક સહજ સહજ સાથે જ છે, એમ કહે છે. સાથે જ જ્ઞાન છે. આત્મા છે ત્યાં જ્ઞાન સાથે એમાં રહેલું જ છે. એ તો આધારાધેય વાત કરી. એ સહજજ્ઞાન છે. એ કારણ કીધું. કેવળજ્ઞાન ચૈતન્યના અનુવિધાયી પરિણામ એ કેવળજ્ઞાન ત્રિકાળ પડ્યું છે એ કારણ અને કેવળજ્ઞાન કાર્ય. લ્યો, આ કારણ-કાર્યની વ્યાખ્યા.

ઓલા કહે, કારણ-કાર્ય માનતા નથી. સાંભળને પણ કારણ-કાર્ય. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય તો કેવળ થાય એમ અમે કહીએ છીએ. તમે કહો છો કે કેવળજ્ઞાન

થાય ત્યારે કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય થઈ જાય. ભઈ, એમેય નથી, સાંભળને! એ બધી નિમિત્તની અપેક્ષા છે. ઓલાએ એમ લખ્યું હતું ... તમે કર્મ ક્ષય થાય તો અહીં થાય એમ લેવું જોઈએ. એને ઠેકાણે તમે આમથી લ્યો છો. અહીં કેવળ થાય તો કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય થાય. એમેય નથી, સાંભળને હવે. અહીંયા આત્મા પોતાના જ્ઞાનગુણને અવલંબીને અનુસરીને કેવળ થાય ત્યારે કેવળજ્ઞાનાવરણીય પર્યાય એવી એને જ કારણે વ્યય થઈને પરમાણુની પર્યાયરૂપે થાય. એને કારણે થાય, આને કારણે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે :**' એકલા વિભાવરૂપ જ્ઞાન ત્રણ છે. સમજાણું? '**કુમતિ, કુશ્રુત અને વિભંગ.**' એ કેવળ વિભાવરૂપ છે. છતાં એ કુમતિ, કુશ્રુત, વિભંગ પણ એ પોતાના જ્ઞાનને અનુસરીને થાય, ચૈતન્યઅનુવિધાયી પરિણામ. સમજાણું કાંઈ? જ્ઞાન પણ એનો પર્યાય છેને? વસ્તુ ભગવાન આત્મા એનો જ્ઞાનગુણ એમાંથી પ્રવાહ (આવે છે). કુમતિ, કુશ્રુત અને વિભંગ એ પણ એના પરિણામ છે, પર્યાય છે. જ્ઞાનગુણનો એક પર્યાય અનુવર્તી, એને અનુવિધાયી થઈને થયેલો. સમજાણું કાંઈ? મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો માટે આ થયું, વળી એમ લખે છે કેટલાક. જેટલો ત્યાં ક્ષયોપશમ થાય એટલું જ અહીં થાય, વળી એમ લખે છે. શાસ્ત્રમાં આવે એવું. જેટલો ત્યાં ક્ષયોપશમ જ્ઞાનાવરણીયનો થાય એટલું અહીં (જ્ઞાન) થાય. એ બધી વ્યવહારની વાતું. અહીં થાય ત્યારે ત્યાં ક્ષયોપશમ એનો પર્યાયમાં એને કારણે હોય. આને કારણે (ત્યાં) નહિ અને એને કારણે અહીં નહિ. સમજાણું કાંઈ?

'**કેવળ વિભાવરૂપ...**' ભલે વિભાવ હો, કહે છે, છતાં એ ચૈતન્યને અનુસરીને થતાં જ પરિણામ છે. એ કંઈ કર્મને અનુસરીને થતાં પરિણામ નથી. અથવા મિથ્યા છેને જ્ઞાન? માટે મિથ્યાત્વને અનુસરીને થાય છે, મિથ્યાશ્રદ્ધાને અનુસરીને થાય છે એમેય નથી. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનને અનુસરીને એ ત્રણે પરિણામ થાય છે. શ્રદ્ધાગુણ બીજો છે, જ્ઞાનગુણ બીજો છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને ત્રણ હોય છે. મિથ્યાશ્રદ્ધાને અનુસરીને ત્રણ નહિ. એ ગુણ બીજો છે, આ ગુણ બીજો છે. એનું જ્ઞાન એ રૂપે તેને પરિણમવાની લાયકાતથી મતિ, શ્રુત અને વિભંગપણે થાય છે. એવો જેને પરિણામનો સ્વતંત્ર સ્વભાવ છે. એઈ..! પર્યાયની વાત ચાલે છેને. આ પર્યાયની વાત છેને. કેવળજ્ઞાન પણ પર્યાય અને આ ત્રણ પણ પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાયની વાત ચાલે છેને આ. માથે કીધુંને? આત્માનો ચૈતન્યને અનુસરીને વર્તનારો. અનુવર્તી છેને? વર્તનારો, અનુસરીને વર્તનારો પરિણામ. એમાં આ લાગુ પડે કે નહિ આ ત્રણમાં? સમજાણું કે નહિ? આહા..હા..! દ્રવ્ય સ્વતંત્ર, એનો ગુણ સ્વતંત્ર અને એની મિથ્યા પર્યાય કુજ્ઞાનની પણ સ્વતંત્ર. એના ગુણથી થતી પર્યાય એ જાતનો સ્વકાળને કારણે પોતાનો જ પર્યાય એને અનુસરીને થાય છે, બીજાને કારણે નહિ. ઓહો..હો..!

'**આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા**

**(૧૧ ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.'** ભાવાર્થ લીધો ભાવાર્થ. આપણે કહેવાઈ ગયું છે પણ એનો ભાવાર્થ. **'ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે.'** આવી ગઈને પહેલી લીટી? **'ઉપયોગ બે પ્રકારનો છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ)...'** એટલે કાર્યસ્વભાવજ્ઞાન. **'(૨) કારણસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ).'** સ્વાભાવિક ત્રિકાળી જ્ઞાનોપયોગ, હોં! ત્રિકાળી. નીચે ફૂટનોટ. 'સહજજ્ઞાનોપયોગ પરમપારિણામિક ભાવે સ્થિત છે...' એ સહજજ્ઞાનોપયોગ ચૈતન્યાનુવિધાયી પરિણામ ઉપયોગ ગુણરૂપે ત્રિકાળ, એ ત્રિકાળરૂપે સ્થિત છે. 'તેમ જ ત્રણે કાળે ઉપાધિરહિત છે; તેમાંથી (સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે સહજજ્ઞાનોપયોગ કારણ છે...' સ્વાભાવિકજ્ઞાનોપયોગ વેપાર કારણ છે 'અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે.' આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! આવી સ્વતંત્ર વસ્તુ. કર્તા થઈને એક-એક ગુણમાં પાછા ષટ્કારક છે. સમજાણું કાંઈ? એક એક ગુણમાં ષટ્કારક છે. એ ગુણ પોતે જ કર્તા થઈ, કર્મ થઈ, સાધન થઈ, સંપ્રદાન થઈ, અપાદાન, અધિકરણ થઈને પરિણમે છે. આહા..! એ પર્યાયમાં પણ ષટ્કારક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એમાં પણ ષટ્કારક છે, સ્વતંત્ર પોતાના. બીજા ગુણને લઈને નહિ, પૂર્વની પર્યાયને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. સમજાણું કાંઈ? રતનલાલજી! શું કહે છે જુઓ,

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ અનુસરે (એટલે) પોતે આમ અનુસરે એટલે પોતાના છેને દ્રવ્ય, ગુણ. એ તો પોતાની વસ્તુ છે. અનુસરવું પોતે છેને. એ સમજાવવું છે. પર્યાય વિના સ્વતંત્ર છે. કહો! સમજાણું કાંઈ? આ તો ક્યાંથી થઈ ક્યા કારણે એ બતાવવું છે. બાકી એ વખતનો ખરેખર તો પર્યાય સ્વતંત્ર.. સ્વતંત્ર.. સ્વતંત્ર (થયો છે). દ્રવ્ય અને ગુણ વિનાનો એ પર્યાય સ્વતંત્ર. સમજાણું કાંઈ? જે અપેક્ષા ચાલતી હોય એ અપેક્ષા લેવાયને.

'માટે સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાનોપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.' બહુ ઝીણું, ન્યાલભાઈ! પાછળથી પણ બહુ ઝીણું આવ્યું. ઓલા કહે, આટલી તપસ્યા કરે, આટલું આમ કરે, શુક્લધ્યાન કરે તો કેવળજ્ઞાન થાય. એઈ! અહીં કહે છે કે કેવળજ્ઞાન અંતરના ઉપયોગની પર્યાય છે. અંતરનું કારણ છે એની પર્યાય છે, બાકી કોઈનો એ પર્યાય નથી. શુક્લધ્યાનથી કેવળજ્ઞાન થાય એમેય નથી અહીં તો કહ્યું. શુક્લધ્યાન ચારિત્રની પર્યાય સ્થિરતાની છે, એ જુદી છે. વર્તમાન યથાખ્યાતચારિત્ર થયું તો

શુક્લધ્યાન સાથે એ પણ જુદું છે. અંદર ચારિત્રગુણ ત્રિકાળ પડ્યો છે એને અનુસરીને થયેલું છે. જ્ઞાનને અનુસરીને કેવળજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) સમ્યક્-વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા-વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનપયોગના ચાર ભેદો...'** સમજાણું? કેવળ વિભાવજ્ઞાનોપયોગ. ઓલા .. કીધુંને? મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ. એ પછી આવશેને. એને પહેલેથી સમજાવ્યા છે. **'સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો...'** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય વિભાવ છે, સમ્યક્ છે પણ વિભાવ છે. તેના ચાર ભેદ. **'(સુમતિજ્ઞાનોપયોગ,...'** એ પણ ચૈતન્યને અનુસરીને થતા સમ્યક્ મતિના પરિણામ છે. **'સુશ્રુતજ્ઞાનોપયોગ...'** એ પણ અંદર જ્ઞાન ત્રિકાળ જ્ઞાનને અનુસરીને થતા શ્રુતજ્ઞાનના પરિણામ, સમ્યક્ શ્રુતજ્ઞાનના પરિણામ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણે અને વિકલ્પ થાય માટે શ્રુતજ્ઞાન પ્રગટે એમ નથી, એમ કહે છે અહીં તો. ભગવાન આત્મા જ્ઞાનગુણ પરમપારિણામિકમાં પડ્યો છે એને અનુસરીને શ્રુતજ્ઞાનનો પર્યાય પ્રગટ થાય છે.

**'સુઅવધિજ્ઞાનોપયોગ...'** લ્યો. અવધિજ્ઞાનાવરણીયનો નાશ થાય તો અવધિજ્ઞાન થાય. અત્યારે અવધિજ્ઞાન નથી માટે અવધિજ્ઞાનનો ઉપયોગ, અવધિજ્ઞાનાવરણીય છે માટે નથી. સમજાણું કાંઈ? સુઅવધિજ્ઞાનોપયોગ એ સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ છે, સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ છે. પણ છે સ્વતંત્ર પરિણામ એ અવધિના. જ્ઞાનને અનુસરીને થાય છે. **'મનઃપર્યયજ્ઞાનોપયોગ'** મુનિને હોય છે. સમજાય છે? ... મુનિને જે મનઃપર્યાયજ્ઞાન વર્તે માટે ચારિત્ર લીધું માટે મનઃપર્યયજ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ? ચારિત્રદશામાં પણ જે મનઃપર્યયજ્ઞાન થાય એ અંદરના જ્ઞાનગુણને અનુસરીને એના પરિણામ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના...'** આમાં નથી આવ્યું, એ ચાર. **'વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે.'** એ આવી ગયું આમાં. **'(૧) કુમતિજ્ઞાનોપયોગ, (૨) કુશ્રુતજ્ઞાનોપયોગ અને (૩) વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.'** વિભંગજ્ઞાન એટલે. કહો, સમજાણું આમાં?

'(હવે, **દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે :)'

(मालिनी)

अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा
परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।
सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं
स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।

'**શ્લોકાર્થ :— જિનેન્દ્રકથિત...**' અર્થાત્ જિનેન્દ્રના માર્ગમાં જ આવા પર્યાયોનું ભાન, અસ્તિત્વ હોય છે. બીજે બીજો હોઈ શકે નહિ ક્યાંય ત્રણકાળમાં. આહા..હા..! વાતું કરે છેને બધા, આત્મા આમ છે અને એનું ધ્યાન (કરવું). પણ શું આત્મા? આત્મા શું? એનો ગુણ ત્રિકાળ શું? એને અનુસરીને થતી પર્યાય શું? કાંઈ નહિ. આત્માનું ધ્યાન કરો. શું ધ્યાન કરે? અહીં તો કહે છે કે આત્મા અનંતગુણનો પિંડ એને દૃષ્ટિમાં લીધો એને પણ આવા છ દ્રવ્ય અને એના ઉપયોગ આદિના જે પ્રકાર છે એ પ્રકારે તેની શ્રદ્ધામાં યથાર્થ વર્તે છે. સમજાણું કાંઈ? '**જિનેન્દ્રકથિત...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના મુખમાંથી નીકળેલ. '**સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી...**' વિકાર આદિને છોડી '**નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...**' જુઓ, જાણીને પાછું કરવાનું તો આ છેને.

'**પરભાવોને પરિહરી...**' વિભાવના લક્ષને છોડી દઈ. '**નિજસ્વરૂપમાં...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ પરમાત્મા આનંદસ્વરૂપ એવા જે '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...**' એમાં સ્થિત રહ્યો થકો. પોતે પોતાના પુરુષાર્થથી એમ કહે છે. નિજસ્વરૂપમાં. ભગવાન આત્મદ્રવ્ય પરમ અનંત સમાજ ગુણના સમાજથી ભરેલો દરબાર... આહા..હા..! એવું જે નિજસ્વરૂપ. અંતર્મુખ થઈને સ્થિત રહ્યો થકો. એમાં જે સ્થિત રહે છે. એનો અર્થ થયો કે નિજસ્વરૂપમાં દૃષ્ટિ છે એમાં પછી સ્થિત થાય છે. '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર...**' શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર '**તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે,...**' શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ અંદર. તત્ત્વ છેને? ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ. પેસી જાય છે, ઊંડો ઊતરી જાય છે. એટલે? ઉપરના વિભાવની વૃત્તિઓને તોડી અંતર જ્ઞાનના સ્વભાવમાં એકાકાર થઈ જાય છે, એ ઊંડો ઊતરી જાય છે એમ કહેવામાં આવે છે.

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બધું એક જ છે ઈ. ઊંડો એટલે બહારથી નીકળીને અંદરમાં જાય છે એમ, એટલે સ્થિત થાય છે. સમજાણું? સ્થિત રહ્યો થકો ઊંડો ઊતરી જાય, એમ. અંદરમાં એકાગ્ર થયો થકો અંદર આગળ જાય છે, એમ. શુદ્ધ ચૈતન્યચમત્કાર ભગવાન. આહા..હા..! જેનો ચમત્કાર ચૈતન્ય છે. આવો ચમત્કાર ભગવાન આત્મામાં છે. દુનિયા ચમત્કાર માંગે છેને? આ ચમત્કાર.. ચમત્કાર.. ચમત્કાર.. પૈસાનો ચમત્કાર. શુદ્ધ ચૈતન્યચમત્કાર. ત્રિકાળ વસ્તુ એમાં ટકતો એવો ભાવ પેસી જાય છે, ઊંડો ઊતરી જાય છે. આ એનું સાધન કેવળજ્ઞાન પામવાનું. સમજાણું કાંઈ?

'**તે પુરુષ...**' તે આત્મા '**પરમશ્રીરૂપી...**' પરમશ્રી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી એની '**કામિનીનો...**' એટલે સ્ત્રીનો '**વલ્લભ થાય છે...**' એટલે એને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? (વલ્લભ થાય છે) એટલે એ પર્યાય આવી હોય ત્યારથી જાતી નથી, એમ. વલ્લભ થાય છે, એમને એમ ટકી રહે છે. ભગવાન આત્મા પોતાના પરમસ્વભાવ

પરમભાવે પડેલું જ્ઞાન એમાં એકાકાર થઈને સ્થિર થાય, ઊંડો અંદર જાય છે આઘો. દરિયામાં ઊંડો જાય તો મોતી લઈ આવે છે કે નહિ? તળિયે જાય તો મોતી લઈ આવે. સાચા મોતીની મુઠ્ઠી ભરી આવે. એમ ભગવાન આત્મા બહિર્ચલી વૃત્તિ છોડી દઈ અંતર દૃષ્ટિ કરીને અંતરમાં ઊંડો ઊતરે છે તે પુરુષ પરમશ્રીરૂપી મોક્ષરૂપી કામિની એટલે મુક્તદશારૂપી સ્ત્રી એનો વલ્લભ એટલે એ દશા કોઈ દિ' એને છોડતી નથી, એમ. વલ્લભ એટલે એ દશા કોઈ દિ' છોડતી નથી. '**(અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**'

**શ્રોતા :—** મોતી લઈને બહાર આવે. આ ત્યાં અંદર ને અંદર રહ્યો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન્યાંને ન્યાં. એ ન્યાં જ આવ્યો. અંદર શક્તિમાંથી આવીને પર્યાય. શક્તિમાંથી પ્રગટ આવીને. શું? આવી અંદરમાંથી, મોતી આવ્યા બહાર. આખું સત્ત્વ જે પડ્યું હતું, આખો ભંડાર ભગવાન મોટો ખજાનો, એમાં એકાકાર થયો તો કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રગટી. મુક્તિરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. કહે છે, તેને મુક્તદશા પરિણતિ પરિણમી પરિણમી ઈ પરિણમી ઈ પરણી એને છોડતી નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો, એ દસ ગાથા કહેવાણી. સમજાણું? હવે ૧૧ અને ૧૨. ઓલામાં ચાર નહોતા કહેવાણા. એ આમાં ખુલાસા કરે છે. સમ્યક્જ્ઞાનના ચાર ભેદ.

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।**
**सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।**
**अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव।।१२।।**

**અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**

પેલા અજ્ઞાનના બોલ આવ્યા હતા. ચાર બોલ ઓલામાં નહોતા.

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય--ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત--એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

સમજાણું? સમુચ્ચય કીધું હતુંને વિભાવ. એ ખુલાસો કર્યો છે અહીંયા.

'**ટીકા :— અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.**' એ ઉપયોગના ભેદ કહ્યા છે કે જ્ઞાનના ભેદ કહ્યા છે. મૂળ તો ઉપયોગના ભેદ છે આ બધા. કેવળજ્ઞાનની વાત છે પહેલી. સમજાણું? કેવળજ્ઞાન. '**જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી...**' કેવળજ્ઞાનને કોઈ નિમિત્તની ઉપાધિ છે જ નહિ. '**ઉપાધિ વિનાના સ્વરૂપવાળું...**' સ્વરૂપવાળું હોવાથી '**કેવળ...**' એકલું, નિર્ભેળ શુદ્ધ છે, લ્યો. કેવળજ્ઞાન ઉપાધિ ન મળે. ચાર જ્ઞાનમાં તો નિમિત્તની ઉપાધિ છે, છતાં એ જ્ઞાન... સમજાય છે? થયું છે સ્વતંત્ર પણ ઓલામાં નિમિત્ત છે, આમાં તો ઉપાધિ કાંઈ નથી. '**ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી, કેવળ...**' એકલું નિર્ભેળ

શુદ્ધ એકલું અખંડ જ્ઞાન છે, કેવળજ્ઞાન.

**'આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...'** કેવળની વ્યાખ્યા કરતાં એમ કહ્યું કે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ, એમ. પાઠ છેને અંદર. અને **'આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...'** એને આવરણ નથી માટે **'ક્રમ,...'** રહિત છે. ક્રમ પડતો નથી. કેવળજ્ઞાની ક્રમે ન જાણે. પહેલું આ વર્તમાન જાણે, પછી ભવિષ્ય જાણે, એમ હશે કે નહિ? એકસાથે ભગવાનનું જ્ઞાન આટલો પર્યાય જેનો સામર્થ્ય દ્રવ્યનું છે.. આહા..હા..! એવડો ભગવાન આત્મા એવા એવા અનંત કેવળને એની કૂંખમાં રાખીને પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? સ્ત્રીના કૂંખમાં રત્ન હોય છેને? રાજા મહારાજા આદિ. ચક્રવર્તી પાકે છે, તીર્થંકર પાકે છે ન્યાંથીને. એમ ભગવાન આત્માની કૂંખમાં આવા અનંતા કેવળજ્ઞાનરત્ન પડ્યા છે. આહા..હા..! સમજાણું? એ કેવળજ્ઞાન પાકવાનું ક્ષેત્ર છે આત્મા. એ કેવળ ક્રમ વિનાનું છે. એક સેકંડના અસંખ્યભાગમાં આમ બધું જાણે. ક્રમ પડતો નથી. આ નિમિત્ત આવશે તો થાશે એ રહેતું નથી કાંઈ આમાં. ક્રમરહિત છે.

**'ઈન્દ્રિય...'** રહિત છે. ઈન્દ્રિય નથી જેને. અતીન્દ્રિય છે. અક્રમ છે. **'(દેશ-કાળાદિ) વ્યવધાનરહિત છે,...'** દેશ ને ક્ષેત્ર ને કાળ આદિની આડ, આડ કે પડદો, અંતર કે આંતરું કે વિઘ્ન હોતું નથી. કોઈ આડ નથી, પડદો નથી, અંતર નથી, આંતરું નથી અને વિઘ્ન નથી. કોઈ કાળનો આંતરો નથી કે આ સમયની આ પર્યાય પછી જણાશે, હમણા નહિ એમ છે નહિ. કાળનો આંતરો નથી, ક્ષેત્રનો આંતરો નથી, ઈન્દ્રિયજ્ઞાન નથી, ક્રમરહિત અને વિઘ્ન વિનાનું છે. આ તો એના એક સમયની પર્યાયની વ્યાખ્યા ચાલે છે હોં! સમજાણું કાંઈ?

**'એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી...'** પહેલું આ દ્રવ્યને જાણે પછી ગુણને જાણે પછી પર્યાયને જાણે, પહેલોં ભૂતકાળને જાણે, વર્તમાનને જાણે પછી ભવિષ્યને જાણે (એમ નથી). આહા..હા..! કેવળજ્ઞાનના વાંધા મોટા. **'એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી)...'** વ્યાપતું એટલે સમસ્ત વસ્તુને જાણતું હોવાથી. એકસાથે. **'અસહાય છે,...'** એમ કહેવું છેને. અસહાયની વ્યાખ્યા કરી. સમજાણું? **'केवलमिन्द्रियरहितं असहायं'** એમ. અસહાય છે, કોઈની સહાય છે નહિ. એવો ભગવાન આત્મા પોતાના જ્ઞાનગુણને અનુસરી, જે કેવળજ્ઞાનનું કિરણ પ્રગટ કરે એ ક્રમ વિનાનું છે, ઈન્દ્રિય વિનાનું છે, કોઈ વિઘ્ન પડદો નાખે નહિ એવું છે, અસહાય છે. કહો, અસહાય કીધુંને. કોઈની સહાય નથી એને. કર્મ ટળ્યું માટે થયું, ફલાણું થયું એવી કોઈ સહાય-બહાય નથી. કાળની સહાય હશે કે નહિ કાળની? કાળલબ્ધિ. એ તો એક પુરુષાર્થથી જાગ્યું એ અસહાય જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એના એક અંશના સામર્થ્યની મહિમા પણ એણે નક્કી કરી નથી. એવો ભગવાન આત્મા એક ગુણની એક પર્યાય આવડી મોટી ક્રમ વિનાની, અક્રમે એકસાથે જાણે, એમ. ત્યાં ભલે ક્રમ પડે. દ્રવ્યમાં ભલે ક્રમ પડે, ક્રમે ક્રમે

થાય. એક પછી એક થાયને વસ્તુમાં તો, અહીં તો ક્રમ વિના જાણે, એકસાથે જાણે બધું. ત્રણકાળ, ત્રણલોક જેના જ્ઞાનમાં એકસાથે વ્યાપી જાય. સમજાણું? **'તે કાર્યસ્વભાવજ્ઞાન છે.'** એ કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** લ્યો. ત્રિકાળી હોં ત્રિકાળી. એને ક્રમ નથી, કાંઈ નથી, વ્યવધાન નથી, આડ નથી, એને પડદા-બડદા (નથી). એ તો વસ્તુ પ્રગટ છે એને કાંઈ નથી તો ઓલું તો શક્તિ છે. **'કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી?'** એ થોડા વિશેષણ બાકી છે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૫, શનિવાર, તા. ૧૨-૦૩-૧૯૬૬, ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૧૮

૧૧-૧૨ ગાથા, નિયમસાર, જીવ અધિકારની. જુઓ, આ શું અધિકાર ચાલે છે? આ આત્મા છે એમાં જ્ઞાનગુણ છે ત્રિકાળ. બાર પ્રકારના દર્શનગુણ અને જ્ઞાનચેતના ગુણ છે ચેતના. જીવનો અધિકાર છેને આમાં. ચેતન વસ્તુ એને ચેતના ગુણ એની બાર પ્રકારની પર્યાય થાય છે—પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન. એ બાર પ્રકારની અવસ્થા એ ચૈતન્યગુણને અનુસરીને એ દશા થાય છે. જીવ અધિકાર છેને. સમજાણું? આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન ત્રિકાળ ગુણ છે, દર્શન અને જ્ઞાન બે થઈને ચેતના ગુણ. એ ચેતનાગુણ અને આત્મા ચેતન. એ આત્મા પોતાના ચૈતન્યગુણને અનુસરીને બાર પ્રકારની પર્યાયપણે પરિણમે છે. એમાં પહેલું અહીં કેવળજ્ઞાન લ્યે છે.

**'અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.'** કેવળજ્ઞાન. **'જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી...'** પહેલી લીટી. ૧૧-૧૨ ગાથાની પહેલી લીટી. કેવળજ્ઞાન કેવું છે? કે **'જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી** કેવળ **છે,...'** એકલું, નિર્ભેળ અને શુદ્ધ છે, કેવળજ્ઞાન. **'આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...'** જેને આવરણ નથી. એમાં ક્રમ પડતો નથી. એ જ્ઞાન પરને જાણવામાં ક્રમ પડતો નથી. એકસાથે જાણે છે. ઇન્દ્રિય અને દેશ-કાળના વિઘ્ન વિનાનું છે. સમજાણું કાંઈ? **'એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી...'** સમસ્ત વસ્તુઓને જાણતું હોવાથી. એનો અર્થ ઈ. કેવળજ્ઞાન **'અસહાય છે,...'** ચંદુભાઈ! એ કેવળજ્ઞાન કેમ પ્રગટે? એ કીધું.

આત્મા ચૈતન્યગુણ એને અનુસરીને પ્રવર્તનારું કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ? ચૈતન્ય અનુવર્તી પરિણામ. આવ્યુંને પહેલાં ઓલામાં, પહેલી (ગાથામાં), દસમીમાં. **'આત્માનો ચૈતન્ય-અનુવર્તી**

**(ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.'** આત્મા.. જુઓ, એ પોતે સ્વાધીન સ્વતંત્ર સિદ્ધ કરે છે. જીવ અધિકાર છે. જીવ એનો ઉપયોગ જ્ઞાન અને દર્શન, ચેતન.. ચેતન કાયમ. અત્યારે... એના ઉપયોગ એટલે વર્તમાન પરિણામ, એ પરિણામના બાર પ્રકાર. એમાં પહેલું કેવળજ્ઞાન, એ આત્મા પોતાના ચૈતન્યને અનુસરીને વર્તનારો તે કેવળજ્ઞાન પરિણામ છે. નવરંગભાઈ! કેવળજ્ઞાન કેમ પ્રગટ્યું? મોક્ષ કેમ થયો? કેવળ એટલે મોક્ષ. કેવલ (એટલે) અહીં તો જ્ઞાનની પર્યાય વાત છેને. એ આત્માના અંતર જ્ઞાનગુણને અનુસરીને પરિણમ્યો. કર્મના કારણે કર્મ ખસ્યું માટે કેવળ થયું એમ નહિ, તેમ પૂર્વના ચાર જ્ઞાન પ્રગટ્યા હતા એની મદદે કેવળજ્ઞાન પ્રગટ્યું એમ નહિ.

**શ્રોતા :—** શુક્લધ્યાનથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શુક્લધ્યાન એ તો વળી બીજી દશા થઈ ગઈ, બીજો ગુણ થઈ ગયો. શુક્લધ્યાન તો ચારિત્રગુણની દશા થઈ. એઈ..! શુક્લધ્યાન એ તો ચારિત્રગુણની પર્યાય. એનાથી નહિ. પણ એના જ્ઞાનગુણની ચાર પર્યાય પૂર્વે હોય એનાથી નહિ. આત્મા પોતાના અંતર્મુખ જ્ઞાન, દર્શન એવો ચૈતન્યગુણ ત્રિકાળી એને અનુસરીને વર્તનારો એ કેવળજ્ઞાન પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ બધી રાડ્યું નાખે છેને લોકો બધા.

અધિકાર જીવનો છે. કેવળજ્ઞાનમાં અધિકાર પોતાના જ્ઞાનગુણનો ... અધિકાર છે. ચંદુભાઈ! આ બધી વાતું ક્યાં ગઈ? કેવળજ્ઞાનારણીય ખસે તો કેવળજ્ઞાન થાય. કહો, પૂર્વે સાધકભાવ પ્રગટે તો સાધકથી સાધ્ય કેવળજ્ઞાન થાય. નવરંગભાઈ! સમજાય છે કાંઈ? અહીં તો સીધો જીવનો અધિકાર. ભગવાન આત્મા એમાં ચેતના નામનો જે ગુણ છે, એના બે પડખા ભલે, જ્ઞાન અને દર્શન, એક ગુણને અનુસરીને અંતર્મુખ એને અનુસરીને એને વર્તનારા પરિણામ તેને અહીંયા કેવળજ્ઞાન પરિણામ કહે છે. એ કેવળજ્ઞાન પરિણામને બીજા અન્યની પૂર્વની પર્યાયની, બીજા ગુણના કારણની કે નિમિત્તના અભાવની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એને અહીંયા... જુઓ,

એક એક (વસ્તુમાં) વ્યાપતું નથી પણ પૂર્ણ આમ બધું જાણે છે, એમ. એક સમયમાં કેવળજ્ઞાન પરિણામ અસહાય, કોઈની સહાય નહિ. ઈન્દ્રિય આદિ કે કર્મ આદિ. એવું કેવળજ્ઞાન પોતે ભગવાન આત્મા ખરેખર એ કારણ કેવળજ્ઞાન જે અંદર જ્ઞાન છે, કારણજ્ઞાન જે છે ત્રિકાળ.. જુઓ, નવરંગભાઈ! એ કારણજ્ઞાનને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. એવો જીવનો સ્વયંસિદ્ધ સ્વતઃ અધિકાર છે. એના અધિકારમાં કોઈની ડખલ કરવાની તાકાત નથી. કહો, સમજાણું આમાં? છોટાભાઈ! અમારે છોટાભાઈ ત્યાં વાંચનાર છેને. શું કીધું સમજાણું આમાં? આ અમારા પંડિત નવરા થાય નહિ. આહા..હા..!

જીવ અધિકાર છેને. અહીં નિયમસાર છેને આ બાજુ. એક બાજુ નિયમસાર, એક બાજુ જીવ અધિકાર. ભગવાન આત્મા નિયમ નામ નિશ્ચય **'णियमेण य जं कज्जं'**. નિયમથી

કાર્ય કરવાલાયક જે છે એ તો મોક્ષનો માર્ગ નિયમ. સાર છે એ તો વિપરીત વ્યવહાર અને ભેદની અપેક્ષા વિનાનો સ્વભાવ, ચૈતન્ય ભગવાનને અનુસરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એને અહીંયા નિયમસાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એવા મોક્ષમાર્ગની અંદર... એ મોક્ષમાર્ગનું ફળ કેવળ-મોક્ષ એમ ત્યાં કહ્યું, પણ અહીં સીધી વાત લીધી કે ભગવાન આત્મા વસ્તુ તરીકે જીવ એનો ચેતના નામનો ગુણ એને અનુસરીને થતા કેવળજ્ઞાનના પરિણામ એને કેવળજ્ઞાનોપયોગ કહેવામાં આવે છે. નવરંગભાઈ!

'**તે કાર્યસ્વભાવજ્ઞાન છે.**' તે કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટેલી પર્યાયરૂપે છે, પ્રગટેલી પર્યાયરૂપ છે. તેથી તેને કાર્ય અને સ્વભાવ જે ઉપાધિ વિનાનો છે માટે તેને કાર્યસ્વભાવજ્ઞાન કહેવાય છે. કહો, આ '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' લ્યો આવ્યું. નવરંગભાઈ! શું કહે છે? ભગવાન આત્મા અંતરમાં જે જ્ઞાન ત્રિકાળ જ્ઞાન પડ્યું છે, ત્રિકાળ જ્ઞાન, એ પણ આવું જ છે. કાર્ય જેવું જ કારણ છે એમ અહીં સિદ્ધ કરે છે. કારણ જેવું કાર્ય નહિ, અહીં તો કાર્ય જેવું કારણ અંદર છે. એ... ન્યાલભાઈ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય એવી વાતો છે. અમારા ભાઈ કહેતા હતા કે અમે સાંભળ્યું નથી, અહીં હતા (ત્યારે) આ નિયમસાર. કહ્યું હતુંને એક ફેરી? કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા અંતર નજર નાખ્યે કેવળજ્ઞાન પ્રગટે એવો એ આત્મા છે એમ કહે છે. જીવનો એ અધિકાર છે. એમાં બીજાનો અધિકાર કે કંઈ મદદ કરે કે સહાય કરે કે વિઘન કરે એવું છે નહિ. આહા..હા..! આ વાત લોકોને એવું લાગે છે.. બે અને બે ચાર જેવી સ્પષ્ટ વાત (છે) પણ.. એ.. ફલાણું આમ થાય.. ફલાણું આમ થાય... એમાં કર્મનો ક્ષય થાય, જ્ઞાનાવરણીયનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ કહેતા નથી. એમ લખાણમાં આવે છે. પણ કેવળજ્ઞાન થાય તો કર્મ એની મેળાએ ક્ષય થાય એવું સોનગઢવાળા કહે છે, એમ કહે છે. સોનગઢવાળા નહિ આ તો ભગવાન કહે છે. કહો, સમજાણું આમાં? છે કે નહિ અંદર? લખાણ-બખાણ છે? વાંચ્યું પુસ્તક? એ.. મહેન્દ્ર! વાંચ્યું છે? આ તો બધું માંડ માંડ સમજાય એવું છે.

'**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' તેવું જ છે એટલે? જુઓ, '**શાથી?**' એ માથે કહ્યું બધું એવું જ છે એમ કહે છે. એ વ્યાપક છે એ પણ જાણે છે. સમજાય છે? અસહાય છે, એને બીજાની ઇન્દ્રિય આદિની ... નથી. બહારની ચીજને નથી તો અંદરના કારણે તો કાંઈ છે જ નહિ. પણ એ કાર્ય જેવું કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! ભગવાન આત્મા એનો જ્ઞાન જે ગુણ છે, ચેતનાના બે ગુણ.. અહીં તો જ્ઞાનની વ્યાખ્યા છેને. જ્ઞાનગુણ છે તે કારણ છે આ કાર્ય પ્રગટ થવાને. એ કારણજ્ઞાન પણ તેવું જ છે——કાર્યજ્ઞાન જેવું જ છે. સમજાણું કાંઈ? '**શાથી? નિજપરમાત્મામાં રહેલાં...**' નિજભગવાન આત્મા એમાં રહેલું અંદર. શું? '**સહજદર્શન,...**' સ્વાભાવિક દર્શન. દર્શનશક્તિ. '**સહજચારિત્ર,...**'

અહીં તો જ્ઞાનની વ્યાખ્યા કરવી છેને એટલે દર્શન નાખ્યું અંદર. સ્વાભાવિક આત્માનું જે અંતર કારણદર્શન, કારણદર્શન. કાર્યની અહીં વાત નથી. બહુ ઝીણું પણ ભાઈ માણસને.

એ વસ્તુ છેને, હવે અહીં જ્ઞાન કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું એવું જ કારણજ્ઞાન છે. હવે કારણજ્ઞાન છે શાથી? કેમ? પાછું કારણ આપે છે. તે આત્મામાં દર્શન રહેલું છે ત્રિકાળી અને સહજચારિત્ર રહ્યું છે ત્રિકાળી. આત્મામાં સ્થિરતા, શાંતિ... શાંતિ.. શાંતિ.. ત્રિકાળ રહેલી છે. '**સહજસુખ...**' આત્મામાં ત્રિકાળ આનંદ રહેલો છે ત્રિકાળ આનંદ. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં સહજ સાથે, આત્માની સાથે સહજ સુખ નામ આનંદ રહેલો છે અને સહજપરમચિત્શક્તિ. પરમચિત્શક્તિ એટલે વીર્ય. જ્ઞાનની શક્તિનું વીર્ય. સમજાણું કાંઈ? સહજપરમચિત્શક્તિ જ્ઞાનની શક્તિરૂપ જે વીર્ય અંદરમાં છે, એવા '**નિજકારણસમયસારનાં સ્વરૂપોને...**' એવું જે નિજ કારણસમયસાર. કોણ? આ ચાર બોલવાળું કીધું તે. '**નિજકારણસમયસારનાં...**' ત્રિકાળી સ્વરૂપ '**સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' ઓલું અંતર કારણજ્ઞાન. સમજાણું કાંઈ? છગનભાઈ! ભગવાન આત્માનું જે કાર્યસ્વભાવજ્ઞાન જે ચૈતન્યને અનુસરીને થયેલું કાર્ય, ભાવ એના જેવું જ અંદર કારણ છે. અંદર કારણજ્ઞાન એવું છે એમ કેમ? એવું છે ઈ એમ કેમ? કે અંદરના નિજદર્શન, સહજનિજચારિત્ર, સહજનિજસુખ અને શક્તિ એવો જે નિજ કારણસમયસારના સ્વરૂપને યુગપદ જાણવાને સમર્થ. અંતરનું કારણજ્ઞાન નિજસ્વરૂપને એકસાથે જાણવાને સમર્થ હોવાથી કાર્ય જેવું જ્ઞાન છે. ન્યાલભાઈ! કોઈ દિ'... આ તો જૂના છે માણસ. આહા..હા..!

ભગવાન! તારી... લોકો કેટલાક એવું કહે છે. સવારમાં કોઈ કહેતું હતું, આ શું આત્મા.. આત્મા.. આવો આત્મા, આવો આત્મા. કાંઈક સામાયિક, પોષા કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, દાન કરવા એવી કાંઈક ક્રિયા કહે તો એ ઠીક. આવો આત્મા સ્વરૂપાચરણ ચારિત્ર. એ.. નવરંગભાઈ! ભાઈ! ભગવાન! તારી વાતની શી વાત કરવી? સમજાણું? પ્રભુ આત્મા.. 'વાતો' શબ્દ આવ્યો હતો સવારમાં. 'વાતો' શબ્દ નહોતો આવ્યો? 'વાતો'. આત્મા બધાને જાણનાર છે. એમાં એક શબ્દ આવ્યો હતો. 'વાતો' શબ્દ આવ્યો હતો એક. આવ્યો હતો ક્યાંક સવારમાં? સવારમાં આવ્યું હતું. ક્યાં ગયું? શું છે? છ ઢાળા. સવારમાં ક્યાંક આવ્યું હતું .. બધા વાતોને જાણે છે. એક શબ્દ આવ્યો હતો. ... અગિયારમી જુઓ, ત્રણકાળની સર્વ વાતો સ્પષ્ટ જાણે છે. અગિયારમું. શેઠ! વાતો એક શબ્દ આવ્યો હતો આમાં, આપણે બારમી શરૂ કરીને. અગિયારમી શરૂ કરીને? અગિયારમાં છેલ્લે આવે છે. જેમાં ત્રણલોક ત્રણકાળની સર્વ વાતો શબ્દ આવે છે. ભાઈ! વાતો સ્પષ્ટ જાણે છે. વાતો એટલે જે કંઈ કહેવામાં બધું આવે છે એ બધું જાણે છે. સમજાણું કાંઈ?

કહે છે, આહા..હા..! અરે..! એની એક વાત પણ જો ગ્રહણ કરેને, એક વાત પણ બરાબર જીવના અધિકાર, એક વાત પણ એના અંતર કારણજ્ઞાનનું સહજપણું એમાં જીવનો અધિકાર છે અને કાર્યજ્ઞાન પ્રગટ થાય એમાં પણ જીવનો જ અધિકાર છે. એમાં બીજા

કોઈ અધિકારની જરૂર નથી. એ કાર્યજ્ઞાન જેવું કારણજ્ઞાન છે. કાર્યજ્ઞાન તો બધામાં વ્યાપે અને બધાને જાણે, કેટલા કેવળજ્ઞાનને વિશેષણ આપે! એઈ..! એ પાછું કારણમાં નાખ્યું. કારણ પણ પરની અપેક્ષા વિનાનું યુગપદ ત્રિકાળીને જાણે. અંદર શક્તિઓના સ્વરૂપને એકરૂપને જાણે તેને અહીંયા કારણજ્ઞાન કહેવામાં આવે છે. નવરંગભાઈ! '**આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**' એ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. એટલે કે કેવળજ્ઞાનની પર્યાય શુદ્ધ છે એ પોતાને અનુસરીને થાય એને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે એ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. હવે આવે છે અશુદ્ધ.

'**હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધજ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે : ઉલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા અવગ્રહાદિ ભેદથી અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.**' હવે એ મતિજ્ઞાનની બે પ્રકારે વાત લીધી, જુઓ, આત્મામાં વસ્તુ જે છે ત્રિકાળ એનો જ્ઞાનગુણ ત્રિકાળ એને અનુસરીને મતિજ્ઞાનના પરિણામ થાય... સમજાય છે? શુદ્ધ નથી, સમ્યક્‌વિભાવના ચાર બોલ છેને? ... સમજાણું? એ સમ્યક્ પણ વિભાવ છે. પૂર્ણ નથીને શુદ્ધ. મતિજ્ઞાન પૂર્ણ દશા નથી એટલે એને વિભાવજ્ઞાનોપયોગ કહ્યો. છે સમ્યક્‌જ્ઞાનોપયોગ, છે સમ્યક્‌જ્ઞાનોપયોગ. છતાં એ વિભાવજ્ઞાનોપયોગ કહ્યો. એથી એને અશુદ્ધ કહ્યું. સમજાણું? નીચે છે.

'મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (—પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે;...' એ ઉપલબ્ધિ જે છે, ભલે અહીં મતિના ક્ષયોપશમનું નિમિત્ત કહ્યું પણ આત્મામાં જે જ્ઞાનગુણ ત્રિકાળી છે એને અનુસરીને જે મતિનો ઉઘાડ પર્યાય લબ્ધરૂપે ઉપલબ્ધિ થઈ એ જ્ઞાનને અનુસરીને જ થઈ છે. સમજાય છે કાંઈ? એ મતિજ્ઞાનનો જે અહીંયા ઉપલબ્ધિરૂપ દશા, ઉપલબ્ધિ નામ પ્રગટરૂપ પર્યાય જે ક્ષયોપશમ, પદાર્થને જાણવાની, ગ્રહણ એટલે જાણવાની શક્તિનો ભાવ, અર્થગ્રહણશક્તિ પદાર્થને જાણવાની. પદાર્થ વર્તમાન જ્ઞાનની લબ્ધિ એટલે પ્રાપ્તિ પર્યાયની. એ મતિનો પર્યાય પ્રાપ્ત, એ મતિનો પર્યાય ઉપલબ્ધિ એ પણ જ્ઞાનને અનુસરીને અંતરને અનુસરીને જ થયેલો પર્યાય છે. સમજાણું કાંઈ? ... મતિજ્ઞાનના ક્ષયોપશમનું નિમિત્ત છે. પણ થઈ છે એ પર્યાય પોતાને અનુસરીને જ મતિની પર્યાય થઈ છે. સમજાણું કાંઈ?

'જાણેલા પદાર્થ પ્રત્યે ફરી-ફરીને ચિંતન તે ભાવના છે;...' એ પણ આત્માના જ્ઞાનને અનુસરીને જ ભાવના થાય છે. સમજાય છે કાંઈ? એ મતિજ્ઞાનનો પર્યાય છે. એ પણ આત્માના જ્ઞાનને અનુસરીને જ વર્તતો ઉપયોગ છે. ભાવના પણ હોં! 'અને આ કાળું છે', 'આ પીળું છે' ઈત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. ઓલી ભાવના પણ મતિની પર્યાય છે, ઉપલબ્ધિ પણ પર્યાય છે અને એનો જાણવાનો વેપાર થયો એ પણ મતિની ઉપયોગરૂપી પર્યાય છે, એ પણ ચૈતન્યને અનુસરીને થતી છે.

નિમિત્તાધીનની વ્યાખ્યા વ્યવહારમાં આવે એ બધું નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. સમજાણું કાંઈ? એ ત્રણ બોલ થઈ ગયા.

'**તથા અવગ્રહાદિ ભેદથી...**' અવગ્રહ છેને? બગડો. 'મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ,...' કોઈપણ ચીજને જાણવાની શરૂઆતનો પર્યાય પ્રગટ થાય એને અવગ્રહ કહે છે. સમજાણું કાંઈ? જાણે પદાર્થને અવગ્રહતું હોય. પણ એ પદાર્થને જાણવાના કાળમાં જે અવગ્રહ પક્કડ થાય કે 'આ', એ અવગ્રહ પર્યાય પણ જ્ઞાનને અનુસરીને થયેલી પર્યાય છે. (પર)પદાર્થને અનુસરીને થયેલી એ પર્યાય નથી. નવરંગભાઈ! આ શબ્દ સંભળાય છે માટે ત્યાં અવગ્રહનો પર્યાય થયો એમ નથી, એમ કહે છે. એમાં છે કે નહિ પણ? આ શબ્દ કાને પડે છે માટે ત્યાં મતિનો પર્યાય અવગ્રહરૂપ થાય છે એમ નથી. એ જ્ઞાનગુણ જે ત્રિકાળ છે એને અનુસરીને જ અવગ્રહનો પર્યાય થાય છે. ચંદુભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

'ઈહા...' દેખો છેને? '(વિચારણા)...' વિચારણા એ મતિની પર્યાય છે. એ વિચારણા પણ શબ્દ આવ્યો માટે વિચાર પ્રગટ થયો એમ નથી. ઈહાવરણીયની પ્રકૃતિનો ક્ષયોપશમ થયો માટે અહીં વિચારણા થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? આ તો વ્યવહારનો લોપ ને નિમિત્તનો લોપ ... લ્યો. એ તો વ્યવહાર અને નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે, સાંભળને! વસ્તુ તો આમ છે. આહા..હા..! આત્મામાં વિચારણા ચાલે એ ઉપયોગ છે. સમજાય છે? એ વિચારણાનો ઉપયોગ પણ જ્ઞાનને અનુસરીને, ત્રિકાળ જ્ઞાનગુણને અનુસરીને વર્તતો એ પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! હજી એના દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા છે. દ્રવ્ય વસ્તુ, જ્ઞાન એનો ગુણ એને અનુસરીને થતા પરિણામ તે ઉપયોગ છે. આ ત્રણ દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતંત્ર સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જાણવાની શક્તિ ભાવના.. એ તો આવી ગયું.

'અવાય (-નિર્ણય),...' હવે નિર્ણય થવો કે આ આત્મા શુદ્ધ છે. અવગ્રહમાં આવવું, આત્મા તરફથી લઈએ કે 'આ જ્ઞાન' અને વિચારણા, નિર્ણય. મતિજ્ઞાનની પર્યાયમાં નિર્ણય હોં! ઓલો સમ્યગ્દર્શનનો નિર્ણય નથી. અવાય થવો, નિશ્ચય થવો કે 'આ વસ્તુ શુદ્ધ જ છે, જ્ઞાન જ છે' એવો મતિજ્ઞાન પર્યાયમાં નિર્ણય થવો, અવાય, એ પણ જ્ઞાનને અનુસરીને જ વર્તનારો ઉપયોગ છે. સમજાણું કાંઈ? એ ઈહાનો પર્યાય, નિર્ણયનો કે વિચારનો અવગ્રહને લઈને નહિ, ઈહાને લઈને નિર્ણય નહિ. ભાઈ! આહા..હા..! એ તો છૂટી જાય છે. એઈ..! જુઓ તો એક ચૈતન્યની લીલા! આહા..હા..! એઈ..!

**શ્રોતા :—** પૂર્વ પર્યાયને લીધે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** (પૂર્વ પર્યાયને લીધે) નહિ.

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, એનો ચૈતન્યગુણ, એનો એક જ્ઞાનગુણ. એને અનુસરીને તે મતિનો નિર્ણય થાય છે. અવગ્રહ પહેલો થયો, એને વિચારણા થઈ માટે નિર્ણય થાય

એને લઈને એમ નહિ. આહા..હા..! ગજબની સ્વતંત્રતા છેને!

**શ્રોતા :—** જ્ઞાની જીવોને સરસ્વતીની સદાય સહાય હોય છે. એટલે તેઓ ધારે એ સિદ્ધ કરી શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઠીક! પણ આમાં છે કે નહિ? આ બેઠા, એલ.એલ.બી.વાળા છે કે નહિ? પહેલાં કહી ગયા નહોતા? '**આત્માનો ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ** છે.' એ ઉપયોગ ધર્મ છે અને જીવ ધર્મી છે. દીપક (અને) પ્રકાશના જેવો એમનો સંબંધ છે. લ્યો. કહો, એવો એનો સંબંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** અસત્ તો ઘણા ... પણ સત્ ... જોઈએને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ આમાં લખ્યું છેને. પાઠ છે ચોખ્ખા, ટીકા છે ચોખ્ખી. આમાં કાંઈ કોઈ શાસ્ત્ર વ્યાકરણ બહુ ભણવું પડે એવું કંઈ આમાં નથી.

ભગવાન આત્મા.. કહે છે, જે કંઈ અંદર નિર્ણય કરે મતિજ્ઞાનની પર્યાયમાં એ નિર્ણય પણ જ્ઞાનને અનુસરીને વર્તનારો પરિણામ છે. ચેતન-અનુવર્તી ઉપયોગ પરિણામ. આહા..હા..! સમય-સમયની પર્યાય એ ગુણને અનુસરીને વર્તતી પર્યાય છે, નિમિત્તને અનુસરીને નહિ, પૂર્વની પર્યાયને અનુસરીને નહિ. આહા..હા..! આ સર્વજ્ઞ સિવાય આ વસ્તુની સ્વતંત્રતા કોઈ જોઈ શકે નહિ.

**શ્રોતા :—** જ્ઞાની સિવાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એટલે પછી એનો છેને ઈ... સમજાણું કાંઈ?

'અને ધારણા,...' ધારણા જે થાય ટકી રહે. આ જાતિસ્મરણ આદિ જે થાય છેને? એ ધારણામાંથી થાય છેને. ધારણા મતિનો એક ભેદ છે, ધારણા. એ ધારણામાં ટકી રહેવું, ધારવું એ પણ જ્ઞાનને અનુસરીને વર્તનારો પરિણામ છે. સમજાણું કાંઈ? '(વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ).' આપણે છેને ગુજરાતી. ઈ ચાર ભેદ લીધા. સમજાણું?

'**અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.**' કહો, 'મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ. (વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ).' જે બહુ પ્રકારે જાણે, એક પ્રકારે જાણે, અધ્રુવ જાણે, ધ્રુવ જાણે તે તે પ્રકારના તે તે મતિજ્ઞાનની પર્યાયના ઉપયોગરૂપી પરિણામ તે તે પ્રકારના જ્ઞાનને અનુસરીને વર્તનારા ભાવ છે. સમજાય છે કાંઈ? સીધો ભગવાન આત્મા પોતાના જ્ઞાનગુણની ખાણને અનુસરીને વર્તતા એ પરિણામ છે. બધા બાર ભેદે લ્યો કે ઘણા પ્રકાર છેને, એ બધાય. એ મતિજ્ઞાનની વ્યાખ્યા થઈ.

**શ્રોતા :—** કાલે તો કીધું હતું કે કારણ જેવું કાર્ય છે. આમાં કારણ જેવું કાર્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ નહિ. ઓલું તો કાર્ય પૂર્ણ છે. પૂર્ણનું અહીં કામ શું છે? આ તો અધૂરું અશુદ્ધ છે. ઓલું શુદ્ધની સાથે.. ઓલું શુદ્ધ છે એની સાથે શુદ્ધ છે. આ

કાંઈ શુદ્ધ નથી, વિભાવ છે આ તો. ઓલો તો ત્રિકાળી સ્વભાવ છે.

**શ્રોતા :–** અનુસરે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનુસરવું જુદી વાત છે અને એનું એવું જ આ છે એ જુદી વાત છે. અનુસરવું જુદી વાત છે અને ઈ છે એવું આ છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા એકલો જ્ઞાનની શક્તિના સત્ત્વથી ભરેલો ભંડાર છે. આવ્યું હતું નહિ સવારમાં? રત્નકરંડ નહિ? સુગુણ રત્નકરંડ. મોટા ગુણનો રત્નનો કરંડિયો દરિયો છે ભગવાન. આહા..હા..! અરે..! પણ એ આત્મા શું એની એને કિંમત નહિ અને એની કિંમત પરમાં.. પરમાં.. આ.. આ.. આ. કહે છે કે ભાઈ! તારામાં એક જ્ઞાનગુણનો એ રત્ન ભંડાર એટલો પડ્યો છે કે જેને અનુસરીને આ પર્યાયની જેટલી વાત કરી મતિ આદિની એને અનુસરીને થાય છે. એવો એ ભંડાર ભંડાર પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે શ્રુત(જ્ઞાન).

'**લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.**' એ પણ આત્માના જ્ઞાનગુણને અનુસરીને થનારું છે. સમજાણું? શ્રુતજ્ઞાન, કહે છે કે શ્રુતજ્ઞાન કેમ થાય પર્યાયમાં? ઉઘાડરૂપ કે ઉપયોગરૂપ. લ્યો, ઓલા કહે છેને, અંદર ઈન્દ્રિયનો ઉઘાડ છે જ્ઞાનનો, આંધળાને ઈન્દ્રિય નથી માટે ઉપયોગ નથી. આ ઈન્દ્રિય આંખ નથીને માટે એને ઉપયોગ નથી. અહીં ના પાડે છે કે એમ નથી. એ શ્રુતજ્ઞાનનો ઉઘાડ, વિકાસ પણ જ્ઞાનને અનુસરીને છે અને એનો ઉપયોગ પણ જ્ઞાનને અનુસરીને છે, પરને લઈને નહિ. આ ચશ્મા ચડાવે અને આંખ્યુંમાં આંજણ સરખા આંજ્યા હોય માટે ઓલો જ્ઞાનનો વિકાસ દેખાય, ઉપયોગ થાય (એમ નથી). સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ભગવાન આત્મા... આ શ્રુતને બહુ ભણે અને વાંચેને એથી વિકલ્પથી એ જ્ઞાનનો પર્યાય પ્રગટ થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** હવે શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત એ કે લક્ષ દે ન્યાં એમ કહે છે. જેમાંથી આવે ત્યાં લક્ષ દે ઈ કરવું. કરવાનું શું બીજું હતું? આહા..! વાત તો એ સિદ્ધ કરવી છે. જેમાંથી અનુસરીને પરિણામ થાય ત્યાં લક્ષ કર. આહા..હા..! સમજાણું કાંઈ?

એ લબ્ધિ અને ભાવના શબ્દ એ ...માં લઈ લેવું. બે પ્રકારના છે. કોણ? શ્રુતજ્ઞાન. સમજ્યાને? પંચાસ્તિકાયમાં છેને. શ્રુતજ્ઞાન આચારાંગ, સૂયગડાંગ આદિનું જે જ્ઞાન ઉઘડે છેને અંદર એ બધું જ્ઞાનને અનુસરીને ઉઘડે છે, એ બધા ભણતર-બણતરથી નથી. ચૌદ પૂર્વનું જ્ઞાન. એક લબ્ધિ પ્રગટે એકદમ હડહડાટ.. જ્ઞાનગુણને અનુસરીને પ્રગટે છે. પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, બીજાને લઈને નહિ. આહા..હા..! કહો, સમજાણું આમાં?

હવે અવધિ. '**દેશ, સર્વ અને પરમના ભેદથી (અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને**

**પરમાવધિ એવા ત્રણ ભેદોને લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.'** અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે. અવધિજ્ઞાન. આ સમ્યક્ અવધિની વાત ચાલે છે હોં! અવધિજ્ઞાન એ પણ અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો પ્રગટે એમ નથી. અત્યારે અવધિજ્ઞાન નથી માટે અવધિજ્ઞાનાવરણીયનું જોર છે, એમ નથી. એ પ્રગટે તો જ્ઞાનગુણને અનુસરીને જ એ અવધિજ્ઞાન પ્રગટે છે. નથી પ્રગટતું તો એટલું અનુસરણ એનું નથી. સમજાણું કાંઈ? એ કર્મને લઈને અવધિજ્ઞાન અટક્યું છે એમ નથી. એનું અનુસરણ જેટલું જોર જોઈએ તેટલું નથી માટે અવધિજ્ઞાન નથી. ...ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! દેશાવધિ! થોડું થયું અંશ તે અંગુલના અસંખ્યાતભાગથી આખા લોક પ્રમાણે દેખે એ દેશાવધિ. સર્વાવધિ એથી ઘણું અને પરમાવધિ એથી ઘણું (જાણે). એવા ત્રણ ભેદો અવધિજ્ઞાનના છે. અવધિ એટલે મર્યાદિત રૂપીને જાણે. એના પણ ત્રણ ભેદ. એ અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું. એ પણ આત્માના જ્ઞાનને અનુસરીને વર્તનારા ઉપયોગ પરિણામ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ૠજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.'** એ મનઃપર્યયજ્ઞાન એ પણ આત્માના જ્ઞાનને અનુસરીને થતા પરિણામ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનગુણથી ભરેલો એને અનુસરીને (મનઃપર્યયજ્ઞાન થાય છે). કહે છે, સાધુ થાય, ચારિત્ર લ્યે એટલે મનઃપર્યયજ્ઞાન થાય. એને હોય છે કે નહિ, ચારિત્રવંતને? પરમાવધિ અને સર્વાવધિ પણ ચારિત્રવંતને હોય છે. દેશાવગાશિક શ્રાવકને .. હોય છે, પણ આ તો મુનિને હોય છે. છતાં કહે છે કે એ જ્ઞાનનો ઉપયોગ જ્ઞાનને અનુસરીને થયેલો છે, ચારિત્રને લઈને નહિ. ભારે! સમજાણું કાંઈ? **'ૠજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.'** મનઃપર્યયજ્ઞાન સામાના મનને જાણેને? એ ઉપયોગ છે. એ ઉપયોગ બે પ્રકારનો પણ જ્ઞાનને અનુસરીને થયેલો છે.

હવે કહે છે, **'પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.'** આહા..હા..! હવે આવ્યું, એઈ..! નવરંગભાઈ! નીચે છેને, એકડો છેને. 'સુમતિજ્ઞાન અને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.' સર્વ સમ્યગ્દષ્ટિને હોય છે. પણ 'સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન તો કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટસંયમધરોને-હોય છે.' એ વ્યાખ્યા સમજાવી. કહે છે કે એ ચાર સમ્યગ્જ્ઞાન—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એના આ બધા ભેદો (કહ્યા). જે પરમભાવમાં સ્થિત, સમ્યગ્દષ્ટિ પરમભાવમાં સ્થિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરમસ્વભાવભાવ, શુદ્ધ સ્વભાવભાવ, ધ્રુવસ્વભાવભાવ, કારણસ્વભાવભાવ એમાં સ્થિત એવા સમ્યગ્દષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે. કહો, સમજાણું આમાં?

હવે **'મિથ્યાદર્શન હોય ત્યાં...'** શ્રદ્ધા મિથ્યાત્વ છે એ પરમભાવમાં સ્થિત નથી **'ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન'-**

**-એવાં નામાંતરોને (અન્ય નામોને) પામે છે.'** છતાં એ પણ જ્ઞાનને અનુસરીને થનારો ઉપયોગ છે. વિભાવ અધૂરું છેને, આ વિપરીત છે અને અધૂરું છે. ચાર જ્ઞાન વિભાવ છે, અધૂરા છે. આ તો વિપરીત, અધૂરું છે. બેયને વિભાવ કહેવાય. ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન. ત્રણેને વિભાવ પહેલું કહ્યુંને. '**सहावणाणं**' એની સામે '**विहावणाणं**', અગિયારમી ગાથામાં આવ્યું. '**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं**'. અગિયારમી ગાથામાં કહ્યું હતું, બીજું પદ. '**सण्णाणिदरवियप्प**' સત્‌જ્ઞાન એથી બીજું અજ્ઞાન. વિભાવજ્ઞાન બે પ્રકારનું. ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન, એ વિભાવજ્ઞાન છે. અધૂરું છેને, અશુદ્ધ છેને. સમજાણું કાંઈ? કંઈક શુદ્ધ છે અને કંઈક અશુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ તો કેવળજ્ઞાન એ પૂર્ણ શુદ્ધ છે. આ કાંઈક શુદ્ધ છે અને વિભંગજ્ઞાન અશુદ્ધ છે એટલે વિભાવ છે. સમજાણું કાંઈ? આ એકલા અશુદ્ધ છે ...

**'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને વિભંગજ્ઞાન—એવાં નામાંતરોને (અન્ય નામોને) પામે છે.'** છતાં એ પણ જ્ઞાનને અનુસરીને થયેલા પરિણામ છે. મિથ્યા ભલે હો, અજ્ઞાન ભલે હો પણ અનુસરીને તો એના જ છે. સમજાય છે? એટલે કે કોઈના કરેલા અને કોઈને કારણે થયેલા એ નથી. સમજાણું? હવે જરી...

**'અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન,...'** ત્રિકાળ સહજજ્ઞાન, ગુણરૂપ જ્ઞાન, ધ્રુવરૂપ જ્ઞાન. સમજાણું? **'શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી,...'** સમજાણું? કેવું છે ઈ? શુદ્ધ-અંતઃતત્ત્વ જે આત્મા, અંતઃતત્ત્વ અંતરભાવ. **'શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં...'** શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપરૂપ પરમતત્ત્વમાં સહજજ્ઞાન વ્યાપક હોવાથી. વ્યાપેલું છે, પ્રસરેલું છે. સમજાણું કાંઈ? આ તો ઘણાને ઝોલા આવે એવું લાગે. પકડાય નહિ એટલે. કોણ કહેતું હતું? ઝોલા આવતા હતા સવારમાં કો'ક કહેતું હતુંને? ઓલા રજનીના વ્યાખ્યાનમાં. આ તો ઝોલા ઊડી જાય એવું છે. એઈ..! આહા..હા..! જાગતી જ્યોત ભગવાન બિરાજે છે અંદરમાં. કહે છે એવું શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ. અંતઃતત્ત્વ સ્વભાવરૂપ પરમતત્ત્વ. એ વ્યાપક હોવાથી. પરમતત્ત્વમાં એ વ્યાપક છે આખું જ્ઞાન. પરમભાવમાં.

**'સ્વરૂપપ્રત્યક્ષ છે.'** ઓ..હો..! આ ભાષા અહીં છે. બીજે ક્યાંય નથી. આ નિયમસારમાં જ આ શબ્દ છે. ત્રિકાળ સ્વાભાવિક જ્ઞાન અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક એ જ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છે. સ્વરૂપપ્રત્યક્ષ. પ્રગટસ્વરૂપ પર્યાયની વાત નથી આ. સ્વરૂપમાં પ્રત્યક્ષ જ છે સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ. સમજાણું કાંઈ? સ્વરૂપપ્રત્યક્ષનો અર્થ કર્યો. સ્વરૂપે પ્રત્યક્ષ છે, સ્વરૂપે પ્રત્યક્ષ છે. પોતાના સ્વરૂપપ્રત્યક્ષ, એમ. સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ. પોતાના સ્વરૂપની અપેક્ષાએ પ્રત્યક્ષ અથવા સ્વભાવે પ્રત્યક્ષ જ છે વસ્તુ. સ્વભાવપ્રત્યક્ષ, સ્વભાવપ્રત્યક્ષ. ત્રિકાળ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ સ્વરૂપે સ્વભાવે સ્વરૂપની અપેક્ષાએ પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ જ છે.

**શ્રોતા :—** અજ્ઞાની કેમ જાણતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અજ્ઞાની જાણતો નથી, પણ આ છે સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ. ભલે

જાણે કે ન જાણે એની સાથે સંબંધ નથી. ભગવાન ચૈતન્યસ્વરૂપ એમાં આ જે સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન અંતઃતત્ત્વ, અંતર સ્વભાવરૂપ પરમભાવમાં વ્યાપક છે, આખું પ્રસરેલું છે. એને સ્વરૂપ અપેક્ષાએ, સ્વભાવ અપેક્ષાએ સ્વભાવપ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! એ ધ્રુવના ગાણાં છે. ધ્રુવ જ્ઞાનસ્વરૂપ તેને સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવે છે. જેમાં ઉત્પાદ-વ્યય નથી. સમજાણું કાંઈ? ઊપજવું-બદલવું એમાં નથી. એકરૂપ વસ્તુ છેને, વસ્તુ. કેવળજ્ઞાન આદિ ચાર ભાવ છે એ પરમભાવ નથી, એ તો અપરમભાવ છે. શું કીધું? કેવળજ્ઞાન આદિ ભાવ એ અપરમભાવ છે, પરમભાવ નથી. એક સમયનો પર્યાય છે ક્ષાયિક આદિ. ત્રિકાળ વસ્તુમાં રહેલો. ભાઈ! વસ્તુ છેને, વસ્તુમાં રહેલું પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. એકરૂપ સ્વભાવપ્રત્યક્ષ છે. જેને આશ્રયે સમ્યક્જ્ઞાન, દર્શન આદિ, સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાન આદિ પ્રગટે છે. સમજાણું કાંઈ? જેને ત્યાં કારણજ્ઞાન કહ્યું હતું. જેમાં કારણજ્ઞાન કહ્યું હતુંને માથે? એને અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છે. પ્રત્યક્ષપણું બતાવવું હતુંને. કેવળજ્ઞાન છે ઈ સકળપ્રત્યક્ષ છે. કેવળપર્યાય પ્રગટ થાય... આહા..હા..! ભગવાનના દરબારની વાતું છે ભઈ આ. આહા..હા..!

**શ્રોતા :—** ભગવાનની વાણી સંદેહનો નાશ કરનારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સંદેહનો નાશ, મિથ્યાભ્રાંતિનો નાશ, અચોક્કસપણાનો નાશ. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા અંતર સ્વરૂપે રહેલું જ્ઞાન સ્વભાવમાં રહેલું ત્રિકાળી જ્ઞાન એને અહીંયા કહે છે કે અમે પ્રત્યક્ષ કહીએ છીએ. આહા..હા..! '**કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે.**' પર્યાય છેને ઈ. સકળનો અર્થ સંપૂર્ણ કર્યો. ઓલું તો સ્વરૂપે પ્રત્યક્ષ એમને એમ ત્રિકાળ સ્વરૂપ છે. આ પ્રત્યક્ષની અપેક્ષાના શબ્દો વપરાય છે. એક સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ, એક કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ પર્યાયે.

'**रूपिष्वधेः' અવધિજ્ઞાનનો વિષય-સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)' એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે.**' ઓલું સકલપ્રત્યક્ષ છે, ત્યારે અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ અને પરોક્ષની અપક્ષાએ આ જ્ઞાનની પર્યાય ચાલે છે. સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ અને અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ. વિકલેન્દ્રિય છેને એકેન્દ્રિય. ... જ્ઞાન ઓછું છે એકદેશપ્રત્યક્ષ છે, એકદેશપ્રત્યક્ષ છે. કહ્યુંને, રૂપી .. દાખલો આપ્યોને પાછો. રૂપીને જાણનારું છેને. '**તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (-જાણનારું) હોવાથી...**' અવધિનો જે વિષય છે પ્રત્યક્ષ છે પોતામાં એના કરતાં મનઃપર્યયજ્ઞાનનો વિષય.. આ વિષયનું વર્ણન ચાલે છે પ્રત્યક્ષ-પરોક્ષની અપેક્ષાએ, '**તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (-જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે.**' પૂર્ણ પ્રત્યક્ષ નથી, પણ એનાથી અનંતમા ભાગનું ગ્રાહક—જાણનાર હોવાથી મનઃપર્યયજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે.

**'મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.'** આ ઇન્દ્રિયથી કહેવાયને કે આ મેં પ્રત્યક્ષ જાણ્યું, આમ જાણ્યું. પણ એ બધી પર્યાયો પોતાના જ્ઞાનને અનુસરીને થયેલી પર્યાય છે. એ પર્યાયના પ્રત્યક્ષ-પરોક્ષની અપેક્ષાએ ભેદ પાડ્યા. ત્રિકાળ વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ, કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ, અવધિજ્ઞાન તે વિકલ્પપ્રત્યક્ષ, મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ. ઓલાથી વિષય ઘણો ઝીણો. મતિ અને શ્રુત પરોક્ષ છે. સમજાણું? વ્યવહારથી પ્રત્યક્ષ કહેવામાં આવે છે. એ મતિ અને શ્રુતનું અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષપણું એ વાત અહીંયા ગૌણ રાખી છે. સમજાણું કાંઈ? કારણ કે તત્ત્વાર્થસૂત્રમાં એ વાત એવી રીતે લીધી નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ક્ષયોપશમ પરોક્ષ રીતે કહ્યું છેને. મતિજ્ઞાનનો એક ભાગ પોતાના આત્માની અનુભૂતિમાં જે મતિ અને શ્રુત પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? એ વાત અપવાદિક વાત ગૌણ રાખી છે. સમજાણું કાંઈ? એથી કેટલાક એમ કહે છે કે આમાં મતિ અને શ્રુતનું અનુભૂતિમાં પ્રત્યક્ષ છે એવું તો તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીમાં આવ્યું નથી. ભાઈ! કેટલીક વાત એવી હોય છે કે મુખ્યપણે ઘણી વાત કહેવાનું વિષયમાં ઘણું કહે, મુખ્ય વાત, ગૌણ છે ઈ વાત ન આવે, એથી કરીને નથી એમ નહિ. સમજાણું કાંઈ?

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિમાં જે મતિ-શ્રુતજ્ઞાન છે એ સ્વના અનુભવની અપેક્ષાએ સ્વાનુભૂતિમાં પ્રત્યક્ષ છે, પરને જાણવાની અપેક્ષાએ પરોક્ષ છે. સમજાણું કાંઈ? એ સ્વના અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષજ્ઞાનનો પર્યાય પણ જ્ઞાનને અનુસરીને જ થયેલો છે. સમજાણું કાંઈ? અને પરને જાણવાનો પર્યાય જેટલો છે એ પણ પોતાના જ્ઞાનને જ અનુસરીને થયેલો છે. આહા..હા..! જુઓ, આ ઉપયોગના ભેદ લીધા છે હોં! ઉપયોગ એટલે પરિણામ, પરિણામ. ચૈતન્ય અનુવર્તી પરિણામની વ્યાખ્યા છે. એને સહજજ્ઞાન પણ એ જાતના સ્વરૂપપ્રત્યક્ષ તરીકે એને ઉપયોગમાં ગણ્યો છે.

ઉપયોગ, બરાબર ઉપયોગ ન રાખે તો સમજાય એવું નથી એમ કહે છે. આહા..હા..! અરે.. ભાઈ! તારી ઋદ્ધિ અને તારી ઋદ્ધિના કાર્યો શું છે એની અંદર ઓળખાણ કરાવે છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષની વ્યાખ્યા છે જ નહિ આમાં. આ તો ચૈતન્ય અને ચેતનના ઉપયોગની વાત. સમજાણું કાંઈ?

**'વળી વિશેષ એ કે...'** ખાસ તો વાત એ છે આમાં **'ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...'** ભગવાને કહેલા બધા ભેદો જ્ઞાનમાં થતી દશાઓ એમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ એ નિજપરમતત્ત્વમાં, નિજપરમવસ્તુ ભગવાન એમાં સ્થિત, સ્થિત, સ્થિત એવું એક જે સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું હતું, એને અહીંયા સહજજ્ઞાન કહ્યું. પહેલાં પણ કારણજ્ઞાન કહ્યું હતું. પહેલું કારણજ્ઞાન કહ્યું હતું, અહીંયા સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું પ્રત્યક્ષની અપેક્ષા લઈને. એનેને એને અહીંયા સહજજ્ઞાન કહેવામાં આવ્યું છે. એ જ્ઞાન સાક્ષાત્ મોક્ષનું મૂળ છે. એ મૂળિયું ફાટીને કેવળ થાય છે એમ કહે

છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એમાં રાગ-દ્વેષની ક્રિયા, વ્યવહારરત્નત્રયથી કેવળ થાય ને ફલાણું થાય એ તો ક્યાંય ગયું. આ નિશ્ચયરત્નત્રયથી કેવળજ્ઞાન થાય એ વયુ ગયું અહીં તો. નવરંગભાઈ! કેમ ગયું ઈ? ઈ તો પૂર્ણ પર્યાય ...

આત્મામાં જે વ્યાપક સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ સહજજ્ઞાન ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ... એ બધા જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં, નિજપરમતત્ત્વ આ પોતાનું પરમતત્ત્વ, ભગવાનનું તત્ત્વ ભગવાન પાસે રહ્યું. '**એવું એક સહજજ્ઞાન જ છે;...**' એવું એક સહજજ્ઞાન જ છે. કહો, સમજાણું આમાં? '**તેમ જ સહજજ્ઞાન** (તેના) **પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' સહજજ્ઞાન પારિણામિકભાવ સ્વભાવ છે. સહજજ્ઞાન સ્વાભાવિક જ્ઞાન, ત્રિકાળ જ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન '**પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' પારિણામિકભાવ. પરિણામ એટલે સહજભાવરૂપ છે, એને કોઈ અપેક્ષા નથી. સહજભાવરૂપ, સહજ પારિણામિકભાવ. પારિણામિક એટલે સહજ ભાવ. એવો સહજજ્ઞાન પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે એ '**ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' ભવ્યનો પરમસ્વભાવ હોવાથી. અભવિને ઈ છે તો ખરું પણ શું કામનું? માટે કહે છે કે અહીં તો ભવ્યનો પરમસ્વભાવ હોવાથી. સમજાણું? ભવ્ય પોતે એને અનુસરીને પ્રગટ કરે છે માટે કહે છે.. એઈ..! અભવ્યને નથી સહજજ્ઞાન ત્રિકાળ ધ્રુવ? શું કામનું? કહે છે. જ્યાં કાર્ય પ્રગટ ન થાય એને એનો સ્વભાવ શું કહેવો? ભલે હો. સમજાણું કાંઈ? ચંદુભાઈ!

ભગવાન આત્મામાં રહેલું જ્ઞાનગુણ ધ્રુવ, ચૈતન્યસત્તા એ પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે '**ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' એ યોગ્યતા જેની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવાની છે એવા ભવ્યજીવોનો એ સ્વભાવ હોવાથી '**સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' જુઓ, આહા..હા..! '**સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' અહીં તો ઈ સહજજ્ઞાન જ ઉપાદેય એક જ લીધું. મોક્ષમાર્ગ પણ નહિ. કેવળજ્ઞાન નહિ, મોક્ષમાર્ગ પણ નહિ અને કેવળજ્ઞાન પણ નહિ. ત્રિકાળી જ્ઞાન એકરૂપ છે એ સહજસ્વભાવ એના સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ ઉપાદેય નહિ, એ તો કાર્યરૂપ પ્રગટ દશા થાય છે. આ ચાર નીચલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય ઉપાદેય નહિ. આહા..! ભગવાન સહજજ્ઞાન સિવાય, મહિમાવંત ભગવાન આત્માનું જ્ઞાન ત્રિકાળી એના સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. રાડ નાખી જાય એવું છેને? ... એ સિવાય બીજું કાંઈ આદરણીય નથી. અંતરમાં દૃષ્ટિ કરવા જેવી જ આદરણીય એ વસ્તુ છે. બીજું કાંઈ આદરવા જેવું નથી. એને લઈને આત્માને મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ-૭, રવિવાર, તા. ૧૩-૦૩-૧૯૬૬,**
**ગાથા-૧૧-૧૨, શ્લોક-૧૮ થી ૨૦, પ્રવચન નં. ૧૯**

ગ્રંથકાર, ટીકાકાર કહે છે કે આ અધિકાર કેવો છે? પાછળ આવે છે. '**સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ...**' ચંદુભાઈ! છે? અંતરમાં જેને સંસારના મૂળ છેદાણા છે એ બીજાને આમંત્રણ કરે છે કે ભાઈ! આવું તમારે કરવું છે? સમજાણું કાંઈ? એને દૂધપાકનો સ્વાદ આવતો હોય ઘરે પોતાને તો કહે કે મને તો આ સ્વાદ છે, તમારે જોવે છે આ દૂધપાક? એમ આ સંસારરૂપી લતા-વેલડી એને છેદીને બેઠેલા ધર્માત્મા જગતને કહે છે કે ભાઈ! આ સંસારરૂપી વેલડીને છેદવાનું આ દાતરડું છે, દાતરડું. દાતરડું સમજાય છે? આપણી ભાષા છે એ તો. તમારે શું કહે છે? સમજાણું કાંઈ? જુઓ, છેલ્લો અધિકાર છે. ટીકા હજી છે હોં થોડી.

'**આ સહજ ચિદ્‌વિલાસરૂપે...**' છેને? પાનું-૨૯, એનો છેલ્લો પેરેગ્રાફ. આ સ્વભાવિક જ્ઞાનવિલાસરૂપ. આત્મા સ્વભાવિક જ્ઞાનના વિલાસરૂપે છે. આહા..હા..! વિલાસીતતા જોઈએ છેને જગતને. આ બહારની વિલાસીતતા નથી કરતાં? શું કહે છે બધું? બહુ વિલાસીતતા વધી ગઈ છે. ભોગ ને આસક્તિ ને આ ને તે ને... અહીં ટીકાકાર પદ્મપ્રભમલાધારિદેવ કહે છે કે સ્વભાવિક ચિદ્‌વિલાસ. સ્વભાવિક સહજજ્ઞાનવિલાસ આત્માનો સ્વભાવ.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અત્યારે.

અહીં પુણ્ય અને પાપના વિકલ્પોથી રુચિ છોડી, પર તરફના વિકારી કે સંયોગથી ઉપેક્ષા કરી અને ભગવાન આત્મા સ્વભાવિક જ્ઞાનનો વિલાસ છે એના ઉપર દૃષ્ટિ દઈને, સ્થિર થઈને વિલાસ કરવો એ વાત પહેલી કરે છે. જ્ઞાનનો અધિકાર છે ખરોને. ઉપયોગનો. ઉપયોગનો અધિકાર છેને, એટલે પહેલોં શબ્દ ઈ જ્ઞાન ઉપયોગની વાત લીધી છે. ભગવાન આત્મા આ, આ અંદર સહજ સ્વભાવિક ચિદ્-જ્ઞાનવિલાસરૂપે. કેવો છે આત્મા? '(૧) **સદા સહજ પરમવીતરાગ સુખામૃત,...**' કેવો છે ઈ? સહજ સદા, સહજ કાયમ સ્વભાવિક પરમ વીતરાગ સુખામૃત, પરમ વીતરાગી સુખનો અમૃતનો ભગવાન ભંડાર છે. કોની વાત કરે છે આ? હેં.. મહેન્દ્ર? આત્માની? આત્માની. અંદર આત્મા છેને? સમજાણું કાંઈ? બધા વિલાસ કરે છે, ખાય-પીવે અને બધું ખાવું હોય તો છોકરાઓ બહાર વિલાસ કરવા જાય છેને, નાગરવેલના પાન ને શું કહેવાય બધું? સોડા. શું કીધું? સરબત સોડા. દુકાનમાં જાય છે કે નહિ લેવા? પીવા જાય છે કે નહિ? અહીં શીખંડ પૂરી ખાધી હોય (પછી) સોડા-બોડા પીવે તો એને

મજા-વિલાસ આવે કે નહિ? ઈ કહે છે કે બાપુ! વૈભવ તારી પાસે છે. આહા..હા..! એ તો ત્યાં તો આકુળતા છે, ભાઈ! અહીં તો સ્વભાવિક જ્ઞાનવિલાસરૂપ. ભગવાન જ્ઞાનનો વિલાસ છે આત્મા. એમાં સદાય ત્રણે કાળે આત્માની સાથે સ્વભાવિક પરમવીતરાગ સુખામૃતસ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

'**(૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ,...**' છે ઈ. વીર્ય, વીર્ય. અંતરમાં અપ્રતિહત-પાછો ન પડે, ઓછું ન થાય, હીણો ન થાય એવું નિરાવરણ અંદરમાં પરમ ચિત્ જ્ઞાનનું વીર્ય છે. જ્ઞાનનું વીર્ય અંદરમાં અનંત અનંત પડેલું છે. આહા..! વસ્તુ છેને. લોકોએ વસ્તુ શું છે અંદરમાં ઈ સાંભળી નથી. અંદરમાં હોં! આ પદાર્થ શું છે? ભગવાન પદાર્થ. એના એક સમયના વિકૃત ભાવનું લક્ષ છોડી દે તો આખો પદાર્થ એકલા અપ્રહિત જેનું વીર્ય પાછું ન પાડે એવું અનાદિઅનંત અંદર વીર્ય છે. એ વીર્યને કોઈ હણી શકે નહિ. એવું નિરાવરણ વીર્ય આત્મામાં પરમજ્ઞાનશક્તિનું રૂપ છે. પરમજ્ઞાનના વીર્યરૂપ આત્મા ભગવાન અંદર છે. આહા..હા..! પ્રવીણભાઈ! બધાનું ધ્યેય મોક્ષ છે એમ નથી. આવા ભાન વિના ધ્યેય મોક્ષ-બોક્ષ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જે કોઈ એમ કહે કે અમારે પવિત્રતા પ્રગટ કરવી છે, તો પવિત્રતામાં જ્ઞાન પવિત્ર, દર્શન પવિત્ર, શ્રદ્ધા પવિત્ર, વીર્ય પવિત્ર, આનંદ પવિત્ર બધું આવવું જોઈએને પ્રગટમાં. તો એ બધી પ્રગટ કરવા માંગે છે એ વસ્તુમાં જો ન હોય તો પ્રગટ ક્યાંથી કરશે? અહીં અસ્તિપણું એનું સિદ્ધ કરે છે. એમને એમ અધ્ધરથી કહે કે આમ કરો, એમ નહિ.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ચિદ્વિલાસ સહજજ્ઞાનવિલાસનો ભંડાર અમૃતસ્વરૂપ સુખામૃત વીતરાગી સદા આનંદરૂપ છે. અસ્તિ સત્તા સ્વભાવ સામર્થ્ય પૂર્ણ છે. સમજાય છે કાંઈ? અને જેનો '**અપ્રતિહત નિરાવરણ...**' પરમવીર્ય છે. બળ, બળ એટલું અનંત સ્વભાવબળ છે, હણાય નહિ કોઈથી એવું એનું બળ છે. એવા આત્માનું એને અંતરમાં માહાત્મ્યથી એ વાત એણે સાંભળી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**(૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજપરમચારિત્ર,...**' ભગવાન આત્મા એના અંતર સ્વભાવમાં સદા અંતર્મુખમાં રહેલું. ઓછા શબ્દો પડે છે આત્માને સમજાવવાને, એમ ભાઈએ લખ્યું છેને. આત્મા ચૈતન્યહીરો કઈ રીતે એના ગાણા ગાવા? એમ ટીકાકારને મુનિને શબ્દો ઓછા પડે છે. કઈ રીતે આને કહેવો? ભગવાન આત્મા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ—સ્વસ્વરૂપમાં ચળે નહિ એવું સ્થિતિ સ્થિતિરૂપ સ્વભાવિક પરમચારિત્ર આત્મામાં પડ્યું છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનવિલાસ, આનંદસ્વરૂપ, વીર્યસ્વરૂપ અને સ્થિતિનું ચારિત્રસ્વરૂપ .. અંતરમાં અનાદિ પડેલું છે. હવે દર્શનની વ્યાખ્યા. ભાષા દરેકમાં ફેરવી છે હોં! પહેલાં સાધારણ જ્ઞાનવિલાસરૂપે વાત લેવી છે. એથી ઓલામાં (એમ કહ્યું), સદા સહજ પરમવીતરાગ સુખામૃત. વીર્યમાં (એમ કહ્યું) અપ્રતિહત નિરાવરણ પરમવીર્ય અને ચારિત્રમાં

સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિ (એમ કહ્યું). આહા..હા..! ભગવાન આત્મા પરમાનંદથી ભરેલો વીર્યનો પિંડ અને અંતર્મુખ એવા સ્વસ્વરૂપમાં ન ચળે એવા પરમચારિત્રથી ભરેલો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

અને '**(૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક)...**' ત્રણે કાળે ત્રુટે નહિ એવું હોવાથી '**સદા નિકટ એવી...**' સદા નિકટ એવી '**પરમચૈતન્યરૂપની શ્રદ્ધા...**' ભગવાન આત્માની શ્રદ્ધા એમાં નિકટ અંદર પડી છે ત્રિકાળ (એમ) કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું ચાલે છે આ વાત? આત્માને સુખી થવું હોય તો શું કરવું એની વાત ચાલે છે. દુઃખી તો અનંતકાળથી થઈ રહ્યો છે. સુખી થવું હોય તો ક્યાં એણે નજર કરવી? કહે છે કે ભગવાન આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકંડના અસંખ્યભાગમાં કેવળજ્ઞાન થયું ત્રણકાળનું, એ કેવળીના મુખે નીકળેલું આત્માનું તત્ત્વનું સ્વરૂપ એ મુનિઓ અહીં કહી રહ્યા છે. ભાઈ! તારે સુખી થવું હોય તો સુખનો ભંડાર તારો આત્મા છે. તારે વીર્ય ફોરવવું હોય તો એ આત્મા વીર્યનો આખો કંદ છે, આત્મબળનો કંદ છે. તારે સ્થિરતા કરવી હોય તો અવિચળ સ્થિરતારૂપી ચારિત્ર આત્મામાં અનાદિઅનંત પડેલું છે. આહા..હા..! તારે શ્રદ્ધા કરવી હોય, વસ્તુની શ્રદ્ધા કરવી હોય તો ચૈતન્યની નિકટ અંદર ત્રિકાળ શ્રદ્ધા પડેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**ત્રણે કાળે અવિચિચ્છન્ન (અતૂટક) હોવાથી...**' ન તૂટે એવી નિકટ '**સદા નિકટ એવી પરમચૈતન્યરૂપની શ્રદ્ધા...**' ભગવાન આત્મા પરમચૈતન્ય, પરમઆનંદ આદિ વસ્તુ એની શ્રદ્ધા ત્રિકાળ એમાં પડેલી છે. સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! આહા..હા..! આ નવ તત્ત્વમાંથી પહેલું તત્ત્વ આત્મા કેવો અને કેવડો છે એની આ વાત ચાલે છે. આહા..હા..! એના ખ્યાલમાં આત્મા જ ન આવે (કે) કેવડો છે, તો એ તરફનું વલણ કેમ આવે? અને બીજું વલણ કેમ બદલે? સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા અંતરના ચૈતન્યદળમાં વસ્તુના સ્વભાવના સત્ત્વમાં ભગવાન કેવળજ્ઞાનીએ એવું જોયું છે એમાં છે એવું કે ઈ પરમ ચૈતન્યની શ્રદ્ધા એમાં નિકટમાં સ્વભાવ સાથે પડેલી છે. સમજાણું કાંઈ? અતૂટક શ્રદ્ધા. શ્રદ્ધા તૂટે નહિ એવી પરમચૈતન્ય ભગવાન આત્મા એમાં એ નિકટ નામ સમીપમાં સાથે વીર્યની સાથે, આનંદની સાથે, ચારિત્રની સાથે, ચૈતન્યની સાથે અંદર શ્રદ્ધા, શ્રદ્ધા અનાદિઅનંત અતૂટક શ્રદ્ધાગુણ અંદર પડ્યો છે. આહા..હા..! ન્યાલભાઈ! આહા..હા..!

'**એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...**' કેવો છે ભગવાન આત્મા? આહા..હા..! આ આત્મા અંદર એ સ્વભાવ અનંતચતુષ્ટય, ચાર કીધાને? ચિદ્‌વિલાસનો તો વિલાસ કીધો, પણ એક સુખ લીધું, એક વીર્ય લીધું, એક ચારિત્ર લીધું અને એક શ્રદ્ધા લીધી. સમજાણું કાંઈ? ભગવાન આ આત્મા દેહદેવળમાં ભિન્ન બિરાજે છે, આ તો માટી છે, હાડકા રજકણ કો'કના છે, આ વાણી કો'કની જડની છે, અંદર કર્મ જડના રજકણના

ધૂડના એ જડના છે, આ શુભ અને અશુભભાવ થાય તે આસ્રવતત્ત્વ વિકાર છે, એ વિનાનો આત્મા એવડો છે કે જેમાં અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતચારિત્ર અને અનંત ચૈતન્યમાં રહેલી શ્રદ્ધાસ્વભાવથી ભરેલો એ આત્મા અનંતચતુષ્ટયથી જે સનાથ છે. અનંતચતુષ્ટયસહિત છે. એ સહિજ છે આત્મા. સમજાણું કાંઈ? આ વાતેય ક્યાં નજરે પડે? ઓલો છોકરો પ્રશ્ન નહોતો કરતોં? સાંભળ્યું હતું કે નહિ? જામનગરનો. મહારાજ! તમે કહો છો કે આત્માને દેખો. સાત વર્ષનો છોકરો, હવે દસ વર્ષનો થયો. ત્રણ વર્ષ પહેલાં. આ આત્માને જુઓ. તો આંખી વીંચીએ તો અંધારુ દેખાય છે, અમારે દેખવો શી રીતે? સમજાણું? આ ફેરી વળી પ્રશ્ન એવો કર્યો કે આ કેવળજ્ઞાની વિનય છદ્મસ્થનો કરે એ સાચી વાત હશે?

અહીંયા આત્મા છે. ભાઈ! આત્મા તું કોણ તેની તને ખબર નથી. એ ભગવાન આત્મા અંદરમાં સનાથ છે. શ્રદ્ધાથી સનાથ છે, આનંદથી સનાથ છે, ચારિત્રથી સનાથ છે અને વીર્યથી સનાથ એવા સ્વ-ચૈતન્યવિલાસરૂપે ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા આત્માને...'** આવા આત્માને **'અનાથ મુક્તિસુંદરીના નાથને...'** સનાથ કહ્યુંને? સહિત છે. એવા **'અનાથ મુક્તિસુંદરીના નાથને—ભાવવો (અર્થાત્ સહજજ્ઞાનવિલાસરૂપે...'** ભગવાન આત્મા સ્વાભાવિક જ્ઞાનના વિલાસના સ્થાનરૂપે **'સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો...'** એવા આત્મા તરફની એકાગ્રતા કરવી એનું નામ ભગવાન મુક્તિનો માર્ગ અને મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..! ...ભાઈ! અરે..! વાતેય સાંભળી ન હોય. સાકરનું નાળિયેર બધાએ વખાણી માર્યું. એવો શબ્દ છે. શ્રીમદ્‌માં છે. અહીં તો આખી અમૃતની નાળિયેરી છે અમારી પાસે. ભાઈ! એક શબ્દ છે ઈ. એઈ..! ખબર છે? સાકરનું નાળિયેર ... હોય, પણ અહીં તો સમૂચી અમૃતની નાળિયેરી જ અમારી પાસે છે. એમ શ્રીમદ્દે એક વાર કહ્યું. અમૃતની નાળિયેરી, જેમાં અમૃતના નાળિયેર પાકે એવો આ આત્મા છે. સાંભળ તો ખરો! ધૂડ પાકે, પુણ્ય-પાપના વિકાર પાકે એવો આત્મા છે? એ તો અધ્ધરથી તેં ઊભું કર્યું છે. ઉઠાવગીરે અધ્ધરથી ઊભું કર્યું. એ તો અમૃતના નાળિયેર પાકે એવો આત્મા છે, નાળિયેરી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એવા અનંતચતુષ્ટયસહિત સનાથ છે અને મુક્તિસુંદરીનો નાથ છે. સમજાણું કાંઈ? એવા ભગવાન આત્માને પહેલાં જ્ઞાનમાં બરાબર, આવી ચીજ છે કે કેમ, એનો બરાબર નિર્ણય કરીને પછી તેના તરફની ભાવના નામ એકાગ્રતા કરવી એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ભટકત દ્વાર દ્વાર લોકનકે' આનંદઘનજી કહે છે, 'કૂકર આશા ધારી' એલા કૂતરાની જેમ જ્યાં ત્યાં બટકા ઉઘરાવવા ઘરે ઘરે (જાય છે). બારણું બંધ તો માથું મારે. કૂતરા જેવા બટકા રોટલાના 'કૂકર આશા ધારી' જ્યાં ત્યાં ભટકે છે. મને ક્યાંયથી.. મને કોઈ મોટો કહે, મને કોઈ બાહ્યથી સુખ મળે, પૈસામાંથી, ધૂડમાંથી, બાયડીમાંથી, આબરૂમાંથી, કીર્તિમાંથી, શરીરમાંથી. કૂતરા જેવા ભિખારી છો! કહે

છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ તું છોને! અને એની શ્રદ્ધા તો એની સાથે ભરેલી સનાથ છે શ્રદ્ધા. ત્રિકાળની વાત છે હોં આ. એવા આત્માને.. આહા..હા..! કહે છે, પ્રભુ! આવા આત્માને એકવાર તું સત્‌સમાગમે કરી, સાંભળીને તેનો નિર્ણય કર કે આત્મા આવો છે. એ નિર્ણય કરીને એને ભાવવો, એને ભાવવો, એનો સ્વાદ લેવો એકાગ્ર થઈને. ચીમનભાઈ! પણ એકદમ આવું કરવું? પણ કરવાનું જ એ છે. પહેલું કે પછી કરવાની જ આ વાત છે. આ વિના ધર્મ ત્રણકાળમાં ક્યાંય હોતો નથી. સમજાણું કાંઈ?

સ્વભાવ અનંતચતુષ્ટયસહિત પ્રભુ ભરેલો આત્મા દળ ચૈતન્યધામ, મહા અનંત અનંત ગુણનો દરબાર પ્રભુ આત્મા છે એને અહીં ચાર ચતુષ્ટયની મુખ્યતાથી વર્ણવ્યો છે. એની અંતર એકાગ્રતા કરવી. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. સમજાણું કાંઈ? આ ભગવાન આવો આત્મા છે એને તું તારા શ્રદ્ધામાં, મહિમામાં, જ્ઞાનમાં, વીર્યમાં વર્તમાનમાં 'આવો છે' એમ તું નિર્ણય કર. સમજાય છે કાંઈ? અને તારી શાંતિ ને ધર્મ માટે ક્યાંય ભટકવાનું નથી. એ બધી ભરી છે તારી પાસે. તારી જેટલી એકાગ્રતા અંદરમાં (થાય) એટલો અંદરમાં તે ભાવ ખુલે એવો છે. બસ, ત્યાં આત્મા છે ત્યાં ભાવ છે, બાકી બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** બાદશાહ થઈને વેચાઈ ગયો છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાદશાહ.. શું? ભિખારી માનવા! આપજો, ભાઈસાહેબ! એક પોદળો જરી મળેને. છોડ્યું ફરવા જાય રસ્તામાં, પોદળો આટલો સારો આવડો ભરાઈ જાય ટોપલો ત્યાં તો રાજી (થઈ જાય). કીધું, આ શું છે? છ ખંડનો ધણી ચક્રવર્તી જ્યારે થાય, એક બળખો (છોડે એમ આખું રાજ્ય) છોડી દે ક્ષણમાં ફડાક દઈને. અરે..! અમારા આનંદની ૠદ્ધિ અમારી પાસે છે. ભગવાને આત્માના ખજાના આત્મામાં બતાવ્યા છે. એ ખોલવા માટે જઈએ છીએ, છ ખંડના રાજ બળખો છોડે એમ છોડી દે. એનો એ આત્મા એક છાણનો પોદળો સારો દેખે ત્યાં રાજી થાય. ગજબ છેને આ વાત! પોદળો શું કહે છે? આ પણ ભિખારી, પાંચ હજાર જ્યાં આવેને, ઓલાને પોદળો, આને પાંચ હજારનો પોદળો રૂપિયાનો ધૂડનો. ન્યાલભાઈ! કાં તો બાયડી જરી સારી મળે, એમાં એક છોકરા કાંઈક થાય, પોદળા બધા છાણના છે. ધૂડમાં ક્યાંય તું છો? ત્યાં સુખ છે ક્યાંય? સમજાય છે કાંઈ? આહા..હા..! આવો ભગવાન તું છોને, બાપુ! તું છોને. એમાં જરી નક્કી કર અને ઠર એમાં, એ તારે કરવા જેવું છે. આહા..હા..!

**'આમ સંસારરૂપી લતાનું...'** સંસારરૂપી વેલડીનું. સંસાર એટલે? આ આત્માનો આ સ્વભાવ વસ્તુ જે છે એનાથી વિરુદ્ધ એની દશામાં વિકારની ઉત્પત્તિ જે છે એ વિકારની ઉત્પત્તિ તે સંસાર. એ સંસારરૂપી વેલડીનું લતાનું. લતા કીધી છે, આમ લાંબી લાંબી હોયને

લતા (એનું) '**મૂળ છેદવાને...**' એનું મૂળિયા છેદી નાખવાને '**દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.**' દાતરડાથી છેદીને કાપી નાખવા માટે આ ઉપન્યાસ, કથન, સૂચન, લખાણ પ્રારંભિક કથન, પ્રસ્તાવના કરી. એ બ્રહ્મોપદેશ કર્યો. દેખો ભાષા! બ્રહ્મોપદેશ છે. ભગવાન બ્રહ્માનંદ પ્રભુ પરમેશ્વર તીર્થંકરે જોયો કે એ આનંદની મૂર્તિ છે એ તો, અતીન્દ્રિય અમૃતનો આનંદકંદ આત્મા છે એનો આ ઉપદેશ સંસારની વેલડીને છેદવાને માટે આ ઉપદેશ કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભાઈ! આ સંસારની દુઃખરૂપી દશા, દુઃખ એટલે આ બહારની વાત નથી હોં દુઃખ, અંદરનો વિકારભાવ તે દુઃખ, તે સંસાર, તે ઝેર. ભગવાન આત્મા આવા અનંતચતુષ્ટયનો સમાજ પ્રભુ એને ભૂલી એની વર્તમાન દશા નામ પર્યાયમાં, હાલતમાં વિકાર શુભ-અશુભ રાગ કરે ઈ ઝેર છે, ઈ ઝેર છે. એ સંસાર છે. એને છેદવાને, અભાવ કરવાને આ બ્રહ્મોપદેશ નામ અનંતચતુષ્ટયસ્વરૂપ ભગવાન આત્મા એમાં ઠર એવો ઉપદેશ કર્યો છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

'**(હવે, આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે :—)**' બોલો.

(मालिनी)

इति निगदितभेदज्ञानमासाद्य भव्यः
परिहरतु समस्तं घोरसंसारमूलम्।
सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा
तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति।।१८।।

આ તો નિયમસાર મોક્ષનું માખણ! માખણ કાઢવું હોય તો તારો માલ અંદર પડ્યો છે. છાશમાં દહીને મથીને માખણ કાઢે છેને? એમ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પથી ભેદજ્ઞાન કરીને જો, માખણ છે અંદર એકલું, કહે છે. સમજાય છે કાંઈ?

'**શ્લોકાર્થ :— એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...**' શું કીધું આ? 'હું આવો છું અને પુણ્ય અને પાપના રાગ, શરીર, વાણી, મન બધા જડ અને વિકાર પર છે,' એમ બે વચ્ચે ભેદજ્ઞાન કરીને, બેને જુદાં પાડીને. સમજાણું કાંઈ? ક્યારે જુદાં પડે? આવો આત્મા અનંતજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય અને શ્રદ્ધાસંપન્ન ત્રિકાળ છે એ વિકારના અંશ અને શરીર, વાણીવાળો એમાં નથી. એમ ભગવાન આત્મામાં અંતર સ્વભાવમાં આવતા અનંતચતુષ્ટયની દૃષ્ટિ કરીને, રાગથી ભિન્ન પાડીને, ભેદજ્ઞાનને પામીને. ભેદજ્ઞાનને પામીને. સમજાણું કાંઈ? '**ભવ્યજીવ...**' એ વિકારાદિ હો, શરીરાદિ હો, એ મારામાં નથી. મારામાં છે એ પૂર્ણ જ્ઞાન, આનંદ ને શાંતિ ને ચારિત્ર ને વીતરાગતા ભરેલી છે. એમ બે વચ્ચેનું

ભેદજ્ઞાન કરીને, કરવત બે વચ્ચે મૂકીને. ...ભાઈ! અરે.. અરે..! આ પણ શું છે? કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ વળી ક્યાં? આવો ધર્મ હશે? વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોવે, જાણે એ ભગવાનના મુખમાં વાણી આવી કે બાપુ! તું તો અમારા જેવો છોને પ્રભુ, તારામાં તો પૂર્ણપણું પડ્યું છે, ભાઈ! શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય ચૈતન્યનો વિલાસ પડ્યો છે આખો. ભાઈ! તને ખબર નથી. અને તું બીજે વિલાસ કરવા જા છો. જ્યાં નથી ત્યાં જા છો અને છે ત્યાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એ રીતે કહેવામાં આવેલા...**' ભેદજ્ઞાનને પામીને. ભેદજ્ઞાન કીધુંને કહેવામાં? એટલે કે આવો છો અને બીજો નથી. સમજાણું કાંઈ? તું આવો અનંત વીતરાગમૂર્તિ આનંદ સહજ ચિદ્‌વિલાસની મૂર્તિ, શાંતિ સ્થિરતાથી ભરેલું ચારિત્ર, અનંતવીર્ય અને ચૈતન્ય પૂર્ણની શ્રદ્ધાસંપન્ન ત્રિકાળ શ્રદ્ધાસંપન્ન આત્મા (છો). એ સિવાય બીજું એનામાં નથી. રાગાદિ નથી પણ એક સમયનો પર્યાય એવડો પણ નથી, ત્રિકાળ આવડો છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ ભારે ક્રિયા. જયંતિભાઈ! આ ધાર્મિક ક્રિયા! આહા..હા..! સાંભળી નહિ, કોઈ દિ' સાંભળી નહિ. એમને એમ જિંદગી વ્યર્થ મજૂરી કરી કરીને (પૂરી કરી). મોહનભાઈ! મજૂરી હશે કે નહિ ઈ બધું? વેઠું અજ્ઞાનની. રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. વેઠું કરીને મરી ગયો. ભગવાન આત્મા એ શુભાશુભભાવ કરે તોય વેઠ, અજ્ઞાન વિકાર છે કહે છે અહીં. આહા..હા..! ઈ કહેશે, સમજાય છે? જુઓ,

આવા ભેદજ્ઞાનને (પામીને) '**ભવ્યજીવ ઘોર સંસારના મૂળરૂપ...**' ઘોર સંસારના મૂળરૂપ '**સમસ્ત સુકૃત કે દુષ્કૃતને,...**' શુભ અને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..! સાંખ્યું જાય નહિ. માણસને એની પોતાની મોટપ સાંખી જાતી નથી અને બીજાની હીણતા એને સાંભળવી... અર..ર..ર..! આ? શુભ અને અશુભભાવ બેય ઘોર સંસારનું મૂળ છે. પાપના ભાવ તો સંસારનું મૂળ છે જ, પણ શુભ પુણ્યના ભાવ પણ ઘોર સંસારનું જ મૂળ છે. કહો, સમજાણું કાંઈ? ... ઝેર. અહીં અનંતઆનંદ કીધો, ત્યાં ઘોર સંસાર દુઃખ અને ઝેર છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભવ્યજીવો આમ ભેદજ્ઞાનને પામીને. ઘોર સંસારનું મૂળ છે ઈ શુભાશુભભાવ. અને સુખ અને દુઃખ બહારનો સંયોગ. બહારનો સંયોગ આ અનુકૂળ અને પ્રતિકૂળ એ ઘોર સંસારનું નિમિત્ત છે બહાર. અંદરના પરિણામ એ મૂળ છે. સમજાણું કાંઈ? '**અત્યંત પરિહરો.**' ભાષા જુઓ, ભગવાન આત્મામાં સ્વભાવસન્મુખ થઈને આનાથી ભેદ પાડી, ઘોર સંસારના મૂળને અત્યંત પરિહરો. આત્માની અંતરમાં દૃષ્ટિ કરી, છોડો દૃષ્ટિમાંથી. વિકારનો એક અંશ પણ આદરણીય નથી. કહો, સમજાણું આમાં? એ શુભભાવ. દયા, દાન, વ્રત પરિણામ ભક્તિ, તપના જે શુભભાવ છે એ કહે છે કે ઘોર સંસારનું મૂળ છે એમ કહે છે અહીં. ..ભાઈ! અરે..! રાડ નાખેને. બિચારાએ કોઈ દિ' સાંભળ્યું (ન હોય). પુણ્ય તો અનુભવાય.. આ

સાકરની જેમ. સમજાણું કાંઈ? છે ઝેર. .. આહા..હા..! મારા પુણ્ય, મારા પુણ્ય. કહે છે, તારા તો અનંતચતુષ્ટય સ્વભાવ એ છે. એ પુણ્ય ને પાપ, સુખ ને દુ:ખ અત્યંત પરિહરો. સંસારનું મૂળ છે. કહો, સમજાણું કાંઈ? દૃષ્ટિમાં ભગવાનને લે અને આવા ભાવને ભૂલી જા દૃષ્ટિમાંથી એમ કહે છે. ભારે વાત, ભાઈ!

**'તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં),...'** તેનાથી ઉપર તેને ઓળંગી જતાં. ઘોર વિકારને અને વિકારનું નિમિત્ત. **'જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.'** ભગવાન આત્મા સમગ્ર પરિપૂર્ણ અંદર આનંદ છે, એની દૃષ્ટિને પામતા પરમાનંદ પૂર્ણ શાંતિને પામે છે. એ બીજે શાંતિ ક્યાંય છે નહિ. શાંતિ સ્વભાવમાં પામવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, **'શાશ્વત સુખને પામે છે.'** આત્મામાં, ઘોર સંસારનું મૂળ પુણ્ય-પાપથી ભિન્ન પાડી ભગવાન સામું એકાગ્ર થઈને જો, શ્રદ્ધા જ્ઞાનથી ઠર (તો) શાશ્વત આનંદ છે તે પ્રાપ્ત થશે અંદર અને આગળ જતાં પૂર્ણ શાશ્વત સુખની, મોક્ષની પ્રાપ્તિ થશે. એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? બીજો શ્લોક-૧૯.

(अनुष्टुभ)

परिग्रहागहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।<br>निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः।।१९।।

ઓહો..હો..! માખણ એકલા મૂક્યા છે! કહે છે,

**'શ્લોકાર્થ :— પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** એટલે શું? પરિગ્રહ નામ શુભ-અશુભરાગ એ બધો પરિગ્રહ છે. એને પકડવું છોડી દઈને. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આપે તો પરિગ્રહની વ્યાખ્યા જ જુદી બતાવી છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ પૈસો તમે ક્યાં પકડી શકો છો? ધૂડ તો બહાર રહી ગઈ. તમે પકડો છો એને? ધૂડ આ પૈસો પકડી (રાખ્યો) છે? ક્યાં પકડ્યો છે? બતાવો. પૈસો તો પૈસામાં રહ્યો છે, ધૂડમાં છે એ તો જડમાં છે. આ શરીરને પકડ્યું છે? આ તો માટી છે. આત્મા અરૂપી છે. આને પકડે છે? પકડે છે, 'એ મારા' એવા મમત્વભાવને ઈ પકડે છે. સમજાણું કાંઈ? શરીરને પકડ્યું છે? શરીર તો છૂટી જાય છે, ફટ દઈને મરતા ચાલ્યો છે અંદરથી. પૈસાને પકડ્યા છે? મકાનને પકડ્યા છે? આબરૂ-બાબરૂને પકડી છે? ધૂડ, એ તો બહાર ચીજ રહી ગઈ. ઈ ક્યાં પકડે છે? ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદનો પક્કડ છોડી, 'એ મારા અને હું એનો' એવી મમતાને એ પકડે છે.

**શ્રોતા :—** આ મમતા ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાંથી આવી શું? આ હોળી ઊભી કરી માટે. એમ કહે છે. એ ઊભી કરી માટે ગરી ગઈ. એમાં છે નહિ. પણ મફતનો ઉઠાવ જીવ, શરીરને રોગ થયો તો મને થઈ ગયો, ધૂડ થઈ ત્યાં મને થઈ, આબરૂ થઈ ત્યાં મને થઈ. મૂઢના કંઈ ગામ

જુદાં હશે? સમજાણું કાંઈ? આહા..હા..! આમ થઈ ગયું, મને થઈ ગયું. પણ કોને? તું ક્યાં છો તો તને થઈ ગયું? તું શરીરમાં છો? શરીરમાં ગરી ગયો છો? આ જડ છે એમાં તું છો? આ તો માટી છે. પૈસામાં છો તું? બાયડી, છોકરામાં છો? એ તો પરવસ્તુ છે. હજીરા મોટા મકાન એ પરમાં છો તું? ... અનંત આનંદકંદનો ધણી, એમ મૂકી દઈને 'આ મારા અને હું એનો' એવી માન્યતાને પકડી એનું નામ પરિગ્રહ કહેવાય છે. આહા..હા..! એ.. ધર્મચંદજી! ...ના મકાન લાવ્યા છો અહીં? આ બેય ડાહ્યા ડૉક્ટર રહ્યા, લાવ્યા છે કાંઈ અહીં? આહા..હા..! ભાઈ! પ્રભુ! તેં પકડ્યો છે વિકારી ભાવ કે જે તારી પાસે રહે છે એક ક્ષણ, એક ક્ષણ. ઓલું બીજું ત્રિકાળ રહે છે. આનંદ, વીર્ય એ ત્રિકાળ રહે છે અંદરમાં. આ પકડેલો પરિગ્રહ એક ક્ષણ રહે છે, બીજે ક્ષણે નવો, ત્રીજે ક્ષણે નવો.. સળંગ ... એ પરિગ્રહને છોડીને, એનું ગ્રહણ છોડી દે, મમતા 'એ હું છું' એ છોડી દે, એ તારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો 'મૂળ માર્ગ સાંભળો જૈનનો' એવી વાત છે. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ.' આવે છેને? મૂળ માર્ગ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જોયેલો એક સમયમાં એ માર્ગ છે, ભાઈ! ન સાંભળેલો હોય એથી કરી બીજો માર્ગ થઈ જાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વર કેવળજ્ઞાની પ્રભુ એક સેકંડના અસંખ્યભાગમાં જેને ત્રણકાળ, ત્રણલોક જણાણા છે. સમજાય છે? એવા ભગવાન પરમેશ્વરના મુખે નીકળેલી દિવ્યધ્વનિ આગમ, એ આગમની આ વાત છે.

કહે છે કે ભાઈ! **'પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમ જ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...'** આ છેલ્લું છેને પાછું. તું તારા શુભભાવને છોડી દે અને શરીર પ્રત્યે ઉપેક્ષા (કર). શરીર માટીનું દળ છે આ તો. અનંત રજકણનું દળ માટીનો પિંડલો છે પ્રભુ! તું તો અનંતગુણનો પિંડ અને આ જડ માટી છે. બે તદ્દન જાત જુદી છે. ચૈતન્યહીરો ચમકતો અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા છે. આ મેલ, માંસ ને હાડકા, ચામડા માટીનું પૂતળું એ તદ્દન જડ અને અચેતન છે. આહા..હા..! એને જાણે શું કરું? બટકા ભરી લઉં, અડી શકતો નથી. કારણ કે એ તો અરૂપી છે, આને અડે ક્યાંથી? અડે ક્યાંથી? આ તો ધૂડ માટી છે, જડ રૂપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ. આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. બે ચીજ તદ્દન જુદી છે. પણ એણે કોઈ દિ' વિચાર કર્યા નથી. આહા..હા..! છતાં પણ આમ કરું, શું કરું જાણે! પણ શું કરવું છે તારે? તારી દશામાં મમતા કર. એ હવે છોડ કહે છે. કરી અનંતકાળથી, લેને. સમજાણું કાંઈ?

**'શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...'** શરીરની ક્રિયા, જડની ક્રિયા પર્યાય ગમે તે થાઓ (એની) ઉપેક્ષા કરીને **'બુધ પુરુષે...'** બુધ નામ જ્ઞાનીપુરુષે, બુધ નામ યથાર્થ જ્ઞાનના જાણનાર ધર્માત્માએ **'અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું...'** અવ્યગ્રતાથી ભરેલું **'ચૈતન્ય માત્ર**

**જેનું શરીર છે...'** આ વ્યગ્રતા છે પરિણામમાં એ કંઈ ચૈતન્યની જાતની નથી. ઊભી કરેલી વિકારના ગુમડા છે. શુભ-અશુભ વિકાર ગુમડા છે. આ તો ક્યાંય રહી ગયા બહાર જડ. ઊભા ગુમડા. એ વિનાનો ભગવાન નિરાકુળતાથી ભરેલું ચૈતન્યમાત્ર જેનું શરીર છે. સ્વરૂપ, શરીર તેનું સ્વરૂપ એ તો જાણનાર, દેખનાર આનંદ જેનું સ્વરૂપ છે, જેનું તત્ત્વ છે, જેની શક્તિ છે, જેનો સ્વભાવ છે એ ચૈતન્ય એનું શરીર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેને (-આત્માને) ભાવવો.'** તેને ચૂસવો. આ ચૂસે છેને? તમારે શું કહેવાય? આઈસક્રીમ ને કુલ્ફી મોટી ઊંચી હોયને. એમાં એ ચૂસતો નથી, ઈ તો રાગ કરે છે. બીજું કાંઈ હરામ કરતોં હોય તો. કારણ કે એ તો માટી ધૂડ છે, એ તો રૂપી છે, વર્ણ, ગંધ(વાળું તત્ત્વ છે). આત્મા રંગ, ગંધ વિનાનો એને કેવી રીતે ચૂસે? એને ઓલો રાગ થાય છેને, એ રાગને ચૂસે અંદર. માને છે કે હું આ કુલ્ફી ચૂસું છું. કહે છે કે એક વાર રાગની ઉપેક્ષા કરી દે અને શરીરની ઉપેક્ષા કર. ચૈતન્ય શરીરને ચૂસ એક વાર કે શું ચીજ છે આ? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કુલ્ફી આપો છો આપ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્માની કુલ્ફી છે, બીજો કુલ્ફો ક્યાં હતો! ધૂડમાં હેરાન-હેરાન થઈ જાય છે. જુઓ છોકરાઓ જુઓ, શીખંડ-પૂરી ખાધા હોય તો પીવા જાય છે, શું કહેવાય? સોડા. કીધું, હેરાન થાય છે પૈસા ખર્ચીને. છોકરાઓને જોયા છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

અરે..! ભગવાન! આનંદનું આખું ચોસલું છોને તું. અતીન્દ્રિય આનંદનું ચોસલું આત્મા છે. એ ચોસલાને બરફીને નથી આમ કરતાં? ચોસલા. ભગવાન! તું આત્મા પ્રભુ છો હોં! અને ઈ આત્મામાં તો પ્રભુ અતીન્દ્રિય આનંદ—અવ્યગ્રતા પડી છે. અવ્યગ્રતા ભરી છે, વ્યગ્રતા એમાં નથી. આહા..હા..! વ્યગ્રતા નામ પુણ્ય અને પાપના વિકાર તે વ્યગ્ર છે, આકુળતા છે. એ તારા આત્મામાં ભરી નથી, તેં ઊભી કરેલી છે. એને છોડ એક વાર હવે. આહા..હા..! આમ ગુલાંટ ખાવું એને પરસેવા ઊતરી જાય છે. આ શું છે? આવડું મોટું કરવું પડે? ચીમનભાઈ! પૈસાની મજા કેટલી આવે, લ્યો! પચાસ-પચાસ હજારની પેદાશ, લાખ-લાખની પેદાશ બાર મહિને. એઈ..! અમારે તો લાખની ક્યાં, છોકરાને કેટલા લાખની? વીસ લાખની, પચ્ચીસ લાખની, ત્રીસ લાખની. ત્યારે હખ આવે એને. ભિખારી તે કેવડો! જાજું માંગે ઈ મોટો માંગણ, જાજું માંગે ઈ મોટો માંગણ, થોડું માંગે ઈ નાનો માંગણ. બાકી ભિખારી તો બધાય. એક વાર માંગ નહિ કાંઈ અને મળેલું પડ્યું તેને જો, એમ કહે છે. ધીરૂભાઈ! આહા..હા..! પાવૈયાને જેમ પાનો ન ચડેને, એમ એને પાનો ચડતો નથી. જન્મેલો છોકરો હોય, માતાને દેખીને પાનો ચડે. પાવૈયાને ક્યાં દીકરા હોય? એને હોય? 'આ તમારો દીકરો!' પણ અહીં ક્યાં છે? તે એને પાનો ચડે શેનો!

અહીં કહે છે કે અરે..! આત્મા! આહા..હા..! આ વિકારની વ્યગ્રતા તે તારા પાસે અનંતકાળથી કરી રહ્યો અને થઈ રહી અને એને તેં સેવી છે અનંતકાળથી. હવે તો થાક અને અવ્યગ્ર એવો ભગવાન આત્મા એની સન્મુખ થઈને એને તો જો. સમજાણું કાંઈ? અરે..! આ તો આખા સંસારનો ભુહાડીયો વાળી દે આ તો. એને માટે તો વાત છે અહીં. ચૈતન્યમાત્ર જેનું શરીર. ચૈતન્યમાત્ર કહેતાં વિકલ્પ ને રાગ ને શરીર ને કર્મ ને કાર્માણ-ફાર્માણ શરીર આત્માને છે જ નહિ. એ કાર્માણશરીર નથી, ઔદારિક શરીર નથી, વૈક્રિયક શરીર નથી, એને કાંઈ નથી એમ કહે છે. આ પુણ્ય પાપનો ભાવ વિકાર-શરીર પણ એને નથી. આહા..હા..!

**'ચૈતન્યમાત્ર જેનું શરીર છે તેને (-આત્માને) ભાવવો.'** એવા ભગવાન આત્મા પોતાની સંપદાથી ભરેલો એની સામું જો, એની સાથે વાત કર અને એમાં એકાગ્રતા કરજે. એ કરવા જેવું છે. એ અનંતકાળમાં એણે કર્યું નથી. સમજાણું કાંઈ? ૨૦.

(शार्दूलविक्रीडित)

शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्
द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात् पावनम्।
ज्ञानज्योतिरनुत्तमं निरूपधि प्रव्यक्ति नित्योदितं
भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम्।।२०।।

આ મંગળરૂપ છે. 'અરિહંતા મંગલ, સિદ્ધા મંગલં' નથી ગાતા સવાર સાંજ? આ તારો આત્મા જ મંગળરૂપ છે. ભગવાન કંઈ દેતા નથી. ભગવાન તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? એ તો તને સમજાવ્યું કે તું આત્મા છો. એનું શરણ લે તો તારો આત્મા જ મંગળિક છે. ભગવાન કંઈ દેવા નથી આવતા. સાક્ષાત્ બિરાજે છે પરમાત્મા. મહાવિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુ તીર્થંકરદેવ ત્રિલોકનાથ વર્તમાન બિરાજે છે. દેવા આવે છે કાંઈ? ..ભાઈ! 'શિવપદ અમને દેજો રે દેજો શેત્રુંજય...' ગાય છેને સવાર સાંજ. ઓલા ચડે ઈ ગાય. ભગવાન કહે, તારું શિવપદ મારી પાસે પડ્યું છે? 'શિવપદ દેજો રે મહારાજ, શિવપદ..' બહુ ગાય ન્યાં. ભગવાનનું છેને? ભગવાન કહે, તારું શિવપદ પર્યાય મારી પાસે છે? તારું શિવપદ તો તારી પાસે છે એમ અહીં કહે છે. સમજાય છે?

**'શ્લોકાર્થ :— મોહને નિર્મૂળ કરવાથી...'** વીસમા કળશનો અર્થ છે આ. મોહ નામ ભ્રમણા. દેહમાં સુખ છે, પાપમાં મજા છે, પુણ્યમાં ઠીક છે એવી જે ભ્રમણા, મિથ્યાત્વ મોહ, એ મિથ્યાત્વ મોહ એને નિર્મૂળ કરવાથી. મૂળ છેદી નાખ, કહે છે. સમજાણું કાંઈ? **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...'** રાગ અને દ્વેષ બે લ્યે છે. પહેલોં મોહ લીધો, મિથ્યાભ્રમ, ભ્રમણા, ક્યાંય સુખ છે, રાગમાં સુખ છે, પુણ્યમાં સુખ છે, પાપમાં મજા છે એવી જે ભ્રમણા મિથ્યાત્વભાવ નિર્મૂળ કર. એમાં ક્યાંય સુખ છે નહિ. સુખ નથી

કહો કે એમાં ધર્મ નથી કહો, બધી એક જ વાત છે. આત્મામાં સુખ છે એટલે કે આત્માનો ધર્મ આત્મામાં છે. એનો આશ્રય કરતાં જે નિર્મળદશા પ્રગટ થાય એને પ્રગટ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પ્રશસ્ત નામ ભલો રાગ અને અપ્રશસ્તરાગ. જુઓ, બેય. શુભરાગ—દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો શુભરાગ, ભક્તિ આદિનો રાગ, દયાનો રાગ શુભ છે ઈ. એનો વિલય કરવાથી. રાગ વિકાર છે, દોષ છે. એનો નાશ કરવાથી. અપ્રશસ્ત—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, મનોરંજન. મનોરંજન કહે છેને અત્યારે બહુ? એ તો રાગ છે બધો. અપ્રશસ્ત રાગ છે એને વિલય કરીને. વિ-લય, વિશેષ લય કરીને. ... એમ કહે છે.

'**દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી,...**' પહેલાં મિથ્યાત્વ લીધું, ઓલામાં રાગ લીધો શુભ-અશુભ, આ દ્વેષ લીધો. દ્વેષરૂપી જળથી ભરેલો મનરૂપી ઘડો. અણગમો થાય, પરપદાર્થમાં રોગાદિ થાય (અને) અણગમો થાય (એ) દ્વેષ છે. કોઈપણ ચીજ ઠીક ન પડે તો અંદર દ્વેષ થાય. ઉંહું.. આહા..હા..! એ દ્વેષના જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી. '**પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.**' આ વિધિ છે, બીજી કોઈ રીત છે નહિ. ભગવાન આત્મા પોતાના અનંત ચતુષ્ટયભાવથી ભરેલો પ્રભુ એને પરની ભ્રમણા છોડી દઈ, શુભ-અશુભરાગને નાશ કરી અને મનમાં જે દ્વેષથી ભરેલા જળનો ઘડો, ફોડ ઘડાને. રોગ (થાય તો) ઉંહું.. ઠીક પડતું નથી. ઈ તો જડ છે. ઠીક ક્યાં નથી પડતું તને? એ તો તેં ઊભો કરેલો દ્વેષના જળ ભરેલો ઘડો મનમાં ઊભું કરેલું છે એમ કહે છે. મનમાં ઊભો કરેલો દ્વેષ છે. 'ભઈ, બધાને ખબર પડે, બધાને આવે ત્યારે ખબર પડે.' એ.. મોહનભાઈ! કેમ જેચંદભાઈ! આ એમ કહે છે. હળવે દઈને કીધું, બહુ જોરથી ન કીધું. આહા..હા..! ભાઈ! એ પ્રતિકૂળતા આવે ત્યારે ખબર પડે, એમ કહે. પણ પ્રતિકૂળતા કહેવી કોને? સાંભળને! બાહ્ય સંયોગની પ્રતિકૂળતા એ તો પરચીજમાં રહી, તને ક્યાં પ્રતિકૂળતા થઈ ગઈ? એ તો ન્યાં રહે છે, અડે છે તને? એ પ્રતિકૂળતા દેખીને.. ઉંહુ... એ દ્વેષનો ઘડો ફોડ એકવાર કહે છે. સમજાય છે કાંઈ? એ તેં ઊભો કરેલો ઘડો છે. એ દ્વેષથી ભરેલો મન ઘડો તેં (ઊભો કર્યો છે), પરમાં છે નહિ. આત્મામાં પણ નથી અને પરમાં પણ નથી. આત્મામાં પણ દ્વેષ નથી, પરમાં પણ નથી. પર દ્વેષ કરાવતું નથી. ઊભો કરે છે અંદર.

**શ્રોતા :—** દ્વેષ ક્યાંથી આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ આ ભ્રમણામાંથી આવે છે. ઊભો કર્યો. ઊભો કરે છે. અંદરમાં નથી અને વસ્તુમાં નથી. ઈ ટાંગો નથી ચાલતો માટે દ્વેષ નથી થતો એમ કહે છે. ભ્રમણા. બીજાને અનુકૂળ અને મને નહિ. હોળી સળગાવે દ્વેષની. ચીમનભાઈ! કહે છે કે ભાઈ! ચૈતન્યમાં દ્વેષ નથી, પ્રતિકૂળ ચીજ દ્વેષ કરાવતી નથી. પ્રતિકૂળ ચીજ દ્વેષ કરાવે તો પ્રતિકૂળતા જ્યાં

જ્યાં હોય ત્યાં દ્વેષ એને થવો જોઈએ. ધર્માત્માને દ્વેષ થતો નથી. તારી પ્રતિકૂળતા દ્વેષનું કારણ નથી. પોતે ઊભી કરે છે કે એ.. મને. આહા..હા..! નિર્ધનતા...

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પ્રેમ થાય છે એને. સમજાણું કાંઈ? આહા..હા..!

ઊલટી ઊલટી.. નહોતું કહ્યું એક ફેરી? એક માણસને વિષ્ટા હેઠે ન નીકળી, એવું જોર પડ્યું ઊલટીનું. આ ... છેને? શું કહેવાય? આંતરડુ, મોટુ આંતરડુ આ છેને મોટું કેટલા ફૂટનું કાંઈક? ઊલટી થતા આવડો ગાંઠો મોઢામાં આવ્યો, વિષ્ટાનો મોટો આવડો. હવે એ નીકળે નહિ અને હેઠે ઊતરે નહિ અને બહાર નીકળે નહિ. ઊલટી ઊલટીને, ઊલટી છેને, ઊલટી હોય તો અંદર હેઠે ઊતરી જાય. એવી ઊલટી થઈ કે ઓલો ગાંઠો અંદરમાં જે હતો ઈ (મોઢામાં આવ્યો). ત્યાં સ્વાદ લેવા ઊભો રહેતો હશે?

કીધું નહોતું? દાખલો નહોતો આપ્યો અમારે સુંદરજીનો? અમારે ગામમાં હતોને, સુંદરજી ભાવસાર. ઉમરાળા. નાની ઉંમરની વાત છે. આ તો પાંસઠ વર્ષ પહેલાંની વાત છે. સુંદરજી ભાવસાર હતો. જૈન સ્થાનકવાસી. ગુંગો કાઢીને દાંત હેઠે મૂકે. પછી જીભ અડાડે સ્વાદથી. એલા! આ શું કરે છે તું સુંદરજી? પછી કહે, અરે..! ભાઈ! ટેવ પડી ગઈ છે. વળી પાછો અડધો કલાક થાય, વળી ગુંગો કાઢે મોટો આવડો. બે દાંત નીચે દબાવે, દબાવીને જીભનું ટેરવું અડાડે ત્યારે હખ થાય એને. એમ આ ગુંગા કાઢીને અજ્ઞાની સ્વાદ લ્યે છે. સમજાણું કાંઈ? હવે તો છોડ, એમ કહે છે. અને આત્માના આનંદ ઉપર જા અને જો. એ દૃષ્ટિમાં પડે તો આત્મા આનંદકંદ છે એમ તને અનુભવ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૮, સોમવાર, તા. ૧૪-૦૩-૧૯૬૬, શ્લોક-૨૦ થી ૨૨, પ્રવચન નં. ૨૦

વીસમો શ્લોક ચાલે છે, અગિયાર-બારમી ગાથાનો. શું કહે છે? કે આ આત્મા સહજ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ત્રિકાળ છે. સમજાય છે? જ્ઞાન-ઉપયોગની વ્યાખ્યા ચાલે છેને. આત્મા અંતરમાં જેનો સહજસ્વભાવ જ્ઞાન-ઉપયોગ ત્રિકાળ કારણસ્વભાવરૂપે ત્રિકાળ છે. સમજાય છે? એનો આશ્રય કરવાથી. '**મોહને નિર્મૂળ કરવાથી,...**' એમ શબ્દ છેને પહેલો? ભેદજ્ઞાન બતાવે છે. ભગવાન આત્મા સહજ જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ છે. એને મોહ એટલે પર તરફની લાગણી એના તરફથી ભિન્ન કરીને મોહનો નાશ કરીને એટલે રાગ ને દ્વેષ અથવા મિથ્યાભ્રમ

એનો નાશ કરીને એટલે સ્વભાવસન્મુખ થઈને, મોહનો નાશ કરીને એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**મોહને નિર્મૂળ કરવાથી,...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનો દરિયો, ચૈતન્યસૂર્ય છે ઈ આત્મા. વસ્તુના અંતર સ્વભાવમાં જ્ઞાનભાવ સ્વભાવ વ્યાપક આખું સહજસ્વરૂપ છે. એવા ચૈતન્યના સ્વભાવને મોહથી ભિન્ન પાડી અર્થાત્ એ જ્ઞાનસ્વભાવ તરફનો આશ્રય કરી અને મોહનો નાશ થાય ત્યારે તેને આત્મજ્ઞાન અને ભેદજ્ઞાન થાય. સમજાણું કાંઈ?

'આ શરીર, વાણી, મન હું, કર્મ હું, આ પુણ્ય ને પાપના ભાવ તે હું' એનું નામ મિથ્યાત્વ મોહ કહેવામાં આવે છે. આહા..હા..! ભગવાન આત્મા '**મોહને નિર્મૂળ કરવાથી,...**' એમ શબ્દ પડ્યો છે પહેલો. સમજાણું કાંઈ? મોહ એટલે આત્મા અમોહસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે પણ અનાદિથી 'શરીર, વાણી, મન હું કાં પુણ્ય ને પાપના ભાવ થાય તે હું, અને કાં વર્તમાન અલ્પજ્ઞ, અલ્પદર્શીનો ઉઘાડ વિકાસ જે દેખાય છે એટલો હું' એનું નામ મિથ્યાદર્શન મોહ કહેવાય છે. સમજાય છે કાંઈ? ચૈતન્યસૂર્ય શાંતરસ અને જ્ઞાનનો ભંડાર ભગવાન આત્મા છે, પૂર્ણસ્વરૂપ. એને શુભાશુભવિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ છે, 'એ મારા છે, એ હું છું' એવી માન્યતા તેને મિથ્યાદર્શન કહે છે. એ.. રતિભાઈ! બહુ વાતું આકરી. આહા..હા..! એ મોહને નિર્મૂળ કરવાથી, એમ. સમજાય છે કાંઈ?

અને '**પ્રશસ્ત-અપ્રસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...**' મોહ શબ્દ ભ્રાંતિ લીધી છે, ભ્રમ. આ તો અંતરની વાત છે. એણે અનંતકાળમાં સાંભળી નથી. એણે પ્રીતિ કરીને ચૈતન્યના મૂળ તત્ત્વને રુચિ કરી જ નથી. એથી એને એમ લાગે કે આ શું છે? ભાઈ! તું જ્યારે ઉઠ, જાગ્રત થા ત્યારે ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ છે, એના સન્મુખ થવાથી જ ભ્રાંતિ ટળે, બીજી કોઈ રીત ને ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? એ મોહ એટલે ભ્રમણા, મિથ્યાત્વભાવ એટલે કે 'એક સમયની દશા જેટલો હું પર્યાયમાં અંશમાં કે પુણ્ય પાપના ભાવ તે મારા અને મને લાભ કરે' એવી જે ભ્રમણા એને અહીંયા મોહ કહે છે, મિથ્યાત્વ કહે છે. એને ભગવાન આત્મા સહજ જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ એના સન્મુખ થઈને જે ભ્રાંતિ પરસન્મુખ થઈને માન્યતામાં ઉત્પન્ન થતી, એને સ્વભાવ ચૈતન્યદળ જ્ઞાનનું દળ પ્રભુ છે એમ અંતર સન્મુખ થઈને મોહનો નાશ થાય છે, એને મોહનો નાશ કરીને એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ અશુભરાગ છે, અપ્રશસ્ત છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ તે શુભરાગ છે. બેય રાગ છે. એ પ્રશસ્ત નામ શુભરાગ, અપ્રશસ્ત નામ અશુભરાગ. સમસ્ત રાગનો વિલય કરવાથી. વસ્તુ ભગવાન આત્મામાં એ રાગ છે જ નહિ. સમજાણું કાંઈ? એ રાગને, શુભ કે અશુભ બેય, એનો વિ-લય, વિ-લય સ્વરૂપસન્મુખથી વિશેષે તેનો લય કરવાથી ભગવાન આત્માનું પરથી ભેદજ્ઞાન તે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**'અને દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી,...'** ત્રીજો બોલ. પહેલોં મિથ્યાત્વનો હતો, બીજો રાગનો હતો, ત્રીજો દ્વેષનો છે. પરવસ્તુની પ્રતિકૂળતા થતાં અંતરમાં અણગમો ઉત્પન્ન થવો, અણગમો, અરુચિ (થવી) એ દ્વેષ છે. એ મનમાં દ્વેષ છે, આત્માના સ્વરૂપમાં નથી. મનના વિકલ્પમાં, મનનો વિકલ્પ... અહીં મન કેમ લીધું છે? કે રાગાદિ ઉત્પન્ન થાય તે મનના સંબંધે ઉત્પન્ન થાય. એટલે સ્વભાવનો સંબંધ કરીને એ મનના સંબંધમાં જે દ્વેષનો ભાવ છે, એ દ્વેષરૂપી જળથી ભરેલો મનરૂપી ઘડો. ભગવાન આત્મામાં દ્વેષ અને રાગની ગંધ નથી. એ વિકલ્પ જે દ્વેષનો ઉઠે છે એ મનના સંબંધમાં (થાય છે) એથી કહ્યું દ્વેષરૂપી જળથી ભરેલો મનનો ઘડો. ભગવાન આત્મા એનાથી ભિન્ન કરીને સ્વરૂપની અંતરદૃષ્ટિ કરવી એનું નામ ભેદજ્ઞાન પ્રથમમાં પ્રથમ ધર્મની ભૂમિકા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? વસંતીલાલજી! કષાય મંદ કરતાં-કરતાં થશે એમ નથી વસ્તુમાં. સમજાણું કાંઈ?

તીવ્ર રાગ તે પાપ, મંદ રાગ તે પુણ્ય, બેય બંધનના કારણો વિભાવ વિકાર છે. એના રહિત ભગવાન આત્મા.. આ નિયમસાર છેને ગાથા. મોક્ષનો માર્ગ વર્ણવાય છે. આહા..હા..! એને અંતર વસ્તુ શું છે એનું કોઈ દિ' એણે માહાત્મ્ય કર્યું નથી. મરી ગયો આમ ક્રિયાકાંડ કરીને. ભક્તિ, વ્રત, નિયમ, અપવાસ, સાધુપણા પાળીને, વ્રતાદિ બહારના હોં! મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ ને એ બધા રાગ છે, એ તો શુભરાગ છે, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જેમાં એકલું શાશ્વત જ્ઞાન જ ભર્યું છે. એને આ મનરૂપી દ્વેષનો ઘડો ફોડ કહે છે. આહા..! અંદર જો, અંદર જો, ભાઈ! આહા..હા..! એકદમ આકરું માણસને લાગે હોં! કાંઈક કોઈક આધાર ટેકો ખરો બીજો? કોઈ આધાર નહિ, બાપુ! એ વસ્તુ પોતે જ એવી છે. શુદ્ધ ચિદાનંદ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદનો કંદ પ્રભુ છે. એ ભરેલો ભંડાર અનંતગુણનો છે. એની સન્મુખ થઈને વિમુખતાના ભાવનો નાશ કરવો એ જ પ્રથમ ભેદજ્ઞાન એનું સ્વરૂપ કહેવાય છે. એ તો નાશ કરવાથી કહ્યું.

હવે ઉત્પન્ન શું થાય? એ તો વ્યય કહ્યો, વ્યય. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ તો ધ્રુવ છે. ત્રિકાળ સહજ જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્ય ધ્રુવ છે. એનો આશ્રય કરવાથી મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષનો નાશ થાય છે એ વ્યય થયો. ત્યારે ઉત્પાદ શું થાય? એ તો વ્યય થયો. ઉત્પાદ શું થાય? **'પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.'** સમજાય છે કાંઈ? આ તો બહુ ટૂંકુ ગાગરમાં સાગર છે. ભગવાન આત્મા પૂર્ણજ્ઞાન આનંદઘનસ્વરૂપ એનો આશ્રય કરવાથી મોહ, રાગ-દ્વેષનો નાશ થાય છે અને એના આશ્રયથી પવિત્ર જ્ઞાનજ્યોતિ નિર્મળાનંદ આનંદસહિત દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? પવિત્ર અને અનુત્તમ. જેનાથી બીજું કોઈ ઉત્તમ નથી. એવી નિર્મળ જ્ઞાનધારા એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એને અહીં જ્ઞાનધારામાં કહેવામાં

આવી. એટલે કે ભગવાન શુદ્ધ પ્રભુ આત્મા એના સન્મુખની દૃષ્ટિ કરતાં મિથ્યાત્વ, રાગ-દ્વેષનો નાશ-વ્યય થાય છે ત્યારે ભગવાન આત્મામાં ભરેલો જ્ઞાન, શાંતિ અને આનંદ એની એકતા એકાકારમાં જ્ઞાનની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન અને શાંતિ પ્રગટ થાય છે. વસ્તુ તરીકે ધ્રુવ કાયમ રહે છે. ભારે આકરું કામ માણસને. કોઈપણ બીજું કાંઈ છે? કોઈ બીજો આધાર માંગે છે.

**શ્રોતા :—** આવડો મોટો છે એ ગોઠતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને ગોઠતું નથી. આ આવડો છું એ પાધરો સીધો... કાંઈક ટેકો (જોઈએ છે). દીન થઈ ગયો છેને, દીન અનાદિનો. રાંક થઈ ગયો રાંક, ભિખારી જાણે. ઘરનો દરબાર ભગવાન ઘરનો દરબાર અંતરમાં પેસવું અને જોવું કે જાવું, એને આમ જાણે આમ... આહા..હા..! આનંદઘનજી તો કહે છેને, 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આવો આનંદ અને જ્ઞાનાનંદ પ્રભુ એ તને ન રુચે તો અમે કહીએ છીએ કે આત્મા પ્રત્યે તને દ્વેષ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેને ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ અનાકુળ શાંતરસનો દરિયો ન રુચે અને શુભ પુણ્ય ને પાપના રાગનો વિકલ્પ રુચે, તો કહે છે કે સ્વભાવ પ્રત્યે તને ક્રોધ છે હોં, દ્વેષ છે. ભાઈ! ભગવાનના સ્વભાવને પડખે જે વસ્તુ છે એને (પડખે) ન ચડતાં એનાથી વિરુદ્ધ પડખે ચડ્યો (તો તને) સ્વભાવ પ્રત્યેનો દ્વેષ છે. આહા..હા..! સાંભળવું જાણે એને એમ લાગે છે કે આ તે કેવો વિષય? સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ અનંતજ્ઞાન, આનંદથી ભરેલો ભગવાન ભંડાર આત્મા (છે). કહે છે, પ્રભુ! એને શરણે એને આશ્રયે જતાં મિથ્યાત્વ, રાગ, દ્વેષનો નાશ થાય છે અને રાગ-દ્વેષને આશ્રયે જતાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? વાત સાંભળી, સાંભળી એને ગોઠતી નથી કેટલાકને કંટાળો આવે. આહા..! ભગવાનની ભક્તિ કર્યે મળી જાય, જાત્રા કરે અને મળે. મળી જાય કે નહિ? તો શું કરવા જાત્રા કરે છે? પાંચ-પાંચ લાખ રૂપિયા ખર્ચીને બધા નીકળે છે. સમેદશિખરની જાત્રામાં જાય છે. સંઘ કાઢે, પાંચ-દસ લાખ ખર્ચે. ભગવાન! એ તો પરસન્મુખનો વિકલ્પ છે. લાખ તારી જાત્રા હોય ને સમેદશિખર હોય. એઈ..! ન્યાલભાઈ! આ સાક્ષાત્ ત્રણલોકના નાથ ભગવાન બિરાજતા હોય, એની સન્મુખ થઈને એના દર્શન કરવાનો ભાવ (થાય) એ શુભરાગ છે.

અહીં તો કહે છે, પ્રભુ! તારામાં ક્યાં કચાશ અને પામરતા છે. તું તો પ્રભુ છોને, ભાઈ! ભગવાન! તારા ગાણા કેવળીની વાણીમાં પૂરા આવ્યા નથી. એવો આત્મા એ તને અંતર તને તારી રુચિ ન થાય અને તારાથી વિરુદ્ધ વિકલ્પો જે છે શુભાશુભ એ તો વિરુદ્ધ છે, એની રુચિ અને એનામાં ટકવું રાગ-દ્વેષથી એ તો સંસાર છે, એ તો અનાદિની ચીજ છે, એ કાંઈ નવી નથી. સમજાણું કાંઈ? ભાઈ! તું ભગવાન છોને! અને ભગવાનમાં શું કચાશ

હોય? એવા પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ છે એની સામું જોતાં મોહ નિર્મૂળ થાય અને રાગ-દ્વેષનો નાશ થઈ પવિત્ર અને અનુત્તમ અને નિરુપધિ—ઉપધિ વિનાનું, ઓલો રાગ છે તે ઉપાધિ છે, વિકલ્પ શુભ એ તો ઉપધિ-ઉપાધિ છે, ઉપધિ છે ઉપધિ, પરિગ્રહ છે, આ પરિગ્રહરહિત છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવના સન્મુખમાં જતાં એ વિકારનો નાશ થઈ અને ઉપધિ વિનાની પરિગ્રહરહિત બાહ્ય સામગ્રી રહિત, ઉપાધિરહિત, છળકપટ રહિત-સરળ. ભાષા આટલી વાપરી. એવી જ્ઞાનજ્યોતિ પરમાત્માનો સ્વભાવ એ તારી દશામાં સમ્યક્‌જ્ઞાનમાં પ્રગટ થાય. આહા..હા..! એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. આ નિત્ય જ્યોતિ કહે છેને? એવી જ્ઞાનજ્યોતિ (પ્રગટ થાય છે) એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમજાણું કાંઈ? એની રીત અને વિધિ તો શીખે પહેલોં કે કઈ રીત અને વિધિ છે. વિધિની રીતની ખબર નહિ અને કરવા જાય... સમજાણું કાંઈ?

કહે છે, ભાઈ! આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ વર્ણવે છે. ભગવાન આત્મા નિત્યાનંદ સહજાનંદ જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન ત્રિકાળ ધ્રુવ જ્ઞાનોપયોગ પડ્યો છે અંદર. એનો આશ્રય લેતા મિથ્યાત્વ, રાગ-દ્વેષનો નાશ થાય છે અને અનુપધિ, નિરુપધિ, અનુત્તમ અને નિત્ય-ઉદિત સદા પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. એ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે જોયેલો આત્મા. આહા..હા..!

આવે છે નહિ? સમયસારમાં (ગાથા-૨૪). '**सव्वण्हुणाणदिट्ठो**' ભાઈ! ભગવાને તો તને ઉપયોગમય જોયો છે. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो**' પ્રભુ! એ ભગવાને સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જ્ઞાનમાં તને, તને તેવો એવો જોયો છે કે તું તો એક જ્ઞાન, દર્શન ઉપયોગના પિંડરૂપ તને જોયો છે. એ પુણ્ય પાપના વિકલ્પો આસ્રવતત્ત્વ ને જડ અજીવ શરીર, કર્મ તત્ત્વ એ રૂપે તને જોયો નથી ભગવાને. આહા..હા..! સમજાણું કાંઈ? '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' ભગવાન આત્મા.. આ તો ઉપયોગની વ્યાખ્યા ચાલેને અહીં. સર્વજ્ઞ પ્રભુએ આત્માની સ્થિતિનું સ્વરૂપ એમ જોયું કે એ તો ઉપયોગ જાણનાર-દેખનાર ઉપયોગનો પિંડ એ તો આત્મા છે. એ તે પુણ્ય પાપના વિકલ્પરૂપે કેમ થઈ જાય? એ તે પુણ્ય પરિણામને આશ્રયે કેમ સમજાય? સમજાણું કાંઈ? આહા..હા..! આવે છેને? કેટલામી ગાથા? ૨૪. '**सव्वण्हुणाणदिट्ठो**' નહિ? સમયસાર.

આચાર્ય મહારાજ કહે છે, હે ભાઈ! ભગવાને તો, તું જેને ભગવાન માને છો, કેવળી તીર્થંકર પરમેશ્વર માને છો, ઈ પરમેશ્વરે તો એમ જોયું છે તને હોં તારે માટે, પરમેશ્વરે તારે માટે તો એમ જોયું છે. આ કહે છેને અહીંયા. ઉપયોગમય સ્વરૂપે ભગવાને તારા આત્માને એ રીતે જોયો છે. હવે તું બીજી રીતે જોવા જા તો કઈ રીતે આત્મા પ્રાપ્ત થાશે તને? સમજાય છે કાંઈ? એ જાણવા-દેખવાના ઉપયોગનું સ્વરૂપ ભગવાન આત્મા છે એ સિવાય જેટલા વિકલ્પો ઉપડે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, જાપના, નામ સ્મરણના એ બધા તો

વિકલ્પો છે, એ કંઈ આત્મા નથી, ભગવાને એને આત્મા કહ્યો નથી, ભગવાને એને આત્મા જોયો નથી. ભગવાને તેને આસ્રવતત્ત્વ તરીકે જોયા છે. તો તું કહે કે એ આસ્રવતત્ત્વ વડે મને વિકલ્પ દ્વારા આત્માની પ્રાપ્તિ થશે. ભગવાન ના પાડે છે અને ભગવાન કહે છે કે એમાં વિકલ્પ છે નહિ. આહા..હા..! એ.. ન્યાલભાઈ! ભારે વાત બાપા કઠણ. આહા..હા..!

ભગવાન તારી વાત કહે છે કે એવડી મોટી છે કે એ વાતું વાતમાં આવતી નથી એવડી છે. આહા..હા..! એણે અનંત અનંતકાળ ગાળ્યા હોં! એમને એમ પારકા વિસામા લઈ આમ થાશે ને આમ થાશે ને થાશે.. એમને એમ હેરાન થઈને ચોર્યાશીમાં મરી ગયો. સાધુ થયો, નગ્ન મુનિ દિગંબર થયો, હોળી આ પાંચ મહાવ્રત પાળું ને દયા પાળું ને વ્રત પાળું ને આ કરું. એ વિકારને આશ્રયે પડ્યો અને મને લાભ થાશે આત્મામાં. લુંટાઈ ગયો છે, પણ એને લુંટાઈ ગયાની ખબર નથી. આહા..હા..!

**શ્રોતા** :— ... સાક્ષાત્ ભગવાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— આ ભગવાનને તો નાખ્યા, અહીં ઉપયોગમાં નાખ્યા. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' હે આત્મા! ત્રણલોકના નાથે.. સમજાણું? છે કે નહિ? ૨૪મી ગાથા છે. જુઓ ૨૪ છે.

सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।

ભગવાન તને નિત્ય જ્ઞાન-દર્શન-ઉપયોગમય તને દેખે છે. એવો ભગવાન તે પુણ્ય પાપના વિકલ્પ જે પુદ્ગલરૂપ કેમ થાય છે? ભાઈ! એ એમ થાય નહિ કોઈ દિ' પ્રભુ! તેં માન્યું છે. '**कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं**' આ વિકલ્પ ઉઠે છે એ મારા છે હોં! 'એ શુભરાગની કષાય મંદતા મને લાભ કરશે.' ભગવાન! એ ભગવાને તો ના પાડી છે. સમજાણું કાંઈ? એ તો પુદ્ગલ છે એમ કીધું છે ભગવાને. રાગની મંદતા ભાવ તો પુદ્ગલ છે. ભાઈ! એ પુદ્ગલથી ભગવાન પરમેશ્વર કેમ પ્રાપ્ત થાય? ભારે આકરું પણ. આ વ્યવહારનો નાશ કરી નાખે છે. એ.. ન્યાલભાઈ! એ રાડું પાડે છે બધા હોં ઘણા. પાડવા દો. ચારે કોર.. અરે..! સોનગઢમાં તો વ્યવહારનો નાશ કરી નાખ્યો. હવે સાંભળને. તને ખબર શું પડે વ્યવહાર કોને કહેવો. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે રાગ, રાગ એટલે પુદ્ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? એને એનો અનાદર ન કર, પુદ્ગલ વિનાનો પરમાત્મા એનો અનાદર ન કર. પુદ્ગલ વડે પ્રાપ્ત થાશે એમ અનાદર ન કર, એમ કહે છે અહીંયા તો. આહા..હા..!

'**નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.**' ભગવાન ચૈતન્ય ઉપયોગ એ ઉપયોગ દ્વારા પ્રગટ થાય છે. વિકલ્પ તો નાશ કરે છે અને નિર્વિકલ્પ ઉપયોગ પ્રગટ થાય છે. '**ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...**' આહા..હા..! જુઓ,

સમજાણું કાંઈ? પ્રગટ થાય છે એમ કીધુંને? પર્યાય પ્રગટ થાય છે. એક પર્યાય જાય છે અને એક પર્યાય થાય છે અને ભગવાન એવોને એવો રહે છે. સમજાણું કાંઈ? ઓહો..! આ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું, ઈ શું કીધું? વિકલ્પો આદિ છે શુભાશુભભાવ, શરીર, વાણી, કર્મ તો અજીવ છે પ્રત્યક્ષ, આ શરીર, વાણી, જડકર્મ એ તો અજીવતત્ત્વ છે, શુભ-અશુભભાવ તે આસ્રવતત્ત્વ છે. ભગવાન આસ્રવ અને અજીવથી જુદું તત્ત્વ છે. એવો આત્મા, જેવો જુદો છે એવો જુદો કર્યો શ્રદ્ધા જ્ઞાનમાં, એવું જે ભેદજ્ઞાનરૂપી વૃક્ષ. એવો જે વિકલ્પથી રહિત એવો ભગવાન આત્મા એવું ભેદજ્ઞાન શરૂઆતમાં પહેલાં કર્યું એ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ, સુંદર ફળ વંદ્ય છે. આહા..! ભેદજ્ઞાન શરૂ કર્યું, કરતાં પૂરું થયું ત્યારે કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટ થઈ ગયું. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...**' એટલે? કે કોઈ એમ કહે કે કંઈ પણ રાગની મંદતાનો સહારો હોય તો આત્માને ભેદજ્ઞાન થાય. તો અહીં તો કહે છે કે રાગ છે એને જુદોં પાડવાનું જ્ઞાન જ અહીંયા ફળદાયક છે. જમુભાઈ! આહા..હા..! અરે..! ભાઈ! જ્યારે-જ્યારે રસ્તો લેવો હશે ત્યારે આ રસ્તો લીધે છૂટકો છે. લાખ ઉપાય કર બીજા (એ રસ્તો નહિ મળે). 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં આ વાત જ્યાં સુધી નહિ બેસાડે આ રીતે ત્યાં સુધી એનું સ્વ-સન્મુખનું વીર્ય નહિ સ્ફરે કોઈ દિ'. સમજાણું કાંઈ? લાલાપેઠા કરશે.. લાલાપેઠા સમજાય છે? નથી ખબર? તમારે હિન્દીમાં એમ હશે. કંઈક.. કંઈક.. કંઈક.. કંઈક.. બીજાનો કાંઈક સહારો, કાંઈક મદદ, કાંઈક સહાય, કાંઈક ટેકો, કાંઈ આધાર, કાંઈ શરણ. કહે છે, '**ભેદજ્ઞાનરૂપી વૃક્ષ...**' અહીં તો કહેવું છે. રાગ ને મિથ્યાત્વ ભ્રમથી જુદોં પાડી ભગવાનની એકાગ્રતા કરી એવું જે ભેદજ્ઞાનનું વૃક્ષ, કહે છે કે ફાલતા.. ફાલતા.. ફાલતા.. ફાલતા કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? અહીં ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ ફળ. પહેલાં શરૂઆત થયું ત્યારથી તે કરતાં જ્યારે પૂર્ણ થઈ ગયું (ત્યાં) કેવળજ્ઞાન જગતમાં સત્ફળ વંદ્ય છે. એવું સાચું ફળ, સાચું ફળ. પુણ્ય અને પાપના ફળ આ પુણ્યના સ્વર્ગાદિ ફળ એ સત્ય નથી. સમજાણું કાંઈ? રાડ્યું નાખે માણસ બિચારા. આમાં શું કહે છે? પણ આમાં અમારે કરવું કાંઈક..? પણ આ કરવાનું નથી? આ કરવાની ક્રિયા નથી એને? રાગથી ચૈતન્યપ્રભુ એવો ભેદ કરવો એ ક્રિયા નથી અંદરની? એને પહેલી શ્રદ્ધામાં એ વાતને રુચવવી જોઈએ, 'આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી ત્રણકાળ, ત્રણલોકમાં.' 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' આવે છેને શ્રીમદ્‌માં? બે પંથ, ત્રણ પંથ એમ ન હોય. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું...**' કહે છે કે એ રાગ ને દ્વેષ ને મોહથી ભિન્ન પાડીને ભગવાનને અંદર એકાગ્ર કર્યો એવું જે ભેદજ્ઞાન એના વૃક્ષનું આ સત્ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા અને એનાથી આગળ વધતો કેવળજ્ઞાન (થઈ જશે). એ '**જગતને મંગળરૂપ છે.**' આહા..!

મહામંગળિક પ્રગટ્યું. ભેદજ્ઞાનથી મંગળિક શરૂ થયું અને પૂર્ણ થતાં કેવળજ્ઞાન પ્રગટ્યું. કહો, સમજાણું કાંઈ? એ વીસમો (કળશ) થયો. ૨૧.

(मंदाक्रांता)

मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं
निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।
लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे
स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम्।।२१।।

આનંદના કળશ છે આ બધા. કળશ ભર્યા હોયને, કળશ નથી ભર્યા? કોઈ પાણીના કળશ હોય, દૂધના હોય, મોસંબીના હોય. આ અમૃતના કળશ છે. છે એવોને આત્મા. જુઓને! કળશ જેવું છેને શરીર આ. કાશી ઘાટના કળશ જેવું શરીર છે આ. એવો જ આત્મા એવા આકારે છે અંદર. આ તો હાડકા છે. એવે જ આકારે આત્મા છે અંદર. એનું ભિન્ન રૂપ છે, આનું ભિન્ન રૂપ છે. બેયની ભિન્ન ચીજ છે. આત્મા નથી અડ્યો શરીરને અને શરીર નથી અડ્યું આત્માને. આ શેની વાત ચાલે છે આ? ઓલું રોગનું એકમેક થઈ ગયું છે. ક્યાં ગયા ભાઈ? નથી? વયા ગયા? શું થયું? મોહનભાઈ! ભાવનગર. ઈ તો આ રોગમાં રાડ્યું પાડે એમાં ઓલા યાદ આવી ગયા એના ભાઈ. આહા..હા..! 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ'. આ બધો ધૂડનો રોગ શરીરનો ક્યાં તને નડતો હતો? મફતનો ... અવળો છેને. આ ધૂડમાં રોગમાં તો જડની દશા છે. એમાં ક્યાં આત્મામાં ગરી ગયો રોગ?

**શ્રોતા :—** રોતા તો આવડે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રોતાય આવડતું નથી સરખું. રોતા આવડે તો આત્મા તરફથી ખસીને બહાર જાય છે એનું રોવું આવવું જોઈએ યથાર્થપણે. ખેદ જોઈએ, ખેદ જોઈએ કે.. આહા..! આ? સમજાણું કાંઈ? ચિદાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ આત્મા, અરે..! એને પડખેથી ખસીને બીજે પડખે, આ ઠીક નથી ને અઠીક નથી, કલ્પના માંડીને બેઠો, એની તે મૂઢતાના માપ હશે કાંઈ? ક્યે ગજે મપાતી હશે મૂઢતા ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ નરકના નારકીઓ એવા દુઃખમાં પણ આનંદને અનુભવે છે. આહા..હા..! નરકના નારકીઓ રવરવ નરકમાં પડ્યા સાતમી નરકે અને જ્યાં ભાન કર્યું સમ્યગ્દર્શનનું એમાં આનંદના સુખનો રસ લ્યે છે. ધૂડમાંય દુઃખ નથી ન્યાં એમાં, આત્માને ક્યાં નડતું હતું? સાતમી નરકના રોગના દુઃખ, બાપા! એ સાંભળ્યા હોય ઈ કઠણ પડે. વેદનારો વેદે અને ભગવાન કેવળી જાણે! એવા વેદનમાં, અરે..! આ શું? કોઈ ચીજ બીજી છે કે નહિ શરણભૂત? ફડાક દઈને અંદરમાં આત્માના આનંદમાં (ડૂબકી મારે). ઓહો..! સંતોએ અમને મનુષ્યપણે કહ્યું હતું. સંતોએ મુનિઓએ અમને કહ્યું હતું, ભાઈ! તું આનંદે પૂરો ભગવાન છો એમ કહ્યું હતું.

અમે અનુભવ ન કર્યા અને એના ફળમાં પાપ કરીને અમે નરકમાં (આવી ગયા). એમ વિચારની ધારા (ચાલતા) એવા દુઃખમાં હોં! એ દુઃખની વ્યાખ્યા કઠણ છે.

એ દુઃખ શું? એ તો કલ્પનાની માન્યતાનું દુઃખ હતુંને. સંયોગનું દુઃખ નથી કાંઈ. સંયોગ એ દુઃખ નથી. ભ્રમણા અને રાગ-દ્વેષનું દુઃખ (છે). ફડાક દઈને અંદર (ઊતરી જાય છે). ઓહો..! ભગવાને કહ્યો હતો એ ભગવાન હું જ છું આ. એમ અંતર દૃષ્ટિ લગાવી એવા દુઃખના પ્રસંગના સંયોગમાં પણ સમ્યગ્દૃષ્ટિ સુખને આનંદને વેદે છે. આહા..હા..! અહીં તો ધૂડમાંય દુઃખ નથી, મફતનો રાડ્યું પાડે છે. સમજાણું કાંઈ? રતિભાઈ! સુખેય ધૂડમાં નથી કાંઈ. ન્યાં તારા પાંચ-દસ લાખના મુડા પુંજા, એમાં શરીર કાંઈક (સારા મળ્યા હોય), ક્યાં ધૂડમાં સુખ છે ત્યાં. કલ્પના કરીને બેઠો પણ મૂઢને. આ પૈસા ને આ શરીર નિરોગ ને બાયડી સરખાઈની, બહુ સરખાઈની. બહુ સારી વાત છે. મૂઢ થઈને સગવડતામાં સુખ કલ્પે છે વાસના, મૂઢ થઈને દુઃખમાં અગવડતામાં દુઃખ કલ્પે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માનું સ્મરણ થતાં તે દુઃખ વિલય થાય છે. બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ કહે છે જુઓ,

'**શ્લોકાર્થ :— આનંદમાં જેનો ફેલાવ છે,...**' જુઓ, છેને? ભગવાન આનંદથી ભરેલો છે અને જેની નજરું કરતાં આનંદ ફેલાય છે. આહા..હા..! પાણીના પૂર જેમ આવે અને રેલમછેલ થાય ખેતોમાં, પાણીના પૂર આવે એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર છે. કહે છે કે ભાઈ! એમાં એકાગ્ર થતાં એ આનંદનું પૂર ફાલે છે. એ પ્રવાહમાં આનંદ આવે છે. આહા..! એને વિશ્વાસ નહિ. શું ચીજ છે, કેમ છે, કેમ કરવું એ ખબર નહિ. શું (થાય)? આનંદમાં '**આનંદમાં જેનો ફેલવા છે...**' દુઃખ-બુખ તો ક્યાંય ન મળે એમાં. પાણીના પૂરમાં પેશાબ ક્યાંથી હોય? ઝેર ક્યાંથી હોય? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અતીન્દ્રિય આનંદનું પૂર છે. અતીન્દ્રિય અનંત આનંદનું પૂર છે. કહે છે કે જેની સામું જોતા આનંદ ફેલાય છે. પર્યાયમાં અવસ્થામાં આનંદ પ્રસરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રતિભાઈ! શું હશે આ બધું? તમારા સટોડિયા-ફટોડિયામાં ક્યાંય સુખ હશે? આહા..હા..!

'**જે અવ્યાબાધ (બાધારહિત) છે,...**' ભગવાન આત્મા અવ્યાબાધ-વિઘ્ન વિનાની ચીજ છે. એ વિઘ્ન વિનાની ચીજમાં એકાગ્ર થતાં વિઘ્ન વિનાની દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? શ્રીમદ્દે કહ્યું નહિ? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..' આવે છેને? ન્યાલભાઈ! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો, તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,' આહા..હા..! સર્વજ્ઞની વાણીમાં, સ્વજનની મિત્રની વાતું દુશ્મન દ્વારા કહેવડાવવી, કેટલીક કહે ઈ? એમ વાણી જડ, ભગવાન ચૈતન્ય. એની વાતું વાણી દ્વારા કહેવી, કેટલીક કહે ઈ? સમજાણું કાંઈ? એવો અવ્યાબાધ

પ્રભુ ભગવાન આત્મા એની સન્મુખ થતાં અવ્યાબાધ દશા પર્યાયમાં પ્રગટ થાય છે.

**'જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે,...'** ઓહો..! જેમ લાખ પાંખડીનું કમળ, લાખ પાંખડીનું કમળ સંકોચાયેલું હોય અને પછી ખીલે એમ ભગવાન આત્મા અનંતગુણના, ઓલાને લાખ પાંખડી છે, ભગવાન આત્મામાં અનંતગુણની પાંખડીઓ છે. એ અનંતગુણનું સામ્રાજ્ય ભગવાન આત્મામાં એકાગ્ર થતાં અનંતગુણ જે સંકોચ પર્યાયમાં છે એ પર્યાયમાં ખીલ નીકળે છે, અવસ્થામાં એ વિકાસરૂપે એ ખીલી નીકળે છે. સમજાણું કાંઈ? જેની સહજ દશા. એક તો વસ્તુ જ પોતે એવી છે, સહજ દશા ખીલેલી જ છે અંદર શક્તિરૂપે તો, પણ જેની એકાગ્રતા કરતાં સહજ દશા ખીલી નીકળે છે. શક્તિની વ્યક્તતા થાય છે. કહો, સમજાણું કાંઈ આમાં? આહા..હા..!

**'જે અંતર્મુખ છે,...'** એ વસ્તુ જ અંતર્મુખ પડી છે. એ અંતર્મુખ વસ્તુને અંતર્મુખ કરતાં પર્યાયમાં અંતર્મુખ દશા નવી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? **'જે પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા), ચિત્ચમત્કારમાત્રમાં—લીન છે,...'** વસ્તુ કેવી છે? સહજ ખેલતા, પરિણમતા વસ્તુસ્વરૂપે ચિત્ચમત્કારમાત્ર છે, એમાં લીન છે અને એમાં એકાગ્ર થતાં ચિત્ચમત્કારમાત્ર પર્યાય પ્રગટીને પરિણમે છે એમાં એ આત્મા લીન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચક્રવર્તીની વૈભવની વાતું કરેને, લોકો સાંભળે તો બહુ ખુશી થાય અંદર. આ આત્માના વૈભવની વાત શું છે? આત્મા કેટલો કેટલે ખજાને ભરેલો છે? કો'ક ભગવાન આપી દેને. કાં તો ગુરુ આપી દે. અહીં તો કહે છે, ભગવાન કહે છે કોઈની કૃપાથી મળે એવો નથી. એ તો સહજ ખીલેલી અવસ્થા અંતર્મુખ શક્તિ પડી છે એમાં અંતર્મુખ થા તો ખીલે એવો છે, બાકી કોઈ એનો બીજો ઉપાય નથી. આહા..હા..! સમવસરણમાં અનંતવાર ગયો સાક્ષાત્ ભગવાન પાસે. મણિરત્નના દીવે અને કલ્પવૃક્ષના ફૂલે ભગવાનની આરતી ઉતારી, આમ પૂજા (કરી). કાંઈ દાળિયા ન થયા. સમજાણું કાંઈ? સાક્ષાત્ સમવસરણમાં ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજે છે, વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે સીમંધર પ્રભુ, એવા અનંત તીર્થંકરો સમવસરણમાં બિરાજે, અનંતભવમાં અનંતવાર મનુષ્ય થયો ત્યાં અનંતવાર ગયો. શું થયું પણ? પોતે શું છે એની સન્મુખ જોયું નહિ અને પરસન્મુખતામાં ક્યાં મળે એવી ચીજ છે. સમજાણું કાંઈ?

ભગવાન તો એમ કહે છે કે તું તારી સન્મુખ જો તો તને મળે એવું છે. મારી સન્મુખથી મળે એવું નથી. મેં એમ કીધું નથી એમ કહે છે. હું તો પરદ્રવ્ય છું તારે માટે. તું આમ લક્ષ કરવા જાઈશ તો તને વિકલ્પ ઉઠશે, રાગ થાશે. એમાં કાંઈ તારો આત્મા પ્રાપ્ત થાય એની કોરથી એમ છે નહિ. જેમ હોય એમ કહે કે ખોટું કહે? આહા..હા..! ભગવાન તો કહે છે, અમને ભૂલ તો તારો ભગવાન તને પ્રાપ્ત થાય, એમ કહે છે. અમને ભૂલ, કારણ કે અમે ભવગાન છીએ એમ તને વિકલ્પ રહેશે ત્યાં સુધી તારો (ભગવાન) અહીં હાથ નહિ

આવે અંદર. એ.. વસંતલાલજી! આહા..હા..! એ વાતુંને પચાવવી કઠણ છે. કોઈ દિ' એને ગોઠી નથી, એને ગોઠી નથી. કોઈ દિ' ગોઠી નહિ. ભગવાન આત્મા, પર ભગવાનને ભૂલે સ્વ ભગવાનના ભેટા થાય એવું છે. સહજ ખીલતા ચમત્કારમાં લીન છે.

'**જેણે નિજજ્યોતિથી તમોવૃત્તિને** (**–અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને**) **નષ્ટ કરી છે**...' વસ્તુમાં પણ નથી અજ્ઞાન વસ્તુ અને જ્યોતિમાં પણ નથી અંધકાર કે અજ્ઞાન. પણ જ્યોતિમાં એની એકાગ્રતા કરવાથી અંધકારદશા, તમોવૃત્તિ એટલે અજ્ઞાન એવી અજ્ઞાનપરિણતિને નષ્ટ કરી રહી છે. એ ભગવાન એવો આત્મા એના સન્મુખમાં એની સામું જોતાં અજ્ઞાનનો નાશ થઈ જાય એવો એ આત્મા છે. '**અને જે નિત્ય અભિરામ** (**સદા સુંદર**) **છે**,...' ભગવાન હંમેશાં નિત્ય આનંદવાળો જ છે. '**એવું સહજજ્ઞાન**...' અભિરામ છેને, સુંદર. નિત્ય સદા સુંદર, સદા સુંદર, સદા સુંદર. શબ્દો પણ ઓછા પડે છે, નહિ? મુનિ પદ્મપ્રભમલધારિદેવ... કેટલા ગાણા ગાવા અધ્યાત્મના? શબ્દો ઓછા પડે છે. નિત્ય સુંદર ભગવાન આત્મા છે. આહા..હા..!

'**એવું સહજજ્ઞાન**...' એવું ભગવાન આત્માનું ધ્રુવ સહજજ્ઞાન અને એમાં એકાગ્ર થતાં પ્રગટ થતી સહજદશા એ '**સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે**.' આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગને. છેલ્લું ફળ આવ્યું ઈ એમને એમ મોક્ષમાં વર્તે છે, કહે છે. જેવું ધ્રુવપણે સહજજ્ઞાન ત્રિકાળ વર્તે છે, એમ એનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થઈ એ એમને એમ વર્તે છે. આમ ધ્રુવ વર્તે છે, આમ પર્યાય વર્તે છે. સમજાણું કાંઈ? પતાસાની લાણી આપતા હોય, પેંડાની લાણી (આપતા હોય) તો બે નહિ, ચાર માંગે. ફરી-ફરીને જાય હોં! પહેલોં લ્યો છોકરો, પછી બીજે આમ કરીને ... આવી લાણી હોય તો ફરી-ફરીને સાંભળવાનો પ્રેમ થવો જોઈએને એને. લુખ્ખી વાત લુખ્ખી. ભગવાન! એ આત્મરસની વાત છે આ તો. અને આ સમજ્યા વિના ત્રણકાળમાં તારા આરા નથી. સમજાણું કાંઈ?

'**એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે**.' ધ્રુવરૂપે તો જયવંત વર્તે જ છે, પણ જેનો આશ્રય લીધો ત્યાં પર્યાય પ્રગટી ઈ એવીને એવી જયવંત રહેશે હવે. કોઈ દિ' એને અવતાર-બવતાર હોય નહિ, ફરીને કોઈ ભક્તો માટે અવતાર ધારણ કરે કે રાક્ષસોના નાશ કરવા... આવે છેને કેટલાક? બધી વાતું ગપ્પેગપ. સમજાણું કાંઈ? એક ૨૧મો શ્લોક થયો. ૨૨.

(अनुष्टुभ)

सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम्।

ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम्।।२२।।

'**શ્લોકાર્થ :– સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે**,...' ભગવાન આત્મા સ્વભાવિક જ્ઞાન જ્ઞાનજ્યોતિ જ્ઞાનસૂર્ય, સહજજ્ઞાનસૂર્ય, સ્વભાવિક સૂર્ય, સામ્રાજ્ય એ એનું

રાજ્ય છે. સમજાણું કાંઈ? આ સામ્રાજ્ય નથી કહેતા કે અમારું સામ્રાજ્ય, અમે રાજા. ધૂડમાંય નથી. સ્વભાવિક જ્ઞાન ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ, સ્વભાવિક અનાદિઅનંત જ્ઞાનનો કંદ આત્મા જ્ઞાન તે સામ્રાજ્ય, એ એનું રાજ છે. એ આત્માનું સહજજ્ઞાન એ એનું સામ્રાજ્ય છે. પુણ્ય-પાપ રાગ, શરીર, વાણી-ફાણી એમાં છે જ નહિ. આહા..હા..! શું તારે જોવે છે બીજું હવે? કહે છે. **'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે,...'** બધું તે છે, એમ. પૂર્ણ જ્ઞાનદરિયો સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ...

**'એવો શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને...'** આત્મા કેવો? કે શુદ્ધ ચૈતન્યમય જેનું સામ્રાજ્ય ત્રિકાળ એવો શુદ્ધ ચૈતન્યમય. **'મારા આત્માને જાણીને,...'** સહજજ્ઞાન જેનું સામ્રાજ્ય છે, સર્વસ્વ, એમાં બીજું કાંઈ નથી અને પૂર્ણ ભગવાન જ્ઞાનના સ્વભાવે ભરેલું છે. એવો શુદ્ધ ચૈતન્યમય આત્મા, એવા જ્ઞાન.. જ્ઞાન ધ્રુવમય આત્માને જાણીને, આ આત્મા છે એમ જાણીને **'હું આ નિર્વિકલ્પ થાઉં.'** મુનિ પોતે કહે છે. બસ, આ રીતે નિર્વિકલ્પ થવાની રીત છે, બીજી કોઈ રીત નથી. સમજાણું કાંઈ? **'હું આ નિર્વિકલ્પ થાઉં.'** લ્યો, આ મુનિ કહે છે. ઓલાને નિર્વિકલ્પ ન હોયને, છઠ્ઠે ગુણસ્થાને? સાતમે અત્યારે મુનિને ન હોય એમ કહે છે.

**શ્રોતા :—** સાડા છ ગુણસ્થાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાડા છ ગુણસ્થાન હોય એમ? સાતમું ન હોય તો છઠ્ઠું ન હોય અને છઠ્ઠું ન હોય તો સાતમું ન હોય. સાંભળ તો ખરો. છઠ્ઠું-સાતમું તો ક્ષણે-ક્ષણે મુનિઓને હજારો વાર આવે. ત્યારે મુનિ કહેવાય. મુનિ તે કોને કહેવા? લુગડાં છોડ્યા, નાગા થઈ ગયા એટલે મુનિ થઈ ગયા? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંતઆનંદથી ખીલેલી શક્તિ પ્રગટ છઠ્ઠે ગુણસ્થાને આનંદસહિતની થઈ છે, પ્રચુર સ્વસંવેદન, એ વખતે જરી અંતર્મુહૂર્ત થોડો કાળ રહે, વિકલ્પ હોય છે, એ વિકલ્પ તૂટીને બીજી ક્ષણે પાધરો નિર્વિકલ્પ આનંદની સાતમી ભૂમિકા આવી જાય છે. સાતમી ભૂમિકાના કાળથી છઠ્ઠાનો ડબલ કાળ હોય છે. ફડાક છઠ્ઠે આવી જાય, વિકલ્પ આવે છે એને, વિકલ્પ ઉઠે છે. પાછો છૂટીને નિર્વિકલ્પ થાય છે. એમ એક દિવસમાં હજારો વાર છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે આવે એને મુનિની ભૂમિકા ભગવાન કહે છે. આહા..હા..! અરે..! ભગવાન! બાપુ! ભાઈ! મુનિપણું એટલે શું ભાઈ? તને ખબર નથી. આહા..હા..! નમો લોએ સવ્વ સાહુણં. જેને ગણધર નમસ્કાર કરે. ગણધર બાર અંગ રચે ત્યારે, નમો લોએ સવ્વ સાહુણં. છે વિકલ્પ. ભગવાન પાસે ગણધર છે કે નહિ અત્યારે? સીમંધરપ્રભુ પાસે. એ પણ જ્યારે બાર અંગ રચે છે ત્યારે, 'નમો અરિહંતાણં, નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં, નમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહુણ' એ ક્યા સાધુ હશે? જેને ગણધરનો ચરણમાં નમસ્કાર પહોંચે. જેને ગણધર પાંચમાં નમસ્કાર

કરે, નમો લોએ સવ્વ સાહુણં. હે સંત! અઢી દ્વીપમાં વિચરતા સંતોના ચરણમાં મારો નમસ્કાર છે. ગણધર, લાખો કરોડ અબજો વર્ષથી મુનિ થયા હોય, પણ અંતર્મુહૂર્તમાં આત્મધ્યાનથી છઠ્ઠું-સાતમું પામ્યા, ઈ કહે છે, મારો નમસ્કાર તને, લે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! એ મુનિદશા તો અલૌકિક છે! સમજાણું?

અહીં તો મુનિ પોતે કહે છે, આ તો પાંચમા આરાના મુનિ છે. હમણા થયા છે હજી તો, સાતસો-નવસો (વર્ષ પહેલાં). સમજાણું? મારું સામ્રાજ્ય આ છે એને જાણીને હું તો નિર્વિકલ્પ થાઉં છું. આ મારું આચરણ છે, બાકી બીજું કોઈ કર્તવ્ય નથી. આહા..હા..! એ જ્ઞાનની ગાથા, જ્ઞાનના ઉપયોગની કીધી. હવે દર્શનના ઉપયોગની ગાથા આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૯, મંગળવાર, તા. ૧૫-૦૩-૧૯૬૬, ગાથા-૧૩, પ્રવચન નં. ૨૧

નિમયસાર શાસ્ત્ર, જીવ અધિકાર. એના ઉપયોગનો અધિકાર છે આ. જ્ઞાન-ઉપયોગનો અધિકાર આવી ગયો. દર્શન-ઉપયોગનો અધિકાર.

तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।
केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं।।१३।।
ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.

વિભાવની વ્યાખ્યા પછી આવશે. ૧૪મીમાં.

**'ટીકા :— આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.'** શું કહે છે? આ આત્મા છે આત્મા એમાં ચૈતન્યગુણ જે ત્રિકાળ છે. એના વર્તમાન પરિણામમાં પર્યાય થાય છે એને ઉપયોગ કહે છે. એ ઉપયોગના બે પ્રકાર લીધા—જ્ઞાન અને દર્શન. એ જ્ઞાનના પણ બે પ્રકાર લીધા—એક સ્વભાવોપયોગ અને એક વિભાવોપયોગ. સ્વભાવોપયોગના પણ બે પ્રકાર લીધા. એક, ત્રિકાળ કારણસ્વભાવોપયોગ, એક વર્તમાન કાર્ય કેવળજ્ઞાનાદિ સ્વભાવોપયોગ. હવે અહીંયા દર્શનોપયોગની વ્યાખ્યા છે. **'આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.'**

**'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે.'** એટલે એના પણ ઘણા ભેદ છે. **'(ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે :) સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે :**

કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.' બહુ લાંબુ ઘણું છે માણસને.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ સ્વભાવ થયો અને પછી સ્વભાવના બે ભેદ લીધા. સ્વભાવના બે પ્રકાર લીધા, એક કારણસ્વભાવ અને કાર્યસ્વભાવ. કહો, સમજાણું આમાં? એમાં પછી દૃષ્ટિ નાખવી પાછી ....

'**ત્યાં, કારણદૃષ્ટિ...**' કહો કે કારણદર્શનોપયોગ (કહો), એવા બેય અર્થ છે આમાં. ત્યાં વર્ણવવું છે તો કારણસ્વભાવદર્શનોપયોગ, પણ એમાં કારણ કાયમની દૃષ્ટિ જે ત્રિકાળ પડી છે શ્રદ્ધામાં એને પણ ભેગી લ્યે છે. આત્મા એનો જે દર્શનગુણ ચૈતન્યનો ભાગ, એ દર્શનગુણ એક સ્વભાવકારણોપયોગ અને એક વિભાવકારણ(ઉપયોગ). હવે એ સ્વભાવના બે પ્રકાર– એક ત્રિકાળ કારણદર્શનોપયોગ અને એક વર્તમાન કાર્યસ્વભાવદર્શનોપયોગ. પણ એ દર્શનોપયોગમાં દૃષ્ટિ પણ ભેગી લઈ લેવી. ત્રિકાળ કારણસ્વરૂપ શ્રદ્ધાનભાવ, ત્રિકાળ કારણસ્વરૂપ શ્રદ્ધાનભાવ અને એક કાર્યશ્રદ્ધાસ્વરૂપભાવ. મોહનભાઈ! બહુ ભેદ ઘણા. આમાં વાણિયાને ધ્યાન રાખવું આ બધું... ઓલી વાત ઘણી બધી યાદ રહે. એટલું ધ્યાન સંસારમાં (રાખે). આ બધું ધ્યાન, કહે છે કે ધૂડનું, એ તો પરનું. આ તારામાં શું ચીજ છે અનાદિ અને એમાંથી કાર્ય શું થાય છે? અને કાર્યના પણ પ્રકાર કેવા છે, વિભાવસ્વભાવ એને જાણવા જોશેને? અને પાછું કેના આશ્રયે આત્માને ધર્મ થાય છે? ધર્મ એટલે આત્માને શાંતિ અથવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ધર્મ કેને આશ્રયે થાય છે? સમજાય છે? કંઈ નિમિત્તને અવલંબે થાય છે? રાગને આશ્રયે થાય છે? વર્તમાન પ્રગટ અવસ્થા એને આશ્રયે થાય છે? - ના. અરે..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ કાર્યસમ્યગ્દર્શનનો ભાવ, કાર્યસમ્યગ્દર્શન એ પણ ત્રિકાળી કારણદર્શન છે તેને આશ્રયે કાર્યદર્શન થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનરૂપી જે કાર્ય એનું અંદર કાયમ સ્વરૂપ શ્રદ્ધાનરૂપી શ્રદ્ધા પડી છે અંદર એક, સ્વરૂપ આ છું સ્વરૂપ, એની શ્રદ્ધા કારણશ્રદ્ધારૂપ દૃષ્ટિ, કારણશ્રદ્ધારૂપ દૃષ્ટિ એટલે કારણદૃષ્ટિ એ ત્રિકાળ આત્મામાં પડી છે. એ.. ધર્મચંદજી! વળી કારણ ને આ કેવું આ? ન્યાલભાઈ! એ કારણ આ ને કાર્ય આ, સાંભળ્યા પણ નહિ એણે.

ભાઈ! કહે છે, જે કંઈ આત્માની દશામાં પર્યાય સમ્યગ્દર્શન થાય એ પર્યાય છેને? એ કાર્ય છેને? તો કાર્ય તો અંદર શક્તિમાં હોય એમાંથી આવે કે કાંઈ અધ્ધરથી આવે? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનરૂપી કાર્ય એ સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર અંદર દૃષ્ટિ છે કારણ એમાંથી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે એને કાર્ય પ્રગટ કરવા માટે સ્વરૂપશ્રદ્ધાન જે ત્રિકાળ પડ્યું છે એના ઉપર લક્ષ કર્યે, દૃષ્ટિ કર્યે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. કહો, આ તો સમજાય એવું છે કે નહિ? ઉતાવળથી કાંઈ આપણે કાંઈ કહેતા નથી, હળવે-હળવે ચાલે છે વાત. ઝીણી વાત... નથી કરતાં લોકો? અત્યારે લૂગડું પાતળામાં પાતળું પસંદ કરે, લ્યો. ઉનાળો

એટલે. બહુ ઝીણું ને પાતળું ને એવું હોય તો પરસેવો થાય, વળી વસંતીભાઈ જેવાને જાડું શરીર હોય તો બહુ પાતળું કપડું જોઈએ, બહુ ઝીણું, હવા આવે. આ તો ઝીણામાં ઝીણું તત્ત્વ આ છે. એ તો ઝીણું કહેવાય તોપણ એ તો જાડું છે, ધૂડ છે.

અહીં તો કહે છે, કારણદૃષ્ટિ.. જુઓ, નીચે લખ્યું છેને? 'દૃષ્ટિ એટલે દર્શન.' નીચે ફૂટનોટ. અને 'દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ.' દર્શનની વ્યાખ્યા (કરે છે). એક સામાન્ય પ્રતિભાસ ત્રિકાળ 'અને (૨) શ્રદ્ધા.' ત્રિકાળ. એવા બે અર્થ થાય છે. 'જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા).' અહીં બન્ને ભેગાં છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છેને. અને વસ્તુ છે તો અરૂપી મહાન પદાર્થ (છે). જેમાં અનંત અનંત સ્વભાવ, સ્વભાવ, સ્વસ્વરૂપભાવ પડ્યા છે. એમાં એક દર્શનોપયોગ પણ ત્રિકાળ પડ્યો છે. જ્ઞાનોપયોગની વ્યાખ્યા થઈ ગઈ. દર્શનોપયોગ પણ ત્રિકાળ આત્મામાં છે એક. અને કારણદૃષ્ટિ—શ્રદ્ધા, સ્વરૂપશ્રદ્ધા દૃષ્ટિ પણ આત્મામાં ત્રિકાળ કાયમ પડેલી છે. સમજાણું કાંઈ? એ શક્તિમાંથી પ્રવાહ આવીને કાર્ય થાય.

અહીં તો એમ બતાવવું છે કે '**કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ છે,...**' આત્મામાં કારણદૃષ્ટિ—શ્રદ્ધા અથવા કારણદર્શનોપયોગ, બેય લેવા. આત્માની અંદર ધ્રુવપણે એ સત્‌ના સત્ત્વપણે એ સત્ વસ્તુ આત્મા એના સત્ત્વપણે, ભાવપણે, સ્વભાવપણે, શક્તિપણે, ધ્રુવપણે એનામાં સદા પાવનરૂપ, એ સ્વરૂપદૃષ્ટિ અંદર સદા પાવનરૂપ છે આત્મામાં. અને દર્શનોપયોગ જે અંદર કારણ ત્રિકાળ એ પણ સદા પાવનરૂપ છે. આહા..હા..! '**સદા પાવનરૂપ છે અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને...**' અગમ્ય છે. ભાષા જુઓ ટીકાકારની જરી ઓલાને આકરું પડે એવું છે. એકલા શબ્દાર્થ પકડેને. કહે છે કે ભગવાન આત્મા વસ્તુ છે એની એક સમયની દશા ઉદયભાવ, પુણ્ય-પાપનો ભાવ જે ઉદયભાવ છે, ઉપશમભાવ સમકિત આદિ, ચારિત્ર આદિની પર્યાય પ્રગટ થાય છે એ ઉપશમભાવ, ક્ષયોપશમભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યનો ઉઘાડ થાય અને કંઈક વિઘન હોય એવો ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય ક્ષાયિકભાવ—એ ચારે વિશેષ પર્યાયો છે.

આત્મા એમાં સામાન્ય સામાન્ય જે ત્રિકાળ દર્શનોપયોગ અથવા ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધા દૃષ્ટિ એ ત્રિકાળ સામાન્ય છે. એ પારિણામિક સ્વભાવભાવે ત્રિકાળ વસ્તુ છે. આ ચાર ભાવ તો વિભાવસ્વભાવ, અપેક્ષિત ભાવ પર્યાયમાં છે. આ નિયમસાર મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે. આ તો પકડાય એવું છે. એ.. વસંતીલાલજી!

**શ્રોતા :—** શુદ્ધરત્નત્રય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શુદ્ધરત્નત્રય કેમ પ્રગટ થાય? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંથી આવે, આવે ક્યાંથી? કે અંદર દૃષ્ટિ શુદ્ધ શ્રદ્ધામાત્ર ત્રિકાળ શક્તિ—ગુણ પડ્યો છે એમાંથી

આવે છે. સમજાણું? એ દર્શન ત્રિકાળ દૃષ્ટિ છે એમાંથી આવે એટલે એ શ્રદ્ધા જ્ઞાનમાંથી ન આવે, દર્શનોપયોગમાંથી ન આવે, ચારિત્રગુણમાંથી ન આવે, આનંદગુણમાંથી ન આવે, નિમિત્તથી ન આવે, રાગથી ન આવે, પૂર્વની પર્યાયથી પણ ન આવે. આહા..હા..! ભારે જગતને. એમ જાણે કે કોઈ આપી દેને તો થઈ જાય. લઈ લઈએ. ન્યાલભાઈ! ભગવાનની ભક્તિ કરીએ અને ભગવાન આપી દે. મહારાજ! ભક્તિ છે એ તો શુભરાગ છે. એ તો બહુમાન આવે એટલે વિકલ્પ આવે. કહ્યું નહોતું પરમ દિ'? કે 'શિવપદ અમને દેજો' ન્યાં ભગવાન પાસે બહુ ગાય. ભગવાન કહે છે કે, તારું શિવપદ મારી પાસે નથી. અને તારો શિવપદનો માર્ગ પણ મારી પાસે નથી. તારા શિવપદનો માર્ગ, માર્ગ એ મારા નિમિત્ત તરફમાં નથી, મારા તરફના ભક્તિના રાગમાં નથી અને મોક્ષમાર્ગ જે છે એ પર્યાય ત્યાં વર્તમાનમાં તને નથી તો આવે ક્યાંથી? કે તારા દ્રવ્યમાં એ પડેલું છે ત્યાં દર્શન કરવાથી, એના દર્શન કરવાથી દૃષ્ટિ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છેને. આમ અરૂપી છે એટલે શું પણ? પણ અરૂપી એટલે મહાન પદાર્થ છે. બધા જડથી તો ઠીક પણ અરૂપી બીજા આકાશથી પણ મહાન પદાર્થ છે. સમજાણું કાંઈ? જેની હયાતીમાં બીજા છે એમ જણાય. એ ન જાણનાર હોય તો આ છે એમ જાણે કોણ? સમજાણું કાંઈ? એવો ચૈતન્ય મહા પદાર્થ શરીર પ્રમાણે ભલે ક્ષેત્રથી હો, પણ એના સ્વભાવની તો બેહદતાથી ભરેલો ભાવ છે. સમજાય છે કાંઈ? ક્ષેત્રથી આટલો ભલે હોય, પણ એના સ્વભાવ બેહદ શ્રદ્ધાસ્વરૂપથી ભરેલો એ પદાર્થ છે. તો કહે છે કે દર્શન—સમ્યગ્દર્શન પ્રગટ થાય એ કાર્ય ક્યા કારણથી થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

ભૂતાર્થ દૃષ્ટિ કહ્યુંને? '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. એ ઈ વાત છે. કારણદૃષ્ટિ કહો કે ભૂતાર્થ ત્રિકાળ પડ્યું છે એમાંથી કાર્ય થાય છે. આહા..હા..! એને ક્યાં પડી છે? એના તરફનો વિશ્વાસ નહિ. એ પોતે એટલે કાંઈ નહિ, એમ જાણે. અહીંથી આવશે, અહીંથી આવશે, અહીંથી આવશે. મારો સમ્યક્ ધર્મ અહીંથી આવશે. ભાઈ! એ સમ્યગ્દર્શનનો કાર્યરૂપ પર્યાય, એ કારણદૃષ્ટિ આત્મામાં ત્રિકાળ પડેલી છે (એ) અસ્તિમાંથી આવે છે, નાસ્તિમાંથી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એ ઉદયાદિ ચાર. આત્મામાં પર્યાયના ચાર પ્રકાર આ. આ ચાર. પર્યાય એટલે અવસ્થા. સમજાણું? છેને નીચે? જુઓ, એ વિભાવ એટલે વિશેષ ભાવ છે. વિશેષ એટલે એની પર્યાય છે. સામાન્યગુણ છે એ નહિ. સામાન્યગુણ તો એનો પારિણામિકભાવે ત્રિકાળ ધ્રુવ છે. આ ઉદય, ઉપશમ, રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત પરિણામ આદિ ઉદયભાવ છે. ઉપશમ, સમ્યગ્દર્શન કે ચારિત્ર પણ ઈ પર્યાય છે, જે અપેક્ષિત છે. નિમિત્તની અપેક્ષા અને નિમિત્તના અભાવની અપેક્ષા એમાં છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શન એ પણ પર્યાય છે. એમાં પણ કર્મના નિમિત્તનું કંઈક અને અભાવનું એવું અપેક્ષિત છે. ક્ષાયિકભાવમાં પણ નિમિત્તના અભાવની અપેક્ષા

છે. એવા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભગવાન આત્મામાં એ વર્તમાન વિશેષ, વિશેષ વર્તમાન અવસ્થાના પ્રકાર, ભેદ છે. સમજાણું કાંઈ? એ અપેક્ષિત ભાવ છે. વિશેષ ભાવ છે એટલે પર્યાય છે, અપેક્ષિત ભાવ છે એટલે જેમાં અપેક્ષા નિમિત્તના સદ્‌ભાવની અને અભાવની આવે છે. ઉદયમાં નિમિત્તના સદ્‌ભાવની અપેક્ષા, બીજા ત્રણમાં અભાવની અપેક્ષા. પણ અપેક્ષા છે. એથી તેને વિભાવભાવ કહેવામાં આવ્યા છે. આહા..હા..!

'(ઔદયકિ, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી...' નીચે ફૂટનોટ. 'તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે.' તેને વિભાવસ્વભાવ પરભાવો. સમજાણું કાંઈ? ત્રણ શબ્દ વાપર્યા છે. પાઠમાં જ છેને પણ? વિભાવસ્વભાવ પરભાવ. ભગવાન આત્મા જેમાં ત્રિકાળ સ્વભાવ, એક એક ગુણ જે ત્રિકાળ છે, અત્યારે દર્શન અને દૃષ્ટિના કારણસ્વભાવની વાત ચાલે છે. જ્ઞાનસ્વભાવની વાત થઈ ગઈ. કારણદૃષ્ટિ અથવા કારણદર્શનોપયોગ એ આત્મામાં ત્રિકાળ છે અને આ ચાર ભાવ જે છે એ તો અપેક્ષિત છે, વિશેષ છે, વિભાવસ્વભાવ છે અને પરભાવ છે. ત્રિકાળ ત્રિકાળ જ્ઞાયકભાવ સ્વભાવની અપેક્ષાએ ક્ષાયિકભાવ પણ પરભાવ છે. સમજાય છે કાંઈ? ભગવાન પરમભાવ વસ્તુ વસ્તુ વસ્તુ જેમાં ઉત્પાદ-વ્યય નથી. એક સમયનો ઉત્પાદ-વ્યયનો એક અંશનું સત્ એમાં નથી, એવો મહા સત્‌સ્વરૂપ એમાં દર્શન અને દૃષ્ટિ જે છે એ ત્રિકાળ છે. એને કોઈ અપેક્ષા અભાવ, સદ્‌ભાવની આવતી નથી. એવો આત્મામાં ત્રિકાળ દર્શનોપયોગ અને ત્રિકાળ દૃષ્ટિ શ્રદ્ધા, સ્વરૂપશ્રદ્ધા એની અપેક્ષાએ અહીંયા ચાર ભાવ જે છે, ક્ષાયિકસમકિત પ્રગટે તો પણ એને વિભાવસ્વભાવ અને પરભાવ કહ્યો છે. કેવળજ્ઞાન હો તો પણ એક સમયની પર્યાય છે, અપેક્ષિત છે તેથી વિશેષ, વિભાવ નામ વિશેષ છે સ્વભાવ અને તેથી ત્રિકાળ પરમભાવની અપેક્ષાએ એને પરભાવ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! સમજાય છે કે નહિ આ? અહીંયા હળવે હળવે તો ચાલે છે, આમાં કાંઈ બહુ ઉતાવળું નથી ચાલતું. આહા..!

એ ભગવાન એક સમયની વર્તમાન અવસ્થા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય, કહે છે કે ભાઈ! એ વિભાવ છે (અર્થાત્) વિશેષ ભાવ છે. એ વિભાવ અપેક્ષિત ભાવ છે, એ વિભાવ પરભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે.' જુઓ, કીધુંને. વિભાવસ્વભાવ પરભાવોને અગમ્ય છે. ભાષા શું છે? ભગવાન આત્મા એનો દર્શનોપયોગ જે ત્રિકાળ, ભગવાન આત્મા એની સ્વરૂપદૃષ્ટિ ત્રિકાળ એ ક્ષાયિકભાવથી પણ અગમ્ય છે. ભાષા જુઓ, એનો અર્થ કે ક્ષાયિકભાવ કે પાંચ ભાવ છે એને આશ્રયે એ પ્રગટ થાય (નહિ), નવી પર્યાય પ્રગટ નથી થતી. અહીં તો કહ્યું કે વિભાવસ્વભાવ પરભાવ એની વ્યાખ્યા આટલી કરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એના અંતરમાં કારણદૃષ્ટિ જે ત્રિકાળ છે એ પરમસ્વભાવભાવે છે.

પરમસ્વભાવભાવે છે. અને કારણદર્શનોપયોગ જે આત્મામાં ત્રિકાળ એ પણ પરમપારિણામિક સ્વભાવભાવે છે. એની અપેક્ષાએ ચાર ભાવ જે કહેવામાં આવ્યા—વિકાર, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તેને વિશેષ અપેક્ષિત પરભાવ કહીને તેનાથી કારણસ્વરૂપદૃષ્ટિ અને કારણદર્શનોપયોગ એ ચાર ભાવથી અગમ્ય છે. અગમ્ય છે એનો અર્થ એ ચારને આશ્રયે પ્રગટ થાય એવો નથી એ અપેક્ષાએ અગમ્ય કહ્યો છે. ઉપશમભાવ.. અહીં તો આવ્યું હતું પહેલું તો, સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યક્જ્ઞાન હોય છે. જુઓ આવ્યું હતું. '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.**' પહેલાં આવી ગયું હતું. સમજાય છે? છેલ્લી લીટી હતી, ૨૮ પાને. પરમભાવમાં સ્થિત, પરમભાવમાં સ્થિત. પરમભાવ એવો જે ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળ દર્શન, ત્રિકાળ દૃષ્ટિ, સ્વરૂપદૃષ્ટિ એમાં સ્થિત, એ સ્થિત છે તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ છે. સમજાણું કાંઈ? એને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. કહો, સમજાણું આમાં?

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કબુલે ત્રણ છતાં એને આશ્રયે નથી માટે એને અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે. જણાય તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય દ્વારા 'આ છે' એમ પકડાય, પણ એના આશ્રયે ન પકડાય એટલે એને કહ્યું કે એને અગમ્ય છે એમ કહ્યું. એને આશ્રયે અગમ્ય છે માટે એનાથી અગમ્ય છે એમ કહ્યું. એને આશ્રયે અગમ્ય છે તો એનાથી અગમ્ય છે એમ કહ્યું. આહા..હા..! અરે..! ચૈતન્ય બાદશાહ કોણ છે એનો કોઈ દિ' એણે વિચાર કર્યો નથી. આહા..હા..! જેના સ્વરૂપમાં અનંતઆનંદ ઝુલે છે, અતીન્દ્રિય આનંદના હિલોળા પડ્યા છે. આહા..હા..! અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી, તું કેવડો ક્યાં કેમ છો!

ભગવાન આત્મા એ શરીર, કર્મથી તો રહિત જ છે અત્યારે અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે દયા, દાન, ભક્તિ, વ્રત, તપના એનાથી પણ એ રહિત જ છે તત્ત્વ. પણ એની વર્તમાન પર્યાયમાં ઉપશમ, ક્ષયોપશમ આદિ પ્રગટ દશા થઈ હોય એનાથી પણ રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરનું તત્ત્વ આત્માનું એને સમજવા માટે અનંત ધ્રુવની દૃષ્ટિ જોઈએ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય ધ્રુવ... હમણા કહેશે. અહીં તો ફક્ત વિભાવસ્વભાવ પરભાવ કહ્યાને, એની વ્યાખ્યા કરી. ત્યારે ઓલો કેવો છે ભાવ? સદા પાવનરૂપ '**એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' એમ લેવું હવે. ચાર ભાવથી અગમ્ય એવો. એમ. સમજાણું કાંઈ? ચાર ભાવથી એટલે એના આશ્રયથી. નીચે ખુલાસો કર્યો છે, જુઓ, 'એક સહજપરમપારિણામિકભાવને જ સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે.' છેને? સદા પાવનરૂપ અને અહીંથી એવો સહજપરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે એવો સ્વરૂપદર્શનોપયોગ અને સ્વરૂપશ્રદ્ધાદૃષ્ટિ ત્રિકાળ. બેયને લાગુ પાડવું. સમજાણું કાંઈ?

'**જે કારણસમયસારસ્વરૂપ છે,...**' એમ કહે છેને? આ ત્રિકાળને. એને અહીંયા કહે

છે કે એક સહજપારિણામિકભાવને સદા પાવનરૂપ નિજસ્વભાવ કહ્યો છે. ત્રિકાળ ત્રિકાળ દર્શનોપયોગ અને સ્વરૂપદષ્ટિ ત્રિકાળ એને સ્વભાવિક પરમપારિણામિક એટલે અપેક્ષા વિનાનો એને સદા પાવનરૂપ અને નિજસ્વભાવ કહ્યો છે. ઓલા ચારને જ્યારે વિભાવ પરભાવ કહ્યા ત્યારે આને સ્વભાવ નિજભાવ કહ્યો. આહા..હા..! અહીંયા દર્શનોપયોગ ત્રિકાળ અને ત્રિકાળ સ્વરૂપદષ્ટિ એને જ્યારે સ્વભાવભાવ કહ્યો એને નિજભાવ કહ્યો. ત્યારે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને પરભાવ કહ્યો અને વિભાવ કહ્યો. આ સ્વભાવ સામે વિભાવ, નિજ સામે પર. સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ, ચીમનભાઈ? આ તો હળવે હળવે ચાલે છે. એને વિચારવાનો થોડો વખત રહે છે. વિચાર કરે તો. વિચાર કરે તોની વાત છેને. ન કરે તો.. આ શું કહે છે? ચાલ્યું જાય. આહા..હા..!

કહે છે, ભાઈ! ભગવાનમાં અંદર આત્મામાં, આ ભગવાન હોં! એમાં અંતર દર્શનોપયોગ જે ત્રિકાળ અને દષ્ટિ, સ્વરૂપદષ્ટિ ત્રિકાળ છે એ સદા પાવન સહજસ્વભાવ તે નિજભાવ છે. એની અપેક્ષાએ રાગ-દ્વેષના, દયા, દાન, વ્રતના, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વિકાર અને પરભાવ અને વિભાવ છે. અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ પણ વિશેષ ભાવ તરીકે વિભાવ છે અને જેને પરની અપેક્ષા આવે છે માટે અપેક્ષિત છે અને તેથી તેને નિજ ત્રિકાળ દર્શનોપયોગ અને સ્વરૂપદષ્ટિની અપેક્ષાએ એને પરભાવ કહેવામાં આવે છે. આહા..હા..! એ.. ન્યાલભાઈ! આ નિયમસાર ઘરે રાખ્યું હતું કે નહિ? જૂના માણસ છેને. ભઈ! આ રહ્યું. આહા..હા..!

ભાઈ! તને અંદરમાં શું સમૃદ્ધિ પડી છે એ એણે સાંભળી નથી. હું તે કેવડો છું? પરમાત્મા? એક એક ગુણે પરમાત્મા? એક એક ગુણે પરમાત્મા એટલે પરમસ્વરૂપ. એક એક ગુણે પરમસ્વરૂપ. એવો એક એક જ્ઞાનોપયોગની વ્યાખ્યા થઈ ગઈ. ભગવાન આત્મામાં દર્શન વેપાર, દર્શન-દેખવું એવો એક ઉપયોગ અથવા સ્વરૂપદષ્ટિ શ્રદ્ધા એવો ત્રિકાળ શ્રદ્ધાભાવ એ નિજસ્વભાવભાવ એ નિજપારિણામિકભાવ તેથી તેને સ્વભાવભાવ સદા સહજ પાવનરૂપ ભાવ કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આમ જોઈએ તો ઉદય, ઉપશમ, ક્ષાયિકને પાવન ન કહ્યો. આહા..હા..! ... ચારને ન કહ્યો. સદા પાવનરૂપ, સદા પવિત્રરૂપ, ત્રિકાળ ભગવાન આત્મામાં રહેલા દર્શન, જ્ઞાન, શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ પાવનરૂપ અને ચાર ભાવથી અગમ્ય એવો ત્રિકાળ સ્વભાવભાવ, સહજપારિણામિક પરમભાવરૂપ, સહજપરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે. એટલે અંતરના દર્શનગુણનો અને સ્વરૂપદષ્ટિનો સદા પાવનરૂપ સહજપરમપારિણામિક સ્વભાવભાવ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એ ચાર વિભાવોનો... જુઓ નીચે. સદા પાવનરૂપ નિજસ્વભાવ કહ્યો. ઓલાને સદા નહિ, એક સમયની અવસ્થા, એ પાવન આવો પવિત્ર એવો એ નહિ. અને તે પોતાનો ભાવ નહિ. એક સમયની દશા વર્તે છે એ અપેક્ષાએ એને પરભાવ કહેવામાં આવે છે. નિજઘરમાં

કાયમ રહે તેને નિજભાવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં કાયમ નિજભાવ રહે, સ્વભાવ કાયમ રહે તેને નિજભાવ કહે છે. એક ક્ષણમાં રહે તેને ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાયને પણ એક સમયની પર્યાય તેને પરભાવ વિભાવ કહી, અપેક્ષિત કહીને પરભાવ કહી દીધું છે. સમજાણું કાંઈ? રાડ નાખે આમાં તો માણસ કહે, એકાંત છે, એકાંત છે. અરે..! સાંભળને હવે. એકાંત-અનેકાંતની તને ખબર પડે છે? આહા..હા..!

ભગવાન આત્મા આમ ધ્રુવ.. ધ્રુવ ધારા. ધ્રુવ ધ્રુવ વસ્તુ છે એની એક સમયની દશાનો કાળ ચાર પ્રકારના ભાવનો, એક સમયની દશા છે. કેવળજ્ઞાન પણ એક સમયની દશા છે. સિદ્ધની દશા પણ એક જ સમયની છે. વસ્તુમાં જે ગુણ છે સદા પાવનરૂપ પરમપારિણામિક સહજ ભાવે રહેલો ત્રિકાળ ભાવ તેને નિજભાવ, પવિત્રભાવ, પાવનભાવ, સ્વભાવભાવ, પરમપારિણામિકભાવ, ધ્રુવભાવ કહેવામાં આવે છે. આહા..હા..! આ એનું લક્ષ કર્યે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય એવું છે. આહા..હા..!

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પડ્યું છેને, આમ ધારાવાહી ચાલે છેને. તું લક્ષ કર ત્યારે કારણ બન્યું કહેવાયને? લક્ષ કર તો કારણ બન્યું તેમાંથી જે શક્તિ છે તે ધારાવાહી કાર્યરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? એ શક્તિ રાગમાં નથી, નિમિત્તમાં નથી, એની પર્યાયમાં નથી. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા જગતથી જુદી જાતનો છે. જગત કલ્પે છે આત્મા અને આત્મા આમ થાય અને એને આમ થઈ જાય, આમ ધ્યાન કરે તો આમ થાય. એ.. ધર્મચંદજી! અસ્તિનું અસ્તિપણું કેવડું કેટલું છે એના ભાન વિના નાસ્તિપણું થશે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અસ્તિપણે હોવાપણે, સત્તાપણે, ભાવપણે, સ્વભાવપણે એક એક ભાવ પરિપૂર્ણ સ્વભાવપણે ભરેલો ભગવાન આત્મા છે. એને નિજભાવ સ્વભાવભાવ, પોતાના ઘરનો ભાવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખંડવામાં સાંભળ્યું હતું કે નહિ? ... આહા..હા..! ભાઈ! તું કોણ છો? તારું ઘર કેવડું એની વાત ચાલે છે. તારું ઘર મોટું. ઓલા સાધારણને કહે, અમે મોટા ઘરના છીએ, હોં! કહે કે નહિ? એમ કહે, અમે મોટા ઘરના હોં! અમારે આ ન પાલવે. સમજાય છે? અમે મહાજન છીએ હોં! નેમિદાસભાઈના બૈરા છેને, એને લઈ ગયો હતો ... માંસ ખવડાવવા મંડ્યા. પહેલાં એવું કર્યું હતું. અજાણ્યા લઈ ગયા, પછી ખબર પડી.. અરે..! અમે મહાજન, અમને આ ન હોય. એને મહેનત બહુ પડી. આ કંચનબેનને.

અહીંયા કહે છે, અરે..! તું મહાજન છો હોં! ઈ આવે છેને ભાઈ? મહાજન નથી આવતું? ...શક્તિમાં આવે છે. સમયસાર શાસ્ત્રમાં આવે છે. મહાજન. સમજાણું કાંઈ? ભગવાન તારા ગાણા એટલા છે કે એ વાણીએ પૂરું ન પડે એટલા ગાણા છે કહે છે અહીં. એટલા શબ્દો

કહે, એવો તું તને નજરમાં ન લે અને જ્યાં ત્યાંથી કલ્યાણ થાય એવી તું ચીજ છો નહિ. આહા..! ચીમનભાઈ! ન્યાં ક્યાંય છે આ? એંજીન-ફેંજીનમાં નથી? આહા..હા..! કહે છે, પ્રભુ!

'ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી...' નીચે નોટ. 'પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી. પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે).' એથી તેને ચાર ભાવથી અગમ્ય કહેવામાં આવ્યો છે એમ અહીં સિદ્ધ કરવું છે. કારણ કે ચાર વિભાવસ્વભાવને અગમ્ય છેને, એમ કીધુંને? અગમ્ય, અગોચર એને ખબર નથી પડતી. આ અપેક્ષાએ. ચાર ભાવનો આશ્રય લેવાથી... ક્ષાયિકસમકિત થયું હોય તો એનો આશ્રય લેવાથી નવી નિશ્ચયપર્યાય સાચી પ્રગટ થતી નથી. ક્ષાયિકસમકિતી ક્ષાયિકસમકિતનો આશ્રય લે જ નહિ. પણ એ લે જ નહિ. કારણ કે દૃષ્ટિમાં દ્રવ્ય પડ્યું છે ત્યાં જ આશ્રય ધ્રુવપણે મુખ્યપણે નિશ્ચયનો આશ્રય સદા સાધ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી વર્તે છે. સમજાણું કાંઈ? ભાષા આવી કઈ જાતની!

કહે છે, એ અગોચરની વ્યાખ્યા કહી. અને એ વિભાવસ્વભાવનો આશ્રય કરવાથી ન પ્રગટે આત્મા એ અપેક્ષાએ ચાર ભાવથી ભગવાન આત્મા અથવા એનો દર્શનોપયોગ ધ્રુવ અથવા એની સમ્યગ્દર્શન દૃષ્ટિ જે સ્વરૂપદૃષ્ટિ ધ્રુવ તે ચાર ભાવને આશ્રયે પ્રગટ થતી નથી. એ ચાર ભાવમાં નથી અને ચાર ભાવના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. એ સ્વરૂપદૃષ્ટિ અને સ્વરૂપદર્શનોપયોગ ત્રિકાળ પરમસ્વભાવ છે એનો આશ્રય કરવાથી ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમ આદિ પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી કહે કે દેવ-ગુરુને આશ્રયે સમ્યગ્દર્શન થાય. ભગવાનને દેખીને પરમાત્મદર્શન થાય એને નિદ્ધત-નિકાચિત કર્મનો નાશ થાય. તો ઓલા રાજી થઈ જાય, આહા..હા..! ભગવાનના દર્શન કરીએ ચાલો હંમેશાં.

**શ્રોતા :—** કો'ક દિ' થઈ જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડમાંય નહિ થાય, કો'ક દિ' શું થાય?

**શ્રોતા :—** ભગવાન સાચા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભગવાન ક્યો પણ? તારો કે બીજો? કેવળીના ગુણ એટલે કે તારા ગુણ એટલે કોણ? એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? સમયસારમાં એમ લીધુંને, કેવળીના ગુણો ગાય. કેવળીના ગુણો ગાતા તારા ગુણ એમ અર્થ લઈ લીધો. કેવળીના ગુણોના સ્તવને કેવળીના ગુણનું સ્તવન કહેવાય છે. ત્યારે અર્થ શું લીધો? કે આત્માના અનંત ગુણો જે ધ્રુવપણે છે એમાં એકાગ્ર થવાથી કેવળીના ગુણો ગાયા એમ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાં એમ કીધું, કેવળીના ગુણોના સ્તવનથી તે સાચા ... કેવળી તો ભગવાન રહ્યા. વળી પાછા કેવળીના ગુણનું સ્તવન કહે. કેવળી એટલે તું! તું કેવળ ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એમાં અનંતા ગુણો એના જે ગુણગ્રામ ગાય એટલે કે એમાં એકાગ્ર

થાય એટલે એવા અનંત ગુણના બહુમાનથી સ્થિર થાય એ કેવળીના ગુણ ગાયા કહેવાય. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! છે કે નહિ? ૩૧મી ગાથા. '**जो इंदिये जिणित्ता**'. ભગવાન! તમે તો કીધું કે કેવળીના ગુણો ગાય. એના શરીરના ગુણો નહિ. એના શરીરના ગુણ નહિ. રંગ કેવો ને.. એના આત્માના ગુણો. તો આત્માના ગુણો તમે કહેતા હતા અને વળી પાછા ક્યાં લાવ્યા આત્મામાં? સમજાણું? તમારું ક્યાં ઠેકાણું છે, કોઈ વળી એમ કહે લ્યો. તમે તો ઓલો વ્યવહાર તોડવા માંગો છે. કેવળીના ગુણોની વાત છે ત્યાં વળી પાછા આત્માના ગુણો લઈ ગયા ઈ કેવળીના ગુણો. તમે પરદ્રવ્યની વાતને બહુમાન દેવા માંગતા નથી.

'**नमः समयसाराय**' કહ્યું હતુંને? અરે..! ભગવાન! ઊભો રહે પ્રભુ! સ્થિર થા, ભાઈ! એ કેવળીના ગુણોનો અર્થ જ ઈ છે. કેવળજ્ઞાની આત્મા અને એના જે ગુણો પર્યાયપણે પ્રગટ્યા, એના ગુણો એટલે એ પ્રગટ્યા ક્યાંથી? એના ભગવાન આ આત્માના ગુણોમાં જાય ત્યારે તે કેવળીના ગુણો ગાયા એમ કહેવાય. સમજાણું કાંઈ?

કહે છે, કે ચાર ભાવથી કોઈ પણ સમ્યગ્દર્શન આદિની નવી પર્યાય (ન થાય). ક્ષયોપશમ સમકિત છેને, એને આશ્રયે ક્ષાયિક ન થાય. શાસ્ત્રમાં તો એવું આવે કે શ્રુતકેવળી અને તીર્થંકરની સમીપ ક્ષાયિકસમકિત થાય. એઈ..! એમ કહેવાય. આવે છે કે નહિ? પરમાત્મા આમ બિરાજતા હોય સર્વજ્ઞ ત્રિલોકનાથ અને દિવ્યધ્વનિ છૂટી.. આમ.. ઓહો..હો..! ધોધમાર કલ્પવૃક્ષ ફળ્યો ફાલતો હોય અંદરથી. ત્યાં ક્ષાયિકસમકિત થાય પાદમૂળમાં, આવે છેને ગોમ્મટસારમાં. અહીં કહે છે કે ક્ષયોપશમસમકિતને આશ્રયે ક્ષાયિક ન થાય. તો ભગવાનના આશ્રયે, લક્ષે થાય એમ છે નહિ. એ તો નિમિત્તનું વાતું કરી છે. પામવા કાળે ત્યાં કોણ હતું નિમિત્તપણે એનું જ્ઞાન કરાવ્યું. અહીં શું કહે છે? સમજાણું કાંઈ?

ક્ષયોપશમજ્ઞાન જે સમ્યગ્દર્શન થયું, એ ક્ષયોપશમજ્ઞાન થયું સમ્યક્, એને આશ્રયે કેવળજ્ઞાન થાય એમ નથી. ક્ષયોપશમસમકિતને આશ્રયે ક્ષાયિકસમકિત થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં જ્યાં ભગવાન સમીપે બિરાજમાન કર તો થાય એમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ધ્રુવ ધ્રુવ ભગવાન જેનામાં કારણદર્શન, કારણદષ્ટિ, કારણજ્ઞાનોપયોગ ત્રિકાળ પડ્યો છે એને આશ્રયે સમ્યગ્દર્શન થાય, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય, એને આશ્રયે સમ્યક્ચારિત્ર થાય, એને આશ્રયે શુક્લધ્યાન થાય, એને આશ્રયે કેવળજ્ઞાન થાય.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કોણ?

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ... અમારા પંડિતજીએ તમારું કાઢ્યું. .. પડ્યા એટલે દેખાતા નથી. પણ નજર કરે એને દેખે કે નજર ન કરે અને દેખાય? આંખ મીંચીને બેઠો. લ્યો આવ્યું જુઓ. સોનાના નળિયા થયા. સવારે નથી કહેતા? ઉઠ તો ખરો, સોનાના નળિયા

થયા. ક્યાં છે પણ? હું તો ભાળતો નથી. બહુ સૂતો હોયને, શું કહેવાય? દાળદરનો ગોર. આઠ વાગ્યા સુધી સુતો હોય. આ ચાના ટાણા થયા, નળિયા થયા ઊના, જોને, આ બધા પીને ચાલ્યા ગયા. છોકરા નિશાળે ગયા અને તું હજી સુતો છો? શું છે પણ? ક્યાંય દેખાતું નથી. આમ ભીંસ કરી. આંખે ભીંસ કરીને ચીપડા વાળીને સુતો હોય અંદર. એમ ભગવાન આત્મા અનંતગુણ ક્યાં છે એની નજર તો કરતોં નથી. ભલે ભગતપણે બેઠા, પણ નજર કરે તો બેસે કે નહિ? ભગવાન ભાળેને. એમ કે ભગત.. કાંઈ પ્રગટ દેખાય નહિ, આમ પડ્યા સુનમુન જેવા પડ્યા. અમારે પંડિતજીએ ઠીક અર્થ કર્યો હોં! નહિતર.. આહા..હા..!

કહે છે, એ વસ્તુનો અંતર સ્વભાવ જેમાં પર્યાયના ઉકેલની તાકાત છે. એ ઉકેલ થઈને, એનો ઉકેલ થઈને પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, ક્ષાયિકસમકિત, ચારિત્ર, વીતરાગતા, આનંદ, શાંતિ વગેરે જે દશા પ્રગટ થાય એ બધા ત્રિકાળ ભગવાન આત્માના અનંત અનંત ગુણમાં તે તે ગુણને આશ્રયે તે તે કારક કાર્ય થાય છે. અહીં તો એ સિદ્ધ કરે છે, લ્યો. સમજાણું કાંઈ? તે તે ગુણને કારણે આ કાર્ય થાય, દ્રવ્ય કારણ નથી લેતા. કારણ કે એ તો અહીં લેવા જાય તો દ્રવ્ય કારણ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એ ચાર ભાવને અગમ્ય છે એવી કારણદૃષ્ટિ. અંતરમાં શક્તિ સત્ત્વરૂપ દર્શનોપયોગ, દર્શનોપયોગ ત્રિકાળ અને કારણઉપયોગ કારણદૃષ્ટિ સ્વરૂપશ્રદ્ધા ત્રિકાળ કેવી છે? '**સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે.**' એક વાત. '**જે કારણસમયસારસ્વરૂપ છે,...**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ એમાં દર્શનોપયોગ જે કારણત્રિકાળ અને સ્વરૂપદૃષ્ટિ જે ત્રિકાળ એને કારણસમયસારસ્વરૂપ કહ્યું છે. એ કારણસ્વરૂપ જ પોતે સમયસારસ્વરૂપ, કારણ આત્મસ્વરૂપ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહે છે કે તારા શાંતિ આદિ ગુણની દશાનું કાર્ય પ્રગટ કરવું હોય તો અંતરમાં એ કારણદર્શનોપયોગ, કારણદૃષ્ટિ ને કારણજ્ઞાન એને આશ્રયે થાય છે. એ કારણસમયસારસ્વરૂપ જ દર્શનોપયોગસ્વરૂપ દૃષ્ટિ કારણસમયસારસ્વરૂપ છે. સદા પારિણામિકભાવરૂપ છે અને એ કારણસમયસારસ્વરૂપ છે. સમજાણું કાંઈ? વસંતીલાલજી! મોટી સભામાં રાડું પાડે છે, એકાંત એકાંત છે. આ મોટી સભામાં જાય તો કોલાહલ કરી દે છે. એ.. આ બધું ... દયા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી એમાંથી લાભ તો કાંઈ કહેતા નથી. સાંભળને, ભગવાન કહેતા નથી. તને ક્યાં ભાન છે, સાંભળને. સમજાણું કાંઈ?

અહીં તો પ્રગટેલી પર્યાયને આશ્રયે પ્રગટતી નથી પર્યાયનો લાભ, એમ કહે છે. ભગવાન આત્મા જે ત્રિકાળ દર્શનોપયોગ,.. અહીં જે જે ઉપયોગની શક્તિ હોય એને એને.. સ્વરૂપદૃષ્ટિ ત્રિકાળ તે કેવી છે? કે પરમપારિણામિકસ્વભાવ જેનો સ્વભાવ, કારણસમયસારસ્વરૂપ નિરાવરણ જેનો સ્વભાવ છે. ત્રિકાળ સ્વરૂપદૃષ્ટિ અને દર્શનોપયોગ નિરાવરણ આત્મામાં છે. સમજાણું કાંઈ? ઉપયોગ એના પરિણામ લીધા. કેવળજ્ઞાન આદિ ઉપયોગ વળી એ ઉપયોગના ચાર...

સ્વભાવ અને વિભાવ, ઉપયોગના પાછા ભેદ લીધા. ત્રિકાળ કારણઉપયોગ નિરાવરણ જેનો સ્વભાવ છે. ભગવાન આત્મામાં દર્શનોપયોગ કારણ ત્રિકાળ નિરાવરણ છે. એમ સ્વરૂપદષ્ટિ શ્રદ્ધા આખા સ્વરૂપની દષ્ટિ ત્રિકાળ એ પણ નિરાવરણ છે. પ્રગટેલીની અહીં વાત નથી.

'**જે નિજસ્વભાવસત્તામાત્ર છે,...**' શું કહે છે? ભગવાન આત્મામાં દર્શનસ્વભાવ કે સ્વરૂપદષ્ટિ સ્વભાવ એ નિજસ્વભાવસત્તામાત્ર છે, નિજસ્વભાવસત્તામાત્ર છે. પોતાના સ્વભાવના હોવામાત્ર ઈ છે. દર્શનોપયોગ અને સ્વરૂપદષ્ટિ ત્રિકાળ નિજસ્વભાવસત્તામાત્ર એનું સ્વરૂપ છે. નિજસ્વભાવ હોવાપણામાત્ર જેનું સ્વરૂપ છે, જેમાં ઉત્પાદ વ્યય નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! નિજસ્વભાવસત્તા એમ પાછું. પોતાના સ્વભાવ કાયમ રહે એવી હોવાવાળી એ સત્તા છે. સમજાણું કાંઈ?

અને '**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' દર્શનોપયોગ કે સ્વરૂપદષ્ટિ પરમચૈતન્યસામાન્ય ધ્રુવ ત્રિકાળ. પરમચૈતન્ય એકરૂપ સ્વરૂપ છે. દર્શન, દષ્ટિ પરમચૈતન્યસામાન્ય એકરૂપસ્વરૂપ છે. આ તો યાદ પણ રહે નહિ. ઘરે પૂછે કે શું સાંભળી આવ્યો? વાર્તા હોય તો ખબરેય પડે, લ્યો. શ્રેણિક રાજા આમ ગયા હતા નરકમાં. આયુષ્ય બાંધ્યું હતું. પણ ભગવાનના દર્શન કર્યા નરકનું આયુષ્ય તોડી નાખ્યું લ્યો, ફડાક દઈને. મોટી સ્થિતિ બાંધી હતી એને ચોર્યાશી હજારની કરી. એવી વાત તો પકડાય ઝટ. આમ થયું જુઓ ત્યાં. કેટલું અને તીર્થંકરગોત્ર બાંધ્યું. ચોર્યાશી હજારનું રહી ગયું આયુષ્ય. આહા..હા..! પણ કોને લઈને? ક્ષાયિકસમકિત પામ્યા એ પણ સ્વરૂપની અંદર દષ્ટિ છે એને કારણ બનાવીને કાર્ય પામ્યા છે. સમજાણું કાંઈ? કહેવાય કે ભગવાન પાસે ક્ષાયિકસમકિત પામ્યા. એમ બોલાય કે નહિ? વ્યવહારના કથનો એવા. ભગવાન બિરાજતા હતા સમવસરણમાં, તીર્થંકરગોત્ર અને ક્ષાયિકસમકિત ત્યાં પામ્યા. કહો, સમજાણું કાંઈ?

'**જે અકૃત્રિમ પરમસ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' .. લે છેને આખો. જે અંદર આત્મામાં દર્શનોપયોગ, દષ્ટિસ્વરૂપ દષ્ટિ છે એવો જ એક ત્રિકાળ સ્વભાવ અકૃત્રિમ, ચારિત્ર છેને બહારનું એ તો બનેલી પરિણતિ છે, આ તો ચારિત્ર એવો ત્રિકાળ ગુણ છે કે અકૃત્રિમ અણકરાયેલો, ચારિત્ર જે રમણતા, ચારિત્ર છે એ તો કરાયેલું કાર્ય છે. ચારિત્ર જે શાંતિ અને વીતરાગ પરિણતિરૂપી ચારિત્ર એ તો કર્તવ્યરૂપે કાર્યરૂપે ચારિત્ર છે, અકૃત્રિમ નહિ એ, કૃત્રિમ એટલે કરાયેલું કાર્ય છે. આ અકૃત્રિમ ત્રિકાળ ભગવાન આત્મામાં પરમસ્વસ્વરૂપમાં, પરમસ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિમય, અંદરમાં પરમ સ્વસ્વરૂપમાં ચળે નહિ એવી સ્થિતિમય. પાછું અભેદ લીધું, સ્થિતિ અભેદ એવું શુદ્ધચારિત્રસ્વરૂપ જ ત્રિકાળ છે અંદર. સમજાણું કાંઈ?

મૂળમાં પાણી પાય તો ફળ આવે કે ફળને પાણી અડાડે તો ફળ આવતા હશે? લ્યો, ઓલો આંબો નાનો છેને, એટલે હમણાં ઓલો કહે છે, આટલી આટલી કેરી આવી ગઈ

છે. શું કહેવાય? ખાખટી આટલી આટલી. હવે એને પાણી નાખે તો, મૂળમાં પાણી નાખે તો વધશે. એમ કહેતા હતા ઓલા દરબાર. ખાખટી આવી એને પાણીમાં બોળી હોય તો? મૂળમાં પાણી નાખે તો ત્યાં થાય. નાળિયેરીમાં એમ છે નાળિયેરીમાં. નાળિયેરીમાં પાણી ન હોય... ત્યાં જાય છેને જંગલમાં, .. વયા ગયા હોય. નાળિયેરમાં અંદર પાણી ન હોય તો હેઠે ગંદા પાણી હોયને, ગંદા, નાખે મૂળમાં. ... નીકળે એમાંથી. મીઠું પાણી ભરાય. ખાલી હોય તોપણ. ન્યાં નાળિયેરમાં કાણું પાડીને નાખવા જાય તો મીઠા થાતા હશે? સમજાણું કાંઈ?

એક .. કહેતો હતો, જામનગરમાં નહિ? ... ઈ વોરા કહેતા હતા, લોટિયા વોરા હતાને, વ્યાખ્યાનમાં આવતા હતા. અમે જઈ ચડ્યા હતા વહાણમાં. ક્યાંય વહાણ ખેંચાઈ ગયું. લોઢાના ઓલાને લઈને. કાંઈક લોહચુંબકનો ડુંગર હશે. ખેંચાઈ ગયું. હવે એકલું વહાણ. કોઈ ન મળે. ત્રણ દિ' સુધી કોઈ નહિ. ક્યાંય ... નહિ કોઈ નજર. નાળિયેરી હતી તો નાળિયેર તોડી નીચે પાણી નાખીએ અને નાળિયેર ખાઈએ, ટોપરું. ત્રણ દિ' કાઢ્યા. ત્યાં પછી એક વહાણ (આવ્યું). મૂળમાં પાણી નાખે તો ન્યાં ચડે.

એમ આત્મા વસ્તુ જે ધ્રુવ છે એમાં એકાગ્ર થાય કારણ તો અંદર પાણી ચડીને કાર્ય થાય. સમજાણું કાંઈ? એ.. ભગવાનજીભાઈ! કોઈ દિ' સાંભળ્યું નહોતું. સાંભળ્યું હતું આ? આ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે. ભાઈ! તારા કાર્યના કારણ તો તારી પાસે પૂરા પડ્યા છે. આહા..હા..! અકૃત્રિમ નહિ કરાયેલું. દરેકમાં ભાષા જુદી લીધી છે. ભાઈ! '**પરમસ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય...**' પરમસ્વસ્વરૂપમાં સ્થિતિ અનાદિની. એવા શુદ્ધ ચારિત્રસ્વરૂપ આ આત્મા છે સ્વરૂપે.

હવે '**જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...**' સમજાણું? પરમચૈતન્યસામાન્યસ્વરૂપ લઈ લીધું હતું. નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાન. આત્મા નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! સમજાય છે? '**અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...**' કેવો છે ભગવાન આત્મા? અનંતદર્શન, સ્વરૂપદૃષ્ટિ, સ્વરૂપજ્ઞાનોપયોગ ત્રિકાળ ભરેલા છે. એવો આત્મા '**સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય હોં! દુશ્મનોની સેના. પુણ્ય પાપના પાપોરૂપ વીર દુશ્મનો. છેને, એ પરાક્રમવાળા છેને, અનાદિના ઊંધા પડ્યા. સેનાની ધજા. ધજા ફરકતી હોયને. ફાટ તોડી નાખી. પોતાની ધજા ફરકે ઉપરથી. હું આનંદકંદ સચ્ચિદાનંદ મૂર્તિ છું. એનો આશ્રય કરે તો આ બધા નાશ થાય એવું છે.

'**એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર** જ છે (**અર્થાત્** કારણદૃષ્ટિ **તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર** જ છે.)' ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધામાત્ર કારણદૃષ્ટિ ત્રિકાળ પડી છે એને આશ્રયે સમ્યગ્દર્શન અને દર્શનોપયોગ પ્રગટ થાય છે. વિશેષ વાત લેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ-૧૦, બુધવાર, તા. ૧૬-૦૩-૧૯૬૬, ગાથા-૧૩, શ્લોક-૨૩, પ્રવચન નં. ૨૨

મોક્ષમાર્ગનો અધિકાર છે. જીવના સ્વરૂપની વાત છે. જીવના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ, બે વર્ણવ્યા. એના બાર પ્રકાર. જ્ઞાનસ્વભાવોપયોગ, દર્શનસ્વભાવોપયોગ. બાકી એની પર્યાયના બાર પ્રકાર લીધા. અંતરમાં જે કાયમ જ્ઞાનસ્વભાવોપયોગ ત્રિકાળી એને કારણસ્વભાવ જ્ઞાનોપયોગ કહ્યો. ત્રિકાળી દર્શનોપયોગ એને કારણદર્શનોપયોગસ્વભાવ કહ્યો. અને એમાં કારણશ્રદ્ધા-કારણદષ્ટિ આત્મામાં ત્રિકાળ કારણદષ્ટિનું સ્વરૂપ શ્રદ્ધા એ ત્રિકાળ છે. એ છેલ્લું આવ્યું જુઓ.

**'જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...'** કોણ? આત્મા. આત્મા અંદર અનંત શુદ્ધજ્ઞાન, શુદ્ધ શ્રદ્ધાસ્વરૂપ અને શુદ્ધ ચારિત્રસ્વરૂપ એવો આત્મા સમસ્ત દુઃષ્ટ પાપરૂપી વીર એના દુશ્મનની સેનાની ધજા એના નાશનું કારણ છે. **'એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** સમજાણું કે નહિ? ભગવાન આત્મા ત્રિકાળી એક સમયની પર્યાય અને રાગ-દ્વેષ વિનાનો, શરીર નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ અને એક સમયની અવસ્થા નહિ, એ સિવાયનું કાયમી સ્વરૂપ એમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતચારિત્ર, અનંત કારણદષ્ટિ પડી છે. કે જે સ્વરૂપશ્રદ્ધાનમાત્ર પૂર્ણ સ્વભાવની શ્રદ્ધાનમાત્ર ત્રિકાળ હોં! પર્યાયમાં નહિ. ત્રિકાળ વસ્તુમાં સ્વરૂપશ્રદ્ધાન. જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વરૂપ એનું સ્વરૂપશ્રદ્ધાન એ ત્રિકાળ એનામાં રહેલો ગુણ છે. વસંતીલાલજી!

સ્વરૂપશ્રદ્ધાન અને દર્શનોપયોગ કારણદર્શનોપયોગ એ ત્રિકાળ આત્મામાં (રહેલા છે). એને આશ્રયે દર્શન કાર્યદર્શનોપયોગ અને કાર્યસમ્યગ્દર્શન પર્યાય એ આત્માના અંતર્મુખના આશ્રયે પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? શું કીધું? જુઓ, **'સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે (અર્થાત્ કારણદષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).'** ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધા એનો સ્વભાવ જ એ છે. એ સ્વરૂપશ્રદ્ધા જે ત્રિકાળ... નીચે અર્થ કર્યો છે. જુઓ, 'સ્વરૂપશ્રદ્ધાન-સ્વરૂપ-અપેક્ષાએ શ્રદ્ધાન.' આ નવી પર્યાયની વાત નથી. પર્યાયની વાત નથી. ગુણની ત્રિકાળની વાત છે. સમજાણું કાંઈ? ત્રિકાળ અંદર સ્વરૂપશ્રદ્ધાનસ્વરૂપ, સ્વરૂપશ્રદ્ધાનસ્વરૂપ કારણદષ્ટિ આત્મામાં ત્રિકાળ છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

'(જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે,...' કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ જ્ઞાનસ્વભાવજ્ઞાન એ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે. અંદરમાં કારણજ્ઞાન સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે. પર્યાયની વાત નથી. ઝીણી વાત છે. ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે, સહજજ્ઞાન અંદર ત્રિકાળ

સ્વરૂપપ્રત્યક્ષ છે. 'તેમ કારણસ્વભાવદષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.)' કારણસ્વભાવદષ્ટિ એના બે અર્થ કર્યા. સહજદર્શન ત્રિકાળ અંદર અને એક સ્વરૂપશ્રદ્ધાન એ ત્રિકાળ આત્મામાં પડ્યું છે. એવું આત્માનું સ્વરૂપ એને ત્રિકાળ દર્શનોપયોગ કહ્યો અથવા ત્રિકાળ એને સ્વરૂપશ્રદ્ધાન કહ્યું. એવા આત્માની અંતર્મુખ દષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. સ્વરૂપશ્રદ્ધાના ગુણનો આશ્રય લેવાથી સ્વરૂપની શ્રદ્ધાની સમ્યગ્દર્શન પર્યાય પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? મૂળ વાત જ અધ્યાત્મની, સમ્યગ્દર્શન શું? સમ્યગ્દર્શન શું? વાત પડી રહી. બહારના થોથા આ કરું ને આ કરું.

ભગવાન આત્મા એક સમયમાં અનંત.. માથે કેટલા વિશેષણો વર્ણવ્યા જુઓને! ... ધ્રુવસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ જેમાં સ્વરૂપશ્રદ્ધાન શક્તિ રહી છે, જેમાં કારણસ્વભાવદર્શનોપયોગ રહ્યો છે, જેમાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ રહ્યો છે, જેમાં અવિચળ ચારિત્રદશારૂપ શુદ્ધ ગુણ રહ્યો છે. એવા આત્માને અંતર્મુખની દષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન પ્રગટ થાય એ વર્તમાન પ્રગટ દશામાં થાય છે. ધ્રુવના અવલંબે પ્રગટ દશા થાય છે. કહો, સમજાણું કાંઈ? એ કારણસ્વરૂપદષ્ટિની વાત કરી. એ.. ધર્મચંદજી! રાત્રે પૂછ્યું હતું, પછી જવાબ ન આવડ્યો. ...

હવે કાર્યદષ્ટિ. '**બીજી કાર્યદષ્ટિ...**' કાર્યદષ્ટિમાં '**દર્શનાવરણીય-જ્ઞાનવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.**' દર્શનોપયોગ એને અહીં કાર્યદષ્ટિ કીધી છે. અથવા કાર્યસમકિતની પૂર્ણ પર્યાય એનો પણ અહીંયા કાર્યદષ્ટિમાં સમાવેશ થાય છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કર્મની વાત ક્યાં છે? અહીં તો કહે છે કે ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એનો અંતર આશ્રય કરવાથી જે કાર્યસમ્યક્ કાર્યસમ્યગ્દર્શનોપયોગ થયો ત્યારે તેને દર્શનાવરણીય કર્મનો ક્ષય થઈ જાય છે. એમ છે. એમ છે, જુઓને પણ. કાર્યદષ્ટિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. એટલે કે ઘાતકર્મ ત્યાં રહેતા નથી. અહીં પોતાની પર્યાયમાં અંતર સ્વરૂપની કાર્યદષ્ટિ જ્યાં પ્રગટ થઈ એ કાળે દર્શનાવરણીયનો ક્ષય પરમાણુની પર્યાયથી એને કારણે થાય છે. એને અહીં ટૂંકા શબ્દમાં લીધું કે એના ક્ષયથી થાય એમ વાત કરી છે. સમજાણું કાંઈ? એમ કેમ? કે એ કંઈ ત્રિકાળ નથી. એ કાર્યદષ્ટિ ત્રિકાળ નથી. એટલે નવી થાય છે એટલે કર્મના ક્ષયથી થાય એમ કરીને કથન કર્યું છે. સમજાય એવું છે આમાં? આ તો એમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઘાતિકર્મના ક્ષયથી (આવ્યું). કર્મના ક્ષયથી કીધુંને એમાં? પણ ક્ષયથી ઉત્પન્ન થવું એમ બતાવવું છેને. કારણદષ્ટિ અને કારણદર્શનોપયોગ ઉત્પન્ન થતો નથી, ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં કારણદર્શનોપયોગ અને કારણદષ્ટિસ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે. એને ઉત્પન્ન થવું નથી. એથી અહીંયા કાર્યદષ્ટિમાં દર્શનઉપયોગની પર્યાય ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થાય છે એમ બતાવવા ઘાતિકર્મના ક્ષયથી ત્યાં ઉત્પન્ન થઈ એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'આ ક્ષાયિક જીવને—જેણે સકળવિમળ** (સર્વથા **નિર્મળ**) **કેવળજ્ઞાન વડે...'** ભગવાન પરમાત્માને તીર્થંકરદેવને કાર્યદૃષ્ટિ પ્રગટી છે. કારણદૃષ્ટિ તો સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે અને સ્વરૂપદર્શનોપયોગ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરને એ કેવળજ્ઞાન સકળવિમળ **'કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે...'** સમજાણું કાંઈ? એવા ક્ષાયિક જીવને, જુઓ, એવા ક્ષાયિક જીવને. જેણે આત્માની પર્યાયમાં ક્ષાયિકદશા પ્રગટ કરી છે. ઓલી કારણદૃષ્ટિ અને સ્વરૂપદર્શનોપયોગ તો પારિણામિકભાવે છે. આ છે તે ક્ષાયિકભાવ છે. ભગવાન આત્મા સ્વરૂપશ્રદ્ધાન સ્વરૂપપ્રત્યક્ષ દર્શનોપયોગ ત્રિકાળ, જ્ઞાનોપયોગ ત્રિકાળ એ તો પરમસ્વભાવરૂપ જેને કોઈ ઉત્પન્ન નથી, જેને કોઈ અપેક્ષા નથી એને કોઈ ઉદય, ઉપશમ, ક્ષાયિકભાવ લાગુ પડતો નથી. એ તો પરમસ્વભાવભાવ સત્ત્વરૂપ ત્રિકાળ છે. નિરપેક્ષ અપેક્ષા વિના, વિશેષ વિના, નિમિત્તના સદ્ભાવ-અભાવ વિના સહજસ્વભાવ ધ્રુવ, ચિદબિંબ, ચિદબિંબ પૂર્ણાનંદ આત્મા એ તો પરમપારિણામિકભાવે છે. સમજાણું કાંઈ? આ ક્ષાયિકભાવે છે. જે કારણદૃષ્ટિ કીધી હતી એ ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમભાવે નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદરમાં સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ કારણદર્શનોપયોગ ત્રિકાળ, કારણસ્વરૂપપ્રત્યક્ષ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન ત્રિકાળ એને કોઈ ક્ષાયિકપણું એટલે કોઈ નિમિત્તનો અભાવ થાય અને થાય એવું છે નહિ. સમજાણું કાંઈ? આમાં ઉત્પન્ન થવું છે ક્ષાયિકભાવનું. ક્ષાયિકભાવ પર્યાય છે. ક્ષાયિકભાવ ગુણ નથી, તે દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? તત્ત્વની મૂળ વાત જ આખી ગુમ જાણે લાગેને. એટલે એમ લાગે આ શું હશે? એ.. ધર્મચંદજી!

કહે છે, ભગવાન! તારી ચીજ અંદરમાં છે પૂર્ણ અનાદિ ધ્રુવ પરમસ્વભાવભાવ પરમસ્વભાવભાવ એ તો એકરૂપ ત્રિકાળ છે. એનો આશ્રય કરવાથી જે ક્ષાયિકદૃષ્ટિ પ્રગટ થઈ અથવા ક્ષાયિકદર્શનોપયોગ પ્રગટ થયો એ ક્ષાયિકભાવ છે. એ ક્ષાયિકભાવમાં કર્મનું નિમિત્તપણું હતું તેનો ક્ષય થયો છે. બસ એટલી વાત. સમજાણું કાંઈ? **'જેણે સકળવિમળ** (**સર્વથા નિર્મળ**) **કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...'** એમ કીધુંને? ક્ષાયિક જીવને સકળવિમળ, સર્વથા નિર્મળ કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને (જાણ્યા છે). ત્રણ ભુવન શબ્દ ભલે લીધો પણ ત્રણકાળ, ત્રણલોકને જાણ્યા છે એમ લેવું. ત્રણ ભુવન તો વળી આ આટલો લોક કહેવાય.

**'નિજ આત્માથી ઉત્પન્ન થતા...'** જુઓ, **'પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે,...'** ભગવાન આત્મા ત્રિકાળ તો પરમઆનંદ વીતરાગઅમૃતનો પિંડ છે આત્મા. ત્રિકાળ વીતરાગ પરમઅમૃતનો પિંડ છે આત્મા. એ તો ધ્રુવસ્વરૂપ છે, પરમપારિણામિકભાવે ભાવ છે. પણ એના અવલંબનથી ક્ષાયિકભાવ જે પ્રગટ્યો એ કેવો છે? **'નિજ આત્માથી ઉત્પન્ન થતા...'** જુઓ, એ આત્માથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ઘાતિકર્મોનો ક્ષય થવાથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો નિમિત્ત બતાવ્યું. એને ત્યાં નિમિત્તની અપેક્ષા હતી. એટલી જ વાત. કારણ કે પારિણામિકભાવને કર્મના હયાતીની, કર્મના અભાવની અપેક્ષા નથી. વિકાર આત્મામાં થાય એમાં કર્મના નિમિત્તની હયાતીનું જ્ઞાન છે. નિમિત્તથી થાય છે એમ નહિ. પણ વિકાર થાય ત્યાં કર્મનું નિમિત્ત છે. વિકારનો અભાવ જીવ કરે ત્યાં નિમિત્તનો એટલો અભાવ છે. એટલી અપેક્ષા છે. વસ્તુમાં એ અપેક્ષા નથી. વસ્તુ નિરપેક્ષ ત્રિકાળ અખંડ આનંદકંદ એવા પરમસ્વરૂપ ભગવાન આત્મા એનું અંતર અવલંબન લઈને જે ક્ષાયિકદશા પ્રગટ થઈ એ નિજ આત્માથી ઉત્પન્ન થતા. સમજાણું?

'**પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે,...**' પર્યાય. એ પર્યાયમાં અનંતઆનંદ પ્રગટ થયો, અનંતઆનંદ પ્રગટ થયો. સમજાણું કાંઈ? અનંત, એક સમયમાં અનંતઆનંદ પ્રગટ થયો. ભાવની અપેક્ષાએ અનંત થયો, કાળની અપેક્ષાએ અંત છે. આત્મામાં ત્રિકાળ આનંદ છે એ ભાવરૂપ પણ ત્રિકાળ આનંદ છે, ભાવરૂપે અનંત છે અને કાળરૂપે પણ અનંત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં અતીન્દ્રિય જે આનંદ છે એ અતીન્દ્રિય આનંદ ભાવ પણ અનંત છે અને કાળ પણ એનો અનંત છે. આ પર્યાય પ્રગટ થઈ એનો ભાવ અનંત છે પણ કાળે એનો બીજે સમયે અંત આવી જાય છે. સમજાણું કાંઈ? અહીં તો આત્મા અનંત અનંત સ્વભાવનો પિંડ કાળે અને ગુણે એનો આશ્રય થઈને એ પ્રગટ દશા છે તો અનંત પણ પર્યાય છે, કાર્યપર્યાય છે. સમજાણું કાંઈ? ભાષા કેવી લીધી?

'**સુખામૃતનો સમુદ્ર છે,...**' એક સમયમાં અનંતઆનંદનો સમુદ્ર. આહા..હા..! ક્ષાયિકપર્યાય છેને? ઉત્પન્ન થતી દશા છેને? અતીન્દ્રિય મહા આનંદસાગર ભાવ અને કાળે એમને એમ રહેનારું તત્ત્વ એના અવલંબનથી અનંત વીતરાગસુખામૃત પર્યાય પ્રગટી, ઈ છે સમુદ્ર, અનંત છે, ભાવ એની શક્તિ—એનું સામર્થ્ય—અનંત છે, પણ એનો કાળ એક સમય છે. સમજાણું કાંઈ? અનંત, અંત. ભગવાન અંદર ગુણો અનંત અનંત, બેય અનંત. ન્યાલભાઈ! આ ભારે ભાઈ! અહીં તો કારણ અને કાર્ય બે વચ્ચેની વાત છે આખી. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંત અનંત આનંદ અને અનંત અનંત જ્ઞાન અને અનંત અનંત દર્શનોપયોગ, અનંત સ્વરૂપશ્રદ્ધાસ્વભાવ એવો અનંત સ્વભાવભાવ, અનંત સ્વભાવભાવ અને અનંત એટલે કોઈ કાળે એનો અભાવ હોય એમ નહિ. ત્રિકાળે. માથે કહ્યું હતુંને? નિજસ્વભાવ સત્તામાત્ર છે. સમજાણું કાંઈ? એ તો નિજસ્વરૂપ સત્તામાત્ર અનંત ગુણો જે છે એ ભાવથી પણ અનંત છે, કાળથી પણ એને કાળ લાગુ પડતો નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં પર્યાયની વાત ચાલે છેને. ઓલી તો દ્રવ્યની વાત હતી. એ તો દ્રવ્ય નામ વસ્તુ નિજ સ્વરૂપ સત્તામાત્ર પરમસ્વરૂપ, અવિચળસ્થિતિમાત્ર, સ્વરૂપશ્રદ્ધાનમાત્ર, દર્શનસ્વભાવ કારણરૂપ ત્રિકાળ માત્ર એ દ્રવ્યની વાત હતી. સમજાણું કાંઈ?

આ તો મોક્ષમાર્ગનો અધિકાર. કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે, '**णियभावणाणिमित्तं**' મારા ભાવને કારણે આ બનાવ્યું છે. આહા..હા..!

એ ભગવાન આત્મા માહાત્મ્ય જેના ગાયા ઘણા, એ માહાત્મ્યે પાર ન આવે એવો એ આત્મા છે. પણ એવા આત્માની અંતરમાં શ્રદ્ધા કરતાં જે શ્રદ્ધાપર્યાય પ્રગટે ક્ષાયિક, અપાર જેનું સામર્થ્ય છે, અપાર જેનું સામર્થ્ય છે છતાં, એક સમયમાં અંત આવી જાય છે. સમજાણું કાંઈ? ઓલો ભાવે અને કાળે અનંત, આ ભાવે અનંત છે પણ કાળ એક સમય છે. સમજાણું કાંઈ? આત્માથી ઉત્પન્ન થતો, ભગવાન આત્માથી (ઉત્પન્ન થતો) પરમ આનંદ. આનંદ તો અંતરમાં છે એ તો વાત થઈ ગઈ હતી ત્યાં. સમજાણું? પહેલાંમાં આવી ગયું ઘણીવાર. સમજાણું? નિત્યાનંદ પ્રભુ, નિરાવરણ પ્રભુ, આવરણ વિનાનો સ્વભાવ સત્ત્વ.. સત્ત્વ... સત્ત્વ... એકલો પરમેશ્વરનો દરબાર એકલો પૂર્ણ. અનંત ગુણો અને એનું અનંત ગુણનું એવુંને એવું રૂપ રહેવું, એમને એમ રહેવું એનું નામ સ્વરૂપસત્તા અને દ્રવ્યસ્વભાવ કહેવાય છે. એના અંતરમાં લક્ષ કરીને જે કેવળજ્ઞાન પ્રગટ થયું કે જે કેવળદર્શન પ્રગટ (થયું), અહીં દર્શનની વાત છેને, કેવળદર્શન પ્રગટ થયું એ નિજ આત્માથી પ્રગટ થયું છે. કંઈ કર્મથી પ્રગટ થયું નથી. બીજી ભાષાએ કહીએ તો એ આત્મા ભગવાન પરમાનંદની મૂર્તિ એ નિજ આત્માથી ઉત્પન્ન થતું એટલે કર્મથી તો નહિ પણ પૂર્વની પર્યાયથી પણ એ પર્યાય ઉત્પન્ન થઈ નહિ એમ કહે છે, ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા એ કેવળદૃષ્ટિ જે થઈ, કેવળદર્શનાવરણીયનો ક્ષય એ તો નિમિત્ત કીધું, કેવળદર્શન ઉપયોગ જે થયો (એ) નિજ આત્માથી ઉત્પન્ન થયેલો છે. એ કોઈ નિમિત્તથી નહિ, પૂર્વના ચાર જ્ઞાનથી નહિ, એમ પૂર્વનો મોક્ષમાર્ગનો પર્યાય હતો એનાથી આ નિજ વીતરાગ આનંદમયની ઉત્પત્તિ થઈ એમ નથી. સમજાણું કાંઈ? આરે..! આ તો અલૌકિક ... અહીં છેને. લૌકિક તો તમે બધાએ માંડી છે. મોહનભાઈ! જેચંદભાઈ! બીજા વાત છે આ તો. હવે અલૌકિકમાં આવવું છે કે નહિ? લૌકિકમાં તો પડ્યો છે અનાદિથી.

ભગવાન આત્મા એક શૈલીની એક વસ્તુની એની ટીકા એટલી સરસ કરી કે આમ કારણદર્શનોપયોગ વર્ણવવું છે પણ કારણદર્શનોપયોગમાંથી કાર્યદર્શન થાય છે તે અહીંથી થાય છે, અહીંથી થાય છે. પૂર્વની પર્યાયથી નહિ, અહીંથી નહિ. સીધો ભગવાન આત્મા કારણદર્શનસ્વરૂપ ત્રિકાળ જે છે એમાંથી કારણદર્શનોપયોગમાંથી કાર્યદર્શનોપયોગ નિજ આત્માથી ઉત્પન્ન થતો. પૂર્વપર્યાયથી નહિ કે પૂર્વે મોક્ષમાર્ગ કર્યો હતો એ મોક્ષમાર્ગથી પણ દર્શનોપયોગ પ્રગટ્યો એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગથી દર્શનોપયોગ પ્રગટ્યો એમ નહિ. મોક્ષમાર્ગ પૂર્વની પર્યાય છે. એ દર્શનોપયોગ મોક્ષસ્વરૂપ છે. કાર્યદર્શનોપયોગ મોક્ષસ્વરૂપ છે. એ પ્રગટ્યો, નિજ આત્માથી પ્રગટ્યો છે. આહા..હા..! અરે..!

નિજ આત્માથી ઉત્પન્ન થતો પાછો. કારણદર્શનોપયોગ એ ઉત્પન્ન નથી, એ તો છે,

છે અને છે. આ કાર્ય ઉત્પન્ન થયું, ઝળહળ જ્યોતિ દર્શનોપયોગ. એ નિજ ભગવાનથી ઉત્પન્ન થતાં પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે, સમજાણું કાંઈ? જેની પર્યાયમાં અનંત આનંદ પ્રગટ્યો છે. વીતરાગ, પરમવીતરાગ, ત્રણ તો શબ્દ વાપર્યા—પરમ વીતરાગ સુખામૃત. આહા..હા..! પરમ વીતરાગ સુખઅમૃત એવો એનો સમુદ્ર ભગવાન પર્યાયમાં પ્રગટ થાય છે. એ તીર્થંકરને અથવા કેવળીને એ હોય છે. પણ એ કર્યું છે એણે આત્માના આશ્રયમાંથી પ્રગટ કર્યું છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? સીધી ભગવાનમાં દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પણ આત્માની અંતરમાંથી પ્રગટ થાય છે. કોઈ વિકલ્પથી, રાગથી, મનથી, નિમિત્તથી, પૂર્વપર્યાયથી પણ નહિ. સમજાણું કાંઈ?

ઉપાદાનમાં તો એમ આવે કે પૂર્વનો ઉપાદાન પર્યાય કારણ અને ઉપાદેય પછી કાર્ય. એમ આવે કે નહિ? આહા..હા..! ઉપાદાન-ઉપાદેય. વળી વ્યાખ્યા કરે, લ્યો. ઉપાદાન પર્યાય પૂર્વની અને એમાંથી પ્રગટ્યું કાર્ય તે એનું ઉપાદેયપણું કહેવાય. ઉપાદાનનું ઉપાદેય કાર્ય. અહીં તો કહે છે ઈ પણ નહિ. આહા..હા..! એઈ..! વ્યવહાર થઈ ગયો એ તો. પૂર્વની પર્યાય ઉપાદાનથી નવી પર્યાય થઈ એ તો વ્યવહાર થઈ ગયો. એ તો વ્યય થઈ જાય છે. ભગવાન આત્મા અંતરમાં પૂર્ણ દર્શનોપયોગશક્તિ સત્ત્વ સત્ત્વ પરમ પડ્યું છે એમાંથી સીધો દર્શનોપયોગ ઉત્પન્ન થાય છે.

**શ્રોતા :—** આ માટે પ્રયોગ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકાગ્ર થયો, વળી બીજો પ્રયોગ ક્યો? ... આવે છે? અંતર એકાગ્ર થયો. વસ્તુ ધ્રુવ પડી છે ત્યાં મીટ માંડી છે, એકાગ્ર. બસ આ.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સમયે જ થયો. એકાગ્ર થયો પૂર્ણ, દશા પૂર્ણ પ્રગટી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકાગ્ર થયો છે ઈ. વ્યવહાર નથી, એકાગ્ર થયો એ જ ઉપયોગ દર્શન થયો. એ લાંબુ કરવા જાય છે. એમ નથી ચાલે એવું અહીં. ઈ એકાગ્રતા એ જ દર્શનોપયોગ છે. એકમાં એકને અગ્ર કરીને ઠર્યો એનું નામ દર્શનોપયોગ છે. સમજાણું કાંઈ?

'વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે, જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...' ભગવાન આત્મા કાર્યદૃષ્ટિ પ્રગટ થાય છે અથવા કાર્યદર્શનોપયોગ પ્રગટ થાય છે ત્યારે '**યથાખ્યાત કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' જુઓ, ભગવાન આત્મા.. પહેલું કહ્યું હતું કે '**જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' એ ત્રિકાળ. ત્રિકાળ અકૃત્રિમ સ્વસ્વરૂપમાં અવિચચળસ્થિતિ શુદ્ધચારિત્ર ત્રિકાળ ત્રિકાળ સ્વભાવ છે એમાંથી કાર્યરૂપે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે. યથાપ્રસિદ્ધ જેવો આત્મા છે એવો જ પર્યાયમાં શુદ્ધ કાર્યરૂપે, ચારિત્રરૂપે પ્રગટ થયો. એ પર્યાય પ્રગટ થયેલી છે. કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ પરમાત્મા

આત્મા છે. સમજાણું કાંઈ?

અહીં તો તીર્થંકરદેવની વ્યાખ્યા કરી. કેવળજ્ઞાની પણ એવા જ હોય છે પણ અહીં તીર્થંકરદેવને ભેગા લીધા. તીર્થંકરદેવની જ વ્યાખ્યા કરી છે. તીર્થંકરદેવ થયા ક્યાંથી? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, સ્વરૂપદર્શનોપયોગસ્વરૂપ, કેવળજ્ઞાનોપયોગ થયો ક્યાંથી ભગવાનને? એ આત્મા પૂર્ણ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ પડ્યો છે વસ્તુ એમાં લીન થતાં એ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એને કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ જ પર્યાય પ્રગટ થઈ ઈ. કાર્ય પ્રગટ થઈ ગયું. જે કારણમાં ચારિત્ર હતું. સ્થિર.. સ્થિર.. સ્થિર.. સ્થિર.. સ્થિર ચારિત્રસ્વરૂપ ભાવ ત્રિકાળ દ્રવ્યમાં હતો એ કારણ, એમાં પ્રગટ થઈ દશા એ કાર્ય. આહા..હા..! આ તો કારણ-કાર્યનો નિચોડ કરી દે છે કે આના કારણે વ્યવહારથી નિશ્ચય થાય, ધૂડથી થાય, કાંઈ નથી. ખોટી વાત છે, લે. સાંભળ! સમજાણું કાંઈ? આ પૂર્વનો નિશ્ચયનો મોક્ષમાર્ગ એનાથી કેવળજ્ઞાન થાય એમેય નથી, લે, એ તો બધી વાત છે. પૂર્વે સાધનભાવ ક્યો હતો એટલું બતાવવા. પણ સીધો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ કારણરૂપ એમાંથી કાર્ય પ્રગટે, કારણમાંથી કાર્ય આવે છે. બસ, એક સમયમાં. સમજાણું કાંઈ? ભારે વાત.

યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ પર્યાય છે. આ બધો પર્યાય છે હોં! સ્વભાવ ભલે શુદ્ધ, પ્રસિદ્ધ, પૂર્ણ અનંત આદિ ભલે શબ્દ વાપરો, પણ છે એક સમયની દશા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપે અખંડાનંદ પૂર્ણ દ્રવ્ય એમાંથી પ્રગટેલી અવસ્થા એક સમયની છે. એ પણ આવી છે કહે છે. દ્રવ્યની તો વાત શું કરવી? સમજાણું કાંઈ?

**‘જે સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયાત્મક છે,...’** એ કેવળજ્ઞાની ભગવાન કેવળદર્શનોપયોગી ભવગાન એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારસ્વરૂપ છે. એ વ્યવહારનયસ્વરૂપ છે, એ હજી વ્યવહારનયસ્વરૂપ છે. નિશ્ચયનયસ્વરૂપ તો ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયના કાર્ય સિવાય ત્રિકાળી સ્વરૂપ છે એ તો ત્રિકાળ ત્રિકાળ નિશ્ચય વસ્તુ સત્‌રૂપ ત્રિકાળ છે. નિશ્ચયસ્વરૂપ ત્રિકાળ છે. એને આશ્રયે જે અતીન્દ્રિય સ્વભાવવાળા ભગવાન સાદિઅનંત પ્રગટ થઈ પર્યાય. બધો કાળ ભેગો લઈને વાત કરે છે. સમજાણું કાંઈ? પ્રગટ થઈ પણ હવે નાશ થવાની નથી. નાશની અપેક્ષાએ પર્યાય તો નાશ થાય છે, પણ એવીને એવી, એવીને એવી અનંતકાળ રહેશે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ ઓલો અનાદિઅનંત છે. ભગવાન આત્મામાં શાંતિ, આનંદ, શ્રદ્ધા સ્વરૂપ, ચારિત્ર તો અનાદિઅનંત છે. આ પ્રગટેલી પર્યાય છે એક સમયની, પણ એવીને એવી (રહે છે). કેમકે હવે નિમિત્તની અપેક્ષા રહી નહિ, અપૂર્ણતા રહી નહિ, નવું કરવાનું રહ્યું નહિ. સાદિ અંતરમાં દશા પ્રગટ થઈ, કેવળજ્ઞાન, કેવળદર્શનોપયોગ, કાર્યદૃષ્ટિ અથવા સ્વરૂપશ્રદ્ધા પૂર્ણ, એ સાદિઅનંત અમૂર્ત અમૂર્ત છે. એ પર્યાયમાં મૂર્તપણું નથી. વસ્તુ જ અમૂર્ત છેને. અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ ભગવાન છે.

**'શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયાત્મક છે,...'** હેઠે છે જુઓ બગડો. 'તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ જ છે,...' એક સમયનો પર્યાય છે એ જ વ્યવહાર છે, ભેદ છે. ભલે અનંતકાળ રહેશે એમ કીધું. સાદિઅનંત કીધુંને? માથે કીધુંને, પહેલું કીધું. **'સાદિ-અનંત અમૂર્ત...'** એને કીધું. કે જે શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય સાદિઅનંત અમૂર્તિક અને અતીન્દ્રિય સ્વભાવવાળો છે. ઓલો નય, એ નયસ્વરૂપ જ થઈ ગયા. વ્યવહાર પર્યાય એવો પ્રગટ થઈ ગયો કે સાદિઅનંત પ્રગટ્યો તે અનંત કાળ રહેશે. શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. સદ્‌ભૂત વ્યવહાર એનો પર્યાય છેને, અને શુદ્ધ છે, ભેદ છે માટે વ્યવહાર છે. સમજાણું? હયાતી ધરાવે છે એનો પોતાનો શુદ્ધ છે. 'સાદિ-અનંત અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.' કોણ? તીર્થંકર ભગવાનનો પર્યાયધર્મ એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. હજી ભગવાન પણ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય. એ.. ન્યાલભાઈ! નિમિત્ત તો ક્યાંય ગયું, જડ અને રાગાદિનો કષાય મંદ તો ક્યાંય ગયો અને અધૂરું જ્ઞાન પણ ક્યાંય ગયું. એ મતિજ્ઞાન આદિ વિભાવજ્ઞાનમાં ગયું. સમજાણું કાંઈ?

આ તો ભગવાન આત્મામાં ખાણમાં જે પૂર્ણ પડ્યું હતું એને ખોલીને પ્રગટ દશા થઈ એક સમયની, ભલે રહે અનંતકાળ, પણ છે પર્યાય, છે ભેદ, છે વ્યવહાર. એ વ્યવહારનયસ્વરૂપ જ પ્રગટ્યું છે. નિશ્ચયનયસ્વરૂપ તો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? પાઠ છેને જુઓને, **'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયાત્મક છે,...'** એમ પાછું. એ અતીન્દ્રિય સ્વભાવ ભલે હો, કેવળજ્ઞાન, કેવળદર્શનોપયોગ કાર્યઉપયોગ પણ છે શુદ્ધસદ્‌ભૂત-વ્યવહારનયસ્વરૂપ છે, એક સમયનો પર્યાય છે અથવા સાદિઅનંતનો ભાગ છે, ઈ કંઈ અનાદિ અનંત નથી. સમજાણું કાંઈ?

**'અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...'** આ કાર્યદર્શનોપયોગવાળા ભગવાન. જે ત્રણલોકના ભવ્ય જીવોને, ભવ્ય જીવોને. અભવિને તો ભાન નથી. ભવ્ય જીવોને, ત્રણલોકના ભવ્ય જનોને. ભાષા ... **'પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...'** પ્રત્યક્ષ વંદનાયોગ્ય અહીંયા તીર્થંકર સમવસરણના લીધા છે, ભાઈ! તીર્થંકર લીધા છેને પાછા. બિરાજમાન, ભગવાન બિરાજમાન. સિદ્ધ તો પરોક્ષ થઈ ગયા. સાક્ષાત્ તીર્થંકરદેવ જેણે કાર્ય પ્રગટ કર્યું, ઈ કારણમાંથી કાર્ય પ્રગટ કર્યું. ભગવાન કારણસ્વરૂપ પ્રભુ એમાંથી કાર્ય પ્રગટ કર્યું છે. એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય સાદિઅનંત સ્વરૂપ જે છે અતીન્દ્રિય સ્વભાવ એ ભગવાન ત્રણલોકના ભવ્ય જીવોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. સમવસરણમાં બિરાજતા હોય એવા તીર્થંકરને કાર્યઉપયોગવાળા લીધા છે. સમજાણું કાંઈ? **'એવા તીર્થંકર પરમદેવને...'** એવા તીર્થંકર પરમદેવને **'કેવળજ્ઞાનની માફક...'** કેવળજ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ હતી પહેલી. **'કેવળજ્ઞાનની માફક...'** અહીં દર્શનોપયોગ કહેવો છેને. જેમ કેવળજ્ઞાન એક સમયનું ત્રિકાળ જાણનારું એક સમયનું એ સાદિઅનંત પ્રગટ્યું, એવું કેવળજ્ઞાનની પેઠે **'આ (કાર્યદષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં**

વ્યાપનારી છે.' એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને સામાન્યપણે જાણવાની દષ્ટિપણે વ્યાપનારી એટલે પ્રસરનારી છે. ભગવાનનો દર્શનોપયોગ ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં યુગપદ્ દેખવાનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં?

'**આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો.**' સમજાણું? ૧૩મી ગાથામાં આ રીતે કાર્યરૂપ દર્શનોપયોગ પ્રગટ પર્યાયરૂપ અને કારણરૂપ સ્વભાવદર્શનોપયોગ ત્રિકાળ, એ બેય સ્વભાવની વ્યાખ્યા કરી. કારણ અને કાર્ય સ્વભાવદર્શનોપયોગ કહ્યો. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મામાં દર્શનોપયોગ એ કારણસ્વભાવોપયોગ અને પ્રગટ થઈ દશા એ કાર્યસ્વભાવોપયોગ. '**વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.**' લ્યો. વિભાવદર્શનોપયોગની વ્યાખ્યા ત્યાં કહેશે.

'**(હવે, ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** શ્લોક કહે છે :)'

(इन्द्रवज्रा)

दृग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव<br>
चैतन्यसामान्यनिजात्मतत्त्वम्।<br>
मुक्तिस्पृहाणामयनं तदुच्चै-<br>
रेतेन मार्गेण विना न मोक्षः।।२३।।

'**શ્લોકાર્થ :— દશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' શું કહે છે? ભગવાન આત્મા પોતે દશિ નામ સમ્યગ્દર્શનપણે પરિણમતો. જુઓ, નિશ્ચયસમ્યગ્દર્શનપણે પરિણમતો. આત્મા પોતે દર્શનોપયોગ અથવા દર્શન-સમ્યગ્દર્શનપણે પરિણમતો. વ્યવહાર-ફ્યવહાર કોઈ નહિ. ભગવાન આત્મા જ્ઞપ્તિ નામ જ્ઞાનરૂપે પરિણમતું એવું ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ. નિજ ચૈતન્યસામાન્ય જે ત્રિકાળ નિજ '**ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ...**' આત્મતત્ત્વ કેવું? કે ચૈતન્યસામાન્યરૂપ નિજાત્મતત્ત્વ. એ સામાન્ય નિજાત્મતત્ત્વ એ પોતે જ સમ્યગ્દર્શનપણે પરિણમતું, એ જ પોતે સમ્યક્જ્ઞાનરૂપે થતું, એ પોતે ચારિત્રની વીતરાગ પરિણતિરૂપે પરિણમતું. સમજાણું કાંઈ?

'**તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' એ જ પ્રસિદ્ધ માર્ગ છે. બાકી કોઈ માર્ગ બીજો છે નહિ. આહા..હા..! એ ધર્મીને મોક્ષમાર્ગ કોણ? ભગવાન આત્મા ચૈતન્યસામાન્ય એવું આત્મતત્ત્વ, ચૈતન્યસામાન્ય ત્રિકાળ એવું જે આત્મભાવતત્ત્વ તે પોતે જ સમ્યગ્દર્શનપણે પરિણમતું, સમ્યક્જ્ઞાનપણે પરિણમતું, સમ્યક્ચારિત્રપણે પરિણમતું એ '**નિજ આત્મતત્ત્વ મોક્ષેચ્છુને...**' મોક્ષના અભિલાષીને. મોક્ષેચ્છુ એટલે મોક્ષના ઈચ્છુને મોક્ષનો '**પ્રસિદ્ધ માર્ગ છે;...**' એ મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ એ જ છે. આ સિવાય માર્ગ છે નહિ.

ઓ..હો..હો..! જુઓ, પદ્મપ્રભમલધારિદેવ માર્ગ '**णियमेण य जं कज्जं**' નિયમથી જે નિશ્ચયસમ્યગ્દર્શન, આત્મા પોતે સમ્યગ્દર્શનપણે પરિણમતો પર્યાય મોક્ષનો માર્ગ છે એમ કહે છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. વ્યવહારસમકિત-બમકિત એ મોક્ષનો માર્ગ નથી એમ કહે છે. વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર મોક્ષનો માર્ગ નથી એમ કહે છે.

**શ્રોતા :—** બીજા શાસ્ત્રમાં કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બીજે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું કે એ વખતે નિમિત્ત કોણ હોય છે. સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ એટલે બંધનો માર્ગ. વ્યવહારમોક્ષમાર્ગ એટલે મોક્ષમાર્ગ નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. અન્યથા કહે એનું નામ વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ?

અહીંયા તો પદ્મપ્રભમલધારિદેવ સ્પષ્ટ કરે છે કે ભાઈ! તારો આત્મા જે ચૈતન્યસામાન્ય સામાન્ય એવું આત્મતત્ત્વ એવો આત્મા તે મોક્ષેચ્છુને મોક્ષને માટે એ આત્મતત્ત્વ જ પ્રસિદ્ધ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી માંડીને આગળ જતાં એ આત્મા ચૈતન્યસામાન્ય ભગવાન આત્મા એ પોતે સમ્યગ્દર્શનપણે, નિર્વિકલ્પ અનુભવપણે પરિણમે, નિર્વિકલ્પ જ્ઞાનપણે થાય અને નિર્વિકલ્પ વીતરાગ ચારિત્રપણે પોતે ચૈતન્યસામાન્ય આત્મતત્ત્વ પરિણમતું મોક્ષાર્થીને એ મોક્ષનો એક જ માર્ગ પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? છેને, જુઓને શ્લોક છે કે નહિ અંદર?

**શ્રોતા :—** વ્યવહાર કરતાં નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહાર કરતાં નિશ્ચય ત્રણકાળમાં ન થાય. ઈ જ કહે છે, એને માટે તો ખુલાસો કરે છે. વ્યવહાર તો રાગ છે. વ્યવહાર તો રાગ છે. રાગથી નિશ્ચય થાય? વ્યવહાર રાગ છે. વિકલ્પ જે ઉઠે છે વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહારઆચરણ વિકલ્પ છે એ રાગ છે. રાગથી આત્માનો નિશ્ચય કોઈ દિ' થાય નહિ. ત્રણકાળમાં ન થાય એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? કહે છે, '**આ માર્ગ વિના મોક્ષ નથી.**' એમ કીધુંને, જુઓને! આ બધી તકરાર ઉઠે છે. આહા..હા..! ધૂડમાં વ્યવહાર પહેલોં કહેવો કોને? ધૂડમાંય નથી. આત્મા અંદર અતીન્દ્રિય આનંદમય પ્રભુ અંતરના અનુભવની નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન અને શાંતિની સ્થિરતા એ આત્મા પરિણમ્યો એ જ મોક્ષનો માર્ગ છે, બીજો મોક્ષનો માર્ગ જુદો ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત એને બેસતી નથી. એને જાણે આ કરશું, આ કરશું ને આ કરશું. અહીં તો જોર કેટલું આપે છે, જુઓને! પરિણમતું એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ. પાછું એક જ, એમ. બીજું નહિ.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એ ચૈતન્યસામાન્ય તત્ત્વસ્વરૂપ, સામાન્ય તત્ત્વસ્વરૂપ પોતે જ સમ્યગ્દર્શનપણે, સમ્યક્જ્ઞાનપણે, વીતરાગચારિત્રપણે પરિણમતું એવું એક

જ ચૈતન્ય આત્મતત્ત્વ, એ એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, બીજું નહિ, એમ. વચ્ચે વ્યવહાર-ફ્યવહાર વિકલ્પ આવે એ મોક્ષનો માર્ગ નહિ. આહા..હા..! ભારે કઠણ જગતને. જુઓને, અહીં પદ્મપ્રભમલધારિદેવ સ્પષ્ટ કરે છે. વસ્તુ એવી જ છે. સમજાણું કાંઈ? સામાન્ય વાત કરીને. એક જ સામાન્ય તત્ત્વ છે, નિજ આત્મતત્ત્વ એ જ પરિણમે છે. પર્યાયપણે પરિણમ્યો, એ પરિણમ્યો તે મોક્ષમાર્ગ છે. આહા..હા..! ભારે આકરું. અરે..! એકાંત થઈ જાય છે એકાંત. હવે તારે ઘરે રાખને, સાંભળને હવે. એકાંત અનેકાંતની તને શું ખબર પડે. સમજાય છે? વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ...

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ કહ્યુંને. સર્વજ્ઞદેવ કહે છે એ મુનિ કહે છે. આ તો મુનિ પોતે છે. મુનિ પંચમહાવ્રતધારી છે. સમજાય છે? આગમ છે આ. આગમનો અર્થ પોતે મુનિ કરે છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, મહા ટીકાકાર આત્મપ્રસિદ્ધિ કરે છે. જુઓ,

**શ્રોતા :—** અમૃત ઝરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, આવે છેને. છ ઢાળામાં ન આવ્યું? અમૃત ઝરે છે. છ ઢાળામાં આવ્યું. મુખચંદ્રસે અમૃત ઝરે. મુનિ કોને કહે? આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદ આમ ઊછળી ગયો છે અંદરથી. અતીન્દ્રિય આનંદનું વેદન ક્ષણે ને પળે, છઠ્ઠે ગુણસ્થાને જરી વિકલ્પ, પ્રમાદ, રાગ હોય છે. છૂટે અને સાતમે આનંદ. ત્રણ કષાયનો તો અભાવ છે. જેને ક્ષણિક થોડીક એક નિદ્રા રાત્રિના પાછલા પહોરે જરીક નિદ્રા થોડી. એક પોણી સેકંડ. એટલી તો નિદ્રા. ફટ જાગી જાય. સાતમું ગુણસ્થાન. મુનિ કોને કહે! આહા..હા..! જેને સાતમું અંતર આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદ. સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન થયું. એમાં વળી ચારિત્ર. ઓ..હો..હો..! અંતરની રમણતા. વીતરાગી પિંડ પ્રભુ. ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું. એવી દશા એ મુનિ પોતે કહે છે. સમજાણું કાંઈ? બીજો કહે, જગતના પ્રાણી પોતાની કલ્પનાથી કહે એ કંઈ કામ આવે? માર્ગ આ છે. એ પાછો પ્રસિદ્ધ માર્ગ છે, એમ. એ કાંઈ ગુપ્ત નથી. એ તો પ્રસિદ્ધ જ સંતોમાં, જ્ઞાનીઓમાં, કેવળીઓમાં આ માર્ગ પ્રસિદ્ધ છે. ઈન્દ્રોમાં,.. સમજાય છે? જેમ સિદ્ધ પ્રસિદ્ધ છેને? આવે છેને? પ્રસિદ્ધ સિદ્ધ વિશુદ્ધ સિદ્ધ.. આ માર્ગ પ્રસિદ્ધ છે, કહે છે.

ત્રણકાળ, ત્રણલોકની અંદર ભગવાન પાસે હો, સંતો પાસે હો, ઈન્દ્રો પાસે હો, સમકિત (પાસે હો), ઈ એમ કહે છે કે ભગવાન આત્મા પોતે નિર્વિકલ્પ સમ્યગ્દર્શનપણે પરિણમે, નિર્વિકલ્પ સ્વસંવેદનપણે આત્મા થાય અને પોતે જ આત્મા ચારિત્રની વીતરાગદશારૂપે રમે, બસ એ આત્માની એક જ, જે એક જ '**ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' એ પોતે પરિણમતું. સામાન્યતત્ત્વ તે એક જ વિશેષપણે પરિણમતું. આહા..હા..! સમજાણું કાંઈ?

સામાન્ય અને વિશેષ બે નાખ્યું. સામાન્ય કહ્યું. '**જે એક ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' તે '**દશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું)...**' અથવા વૃત્તિસ્વરૂપે એવું. વૃત્તિસ્વરૂપ એવું. ઈ પર્યાય કીધી. દશિ, સમ્યગ્દર્શન અંતર. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો અનુભવ પ્રતીતિ એનું ભાન અંતર, એનું સમ્યક્જ્ઞાનનું સ્વસંવેદન અને ત્રણ કષાયના અભાવરૂપી ચારિત્રની પરિણતિ. એવું દશિ, જ્ઞપ્તિ, ચારિત્રસ્વરૂપ. વૃત્તિ એટલે ચારિત્રસ્વરૂપ. સ્વરૂપ એટલે એ ત્રણ રૂપે પરિણમતું, એમ. સ્વરૂપ થયુંને એનું. '**એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ...**' ભગવાન એક ચૈતન્યસામાન્યસ્વરૂપ જે આત્મતત્ત્વ '**તે મોક્ષેચ્છુઓને...**' મોક્ષના અભિલાષીને, મોક્ષના કામીને આ '**(મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' સિદ્ધ થયેલો પ્રસિદ્ધ માર્ગ છે. આહા..હા..! વ્યવહાર-બ્યવહાર, નિમિત્ત-બિમિત્ત માત્ર કોઈ મોક્ષનો માર્ગ બીજો છે જ નહિ. એક કીધોને. બે મોક્ષમાર્ગ નથી. ઓલા કહે, મોક્ષમાર્ગ બે છે. નહિ. મોક્ષમાર્ગ બેનું કથન છે, મોક્ષમાર્ગ બે નથી. ખુલાસો પોતે કહે છે.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હા, કથન બે પ્રકારનું છે. નિરૂપણ બે પ્રકારે છે. એક માલ અને એક માલનો કોથળો. માલ તોળાય ત્યારે એમ કહે ઈ, ચાર મણ અને અઢી શેર. ઈ અઢી શેર કોથળો છે ઈ ચોખા નથી.

**શ્રોતા** :— ચોખા સાથે એના પણ પૈસા દેવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ દેવા પડે.. અહીં તો દેવા પડે નહિ, અહીં તો કહે છે. એઈ..! એક નામ અપાઈ જાય એને.

જુઓને, કેટલું પહેલેથી, 'એક જ' શબ્દ મૂકીને પાછું... જે એક ચૈતન્ય એમ નહિ '**એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ...**' એટલે શું કહ્યું પાછું? કે જે નિજ સામાન્ય ચૈતન્ય આત્મતત્ત્વ પ્રભુ એ પોતે જ, પોતે આત્મા નિજ આત્મા સમ્યગ્દર્શનપણે પરિણમે છે એટલે પાછું એમ લીધું કે પૂર્વનું કોઈ પર્યાય કારણ થાય કે નિમિત્ત (થાય એમ નથી). ભાઈ! એમ લ્યે છે. આમ સીધો પરિણમે છે એમ. સીધું કીધુંને. આહા..હા..! કષાયની મંદતા પહેલી હતી માટે આ સમ્યગ્દર્શન થયું એમ વસ્તુમાં છે જ નહિ. પહેલોં વ્યવહાર હતો માટે નિશ્ચય થયો એમ વસ્તુમાં નથી. એમ કહે છે. જુઓને, અહીંયા પોતે પદ્મપ્રભમલધારિદેવ સ્પષ્ટ કરે છે, વસ્તુ આ છે. તારી દૃષ્ટિથી ઊંધું તું કલ્પીને માન એ તારી મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..! અનંત કેવળીઓ એમ કહે છે. ઓહો..!

સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ વીતરાગપણે પરિણમતું એવું, થતું એવું.. થતું એવું પર્યાય લેવી છેને, ચૈતન્ય, એક જ ચૈતન્યસામાન્ય નિજ આત્મતત્ત્વ પોતે સીધું સમ્યગ્દર્શનપણે પરિણમતું, સમ્યક્જ્ઞાનપણે થતું, ચારિત્રપણે રમતું એવું જે સ્વરૂપ તે જ '**મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' ત્રણકાળ, ત્રણલોકમાં ભગવાને કહેલો આ એક પ્રસિદ્ધ

માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? **'આ માર્ગ વિના મોક્ષ નથી.'** ત્રણકાળમાં આ માર્ગની અંતર દૃષ્ટિ અને અંતર પરિણમન વિના મોક્ષનો માર્ગ કોઈ દિ' હોઈ શકતો નથી. સમજાણું? બેય લીધું, જુઓ, પ્રસિદ્ધ માર્ગ છે અને આ માર્ગ વિના મોક્ષ નથી. પાછું માર્ગ અને માર્ગનું ફળ મોક્ષ બેય લઈ લીધું ભેગું. સમજાણું કાંઈ? બહુ ટૂંકુ કર્યું. ટૂંકામાં પણ નાખ્યું ભારે. આમ પરાશ્રય કાંઈક જોઈએ છે. પાંગળો પાંગળો છેને.

**શ્રોતા :—** પોતાના આશ્રયે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માને છે ક્યાં એને આશ્રય પોતાનો. પાંગળો! લાકડી વિના ચલાય નહિ ને ઢીકણા વિના ચલાય નહિ...

અહીં તો કહે છે કે રાગ વિના, નિમિત્ત વિના સીધું ચૈતન્યસામાન્ય આત્મ ભગવાનસ્વભાવ પોતે જ તેનો પર્યાયપણે સમ્યગ્દર્શન, જ્ઞાન, વીતરાગ પર્યાયપણે પરિણમતું એ જ એક મોક્ષાર્થીને પ્રસિદ્ધ મોક્ષનો માર્ગ છે. આ સિવાય મોક્ષનો માર્ગ બીજો નથી. આ માર્ગ વિના... આત્મતત્ત્વ નિર્મળ પરિણતિએ પરિણમતો જ મોક્ષમાર્ગ છે. એ વિના માર્ગ મોક્ષનો બીજો છે નહિ. ટોડરમલે બે પ્રકારનો મોક્ષમાર્ગ કહ્યો. એને માને એ ભ્રમ છે. ત્યારે ઓલા કહે, નહિ. બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં છે. વળી એમ સામે (કહે છે). અરે..! ભગવાન! ટોડરમલે ઘરનું ક્યાં કહ્યું છે, એ તો શાસ્ત્રનું દોહન કરીને કહ્યું છે. માર્ગ બે નથી. સમકિતદર્શન બે નથી. એક નિશ્ચયસમકિત અને એક વ્યવહાર એમ બે નથી. જ્ઞાન બે નથી. એક નિશ્ચય સમ્યક્‌જ્ઞાન અને વ્યવહારજ્ઞાન (એમ બે નથી). એ કથનનું નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું. એમ ચારિત્ર બે પ્રકારે નથી. ચારિત્ર એક જ પ્રકારે છે. કથન બે પ્રકારે છે. પંચમહાવ્રત આદિના પરિણામ એવા વિકલ્પને ચારિત્ર કહેવું એ ચારિત્ર નથી. આહા..હા..! કહો, સમજાણું?

સિંહની ત્રાડ સાંભળવી મરદને આકરી પડે. આવે છેને? 'જે દિશાએ સિંહ સંચર્યા, રજું લાગી તરણા, એ ઊભા ખડ સૂકશે, નહિ ચારે એને હરણા.' સમજાયું? સમજાયું નહિ? તમારી ભાષા હતી. સિંહ નીકળેને સિંહ. સિંહ જે રસ્તે નીકળે (ત્યાં) એના પગથી રજ ઊડે રજ. ખડ હોયને ખડ-ઘાસ, ઘાસ ઉપર જો રજ ચડે... 'જે દિશાએ સિંહ સંચર્યા, રજું લાગી તરણા, એ ઊભા ખડ સૂકશે, નહિ ચરે એને હરણા.' હરણ નહિ ચરી શકે. એવી ગંધ આવે. હાય.. હાય..! એમ વીતરાગનો માર્ગ સિંહના પરાક્રમ જેવો છે. અજ્ઞાની કાયર ગીધડા જેવા છે. હાય.. હાય..! એઈ! ન્યાલભાઈ! લ્યો, વિશેષ વાત ૧૪માં કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ-૧૧, ગુરુવાર, તા. ૧૭-૦૩-૧૯૬૬, શ્લોક-૨૩, ગાથા-૧૪, પ્રવચન નં. ૨૩

... જીવમાં ગુણ અનંત છે. એમાં ચેતના જે છે એ ખાસ જ્ઞાન દર્શનસંપન્ન ચેતના એ મુખ્ય (છે). એના ઉપયોગની આ વ્યાખ્યા છે. આ ઉપયોગ છે એના ભેદરૂપ. પણ એ રીતે વસ્તુમાં છે એનું એણે જ્ઞાન તો બરાબર કરવું જોઈએ. પછી સરવાળો તો અભેદ ઉપર લઈ જાશે. સમજાણું કાંઈ? એનો અર્થ કે આત્મા એકરૂપ સામાન્ય ચૈતન્ય અનંતગુણનો પિંડ છે એનું અંતરમાં ધ્યાન કરતાં, એકાગ્ર થતાં પહેલાં આવા વિકલ્પોથી એના વ્યવહારુ શ્રુતજ્ઞાનના અવલંબનના આવા વિચારો એને હોય છે. સમજાણું કાંઈ? આવા એના ભેદોનો પ્રકાર અને વિચારનો વિકલ્પ પહેલોં ન આવે અને એકદમ ઠરી જાય એમ બનતું નથી. અને એ શ્રુતે કહેલા આવા પ્રકારને લક્ષમાં ન લે.. સમજાણું? તો વાસ્તવિક તત્ત્વ જે સામાન્ય છે અને એના પ્રકાર છે એનું જ્ઞાન એને બરાબર ન હોય તે અંતર્મુખ જઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવ્યો, કઈ અપેક્ષાથી આવ્યો છે? શાસ્ત્રમાં એમ છે. ધ્યાન કરવાના વખતના પ્રસંગમાં શ્રુતનું જો લક્ષ ન કરે તો એકલો એકદમ નિર્વિકલ્પ ધ્યાન ન થાય માટે એને આવો પહેલોં વિકલ્પનો વિચાર આવે, દૃષ્ટિ અનુભવ થઈ ગઈ હોય છતાં. ધર્મચંદજી! જો એવા વિકલ્પો... જે વાસ્તવિક તત્ત્વ છે એવા વિકલ્પનો વિચાર ન કરે તો બીજે રસ્તે ચડી જશે. સમજાણું કાંઈ? એવો શ્રુતના અવલંબનનો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? બતાવવું છે નિયમસાર, મોક્ષમાર્ગ. અને મોક્ષમાર્ગ તો કહ્યો માથે. દર્શન, જ્ઞાન, ચારિત્રે પરિણમતું એવું જે એક ચૈતન્યસામાન્યતત્ત્વ. એનું પરિણમન, પરિણમતું એવું તત્ત્વ એ મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. માથે કાલે કહ્યું કે નહિ? તો તો આ બધા વર્ણનનું શું કામ? એમ પ્રશ્ન ઉઠ્યો. સમજાણું કે નહિ? માથે આવ્યુંને.

**શ્રોતા :—** વ્યવહાર વિના ચાલે નહિ અને વ્યવહારથી થાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વાત ઈ બેય છે. આવે છે અને એનાથી થાય નહિ. વસંતીલાલજી! તત્ત્વાનુશાસનમાં એક શબ્દ છે એવો. કે જો ...નું અવલંબન તો ન લ્યે, ન જઈ શકે, અંદર સ્થિર ન થઈ શકે અશુભથી ઠરીને (ત્યારે) કહે છે શ્રુતના વિકલ્પોનું અવલંબન એને હોય છે, હોય છે. એકદમ અંદર સ્થિર નહિ થાય. સ્થિર થવું છે છતાં પહેલોં અંદર હજી મંદ પુરુષાર્થ છે એથી આવા એના પર્યાયોના ભેદો, ગુણના ભેદો વગેરે, સર્વજ્ઞે કહેલા શાસ્ત્ર

અનુસાર (આવે). અમથા અજ્ઞાનીઓ એમને એમ ધ્યાન, ધ્યાન કરે છે એમ નહિ એમ કહે છે અહીં તો. એઈ..! એવું આવે છે.. કેવું કહેવાય ઈ? તત્ત્વાનુશાસનમાં, એમાં આવે છે. ... એમાં પાછો 'શ્રુતનો જ' શબ્દ મૂક્યો છે. શ્રુતનો જો આધાર નહિ લ્યે તો બીજે આડુંઅવળું થઈ જશે. વિકલ્પમાં પહેલું શાસ્ત્રનું જ્ઞાન જેવું છે આત્માનું દ્રવ્ય, ગુણ, પર્યાય એના ભેદો સર્વજ્ઞે કહેલા, એના વિચારો એને આવે, છતાં એથી અંદરમાં નહિ જઈ શકે. સમજાણું કાંઈ?

અશુભના ભાવોમાંથી અટકવા એવા વિકલ્પો શાસ્ત્રના જ્ઞાનના, વાસ્તવિક તત્ત્વના જ્ઞાન દર્શનસ્વરૂપ ચૈતન્ય, એના બાર પ્રકારના ઉપયોગનો ભેદ, વિભાવસ્વભાવ, કારણ-કાર્ય આદિનું જ્ઞાન એને વિચારમાં હોવું જોઈએ. નહિતર અન્યમતિ કહે છે એમ ચાલ્યો જશે. બીજા પણ એમ તો કહે છેને, કે ધ્યાન કરો, ધ્યાન કરો. શું પણ ધ્યાન કરે? શૂન્ય થઈ જઈશ શૂન્ય. અંદર વાસ્તવિક આમ તત્ત્વ જે ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ છે જે રીતે છે તે રીતે એના વ્યવહાર ખ્યાલમાં નહિ આવે તો અંતર જઈ શકશે નહિ. એની દૃષ્ટિ અંતરમાં થંભશે નહિ. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ નથી. આજે વ્યવહારનો વારો આવ્યો (એમ કહે). હોય છે કે નહિ? આ શું કહે છે? માથે આ કહે અને વળી તરત ભેદ લ્યે છે. વ્યવહારની વાત કરે છે. એનું કારણ છેને.

આમ તો વસ્તુ ભગવાન આત્મા સર્વજ્ઞે કહેલો એક સમયનો આત્મા અનંતગુણસંપન્ન સામાન્ય ધ્રુવ એનું અંતર લક્ષ કરતાં એનું પરિણમન જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય એને જ મોક્ષમાર્ગ કહે છે. એનું નામ મોક્ષમાર્ગ છે. બાકી મોક્ષમાર્ગ એક્કે છે નહિ. સમજાણું? છતાં આ બધી વાત તો પાછા કરે છે, કુંદકુંદાચાર્ય પોતે. એનું કારણ છે કે સર્વજ્ઞે કહેલા ઉપયોગના ભેદો, અવસ્થા, દ્રવ્ય અને ગુણો જે રીતે છે એનું એની ભૂમિકામાં યથાર્થ બરાબર ખ્યાલ રાખવો જોઈએ. છે વિકલ્પ પર તરફના વિચારોનો. સમજાણું કાંઈ? પણ બીજા ઊંધા વિકલ્પો કરતાં અને અજ્ઞાનીઓએ જે આત્માને કલ્પ્યો છે એ કરતાં આ જુદી જાતના વિકલ્પ છે. સમજાણું કાંઈ?

એથી અહીંયા આચાર્ય પોતે.. એમ તો પહેલું કહ્યું કે, '**णियमेण य जं कज्जं**' એ નિયમથી કરવાલાયક છે તે આત્માનો મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? નિશ્ચયથી કરવાલાયક છે એ આત્મા શુદ્ધ પૂર્ણાનંદ એનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે વીતરાગી પર્યાય એ જ નિશ્ચયથી કરવાલાયક છે. એ વાત તો પહેલી કહે છે. છતાં આ બાજુ પાછું બતાવે છે. સમજાણું કાંઈ? આવી ગયું છેને ત્રીજી ગાથામાં? વળી (કહે છે), આ વ્યવહાર વિકલ્પ કર્તવ્ય નથી તો કેમ આવે છે આ?

**શ્રોતા :—** એ તો પહેલું આવી ગયું ને કે વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, પહેલું ત્યાંથી જ ઉપાડ્યું, વ્યવહારનું ઉપાડ્યું છે. પણ નિશ્ચયની વાત કરીને ઉપાડ્યો છે વ્યવહાર હોં!

**'णियमेण'** આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર પોતાનો સ્વભાવ શુદ્ધ અખંડ એમાં લક્ષ દઈને.. અહીં કહ્યું હતુંને માથે? **'એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે,...'** પંડિતજી! શું હાજી? મારે બીજું કહેવું છે. પણ આમાં સામાન્યનો આશ્રય ક્યાં આવ્યો? ક્યાં આવ્યો? પણ આવ્યો ક્યાં? બતાવો. પણ આવી ગયો ઈ. આ કીધુંને, દૃષ્ટિ, જ્ઞપ્તિસ્વરૂપ પરિણમતું એવું જે એક જ ચૈતન્યસામાન્ય નિજ તત્ત્વ, ત્યારે પરિણમતું ક્યારે થયું ઈ? સમજાણું? વસ્તુ જે છે અનંતગુણ સામાન્યસ્વરૂપ એ પરિણમતું, પરિણમતું. ત્યારે બીજી રીતે જે પરિણમતું હતું, રાગપણે, દ્વેષપણે, વિકારપણે ઉદયભાવપણે પરિણમતું હતું, પરિણમતું તો હતું, હવે આ પરિણમ્યો એનો શું અર્થ થયો? એના ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એના ઉપર આમ દૃષ્ટિ આપતાં એ સામાન્યતત્ત્વ એવું ચૈતન્ય જ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમી ગયું. એટલે આશ્રય એમાં થઈ ગયો. સમજાણું કાંઈ?

વિકારપણે, બંધનપણે, મિથ્યાત્વપણે, રાગદ્વેષપણે પર્યાય પરિણમતી હતી. હવે આને આ રીતે પરિણમતું એમ કહ્યું, ભાઈ! એનો અર્થ શું થયો? આમથી ખસી, રાગદ્વેષ વિકારના ભાવોમાંથી ખસી, 'ભગવાન ચૈતન્યસ્વરૂપ આવું છે' એવી અંતરમાં દૃષ્ટિ થઈ એટલે શુદ્ધ ચૈતન્ય એક આત્મતત્ત્વ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે નિર્વિકારી અવસ્થાપણે થયું. એ સામાન્યના આશ્રયે થયું છે. સમજાણું કાંઈ? છતાં વિશેષના ભેદો બધા બતાવે છે. ન્યાલભાઈ! સમજાય છે આમાં? આરે..! કેટલી વાતું આમાં. હવે દર્શનોપયોગની, જુઓ, ૧૪મામાં.

**'ટીકા :— આ, અશુદ્ધદર્શનની તથા શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની સૂચના છે.'** સમજાણું કાંઈ? આમ કહેવાનો આશય છે. પહેલોં ઉપડ્યો કેમ? કે જ્યારે નિશ્ચયથી માથે કહ્યું કે નિશ્ચયથી કરવાલાયક એ, છતાં આવી વાત તો પોતે કુંદકુંદાચાર્ય કહે છે. વસંતીલાલજી! કહે છે એનો હેતુ છે કે જે રીતે આત્માનો જ્ઞાનદર્શન ત્રિકાળ સ્વભાવ અને એના જે બાર પ્રકારનો પર્યાયો જે રીતે અસ્તિત્વ છે એવું એને જ્ઞાનમાં ખ્યાલમાં વ્યવહારે આવવું જોઈએ. સમજાણું કાંઈ? આ બધા ભેદના વિચારો, ભેદનું જ્ઞાન તો વ્યવહાર છે. સમજાણું કે નહિ? જ્ઞાન ન હોય, જ્ઞાન ન હોય તો કરવું એને શું? પાધરો અભેદ.. અભેદ.. અભેદ એકદમ ક્યાંથી થાશે? સમજાણું? આ ભેદ થયું છે આને છોડીને છતાં આનું જ્ઞાન તો ત્યાં હતું કે નહિ? વ્યવહારનું જ્ઞાન કે આ પર્યાય છે, એના કેવળજ્ઞાન આદિ ભેદ છે, કેવળજ્ઞાન એક વ્યવહાર, સદ્ભુતવ્યવહારનયસ્વરૂપ છે, સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. કારણ કે ત્રિકાળમાં એક અંશ થયો ઈ, ભલે સાદિઅનંત થયો પણ એક ભાગ થયો. એવા વિચારો, એને ભેદ, એવું જ્ઞાન આવ્યા વિના રહેતું નથી. છતાં એ ભેદને લઈને અભેદ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાય કાર્ય ક્યારે કરે? ઓલા સામું જોવે ત્યારે. પર્યાય પર્યાય સામું જોવે અને પર્યાય કાર્ય કરે એમ ન બને એમ કહે છે. ... પર્યાય કાર્ય કરે અને જસ દે ઓલાને. પણ આશ્રય કરનાર કોણ છે? આશ્રય કરનાર દ્રવ્ય છે? આશ્રય કરનાર પર્યાય છે. શું? આશ્રય કરનાર તો પર્યાય છે, પણ પર્યાય કરે છે આશ્રય કોનો?

**શ્રોતા :—** કામ કરનાર પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ કામ કરનાર કોને આશ્રયે કરે છે? સમજાણું? ક્યાં ગયા? શાંતિભાઈ નથી? ઈ પર્યાયે કાર્ય કર્યું પણ કોના કારણથી? કોને કારણ બનાવ્યું ત્યારે કાર્ય થયું? કહો. સમજાણું કાંઈ? આ તો ભઈ માર્ગ એવો છે. કાર્ય પર્યાય (કરે) અને પર્યાય જ દ્રવ્યને જાણે, કાંઈ દ્રવ્ય દ્રવ્યને ન જાણે. દ્રવ્ય તો ધ્રુવ છે. ઈ શું, ધ્રુવને ધ્રુવ શું જાણે? સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ પ્રગટ છે. છેને, અસ્તિ છે કે કોઈ અભાવ છે? અસ્તિ છેને. ચૈતન્યસત્તામાત્ર પ્રગટ.. પ્રગટ.. પ્રગટ સત્ત્વ પ્રગટ સત્ત્વ છે. સત્ત્વરૂપે પ્રગટ છે કે અવ્યક્ત એટલે કે એ વસ્તુ જ નથી? સમજાણું કાંઈ? મહાન અરૂપી ચૈતન્ય મહાન પદાર્થ છે. એ પદાર્થનું કાર્ય પર્યાયમાં થાય છે. આહા..હા..! પર્યાયની ખબર ન મળે, દ્રવ્ય શું, ગુણની ખબર ન મળે અને આપણે કરો ધર્મ કરો. પણ ક્યાંથી કરીશ તું? આ અન્યમતિઓ અનેક પ્રકારે આત્માના ધ્યાનને બહાને ગોટા વાળે છે એ બધા ઊંધા છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું નવ તત્ત્વ, છ દ્રવ્ય, એના ઉપયોગ આદિના ભેદો, પર્યાય એને બરાબર એનું જ્ઞાન કરવું જોશે. ઓલામાં નથી આવ્યું? યોગસારમાં ભાઈ નથી આવ્યું? પ્રયત્નથી વ્યવહારનું જ્ઞાન કરવું એવું આવે છે. એક ગાથા છે. એઈ..! છે કે નહિ? આવે છે, આ બાજુ આવે છે, આ બાજુ પાને. આ બાજુ આમ. આ બાજુ આમ આવે છે. શેમાં? યોગસારમાં. આ પાને ... ભગવાને કહેલા જ્ઞાનનું પ્રયત્નથી જ્ઞાન કરવું એમ શબ્દ આવે છે. છે ખબર? ચેતનજી! ખબર નથી. છે પુસ્તક? ક્યાં છે? લાવોને ભઈ. આ તો કાઢીને બતાવીએ તો સારું પડે.

કહે છે, અહીં તો હજી અશુદ્ધદર્શન અને શુદ્ધ-અશુદ્ધ પર્યાયની સૂચના છે. ભઈ, તમે (કહો છો કે) ઈ છોડવા જેવું છે અને એની શું કરવા માંડી તમે? પણ જે રીતે તું જેમ છે તેમ જાણીશ નહિ તે વિના એના તરફથી લક્ષ (કેવી રીતે ફેરવીશ)? કેના તરફથી લક્ષ ફેરવવું છે? ઈ શું છે? ખબર વિના કાંઈ કોઈ પરમાત્મા છે કે એના પરથી લક્ષ છોડીને અહીં જાવું છે, એમ છે કાંઈ? તારામાં અનંત પર્યાયો થાય છે, ગુણભેદ છે, અનેક વિકાર છે આદિ છે પર્યાયો, એનું લક્ષ છોડીને આ અંદરમાં જાવું છે એનું યથાર્થ જ્ઞાન તો હોવું જોશે કે નહિ? સમજાણું કાંઈ?

(યોગસાર, ગાથા-૩૫) **'ષડ્ દ્રવ્યો જિન-ઉક્ત જે,'** વીતરાગે કહેલા પરમેશ્વરે **'પદાર્થ**

**નવ જે તત્ત્વ; ભાખ્યાં તે વ્યવહારથી, જાણ કરી પ્રયત્ન.**' ભાઈએ સુધાર્યું છે કે નહિ? પંડિતજીએ સુધાર્યું છે કે નહિ? આમાં તો બધામાં પંડિતનો જ ભાગ છેને આ સુધારવામાં. જુઓ, શાસ્ત્રમાં છે આ. સમજાણું? ષટ્ દ્રવ્યો. ભગવાન જિન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એણે ષટ્ દ્રવ્ય જે કહ્યા છે, પરમેશ્વર સિવાય એ વાત બીજે ક્યાંય હોય નહિ. એમને એમ આત્મા આત્માનું ધ્યાન કરો, એમ ન ચાલે. આત્મા કેવડો છે? ક્યાં છે? કેમ છે? સત્તાનું સ્વરૂપ કેવડું છે? સામાન્યનું કેવડું? વિશેષ શું? ક્યા ગામમાં ક્યા ક્ષેત્રે...? કહો, સમજાણું કાંઈ? જુઓ, આ યોગસારમાં એ કહ્યું. '**ષડ્ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ; ભાખ્યાં તે વ્યવહારથી,**' પરમેશ્વરે તે બધું વ્યવહારથી કહ્યું છે. નિશ્ચયસ્વરૂપ તો અખંડ અભેદ છે તે છે. '**જાણો કરી પ્રયત્ન.**' એની કોરથી, ૩૩, ૩૪, ૩૫ ત્રીજી લીટી છે આ. લીટી કરી છે હોં! '**જાણો કરી પ્રયત્ન.**' સમજાણું કાંઈ? આ યોગસાર. સ્વાધ્યાય ચાલે છે કે નહિ? એવા તો ઉપોદ્‌ઘાત કરે. શું કરવા આ વાત કરી? વાત કરે ઓલી, માથે કીધી આવડી, શરૂ કર્યું નિશ્ચયથી નિજકાર્ય કરવું એ. ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે જેવા તત્ત્વો જોયા, કહ્યા, એમ છે. એ સિવાય અજ્ઞાનીઓ બીજા વીતરાગ સિવાય કહે અને કલ્પનાથી આવું છે અને કાં એક જ તત્ત્વ છે ને કાં જડ જ છે, કાં આત્મા નથી, અને આત્મા તો એક જ આત્મા છે, એક આત્મા હોય તો એમાં ગુણ અનંત નથી. એવી વાતું કરનારા ઘણા છે. એની સાથે ક્યાંય વ્યવહારનો મેળ ખાશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, વ્યવહારના દોકડા આવ્યા કે નહિ આજ? ત્યાં સુધી તો કાઢ્યુંને, '**જાણો કરી પ્રયત્ન.**' પણ પ્રયત્નથી જાણવું તો જોઈએને એને. ભાખ્યો વ્યવહાર ભગવાને ભેદનો બધો જણાવ્યો છે, એને બરાબર જાણવો જોઈએ. એ વાત કરે છે આચાર્ય જુઓ હવે.

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।।१४।।**

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

'**ટીકા :— આ અશુદ્ધદર્શનની...**' દર્શનોપયોગ. જ્ઞાનોપયોગની વ્યાખ્યા આવી ગઈ. સ્વભાવોપયોગદર્શન, કારણસ્વભાવ, કાર્યસ્વભાવની વ્યાખ્યા આવી ગઈ. વિભાવના જ્ઞાનના બે ભેદની વાત આવી ગઈ. ચાર સમ્યક્‌જ્ઞાન એ વિભાવિક જ્ઞાન છે અને ત્રણ અજ્ઞાન એ પણ વિભાવિક જ્ઞાન છે. એની વાત આવી ગઈ. સમજાણું કાંઈ? હવે દર્શનોપયોગની વ્યાખ્યા એમાં દર્શનસામાન્ય અને દર્શન ત્રિકાળ કારણઉપયોગ અને કાર્યઉપયોગની વાત આવી ગઈ. ભગવાન આત્મા કારણદૃષ્ટિ અને કારણદર્શનોપયોગ ત્રિકાળ આત્મામાં છે. એમાંથી પ્રગટતું કાર્ય ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવને એટલે કેવળીને કાર્યસમ્યક્, કાર્યદર્શનોપયોગ એટલે કેવળદર્શન, કાર્યદૃષ્ટિ પૂર્ણ ક્ષાયિકસમકિત પરમઅવગાઢ આવી ગઈ એમાં. એ કાર્યસ્વભાવની વાત અને

કારણસ્વભાવની વાત થઈ. હવે અહીં વિભાવદર્શનની વાત કરે છે. પછી કરશે પર્યાયની. સમજાણું કાંઈ?

**'જેમ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી...'** જુઓ, સમજાવવું છે તો નિમિત્તથી સમજાવેને. સમજાવવું શી રીતે? આત્માના પુરુષાર્થથી ક્ષયોપશમ કર્યો. વાત તો એમ કહેવી છે. પણ તે કાળે એક મતિજ્ઞાનાવરણીય કર્મ હતું એમાં પણ એને કારણે અંદર ક્ષયોપશમ જડમાં પણ થયો છે. અહીં મતિનો પુરુષાર્થ કર્યો છે. મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવ અંદર જ્ઞાનના ઉઘાડથી... વાંધા નિમિત્તના કથન આવે ત્યાં વળગે. આજે ઓલા આઠ પાના વાંચ્યા. કીધું, લાવને થોડો વખત છે, વાંચીએ. આવ્યા છેને. ઈ તો લખ્યું છે, હવે ઈ તો બધું વાંચ્યું છે. કીધું, વાંચી જોઈએ નવું તાજુ હમણાં. વખત ઘણો રહેને બપોરે તો હવે. સમજાણું કાંઈ? આણે આ લખ્યું અને આણે આ કર્યું. પણ બધું છે, ઈ તો નિમિત્તથી વાત છે. ઉપાદાન પોતાની પર્યાયનું કાર્ય કરે છે ત્યારે બીજી ચીજ હોય છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડ કરતોં નથી કાંઈ. મફતનો અમથો (માને છે). આધાર બધા જોયા, એ તો બધા સાંભળ્યા હતા તે દિ'. આજે પણ વાંચ્યા. ઓ..હો..!

સ્વતંત્ર આત્મા વિકારી પર્યાય કરે કે અવિકારી ઉપયોગ વિકારી આદિ કરે, સ્વતંત્ર આત્મા પોતાના પર્યાયનો કર્તા છે. બીજી ચીજ એને કરી દે અને બીજી ચીજ છે માટે અહીં થાય છે એમ છે નહિ.

**શ્રોતા :—** ન હોય તો થાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન હોય તો જ થાય છે. એની સત્તા છે તો અહીં સત્તામાં પર્યાય થાય છે એમ નથી. એક સત્તા છે બીજી, વસ્તુ છે. એના હોવાપણે અહીં હોવાપણું પર્યાયનું થાય એ વસ્તુસ્થિતિ સત્ રહેતું નથી. નિમિત્ત અપ્રયોજન... નિમિત્ત પરમાં કાર્ય શું કરે? વસ્તુ છે જ્ઞાન કરવાની. સમજાણું કાંઈ? નિમિત્તકર્તા પણ એને કહેવાય. કર્તા કહેવાય એટલે કે વ્યવહાર કર્તા એટલે છે નહિ. વસ્તુ ભગવાન આત્મા પોતાના જ્ઞાનની મતિજ્ઞાનના ક્ષયોપશમનો પુરુષાર્થ કરે ત્યારે મતિજ્ઞાનાવરણીયમાં અંદરમાં ઉઘાડ પણ એનો થાય એનામાં. એવો એનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના. ઈ બધું એક જ છે. ઈષ્ટોપદેશમાં આવશે. એનો દાખલો આપ્યો છે ભાઈએ. એનો ઊંધો કર્યો છે અનેક પ્રકારે. નિમિત્ત તો ઉદાસીન નિમિત્ત ધર્માસ્તિકાયવત્.

દરેક દ્રવ્ય પોતાની પર્યાયપણે પરિણમે ત્યારે બીજું નિમિત્ત તે ઉદાસીન ધર્માસ્તિવત્ છે. ચાહે તો પ્રેરક હોય, ચાહે તો ઉદાસીન હોય, ચાહે તો ઈચ્છાવાળો હોય, ચાહે તો

ફરતું દ્રવ્ય હોય. ફરતું એટલે આ કુંભારનો ઘડો ચાકડો આદિ ફરેને. પણ પર માટે તો એ ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે. સ્વયં ગતિ પરિણત જીવને ધર્માસ્તિ નિમિત્ત છે.

**શ્રોતા :—** ... કામ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કામ-બામ કાંઈ કરતું નથી. હેતુકર્તાનો દાખલો બહુ સરસ આપ્યો છે. એ તો બોલાય છે, કહે છે. ઝઘડા આવા વ્યવહારના ઊભા થયા. એને નિશ્ચયમાં જાવું... આહા..હા...! અરે..! ભગવાન! સમજાણું કાંઈ?

**'મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને જાણે છે,...'** મૂર્ત વસ્તુને જાણે છે. કહો, સમજાણું? કોઈનો પ્રશ્ન એમ રહે છે કે આ તો મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે અને ઈ જ્ઞાન તો સ્વપરપ્રકાશક છે, તો મૂર્તને જાણે એમાં સ્વપરપ્રકાશક ક્યાં આવ્યું? એઈ..! પંડિતજી! સમજાય છે કાંઈ? એ હમણા પ્રશ્ન થઈ ગયો હતો, ચંદુભાઈએ કર્યો હતો. આ ડૉક્ટર. અવધિજ્ઞાન ને આ બધા ક્ષયોપશમ છે એ તો મૂર્તને જાણે. તો જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તો એમાં સ્વપર ક્યાં આવ્યું? સ્વ આવ્યું, કીધું. એ મૂર્તપણું જેટલો ઉઘાડભાવ છે એને મૂર્ત કહ્યો છે. ક્ષયોપશમભાવ એને મૂર્ત કહ્યો છે શાસ્ત્રએ. સ્વનો. અવધિજ્ઞાનમાં પણ જેટલો ક્ષયોપશમ થયો છેને, એને અવધિજ્ઞાન જાણે છે. ભાઈ! આહા..હા..! એને જાણે છે. સમજાણું કાંઈ? મતિજ્ઞાનમાં પણ જેટલો ઉઘાડ થયો એમાં સ્વ અને પર બેયનું જ્ઞાન છે એમાં. મૂર્ત કહ્યું છે, પણ છતાં એ ઉઘાડમાં એ જાતનો પોતાનો ક્ષયોપશમ છે એને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? અને પરને પણ જાણે છે. આહા..હા..! એ પ્રશ્ન થયો હતો. યાદ છે? રસ્તામાં. આ લોકો આવ્યા છેને બેય. આમ કેમ એમ નહિ, બધામાં સ્વપરપ્રકાશક. સમજાણું કાંઈ?

અહીં તો મતિજ્ઞાનાવરણીય મૂર્ત વસ્તુને જાણે. પરને જાણે તો મતિજ્ઞાનનો ક્ષયોપશમ એ પર્યાય છે તો સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશમાં એકલું પરને જ જાણે તો એ જ્ઞાનનો સ્વભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? આરે..! એક એક વાંધા... બાપા, વાંધા નથી, એ તો બધા વાંધાના ફેંસલા કરી નાખે એવું છે. એ મતિજ્ઞાનનો પણ સ્વભાવ પોતાનો ક્ષયોપશમભાવ છે એને જાણે, એ ઉદયને પણ જાણે, પોતાના ઉદય છેને રાગાદિ એને પણ જાણે અને કર્મને પણ જાણે, ઉપશમને પણ જાણે. સમજાણું કાંઈ? શું કહ્યું? સમજાણું કે નહિ? આ મૂર્તને જાણે કીધું. અને અમૂર્ત આવ્યો નહિ, આત્મા આવ્યો નહિ (તો) એને પરપ્રકાશક કહેવો એકલો મતિજ્ઞાનને? એ.. છગનભાઈ! બાપુ! એ તો વ્યાખ્યા કરી છે એમાં ઈ આવી જાય છે. ભાઈ! જે જ્ઞાન છે એની મુખ્યતા, પોતે જ્ઞાતા જ નથી, પોતે પોતાને જાણતો નથી તો પરને જાણવું એમાં આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આ વિષય ભઈ એવો છેને, ઈ અંદરથી જરી વિચાર કરીને જોવે તો ખબર પડે. એમને એમ ચાલ્યો જાય કે આમાં આમ લખ્યું છે. બધું લખ્યું છે, બધું છે. પણ લખ્યામાં જે કાંઈ તત્ત્વ હશે ઈ સિદ્ધ કર્યું છે

કે તત્ત્વથી વિરુદ્ધ સિદ્ધ કરવું છે ત્યાં? જ્ઞાનનો સ્વભાવ, મતિનો હો, શ્રુતનો હો, અવધિ કે મનઃપર્યય કે કેવલ હો—એ પાંચેય પર્યાય સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. કહો, સમજાણું કે નહિ? અજ્ઞાનમાં તો એકલું પરને જાણે છે. સ્વભાવ છે પણ અજ્ઞાન છે માટે સ્વ નથી આવતું. પણ સમ્યક્જ્ઞાનમાં? સમજાણું? સમ્યક્જ્ઞામ મતિનો અંશ છે એમાં સ્વ અને પર બેય છે. મૂર્ત છે, ભલે મૂર્ત કહો એનો, તદ્દન સ્વભાવને જાણતું નથી. સમ્યક્જ્ઞાન તો પછી વિશેષ ... જાણે, પણ અત્યારે મૂર્તની અપેક્ષાએ. મતિજ્ઞાન શુદ્ધ આત્માને જાણે છે. સમ્યક્ મતિજ્ઞાન, સમ્યક્ શ્રુતજ્ઞાન આત્માને જાણે છે, સ્વભાવને જાણે છે.

અહીંયા અત્યારે સ્થૂળ અપેક્ષાએ વાત છે. ભાઈ! જે મતિ અને શ્રુતને પરોક્ષ કહ્યું છેને એટલા અપેક્ષાની વાત છે. પણ છતાં પરોક્ષમાં આત્મા આવી જાય છે એમ મારું કહેવું છે અત્યારે. આત્મા ક્યો આવે છે? સ્વભાવ ભલે નહિ, પણ એનો જે રાગ ભાગ છે, ઉઘાડ ભાગ છે એટલું એમાં આવી જાય છે. ઓલો સ્વભાવ ભલે અત્યારે નહિ. એ પ્રત્યક્ષમાં. પણ એનો ભાવ-સ્વભાવ મતિનો છે પ્રત્યક્ષ સ્વભાવ છે પણ સ્વની અપેક્ષાએ. આ પરની અપેક્ષાએ કીધું પણ આટલું સ્વ તો આવી જાય. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ... હળવે હળવે.

અહીં તો એમ કહેવું છે કે મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જે મૂર્તને વસ્તુને જાણે. ત્યારે આપણે સમ્યક્ મતિજ્ઞાન લ્યો તો એ સમ્યક્ મતિજ્ઞાનમાં આત્મા ક્યાં ગયો? પરોક્ષ રીતે પણ હોં! પ્રત્યક્ષ એક કોર રહ્યો, ભાઈ! સમજાય છે? પ્રત્યક્ષ તો સ્વસંવેદનમાં હોય છે મતિનો પ્રત્યક્ષ પોતાનો આત્મા. પણ સ્થૂળરૂપે જેને પરોક્ષ કહ્યું છે મતિને, એમાં પણ જો આત્માનો કોઈ પર્યાય કે રાગ કે એનો ભાવ ન આવે તો પરપ્રકાશ એકલો થાય. એ વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ રીતે સર્વજ્ઞ પરમેશ્વરે મતિજ્ઞાનના ભાવનું જે સ્વરૂપ કહ્યું છે એવું એને બરાબર જાણવું જોઈએ. અહીં તો સિદ્ધ કરવું છે દર્શનનું હોં! પણ ઓલાની સાથે દાખલો આનો તો આપ્યો છે.

‘**જેમ મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને જાણે છે,...**’ સમજાણું કાંઈ? પરોક્ષપણે પણ એના રાગને જાણે, એ પોતાનો સ્વભાવ છે. એ વિભાવને જાણે એ પણ આમ સ્થૂળ છેને ભાવ, ઉપશમને જાણે, ક્ષયોપશમને જાણે એવી મતિમાં તાકાત છે. સમજાય છે? પ્રત્યક્ષ થવાની તાકાત સ્વ તરફ વળે ઈ ભલે અત્યારે મેળ ન ખાય, આ મૂર્ત છે માટે. સમજાણું કાંઈ? ‘**તેમ ચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને દેખે છે,...**’ સમજાણું કાંઈ? ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવ મૂર્ત વસ્તુને દેખે છે. ‘દેખવું એટલે સામાન્યપણે અવલોકવું, સામાન્ય પ્રતિભાસ થવો.’ સમજાણું કાંઈ? એમાં પણ જ્યારે મૂળ સિદ્ધાંત લ્યો તો દર્શનમાં પણ સ્વપરપ્રકાશકપણું છે, ભાઈ! એઈ..! ભારે વાત, ભાઈ! આગળ આવશે પાછળ. જેમ આત્મા સ્વપરપ્રકાશક છે એમ એના

જ્ઞાનગુણની પર્યાય પણ સ્વપરપ્રકાશક છે, એની દર્શનની પર્યાય પણ સ્વપરપ્રકાશક છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? છોટાભાઈ! આહા..હા..! કહે છે કે ચક્ષુદર્શનાવરણીયના ઉઘાડથી. પુરુષાર્થ દર્શનનો પોતાનો છે હોં! કર્મનું નિમિત્ત છે ત્યાં.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— બદલવાનું નથી. જેમ છે એનો અર્થ એવો છે. પરાણે કહે છે હોં! એક જણા કહેતા. આ તમારા કાકા કહેતા કે કેટલું ફેરવશો તમે? એમ કહેતા. બાપુ! ફેરવવું કાંઈ નથી, જેમ છે તેમ રાખવું છે એને. સમજાણું કાંઈ? નહિતર તો અહીં કહ્યું કે મતિ મૂર્તને જાણે, અવધિ મૂર્તને જાણે, રૂપીને અવધિ જાણે. તો અવધિજ્ઞાનનો સ્વભાવ તો પરને એકલા જાણવાનો છે. બાકી જ્ઞાન સ્વપરપ્રકાશક છે કે નહિ? સમજાણું કે નહિ? આહા..હા..! ઈ પર્યાયનો જેવો સ્વભાવ છે એ રીતે એણે નક્કી કરવું જોઈએ. દુનિયાને અનુસરીને નહિ. સર્વજ્ઞ ભગવાન કહે છે એને અનુસરીને નક્કી કરવું. સમજાણું કાંઈ?

દર્શનમાં પણ એના ક્ષયોપશમે મૂર્ત વસ્તુને દેખે છે. સમજ્યાને? ચક્ષુમાં પણ પોતાના ઉપયોગમાં એટલો પોતાને દેખવાનો ભાવ પણ સાથે છે. કહો, સમજાણું આમાં? જુઓ, આ પર્યાયના ભેદનું જ્ઞાન કરાવે છે. આચાર્ય પોતે તો કરાવે છે. ભેદ અભેદને સમજાવવા માટે છે. આ કોનો ભેદ? આ ચીજનો. અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એના આવા જ્ઞાનના, દર્શનના, મતિના, દર્શનના આવા ભેદો હોય છે તેને જણાવે છે. સમજાણું કાંઈ? વ્યવહાર નથી એમ નહિ. વ્યવહારને ન માને તો આ પર્યાયો આદિ નથી એમ માનશે અને નિશ્ચયને ન માને તો એકલું તત્ત્વ જે આશ્રય કરવાલાયક છે અભેદ એ તો રહેતું નથી. અભેદ વિના પછી નિર્મળ પર્યાય પ્રગટશે કોને આશ્રયે? સમજાણું કાંઈ?

વ્યવહાર નથી એમ કહે તો પછી આ પર્યાય શું છે? આ બધા ભેદ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ વ્યવહારસમકિતની વ્યાખ્યામાં ભાઈ ચાલે છે આ. શું કીધું? એઈ! તત્ત્વાર્થમાં ચાલે છે આ. તત્ત્વાર્થમાં ચાલે છે. છ દ્રવ્યો, એના તત્ત્વાર્થો એ શ્રદ્ધામાં—વ્યવહારશ્રદ્ધામાં લેવા એની આ વ્યાખ્યા ચાલે છે. નિશ્ચયસમ્યગ્દર્શનમાં તો અભેદ આત્મા એકલો ચૈતન્ય.. પણ એનો વ્યવહાર, આવો વિકલ્પ વ્યવહારશ્રદ્ધાનો આવો જ હોય છે. જેવા એના પર્યાયભેદનો સ્વભાવ એવો જ એને વિચારમાં શ્રદ્ધામાં લ્યે છે. આડીઅવળી એની શ્રદ્ધા હોતી નથી. કહો, સમજાણું આમાં? ઠીક થોડું લંબાણું. ઓલા ચંદુભાઈ કહે મારે ૧૫મી ગાથા સાંભળવી છે. શનિવારે આવવું છે. ત્યાં વળી આમાં લંબાણું. એઈ..! લખ્યું છે કે નહિ તમે? એમ છે. ત્યાં તો અહીં આવ્યું. નહિતર તો ચાલ્યું જાત બધું. કહો.

ત્રીજો બોલ. સિદ્ધ કરવું છે અહીં... સમજાય છે? અચક્ષુદર્શનાવરણીય, પણ બતાવે છે '**શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા...**' જુઓ, શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી, અંદર ઉઘાડથી. આહા..હા..! આટલી મહેનતે માણસ થયા..

બાપુ! એ તો વસ્તુના સ્વીકારથી આને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એના વ્યવહારના આંગણા ઉજળા કરવા જોઈએ એમ કહે છે. જેવા છે એમ એને માનવા જોઈએ. પછી આંગણું છોડી દેવાનું છે. છોડી દ્યે, પહેલાં આંગણે આવે ત્યારે છોડે કે તે વિના છોડે? કો'કને ઘરે જાય અને કો'ક ઘરે આંગણે ગરી જાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ... ગુરુગમ દ્વારા જાણવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જાણવું જોઈએ એમાં શું? ગુરુગમ કહો કે ભલે ગમે ઈ કહો. વ્યવહાર સિદ્ધ થાય છે. એ અપેક્ષાએ કહે છે. બધું જાણ્યું છે. એનો કહેવાનો આશય ઈ હતો કે આના અર્થ ઊંધા કરે એટલે ગુરુગમે જાણવું જોઈએ. એમ કહેવાનો આશય હતો. ભાઈ! આમાં ઊંધા-સવળાની વાત છે. આ તો વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં. સમજાણું? ઓહો..! સાધવાના કાળે બાપુ આ સ્થિતિ આવી છે.

એક માણસ એવો. આપણે જામનગરમાં નહોતા જોવા ગયા? મસાણમાં. વળતા નીકળ્યા હતા અને એક માણસ હતો મજૂર. ઓલું અહીં તૂટી ગયેલું, એક હાથ તૂટી ગયેલો. તમારી નજર નહિ પડી હોય, મારી પડેલી. હાથ કપાઈ ગયેલા બેય. આપણે એકને કપાઈ ગયા છેને. અમે ત્યાં હતાને નહોતા કપાઈ ગયા? અહીં કપાઈ ગયા. એમ એક ન્યાં માણસ હતો. પણ ક્રોધ કરે. વળતા મસાણમાં જોઈને નીકળ્યા.. એવો ક્રોધ કરે.. આમ આમ થાય અંદરથી. ... પણ એવો ક્રોધ કરે કોણ જાણે. ઈ આ મારવા મથે, આ આ. લટકતું હતું. બતાવ્યું હતુંને ભાઈને? ચંદુભાઈને બતાવ્યું હતું. અરર..! આવા એક નિરાશ્રિત જેવી દશા થાય છે એમાં એને આટલો વિકાર ને ક્રોધ માન, ક્રોધ.. ક્રોધ.. ક્રોધ.. એટલો. આવા તત્ત્વને સમજવા માટે વખત લેતો નથી. અરે..! આ નિરાધાર માણસ છે. ખાવું નહિ, પીવું નહિ, આ બધું.. આ બે કપાઈ ગયેલા, અહીંથી કપાઈ ગયેલા. એવો ક્રોધ કરતો હતો. તમે જોયું હોય તો. નજર મારી ગયેલી. તમને બતાવ્યું હતું. એ વખતે થયું.. આહા..હા..! વાંકડીયા વાળ હતા.

એમ અનાદિનો અજ્ઞાની સત્ય તત્ત્વથી વિરુદ્ધ જ .. રહ્યો છે. અરે..! આવા ટાણા મળ્યા બાપા, આ નિરાશ્રય તત્ત્વ એવું તત્ત્વ છે કે જેને અવલંબને આત્માનું કલ્યાણ થાય એને સમજવા પ્રયત્ન ન કરે. આવા કાળ એના અનંતવાર ગયા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા...**' શ્રુત દ્વારા. જુઓ અંદર. '**દ્રવ્યશ્રુતે કહેલા...**' ભાવશ્રુત દ્વારા એમ. શ્રુત દ્વારા છેને? દ્રવ્યશ્રુત ઉઘાડ જે છે એ પર્યાય છે. એના દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા, ભગવાનની વાણીમાં આવેલા '**મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...**' જોયું! અહીં શ્રુતમાં એ લીધું. દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત અને અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે. એટલું ઓલી પ્રત્યક્ષની વાત અત્યારે નથી નાખી. સમજાણું કાંઈ? નહિતર શ્રુતજ્ઞાન જે પ્રત્યક્ષ પોતાને અંદર જાણે એ વાતને ગૌણ રાખીને આ વાતની પ્રસિદ્ધિ વધારે કરવી છે, વ્યવહારની. સમજાણું કાંઈ? ભગવાને કહેલા-દ્રવ્યશ્રુતે

કહેલા મૂર્ત અને અમૂર્ત '**સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...**' જુઓ, જ્ઞાનનો સ્વભાવ બધું જાણે, મૂર્ત અને અમૂર્ત બેયને, શ્રુતજ્ઞાનથી. પોતાની પર્યાયને જાણે, દ્રવ્ય ગુણને જાણે, રાગને જાણે, પરને (જાણે). બધું જાણે શ્રુતજ્ઞાન. સમજાણું કાંઈ? વસ્તુસમૂહ. સમસ્ત વસ્તુસમૂહ. એવી તો વ્યવહારશ્રદ્ધામાં એને આવવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયશ્રદ્ધા તો ભગવાન આત્માના આશ્રયે થાય, પણ એ પહેલાં ભૂમિકામાં એના આંગણામાં આવું જ્ઞાન અને આવી શ્રદ્ધા હોવી જોઈએ. આનાથી વિરુદ્ધ શ્રદ્ધા હોય તો એ અંતર્મુખ જઈ શકવાને લાયક રહી શકશે નહિ, શ્રદ્ધા એને નિશ્ચય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કેટલું આપ્યું? શ્રુતના ક્ષયોપશમથી પણ એનો ક્ષયોપશમ પુરુષાર્થ પોતાનો છે. એ ભાવજ્ઞાન દ્વારા, પોતાના ભાવજ્ઞાન દ્વારા, ક્ષયોપશમ દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં આવેલા મૂર્ત અને અમૂર્ત બધા વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે. એવા શ્રુતજ્ઞાનમાં એને શ્રુતજ્ઞાનની પર્યાયનો આટલી તાકાત છે એવું એને વ્યવહારશ્રદ્ધામાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**તેમ...**' એમાં સ્વ-પર બેય આવી ગયું. '**તેમ અચક્ષુદર્શનાવરણીયના કર્મના ક્ષયોપશમથી...**' ઓલો દાખલો આપ્યો હતોને. '**કર્મના ક્ષયોપશમથી** (જીવ) **સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય વિષયોને દેખે છે.**' સમજાણું? અચક્ષુદર્શનના ઉપયોગમાં ઉઘાડમાં સ્પર્શ, રસન, ઘ્રાણ... જુઓ, આ પાંચ ઈન્દ્રિયો ખંડ ખંડ, જડ ઈન્દ્રિયો એના વિષયો એનો ઉઘાડ આ બધી વાત જૈનદર્શનમાં હોય છે. એ વાત બીજે વ્યવહારે પણ હોતી નથી. સમજાણું કાંઈ? '**ક્ષયોપશમથી** (જીવ) **સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય...**' તે તે ઈન્દ્રિયને યોગ્ય જાણેને. '**તેને તેને યોગ્ય વિષયોને દેખે છે.**' એ અચક્ષુદર્શના દેખવાનો ભાવ છે. એમાં પણ સ્વપરપ્રકાશક છે હોં! કોઈપણ નાનામાં નાનો દર્શનોપયોગ હો કે જ્ઞાનોપયોગ હો, પણ એનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. કેવળજ્ઞાન થાય ત્યારે સ્વપરપ્રકાશક પૂરું થાય એ વળી જુદું. પણ એથી કરીને નીચે સ્વપરપ્રકાશક નથી એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી...**' જુઓ, '(જીવ) **શુદ્ધપુદ્ગલપર્યંત (-પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને જાણે છે,...**' જુઓ, અહીં તો આટલું લીધું. સમજાણું? '**અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **શુદ્ધપુદ્ગલપર્યંત (-પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને જાણે છે,...**' એકલો પરમાણુ જાણે. એમાં અંદર પોતાના જ્ઞાનનો ક્ષયોપશમ છે એ ક્ષયોપશમ પણ પોતાના ક્ષયોપશમને જાણે, ઉદયને અને ઉપશમને પણ જાણે ક્ષયોપશમ. શબ્દ એટલો શુદ્ધપુદ્ગલ ... '**મૂર્તદ્રવ્યને જાણે છે,...**' સમજાણું કાંઈ? છતાં એ અવધિજ્ઞાનાવરણીયનો જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એટલો એ પોતાના ઉપયોગને પણ ક્ષયોપશમભાવ આદિને જાણે. સમજાણું?

**'તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.'** લ્યો. એમ અવધિદર્શનાવરણીયના ઉઘાડથી, ઓલામાં જાણવાની વાત હતી, આમાં સમસ્ત મૂર્ત પદાર્થ દેખે છે. પોતાની પર્યાય મૂર્ત રૂપી કીધી છેને? ઉપશમને, ક્ષયોપશમને, ઉદયને રૂપી કીધી છે. તકરાર લે તો આ લે, મતિ-શ્રુતને પરોક્ષ કીધું, એમાં આત્મા ન આવે. પરોક્ષમાં પણ આત્માનો કોઈ ભાગ ન આવે? પ્રત્યક્ષ તો ન આવે, ઈ તો વળી લખાણમાં નથી એટલે તને ન બેસે. પણ પરોક્ષ શી રીતે થયો? પોતે જ્યાં જ્ઞાન જ્ઞાન 'આ જ્ઞાન' એમ ભાસ વિના 'આ વસ્તુ' એમ ક્યાંથી ભાસ થાય છે? સમજાણું કાંઈ? આ મુખ્ય જ્યાં પોતે નથી, મુખ્ય જ્યાં પોતે નથી ત્યાં 'આ છે' એમ જાણ્યું કોણે? આહા..હા..! સમજાણું કાંઈ? એવો એનો પર્યાયનો સ્વભાવ છે એમ એણે જાણવું જોઈએ.

**'(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી...'** લ્યો, એ ઉપયોગનું... **'અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :'** સમજાણું? છે તો ઉપયોગ એ બાહ્ય પર્યાય હતી જે પ્રગટ છે ઈ તો, ત્રિકાળ કારણ ગુણ આદિ. સમજાણું? પણ એને ઉપયોગનો મૂળ ગુણ ગણીને અભેદ તરીકે વર્ણવીને એને ભેદમાં ન નાખ્યું. સમજાણું કાંઈ? આ પર્યાયને ભેદમાં નાખે છે હવે. ભારે વાત, ભાઈ! ઓ..હો..હો..! **'(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :'** પર્યાયની વ્યાખ્યા.

'परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः'. **'અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.'** સમજાણું કાંઈ? છતાં એને અપવાદ અને ઉત્સર્ગમાર્ગની વ્યાખ્યા સમજવી જોઈએ. આમાં પર્યાયની વ્યાખ્યા કરશે. ઉપાધિવાળી પર્યાય, સ્વાભાવિક પર્યાયની વ્યાખ્યા કરશે. ભાઈ! છતાં કુંદકુંદાચાર્ય છેલ્લી ગાથામાં-૧૯માં એમ કહેશે કે એ પર્યાયો દ્રવ્યાર્થિકનયે છે જ નહિ, એનાથી વ્યતિરેક દ્રવ્ય છે. એમાં એમ આવી જાય કે આમાં જેટલા પર્યાયો કીધા છે એ બધા પર્યાયથી રહિત દ્રવ્યાર્થિકનય છે એમ એમાં આવી જાય છે. પાઠ એવો છે ત્યાં. ત્યારે ટીકાકરે ખુલાસો કર્યો છે, એમ નહિ. ફક્ત વિભાવવ્યંજનપર્યાય રહિતને દ્રવ્યાર્થિકનયને ગણવામાં આવી છે. છોટાભાઈ! આહા..હા..! પાઠ તો એવો છે, ભાઈ! સમજાણું? ૧૯મી ગાથા છેને, જુઓને! લ્યો ઈ આવી.

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणएण जीवा संजुत्ता होंति दुविहेहिं।।१९।।**

એની વ્યાખ્યા ઝીણી છે. પર્યાયનયે તો બધા અશુદ્ધ ને શુદ્ધની પર્યાયવાળા. સિદ્ધ પણ એવા છે. પૂર્વની પર્યાયના આરોપથી કહ્યું. પણ અહીં તો દ્રવ્યાર્થિકનયે **'जीवा वदिरित्ता पुव्वभणिद'** પૂર્વે જે પર્યાય કહ્યા એનાથી દ્રવ્યાર્થિકનયથી રહિત છે. શુદ્ધકારણપર્યાય પણ દ્રવ્યાર્થિકનયમાં આવતી નથી એમ થયું. ભાઈ! એ લોકો કહે છે, ષટ્ગુણહાનિવૃદ્ધિ કહે છેને એ તો સ્વભાવપર્યાયની ... કરે છે ... ષટ્ગુણહાનિવૃદ્ધિથી આમ થાય, દ્રવ્યાર્થિકમાં જાય

છે. ઈ વળી એમ કહે છે. નહિ? એવું કાંઈક કહે છે. ભાઈ! એવું કહે છે હોં! ... એમ નથી. એ પર્યાયમાં જે ષટ્ગુણહાનિવૃદ્ધિની કહેશે એ પણ પર્યાયમાં જ આવે છે, દ્રવ્યાર્થિકનયનો વિષય નથી. તેથી પહેલી એ લેશે. દ્રવ્યાર્થિકનયનો વિષય નથી. ઈ દ્રવ્યાર્થિકનો કહે છે. છે? ખબર છે? ખબર નથી. એમાં આવે છે. અરે..! ભગવાન! બાપુ! તું તો સમજ હવે. આહા..હા..! એ પર્યાયથી રહિત જે દ્રવ્ય કીધું છે એનો ખુલાસો પોતે ટીકાકાર જ્યારે પર્યાયની વ્યાખ્યા શુદ્ધકારણપર્યાય અને જ્યારે અશુદ્ધની વ્યાખ્યા કરશે પોતે ત્યારે પોતે જ ત્યાં ટીકાકારે એમ લીધું કે પાઠ તો આમ કહે છેને? ઈ પાઠમાં આમ કહેવા માંગે છે. જેટલો વિભાવિકવ્યંજનપર્યાય અશુદ્ધ છે એનાથી રહિત. શુદ્ધવ્યંજનપર્યાયની વાત ભાઈ આમાં લીધી નથી. સમજાણું કાંઈ? એ વળી શું કીધું?

આત્મામાં આ મનુષ્ય, દેવાદિ ચાર ગતિઓ છેને? એ અંદર વિકારીવ્યંજનપર્યાય છે. દેહાદિ નહિ, શરીર નહિ. વિભાવિક આત્માની વિકારી પર્યાય. એને જ વ્યંજનપર્યાયને અહીં અશુદ્ધ પર્યાયમાં નાખી છે. અર્થપર્યાય જે શુદ્ધ સિદ્ધને છે એને અહીં લીધી જ નથી. સમજાણું કાંઈ? કેટલા પ્રકાર આમાં (સમજવા). બધું જાણવું જોઈએ, ભાઈ! જે અપેક્ષાઓ છે તે બધી જાણવી જોઈએ. '**पज्जयणएण जीवा**' એ પછી આગળ આવશે. અહીં તો એટલું કહેવું છે કે જેટલી પર્યાયના ભેદ થશે એ બધા દ્રવ્યાર્થિકનયે એમાં છે જ નહિ. અને આ શુદ્ધકારણપર્યાય દ્રવ્યાર્થિકનયમાં અહીં નાખશે. અભેદ નાખશે. સમજાણું કાંઈ? અને આ ઉપયોગ પણ પર્યાય છે. એ અહીં નહિ લે, એમાં વાત નહિ કરે. ઉપયોગની વ્યાખ્યા ગઈ. અહીં પર્યાયની જે વ્યાખ્યા કરશે એમાંથી જે વ્યંજનપર્યાય અશુદ્ધ છે એ દ્રવ્યાર્થિકનયે એ વ્યંજનપર્યાયરહિત જ દ્રવ્ય છે. ભારે વાત. ભાઈ! જૈન પરમેશ્વર સિવાય (આ વાત ક્યાંય છે જ નહિ).

**શ્રોતા :—** દ્રવ્યમાંથી નીકળી જાય છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નીકળી જાય છે નહિ, અશુદ્ધ પર્યાય જ એને ગણી છે, અશુદ્ધ એને જ ગણી છે. સમજાય છે? અર્થપર્યાયમાં તો બીજી વાત લીધી છે. કેવળજ્ઞાનાદિને ગુણ લીધા, મતિજ્ઞાનાદિને વિભાવગુણ લીધા. અર્થપર્યાયને આમ લીધું છે એણે. અર્થપર્યાયને ગુણમાં લીધા છે. આ અપેક્ષા સમજાય છે? અર્થપર્યાયમાં કેવળજ્ઞાનાદિ ગુણ લીધા છે સ્વાભાવિક ગુણ અને જે મતિજ્ઞાનાદિ વિભાવિક અર્થપર્યાયમાં ગુણ લીધા છે. એથી વ્યંજનપર્યાયમાં એકલી અશુદ્ધતાની જ વાત કરી છે એમાં. ભાઈ! ઝીણું પડે. ભઈ અંદર આવે ત્યારે બધું આવવું તો જોઈએને અંદર.

'परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः'. '**અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.**' જુઓ, એમાં પહેલી વાત જ નાખે છે પોતે. '**તેમાં, સ્વભાપર્યાય છ દ્રવ્યને સાધારણ છે,...**' સ્વાભાવિક પર્યાય જે છે એ છએ દ્રવ્યમાં છે. આત્મામાં

છે, સિદ્ધમાં છે, પરમાણુમાં છે, સ્કંધમાં છે, આકાશ ને ધર્માસ્તિકાયમાં પણ છે. સમજાણું કાંઈ? આ વ્યવહારશ્રદ્ધાના વિષયમાં આ બધું આવે છે. .... આવે છે કે નહિ? '**સ્વભાવપર્યાય છે દ્રવ્યને...**' એટલે કે બધાને છે એમ. સાધારણ એટલે બધાને છે. કો'કને છે અને કો'કને નથી એમ નથી. શુદ્ધ જીવને પણ છે, સિદ્ધને પણ આ છે અને નિગોદના જીવને પણ છે, પરમાણુને પણ છે અને સ્કંધને પણ છે. એ સાધારણ છે તે '**અર્થપર્યાય છે,...**' જુઓ, આને અર્થપર્યાય કીધી. આને અર્થપર્યાય કીધી. મતિજ્ઞાનાદિ વિભાવગુણ છે એમાં નાખ્યા, ગુણમાં નાખ્યા. કેવળજ્ઞાનાદિને ગુણમાં નાખ્યા, સ્વાભાવિકગુણમાં. છે તો પર્યાય. કેવળજ્ઞાન છે પર્યાય પણ એને ગુણમાં નાખ્યા. મતિજ્ઞાન છે પર્યાય, પણ એને વિભાવગુણમાં નાખ્યા. કેવળજ્ઞાન છે પર્યાય પણ સ્વભાવગુણમાં નાખ્યા. આને અર્થપર્યાયમાં નાખ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એના પાસે શું છે એની અહીં વાત કરે છે.

'**વાણી અને મનને અગોચર છે,...**' આ પર્યાય છ દ્રવ્યમાં સાધારણ (છે તે) વાણી અને મનને અગોચર છે. વાણીથી જણાય એવી નથી. મનથી પણ અગમ્ય છે. '**અતિસૂક્ષ્મ છે,...**' બહુ સૂક્ષ્મ છે. '**આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...**' છે. સમજાણું? '**આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...**' એટલું. આગમપ્રમાણથી સ્વીકારવા. ભગવાનના આગમથી એ ષટ્દ્રવ્યોમાં આવી છ પ્રકારની સ્વભાવઅર્થપર્યાય છે એ સ્વીકારવાયોગ્ય છે. '**તેમ જ...**' સ્વીકારવાયોગ્ય તેમ જ '**છ હાનિવૃદ્ધિના ભેદો સહિત છે...**' સમજાણું કાંઈ? એક સમયમાં હોં! એક સમયમાં. '**અનંતભાગ વૃદ્ધિ,...**' આહા..હા..! દરેક પદાર્થમાં, દરેક પરમાણુમાં, દરેક ગુણની અવસ્થામાં એવો કોઈ ભાવ છે કે એક સમયમાં અનંતભાગ વૃદ્ધિ થાય. અનંતભાગવૃદ્ધિ એટલે બહુ થોડી. અનંતભાગવૃદ્ધિ કીધીને? અનંતભાગવૃદ્ધિ એટલે બહુ થોડી. '**અસંખ્યાતભાગ વૃદ્ધિ,...**' એ ઘણી. અસંખ્યાતભાગ વૃદ્ધિ ઘણી થઈ, અનંત કરતાં. '**સંખ્યાતભાગ વૃદ્ધિ,...**' એનાથી વળી ઘણી થઈ.

'**સંખ્યાતગુણ વૃદ્ધિ,...**' એ તો એનાથી ઘણી થઈ. સમજાણું કાંઈ? એક સમયમાં છ દ્રવ્યની અંદર આવા છ પ્રકારના સ્વભાવપર્યાયો એક સમયમાં હોય છે. ઓહો..હો..! '**અસંખ્યાતગુણ વૃદ્ધિ,...**' એથી વધી ગઈ. ઓલા કરતાં વધતી વધતી એમ લેવી. '**અનંતગુણ વૃદ્ધિ...**' જે સમયે અનંતગુણ હાનિ હોય તે જ સમયે અનંતગુણ વૃદ્ધિ હોય. સાથે કીધુંને? અનંતભાગવૃદ્ધિ. અનંતભાગવૃદ્ધિ એ વખતે.. સમજાય છે? હાની પણ લેવી. જુઓ, '**અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.**' એટલે શું? અનંતભાગ હાનિ. એક સમયમાં અનંતભાગ હાનિ. અનંતભાગ હાનિ એટલે બહુ થોડી. અસંખ્યભાગ હાનિ, ઓલાથી વધારે. સંખ્યાતભાગ હાનિ, બહુ થોડી હાનિ. સંખ્યાતગુણ હાનિ, સંખ્યાતગુણ હાનિ વધારે. અસંખ્યાતગુણ હાનિ અને અનંતગુણ હાનિ. અનંતગુણ હાનિ એટલે છે એનાથી અનંતગુણ હાનિ. ઘણી હાનિ થઈ ગઈ, ઘણી હાનિ

થઈ ગઈ, ઘણી હાનિ થઈ ગઈ. અસંખ્યાતની હાનિ કરતાં અનંતગુણની હાનિ ઘણી વધી ગઈ. સમજાણું કાંઈ? એ બધા દાખલા પણ છે. આ તો બધા દાખલા-બાખલા શીખેલા છીએ હોં! આ તો ૧૯૬૮ની સાલથી (ખબર છે). આ ષટ્‌ગુણહાનિવૃદ્ધિની ૬૮ની સાલથી શીખ્યા છીએ. ૬૮, પાળિયાદના ચોમાસામાં. ત્યાં બદામનો, પૈસાનો એના બધા દાખલા આપી આપીને શીખ્યા છીએ. ... એ સંધ્યાનો અધિકાર આવે છે. સંધ્યા, સામાયિક... પાંચ આવે છેને? ... એમાં આ અધિકાર આવે છે. મૂળ ભગવતી સૂત્ર. **'એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.'** આવો વસ્તુનો સ્વભાવ છે એમ એણે જાણવો જોઈએ.

**'અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.'** લ્યો. ઓલી શુદ્ધપર્યાયમાં નાખી, ષટ્‌ગુણહાનિવૃદ્ધિ. **'અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.'** એમ એણે વ્યવહારશ્રદ્ધામાં બરાબર જાણવું જોઈએ.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૧૨, શુક્રવાર, તા. ૧૮-૦૩-૧૯૬૬, શ્લોક-૨૪ થી ૨૬, પ્રવચન નં. ૨૪

નિયમસાર શાસ્ત્ર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એમાં જીવ અધિકાર. જીવમાં પણ ઉપયોગનો અધિકાર ચાલે છે. ઉપયોગ, દર્શનોપયોગ. એનો અધિકાર ઘણો ચાલ્યો. સાંભળ્યો કે નહિ બધો?

**'(હવે, ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોકો કહે છે :)'** ત્યાં સુધી આવી ગયું. ચંદુભાઈ! તમને સંભાર્યા હતા. ... બોલો.

(मालिनी)

अथ सति परभावे शुद्धमात्मानमेकं<br>
सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।<br>
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः<br>
स भवति परमश्रीकामिनीकामरूपः।।२४।।

આ કાલે પ્રશ્ન કર્યો હતો ભાઈએ. **'શ્લોકાર્થ :— પરભાવ હોવા છતાં,...'** આ છેને પહેલું? ઈ શું છે? સમજાણું? ... જુઓ, શું કહે છે? આ આત્મા છેને આત્મા, એ આ દેહના રજકણો અજીવ છે એનાથી જુદું તત્ત્વ છે. બરાબર છે?

**શ્રોતા :—** કે દિ'?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અત્યારે. કે દિ' શું? અત્યારે. આ દેહ તો માટી જડ છે, રજકણ છે અજીવ રૂપી. ભગવાન આત્મા અરૂપી ચૈતન્ય તદ્દન ભિન્ન અને એમાં કર્મના રજકણો જે છે, જેને નસીબ કહે છે, એ પણ જડ છે, એ પણ આત્મા નથી કંઈ, આત્મા એનાથી જુદી ચીજ છે અને એમાં થતાં શુભ-અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ એ પાપભાવ, આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના પરિણામ એ પુણ્યભાવ—એ શુભ અને અશુભરાગ થાય છે એ વિકાર છે. એ વિકારથી પણ જુદું તત્ત્વ આત્મા છે. એ આત્મતત્ત્વમાં અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ અનંત સ્વભાવ ભર્યા છે. એમાં અહીં ઉપયોગની વ્યાખ્યા કરી.

કહે છે કે '**પરભાવ હોવા છતાં,...**' એ ભગવાન આત્મા એની વર્તમાન દશામાં, હાલતમાં, વર્તમાન પર્યાયમાં પરભાવ નામ પુણ્ય અને પાપના વિકારી ભાવ કૃત્રિમ ક્ષણિક ઉપાધિ હોવા છતાં. સમજાય છે કાંઈ? શરીર, વાણી તો જુદું તદ્દન છે. જેમ પાણીમાં શેવાળ છે શેવાળ. શેવાળ કહે છે કે શું કહે છે? કાઈ. પાણીમાં શેવાળ છે એ શેવાળ હોવા છતાં પાણીના સ્વભાવનું સત્ત્વ તો શેવાળથી જુદું છે. એમ આ ભગવાન આત્મા, '**પરભાવ હોવા છતાં,...**' પરભાવ એટલે પુણ્ય અને પાપના શુભ અને અશુભ રાગ, વિકાર, વિભાવ પર્યાય દશામાં હોવા છતાં. આની તો વાત કંઈ છે જ નહિ. આ તો શરીર-બરીર એમાં કાંઈ છે જ નહિ. આ તો એક સમયની પર્યાય છેને એની વ્યાખ્યા લીધી. શું કીધું?

ભગવાન આત્મા, જેમાં અનંત અનંત કહે છે, જુઓ, '**સહજગુણમણિની ખાણ...**' કેવો છે આત્મા? સહજ નામ સ્વભાવિક ગુણ નામ જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, વિભુતા, શાંતિ વગેરે અનંતગુણ છે એમાં. સ્વભાવિકગુણમણિની ખાણ છે. આવો આત્મા પણ ક્યાં લાગે? કોઈ દિ' સામું જોયું નથી. ચંદુભાઈ! એ '**સહજગુણમણિની ખાણ...**' છે. વસ્તુ છેને, ચૈતન્યશીલા છે, ચૈતન્ય અરૂપી જ્ઞાનાનંદ સ્વભાવની શીલા છે. સ્ફટિક, ચૈતન્ય સ્ફટિકમણિ પદાર્થ છે આત્મા. જેમાં વર્તમાનમાં શરીર અને કર્મ તો એનામાં નથી તેથી એ વાત નથી લીધી. પણ એની વર્તમાન દશામાં પુણ્ય અને પાપના વિકારી ભાવ જેને પરભાવ કહે છે, એ કાયમનો આત્માનો સ્વભાવ નથી, એવો ભગવાન આત્મા જેમાં વિકલ્પોની વાસના શુભ અશુભ હોવા છતાં, '**સહજગુણમણિની ખાણરૂપ...**' એ વિકલ્પથી પાર સ્વભાવિક જ્ઞાન ચૈતન્યસૂર્ય આનંદરૂપી મણિ, શાંતિરૂપી નિધાન એવા અનંત ગુણસ્વભાવ જે સત્ આત્મા, જે સત્ આત્મા હોવાવાળો પદાર્થ એનું સત્ત્વ અનંતગુણમયવાળું છે. સમજાણું કાંઈ? અરે..! બીજામાં ગુણ ભળાઈ ગયો. લાડવો ગળ્યો કહેવાય, સાકર ગળી કહેવાય, અફીણ કડવું એ બધા એના ગુણ છે કે નહિ? તો આત્મામાં કંઈ ગુણ છે કે નહિ?

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઘરની તો અનાદિથી કરી રહ્યો છે હોળી. એમાં શું કરવું હતું? રાગ અને દ્વેષ વિકાર રહી રહ્યો છે, એ તો કહે છે. કહો, સમજાણું કાંઈ? હવે તારું હિત

કરવું છે કે નહિ? કહે છે. હિત કંઈ કરવું છે કે નહિ? સુખી થવું છે કે નહિ? આ તો બધી દુઃખની દશા અનાદિથી શરીર હું, શરીર મારું, પૈસા મારા, હું એનો અને પુણ્ય-પાપના ભાવ થાય વિકાર તેટલો હું અને તે હું, એ તો અનંતકાળથી માનીને ચાર ગતિમાં રખડીને દુઃખી થઈ રહ્યો છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો અમથા ધૂડનું.. એક મનુષ્ય કરતાં દેવમાં જરી સગવડતા કહીને પછી કીધું કે અજ્ઞાનીઓએ માનેલું સુખ છે વાસનાનું. આ ઈષ્ટ-ઉપદેશ છે. જુઓ, ઈષ્ટોપદેશ કીધુંને એનું નામ. વાસનામાત્ર. મૂઢ જીવ, 'પરમાં મને સુખ છે, પર મને દુઃખ છે' વાસનાની કલ્પનામાત્ર માને છે. પરને લઈને નહિ, એ પર એને વાસના કરાવતું નથી અને એ વાસના થઈ માટે પરને લઈને થઈ એમ છે નહિ. એવી વાસના તેં ઉત્પન્ન કરીં, આ મને ઠીક પડે છે. ખરેખર તો પોતાને પરપદાર્થની કોઈ પણ ચીજને દેખીને હરખ આવવો, હરખ આવવો, ઉલ્લસિત વીર્ય થવું એનો અર્થ ઈ છે કે મારામાં કાંઈ નથી. આ બીજા બધા પદાર્થોમાં કાંઈક મારાથી વિશેષ છે. માટે એને ઉલ્લસિત અને હરખ આવી જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ફોડ પાડીને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ફોડ પાડવી પડશે એમાં? એઈ..! ભગવાન આત્મા પોતાને ન જોઈને, ન ભાળીને, ન જાણીને જે પરચીજ શરીર આદિ દેખતાં એને ક્યાંક હરખ અને પ્રમોદ આવે છે.. આહા..! એ પર શરીર સારું હો, પૈસા હો, બાયડી હો, છોકરા હો, ધૂડધમાહા મકાન પાંચ દસ-દસ લાખના હજીરા હોય. 'આ મને ઠીક છે' શું છે પણ? આહા..હા..! ઈ પરમાં આહાહા.. છે કે તું કંઈક છે આહાહા..? ઈ જ કહે છે કે તું નમાલો છો? કે ઈ માલવાળી ચીજ છે તેથી ઓહો.. થાય છે? ..ભાઈ! વાત તો સાચી છે કે નહિ? ટકતું નથી, કહે છે. પણ કે દિ' સાંભળ્યું? નિર્ણય કે દિ' કર્યો છે કે ટકે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સિદ્ધસ્વરૂપ છે. જેટલા અરિહંત અને સિદ્ધપ્રભુ થયા એ બધા ક્યાંથી થયા? એ દશા ક્યાંથી લાવ્યા? અંદરમાં આત્મામાં સ્વભાવ પડ્યો છે એમાંથી આવી છે. તો કહે છે કે એવો આત્મા સહજમણિની ખાણ એનો તને પ્રમોદ ન આવે, તને ઉલ્લસીત વીર્યથી ઉલ્લાસ ન આવે. આમ બીજી ચીજને દેખીને તારા લાખ રૂપિયા, ઈન્દ્રપદ દેખીને આ..હા.. (થાય છે). શું છે? ભાઈ! બીજાની આશ્ચર્યતામાં તારું આશ્ચર્યપણું બધું ખોવાઈ ગયું છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના. તમે કહો છો ઈ કરતાં બીજી જાત છે આ. સમજાણું કાંઈ? આ શરીરાદિની પ્રતિકૂળતા દેખીને પણ જે એમ ખેદાય છે કે એનો અર્થ ઈ છે કે

એમાં કાંઈક ઠીક હોય તો મને ઠીક પડે, એ પરમાં ઉલ્લસીત વીર્યે હરખ માની રહ્યો છે. વસંતીલાલજી! આહા..હા..! પોતે કોણ છે? અહીં તો શું કીધું?

**'સહજગુણમણિની ખાણ...'** છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે પરમાત્મા અરિહંત, સિદ્ધ ભગવાનને પ્રગટ્યા એ ક્યાંથી લાવ્યા? બહારથી આવે છે કાંઈ? એ આત્મામાં એ શક્તિ અને સત્ત્વ, સત્‌નું સત્ત્વ, વસ્તુ છે સત્ એનું સત્ત્વ એટલે અનંતગુણોનું રૂપ આત્મામાં છે. આહા..હા..! એની નજર જ આમ અનાદિથી છે. અનાદિથી અહીં છું અને અહીં નથી. પોતે જોનાર અને આના દ્વારા આમ જોવે આમ. પણ એ જોનાર અંદર પોતે જે જોવે છે પરને એ જોનાર પોતે કેવડો છે? સમજાણું કાંઈ?

કહે છે કે ઈ એવો છે કે **'સહજગુણમણિની ખાણરૂપ...'** છે, લ્યો. સમજાણું કાંઈ? સ્વભાવિક એમાં આનંદ પડ્યો છે. સહજ નામ સ્વભાવિક. સ્વભાવિક એમ કૈવલ્ય પડ્યું છે, સ્વભાવિક એમાં શાંતિ નામ ચારિત્રગુણ પડ્યો છે. સ્વભાવિક સ્વચ્છતા, પ્રભુતા અને પરમેશ્વરતા સ્વભાવિક આત્મામાં અંદર સત્ત્વમાં, શક્તિમાં, ગુણમાં, સ્વભાવમાં પડ્યા છે. એની એને ખબર નથી. કહે છે કે એકવાર **'પરભાવ હોવા છતાં...'** તારી વર્તમાન દશામાં શરીર, કર્મ આદિ તો નથી પણ, પુણ્ય-પાપના વિકાર, વિભાવ દેખાય છે એ ભલે હો, છતાં ભગવાન અંતરમાં જો જો તો સ્વભાવિક ગુણમણિની ખાણ છે. જેટલી નિર્દોષતા પ્રગટ કરવા માંગે છે અથવા નિર્દોષરૂપે થવું એમ કહેવા માંગે છે, એ બધી નિર્દોષતા આત્મામાં પડી છે. નિર્દોષતા ક્યાંય બહારથી આવતી નથી.

એમ તો કહે છેને કે અમારે નિર્દોષ થાવું છે. ત્યારે એનો અર્થ થયો કે એની દશામાં સદોષતા છે. હવે મારે નિર્દોષ થાવું છે. પણ નિર્દોષતા આવશે ક્યાંથી? સદોષમાં પડી છે? સદોષ તો જાય છે. એ નિર્દોષતા પ્રગટ કરવી છે, નિર્દોષ કહો, સુખ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, આનંદ કહો, શાંતિ કહો, ઠીક કહો કે હિત કહો—એ બધું મારે કરવું છે એમ કહેનારનો આશય શું છે? એ બધું મારે કરવું છે હોં! મારે ઠીકરૂપે થવું છે હોં! ત્યારે ઠીકરૂપે થવું એટલે? તારી દશામાં અઠીક છેને, ત્યારે ઠીકરૂપે થવું એમ છેને? તો દશામાં અઠીક છે એમ કહે છે. **'પરભાવ હોવા છતાં...'** તારી દશામાં પરભાવ અઠીક, અહિત હોવા છતાં. **'સહજગુણમણિની ખાણ...'** તારે જે ઠીક કરવું છે, હિત કરવું છે, પવિત્રતા કરવી છે, ધર્મ કરવો છે, નિર્દોષતા કરવી છે એ બધી નિર્દોષતાની શક્તિનું સત્ત્વ આત્મા અંદર ગુણથી ભરેલો છે. સમજાણું કાંઈ?

**'અને પૂર્ણ જ્ઞાનવાળા શુદ્ધ આત્માને...'** સહજગુણમણિની ખાણ અને પૂર્ણ જ્ઞાનવાળો છે. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્ય જ્ઞાનસૂર્ય ચૈતન્યસ્વભાવ છે. એ જ્ઞાન એનું પૂર્ણ છે. સ્વભાવ છે એ પૂર્ણ જ હોય. પર્યાયમાં અવસ્થામાં ઓછું, વિપરીત હોય. વસ્તુના અંદર ગુણમાં ઓછું, વિપરીત હોઈ શકે નહિ. એ પોતે સહજ પૂર્ણ જ્ઞાનવાળો, પૂર્ણ જ્ઞાન

ભગવાન આત્મામાં પડ્યું છે. '**શુદ્ધ આત્માને...**' એવો જે શુદ્ધ ભગવાન આત્મા, વર્તમાન દશામાં-હાલતમાં વિકાર હોવા છતાં એ વિકારનો અભાવ થઈને નિર્વિકારી દશા પ્રગટ કરવાના કામીને એ બધા નિર્વિકારી દશાનું સ્થળ, સત્ત્વ એ ગુણ છે આત્મામાં. સમજાણું કાંઈ? વાત તે આમાં ચોપડીમાં આવી લખાતી હશે? ગુલાબભાઈ! આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની, જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા. એ પરમેશ્વરના મુખથી વાણી આવી. એ સંતો કહે છે કે ભાઈ! તું તો આત્મા છોને, પ્રભુ! તારી દશામાં વિકાર હોવા છતાં તે વિકાર કાયમી ચીજ નથી. પણ કાયમી ચીજમાં તો આનંદ અને શાંતિ આદિ સહજ ગુણ ભરેલા છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આ... કહે છે, ભાઈ! તારી દશામાં, હાલત, વર્તમાન પર્યાય, ભાષા સાદી છે, પર્યાયદૃષ્ટિમાં જો તો કહે છે કે વિકાર દેખાય છે એમ કહે છે. છતાં એ પર્યાયમાં, અવસ્થામાં દોષ વિકાર કામ, ક્રોધ, માન, માયા, લોભ એવું હોવા છતાં એ કૃત્રિમ અને ક્ષણિક વિકાર છે. છતાં કાયમ ટકતા ગુણો તો કાયમ આત્મામાં રહેલાં છે. શું કહે છે? આમાં ક્યાંય... કોઈ દિ' આત્મા શું જાત છે (એ જોવાની દરકાર કરી નથી).

કહે છે કે તારી દશામાં વિકાર હોવા છતાં, તારા સત્ત્વમાં વિકાર નથી. કેમ? કે વિકાર તે અનિત્ય અને ક્ષણિક છે, પણ તારો સ્વભાવ નિત્ય અને ધ્રુવ રહેલા અનંત ગુણો છે. કહો, આ તો બહુ સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ પુસ્તકો ભણવા પડે, વ્યાકરણ સંસ્કૃત એવું કાંઈ નથી. આ તો સાદી સીધી વાત છે. આહા..હા..! એવો '**સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને...**' એવા એકને. એટલે શું કહે છે? બીજા બધા લક્ષને છોડી દઈ અને પુણ્ય પાપના ભાવ તને વર્તમાનમાં કૃત્રિમ ક્ષણિક ઉપાધિ થાય છે, વળી નાશ પામે અને વળી થાય છે. નવા નવા વિકારો (થાય છે) એનું લક્ષ છોડીને, અનંત જે ટકતા અંદર ગુણો જે ત્રિકાળ શુદ્ધ પવિત્ર ભગવાન આત્મા છે એને એકને જે, એવા એક આત્માને જે '**તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ...**' આ રાગ-દ્વેષ અને પુણ્ય પાપને અનાદિથી વિકાર કરીને ભજે છે ઈ, સેવે છે ઈ. હવે કહે છે કે તારે સુખી થવું હોય એટલે કે ધર્મ કરવો હોય, ધર્મ કરવો એટલે સુખી થવું હોં! સુખી એટલે આ ધૂડમાં (માનેલું) સુખ નહિ. અંદરમાં આનંદ છે આત્મામાં. સુખી થવું હોય, સ્વતંત્ર થવું હોય, નિર્દોષ થવું હોય તો '**સહજગુણમણિની ખાણરૂપ...**' ખાણરૂપ. અભેદ કહેવું છેને. '**પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો...**' આને બુદ્ધિ કહે છે, બીજાને બુદ્ધિ કહેતા નથી.

'**જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ...**' જ્ઞાનાનંદ અનંતગુણની ખાણ છું, એવા અંતરમાં એકાકાર થઈને એ આત્માના નિશ્ચયને અનુભવને '**ભજે છે, તે પુરુષ...**' મુક્તિલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. મુક્તિરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તીક્ષ્ણબુદ્ધિવાળો.

જુઓ એને તીક્ષ્ણબુદ્ધિ કીધી. દુનિયાના બોધ અને તીક્ષ્ણ નહિ, એ તો મૂઢબુદ્ધિ છે. મૂઢ કહો, સ્થૂળ કહો, અજ્ઞાન કહો, જડબુદ્ધિ કહો. નવરંગભાઈ! શું હશે? આ બધા ભણતર-બણતર ડૉક્ટરના, વકીલાતના બધાય? કહે છે, ભાષા શું પદ્મપ્રભમલધારિદેવે વાપરી છે? તીક્ષ્ણબુદ્ધિવાળો. જે આત્મા અનંતગુણની ખાણ એવી દૃષ્ટિ કરે છે એને અહીંયા તીક્ષ્ણબુદ્ધિવાળો કહે છે, એ શુદ્ધદૃષ્ટિ છે.

તીક્ષ્ણબુદ્ધિવાળો (એમ કહીને) જ્ઞાન લીધું. આ આત્મા અંતરમાં સહજગુણમણિની ખાણસ્વરૂપ છે, ધ્રુવ જેના ગુણો છે અને પૂર્ણ જેનું જ્ઞાન એક છે, એકરૂપ. એવા આત્માને એકને જ અંતર્મુખમાં તીક્ષ્ણબુદ્ધિ વડે દૃષ્ટિ શુદ્ધ થઈને અંતરાત્મામાં એકાગ્ર થાય છે, એવા ભગવાન આત્માને ભજે છે. જે અનાદિથી પુણ્ય પાપ, કામ, ક્રોધ વિકલ્પની વાસનાને ભજે અને સેવે છે એ મૂઢબુદ્ધિ છે. એને અંતરમાં અનંતગુણની ખાણ એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એને અંતર એકાકાર થઈને એને એકાગ્ર (થઈને) સેવે છે '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.**' પૂર્ણાનંદરૂપી મુક્તની દશા એનો વ્હાલો થાય છે એટલે કે મુક્તદશા એને કોઈ દિ' છૂટશે નહિ. આહા..હા..! મોક્ષમાર્ગ અને મોક્ષ બેય સમાડી દીધા ભાઈ આમાં. '**मग्गो मग्गफलं**'. શું કીધું? ફળ કીધું. આહા..હા..!

નિયમસાર છેને. માર્ગ અને માર્ગનું ફળ એમાં કહેવું છે. ભગવાન આત્મા અનંત અનંત ધ્રુવ ગુણનો પિંડ પ્રભુ, એ વિકારની વર્તમાન કૃત્રિમતા હોવા છતાં અકૃત્રિમ ત્રિકાળી સહજપણે રહેલા જ્ઞાન ને આનંદ ને શાંતિનું ધામ પ્રભુ અને પૂર્ણ જ્ઞાન જેનું, અહીં કેવળજ્ઞાન લક્ષ્મી લેવી છે, એમાં એકાકાર થાય છે, એમાં તીક્ષ્ણબુદ્ધિથી શુદ્ધદૃષ્ટિ એકાકાર એટલે એવા આત્માને ભજે છે, એ આત્માની એકાગ્રતા કરે છે એને મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. એ વડે તેને પૂર્ણ '**પરમશ્રીરૂપી કામિની...**' પરમશ્રી એટલે કેવળજ્ઞાન એવી જેની પરિણતિ કેવળજ્ઞાનની. એવી મુક્તિસુંદરીનો વ્હાલો થાય છે. એટલે એને પૂર્ણાનંદની દશા પ્રગટ થતાં એ દશા કોઈ દિ' છૂટશે નહિ. આત્મા છે ત્યાં પૂર્ણાનંદની પર્યાયનું પરિણમન સાદિઅનંત રહેશે. સમજાણું કાંઈ? આવું શું? ધર્મ આવો કેવો? ધર્મ તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, .. ફલાણું, ઢીકણું.. એવી વાત તો આમાં ક્યાંય આવી નહિ. ભાઈ! એ તો એક રાગની ક્રિયામાં મંદ કષાય હોય ત્યારે એવું ન હોય ઈ વાત છે. અહીં તો કહે છે કે મંદ કષાય હોવા છતાં.. ભાઈ! એ તો રાગની મંદતા હોય ત્યાં, બીજાને દુઃખ ન દેવું, હિંસા ન (કરવી), એ રાગ મંદ ભાગ છે, એ કંઈ ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એવા મંદ કષાયના પરભાવનો વિકલ્પ, ગુણ-ગુણીના ભેદનો કે રાગની મંદતાનો હો, પણ એનું લક્ષ છોડી ભગવાન અનંતગુણમણિની ધ્રુવ ચીજ છે, નિત્ય ટકતું તત્ત્વ અનાદિઅનંત એના અનંત ગુણોમાં એકરૂપમાં દૃષ્ટિ આપે છે, અનંતગુણ ઉપર નહિ, અનંતગુણરૂપ એક વસ્તુ પર દૃષ્ટિ આપે છે તે આત્માને ભજે છે, તે આત્માને સેવે છે, એ આત્માની એકાગ્રતા

કરે છે એને પૂર્ણાનંદની લક્ષ્મીની પર્યાયની પ્રાપ્તિ થવાની છે. સમજાણું કાંઈ? ઈ એક શ્લોક થયો. બીજો.

(मालिनी)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां
हृदयसरसिजाते राजते कारणात्मा।
सपदि समयसारं तं परं ब्रह्मरूपं
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

વાહ! આ તો માખણની વાતું છે, ભાઈ! ગુલાબભાઈ! આ ગુલાબની સુગંધ લેવાની વાતું છે અહીં તો. આખો ભગવાન ગુલાબથી ભરેલો છે. અનંત અનંત ગુણ અને શાંતિનો કંદ છે એ તો. વસ્તુ પોતાનો સ્વભાવ ક્યાં વિકારમય હોય છે. વિકાર તો એક ક્ષણિક વૃત્તિ અનાદિની કરે છે અને છે. વસ્તુમાં વિકાર કે વસ્તુમાં દુઃખ કે વસ્તુમાં અપૂર્ણતા હોઈ શકે નહિ. વસ્તુ એને કહીએ અને વસ્તુ એને કહીએ કે જેમાં ગુણો વસેલા હોય. વસ્તુ, વાસ્તુ, ગુણ વસેલા હોય. વસ્તુ આત્મા એમાં ગુણ જ્ઞાન, દર્શન, આનંદ અનંત સ્વભાવ, અનંત અનંત શક્તિવાળા અનંત ગુણ વસ્યા એને આત્મા કહીએ.

એવા આત્માને '**એ રીતે પર ગુણ-પર્યાયો હોવા છતાં...**' આ ભાષા આમ વાપરી. પહેલાંમાં પરભાવ કહ્યા. કહે છે કે ભગવાન આત્મામાં શરીર, વાણી તો નથી જ, નથી, નથી તે નથી જ. કર્મ તો નથી, નથી તે નથી જ. એ પર ગુણ-પર્યાયો (અર્થાત્) વિકાર, વિભાવ, આ કરું, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, વિષયવાસના એવી શુભાશુભ લાગણી. અહીં તો ખરેખર શુભલાગણીની વાત છે કે આ તું સાંભળવા અને વિચારવા આવ્યો છે એને કહે છે કે એ પરભાવ શુભલાગણી હોવા છતાં '**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...**' એમ લીધું. થોડું સુધાર્યું છે હોં! '**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણઆત્મા બિરાજે છે.**' અંતર કારણઆત્મા, જેમાંથી વીતરાગતા અને આનંદ પ્રગટ થાય, આનંદ પ્રગટ થાય એ કાર્ય એનું કારણ ભગવાન આત્મા અનંતગુણની ખાણ. એને કારણઆત્મા કહે છે. જેમાંથી આનંદની ધારા વહે, જેમાંથી શાંતિ આવે, જેમાંથી સ્વતંત્રતાના ઢંઢેરાના કાર્ય પ્રગટ થાય એવો જે આત્મા, એ કાર્યનું કારણ એ આત્મા છે. ભાષા કઈ જાતની! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પર ગુણ-પર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણ-આત્મા બિરાજે છે.**' અનંત અનંતગુણની ખાણ પ્રભુ બિરાજે છે. '**પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને...**' '**પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—**' પોતાની ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મ સમયસારને—આનંદને. પોતાથી ઉત્પન્ન થાય છે આનંદ, શાંતિ આદિ. સમજાય છે? અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદ એ

પોતાથી ઉત્પન્ન એવા પરમબ્રહ્મ આનંદ સમયસારને **'કે જેને તું ભજી રહ્યો છે...'** મુનિ પોતે કહે છે કે જેને તું સેવી રહ્યો છે. તારી દૃષ્ટિમાં પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ તને ભાસી રહ્યું છે. એમ પોતે પોતાને કહે છે. આહા..હા..! **'પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—હે ભવ્યશાર્દૂલ...'** છે? શાર્દૂલ, શાર્દૂલ, હે **'(ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ;...'** શીઘ્ર ભજ. ભજી રહ્યો અને શીઘ્ર ભજ. ભગવાન આત્મા પૂર્ણ અમૃતનો કંદ, કરંડિયો એ આત્મા છે. હવે ઈ કેમ એને બેસે? પણ વસ્તુ છે તો એમાં ગુણ (હોય કે નહિ)? સાકર છે તો ગળપણ છે, સફેદાઈ છે, સુંવાળપ છે કે નહિ? કે એનાથી ખાલી હોય ઈ? એમ વસ્તુ આત્મા છે, બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ પ્રભુતા આદિ અનંત ગુણો પડ્યા છે અંદર. એવા પરમાત્મામાંથી ઉત્પન્ન થતા આનંદને તું ભજી રહ્યો છો. આહા..હા..! લ્યો, આ ખબર પડતી હશે? આહા..! પરમબ્રહ્મ સમયસારને તું ભજી રહ્યો છે. ઉત્પન્ન થતાં છેને, પોતાથી ઉત્પન્ન એવા. સમજાણું? પોતે જ પોતાથી ઉત્પન્ન થયેલો આનંદ અને શાંતિ છે. વસ્તુ કહો તો વસ્તુથી વસ્તુ છે, (અન્ય) કોઈથી છે નહિ.

અહીં તો પરમબ્રહ્મ. પોતાથી ઉત્પન્ન એવા પરમબ્રહ્મસ્વરૂપ સમયસાર, પરમાનંદરૂપી દશા. ત્રિકાળ આનંદના સ્વભાવનો આશ્રય કરીને પરમાનંદ જે તને પ્રગટ્યો છે એને જે તું ભજી રહ્યો છો, હે ભવ્યશાર્દૂલ! તું શીઘ્ર ભજ. એકદમ અંદર એકાગ્ર થા. બીજે ક્યાંય એકાગ્ર થવા જેવું નથી. સમજાણું કાંઈ? **'શીઘ્ર ભજ;...'** પછી શબ્દ મૂક્યો છે, જુઓ, 'તું તે છે.' આહા..હા..! તું તે છે. પરમઆનંદમૂર્તિ ભગવાન આત્મા એની દશાનું સેવન કરનાર તે તું છે. વસ્તુ અનંતગુણની ખાણ તે તે તે તું છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચિદાનંદ આત્મા એને અંતરદૃષ્ટિથી સેવન કરતાં જે આનંદ પ્રગટ થાય છે એવો જે આત્મા તે તું છે. બીજો કોઈ છે નહિ. રાગાદિ તું નથી, પુણ્યાદિ તું નથી, પરમાત્મા બીજા અરિહંત પણ તારામાં નથી. સમજાણું કાંઈ? આરે..! બહુ ટૂંકા શબ્દો. સમજાણું આમાં?

ભજ, 'તું તે છે.' ભાઈ! આ સમયસાર ચિદાનંદસ્વરૂપ એને ભજતાં જે આનંદ ઉત્પન્ન થાય અને વસ્તુ ત્રિકાળ એમનેએમ છે. એ બેય ચીજને તું એમાં અનુભવે છો તે તું છે, બીજી કોઈ ચીજ નથી. અંતરદૃષ્ટિના વલણમાં, અંતરબુદ્ધિના ઝોંકમાં જે ચીજમાં, ધ્યેયમાં લક્ષ પડ્યું છે એવા સમયસારને તું સેવે છો, તે તું છે. એટલે કે તારો મોક્ષમાર્ગ ક્યાંય બહારથી આવતો નથી. ધર્મ એ બહારથી ક્યાંય પ્રગટે એવો નથી. ભગવાન આત્મા રાગની ક્રિયાનો કર્તા ત્રિકાળમાં નથી. આહા..હા..! વ્યવહાર-બવ્યવહારનો કર્તા આત્મા નથી એમ કહે છે. એકલો અકર્તા જ્ઞાનાનંદ સ્વભાવરૂપ ભગવાન આત્મા એને તું સેવી રહ્યો છે, તે (તું છે), બીજો કોઈ છો નહિ. આહા..હા..! વચ્ચે વ્યવહાર આવે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના, રાગ પંચમહાવ્રતના પરિણામ એ તું નહિ. સમજાણું કાંઈ? આહા..!

અરે..! જુઓને, ક્ષણમાં દેહ ચાલ્યા જાય છે. જુઓ, ભાઈને ઓલું હશે શૂળ અત્યારે.

પરમ દિ' ગયા હતા. આજે તૈયારી હશે જીવને નીકળવાની. આહા..હા..! એવા અનંતવાર મરણ કર્યા ગલુડિયાના જેવા. રાંકાની જેમ મરી ગયો. રાજા હોય કે શેઠિયા હોય. એં... ક્યાંય હખ નહિ. પછી બોલાવે આવા ડૉક્ટરને. ડૉક્ટર શું સાલ નાખે? સાલ બીજી નાખે તો થાય અંદર. એક હતા વિષ્ણુ. ઘણા વર્ષની વાત છેને. (સંવત) ૧૯૯૨-૯૩. ખીમચંદભાઈનું મકાન છેને, ત્યાં ... મકાનમાં.. ભાઈ ઓલા મોદી નહોતા રહેતા? મોદી અહીં હતા. કસ્તુર મોદી, એના બનેવી હતા. બે બેનો પરણેલા, બે બેનો અહીંયા. અહીં મરવાની તૈયારી હતી અને હું ઓલા મકાનમાં. ડૉક્ટર-બોક્ટર... ગૃહસ્થ માણસ, મોટરું-બોટરું આવી હતી બધી આમ. આ મકાન. ઝોબાળિયા ગૃહ, શું કહેવાય ઈ? ... ડાહ્યો હતો હોં માણસ, ડાહ્યો. મરવાની તૈયારી. બાયડી બે. ઓલા બધા ભેગા થયા. શું છે? આ બધા ભેગા થયા, મહારાજ! પણ કાંઈક કહો મને. હવે કપડું બદલવાનું ટાણું છે. એમ બોલ્યો હોં! આ કપડું થઈ ગયું જીર્ણ. કપડું થયું જીર્ણ, હવે કપડું બદલવાનું ટાણું છે, બીજું કપડું. એમ ભાઈ બોલ્યો. હતો વૈષ્ણવ દશાશ્રીમાળી. બાપુ! આ તો આત્મા છે અંદર, કીધું ભાઈ! આ તો દેહ છે. ક્યાં સુધી ખોળ.. ડૉક્ટર પચાસ રૂપિયા લેતા હોય, ... એકાદ ઈંજેક્શન (મારે), મરી જાય તો શું? પચાસ તો આવેને. હવે એને એમ કહે...

શ્રોતા :—

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો વળી કો'ક નહિ લેતા હોય એવાય હશે કો'ક. પણ અડધા કલાક, કલાકમાં મરી ગયો. મેં તો નાખ્યું હતું ત્યારે જીવતા હતા ત્યારે નાખ્યું હતુંને. પછી મરી ગયો ઈ તો. લે લે, બધું લે. જરી જાય તો પછી .. મરી ગયો. હું આવ્યો ત્યાં સુધી ક્યાં મરી ગયો હતો. પણ ન લે, લ્યોને. એમાં શું થયું? પણ એણે નાખ્યું શું સાલ? બધા ક્યાં સુધી નાખશો આ બધા? તૈયારી છે આ ઉપડવાની. ડાહ્યો માણસ હતો, હોં! બુદ્ધિવાળો માણસ હતો જરી. સાચી વાત છે, મહારાજ! આ શરીરનું ખોખું ફરવાનું છે. હવે બીજું ખોખું. પણ કેવા ભાવ કર્યા અને શું થયું એ પ્રમાણે મળશે પાછું. હજી આત્મા શું છે એની ખબર હોય નહિ. આ કર્યું ને આ મૂક્યું ને આ દીધું. ભગવાન-બગવાન સમજતા હશે, પરમાત્મા.. ભગવાન.. ભગવાન.. થોડો ઘણો શુભભાવ થાય. એમાં શું થયું? એમા ડાળિયા શું થાય? સમજાણું કાંઈ? આહા..હા..! અમે ગયા ત્યારે રાત્રે સાંભળ્યું હતું, ભાઈ! પોક મૂકવાનું. ઘરે ગયા. ત્યાં હીરાભાઈના મકાનમાં રહેતાને. .. ગુજરી ગયા. ટાઢા પહોરે ઉપડ્યા. ઈ શું ગયો? શરીર ગયું? જીવ ગયો? શરીર તો આ પડ્યું રહ્યું. અંદર કાંઈક હતું કે નહિ તત્ત્વ? ઈ શું હતું? કોણ જાણે કાંઈક હશે. વાયરો-બાયરો હશે, ફૂ થઈ જાય છે. .. થાય છે કે નહિ? ઈ તો પવન છે. ઓલો અંદર અરૂપી ચિદ્‌ઘન આત્મા અનંતગુણનો પિંડ બાદશાહ છે. એને ભાન વિના રાંકાની જેમ રોઈને ચાલી નીકળ્યા. જાઓ બીજે ઢોરમાં અને જાઓ નરકમાં.

અહીં કહે છે કે હે ભવ્યશાર્દૂલ! સિંહ, સિંહ. પોકાર કર્યો તેં કે હું આત્મા આનંદકંદ છું, મારામાં બીજું છે નહિ. એવો હે શાર્દૂલ! એને તું ભજે છોને. એનું જ્ઞાન અને એની દૃષ્ટિ કરીને સ્થિર થા છે, એને સેવ. જેને તું સેવે છે ઈ તું છો. બીજો કોઈ છે નહિ. બીજો કોઈ પરમાત્મા છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ૨૬.

(પૃથ્વી)

**क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।**

ઓ..હો..હો..! શું કહે છે? ભગવાન આત્મા આ '**જીવતત્ત્વ...**' જીવવસ્તુ. '**ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે...**' કોઈ સમયે કેવળજ્ઞાનાદિ ગુણોથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આત્મામાં એકાકાર થઈને જે શક્તિરૂપમાં સત્ત્વ છે તેને પ્રગટરૂપ પર્યાયમાં કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય છે. એટલે કે અંદરનો સ્વભાવ ઉકેલ પામીને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? જેમ પીપરના દાણામાં ચોસઠી પહોરી તીખાશના રસનું સત્ત્વ પડ્યું છે. લીંડીપીપરના દાણામાં ચોસઠ પહોરી, સોળ આના, રૂપિયે રૂપિયો તીખાશ પડી છે અંદર તો ઘૂંટે તો બહાર આવે. એ અંદર છે ઈ આવે છે, બહારથી આવતું નથી. એમ આત્મામાં કેવળજ્ઞાન પડ્યું છે અંદર શક્તિરૂપે. એને એકાગ્ર થતાં સદ્‌ગુણો આવિર્ભાવ થવું. છેને? 'દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.' ભગવાન આત્મા પોતામાં એકાકાર થાય એમાંથી ઝબકીને કેવળજ્ઞાન પ્રગટે.

'**ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' ક્વચિત્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન જે અશુદ્ધ ગુણો તેનાથી (સહિત) દેખાય છે. સમજાણું કાંઈ? એ ગુણ એટલે પર્યાય, ભાઈ! સમજાણું? ચંદુભાઈ! એ ગુણ શબ્દે ત્યાં પર્યાયની વાત છે. પર્યાયને જ ગુણ કીધા છે. ક્વચિત્ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થતાં અપૂર્ણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પ્રગટ થાય એને અશુદ્ધ ગુણો સહિત આવિર્ભાવ, પ્રગટ ભાવ થાય છે એમ કહેવામાં આવે છે.

'**ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...**' સહજ પર્યાય (અર્થાત્) શુદ્ધ પર્યાય. અર્થપર્યાય સહિત તો સદાય છે, પણ કદાચિત્ શુદ્ધ પર્યાય નિર્મળ પર્યાયપણે પણ દેખાય છે. સહજ સ્વભાવિક પર્યાય સહિત દેખાય છે. '**અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે.**' વ્યંજનપર્યાય. વિભાવિક વ્યંજનપર્યાય સહિત ક્વચિત્ દેખાય છે. એ વળી વિભાવિક વ્યંજન સમજાય નહિ. આત્મા વસ્તુ છે એના અસંખ્યપ્રદેશના આકૃતિનો વિકાર ભાવ, દ્રવ્ય શરીર પ્રમાણે આત્મા છે એમાં વિકારભાવથી મનુષ્યપણાનો આકાર, દેવનો વિકારી

ભાવ તેને વિકારી વ્યંજનપર્યાય કહેવાય છે. એ વિકારી વ્યંજન આકૃતિથી વિકારપણે દેખાય છે.

**'આ બધાથી સહિત હોવા છતાં...'** ભાષા ઈની ઈ મૂકી, ભાઈ! ઓલામાં પરભાવ હોવા છતાં, પર ગુણ-પર્યાયો હોવા છતાં. સહિતની કહેવી છેને, પર્યાયમાં આવું હોવા છતાં વસ્તુ આમ છે. આહા..હા..! સમજાણું? આ થોડો અભ્યાસ માંગે (છે), એ વિના સમજાય એવું નથી એમને એમ ઉપરથી.

**શ્રોતા :—** વિવેચક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વિવેચક શેના? જાણી હોય એના કે ન જાણી હોય એના? વિવેચક કોનો હોય? જે ચીજ જાણી હોય અને જે છે તેમ જાણી હોય તેમાં વિવેચક હોય. સમજ્યા વિનાનો વિવેચક (કેવો)? જે જાણી નથી એનો વિવેચક.. કોઈ દિ' જોયું ન હોય, કાણ જાણે? એવું એક રત્ન થાય છે, મણિરત્ન આવું થાય, આમ થાય છે, કરો વિવેચક. શું પણ? કેવું છે ખબર નથી એને. ન્યાયથી તો વાત છે. વિવેચક તો એવા હોયને, બાપા! જે ચીજ ખ્યાલમાં આવી હોય અને એના સ્વરૂપનો ભાસ થયો હોય ત્યારે એનું વિશેષ સ્પષ્ટીકરણ વિશદ અર્થ થાય. પણ જે ચીજ એના ક્યાલમાં નથી એનો વિશિષ્ટ, વિશદ કે થોડો શી રીતે વિવેચન કરે? કાંઈકનું કાંઈક થઈ જાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમેશ્વર ત્રિલાકનાથ કેવળજ્ઞાનીએ કહેલો, તીર્થંકરદેવે જેના જ્ઞાનમાં આત્મા (આવ્યો), એક એક એવા અનંત આત્મા જોયા છે, એ આત્મા અંદર જે જોયો, જાણ્યો ઈ કહે છે કે એની દશામાં કોઈ વાર કેવળજ્ઞાન દેખાય, કોઈ વાર મતિ, શ્રુતજ્ઞાન દેખાય, કોઈ વાર સહજ પર્યાય શુદ્ધ દેખાય, કોઈ વાર વ્યંજનપર્યાય મલિન દેખાય. પણ **'એ બધાથી રહિત છે...'** વસ્તુ જે ત્રિકાળ છે એ તો એક અંશના પ્રકારથી ભિન્ન છે. વર્તમાન કૃત્રિમતા જે આ દેખાય અવસ્થામાં એ અવસ્થાથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું એમાં એ સિદ્ધ કર્યું કે એ પર્યાયમાં છે. કોઈ એમ અજ્ઞાની કહે કે નથી, પાધરો આત્મા શુદ્ધ જ છે બધી રીતે, દ્રવ્ય અને ગુણે શુદ્ધ એમ પર્યાયે પણ શુદ્ધ છે અત્યારે, એમ નથી. કેવળજ્ઞાન અત્યારે પ્રગટેલું છે અનાદિનું (એમ નથી). એટલે કહ્યું કે કેવળજ્ઞાનપણે કોઈ વાર અંદરથી દેખાય પર્યાય, કોઈ વાર અશુદ્ધ ગુણપણે દેખાય, કોઈ વખતે વ્યંજનપર્યાયપણે મલિન દેખાય, કોઈ વાર શુદ્ધ પર્યાયપણે અર્થપર્યાય દેખાય.

**'આ બધાથી સહિત હોવા છતાં...'** ભાષા જુઓ અનેકાંત! પર્યાયમાં આવું, પર્યાય નામ હાલતમાં આમ હોવા છતાં, આમ હોવા છતાં, છે તો ખરું. એઈ..! વાંધા બધા કાઢે વ્યવહારના અને નિશ્ચયના બહુ થોડા પાના વાંચ્યા, ઈનું ઈ લખાણ. ... અરે..! ભગવાન! બાપુ! વ્યવહાર છે નહિ? કોણે કહ્યું? વ્યવહાર છે પણ વ્યવહાર વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! વસ્તુ જે ત્રિકાળ અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા ધ્રુવ એમાં વિકાર હોય તો એ વિકાર કોઈ દિ' ટળે નહિ. સમજાણું કાંઈ? આ તો હજી પરથી કર્તા કહે છે. નિમિત્તથી કર્તા છે, પરમાર્થથી

વ્યવહાર છે એવી બધી વાત છે. આહા..હા..! બલિહારી આત્માની. ઊંધો પડે તોપણ એવો કે કોઈનો સમજાવ્યો સમજે નહિ. એવો બળવાન છેને ઈ. તીર્થંકરોથી સમજાવ્યો ન સમજે એટલું બળ છે. અને સવળો પડે ત્યારે અનંત પ્રતિકૂળતા હોય તોપણ ગણે નહિ એવો છે ઈ. આહા..હા..!

કહે છે '**આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે...**' વસ્તુમાં એ નથી, એ તો અવસ્થામાં દેખાય છે. '**એવા જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું,...**' જુઓ, આવો જે જીવતત્ત્વ વસ્તુસ્વભાવથી ભરેલો એને હું સદા નમું છું. સકળ અર્થની સિદ્ધિ માટે. મારા પ્રયોજનની સિદ્ધિ માટે. મારું પ્રયોજન મોક્ષ નિર્મળ આનંદ છે. નિર્મળ આનંદની પૂર્ણતા એ મારું પ્રયોજન, એ મોક્ષ. મોક્ષ કોઈ બીજી દશા નથી. આત્માની વિકારી દશાનો નાશ થઈ નિર્વિકારી પૂર્ણાનંદની દશાની પૂર્ણની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? મુક્તિની વ્યાખ્યા એવી.

'**હું સકળ અર્થની સિદ્ધિ...**' પૂર્ણાનંદ પ્રાપ્તિ. પ્રયોજનભૂત જે દશા આત્માની એને માટે સદા નમું છું. મારું વલણ તો શુદ્ધ આત્મામાં જ નમેલું, ઢળેલું, વળેલું છે. એ નિમિત્તમાં નહિ, રાગમાં નહિ. એક સમયની દશામાં હું નમ્યો નથી. સમજાણું? સાધકજીવનું આ કર્તવ્ય છે એમ કહે છે. આહા..હા..! '**અર્થની સિદ્ધિ માટે સદા નમું છું,...**' સદા કેમ કીધું? કે ધ્રુવ અનંતગુણનો પિંડ જે ધ્રુવ છે એમાં જે મારી દૃષ્ટિ પડી છે, સદા એમાં રહેલી છે. કદી પણ પુણ્ય-પાપનો ભાવ આદર કરે એવું મારામાં છે નહિ. આહા..હા..! આ તો ઘણી વાર આવે છે. આ શબ્દો કાંઈ નવા નથી આવતા. સમજાણું કાંઈ? નિશ્ચય મારો આત્મા શુદ્ધ અખંડ આનંદનો કંદ સહજગુણમણિ ખાણ એમાં જે મારી દૃષ્ટિ પડી છે એ દૃષ્ટિ ત્યાં પડી છે એમાં જ હું નમેલો છું. બીજાને હું નમતો નથી, વળતો નથી, બીજામાં હું ઢળતો નથી. જુઓ, આ ધર્મીના સાધકના લક્ષણ! આવો ધર્મ ભારે!

'**સદા નમું છું, ભાવું છું.**' '**नमामि परिभावयामि**' એમ શબ્દ છેને બે? ભાવના. નમું છું હું અને એમાં જ એકાગ્ર થાઉં છું. આહા..હા..! '**भावयामि**'નો અર્થ શું છે, ભાઈ? વિકલ્પ છે? આહા..હા..! કોણ જાણે કેવા અર્થ કરે છે. શાસ્ત્રના અર્થ પણ બીજા કરી નાખે છે. અરે..! આત્માનો અર્થ ઊંધો કરે અને બધા અર્થ ઊંધા કરે. 'જાતિઅંધનો દોષ નહિ આકરો, જે નહિ દેખે અર્થ' આંધળો માણસ પહેલેથી આંખે આંધળો, ઈ શું દેખે? અર્થ તો દેખે નહિ પહેલેથી શબ્દને. 'પણ મિથ્યાદૃષ્ટિ એથી આકરો, કરે અર્થના અનર્થ.' એઈ..! આવે છેને? યશોવિજયમાં આવે છે. 'જાતિઅંધનો રે દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ રે તેથી આકરો, કરે અર્થના રે અનર્થ.' સાચા તત્ત્વોનું શું સ્વરૂપ? એમાં શું ભાવ? એનો નિશ્ચય-વ્યવહાર શું? એના અર્થ ન કરતાં ઊંધા અર્થ કરે. એ મિથ્યાદૃષ્ટિ આંધળા કરતાં મહા આકરો છે, કહે છે. આહા..હા..!

**શ્રોતા :—** આંધળો કહે છે, પણ આંધળો કહેવાય નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આંધળો કહેવાય નહિ, મોટો આંધળો છે.

સિદ્ધિને માટે ભગવાન આત્મા, અરે..! જેમાં પવિત્રતાનું ધામ એને પુરુષાર્થથી ન દેખે અને એ સ્વાધીન સ્વભાવ મારાથી જ પ્રગટે, કોઈ નિમિત્તથી, રાગથી, ભેદથી પ્રગટે નહિ. એમ એનો અર્થ શાસ્ત્રમાંથી કાઢવો જોઈએ. શાસ્ત્રના કોઈપણ અર્થમાંથી આવો અર્થ કાઢવો જોઈએ. કારણ કે એ રીતે જ આત્મા પ્રસિદ્ધ થાય, નહિતર પ્રસિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? આજ તો શ્રુતજ્ઞાનનું હતુંને આ બધું. આ પણ ખરેખર વ્યવહાર છે આ બધો. આ બધું જાણવું એ બધી શ્રદ્ધા-વ્યવહારશ્રદ્ધાની વ્યાખ્યા ચાલે છે. વ્યવહારશ્રદ્ધામાં આવા આવા આત્મા, આમ હોય, એનું સાધન આવું હોય એનું આ હોય, એ વ્યવહારશ્રદ્ધાની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ભેદવાળો આત્મા ને આમ સાધન કરે એ બધો વ્યવહાર છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે, શ્રદ્ધા કરાવે છે.

નિશ્ચયસમ્યગ્દૃષ્ટિને આત્મા અખંડાનંદની દૃષ્ટિ હોય છે એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન, પણ એને વ્યવહારસમકિતમાં ભગવાને કહેલા જીવતત્ત્વના ઉપયોગ ને પર્યાય ને ભેદ એ બધા આવા હોય એની શ્રદ્ધામાં વર્તવા જોઈએ. આ શેની વ્યાખ્યા ચાલે છે? સમજાણું કાંઈ? હવે પર્યાયની વ્યાખ્યા ૧૫મીમાં આવશે. કાલે રાખવાની છે. એ જ છેને હવે તો? ક્યાં વયા જાવાના નથી. હમણાં તો આવ્યા છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ વદ-૧૩, શનિવાર, તા. ૧૯-૦૩-૧૯૬૬, ગાથા-૧૫, પ્રવચન નં. ૨૫

જીવ અધિકાર. જીવ અધિકાર કીધો. નિશ્ચય-વ્યવહાર એવું કાંઈ કહ્યું નથી. નિયમસાર, જીવ અધિકાર. ... કર્યું છે. એમ. પણ આત્માના અંતર સ્વભાવમાં શુદ્ધ ચૈતન્યનો મૂળ મુખ્ય સ્વભાવ જે છે એને ધ્યેય કરીને, એને નિશ્ચય કરીને જે સમ્યગ્દર્શન થાય તેને નિશ્ચયસમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન કહે છે. આત્મા અનંતગુણનો પિંડ શુદ્ધ સ્વરૂપ એકરૂપ પૂર્ણ અનંતગુણનું એકરૂપ આત્મા એના ઉપર દૃષ્ટિ આપતા, એક સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતા, એકાકાર થઈને જે અંતરના જ્ઞાનના ભાનમાં સાચી પ્રતીતિ થાય તેને સાચું સમકિત કહે છે, તેને નિશ્ચયસમકિત કહે છે. એને અહીંયા આ બધા વ્યવહારો, જેટલા જીવના ભેદોના, ઉપયોગના, આ પર્યાયોના બધા પ્રકાર છે એ એની વ્યવહારશ્રદ્ધાના વિષયમાં આવે છે. સમજાણું કાંઈ? પછી આ

શુદ્ધ કારણપર્યાય ભલે દ્રવ્યમાં આવે, દ્રવ્યાર્થિનયના વિષયમાં, પણ એના શ્રદ્ધામાં એકરૂપ સિવાય જેટલા પ્રકારો ભેદથી જાણવામાં પ્રતીતમાં આવે એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. એમાં શુદ્ધ કારણપર્યાય અંતરમાં દૃષ્ટિના નિશ્ચય વિષયમાં જાય છે. સમજાણું કાંઈ? એ વાત જરી ઝીણી છે.

**શ્રોતા :—** જરીક ઝીણી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જરીક ઝીણી છે, બહુ ઝીણી નથી. કારણ કે જેવો અગુરુલઘુના ષટ્ગુણ (હાનિવૃદ્ધિનો) ખ્યાલ ન આવે એવી આ નથી, એમ. ચંદુભાઈ! ગુલાબભાઈ ને એ બધાને જરી આકરી પડે. કોઈ દિ' જિંદગીમાં સાંભળ્યો ન હોય શબ્દ પણ. લ્યો, ઠીક તમારો પક્ષ કર્યો.

**શ્રોતા :—** આપ સમજાવો ત્યારે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના; ખ્યાલ તો આવે એવું છે ન્યાયથી. એમાં કાંઈ એવા શબ્દો નથી શાસ્ત્રના ઊંડા. આ વસ્તુ કેમ છે એના પ્રકાર આવે. પકડાય તો ખ્યાલ જાયને કે આમ કહેવા માંગે છે. ૧૪ ગાથા થઈ. ૧૫.

'**આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' જુઓ, છેને ટીકા? એનો મૂળ શ્લોક હવે.

णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।
कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।
તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

એનો શબ્દાર્થ પહેલોં લઈએ. અન્વયાર્થ છેને?

'**અન્વયાર્થ :— મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે;...**' એ વિભાવવ્યંજનપર્યાય કહેવામાં આવી છે. માથે કહ્યું હતું, અશુદ્ધ પર્યાય નર, નારકાદિ વ્યંજનપર્યાય છે. એનો આ પાઠમાં ખુલાસો છે. ચૌદમાં માથે આવ્યું હતું. ૩૬ પાને. ઈ વ્યંજનપર્યાય શું? કે આત્મા અસંખ્ય પ્રદેશ છે. વસ્તુ છે અખંડ પણ એના અંશો છે. જેમ આ ભાગ છે તે અહીં નથી, આ તે અહીં નથી. એવા એવા અંતરમાં અસંખ્ય પ્રદેશનો પિંડ તે આત્મા છે. જેના પ્રદેશોની આકૃતિ મનુષ્ય પ્રમાણે આત્મા હોય, દેવ પ્રમાણે હોય, ઢોર પ્રમાણે હોય, કીડી પ્રમાણે હોય કે હાથી પ્રમાણે હોય. એના પ્રદેશોની વિકારી આકૃતિ હોય, આકાર, વિકાર એને વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. કારણ કે બહાર આમ પ્રગટરૂપે દેખાય છેને આકાર. સમજાણું કાંઈ? આ તો દેહ છે. પણ એમાં રહેલો ભગવાન એનો આકાર પણ દેહના પ્રમાણમાં એના અંસખ્યપ્રદેશની આકૃતિ પણ એવી છેને. આનાથી ભિન્ન. આ જડ અને ઈ ચૈતન્ય. ઈ આકૃતિ પણ અહીંયા વિભાવ છે, વિકાર છે. કર્મના

સંયોગમાં વિકારી પ્રગટ બાહ્ય અવસ્થાને વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. એ મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવપર્યાય '**વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે;**' '**कर्मोपाधिविवर्जितपर्यायाः**' જેને કર્મઉપાધિરહિત પર્યાય છે આત્મામાં '**તે સ્વભાવપર્યાયો કહેવામાં આવે છે.**' આટલો કુંદકુંદાચાર્ય મહારાજે પાઠ મૂક્યો. હવે પદ્મપ્રભમલધારિદેવ પોતે આમાંથી કાઢે છે. '**कर्मोपाधिविवर्जितपर्यायाः**'. કહો, સમજાણું?

'**ટીકા :— આ, સ્વભાવપર્યાયો તથા વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' પાઠમાં પહેલાં વિભાવની વ્યાખ્યા છે અને પછી સ્વભાવની છે. ટીકામાં એમ કે પહેલી સ્વભાવપર્યાય અને વિભાવનું આમાં ટૂંકામાં કથન છે. '**ત્યાં, સ્વભાવપર્યાયો...**' એ શું ઈ પછી આવશે. '**અને વિભાવપર્યાયો મધ્યે...**' બે પ્રકારની અવસ્થાની મધ્યે. બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે. આવો વિષય. જુઓને, આ બે જણા બે દિ'થી પડ્યા છે અહીં. કાલે ગયા ને તરત આવ્યા. સ્વભાવપર્યાય અને વિકારી પર્યાય. એના મધ્યમાં પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે. પાઠમાં એટલું છે કે '**कर्मोपाधिविवर्जितपर्यायास्ते स्वभावा**' એવો પાઠ છેને. સ્વભાવપર્યાય. કર્મોપાધિની અપેક્ષા વિનાનો. એમાંથી પદ્મપ્રભમલધારિદેવે બે પ્રકાર કાઢ્યા. '**સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' સમજાણું? બેય સ્વભાવની વાત છે આ. બેય શુદ્ધતાની વાત છે. બેય કર્મના નિમિત્તની અપેક્ષા વિનાની આત્મામાં એક ત્રિકાળી પર્યાય અને એક વર્તમાન કાર્ય ... પર્યાય કેવળજ્ઞાનાદિ. એ બેની વાત અત્યારે છે. સમજાણું કાંઈ?

'**અહીં સહજશુદ્ધનિશ્ચયથી,...**' આત્મા વસ્તુ છે, વસ્તુ આત્મા પદાર્થ છે. એ વસ્તુમાં સ્વભાવિક શુદ્ધનિશ્ચય એટલે ખરેખરથી. આત્મામાં '**અનાદિ-અનંત,...**' આત્મા વસ્તુ છે એ જ એનો એક ભાવ અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? વસ્તુ છે ઈ છે એને આદિ નથી, છે એનો અંત છે નહિ. કેમકે એ સત્ છે, સત્ છે, સત્ છે. હયાતીવાળો પદાર્થ છે. હોવાવાળો પદાર્થ એ તો છે, છે અને છે. ગયે કાળે હતો, ક્યારેય નહોતો એમ હોઈ શકે નહિ. છે ઈ ક્યારેય નથી એમ હોઈ શકે નહિ. છે ઈ ક્યારેય નહિ હોય એમ હોઈ શકે નહિ. લોજીકથી તો વાત છે આ. એ છે આત્મા, એક એકની વાત ચાલે છે, અનંત આત્મા ભિન્ન ભિન્ન. આ આત્મા અનાદિ-અનંત એ વસ્તુ છે. હવે એના અનાદિ-અનંત ભાવની વ્યાખ્યા કરશે અહીં તો. ભાઈ! સમજાણું કાંઈ? વસ્તુ જે છે, જેમ સાકર છે ઈ સાકર છે. પણ હવે એના સફેદાઈ, મીઠાશ, સુંવાળપ એવા એના ભાવો છે. ઈ સાકર છે એમ એના ભાવો છે. સાકર જેટલો કાળ રહેશે એટલો કાળ એના ભાવ રહે છે. એની દશાઓમાં પલટો ખાય એ જુદી વાત છે. અહીં શુદ્ધ કારણપર્યાયની વ્યાખ્યા કરશે એ બીજી વાત છે. સમજાણું કાંઈ?

'**અહીં સહજશુદ્ધનિશ્ચયથી,...**' સ્વભાવિક અંતર ખરેખરથી '**અનાદિ-અનંત,...**' જેની

આદિ નથી, જેનો અંત નથી. આત્મા પણ આદિ નથી, અંત નથી. હવે એનો ભાવ જે છે અંદર સ્વભાવ જે છે આત્મા એનો સ્વભાવ એ પણ અનાદિ-અનંત (છે). આદિ નથી, અંત નથી. '**અમૂર્ત,...**' છે. ભગવાન આત્મા એનો સ્વભાવ અમૂર્ત છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. રંગ, ગંધ, સ્પર્શ તો આ માટીમાં આમાં છે જડમાં. એ તો રંગ, ગંધ, રસ વિનાનો છે. '**અતીન્દ્રિયસ્વભાવવાળાં...**' હવે શું કહે છે? '**અતીન્દ્રિયસ્વભાવવાળાં...**' વસ્તુના ભાવ છે એની વ્યાખ્યા કરે છે. સ્વરૂપ. '**અતીન્દ્રિસ્વભાવવાળાં અને શુદ્ધ...**' ભગવાન આત્મા વસ્તુ તરીકે મહાન પદાર્થ અનાદિ-અનંત એમાં રહેલા ભાવ એ અનાદિ-અનંત અમૂર્ત અને શુદ્ધ '**એવાં સહજજ્ઞાન...**' સ્વભાવિક જ્ઞાન અંતરનું. જે આત્મા ત્રિકાળ છે એમ એનો જ્ઞાનસ્વભાવ પણ ત્રિકાળ છે. કહો, સમજાણું કાંઈ આમાં?

જેટલો કાળ સોનું રહે એટલો કાળ પીળાશ, ચીકાશ, વજન રહે. એની કુંડળ અને કડાંની અવસ્થાઓ દેખાય એ તો પર્યાય છે, અવસ્થા છે, હાલત-દશા છે. પણ સોનું જેટલો કાળ રહે એટલો કાળ એમાં પીળાશ, ચીકાશ, તોલ એટલો કાળ રહે. એની કુંડળ, કડાંની અવસ્થા છે એ તો પર્યાય કહેવાય. પણ જે ગુણ સ્વભાવ કહેવાય એ તો સોનાનો જેટલો કાળ તેટલો એના ભાવનો, સ્વભાવનો કાળ. સોનાના પીળાશ, ચીકાશ, વજનનો. સોનું રહે અને પીળાશ, ચીકાશ વઈ જાય એમ બને?

એમ ભગવાન આત્મા અનાદિ-અનંત, એના ભાવો અનાદિ-અનંત અમૂર્ત અને શુદ્ધ એવું સહજજ્ઞાન સ્વભાવિક, આત્મા સાથેનું જ્ઞાન, આત્મા સાથેનું સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ. આ ગુણની વ્યાખ્યા ચાલે છે. '**સહજદર્શન...**' આત્મામાં ત્રિકાળી સહજદર્શન. સ્વભાવિક દર્શન. પછી શ્રદ્ધા અને દર્શન બધું ગમે તે લ્યો. '**સહજચારિત્ર...**' ભગવાન આત્મા વસ્તુ તરીકે જેમ અનાદિ-અનંત અમૂર્ત એમ એના સહજચારિત્ર, સહજજ્ઞાન, સહજદર્શનગુણ પણ અનાદિ-અનંત, અમૂર્ત અને શુદ્ધ (છે). સહજચારિત્ર. આ ચારિત્ર પાળવું એ નિર્મળ પર્યાય થવી એ વાત નથી. વસ્તુ વસ્તુ વસ્તુ વસ્તુ... ભલે અરૂપી હો, અમૂર્ત હો, પણ વસ્તુ છે કે નહિ? કે અવસ્તુ છે? જેમ આ મૂર્ત છે એ વસ્તુ છે, એમ આત્મા પણ ભલે અમૂર્ત છે, રંગ, ગંધ, રસ, સ્પર્શનો એમાં અભાવ છે, પણ વસ્તુ છે કે અવસ્તુ છે? પદાર્થ છે, તત્ત્વ છે, ભાવ છે, સ્વભાવ છે, ... છે. સમજાણું કાંઈ? એવા ભગવાન આત્મામાં '**સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક...** ' સ્વભાવિક પરમ રાગ વિનાનું સુખ. આત્મામાં આનંદ પડ્યો છે ત્રિકાળ. સમજાણું કાંઈ? સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપ. આત્મા એટલે સુખસ્વરૂપ. આાત્મક છેને? સુખાત્મક. સુખાત્મક એટલે સુખરૂપ એમ.

સહજજ્ઞાનસ્વરૂપ, સહજદર્શનસ્વરૂપ, સહજચારિત્રસ્વરૂપ, સહજપરમવીતરાગસુખાત્મક એમ બધું લેવું. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એને આત્મા શું ચીજ એની એણે કોઈ દિ' સાંભળી પણ નથી અને વિચારી પણ નથી. દરકાર કરી નથી કે હું કોણ છું? આમને આમ

પાંચ ઇન્દ્રિયો તરફ... આ પાંચ ઇન્દ્રિય એના સામું જોઈને આ બધું માંડ્યું એણે. પણ હું કોણ છું અંદર? એનો એણે સન્મુખનો અભિપ્રાય પણ કોઈ દિ' કર્યો નથી. એ વાતનું એને હોવાપણું બેસતું નથી. પણ હોવાપણું પણ આવો છે એનું હોવાપણું. એકલો હોવાપણે એમ નહિ, હોવાપણામાં આવા ગુણવાળું એનું હોવાપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વભાવિક સહજપરમવીતરાગઆનંદસ્વરૂપ. આત્મામાં આ દુઃખ જે દેખાય છે રાગ-દ્વેષનું એ વિકૃત ભાવ છે. એ દુઃખ તો વિકૃત છે પણ કોનો? કે ત્રિકાળ આનંદસ્વરૂપ છે ગુણ એનો વિકૃત વિકારી દશા છે. પણ એનો સ્વભાવ જે ત્રિકાળ છે એ તો આનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એવો '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' એવો જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. ભાવની વાત છે હોં અહીંયા. આત્માનું આવું સહજજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, સ્વભાવિકવીતરાગસુખાત્મક-સુખસ્વરૂપ સહજઅંતઃતત્ત્વ. વસ્તુનું અંતઃતત્ત્વ, અંતરસ્વરૂપ, અંતરદળ, અંતર કસ, અંતર ...સમજાણું કાંઈ? વસંતીલાલજી! તમે કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. અહીં ઘણી વાર (આવ્યા), પણ આ બીજી વાત છે.

એવું જે શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ. વસ્તુ ભગવાન આત્મા એનું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ '**જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' અહીં સુધી વાત છે. '**જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...**' જુઓ, ઓલામાં બીજું આવશે. કેવળજ્ઞાન ફળરૂપ અનંતચતુષ્ટયસ્વરૂપની સાથે. આ તો સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો સામાન્ય એના જે ગુણો છે, સ્વભાવ છે, અંતઃતત્ત્વસ્વભાવરૂપ ભાવ એની વ્યાખ્યા કરી. મુખ્યપણે આ ચાર ગુણની વ્યાખ્યાથી અંતઃતત્ત્વસ્વરૂપ સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ કહ્યું. સમજાણું કાંઈ?

આ વ્યાખ્યા શેની ચાલે છે? '**कम्मोपाधिविवज्जियपज्जाया**' ત્રીજું પદ છે. '**सहावमिदि भणिदा**' કર્મની ઉપાધિ વિનાના પર્યાય એટલે અવસ્થાને સ્વભાવપર્યાય કહેવામાં આવે છે. એ સ્વભાવપર્યાયના બે પ્રકાર છે. એક શુદ્ધ કારણસ્વભાવપર્યાય, એક કાર્યશુદ્ધપર્યાય. હવે કહે છે.. આ વાત તો ઓલા ચાર એનો ત્રિકાળ સ્વભાવ છે એમ વર્ણવ્યો. '**તેની સાથેની જે...**' આ ઠેકાણે જ આમણે જરી ખુલાસો કર્યો છે. બીજે ક્યાંય આવી વાત ચોખ્ખી સ્પષ્ટ આવતી નથી. એથી કેટલાક એમેય કહે કે આ તો મુનિએ ઘરનું નાખ્યું છે. ઘરનું નાખ્યું એટલે એમ કે ક્યાંય નથી, પ્રવચનસારમાં નથી, બીજે નથી. ભઈ, એમ ન કહેવાય. એમ કહો કે આને બીજી રીતે મેળવી શકાય છે? એમ કહેવાય. પણ ઘરનું નાખ્યું છે એમ ન કહેવાય. સમજાય છે કાંઈ? છોટાભાઈ!

અહીં તો પર્યાયના ભેદ છે. સમજાણું કાંઈ? પર્યાયના ભેદની વ્યાખ્યામાં શુદ્ધપર્યાય અને અશુદ્ધપર્યાય. અશુદ્ધપર્યાય તો નરક આદિની ગણી છે એટલી. હવે શુદ્ધપર્યાય પાઠમાં તો સ્વભાવપર્યાય કર્મઉપાધિરહિત એટલી વાત છે. એમાંથી કાઢી કે ભગવાન આત્મા વસ્તુ વસ્તુ વસ્તુ.. એનો અનંતચતુષ્ટય શુદ્ધ સ્વભાવ સહજજ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ-વીતરાગી

આનંદસ્વરૂપ અંતઃતત્ત્વરૂપ સ્વભાવ ચતુષ્ટય સ્વરૂપ, **'તેની સાથેની જે પૂજિત પંચમ-ભાવપરિણતિ...'** આટલો પ્રશ્ન મૂક્યો છે એમણે. કોની સાથેની? જે પૂજવાલાયક, આદરવાલાયક કે જેનું મનન કરવાથી, એનામાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થાય એવી પૂજિત પંચમભાવપરિણતિ. પંચમભાવ, એ ચાર સ્વભાવભાવ એ પંચમભાવ જ છે. માથે કહ્યાને? સહજજ્ઞાન, સહજદર્શન, સહજસ્વભાવિકચારિત્ર, સ્વભાવિક વીતરાગસુખાત્મકસ્વરૂપ એ અંતઃતત્ત્વસ્વરૂપ એવો અનંતચતુષ્ટયભાવસ્વરૂપ એ પરમસ્વભાવ પારિણામિક. એને કોઈ નિમિત્તની અપેક્ષા કે નિમિત્તના અભાવની અપેક્ષા એમાં આવતી નથી. તેથી એને પંચમભાવ, ચાર ભાવને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એની પરિણતિ એમ લીધુ છે. એનો એ પર્યાય. છે તો ધ્રુવ. સમજાણું કાંઈ? આ ઉત્પાદ-વ્યયવાળી નથી. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' એ ઉત્પાદવાળી પર્યાય નથી. નીચે ખુલાસો કર્યો છે થોડો. જુઓ, ક્યાં આવ્યું ઈ?

'સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુકત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત...' કાર્યશુદ્ધ કહેવું છેને અહીંયા. કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. 'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.' એટલે કે જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ ચાર પદાર્થ છેને ચાર. શુદ્ધ ત્રિકાળ શુદ્ધ ચાર પદાર્થ અરૂપી. પરમાણુ એક કોર રાખો. એ ચાર પદાર્થ વસ્તુ તરીકે અનાદિઅનંત પારિણામિક સ્વભાવ, સહજભાવ. એની શક્તિઓ-ગુણ અનાદિ-અનંત પરમપારિણામિકભાવ. એની પર્યાય એકાધારા નિર્મળ અનાદિ-અનંત. ચારમાં ઓછી પર્યાય, વિપરીત પર્યાય એવું કાંઈ ચારમાં નથી. સમજાણું કાંઈ? એ ચાર દ્રવ્ય જે છે એનો એક પારિણામિકભાવનો પર્યાય એનો ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય છે. ઊપજે પર્યાય અને વ્યય થાય પણ છે અનાદિઅનંત એકધારારૂપી પર્યાય. એકરૂપ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ ચાર અરૂપી પદાર્થ.

આત્મામાં એવી એકધારારૂપી પર્યાય કઈ? ઉત્પાદ-વ્યયવાળી કહો તો તો સંસારમાં વિકારી પર્યાય છે, ઓછીવત્તો થાય છે. સાધક થાય ત્યારે કંઈક શુદ્ધતા અને અશુદ્ધતા પર્યાયમાં આવે છે. કાર્ય થાય ત્યારે તદ્દન પૂર્ણ શુદ્ધ પર્યાય થાય છે. ભેદ પડી ગયા. સમજાણું કાંઈ? અંદર એકધારા પર્યાય ન રહી આમાં. ઓલામાં જેમ એકધારા પર્યાય (છે એવી). તમારે જરીક ઝીણું પડે. ઓલા ચારની સાથે .. છ દ્રવ્ય છે જગતમાં. ઝીણું છે. એ તો પહેલેથી આખી વાત જ... આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થઈ ગયેલી અને સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી છે. સમજાણું કાંઈ? બીજા ચાર અરૂપી (દ્રવ્ય) છે એનો એકધારા પર્યાય છે. દ્રવ્ય-ગુણ એકધારા છે અને એનો પર્યાય પણ એકધારા છે. આત્મામાં એવું એકધારાપણું ઉત્પાદવ્યયમાં નથી. સંસારદશા વિકારી, મિથ્યાભ્રાંતિ આદિ સંસારદશા. હવે એનાથી શુદ્ધનું ભાન થયું તો કંઈક નિર્મળપર્યાય અને કાંઈક મલિન એવી રહી. અને પૂર્ણ દશા જ્યાં થઈ, આ કાર્ય કહેશે.

જ્યાં પૂર્ણ શુદ્ધ પર્યાય (થઈ) પણ એ કાંઈ અનાદિ-અનંત ન આવી. એથી એક આત્મામાં એવી એકધારા સદૃશતા અનાદિ-અનંત છે કે જેવી ઓલા ચારમાં અનાદિ-અનંત ઉત્પાદ વ્યયરૂપે છે. આમાં જે ઉત્પાદવ્યયરૂપે અનાદિ ધારા જુઓ તો સંસાર, મોક્ષ અને સાધકપણું ઘટતું નથી. સમજાણું કાંઈ?

એ આત્માની, જે નિશ્ચય દ્રવ્યનું આખો ગુણ, પર્યાય એકરૂપ છે ચારમાં, એમ આમાં પણ આત્માના દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ ત્રણ તો દશાઓ થઈ. એકરૂપ ન રહી પર્યાયમાં, હાલતમાં. ત્યારે એકરૂપ હાલત જે અંદર છે એ ધ્રુવરૂપે અહીં તો ગણવી છે, ઉત્પાદવ્યયરૂપે નહિ. એ.. નવરંગભાઈ! '**તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...**' એટલે કે ચાર ભાવસ્વરૂપ અનંતચતુષ્ટયસ્વરૂપ વસ્તુભાવ '**(-તેની સાથે તન્મયપણે રહેલી...**' એકરૂપે રહેલી '**જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' આ ભાવ બીજે ક્યાંય આવતો નથી. આ ઠેકાણે પદ્મપ્રભમલધારિદેવે નાખ્યો છે. સમજાણું કાંઈ? આ રીતે એનો મેળ ખાય છે, બીજી રીતે એનો મેળ ખાતો નથી. સમજાણું કાંઈ?

વસ્તુ છે એ ત્રિકાળ પરમસ્વભાવભાવરૂપ છે અને એના ગુણો પણ ત્રિકાળ સ્વભાવસ્વરૂપે છે. એમ એની પર્યાયમાં એ જ્ઞાનસામાન્ય એનો એકધારા પર્યાય ધ્રુવરૂપે વિશેષ છે. આમ સામાન્યની સાથે છે તો બધું ધ્રુવ. સમજાણું? એ કંઈ પર્યાયનયનો વિષય નથી આ. પર્યાયનય એટલે વર્તમાન ઉત્પાદ-વ્યયની દશા, મોક્ષદશા કે સમ્યક્ મોક્ષમાર્ગ દશા એ બધો પર્યાય છે, વર્તમાન ભેદના અંશનો વિષય છે, આ તો ત્રિકાળી છે. એટલે એ પર્યાય અને વ્યવહારનયનો આ વિષય નથી.

એવો અંદર '**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' એવું ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ભાવસ્વભાવ એની સાથેની પરિણતિ ત્રિકાળી, એનો એકરૂપ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. નવા માણસને તો હજી આમાં શું કહે છે એ... કોઈ દિ'... સમજાણું કાંઈ? આજ વળી શનિવાર આવ્યો આ છોકરાઓને. કાને તો પડશેને, કાંઈક કહે છે આમાં. આહા..હા..! જુઓ, આચાર્યે, મુનિએ કર્મ-ઉપાધિવવર્જિત-રહિત એક ધારાવાહી પર્યાય (કહી). જરી સૂક્ષ્મ તો છે. બેસવી જરી કઠણ પડે એવી છે પણ એને સમજે, સમજી શકાય છે. એવો કારણશુદ્ધપર્યાય એકરૂપ ત્રિકાળ તે નિશ્ચયનયનો દ્રવ્યાર્થિકનય જે દ્રવ્ય સામાન્ય છે એનો એ વિષય પ્રયોજન છે, એ પર્યાયનયનો વિષય નથી.

શીતલપ્રસાદે પણ એટલો અર્થ એમાં કર્યો છે કે જેનું મનન કરવાથી કાર્યપર્યાય પ્રગટે. એટલો અર્થ કર્યો છે. એક શબ્દ વધારે નાખ્યો નથી. પાઠ છે, બીજું શું કરે? પહેલું આ બહાર પડ્યું. ... કોઈએ બહાર પાડ્યું નહોતું. પણ શીતલપ્રસાદે ચોમાસુ રહેલા, જેતપુરમાં, એને આ પુસ્તક મળેલું ભંડારમાંથી, એણે પછી હિન્દી કરીને પહેલું બહાર પાડ્યું. આ પ્રસિદ્ધ

જ નહોતું નિયમસાર. જેવું સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય પ્રસિદ્ધ છે એવું આ પ્રસિદ્ધ નહોતું. શીતલપ્રસાદે પછી આ... ટીકા તો હતી એની સંસ્કૃત, ભાઈએ વાંચેલું ટોડરમલજીએ, એમાં આવે છે ટીકા સહિત નિયમસાર, આવે છેને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ટીકા સહિત સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર વગેરે મેં વાંચ્યા. આવે છેને એમાં? શરૂઆતમાં. એટલે એણે વાંચ્યા છે. શ્રીમદ્‌ને હાથ નથી આવ્યું. પંચાધ્યાયી, નિયમસાર બે પુસ્તક હાથ નથી આવ્યા. કહો, સમજાણું આમાં? આમાં ટીકામાં સાધારણ અર્થ એણે કર્યો છે... તોપણ આપણા હિંમતભાઈએ તો એનો સ્પષ્ટ અર્થ ટીકાને અનુસારે એ પ્રમાણે બધું સ્પષ્ટ ચોખ્ખું ગુજરાતીમાં કર્યું છે આ. હિન્દીમાં પણ થઈ ગયું છેને? હિન્દીમાં થઈ ગયું છે. આ હિન્દીમાં છેને. સમજાણું કાંઈ?

વેદાંત કહે છેને, કે આ પર્યાય ઓછીવત્તી અને ફેરફાર આવું શું? એ બધો ભ્રમ છે. સમજાણું? માટે એનું એકરૂપ નિત્ય હોવું જોઈએ. બધું. પણ એકરૂપમાં પાછું નિત્યમાં શું ગુણ અને દ્રવ્ય એની એને ખબર નથી. અને એક જ આત્મા કેવો છે એની ખબર નથી. બધા આત્મા એક છે અને સર્વવ્યાપક છે અને બધું છે એમ કરીને ગોટો વાળ્યો છે. કારણ કે વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞ (અનુસારનો) જ્યાં સુધી જોયો નથી અને સર્વજ્ઞના કથનો ન આવે ત્યાં સુધી વસ્તુની ખબર પડે નહિ.

ભગવાન આત્મામાં જ્ઞ-સ્વભાવી ગુણ છે એનો જ્ઞ-સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. એમાં એકાગ્ર થઈને સર્વજ્ઞદશા પ્રગટ થાય છે ત્યારે આત્માની પૂર્ણ દશા કહેવામાં આવે છે. એવા જ્ઞાનમાં ત્રણલોક ત્રણકાળ બધું જણાય એણે કહેલા તત્ત્વો.. એમાં આવ્યા છેને ભાઈ આ? સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યો જેને તત્ત્વાર્થ કહીએ, એ વાત ચાલે છે આ. '**तच्चत्था**' શબ્દ હતો કે નહિ ૯માં? ૯મી ગાથા. એની ચાલે છે આ વાત.

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता।।९।।**

ભગવાને આમ કહ્યા છે. જુઓ, તત્ત્વાર્થ ૯મી ગાથામાં છે. પછી પાધરા ઉપયોગની વ્યાખ્યા ચાલી. ઉપયોગની વ્યાખ્યા કરી ત્યાં અહીંયા પર્યાયની વ્યાખ્યા ચાલે છે. કહો, અમરચંદભાઈ! ન્યાં ખબર હતી અમરચંદભાઈને આજ ચાલવાની છે આ પંદરમી? આ બે જણા આવ્યા છે તો ખબર પડેને. કહો, સમજાણું આમાં?

એની એક ધારાવાહી... કારણ કે સંસારપર્યાય, મોક્ષમાર્ગપર્યાય, મોક્ષપર્યાય એ પર્યાય છે. એ ખરેખર વ્યવહારનયનો વિષય છે. પણ વ્યવહારનયનો વિષય છે. વેદાંત .. એ ભ્રમ છે બધો. સમજાય છે? ભ્રમ નથી. ભ્રમ હોય તો વર્તમાન એને આનંદનો અનુભવ હોવો જોઈએ. વસ્તુ પોતે છે, સચ્ચિદાનંદ છે. વસ્તુ છે એ પોતે તો કંઈ આકુળતાવાળી હોઈ શકે જ નહિ. અનાકુળ અને એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ, એકલો પિંડ આખો. તો જો એનું

ભાન હોય તો એને અનાકુળ આનંદનું પ્રગટ વેદન સ્વાદમાં આવવું જોઈએ. એ પર્યાયમાં આવે, દશામાં આવે. તો એ દશામાં નથી તો બીજી દશા છે, બીજી દશા છે. આનંદની દશા.. કેમકે એ આનંદરૂપ છે. સ્વરૂપ આખું સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ રહેનારું જ્ઞાન અને આનંદનું એનું રૂપ. અહીં તત્ત્વસ્વરૂપ લીધું. ચારેય લઈને પાછું. દર્શન અને ચારિત્ર ભેળવીને. જ્ઞાન અને આનંદ તો આવ્યું. પણ એની સાથે દર્શનોપયોગ અથવા શ્રદ્ધા અને ચારિત્રની રમણતા એ એમાંના ગુણો છે. સમજાણું કાંઈ? ઓલા સચ્ચિદાનંદ એકલા છે એમ નહિ. કેમ?

કોઈપણ વસ્તુને એમ કહે કે આ વસ્તુ આવી છે એમ શ્રદ્ધા કરો, એને જાણો અને એને જ અનુભવો. તો એનો અર્થ થયો કે એ વસ્તુ છે એને શ્રદ્ધવી, તો શ્રદ્ધા નામનો ગુણ ન હોય તો શ્રદ્ધાની પર્યાય પ્રગટે ક્યાંથી? એમાં ઠરો. તો ચારિત્ર નામનો ગુણ ન હોય તો ઠરવાની ક્રિયા, પરિણતિ થાય ક્યાંથી? આનંદ નામનો અંતર ગુણ ન હોય તો આનંદની પર્યાય પ્રગટ ક્યાંથી થાય? અને શ્રદ્ધા, દર્શનોપયોગ કહો કે શ્રદ્ધાગુણ કહો એ ગુણ ન હોય તો એનો દર્શનોપયોગ સામાન્ય .. અને શ્રદ્ધા, સામાન્ય શ્રદ્ધા એ જો ગુણમાં ન હોય તો પર્યાયમાં આવે ક્યાંથી? એટલે એના ગુણો, શક્તિઓ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર જે આ ચાર ગુણને મુખ્ય કરીને આખો આત્મા છે એમ વર્ણવી લીધો. સમજાણું કાંઈ? એવા આત્માના ભાવની સાથે જે એકરૂપે રહેલી પૂજ્ય એવી પારિણામિકભાવની અવસ્થા **'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.'** એમ પદ્મપ્રભમલધારિદેવે આ શબ્દનો આવો અર્થ કર્યો છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ... પણ ઓલી ઉત્પાદ-વ્યયવાળી છે તે પ્રગટ છે અને આ છે તે ધ્રુવરૂપે અપ્રગટ છે. અનુભવ એનો ન હોય. સમજાણું? આ તો બીજો વિષય આખો છેને. તમે તો હજી બીજેથી રખડતા આવ્યા છોને.

પર્યાય છે તે ત્રિકાળ ધ્રુવ છે. એનાથી તો વાત ચાલે છે આ. એની સાથે તન્મય છે કીધુંને. એક સમયની પર્યાય તન્મયપણે ત્રિકાળપણે નથી. એ તો આપણે આવી ગયુંને હમણા નહિ? .... તાદાત્મ્ય પરિણતિ આવી ગઈને? આવી હતી હમણાં. ક્યાં? ઈષ્ટોપદેશમાં. કથંચિત્ તાદાત્મ્ય પરિણતિ. ... એ પ્રગટ થયેલીની વાત છે. તેથી અહીંયા મૂક્યું છે. આ તન્મય ત્રિકાળી પર્યાય છે એવી એ નથી. ત્યાં કથંચિત્ તાદાત્મ્ય પરિણતિ.. એક સયમની પર્યાયને અનિત્યપણે તાદાત્મ્ય રહી છે, આ નિત્યપણે તાદાત્મ્ય રહી છે. આવ્યું હતું. આવ્યું હતુંને? અમારે પંડિતજીને પૂછ્યું હતું કે આનું શું? આમાં જ છે, જુઓ આ. પહેલી ગાથા, કથંચિત્ તાદાત્મ્ય પરિણતિ.

यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने।।१।।

એમાં '**કથંચિત્ તાદાત્મ્ય પરિણતિ...**' (આવે છે). ખરેખર તો કહેવાનો આશય એવો છે એમાં કે જે ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ પર્યાય પ્રગટ થાય છે એ અનિત્યની અપેક્ષાએ એક સમયની અપેક્ષાએ તાદાત્મ્યરૂપ છે. આ છે તે ત્રિકાળવર્તી છે. સમય એક છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય નહિ, ધ્રુવરૂપ છે. એ પરિણમન ઉત્પાદ-વ્યયવાળું નહિ, ધ્રુવરૂપે ત્રિકાળ એકરૂપ છે. કહો, સમજાણું કાંઈ? એ વિષય અહીં નાખ્યો છે, બીજે ક્યાંય નથી. તે દિ' ખુલાસો પહેલોં (સંવત) ૧૯૯૯માં થયો હતો. ૯૯માં ખુલાસો (થયો હતો). પોષ સુદમાં, ૯૯માં. .... ખ્યાલ હતો, તમે બેઠા હતા. ...

એમાં એમ છે, દરિયાનો દૃષ્ટાંત આપ્યો હતો. ત્યાં સામે ખૂણામાં છે. સમજ્યા? ત્યાં છે. આ ઓલો પાછળ, ઓલો પીળું... છેને. જેમ દરિયો, દરિયાનું પાણી, દરિયો એ દ્રવ્ય, એમાં જળના ... થતા ... ભાવો છેને એના ગુણો અને એ દરિયાની સપાટીનું એકરૂપ, સપાટીની એકરૂપ ધારા એ કારણપર્યાય. ઉપરમાં પુણ્ય-પાપનો ભાવ એ ઉદયનો હિલોળો. સમજાણું કાંઈ? ઈ તો તે દિ' વાત થઈ હતી, પછી તો કાંઈ...

આત્મા મહા ચૈતન્યરત્નાકર દરિયો છે. ભગવાન આત્મા એ ચૈતન્યરત્નાકર .... ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ? શરીર પ્રમાણે અરૂપી સ્વભાવવાન પદાર્થ છે. અને તેના ગુણોની સંખ્યા અનંત છે. સમજાણું કાંઈ? એ એક તત્ત્વ બીજા તત્ત્વના મધ્યમાં રહેવા છતાં અન્યથી અનેરાપણું જાળવી રાખે છે. શરીર, આ તો અનંતા એમાં ગુણો છે. નહિતર અન્યથી અનેરાપણું ટકી શકે નહિ. અને અનેરાપણે ટકવું એ જુદી વાત અને પાછો પોતાના વસ્તુનો સ્વભાવ પણ અનંત છે. વસ્તુ કેને કહેવી? વસ્તુ! ઓ..હો..હો..! અનંત અનંત બેહદ જેનો જ્ઞાનસ્વભાવ, બેહદ જેનો આનંદસ્વભાવ, બેહદ અરૂપી છતાં વિજ્ઞાનઘનના અનંત ગુણોનો પદાર્થ સ્વભાવ. તે દરિયાની માફક એ જેમ દ્રવ્ય છે, પાણી છે તે તેના ગુણો, એમ એકરૂપ અને ઉપરની સપાટી. ઉપરની એકરૂપ સપાટી હોય એકધારા. સમજાણું કાંઈ? દરિયો આમ હોયને, માથે સપાટી (હોય). ઉપરથી આમ હિલોળા મારતા તરંગો ઉઠે. એ તરંગ થોડા હોય, કોઈક મોટા હોય, કોઈક વિશેષ હોય. એમ ભગવાન આત્મા દરિયો એમાં રાગ-દ્વેષના હિલોળા, પુણ્ય પાપના વિકલ્પો ઉઠે તે વિકારની દશા છે. અંદરમાં નથી, પાણીમાં નથી અને સપાટીમાં નથી, ઉપર છે જરીક. સપાટીનો એક અંશ .... એ રાગ-દ્વેષ અને પછી ઉપશમભાવ જરી થાય એ પણ સપાટી ઉપરનો એક ભાગ નિર્મળની પર્યાયનો એક અંશ છે. ક્ષયોપશમભાવ થાય એ નિર્મળ પર્યાયનો એક અંશ પણ સપાટી ઉપરનો ભાવ છે અને ક્ષાયિકભાવ નિર્મળ પર્યાયનો સાદિઅનંત ભાવ થાય એ પણ ઉપરનો ભાવ છે. એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય આખો રૂપ થઈને અનાદિ-અનંત છે. સમજાણું? બધા થઈને. આમાં એક પર્યાય અનાદિ-

અનંત એક ... છે. એકધારા. ઈ તમે કહ્યું હતું દરિયાનું. મને ખ્યાલ હતો, પણ ... આવે છે વળી. કહો, સમજાણું આમાં?

વસ્તુ આવીને વસ્તુ, એના અનંતા ગુણો છે એ અનંતા ગુણોનો જે કંઈ શુદ્ધ છે ઈ, હોં! અશુદ્ધની વાત એક કોર રાખો, અથવા શુદ્ધ છે અસ્તિત્વ આદિ એને એક કોર રાખો. પણ જેટલા શુદ્ધ થયા છે જે પર્યાયમાં એના ગુણનું કારણપણું, પર્યાયપણું કાયમ અનાદિ-અનંત શુદ્ધપણે વર્તે છે. સમજાણું કાંઈ? પોતાના નિજઘરની વાત એણે કોઈ દિ' સાંભળી નહિ. માથાકૂટ કરીને મરી ગયો. પરકથા અને પરવાર્તા.

**શ્રોતા :—** જેને પોતાનું માન્યું હોય...

**પૂજ્ય ભાઈશ્રી :—** એમ માને. વાત સાચી. એને મારું માન્યું. આ શરીર મારું, આ મારું... ધૂડ આ તો માટી છે, ખબર નથી આ? આ માટી છે, ઓલો ચાલ્યો જાય છે અંદરથી ક્યાંક. માન્યું છે, માન્યું છે પણ રહે છે ક્યાં? ચાલ્યો જાય છે ... થઈને, લ્યો. ક્યાં જાય અહીંથી મરીને? હમણાં એક છોકરાને પૂછ્યું હતું. આ મરી ગયાને કાલે બહેન, ઈ ક્યાં હશે? કોઈ બોલ્યું નથી. દીપક હતો દીપક, મનસુખનો. અંદર કો'ક આવ્યું હતું. કો'ક મરી ગયું હતુંને કોઈ કાલે. ... ક્યાંક ગયો હશે કે નહિ? ક્યાં ગયો હશે? ઈ ખબર ન મળે. એમ ઓળખાય કે આ છોકરાની મા મરી ગઈ એમ માને. આત્મા અહીંથી ચાલ્યો ગયો... અને મરતા ડૉક્ટર એમ બોલે, જીવ ગયો. જીવનું હોવાપણું છે ઈ અહીંથી ગયો કે ન હોવાપણે ગયો અહીંથી? અને ગયો એટલે અહીંથી પાછો ક્યાંય ગયો કે નહિ? બીજે ગયો, બીજા સ્થાને, બીજે કાળે, બીજા ભવે, ભાવે ગયો કે નહિ? સમજાણું કાંઈ?

એવી વિકારની દશાઓ જે અનાદિથી એની દશામાં થાય છે એ તો ઘણો થોડો કાળ છે મોક્ષદશાના કાળની અપેક્ષાએ, પણ એનો લાંબો કાળ છે. ઉપશમનો કાળ બહુ થોડો છે, ક્ષયોપશમનો એથી કાંઈક વધારે છે અને ક્ષાયિકનો કાળ સાદિઅનંત છે. એમ ... ચાર ભાવો ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? ચૈતન્યરત્નાકર ભગવાન આત્મા અરૂપી વિજ્ઞાનઘનનું દળ, દેહમાં ચૈતન્ય સ્ફટિકમણિનો રતનદીવો આખો પડ્યો અરૂપી... ગુણ પણ સાંભળ્યા ન હોય કોઈ દિ'. એઈ..! ગુલાબરાય! બધા ... નાખે ઓલામાં. ... આહા..હા..! શું પણ? ભાઈ! અરે..! તારા જેવો ઊંચો જગતમાં હોય કોણ? ઉત્તમ પદાર્થ કીધોને, ૯૨ ગાથામાં નહિ? પ્રવચનસાર. ઉત્તમ પદાર્થ, ઉત્તમ પદાર્થ. જેની હયાતી ન હોય તો 'આ છે' એમ હયાતીને કોણ સ્વીકારે? આ છે, આ છે. છેને? આ છે, આ છે. આની હયાતી જાણનારના ચૈતન્યના સત્તાના ભાન વિના 'આ છે' એમ જાણે કોણ? સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા જેનો જાણવાનો કાયમી સ્વભાવ, એની સાથે પણ એક શુદ્ધ પર્યાય કાયમ એકરૂપે રહેલી છે. એમ દર્શન, આનંદ, શાંતિ આદિ જેટલા ... સમજાણું કાંઈ? '**(-તેની સાથે તન્મયપણે રહેલી પૂજ્ય...**' પૂજિત. જેના ઉપર એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર પ્રગટે. વિશેષ પૂર્ણતા થવાથી, એકાગ્ર થવાથી કેવળજ્ઞાન પૂર્ણાનંદ સિદ્ધપદ પ્રગટે. એ તો પછી બધું ભેગું છે હોં! એ (કારણશુદ્ધ)પર્યાય ઉપર લક્ષ એકલું નહિ, પણ (કારણશુદ્ધ)પર્યાય, દ્રવ્ય, ગુણ એકરૂપ છે. સમજાણું કાંઈ? આ '**कर्मोपाधिविवर्जित**' જે ત્રીજો શબ્દ પડ્યો છે એને સ્વભાવપર્યાય કીધી એનો એક ભાગ કીધો.

પહેલાં તો પ્રશ્ન થયો હતો કે પાઠમાં તો આમ નથી. એક જણા એમ કહેતા હતા. એક પંડિતે પૂછ્યું હતું. પાઠમાં તો આટલું પડ્યું છે. પડ્યું છે પણ અર્થમાં લખ્યું છે એનું કાંઈ છે કે નહિ? અને એ પોતે કહે છે ... શરૂઆતમાં કહે છે કે નહિ? આના અર્થના કરનાર અમે તે કોણ? ગુણના ધરનાર ગણધરોથી રચાયેલો. પાંચમો શ્લોક છે પહેલો. ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા, આ પરમાગમના અર્થોનું કથન કરવાને અમે તે મંદબુદ્ધિ કોણ? પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે અમે ઘરના અર્થ કરતાં નથી. પરંપરા ગણધરદેવોએ શાસ્ત્રમાં આના અર્થ કરેલા છે. ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વના ધરનાર, સર્વજ્ઞ બાદશાહના ગણધર, વજીર. સમજાય છે કાંઈ? એમ અહીંયા શાસ્ત્રના અર્થ તો પહેલેથી ચાલ્યા આવેલા છે. એમ કહે છે જુઓ,

'**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...**' પાંચમો શ્લોક છેને. '**શ્રુતધરોની પરંપરાથી સારી રીતે...**' પાછા શ્રુતના ધરનારા જે સંતો થયા (એમનાથી) ચાલ્યું આવે છે. હું તે કરનાર કોણ? મારા ઘરની વાત એક્કેય છે જ નહિ. ઘરની એટલે? કલ્પનાની એમ. વસ્તુની (ઘરની ભલે છે). સમજાણું કાંઈ? '**શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' એમ નહિ કે આમ હશે કે આમ? વ્યક્ત સ્પષ્ટ વાત કરતાં આવ્યા છે બધા. '**આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?**'

'**તથાપિ હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' વિકલ્પ ઉઠ્યા જ કરે કે આનો અર્થ થાય, આનો અર્થ થાય, આનો અર્થ થાય. અમારું મન ત્યાં જ જાય છે. એટલે આની ટીકા થાય છે એમ કહે છે. છીએ તો અમે આનંદ-જ્ઞાનસ્વરૂપ. પણ અત્યારે વિકલ્પ (આવે છે કે) આનો અર્થ થાય, આનું સ્પષ્ટ થાય, આની ટીકા થાય—એમ મનનો વિકલ્પ વારંવાર આવે છે. એને લઈને આ ટીકા થઈ ગઈ છે. એ ટીકાના અમે કરનારા નથી અને આ ટીકાનો જે વિકલ્પ ઉઠ્યો એના પણ અમે કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, એ કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ?

બીજા કોઈ એમ કહે કે જ્યારે આત્મા બીજા પદાર્થો અરૂપી છે એની એક ધારાવાહી પર્યાય છે સરખી તો આત્મામાં એક ધારાવાહી સરખી હોવી જોઈએ કે નહિ? ચંદુભાઈ! સમજાણું? એ.. નવરંગભાઈ! ચારમાં-આકાશમાં નિર્મળ આકાશ છે એમાં એક ધારાવાહી પર્યાય એકરૂપે અનાદિ-અનંત પારિણામિકભાવે પર્યાય, પારિણામિકભાવે, પરમપારિણામિક દ્રવ્ય અને

ગુણ, એકધારા આમને આમ છે. પણ આ તો સત્તામાં વિશ્વાસ જેને હોય, આહા..હા..! હોવાપણાના દ્રવ્ય, ગુણ, પર્યાયના જેને વિશ્વાસ હોય એને આ વિશ્વાસ આવી શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહો..! અચેતન પદાર્થ-અરૂપી પદાર્થ-જડ પદાર્થ એમાં પણ જ્યારે એક ધારાવાહી પર્યાય છે તો એવો પૂર્ણ પર્યાયનો એક ધારાવાહી આત્મામાં પર્યાય ન હોય તો એનું દ્રવ્ય પૂરું થતું નથી. અને જો એને ઉત્પાદ-વ્યયમાં એકધારા હોય તો એમ બની શકે નહિ. સંસાર, સાધક અને સિદ્ધ એ ત્રણ પ્રકાર સાબિત થઈ શકે નહિ. એટલે વ્યવહાર, જેને વેદાંત ભ્રમ કહે છે એ ભ્રમ નથી પણ છે ખરું, પણ વિવિધતાની પર્યાય ધરનારા વિકાર, સાધક અને ... એવી દશાનો વ્યવહાર એક વિષય આત્મામાં અનાદિ-અનંત છે. અનાદિ-અનંત છે, ભલે ભંગ પડે ત્રણ. સમજાણું? એ ભંગ છેને? પણ એક અનાદિ-અનંત ... એવી પર્યાય પણ અનાદિ-અનંત વહે છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય ત્રિકાળ, એના ત્રિકાળી ગુણો અને એની સાથે તન્મય પર્યાય એની અંતરદૃષ્ટિ આપતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

અહીં તો હવે એકદમ કાર્યપર્યાયની વાત કરશે. સ્વભાવની વાત લેવી છેને પૂર્ણ. મોક્ષમાર્ગની વાત, મોક્ષમાર્ગ આવી ગયો કે આવો જે સ્વભાવ છે એને અંતરમાં એકાકાર થઈ અને શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરે છે એને મોક્ષમાર્ગ થાય છે. મોક્ષમાર્ગ થાય એને પછી આવી કાર્યદશા પ્રગટ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત. વીતરાગના કહેલા તત્ત્વો... શ્રીમદ્ કહ્યું છેને, હે પ્રભુ! તારા કહેલા તત્ત્વો વિના મારો મોક્ષ નથી. શ્રીમદ્ કહ્યું છેને? કેટલામો પાઠ આવે છે?

**શ્રોતા :—** ક્ષમાપના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો ખરો, પાઠ કેટલામો? ક્ષમાપનાની તો ખબર છેને. પાઠ કેટલામો? આવ્યું. નીકળ્યો. ૫૬. ત્યાં આવે છે, હોં! ઘણા શબ્દો છે. 'જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છે તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.' આ સોળ વર્ષ અને ચાર મહિને લખાયેલું છે. 'તમે નિરાગી નિર્વિકારી સચ્ચિદાનંદસ્વરૂપ સહજાનંદી અનંતજ્ઞાની અનંતદર્શી ત્રૈલોક્ય પ્રકાશક છો. હું મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.' સમજાય છે? 'હે સર્વજ્ઞ ભગવાન! તમને હું શું વિશેષ કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું. ૐ શાંતિ શાંતિ શાંતિ.' કર્યું છે. પછી આગળ ... છેને.

'હે ભગવાન હું ભૂલી ગયો. મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહિ.' જુઓ, સોળ વર્ષે પૂર્વના સંસ્કાર.. સાત વર્ષે જાતિસ્મરણ હતું. સાત વર્ષે પૂર્વના ભવનું જ્ઞાન હતું.

સોળ વર્ષે આ લખવામાં આવ્યું. આ મોક્ષમાળા ૧૦૮ પાઠ લખ્યા. માળાને ૧૦૮ મણકા હોય એટલે ૧૦૮ પાઠ લખીને 'મોક્ષમાળા' નામ આપ્યું. એમાં આ પાઠ ૫૬મો લખ્યો છે. સમજાણું કાંઈ? 'પ્રભુ! તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહિ.' તમારા કહેલા. અજ્ઞાનીઓએ કહ્યા, બ્રહ્મચર્યા પાળ્યા એ નહિ. 'તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહિ' હજી તો હોં! આહા..! તમારી કહેવાની દયા જુદી જાતની, તમારી શાંતિ, ક્ષમા જુદી જાતની કહેવી છે. ગુલાબભાઈ! આ જુઓ ૫૬મો પાઠ હોં!

'હે ભગવાન! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડ્યો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત, કર્મરજથી કરીને મલિન છું. તમારા કહેલા તત્ત્વ વિના...' 'હે પરમાત્મા! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.' એ તત્ત્વનો.. જુઓને! એટલો તો ભણકાર સોળ વર્ષે લેતા આવ્યા છે. સોળ વર્ષની ઉંમર એટલે શરીરથી તો બાળક કહેવાય. શરીરની અપેક્ષાએ. પણ સંસ્કાર પૂર્વભવના.. સમજાણું? કહે છે, 'તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું..' એટલી ઈ તો પછી એક વાત. અહીં તો 'તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી' એ કહેવું છે. સમજ્યા? એટલી વાત.

આ તત્ત્વની વાત ચાલે છે. તત્ત્વાર્થ '**भणिदा**' છેને, ૯મી ગાથામાં. ભગવાને છ દ્રવ્યો અને તત્ત્વાર્થો સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથી કેવળજ્ઞાનીએ જાણ્યા અને કહ્યા છે એની વાત છે. એ તો ... 'તમારા કહેલા તત્ત્વોને જાણ્યા વિના મારી મુક્તિ ત્રણકાળમાં છે નહિ.' અજ્ઞાનીઓએ કહેલા, પોતાની કલ્પનાથી માનેલા આમ છે ને તેમ છે એ બધા ખોટા અને ગપ મારેલા છે. સમજાણું કાંઈ? એ કારણશુદ્ધપર્યાય પણ ભગવાને કહેલા તત્ત્વાર્થમાં તત્ત્વ છે. હવે કાર્યશુદ્ધપર્યાયની વાત આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ-૧૪, રવિવાર, તા. ૨૦-૦૩-૧૯૬૬, ગાથા-૧૫, પ્રવચન નં. ૨૬

નિયમસાર. ૧૫મી ગાથા. જીવ અધિકાર. પર્યાયનો અધિકાર. વિકારી પર્યાયનો અધિકાર આવી ગયો છે. કારણશુદ્ધપર્યાય. આ આત્મા એક સમયમાં અંતઃતત્ત્વરૂપ પરમસ્વરૂપ, એક સમયમાં પરમાનંદ પૂર્ણ સ્વભાવ અભેદ એકલો જ્ઞાયકસ્વભાવ એની અંતરમાં એકાગ્રતા કરવી અને જે શ્રદ્ધા પ્રગટે તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં અનંતગુણરૂપ એકસ્વરૂપ (છે). એવા એકસ્વરૂપ ઉપર અભેદદષ્ટિ કરવી એનું નામ નિશ્ચય વસ્તુ

છે તેવી સત્યદૃષ્ટિ, નિશ્ચયસમ્યગ્દર્શન એને કહે છે. અને સાથમાં એ અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ અંતઃ અને બહિર ભેદો બધા, સંવર, નિર્જરા, મોક્ષ આ જેટલા ભેદો વર્ણવ્યા એ બધાય, એ ભેદની અને અંતઃતત્ત્વ અને આ બેની શ્રદ્ધા ભેગી કરવી એને વ્યવહારસમ્યગ્દર્શન કહે છે. સમજાણું નહિ? આ તો અધિકાર આવે છેને.

આત્મા દેહ, વાણી નહિ, પુણ્ય-પાપ નહિ, એક સમયની અવસ્થા નહિ અને ગુણી એક સમયનો અનંતગુણનો ધરનાર, એક સમયમાં અનંતગુણનો ધરનાર એવો આધાર-આધેય પણ નહિ. એવું એનું એકરૂપ સ્વરૂપ એની એકાકારની દૃષ્ટિ, એકમાં દૃષ્ટિ જતાં એકના ધ્યેયે જે પ્રગટ દશા થાય શ્રદ્ધા, તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. એ મોક્ષનો માર્ગ અને શુદ્ધતાના પ્રગટ દશાની પહેલી અવસ્થા. પણ એ આત્મા પરમતત્ત્વસ્વરૂપ અને બીજા તત્ત્વો, એના જ પર્યાયના સંવર, નિર્જરા, મોક્ષ, બંધ, બીજા અજીવ, બીજી જીવો, એના ગુણભેદ, એની પર્યાયો એવું એક તત્ત્વ સાથે બીજા તત્ત્વની બેની સાથે શ્રદ્ધા કરવી, ભેદ પડ્યો ઈ, એને વ્યવહારસમકિત કહે છે. એ આવી ગયું છે પહેલું. સમજાણું? એમ કહ્યુંને. આમાં આવી ગયું છે. પહેલાં આવ્યું છે કે નહિ? અંતઃતત્ત્વરૂપ પરમાત્મ ... વ્યવહારસમ્યગ્દર્શનમાં. બતાવવું પડશેને. ગાથા ૫મી. તમે કહ્યું? ચીમનભાઈએ કહ્યું? ચીમનભાઈ ધ્યાન રાખે છે હવે. '**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે...**' એવી શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. છે? પાંચમી ગાથા. ઝીણું છે ભઈ આ તત્ત્વ જરી. એક આત્મા આવો અને આ બે, એમ બે ભેગા માનવા એકલા અભેદને છોડીને.. અમરચંદભાઈ! એકરૂપ ભગવાન આત્મા જેનું પરમ સત્ત્વ દળ એકલું ચૈતન્યદળ જ્ઞાયકભાવનું એની અંતર દૃષ્ટિ તે સમ્યક્ નિશ્ચયસમ્યક્ છે. એ નિશ્ચયસત્યનો સ્વીકાર અંતર ભાનથી કર્યો. એ ધર્મની પહેલી દશા છે. પણ આ અંતઃતત્ત્વ અને આ બહિઃતત્ત્વ બે ભેગા લઈને શ્રદ્ધા કરવી એ વ્યવહાર થઈ ગયો. બે થયાને બે. સમજાણું કાંઈ?

વ્યવહારસમ્યગ્દર્શન એટલે શુભવિકલ્પ, શુભરાગ. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! એ નિજઘર કોઈ દિ' આવ્યો નહિ. હમણાં ગાયું હતુંને ઓલાએ? ક્યાં ગયો? તમને આવડે છે કે નહિ? પરઘરમાં ઘણા વીત્યા અનંતકાળ, કબહૂ ન નિજઘર આયે. ભજન છે ભજન. નિજઘર. ભગવાન વસ્તુ છેને, આત્મા પદાર્થ છે કે કંઈ અવસ્તુ છે? અરૂપી છતાં સ્વરૂપ છે એનું. અરૂપી એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? પણ સ્વરૂપ છે એ અરૂપી છતાં મહાન સ્વરૂપ છે ઈ. જેના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાઈ જાય એવો તો જેનો પર્યાયધર્મ છે. એવો અરૂપીસ્વરૂપી ભગવાન એમાં તો એવી એવી અનંતી પર્યાયના થોક અને સંગ્રહ કરીને પડ્યો એવો ગુણ, એવા અનંતા ગુણનું એકરૂપ ચૈતન્ય અભેદ. દૃષ્ટિને બહારથી સમેટીને અંતરના એકાકાર સ્વભાવસન્મુખની દૃષ્ટિ કરવી એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, ધર્મની પ્રથમ દશા મોક્ષમાર્ગની શરૂઆત ત્યાંથી થાય છે. એને અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ બે ભેગા કરીને શ્રદ્ધે,

ભેગા એટલે ઓલા અભેદનું લક્ષ ન લીધું પછી, આ એક તત્ત્વ છે અને આ એક તત્ત્વ છે, એમ. સમજાણું કાંઈ? બે અનેક તત્ત્વ લક્ષમાં રહીને શ્રદ્ધા કરવી એનું નામ વ્યવહારસમ્યગ્દર્શન શુભરાગ છે.

અંતરના સ્વભાવનું સમ્યગ્દર્શન કરવું એ અરાગી શુદ્ધ શાંતિ અને આનંદદાયક પર્યાય છે. વ્યાખ્યા પણ કોઈ દિ' સાંભળી નહિ, પર્યાય શું? આહા..હા..! અવસ્થા. સમજાણું કાંઈ? અહીંયા આ બધું ચાલે છે એની વ્યાખ્યા વળી મગજમાં આવી અત્યારે. આ બધું છે એ અભેદસ્વરૂપની દૃષ્ટિમાં નિશ્ચય. એમાં આ બધા ભેદોને જેમ છે તેમ શ્રદ્ધવા એનું નામ વ્યવહારસમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં અહીંયા પર્યાયની વ્યાખ્યા, સ્વભાવપર્યાય બે પ્રકારની એની વ્યાખ્યા ચાલે છે.

આત્મામાં સ્વભાવપર્યાય એના બે પ્રકાર—એક કારણશુદ્ધપર્યાય, એક કાર્યશુદ્ધપર્યાય. સમજાણું કાંઈ? એ કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા કાલે ગઈ. વસ્તુ અંતરમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર એ સ્વરૂપ અનંતચતુષ્ટયસ્વરૂપ એની પરિણતિરૂપ એકસાથે, ભાષા તો સાથે કીધી છે, એની જે પરિણતિ એક સમયની દશા ભેગી એને શુદ્ધ કારણપર્યાય કહેવામાં આવે છે. એ કારણપર્યાયની દૃષ્ટિ એકલી પર્યાયની જુદી કરવાની નથી. દ્રવ્ય અને ગુણ અને આ કારણપર્યાય બધું એક થઈને દ્રવ્યદૃષ્ટિનું લક્ષ કરવા જેવું છે. નવરંગભાઈ! કદાચિત્ કોઈના ખ્યાલમાં એ વાત ન પણ હોય, ભાઈ! નવરંગભાઈએ રાતે પ્રશ્ન કર્યો હતોને. .... આવવું જોઈએ કે નહિ? એને આ આત્મા એક સમયમાં અનંતગુણરાશિનું એકરૂપ એવી એકતામાં અંતરદૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય. એને શુદ્ધ કારણપર્યાયનો ખ્યાલેય ન હોય. સમજાય છે કાંઈ? પણ વિશેષ સમજણ કરવાના કાળમાં આવા પડખાં એના ખ્યાલમાં, શ્રદ્ધામાં લેવા જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જેમ એના દ્રવ્યરૂપે વસ્તુરૂપે એક ધારાવાહી છે, એમ એના જ્ઞાનાદિ અનંતગુણો પણ ધ્રુવરૂપે ધારાવાહી છે, એમ એની એક અવસ્થા ધ્રુવરૂપ પર્યાય ધારાવાહી ગણી છે એક. ત્રણનું એકરૂપ થઈને તત્ત્વ છે એની અંતરદૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. વાત કોઈ દિ' સાંભળે નહિ, વિચાર ન મળે. એને આમ એવું લાગે, આ તે ... નિજઘર કબહૂ ન જોયા. નિજઘરમાં કોઈ દિ' (આવ્યો નહિ). બહાર બહાર ઘૂમી ભટક્યો બહારચલો. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને દયા ને દાન ને ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ ને ધૂડ ને ધાણી. એ બધી બહારચલી વૃત્તિઓ છે. એમાં કાંઈ આત્માને લાભ જરીયે નથી.

ભગવાન આત્મા જેની ખાણમાં પરમાત્મા અનંતા પડ્યા છે. પોતે પરમાત્મા થાય છેને સિદ્ધ પૂર્ણ દશા, તો એવી દશાઓ તો અનંતી જેની ખાણમાં પડી છે, અંદરમાં પડી છે. અંદરમાં ન હોય તો આવે ક્યાંથી બહાર? એવો ભગવાન આત્મા એના ધીરજના કાળમાં.. ધીરજના કાળ એટલે? આમ ભેદની આકુળતાનો પણ જ્યાં વિકલ્પ નથી, આ શું છે? એમ

અંતર વળવાનો જે ધીરજ ભાવ છે, ધીરો ભાવ છે, શાંત ભાવ છે એવા અંતર્મુખમાં સ્વભાવની પૂર્ણતાની ભેદ વિનાની શ્રદ્ધા થવી એવો અભેદ શ્રદ્ધાનો ભાવ તેને સાચું સમકિત અને આનંદદાયક, શાંતિદાયક તે દશા છે. સમજાય છે? એવી કારણપર્યાય સહિતના દ્રવ્યની દૃષ્ટિ કરતાં અભેદદૃષ્ટિ થાય તે સમ્યક્.

હવે એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય પ્રગટ જે થઈ એનું પૂર્ણ ફળ કેવળજ્ઞાન કાર્યપર્યાય છે. સમજાણું કાંઈ? પણ એ મોક્ષમાર્ગ અને મોક્ષ એવા ભેદની શ્રદ્ધા તો વ્યવહારસમકિત છે. બહિઃતત્ત્વમાં એને અહીંયા ગણવામાં આવ્યું છે, ભાઈ! આહા..હા..! સાત તત્ત્વની શ્રદ્ધામાં એક .. એક વસ્તુ આ છે, એ સિવાયના આ સંવર ને આ નિર્જરા ને આ મોક્ષ ને આ મોક્ષનો માર્ગ બધો વિકલ્પ ઉઠવાના ભેદ છે એથી એને બહિઃતત્ત્વ કહેવામાં આવ્યું છે. એ આત્માના ભાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નામ સ્વરૂપની શુદ્ધ શ્રદ્ધા, સ્વરૂપનું સ્વસંવેદન જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન અને એ જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાયકમાં લીનતા, લીનતા, રમણતા, એકાગ્રતા, ચરવું, આનંદની શાંતિનું ચરવું, ભોગવવું એ ચારિત્ર. એના ફળરૂપે કાર્ય પ્રગટ થાય કેવળજ્ઞાનાદિ એને અહીં કાર્યપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ,

અહો..! ચૈતન્યબાદશાહ એમાં કેટલા ગુણોનો ઉકેલ પડ્યો છે? એના ગુણોમાંથી શું શું પ્રગટ થાય છે? એવી એને શ્રદ્ધાની ખબર ન હોય તો તો પ્રગટ આ થાય નહિ. પણ જેને અંતરમાં સ્વભાવનો વિશ્વાસ.. વિશ્વાસ.. વિશ્વાસ (આવ્યો), ઓહો..! આ વીતરાગી સ્વભાવવાળું તત્ત્વ અપાર શાંતિ અને આનંદથી ભરેલું એક તત્ત્વ એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી રમતા એને પૂર્ણ દશા જે પ્રગટ થાય એને મોક્ષદશા કહે છે, એને શુદ્ધ કાર્યપર્યાય કહે છે, કાર્યશુદ્ધપર્યાય કહે છે. આરે..! આ તે ભાષા બધી એવી. ચોપડામાં આવે નહિ, ચોપડી લખે એમાં આવે નહિ. કેમ ગુલાબભાઈ! ઘરમાં બાયડી, છોકરા વાતું કરે એમાં આવે નહિ. આહા..હા..! સમજાણું? અને સર્વજ્ઞના તત્ત્વ વિના બીજો વાતું કરવા જાય તો આ વાત ત્યાં હોય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞ કાર્યપર્યાય પ્રગટ કરી ત્યારે આત્મા પર્યાયે પૂર્ણ થયો. દ્રવ્ય ગુણે તો પૂર્ણ હતો અને છે. દ્રવ્ય ગુણે વસ્તુએ અને ગુણે એટલે શક્તિએ, સ્વભાવે, સત્ત્વે, તત્ત્વે, ભાવે એ તો પૂર્ણ છે પણ એની દશામાં, હાલતમાં જે સંસાર વિકારી પર્યાય છે એનો વ્યય કરીને પૂર્ણ વિકાસ જ્યાં કેવળજ્ઞાનાદિ દશાનો થયો એ કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. એ કેવું છે કાર્યશુદ્ધપર્યાયનું સ્વરૂપ?

**'સાદિ-અનંત,...'** જે કાર્ય પ્રગટ્યું છે (એની) સાદિ થઈ છે, આદિ થઈ છે. સ-આદિ, આદિ સહિત. આત્મા જે વસ્તુ છે એ આદિ નથી, એ તો અનાદિની છે. એમાં જ્ઞાન, આનંદ શક્તિ જે સત્ત્વ છે જડેલાં (તે એના સ્વભાવ છે). આત્મા પદાર્થ છે, વીટીમાં

સોનું જડે એમ નહિ હોં! સોનામાં જેમ પીળાશ જડેલી છે, સોનામાં પીળાશ, ચીકાશ, વજન જડેલું એટલે કાયમ એમને એમ છે. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સત્ જે કાયમ છે એની સાથે જ્ઞાન અને આનંદ પણ કાયમ છે. એવા અનંત ગુણો કાયમ છે. એને કાર્ય ન કહેવાય. એને તો કારણમાં અહીં ગણ્યા છે. એમાંથી પ્રગટેલી દશા એને કાર્યશુદ્ધપર્યાય કહે છે. એ અનંતકાળમાં પ્રગટી નહોતી. સમજાણું કાંઈ? જ્યારે પ્રગટી આત્માનો અંતર અનુભવ કરતાં કરતાં, ભગવાન આત્મા સર્વજ્ઞશક્તિનું તત્ત્વ તો અનાદિ-અનંત પણ સર્વજ્ઞપર્યાય જે પ્રગટ થઈ અંતરમાંથી, જેમ પીપરમાં ચોસઠ પહોરી શક્તિ તો પીપર અને ચોસઠ પહોરી શક્તિ તો એકરૂપ જ કાયમ છે. પણ પ્રગટી જ્યારે ઘસીને બહાર આવી ત્યારે આદિ થઈ એની. પહેલી એની દશામાં, અવસ્થામાં ચોસઠ પહોરી તીખાશ નહોતી. પહેલી તો જરી આમ બહારથી દેખાય થોડી તીખાશ. અંદરમાં લીલો રંગ અને તીખાશ પૂરી ભરેલી પીપરમાં સાથે, ઘસીને બહાર આવી જ્યારે બે પહોર, ચાર પહોર, પચ્ચીશ પહોર, ત્રેસઠ પહોર, ચોસઠ પહોર ત્યારે એની શરૂઆત થઈ ગઈ. પ્રગટ થઈ એની શુરૂઆત છે. પીપર સમજાય છે કે નહિ? પીપરનો દાણો. પછી એ ચોસઠ પહોરી પ્રગટી ઈ એમને એમ સાદિ રહેશે. જેટલો કાળ એના ઘરમાં રહેશે એમને એમ રહેશે.

એમ ભગવાન આત્મા શક્તિમાં જે સર્વજ્ઞપદ પૂર્ણ આનંદ, અસ્તિત્વ, સ્વચ્છતા, વિભુતા વગેરે શક્તિઓ એ વસ્તુ અને વસ્તુની શક્તિઓ અનાદિ-અનંત પણ એમાં અંતરમાં એકાગ્ર થઈને જે પ્રથમ મોક્ષનો માર્ગ પ્રગટ કર્યો એ સાદિ થયો, માર્ગ સાદિ થયો પણ જ્યારે પૂર્ણ કાર્યદશા પ્રગટ થઈ ત્યારે એ સાદિનો સાંત અંત આવી ગયો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ એ શક્તિ અને શક્તિવાન અનાદિ-અનંત એની દશામાં વિકાર, પુણ્ય પાપ, કામ, ક્રોધ (થાય છે તે) વિકાર અનાદિનો નવો નવો કરે અને જૂનો જાય, એમ કરીને જોઈએ તો એ સંસાર અનાદિસાંત થઈ ગયો. ક્યારે? કે જ્યારે પૂર્ણ દશા પ્રગટ થઈ ત્યારે. પહેલાં અનાદિ સંસારની વિકૃત દશા છે એને, સ્વભાવમાં અનાદિ-અનંત વસ્તુ છે એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય ત્યારે, સંસાર મારા દ્રવ્યમાં-ગુણમાં નથી, એવી પ્રતીતમાં સંસાર વયો ગયો. પ્રતીતમાં સંસારનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં હજી થોડો રાગ બાકી છે અને સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ધર્મદશા પણ પ્રગટી છે. સમજાય છે કાંઈ? એ પ્રતીતની અપેક્ષાએ સંસારનો અંત આવી ગયો ત્યાં. અસ્થિરતાની હજી બાકી છે એ જ્યારે પૂર્ણ શુદ્ધતા કાર્ય પ્રગટ કરશે ત્યારે અસ્થિરતાનો અંત આવી જશે. એ અપેક્ષાએ સંસાર જે છે અનાદિસાંત, અનાદિની દશા વિકારી છે એનો અંત લાવ્યો, મોક્ષમાર્ગ પર્યાય પ્રગટ કરી એ સાદિ થઈ દશા, એ દશા કંઈ નિર્મળ અનાદિની નહોતી. સમજાણું કાંઈ? એ થઈ, થઈને જ્યાં પૂર્ણ કેવળજ્ઞાન કાર્ય પ્રગટ થયું ત્યારે મોક્ષમાર્ગની દશા જે શરૂ કરી હતી એની પૂર્ણતા ત્યાં પૂરી થઈ ગઈ. ત્યાં

કાર્ય પ્રગટ્યું પૂર્ણ કૈવલ્ય, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પરમેશ્વર પર્યાયે પૂરો થયો. સમજાણું કાંઈ? દ્રવ્ય અને શક્તિએ પરમેશ્વર જે પૂરો હતો એ પર્યાયમાં પૂરો થયો. એ પર્યાયને અહીં કાર્યશુદ્ધપર્યાય કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ નહિ. પછી પૂરી થઈ ગઈને. પછી ક્યાં રહ્યું? ચોસઠ પહોરી પીપર થઈ ગઈ પછી ... માખણના ઘી થયા એ ઘી માખણ થાય? માખણને અગ્નિ આપતા આપતા આપતા.. પાકું થાય ત્યાં સુધી જરી કાચું વચ્ચે હોય, પૂરું થઈ ગયું પછી થાય નહિ.

આ તો કાર્યશુદ્ધપર્યાય વર્ણવવી છેને. કાર્ય શું હશે એ માટે આ વર્ણવ્યું. વળી ક્યુ કાર્ય હશે? ભાઈ! દરેક પર્યાય કાર્ય છે. દરેક પર્યાય, વિકારી પર્યાય પણ કાર્ય છે. પર્યાય છેને. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિર્વિકારી પર્યાય પણ કાર્ય છે. પણ આ પૂર્ણ કાર્ય શુદ્ધપર્યાય છે તેને અહીંયા મોક્ષદશાની કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ '**સાદિ-અનંત,...**' છે. આત્મામાં મોક્ષદશા શક્તિરૂપે તો અનાદિ-અનંત છે. શક્તિરૂપ મોક્ષ અનાદિ-અનંત છે. પ્રગટરૂપ દશા અંતરના અનુભવથી જ્યાં થઈ પૂર્ણ, એ શરૂઆત થઈ ગઈ. એ પૂર્ણ કાર્ય શરૂ થઈ ગયું. હવે રહેશે અનંતકાળ. બીજ જે બળ્યું અને બળીને જે રાખ થઈ ઈ રાખ હવે ફરીને બીજપણે નહિ આવે, એમને એમ રહેશે. એમ ભગવાન આત્મામાં જે રાગ-દ્વેષ અને અજ્ઞાનનું બીજડું, અસ્થિરતા હતી એ પૂર્ણ વ્યય થઈ ગયો. પૂર્ણ ઉત્પાદ જ્ઞાન, દર્શન, આનંદનો પૂર્ણ થઈ ગયો. અટકતું જ્ઞાન ... એટલે જ્ઞાન થઈ ગયું પૂરું. પૂરું જ્ઞાન પર્યાયમાં આવ્યું તેને કાર્યશુદ્ધજ્ઞાન કહેવામાં આવે છે, એને કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, પ્રવીણભાઈ! પ્રવીણભાઈ કહેતા હતા, બહુ માથાકૂટ કરી અત્યાર સુધી. મેં કીધું, પણ સરવાળો જેનો સારો એનો સારો. કેમ હિંમતભાઈ? એણે કીધું પાછું હોં! શું કરે? ભાઈ! આ માર્ગ એવો છે, બિચારા ભટક્યા ભટક ચારે કોર કરે. અહીંથી મળી જશે, અહીંથી મળી જશે, અહીંથી મળી જશે. દયા કરશું, દાન કરશું, ભક્તિ કરશું, ધ્યાન કરશું. પણ ધ્યાન શેનું પણ? શું ચીજ છે? એ ચીજમાં શું શક્તિઓ છે? એ શક્તિની વ્યક્તતા પ્રગટતા કેમ થાય છે? પ્રગટતા થાય તે કેટલો કાળ કેવી રીતે રહે છે? એવી ચીજને જાણ્યા વિના એ ધ્યાન કોનું કરે? આંધળા ધ્યાન કરે અને આંખ્યું વીંચીને બેસે એમાં શું ડાળિયા થાય?

**શ્રોતા :—** ડાળિયા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ડાળિયા એટલે લાભ થાય ઈ. તમારા વાણિયાને શું કહે છે? શક્કરવાર થયો કાંઈ? એમ કહે છેને? કાંઈ પૈસા મળ્યા? એમ કહે છે તમારે વાણિયા. વેપાર ધંધામાં કહે છે કે નહિ? ડાળિયા થયા કે નહિ? શક્કરવાર થયો કે નહિ? એમ બોલે. પૈસા

મળ્યા કે નહિ? એમ આત્માને કાંઈ પૈસા, લક્ષ્મી, શાંતિ મળી કે નહિ? એને ડાળિયા કહે છે.

ચણામાં જે સ્વાદ પ્રગટ થાય છે તે સ્વાદ ચણામાં પડ્યો છે. ચણો છેને ચણો કાચો, ડાળિયા થાય છે કે નહિ પાકા, ... મીઠા? એની જે મીઠાશની દશા છે એ આવી ક્યાંથી? અગ્નિએ આપી છે? અગ્નિ આપે તો કોલસાને શેકી નાખે, એમાંથી મીઠાશ આવે. ક્યાંથી આવશે? ... શેકેને. ચણામાં મીઠાશ પડી છે શક્તિએ, સત્ત્વે, સત્ત્વે, સ્વભાવે, ગુણે, તત્ત્વે. એને જ્યાં વર્તમાન ... તુરાશ બળી જતાં જે પ્રગટ દશા થાય ત્યારે નવો સ્વાદ આવે છે, એ અંદરમાં છે ઈ બહાર આવ્યો છે. અને એ પાકો ચણો હવે વાવો તો ઊગશે નહિ. મીઠાશ આપશે અને ઊગશે નહિ. અને કાતરો છે ઈ મીઠાશ નહિ આપે, તુરાશ આપશે અને જ્યાં જ્યાં વાવો ત્યાં ઊગશે. બરાબર છે? ગુલાબભાઈ!

એમ ભગવાન આત્મા આનંદ તો એના સ્વરૂપમાં પડ્યો જ છે સ્વાદ, પણ વર્તમાન દશામાં અજ્ઞાનીને રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ મારા, એમાં તુરો સ્વાદ, મેલો સ્વાદ, આકુળતાનો સ્વાદ, દુઃખરૂપ સ્વાદ એને આવે છે. અને એ સ્વાદને લઈને નવા નવા અવતાર ધારણ કરે છે. કાચો ચણો ઊગે જ જાય છે. પણ એકવાર એને અગ્નિથી બાળતા જે સ્વાદ ... આવ્યો, વાવ્યો ઊગશે નહિ, સ્વાદ જશે નહિ. સમજાણું કાંઈ? એ કાર્યરૂપે સ્વાદ પ્રગટ્યો અંદર. કારણરૂપે તો અંદર હતો. એ ... એની દશારૂપે, કાર્યરૂપે, અવસ્થારૂપે પ્રગટ થયો. એમ ભગવાન આત્મા.. આવું કારણમાં પડ્યું છે એને વિશ્વાસ આવતો નથી. આવડો મોટો હું? આવો ધોયેલ મૂળા જેવો? એક જણા કહતા હતા. ભગવાન વકીલ હતા. બધા કાંઈ વકીલો સરખા હોય છે? આવી વ્યાખ્યા કરો છો તમે? (સંવત) ૧૯૯૯ની સાલમાં. આવી તમે (વ્યાખ્યા કરો છો તો) ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? ભગવાનજી વકીલ હતા. રામજીભાઈના ભાઈબંધ કહેવાયને. એ બધા વકીલો વકીલો. ના, એ નહિ. આપણા ભગવાનજી અનોપચંદ. ઈ ભવાનજી, તમે ઓળખો છો. કચ્છી. તમે ઓળખો ત્યાં. પોરબંદરમાં દેવીદાસભાઈ. આ તો ભગવાનજી વકીલ. ભગવાનજી અનોપચંદ, રાજકોટના. ગુજરી ગયા. આવી વ્યાખ્યા, આવો આત્મા.. ધોયેલ મૂળ જેવો ગયો ક્યાં? પણ ક્યાંય ગયો નથી. પણ તેં કોઈ દિ' જોયો છે કે દિ'? જોવાની નજરું કરી છે કે' દિ' કે ગયો ક્યાં? આમને આમ દોડ્યો છે અનાદિથી. વસ્તુ એક કોર, એની દશાને આમ જોડી દીધી છે આમ. દશા એની, જ્ઞાનની હાલત એની, જોડી દીધી આમ બહારમાં પુણ્ય ને પાપ ને ભક્તિ ને આ ને આ ને... ખાધું ને લીધું ને દીધું.. જોડી દીધી ત્યાં. હવે કહે છે, ધોયેલા મૂળા જેવો ગયો ક્યાં? ગયો છે... એની પાસે જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'પ્રભુ તારી પાસે રે, હરિ નથી વેગળા.' સમજાય છે? તું જ પોતે છો, ભાઈ! નરસિંહ મહેતામાં પણ એવું આવે છે હોં! '... આવ્યો તને અંક આ' આડો અંક (એટલે) આ રાગ હું ને પુણ્ય હું ને વિકલ્પ હું ને વિકાર હું, શરીર હું, વાણી હું, આ હું—એવો અહંકાર આવતા

ભગવાન અંદર પોતે બિરાજે છે ચૈતન્યમૂર્તિ આત્મા પોતે શુદ્ધ છે એની એને ખબર નથી. પણ ખબરું કરીને કાર્ય જે થયા એ કાર્યનો કાળ સાદિઅનંત છે, કહે છે. એ દશા એ પ્રગટી એ પ્રગટી, હવે પાછી ફરે નહિ. સમજાણું કાંઈ?

**'સાદિ-અનંત, અમૂર્ત,...'** એ કાર્ય પરમાત્મદશા આત્મામાંથી પ્રગટ થાય તે અમૂર્ત છે. એ પોતે વસ્તુ અમૂર્ત છેને. વસ્તુ અમૂર્ત, ગુણ અમૂર્ત, એવી એની પૂર્ણ દશા પણ અમૂર્ત. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ એને નથી. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની દશા. પોતે રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પદાર્થ અરૂપી સ્વરૂપ છે. એટલે એના અંતરમાં ધ્યાન કરીને જે દશા પ્રગટી તે અમૂર્ત પૂર્ણાનંદ કાર્યદશા કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ પ્રગટ થયા એને કાર્યશુદ્ધપર્યાય કહે છે. **'અતીન્દ્રિય સ્વભાવવાળા...'** પાછી એ પર્યાય કેવી છે? કે અતીન્દ્રિય સ્વભાવવાળી. એ અતીન્દ્રિય સ્વભાવ છે. જેમ વસ્તુ ત્રિકાળ અતીન્દ્રિય સ્વભાવ છે એમ એનો કેવળજ્ઞાનાદિ પર્યાય અતીન્દ્રિય સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ઓલો નથી કહેતો? લખ્યું નહોતું કન્નડમાં? આ જાતિસ્મરણ છે એ તો અતીન્દ્રિયજ્ઞાન કહેવાય. એણે લખ્યું હતું. (પુનર્જન્મની) શ્રદ્ધા નથી એમ લખ્યું હતું એમાં. એણે બે .. એના ઘરે. હિમંતભાઈને ત્યાં. બે કલાક. વકીલ .. પૂછે, હોં! બેયને જુદાં. એને બેસાડે જુદાં, સુશીલાબેનને જુદાં. બેયને .... નક્કી કરે છેને ઓલી છોડીનું. છાપામાં આવ્યું ત્યારે ખબર પડી. એને શ્રદ્ધા નથી પુનર્જન્મની. છાપામાં આવ્યું હતું. પણ એ નક્કી કરવા માંગે છે હવે. એક સંસ્થા છે ... અહીં તો મને આવ્યું તો મેં કીધું કે રાજુલની વાત સાચી છે. 'હિંમતલાલ શાહ' એમ બોલ્યા. અહીંથી આહાર કરવા જતો હતોને દસ વાગે ત્યાં ગાડી આવી. હિંમતલાલ. હિંમતલાલ કોણ? ઝોબાળિયા પણ છે હિંમતલાલ. પછી કાંઈક બોલ્યો, રાજુલ. ... ધર્મચંદભાઈ હતાને ત્યારે. ધર્મચંદભાઈ હતા, કીધું, જાઓ લઈ જાઓ એને. જપ્તી લીધી બધી. ... એમ કે ... બોલો છો કે નહિ? એ જપ્તી... અરે..! આ તો પ્રત્યક્ષ વાત છે, બાપા! અને જે અંદર ખ્યાલ આવે ઈ ઈન્દ્રિયથી ખ્યાલ આવે છે? પૂર્વભવમાં આમ થયું. સમજાય છે? બોલી ત્યારે એમ બોલી હતી, અઢી વર્ષે બોલી હતી કે હું ગીતા છું. અઢી વર્ષ હોં! ન્યાં અઢી વર્ષે ગુજરી ગઈ. હું ગીતા છું. ક્યાંથી આવ્યું ઈ? કાને સાંભળ્યું કાંઈ? ઈન્દ્રિયથી સાંભળ્યું છે? હું જૂનાગઢથી આવી છું. આ તો એક સાધારણ વાત છે. સમજાય છે કાંઈ?

આત્માનું જે જ્ઞાન અતીન્દ્રિય છે. એનું કાર્ય અતીન્દ્રિય છે. સમજાણું કાંઈ? ઓલું જે જ્ઞાન છે એ તો વીંખાઈ જાય, એમાં કાંઈ આત્મા-બાત્માને લાભ નથી કાંઈ. ભવનું જ્ઞાન થાય એ કંઈ આત્માને સમ્યગ્દર્શન થાય કે સમ્યક્જ્ઞાન થાય એમ કંઈ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ તો પરજાતનું જ્ઞાન થયું, સ્વજાતનું નહિ. જાતિસ્મરણ એટલે પરજાતિનો ખ્યાલ. સ્વજાતિનું સ્મરણ ન આવ્યું. શુદ્ધ ચિદાનંદ આનંદકંદ આત્મા છું એવું અંતરથી ... નિર્મળ પરિણતિ.. આ આત્મા, એ અતીન્દ્રિય છે. એ ખરું અતીન્દ્રિય છે. પણ ઓલાને

તો એમ થાયને, ભાઈ! આમ ઇન્દ્રિયથી કાંઈ ... આ ભવમાં કાંઈ ખ્યાલ આવ્યો નથી આ વાતનો. ... આ પરભાવનો લાગે છે. ઇન્દ્રિયથી સાંભળ્યું ન હોય. છતાં એને જ્યારે અતીન્દ્રિય કહેવા મથે છે જગત તો આત્માનું જે અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતા એ તો અતીન્દ્રિય પર્યાય, સ્વભાવપર્યાય છે અને એના ફળરૂપે કેવળજ્ઞાન પ્રગટ થાય એ તો અતીન્દ્રિય કાર્ય પૂર્ણ સ્વભાવપર્યાય છે. સમજાણું કાંઈ?

એ '**અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...**' કેમકે ત્રિકાળી વસ્તુ નહિને. એટલે વર્તમાન પર્યાય શુદ્ધ છે અને સદ્ભૂત છે, હયાતીવાળી છે. પણ પર્યાયનો અંશ છે. ત્રિકાળનો ભાગ નથી અથવા સાદિઅનંત પ્રગટ્યું છે, એ અનાદિ-અનંત નથી માટે વ્યવહાર. સમજાણું કાંઈ? શુદ્ધ સદ્ભૂત, શુદ્ધ નામ પર્યાય પ્રગટી તે શુદ્ધ છે, સદ્ભૂત નામ હયાતીવાળી છે અને વ્યવહાર નામ અંશ છે. ત્રિકાળી વસ્તુ નહિ. ત્રિકાળી વસ્તુને નિશ્ચય કહીએ અને જ્યાં ભેદ પડ્યો પર્યાય પ્રગટ્યો એટલો સાદિઅનંત એટલે ભંગ પડી ગયો એટલે વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ? આવા શબ્દો...

શુદ્ધસદ્ભૂતવ્યવહાર. ભગવાન આત્મા જ્યારે શુદ્ધ પર્યાયે પરિણમ્યો એ શુદ્ધ છે, સદ્ભૂત છે. પોતાની પર્યાયમાં હયાતી ધરાવે છે ઈ અને વ્યવહાર છે એટલે ત્રિકાળરૂપ નથી, ભેદરૂપ છે, સાદિઅનંતરૂપ છે માટે વ્યવહાર. એક ભાગરૂપ છે, એક ભાગરૂપ છે. સર્વ ભાગરૂપ નથી માટે વ્યવહાર. સમજાણું કે નહિ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્યારે ધર્મધ્યાન.. આહા..હા..!

આ તો એક એક શબ્દો વાચક છે. એના વાચ્ય શું છે એના ખ્યાલમાં આવવું જોઈએને. સમજાય છે? 'સાકર' એક શબ્દ વાચક છે, પણ વાચક સાકર પદાર્થને બતાવે છે એવું વાચ્ય ખ્યાલમાં આવવું જોઈએને? એમ સાદિ (એટલે) પ્રગટ થયેલી નવી. અનંતકાળ રહેશે માટે અનંત. અમૂર્ત અરૂપી છે માટે. અતીન્દ્રિય (એટલે) ઇન્દ્રિયના સ્વભાવથી જણાય એવો નથી. એ પોતે જ અતીન્દ્રિય સ્વભાવ છે. શુદ્ધ-પવિત્ર છે, સદ્ભૂત-હયાતી ધરાવે છે, વ્યવહાર-એક ભાગરૂપ છે. ત્રિકાળ દ્રવ્યરૂપ નથી માટે એક ભાગરૂપ છે. ગુલાબભાઈ! અહીં તો બધું સાહિત્ય બીજી જાતનું છે આ. કાલે બોલ્યા હતા, કારણપર્યાય... કૂટસ્થ છે? મેં કીધું, હા. એમ બોલ્યા હતા. કંઈક ખ્યાલમાં તો આવવું જોઈએને કે આ શું કહે છે? અને શું છે આ? સમજાણું કાંઈ?

એવું '**કેવળજ્ઞાન...**' લ્યો, આ બધા વિશેષણો આના આવ્યા. '**સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન...**' કેવળજ્ઞાન એકલી જ્ઞાનદશા પૂર્ણ થઈ ગઈ. ત્રણકાળ, ત્રણલોક અને પોતાનું બધું જાણે, એક સમયમાં જણાય એવી આત્માની પૂરી જ્ઞાનની દશા એને કેવળજ્ઞાન, એકલું જ્ઞાન, એકલું જ્ઞાન અધૂરું ન રહ્યું

હવે. કાંઈક ઓછું અને ઉઘડેલું, ઓછું અને ઉઘડેલું એમ નહિ. પૂર્ણ એકલું ઉઘડી ગયેલું. પૂર્ણ દશા વિકાસ થઈ ગઈ. સોનું જેમ સોળવલું જેમ સો ટચનું પૂર્ણ પ્રગટ્યું પથરાથી જુદું પડીને. સોનું હોય છેને પથરા ભેગું. ભગવાન આત્મા રાગ અને પુણ્યની એકતા હતી એ તોડીને સ્વભાવની એકતા દ્વારા એ પૂર્ણ દશા કાર્ય પ્રગટ થયો એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. એને '**કેવળદર્શન...**' એ બધી કાર્યશુદ્ધપર્યાય છે. એ આવા ગુણ સાથે રહેલી એકરૂપ પરિણતિ તેને કાર્યશુદ્ધપર્યાય કહે છે.

'**કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ,...**' એકલું સુખ અને '**કેવળશક્તિ...**' એટલે વીર્ય. વીર્ય એકલું બળ. કેવળજ્ઞાન-એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલું સુખ, એકલું વીર્ય. પૂર્ણ બળ પ્રગટ્યું. જેવું અંતરમાં હતું (એવું પ્રગટ્યું). ઓલામાં પણ ચાર બોલ લીધા હતા. સમજાણું કાંઈ? એમાં ચારિત્ર લીધું છે. એમાં ચારિત્ર લીધું હતું, એમાં વીર્ય સમાઈ ગયું. એ તો આમાં ચાર બતાવવું છે કે નહિ? એટલે ... '**કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિ...**' એ ચારિત્ર સુખમાં આવે છે. દરેકમાં વીર્ય તો હોય જ છે. દરેક ગુણની પર્યાયના પરિણતિ કાળમાં વીર્ય વિના કોઈ પર્યાય હોય જ નહિ. અશુદ્ધપર્યાય થાય તોપણ વીર્યથી થાય, મોક્ષમાર્ગ થાય તો વીર્યથી થાય, પૂર્ણતા થાય તોપણ પૂર્ણ વીર્યની રચનાથી તે કામ થાય. સમજાણું કાંઈ? એ '**યુક્ત...**' શું? ફળરૂપ છે આ. ઓલું જે કારણશુદ્ધપર્યાય એ તો ત્રિકાળી છે. આ તો ફળ આવ્યું છે. ફળ, ફળ આવ્યું. બીજ રોપ્યું હતુંને, એના થયા ઝાડ અને એના થયા ફળ.

એમ ભગવાન આત્મા વસ્તુએ મહાબીજડું અનંતગુણના ફળને પાકવાનું બીજ છે ચૈતન્ય. એમાં અંતરદષ્ટિ, જ્ઞાન અને રમણતા થતાં એનું ફળ આવ્યું હવે. એવું ફળરૂપ. કાર્ય છેને? '**અનંતચતુષ્ટયની સાથેની...**' એ અનંતચતુષ્ટય જે ચાર કીધા એની સાથે એકરૂપ લેવી. આ કાંઈ જુદી ચીજ નથી. એ તો ચાર ગુણનું પરિણમનનું એકરૂપ '**અનંતચતુષ્ટયની સાથેની (-અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી)...**' એકરૂપે થયેલી '**જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...**' એ પરમ ઉત્કૃષ્ટ. છેલ્લામાં છેલ્લી ઉત્કૃષ્ટ દશા એવી ક્ષાયિકભાવ. ઓલી પારિણામિકભાવની પર્યાય હતી. ત્રિકાળી શુદ્ધ કારણપર્યાય પારિણામિકભાવની હતી. સાથે લખ્યું હતુંને નીચે. સમજાણું? નીચે જુઓ. 'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.' સમજાણું કાંઈ? કાલે વંચાઈ ગયું હતું ઓલાની સાથે. આ ભાષા.. એવું લાગે કે આ શું હશે? એના ઘરની ચીજનું માહાત્મ્ય અને ઘરના અંદર ભંડારમાં કેટલું ભર્યું છે એની ખબર નથી.

કહ્યું હતુંને એક ફેરી? દેવીદાસભાઈનો દાખલો આપ્યો હતો. દેવીદાસભાઈ કહેતા હશે. એક ઘરમાં પૈસાવાળો બહુ હશે. પણ ખલાસ થઈ ગયેલું. પણ આમ જોતા જોતા પટારામાં સાત હજારનો મોતીનો હાર નીકળ્યો, મોતીનો હાર નીકળ્યો. દેવીદાસભાઈ કહેતા. નીકળ્યો

તો ઓલા ખુશી ખુશી થઈ ગયા. ઘર ઘસાઈ ગયું. પહેલાનું પડ્યું હશે, આમ હેઠે ગોદડાની હેઠે પડ્યો હશે. ... બહાર કાઢ્યો. કો'કને ઝવેરીને હાથમાં ગયો, સાત હજાર આપો છો? આપણે સાધારણ... બીજા ... તેર હજારે આપવો છે? ઓલા પાસેથી. સાત હજારમાં આપી દીધો. બીજો કહે, વીસ હજારે આપવા છે? ... સાંઈઠ હજારે દેવો છે? આ દેવીદાસભાઈ વાત કરતાં. ગુલાબભાઈ! તે દિ' હોં! ૮૭ની સાલમાં. પણ એની કિંમત હોય એને ખબર પડે કે નહિ? કરતાં આવડે એને ખબર પડે, આંધળાને શું કરે? ... બકરીને કાને... જૂનો થઈ ગયેલો. ઓલો હાર એમને એમ પડેલો માથે. આમ જ્યાં જોયું તો ઓહો..! આ મોતી કોઈ જુદી જાતના છે. આમાં પાણી, એના તેજ, આની કાંતિ કોઈ જુદી જાતની છે. ગમે ત્યારે આ લીધો હોય, પણ છે કિંમતી. સાંઈઠ હજાર થયા. આને બિચારાને સાત હજાર આવ્યા. જેને ઘરે હતો એને સાત આવ્યા. કિંમત ન મળે. એમ આ ઘરમાં ચિદાનંદ ભગવાન પડ્યો છે પણ એને કિંમત ન મળે. પડ્યો છે, દટાઈ ગયો અંદરમાં. પુણ્ય ને પાપ મારા, શરીર મારા, એની માન્યતામાં ડાબલીનું અંદર રતન દબાઈ ગયું છે. કહો, સમજાણું કાંઈ?

એમ જ્યાં કોઈ.. આપણે તો સાવકાર હતા અને તે દિ'ની કોઈ ચીજ હોય તો હોય. સમજાય છે? આ આત્મા સાવકાર. ભગવાન અનંતઆનંદનો કંદ, અનંત ચૈતન્યરત્નાકર. અનંત ચૈતન્યના એક એક રત્ન એવો રત્નાકર, ચૈતન્ય રત્નનો આકર—દરિયો છે આખો. એની નજર કરતાં એની કિંમત થાય છે. ઓહો..! આ તો પરમાત્મા જે કહેવાય છે ઈ હું પોતે પરમાત્મા મારો છું. એની દશા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટતાં એને જે આ પૂર્ણ પ્રગટ થાય એની સાથે '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...**' ક્ષાયિકભાવ એ પર્યાય છે. પર્યાય છે કે નહિ? ક્ષાયિકભાવ છે. ક્ષય થઈ ગયો છે, વિકારનો એક અંશ ન રહ્યો. તદ્દન નિર્મળ ક્ષાયિકભાવ. ઉદય વિકાર છે તે ઉદયભાવ છે. થોડો રહે અને ઉદયમાં ન હોય એને ઉપશમભાવ કહેવાય. કંઈક વિકાસ અને કંઈક વિઘન એને ક્ષયોપશમભાવ કહેવાય. બિલકુલ વિઘન નહિ અને પૂર્ણ વિકાસ તેને ક્ષાયિકભાવ કહેવાય છે. સમજાણું કાંઈ? એવા ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિ પર્યાય '**તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' લ્યો. એને કાર્યશુદ્ધપર્યાય કહેવાય. ભગવાન પરમાત્માની અનંતચતુષ્ટયની એકરૂપ પરિણતિ તેને કાર્યશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધ પરિણતિ, પરિણતિ. શુદ્ધ પરિણમે, પરિણમી ગયેલી દશા કાર્યશુદ્ધપર્યાય છે. નીચે આપ્યું છેને? 'સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત...' જે ત્રિકાળ 'કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે...' કાલે કીધી ઈ. 'અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.' એ કાર્યશુદ્ધપર્યાયનો એક ભાગ કીધો. એક ભાગ.

સ્વભાવપર્યાયના બે ભાગ કીધા હતાને? એમાં એક કારણસ્વભાવપર્યાય એક કાર્યસ્વભાવપર્યાય.

એ કાર્યસ્વભાવનો એક કીધો. બીજો એક ભાગ એમાંથી... પહેલાં આવી ગયું છે ષટ્ગુણહાનિવૃદ્ધિનું. સમજાણું? આવ્યું છે કે નહિ? ક્યાં? પહેલાંમાં આવ્યું છે. સ્વભાવ છ દ્રવ્યને સાધારણ. ૧૪મી ગાથા. અર્થપર્યાય છે. વાણી, મનને અગોચર છે, અતિસૂક્ષ્મ છે. આગમ પ્રમાણે સ્વીકારાય એવું છે.

'**પૂર્વસૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી,...**' વર્તમાન પર્યાય છેને. '**સૂક્ષ્મ ઋજુસૂત્રનયના...**' વર્તમાન પર્યાયથી '**છ દ્રવ્યોને સાધારણ...**' ફેર પાડ્યો. ઓલો સાદિઅનંત છેને. ભાઈ! આ એક સમયની જુદી પાડે છે. જુદી પાડે છે. ઓલી જુદી છે, આ એક જ સમયનો જે દ્રવ્યનો પર્યાય શુદ્ધ છે અંદર, પણ એ સૂક્ષ્મ છે હોં! '**પૂર્વસૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના...**' વર્તમાન પર્યાયમાં દરેક દ્રવ્યમાં, એમાં આત્માની અત્યારે વાત છે. વર્તમાન ષટ્ગુણહાનિવૃદ્ધિનો એક પર્યાય છે, એ આગમગમ્ય છે. '**છ દ્રવ્યોને સાધારણ...**' છે. એ છએ દ્રવ્યમાં એકરૂપે છે. એકરૂપે એટલે આની પર્યાય ન્યાં છે એમ નહિ. પણ છએ દ્રવ્યમાં એ પર્યાયો પોતાથી ત્યાં રહેલી છે. એકમાં છે અને એકમાં નથી એમ નથી. કારણ કે સાધરણ કહેવામાં (આવે છે). સાધારણ એટલે આની પર્યાય વહેંચાઈ ગઈ અને એની પર્યાય અહીં આવી ગઈ એમ નથી.

'**અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો...**' સૂક્ષ્મ, બહુ ઝીણા '**એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા (અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે).**' લ્યો. '**(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.**' આ શુદ્ધપર્યાયના ભેદ ટૂંકામાં કહ્યા એમ કહે છે. વિસ્તારનો ભાગ સર્વજ્ઞસ્વભાવથી જોયેલું તત્ત્વ...

'**હવે, વ્યંજનપર્યાય કહેવામાં આવે છે :**' વ્યંજનપર્યાય એટલે? આત્માના અસંખ્યપ્રદેશ વસ્તુ છે એની આકૃતિનો પર્યાય જે આમ પ્રગટ વિકારી દેખાય તેને અહીંયા વિભાવવ્યંજન પ્રગટ પર્યાય કહેવામાં આવે છે. શરીર, વાણી, મનનું અહીં કામ નથી. ભગવાન આત્મા અસંખ્યપ્રદેશ છે વસ્તુ, એના આખા અસંખ્ય પ્રદેશમાં વિભાવી આકૃતિની પર્યાયને અહીંયા વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. પ્રગટ આમ બહાર પ્રગટ છે. '**જેનાથી વ્યક્ત થાય— પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે.**' જુઓ, પ્રગટ થાય, વ્યંજન થાય. પ્રગટ થાય. વ્યંજનનો અર્થ એ છે. વ્યંજિત થવું, પ્રગટ થવું. '**શા કારણે? પટાદિની (વસ્ત્ર વગેરેની) માફક..**' પટ આદિની (માફક) '**ચક્ષુગોચર હોવાથી (પ્રગટ થાય છે);...**' એ જ્ઞાનગમ્ય પણ ખ્યાલમાં આવે છે કે શરીર પ્રમાણે આત્માની વિકૃતિ આકાર છે. એક કળશામાં પાણી છે પાણી. કાશીઘાટનો કળશ હોયને? પાણીનો. તો કળશાનો આકાર જુદો છે અને અંદર પાણીનો આકાર જુદો છે. ભલે પાણીનો અને એનો આકાર બેય આમ સરખા હોય. પણ પાણીનો આકાર કળશા પ્રમાણે પાણીનો આકાર છેને અંદર? આવું કાશીના ઘાટનું હોયને? એ પ્રમાણે પાણી. પાણીનો આકાર અંદર છે ઈ કળશાથી ભિન્ન છે. એમ આ શરીર કળશા ઘાટે દેખાય છે

અત્યારે જુઓ, છે કે નહિ? એમાં ભગવાન જળ-ચૈતન્યરૂપ એનો અસંખ્ય પ્રદેશનો આકાર પણ આ શરીર પ્રમાણે પ્રગટ છે એમ કહે છે ભાઈ અહીં તો. આહા..હા..! પ્રગટ છેને ઈ. પ્રગટ છે, આમ બાહ્ય છેને. આવો આકાર છે એ પ્રગટ છે એમ કહે છે. **'વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે.'** કેમકે ચક્ષુગોચર હોવાથી પ્રગટ થાય પટાદિની માફક. આ પટ છેને વસ્ત્ર. આમ એનો આકાર દેખાય છેને. આવો આવો આકાર છે બાહ્ય. જુઓ, આવો આકાર છે. આકાર એવો હોં એનો બહાર પટનો. એ આકારને વ્યંજનપર્યાય કહેવામાં આવે છે.

**'અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી,...'** આ શરીરાદિ છેને. શરીર છેને શરીર. એ સાદિ એટલે આવ્યું છે નવું, એનો અંત આવી જશે આનો. આત્મા સાથે કાંઈ કાયમ નહિ રહે આ. આના દેહનો આકાર સાદિ નવો આવ્યો આવો. માતાના પેટમાં ભગવાન જુદો અને આ શરીરનો આકાર જુદો માટીનો. સાદિ અને અંત આવી જશે. મૂર્ત છે આ. **'વિજાતીયવિભાવસ્વભાવવાળો...'** આત્માની જાતથી આ વિજાત છે. ચૈતન્યજાત જુદી અને આ વિજાતિય જાત જડની જુદી. વિજાતીયવિભાવસ્વભાવ, આ વિભાવસ્વભાવ છે. ઘણા સ્કંધના પિંડનો પરમાણુનો આકાર છે. એકલો રજકણનો આકાર હોય એ સ્વભાવવ્યંજનપર્યાય છે. આ વિભાવવ્યંજનપર્યાય છે, વિભાવસ્વભાવ હોવાથી **'દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).'** આકાર શરીરનો પણ આમ થાયને ઉત્પન્ન થઈ જાય અને નાશ થઈને પલટી જાય છેને. એને પણ અહીંયા વ્યંજનપર્યાય જડની કહેવામાં આવે છે. કારણ કે એની સાથે આમ છેને પોતામાં અંદર. ... પર્યાય છે ખરોને. એટલે આની સાથે ભેળવી દીધો. પોતાનો આકાર ભિન્ન છે અને જુદો. ભલે એવડા શરીર પ્રમાણે પણ આકાર તો પોતાનો ભિન્ન છેને. આનો આકાર ભિન્ન છે. ચૈતન્ય આખું. જુઓ, જેની આંગળી જાડી હોય તો એના પ્રમાણમાં એના આત્માના પ્રદેશો અરૂપી પણ એવા આકાર પ્રમાણે પરિણમ્યા છે કે નહિ? પાતળા આંગળા હોય છે. પ્રદેશો આમ અરૂપી શરીરથી ભિન્ન છે. પણ જે આ દળ છે આનું એવો સાદિસાંત આ બધા આકાર છે. એ રીતે આનો પર્યાય પરિણમ્યો છે. બધા નાશ થઈ જાય પાછા. જીવતા પણ એમને એમ શરીર મોટું લઠ હોય અને ક્ષય રોગ થઈ જાય, ચકલાના ટેંટા જેવું (થઈ જાય). હા, અમે તો ઘણા જોયા હોયને. આમ.

વઢવાણમાં નહોતો ઓલો? લાલચંદ ગાંધી, .. દીકરો. ... દીકરો ઓલું ક્યું કહેવાય? આપણે દીક્ષા થઈ ઈ, નારણભાઈની. લાલંચદ.. ત્યાં એ મેડીએ સૂતો હતો, ૯૦માં ૯૦માં. છેલ્લો બિચારો. દોઢ વર્ષનું પરણેતર, દોઢ વર્ષ. એમાં ક્ષય થયો. ... એને કંઈક ધર્મ સંભળાવો. ... રહેવું શી રીતે? મહારાજને સાંભળો. ... શી રીતે? સમજાય છે? આહા..હા..! રાડ નાખી જાય. .... જુઓ, પ્રત્યક્ષ સ્થૂળ અને એનો નાશ થાય છે. ભગવાન આત્માનો આકાર પણ

વ્યંજનપર્યાય શરીર પ્રમાણે થાય એનો નાશ થાય છે. જુદો હોં! આનો જુદો અને એનો જુદો. આહા..હા..! આ બધું વસ્તુનું સ્વરૂપ છે એવું એણે બરાબર શ્રદ્ધામાં લેવું જોઈએ. એમ કહેવા માંગે છે. જૈન પરમેશ્વર સિવાય આ વાત એવી ક્યાંય બીજે હોઈ શકે નહિ. અને એ વસ્તુનું અસ્તિત્વનું આવું સ્વરૂપ છે એ રીતે એણે વ્યવહારશ્રદ્ધામાં બરાબર માનવું અને જાણવું જોઈએ. એ માટે આ વાત કરી છે. નિશ્ચય તો પોતાની દૃષ્ટિનો વિષય છે. વ્યવહારમાં આ બધા પ્રકારો જેવા છે એવા ... એ રીતે, આડાઅવળા કોઈ એમ કહે કે આત્મા વ્યાપક છે, આત્મા ફલાણો છે, ઢીકણો છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. માટે આ બધું વર્ણવવામાં આવ્યું છે. વિશેષ બીજી વાત કરશે....

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ફાગણ વદ ૦)), સોમવાર, તા. ૨૧-૦૩-૧૯૬૬,**
**ગાથા-૧૫, શ્લોક-૨૭, પ્રવચન નં. ૨૭**

નિયમસાર, જીવ અધિકાર. એની ૧૫મી ગાથા. આ છેલ્લો અધિકાર છે. કારણપર્યાય, કાર્યપર્યાય, વ્યંજનપર્યાય એની વ્યાખ્યા આવી ગઈ. અજાણ્યો આવે તો ... થઈ જાય, વાત સાચી. આ શું કહે છે? કારણપર્યાય, કાર્યપર્યાય, વ્યંજનપર્યાય. કોઈ દિ' (શબ્દો સાંભળ્યા ન હોય). અહીં તો વ્યંજનપર્યાય કેમ ઉત્પન્ન થાય છે અજ્ઞાનભાવે એ વ્યાખ્યા થાય છે. સમજાણું? આકૃતિ આ વિકારી. જીવની દશા શરીરથી રહિત પણ એને વિકાર અને વિભાવની વ્યંજનપર્યાય ચાર ગતિનો કેમ થાય છે અજ્ઞાનભાવે એની વ્યાખ્યા છે.

ઓલી તો હતી કે આત્મામાં શુદ્ધ કારણપર્યાય (અર્થાત્) શુદ્ધ સ્વભાવ છે એવો એક કારણપર્યાય છે એના દ્રવ્યના આશ્રયે આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન પામીને મુક્તિને પ્રાપ્ત કરે છે. મુક્તિ તે કાર્યપર્યાય છે, મુક્તિ તે શુદ્ધ કાર્યપર્યાય છે અથવા કારણપર્યાયમાં ઓલા અગુરુલઘુની ષટ્‌ગુણીની નાખી. હવે અહીં જુઓ, એની ભાષા પણ સમજાય નહિ કોઈની, સાહિત્યકાર હોય કે ગમે ઈ હોય. જુઓ,

'પર્યાયી...' શબ્દ છે જુઓ, છે? પાનું કેટલામું? ૩૯. '**પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' લ્યો, હવે આ શબ્દ બધા જુઓ, એટલે શું હવે? કે આ પર્યાયી આત્મા છે. આત્મા વસ્તુ છે એ પર્યાય વર્તમાન અવસ્થા એટલો નથી, આખો આત્મા છે. સમજાણું કાંઈ? એક સેકંડના અસંખ્યભાગમાં પર્યાયી આત્મા એટલે એક સમયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંતગુણનો પિંડ એવો જે આત્મા એના જ્ઞાન વિના.

એનું જેને જ્ઞાન નથી, વસ્તુ એક સમયમાં શુદ્ધ સ્વભાવ ચિદ્‌ઘન આનંદકંદ ધ્રુવ સ્વભાવ એવો પર્યાયી જે આત્મા એના ભાન વિના, એનું જેને અંતર જ્ઞાન નથી તે **'પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** તે વર્તમાન પર્યાયને જ માનનારો હોય છે. એક સમયની અવસ્થાને જ માનનારો છે. ત્રિકાળ દ્રવ્ય એક સમયમાં અખંડ પૂર્ણસ્વરૂપ છે એને એ માનતો, જાણતો નથી. ફાવાભાઈ! ક્યાં ગયું ધ્યાન? બીજે વયું ગયું હતું ધ્યાન, જુઓ એકાગ્ર થઈ ગયું હતું. તરત એકાગ્ર થઈ જાય ભઈ એનું તો, ખબરેય પડે બીજાને. એકાકાર થઈ જાય બીજે વિચારોમાં અંદર. કોણ જાણે શું હશે આ સંસાર? એકાકાર આમ. આ વાત ગઈ માથેથી, વયુ ગયું શું કીધું ઈ. અહીં કહેવાય છે કે નહિ?

આ આત્મા જે છે, દેહમાં જુદું તત્ત્વ, કે જે તત્ત્વમાં અનંતશાંતિ આદિ ગુણોનો પિંડ આત્મા છે. વસ્તુ છે કે નહિ? એવો આખો આત્મા એકસ્વભાવે વસ્તુ છે એનું જેને અંતરમાં જ્ઞાન ને શ્રદ્ધા ને ભાન નથી, તે પર્યાય આત્માના જ્ઞાન વિના **'આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** એટલે એ એક સમયની દશાને માનનારો હોય છે. કહો, સમજાણું આમાં? આ વર્તમાન રાગ થાય, દ્વેષ થાય, જ્ઞાનનો ઉઘાડ જરી અંશ છે, બસ એ આત્મા. એટલો આત્મા. એમ અજ્ઞાની અનાદિથી માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** પર્યાયસ્વભાવવાળો એટલે પર્યાયમાત્ર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાયમાત્ર. સમજાણું કાંઈ?

વસ્તુ આખી એક સેકંડના અસંખ્યભાગમાં અનંતગુણની રાશિ આત્મા. વસ્તુ અખંડ એક. એની અંતરમાં જેની શ્રદ્ધા અને જ્ઞાનનો અભાવ છે અનાદિથી, તેથી તે જીવ વર્તમાન પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાન અને એને જાણનારું જ્ઞાન વર્તમાન વિકાસનો અંશ એટલો તે હું છું એમ તે માને છે. પણ એટલા અંશની પાછળ અનંતગુણનો પિંડ છું એમ દ્રવ્યનું જ્ઞાન ને ભાન જેને નથી તે કર્મ બાંધીને ચાર ગતિના વ્યંજનપર્યાયને ઉત્પન્ન કરે છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કહો, હવે સમજાય છે? આ તો સમજાય એવું છે.

ચાર ગતિમાં અનંતકાળથી રઝળે છે, રખડે છે, દુઃખી થાય છે અને ચાર ગતિના શરીરમાં આવીને પોતાનો વિભાવિક આકારની પર્યાયને ઉત્પન્ન કરે છે એ મિથ્યાદૃષ્ટિપણે ઉત્પન્ન કરે છે એમ અહીં સિદ્ધ કરવું છે. જ્ઞાની આત્મા એક સમયમાં પવિત્ર અનંતગુણનું ધામ એમ અંતરદૃષ્ટિ સમ્યગ્દર્શન, જ્ઞાન થયે એને નવા બંધન થતાં નથી. બંધન થતાં નથી તેથી તેને ગતિના વ્યંજનપર્યાયની આકૃતિનું મળવું હોતું નથી. એમ થોડું ... થાય તો ખબર પડેને એને. હોતું નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** એને ત્રિકાળી વસ્તુ અખંડ જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ એવું જેને ભાન નથી, તે આત્મા વર્તમાનના અંશને, પછી શરીરને માને એ તો પર ગયું, અહીં તો પોતાના અંશને જ માને છે એટલો

અહીં તો સ્વીકાર કરવો છે. એટલો જ લીધો છે. આમ વસ્તુ છે આખી એને આ વર્તમાન જે દેખાયને અંશ પ્રગટરૂપે, જ્ઞાનનો ઉઘાડ, દર્શનોપયોગનો ઉઘાડ, વીર્યનું જરી સ્ફુરણ-ઉઘાડ, રાગ ને દ્વેષ, દયા ને દાન આદિ અવસ્થાઓ, બસ! એ અવસ્થાવાળો હું છું. એ અવસ્થાવાળો હું છું. હું અનંતગુણવાળો એકરૂપ છું એમ એનું ભાન નથી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બહારની વાત જ નથી અહીં. શું કરવી છે? એ તો બહુ સ્થૂળ ગઈ ગઈ. ઠીક! એ તો ...

'આ શરીરવાળો છું ને પૈસાવાળો છું' એ તો ધૂડ ક્યાંય ગઈ. એ વાળો તો તું છો પણ નહિ. આ તો એના અસ્તિત્વમાં અંશ છે, એના અસ્તિત્વમાં વિકાસનો અને મોજૂદગી અંશ રાગ દ્વેષ આદિનો છે એને આત્મા આખો માને છે તે મૂઢ છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ... દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું દેખાય છે? દેખાય છે, કોણ દેખે છે? દેખે છે, કોની મોજૂદગીમાં દેખે છે? દેખાય છે ઈ કોની મોજૂદગીમાં દેખાય છે? ચૈતન્યની મોજૂદગીની હયાતીમાં દેખાય છે. હવે ચૈતન્યની હયાતીમાં જે દેખાય એનો વર્તમાન અંશ જે ઉઘાડ છે એમાં આ.. આ.. આ.. એમ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ એક સમયમાં અનંતગુણનો પિંડલો, અનંતગુણનો ગાંસડો છે. સમજાણું કાંઈ? જેમ ઊંચા ક્રોડો ક્રોડોનું મણિરત્ન હોય અને મોટો ગાંઠડો બાંધ્યો હોય પણ ઈ ભેગા ન થાય અને આ બધા ગુણો એકઠા છે. સમજાણું કાંઈ? લાલ મણિ ઊંચા આવે છે કે નહિ? નહોતા ગયા? હીરા તે હીરા જ ભર્યા હોય. નહોતો કહેતા શેઠિયા? એના મામાને ન્યાં દસ કરોડ રૂપિયા છેને. ક્યુ? સરદારશહેર. પૈસા ભર્યા (હોય). જ્યાં ઊભા રહો ત્યાં પટારામાં એકલા મણિ જ ભર્યા હોય, એકલું સોનું જ ભર્યું હોય, એકલા હીરા જ ભર્યા હોય. કારણ કે ઈ બહાર ધંધો-બંધો કરે નહિ અને કોઈને આપે નહિ. દસ કરોડ કહેવાય તે દિ'ના. દસ કરોડ કે દિ'ના, અત્યારે તો ઈ પૈસા બહાર વાપરે તો વીસ કરોડ થાય કે નહિ એનો મેળ જ નહિ, એમ કહેતા હતા, દીપચંદ શેઠિયા.

**શ્રોતા :—** ખાણમાં પડ્યા હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના. ઘરે. ખાણમાં શું પડ્યા રહે. આ ઠીક છે. પટારાના પટારા. ઘણા પૈસા, દસ કરોડ. ... કાંઈ નહિ. ઈ કહેતાને. કો'ક ઠેકાણે જ્યાં ખોલે ત્યાં સોનાના લાટાના લાટા પડ્યા હોય. ઘરમાં પટારા હોય, ... હશે, ગમે તે. સુખ ધૂડમાંય નથી ત્યાં, હેરાન છે દુઃખી. આહા..હા..! સમજાણું? દુઃખી.. દુઃખી.. દુઃખી.

અહીં તો કહે છે કે એની વાત તો અમે કહેતા નથી. પોતામાં એક અંશ ત્રિકાળી અખંડ જ્ઞાયકસ્વભાવ અનંતગુણનો પિંડ અને એક અંશ વર્તમાન પ્રગટ અવસ્થામાં રાગ-દ્વેષવાળો અને

એને જાણવાવાળો અંશ. બસ, એ બેમાં આખા ચૈતન્યના દ્રવ્યને ન જાણતો, એની વર્તમાન પ્રગટ એક અંશની અલ્પતાને આત્મા જાણતો એ ચાર ગતિમાં ભવમાં ઉત્પન્ન થાય એના કર્મ ઊપાર્જે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'તેથી...' જુઓને, કીધુંને? 'તેથી...' **'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** ભગવાન પર્યાયવાળો એ અનંતગુણવાળો છે, પૂર્ણાનંદ છે, સ્વસ્વામી ચૈતન્યનો નાથ છે, સહજાનંદમૂર્તિ છે, જેની ખાણમાં અનંતા અનંતા પરમાત્મા જેના પેટમાં-આત્મામાં શક્તિરૂપે પડ્યા છે. સમજાણું? પરમાત્મા એટલે આ સિદ્ધ થાયને સિદ્ધ, પોતે સિદ્ધ થાય છેને જ્યારે, તો સિદ્ધ થાય તે એક દશા છે, પરમાત્મા થાય તે એક દશા છે. એ દશા પછી બીજી દશા, ત્રીજી દશા એમ નવી નવી અનંતી થયા કરે છે. આનંદ પણ નવો નવો અનંતો થયા કરે, પૂર્ણ થયા પછી પણ. એ બધા આનંદ અને બધી પર્યાયના પિંડરૂપે ભગવાન આખો છે. એવડો આત્મા ઈ ક્યાં નજર (કરવી)? એણે કોઈ દિ' સાંભળ્યું ન હોય. આવડો આત્મા હું, રત્નની કિંમત કરવા જાય કે ભારે ભાઈ આ! બહુ મણિ ઊંચું, બહુ ફલાણું, ઢીકણું... ચમત્કાર જગતના સાંભળે લ્યો. જાદુગર ને જુઓ, કેટલા જોવા જાય. ખોટેખોટા ડિંગડિંગ હોય બધું.

આ ચમત્કાર આત્માનો, એક સેકંડના અસંખ્યભાગમાં જ્યાં એકલા જ્ઞાનનો ઉકેલ કેવળ કરે, જેમાંથી ઉકેલ થાય અને અંદરથી પ્રગટ થાય, અનંતા કેવળજ્ઞાનો પ્રગટે, અનંતા આનંદ પ્રગટે, અનંતી શાંતિ પ્રગટે, અનંતું બળ પ્રગટે, અનંતી સ્વચ્છતા, એક સમયની પરમેશ્વરતા એવી અનંતી પરમેશ્વરતા જેમાંથી પ્રગટે. આહા..હા..! કાલે દાખલો નહોતો આપ્યો પીપરનો? આ ચોસઠ પહોરી. થઈને? ચોસઠ થઈ એ થઈ પછી એમને એમ રહે છેને? ચોસઠ, ચોસઠ, ચોસઠ, ચોસઠ. એ અંદરમાંથી આવે છે અંદરમાંથી. સમજાણું કાંઈ? કાંઈ તત્ત્વનું શું સ્વરૂપ છે, એના અજાણવાળો પર્યાયસ્વભાવવાળો. એને તો, હું એક આ, આટલું ઉઘડેલું જ્ઞાન તે હું, બસ. ... જ્ઞાન ઉઘડ્યું તે હું, શાસ્ત્રના જ્ઞાન ઉઘડ્યા જે પર્યાયમાં તેટલો હું, વીર્ય કાંઈક વિકાસનું થોડું પોતાની પર્યાયમાં વીર્ય હોં! ઈ પરમાં કામ ન કરે, શરીર, વાણીમાં કામ ન કરે. એની દશામાં ઉઘડેલું વીર્ય જે જ્ઞાનાદિનો પર્યાય સાથે, એટલો હું. કારણ કે એની દૃષ્ટિ અનાદિથી ઇન્દ્રિય તરફના લક્ષવાળી છે. એ વર્તમાન ઉઘડેલા દશાનો ભાવ આમ પર તરફના લક્ષવાળો છે. અંતરમાં ચિદાનંદ સત્તામાં મહા પરમાત્મા પોતે, ચૈતન્ય મહાપ્રભુ પોતે છે. આહા..હા..! એની એના ખબર વિના એ પર્યાયસ્વભાવવાળો હોય છે. એમ બે અસ્તિ-નાસ્તિ કરી.

ભગવાન અનંત અનંત શાંતિ અને આનંદ આદિ અનંતગુણનો દરિયો એમાં એકરૂપના ભાન વિના અવસ્થાના અંશમાં જેનો પર્યાયધર્મ થઈ પડ્યો છે એટલો જ હું છું. અહીં તો બહુ ઓલી વાત કરી નાખી. બાયડીવાળો છું ને છોકરાવાળો છું ને કર્મવાળો એ કાઢી નાખ્યું. એઈ..! શું કાઢી નાખ્યા? કારણ? એનામાં નથી. એમ ન ચાલે. એનામાં નથી એ ચીજ

અને આ તો એનામાં છે. સમજાણું કાંઈ? એ.. વસંતીલાલજી!

જુઓ, આ સુખડનું લાકડું છે આ. તમારા મુંબઈમાં નથી આવતા? ઓલો ચીની લોકો વેંચે છે. એ બધું ન્યાંથી લાવ્યા છે આ. કોણ લાવ્યા? હરગોવિંદભાઈ લાવ્યા હતા? કો'ક લાવ્યું હતું. હરગોવિંદભાઈ. હવે આનો ઉપલો ભાગ છે જેટલો પ્રગટ એને પર્યાય કહીએ. અને એનું અંતર સત્ત્વ આખું કાયમ રહેનારું તેને દ્રવ્ય કહીએ. ગુણનો પિંડ આખો એને દ્રવ્ય કહીએ. હવે આખું સત્ જે છે એમાંથી જુઓને આ સુગંધ ચાલી જ આવે છેને. સુગંધ.. સુગંધ.. સુગંધ.. એ પર્યાયમાં સુગંધ.. સુગંધ.. સુગંધ.. .... એ અવસ્થા છે. પણ એવી અવસ્થાઓ ચાલી આવે એ બધાનો પિંડ અંદર આખો છે, એક અવસ્થા પૂરતો નથી. સમજાણું કાંઈ?

સોનું છેને, સોનાનું દળ આવડું, પિંડ. એની વર્તમાન દશામાં જરી કુંડળની, કડાંની, વીંટીની અવસ્થા છે એ તો એક સમયની અવસ્થા છે. એ સિવાય એવી બધી ઘણી અવસ્થાઓ થાય એવો આખો પિંડ એમાં છે. એમાંથી ચાલી જ આવે નવી અવસ્થા, નવી અવસ્થા, નવી અવસ્થા, જૂની જાય, નવી આવે એવો આખો અનંત અવસ્થાનો પિંડ સોનું છે. એ અવસ્થાનો ધરનાર અવસ્થાયી. અહીં પર્યાયથી લીધું. બીજી ભાષાએ અવસ્થાયી આત્માના જ્ઞાન વિના અવસ્થાના સ્વભાવવાળો જીવ. સમજાણું કાંઈ?

જુઓ, આ શીશપેન. ઉપરનો આટલો ભાગ છે એટલો જ ભાગ એ શીશપેન છે? ઉપરનો ભાગ છે એ તો અવસ્થા છે, એની હાલત છે, દશા છે. અને એનું આખું દળ છે અંદર, સત્ત્વ આખું એ આખું તત્ત્વ છે, ભાવરૂપ આખું તત્ત્વ છે. હવે એ આખું તત્ત્વ ભાવરૂપે એમ આત્મા આખું ભાવરૂપે તત્ત્વ છે એની શ્રદ્ધાના ભાન વિના ઉપરટપકે જે વર્તમાન જ્ઞાન, દર્શન, વીર્ય ને રાગાદિ દેખાય તેને તેટલો તે હું એમ માનનાર મૂઢ પોતાના દ્રવ્યસ્વભાવને ભૂલી ગયેલો છે. સમજાણું કાંઈ?

આ શરીર મારું, બાયડી મારી એ તો ક્યાંય (રહી ગયા). વૈરાગી થયો હતો જ્યારે જૈનનો મુનિ, આ તો ઉત્કૃષ્ટ વાત કરી ભાઈ! જૈનનો મુનિ થયેલો તો હજારો રાણીનો ત્યાગી. બાયડી, છોકરા છોડીને જંગલમાં રહે. પૈસા-બૈસા કાંઈ નહિ. ભીક્ષા માટે જાય તો નિર્દોષ આહાર (લે), એને માટે ચોકા કરીને (બનાવ્યો હોય) તો પ્રાણ જાય તોય ન લે. દ્રવ્યલિંગી પણ એવો હોય ઈ. એને માટે કરેલો ચોકો આહાર લે તો એ દ્રવ્યલિંગી પણ નથી. ભાવલિંગી તો નથી, સાધુ તો નથી, પણ દ્રવ્યલિંગ પણ નથી. ઓલું તો એનું એવું દ્રવ્યલિંગ, એને માટે પાણીનો એક બિંદુ પડેલો હોય, પ્રાણ જાય તો ન લે. સાધુને ખપે નહિ, અમારા માટે કરેલો આહાર. એવી જેની શુક્લવૃત્તિ હોય શુભ. સમજાય છે? પણ અંતર આત્મા આનંદકંદ ચિદાનંદ કોણ છે? એનું એને અંતર સમ્યક્‌નું ભાન નથી. માટે તેને આત્માના જ્ઞાન વિના પર્યાયસ્વભાવવાળો એને પણ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને ગૃહસ્થાશ્રમમાં રહેલો, છ ખંડના રાજમાં રહેલો, છન્નુ હજાર રાણીના વૃંદમાં રહેલો, ભરત ચક્રવર્તી કે તીર્થંકરો આત્મા એ પર્યાય આત્માના જ્ઞાનવાળા હોવાથી, પર્યાયસ્વભાવવાળો નહિ હોવાથી એને કર્મબંધન થતું નથી. આહા..હા..! સવારે આવ્યું હતુંને? મિથ્યાત્વની જ વાત હતી સવારની. દઢ મિથ્યાત્વ, આકરું મિથ્યાત્વ. દઢતમ, તમતર, ... મિથ્યાત્વની જોરની વાત, આસક્તિની નહિ. ધર્મીને 'આત્મા અખંડાનંદ પૂર્ણાનંદ હું છું' એવું ભાન છે. છતાં સ્ત્રીના વૃંદમાં એને રાગ થાય થોડો આસક્તિનો, પણ એ આસક્તિનો દોષ એ ચારિત્રદોષ વર્તમાન પરિમીત દોષ છે. પણ 'એ મારા, હું એનો અને એના વિષયની વાસનામાં આનંદ છે; એવી માન્યતાનો દોષ તે અપરિમિત અનંત પાપ અને મિથ્યાત્વ છે.

**શ્રોતા :—** ... વ્યંજનપર્યાય તો હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હોય, ભલે હોય. પણ અંદર પોતાની દૃષ્ટિમાં આશ્રય નથી. શરીર ભલે હો, આકાર પણ હોય થોડી પર્યાય પણ એની દૃષ્ટિ એના આશ્રય ઉપર નથી, એનું જ્ઞાન કરે છે. એનો માલિક ન થાય. પ્રશ્ન તો બરાબર છે. આ કીધુંને. રાણીનો ભેગો. રાણી અને છન્નુ હજાર સાથે ખાતો હોય, પીતો હોય, ભોગ લેતો હોય એમ દેખાય. 'નહિ, મારો આનંદ મારી પાસે, હું આનંદનો કંદ છું. મને કોઈ આનંદ ઊપજાવી શકે એવો જગતમાં પદાર્થ ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ નથી. સમજાય છે? મારી જ્ઞાનની શાંતિની વૃદ્ધિની ઉત્પત્તિ થનાર આ જગતમાં મારા સિવાય કોઈ પદાર્થ છે જ નહિ. મારો આત્મા..' આહા..હા..! જુઓને!

મારાથી વળી યાદ આવ્યું. શું? ઓલો છોકરો મરી ગયો. 'મારું જ્ઞાન' એમ કીધું હતુંને? 'મારું જ્ઞાન'. દીપચંદજી શેઠિયા, સરદારશહેર. સાંઈઠ લાખ રૂપિયા હતા ૩૫-૪૦ વર્ષ પહેલાં, એના મામા દેતા હતા, એણે ન લીધા. મારે શું કરવા છે? પછી એ બહુ વૈરાગી. ઘણા આવે છે, હમણાં આવી ગયા. તો એનો છોકરો મરી ગયો, દીકરાનો દીકરો મરી ગયો, કેટલો? બે ત્રણ, ચાર વર્ષનો હશે. ત્રણ વર્ષનો મરી ગયો. ગૃહસ્થ માણસ છે તો પૈસા પાંચ સાત લાખ હશે. પણ પાંત્રીસ વર્ષ પહેલાં એના મામા સાંઈઠ લાખ આપતા હતા એને, નગદ. શું કરવું છે મારે? મરીને મારે ક્યાં લઈ જવા? રૂપિયા તમારા રાખે કોણ? ધંધો કોણ કરે? આહા..! છોકરો મરી ગયો તો એની વહુને પૂછે છે, છોકરાની વહુને. છોકરાની વહુને. એની પોતાની વહુ છે નહિ. એના છોકરા પરણેલા. રોવું છે તમારે? ના બાપુજી. સંસ્કાર જ એવા ઘરમાં. એવા સંસ્કાર. સવારથી તે સાંજ સુધી. પછી ગાયન બનાવી દીધું. મારો દીકરો.. બાયડ્યું રોવે છેને મરે ત્યારે? મારા પેટ.. નથી મરી જાય ત્યારે ઢોંગ નથી કરતી? એવું કરે છેને શું કાંઈક? છોકરો મરી જાય ત્યારે એમ કહે. મારા પેટ.. મારા ઢીકણો, ફીકણો એમ બોલે છે. એમ આ મરી જાય એટલે મારું જ્ઞાન.. એવું ગાયન (બનાવ્યું). આપણે યાદ નથી કાંઈ. બનાવ્યું હતું. એવું બનાવ્યું, એવું બનાવ્યું.. કહે છે, મારું જ્ઞાન, મારા જ્ઞાન

વિના હું આ છું નહિ. બાઈ પણ એવું કંઠે બોલવા માંડી. એની માં હોં! મડદું પડ્યું છે. ગૃહસ્થ માણસ મોટા. બિલ્ડીંગ મોટા, મોટા વેપારી. માણસો આવવા મંડ્યા. બાયું કહે, આ રોવે છે કે શું કરે છે? આ તો ગાય છે. ભેગી ગાવા મંડી બધી. હવે એ તો છોકરો આવે ને જાય, ધૂડ છે, એમાં શું? મરે કોણ? અને આવે કોણ? માંડને તારી. ઈ શબ્દ ગોઠવી દીધો એણે. મારો દીકરો એમ કહે છેને? મારો પેટ.. બાયડ્યું બહુ બોલે, બહુ મલાવે. ખોટે ખોટા ઢોંગે ઢોંગ. મારું જ્ઞાન. ત્રિકાળ ચૈતન્ય મારું જ્ઞાન. મારા જ્ઞાનના વિરહે હું અનંતકાળ.. એનું મેં અંદર મારું જીવન શું છે એનું ધ્યાન ન કર્યું. એનું ગાયન બહુ સરસ બનાવ્યું હતું.

એમ અહીંયા કહે છે કે સંસારમાં રહેલો આત્મા બાયડી, છોકરાના મધ્યમાં મારો આનંદ, મારું જ્ઞાન, મારો સહજાત્મસ્વરૂપ પ્રભુ એ હું છું. આ મારું નથી અને મને રાગ પણ થોડો થાય આસક્તિનો એ આસક્તિનો દોષ પણ મારો નહિ, એનો હું સ્વામી નહિ. સમજાય છે કાંઈ? હું તો સહજાત્મસ્વરૂપ સહજ અનાદિ જ્ઞાન અને આનંદ પ્રભુ એ સહજ સ્વરૂપનો હું સ્વામી છું. હું, રાગ જરી થાય છે સ્ત્રી પ્રત્યે એનો પણ ધણી નહિ, તો એ બાયડીનો ધણી હું, ત્રણકાળમાં માને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાયી આત્માના જ્ઞાનવાળો જીવ છે. આ પર્યાય આત્માના જ્ઞાન વિના.. આત્મા પર્યાયસ્વભાવવાળો (હોય છે). જ્યાં હોય ત્યાં મોકાણ મૂકે. 'આ ઉઘાડ મારો છે, આ જ્ઞાન મારું છે, આટલો ઉઘાડ' એમ દૃષ્ટિ અંશ ઉપર છે, એમ કહે છે. અંશ ઉપર છે. અંશ જે ખંડ ખંડ ઉઘડેલો છેને વર્તમાન અંશ થોડો, આ મારો રાગ, આ મારો પ્રેમ, આ મેં દ્વેષ કર્યો, આ મારો રાગ, આ મારો વિકલ્પ, આ મારો આ, આ મારો ભેદ, આ મારો અંશ. સમજાણું કાંઈ? મોહનભાઈ! આ તો 'અગમ્ય પ્યાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાત્મવાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોગ તમાસા.' આશા ઔરનકી ક્યા કીજે? જ્ઞાનસુધારસ પીજે, આશા ઔરનકી ક્યા કીજે?' સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અમૃતના પ્યાલાથી ભરેલો ભગવાન છે. આહા..હા..! 'જ્ઞાનસુધારસ પીજે' સુધારસ, અમૃતનો કુંડ પ્રભુ છે. એ પુણ્ય-પાપના વિકારમાં ઝેર ભર્યા છે. એક સમયના અંશમાં તો ખંડ ખંડ ભેદ છે. પરવસ્તુ તો પૃથકૂરૂપે તે તેને કારણે પરિણમી, બદલી રહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું એક સૂત્ર રાત્રે.. બહુ પાકો.. જવાબ બહુ સારો.. શું કરે ભાઈ આમાં! ઓહો..હો..!

કહે છે, ભાઈ! તારામાં બે ભાગ. એક અનંતગુણનો એકરૂપ આત્મા વસ્તુ ધ્રુવ અનાદિ-અનંત ઈ એક ભાગ. એક ભાગ વર્તમાનમાં પ્રગટ દશામાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપ અને ઉઘાડ થોડો એ એક ભાગ. જેને એ ભાગનો ભાગલો લેવો હોય એણે અનંતગુણના પિંડના ભાગલાનો અનાદર કર્યો છે એમ કહે છે અહીં. આહા..હા..! અરે..! સમજાણું કાંઈ? અરે..! આ તે કેવી રીતિ? આવો તે ધર્મ કેવો હશે? કોઈ કહે કે આ શું પણ કહે છે? દયા પાળો, વ્રત

પાળો, સેવા કરો, પૈસા ખર્ચો, દાન દો.. એમાં સુધરેલા ભાષણ કરે તો કેવા કરે? આમ સુધરવું જોઈએ, આમ કરવું જોઈએ, દેશનો ઉદ્ધાર કરવો જોઈએ, અને તેની પહેલ પોતાથી કરવી જોઈએ, પહેલી ઘરથી કરવી જોઈએ, પહેલી શરીરથી કરવી જોઈએ, પછી કુટુંબથી કરવી જોઈએ, પછી નાતથી કરવી જોઈએ, પછી ગામથી કરવી જોઈએ, પછી દેશથી કરવી. શું પણ કરવું? ક્યાં સુધી તારે કરવું (છે)? શું કરવું છે પણ તારે? ઝઘડા થાય. પાંચ પાંચ હજાર, દસ દસ હજાર માણસમાં બોલે, પાછા આવા બોલકા. સાહિત્યકાર જેવા હુશિયાર હોય પાછા, ગુલાબરાય જેવા પાછા હુશિયાર. આ તો દાખલો. બીજા આવે છેને આપણે ઓલા ચીમનભાઈ. નહિ? મણિયાર, મણિયાર છે એક, લીંબડીવાળો નહિ? આપણા નાનાલાલભાઈના જમાઈ છે. ચુનીલાલ મણિયાર, ઈ બહુ ભાષણ કરે. એક આપણા હિંમતભાઈ અહીંના ગાંધી. બોટાદના. હિંમતભાઈ છે ત્યાં. શેરબજારમાં ... રહેતા. અરે..! ભાઈ! ભાષણ એટલે ધખવું. એ તો ભાષા જડ છે, એ કંઈ તારી નથી, તેં કરી નથી, ઈ તો જડની ધ્વનિ ઉઠે છે. આત્મામાં ભરી છે? આ રજકણો ધ્વનિ ઉઠે છે, આમાં ઉતરે છે. આમાં આત્મામાં ભરી છે?

**શ્રોતા :—** ... ભાષણની મજા મરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ જ કહે છે અહીં. ભાષાની મજા માણવી એ જ મૂઢ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં તો. એ પર્યાયવાળો એની વ્યાખ્યા ચાલે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં શું કહે છે જુઓ,

આ એક શબ્દમાં તો સિદ્ધાંત છે મોટા. '**પર્યાયી આત્માના જ્ઞાન વિના...**' ભગવાન ત્રિકાળ અનંતગુણનો ધામ ધ્રુવધામ, ચૈતન્ય મહાપ્રભુ વસ્તુ એના ભાન, એની અધિકાઈ, એની કિંમત વિના '**આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' વર્તમાન વિકાસનો અંશ જે દેખાય છે અને વર્તમાનમાં જે રાગાદિ, પુણ્ય, દયા, દાનના પરિણામ દેખાય છે 'એ મારું છે' એવા સ્વભાવવાળો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં એમ કેમ કહ્યું? ઓલો શરીરવાળો અને કર્મવાળો તો માને તોય કોઈ દિ' થઈ શકતો નથી, ભાઈ! આ તો પર્યાયમાં એવી માન્યતા કરી શકે છે. ઓલો તો માને તોય થઈ શકતો નથી શરીરવાળો ને કર્મવાળો ને ધૂડવાળો... એ તો પરવસ્તુ છે.

આ ભગવાન આત્મા ભ્રાંતિમાં ભગવાન પોતાના સ્વરૂપને ભૂલી ભ્રાંતિને અંશને પોતાનું માની શકે છે એવી એની યોગ્યતા પર્યાયમાં છે. આહા..હા..! પરપણે થવું અને પરને પોતાનું કરવું એ તો ત્રણકાળમાં એનામાં છે નહિ. આહા..હા..! સવારમાં આવ્યું નહોતું? ઓલો પ્રશ્ન નહોતો થયો રામજીભાઈને? કે આમાં કર્તા નથી, ક્યાં આવ્યું? ઘણા એમ કહે છે, કર્તાપણું ફલાણામાં છે. પણ આ શું કીધું એણે? કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અન્ય સ્વભાવવાળા દ્રવ્યો. એના કાળમાં આવી ગયું એનું. એનો કાળ. એનો જે કાળ નામ એનો કાર્યકાળ છે

પર્યાય તે તેનો કાળ છે. એ અન્ય સ્વભાવવાળો કાર્ય, અન્ય કાર્યના અન્ય સ્વભાવવાળું કાર્ય છે, તારા સ્વભાવનું કાર્ય નહિ. સમજાણું કાંઈ? ભાઈ! આવ્યું હતુંને સવારમાં? સર્વથા તારાથી ભિન્ન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. વસ્તુ તે ભિન્ન છે, એની પહોળાઈ ભિન્ન છે. એની શક્તિઓ જે કાયમ રહેનારી એ તારાથી ભિન્ન છે અને એની વર્તમાન કાળ દશા, વર્તમાન અવસ્થારૂપી કાર્ય એ તારાથી સર્વથા ભિન્ન છે. એ કાર્ય મારાથી થાય. મૂઢ છો. સમજાણું કાંઈ? આહા..હા..! એ અસાધારણ સ્વભાવ એનો છે. આમ જો ન લઈએ તો. આનો સ્વભાવ સાધારણ જાણવું-દેખવું છે. એનો અસાધારણ સ્વભાવ એના કાર્યપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. એ તારા સ્વભાવને લઈને ત્યાં કાર્ય થતાં નથી. હાથનું હલવું કે થવું કે લાડવામાં પડવા એ કાર્ય આત્માના કારણથી થતું જ નથી.

**શ્રોતા** :— ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અત્યારે. કોની વાત ચાલે છે આ? એઈ..!

**શ્રોતા** :— એ તો પક્ષઘાત થાય ત્યારની વાત છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પક્ષઘાત થાય છે કે દિ' આત્મામાં? પક્ષઘાત જ છે. એક તરફનો પક્ષ છે ઘાત. જડાદિ પરપદાર્થનું કરી શકે નહિ એવો આત્મામાં પક્ષઘાત છે. સમજાણું કાંઈ? એ... મોહનભાઈ! અરે..! મફતનો રાડેરાડ પાડે છે. ઊંટને ઓલા કહે છેને? શું કીધું? ઊંટને પલાણ.. ગાંગરતા પલાણ. ઊંટને ચાર મણની ગુણી નાખે તો તો ગાંગરે પણ ટેવ એવી પડી ગયેલી, સમજાય છે? પલાણ હજી નાખે માથે, પલાણ અમથું હળવું બે શેર, પાંચ શેર લુગડાંનું (ત્યાં) ઉં.. કરે. પણ શું છે? 'ઊંટને ગાંગરે પલાણ' એમ કહે છેને? ગાંગર્યા જ કરે. સ્વભાવ એનો એવો થઈ ગયો. ગાંગર્યા જ કરે. પણ આ તો લુગડું પાથરે છે, હમુકુ તને દુઃખ ન થાય, વાંહે બેસે, આટલું આમ સુવાળું લુગડું પાથરે, ગોદડું પાતળું પાથરે. ન્યાં શેનો રાડ પાડે છે પણ? સમજાય છે કાંઈ? આ ઊંટ હોય છેને ઊંટ? એને પલાણ નાખેને, લુગડું. જરી ઓલા... અઢારે (અંગ) વાંકા, બેસવું શી રીતે? 'ઊંટને ગાંગરે પલાણ' અમારે કાઠિયાવાડમાં છે, તમારે હિન્દીમાં હશે કાંઈક ભાષા. એઈ..! ભાષા શું છે ખબર છે તમને? ... ખબર નથી, મુંઝાઈ જાય છે. હોય, હિન્દુસ્તાનમાં ન હોય, બધે રાખવું જોઈએ ... બીજી જાતની ભાષા હોય. વસ્તુ તો એની એ (હોય). ઊંટને ગાંગરે એટલે ઊંટને પલાણ નાખે નાનું તોય રાડ જ નાખે જાય. એમ આને જરીક પ્રતિકૂળતા આવે તો રાડેરાડ પોકારે. મોટી ... તો રાડ નાખે. પણ શું છે તને?

અહીં તો કહે છે કે અરે..! આત્મા! અહો..! જેમાં અનંતી શક્તિની ખાણ જેમાં પડી એવો ભગવાન ધ્રુવ ચિદાનંદ પ્રભુ કાયમી રહેલું એકરૂપી તત્ત્વ, એનું જેને શ્રદ્ધા અને ભાન નથી, એના સ્વામીપણે કેમ થવું એની ખબર નથી, એને વર્તમાન અંશ ઉપર દૃષ્ટિ વર્ત્યા કરે છે. છેલ્લામાં છેલ્લી સ્થિતિ લીધી છે. બાયડી, છોકરા ને ફલાણું એમ નથી લીધું. જૈનનો

સાધુ દિગંબર થયો અનંતવાર, અનંતવાર મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી. આવ્યુંને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પર્યાયમાં એની દૃષ્ટિ છે. 'આ રાગ મેં કર્યો, દયા મેં પાળી, વ્રત મેં પાળ્યા, ભક્તિ મેં કરી, પૂજા મેં કરી, બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ એ મારો' એ તો બધો રાગ છે. સમજાણું કાંઈ? 'આ પુસ્તક લખ્યાના ઉઘાડનો ભાવ એ મારો' એ કહે છે કે મૂઢ છે, એમ અહીં તો કહે છે. લખવાની વાત નહિ, ઉઘાડની વાત કરે છે. (લખવાનું કાર્ય) એ તો એની ક્રિયાથી થાય. આ તો એનામાં જે ઉઘાડ છે, એક સમયનો થોડો વિકાસ અંશ છે, એને આત્મા માનવો એ અનંતગુણનો પિંડ ભગવાન એનો એ અનાદર કરે છે. ન સમજાણું? એઈ..!

આખી ચીજ મોટી હોય એનો એક ભાગનો એક અંશ છે એને આખો માની લે તો એ તો મૂઢ છે. સમજાય છે કાંઈ? મોટો હીરો ક્રોડનો હીરો હોય એમાં પાસા અનેક હોય. એમાં એક પાસાના એક અંશને આખો હીરો માને (તો) મૂઢ છે. એમ ભગવાનમાં અનંતગુણના અનંત પાસા પડ્યા છે અનંતગુણ, એના કોઈ ગુણની વર્તમાનની અવસ્થા જ્ઞાન, દર્શન આદિની, બીજી બધી અસ્તિત્વ ભલે હો, પણ વિકાસમાં એનું કામ ચાલે છે જરી જાણવાનું, દેખવાનું, માનવાનું, વીર્યનું એવી અવસ્થા, બસ એટલા અંશ ઉપર જ એની અનાદિની દૃષ્ટિ છે. એ અંશની પાછળ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડ અનંત પરમાત્મસ્વભાવનો પિંડ છે એવી એણે દૃષ્ટિ એક સમય પણ અનંતકાળમાં કરી નથી. સમજાણું કાંઈ?

આવો જીવ '**પર્યાયસ્વભાવવાળો હોય છે; તેથી..**' તે કારણે. પર્યાયસ્વભાવવાળો નથી અને પર્યાય આત્માના જ્ઞાનવાળો તેને બંધન થતું નથી, એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અલ્પ રાગ છે જ્ઞાનીને, એનું અલ્પ બંધન છે, પણ એ છૂટતું જાય છે. એની ગણતરી અહીંયા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' જુઓ, ભગવાન આત્માના પૂર્ણ સ્વરૂપના સ્વામીપણાના અંતરના સત્ત્વના ધણીપણાના ભાન વિના એક અંશના ઉઘાડના ધણીપતે કામ કરનારો એને '**શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' આ વ્યંજનપર્યાય કહેશે, હોં! આ વ્યંજનપર્યાય છે જુઓ ઈ. સમજાણું કાંઈ? મનુષ્ય આકાર આ નહિ, દેહ તો જડ છે. આ તો માટી છે, આનો પર્યાય આમાં ક્યાં આવી ગયો? સમજાણું કાંઈ? એના અસંખ્ય પ્રદેશમાં મનુષ્યની આકૃતિ પ્રમાણે જે આકાર વ્યંજન પ્રગટ આ દેખાય આકાર, જુઓને, જે પ્રકારે એનો આકાર છે, હાથીને એવો દેખાય. એની સૂંઢ હોય, પગ હોય, આ હોય, પૂંછડું હોય એ બધે આત્માના પ્રદેશો બધે વ્યાપેલા છે આખા અને એની વ્યંજનપર્યાય એના શરીર પ્રમાણે ભિન્ન જુદી આકૃતિ છે, બેય જુદે જુદું છે. શરીરનો જુદોં આકાર, ઓલાનો જુદોં આકાર. એમાં મનુષ્યનો જેવો આકાર.. ઓલા કોંઢિયા થાય છે નહિ? આત્માના પ્રદેશ એવા જ એને વ્યાપેલા છે અંદર પણ ભિન્ન છે. એ આકારે.

ઘણી જાતના થાય છેને.

તીડને જોયા છે કોઈ વાર તીડને? એવા તીડ હોય છે કે તમે આમ દેખો તો સળી દેખાય, સળી ઊભી દેખાય, સળી. એક સળી આમ, બે સળી આમ, બે સળી આમ અને મોઢું આમ. પાંચ સળી દેખાય. તીડ. અમારે તો ઘણું જોવામાં આવ્યું હોયને. સમજાણું? એક સળી આમ, જીવ જ એવી રીતે એનું શરીર જ એવું બાંધેલું છે. એક જ સળી હોં આખા પિંડની. એક સળી આમ. બે સળીના પગ ઝીણા. આમ તણખલું પડ્યું છે કે નહિ? આમ કરે ત્યાં ઊડે. છેને? ઘણા જોયા છેને.

એક પાંદડું એમ પડ્યું હતું લીંબડા જેવું એક. લીંબડા જેવું પાંદડું. ૯૦ની સાલ. લીંબડો છેને ભાઈ, સદરમાં. .. પાંદડું પડ્યું હતું. પૂછ્યું, આ શું છે? બે પાંદડા અડેલા ચોંટેલા એવું તીડ. તીડ જ એવું અવતરેલું. પાંદડાના જેવો રંગ, એમાં જેવી રજ, રજ હોયને પાંદડામાં રજ, ... રહેતું. .. દેખાય. ઊડ્યું, આ તો ઊડ્યું, આ તો તીડ છે. એ પ્રકારે આત્માના પ્રદેશો અસંખ્ય પ્રદેશ છે એના આકારની આકૃતિ એવી થઈ જાય. સમજાણું કાંઈ?

કહે છે કે જે શુભ-અશુભ મિશ્ર પરિણામથી, કાંઈક શુભ અને કંઈક અશુભભાવ એનાથી આત્મા વ્યવહારે, નિશ્ચયથી તો કાંઈ મનુષ્ય થતો નથી. નિશ્ચય તો જે સ્વરૂપ છે ઈ સ્વરૂપ છે એમ કહે છે. મનુષ્યની આકૃતિ પ્રમાણે વ્યવહારે પર્યાયમાં આકારને પામે છે. પોતાના મિશ્ર શુભાશુભભાવથી હોં. ન્યાંથી લીધું જોયું? કર્મથી થાય ને કર્મથી આ પ્રમાણે (થાય) એમ લીધું જ નથી. આવા ભાવવાળો તે નિષ્ણાંત આવા પરિણામથી મનુષ્ય થાય. ભાઈ! એમ જ લીધું. વળી કર્મને લઈને આમ થાય ને આને લઈને આમ થાય. વાત જ નથી. મૂકને પડતી પરદ્રવ્યનું શું કામ છે તારે? આહા..હા..! '**તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...**' મનુષ્ય પ્રમાણે આકાર. આંખ્યું એ પ્રમાણે મોટી ડોળા જેવી હોય તો આત્માના પ્રદેશ એવા હોય. નાક લાંબુ હોય, કોઈનું ટૂંકુ હોય, કોઈનું બેઠેલું હોય. એમ હોય છેને? આવું નાક, કો'કને છૂટું હોય, કોઈને ચોંટેલું હોય. ઘણા પ્રકાર હોય. દરેક માણસમાં ફેર હોય, એક એક અવયવમાં. એક એક અવયવમાં હોં! એવા આત્માના પ્રદેશ એવી રીતે ગોઠવાયેલા હોય છે.

**શ્રોતા :—** કોણે કર્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્માએ. સમજાણું કાંઈ? એ મનુષ્યાકારે મનુષ્યપર્યાય થઈ. '**કેવળ અશુભકર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...**' સમજાણું કાંઈ? ન્યાં નાખ્યું જુઓ, ઓલા મિશ્રપરિણામથી નાખ્યું પછી આ નાખ્યું. એકલા પાપ બાંધ્યા એકલા પાપ મહા નરકના. નીચે નરકગતિ છે. થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે પહેલી નરકમાં. પછી ઝાઝામાં ઝાઝી એક સાગરની સ્થિતિ છે, પછી સાતમી નરકમાં ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરોપમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્યાતા

અબજ વર્ષ જાય. એવો જીવ પોતાને ભૂલી મહાપાપ નરકના કરી નરકમાં ઊપજે છે. '**આત્મા નારક થાય છે, તેનો નારક આકાર તે નારકપર્યાય છે;...**' સાતમી નરકમાં પાંચસો ધનુષનો દેહ છે, પહેલી નરકમાં પોણા આઠ ધનુષનો દેહ છે. સમજાણું કાંઈ? પોણા સાત. એ પ્રકારે દેહ આકારે. શરીરનો આકાર આવો હોય. મહાકાળું કૂબડું ને જન્મે ત્યારથી રોગ.. રોગ.. રોગ.. રોગ.. જન્મે ત્યાંથી રોગ, સોળ રોગ. મહાપાપ કરીને નરકમાં જાય. અહીંથી છૂટીને બીજી દુકાન બદલે એટલે દેણદાર વયો જાય? એવા પાપ કર્યા હોયને. ભાન ભૂલીને કોઈ વાર મનુષ્ય થાય તો કોઈ વાર નારકી થાય. અનંતા ભવ એવા અનંતવાર કર્યા. વ્યવહારે આત્મા નારક થાય, નિશ્ચયથી તો કાંઈ નારક થતો નથી. નિશ્ચય તો જ્ઞાનાનંદસ્વરૂપ છે. જે પર્યાયમાં તન્મય થઈ જાય તે વ્યવહારે .. આહા..હા..!

કોઈ કોઈના ધણી ન મળે. .. પૂછવા આવ્યા. બે ભાઈઓમાં ઓલાએ પાપ કર્યા હોય અને એને મારવા જાય? મારવા આવ્યા. સમજાણું કે નહિ? આ કુટુંબ માટે પાપ કર્યા હોયને? એ કુટુંબનો માણસ પરમાધામી થાય, પોતે થાય નારકી. મારો ઓલાને. દીકરો મારે બાપને ત્યાં. અમે ક્યાં કહ્યું હતું તમને કે અમારા માટે પાપ કરજો.

**શ્રોતા :—** ઓળખે ખરા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, કોઈને જાતિસ્મરણ થયું તો એને ઓળખે. કો'કની વાત છેને.

**શ્રોતા :—** કોઈને થયું જાતિસ્મરણ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ નહિ. તું ક્યાં બાપ મારો કે દિ' હતો? મારા માટે તેં શું કરવા પાપ કર્યું? પાપ શું કરવા એવા કર્યા અમારા માટે? માયા, કપટ, કુટીલ કરી હતી અને જિંદગી ગાળી. અમે તો એવા પરિણામ કર્યા નથી. તો અમે પરમાધામી થયા છીએ અને તેં કર્યા આવા પાપ તો નારકી થયો. માર! ભાઈસાહેબ, ભાઈસાહેબ! ભાઈસાહેબ–બાઈસાહેબ અહીં ન હોય. વસંતીલાલજી!

**શ્રોતા :—** સ્વપણે... તો આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આંખ્યું ક્યાં હતી? શરીર બદલાઈ ગયું, ભાવ બદલાઈ ગયા. બધી ચીજ જ બદલાઈ ગઈ. કોણે કીધું હતું તને અમારા માટે પાપ કરજે તું? કીધું હતું તને અમે? નથી આ કરતાં કેટલાક? શું કરીએ? છોકરા પડ્યા, આ બધા પડ્યા, અમારે ભઈ પાપ વિના ચાલે? આ થયું. આહા..! પણ કીધું હતું કોણે તને? હોળી શું કરવા સળગાવી તેં કો'કને માટે તારા પાપની? જા, તું નરકમાં એકલો. આહા..હા..! કહો, સમજાણું?

કહે છે, સાંભળ તો ખરો, વિચાર તો કર. 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ સલુણા' ઉદય આવશે ત્યારે શું ચેતવાનો? ત્યાં તો હોળી સળગતી હશે, ત્યાં પડશે ભોગવવું. બંધ સમયે ચેત. નવા પાપ ન કર, બાપા! ન કર, ભાઈ! એ ન કરવા માટે તો વાત કરે છે આ. પણ એને થાપા લાગ્યા છેને ઊંધા. ભૂતડું વળગ્યું મિથ્યાત્વનું. જોડી

દેશે ભૂતડા ચાર ગતિના. વેપાર ધંધા આ..હા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** તત્ત્વનો વિરોધ કરે એનું શું થશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એનું કાંઈ નહિ. એને બિચારાને દુઃખ થાય છે એમ દયા લાવવી જોઈએ. એનો આત્મા છે કે નહિ? એ આત્મા છે કે નહિ? અને એ આત્મા તત્ત્વનો વિરોધ કરે તો એને તત્ત્વના વિરોધના ફળરૂપે તો દુઃખ થશે. તો કોઈ જીવને દુઃખ થાય એવી કાંઈ ભાવના હોય? સમજાય છે? દુશ્મન પણ દુઃખી ન થાઓ. સમજાણું કાંઈ? આત્મા છે, ભાઈ! એ પ્રભુ છે. એને દુઃખ જરીપણ ગોઠતું નથી. તો મહાતત્ત્વનો વિરોધ કરશે એને તો ઘણું દુઃખ (થશે). શાસ્ત્ર તો કહે છેને, કુંદકુંદાચાર્ય, અરે..! અમારા વેરીને દ્રવ્યલિંગ ન હશો, કુલિંગ ન હશો. એમ કુંદકુંદાચાર્ય કહે છે. કુલિંગ લઈને પડ્યા પછી નીકળવું મુશ્કેલ પડશે મિથ્યાત્વના અહંકારમાંથી. અમે સાધુ નથી, સાધુનું ભાન નથી. લુગડા પહેર્યા, લુગડા છોડ્યા અને અમે સાધુ. સમજાય છે? એમ આ વ્રતમાં (પડ્યા હોય). વ્રત-બ્રતમાં ભાન ન મળે અને અમે વ્રતધારી છીએ. હવે એને છોડવું હોય કુલિંગ, માન્યતામાં મૂઢપણું પડ્યું છે. 'અમારા શત્રુને પણ કુલિંગ ન હશો' એમ કુંદકુંદાચાર્ય એવું કહે છે લ્યો. આહા..! ભાઈ! એવા કુલિંગના આદરમાં એનું મિથ્યાત્વનું શું પોષણ થશે? એમાં અનંતા ભવો થશે. સમજાણું કાંઈ?

નારકીના જીવો.. આ તો વાત ચાલે છે. પણ ત્યાં જોવે જો એક ક્ષણમાં જોવા જાય તો ખબર પડે કે શું થઈ રહ્યું છે? એ રાવણ ને એ લક્ષ્મણ ને બ્રહ્મદત્ત અત્યારે પડ્યા છે નરકમાં. બાપુ! એની ક્ષણ જાય છે કેવી? આકરી વાત છે. આત્મા હતાને. ભાન કર્યા નહિ, ભૂલ્યા.. ભૂલ્યા.. ભૂલ્યા... ભીંત ભૂલ્યા. સગવડતાના પાર નહિ એમાં ભૂલાણાં. એકાકાર થઈ ગયા. જાઓ નીચે! પથરો જેમ મૂકે પાણીમાં અને એ પથરો પડે હેઠે તળિયે, એમ આ પાપ કર્યા, જાય તળિયે હેઠે. આ આત્માના આનંદના ભાન વિના આવા ભાવથી ઊપાર્જેલા શરીર એમાં પાછું મારાપણું માનીને એમને એમ રખડી રહ્યો છે. હું આત્મા, અરે..! પરમાત્મસ્વભાવ મારો! મને કોઈ દુઃખ અને સુખ આપનાર ત્રણકાળમાં કોઈની તેવડ નથી. હું જ આનંદનું ધામ છું. મારા સ્વરૂપને જેટલે અંશે અસ્થિરતાએ ભૂલું એટલું દુઃખ અને અનિત્યતા મને મારાથી છે, કોઈથી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે...**' ઢોરમાં જાય, લ્યો. કિંચિત્ શુભમિશ્રિત ... લીધા એટલે તિર્યંચ.. એકેન્દ્રિયમાં જાય, બે ઇન્દ્રિયમાં જાય, લીલ ફૂગમાં જાય, આહા..હા..! લીલ ફૂગ સમજાય છે? આ બટાકા, શક્કરકંદ, લીલ ફૂગ થાયને પાણીમાં? એક કટકીમાં અનંત જીવ છે. એક એક જીવનો પોતાના શરીર પ્રમાણે આકાર વ્યંજનપર્યાય છે. પણ એને તો ખબરેય નથી કે અમે આત્મા છીએ. અહીં તો બહુ નિષેધ કરેલા. આળ આપેલા આત્માને કે નહિ, આવું ન હોય, આમ ન હોય, આમ ન હોય. સત્‌ના આળ

આપ્યા અને સત્‌નું આરાધન છોડી અસત્‌નું આરાધન કરેલું, તો અમે જીવ છીએ કે નહિ? ભૂલી ગયા. બીજા એને જીવ માને કે નહિ? એ પણ ન હોય, એટલી શક્તિ ઘટી ગઈ. બીજા એને જીવ સ્વીકારે? લીલ ફૂગમાં જીવ ક્યાંથી થયો? .. આવ્યા? ભાઈ! તને ભાન નથી, બાપુ! એ જીવની ખાણ છે બધી, અનંતા જીવો છે. સમજાય છે? એમાં છ મહિના અને આઠ સમયે ૬૦૮ જીવો બહાર આવે છે. અહીંથી ૬૦૮ જીવો મુક્તિ પામે છે. એવી બે ખાણ છે. એક ખાણ ન્યાં ભેગી થાય એની એક ખાણમાંથી નીકળી જાય. અરે..! પણ એણે કે દિ' વિચાર કર્યા છે? અનાદિ-અનંત તત્ત્વ અને આ શું છે અને શું કરી રહ્યો છું? માયા કપટથી તે ઢોર થાય. માયાવી, કપટી વક્રતા, માયા, કપટ સેવ્યા હોય, મરીને આડા શરીર થાય એમ કહે છે. શરીર આડા છેને આ તિર્યંચના. ભાઈ! ગાયું, ભેસું, ચકલા, ચકલીઓ, ઉંદર, ખીસકોલી આડા છે. આડોડાઈ કરેલી બહુ. માયા કરેલી, કપટ, કુટીલ આડોડાઈ કરી તો આડા શરીર થઈ ગયા એના. સમજાય છે કાંઈ? એ આત્માના ભૂલેલાના ફળ છે એમ કહે છે. આત્માનું ભાન હોય એને ભવ હોય નહિ, એમ કહે છે અહીં. આહા..હા..! ભાનવાળા તો ભગવાન થાય, ભવ કેવા એને?

**'તેનો આકાર તે તિર્યંચપર્યાય છે;...'** એકેન્દ્રિયનો એકેન્દ્રિય આકાર. ઈયળને ઈયળનો આકાર. કીધાને? પતંગને પતંગનો આકાર, ઢોરને ઢોર જેવો આકાર, કંથવાને કંથવા જેવો અને કથિરી થાય ઝીણી અને ઝીણી કરડે. શું (કહેવાય)? ઈતરડી. ઈતરડીને પગ બહુ હોય. ઈ આખો આત્મા છે અંદર પૂર્ણ. એવા ભાવ કરેલા તો એમાં ગયો અને શરીર એવું મળ્યું તો આકાર એવો થઈ ગયો છે એનો. કાનખજૂરો. કેટલા પગ હોય જોયા? કેટલા. એ બધે આત્માના પ્રદેશ ફેલાઈ ગયેલા છે. એવો આકાર થઈ ગયો છે એનો. આહા..હા..! આત્માને ભવ નથી અને આત્માના ભાનવાળાને ભવ નથી. આત્મામાં ભવ છે? સ્વભાવમાં ભવ છે? વિકાર છે અંદર? ભવના અભાવસ્વભાવસ્વરૂપ આત્મા છે. આહા..હા..! એવો તો ભવને ક્ષણમાં તોડીને નાખીને પોતે મુક્ત થાય એવો આત્મા છે. ... તોડીને, એમ કળશમાં આવે છે, સમયસારમાં. સમજાણું?

**'અને કેવળ શુભકર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે,...'** લ્યો. દયા, દાન, વ્રતાદિના પરિણામ કર્યા હોય (તો) મરીને દેવ થાય. આત્માનું ભાન નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા આદિ કર્યા હોય તો દેવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? **'—આ વ્યંજનપર્યાય છે.'** લ્યો. **'આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.'** કારણ કે વિસ્તાર ઘણો છેને. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય એના પ્રમાણમાં એનો આકાર થાય. શાસ્ત્રમાં ઘણું લખાણ આવે છે.

**'(હવે, ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(मालिनी)

अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः
सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।
सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा
स भवति परमश्रीकामिनीकामरूपः।।२७।।

મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે, અહો..! '**બહુ વિભાવ હોવા છતાં પણ,...**' ભલે પર્યાયમાં વિકારાદિ અંશાદિ ભાવ હોવા છતાં '**સહજ પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...**' ભગવાન સ્વભાવિક પરમતત્ત્વ પૂર્ણાનંદ પ્રભુ એના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે, વિચિક્ષણ છે. ઓહો..હો..! જુઓ, આ અભ્યાસ, આ ડાહ્યો. બાકી બધા ગાંડા. આહા..! ભલે કહે છે, પર્યાયમાં વિકારાદિ હો, છતાં એના રહિત પ્રભુ આખો પૂર્ણાનંદ શુદ્ધ છે. એવું સહજ (પરમતત્ત્વ છે). ઓલી કૃત્રિમ પર્યાય છે વિકારી આદિ, ત્રિકાળી સહજ નથી. સહજ અને પરમ એવું તત્ત્વ, સ્વભાવ એના અભ્યાસમાં. વિભાવ હોવા છતાં, વિભાવથી ત્રિકાળ સ્વભાવ સહજ ભિન્ન છે એમ એના અભ્યાસમાં '**જેની બુદ્ધિ પ્રવીણ છે...**' નિષ્ણાત છે, ઈને? નિષ્ણાતનું કર્યુંને? નિષ્ણાત છે. તમારામાં કહે છેને, નિષ્ણાત છે નથી કહેતા? ફલાણામાં નિષ્ણાત છે, ફલાણાં નિષ્ણાત છે, ફલાણામાં નિષ્ણાત છે. એમાં એ નિષ્ણાત છે. આ ... માં નિષ્ણાત છે, આ કારીગરમાં નિષ્ણાત છે, આ લખવામાં નિષ્ણાત છે, બોલવામાં નિષ્ણાત છે. જે આ પરમતત્ત્વના અંતરના અભ્યાસમાં નિષ્ણાત છે એને પ્રવીણ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— વિકાર છેને અનેક પ્રકારના. પર્યાયમાં છે કે નહિ? બહુ વિભાવ છેને. રાગ-દ્વેષના ઘણા પરિણામ નથી? ઘણા પરિણામ છેને રાગ-દ્વેષાદિ. વિકલ્પો છેને ઘણા. સમજાણું કાંઈ? શેવાળ હોવા છતાં પાણી શેવાળથી રહિત છે. એમ વિકલ્પોની ખાણ ભલે ઉપરથી દેખાય પણ એનાથી ભગવાન જુદો છે અંદર. આહા..હા..! બહિર્મુખમાં વિકલ્પો દેખાય છતાં અંતર્મુખમાં તે વિકલ્પથી પાર ભગવાન છે. આહા..હા..!

'**એવો આ શુદ્ધદષ્ટિવાળો પુરુષ,...**' એવો આ શુદ્ધદષ્ટિવાળો પુરુષ. હું તો શુદ્ધ આનંદ જ્ઞાયકમાત્ર પૂર્ણ સ્વરૂપ છું. એવા રાગથી ભેદ અભ્યાસ કરીને સ્વભાવની પ્રવીણતા મેળવી છે એવો શુદ્ધદષ્ટિવાળો ધર્મી '**સમયસારથી અન્ય કાંઈ નથી**' મારા શુદ્ધ પરમાનંદ સિવાય કોઈ ચીજ મારાથી અધિક કંઈ દુનિયામાં છે નહિ. '**સમયસારથી અન્ય કાંઈ નથી**'. સમયસાર એટલે આત્મા, શુદ્ધ આત્મા. પરમાનંદની મૂર્તિ અસ્તિરૂપ ધામ ચૈતન્યવિલાસનું સ્થાન એવો પ્રભુ આત્મા એના સિવાય આ દુનિયામાં કોઈ ઊંચી ચીજ નથી. કહો, લક્ષ્મી ને બાયડી ને છોકરા ને પદવી, પાંચ હજાર, દસ હજારના પગાર મહિને ધૂડમાંય કાંઈ નથી, કહે છે.

અહીં તો અંશમાં રાગાદિ થાય પુણ્યનો એમાંય કાંઈ નથી એમ કહે છે.

**'એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.'** એવો આત્માને જાણીને... બેય લીધું, માર્ગ અને માર્ગનું ફળ. એમ માનીને શીઘ્ર અલ્પકાળમાં પરમશ્રીરૂપી કેવળજ્ઞાન એવી સુંદરી એની દશા તેનો વલ્લભ થાય છે. કે જે એની નિર્મળ પર્યાય કદી છૂટશે નહિ. એનો વલ્લભ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ફાગણ વદ ૦)), મંગળવાર, તા. ૨૨-૦૩-૧૯૬૬, ગાથા-૧૬, ૧૭, ૧૮, શ્લોક-૨૮, ૨૯, પ્રવચન નં. ૨૮**

કુંદકુંદાચાર્ય નિયમસારના કર્તા છે. ૧૫ ગાથા ચાલી. ૧૫માં છેલ્લે એમ કહ્યું, મોક્ષમાર્ગનો અધિકાર છેને. જેને આત્મા એક સમયમાં પર્યાય ... દેખાય છે, પોતાનું સ્વરૂપ શુદ્ધ અખંડ આનંદ અભેદસ્વરૂપની દૃષ્ટિ જેને નથી તેને પોતાનો આત્મા રાગ, પુણ્ય અને અલ્પજ્ઞ પર્યાય જેટલો દેખાય છે. એવો મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે. ઈ પહેલાં આવી ગયું. આવ્યુંને કાલે? પર્યાયસ્વભાવ આવ્યોને? **'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** એને ચાર ગતિ મળે છે એમ સિદ્ધ કરવું છે. જુઓ,

**શ્રોતા :—** તેથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, તેથી. સમજાણું કાંઈ?

આત્મા શરીર, કર્મથી તો રહિત છે અત્યારે અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે વિકાર વિભાવથી રહિત છે અને એની એક સમયની પર્યાયમાં જ્ઞાન, દર્શન, વીર્ય, પુણ્ય પાપના વિકલ્પ અને જે અલ્પ સમયની પર્યાય દેખાય છે એટલો આત્મા નથી. એક સમયમાં શુદ્ધ અખંડ અનંતઆનંદના કંદરૂપ આત્માની અંતર દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ અભેદ અખંડ નિર્વિકલ્પતત્ત્વ એમ અંતરમાં દૃષ્ટિ કરવી અને પોતાના આત્માને જ્ઞાનમાં જ્ઞેય બનાવવો અને એમાં એકાકાર થવું એ જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. તો કહે છે કે જેને આવો નિશ્ચયમોક્ષમાર્ગ પોતાના સ્વરૂપની દૃષ્ટિથી ઉત્પન્ન થયો નથી, તે પોતાના આત્માને એક સમયની અવસ્થામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જેવડો માને છે. તેને ચાર ગતિમાં ઉત્પન્ન થવું પડે છે. સમજાણું કાંઈ? એ ચાર ગતિની વ્યાખ્યા કરે છે. ભાષા હિન્દી છે. ઈ લખાણ છે. ઈ વાત ચાલે છે. જુઓ, **'આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ**

**કથન** છે.' ૧૬-૧૭. જુઓ ફરીને ઈ શબ્દો.

माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।
सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण।।१६।।
चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।
एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं।।१७।।

નીચે (હરિગીત).

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.**
**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.**

શું કહેવા માંગે છે? કે આ આત્માનું, સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્માનું સ્વરૂપ જોયું, સર્વજ્ઞ પરમેશ્વર. એમાં ... આ તો ઉપરથી ચાલે છે. અંદરનો ... છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્માનું સ્વરૂપ જોયું એનું જેને ભાન નથી તેને ચાર ગતિના કર્મબંધન થાય છે અને તે ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે. તો એ ચાર ગતિ છે એમ સિદ્ધ કરે છે. કોઈ કહે કે એકલો આત્મા જ છે, બીજી કોઈ ગતિ-બતિ નથી, ભવ-બવ નથી, પરિભ્રમણ નથી, મનુષ્ય, તિર્યંચ, નારકી ને પશુ એવી કોઈ વસ્તુ નથી, એમ નથી. બધી વસ્તુ છે. સમજાણું કાંઈ?

પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું દૃષ્ટિ ન હોય અને એમ માનવું તો તેનાથી ચાર ગતિમાં રખડવું પડે છે. એક વાત. અને પોતાનો આત્મા એક સમયમાં શુદ્ધ અખંડ જ્ઞાયકમૂર્તિ છે એમ અનુભવ દૃષ્ટિ થયા તેને આવી શ્રદ્ધા વ્યવહારમાં કરવી પડશે કે મનુષ્ય છે, ઢોર છે, નારકી છે, ભવભ્રમણ છે. એવી વ્યવહારશ્રદ્ધામાં એની માન્યતા હોવી જોઈએ. વ્યવહારસમકિતની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એકલો આત્મા આત્મા કરે એમ ન ચાલે. આત્માને વિભાવ વિકાર છે, વિકારથી કર્મબંધન છે, બંધનથી ચાર ગતિમાં રખડવું પડે છે અને ચાર ગતિ પણ ભિન્ન ભિન્ન છે, છે. ..ભાઈ! એ તો તમારે તો ક્યાં એક્કેય નિર્ણય કરવો નથી, ચાર ગતિ શું અને... આ ઈ કહે છે. સવારે જોયું હતું, સવારે બધું સાંભળ્યું.

અહીંયા તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું. એવા પરમેશ્વર વર્તમાનમાં ભરતક્ષેત્રમાં નથી. મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે, સીમંધરપ્રભુ. કુંદકુંદાચાર્ય આ શાસ્ત્રના કર્તા સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. એ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ સંત જંગલમાં રહેવાવાળા એ ભગવાન પાસે ગયા હતા. અત્યારે ભગવાન બિરાજે છે, અત્યારે ભગવાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. વર્તમાન બિરાજે છે મહાવિદેહક્ષેણાં. એમની પાસે મહાવિદેહક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય, સંવત ૪૯.. સમજાણું કાંઈ? સંવત ૪૯, પહેલોં સૈકો. પહેલોં સૈકો સમજ્યા? પહેલી શતાબ્દિ.

અહીં અમને કંઈ બધી હિન્દી નથી આવડતી. પહેલી શતાબ્દિમાં કુંદકુંદાચાર્ય અહીંયા થયા, ભગવાન પાસે ગયા હતા. પહેલી શતાબ્દિમાં, સંવત ૪૯. દિગંબર સંત કુંદકુંદાચાર્ય મહારાજ. એ અહીંયા હતા, તેમને લબ્ધિ હતી, ભગવાન પાસે ગયા હતા ભગવાન પાસે. વર્તમાન મોજૂદ તીર્થંકરદેવ છે, કેવળજ્ઞાની છે, મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે. હંબક છે એમ નથી, બધી વસ્તુ છે.

**શ્રોતા :—** માનવું પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છે એને માનવું પડશેને. આ તો અમારા ગુલાબભાઈને માટે. એને ખબરેય ન હોય. ભગવાન ક્યાં અને કોણ છે? કોણે સાંભળ્યું? જૈનમાં જન્મ્યાને જૈનની ખબર ન મળે. એઈ..! બીજાની ખબર બધી સમજવા જેવી છે.

અહીં તો કહે છે કે પરમેશ્વર સાક્ષાત્ વર્તમાનમાં બિરાજમાન છે. એમની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા, એમણે આ નિયમસાર બનાવ્યું છે. મોક્ષનો માર્ગ... દિગંબર મુનિ સંત જંગલમાં રહેવાવાળા, એક મોરપીંછી અને કમંડળ, બીજું કાંઈ મુનિને હોતું નથી. નગ્ન દિગંબર. એમણે અહીંયા સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર બનાવ્યા. એ કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે, નિયમસાર નામ મોક્ષનો માર્ગ. મોક્ષના માર્ગનો અર્થ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવી રીતે ઉત્પન્ન થાય છે એ પહેલાં કહી ગયા. પોતાનો આત્મા અખંડ જ્ઞાનની મૂર્તિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વસ્તુસ્વભાવ એની અંતર્મુખ દૃષ્ટિ કરીને રાગની એકતા તોડીને સ્વભાવની અંતર એકતા થઈને જે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે તે મોક્ષના માર્ગની પહેલી દશા છે. સમજાણું કાંઈ? તો એવી દૃષ્ટિ જેને થઈ એની વ્યવહારશ્રદ્ધા કેવી હોય આ એનું વર્ણન કરે છે. વ્યવહાર શું અને નિશ્ચય શું? કોણ જાણે શું હશે? સમજાણું કાંઈ?

નિશ્ચયસમ્યગ્દર્શન જેને ઉત્પન્ન થયું એને વ્યવહારસમકિતના પરિણામમાં શ્રદ્ધા કેવી હોય એની વાત આચાર્ય મહારાજ કહે છે. સમજાણું કાંઈ? તો કહે છે, જુઓ, ચાર ગતિના સ્વરૂપનું નિરૂપણ. એ ચાર ગતિ છે. ચાર ગતિ નથી એમ નથી. નારકીની ગતિ છે, મનુષ્યગતિ છે, પશુગતિ છે અને સ્વર્ગગતિ છે. ઈ કહે છે જુઓ. ચાર ગતિ છે. ચાર ગતિ છે એટલું બસ. આમ તો ચાર ગતિની શ્રદ્ધા કરવી, છે એટલી વાત. અહીં તો શ્રદ્ધા કરવાની વાત છે. સમ્યગ્દૃષ્ટિ થયો, આત્માનો અનુભવ થયો, નિશ્ચયસમ્યગ્દર્શન એને વ્યવહારસમકિતમાં શુભોપયોગમાં આવી શ્રદ્ધા હોય છે કે ચાર ગતિ છે. હું ચાર ગતિમાં ઉત્પન્ન થવાવાળો છું એમ નહિ. ભાઈ! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવને તો પોતાનું સ્વરૂપ અનુભવ દૃષ્ટિમાં લીધું એને તો અલ્પરાગ રહ્યો એની અહીંયા ગણતરી ગણવામાં આવી નથી. એ ભવનો અભાવ કરીને અલ્પકાળમાં મુક્તિમાં જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આચાર્ય મહારાજ એ કહે છે કે જેને આત્મા સત્યદર્શન થયું, સત્ સૂક્ષ્મ તત્ત્વ

જે આત્મા પૂર્ણાનંદની પ્રતીતિ અંતરમાં સૂક્ષ્મ સત્‌ની સૂક્ષ્મ પ્રતીતિ થઈ, નિશ્ચયસમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી, એને આવી વ્યવહારશ્રદ્ધા હોય છે, વ્યવહારસમકિતમાં કે ચાર ગતિ છે, ચાર ગતિમાં ભિન્ન ભિન્ન જીવો છે. શું કહે છે જુઓ હવે.

**'મનુનાં સંતાન તે મનુષ્ય છે.'** મનુષ્ય છે તેને સિદ્ધ કરે છે. **'તેઓ બે પ્રકારના છે :'** જુઓ, નીચે લખ્યું છે. 'ભોગભૂમિના અંતમાં અને કર્મભૂમિના આદિમાં...' એ શબ્દ પણ સાંભળ્યો ન હોય, ભોગભૂમિ શું અને કર્મભૂમિ શું. સમજાય છે? પહેલાં આ મનુષ્યક્ષેત્રમાં ભગવાન ઋષભદેવ થયા એ પહેલાં બધી ભોગભૂમિ હતી. ભોગભૂમિ અર્થાત્ એકલા જુગલિયા હતા. પતિ-પત્ની તરીકે (હોય છે). ઉત્પન્ન થાય છે, બહેન-ભાઈ તરીકે અને પતિ-પત્ની તરીકે રહેતા હતા. એવા અઢાર ક્રોડી ક્રોડી સાગરોપમ, અહીંયા ઋષભદેવ પહેલાં ભરતક્ષેત્રમાં હતી. એને ભોગભૂમિ કહે છે. અંતે કર્મભૂમિ આવી. પછી વેપાર-ધંધા આદિના ... એમાં કુલકર મનુષ્યોને, કુલકર મનુષ્ય અગ્રગણ્ય મનુષ્યમાં થાય છે. 'આજીવિકાના સાધન શીખવીને...' બીજા મનુષ્યને આજીવિકાના સાધન શીખવીને 'લાલિત-પાલિત કરે છે તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.' મનુ મનુ. એ મનુની સંતાન તે મનુષ્ય. આ મનુષ્યની સંતાન ચાલી આવે છે માટે. બધાને મનુષ્ય કહેવામાં આવે છે. પહેલાં મનુષ્ય સિદ્ધ કર્યા, કર્મભૂમિ સિદ્ધ કરી, ભોગભૂમિ સિદ્ધ કરી. શું છે?

પહેલાં ભોગભૂમિ હતી. અસંખ્ય વર્ષ પહેલાં ઋષભદેવ ભગવાન પહેલાં એકલા જુગલિયા હતા. કંઈ કમાતા નહોતા. કલ્પવૃક્ષ હતા. એમાં આહાર-પાણી આદિ મળતા હતા. બસ, એ ભોગભૂમિ પછી કર્મભૂમિ થઈ. એકના બે પુત્ર હોય, ચાર પુત્ર હોય, સ્ત્રી વગેરે હોય, વેપાર ધંધો હોય. ઈ કહે છે કે મનુષ્ય કોને કહે છે? **'મનુનાં સંતાન તે મનુષ્યો છે. તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે...'** પુણ્યક્ષેત્રમાં રહેનારાને આર્ય કહે છે. આ છે એવી શ્રદ્ધા કરાવે છે. સમ્યગ્દષ્ટિને વ્યવહારશ્રદ્ધામાં આવી શ્રદ્ધા કરવી. એમ નહિ કે એકલો આત્મા છે, આત્મા છે, બીજું કાંઈ છે જ નહિ. એમ નથી એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાણું કાંઈ? ચાર ગતિ છે, ભવ છે, ભ્રમણ છે, દુઃખ છે સંસારનું, કલ્પનાનું દેવનું સુખ કલ્પનાનું ઈ છે, બધી ગતિ છે. પોતાના આત્માના ભાનના કાળમાં આવી વ્યવહારશ્રદ્ધાના કાળમાં આવી શ્રદ્ધા એને હોય છે.

**'પાપક્ષેત્રમાં રહેનારા તે મ્લેચ્છ છે.'** મ્લેચ્છ લોકો છે. છેને ખંડ? પાંચ ખંડ. આ ભરતક્ષેત્ર છે. એવા છ ખંડ છે. એમાં એક ખંડ આર્ય છે, પાંચ ખંડ અનાર્ય છે, મ્લેચ્છ. **'ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને** ધારણ કરે છે,...' લ્યો. આર્ય નામને ધારણ કરે છે, ભોગભૂમિના બધા. **'જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે...'** આ જુગલિયાની વાત છે. **'અને એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના**

**આયુષવાળા છે.'** શું કહે છે? જુગલિયા જુગલિયા છે. ભોગભૂમિ. મનુષ્યની એક ગાઉની ઊંચાઈ, કોઈની બે ગાઉની ઊંચાઈ. ગાઉને શું કહે છે? કોસ. કોસ કહે છે. એક કોસની ઊંચાઈ, બે કોસની ઊંચાઈ, ત્રણ કોસની ઊંચાઈ. એટલા મનુષ્ય છે અત્યારે અને પહેલાં પણ એવા હતા. અને જેનું એક પલ્યોપમનું આયુષ્ય. એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ જાય. સાંભળ્યું છે કોઈ દિ'? ગુલાબભાઈ! ક્યાં કોઈ દિ' ખબર જ ન મળે, શું તત્ત્વ છે? ઓલો ડિંગ મારે.. આહા..હા..! ઈ અહીં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનું કહેલું, જોયેલું, જાણેલું વ્યવહારશ્રદ્ધામાં ધર્મીને આ ભાવ હોય છે. ત્રણ પલ્યના આયુષ્યવાળા. લ્યો. એ મનુષ્ય કીધા.

હવે નરક, નરક. નીચે સાત નરક છે નીચે. માંસ ખાય, દારૂ પીવે, શિકાર કરે, લંપટી લંપટી પરસ્ત્રીના હોય એ મરીને નીચે નરકમાં જાય છે, નીચે નરકમાં જાય છે. સમજાણું કાંઈ? આ મહારાજા, રાજા મોટા-મોટા હોય છેને શિકાર કરનારા, બધાની ન્યાં પાર્લિયામેન્ટ ભરાય છે ત્યાં નરકની અંદર. **'રત્નપ્રભા,...'** કહો. ગુલાબભાઈ! પહેલી નરકનું નામ રત્નપ્રભા. નામ રત્નપ્રભા છે, ત્યાં તો દુઃખના પાર નથી. માંસ ખાય છે, દારૂ પીવે છે, પરસ્ત્રીના લંપટી છે, માછલા ખાય છે તો ત્યાં જાય છે. રત્નપ્રભા નરક. સમજાણું કાંઈ? નામ રત્નપ્રભા છે.

એક બાઈને પૂછ્યું હતું. એક સાધુએ પૂછ્યું એક બાઈને. ગુલાબભાઈ! એક બાઈને પૂછ્યું, બેન! રત્નપ્રભા જાવું છે? (ઈ કહે), અરે.. મહારાજ! મારા જાવા જાય? આપના જેવા જાય. એટલે અહીં શું (કહેવું છે કે) રત્નપ્રભા કોને કહેવું ખબર નથી. આપ જાય, અમારા જેવા (ક્યાંથી જાય)? ઓલા રત્ન... આ એમ કહે છે કે રત્નપ્રભા એક નરક છે, નીચે નરક છે. દસ હજાર વર્ષની થોડામાં થોડી, અલ્પમાં અલ્પ સ્થિતિ છે અને મોટી સ્થિતિ સાગરોપમની છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એવા રાજા મહારાજા અનંતવાર નરકમાં ગયા. આ જીવ પણ અનંતવાર ત્યાં નરકમાં ગયો. આત્માના સમ્યગ્દર્શન ને જ્ઞાન, ભાન વિના. સમજાણું કાંઈ? આત્માના સમ્યગ્દર્શન વિના, અનુભવ વિના, આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એમાં આનંદ છે, શાંતિ છે, સુખ છે, બીજામાં ક્યાંય શાંતિ, સુખ નથી, એવા આત્માના અનુભવ વિના આવી નરકમાં એક વાર નહિ પણ અનંતવાર ઉપજ્યો. દરેક પ્રાણી અનંતવાર ઉપજ્યો. **'રત્નપ્રભા, શર્કરાપ્રભા,...'** એ નામ છે બધા. **'વાલુકાપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા...'** મહાતમઃપ્રભા સાતમી નરક છે. **'નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે.'**

**'પહેલી નરકના નારકી એક સાગરોપમના આયુષ્યવાળા છે,...'** પહેલી નારકીનું આયુષ્ય એક સાગરોપમ. ઉત્કૃષ્ટ એક સાગરોપમ. જેમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. **'બીજી નરકના નારકો ત્રણ સાગરોપમના આયુષ્યવાળા છે, ત્રીજી નરકના નારકો સાત સાગરોપમના આયુષ્યવાળા છે, ચોથી નરકના નારકો દસ સાગરોપમ, પાંચમી નરકના**

**સત્તર સાગરોપમ, છઠ્ઠી નરકના બાવીશ સાગરોપમ અને સાતમી નરકના નારકો તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા છે.'** ૪૧ પાને છે ૪૧. સમજાણું કાંઈ? આ બધા છે નારકી સાત. એકલા આત્મા આત્માની વાત કરે પણ આ છે. અત્યાર સુધી રખડ્યો ક્યાં? જો આત્માનું ભાન ન કર્યું તો રહ્યો ક્યાં? કોઈ ગતિ છે કે નહિ? કોઈ સ્થાન છે કે નહિ? એના પાપ પણ છે કે નહિ? એ બધું છે એમ વ્યવહારશ્રદ્ધામાં સમકિતી માને છે.

**'હવે વિસ્તારના ભયને લીધે સંક્ષેપથી કહેવામાં આવે છે :— તિર્યંચોના ચૌદ ભેદ છે.'** તિર્યંચના. **'(૧-૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩-૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫-૬) દ્વીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭-૮) ત્રીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૯-૧૦) ચતુરિંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૧-૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત,...'** એ બધી વ્યાખ્યા છે. **'(૧૩-૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.'** મનવળા (અને) ઓલા મન વિનાના. **'દેવોના ચાર નિકાય (સમૂહ) છે :'** દેવ. **'(૧) ભવનવાસી,...'** દેવ છે નીચે. નીચે ભવનવાસી દેવ છે. **'(૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.'** વૈમાનિક.

**'આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા. અહીં...'** બહુ ન કહ્યું એનું કારણ **'આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય...'** અમારે તો આત્મના સ્વરૂપનું નિરૂપણ કરવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ આનંદકંદ અનંતગુણનો પિંડ પ્રભુ છે એનું જ અમારે તો નિરૂપણ કરવું છે. સમજાણું કાંઈ? એ તદ્દન નીચે છે. જ્યાં બતાવે છે ત્યાં નથી. ત્યાં પણ પાછું સરખું બતાવો તમને. જોવે ઊંચે અને હોય હેઠે. જુઓ, હેઠે છે. પણ ઈ ઉતાવળ કરે છે એકદમ. પરમાગમમાં આ વિસ્તાર સત્‌શાસ્ત્રમાં છે. અહીંયા બહુ નથી કરતાં એનું કારણ આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થશે. કહો, સમજાણું કાંઈ? આત્મા નિર્વિકલ્પ અભેદ સ્વરૂપનું અમારે તો નિરૂપણ કરવું છે અને એના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું જ અમારે કથન કરવું છે. એમાં આ વિસ્તાર કરવાથી આત્માના નિરૂપણમાં અંતરાય પડશે. **'તેથી સૂત્રકર્તા આચાર્યમહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.'** કુંદકુંદાચાર્ય બહુ વિશેષ કહ્યું નથી. હવે આ બાજુ.

**'(હવે, આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :)'** લો.

(मन्दाक्रांता)

स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य देवा-
ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।

अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नो ऽस्तु सूतिः
भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः।।२८।।

જુઓ, પદ્મપ્રભમલધારિદેવ મુનિ આજથી પહેલાં લગભગ ૮૦૦ વર્ષ પહેલાં થયા છે. એમણે આ ટીકા કરી છે. શ્લોક બનાવ્યા છે કુંદકુંદાચાર્યે, ટીકાકાર પોતે કહે છે. મુનિ પંચમહાવ્રતધારી દિગંબર સંત જંગલમાં રહેવાવાળા. ઈ કહે છે, '(**હે જિનેન્દ્ર!**)' ન્યાંથી ઉપાડ્યું છેને? હે વીતરાગદેવ જિનેન્દ્ર. '**દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં,...**' એ તો વિચાર કરે છે, હોં! પોતાના સ્વરૂપમાં તો હું શુદ્ધ ચિદાનંદ છું, મારી દૃષ્ટિમાં તો રાગાદિ કે કર્માદિ ઉત્પન્ન થતા જ નથી. સમજાણું કાંઈ? પણ કદાચિત્ મારા ઓછા પુરુષાર્થથી એ રાગાદિ રહી જશે અને કોઈ સ્થાનમાં હોઉં તો હું તો આત્માની ભક્તિ કરવાવાળો છું, આનંદકંદની અને આપની ભક્તિ, બે. એ સિવાય મને કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ? આ સિદ્ધ કરે છે. '**દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં,...**' મુનિ છેને ઈ આત્મજ્ઞાની મુનિ છે, આત્મધ્યાની છે. એ તો સ્વર્ગમાં જ જાય છે. વૈમાન. વર્તમાનમાં કેવળજ્ઞાન તો છે નહિ. પોતાના શુદ્ધ આનંદસ્વરૂપનો અનુભવ કરતાં કરતાં થોડો રાગ બાકી રહે છે તેથી વર્તમાનમાં મુનિ તો સ્વર્ગમાં જ જાય છે. બીજી ગતિ એમને હોતી નથી. તો દૈવયોગે પહેલાં ઈ લીધું. મારો પુરુષાર્થ ઓછો છે. હું આનંદસ્વરૂપમાં રમણતા કરું છું, પણ મારી ચારિત્રદશા હજી નિર્મળ પૂર્ણ નથી. વીતરાગ યથાખ્યાત પ્રગટ છે એવી દશા નથી. તો હું દૈવયોગે... પહેલાં ઈ લીધું. ગતિમાં પહેલાં દેવ લીધી. સ્વર્ગમાં હોઉં.

'**આ મનુષ્યલોકમાં હોઉં,...**' અત્યારે પણ મનુષ્યલોકમાં હોઉં અને પછી પણ મનુષ્યલોકમાં (હોઉં). ધર્માત્મા આત્મજ્ઞાની આત્મદર્શી છે એ તો સ્વર્ગમાંથી મનુષ્યલોકમાં જ આવે છે. બીજો કોઈ અવતાર છે જ નહિ. '**વિદ્યાધરના સ્થાનમાં હોઉં,...**' કદાચિત્ એમ. અહીંથી જતાં હું સ્વર્ગમાં હોઉં અને ક્યાંક જવું પડ્યું, કોઈ વિદ્યાધરના સ્થાનમાં હોઉં '**જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં, નાગેંદ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં,...**' એ તો ક્ષેત્રની વાત કરી. આ બધા સ્થાનને સિદ્ધ કર્યા છે કે આ બધા સ્થાન છે. અને '**જિનપતિના ભવનમાં હોઉં...**' એ સિદ્ધ કર્યું છે. જિનેન્દ્રના, જિનપતિના ભવન. સમવસરણ હો કે ભગવાનની ભક્તિમાં જિનેન્દ્રના જિનાલય છે સ્વર્ગમાં. સ્વર્ગમાં જિનાલય છે. જિનપ્રતિમા રત્નની છે, ઈન્દ્રો સમકિતી ભક્તિ કરે છે. સ્વર્ગમાં જિનાલય (છે) તો કહે છે કે જિનાલયમાં કદાચિત્ હોઉં. સમજાણું કાંઈ? આ બધું યાદ કરે છે કે આવી વસ્તુ છે. સ્વર્ગમાં મંદિર હોય, જિનમંદિર. ત્યાં ભગવાનની પ્રતિમા છે. અષ્ટાહ્નિકા. (નંદીશ્વર) દ્વીપ, બાવન જિનાલય છે. તેર તેર છે. સમજ્યાને? એમાં ૧૦૮ રત્નની પ્રતિમા છે. ઈન્દ્રો ભગવાનની ભક્તિ કરવા માટે અષ્ટાહ્નિકામાં જાય છે, તો કદાચિત્ હું ત્યાં પણ હોઉં, એમ. અહીંથી સ્વર્ગમાં જઈને હું ત્યાં પણ કદાચિત્ હોઉં.

**'અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્‌ભવ ન હો,...'** આહા..હા..! હું તો આત્મા છું, પ્રભુ! મારો શુદ્ધ વીતરાગી આનંદસ્વરૂપ હું છું. મને વિકાર ઉત્પન્ન ન થાઓ એ જ મારી ભાવના છે. એનો અર્થ કે હું તો નિર્વિકારી આત્મામાં દૃષ્ટિમાં રહું એ મારી ભાવના છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ ધર્મીએ સ્થાન કાઢ્યા. ચાર ગતિ છે, જિનપતિના ભવન છે, જ્યોતિષ્ક છે, વૈમાનિક છે, બધું છે. નરક પણ છે, હો. હું તો આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય છું. મારા આનંદમાં વાસ હો, મારા નિજસ્વરૂપમાં ટકવું થાઓ એ જ મારી ભાવના છે. મને કર્મ ઉત્પન્ન ન થાઓ અને કર્મથી ભવ છે એ મને હોતા નથી. એમ ધર્મી પોતાના સ્વરૂપની ભાવના કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસંતીલાલજી! જુઓ મુનિ છે પંચમઆરાના. આત્મજ્ઞાની હોં! દ્રવ્યલિંગી અનંતવાર થયો એવા નહિ.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન...' આવ્યું હતુંને? સવારે છ ઢાળામાં આવ્યું હતું. દૌલતરામજી કૃત. દૌલતરામજીમાં આવ્યું હતું. અનંતવાર મુનિપણું લીધું દ્રવ્યલિંગી આત્મભાન વિના. બહાર મુનિ થઈ ગયો. બ્રહ્મચારી જાવજીવનો થયો, સમજાણું કાંઈ? ત્યાગી થયો. હજારો રાણીનો ત્યાગ. જાવજીવ બાળબ્રહ્મચારી (રહ્યો). શું થયું એમાં? પોતાનો આત્મા એક સમયમાં અખંડ પૂર્ણાનંદ પરમેશ્વર છે એવા નિજ આનંદનો અનુભવ, સમ્યગ્દર્શન થયા નહિ તો એમાં કંઈ લાભ છે, બીજામાં કાંઈ લાભ નથી. સમજાણું કાંઈ? અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા પણ આત્મજ્ઞાન વિના, આત્માના અનુભવ વિના એ બધું ફોગટ ગયું. કાંઈ લાભ નહિ. સમજ્યા? આત્મજ્ઞાન વિના લેશ સુખ ન પાયા. હું પરમાં ગયો, ત્યાગી થયો, બ્રહ્મચારી થયો અનંતવાર, પણ આ આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અસ્તિ મહાન પદાર્થ છે એનો અંતર અનુભવ, સમ્યગ્દર્શન વિના લેશ સુખ ન પામ્યો. ક્યાંય મને સુખ મળ્યું નહિ. સુખ તો મારા આત્મામાં છે એમ અનંતકાળમાં મને ભાસ થયો નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પૂર્વે પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પણ અનંતવાર પાળ્યા, એમાં સુખ નથી. એ તો પંચમહાવ્રતના પરિણામ રાગ છે, દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'મુનિવ્રત ધાર...' આવ્યુંને? 'અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એમાં સુખ ન આવ્યું, જુઓ, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક...' પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય (પાળ્યા). એક લંગોટી પણ નહિ. એવો ત્યાગ અનંતવાર કર્યો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા'. એ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરિણામ થયા એ પણ રાગ હતો અને દુઃખ હતું. બરાબર છે? આહા..હા..! અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા. લોકો તો એમ માને એને દેખીને, આ તો અત્યારે સાધારણ છે એમાં આહા.. થઈ જાય, ઓલું તો એવું દેખે લોકો... આ..હા..હા..! આ તો ભારે ત્યાગી બ્રહ્મચારી છે! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક...' આ તો અત્યારે તો એવો કોઈ છે જ નહિ. સમજાય છે કાંઈ? અને લાખો માણસમાં આમ ભાષણ આપે

તો લોકોને એમ થઈ જાય.. આહા..હા..! રંજન.. રંજન.. રંજન.. મનોરંજન. આત્મરંજન થયો નહિ. સમજાણું કાંઈ? આત્માનું લેશ સુખ ન પામ્યો. ચિદાનંદ પ્રભુ પુણ્ય પાપના રાગથી રહિત છે, શુભાશુભભાવથી રહિત છે એવા આત્માનો અનુભવ એક સમય પણ અનંત (કાળમાં) કર્યો નહિ. અનંતભવમાં કદી ન કર્યો તો ચાર ગતિમાં દુઃખ, દુઃખ, દુઃખ (પામ્યો).

કહે છે કે '**આપના પાદપંકજની ભક્તિ હો.**' હે નાથ! સર્વજ્ઞ પરમેશ્વર આપના ચરણની (ભક્તિ હો). એનો અર્થ કે આપે જે આત્માનું સ્વરૂપ કહ્યું એની દૃષ્ટિ અને જ્ઞાન મને રહો અને શુભભાવ થાય તો આપની ભક્તિ હો. બીજું અમારે કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ? '**ફરી ફરીને આપના પાદપંકજની...**' ફરી ફરીને એમ છેને? '**મને કર્મનો ઉદ્‌ભવ ન હો, ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો.**' ભક્તિના બે પ્રકાર છે. નિશ્ચય અને વ્યવહાર. પોતાનું શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અંતરની અનુભવ દૃષ્ટિ કરવી તે નિશ્ચયભક્તિ છે. સમજાણું કાંઈ? અને ભગવાનની ભક્તિ તે વ્યવહારભક્તિ છે. તો જ્યાં નિશ્ચય છે ત્યાં વીતરાગતા પ્રત્યે આવો ભક્તિભાવ આવે છે. તો વ્યવહારભક્તિ પણ એમાં સિદ્ધ કરી. કહો, સમજાણું કાંઈ? હવે ૨૯ (શ્લોક).

(शार्दूलविक्रीडित)

नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च
त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।
तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं
भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि।।२९।।

જુઓ, મુનિરાજ શું કહે છે? પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, જંગલવાસી દિગંબર છે. એક દોરો પણ નથી. એ ઉપદેશ કરે છે. કહે છે, '**નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને...**' મોટા રાજા હોય છે, નરાધિપતિ—નરના અધિપતિ રાજા. અનેકવિધ મહા વૈભવ. રાણીઓ, હાથી, ઘોડા, સોનું, રત્ન, બંગલા મણિરત્નના એવું '**સાંભળીને તથા દેખીને, હે જડમતિ! તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે!**' આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! તારો ભગવાન બિરાજે આનંદમય અંદર ચૈતન્યરત્ન એને તું નિરખતો નથી અને બહારની આવી જડની દૃષ્ટિ (રાખે છે), શું કરે છે? એમ કહે છે. પુણ્યથી સહેજે થઈ જશે એમ બતાવે છે.

'**અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને,...**' દેખે આમ આહા..હા..! આ દેવ ને આ રાજા ને પૈસા ને લક્ષ્મી ને રાણીઓ મોટી પદમણિ જેવી. '**હે જડમતિ!**' આવા પુણ્યના વૈભવને જોઈને તને પ્રીતિ થાય છે તો તું જડમતિ છે.

**શ્રોતા :—** ... જડ થઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, હા; જડ જ થઈ ગયોને. શું છે? આત્માનું ભાન નથી, પુણ્યને ઈચ્છે છે એ જડબુદ્ધિ છે. (ચાકળો) છે જુઓ, 'જેને પુણ્યની રુચિ છે તે જડની

રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી', છે? જેને ભગવાન આત્મા આનંદકંદ શુદ્ધ ચિદાનંદની રુચિ દૃષ્ટિ અનુભવમાં નથી અને પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, શુભ આદિ પરિણામની જેને રુચિ છે, તે પુણ્ય વિકાર છે. વિકારની રુચિ છે તે જડની રુચિ છે, અચેતનની રુચિ છે. આહા..હા..! એ પુણ્ય અચેતન છે. શું? ચૈતન્ય નહિ. ચૈતન્ય જ્ઞાનાનંદસ્વરૂપ છે. શુભભાવ ઉત્પન્ન થાય છે તે પણ ચૈતન્યની વિપરીત પર્યાય વિકારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે શુભભાવની પુણ્યની રુચિ એને પણ અહીં જડમતિ કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એની રુચિ તને કેમ થાય છે? એમ. ભોગવે છે કોણ? પરને કોણ ભોગવી શકે છે ત્રણકાળમાં? આત્મામાં રાગ થાય છે. રાગને ભોગવે. જડને કોણ ભોગવે? પરને કોઈ ભોગવી શકે છે? પરપદાર્થ જડ માટી ધૂડ છે, આત્મા તો અરૂપી છે. અરૂપી શું પરપદાર્થને ભોગવી શકે? પરનું લક્ષ કરીને રાગ-દ્વેષ કરે છે, એ રાગ-દ્વેષને ભોગવે. સમજાણું કાંઈ? શું જડને ભોગવી શકે છે આત્મા? આ માખણ ને લાડવા ખાઈ શકે છે આત્મા? એ તો જડની ક્રિયા છે. આત્મા સ્પર્શ કરે છે? સંપર્ક. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકની ક્યાં, અનંત તીર્થંકરો આમ કહે છે. માણસની સંખ્યાનું અહીંયા શું કામ છે? સંખ્યાનું ક્યાં કામ છે અહીંયા? સત્ય સૂક્ષ્મ તત્ત્વ આવું છે.

ભગવાન આત્મા જડની પ્રીતિ કરો તોપણ જડનો ભોગ તો એને થતો જ નથી. એને ભોગ મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષનો ભોગ થાય છે. સમજાણું કાંઈ? ઈ તો કહે છે. જુઓ, **'હે જડમતિ! તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે!'** અરે..! એવા ભોગ જોઈને.. આહા..! એ ભોગ (નહિ), તારો ભોગ અંદર છે. અતીન્દ્રિય આનંદ અનુભવ છે એને તો જોતો નથી અને આવા પુણ્યના ફળને જોઈને તેનો નિષેધ કરે છે. આવા પુણ્યના ફળ જોઈને તને ગલગલિયા-પ્રીતિ કેમ થઈ જાય છે? ગલગલિયાને શું કહે છે? એઈ..! શું થાય છે તને? ભગવાન આત્મા અનાકુળ આનંદથી ભરેલો છે, શાંતરસનો કંદ આત્મા છે. એમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. ભગવાનને જેવો આનંદ પ્રગટ થયો છે એવો આનંદ પોતાના આત્મામાં છે. શું ભગવાનને આનંદ પ્રગટ થયો તે બહારથી આવ્યો છે? અંદરથી આવ્યો છે. સમજાણું કાંઈ? પોતાના આત્માના અતીન્દ્રિય અનુભવનો ભોગ છોડીને, અરે..! મૂઢ! પૂર્વના પુણ્યના ફળ જે રાજ આદિ દેખે છે એમાં તને શું બુદ્ધિ થઈ ગઈ? ઓ..હો..હો..! શું રાજા ને શું રાણી ને શું એના ભોગ! ઈ હમણા આવ્યા હતાને? મુંબઈમાં, એઈ..! ખબર છેને? પોપ પોપ. જાવું છે નરકમાં હવે એને, હેઠે. આ વાત કેમ બેસે જગતને? અહીં મોટો ... ધૂડમાંય નથી ક્યાંય. એકલા માંસની દુકાન. પોપ આવ્યો તો કેટલી માંસની દુકાન, કેટલા કુકડા, કેટલા ઈંડા. આ ગુરુ લ્યો. ગુરુ કેવો ઈ? ભાન વિનાના જીવો મૂઢ જ્યાં ત્યાં માથા

પછાડે છે.

ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ એક સમયમાં આનંદકંદ છે. એની જેને રુચિ નથી, એની અંદરમાં દૃષ્ટિ નથી અને આવા ભોગ જોઈને.. આહા..હા..! આપણે આવા ... મોટા. ધૂડમાંય એમાં નથી. એનું પરિણામ તો નરક છે નીચે. કોણ માને અત્યારે? આ દુનિયા આંધળી. આંધળે આંધળા દેખે છે. સમજાણું કાંઈ? લાખો, કરોડો મનુષ્યો માને. ઓહો..હો..! ધર્મગુરુ. શું ધર્મગુરુ? ... ધૂડમાં. કીડીના નગરા બહુ હોય છે. કીડી ઘણી થાય તો શું કીડી માણસ થઈ જશે? ચીંટીયાં. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અરે..! જીવ! તારા આત્મામાં આનંદ છે એની દૃષ્ટિ કર્યા વિના અને તારા આનંદનો અનુભવ સમ્યગ્દર્શનમાં કર્યા વિના આ '**ફોગટ ક્લેશ કેમ પામે છે!**' બહારના આવા ભોગ જોઈને.. ઓહો..! આ સુખી છે. આટલા સુખી, આહા..! રાજાને ખમ્મા ખમ્મા કરે. મખમલના મોટા કોટ પહેર્યા હોય. ગોરા હોયને? એ તો પહેરે છેને લાંબુ લપસિંદર. લાંબુ રાખેને આમ ઈ મોટો કહેવાય. હાથમાં લાકડી હોય અમુક હીરાની. ધૂડ છે. દુઃખી છે, દુઃખી મહાપાપી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વર્તમાનમાં તો મજા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડ, દુઃખી છે. વર્તમાનમાં પણ મજા નથી કરતો. મૂઢને ભાન નથી. સનેપાતિયાને ભાન નથી તો સનેપાતિયો હરખ કરે છે. સુખી છે? સન્નિપાત કહે છેને? શું કહે છે? સન્નિપાત. એ સનેપાતિયા છે, બીજું શું છે? પૈસામાં ને આબરૂમાં ને કીર્તિમાં ને શરીર સુંદરમાં, ભાષા અનુકૂળમાં જે સુખ માને છે તે મૂઢ છે. જડમાં માને છે. કહ્યુંને? '**હે જડમતિ**' મૂઢ થઈ ગયો છો. તને આત્માનું ભાન નથી અને આવા પુણ્યના ફળમાં તને આહા..હા.. આહા..હા..! શું થયું? આહા..હા..! '**તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે!**' અહીં તો હજી બતાવે છે, '**તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે.**' એમ કહે છે. એવા વૈભવ તો પુણ્યથી પ્રાપ્ત થાય છે.

'**તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે,...**' આવા ઊંચા પુણ્ય તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન એની પૂજા કરવાવાળાને એવા પુણ્ય તો એમાં ખડમાં આવી જાય છે. ખડને શું કહે છે? ઘાસફુસ. આત્માનો ધર્મ કરે છે, શુદ્ધ આત્માના આનંદની સંવર, નિર્જરા થાય છે એમાં આવા રાગના ઘાસફુસ તો આવી જાય છે. એમાં શું તું ઈચ્છા કરે છે, એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે (પુણ્યોપાર્જનની) શક્તિ...**' ખરા પુણ્યની હોં! ઈ પાછું ઓલું દેખીને એવું નહિ. '**જિનનાથના પાદપદ્મયુગલ...**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ ત્રણલોકના નાથ, સો ઈન્દ્રથી પૂજનિક પ્રભુ પરમેશ્વરના પાદપદ્મ—પગરૂપી કમળ એની યુગલ પૂજા, બે પગની પૂજાથી તને એવા પુણ્ય થશે કે તને ઈચ્છા વિના એ વસ્તુ પ્રાપ્ત થઈ જશે. તારે કામ શું છે એ વસ્તુનું?

કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** આશ્વાસન આપે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આશ્વાસન નથી આપ્યું. તું મૂઢ છો. આવું માંગે છે? તારા સ્વરૂપની દૃષ્ટિ કર તો એમાં આવ્યું પુણ્ય થઈ જશે. તને સહેજે મળી જશે.

**શ્રોતા :—** પણ મળી જશે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો ફળનું જ્ઞાન કરાવ્યું. જ્ઞાન કરાવ્યું. સમ્યગ્દૃષ્ટિને પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવથી તો સંવર, નિર્જરા થશે. પણ થોડા ભક્તિનો, પંચમહાવ્રતનો રાગ રહી ગયો એનાથી એવા પુણ્ય બંધાઈ જશે કે દુનિયામાં ન હોય એવા પુણ્ય એને બંધાઈ જશે. સહેજે બંધાઈ જશે, તારે ઈચ્છા નહિ કરવી પડે. ઈચ્છા કરે એને તો પાપ બંધાય. સમજાણું કાંઈ? દેડકાનું નથી આવતું? એક દેડકો હતો. દેડકો-મંડુક મંડુક. ભગવાનના દર્શન કરવા જતો હતો ફૂલ મુખમાં લઈને. દેડકો. શ્રેણિકરાજાના વખતમાં. જ્યાં દર્શન કરવા જાય છે ત્યાં હાથીના (પગ) નીચે કચરાઈ ગયો. કચરાઈ ગયો અને ત્યાંથી દેવ થયો. સમજાણું કાંઈ? જ્યાં સમવસરણમાં ગયો. શ્રેણિકરાજા હજી તો અહીં હાથી ઉપર બેસતા હતા. ભગવાનના દર્શન કરવા જવા માટે. લાખો માણસ સાથે, રાણીઓ. ભગવાન સમવસરણમાં બિરાજતા હતા, મહાવીર ભગવાન. દેડકો આટલું ફૂલ લઈને આવ્યો હતો. દર્શન કરવા જતો હતો. પૂર્વમાં વાણિયો હતો. મરીને દેડકો થયો હતો. પછી એને જાતિસ્મરણ થયું, સ્મરણ આવ્યું કે અરે..! આ ભગવાન આવ્યા. એમાં શ્રેણિકરાજાનો હાથીનો પગ આવી ગયો. મરી ગયો. શ્રેણિકરાજા જ્યાં ભગવાન પાસે પહોંચે છે, ત્યાં તો સ્વર્ગમાં દેવ (થયો). દેવ આવીને દર્શન કરે છે તરત. ક્ષણમાં ત્યાં દેવ થયો, ભક્તિના પ્રતાપથી. આવે છે કે નહિ કથા? આત્માનું જ્ઞાન કરીને જે ભગવાનની ભક્તિ થાય એ પુણ્યની તો શું વાત કરવી! સમજાણું કાંઈ? પુણ્ય તો સાધારણ ઘાસફુસ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જે પુણ્ય ઉત્પન્ન થાય છે એ તો ઘાસફુસ છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરવાથી જે સંવર, નિર્જરા થાય છે એ અનાજ અને એ પાક છે. બાકી પુણ્ય તો વચ્ચે થાય છે, એમાં શું આવ્યું ધૂડમાં? ઈ કહે છે. સમજાણું કાંઈ?

**'જિનનાથના પાદપદ્મયુગલની...'** એમ કરીને ભક્તિ (કરે છે). ત્રણલોકના નાથ પરમેશ્વર. આ તું ત્રણલોકનો નાથ તું છો એની દૃષ્ટિ જો તને થઈ અને તને આત્માનો સમ્યક્ અનુભવ થયો તો જિનનાથની ભક્તિનો શુભરાગ તને આવ્યા વિના રહેશે નહિ અને એ ભાવમાં તને એવા પુણ્ય બંધાઈ જશે કે સહેજે સ્વર્ગ મળી જશે અને અહીંયા ચક્રવર્તી અને તીર્થંકરપદ પણ સહેજે મળે. એમાં શું છે? એવી આશા શું કામ કરે છે આવા પુણ્ય જોઈને? ઓહોહો.. આહાહા..! ભારે પુણ્યવાળો! સરવાળો શું છે? સમજાણું કાંઈ? સાંજની સંધ્યા ખીલે લાલ લાલ, લાલ લાલ, પછી સૂર્યાસ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? એમ સંસારના અજ્ઞાનીના

પુણ્ય નાશ થઈ જાય છે. ધર્મી શુભભાવ કરે છે એ સવારની સંધ્યા છે. સવારની સંધ્યા હોય છેને? સંધ્યા. સંધ્યા પછી સૂર્ય ઊગે છે. એમ ધર્મી પુણ્યની ઈચ્છા કર્યા વિના આત્માની ભાવના કરતાં-કરતાં એવો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો આવે છે, પણ એ રાગનો નિષેધ છે તો પોતાનો ચૈતન્યસૂર્ય જાગ્રત થઈ જશે. અજ્ઞાનીના રાગમાં ચૈતન્યસૂર્ય અસ્ત થઈ જશે. ઈ કહે છે મૂળ તો. ભગવાનની ભક્તિ તને થઈ તો આવા વૈભવ તો ઘાસફૂસ છે. સમજાણું? ભાષા સમજાય છે? થોડી થોડી ગુજરાતી આવી જાય, હિન્દી સાધારણ આવડે છે.

કહે છે, જિનનાથના પાદપદ્મયુગલની ભક્તિ હોય, **'જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય,...'** વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર એમણે કહ્યા એવા આત્માની તને દૃષ્ટિ હોય અને આવા ભગવાનની તારી ભક્તિ હોય **'તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે.'** સહેજે હશે. તને શું ઈચ્છા છે? આવશે, આવશે. માંગે તેને આઘે અને ત્યાગે તેને આગે. સમજાણું કાંઈ? જે કોઈ ભોગ માંગે છે તેને દૂર જાશે, ભોગ નહિ મળે અને ત્યાગ કરશે કે મારો આત્મા મને જોઈએ, મને બીજી કોઈ વસ્તુ જોઈતી નથી. એમાં કોઈ વિકલ્પ રહી જાય તો સાધારણ એવી લક્ષ્મી તો જ્યાં જન્મે ત્યાં આગળ આગળ આવશે. આગળ આવી જશે, એની ઈચ્છા કરવી પડશે નહિ. સમજાણું કાંઈ? લ્યો, લોકમાં એ વાત નાખી. ચાર ગતિની વાત પતાવી એમાં આ નાખ્યું. અમારે તો પરમાત્મા, અમારો પરમાત્મા અમારો અને બીજા પરમાત્મા પરમેશ્વર. અમારા પરમાત્માની દૃષ્ટિ, બહારના પરમાત્માની ભકતિ. એ સિવાય અમારે કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ? હવે ૧૮મી ગાથા.

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो।।१८।।**
**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

તત્ત્વજ્ઞાન નાખ્યું એમાં. જુઓ, સમ્યગ્દૃષ્ટિ ... જાણે છે.

**'ટીકા :— આ કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.'** ટીકા છેને. **'આત્મા...'** જુઓ, સમજાવે છે શું વસ્તુ છે. **'આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે,...'** અનુપચરિત નિકટવર્તી અસદ્‌ભૂત જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. દેખો, વળી આવ્યું આ. ચોખ્ખુ કરીએ છીએ. એમ જવા દઈએ એવા નથી એક પણ શબ્દ! શું કહે છે? આત્માનો એવો સ્વભાવ છે કે આ બહારની વસ્તુ છેને? લક્ષ્મી, વેપાર, કુટુંબકબીલા એનો તો કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ? પણ ઉપચારથી એ ક્રિયા થાય છે ત્યારે નિમિત્તપણું જોઈને ઉપચારથી અજ્ઞાનીને કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. જ્ઞાની તો નિમિત્તથી પણ કર્તા નથી

એમ અહીંયા સિદ્ધ કરવું છે. આહા..હા..! શું કહ્યું સમજાણું?

અહીં અનુપચરિત લીધું છેને? કર્મ નજીકમાં છેને નજીક. આત્મના એક ક્ષેત્રમાં છેને એટલે અનુપચરિત લીધું છે. આત્માના ક્ષેત્રથી બહાર આ મકાન, લક્ષ્મી, વેપાર, ધંધા, દાળ, ભાત, શાક, કપડા, દાગીના આદિની જે ક્રિયા થાય છે એનો આત્માને કર્તા કહેવો એ ઉપચરિતનયથી વ્યવહારથી આરોપિતનયથી છે. આરોપિત વ્યવહાર તો છે, પણ અસદ્‌ભૂત દષ્ટિથી છે. જૂઠી દષ્ટિથી કહેવામાં આવે છે કે એનો કર્તા છે. આત્મા પરનું કરી શકતો નથી. વસંતીલાલજી!

હવે જડકર્મ જે અંદરમાં છે માટી જે આઠ કર્મ. જડ જે બંધાય છે. આત્મા જે પુણ્ય પાપ ભાવ કરે છે તો જડકર્મ બંધાય છે. તો એ જડકર્મમાં નજીક છેને આત્માથી એકક્ષેત્રાવગાહ રજકણો. નિકટવર્તી અનુપચરિત. અનુપચરિત નામ સંબંધમાં છે. પહેલાં ઉપચરિત કહ્યું તે દૂર છે. મકાન, સ્ત્રી, વેપાર દૂર છે. એનો કર્તા કહેવો તે અસદ્‌ભૂત ઉપચારથી આરોપિત કથન છે. કરી શકતો નથી.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— તે પણ વ્યવહારથી. અહીં તો કર્મનું સાથેને સાથે છે સદાય એટલે. આ પુસ્તકનું લખવું એનો કર્તા, કહે છે કે આત્મા નથી ત્રણકાળમાં ત્રણલોકમાં એમ કહે છે. એ પુસ્તકનો કર્તા એ પર્યાય પરમાણુની જ્યારે થાય છે ત્યારે આત્માનો વિકલ્પ છે તેન નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત છે તો ઈ અપેક્ષાથી ઉપચારથી કર્તા કહેવામાં આવે છે. કોને? મિથ્યાદષ્ટિને. ભાઈ! આહા..હા..!

મિથ્યાદષ્ટિ જેને આત્માનું ભાન નથી એ પરવસ્તુનો તો કર્તા છે નહિ. કપડાનો, પુસ્તકનો, દાગીના.. દાગીનાને શું કહે છે? ઝેવર. આ ખાવા-પીવાની ક્રિયાનો કર્તા નથી, એ જડની પર્યાય છે. પણ એમાં એનો રાગ છે, રાગ નિમિત્ત જોઈને એ સંબંધમાં ઉપચારથી કર્તા કહે છે, તે પણ મિથ્યાદષ્ટિને એનો ઉપચારથી કર્તા કહેવામાં આવ્યો છે. આહા..હા..! ધર્મી જીવ તો એનો ઉપચારથી પણ કર્તા નથી. સમજાણું કાંઈ? ભારે કઠણ વાત. આમાં તો અનંત પદાર્થ પર છે એ સિદ્ધ કર્યું. કર્મ જડ અનંત છે એ સિદ્ધ કર્યું અને એનો રાગ જે અજ્ઞાની કરે છે અને રાગનો જે કર્તા થાય છે તે જ જીવ જડ કર્મનો નિકટમાં આવનારાનો અનુપચરિતથી કર્તા છે (એમ કહેવામાં આવે છે). કરી શકતો નથી, એ તો જડ છે. માટે અસદ્‌ભૂતનય છે, જૂઠી નય છે. સમજાણું કાંઈ? અસદ્‌ભૂતનયથી નિમિત્તથી કહેવામાં આવે છે. કોને? મિથ્યાદષ્ટિ જીવના રાગને નિમિત્ત જોઈને નવા કર્મ બંધાય છે તેનો અનુપચાર નિકટવર્તી અસદ્‌ભૂતનયથી કર્તા કહેવામાં આવે છે. જ્ઞાની તેનો કર્તા નથી. સમ્યગ્દષ્ટિ તો પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિયમસારમાં આ સાર!

ધર્મીજીવ ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રીઓના વૃંદમાં હો, 'મારું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ છે' એવી અંતર દષ્ટિને કારણે પોતાની શુદ્ધ પરિણતિ જે નિર્મળ થાય છે તેનો એ કર્તા–

કર્મ એ પણ ભેદથી કહેવામાં આવે છે. આહા..હા..! ભેદ છેને, આ કર્તા અને આ કર્મ ભેદ પડ્યોને. સદ્ભુત વ્યવહાર છે ઈ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છે એનું સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્મી પોતાના શુદ્ધ પરિણામ જે નિર્મળ વીતરાગી આનંદ આદિ થાય છે તેનો કર્તા સદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. રાગ છે તેનો કર્તા સમ્યગ્દૃષ્ટિ છે જ નહિ. મિથ્યાદૃષ્ટિ, જે રાગ વિકલ્પ ઉઠે છે તેનો રચનાર માને છે તેને કર્મબંધન થાય છે. તો કર્મબંધનમાં એનો રાગ નિમિત્ત પડે છે તો અનુપચાર વ્યવહાર અસદ્ભૂત દૃષ્ટિથી કર્તાનો આરોપ કરીને તે કર્તા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આમાં સમજવું ભારે ઝીણું, ભાઈ! ઓલી વાત હોય, આમ કરો પછી વિકલ્પ તોડો. આમ ન કરો. શું પણ? વસ્તુ શું છે? સમજાણું કાંઈ? કઠણ લાગે. લોકોએ અનાદિથી એ વાતને લક્ષમાં લીધી નહિ. આહા..હા..!

શ્રીમદ્દે ન કહ્યું? હે નાથ! આપના કહેલા તત્ત્વોનો મેં કદી વિચાર કર્યો નથી. શ્રીમદ્માં આવે છે. ગુલાબભાઈ! શ્રીમદ્માં હોં! એમને તો સાત વર્ષની ઉંમરથી જાતિસ્મરણ હતું. હમણાં બતાવ્યું હતું કે નહિ? તમે હતા કે નહિ? હતા, બતાવ્યું હતું. હે પરમેશ્વર! આપના કહેલા તત્ત્વોનો મેં વિચાર કર્યો નથી. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો. બીજા અજ્ઞાની કહે છે એ તત્ત્વ નહિ. અનંતવાર ઈ તો થયું છે, અનંતવાર સાંભળ્યું, અનંતવાર માન્યા અને અનંતવાર રખડ્યો.

અહીં તો પરમેશ્વર સર્વજ્ઞદેવે જેવો આત્મા જોયો છે, '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो**' જ્ઞાન-દર્શન એનું લક્ષણ છે. દયા, દાન, વ્રત પરિણામ એનું લક્ષણ નથી. એવો ભગવાન આત્મા પોતાના સમ્યક્જ્ઞાન દ્વારા જેને અનુભવ દૃષ્ટિ થયા એવો ધર્મી સમ્યગ્દૃષ્ટિને પોતામાં નબળાઈને કારણે રાગ આવે છે પણ એનો કર્તા થતો નથી, જ્ઞાતા છે તો એને બંધન પણ થતું નથી. સમજાણું કાંઈ? .. એનો પણ જ્ઞાતા છે. આહા..હા..! અરે..! આ વાત પકડવી કેટલી આમાં? મિથ્યાદૃષ્ટિ પોતાનો આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ છે ... મારા હોવાપણામાં તો રાગ અને પુણ્ય બિલકુલ છે જ નહિ. હું તો પુણ્ય નામ પવિત્ર પિંડ ચૈતન્યગુણનો પિંડ છું. એવી દૃષ્ટિમાં ધર્મીજીવને ચક્રવર્તી હોય, સમજાણું કાંઈ? તોપણ રાગ જરી આવે છે એનો કર્તા નથી તો બંધન પણ એને નથી એમ પરમાર્થદૃષ્ટિથી કહે છે. થોડું બંધન છે તે જ્ઞેયમાં જાય છે.

અજ્ઞાની ત્યાગી હોય, ભાવથી બ્રહ્મચર્ય જાવજીવનું પાળતો હોય, સમજાણું કાંઈ? એ શુભભાવ આવ્યો છે. આત્મા બ્રહ્માનંદસ્વરૂપ ભિન્ન છે, અખંડાનંદનો પિંડ એના ભાન વિના આવા પંચમહાવ્રત પાળે તોપણ રાગ છે. એ રાગનો કર્તા મૂઢ જીવ થાય છે. રાગ મારી ક્રિયા છે, હું છું તો રાગ થાય છે, હું છું તો થાય છે. હું આત્મા તો પવિત્ર છું. પવિત્રમાંથી રાગ ક્યાંથી આવ્યો? અજ્ઞાનીને પોતાની પવિત્રતાનું ભાન નથી. તો હું છું તો રાગ થાય

છે. આત્મા છે તો રાગ થાય છે. આત્મા હોય તો રાગ થાય તો સિદ્ધમાં થવો જોઈએ. સમજાણું કાંઈ? પોતાનું અસ્તિત્વ પૂર્ણાનંદને ભૂલીને જે રાગનો કર્તા થાય છે તે જીવને નવા કર્મબંધનમાં અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી પરનો કર્તા આરોપથી કહેવામાં આવ્યો છે. ખરેખર જડનો કર્તા નથી.

દલીલ એણે સારી આપી છે, ભાઈ! એમ કે ઉપાદાનના સ્વરૂપે જે ઉપાદાનકાર્ય થાય છે તો નિમિત્તનું સ્વરૂપ કોઈ એમાં જાય છે? નિમિત્તનું કોઈ સ્વરૂપ (એમાં જાય છે)? નિમિત્ત અને ઉપાદાન બે મળીને કાર્ય થયું તો ઉપાદાનના સ્વરૂપપણે ઉપાદાન રહ્યું. નિમિત્તપણાનું કંઈ સ્વરૂપ એમાં આવ્યું? આવ્યું નહિ તો એણે કાર્ય કર્યું એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** પ્રભાવ પાડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પ્રભાવ પણ પ્રભાવનો અર્થ શું? શું ... પરમાં ઘુસી જાય છે? પોતાની પર્યાય શું પરમાં ઘુસી જાય છે કે પ્રભાવ પડે? મૂઢ જીવ અજ્ઞાની અસદ્ભુત વ્યવહારનયથી આત્માનું ભાન નથી તે જડકર્મનો કર્તા વ્યવહાર અસદ્ભૂતથી કહેવામાં આવે છે. એમ અહીંયા સિદ્ધ કર્યું છે. સમજ્યા? અને એનું ફળ સુખ દુઃખ, જડનું ફળ સુખ દુઃખ નહિ પણ એમાં રાગ-દ્વેષ થાય છે એમાં એ ચીજ નિમિત્ત પડે છે તો એને અનુપચરિત નિકટવર્તી અસદ્ભૂતનયથી ભોક્તા છે એમ કહેવામાં આવે છે. ભોગવે છે તો રાગ-દ્વેષ. અજ્ઞાની ભોગવે છે તો રાગ દ્વેષ, પણ એના રાગ-દ્વેષમાં એ વસ્તુ નિમિત્ત પડે છે તો એમ કહે છે કે એને ભોગવે છે એમ આરોપથી કહેવામાં આવે છે. પરનો ભોક્તા તો અજ્ઞાની અને જ્ઞાની કોઈ ત્રણકાળમાં થતા નથી. એમ આત્મા 'હું જ્ઞાનાનંદ છું, રાગરહિત છું, શરીરની ક્રિયા પરની એનાથી રહિત છું' એમ અનુભવમાં દૃષ્ટિ કરવી તેનું નામ આ નિયમસારનું તાત્પર્ય છે. એ વિના બધું મિથ્યા અને મિથ્યાદૃષ્ટિ છે. ચાર ગતિમાં રખડે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ ૧, બુધવાર, તા. ૨૩-૦૩-૧૯૬૬, ગાથા-૧૮, પ્રવચન નં. ૨૯

નિયમસાર ચાલે છે, જીવ અધિકાર. જીવ કોનો કર્તા અને કોનો ભોક્તા છે ઈ કહે છે. કોઈ જગતમાં ઈશ્વર કર્તા-ભોક્તા માને છે એવી કોઈ વસ્તુ નથી. જીવની ભૂલને અથવા જીવને કરવાવાળો કોઈ ઈશ્વર છે એમ માનવાવાળા તદ્દન જૂઠાં છે, એમ વસ્તુ નથી. ઈ

વાત કરે છે. કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :— આ કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.**' પહેલી લીટી. ૧૮ ગાથા. શું કહે છે? કે આ આત્મા છેને આત્મા, અશુદ્ધ આત્મા. જે ધર્મી આત્મા છે શુદ્ધ. હું શુદ્ધ છું, શરીરાદિ હોવા છતાં, હું શરીર નથી, હું કર્મ નથી, હું પુણ્ય-પાપના ભાવ વિકાર પણ હું નથી, હું તો આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું. —એવી દૃષ્ટિવંત તો પુણ્ય-પાપના ભાવનો પણ કર્તા નથી અને એનો ખરેખર ભોક્તા પણ નથી. સમજાણું કાંઈ?

આ જીવસ્વભાવ જીવ છે એ ચૈતન્ય આનંદસ્વરૂપ જીવ છે. તો એ જીવ જીવપણાનું ભાન થયું તો પોતાનું સ્વરૂપ શુદ્ધનો જ કરવાવાળો રહે છે. બીજા હોય છે એનો જાણનાર છે. સમજાણું કાંઈ? શરીર, વાણી હો, ખાવા-પીવાની ક્રિયા હો, એ તો બધી જડની છે. આત્મા ધર્મી પોતાનો શુદ્ધસ્વરૂપના જ્ઞાનનો બોધ થવાવાળો, પરની ક્રિયા નામ પર્યાય થાય છે તેને જાણનાર રહે છે, કર્તા થતો નથી. કર્તા થાય તે સમ્યગ્જ્ઞાની રહેતો નથી. સમ્યગ્જ્ઞાની છે તે પરનો કર્તા વ્યવહારથી પણ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત અહીંયા કુંદકુંદાચાર્ય ચલાવે છે.

નિયમસાર, પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાનજ્યોતિ એ જ મારી વસ્તુ છે. એવી અંતરમાં દૃષ્ટિ અનંતકાળમાં થઈ નથી એવું સ્વરૂપનું ભાન થયું, પોતાના પૂર્ણસ્વરૂપની વિદ્યમાનતાનો બોધ અંતરમાં થયો. એવો ધર્મીજીવ કર્મનો, વિકારનો, શરીરનો નિમિત્તપણે પણ કર્તા છે એમ તે જ્ઞાની માનતો નથી. સમજાય છે? બહુ ઝીણી વાત છે. આહા..હા..! કેમકે એ પરિણમન કરનાર તે કર્તા. તો સ્વભાવ આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન થયું કે હું જ્ઞાનાનંદ છું. તો સ્વરૂપનું પરિણમન કરવું તે એનું કર્તાપણું અને તે એનું કામ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે અશુદ્ધ જીવ.. નીચે છેને? '**આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.**' નીચે છેલ્લી લીટી છે.

'**આત્મા નિકટવર્તી...**' પહેલેથી શબ્દ (લઈએ છીએ). આત્મા છે ત્યાં એક ક્ષેત્રમાં કર્મના રજકણ છે. કર્મના રજકણ. જેમ આ ધૂડ છે એવા ઝીણા પ્રારબ્ધના-નસીબના રજકણ છે, અજીવતત્ત્વ છે. તો કહે છે કે એ આત્મા નજીક નિકટ એટલે આત્માના એકક્ષેત્રાવગાહમાં રહેવાવાળા, એક ક્ષેત્રમાં નિકટપણે રહેવાવાળા, શરીર પણ એક ક્ષેત્રમાં રહે છે, છતાં કર્મ અને શરીરમાં ફેર છે. શરીર તો મૃત્યુ કાળે એક સમય, બે સમય સાથે રહેતા નથી અને કર્મના રજકણ તો સદાય સાથે એકક્ષેત્રાવગાહી રહે છે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છોડતા નથી, એમ નથી. આ બીજી વાત છે. કર્મ છોડે.. એ તો જડ છે.

આત્મા,... આ શરીર રજકણ સ્વતંત્ર છે શરીરના પણ અને અંદર કર્મ રજકણ છે કે જે આ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આ પુણ્ય-પાપના કહે છેને, લક્ષ્મી

મળે છે, પુણ્ય હોય તો મળે. તો એ પુણ્યના રજકણ છે અંદર. એ રજકણનો પાક થાય તો લક્ષ્મી આદિ મળે છે. પાપના રજકણ હોય તો મળેલી પણ ચાલી જાય છે. અને પોતામાં જ્ઞાન, દર્શનની હીનતા થાય છે એમાં એક કર્મ જ્ઞાનાવરણીય છે તે નિમિત્ત છે. તો કહે છે એ જે કર્મના રજકણ છે જડ અજીવ પદાર્થ જગતની વસ્તુ, એ નિકટવર્તી છે. આત્મા જ્યાં છે ત્યાં જ એ આત્મામાં નજીક કાયમ રહે છે, એક નહિ.

**શ્રોતા :—** આત્માની બાજુમાં બેઠો રહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેઠો નહિ, એ ક્ષેત્રમાં રહે છે, એમ કહે છે. કઠણ વાત, લોકોને હજી..

અહીંયા રજકણ રહે છે. જેમ.. જુઓ, અહીંયા આ છેને? આંગળી છે ત્યાં લોહી આદિ રહે છેને સાથે. અથવા મેલ આદિ રહે છેને મેલ સાથે. એક જગ્યાએ. જ્યાં આંગળી ચાલે છે ત્યાં ત્યાં મેલ ચાલે છે. મેલ છે. એમ આત્મા અરૂપી જ્ઞાનઘન ચિદ્‌ઘન છે. તો એણે જેવા વિકાર કર્યા તે પ્રમાણે કર્મ રજકણ બંધાયા. પણ એ કર્મ રજકણ છે તે આત્મા જ્યાં રહે છે ત્યાં જ નજીકમાં રજકણ રહે છે. નજીકમાં કહેવાનો આશય કે એક સમય પણ.. શરીરનો તો વિરહ થઈ જાય છે, રસ્તામાં શરીર છૂટી જાય છે, પણ કર્મ અને આત્મા બેય સાથેને સાથે બીજા ભવમાં ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? જૈનતત્ત્વ એવું સૂક્ષ્મ છે. લોકોને બહાર સ્થૂળતાથી માની લેવું છે અને તત્ત્વ બીજું છે. ઈ આગળ કહેશે છેલ્લી લીટીમાં. અરે..! જૈનતત્ત્વ... છેલ્લા શબ્દો છેને ભાઈ? ૧૯માં નહિ છેલ્લે? (શ્લોક-૩૬) અરે..! તારે શું કરવું છે?

**‘પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે...’** છેલ્લે છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું.. એમાં છેલ્લી. ૪૮ પાને છે. ૪૮ પાને છે. **‘જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે. પૃથ્વી ઉપર પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે (અર્થાત્ જગતના જૈનતર દર્શનોના મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે)? ૩૬.’**

**શ્રોતા :—** સમન્વય કરનારને પણ લાભ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સમન્વય-ફમન્વય કાંઈ નથી. સમજાણું કાંઈ? ઝેર અને અમૃતનો સમન્વય નથી થતો. સમન્વય એટલો થાય છે કે બે છે. એ પણ છે, આ પણ છે, એવો સમન્વય છે. આ પણ સરખું છે, ઈ પણ સરખું છે એવો સમન્વય નથી. અમૃતનો ઝેરની સાથે સમન્વય થતો નથી. બે ચીજ છે એટલો સમન્વય છે કે આ પણ છે અને ઈ પણ છે, એટલું. પણ એ મિથ્યા છે, આ સમ્યક્ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો સમ્યક્ છે. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, એમણે કહેલા તત્ત્વો

યથાર્થ છે. તેનાથી (અન્ય) જે કોઈ અજ્ઞાની પ્રાણી પોતાની કલ્પનાથી તત્ત્વની વાત કરે છે એ બધા મિથ્યા, જૂઠાં ઝેરને ઉત્પન્ન કરનારા છે. વસ્તુ આવી છે. સંકોચ શું? વિશાળતાનો અર્થ એવો છે કે સ્ત્રીને પણ માં માનવી અને માંને પણ સ્ત્રી માનવી એ વિશાળતા છે? સમજાણું કાંઈ? વિશાળ થઈ જાઓ, વિશાળ થઈ જાઓ ભાઈ! બધી સ્ત્રી સરખી છે એમાં શું છે? એનો અર્થ શું? સમજાણું કાંઈ? એ.. છગનભાઈ!

**શ્રોતા :—** સુધરેલા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સુધરેલા કોને કહેવા? વાત સાચી. બધાનું સરખું. આ પણ સરખું, આ પણ સરખું. ઓહો..હો..! ઝેર છે ઝેર.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, છ દ્રવ્ય જોયા, નવ તત્ત્વ જોયા એમ કહ્યું, એવી ચીજ જગતમાં ત્રણકાળમાં ત્રણલોકમાં કહેવાવાળું કોઈ નથી. સમજાણું કાંઈ? એની સાથે સમન્વય કાંઈક થોડું પણ છે એવું કંઈ છે જ નહિ, કોઈ ચીજ. માટે આ પંચમહાવ્રતધારી સંત મુનિ કહે છે, જૈનમતના કથન સિવાય તારે અન્યમતના કથનનું શું ફળ છે? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. એવું તત્ત્વ અનંતકાળમાં એણે યથાર્થ સાંભળ્યું જ નથી, યથાર્થ સાંભળ્યું જ નથી.

અહીંયા કહે છે કે આ આત્મા નિકટ, કર્મના રજકણ નજીકમાં પડ્યા છે. જેવા ભાવ આત્મા કરે છેને, તે જ પ્રમાણે કર્મના ઝીણા સૂક્ષ્મ રજકણ કર્મરૂપે થઈ જાય છે. તો નિકટ રહે છે તો આસન્નવર્તી કહ્યું. છેને? '**आसन्नगत**'. અનુપચરિત સંબંધમાં છે નજીક. અસદ્ભૂત પણ જૂઠાં છે. પોતાના સ્વરૂપમાં, ચૈતન્યના સ્વરૂપમાં એનું સ્વરૂપ નથી. એના સ્વરૂપમાં ઈ છે. જડના સ્વરૂપમાં જડ છે. ચૈતન્યના સ્વરૂપમાં એ જડ નથી માટે એને અસદ્ભૂત કહ્યું. અસદ્ભૂત જૂઠાં. સમજાણું કાંઈ? વ્યવહારનય નિમિત્તથી કહેવામાં આવ્યું છે. વ્યવહારનય નિમિત્ત છેને સંયોગ. '**દ્રવ્યકર્મનો કર્તા...**' એ રજકણ કર્મબંધન જે થાય છે તેનો આત્મા વ્યવહારનયથી કર્તા કહેવું એ મિથ્યાદૃષ્ટિ જીવ પર ઉપર લક્ષ છે તો વ્યવહારથી કર્તા કહેવામાં આવે છે, કર્તા છે નહિ. કેમકે રજકણ છે તે પોતાની પર્યાયથી કર્મરૂપે ઉત્પન્ન થાય છે. આત્મા રાગરૂપે પોતાની પર્યાયમાં થાય છે. બે મળીને કર્મની પર્યાય થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ નહિ. ભાવકર્મ પોતાના સ્વરૂપે છે, પરકર્મ પરસ્વરૂપ છે. આહા..હા..! શું કરે? તત્ત્વની ખબર ન મળે. અનંતકાળમાં શું ચીજ અંદર છે અને શું થાય છે? સમજાણું કાંઈ?

'**વ્યવહારનયથી દ્રવ્યકર્મ...**' એટલે આઠ કર્મ છેને જડ માટી, એનો કર્તા અજ્ઞાની જીવને, અશુદ્ધ સ્વરૂપી જીવને એવો કહેવામાં આવ્યો છે. કેમકે જડકર્મ પોતાની પર્યાયપણે પોતાના સ્વરૂપે કર્મરૂપ ઉત્પન્ન થાય છે, તેમાં અજ્ઞાનીના રાગ-દ્વેષ, અજ્ઞાન નિમિત્ત પડે છે એટલું

જોઈને નિકટવર્તી સંબંધના વ્યવહારથી 'કર્તા છે' એમ આરોપ કરીને કહેવામાં આવે છે. આટલું બધું કોણ સમજે આ ભાષા? એ.. ધર્મચંદજી! ભગવાનની વાણીનું તત્ત્વ એટલું સૂક્ષ્મ છે કે જગતને કોઈ દિ' સાંભળવા, સમજવા મળ્યું નથી.

**શ્રોતા :—** શાસ્ત્ર વાંચીને થાકી ગયા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક-એક શબ્દનો અર્થ શું છે એ સમજ્યા વિના શું વાંચી જાય? 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર' દલપતરામમાં કહેતા હતા. વાંચી જાય. શું પણ વાંચ્યું? ભાવ શું છે? અમને ખબર નથી. અમે તો વાંચી ગયા, આમ છે ને આમ છે.

અહીં તો પદ્મપ્રભમલધારિદેવ મુનિ કુંદકુંદાચાર્યના પાઠ કહ્યોને? '**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**' એમાંથી બધું કાઢ્યું છે. પછી '**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो।।**' બે વાત છે પાઠમાં. ટીકાકારે એમાં સ્પષ્ટ કર્યું, ઘણું સ્પષ્ટ કર્યું. અજ્ઞાની આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાતાનું ભાન નથી એ રાગ અને દ્વેષનો અશુદ્ધ નિશ્ચયથી પોતાની પર્યાયમાં વિકારનો કર્તા થાય છે, એને જે કર્મ બંધાય છે તેમાં અશુદ્ધતા નિમિત્ત પડે છે તો વ્યવહારે એણે કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! નિશ્ચયથી હોય તો પોતાના સ્વરૂપમાં થાય છે. અજ્ઞાની... નીચે આવશે. પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ છેને, શુભ-અશુભ એ મલિન છે, અશુદ્ધ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, સેવા, કોમળતાના શુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના પાપભાવ— બેય મલિન ભાવ છે. તો મલિન ભાવ અશુદ્ધ છે અને નિશ્ચય નામ પોતાની પર્યાયની મોજૂદગીમાં છે. એનો કર્તા મિથ્યાદૃષ્ટિ અશુદ્ધનિશ્ચયથી કર્તા થાય છે.

**શ્રોતા :—** ગુજરાતીમાં... વ્યવહારથી કથન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને કે દિ' ભાન હતું મોટા પ્રોફેસરને. એનો વિષય હતો કે દિ'? ભાષા જાણે એમાં શું? ભાઈ ના પાડે છે જુઓ. આહા..હા..!

અહીં તો હજી કહે છે કે એ ભગવાન આત્મા અરૂપી છે અરૂપી. પણ વસ્તુ છેને વસ્તુ? અનાદિ-અનંત છેને, સત્ છેને સત્. તો સત્ છે એની ઉત્પત્તિ નથી, સત્ છે તેનો નાશ નથી અને સત્ છે તે સ્વભાવથી ખાલી નથી. એવો આત્મા પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ ગુણનો પિંડ રત્ન છે. એનું જેને ભાન નથી કે 'હું શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા છું' એવું ભાન નથી, તે પોતાની પર્યાયમાં-અવસ્થામાં પુણ્ય અને પાપ ને ભ્રાંતિ ઉત્પન્ન કરે છે. એ ભ્રાંતિનો પોતાની પર્યાયમાં પોતે કરનાર અજ્ઞાની કર્તા થાય છે. ત્યારે જે કર્મ બંધાય છે તે નિકટવર્તી એક જગ્યામાં આવે છે એટલું જોઈને વ્યવહારથી કર્તા છે, સંબંધ જોઈને વ્યવહારથી કર્તા છે એમ કહેવામાં આવ્યું છે. બે કર્તા નથી. સમજાણું કાંઈ?

કર્મની પર્યાયના સ્વરૂપનો આત્મા પરમાર્થે કરે તો કર્મનું સ્વરૂપ અને વિકારનું સ્વરૂપ,

બેય એક થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ બે આંગળી છેને, જુઓ, બે આંગળી. બે આંગળીમાં ભિન્ન-ભિન્ન કામ ચાલે છે. આમ આમ, આમ આમ. પોતામાં કાર્ય. એ કાર્ય થાય છે એમાં આ આંગળી નિમિત્ત કહેવામાં આવે. તો નિમિત્તકર્તા વ્યવહાર, નિમિત્તને વ્યવહારકર્તા કહેવામાં આવે છે, પરમાર્થકર્તા હોય તો જેવું એનું સ્વરૂપ છે એવું આનું સ્વરૂપ થઈ જાય અને જેવું આનું સ્વરૂપ છે એવું એનું સ્વરૂપ થઈ જાય. તો બે સ્વરૂપ તો ભિન્ન છે. તો કર્મના રજકણનું જડનું સ્વરૂપ ભિન્ન છે, ભગવાન આત્મા અરૂપી ચૈતન્યઘનનું સ્વરૂપ ભિન્ન છે. એ ભિન્ન છે તેનું પોતામાં જેને ભાન નથી તે જ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિકારના મારા છે, એમ મિથ્યાદષ્ટિ કર્તા થાય છે. અશુદ્ધ જીવ માનવાવાળો પોતામાં વિકારી પર્યાયનો કર્તા થાય છે. એ નિમિત્ત પડે છે. શેમાં? રજકણ જે નવા બંધાય છે તે પોતાથી બંધાય છે. કર્મથી બંધાય છે. રજકણમાં કર્મ થવાની પર્યાયનો ઉત્પત્તિ સ્વરૂપના કાળમાં ઉત્પન્ન થાય છે. એમાં વિકાર નિમિત્ત છે, નજીકમાં છે એટલું જોઈને નિકટવર્તી સંબંધમાં વ્યવહારથી જડનો કર્તા અજ્ઞાની છે એમ જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવ્યું છે. વાત જ કાંઈ... તત્ત્વની વાત જ ન મળે જ્યાં... એટલે જાણે...

ઈ આત્માએ કર્યું નથી હોં! આત્મા જો કરે તો આત્માનો... વિકાર એણે કર્યો અજ્ઞાનીએ. જો આત્મા એને બનાવે તો જેવા વિકાર સ્વરૂપે આત્મા થયો એમ જડના સ્વરૂપે આત્મા થવો જોઈએ. ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, આ શરીર ચાલે છેને? જુઓ, એ પછી આવશે, પછી. આ શરીર ચાલે છે એને અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી કર્તા કહેશે આ દેહનો. ત્રીજા શબ્દમાં છે, ત્રીજી લીટી. વચ્ચે આવશે. આ શરીર ચાલે છેને? જુઓ, આત્મા નથી ચલાવતો. આ જડ પદાર્થ છે. તો એની પર્યાય જે આવી ઉત્પન્ન થાય છે, આમ આમ પર્યાય ઉત્પન્ન થાય છે એ તેના સ્વરૂપથી ઉત્પન્ન થાય છે. આત્માના સ્વરૂપથી ઉત્પન્ન નથી થતી. આત્માના સ્વરૂપથી ઉત્પન્ન થાય તો એ પર્યાય ચૈતન્યની અરૂપી થઈ જાય. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્યસ્વરૂપ છે. તો એ સ્વરૂપે જો (જડની પર્યાય) ઉત્પન્ન થાય તો આ ચૈતન્યસ્વરૂપ રૂપી થઈ જાય. અને આ રૂપી પદાર્થ પોતાની પર્યાયથી આમ ચાલે છે, કટકા, બટકા આમ થાય છે, આમ આંગળી ચાલે છે એ જડની પર્યાયમાં જડથી થાય છે. સમજાણું કાંઈ? એનો જો પરમાર્થ આત્મા કર્તા હોય તો જીવનું સ્વરૂપ એમાં પેસવું જોઈએ. તો આત્માનું અરૂપીપણું એમાં જાય તો ઈ અરૂપી થઈ જાય. એમ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું આ વાંચવું આમાં? કહે છે.

સુખદુઃખ. કર્તા અને એના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા. હવે એની વ્યાખ્યા. શું કહે છે? આ દાળ, ભાત, શાક, સ્ત્રીનું શરીર, દાગીના, દાગીનાને શું કહે છે? જેવર, કપડા એને 'આત્મા ભોગવે છે જડને' એમ કહેવું એ મૂઢ મિથ્યાદષ્ટિ જડનો ભોગના એની પર્યાયના

કાળમાં, 'હું ભોગવું છું' એમ માને છે, એવા રાગ અને દ્વેષ કરવાવાળો જીવ રાગ-દ્વેષનો કર્તા અને રાગદ્વેષનો ભોક્તા છે. એ જડનો ભોક્તા છે એમ કહેવું એ અસદ્ભૂત અનુપચારી નયથી કહેવામાં આવે છે. પરનો ભોક્તા આત્મા ત્રણકાળમાં થઈ શકતો નથી. આહા..હા..! મોહનભાઈ!

**શ્રોતા :—** ... સામગ્રી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સામગ્રી-ફામગ્રીનો કેની સાથે સંબંધ છે? એ તો જડ છે, પર છે. અહીં તો હજી કર્મનું ફળ હોં! કર્મનું ફળ આત્મા ભોગવે છે એમ કહે છે. વળી મેં તો નોકર્મની વાત કરી. પણ એ કર્મ જે અંદર જડ છે એનો પાક આવ્યો પાક, એનો અનુભવ 'આત્મા ભોક્તા છે' એમ કહેવું પણ નિકટવર્તી સંબંધમાં વ્યવહારનયનો કર્તા અસદ્ભૂતનો છે. 'એ કર્મનું ફળ આત્મા ભોગવે છે' એમ કહેવું અસદ્ભૂત અનુપચારી નયનું કથન છે. કર્મનું ફળ આત્મા ભોગવતો નથી. દુનિયા રાડ પડે છેને, અરે..! ભઈ, બાંધ્યા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. મૂઢ! સાંભળ તો ખરો, કર્મ ક્યાં તારા છે? કર્મ તો પર છે. અને કર્મનું ફળ તારામાં આવી જાય છે? તું તો અરૂપી છો. કર્મ તો જડ છે, માટી ધૂડ છે. સમજાણું કાંઈ?

જેમ આ શરીર, પરસેવો થાયને ખાટો, એ ખાટાનો અનુભવ આત્માને થાય છે? આત્મા તો જ્ઞાન કરે છે કે આ ખાટું છે એટલું. જ્ઞાન કરીને એ ઉપરાંત અજ્ઞાની એમ કરે, ઠીક છે, ઠીક છે, તો ઠીકના રાગનો કર્તા થયો અને રાગનો કર્તા થતાં આ ચીજનો નિમિત્તપણે વ્યવહારે કર્તા છે અને વ્યવહારે ભોક્તા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! વ્યવહારથી નામ યથાર્થથી નહિ. આહા..હા..! કર્તા-ભોક્તાનું આખું લાકડું ખોસી ઘાલ્યું છેને ઓલા લોકોએ. એક ઈશ્વરકર્તા કો'કનો છે અને કાં બીજો આનું કરે અને આનું આ કરે. મહા મિથ્યાત્વદૃષ્ટિ અનંતકાળથી વસ્તુના તાત્ત્વિક સ્વભાવથી વિપરીત માન્યતા કરીને પરિભ્રમણ કરે છે. સમજાણું કાંઈ?

એ કર્મના ફળને ભોગવે. કર્મનું ફળ શું? એ કર્મ શાતા-અશાતા જડ કર્મ પડ્યા છેને, કર્મ, એનો અનુભાગ હોય છેને, અનુભાગ-ફળ, કર્મમાં ચાર બોલ છે. ક્યાં હજી.. અભ્યાસ વિના? પરમાણુમાં ચાર (પ્રકાર છે)—પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ. એ કર્મમાં સ્વભાવ છે, એની મુદત છે, એના પાકનો અનુભાગ રસ છે, એના પરમાણુના પ્રદેશની સંખ્યા છે. સમજાણું કાંઈ? આ તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનના તત્ત્વ જાણ્યા વિના ક્યાંય આ તત્ત્વ નથી. અને એ તત્ત્વને જાણ્યા વિના એને યથાર્થપણાનો બોધ થતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** અનુભાગને ભોગવે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અનુભાગ ભોગવે એમ કહેવું એ જૂઠાં નયનું કથન છે, એમ કહે છે. ભોગવે છે અજ્ઞાની પોતાના રાગ-દ્વેષને. સમજાણું કાંઈ? રાગ કરે છે તેનો અનુભવ

કરે છે. જુઓ, કૂતરો છેને કૂતરો એ હાડકાને ચાવે છે હાડકાને. એને ચાવતો નથી, એને હાડકું અહીં લાગે છે એમાંથી લોહી નીકળે છે. લોહી લોહી, એને ચાટે છે. માને છે કે હું હાડકાને ચાવું છું. હાડકામાંથી રસ આવે છે એમ માને છે. એમ મૂઢ પ્રાણી અનુભવે છે પોતામાં વિકારીભાવ કરીને વિકૃતભાવને, માને છે કે હું કર્મનો ભોગવું છું. સમજાણું કાંઈ? એમ સ્ત્રીમાં પછી લેશે.

એમ સ્ત્રીનો દેહ જડ છે, માટી માંસ હાડકા અજીવતત્ત્વ છે. અજ્ઞાની માને છે કે એને હું ભોગવું છું. એને ભોગવતો નથી, એ તો જડ છે. જડની પર્યાયને તો આત્મા સ્પર્શ પણ કરતોં નથી. ફક્ત એ કાળમાં એને અનુકૂળ જોઈને રાગ આવે છે, ઓહો..! એ રાગનો અજ્ઞાની ભોક્તા છે. રાગને ભોગવે છે અને માને છે કે હું સ્ત્રીનું શરીર ભોગવું છું. એ મૂઢની દૃષ્ટિ વિપરીત છે. આહા..હા..!

**શ્રોતા :—** કેરીનો રસ ચૂસે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કેરીનો રસ કોણ ચૂસે? ધૂડ ચૂસે? કેરી (ચૂસવાના) કાળે એ પર્યાય જડમાં થાય છે. એ કેરીની અવસ્થામાં એ ચૂસવાની ક્રિયા થાય છે. આત્મામાં એ રાગ થયો કે ઠીક છે, મીઠી છે. શું કહેવાય આ તમારી ઊંચી કેરી? હાફુસ. એ તો પ્રત્યક્ષ દેખાય છે કે નહિ? એ કોઈ અજીવતત્ત્વ છે કે નહિ? કેરી અસ્તિત્વ છે કે નાસ્તિ? તો અસ્તિ છે તો કોઈ તત્ત્વ છે કે નહિ? તો જડતત્ત્વ છે. એ જડતત્ત્વની પર્યાયમાં આમ.. બે દાંત વચ્ચે ખેંચેને ઈ ચીર? મીઠી લાગે છે. ક્યાં મીઠી લાગી? એ મીઠી છે એનું જ્ઞાન થાય છે. આ મીઠી છે એનું જ્ઞાન થાય છે. એને કારણે નહિ. સમજાણું કાંઈ? કેરીને કારણે નહિ. આહા..હા..!

ભાઈ! ઓલાએ પ્રમાણ આપ્યું છેને? આ જ્ઞાન થાય છેને જ્ઞાન, અજ્ઞાની કહે છે કે જ્ઞાનમાં તમે પ્રમાણ કહો છે, જ્ઞાનપ્રમાણ. નહિ. ઈન્દ્રિય પણ પ્રમાણ છે અને સન્નિકર્ષ પદાર્થનો સંબંધ થયોને, ... સન્નિકર્ષ.. આત્મા જ્ઞાનનો જે સંબંધ કરે છે એ પણ પ્રમાણ છે અને ઈન્દ્રિય પણ પ્રમાણ છે અને જ્ઞાન પણ પ્રમાણ છે. તો આચાર્ય કહે છે, સાંભળ! જો પદાર્થપ્રમાણ જ્ઞાન હોય અને ઈન્દ્રિયપ્રમાણ હોય તો જેમ જ્ઞાનમાં જ્ઞાન થાય છે એમ ઈન્દ્રિયને પણ જ્ઞાન થવું જોઈએ. એને પદાર્થમાં ઘટનું જ્ઞાન થાય અને ઘટનો સંબંધ થયો તો ઘટ સન્નિકર્ષ થયો તો એ પ્રમાણ થાય છે, તો ઘટમાં જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ?

આ ભેદ સમજવું હોય તો સમજવું પડશે. એક માને છે અનાદિકાળથી તો રખડે છે. સમજાણું કાંઈ? આ ઈન્દ્રિય છે કે નહિ ઈન્દ્રિય? અને જ્ઞાન છે. આ આંખથી જ્ઞાન થયું કે આ ઘડો છે. તો જ્ઞાન તો પોતાના અસ્તિત્વમાં થયું. એ જ્ઞાન આ ઈન્દ્રિયથી થયું? આ લાકડીથી થયું? ઈન્દ્રિયથી થયું હોય તો ઈન્દ્રિયમાં જ્ઞાન હોવું જોઈએ. આ તો જડ માટી છે. આ ચેતન થઈ જાય. એનાથી જ્ઞાન થયું? તો આ જ્ઞાન એમાં હોવું જોઈએ. સન્નિકર્ષ

સંબંધ થયો ધ્યાનમાં. આવ્યો તો શું? ખ્યાલ આવ્યો. ખ્યાલ તો પોતાની પર્યાયમાં આવ્યો છે. પોતાની પર્યાયમાં પોતાના અસ્તિત્વમાં ખ્યાલ આવ્યો છે કે આ લાકડી છે. પરંતુ લાકડીથી આવ્યો નથી, ઇન્દ્રિયથી આવ્યો નથી. ઇન્દ્રિય જો પ્રમાણજ્ઞાનમાં સહાયક હોય, સહાય થતી હોય અને એનાથી થતું હોય તો ઇન્દ્રિયને જ્ઞાન થવું જોઈએ, લાકડીને જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ? વાંધા જ છેને અજ્ઞાનીના અનાદિના!

અહીં એ છે. કહે છે કે ભાઈ! એ જડકર્મ છે એને તું કરનારો અને તારા રાગને કરનારો, તો તારું સ્વરૂપ ત્યાં ચાલ્યું ગયું? ઉપાદાનસ્વરૂપે આત્મા વિકારરૂપ પરિણમે છે અને ઉપાદાનસ્વરૂપે કર્મ કર્મરૂપે પરિણમે છે. ઉપાદાન નામ નિજ શક્તિથી થાય છે. એ બે મળીને થાય તો બેમાં એકરૂપ થવું જોઈએ. આત્મા રાગમય છે એમ કર્મ રાગમય હોવા જોઈએ અથવા કર્મ જડમય છે તો આત્મા જડમય થવો જોઈએ. એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! ન્યાય લોજીક ઝીણું બહુ પણ.

**શ્રોતા :—** જ્ઞાન થવા કાળે ઇન્દ્રિયનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છે તો એના ઘરે નથી? વસ્તુ નથી? તો શું છે? જો પ્રમાણજ્ઞાન હોય, જ્ઞાનમાં પ્રમાણ નામ સહાયક હોય તો એને પણ જ્ઞાન થવું જોઈએ અને જ્ઞાનમાં પણ જ્ઞાન થવું જોઈએ. તો બે સ્વરૂપે જ્ઞાન થવું જોઈએ. સ્વરૂપ તો એક જ થયું જ્ઞાનમાં. સમજાણું કાંઈ? એમ આત્મા રાગ કરનારો અને રાગને ભોગવનારો. એ કર્મને કરે છે તો કર્મની પર્યાય આત્મા થઈ જાય. કાં રાગ એને બનાવે તો રાગ અને કર્મની પર્યાય એક થઈ જાય. બે સ્વરૂપ ભિન્ન રહ્યા નહિ. સમજાણું કાંઈ? વિવેક, સ્વપરના વિવેકની અનંતકાળમાં ખબર કરી નહિ. હું શું છું? શું થાય છે? પર શું છે? પરમાં શું થાય છે? સમજાણું કાંઈ?

અહીંયા કહે છે.. લ્યો, અડધો કલાક તો થઈ ગયો આ એક લીટીમાં. ઈ કહે કે આટલું વાંચે, આવું વાંચે તો હાલે કે દિ' આ? કામ અહીં શું છે? આહા..હા..! આત્મા સત્ છે કે નહિ સત્? મોજૂદગી તત્ત્વ છે કે નહિ? એમ કર્મ રજકણ છે એ મોજૂદગી તત્ત્વ છે કે અતત્ત્વ છે કે અભાવ છે? કર્મ છે એમ કહેવું. કર્મ બાંધ્યા એમ કહેવું. તો એનો અર્થ કે કર્મ કોઈ વસ્તુ છે. છે એની વાત થાય છે, સત્ છે એની વાત થાય છે. તો કર્મ રજકણ અનંત રજકણનો પિંડ કર્મ છે. આત્મા અનંત ગુણનો પિંડ આત્મા છે. તો આત્માને જડ કર્મનો કર્તા કહેવો, તો કહે છે કે જડ પોતાના સ્વરૂપે પરિણમે છે કે આત્માના રાગસ્વરૂપે પરિણમે છે? એ પોતાના સ્વરૂપે પરિણમે છે. કોઈ તારા સ્વરૂપે પરિણમ્યું નથી. તારા સ્વરૂપે પરિણમે તો ચેતન થઈ જાય. અને તું રાગરૂપે થાય છે તો શું કર્મને કારણે થયો છો? નહિ, નહિ, એને કારણે. ઈ જ વાત. રાગ થયો આત્મામાં અને કર્મની પર્યાય થઈ જડમાં. એ વાત.. પણ ભિન્ન-ભિન્ન બેય કાર્ય છે. સમજાણું કાંઈ?

જીવ અને અજીવ બે તત્ત્વ ભિન્ન અને અજીવની પર્યાય અજીવમાં થાય છે, જીવની

વિકારી પર્યાય જીવમાં થાય છે. જીવની પર્યાય અજ્ઞાની પોતાનું સ્વરૂપ વીતરાગી જ્ઞાતા છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાદિ-અનંત છે તેને ભૂલીને શુભાશુભ વિકારનો કર્તા થાય છે તે યથાર્થ છે. કેમકે એની પર્યાયમાં વાસ્તવિકપણે તે રાગદ્વેષ છે. પણ એનાથી કર્મ બંધાયા એનો કર્તા નિમિત્તથી કહેવામાં આવ્યું. કેમકે એ રાગરૂપે કર્મ નથી થયા. કર્મ પોતાના સ્વરૂપરૂપે જડની પર્યાયરૂપે કર્મ થયા છે. એનો આત્મા કર્તા કહેવો એ વ્યવહારથી, ઉપચારથી, નિમિત્તથી કહેવું છે. એનો કર્તા ઈ અને તારા વિકારનો કર્તા તું. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. ભરતભાઈ! આ આવે છે તમારે ત્યાં? વિજ્ઞાનમાં. ગપ્પા મારતા હોય બધા. શીખવનારા આ હશે કે નહિ હિંમતભાઈ જેવા ત્યાં બધા? એની શૈલીથી ઈ શીખવેને ન્યાં. આહા..હા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વરનું વિજ્ઞાન છે. ત્રિલોકનાથ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક હસ્તામલવતની પેઠે જોયા. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એ પ્રગટ થઈ જાય તો પૂર્ણ સ્વરૂપ થાય. ત્રણકાળ, ત્રણલોકને દેખે એમાં ખામી, અપૂર્ણતા, વિપરીતતા હોય ક્યાંથી? એમ સર્વજ્ઞ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી આત્મા છે અંતરમાં. એ શક્તિ છે તેની વ્યક્તતા પ્રગટ કરી. ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જોયા. એવી આત્માની સંપદા, એ આત્માએ જેવા જાણ્યા ત્રણલોક એ કહે છે કે ભાઈ! તું પણ છે અને એક કર્મ પણ છે. તું એકલો છો એમ નહિ, કર્મ પણ બીજી વસ્તુ છે. તું જ્યારે વિકાર કરે છે તારી હયાતીમાં, તારી મોજૂદગીમાં, તારા અસ્તિત્વમાં, તારી સત્તામાં વિકૃતદશા પર્યાયમાં-અવસ્થામાં કરે છે, ત્યારે કર્મની પર્યાય કર્મમાં ઉત્પન્ન થાય છે. એ કર્મની પર્યાય આત્માએ કરી, પરપદાર્થ હોવા છતાં, નિમિત્ત જોઈને વ્યવહારકર્તા કહેવામાં આવે છે. પરમાર્થે એનો કર્તા આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જે પ્રમાણે એ રાગ-દ્વેષ કરે તે જ પ્રમાણે ત્યાં કર્મના રજકણ બંધાય. છતાં એ રજકણની પર્યાયનો કર્તા આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ ભાગીદારી માની અજ્ઞાનીએ. છે ક્યાં? બે ભિન્ન ચીજ છે, ભિન્નમાં એકતા ક્યાં થાય છે? એ સુખદુઃખનો ભોક્તા. બે બોલ લીધા. જડ કર્મ આઠ છે, અસ્તિ છે. એને રચવાવાળા રજકણ છે, એને રચવાવાળો આત્મા કહેવો અનુપચાર નિકટવર્તી સંબંધ જોઈને નિમિત્તથી, વ્યવહારથી કર્તા કહેવામાં આવે છે અજ્ઞાનીને, જેને નિજ સ્વરૂપની દૃષ્ટિ નથી તેને. ધર્મી તો વિકારનો કર્તા નથી તો નવા કર્મ બંધાય એમાં નિમિત્તકર્તા છે એમ પણ એમાં લાગુ પડતું નથી. આહા..હા..! ભારે જવાબદારી, ભાઈ! સમજાણું કાંઈ? એ સુખદુઃખનો ભોક્તા. બે વાત કરી. કર્તા અને ભોક્તા હોં જડનો. જડનો અનુભાગ... ભઈ અમારે શાતાનો ઉદય આવ્યો તો અમારે ભોગવવો પડે. શું કહે છે? શાતાનો ઉદય તો જડમાં આવ્યો, એમાં આવ્યો-કર્મમાં આવ્યો. તારામાં આવ્યો? જડની પર્યાયમાં ઉદય આવ્યો છે. વિપાક-પાક તો જડમાં આવ્યો. એ પાક તારી પર્યાયમાં ઘુસી ગયો છે? તારી પર્યાયમાં તો તેં રાગ-દ્વેષ કર્યા એનો તું ભોક્તા છો. અને

કર્મનો ભોક્તા કહેવો એ નિમિત્તપણે જોઈને વ્યવહારથી કર્તા આરોપથી કહેવામાં આવે છે, છે નહિ. છે નહિ એને કર્તા કહેવો એનું નામ વ્યવહાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે આવ્યું.

**'અશુદ્ધ નિશ્ચયનયથી...'** બીજો બોલ. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય આનંદકંદ છે તેને ભૂલીને અનાદિથી અશુદ્ધથી નિશ્ચય નામ પોતાની પર્યાયમાં થાય છે. પોતાની પર્યાયમાં વિકાર થાય છે. **'સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો...'** જુઓ, સમસ્ત મોહ. આ પુણ્ય પરિણામમાં મને મજા છે, પાપમાં ઠીક નથી, શરીર, સ્ત્રી આદિ અનુકૂળ હોય તો મને ઠીક છે સુખબુદ્ધિ એવો મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવનો કર્તા આત્મા પોતાનો અશુદ્ધ મલિનનો નિશ્ચયથી સ્વની પર્યાયનો કર્તા છે. અશુદ્ધનિશ્ચયથી કર્તા કહેવામાં આવે છે. આહા..! કેટલું યાદ રાખવું? ઓલું તો એમ હોય કે ભઈ જાઓ આત્માનું ધ્યાન રાખો, આમ કરો, લ્યો. એ.. ગાંધી! ગાંધી કહેતા હતા કે અમને ટૂંકુ સમજાવો. કાલે આવ્યા હતા. મેં કીધું, ટૂંકુ કે લાંબુ, આ છે. કોઈ એવી ચીજ ગુપ્ત નથી. માળા ગણી જાય ૐ ૐ કરે, મરી જાય ૐ ૐ કરે તોય કાંઈ મળે એવું નથી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શી રીતે આવે? વસ્તુની સ્થિતિ હોય એમ આવે કે ન હોય એમ આવે? અખંડાનંદ ચિદાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ છે એની અભેદની દૃષ્ટિ લગાવ, એ જ તારે કરવાનું છે, બીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? એ કોઈ કરી દે, કોઈની સહાયથી થાય છે એમ કાંઈ નથી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ દૃષ્ટિ કરી છે કદી? વિચાર કર્યો છે કદી? વિચારેય ક્યારેય કર્યો નથી, સાંભળ્યું નથી, શું છે, વસ્તુ કેવી છે તો ચાલ્યો આંધળાની પેઠે આંધળો. 'અંધો અંધ પલાય' આંધળો દેખાડનાર, આંધળો ચાલનાર. ભાઈ! ઈ જમુભાઈએ બહુ કર્યું છેને. માથાકૂટ બહુ કરી, ચોપડી કરવી ને આ કરવું ને તે કરવું. ગપ્પા તો ખૂબ માર્યા છે એણે. થાકી ગયા? અરે..! પણ શું કરે? ન ખબર હોય ત્યાં સુધી તો એમ જ ચાલેને. માને.

આ શું તત્ત્વ છે? અને બીજા તત્ત્વની સાથે મારે શું સંબંધ છે? મારા તત્ત્વમાં બીજાનું સત્ હોય તો હું અને ઈ બેય એક થઈ જઈએ. બીજા તત્ત્વમાં હું હોઉં તો ઈ અને હું બેય એક થઈ જઈએ. (બન્ને) ભિન્ન-ભિન્ન છે. મારા સ્વમાં પર નથી અને પરના સ્વમાં હું નથી. આહા..હા..! ઈષ્ટોપદેશમાં તો બહુ ચાલે છે. આ તો સૂક્ષ્મ વાત છે આખી. સમજાણું કાંઈ? (રેકોર્ડમાં) ઉતરે ઈ સારું, એને માટે તો ઉતારીએ છીએ આ. **'અશુદ્ધનિશ્ચયનયથી...'** આ કહે છે કે આ રેકોર્ડમાં ઉતરે છે. બાબુભાઈ! ઈ તો બહાર સાંભળશે લોકો. સાંભળવા માટે તો છે આ. ભાઈ! ભાઈ! તું પ્રભુ છો. આહા..હા..! અરે..! તારી પ્રભુતા, તારામાં

સુખ છે, તારામાં શાંતિ છે, તારામાં જ્ઞાન છે, તારામાં પ્રભુતા છે. એવી શક્તિનો અપાર પિંડ પ્રભુ તું છો. એવી દૃષ્ટિ કર્યા વિના તને સ્વતંત્ર શાંતિ ત્રણકાળમાં કદી મળશે નહિ. સમજાણું કાંઈ? અને એને ભૂલીને અશુદ્ધનિશ્ચય મલિન પરિણામ નિશ્ચયથી પોતાની પર્યાયમાં પુણ્ય પાપના ભાવ થાય છે.

મોહ, જુઓ, સમસ્ત મોહ. ભ્રાંતિના અસંખ્ય પ્રકાર છે. રાગના અસંખ્ય પ્રકાર. શુભ અશુભરાગ હોં! શુભ-અશુભરાગ. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ પણ શુભ છે, રાગ છે, વિકાર છે. અને અશુભરાગ. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના અશુભરાગ. દ્વેષ-પ્રતિકૂળતા જોઈને દ્વેષ કરવો. એવો ભય. દ્વેષાદિ છેને. ભય કરવો. આવા પરિણામથી ત્રાસ. આસક્તિ આદિ ભાવકર્મ. આદિ ભાવકર્મ. પોતાની પર્યાયમાં વિકારરૂપી દશા થવી તેનું નામ ભાવકર્મ, ભાવકાર્ય, ભાવદશા કહેવામાં આવે છે. મોહરાગદ્વેષ ભાવકર્મનો કર્તા અજ્ઞાની અશુદ્ધનિશ્ચયથી થાય છે. એને તો ખબર નથી હોં! પણ આ શાસ્ત્રકાર કહે છે. પોતાની પર્યાયમાં થાય છેને. તો એનો કર્તા છે. મલિનભાવનો કર્તા છે. શુભાશુભભાવ અને ભ્રાંતિ. એ શુભ-અશુભ હું છું, હું પરનું કરી શકું છું, હું છું તો શરીર ચાલે છે, હું છું તો દેશની વ્યવસ્થા કરું છું.

**શ્રોતા :—** જીવ વયો જાય પછી શરીર નથી ચાલતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી ચાલતું ઈ એને કારણે છે. બધે ઠેકાણે એક અવસ્થા થાય છે? એક જ અવસ્થા થાય છે જડની? એની બીજી અવસ્થા છે તે એને કારણે છે. શું આત્માને કારણે છે? આત્મા અહીં છે તો શરીર ચાલે છે? આત્મા ન હોય તો ચાલતું નથી, તો આત્માને કારણે ચાલતું હતું? મૂઢ છે. ઈ તો કહે છે અહીંયા. ઈ પણ કહી ગયા, હવે આવશે. હવે ત્રીજા બોલમાં આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અશુદ્ધ નિશ્ચયનયથી...**' અશુદ્ધ એટલે મલિન. નિશ્ચય એટલે સ્વમાં થવાવાળી પર્યાયને લક્ષમાં લેવાવાળું જ્ઞાન. એવા '**મોહરાગદ્વેષાદિ...**' ભાવ. ભાવોરૂપી વિકાર. ભ્રાંતિ થાય કે પરમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, શરીર ઠીક હોય તો મને મજા છે, ઠીક ન હોય તો મને ઠીક નથી, મેં પરની દયા પાળી, કરી એવો જે રાગ અને મિથ્યાત્વભાવ. એવા મોહ અને રાગદ્વેષાદિ ભાવ એનું કર્મ નામ કાર્ય કરવાવાળો અજ્ઞાની અશુદ્ધનિશ્ચયનયથી પોતાની પર્યાયમાં કર્તા થાય છે. સમજાણું કાંઈ? એ કર્મને કારણે નહિ. જુઓ, આમાં કર્મ ક્યાં આવ્યા? સમજાણું? પાઠમાં તો એમ લીધું છે, '**कम्मजभावेणादा कत्ता**' એમ છેને? '**कम्मजभावेणादा**'નો અર્થ ઓલા મલિન પરિણામ બતાવવા છે. પાઠમાં ઈ છેને.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, મલિન પરિણામ બતાવવા છે. કીધુંને. આત્મજનિત નહિ વિકાર. વિકારભાવ થાય છે પુણ્ય-પાપ એ આત્માના સ્વભાવમાંથી ઉત્પન્ન નથી થતા. સમજાણું

કાંઈ?

મોહરાગદ્વેષભાવ, એક વિકલ્પ ઉઠે છે, પુણ્યનો, દયાનો, દાનનો, કરુણાનો, કોમળતાનો એ રાગ છે. રાગ ભાવકર્મ છે. પોતાની પર્યાયમાં મલિન દશા છે. એનો અજ્ઞાની અશુદ્ધનિશ્ચયથી કર્તા થાય છે. કેમકે એનું લક્ષ વિકાર ઉપર છે. 'હું સ્વભાવ શુદ્ધ ત્રિકાળ છું' એવી દૃષ્ટિ નથી તો રાગ ઉપર દૃષ્ટિ છે, તો રાગ જ મારું સ્વરૂપ છે, તો (રાગનો) કર્તા અજ્ઞાની થાય છે. સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, આવા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થઈ તો શુદ્ધ સ્વરૂપનું જ એનું પરિણમન થાય છે. પણ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી અને એ મલિન વિકલ્પ જ એની અનાદિથી દૃષ્ટિ છે તો પોતાની પર્યાયમાં એ અશુદ્ધ ભાવ જે થાય તેનો એ કર્તા છે. કર્તા નામ પરિણમવાવાળો છે, રચવાવાળો છે અને રચનાવાળો એનો ભોક્તા છે. કર્તા અને ભોક્તા છે. પોતાની પર્યાયમાં-અવસ્થામાં હરખ-શોક થાય છે એનો ભોક્તા એ જીવ છે. સમજાણું કાંઈ?

સ્ત્રીનું શરીર છે માંસ, હાડકાનો પિંડ, લોહી. આ શરીર પણ માંસ, હાડકાનો પિંડ અને એને જોઈને જે રાગ થયો તો રાગનો ભોક્તા આત્મા છે. પણ એ શરીરની પર્યાયનો ભોક્તા આત્મા નથી, નથી અને નથી ત્રણકાળમાં. આહા..હા..! આ ભારે ભ્રમ પણ. લાકડું એવું ખોસી ઘાલ્યું છેને, અનાદિનું એણે પોતે હોં! ભોક્તા અશુદ્ધભાવનો છે. રાગ આવ્યો કે આહા..! મોસંબી, ગરમીમાં પરસેવો ... શેર, બે શેર (પીવે). ઘટ.. ઘટ.. ઘટ.. એ પર્યાય તો જડમાં થાય છે હોં! અહીં કંઠમાં પણ જડની પર્યાય થાય છે. એનું લક્ષ કરીને હરખ થાય છે એ હરખનો અશુદ્ધનિશ્ચયથી વિકારનો આત્મા ભોક્તા છે. વિકારનો ભોક્તા છે, પરનો મોસંબી-ફોસંબીનો આત્મા ભોક્તા છે જ નહિ.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ક્યારે? ન ખાય ત્યારેને? આહા..હા..! વસ્તુની આ સ્થિતિ છે. એ સ્થિતિની મર્યાદા ન જાણે એનો ભ્રમ કદી ટળે નહિ. ભ્રમ ટળ્યા વિના ભગવાન જાગ્રત થતો નથી. કહો, સમજાણું કાંઈ?

અહીંયા શું કહે છે? કે અશુદ્ધનિશ્ચયથી રાગ-દ્વેષ, રતિ-અરતિ, ભય આદિના પરિણામ જીવ કરે છે અને હરખ-શોકને જીવ ભોગવે છે. એ કર્મ ભોક્તા હોય તો કર્મની પર્યાય એનામાં ઘુસી જવી જોઈએ અને આત્મા કર્મનો ભોક્તા હોય તો કર્મની પર્યાયમાં આત્મા ઘુસવો જોઈએ. કોઈની પર્યાયમાં-અવસ્થામાં કોઈનો સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું પૃથક્-પૃથક્ પોતપોતાનું કાર્ય બધા કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :— આવું કંઈક સમજાય તો... કેટલા બધા સાધુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પણ આ... ન્યાયથી વાત કરીએ છીએ કે નહિ? જુઓ, આત્મા છે અરૂપી. એની પર્યાયમાં સંયોગને જોઈને હરખ થાય છે તો હરખને ભોગવે છે, વસ્તુને

નહિ. એ તો પર છે. આત્મા અરૂપી છે. શું અરૂપી રૂપીને સ્પર્શે છે? આત્મામાં રંગ, ગંધ, સ્પર્શ છે? આત્મામાં રંગ, ગંધ, સ્પર્શ છે તો રંગ, ગંધ, સ્પર્શને અડે છે? કોને અડે છે? એને જોઈને હરખ થાય છે અને પ્રતિકૂળ જોઈને અંદર દ્વેષ થાય છે. લાડવો આવ્યો ને એમાં કાંકરી આવી ગઈ ચિરોડીની, (ઉંહું થાય છે) એ દ્વેષને ભોગવે છે. વસ્તુને નથી ભોગવતો.

**શ્રોતા :—** કાંકરી કાઢી નાખે...

**પુજ્ય ગુરુદેવશ્રી :—** કોણ કાઢે કાંકરી? કાંકરી જડ છે. કાંકરી એમાંથી નીકળવી, ન નીકળવી એની પર્યાયનું કાર્ય છે, એ આત્માની પર્યાયનું કાર્ય નથી. આહા..હા..! બહુ ફેર.

**શ્રોતા :—** કડવા શબ્દો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કડવા શબ્દો શું? કોણ કાઢે? સાંભળે એને. સાંભળીને ઉંહું.. કરે તો દ્વેષ કરે. બીજું શું? કડવા શબ્દ જડ છે. ઈ જડમાં ક્યાં દ્વેષ છે? એ તો જડની પર્યાય છે. એમાં ગાળ આવી એ તો જડની દશા છે. એને ઠીક ન પડ્યું તો દ્વેષ કરે છે. જડ દ્વેષ કરાવે છે? પરની નિંદાના શબ્દોનો એ ભોક્તા છે? મારું અપમાન કર્યું. તું કોણ કે તારું અપમાન થયું? શું છે તને? આમ માનીને અપમાન માને છે તો પોતાના વિકારનો ભોક્તા થાય છે. પરનો ભોક્તા અજ્ઞાની પણ થતો નથી. કહો, સમજાણું કાંઈ? કર્તા અને ભોક્તા બેય આવ્યું, હોં! રાગ-દ્વેષનો કર્તા પણ અજ્ઞાની છે અને ભોક્તા પણ રાગ-દ્વેષનો જ છે. પરનો ભોક્તા તો છે જ નહિ. આહાર-બાહાર ખાધો. સાધુ માને કે મેં આહાર તો ખાધો. શું ખાય? ધૂડ ખાય તું. એ તો જડ છે. નિર્દોષ આહાર લીધો. એ તો જડ છે. જડને તું લઈ શકે છે? જડ છોડી શકે છે?

**શ્રોતા :—** પંચમકાળમાં તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પંચમકાળ કે ચોથો કાળ, તત્ત્વમાં કાંઈ ફેર હોય છે?

અશુદ્ધનિશ્ચયથી સમસ્ત મોહરાગદ્વેષના પરિણામ, વિકાર પરિણામ ભાવકર્મ. પેલા દ્રવ્યકર્મ જડ હતા. ભાવ એની પર્યાયમાં થયો છે. એનો કર્તા અને એનો અનુભવ કરવાવાળો (છે). બેનો નહિ. સમજાણું કાંઈ? પોતાની પર્યાયનો કર્તા ભોક્તા છે. પરનો કર્તા-ભોક્તા તો વ્યવહારથી કહ્યું છે.

હવે ત્રીજો બોલ. આ દેહ. કાલે કોઈને પ્રશ્ન હતોને આ દેહનો. કોનો હતો? શરીરનું શરીરનું હતુંને કાલે? શરીરનું કેમ? શરીરમાં અને કર્મમાં બેમાં ફેર છે. અહીંયા જુઓ, '**અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારથી...**' આવ્યો શરીરમાં. નિકટવર્તી કાઢી નાખ્યું. કેમ? કે કર્મ અને આત્માનો એકક્ષેત્રાવગાહી સંબંધ કદી એક સમય છૂટ્યો નથી. શરીરનો સંબંધ મૃત્યુકાળે છૂટી જાય છે. આ છૂટી જાય છે, બીજું શરીર મળે છે. સમજાણું કાંઈ? ત્રીજું મળે છે, ચોથું મળે છે. અને કર્મ એ તો અનાદિકાળથી સાથેને સાથે (રહે છે). એકક્ષેત્રાવગાહે એક જગ્યાએ હોં! એનું કાર્ય એનામાં અને આત્માનું કાર્ય આત્મામાં. આહા..હા..! કર્મ આત્માને નરકમાં લઈ

જાય છે એમ પણ નથી અને કર્મને આત્મા નરકમાં લઈ જાય એમ પણ નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું? કર્મ આવી ગયું, પહેલાં કર્મ આવી ગયું. અનુપચરિત અસદ્ભૂત (વ્યવહારનયથી) કર્તા-ભોક્તા. અનુપચરિત એટલે સંબંધ. શરીનો સંબંધ છે, નિકટ છેને અહીંયા. જ્યાં આત્માના પ્રદેશ છે ત્યાં શરીર આ રજકણ માટી ધૂડ છે ત્યાં ઈ છે. એનું નામ અનુપચરિત. ઉપચાર નહિ એટલે સંબંધ નજીક, નજીક. અસદ્ભૂત એટલે જૂઠો. વ્યવહાર એટલે નિમિત્ત.

એવા '(દેહાદિ) **નોકર્મનો...**' શરીરનો અને વાણીનો. આ વાણી ઉઠે છે ઈ, ધ્વનિ અને અહીં મન છે જડ માટી. આત્મા વિચાર કરે છે તો એક મન છાતીમાં છે ફૂલ્યા કમળને આકારે. આઠ પાંખડીના ફૂલ્યા કમળ આકારે. ફૂલેલું કમળ હોય છેને? એવું અહીંયા જડ મન છે. જેમ આ કાળો ડોળો છેને? આત્મા જોવે છે રૂપને તો આ નિમિત્ત પડે છે એટલું. આત્મા વિચાર કરે છે તો અહીં છાતીમાં મન છે, એ નિમિત્ત પડે છે. તો મન પણ જડ છે. આ જડ છે એમ મન જડ છે. જડ મન. એ જડ મન, આ વાણી નીકળે છે અને શરીર. એનો કર્તા આત્મા અનુપચરિત જૂઠી નયથી કહેવામાં આવે છે.

**શ્રોતા** :— વચન નથી બોલતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— વચન કોણ બોલે? આત્મામાં વચન પડ્યા છે તો બોલે? વાણી તો જડ છે. રજકણ ધ્વનિ ઉઠે છે. આ ઉતરે છે તો શું આત્મા ઉતરે એમાં અરૂપી? એ તો માડી ધૂડ ઉતરે છે. એ પણ ખબર ન મળે, વચન હું બોલું છું કે નથી બોલતો. ભાન ન મળે.

**શ્રોતા** :— ભાષણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ભાષણ-બાષણ કોણ કરતોં હતો? ધૂડ.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— વાંધો કેમ મટે એની વાત છે. વાંધા એવા કરે છે અજ્ઞાની કે હું વાણીનો કર્તા છું, હું બરાબર બે કલાક એમ બોલું કે એમાં ત્રુટ નહિ પડે. એકધારો બોલીશ. મૂઢ છે. ક્યાંથી બોલીશ? વાણી તારી છે? ઈ કહે છે. એ કંઠની છે ધ્વનિ. કંઠમાંથી ધ્વનિ ભાષાવર્ગણા ઉઠે છે.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કોણ બોલે? ધૂડ બોલે? એ તો વાણી નીકળે છે જડની. આહા..હા..! ધ્વનિ ઉઠે છે ઈ આત્મામાં છે? આત્મા તો અરૂપી છે.

**શ્રોતા** :— દેખાય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— શું દેખાય છે? વાણી નીકળે છે એમ દેખાય છે, આત્મામાંથી નીકળે છે એમ કોણ કહે છે? બોલવા માંગે તો કોઈ વાર નથી નીકળતી. એં... થઈ જાય, બેં.. થઈ જાય. મારે બોલવું હતું આમ પણ આમ બોલાઈ ગયું. એનો અર્થ કે તારી ભાષા

જ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કો'ક વાર ન થાય એનો આ દાખલો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સિદ્ધાંતમાં અપવાદ ન હોય. સિદ્ધાંત એકરૂપ ત્રિકાળી નિયમ હોય એનું નામ સિદ્ધાંત. જો કરી શકે તો દરેક સમયે કરી શકે. એક વાર પણ ન કરી શકે તો એનો અર્થ કે ઈ ક્યારે પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ?

'(દેહાદિ) **નોકર્મનો કર્તા છે,...**' અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારથી કહેવામાં આવે છે. એમ છે નહિ. વાણી વાણીને કારણે નીકળે છે. ઓહો..હો..! દેહ ચાલે. હું આટલી જત્નાથી ચલાવીશ શરીરને. કહે છે કે દેહની ક્રિયા આમ થાય છે એનો આત્મા કર્તા વ્યવહાર અનુપચાર સંબંધથી કહે છે, એનો કર્તા આત્મા છે જ નહિ. દેહને આમ રાખી શકે એ આત્માનો અધિકાર છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે કઠણ જગતને.

**શ્રોતા :—** સમિતિનું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સમિતિ. આત્મામાં પરિણામ રાખવા પ્રમાદ વિનાના એ સમિતિ. જડનું શું કરી શકે છે? ... અંગુઠો ખસી જાય. આમ છાણ આવે, થોડું છાણ, છાણને શું કહે છે? ગોબર. ગોબર, આ તમારે કેળા. કેળા-બેળા પડ્યા હોયને સડકમાં, મુંબઈમાં જરીક, આમ (થાય તો) જાય, એક પગ આમ અને એક પગ આમ. હરગોવિંદભાઈને થયું હતુંને? છ મહિના સુધી રહેવું પડ્યું. આ મગનભાઈને આઠ મહિના રહેવું પડ્યું. આમ ઊંચો ટાંગો બાંધીને. પ્રાણભાઈને રહેવું પડ્યું હતું. જડની પર્યાય. જડમાં આત્મા શું કરે? કરે શું? સુધારે શું? બગાડે શું? ... ત્રણકાળમાં નહિ. આહા..હા..! આ ગળે ઉતરવું માણસને. જીવતા પ્રાણીને ઉતારવું... મરી ગયા પછી .. જીવતો તારામાં કે એનામાં? તું જીવતો તારામાં અને એ જીવતો એનામાં. કોઈ કોઈને ઉતારી શકતું નથી. તીર્થંકરની તાકાત નથી કે કોઈને સમજાવી શકે. પરદ્રવ્યની પર્યાય એનાથી થાય છે, તીર્થંકર તો નિમિત્ત કહેવામાં આવે છે.

**શ્રોતા :—** મોટા માણસો અહીં આવીને આ માનવા મંડ્યા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ પર્યાય એનામાં થઈ કે પોતામાં થઈ? કોનામાં થઈ? કોનામાં થઈ? ક્યાંથી થઈ? ક્યા સ્વરૂપે એ પર્યાય થઈ? એના સ્વરૂપમાં કે આત્માના સ્વરૂપમાં ઈ થઈ છે? બસ, ખલાસ. એને કારણે થઈ છે. સમજાણું કાંઈ? દુનિયાથી ભઈ ઊંધું છે આખું. દુનિયાના તળ ને પળથી બધું ઊંધું છે આ. સત્ય તો આ જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. બીજો કોઈ સાચો પંથ હોતો નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં એટલું કાઢી નાખ્યું. નિકટવર્તી છેને? ઈ શરીરમાંથી કાઢી નાખ્યું. કેમકે શરીર તો કોઈ વખતે ન પણ હોય અને કર્મ તો સદા રહે છે તો એને નિકટવર્તી કહીને અનુપચાર સંબંધવાળી વ્યવહારનય કહી. આ પણ સંબંધવાળી પણ સદાય સમયે-સમયે શરીર સાથે સંબંધ રહે છે એમ નહિ. અનુપચરિત એટલે સંબંધ, ઉપચાર નહિ પણ સંબંધ, અસદ્‌ભૂત

નામ જૂઠો, વ્યવહાર નામ નિમિત્તથી નોકર્મનો કર્તા શરીરનો, વાણીનો કહેવામાં આવે છે. આત્મા એનો કર્તા નથી પણ ઈચ્છાનો કરનારો અજ્ઞાની, ઈચ્છા કરે છે અજ્ઞાની વાણી નીકળે છે તો વાણીમાં ઈચ્છા નિમિત્ત પડે છે તો એનો કર્તા અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? નોકર્મ થયું. હવે ચોથો બોલ રહી ગયો છે. હવે ઘડાને, પટને, પુસ્તકને બનાવે કે નહિ? એ ચોથો બોલ રહ્યો. ઈ કાલે આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ચૈત્ર સુદ ૨, ગુરુવાર, તા. ૨૪-૦૩-૧૯૬૬, ગાથા-૧૮, શ્લોક-૩૦, પ્રવચન નં. ૩૦

નિયમસાર, જીવ અધિકાર ચાલે છે. એમાં કર્તૃત્વ ભોક્તૃત્વનો અધિકાર ચાલે છે. ત્રણ બોલ ચાલ્યા. આ આત્મા દેહમાં બિરાજમાન ચૈતન્યપ્રભુ એનું સ્વરૂપ તો શુદ્ધ આનંદ અને શાંતિનું એનું સ્વરૂપ છે. એના આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જાણીને જ્ઞાતા-દૃષ્ટાનું કાર્ય કરવું એ જ ધર્મીનું કાર્ય છે. સમજાણું કાંઈ? આત્મા કર્મ, શરીર કે પુણ્ય-પાપના ભાવ ત્રણેથી રહિત આત્મસ્વભાવ અંદર છે. એવું આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અંતરમાં દૃષ્ટિમાં લઈને એકાગ્ર થઈને પોતાના સ્વભાવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કરવા. તો સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્થિરતા એ આત્માનું કામ છે. આત્મા એનો કર્તા છે. વાસ્તવિક દૃષ્ટિમાં તો આવું (હોય છે). એ પણ સદ્‌ભૂતવ્યવહારનય છે પણ વાસ્તવિક દૃષ્ટિમાં એનો કાર્ય કર્તા છે. સમજાણું કાંઈ?

શ્રોતા :–

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું નજરે પડે એવું છે. એમ કહે છે, દેખાય કેમ? દેખાય છેને, આ કીધુંને. પહેલાં શું કીધું? જુઓ, જડ કર્મ છેને જડકર્મ અંદર આઠ કર્મ માટી. લોકો નથી કહેતા કે કર્મથી અમને આ મળે છે, આ મળે છે, રોગ આવ્યો, ધૂડ આવી એમ કહે છે કે નહિ? તો એ કર્મ છે કે નહિ અંદર વસ્તુ? એ પ્રારબ્ધ કહો, નસીબ કહો, તકદીર.. તકદીર કહે છેને આ લોકો મુસલમાન? પણ એ ચીજ છે, છે કે નહિ કોઈ ચીજ અંદર? એ રજકણ કર્મના છે એને અહીંયા કહે છે કે નજીકમાં, આત્માની સાથે નજીક છે અંદરમાં. કદી એક સમય પણ એનો વિરહ થયો નથી. તેથી નિકટવર્તી કહીને સંબંધમાં છે તે કારણે અસદ્‌ભૂતવ્યવહારનયથી જૂઠી દૃષ્ટિથી જડકર્મની પર્યાય આત્માએ કરી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જે જડ કર્મ છે જડ, એ પરમાણુ તો કોઈવાર સ્ત્રીનું જે સુંદર મુખ છે એના રૂપે પૂર્વે

થઈ ગયા હતા. સમજાણું કાંઈ? શું? એ દ્રવ્યકર્મ છેને, જડકર્મ પરમાણુ, તો એ પરમાણુ ક્યારેક કોઈ વખતે સ્ત્રી પ્રિય લાગે છે અજ્ઞાનીને એના શરીરની આકૃતિરૂપે પણ એ કર્મ પહેલાં થયા હતા. સમજાણું કાંઈ? ક્યારેક ઝેરના રજકણરૂપે પણ એ રજકણ થયા હતા અને ક્યારેક મેસુબના રજકણપણે એ પર્યાયપણે એ રજકણ થયા હતા. મેસુબ સમજો છો? મેસુબ મેસુબ પાક, પાક. એ જ રજકણ અત્યારે કર્મરૂપે પર્યાય થાય છે તો એનો ખરેખર કર્તા એ પરમાણુ એ પર્યાયના છે. સમજાણું કાંઈ? કેમકે પૂર્વમાં એ જ રજકણ પોતપોતાની ભિન્ન પર્યાયપણે પરિણમતા હતા તો એના કર્તા એ જ હતા. બરાબર છે?

અત્યારે પણ આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિનું ભાન નથી તેને રાગ દ્વેષ વિકારભાવ થાય છે. એ વિકારભાવનો કર્તા અશુદ્ધનિશ્ચયથી છે. મલિન પરિણામ નિશ્ચયથી એનામાં છે, તેનો તે અજ્ઞાની વિકારનો કર્તા થઈને પોતાના ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટાને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? તો કહે છે કે વ્યવહારથી કર્તા છે એમ કહેવામાં આવે છે. કેમકે અજ્ઞાની વિકાર કરે છે તો વિકાર નિમિત્ત પડે છે એમાં અને એ રજકણ પોતાથી કર્મરૂપે પરિણમ્યા છે. પહેલાં બીજા રૂપે પરિણમ્યા હતા. સમજાણું કાંઈ? અત્યારે કર્મરૂપે પરિણમ્યા છે માટે તેનો કર્તા પણ ખરેખર તો (પરમાણુ જ છે).

**શ્રોતા :—** પરમાણુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ. બસ, ઈ કહેવું છે અહીંયા. આહા..હા..! નજર લાંબી કરે ત્યારે ખબર પડે કે એમને એમ દેખાય શું?

આ આત્મા છે તો બીજી એક ચીજ કર્મ છે કે નહિ? તો કર્મ એ જ રજકણ પહેલી પૂર્વ અવસ્થામાં અનેક અવસ્થારૂપે થઈ ગયા હતા. ઔદારિકપણે, વૈક્રિયકપણે, તૈજસપણે સમજ્યા? સ્ત્રીના શરીરપણે, વિક્રિય દેવપણે, નારકીના નારકીપણે, અનંતપણે દુર્ગંધપણે, સુગંધપણે એ જ રજકણ પૂર્વમાં એવી અવસ્થારૂપે થયા હતા. તો એનો અર્થ ઈ કે એ અવસ્થાનો કર્તા એ રજકણ છે. સમજાણું કાંઈ? અત્યારે પણ અજ્ઞાની આત્મા ચૈતન્યસ્વભાવ શુદ્ધને ભૂલીને વિકાર કરે તો વિકારનો કર્તા એ અજ્ઞાનપણે અશુદ્ધપણે એની દશામાં છે તો કર્તા થાય છે, એ તો બરાબર છે અજ્ઞાનભાવે. પણ કર્મનો કર્તા કહેવો એ અનુપચરિત નિકટવર્તી જૂઠી નયથી (કહેવામાં આવે છે). કેમકે પરિણમવાનો તો કર્મની પર્યાયનો તે સમયે પરિણમવું તો એનો સ્વભાવ છે, એ કાર્ય તો એનું છે. આત્માનું કાર્ય કહેવું એ નિકટ સંબંધમાં છે (તો) જૂઠી દૃષ્ટિથી કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

એમ કર્મનો ભોક્તા આત્મા છે એ પણ અસદ્‌ભૂત અનુપચારનયથી છે. કર્મનો અનુભવ તો કર્મમાં છે. કર્મ પોતાની પર્યાયપણે થઈને ખરી જાય છે. આત્મા એને ભોગવે એમ કહેવું એ અસદ્‌ભૂત જૂઠી દૃષ્ટિથી છે. '**અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહારાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે,...**' ભગવાન આત્મા એ મલિન પરિણામ... નિર્મળાનંદ પ્રભુ આખા

નિર્મળ આનંદ આદિ શુદ્ધતાનો સાગર આત્મા છે. આહા..હા..! એ નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ પોતાને ભૂલીને અશુદ્ધ પર્યાય પોતામાં પોતાની દશામાં કરે છે. તેથી અશુદ્ધનિશ્ચયનયથી તેનો સમસ્ત રાગ-દ્વેષ, મોહ આદિનો કર્તા આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ દુઃખરૂપ દશાનો કર્તા છે. આહા..હા..! ભગવાન આત્મા તો આનંદમૂર્તિ છે. અતીન્દ્રિય આનંદકંદ છે. એવા અતીન્દ્રિય આનંદની રુચિ છોડીને વિકારની રુચિ થઈ તો એ વિકારના દુઃખના પરિણામનો કરનારો આત્મા જ છે. આહા..! સમજાણું કાંઈ?

ત્રીજું. '**અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી (દેહાદિ) નોકર્મનો કર્તા છે,...**' આ શરીર. જુઓ, આ શરીરના રજકણ છે એ ક્યારેક ઝેરની ગોળીપણે પણ પરિણમ્યા હતા પહેલાં. મારી નાખે ફડાક દઈને એને. બંદુકની ગોળી ઝેર ઝેર કાળકૂટ ઝેર એવા રજકણ, આ રજકણ એ સમયે એવી પર્યાયરૂપે હતા. તો એનો અર્થ છે કે એ પર્યાયપણે પરિણમવાવાળા એ પરમાણુ જ છે. સમજાણું કાંઈ? આ પરમાણુ. એ જ પરમાણુ ઝેરપણે હતા, ગોળીપણે હતા, જમૈયાપણે હતા. મારે આમ. અહીંયા જ્યાં પરમાણુ... અહીં તો કર્તા સિદ્ધ કરવું છે. એ કર્તા પરિણમે છે એનાથી એમ કહેવું છે. એ પરમાણુ પહેલાં બીજી પર્યાયરૂપે હતા. તે જ રજકણ આ જ છે, ઈ આ પર્યાયરૂપે થયા. તો આ પર્યાય મારી છે એમ મૂઢ અજ્ઞાની માને છે. એ ગોળીરૂપે પરિણમ્યા હતા ત્યારે ઉં..હું... (દ્વેષ કર્યો હતો). બરાબર છે? આહા..હા..!

સ્ત્રીના શરીરના રજકણ પણ જે પ્રિય લાગે છે, આકાર શરીરના અવયવ, અંગ-ઉપાંગ એ જ રજકણ એકવાર ઝેરપણે પરિણમ્યા હતા. દેડકા, દેડકાને શું કહે છે? મંડુક અને ગાય, મીંદડા, બિલાડા સડ્યા હોય એવા પરમાણુ જે પરિણમતા હતા, તે જ પરમાણુ સ્ત્રીના શરીરમાં આવીને એવી આકૃતિપણે પરિણમ્યા છે. વાત સમજાય છે કે નહિ? અહીં તો પરિણમન સિદ્ધ કરવામાં એની એ જ વસ્તુ છે. રજકણ તો એ જ (છે). નવા આવે છે? કોઈ રજકણ નવા ઉત્પન્ન થાય છે કોઈ પરમાણુ? જગતમાં જે વસ્તુ નથી એ નવી થાય છે? તો આ રજકણ અહીંયા કર્મ છે એ નવા રજકણ છે? પૂર્વમાં એ જ રજકણથી અનંત વાર સ્ત્રીના શરીર બન્યા, શસ્ત્ર બન્યા, ઝેર બન્યા. સમજ્યા? અનંતવાર રજકણની એવી પર્યાય થઈ. એ પરમાણુ એ જ પર્યાયના કર્તા હતા. અહીંયા શરીરના રજકણપણે એ પર્યાય પરિણમ્યા છે તો તે જ પરમાણુ તે પર્યાયના કર્તા છે, આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પણ અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી વાણી અને શરીરના રજકણ નજીક છે તો, જેવા કર્મ નજીક હતા એવા નજીક નહિ, કેમકે કર્મનો તો એક સમય માટે પણ કદી એકક્ષેત્રાવગાહથી અભાવ થયો નથી, આ શરીરનો તો એકક્ષેત્રાવગાહથી અભાવ થાય છે. રસ્તામાં એક, બે સમય નથી હોતું દેહ છૂટીને જાય છે ત્યારે રસ્તામાં. તો નિકટવર્તી કાઢી નાખ્યું. અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી શરીર અને વાણીનો કર્તા અજ્ઞાનીના ભાવને નિમિત્ત જોઈને કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ દેહ પરપ્રાણીની દયા પાળવામાં હાથ આમ થયો. પાણી પડે છેને, પાણીમાં કીડી છે, મકોડા છે. આમ હાથેથી ઉપાડી લીધા. સમજ્યા? તો કહે છે કે એ જડની પર્યાય પરિણમી છે જડથી. સમજાણું કાંઈ? એ તેં હાથથી આમ નથી કર્યું. આહા..હા..! પણ એ પર્યાય તે સમયે એવી પરિણમી હતી. તારી સમીપમાં આત્મા છે અને તારી દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી તો કર્મનો, જડની પર્યાયનો, શરીરની પર્યાયનો કર્તા તને અસદ્‌ભૂત.. છેને? અનુપચરિત નયથી કહેવામાં આવે છે. સંબંધ છે નજીકમાં એટલો. ઓહો..હો..! કહો, સમજાય છે કે નહિ આમાં? અહીં જ્યાં આવી ગયા... ક્યાંકના રજકણ જડના જગતના, એ જડની પર્યાય ત્યાં થતી હતી ત્યારે મેં એને કરી એમ નહોતો કહેતો. અહીંયા એ રજકણ શરીરરૂપે થયા, આકારરૂપે થયા (તો હું કરું છું એમ માને છે). પણ અજ્ઞાની આત્મા પોતાનું સ્વરૂપ ચિદાનંદ જ્ઞાન છે એમ ખ્યાલ, પોતાના સ્વલક્ષમાં નથી તો પરલક્ષમાં ખ્યાલ છે તો પરની પરિણતિનો કર્તા રજકણ જ છે. અજ્ઞાનીને એને એમ કહે છે કે ભાઈ! તારો સંબંધ છે, પણ અસદ્‌ભૂત જૂઠી દૃષ્ટિથી વ્યવહારથી તું કર્તા છે, તારું લક્ષ ત્યાં જાય છે તેથી કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! એવું લક્કડ ફક્કડ અહીં જાણે બધું થઈ ગયું એવુંને એવું...

**શ્રોતા :—** જીવદયા પાળી ત્યારે એ હાથવાળો છે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ હાથવાળો નથી એમ કહે છે આ. એ 'હાથથી મેં દયા પાળી' મૂઢ છે એમ કહે છે. જડની પર્યાય એમાં નિમિત્ત થઈ છે. એના શરીરનો વિયોગ આયુષ્ય હતું તો નહોતો થવાનો, એને કારણે. એનું આયુષ્ય અને દેહ જુદાં પડવાને લાયક એને કારણે નહોતા. તેમાં દેહ નિમિત્ત પડ્યો. નિમિત્ત પણ દેહની ક્રિયા નિમિત્ત પડી. એમાં તું કહે છે કે દેહથી મેં દયા પાળી. તો તો અજ્ઞાની દૃષ્ટિ મૂઢ છે તો દેહની પર્યાય થઈ દેહથી તો અસદ્‌ભૂતવ્યવહારનયથી દેહની પર્યાયનો તું કર્તા છો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ... આ શું કર્યું અત્યાર સુધી બધું? આહા..! અહીં તો નિયમસાર મોક્ષમાર્ગમાં બતાવે છે કે ઈ મોક્ષમાર્ગ નથી, ઈ બંધમાર્ગ છે. સમજાણું કાંઈ? આવી સ્થિતિ જીવની જગતમાં છે. એમ સમ્યગ્દૃષ્ટિ વ્યવહારસમકિતમાં આમ છે એમ માને છે. બસ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્યાં? સમજાણું કાંઈ?

કહ્યું હતુંને? પચાસ છોકરા હોય, ચાલ્યા જતા હોય એકસાથે. સમજ્યા? એમાં એના શરીરના નિમિત્તે જે પુત્ર થયો (તો કહે છે), આ મારો. આ મારો, ક્યાંથી આવ્યું? તું તો એકસાથે પચાસને જાણે છે. 'આ મારો' એમ ક્યાંથી આવ્યું? આ શરીરનું નિમિત્ત હતુંને. પણ શરીર જ તારું નથીને. શરીર તારું નથી, તો શરીરથી ઉત્પન્ન થયો ક્યાંથી આવ્યું?

**શ્રોતા :—** શરીર છેને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તો શેની માંડી છે આ વાત? કેટલા વર્ષથી માંડી છે તોય એટલું બેસતું નથી? આ માટી ઝેર ઝેરપણે પરિણમ્યા હતા પરમાણુઓ ઈ આ શરીરપણે થયા છે. વાત શું કહે છે? સમજાણું કાંઈ? પહેલાં ઝેરપણે જે રજકણ થયા હતા અનંતવાર, એ રજકણ શરીરપણે થયા છે. તારા રજકણ ક્યાં છે? આ શરીર છે ક્યાં આત્માનું? આહા..હા..! પણ જેને આત્માના આનંદનું ભાન નથી એ રાગના ઝેરપણે પરિણમીને રાગનો કર્તા થાય છે અશુદ્ધનિશ્ચયથી, ત્યારે શરીરની પર્યાય રાગમાં નિમિત્ત પડે છે, ત્યારે અસદ્ભૂત (નયથી) કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! વાત પણ વાત ભારે.

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર વસ્તુનું આવું સ્વરૂપ છે એમ વ્યવહારે... સમ્યગ્દૃષ્ટિ, પોતાનું શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું એમ રાગરહિત, વિકલ્પરહિત, દેહરહિત, વાણીરહિત પોતાની શુદ્ધ પર્યાયનું પરિણમન કરવાવાળો છે. સ્વ અને પરને જાણવાવાળો છે. પરને કરનારો બિલકુલ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જ્યાં પોતાનું સ્વરૂપ નિશ્ચય નિયસમાર છે, પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય તેની દૃષ્ટિથી ઝીલીને પોતાના અનુભવમાં પ્રતીત થઈ કે આ આત્મા શાંત આનંદરસનો સ્વામી છે એવી પ્રતીત અને જ્ઞાન થયા તો એ તો પોતાની જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની પરિણમનની ક્રિયાનો આત્મા કર્તા સમ્યગ્દૃષ્ટિ થાય છે. વચ્ચે રાગાદિ આવે છે તેનો કર્તા સમ્યગ્દૃષ્ટિ થતો નથી. કેમકે વિકાર આત્મા નથી. દૃષ્ટિના વિષયમાં વિકાર નથી. દૃષ્ટિના વિષયમાં નિર્વિકારી નિર્મળાનંદ છે. તો નિર્મળાનંદની પર્યાયનો કર્તા સમકિતી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! શું કરે?

અરે..! રાડ નાખે, ઓલા પોકાર કરે છે. અરેરે..! પુણ્યને કંઈક કહો. હવે સાંભળને. પુણ્ય તો રાગ છે. પુણ્યફલા અરિહંતા.. વળી એમ કહે. પુણ્યને લઈને અરિહંત થાય છે? એ તો બહારની સામગ્રીની વાત કરી છે. પુણ્યથી સામગ્રી મળી એમાં આત્મામાં શું આવ્યું? સમવસરણ થયું એમાં આત્માને શું થયું? પુણ્યથી અરિહંતફળ મળે છે? ભગવાન આત્મા અનંતગુણનો સાગર, અરે..! શાંતિથી ધીરજથી જો કે તારી ચીજમાં શું છે? એમ અંતરમાં અનુભવમાં સમ્યગ્દર્શનમાં આત્મા આવ્યો તો એ આત્મા તો પોતાની પવિત્ર પર્યાયનો કર્તા થઈને આગળ વધીને કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા થાય છે. પુણ્યના પરિણામનો કર્તા થઈને કેવળજ્ઞાન થાય છે, એમ ત્રણકાળમાં નથી. (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પુણ્ય એ વિકાર છે. વિકારને રચવાવાળો, એણે તો આત્મા આખો વિકારમય માની લીધો છે. સમજાણું કાંઈ? એને હું રચવાવાળો. શું તારી ખાણમાં વિકાર છે? વસ્તુ તો શુદ્ધ અનંતગુણનો પિંડ નિર્મળાનંદ પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ નથી ત્યાં પુણ્યનો કર્તા થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ થાય છે. એને તીર્થંકરગોત્ર ક્યાંથી બંધાય? અને કેવળજ્ઞાન ક્યાંથી થાય? નિગોદમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાતમી નરકની નીચે નિગોદ છે નિગોદ.

અનંત જીવ. જેમ ઉપર સિદ્ધ છે એમ નીચે નિગોદ છે. નીચે જાશે અધોગતિમાં. આત્માને અધઃપતન કર્યો, શુદ્ધ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરી નહિ અને એમાં નથી એવા વિકારને ઉત્પન્ન કરીને, 'મારું કાર્ય છે, નિશ્ચયથી ઈ મારું કાર્ય છે' તે જ આત્મા સ્વભાવનો અનાદર કરીને મારી વસ્તુ અશુદ્ધ ચૈતન્ય છે એમ માનીને કર્તા થાય છે તો મિથ્યાદૃષ્ટિ છે. એને સમ્યગ્દર્શન નથી તો પુણ્ય પરિણામથી વળી કેવળજ્ઞાન થશે અને અરિહંતપદ થશે (એ વાત જ નથી રહેતી). આહા..હા..! ભારે વાત. જગતને ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા. સમજાણું કાંઈ?

સવારમાં અરીસામાં દેખે શરીર, 'આ શરીર મારું, આવા અવયવવાળું, આવી આંખ્યુંવાળું, આવું આ... આ મારું' તારુ ક્યાંથી આવ્યું પણ? આ તો માટી છે. સમજાણું કાંઈ? આ તો જડ છે. વિષ્ટા સડેલીપણે જે રજકણ પરિણમ્યા હતા, તે જ રજકણ આ પણે થયા છે. કર્તા તો ઈ છે, તું કર્તા ક્યાંથી આવ્યો? પરિણમન બદલ્યું એનું કારણ શું? સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાંથી આવ્યું તારું શરીર? હું શરીરથી સદુપયોગ કરું છું. ધૂડમાં?

અહીંયા તો ભેદજ્ઞાનની વાત છે. યથાર્થ વસ્તુની ઓળખાણ વિના અજ્ઞાની વિકારનો કર્તા થયા વિના રહેતો નથી. તો એને અજ્ઞાનીને કર્મનો કર્તા આરોપથી કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અનુપચરિત અસદ્ભૂતવ્યવહાર, દેહાદિનો કર્તા. એમ અજ્ઞાનીને કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે છેલ્લો બોલ રહ્યો. '**ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી...**' જુઓ, પહેલાં બેમાં અનુપચરિત હતું. પહેલાંમાં નિકટવર્તી અનુપચરિત, ત્રીજામાં અનુપચરિત એકલું. આ ઉપચરિત. ઉપચરિત કેમ આવ્યું? કે રોટલી, ઘડો, વસ્ત્ર, ગાડી, રોટલી, દાળ, ભાત, શાક.. સમજાણું કાંઈ? એનો આત્માને કર્તા કહેવો, એ પર્યાયનો, એ ઉપચરિત (છે). કેમકે આત્માથી ભિન્ન છે. આત્માથી ભિન્ન છે. દુકાનના દાણા તોળી આપે, દાણાનું કામ કરે છે, વસ્ત્રને આમ ફાડીને આપે, વસ્ત્ર એને આપે છે.. એ.. વાસુદેવભાઈ! આ વસ્ત્રનો દાખલો આવ્યો વળી. લોઢા મોટા ફેરવ્યા ફેરવ કરે. આ દાણા, શીંગના દાણા. એ દાણે દાણાના રજકણ પોતાની પર્યાયથી ત્યાં પરિણમે છે અને રહે છે. એને આત્માએ આમ કર્યું, એ મૂઢ અજ્ઞાની આત્મા જ્ઞાનને નહિ જાણીને, પોતાની ચૈતન્યની શ્રદ્ધા નથી, તે પરનો ઉપચારથી સંબંધ નથી એ જડની પર્યાયનો જીવ કર્તા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આ દાણાના ધંધા-બંધા કોણ કરે છે? એઈ..! શું છે તમારે? ઈંજેક્શન. ધૂડમાંય કોઈ કરતું નથી. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરે જે અનંત તત્ત્વ અનંતરૂપે પૃથક્ પૃથક્ છે એમ કહ્યું, એને પૃથક્ તત્ત્વનો પૃથક્ તત્ત્વ કર્તા માને છે તો પૃથક્ અનંતપણે અનંત રહેતા નથી. એની માન્યતામાં હો! એ તો (પૃથક્) જ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! શરીરના અવયવ ઈન્દ્રિયોના એ બધી જડની પર્યાય, માટી ધૂડની છે. આ નોકર્મ છે. એ

જ પર્યાય કોઈ સમયે ઝેરપણે થઈ હતી, વિષ્ટાપણે થઈ હતી, દુર્ગંધપણે થઈ હતી, સુંવાળીપણે થઈ હતી, સ્પર્શમાં અનેક પ્રકારે, મીઠાશ દૂધના પેંડાપણે થઈ હતી. એ પરમાણુ અહીંયા એને કારણે, આ પર્યાય પોતાને કારણે થઈ છે. એનો ઉપચરિત નામ ઉપચાર, સમજાય છે? ઈ તો દેહમાં આવી ગયા. અહીં હવે ઘડો. એ રૂપે જ્યાં પરિણમ્યા હતા, એ આ દેહમાં આવી ગયા અથવા ઘડામાં આવી પરમાણુ, લ્યો. એ પરમાણુ ઘડારૂપે પરિણમ્યા છે.

વસ્ત્રરૂપે પરિણમ્યા. વસ્ત્ર વસ્ત્ર. ખાદીના લુગડા હું પહેરું છું. કેટલા વર્ષથી પહેરે છે. રામજીભાઈ બે મહિના તો ગયા હતા કેદમાં, સાચી વાત છે? દાંત કાઢે છે. આ ખાદીના કપડા હું પહેરું છું. શું છે? ખાદીના કપડા તો જડ છે, તું પહેરી શકે છે? તું ઉપાડી શકે છે? શરીરને નાશ કરી શકે છે? એ પર્યાયનો કર્તા તો પરમાણુ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીનું લક્ષ નિજ જ્ઞાતા ઉપર નથી તો ઉપચારથી જૂઠનયથી એનો કર્તા, કપડુ એણે ઊંચું કર્યું, કપડા પહેર્યા એમ કર્તા વ્યવહારથી અજ્ઞાનીને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાને કપડા છોડી દીધા. દીક્ષા થઈ. અરે..! સાંભળ તો ખરો. શું છોડી દીધા? સમજાણું કાંઈ? આ કપડાની પર્યાયનો કર્તા આત્મા છે કે કપડા છોડી દીધા? છૂટ્યા તો એ પર્યાય એની કર્તા છે. એ અહીંયા હતી એ છૂટી ગઈ તો એ પર્યાયનો કર્તા તો પરમાણુ છે. પરમાણુ એ રૂપે પરિણમ્યા છે. અજ્ઞાની માને છે કે મેં કપડા છોડી દીધા. મૂઢ છે. કપડાની પર્યાયનો કર્તા ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી અજ્ઞાનીને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ઘડો, ઘડો બનાવ્યો. કુંભારે ઘડો બનાવ્યો. ખોટી વાત છે, કહે છે. ઘડો તો માટીએ બનાવ્યો. શું માટી સ્વરૂપે ઘડો થયો છે કે કુંભાર સ્વરૂપે ઘડો થયો છે? માટી સ્વરૂપે ઘડો થયો તો માટી એની કર્તા છે. ઘડા સ્વરૂપે થયો છે? સમજાણું કાંઈ? સ્ત્રી રોટલી બનાવે છે? રોટી સ્ત્રી સ્વરૂપે થઈ છે? સ્ત્રીનો રાગ હતો, તો રાગ સ્વરૂપે રોટલી થઈ છે કે પરમાણુ સ્વરૂપે રોટલી થઈ છે?

**શ્રોતા :—** એના વિના ક્યાં થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એના વિના જ થાય છે.

**શ્રોતા :—** .. પગાર દેવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂડમાં પગાર દેવા પડે. એને રસોઈના દેવા પડેને. ઈ તો હમણાં દાખલો આપ્યો હતો, કીધું, ભઈ જુઓ, આ પચાસ દેવા પડે ખાવાના ને પચાસ દેવા પડે નોકરના. સમજ્યાને? નોકરને પૈસા દેવા પડે. એઈ..! ડાહ્યાભાઈ! દાખલો આપ્યો હતો તમારા .. હતું. હમણાં આપ્યો હતો અંદર હોં! એ.. કાંતિભાઈ! ઈ પણ કાઢવા શી રીતે? પચાસ રૂપિયાનું પોતાને ખાવાના, પચાસ રૂપિયા રસોઈયાના અને પચાસ રૂપિયા પાછી નોકરી. દોઢ સો રૂપિયા મહિને ... નવરા થાય શી રીતે? બાયડી મરી ગઈ હોય, શું કરવું હવે? બાયડી હોય તો ....

**શ્રોતા :—** ઈ પણ ખાવાનું તો માંગેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ ઈ તો મારી ગણીને એનો ખર્ચ ન ગણે. એમ છેને? અજ્ઞાનીની ગણતરીફેર છે, બીજું શું છે?

**શ્રોતા :—** અજ્ઞાનીની માન્યતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અજ્ઞાનીની માન્યતાથી પદાર્થ તદ્દન ભિન્ન છે. એ જૈન નામ ધરાવે, સાધુ નામ ધરાવે, ત્યાગી નામ ધરાવે પણ એમ માને કે મેં કપડા છોડ્યા, મેં આહાર છોડી દીધો. આહાર તો પરચીજ છે. શું આહારની પર્યાય તારાથી છોડી શકાય છે? તેં પકડી છે? એ તો રજકણની પર્યાય છે.

**શ્રોતા :—** દોઢસો ખર્ચે છે ઈ વાત તો સાચી છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દોઢસો ખર્ચે ઈ વાતેય ખોટી છે. દોઢસો ક્યાં રામજીભાઈના હતા? ખોટે ખોટી ગપ છે. સમજાણું કાંઈ? આહા..! ફાવાભાઈ! આવું કેટલું ગપ ચાલતું હશે? ભાઈ! તને તત્ત્વની ખબર નથી. તત્ત્વનું જ્ઞાન કેવું છે અને તત્ત્વનું અજ્ઞાન કેવું છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? ભાઈ! જગતમાં તું એક જ તત્ત્વ છો એમ નથી. જગતમાં અનંત તત્ત્વ છે અને અનંત તત્ત્વની પર્યાય ક્ષણે-ક્ષણે તે તત્ત્વથી પોતાથી થાય છે. બીજા તત્ત્વને એ પર્યાયનો કર્તા કહેવો એ નિજ જ્ઞાનસ્વરૂપને ચૂકનારને એનો કર્તા અસદ્‌ભુત નયથી કહેવામાં આવે છે, ખોટી નયે કહેવામાં આવે છે. ખોટી દૃષ્ટિ કરી તો ખોટી નયથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઘડાનો કર્તા કુંભાર નથી. પણ કુંભાર સમ્યગ્દૃષ્ટિ હોય.. સમજાયું? તો ઘડો બને છે અને એનો હાથ આમ ચાલે છે તો સમ્યગ્દૃષ્ટિ કુંભારના જ્ઞાનમાં ઈ હલે છે અને ઘડો જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પોતાનું જ્ઞાન કર્યું તો એનું જ્ઞાન કરે છે, એ સમ્યગ્દૃષ્ટિનું કાર્ય છે. જ્ઞાન કરે છે કે આ ચેષ્ટા જડમાં થઈ. ઘડો થયો. એમ સમ્યગ્દૃષ્ટિ કુંભાર પોતાનું જ્ઞાન કરે છે તો એનું જ્ઞાન કરે છે. 'હું કર્તા છું' એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ રોટલી. રોટલી પણ આમાં જાય હોં! ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય. વિષયાદિમાં. એ રોટલી બને છે, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની રોટલીના કાળમાં ઉપસ્થિત છે, તો પોતાનું જ્ઞાન છે તેને જાણે છે કે હું જ્ઞાન છું, રાગ આવ્યો એનું પણ જ્ઞાન કરે છે. રોટલી થાય છે એ જડમાં થાય છે એમ જ્ઞાની જ્ઞાન કરે છે. જડની પર્યાય મેં કરી એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! દેવાનુપ્રિયા! આ કહે છે કે પણ દેખાય છે ક્યાંય? એમ કહે છે. પણ દેખાતું નથી? શું જોવે છે? આ દાખલા શું કરવા આપે છે? આહા..! એ જ્ઞાનાર્ણવમાં આવે છે. તને શરીરની કેવી પ્રીતિ થઈ ગઈ છે? જ્ઞાનાર્ણવમાં. શરીરમાં કેવી પ્રીતિ થઈ ગઈ છે? તું એક વાર એ શરીરના પરમાણુથી ડરતો હતો, એ જ શરીર ઉપર તને પ્રેમ કેવી રીતે થઈ ગયો? એઈ..! આહા..હા..! વૈરાગ્યનો અધિકાર છેને. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો આત્મા છેને. આ રજકણ તો જગતમાં પલટતા, પલટતા, પલટતા પલટીને અહીંયા આવ્યા. અહીં આવ્યા એ પહેલાં દુશ્મનની જીભ હતી, દુશ્મનની જીભ હતી. એ રજકણ પલટીને શરીરરૂપે થયા, તને પ્રીતિ કેવી રીતે થઈ ગઈ એમાં?

**શ્રોતા :—** દેખ્યાનું ઝેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું દેખ્યાનું ઝેર છે?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ એ તો પર્યાય હતી, જડની પર્યાય, ઈ વખતે જડની પર્યાય હતી. ઝેર વખતે પણ એ જડની પર્યાય હતી. જમૈયો આવ્યો, તલવાર આવી. તલવાર એ પરમાણુની પર્યાય હતી. આ શરીરની પર્યાયપણે થયા છે. એ બેમાં ફેર શું છે? સમજાણું કાંઈ? આહા..હા..!

ઘટ.. ઓલા રાડ્યું પાડે છે. અરે..! કુંભાર વિના ઘડો થાય કદી? ભગવાન! શું કુંભારના સ્વરૂપે ઘડો થયો છે? કે ઘડો માટીના સ્વરૂપે થયો છે? માટીના સ્વરૂપે થયો છે તો ... યથાર્થ તો ઈ જ છે. કુંભારસ્વરૂપે થયો તો એ તો અયથાર્થ નિમિત્ત કહેવામાં આવ્યું. વાસ્તવિક કારણ (ન થયું). યથાર્થ હોય તો બેય સ્વરૂપે હોય. આ પણ યથાર્થ અને આ પણ યથાર્થ. ઘટ માટીસ્વરૂપે પણ યથાર્થ ઉપાદાનથી અને નિમિત્તસ્વરૂપે પણ યથાર્થ. બેય યથાર્થ હોય તો બે સ્વરૂપ એનું હોવું જોઈએ. સમજાણું કાંઈ?

રોટલીના સ્વરૂપમાં શું સ્ત્રીનો રાગ ઘુસી ગયો છે? રોટલીનું સ્વરૂપ ઉપાદાનથી પોતાની પર્યાયમાં પરિણમ્યું છે. એ નિમિત્તના સ્વરૂપે થયું છે? નિમિત્તનું સ્વરૂપ એ રૂપે થયું છે? બે સ્વરૂપે થયું છે? એક સ્વરૂપ થયું તો એનાથી થયું છે બસ. આ સ્વરૂપે થયું નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે બીજી ચીજને બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાડ નાખે, અરર..! પુણ્યભાવથી પવિત્રતા કહો કાંઈક. ઈની ઈ હોળી, હોળી ઈની ઈ છે. પુણ્ય તો નિમિત્ત છે. જ્યારે ઉપાદાન પોતાનું કાર્ય કરે છે ત્યારે પુણ્ય વ્યવહારરત્નત્રયને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત સ્વરૂપે થયું છે? નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન ચૈતન્યસ્વભાવ પોતાના સ્વરૂપે છે, એવું નિમિત્ત સ્વરૂપે એ થયા છે? સમ્યગ્દર્શન, જ્ઞાન નિશ્ચય સ્વરૂપ જે છે એ નિમિત્તના સ્વરૂપે થયા છે? બે સ્વરૂપે છે? વ્યવહારસ્વરૂપ પણ અને નિશ્ચયસ્વરૂપ પણ છે? સમજાણું કાંઈ? ખબર નહિ, ખબર નહિ તત્ત્વ શું છે. આહા..હા..!

**શ્રોતા :—** ડહાપણનો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ડહાપણનો પાર ન મળે મૂઢનો. મૂઢ માને કે મારા જેવો (કોઈ નથી). વાતું કરવા બેસે ત્યારે આમ છે, આમ છે, આમ છે. શું છે? ધૂડ છે? આહા..હા..! ડાહ્યાનો દીકરો જાણે બેઠો. જડની ભાષા ઉઠે ત્યાં, આ મેં કર્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું. મેં આમ કહ્યું, મેં આમ કહ્યું. ઈ તો આવડવું જોઈએ, વેપાર કરતાં આવડવું જોઈએ.

ઘરાકને કેમ સમજાવવું એ લવથવ જોઈએ. ઓહો..! એઈ..! ભાષા જડની છે, કોણ સમજાવે એને? આહા..હા..! અભિમાન કર્યું હતું, પરનું બીજું શું કરે? અજ્ઞાનીને એ પરિણમન કાળમાં પોતાના રાગનું પરિણમન જોવે છે તો એનું લક્ષ ત્યાં છે તો એનો કર્તા વ્યવહારનયથી કહેવામાં આવે છે. છે નહિ અને કહેવું એનું નામ વ્યવહાર છે. વસ્ત્રના કટકા કરનાર એ નહિ. શું કહેવાય? ... કહેવાયને ઈ? એ વસ્ત્રનો કરનાર નહિ, કર્તા છે જ નહિ. દરજી દરજી.

**શ્રોતા :—** .. બોલાવવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, બોલાવવા પડે. કોણ બોલાવે? ઈ તો કહે છે ઓલા લખાણમાં? સારી બુદ્ધિવાળાને શું કરવા બોલાવવા પડે છે, જો એની મેળાએ સારો ઘડો બની જાય તો? સારું કપડું આમ બરાબર આમ આમ આમ.. પાડે છેને આમ? આમ ને એવું બધું બનાવે છે. હુશિયાર હોય ઈ બનાવે. નહિતર બુડથલ તો આડુંઅવળું કરી નાખે સરખું કરીને, જાઓ. કોણ કરે? એમ ઓલા દલીલ આપે છે. સારા કારીગરને બોલાવવાનું કારણ શું છે? એનાથી વસ્તુ સારી બને છે. મૂઢ છો. પરથી શું થાય છે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

વીતરાગ માર્ગનું કહેલું તત્ત્વ, એવું તત્ત્વ છે એમ વ્યવહારસમકિતમાં નિશ્ચયસમકિતદૃષ્ટિ માને છે એમ અહીંયા કહે છે. એનાથી આઘુંપાછું માને તો એના વ્યવહાસમકિતના ઠેકાણા નથી.

**શ્રોતા :—** આ વાત અલૌકિક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અલૌકિક છે, ભાઈ! બાપા! માર્ગ તે કાંઈ...! આહા..હા..!

ઉપચારથી. ઘટ દૂર છેને વસ્તુ. વસ્ત્ર પણ દૂર વસ્તુ છે. અસદ્ભૂતવ્યવહારનયથી જેની દૃષ્ટિ વિકાર ઉપર છે તો એના કર્તા અજ્ઞાનીને ઉપચારનયથી અસદ્ભૂતથી કહેવામાં આવે છે. છકડા-ગાડુ ગાડુ બનાવ્યું. સમજાણું કાંઈ? ટોપી બનાવી. લ્યોને ટોપી બનાવી. વહાણ બનાવ્યા. આ છોકરા નથી બનાવતા? એઈ..! કાગળના વહાણ બનાવે છે કે નહિ?

**શ્રોતા :—** નકશી બનાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, નકશી બનાવી. અહીં એક જણ બનાવે છેને. મોર, મોર. છે આપણે, એક છોકરો બેઠો હતો, કાગળ લાવો. મોર બનાવ્યો. આમ નખથી. રંગ નહિ. મોર બેઠો છે. ઈનું ઈ. કાંઈ લખાણ નહિ, રંગ નહિ, ફેર નહિ કાંઈ. માને કે જોયું મેં કેવું કર્યું! અરે..! પરમાણુની પર્યાયે કર્યું છે. નખેડીએ નથી કર્યું. આહા..હા..! નખના રજકણ ભિન્ન છે, કાગળના રજકણ ભિન્ન છે. રજકણની કાગળની પર્યાયના કર્તા એ પરમાણુ છે. નખ નહિ અને આત્મા તો નહિ જ. આહા..હા..!

**શ્રોતા :—** બનાવનાર તો કહે પણ જોનાર પણ કહે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે.. કહ્યું. ઓહો..! છોકરો ભારે હુશિયાર છે. આ પેઈન્ટર-

બેઈન્ટર હોય છેને? જુઓને, સુરેશ પેઈન્ટર છેને આપણે. ... હાય.. હાય..! ભારે ભ્રમણા ભાઈ! કહે છે કે ભાઈ! તું તો જગતનું જ્ઞાનનેત્ર છોને. તું તો જ્ઞાનનેત્ર છો. તો જ્ઞાનનેત્રમાં તો જાણવા-દેખવાની ક્રિયા થાય છે. આ ક્રિયા તેં કરી એમ તને આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..!

વસ્ત્ર, ગાડું ઈત્યાદિ. રોટલી, દાળ, ભાત, શાક. તુરની દાળ બરાબર છડી ન હોય તો જેરણી નાખીને.. શું કહે છે એને? તમારે જેરણી કહે કે નહિ? એ જેરણી એટલે દાળને જેર કરી નાખે. ખારો નાખ્યો હોયને, ખારો. થોડું ચડી ગયું હોય... આ દહી, દહીં છે, જુઓને. ધ્યાન ન રાખે તો ખોટવા જેવું (થઈ જાય). રઈ બને છેને. રૈયા. શું રૈયા તારાથી પડે છે? રૈયાથી દહીં છૂટું પડ્યું છે? એ રજકણ ભિન્ન છે, રૈયાથી રજકણ ભિન્ન છે. પુદ્‌ગલ છે. પોતાની પર્યાયથી છૂટો પડ્યો છે અને પોતાની પર્યાયથી સ્થિર રહે છે. શું રૈયાથી છૂટું પડ્યું છે? આહા..હા..! ઘણી વિપરીત દૃષ્ટિ!

અનંત સ્કંધ છે તો અનંત સ્કંધની અનંત સ્કંધરૂપે પોતાથી પર્યાય થાય છે. કોઈ સ્કંધની પર્યાય કોઈથી થાય છે તો અનંત સ્કંધ જ ... રહેતા નથી. અનંત સ્કંધપણે શ્રદ્ધા છે કે નહિ સમકિતીને? એમ અનંત પરમાણુ, એક એક પરમાણુમાં સ્કંધમાં પણ સ્વતંત્ર પરિણમે છે, બીજાથી પરિણમતા નથી. ઓહો..હો..! આ બધા ઠામડાના હુશિયાર માણસ હોય ઈ બેસે દુકાને કે કુંભાર બેસતા હશે ત્યાં? એઈ..! કાળીદાસભાઈ! શું હશે આ લોઢાના ધંધામાં? બાહોશ માણસ હોઈ કરે કે નહિ?

**શ્રોતા :—** એમના દીકરા બેસે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એનો દીકરો પણ બેસતો નથી, અહીં તો કહે છે. કોઈ બેસતું નથી. ઈ રાગ કરે. રોટલી, દાળ, ભાત, શાક, લ્યો. દૂધના કેવા કહેવાય ઓલા? ગુલ્લા, રસગુલ્લા. આમ રસગુલ્લા કેવા બનાવે! ઈ બાયડ્યુંને આવડે એ બનાવે, સાધારણ ન બનાવી શકે. પોરબંદરમાં છે ઓલા. શું કહેવાય એને? ઘેવર થાય છેને? ઘેવર. એના રસોઈયા હોય ઈ બનાવી શકે એમ કહે છે લોકો. અહીં કહે છે કે ના. ઘેવરની પર્યાયનો કર્તા, પર્યાય જે સમયે પરિણમી છે તેનો કર્તા તે રજકણ છે. ભઈ, વીતરાગનો માર્ગ..

અનંત તત્ત્વ, એક તત્ત્વની સમ્યક્‌દૃષ્ટિમાં અનંત તત્ત્વ ભિન્ન ભિન્ન કેવી રીતે કાર્ય કરી રહ્યા છે તેને જાણવું એનું નામ વ્યવહાસમકિતનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આઘુપાછું માનવું કે આણે આ કર્યું, એને તો વ્યવહારસમકિતના ઠેકાણા નથી, તો નિશ્ચયસમકિત તો છે જ નહિ. આહા..હા..! '**ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો...**' શકટ કર્યું છેને અંદરમાં. એનો અર્થ છકડો કર્યો. '(ઈત્યાદિનો) **કર્તા છે. આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.**' લ્યો. એ અશુદ્ધ જીવનું સ્વરૂપ (કહ્યું). શ્લોક.

(मालिनी)

अपि च सकलरागद्वेषमोहात्मको यः
परमगुरूपदाब्जद्वन्द्वसेवाप्रसादात्।
सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा
स भवति परमश्रीकामिनीकान्तकान्तः।।३०।।

જે કોઈ આત્મા, પુરુષ એટલે આત્મા. '**સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...**' સમજાણું કાંઈ? પરમગુરુ સર્વજ્ઞ પરમેશ્વર અથવા પરમગુરુ સંત મુનિ ભાવલિંગી સંત. સમજાણું કાંઈ? દિગંબર મુનિ ભાવલિંગી અંતર આનંદમાં ઝુલનારા. અતીન્દ્રિય આનંદના (ભોગવનારા). એક રાગનો, પંચમહાવ્રતના પરિણામના પણ કર્તા નહિ. એવા પરમગુરુના ચરણકમળયુગલના સેવાના પ્રસાદથી. આ સકળ મોહરાગદ્વેષવાળા ભલે હો એમ કહે છે. રાગદ્વેષમોહ તો છેને અનાદિના. ભ્રાંતિ છે, રાગદ્વેષ છે, હો. પણ કોઈ આત્મા પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી '**નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે,...**' જુઓ, એ ગુરુએ એમ કહ્યું એમ કહે છે. ગુરુએ એમ કહ્યું કે તારી વસ્તુ આનંદકંદ નિર્વિકલ્પ શુદ્ધ છે. એમ કહ્યું એમ નિમિત્ત કહીને એની સેવાથી ઉત્પન્ન થયું એમ કહેવામાં આવે છે. કેમકે એમણે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

તારી વસ્તુ મોહરાગદ્વેષથી રહિત છે, પ્રભુ! તારી ચીજમાં તો અનંતગુણ છેને. એમ કહ્યું. એના વાચ્યને પકડીને અંદરમાં, સેવાના પ્રસાદથી એટલે ગુરુ એમ જ કહેતા હતા, એવો ભાવ ઝીલીને નિજ (સમયસારને જાણે છે). જુઓ, નિર્વિકલ્પ લીધું છે. એ તરફનો વિકલ્પ છોડી દીધો. ગુરુ કહે છે એમ સાંભળ્યું હતું. વિકલ્પ છોડી દીધો. સમજાણું કાંઈ? ધર્માત્મા જ્ઞાની ગુરુ એને કહે છે કે જેના ઉપદેશમાં આત્મા શુદ્ધ અખંડ આનંદ છે, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે એને તમે અનુભવો. એવો ઉપદેશ જ્ઞાનીનો હોય છે. જ્ઞાનીનો ઉપદેશ, 'રાગ તમે કરો તો તમારુ કલ્યાણ થશે' એવો ઉપદેશ જ્ઞાનીનો હોતો નથી. ઈ કહે છે. આહા..! ઉપદેશ આપ્યો ત્યારે ઓલો પામ્યો. પામ્યો શી રીતે? ખ્યાલમાં શું આવ્યું? ઓહો..! મોહસહિત છે, રાગસહિત છે, છતાં આત્મા રાગરહિત છે. વ્યવહારથી પર્યાયમાં રાગ, વિકલ્પ છે, સ્વભાવમાં નથી. એવો ઉપદેશ લીધો અને લક્ષમાં લઈને સેવાના પ્રસાદ એટલે નિમિત્તના લક્ષમાં એ વાત આવી હતી, ઈ અપેક્ષાથી સેવાનો પ્રસાદ કહેવામાં આવ્યો. પછી લક્ષ છોડી દીધું.

**શ્રોતા :—** ચરણકમળની સેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ચરણકમળ એટલે ન્યાં પગની સેવા કરવી હતી? પગ કે દિ' હતા? આત્માને પગ હોય? પગની સેવા કરવી હતી? એમણે કહ્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગ. એમણે કહ્યું એ ગ્રહણ કર્યું. ઓહો..!

**શ્રોતા :—** જ્ઞાનીને... સમજી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સમજી ગયો, અંદર ખ્યાલમાં આવી ગયું. ઓહો..! તારા સમ્યગ્દર્શનનો વિષય પૂર્ણાનંદ પ્રભુ છે અને તારું સ્વરૂપ શુદ્ધ છે એમાં લીન થઈ જા એ ચારિત્ર છે. બીજું કોઈ ચારિત્ર-ફારિત્ર શાસ્ત્રમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ વાત પણ સર્વજ્ઞ પરમેશ્વરની એક વાત પણ યથાર્થ સમજે તો એને બધો સાર આવી જાય છે. પણ એવી ગડબડ થઈ ગઈ, મોટા મોટા પંડિત ને વિદ્વાન ને આમ ને તેમ ને આમ.. કરીને માર્ગને પીંખી નાખ્યો.

આ વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ સંતો વીતરાગપણાથી કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગભાવ છે. સંતો વીતરાગભાવપણે થયા છે. કહે છે કે ભાઈ! તારું લક્ષ જે રાગ ઉપર છે, એ તારામાં નથી, તારામાં નથી. તારામાં અનંતગુણ બીજા જુદાં છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કરો, એમાં સ્થિર થાઓ, એનું જ્ઞાન કરો. આ ઉપદેશ ગુરુનો, વીતરાગી સંતોનો ઉપદેશ છે. વચ્ચે રાગ આવે છે એને જ્ઞાની જાણે છે, કરવા-ફરવાનો અધિકાર નથી. વ્યવહારનયથી પછી કહેવામાં આવે છે કે ઈ કરે છે, પાળે છે વ્યવહાર. પાળે શું? રાગને પાળે એ ધર્મ છે? સમજાણું કાંઈ? મુનિ અઠ્યાવીસ મૂળગુણ પાળે છે. અઠ્યાવીસ મૂળગુણ તો રાગ છે. પંચમહાવ્રત તો રાગ છે, પુણ્ય છે. પુણ્યને પાળવું છે? પુણ્યની રક્ષા કરવી છે કે સ્વભાવની રક્ષા કરવી છે? ઓહો..હો..! બહુ ફેર!

ઓલાએ આ ફેરી ભાષા ઢીલી વાપરી છે. કાંઈક કાંઈક આમ કરો, કૃપા કરો. .. ઉપદેશ આવો કરો તો શાંતિ થઈ જાય. એક ક્રમબદ્ધનું આવ્યું છે ઓલાની સામે. જો આમ માની લ્યેને, નિયત-અનિયત, તો બધું સરખું થઈ જાય. સોનગઢવાળા એમ કહે છે કે પુણ્યથી ધર્મ નથી થતો, દાન, પૂજા, પુણ્ય શુભભાવ એ સમ્યગ્દૃષ્ટિને હેય છે. આવે છે પણ હેય છે. ઉપાદેય તો ભગવાન શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ઉપાદેય છે. બિચારાએ લખ્યું છે હોં! કોઈ આત્મધર્મ આવ્યું છેને હિન્દીમાં, ભાઈ, આ ઉત્તર આવ્યા હશે, એમાં આવ્યું હશે? હિન્દીમાં આવ્યા છેને આ ઉત્તર બધા. એમ લખ્યું છે. ઓલા ૨૧ બોલનું. એમાં આવ્યું હશે. હિન્દીમાં આવું લખ્યું છે ફલાણે પાને કે દિગંબર બધા આચાર્યોએ પૂજા, દાન, પુણ્યભાવને હેય કહ્યું છે. હેય કહ્યું છે અનંત તીર્થંકરોએ, અનંત સંતોએ. વીતરાગ શું કહે છે? જુઓ શું કહ્યું? સાંભળે છે તો શું સાંભળ્યું?

'**નિર્વિકલ્પ સહજસમયસારને જાણે છે,...**' એનો અર્થ—ગુરુએ એમ કહ્યું. ભાઈ! શરીરની ક્રિયા તો ભિન્ન છે, રાગાદિ પણ ભિન્ન છે, તારો સ્વભાવ શુદ્ધ એનાથી ભિન્ન છે. એની દૃષ્ટિ કરો તો તને સમ્યગ્દર્શન અને જ્ઞાન થશે. એ સિવાય ધર્મ થશે નહિ. આહા..હા..! સોનગઢનું નામ પડે... એકાંત છે રે એકાંત છે. અરે..! સાંભળ તો ખરો. તને એકાંત અનેકાંતની ખબર ક્યાં છે? સમજાણું કાંઈ? અનેકાંતનો અર્થ ઈ કે પોતાના સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ

છે ત્યાં રાગ આવે છે, શુભભાવ હોય છે, પણ છે બંધનું કારણ. આ મોક્ષનું કારણ છે. બે ભિન્ન છે. રાગમાં આ નથી, એમાં રાગ નથી એનું નામ અનેકાંત છે. આહા..હા..! એઈ..! કંઈ ખબર જ નથી, ... કોને કહે છે. એકાંત છે, એકાંતવાદ છે (એમ માને છે). રાગને ધર્મની ક્રિયા માને છે. આત્મા રાગરહિત છે એ તો અહીં ગુરુ બતાવે છે. જુઓ,

'**સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...**' જુઓ, પુરુષ ભલે રાગદ્વેષવાળો હો.

**શ્રોતા :—** અનાદિનો અજ્ઞાની લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એ લીધો.

'**પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...**' એની શ્રદ્ધા અને ચારિત્ર... શું કહ્યું? એ સાંભળ્યું અને સમજ્યો એનું નામ યુગલની સેવા. યુગલ (સેવા) શું પગ દાબવા છે? પગ આત્માના છે નહિ, પગ છે નહિ તો દાબવા કોના?

**શ્રોતા :—** એને પણ ક્યાં પગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોઈને નહિ. રાગ નહિ. કહે છે કે રાગ તારો નથી પછી શરીર ક્યાંથી આવ્યું?

'**નિર્વિકલ્પ...**' અર્થાત્ ગુરુનો ઉપદેશ જ દેશનાલબ્ધિમાં જ્ઞાનીનો ઉપદેશ જ નિમિત્ત થાય છે, બતાવે છે. અજ્ઞાનીને પત્તો નથી કે મોક્ષમાર્ગ કેવો છે. તો એના મુખમાંથી નીકળી વાત એ ઉપચારથી નિમિત્ત છે, એનો અભિપ્રાય ખરેખર અભ્યંતર નિમિત્ત એ પણ ઉપચારથી કહેવામાં આવે છે. બહુ વાત ફેર, ભાઈ! '**ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ...**' ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ તારો છે. સહજ છે, સહજ છે, સ્વભાવિક છે. વિકાર તો કૃત્રિમ ઉત્પન્ન થયો છે. એવા સમયસારને ગુરુએ કહ્યું એમ અંતર દૃષ્ટિ કરીને જાણ્યો. લ્યો, જાણ્યો એ મોક્ષનો માર્ગ થયો. એ જાણતામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા. પોતાના શુદ્ધ આત્માની દૃષ્ટિ કરી, જાણ્યો અને સ્થિર થયો—ત્રણમાં જાણવું આવ્યું. જાણવાની ક્રિયામાં ત્રણે આવી ગયા. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. પોતાનું શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ છે એવી રુચિ, એનું જ્ઞાન અને એની લીનતા એ ત્રણે જ્ઞાનની ક્રિયા છે, તો એણે સમયસારને જાણ્યો. આ સમયસારને જાણ્યો. જાણવામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી ગયા. એ મોક્ષમાર્ગ થયો. જાણે છે તે મોક્ષમાર્ગ થયો.

'**તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે.**' આ મોક્ષ થયો. '**તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરી...**' નામ કેવળજ્ઞાન. એ સુંદર પરિણતિ, સુંદર પરિણતિ. એવી સુંદરી અનંતકાળમાં કદી એણે લીધી નહિ. એવી પરમશ્રીરૂપી, પરમલક્ષ્મી કેવળજ્ઞાનરૂપી સુંદરીનો પ્રિય નામ વ્હાલો કાન્ત થાય છે. વ્હાલો પતિ થાય છે. એ કેવળજ્ઞાનલક્ષ્મી એક સમય પણ એનાથી દૂર થતી નથી. એવું કેવળજ્ઞાન થઈ જશે.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, કર્તાપણાની વ્યાખ્યા છે, પણ એની સામે આ... કર્તાપણું તો બતાવ્યું છે અજ્ઞાનીનું આ પ્રમાણે હોય ઈ. ગાથા તો કર્તાપણાની છે. ગુલાંટ ખાઈને આમ વાત કરી છે. આહા..હા..! ભાઈ! પોતે તારી સંપદાનો કર્તા હોય કે તારી સંપદામાં નથી એનો તું કર્તા થાય? સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ એ તારી સંપદા છે, એ તું જ છો. એની દૃષ્ટિ થઈ તે જ સમયસારને પ્રાપ્ત કર્યું. એ સમયસાર નામ આત્મા. એ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ જ આત્માની પ્રાપ્તિ થઈ. તે આત્મા પરમશ્રીરૂપી સુંદરી. પરમશ્રી, પરમલક્ષ્મી. મોક્ષમાર્ગ તો હજી અપૂર્ણ છે. પરમશ્રી—કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી સુંદરી એને પ્રિય, એનો વ્હાલો કાંત થાય છે, વ્હાલો પતિ થાય છે. વ્હાલો પતિ એમ કહે. એમ કહીને પૂર્ણ જ્ઞાન થયું પછી અવતાર ધારણ કરવો પડતો નથી. કેવળજ્ઞાન થયા પછી દુનિયા માટે અવતાર ધારણ કરે એમ નથી. એ કેવળજ્ઞાનની પર્યાય અને આત્મા અભેદ થઈ ગયા. એ સાદિઅનંત રહેશે. એમ છેલ્લામાં કહ્યું.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ ૩, શુક્રવાર, તા. ૨૫-૦૩-૧૯૬૬, શ્લોક-૩૧ થી ૩૫, પ્રવચન નં. ૩૧

૧૮મી ગાથાના કળશો ચાલે છે. ૩૦મો થયો. ૩૧મો.

(अनुष्टुभ)

भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम्।
द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम्।।३१।।

પહેલાં ૩૦માં એમ કહ્યું કે જીવને મોહ ને રાગદ્વેષ પર્યાયમાં હોવા છતાં... પહેલાં ૩૦મું ચાલે છે, ૩૦મું અત્યારે જરી ચાલે છે. આત્મા છે એની દશામાં મોહ અને રાગદ્વેષ હોવા છતાં. એક વાત. એની પર્યાયમાં વિકાર છે અનાદિનો, નથી એમ નહિ. પર્યાયમાં તો અશુદ્ધતા છે, અવસ્થામાં અશુદ્ધતા છે. છતાં ગુરુના ચરણકમળયુગલની (સેવાથી), એટલે ગુરુએ જે કહેલું તત્ત્વ કે વિકાર હોવા છતાં તારું સ્વરૂપ તદ્દન શુદ્ધ નિર્મળ પરમાનંદની પરમાત્મશક્તિરૂપ તત્ત્વ નિરાળું છે. એમ કહ્યું એમ જે સમયસારને જાણે છે, એ આત્મા વિકારી દશા હોવા છતાં તેની રુચિ છોડીને '**નિર્વિકલ્પ સહજસમયસારને** જાણે છે,...' વસ્તુસ્વરૂપ શુદ્ધ આનંદ એવા આત્માને અંતરમાં જાણે છે તે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં વિકાર છે એમ સિદ્ધ કર્યું. અને સ્વરૂપમાં વિકાર નથી. ત્રિકાળી સ્વરૂપમાં વિકાર નથી. એવા સ્વભાવની અંતર દૃષ્ટિ કરવી એણે સમયસારને જાણ્યો, એણે મોક્ષમાર્ગને પ્રગટ કર્યો. કહો, સમજાણું

આમાં? એનો અર્થ એ થયો કે કોઈ રાગની મંદતાની ક્રિયાથી તે સમયસાર જણાય છે એમ નથી. આત્માનું જ્ઞાન અથવા મોક્ષનો માર્ગ કોઈ નિમિત્તથી અને રાગની મંદતાની ક્રિયાથી જણાય એવું એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? એ તો નિર્વિકલ્પ સહજસમયસાર, એની અંતરમાં દૃષ્ટિ અનુભવ કરતાં જે જણાય એને પરના રાગાદિની અપેક્ષા છે નહિ. એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. ઘણું આમાં (વિરોધનું) લખાણ આવે છે. એ.. આ ઠેકાણે આમ કહ્યું, આ ઠેકાણે આમ કહ્યું; (પણ અહીંયા) આ ઠેકાણે આમ કહ્યું એ (સમજવું) નથી એને.

**શ્રોતા :—** આ ઠેકાણે આમ લખ્યું છે ઈ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** લખે છે, ખૂબ લખે છે. અત્યારે આવ્યુંને, ઉત્તર આવ્યો ખૂબ. આજે આવ્યું છે. પુણ્યથી મોક્ષ કહે છે, પુણ્યથી આમ કહે છે, પુણ્યથી આમ કહે છે. એક ઠેકાણે કેટલા આચાર્યો કહે છે, તમે ના પાડો અને આ કહે આ છે. કોઈ આચાર્ય કહેતું નથી, ભાઈ! તને ખબર નથી, બાપુ! એ તો ભક્તિથી મોક્ષ કહે છે. ભગવાનની ભક્તિથી મોક્ષ છે. એ ભગવાનની ભક્તિ, ક્યા ભગવાનની? ભગવાન તો પર છે, એની ભક્તિથી તો શુભરાગ થાય. એનાથી સમ્યગ્દર્શન અને જન્મ-મરણનો અંત આવે નહિ. ત્રણકાળમાં ન હોય. સમજાય છે કાંઈ? હો, શુભભાવ હોય છે ભક્તિ આદિનો, પણ કોઈ એમ માને કે ઈ ભગવાનની ભક્તિથી આપણને મુક્તિ થઈ જશે, સંવર-નિર્જરા થઈ જશે, ત્રણકાળમાં એ વાત છે નહિ, એમ કહે છે.

**શ્રોતા :—** ભગવાન પણ બે અને ભક્તિ પણ બે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, ભગવાન પણ બે અને ભક્તિ પણ બે. એક ભગવાન પર અને એક ભગવાન સ્વ.

આવો આત્મા અભેદ ચિદાનંદસ્વરૂપ એને જે જીવ અંતર્મુખ થઈને જાણે છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. '**તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે.**' એને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. બહુ ટૂંકી ત્રણે વાત લઈ લીધી. ચાર વાત લીધી ચાર. એક તો, અનાદિનો રાગદ્વેષમોહ એની દશામાં હોવા છતાં. કર્મની વાત નથી. વિકારી પર્યાય એનામાં ભ્રાંતિ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ હોવા છતાં. એક વાત. ગુરુ મળ્યા એને તત્ત્વ દૃષ્ટિ સમજાવનાર કે રાગ વિનાનું તારું તત્ત્વ છે એની ઉપર દૃષ્ટિ કર. એવા ઉપદેશકમાં ઉપદેશક આવા હોય એમ સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? અને એણે પોતે પ્રયત્ન કર્યો. શુદ્ધ ચૈતન્યસ્વભાવને અંદર સ્પર્શ કર્યો. આ વસ્તુ ચિદાનંદ શુદ્ધ છે, એનો સ્પર્શ કર્યો-અનુભવ્યો એને નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થયું. એ પર્યાય પ્રગટ થઈ અને એના વડે પૂર્ણ પર્યાય (થાય) તે મોક્ષ. એ પૂર્ણ પર્યાય. ચારેય વાત લઈ લીધી. એક શ્લોકમાં ચાર વાત લઈ લીધી. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં જ આવું હોય, અન્યમાં આવું હોય નહિ. બીજા કાં તો શુદ્ધ જ આત્મા કહી દે, કાં તો એને કર્મ-બર્મનું નિમિત્તપણું નથી, એને ઉપદેશક

બીજા ન હોય, કારણ કે પૂર્ણસ્વરૂપ પામે એને વળી ઉપદેશ શું? પછી વાણી તો હોય નહિ, એ તો મોક્ષ થઈ જાય, એમ નહિ. પૂર્ણ સ્વરૂપ પામે એની વાણી તો હોય. સમજાણું કાંઈ? ઈ પહેલોં શ્લોક. બીજો.

'**શ્લોકાર્થ :— ભાવકર્મના નિરોધથી...**' જુઓ, અહીંથી ઉપાડ્યું છે. ૩૧. વિકારના નિરોધથી જડકર્મ અટકી જાય છે એમ કહ્યું છે. જડકર્મના અટકવાથી ભાવકર્મ અટકે છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? ભાવકર્મ એટલે પુણ્ય પાપના ભાવ, શુભરાગાદિ ભાવ એના અટકવાથી, અટકાવવાથી, નિરોધથી '**દ્રવ્યકર્મનો નિરોધ થાય છે;...**' એને જડકર્મ બંધાતા નથી. બંધાતા નથી. નિરોધ એટલે આવતા હતા અને અટકે છે એમ નહિ. બહુ ટૂંકા શ્લોકો. અમૃતચંદ્રાચાર્યના જે છેને એવી શૈલીથી લીધું છે. ભાવકર્મના રોકવાથી. ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ એને પુણ્ય-પાપના ભાવકર્મની રુચિ છોડીને એ રાગની મંદતાના ભાવની પણ રુચિ છોડીને, અટકાવીને અંતર સ્વભાવની દૃષ્ટિ કરે છે એને દ્રવ્યકર્મનું અટકવું સહેજે થઈ જાય છે.

'**દ્રવ્યકર્મના નિરોધથી...**' જડકર્મ નહિ આવવાથી એને '**સંસારનો નિરોધ થાય છે.**' એટલે પરિભ્રમણ થતું નથી, એને ગતિ મળતી નથી. ગતિ મળતી નથી. બહુ ટૂંકુ. સમજાણું કાંઈ? ૩૨મો બોલો.

(वसन्ततिलका)

संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः
कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।
निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो
जानाति तस्य शरणं न समस्ति लोके।।३२।।

હવે કહે છે કે '**જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે,...**' શું કહે છે જરી આમાં? આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ છે એનું જેને અભ્યંતર સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી. '**સમ્યગ્જ્ઞાનભાવરહિત...**' ભગવાન આત્મા એ જ્ઞાનાનંદ નિરાકુળ ચૈતન્યતત્ત્વ છે એવું અંતરમાં સમ્યગ્જ્ઞાનનું ભાન જેને નથી તે વિમુગ્ધ છે, મોહી છે, ભ્રાન્ત છે. સમજાણું કાંઈ? ઓલામાં વિકારી પર્યાયવાળો અને કરી શકે છે સ્વભાવદૃષ્ટિ કરે તો. ભાવકર્મના અટકવાથી જડકર્મ અટકે તો સંસાર એનો અટકી જાય છે એમ કહ્યું. અહીં સમ્યગ્જ્ઞાન વિનાની ક્રિયાકાંડ એટલે શુભાશુભપરિણામ કરે એનાથી એને કાંઈ લાભ થતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? જે જીવ ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યનો અનુભવ, એનો અનુભવ એવું સમ્યક્જ્ઞાન. ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના રાગ વિનાનું એકલું ચૈતન્યસ્વરૂપનું સમ્યક્ અનુભવનું જ્ઞાન એ જ્ઞાન વિનાના જીવ મોહી મૂઢ છે. સમજાય છે કાંઈ?

'**તે જીવ શુભાશુભ અનેકવધિ કર્મને કરતોં થકો...**' શુભ અને અશુભપરિણામને

ભલે કરો, પાપના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કરો '**મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...**' હજી તો મોક્ષમાર્ગને લેશમાત્ર વાંછવાનું, આટલા શબ્દો પડ્યા છે. શું કહે છે? સમજાય છે કાંઈ? જે જીવ આત્મા અખંડ આનંદકંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એનો જેને અંતર સમ્યક્ અનુભવ નથી, સમ્યક્જ્ઞાન નથી એ જીવ મોહી, ભ્રાન્ત છે. એ શુભ-અશુભ અનેકવિધ પરિણામને કરતોં થકો, શુભાશુભભાવ અનેક પ્રકારના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિ શુભાશુભ બેય, એ કર્મનો કરતોં થકો મોક્ષમાર્ગને એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને '**લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...**' પાછું એમ. વાંછવાનું જાણતો નથી. કેમકે રાગની ક્રિયાથી મને મુક્તિ થશે, રાગના મંદ ભાવ કરતાં-કરતાં મને સમ્યગ્દર્શન થશે એવું માનનાર મોક્ષમાર્ગને લેશ પણ વાંછવાનું જાણતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** કરે છે મોક્ષ માટે અને મોક્ષથી દૂર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં મોક્ષ માટે? ધૂડમાં કરે છે? એ તો રાગક્રિયા છે. સમ્યક્જ્ઞાનનું ભાન નથી. એ ક્રિયા રાગની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આ ખાવું, ન ખાવું એવા પરિણામ, એવા પરિણામને કરતો થકો.. કેમકે કર્તા છે અજ્ઞાની. એને સમ્યક્જ્ઞાનનું ભાન નથી. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ તેના સમ્યક્જ્ઞાન વિના ભ્રાંતિમાં પડેલો મૂઢ એ શુભાશુભપરિણામ કરતાં-કરતાં મારું કલ્યાણ થશે એવા જીવને મોક્ષમાર્ગ, રાગથી બંધન છે અને સ્વભાવ તરફની એકાગ્રતાથી મુક્તિના પરિણામ છે, એવા માર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી. એ તો એમ જાણે છે કે આપણે આ ક્રિયા કરીએ છીએ એનાથી આપણને સમ્યગ્દર્શન, જ્ઞાન થશે. એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એ.. ધર્મચંદજી! શું લખ્યું છે જુઓ, આહા..હા..!

એને છૂટવું છે કેમ એની ખબર નથી. એ જાણે કે આનાથી છૂટીશ એમ. એમ કહેવા માંગે છે. આપણે કાંઈક કષાય મંદ કરીએ, વ્રત પાળીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દયા કરીએ, દાન કરીએ, આહાર કરીએ, સારું આમ ખાવું, આમ ચાલવું, આમ સમિતિમાં જોઈને ચાલવું, ઈર્યાસમિતિ આમ કરવું એવો જે શુભભાવ એમાં જેની રુચિ એકાંત પડી છે. આત્મા એના રહિત આનંદકંદ છે તેની દૃષ્ટિ કરતોં નથી. એનું સમ્યગ્જ્ઞાન નથી એથી એ રાગથી મોક્ષ માનનાર એટલે છૂટવું એનાથી એને લેશમાત્ર પણ વાંછતો નથી. સમજાણું કાંઈ?

જુઓ, આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ પંચમહાવ્રતધારી હતા, દિગંબર સંત જંગલમાં વસવાવાળા. આહા..હા..! એનો અર્થ કે જેને અંતરમાં આપણે કાંઈક રાગ સારું કરીએ છીએને, વ્રત પાળવા, નિયમ પાળવા, દયા પાળવી એવા ભાવ સારા કરીએ છીએને, એમ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિને એનાથી રહિત આત્માનું જ્ઞાન નથી તેથી મોક્ષમાર્ગને લેશ પણ વાંછવાનું જાણતો નથી. વાંછવાનું જાણતો નથી. 'આ કરવા જેવું' એ (માન્યતા) છોડીને રાગની ક્રિયાની રુચિ છોડીને અંતર આત્મામાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન થાય એવું એ અજ્ઞાની જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિકાળનો આમને આમ સલવાઈ ગયો છે, કહે છે.

કહે છે, '**શુભાશુભ અનેકવિધ કર્મને કરતોં...**' શુભાશુભપરિણામને. અનેકવિધ અસંખ્ય પ્રકારના શુભભાવ છે એને કરતોં અને અસંખ્ય પ્રકારના અશુભભાવ છે એને કરતોં. ચૈતન્ય એનાથી રહિત જ્ઞાનાનંદ છે એના સમ્યક્જ્ઞાન અને દર્શન રહિત છે. તેથી તે મોક્ષ નામ રાગથી છૂટવું અને સ્વભાવમાં એકત્વ થવું એવા માર્ગને જરી પણ ભાવનાથી જાણતો નથી, વાંછતો નથી. એ એમાં જ જાણે મારી મુક્તિ અને સમ્યગ્દર્શન હળવે હળવે થશે (એમ માને છે).

**શ્રોતા :—** ખરેખર તો તેને પરમગુરુના ચરણકમળની સેવા નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ગુરુએ કહ્યું છે એ એને જ્ઞાનમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બીજી ચીજ છે અંદર. રાગની મંદતાની ક્રિયાકાંડ છે એ તો પુણ્યબંધનું કારણ છે. તમારા વર્ધમાનભાઈ બોલે છે. બેસે છે કે નહિ? કે એમને એમ દુકાનનું ચલવે છે? કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે, જુઓ, આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. આમાં કોઈના પક્ષનો (માર્ગ નથી). વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. એ ફરમાવે છે એ રીતે સંતો, મુનિઓ, સમ્યગ્દૃષ્ટિ આદિ એ રીતે ફરમાવે છે. એમાં કાંઈ ફેર નથી. એથી વિરુદ્ધ કહે છે તે વીતરાગની શ્રદ્ધાને માનવાવાળો નથી. સમજાણું કાંઈ? અહીં તો એ કહે છે કે ભાઈ! અંતર્મુખના આત્મજ્ઞાન વિના તારા બહિર્મુખના શુભભાવની ક્રિયા દ્વારા બંધ થાય અને હું કરું.. કરું.. કરું.. કરું.. કરું.. કરતોં થકો કીધું છેને? આ કરું, આ કરું, આ કરું. રાગને કરું, એમ કરતાં-કરતાં મને લાભ થશે એમ માનનાર એનાથી કરવાથી છૂટવાથી લાભ થશે એવી વાંછા પણ જાણતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

શાસ્ત્રમાં ઠેકઠેકાણે કહ્યું છે. એ બધા ઉતારા આપ્યા છે. આજે આવ્યું હતુંને? ... આવ્યું હતું ઘણું. ક્યાં ગયું? અરે..! ભાઈ! બાપુ! માર્ગ તે કાંઈ બે હોય? વીતરાગમાર્ગમાં રાગથી લાભ થાય અને આત્માના સ્વભાવથી લાભ થાય, એવા બે માર્ગ હોય? સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞ માર્ગ છે આ તો. તદ્દન નિમિત્ત અને રાગની ઉપેક્ષા કરીને સ્વભાવની અપેક્ષા કરવી એ એક જ માર્ગ વીતરાગનો છે. વચ્ચે ભલે આવો, શુભભાવ હોય છે, પણ એ કંઈ મોક્ષના માર્ગમાં મદદ કરે છે અને મોક્ષનો માર્ગ છે (એમ નથી). સમજાણું કાંઈ? એ વ્રતના પરિણામ આવે એ મોક્ષનો માર્ગ છે એમ નથી. તેમ પૂજા, ભક્તિ ભગવાનની કરવાના ભાવ આવે એ મોક્ષનો માર્ગ છે એમ નથી. આહા..હા..! એકાંત થઈ જાય છે. અહીં કહો, આનું નામ અનેકાંત છે કે આત્માના અંતર સ્વભાવના આશ્રયે મુક્તિ થાય અને રાગને આશ્રયે થાય નહિ એનું નામ અનેકાંત છે. ઓલું તો એકાંત ફૂદડીવાદ થઈ ગયો, રાગથી પણ થાય અને આનાથી પણ થાય. એ તો અનિશ્ચિત અનિર્ધારિત કાંઈ નિર્ણય થયો નહિ. વીતરાગમાર્ગ એવો નથી.

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગના પિંડ થયેલા, ઉપશમરસમાં પૂર્ણાનંદમાં પરિણમી ગયા. એકલો ઢાળો વીતરાગસ્વભાવે ઢળી ગયો પૂર્ણ વીતરાગ. એની વાણીમાં તો એ આવ્યું છે ભાઈ, જેટલે અંશે સ્વભાવનો આશ્રય લે એટલે અંશે સંવર-નિર્જરા થાય. જેટલો પરને આશ્રયે રાગ થાય એનાથી બંધન થાય. એના જે ભાવે બંધન થાય એ ભાવે અબંધ પરિણામને મદદ મળે એમ છે નહિ. આહા..હા..! આને કરો ખોટું. આહા..હા..!

**શ્રોતા :—** આ પણ સાચું અને એ પણ સાચું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેય સાચા હોય? એ તો કોઈ વ્યવહારના કથન હોય ઈ જ્ઞાન કરાવ્યું છે.

'**જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત...**' પાછો છેને. સમ્યગ્જ્ઞાનભાવરહિત એમ કીધું છે. પર્યાય સમ્યક્ આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન આત્માનું નિર્મળ એવા ભાવરહિત છે તે ભ્રાન્ત, મોહી શુભાશુભને કરતો થકો મોક્ષમાર્ગને કરતાં.. કરતાં.. કરતાં... કર્યા વિનાની ચીજ, રાગને કર્યા વિનાની ચીજ એવા મોક્ષમાર્ગને જરા પણ લેશમાત્ર પણ વાંછવાનું અભિલાષાનું જાણતો નથી. સમજાણું કાંઈ? '**તેને લોકમાં (કોઈ) શરણ નથી.**' લે. તેને લોકમાં કોઈ શરણ નથી. સમજાણું કાંઈ? શુભ અશુભપરિણામના ભાવરહિત ચૈતન્યના અંતર સમ્યગ્દર્શન અને જ્ઞાન એ આત્માનું શરણ છે. જેણે આવા રાગની ક્રિયામાં શરણ માન્યું એને શરણ ક્યાંય છે જ નહિ, કહે છે. ક્યાં શરણ છે? રાગમાંથી નીકળે એવી છે શાંતિ? સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગમાર્ગ જગતને એવો કઠણ લાગે કે આ શું? આ તો ભાઈ એકાંત એકાંત. એનું નામ જ અનેકાંત છે. આથી થાય અને બીજાથી ન થાય. આહા..હા..! પોપટભાઈ!

આ લોકમાં સમ્યગ્જ્ઞાન ચૈતન્યના અંતર દૃષ્ટિના ભાન વિના શુભાશુભ કરનારને બિલકુલ ક્યાંય શરણ છે નહિ. કોઈ એમ કહે કે આપણે શુભ કરશું પછી સ્વર્ગમાં જાશું, પછી ભગવાન પાસે જાશું. ન્યાં શરણ મળશે. ઈ ના પાડે છે કે શરણ તને કોઈ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પણ એ જ કહેશે ત્યાં એને. સમજાણું? જાય શેનો? વિરાધક થઈને આવું મિથ્યાત્વ સેવીને જાય છે. ભગવાન કહે છે કે આત્માના સ્વભાવના શરણે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે. એ રાગની મંદતાને શરણે કોઈ દિ' સમ્યગ્દર્શન-જ્ઞાન થતું નથી. એવું અહીં માનતો નથી અને માન્યતાથી વિરુદ્ધ ઘૂંટી-ઘૂંટીને ન્યાં સ્વર્ગમાં અવતરે છે. મિથ્યાત્વને ઘૂંટીને. એ ભગવાન પાસે જાય શી રીતે? સમજાણું કાંઈ?

અરે..! જગતમાં કોઈ શરણ નથી, ભાઈ! એ શુભભાવ શરણ નથી. શુભભાવના લક્ષમાં ભગવાન આદિ આવે એ પણ તને કંઈ શરણ નથી. આવે છેને? 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળીપણત્તો ધમ્મો શરણં' ઓલા પાડતા હતાને? શું? અકલંક નિકલંકનું નહોતું? બુદ્ધમ શરણં એમ કહેતા હતાને? બુદ્ધમ શરણં ગચ્છામી. ત્યારે ઓલો કહે, અરિહંતં. અર્હંતમ, અર્હંતમ. બે થયા હતાને? નિકલંક અને અકલંક. અકલંક ઓલાનો ભાઈ થયો મોહનલાલ,

નિકલંક થયો ... મહેન્દ્ર. કાંપવાળો, હસમુખનો દીકરો. અરિહંત. અર્હંત અર્હંત છું એ પણ એક શુભરાગ છે. એ રાગમાં શરણ નથી. આહા..હા..! ઈ અહીં કહે છે. ક્યાં ગયા તમારા ન્યાલભાઈ? નથી અત્યારે. સમજાણું? અંતે તો કહે છે કે અરિહંતનું શરણ. ઈ ના પાડે છે અહીં. અરિહંત એ પરદ્રવ્ય છે. એનું સ્મરણ કરવું એ શુભરાગ છે. એ રાગ કરતાં-કરતાં છૂટીશ એમ માનવું એ બિલકુલ મોક્ષના માર્ગને (વાંછવાનું) જાણતો નથી એમ કહે છે અહીં. આહા..હા..! ભારે વાતું, ભાઈ! છગનભાઈ! ઓલા મંગળિક તો બધા ગાય છે. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર ત્રણે. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં. દરરોજ પેલા ગવાય. પણ ઈ કહે છે કે મેં કહેલું તત્ત્વ જે ચૈતન્ય રાગ વિનાનું છે એનો અનુભવ કર તો તને એ શરણ છે, બાકી અમે તને શરણ નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? એ ૩૨ થઈ.

**શ્રોતા :—** વીતરાગના શરણે વીતરાગ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વીતરાગ સ્વભાવને શરણે વીતરાગ થાય. વીતરાગ-સ્વભાવ આત્માનો અંતરમાં છે, એ કંઈ બહારમાં નથી. સાક્ષાત્ પરમાત્મા જ શક્તિરૂપે આત્મા છે. પરમાત્માનું સ્વરૂપ જે વ્યક્તરૂપે છે એ આ શક્તિરૂપે આત્મા છે. એ પરમાત્મા રાગ વિનાનો, વિકલ્પ વિનાનો આત્મા એ તને શરણ છે. એ વિના કોઈ શરણ છે નહિ. આહા..હા..! આ તો ટીકા મુનિએ કરી છે. દુનિયાને સમજાવવા માટે કરી હશે કે સંતાડી રાખવા માટે કરી હશે? આવું બધું સમજશે તો સ્વચ્છંદી થઈ જશે, ફલાણા થઈ જશે. મંદિરને તાળા દેવા પડશે એમ વળી કહ્યું છે. અરે..! સાંભળને ભાઈ! આત્માનું સમ્યક્ સમજશે એને એવા શુભભાવ તો, વીતરાગ ન હોય તો આવ્યા વિના રહેશે નહિ. પણ એ મોક્ષમાર્ગ માનશે નહિ. સમજાણું કાંઈ? અજ્ઞાની ત્યાંને ત્યાં પડ્યો છે અનાદિકાળનો, શ્રદ્ધા ઊંધીમાં, એમાં કર્યું શું એણે? ૩૩.

(वसन्ततिलका)

**यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं**
**निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।**
**मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं**
**स्वं भावमद्वयममुं समुपैति भव्यः।।३३।।**

આમાં સુખની વાત લીધી. ઓહો..! '**જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે,...**' શુભભાવમાં સુખ છે એવી શ્રદ્ધા છોડી દ્યે છે. કર્મના ઉત્પન્નથી થયેલી સામગ્રી અને એમાં થતી સુખની કલ્પના અર્થાત્ પુણ્યભાવમાં સુખ છે એવી માન્યતા એવા કર્મજનિત સુખસમૂહને જે છોડે છે. આહા..હા..! જેને પરમાં સુખબુદ્ધિ તો નથી, પણ રાગની મંદતાના ભાવમાં સુખબુદ્ધિ છોડે છે, એમાં પણ સુખબુદ્ધિ નથી એમ કહે છે. આહા..હા..! 'જે

**સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે, તે ભવ્યપુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતા એવા આ અતિશયચૈતન્યમય, એકરૂપ, અદ્વિતીય નિજભાવને પામે છે.'** જુઓ, અહીં સુખની વ્યાખ્યા કરી છે. ભગવાન આત્મા નિષ્કર્મ—કર્મ વિનાની ચીજ, સુખસમૂહનો પિંડ આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા એવો અમૃતસરોવર છે. સુખસમૂહરૂપી અમૃતનું સરોવર આત્મા છે એમાં એકાકાર થાય છે એ સુખની બુદ્ધિ રાગમાં કાંઈક ઠીક છે, એવી મજાનો ભાવ સુખમાં રાગની મંદતાનો જે છોડે છે '**તે ભવ્યપુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના...**' સરોવર આત્મા એમાં '**મગ્ન થતા એવા આ અતિશયચૈતન્યમય, એકરૂપ...**' અજોડ '**નિજભાવને પામે છે.**' વીતરાગી દશાને અંતરમાંથી પામે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પોતે જ પરમાત્મા નિજાનંદમય જેમાં અતીન્દ્રિય આનંદનો રસકંદ એ આત્મા. અતીન્દ્રિય આનંદની મૂર્તિ તે આત્મા. એ પુણ્યમાં સુખબુદ્ધિ છોડી અને આત્મા નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતનું સરોવર એમાં એકાકાર થતાં એવો અતિશય, આ અતિશય ચૈતન્યમય, ઓલો રાગમય ભાવ હતો અજ્ઞાન પુણ્યાદિનો, આ ચૈતન્યમય એકરૂપ અંતરમાં. ઓલી રાગની અનેકતા હતી. એનો પ્રેમ છોડી ભગવાન આત્મામાં એકરૂપ અજોડ નિજભાવને પામે છે. પોતાના અતીન્દ્રિય આનંદનો પામે છે. એ મુક્તિનો માર્ગ પામે છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું માણસને લાગે હોં!

અહીં તો કહે છે કે એક ને અદ્વિતીય અને નિજભાવ. પુણ્યના પરિણામ અનેક પ્રકારના હોય છે, એ અજોડ નથી, અનેક પ્રકારના અનંતકાળથી કરે છે, એ નિજભાવ નથી. સમજાણું કાંઈ? કહો, આ પૈસાવાળા સુખી છે એમ ના પાડે છે અહીં. બાબુભાઈ! એ.. પોપટભાઈ! આ તો પુણ્ય પરિણામવાળા સુખી છે એમ નથી, એમ કહે છે. નવા પુણ્યભાવ કરે છે, વ્રતના, દયાના, દાનના, ભક્તિના એ ભાવ સુખરૂપ નથી. એ દુઃખરૂપ ભાવ છે એમ કહે છે અહીં. આહા..હા..! એ વસંતીલાલજી! એ તો કર્મજનિત દુઃખરૂપ પરિણામ છે, આત્મજનિત આનંદ નથી.

**શ્રોતા :—** શુભભાવની કાંઈ ચિંતા નથી. સંયોગમાં સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સુખ છે, બસ. અંતરની સુખની ચિંતા (નથી). સંયોગમાં સુખ છે ઘણું મૂઢને, એમ કહે છે. એ તો અહીં સંયોગની વાત નથી અહીં તો. આ તો શુભભાવ જે થાય કે અશુભભાવ થાય એ દુઃખરૂપ છે. આત્માના આનંદથી ઊલટી દશા છે. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એમાંથી જેટલા શુભ અને અશુભભાવ થાય બેય દુઃખરૂપ છે. પોપટભાઈ! પૈસા-બૈસા તો ક્યાંય ગયા ધૂડમાં. આ તો એની પાસે જે પરિણામ થયેલા એવા પરિણામમાં સુખબુદ્ધિ છોડે છે. તે ભવ્યપુરુષ લાયક, ભગવાન આત્મા જેમાં પુણ્ય પરિણામનો અભાવ છે. નિષ્કર્મ એટલે. સુખસમૂહનો દરિયો છે. આનંદનો

દરિયો અતીન્દ્રિય આનંદ છે, અમૃતનું સરોવર છે ઈ. આહા..હા..!

આવો આત્મા! એને એમ થાય હું આવો? એક રાંકાને રાંક વિના ચાલે નહિ. સરખો પાપડ શેકાણો ન હોય તો... પાપડ કહે છેને? શું કહે છે? પાપડ સરખો શેકાણો ન હોય તો... કારણ કે આમ આમ કરતાં, કરતાં-કરતાં ઓલી કોર રહી ગઈ હોય, અગ્નિને ન અડી ન હોય અને કાચી રહી જાય. સરખો ભાઠો હોય તો તો વળી સરખો થઈ જાય. નહિતર આમ આમ કરીને.. બીજે વિચાર મગજ હોય એટલે થોડું થોડું અડ્યું હોય, શેકાણું હોય અને આની કોર ન શેકાણું હોય. એમ અહીં ... એને. રોટલી ખાતો હોય અને એમાં ઓલો કાચો પાપડ આવે કઠણ, 'આને શેક્યો છે કોણે?' ઓલી કહે, કોણ જાણે.. બોલશો નહિ હોં! કહે છે કે બાપુ! ક્યાં એમાં સુખ ધૂડમાં હતું? એમ કહે છે. સ્વાદને જાણીને એમાં સુખ હતું?

અહીં તો કહે છે કે શુભપરિણામમાં સુખ નથી. સાંભળને! શુભપરિણામ વ્રતના, દયાના, દાનના, ભગવાનની ભક્તિના, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે, એ આસ્રવ છે, બંધનું કારણ એ દુઃખરૂપ છે, આનંદ નહિ. આનંદ હોય એનાથી બંધન થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે ભવ્યપુરુષ...**' ઓહો..! છલછલતો આમ ચૈતન્ય આનંદકંદ ભગવાન પરમાનંદની મૂર્તિ છે એમાં જે એકાકાર થાય છે એ ચૈતન્યમય એકરૂપ ભાવ પામે છે. રાગ નહિ, પુણ્ય નહિ, સંયોગ નહિ. એ એકરૂપ અદ્વિતીય અજોડ નિજ આનંદની શાંતિને પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પામતાં નિજ આનંદને પામે છે, તે ભવ્યપુરુષ જગતમાં ધન્ય કહેવાય છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં ગયા ફાવાભાઈ આવ્યા નથી? ત્યાં ટેકે બેઠા છે, ઠીક! સમજાણું?

**શ્રોતા :—** અમે માનેલું હતું બધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું માન્યું હતું? ખોટુ માન્યું હતું. એમાં છે કે નહિ પણ?

૩૩મો શ્લોક છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ મહાવ્રતધારી દિગંબર સંત જંગલમાં વસતા હતા. એ સિંહ ત્રાડ મારીને કહે છે કે સાંભળ એક વાર. સમજાય છે? જાગ રે જાગ, આત્મા! એ આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે એની એકાકાર દશા વિના તને ધર્મ ત્રણકાળમાં છે નહિ. ધર્મ એ સુખરૂપ અને આનંદરૂપ છે. 'અરે..! ઘણું સહન કરીએ છીએ હોં! બહુ વેઠવું પડે છે' એ તો દુઃખ છે, રાગ છે. 'બહુ વેઠવું પડે બાપા! તૃષા (લાગે), ઉનાળાના દિ' અને ઈ એકવાર પાણી પીવા. એ પરિષહ કેટલા.' એલા તને દુઃખ લાગ્યું એ તો દ્વેષ થયો. સંવર ધર્મ તો ક્યાં હતો? પણ પુણ્ય પણ નથી ત્યાં તો. ત્યાં તો પાપ બંધાણું. સમજાય છે કાંઈ? એમ કહે છે. આહા..! આમાં મજા છે. રાગની મંદતા છે. આ તો ક્લેશ લાગે. બહુ સહન કરવું પડે, બાપા! તૃષા લાગે, ઉનાળાના દિ' અને ઈ વળતો દિ' ૧૪ કલાકનો.

દસ કલાકની રાત અને ચૌદ કલાકનો દિ' અને ઈ તૃષા લાગે. સવાર ક્યારે પડે? એક જણો કહેતો હતો, એક ક્ષુલ્લક કહેતો હતો, 'ઉનાળામાં નરક નજરે પડે છે એવી તૃષા લાગે, એવી તૃષા લાગે' એ તો દુઃખ થયું, ન્યાં ધર્મ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? પ્રતિકૂળતા આમ નજરે પડે કે સહન થાય નહિ. ઉષ્ણ ઉષ્ણતા થાય, આંખમાં લાલપ થાય, કોઈ રીતે બારણામાં ખુલ્લામાં સૂઈએ, હવા ઠંડી આવે. આવી અભિલાષામાં આ એણે પરિષહ સહન કર્યા. ધૂડમાંય નથી. મિથ્યાત્વભાવ છે, સાંભળને! સમજાય છે કાંઈ? એ પ્રતિકૂળતા.. હવા આવે, ઠંડી હોય, બારણું ખુલ્લું હોય, બહુ લૂગડાં ઓઢ્યા હોય તો કાઢી નાખ્યા હોય આમ સાધારણ (રાખ્યા હોય). આ તો બધી સગવડતાથી તને પરિષહ સહન થયા એ પરિષહ સહન કર્યો છે કે દિ' તેં? સમજાય છે કાંઈ? એ તો દ્વેષ થયો છે. અને કદાચિત્ રાગની મંદતાથી એ જાતની સગવડતાની ઈચ્છા ન હોય તો એ પુણ્ય છે.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનાનંદ સરોવર પ્રભુ ચૈતન્યમયની એકતાના એક ભાવ વિના એને મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ? જુઓને! ચૈતન્ય અતિશય. આ અતિશય ચૈતન્યમય. એકરૂપ અજોડ નિજભાવ તેને મોક્ષનો માર્ગ કહે છે. આહા..! વીતરાગતા પ્રગટ થઈ છે ત્યાં. ત્યાં ખેદ પણ નથી અને રાગ પણ નથી. એ ૩૩મો કીધો. ૩૪.

(मालिनी)

असति सति विभावे तस्य चिन्तास्ति नो नः
सततमनुभवामः शुद्धमात्मानमेकम्।
हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं
न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्।।३४।।

'न खलु न खलु' આવે છેને, 'अन्यथा साध्यसिद्धि' ઈ શૈલી અમૃતચંદ્રાચાર્યની. મુનિરાજ કહે છે, દિગંબર સંત પોતાનો ભાવ પ્રગટ કરે છે. જગતને સમજાવે છે એ શૈલીએ. અમારા આત્મસ્વભાવમાં એ વિભાવ પુણ્ય-પાપનો ભાવ તે અસત્ છે. આહા..હા..! **'વિભાવ અસત્ હોવાથી...'** એ પુણ્ય-પાપના ભાવ અમારા આત્માના સ્વભાવમાં નથી. વિભાવમાં પુણ્ય-પાપ આવે કે નહિ? કે એકલું પાપ આવતું હશે? વાંધા ઈ છે અત્યારે. એ.. સોનગઢ આમ કહે છે. સોનગઢ નહિ, ભગવાન ત્રણલોકના નાથ એમ કહે છે, સાંભળને! એક જ વાત છે. સમ્યગ્દષ્ટિથી માંડીને કેવળી બધાનો એક જ માર્ગ છે. આહા..હા..! કહે છે, અમારા સ્વભાવમાં વર્તમાન વિભાવ દેખાય છે તે સ્વભાવમાં અસત્ છે. પર્યાયમાં હોવા છતાં સ્વભાવમાં નથી. જ્યાં અમારી દૃષ્ટિ છે ત્યાં એ નથી. આહા..હા..! કાયરના કાળજા કંપી ઉઠે એવું છે. હાય..હાય..!

'જે દિશે સિંહ સંચર્યા, રજુ લાગી તરણા, ઊભા ખડ સૂકશે, નહિ ચરે એને હરણા'. મૃગલા નહિ ચાલે ત્યાં હરણિયા. સર્વજ્ઞની ત્રાડ પોકાર પોકાર... કહે છે, અમે આત્મા છીએ.

અમારામાં વિકાર પુણ્ય-પાપનો છે જ નહિ. મુનિ કહે છે, સાંભળ! સમજાણું કાંઈ? પંચમહાવ્રતનો વિકલ્પ છેને? પંચમહાવ્રતધારી છે. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છેને? નહિ, અસત્ છે, અમારા સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એની ગંધમાં, ઓલા સિંહની ગંધ હોયને ત્યાં હરણિયું ન આવે. માણેકચંદભાઈ! તમારે તો એટલામાં સિંહ ન હોય. આ ગીરનાર તરફ બહુ (છે). આ તપસી તપસી છેને, તપસીએ જોયેલા છે સિંહ. ... આઉ ખાતા હતા સિંહ. તપસીએ જોયેલા. બે સિંહ, હોં! ત્યાં એ બાજુના ગામમાં હતા. ... સિંહ હોં, દીપડા નહિ. સિંહ. આઉ આઉ લોચો હોયને? ખાતા હતા. રાડે રાડું પાડે ઓલી ભેંસ. આમ પોગ્યા પછી બેઠા હતા બેય જણા. પછી અંજવાળુ થયું એટલે વયા ગયા, મરી ગઈ ભેંસ. સિંહ હોં! પાછળ ગિરનારમાં છેને? તમારા ગામ પાસે ક્યાં આવી? ગામના પાદરમાં. જુઓ, ઈ ગયા હતા જોવા. બેઠા હતા સિંહ. એક સિંહ આમ ને ભેંસ. જરીક અંધારુ થોડું હતું. એ અગ્નિ-બગ્નિ નાખેને, છાણુ લઈ આવે, આવે નહિ, ભાગે આઘા. બીવે. એ સિંહ જ્યાં ચાલે ત્યાં હરણિયા ચાલતા હશે? આહા..હા..! મૃગલા.

કહે છે કે વીતરાગનો માર્ગ.. અમારા આત્મસ્વભાવમાં વિભાવ અસત્ છે. આહા..હા..! **'તેની અમને ચિંતા નથી;...'** ભાષા તો જુઓ, આહા..હા..! અઠ્યાવીશ મૂળગુણ મહાવ્રતાદિના (વિકલ્પ) ઉઠે છે એ અમારા સ્વભાવમાં નથી માટે અમારે એની ચિંતા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? **'તેની અમને ચિંતા નથી;...'** કેમ? **'અમે તો હૃદયકમળમાં સ્થિત,...'** અંતરમાં આત્મા ભગવાન હૃદયકમળમાં જે જણાય એવો **'સર્વ કર્મથી વિમુક્ત,...'** એ તો બધા કર્મથી મુક્ત એવો પ્રભુ આત્મા છે. અત્યારે હોં! મુનિ વખતના કાળમાં. આહા..હા..! **'સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને...'** પર્યાય તો કીધી, વિભાવ છે પર્યાયમાં પણ સ્વભાવમાં નથી એમ કીધુંને? સમજાણું કાંઈ? ઈ તો આ બાજુ કીધું હતુંને પહેલું? ... છે, ભલે હો. એક સમયની દશામાં હો, એ સ્વભાવમાં નથી. એથી અમને ચિંતા નથી. આહા..હા..!

**'અમે તો હૃદયકમળમાં સ્થિત,...'** ભગવાન પરમાનંદને અંતર જોઈએ છીએ. એ પરમાનંદ મૂર્તિ પ્રભુ પોતે બિરાજમાન આત્મા છે અંદર. આહા..હા..! **'સર્વ કર્મથી વિમુક્ત,...'** પાછું મુક્ત પણ નહિ, વિમુક્ત. **'શુદ્ધ આત્માને એકને...'** એકલો શુદ્ધ ચિદાનંદ પ્રભુ એકને જ! પુણ્ય-પાપના વિકલ્પ ને ગુણ-ગુણીના ભેદ છોડી દઈને. વળી આ આનંદ છે અને આનંદનો ધરનાર આત્મા છે એવા ભેદ પણ છોડી દઈને એકલો અતીન્દ્રિય આનંદમય આત્મા એકને સતત નામ નિરંતર અનુભવીએ છીએ. આહા..હા..! એ તો .. લીધા છેને. સમજાણું કાંઈ? આ ચારિત્રવંત મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાને બોલે છે, આ વિકલ્પ આવ્યો છે. લખે છે ત્યારે કહે છે, એ વિકલ્પ ભલે હો, અમારા સ્વભાવમાં નથી, અમને ચિંતા નથી. અમારી જ્યાં દૃષ્ટિ પડી છે ત્યાં એ આત્મા તો સર્વ કર્મથી વિમુક્ત છે. આહા..હા..! સમજાણું?

'**શુદ્ધ આત્માને...**' એવો જે ભગવાન અકષાયરસરૂપી આત્મા એકને એવા એકને સતત નિરંતર. કોઈ સમયે પણ રાગની મુખ્યતા થઈ જાય અને આની ગૌણતા થઈ જાય એવું છે નહિ, એમ કહે છે. આહા..હા..! પણ તમે આ લખો છો ત્યારે તો વિકલ્પ છે. સાંભળને હવે. અમે તો વિકલ્પરહિત શુદ્ધ આત્માને અનુભવીએ છીએ. એ અમારો મોક્ષનો માર્ગ છે, બાકી કોઈ માર્ગ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઓલા તો અપવાસ-બપવાસ કરે ત્યાં નિર્જરા થઈ ગઈ અને ધર્મ થઈ ગયો. પોપટભાઈ! શેઠિયા કાંઈક આપે એને. શું વેંચે? લાણી. 'આપણે કરી શકતા નથી, ઈ બિચારા કરે તો આપણે અનુમોદન તો કરો' ધૂડમાંય ધર્મ નથી સાંભળને હવે તારા. અપવાસ-લાંઘણું કરીને મરી જાય (નહિ).

ભગવાન આત્મા શુદ્ધ આત્મા છે. ઓલો વિકલ્પ હતો કે 'મેં આ છોડ્યું' એ પણ હું નથી. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ જે ઉઠ્યો હતો એ અસત્ છે. મારા સ્વરૂપમાં એ છે જ નહિ, તો વળી કર્મ અને શરીર ક્યાંથી આવ્યા મારામાં? આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા ભગવાન છે. પર્યાયમાં વિકાર છે એ તો કહ્યું. સ્વભાવમાં નથી. એવા એકને સતત નિરતંર, સમયનો વિરહ પડ્યા વિના. આહા..હા..! '**અનુભવીએ છીએ,...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને જ અમે વેદીએ છીએ, વેદીએ છીએ, અનુભવીએ છીએ. કહો, આ ખબર પડતી હશે આત્માને? ઈ ખબર કેમ પડે કે આત્મા જણાણો? સમ્યગ્દર્શન થયું? મૂઢ છે આત્મા? સાંભળને. સમજાણું કાંઈ? એ નિશ્ચયસમ્યગ્દર્શન ખબર ન પડે. આવા મૂઢ લોકો પોતાના આત્માને, બેખબરા જણાવીને આત્માને મારી નાખે છે. સમજાણું કાંઈ?

ચૈતન્યજ્યોત જાગતી જ્યોત જ્યાં કહે છે બેઠો અંદરમાં! એ વળી કો'કને પૂછવા જાવું પડતું હશે? શું કહે છે? છદ્મસ્થ છે કે નહિ? આમને અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન નથી. મતિ અને શ્રુતજ્ઞાન છે. સમજાણું કાંઈ? મુનિને કંઈ અવધિ કે મનઃપર્યય નથી. ૮૦૦ વર્ષ પહેલાં હમણાં થઈ ગયા છે. મતિ-શ્રુત બે નિર્મળ છે. ઓહો..! વસ્તુ.. વસ્તુ.. વસ્તુ આખી આનંદસ્વરૂપના સત્ત્વથી ભરેલો આત્મા એ જ અમે છીએ માટે અમે એને અનુભવીએ છીએ. સતત અનુભવીએ છીએ પછી આ હાલવું, ચાલવું ને વિહાર કે દિ' કરતાં હશે? વચ્ચે આ પંચમહાવ્રતના પરિણામ પાળવાના કે દિ' પાળતા હશે? ભાઈ! એને પંચમહાવ્રતના પરિણામ આવે એને જાણે છે. કરતોં નથી, એને વેદતો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.**' ઓલામાં બે આવ્યુંને? અન્યથા સિદ્ધિ નથી, નથી. કહે છે કે ભગવાન આત્મા શુભાશુભવિકલ્પરહિત એના આનંદના વેદન વિના, એના આનંદના અનુભવ વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી અને તેના વેદન વિના ત્રણકાળમાં ક્યાંય મુક્તિ નથી. અન્ય કોઈ પ્રકારે વળી. વ્યવહારથી થાશે, આમાંથી આ પંચમહાવ્રતના પરિણામમાંથી મુક્તિ થશે! - ના. આ અનેકાંત કર્યું. આનાથી મુક્તિ (છે), અન્ય કારણ, અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી જ. બે વાર લીધું. '**न खलु न खलु**

मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्'. અમૃતચંદ્રાચાર્યે કહ્યું 'न खलु न खलु अन्यथा साध्यसिद्धि' પછી શબ્દ ઈ છે ત્યાં, અમૃતચંદ્રાચાર્યનો. આહા..હા..!

અરે..! એને કબુલ કરતાં હજી પરસેવા ઊતરી જાય અંદરથી અને મોક્ષમાર્ગના પ્રયાણ કર્યા છે એમ માને. ધૂડમાંય કર્યા નથી, સાંભળને. સમજાય છે કાંઈ? બાયડી, છોકરા છોડ્યા ને કાંઈક છૂટ્યું તો કહે કે આપણે ધર્મ કરીએ છીએ. ધૂડમાંય ધર્મ નથી. સાંભળને! બાયડી, છોકરા કે દિ' ગરી ગયા હતા એમાં? અહીં તો રાગનો ભાવ ઉત્પન્ન થયેલો અંદરમાં એ આત્મામાં નથી. છતી દશા વિકારની તે સ્વભાવમાં નથી. છે તેને છે નહિ એ રીતે અનુભવવું, છે તેને અછતું કરવું. આહા..હા..! વિકાર છે તેને અછતો અને છતો ભગવાન છે દૃષ્ટિમાં તેને છતો જ્ઞાનમાં લીધો. પૂર્ણ સત્તાવાન ચૈતન્યપ્રભુ ભગવાન હું પરમાત્મા છું. સમ્યગ્દર્શનનો વિષય એ આત્મા પરમાત્મા છે. સમ્યગ્દર્શનનો વિષય એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી રાડ્યું પાડેને બિચારા ચારે કોર! આવું સ્પષ્ટ થાય, ઓલું ગુપ્ત હતુંને સ્પષ્ટ (થયું). સમજ્યાને? ઓલા એક ઠેકાણે આવ્યું છે, તમે આ વાત વારંવાર કરો છો. વારંવાર પુનરુક્તિ નથી. પણ એની સ્પષ્ટતા છે. સમજ્યાને? એમ લખ્યું છે જ્ઞાનાર્ણવમાં. બહુ આવે છે અધિકાર, બ્રહ્મચર્યનું ખૂબ આવે છે એમાં. વારંવાર શું માંડો છો આ? પુનરુક્તિ (થાય છે). પુનરુક્તિ નથી, સ્પષ્ટતાની વિશેષતા છે. સ્પષ્ટતા વિશદ સ્પષ્ટ છે. આહા..હા..! સમજાણું? ... એમણે એ જ કહ્યું છે. તારા લાખ ક્રિયાકાંડ કરને, આત્માના અંતર નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભવ વિના મુક્તિ નથી, નથી.

**શ્રોતા :—** જ્ઞાની તો આમ જ ફરમાવેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ એક જ વસ્તુ હોયને! એક જ. અનંત જ્ઞાનીનો એક મત. એક અજ્ઞાનીના અનેક મત. ઘડી ઘડીકમાં કંઈક ફરે. ઘડીકમાં આમ માને. કારણ કે મિથ્યાદૃષ્ટિ છે તો મિથ્યાત્વમાં કંઈક અભિપ્રાય બાંધે. ઘડીકમાં આમ બાંધે, ઘડીકમાં આમ બાંધે. અનંત જ્ઞાની સમ્યગ્દૃષ્ટિથી માંડી કેવળીનો એક જ મત છે. સમજાણું કાંઈ? ઓહો..!

આનાથી મોક્ષ છે, એનો અર્થ થયોને. અને **'અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી...'** અન્ય કોઈ પ્રકારે વ્યવહારના વિકલ્પથી મુક્તિ આત્માને બંધથી ત્રિકાળ મુક્તિ નથી.

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો મુક્તો ક્યાં હતો? ઈ તો રાગના બંધનનું ફળ આવ્યું. મુક્તિ છે? ૩૪ થઈ ૩૪. ૩૫.

(मालिनी)

भविनि भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं
निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।

व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-
र्न च भवति भवो वा निर्णयो ऽयं बुधानाम्।।३५।।

'**बुधानाम्**'. ઓલાએ લખ્યું છે, આ વ્યવહાર ખોટો છે? આ વ્યવહાર ખોટો છે? સિદ્ધ એ વ્યવહાર છે? સાંભળને હવે. ખોટા-સાચાની ક્યાં વાત છે? છે, પણ આત્માની એક દશાના અનુભવ વિના મુક્તિ ત્રણકાળમાં નથી. ઈ તો કહે છે, જુઓ,

'**શ્લોકાર્થ :— સંસારીમાં સાંસારિક ગુણો હોય છે...**' ગુણો એટલે પર્યાય વિકારી. સંસારી નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક જનાર જીવને એને વિકારી પર્યાયો છે. ગુણો એટલે વિકારી પર્યાય. '**સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજપરમગુણો હોય છે...**' એ પર્યાય. સિદ્ધ જીવમાં સિદ્ધ થયા ત્યારથી સમસ્ત સિદ્ધિસિદ્ધ, સિદ્ધિસિદ્ધ—મોક્ષથી સિદ્ધ, પરિપૂર્ણ થયેલા, એમ. નિજપરમપર્યાયો હોય છે. ભગવાન સિદ્ધને નિર્મળ પર્યાયરૂપી ગુણ છે, સંસારીને મલિન પર્યાયરૂપી ગુણ છે. આ બે વાત કરી. પર્યાયની વાત કરે છે હોં! આહા..હા..! ભગવાન સંસારી જીવ એની પર્યાયમાં મિથ્યાભ્રાંતિ, રાગ, દ્વેષ આદિ પર્યાય એ એના ગુણો છે. સિદ્ધને સિદ્ધિસિદ્ધ-મોક્ષથી સિદ્ધ થયેલા, નિર્મળ પર્યાયથી પરિપૂર્ણતાને પામેલા નિજપરમગુણો—અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ પર્યાય છે. '**આ પ્રમાણે વ્યવહારનય છે.**' બેય પર્યાયને જાણવી એ વ્યવહાર છે. એઈ..! એ વ્યવહારનય છે. પર્યાય થઈને. એકલો આત્મા...

'**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.**' અંતર વસ્તુની દૃષ્ટિમાં નથી સંસારપર્યાય, નથી મોક્ષપર્યાય. એકરૂપ ભગવાન છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. '**આ બુધ પુરુષોનો નિર્ણય છે.**' જ્ઞાનીઓનો આ નિર્ણય છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ ૪, શનિવાર, તા. ૨૬-૦૩-૧૯૬૬, શ્લોક-૩૫, ગાથા-૧૯, પ્રવચન નં. ૩૨

આ નિયમસાર ચાલે છે, જીવ અધિકાર, એની ૧૮મી ગાથાનો છેલ્લો શ્લોક છે. જુઓ, ૩૫મો છેને, ૩૫. શું કહે છે? ઝીણી વાત છે તત્ત્વની. '**સંસારીમાં સાંસારિક ગુણો હોય છે...**' જ્યાં સુધી જીવ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવસહિત છે ત્યાં સુધી એને સંસારના ગુણ એટલે સાંસારિક વિકારી પર્યાય હોય છે. સમજાણું કાંઈ? બાબુભાઈ! જરી ઝીણી વાત છે આ વિષય. આત્મા છેને આત્મા, એનામાં અંતરમાં તો શુદ્ધ ચૈતન્ય અનંતગુણની રાશિ

પડી છે. અનંત ગુણ શક્તિરૂપે આત્મા. એની સંસારદશામાં પર્યાયમાં, હાલતમાં, દશામાં કહો તો સંસારદશામાં ઉદયભાવના વિકારી પર્યાય એના ભેદરૂપ દશા સંસાર છે ત્યાં સુધી છે. સમજાણું કાંઈ? ગુણ શબ્દે પર્યાય છે.

પહેલાં કહ્યું હતુંને કે આત્મા કર્મના નિમિત્તે થતા વિકારભાવ તેનો અશુદ્ધનિશ્ચયથી કર્તા છે. એમ કહ્યું હતું. આત્મા અંતરમાં વિકાર થાય પુણ્ય અને પાપના એનો અશુદ્ધ નામ એ મલિન વિકાર છે. તેથી તેને અશુદ્ધથી નિશ્ચય નામ સ્વમાં થાય છે માટે અશુદ્ધનિશ્ચયથી તેનો વિકારનો કર્તા છે અજ્ઞાની. જ્યાં સુધી એને આત્માનું ભાન નથી કે 'આત્મા જ્ઞાનાનંદ પરમાત્મ શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છું' એવું જેને ભાન નથી ત્યાં સુધી એ મલિન પરિણામને ઉત્પન્ન કરી, પુણ્ય અને પાપ બેય મલિન છે, એ મલિન પરિણામનો અશુદ્ધ પરિણામનો, ખરેખર એની દશામાં થાય છે માટે, તેનો કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્માનું ભાન થયે, ધર્મ દૃષ્ટિ પ્રગટ્યે, 'હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ આત્મા પવિત્ર પરમાત્મ શુદ્ધસ્વરૂપ જ છું' એવી દૃષ્ટિ થયે સમ્યગ્દૃષ્ટિને એટલે ધર્મીને ધર્મના શુદ્ધ વીતરાગી પરિણામ થાય તેનો તે કર્તા અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય. સમજાણું કાંઈ? પૂર્ણ જ્યાં સિદ્ધદશા થાય, સિદ્ધ, ત્યારે તો એને પૂર્ણ.. ઈ કહે છે, જુઓ,

'**સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ...**' પરમાત્મા જ્યારે સિદ્ધ થાય આત્મા ત્યારે તો સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (અર્થાત્) મોક્ષથી સિદ્ધ પરિપૂર્ણ થયેલા '**નિજ પરમગુણો હોય છે...**' જુઓ, ત્યાં નિજ શબ્દ વાપર્યો છે. ઓલામાં નિજ નહોતો વાપર્યો. '**સંસારીમાં સાંસારિક ગુણો હોય છે.**' ત્યાં નિજ (શબ્દ) નહોતો વાપર્યો. ભાઈ! સમજાય છે કાંઈ આમાં? છોકરાઓએ આળસનું સ્થાન છોડી દેવું જોઈએ અને બરાબર આમ ધ્યાન રાખીને સાંભળવું જોઈએ. ઈ આમ રાખે તો ઊંઘ આવી જાય છે. કહો, સમજાણું કાંઈ? ઓઠીકણ પણ છોડી દેવા જોઈએ. છોકરાઓને ઓઠીકણ હોય? ઘડપણવાળાને ઓઠીકણ હોય. આ પણ ઘડપણ છે. ઓઠીકણે નથી બેસતા. છોકરા બધા ઓઠીકણે બસે છે, ઓઠીકણે ન બેસવું જોઈએ ખરેખર તો. શાસ્ત્રમાં ધ્યાન કરવા બેસે ત્યારે એમ કહે કે આમ લાકડું રહેને (એમ બેસવું જોઈએ). ભીંતની ઓથે કાંઈ નહિ એમ કહે છે શાસ્ત્રમાં. કહે છે.. એ કંઈ તમારા માટે નથી હમણાં.

અહીં તો કહે છે, સંસારી જીવને એકેન્દ્રિય પંચેન્દ્રિય જે બધા જીવો છે, બધાને સંસારની વિકારી પર્યાય છે. સમજાય છે કાંઈ? અને સિદ્ધ ભગવાન થાય એને સદાય નિર્મળ પર્યાય, ગુણ (હોય છે). ગુણ કહો કે પર્યાય, અત્યારે વાત છે. '**નિજ પરમગુણો હોય છે...**' એને નિજ શુદ્ધ દશા હોય છે. '**આ પ્રમાણે વ્યવહારનય છે.**' આ તો હજી વ્યવહારનય એ રીતે કહેવાય છે. કેમકે બે પર્યાય થઈને? અવસ્થા થઈ. એ ત્રિકાળી સ્વરૂપ ન રહ્યું. સંસારદશા પણ એક અવસ્થા છે, મોક્ષમાર્ગ પણ એક અવસ્થા છે અને મોક્ષ પણ એક

અવસ્થા-પર્યાય છે. એ પર્યાયને વિષય કરનાર વ્યવહારનયનો એ વિષય છે. ઓહો..હો..! ક્યાં ગયો વ્યવહાર જોયો? એ પ્રમાણે વ્યવહારનય છે ખરો. છે, સંસારદશા મલિન અને નિર્મળદશા પૂર્ણ સિદ્ધ એ પર્યાય એટલે અવસ્થા, અવસ્થા નામ હાલત, હાલત નામ વર્તમાન દશા, એ દશાઓ અવસ્થા છે માટે વ્યવહારનયનો એ વિષય છે. આહા..હા..!

**'નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.'** ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ શુદ્ધ બુદ્ધ અખંડ આનંદકંદ, એ દ્રવ્ય વસ્તુથી દૃષ્ટિથી જુઓ તો એને સંસારની પર્યાય પણ નથી અને મોક્ષની પર્યાય પણ વસ્તુમાં નથી. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ? જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન એનું ધ્યેય આત્મા એકરૂપ અખંડ દ્રવ્ય વસ્તુ છે એ સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય. એ દ્રવ્યમાં આ સંસાર અને મોક્ષ બે પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, એમ કહે છે. એઈ..! ભારે આ શું કહે છે? અહીંયા તો બે..

આ ધર્મની દશાનો વિષય અખંડ પૂર્ણ દ્રવ્ય પરમાત્મા અખંડ એકરૂપ દ્રવ્ય છે. એમાં નથી એનો વિષય સિદ્ધપર્યાય કે નથી એનો વિષય મોક્ષમાર્ગ કે નથી વિષય એનો રાગભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા આમ વસ્તુ તરીકે જુઓ અંદર તો શુદ્ધ ચૈતન્યપિંડ અનાકુળ આનંદ અને શાંતરસનો એકરૂપ આત્મા છે. વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે, સત્ત્વ તરીકે એકરૂપ શુદ્ધ આનંદ પરિપૂર્ણ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દૃષ્ટિને એના ઉપર ધ્યેય કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. બાબુભાઈ! બહુ ઝીણું, બહુ ઝીણું. હજી તો અહીં દયા, દાન એ વ્યવહાર. એ વ્યવહાર કરતાં-કરતાં થાય. એ વાત તો ક્યાંય ગઈ. સાંભળને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં વસ્તુ તરીકે જુઓ અંદર તો પરિપૂર્ણ જ્ઞાનમય છે. ભગવાન જેમ જ્ઞાનમય છે, પર્યાયથી છે, છતાં વસ્તુથી એ સિદ્ધ પણ જ્ઞાનમય છે. આત્મા પણ એકલો જ્ઞાનમય, સામાન્યજ્ઞાન હોં! અવસ્થા નહિ. એકલી જ્ઞાનસૂર્ય ચૈતન્યપ્રભુ. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. એવું એક સ્વરૂપ જે ત્રિકાળી ધ્રુવ એ દૃષ્ટિનો વિષય છે, તેને નિશ્ચયનયનો વિષય કહે છે. ભારે વાત. આ બે ભાગ પાડ્યા એ વ્યવહારનયનો વિષય છે, કહે છે. પોપટભાઈ! એ.. ન્યાલભાઈ! જુઓ આ. કાલે નહોતા. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે કે ભાઈ! આ વસ્તુ જે છે આમ પરમાનંદની મૂર્તિ આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ પૂર્ણ શુદ્ધ શુદ્ધ, જેવા સિદ્ધ પર્યાયમાં પ્રગટ છે પરમાત્મા સિદ્ધ, એવો આત્મા શુદ્ધ દ્રવ્યે પરમાત્મા પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ? એ દ્રવ્યમાં નિશ્ચયથી જુઓ તો દ્રવ્યદૃષ્ટિમાં નથી સંસારપર્યાય, નથી મોક્ષપર્યાય, નથી મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ, મોક્ષ અને સંસાર—એ ત્રણે આત્માની દશા છે, પર્યાય છે, અવસ્થા છે. એ અવસ્થા વ્યવહારનયનો વિષય છે, એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ભારે.. સમજાણું કાંઈ? શું આમાં કાંઈ

સમજાય છે કે નહિ?

આ તો બે બોલ પાઠમાં આવ્યા છેને? કે વ્યવહારે કર્મનો કર્તા અને નિશ્ચયથી... બે શબ્દ પડ્યા છેને? કર્મના નિમિત્ત થતો વિકાર એનો કર્તા. આ બે બોલ લીધા છે. એમાંથી આ કાઢ્યું. એ બધું વ્યવહારનયથી કથન કર્યું છે. વિકારનો કર્તા જીવ એ પણ વ્યવહારનયથી. નિશ્ચય તો કેમ કહ્યું હતું? કે કર્મ જડ છે એનો કર્તા કહેવો તે અસદ્ભૂતવ્યવહારનયે કહ્યો ત્યારે વિકાર એની પર્યાયમાં છે, અવસ્થામાં છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એનો કર્તા કહેવો એ અશુદ્ધનિશ્ચયનયે છે, પર્યાયમાં છે માટે. વસ્તુદૃષ્ટિએ જોઈએ તો એ અશુદ્ધનિશ્ચયથી કર્તા પણ નથી. વ્યવહારનયે પરનો કર્તા પણ નથી એ પર્યાયનયનો વિષય જ વ્યવહાર છે.

મોક્ષમાર્ગ કેમ પ્રગટે? મોક્ષમાર્ગ આશ્રય કરવાલાયક નથી. કારણ કે મોક્ષમાર્ગ વ્યવહારનયનો વિષય છે. અહીં એમ કહેવું છે. આહા..હા..! એઈ..! વીતરાગની વાત લોકોએ સાંભળી નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર શ્રીમદ્ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એ એમ કહે છે કે ભાઈ! આત્મા જે એક સમયનો ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ છે, ધ્રુવ ધ્રુવ જેની ખાણમાં અનંતઆનંદ, અનંતજ્ઞાનાદિ અનંતરસ પડ્યો છે. એવો એકરૂપ દ્રવ્ય જેને કહીએ, દ્રવ્ય એટલે વસ્તુ, વસ્તુ એટલે ભાવ, એકરૂપ સ્વભાવભાવ એ નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય છે, એને આશ્રયે સમ્યગ્દર્શન થાય. એ નિશ્ચયનયનો વિષય દ્રવ્ય છે. આહા..હા...! અને જે પ્રગટ પર્યાય થાય મોક્ષમાર્ગ, આ નિયમસાર છેને, મોક્ષમાર્ગ પ્રગટ થયો, સમ્યગ્દર્શન પણ ઉત્પન્ન થયો એ પર્યાય, સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયો તેથી એ પર્યાય, શાંતિ વીતરાગતા ચારિત્ર ઉત્પન્ન થયો એ પર્યાય, એ પર્યાય ઉત્પન્ન થયો તેથી એ પર્યાય વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! કહેવો છે નિશ્ચયમોક્ષમાર્ગ, પણ એ નિશ્ચયમોક્ષમાર્ગ કોનાથી ઉત્પન્ન થાય? કે અંદર વસ્તુ એક સમયમાં પૂર્ણ પડી છે એના ઉપર નિશ્ચયનું લક્ષ કરતાં સમ્યક્ થાય. છતાં એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચયના આશ્રયે થાય એ પર્યાય પોતે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! બહુ ઝીણી વાત છે, ભાઈ! એ.. બાબુભાઈ!

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હળવે-હળવે ઉતારવું પડશે. જેને સત્યે જોતું હશે તો. સત્ય જોતું હશે તો એમ કહ્યું. બાકી તો રખડે છે અનાદિકાળથી. સમજ્યા?

અહીં તો આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યદેવે જે શ્લોક કહ્યો કે વ્યવહારનયથી કર્મ જડનો કર્તા. કર્તા છે નહિ. કર્તા તો અજ્ઞાની પુણ્ય-પાપના ભાવનો કર્તા છે, પણ એ કર્મનું થવું કર્મને લઈને થાય એમાં વિકાર નિમિત્ત છે એથી વ્યવહારનયે કર્તાનો આરોપ દેવામાં આવે છે. ખરેખર તો એ વિકારી શુભ-અશુભભાવનો કર્તા છે એ પણ અશુદ્ધનિશ્ચયથી એને પણ નિશ્ચયની અપેક્ષાએ તો એને પણ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં તો એ તો ઠીક, પણ સિદ્ધપર્યાય.. પર્યાય છેને સિદ્ધ. સિદ્ધ કોઈ દ્રવ્ય નથી,

ગુણ નથી, ત્રિકાળી દ્રવ્ય તો એમને એમ ત્રિકાળી પડ્યું અખંડાનંદ. એમાંથી પ્રગટેલું કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ અનંતઆનંદ, અનંતવીર્ય એ પણ વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે, એક સમયની દશા છે, એ ત્રિકાળી ગુણ નથી, એ ત્રિકાળી દ્રવ્ય નથી, ત્રિકાળી ધ્રુવ નથી. ભાઈ! શાંતિથી આ તો (સમજવાની વાત છે). સમજાણું કાંઈ?

**શ્રોતા :—** જીવના લક્ષે જે કાંઈ ઉત્પન્ન થાય છે તે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉત્પન્ન થાય એ બધો પર્યાય અને પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ છે. આત્માના શુદ્ધ સ્વભાવના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગદશા શાંત આનંદદશા થાય એ નિશ્ચયમોક્ષમાર્ગ છે, એનાથી મોક્ષ પ્રગટે. નિશ્ચય માર્ગ મોક્ષ. રાગાદિ, દયા, દાન, વ્રતને વ્યવહારથી કહેવાય, પણ એ ખરેખર મોક્ષમાર્ગ નથી. પણ આ તો નિશ્ચયમોક્ષમાર્ગ અને એનું ફળ સિદ્ધ, વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો એ બધો પર્યાયનયનો વિષય અને વ્યવહારનયનો વિષય છે. આહા..હા..!

વસ્તુ પદાર્થ છેને, અવિનાશી આત્મા છેને અવિનાશી. સત્ છેને, સત્ છેને, સત્. સત્ અવિનાશી જેનો અવસ્થા બદલે છે એ તો પર્યાયનયનો અંશ છે. વસ્તુ તરીકે ધ્રુવ અનાદિઅનંત સત્ત્વ. એ અનંતુ કેવળજ્ઞાન થાય, મતિજ્ઞાન થયું, શ્રુતજ્ઞાન થયું આદિ જેટલી પર્યાયો બધા ગુણોની એ બધી પર્યાય એક સમયમાં દ્રવ્યમાં એકરૂપે સત્રૂપે વર્તે છે. પ્રગટરૂપે પર્યાય છે તે વ્યવહારનો વિષય છે અને એકરૂપે ત્રિકાળ વર્તે છે તે નિશ્ચયનો વિષય છે. ઓહો..હો..! આ ક્યાંય સાંભળ્યું સમજ્યું જાય નહિ, હવે એ કે દિ' એને.. કાને પડ્યું ન હોય કોઈ દિ'. ક્યાંથી આવે? કોઈ દિ' સાંભળ્યું નથી. આ તો આ કરો, આ કરો. કરો ભક્તિ ને કરો વ્રત ને કરો નિયમ ને કરો આ. શું પણ કરે? એ તો રાગ છે, સાંભળને. સમજાય છે કાંઈ?

અનંતકાળમાં એણે નથી કર્યું શું? એની વાત છે. નિશ્ચય વસ્તુ આમ વસ્તુ તે વસ્તુ પૂર્ણાનંદ એકરૂપ. જેનામાંથી પર્યાય વહે તો કેવળજ્ઞાન આવે, સિદ્ધપદ પ્રગટ થાય જેમાંથી. એ સિદ્ધપદ પ્રગટ થાય એ તો પર્યાય છે, અવસ્થા છે, હાલત છે. માટે તેને ભેદરૂપ દશા ગણીને વ્યવહારનો વિષય કહ્યો છે. ત્રિકાળી વસ્તુ તે અભેદ છે, તે નિશ્ચયનો વિષય છે. સમજાણું કાંઈ? છોકરાને કઠણ પડે એવું છે હોં આ જરી, પણ સાંભળો તો ખરા આ શું કહે છે? લૌકિક કેળવણીમાં બધા મીંડા છે. ખાઓ ખાજા ને ... બાપુ! આ કર્યા વિના એને ક્યાંય શાંતિ મળે એવું નથી. લાખમાં ભટકે કે જ્યાં ત્યાં.. સમજાણું કાંઈ? જાત્રામાં ભટકે કે વ્રતમાં ભટકે કે દયા, દાનના ક્રિયાકાંડમાં ભટકે, ક્યાંય શાંતિ-ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છગનભાઈ! ઈ અહીં કહે છે.

ધરમની દશા પ્રગટ કરવાનું સ્થાન, જગ્યા, ક્ષેત્ર, ભાવ એ ત્રિકાળી વસ્તુ છે. ત્રિકાળી ભગવાન આત્મા જેની દૃષ્ટિ કર્યે સમ્યગ્દર્શન થાય, જેના લક્ષ કર્યે જ્ઞાન થાય, જેમાં ઠર્યે

ચારિત્ર થાય. એ વસ્તુ નિશ્ચયનો વિષય છે અને એ વિષયને લક્ષમાં લીધા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણકાળમાં કોઈને થાય નહિ. એ થયેલો મોક્ષનો માર્ગ ચારિત્ર, દર્શન થયું એને આશ્રયે પણ મોક્ષ ન થાય. શું કીધું સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેની ખાણમાં અનંતું કેવળજ્ઞાન, અનંતા અનંતા આનંદ પડ્યા છે એવી ખાણરૂપ વસ્તુ સામાન્ય ધ્રુવ એને આશ્રયે મોક્ષમાર્ગ થાય અને એને આશ્રયે મોક્ષ થાય. મોક્ષમાર્ગ થયો એને આશ્રયે મોક્ષ ન થાય, એમ કહે છે. કેમકે મોક્ષમાર્ગ થયો એ તો પર્યાય છે. એ પર્યાયમાંથી નવી પર્યાય પ્રગટ ન થાય. નવી પર્યાય પ્રગટ થવાનું સ્થાન તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

તેથી કહે છે, નિશ્ચયથી દૃષ્ટિને દ્રવ્યમાં સ્થાપીને જોઈએ તો સિદ્ધિ પણ નથી. દૃષ્ટિના વિષયમાં નિશ્ચયમાં સિદ્ધિ સિદ્ધ પણ નથી અને સંસાર પણ નથી જ. સંસાર અને સિદ્ધ તો અવસ્થામાં છે, પર્યાયમાં છે, દશામાં છે. એ દશા વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ? આમાં છોકરાને શું પૂછવું મોટાને પણ આમ આમ થઈ જતું હોય ત્યાં. આહા..હા..! કહે છે, ભાઈ! જો એક વસ્તુ છેને પ્રભુ ખાણ છેને. સાક્ષાત્ શક્તિનો પિંડ પરમાત્મા પોતે જ આત્મા છે. એમાંથી જેટલી અવસ્થાઓના પર્યાયના ભેદ પડે એ બધો વ્યવહારનો વિષય છે. સંસારદશા હો, મોક્ષમાર્ગ હો, મોક્ષ સિદ્ધપદ હો, એ સિદ્ધ પણ અવસ્થા છે, એ કંઈ ગુણ ને દ્રવ્ય નથી. ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

કહે છે, ખરેખર સિદ્ધિ પણ નથી. સિદ્ધ નથી શેમાં? ઓલા દ્રવ્યમાં. વસ્તુ જોઈએ તો તેમાં સિદ્ધદશા પણ નથી, વસ્તુ જોઈએ તો એમાં સંસારદશા પણ નથી. તેથી વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે એનો અર્થ કે વ્યવહારનો આશ્રય લેવા જેવું નથી. વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ? વ્યવહાર આ લૌકિક વ્યવહારની વાત નથી અહીંયા. ભારે વાત, ભાઈ! પ્રભુ આખો આત્મા વસ્તુ છેને, મહાન પદાર્થ પ્રભુ ચૈતન્ય ભગવાન એકલો જ્ઞાનનો સાગર જેમાંથી કેવળજ્ઞાન અનંતા પ્રગટે. કેવળજ્ઞાન છે તે એક સમયની પર્યાય છે. શું? કેવળજ્ઞાન એક સમયની દશા છે. બીજે સમયે કેવળજ્ઞાન બીજું થાય, ઈ ન રહે. બરાબર છે? શું? (કેવળજ્ઞાન) પર્યાય છે, એ ગુણ નથી. જ્ઞાનગુણ ત્રિકાળ છે. કેવળજ્ઞાન થયું એ પણ એક સમયની દશા છે, ઉત્પાદ છે એક સમયનો. બીજે સમયે કેવળજ્ઞાનનો નાશ થાય છે. ત્રીજે સમયે કેવળજ્ઞાન નવું થાય છે. બીજા સમયે કેવળજ્ઞાન થયું એ ત્રીજે સમયે નાશ થાય છે. ત્રીજે સમયે નવું થાય છે. અરે..! આ વાત. એથી એ કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે એમ કહે છે અહીં તો. એક સમયની દશા છે.

વસ્તુ જે છે ત્રિકાળ ત્રિકાળ ધ્રુવ છે. સચ્ચિદાનંદસ્વરૂપ ધ્રુવ અખંડ. સર્વજ્ઞ પરમેશ્વરે જેમાંથી સર્વજ્ઞદશા ખાણમાંથી કાઢી એ ખાણ તો પર્યાયના ભેદ વિનાનું અભેદતત્ત્વ છે. સમજાણું કાંઈ? છે ખરું, સિદ્ધપદ છે ખરું, મોક્ષમાર્ગ છે ખરો, નથી એમ નહિ. સંસાર છે ખરો. ઓલા અજ્ઞાની કહે છે કે નથી, એમ નહિ. પણ એક સમયની દશાનો વિકાર, સંસારનો

એક સમયનો વિકાર છે. બીજે સમયે નવો થાય, પહેલાંનો જાય. એમ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય એ પણ એક સમય જ મોક્ષમાર્ગ રહે છે. કારણ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે અને પર્યાય એક સમય રહે, બીજે સમયે નવી થાય, ત્રીજે સમયે નવી થાય. સમજાણું કાંઈ?

સિદ્ધ નવું.. એ સમયે સમયે સિદ્ધપર્યાય પણ દ્રવ્યમાંથી નવી થાયને. સિદ્ધપર્યાય જેટલા ગુણોની પર્યાય પ્રગટી ઈ એક સમય જ રહે. બીજે સમયે પર્યાય નવી થાય, એ પર્યાયનો વ્યય થાય, નવીનો ઉત્પાદ થાય. ઉત્પાદ-વ્યયવાળો એ પર્યાય છે. વસ્તુ છે એ ધ્રુવ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એ પ્રમાણે તો વ્યવહારનય છે. છે કીધો હોં! નથી એમ નહિ. પર્યાય નથી, પર્યાય જૂઠી છે, સિદ્ધપદ જૂઠું છે, મોક્ષમાર્ગ જૂઠો છે, સંસાર વિકાર છે જ નહિ, જૂઠો છે, એમ નથી. છે ખરો, પણ એ વ્યવહાર વર્તમાન નયનું જ્ઞાન કરવાલાયક એ વિષય છે, આશ્રય કરવાલાયક એ નહિ. આહા..હા..! **'ववहारोऽभूदत्थो'** રાડ પાડે છે બધા કે વ્યવહાર નથી? પણ નથી કોણે કીધું? છે. આ શું કહે છે આ? છે. પણ અંતર દૃષ્ટિના વિષયથી જોવે આત્માને તો આત્મામાં એ સિદ્ધ, સંસાર, મોક્ષમાર્ગની પર્યાય દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં જુદી એટલે ભેદરૂપ નથી, વસ્તુ એકરૂપ છે ત્રિકાળ. નિશ્ચયથી તો સિદ્ધ પણ નથી, નથી જ અને સંસાર પણ નથી જ **'આ બુધ પુરુષોનો નિર્ણય છે.'** આ જ્ઞાનીપુરુષોનો નિર્ણય છે. એ.. ન્યાલભાઈ! શું કીધું જુઓ, પાઠમાં છે કે નહિ?

**'र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्'** તત્ત્વજ્ઞાની સમ્યગ્દૃષ્ટિનો સંતોનો મુનિઓનો એ નિર્ણય છે, સમ્યગ્દૃષ્ટિનો એ નિર્ણય છે, મુનિઓનો એ નિર્ણય છે, કેવળજ્ઞાનીનો એ નિર્ણય છે કે વસ્તુ અખંડાનંદ પ્રભુ તેની દૃષ્ટિથી જોતાં એના પર્યાયોના ભેદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? અરે..! એની વસ્તુની પ્રગટ દશાની હજી અસ્તિતાની ખબર ન મળે કે આ જાણું છું એ મારા જ્ઞાનની પર્યાયથી જાણું છું, એ કાંઈ ઇન્દ્રિયોથી નહિ, આ જડ આ તો માટી છે. જાણવાના અસ્તિત્વમાં જે જાણવાનો પ્રગટ વિકાસ છેને, એમાં જણાય છે. જ્ઞાન વડે જ્ઞાન જાણે છે. એ તો એક સમયની દશા છે. એ દશા જેટલો આત્મા નથી. એ દશા તો જાય છે અને પાછી નવી દશા થાય છે. નવી દશા આવે ક્યાંથી? ધ્રુવ વસ્તુ મોટી ખાણ પડી છે દ્રવ્ય. **'द्रवति इति द्रव्यं'**. એ પોતે દ્રવ્ય અનંતગુણની ખાણ છે. જેમાં અનંતા સિદ્ધ, અનંતા કેવળજ્ઞાન, અનંતા આનંદ એવા આત્માના શક્તિમાં એવા અનંતા સિદ્ધ ભગવાન પડ્યા છે. કેમકે સિદ્ધ ભગવાન તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તે માર્ગ કોનો હશે? વીતરાગનો હશે આ તીર્થંકરનો? ભગવાનજીભાઈ! શું હશે આ? આ બધું સાંભળ્યું હતું પોણોસો વર્ષમાં? કાંઈ નહોતું, આવું કાંઈ હતું? નહોતું. ત્યારે આ શું હશે? વીતરાગનો માર્ગ આવો હશે? ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરનો આ માર્ગ છે. વીતરાગ દેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જણાણા છે એવા

અનંતા આત્માઓ છે, એથી અનંતગુણા પરમાણુ માટી ધૂડ છે એવા ભગવાને છ દ્રવ્ય જોયા છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્‌ગલ છ દ્રવ્ય ભગવાને જોયા છે. એમાં આ એક આત્મદ્રવ્યની અહીં વ્યાખ્યા કરે છે. આહા..! ભગવાન આત્મા એનું પૂર્ણ વસ્તુનું દ્રવ્ય ખાણ જોઈએ, એના ભેદો એમાં એ છે જ નહિ. ભેદો તો વર્તમાન વ્યવહારનયનો વિષય છે કે જે જાણવા જેવો છે. આદરવા જેવામાં ચીજ જે ધ્રુવ છે એ નિશ્ચયનો વિષય એનામાં આ ભેદ છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** બેય જાણવું તો જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જાણવાનું તો બેય બરાબર. વસ્તુ નથી? જાણવી તો બરાબર જોઈએ. પર્યાય નથી? કૂટસ્થ છે? કાંઈ નથી એમ નથી. પર્યાય છે, ગુણ ત્રિકાળ છે, દ્રવ્ય ત્રિકાળ છે, મલિનતા છે, મલિનતાનો અંશે અભાવ થઈ નિર્મળતા પ્રગટ થાય છે, પૂર્ણ મલિનતાનો નાશ થઈને પૂર્ણ નિર્મળતા થાય છે. એ બધી પર્યાયોમાં, અવસ્થાઓમાં, હાલતમાં થાય છે. વસ્તુ તરીકે ધ્રુવ છે ત્રિકાળ એકરૂપ છે. સમજાણું કાંઈ? સોનું સોનારૂપે રહીને કુંડળ, કડાં, વીંટી આદિ અવસ્થાઓ થાય, પણ એ અવસ્થા જુઓ તો તો વર્તમાનનો વિષય છે. સોનું એકરૂપે જુઓ ધ્રુવ તો એમને એમ ત્રિકાળ એકરૂપ છે. એમાં કુંડળ, કડાંની અવસ્થા-ફવસ્થા એમાં નથી, એ ભેદરૂપ છે. એકરૂપ વસ્તુ છે, એકરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ? જેને ભગવાન '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' (કહે છે). તત્ત્વાર્થસૂત્રમાં મોક્ષશાસ્ત્રમાં આવે છે કે '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. એ ઉત્પાદ છે એ વ્યવહારનો વિષય છે, ધ્રુવ તે નિશ્ચયનો વિષય છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છેલ્લા શબ્દનું સ્પષ્ટીકરણ નહોતું આવ્યું. નહોતું, જરીયે નહોતું આવ્યું. એ તો છેલ્લો પૂરો કરી દીધો હતો. આ ન્યાલભાઈ નહોતા. બધા શ્લોકો એવા હતા હોં કાલે. આહા..હા..!

ભાઈ! તારો ભગવાન પરિપૂર્ણ પરમાત્મા અંદર પડ્યો છે આખો હોં! તને શ્રદ્ધાની ખબર નથી, ભાઈ! એક વર્તમાન દશાને માન. શરીર, વાણી મારા માન એ તો મિથ્યા ભ્રમ છે, પણ અંદરમાં રાગ-દ્વેષના વિકલ્પો વર્તે એટલો આત્માને માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. એટલો તો ઠીક પણ એને જાણવાના વિકાસનું એક સમયનું જ્ઞાન વર્તમાન પ્રગટ દેખાય છે એ પર્યાય એટલો આત્માને માનવો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જાણવાલાયક છે, આદરવાલાયક નથી. વિકાસ પ્રગટેલો પર્યાય આદરણીય નથી. કેમકે પર્યાયમાંથી પર્યાય પ્રગટ થતી નથી. પર્યાય પ્રગટ દ્રવ્યમાંથી થાય છે. આહા..! ઈ શું વળી? દ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થાય અને પર્યાયાંથી પર્યાય પ્રગટ ન થાય.

ભાઈ! તારી જે દશા તું કહેવા માંગે છે કે મારે નિર્દોષતા જોઈએ છે. મારે નિર્દોષ

જોઈએ છે. એનો અર્થ કે એની દશામાં નિર્દોષતા નથી, એની દશામાં સદોષતા છે. તો સદોષતા તે પર્યાય છે. એથી પલટી શકે છે. અને સદોષતાના સ્થાનમાં નિર્દોષતા પ્રગટ થઈ શકે છે. પણ એ નિર્દોષતા પ્રગટ થાય છે. પ્રગટ થાય છે એ પર્યાય છે. જેનામાં આખી નિર્દોષતા ભરી છે ત્રિકાળ એનું નામ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

અહીંયા તો મુનિરાજ કહે છે પદ્મપ્રભમલમધારિદેવ, ભગવાન આમ કહે છે હોં, ભાઈ! પરમાત્મા સર્વજ્ઞદેવ તીર્થંકર પ્રભુ એમ ફરમાવે છે દિવ્યધ્વનિમાં કે ભગવાન આ આત્મા એની જે સંસારદશા અવસ્થા, મોક્ષમાર્ગની અવસ્થા અને મોક્ષદશા—એ ત્રણે અવસ્થાઓ છે. માટે વર્તમાન નયનો એટલે વ્યવહારનયનો વિષય છે. પણ વસ્તુ ધ્રુવ ધ્રુવ અનંતગુણની ખાણ એવો ભગવાન તે નિશ્ચયનો વિષય છે. એવા નિશ્ચયથી તો સિદ્ધિ પણ એના વસ્તુમાં ભેદરૂપ નથી અને સંસાર પણ (નથી). આ બુધપુરુષોનો નિર્ણય છે. આ જ્ઞાનીઓનો, આ અનંત જ્ઞાનીઓનો, જૈન પરમેશ્વરનો, જૈન સંતોનો અને જૈન સમકિતીઓનો આ નિર્ણય છે. આહા..હા..! કાને પડ્યું ન હોય એને તો આમને આમ આ કરું ને આ કરું ને આ લઉં, આ દઉં... માર્ગ એણે સાંભળ્યો નથી, ભાઈ! અનંતકાળ થયો. ચોર્યાશીના અવતારમાં હોથા નીકળી ગયા. એના દુઃખની વાતું.. ઓહો..હો..!

નરકના નારકીઓ અનંતવાર થયો, ભાઈ! એની પીડામાં એ રાડ્યું પાડે ત્યાં અત્યારે હોં! સાત નારકી છે નીચે. રાજા મહારાજા મોટા મરી, માંસ ખાનારા, દારૂ પીનારા મરીને નરકે ગયા. એમાં આ આત્મા અનંતવાર ગયો. એ કાંઈ નવો છે આત્મા? એને એવો ઓરતો ત્યાં થાય છે કે અરેરે..! અમને જ્ઞાનીઓએ 'આત્મા સમજ, ઓળખ, હિત કર' એમ કહ્યું હતું. અમે ન માન્યું. અમારા ક્ષણો લાખેણી ચાલી ગઈ. અમારા હિતના માર્ગ કહ્યા પણ અમે સાંભળ્યા નહિ. ઓરતો કરે છે. ભાઈ! એમાં આવે છે. જ્ઞાનાર્ણવ. બહુ એમાં આપ્યું છે, એમાં આવે છે. આ તો થોડું થોડું ફેરવ્યું આજે. એવું લખાણમાં આવે છે. એના દુઃખો ભગવાન કેવળી જાણે અને ઈ ભોગવે. એટલા નરકના (દુઃખો છે). પહેલી નરકનું દસ હજાર વર્ષની સ્થિતિનું આયુષ્ય છે, ભગવાન કહે છે. ઓછામાં ઓછું હોં! ઓછામાં ઓછું. પહેલી નરક છે, રત્નપ્રભા. નામ તો બહુ ઊંચું. સાંભળ્યું હતુંને, બાબુભાઈ? રત્નપ્રભા નામ છે. સાત નરક છેને. ભગવાન! અનાદિના નામ છે, કાંઈ નવા નથી. રત્નપ્રભા, શર્કરાપ્રભા, તમપ્રભા એવા નામ છે. સાતમી નરકનું (નામ) તમતમપ્રભા. સાત નરક છે નીચે. એક એક નરકમાં અસંખ્યાતા નારકીઓ છે. એ ત્યાં અનંતવાર દરેક જીવ પરિભ્રમણ કરી આવ્યો છે. અનાદિનો છેને, આ ક્યાં નવો આવ્યો છે? આ શરીર નવું આવ્યું. સમજાણું કાંઈ?

હમણા બે જુવાન આવ્યા હતા. ઈ તો ભણતા હતા ત્યાં. કીધું, આત્મા ઓલા ભવ... શું કહેવાય ઓલા ભવ... કીધું, ભવ કરીને આવ્યો. આ રાજુલા એક નામ આવ્યું નથી? કીધું. તો કહે, હા, સાંભળ્યું છે ખરું. જુવાનિયા આવ્યા હતા. અહીં ઘણા આવે છે. સાંજે

બહુ આવે છે. કીધું, છોડીને જાતિસ્મરણ થયું છે. જૂનાગઢમાં હતી લુહાણાની દીકરી અને અહીં આવી છે. આ હિંમતભાઈના ભત્રીજાના ઘરે આવી છેને. હિંમતભાઈના ઘરે આવી છે. જુઓ, ત્યાં વાંકાનેર છે. હમણાં આવશે આમાં, આપણે બીજ ઉપર આવશે. બીજ ઉપર અહીં આવી હતી. પાંચ વર્ષની છે છોડી. પાંચ વર્ષની. અઢી વર્ષથી બોલતી, 'હું જૂનાગઢથી આવી છું. હું ગીતા છું'. અહીં રાજુલા નામ છે. આપણા ... વજુભાઈના દીકરાની દીકરી. સવા પાંચ વર્ષની હોં! અઢી વર્ષથી એમ કહે છે. ... ભવ હશે? પણ આટલી ખબર (નથી). પચ્ચીસ પચ્ચીસ વર્ષના હતા મોટા પાંચ. ત્યારે આ આત્મા ક્યાંથી આવ્યો? બીજો ભવ મૂકીને અહીં આવ્યો, ન્યાં મૂકીને ત્રીજો એમાંથી આવ્યો, ન્યાં મૂકીને.. એમ અનંતા ભવ કર્યા. સમજાણું કાંઈ? છોડી જોઈ કે નહિ? મહેન્દ્ર! નહોતી આવી આ રાજુલ? 'હું ગીતા છું. ત્યાં નામ ગીતા હતું. મારી બા છે ત્યાં'. ઓળખી આવ્યા છે. પંડિતજી ગયા હતા. ત્યાં જઈને બધું નક્કી કરી આવ્યા છે. ત્યાં ભવ છોડીને અહીં આવ્યો, આ ભવ છૂટીને બીજે જશે. આત્મા તો અનાદિનો છે. ભવ નવા નવા એવા અનંતા કર્યા. ભાન નથી કે આ ભવ કોણ અને હું કોણ. જ્યાં એક વર્તમાન મળ્યું ત્યાં બસ, બસ. આ બધું હું. ધૂડમાંય બધું તૂ નથી, સાંભળને!

અહીં તો કહે છે, બહારનો સંયોગ તો તારો નહિ પણ તારામાં રાગ-દ્વેષ થાય એ ખરેખર તારા દૃષ્ટિના વિષયમાં હોય નહિ. એટલો તો નહિ પણ વર્તમાન પર્યાયનો વિકાસ જેટલો દેખાય, એટલોય તું, ખરેખર એટલોય નહિ. તું તો ત્રિકાળ અખંડાનંદ પ્રભુ છો. આહા..હા..! સમજાણું કાંઈ? આ જગતની આંધળી દોડ, આંધળે આંધળા ચાલ્યા. અંધોઅંધ પલાય. આનંદઘનજી કહે છે, આંધળા દેખનારા અને આંધળા બતાવનારા. અંધોઅંધ પલાય. આ આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પરમેશ્વર સર્વજ્ઞદેવ જેણે પ્રત્યક્ષ જોયો એવા અનંત આત્મા છે. એ આત્મા પરિપૂર્ણ અનંતગુણની ખાણ આખો ધ્રુવ છે. એની અંતર દૃષ્ટિ આપતા એ નિશ્ચયનો વિષય એને દૃષ્ટિ આપતા સમ્યગ્દર્શન થાય. એ સમ્યગ્દર્શનથી ક્રમે-ક્રમે જ્ઞાન થઈને, ચારિત્ર થઈ ક્રમે ક્રમે મુક્તિ થાય, પણ એ બધો વ્યવહારનયનો વિષય આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હજી તો વર્તમાન આત્મા છું કે નહિ એની ખબર ન મળે. આ તે કોણ હશે? આહા..હા..! અને આવાને આવા નીકળે ઓલા સાંઈબાબા જેવા, હાલી નીકળે માણસ. મૂઢ. મૂંઢના કાંઈ ગામ જુદાં હશે? જૈન પણ હાલી નીકળે, ન્યાં પૈસા કોઈ આપી દે. એ ગ્રહીતમિથ્યાદૃષ્ટિ જીવ છે. એક બાવો હતો. સમજાણું? ગ્રહીતમિથ્યાદૃષ્ટિ જીવ આત્માના ભાન વિના. હવે હાલી નીકળ્યા છે અત્યારે. પોપટભાઈ કહેતા હતાને. પોપટભાઈ! પચ્ચીસ પચ્ચીસ હજાર માણસ આમ બહાર ઊભા હોય વાટ જોઈને. દર્શન આપો, દર્શન આપો. મુંબઈમાં હમણા, સાંઈબાબા. જુવાન છે. કોઈકે ઉઠાવ્યું છે. ઉઠાવગીરે અંશ અવતારી કરીને માર્યો છે ગપ્પો.

આત્મા છે ઈ તો રખડતો અનાદિનો, સાંભળને. ભાન નથી આત્મા શું છે. અખંડાનંદ પ્રભુ આત્મા પરમેશ્વર પોતે જ પરમેશ્વર છે. એનો કોઈ કર્તા-બર્તા નથી. આત્માનો કોઈ કર્તા બીજો ત્રણકાળમાં કોઈ નથી.

આત્મામાં લક્ષ્મી પડી છે અંદરની આનંદની. બહારની ધૂડની લક્ષ્મી માટે, છોકરા માટે વાંઝિયા મરી જાય છે. આહા..! છોકરા મળશે ને પૈસા મળશે. જૈન નામ ધરાવનારા. અર..ર..ર..! ગજબની વાતું છે! જૈન પરમેશ્વર શું કહે છે એની એને ખબર નથી. દેવ ઉપરથી આવે તોપણ માને નહિ એને જૈન કહીએ. દેવ ઉપરથી આવીને કહે કે હું તને આપું. તું શું આપીશ? મારા પુણ્ય વિના પાઈ નહિ મળે અને મળે તો મને લાભ શું? પૈસા મળે કરોડ, પાંચ કરોડ તો એમાં મને લાભ શું? એ તો ધૂડ છે. મને મમતા થાય કે આ મારા છે. મમતા તો દુઃખ છે. સમજાણું કાંઈ? હાલી નીકળ્યા છે કોણ જાણે. કાંઈ ખબર ન મળે.

એક ઓલો શીરડીનો કોઈક હતોને? સાંઈબાબો. ત્યાં પણ ચાલી નીકળ્યા. આ બીજો છે. આ બીજો છે, ઈ નથી. આ બીજો થયો છે. ઈ તો બીજો નવો થયો છે. એનો અંશ થઈને. એ ખોટું ઉઠાવ્યું છે, ઉઠાવ્યું છે. બેંગ્લોરનો છે. ઓલો ન્યાં (શીરડીનો) છે. ઉઠાવ્યું કોઈકે તો ચાલ્યું મૂર્ખાઓમાં. હલવો આપણે. એવા પણ છેને ઉપાડનારા. સમજ્યાને? શું કહેવાય ઈ? સાગરિતો. ઉપાડી લીધો છે. મૂઢ છે ઈ પોતે જ. સાંભળને હવે. ભગવાન આત્માની શ્રદ્ધાના ભાન વિના આ ત્યાગી મુનિ થાય તોપણ મૂઢ છે એમ કહે છે અહીં તો. બીજાની વાત તો શું કરવી? સમજાણું કાંઈ?

આ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ચૈતન્યનું પૂર, આનંદનું પૂર આત્મા છે. એવો નિશ્ચય જોતાં તેના વિષયમાં આવા ભેદો નથી. ભેદો જાણવાલાયક છે, આદરવાલાયક આશ્રય કરવાલાયક નથી. **'આ બુધ પુરુષોનો નિર્ણય છે.'** નિર્ણય કહ્યો છે હોં! બાબુભાઈ! એકદમ બેસે એવું નથી આ. ભાઈબંધને લાવ્યા છે કે ઝટ આવો. પણ અહીં તો ભાઈ જરી ઊંચી વાત છે. હળવે હળવે ઉતરે એવી છે, એકે નથી ઉતરે એવી.

**શ્રોતા :—** એક જાટકે બેસી જાય એવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભઈ ઈ તો પરિચય હોયને. તમારે તો પરિચય ઘણો. નવા હોય એને તો (એમ લાગે) શું કહે છે આ? મુક્તિ તે વ્યવહાર? ઓલા કહેતા હતા એક ફેરી, નહિ? મંગળભાઈ આવ્યા હતા .. પહેલાં. મંગળ ઉજમશી, મંગળદાસ ઉજમશી. ત્યાં આવ્યા હતાને પહેલાં. મિલમાં આવે ત્યારે આવે દર્શન કરવા. વ્યવહારની વાત ચાલતી હતી. તો શું અમારે આ દવાનો વ્યવહાર ન કરવો? શું પૂછો છો તમે? કીધું, ઈ વ્યવહારની વાતેય ક્યાં છે આ. અહીં પૂછ્યું હતું બેઠા હતા ૯૪માં, પછી ગુજરી ગયાને. પછી ગુજરી ગયા. પહેલાં આવતા. અહીં મિલમાં આવે ત્યારે દર્શન કરવા આવે. ઓલા મકાનમાં રહેતા આમના ત્યારે આવતા. છેલ્લા આવ્યા બસ, ૯૪માં. વ્યવહારની ના પાડો છો. ત્યારે અમારે દવા

ન કરવી? કીધું, ઈ વ્યવહારની કોણ માંડે છે? અહીં તો વ્યવહાર જે પુણ્ય પરિણામ થાય એ વ્યવહાર છે, એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. એમ ચાલે છે અહીં તો. ખબરું ન મળે. તે દિ' તો થોડા સાંઈઠ લાખ હતા. હવે થઈ ગયા વધારે. પૈસાના આંકડા ભેગા થયાને. લઈ ક્યાં જવા છે?

અહીં કહે છે, આવા જ્ઞાનીઓ અનંત થયા, અત્યારે જ્ઞાનીઓ છે એ બધા બુધ પુરુષોનો આ નિર્ણય છે કે વસ્તુ તે પર્યાય વિનાની, ભેદ વિનાની અખંડ ચીજ છે એ નિશ્ચયનો વિષય છે. સમજાણું કાંઈ? એ ગાથા પૂરી થઈ લ્યો. ઠીક! પોણો કલાક થઈ ગયો. એ.. ન્યાલભાઈ! આ તો બધા માથે શ્લોક બહુ સારા આવ્યા હતા કાલે, હોં! તેથી તમને યાદ કર્યા હતા. માથે આવ્યા ઈ બધા સારા આવ્યા હતા. એમાં આ એક છેલ્લો સારો આવ્યો. એ ૧૮ ગાથા પૂરી થઈ. ૧૯મી ગાથા. ૧૯, મૂળ શ્લોક છેને.

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणएण जीवा संजुत्ता होंति दुविहेहिं।।१९।।**
**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે.૧૯.**

જુઓ, આમાં ફેર પાડ્યો. ૪૯મી ગાથામાં કહેશે કે આ બધા ભેદો દ્રવ્યમાં નથી. પૂર્વોક્ત વ્યવહારનય કહેશેને ૫૦માં. અહીં તો ફક્ત આ પર્યાયમાં ઓલો વ્યંજનપર્યાય નથી એટલી વાત કરી. ૪૯માં બધું કાઢી નાખશે, આગળ જતાં. અહીં એકલો વ્યંજનપર્યાય કાઢી નાખશે. એટલી વાત અત્યારે લેવી છે હોં! પાછી કઈ શૈલીએ વાત છે ઈ શૈલી એણે લક્ષમાં લેવી જોઈએને. ૪૯ છેને, જુઓ, ૪૯માં તો એમ કહેશે આગળ. પૂર્વોક્ત ભાવ બધાય નથી. એ ૪૯માં છે. '**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा**' ક્ષાયિકસમકિત ને યથાખ્યાત ચારિત્ર આદિ જેટલા ભાવો છે, ક્ષાયિક આદિ, ક્ષયોપશમ આદિ એ ભાવો વ્યવહારનયથી કહેવામાં આવે છે. '**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी**' ૫૦માં આવે છે. '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं। सगदव्वमुवादेयं अंतरच्चं हवे अप्पा।।५०।।**' જેટલા પૂર્વે પર્યાયોના ભેદો, રાગના ભેદો, સિદ્ધના આદિ કહ્યા, ક્ષાયિકસમકિત આદિ, એ બધું પરદ્રવ્ય છે. ધ્યાન રાખજો, ત્યાં ક્ષાયિકસમકિતને, યથાખ્યાતચારિત્રને પરદ્રવ્ય કીધું છે, પરસ્વભાવ કીધો છે, પરભાવ કીધો છે અને હેય કીધો. ત્રણ. એક '**सगदव्व**' ઉપાદેય, અહીં જે કીધું ઈ. એક ત્રિકાળ તત્ત્વ અખંડાનંદ પ્રભુ એ જ સ્વતત્ત્વ છે અને એ જ '**अप्पा**' આદરણીય છે, એ ઉપાદેય છે. સમજાણું કાંઈ?

અહીં બીજી વાત છે. શું છે જુઓ, '**ટીકા :— અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.**' જોયું? ટીકા છેને ટીકા. ૪૬ પાને. '**ભગવાન અર્હત્ પરમેશ્વરે...**' ટીકા છે. '**ભગવાન અર્હત્ પરમેશ્વરે બે નયો કહ્યા છે :**' બે જ્ઞાનના પડખાં કહ્યા છે. જેમ બે આંખ્યું છેને,

એમ જ્ઞાનના બે પડખાં કહ્યાં છે. એક પડખું પર્યાયને જોવે, એક પડખું ત્રિકાળી દ્રવ્યને જોવે. સમજાણું કાંઈ? અંદર જ્ઞાનનો ભાવ એના બે પડખા જોવામાં—એક વર્તમાન પર્યાયને જોવે અને એક ત્રિકાળને જોવે. એમાં આમાં તો વર્તમાન પર્યાયને વ્યંજનપર્યાયને જોવે એને અહીં કહેવું છે. ભાઈ! એ રહિત દ્રવ્યાર્થિકમાં વ્યંજનપર્યાય નથી એટલું કહેવું છે. આહા..હા..! હજી વ્યંજનપર્યાય શું? એ પણ (ખબર ન હોય). વ્યંજન એટલે આકૃતિ. જે નરક, મનુષ્ય, દેવના આકારનો વ્યંજનપર્યાય એને અહીં વ્યંજનપર્યાય કીધો છે. આ દેહ છેને, જુઓ આ દેહ છેને? દેહ તો જડ છે, એને આકારે આત્મા થયો છેને, પોતે પણ. એને આકારે છેને અરૂપી દળ આખું ભિન્ન. પાણીનો કળશો હોય કે નહિ એક કાશી ઘાટનો? આ પાણીનો કળશો નથી આવતો કાશી ઘાટનો? આ કાશી ઘાટનો કળશો છે. જુઓ, આ પણ, શું છે આ? કાશીઘાટનો સમજાય છે? એમ આ પણ કાશીઘાટનો કળશો છે. આ જડનો આકાર છે. એમાં આત્મા જે છે ઈ, કાશીઘાટમાં જે પાણી પડ્યું હોય એ પાણીનો આકાર જુદો અને કળશાનો જુદો. બેય જુદે જુદાં છે. પાણી છે ઈ બીજી ચીજ છે, કળશો બીજી ચીજ છે. એટલે પાણીનો આકાર જુદો છે અને કળશાનો આકાર જુદો.

એમ આ જડી માટી છે એનો આકાર આ પ્રમાણે, ઈ જુદો. પણ એમાં જળ ચૈતન્ય ભગવાન જે છે અરૂપી ચૈતન્યદળ જ્ઞાન છે એનો આકાર શરીર પ્રમાણે હોવા છતાં અરૂપી આનાથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મનુષ્યપણાનો આકાર. આ દેહ નહિ, આત્માનો અંદર. ઢોરનો આકાર, શરીરનો નહિ પણ આત્માનો. એમ દેવનો આકાર, એમ નારકીનો આકાર. નારકી પાંચસો ધનુષના લાંબા છે સાતમી નરકે. પહેલી નરકમાં પોણા આઠ ધનુષના ઊંચા. શરીર એવું હોય. શરીરનો આકાર તો માટીના પરમાણુ જડ અજીવનો છે આ તો. પણ અંદર ભવગાન આત્મા જે અરૂપી છે એ આખું દળ છે. શીતળ જેમ શીલા આખી હોય, બરફની શીતળ શીલા પાંચ હાથની લાંબી મોટી દળવાળી, એમ આત્મા સાડા ત્રણ હાથમાં પોતાના અનંત ગુણના દળવાળો અરૂપી પિંડ પડ્યો છે એ આત્મા. એનો આકાર શરીર પ્રમાણે જે છે પોતામાં એને વ્યંજનપર્યાય, વિકારી વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. જુઓને, ઈ પ્રમાણે આત્માના પ્રદેશો આમ થયા છેને. પ્રદેશ અસંખ્ય છે આત્માના. જ્યાં જ્યાં છે અહીં બધે છેને જુઓને બધે. એવે આકારે થયા છે. એ અંદર આકાર છે અરૂપી આત્માનો જુદો, આ જડનો. એ અરૂપી આકાર જે ચૈતન્યનો વિકારી છે એને અહીંયા પ્રગટ, બહાર આમ દેખાયને, ઓલી પર્યાય તો અંદરમાં છે, અર્થપર્યાય તો, એથી એને વ્યંજનપર્યાય આકારને અહીંયા વ્યવહારનયનો વિષય ગણીને એ પર્યાય દ્રવ્યમાં નથી એમ કહેશે અત્યારે. ઓલું તો બધું કહી ગયા પહેલું તો.

'**ભગવાન અર્હત્ પરમેશ્વરે...**' સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગદેવે '**બે નયો કહ્યા છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.**' હવે દ્રવ્યાર્થિકનો વિષય (કહે છે). '**દ્રવ્ય જ જેનો અર્થ**

**એટલે કે પ્રયોજન છે...**' દ્રવ્ય એટલે વસ્તુ. ત્રિકાળ વસ્તુ જેનું પ્રયોજન તેને દ્રવ્યાર્થિકનય કહીએ. જે જ્ઞાનનો એક ભાગ આખા દ્રવ્યને લક્ષમાં લે તેને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વિષય નથી ત્રિકાળી? દ્રવ્ય નથી? વયુ ક્યાં જાય? એ દ્રવ્યને વિષય કરતોં નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય વયુ ક્યાં જાય? દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી. એ જેનો અર્થ નામ પ્રયોજન છે લક્ષમાં લેવાનું એ દ્રવ્યાર્થિક. '**અને પર્યાય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે તે પર્યાયાર્થિક છે.**' આ પર્યાયાર્થિકમાં વ્યંજન જ એકલી લેવી છે. '**એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...**' એક જ નયનો, નિશ્ચયનયનો જ વિષય હોય અને પર્યાય નથી એમ માને તો એ ઉપદેશ ગ્રહવાલાયક નથી અને પર્યાય જ માને અને ત્રિકાળી દ્રવ્યને ન માને તો એ ઉપદેશ ગ્રહવાલાયક નથી. ભગવાનના ઉપદેશમાં બે નયોનું સ્વરૂપ જાણીને બેય જાણવાલાયક છે. જાણવાલાયક બેય છે, આદરવાલાયક એક છે. સમજાણું કાંઈ?

'**એક નયને અવલંબતો ઉપદેશ...**' આનો અર્થ એવો નથી કે પર્યાયનય છે માટે એ ધર્મ છે કે એને આશ્રયે ધર્મ થાય એમ નહિ. પણ દરેક વસ્તુ, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, આ રજકણો વસ્તુ તરીકે કાયમ છે એ દ્રવ્યાર્થિકનો વિષય છે. એમાં ઉત્પાદ વ્યય પર્યાય થાય, અહીં વ્યંજનપર્યાયની અપેક્ષાએ વાત લેવી છે, એ પર્યાયનો વિષય છે. બેયનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. એક નયથી જ આત્માની વાત કરે અને પર્યાય ન માને તો એ નિશ્ચયાભાસી છે. એકલી પર્યાયને માને અને દ્રવ્યને ન માને તો વ્યવહારાભાસી છે. સમજાણું કાંઈ? એક નયને.. આનો આધાર ઘણા આપે છે, ભાઈ! એક નયને અવલંબતો. વ્યવહારનયનો વિષય નથી? વિષય છે, આશ્રય કરવાલાયક નથી. માટે તે અપેક્ષાએ તેને અસત્ય કહેવામાં આવે છે. આહા..હા..! નથી એમ નહિ.

'**બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે.**' કોઈ એમ જ માને કે આત્મા અને વસ્તુ બસ ધ્રુવ જ છે, પર્યાય નથી. નહિ, એ વસ્તુ જૂઠી છે. એ ઉપદેશ ગ્રહવાલાયક નથી. કોઈ એકલો પર્યાયને જ માને, વસ્તુ ત્રિકાળી ધ્રુવને ન માને તો એ ઉપદેશ ગ્રહવાલાયક નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—**

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્રવ્ય વસ્તુ એકલી. પૈસામાં પણ થાય. પૈસાનો એક એક રજકણ ત્રિકાળી દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને એની અવસ્થા એ પર્યાયનયનો વિષય છે. પણ એ અત્યારે કામ નથી. સમજાણું કાંઈ?

અહીં તો વાત થઈ છે, એ તો શબ્દ છેને, જુઓ, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. છેને સામે?

મોટો ચાકળો છે. સામે જ છે. દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે. એક આવ્યા હતા, થાનના. કાંઈ સાંભળેલું ન મળે. ઈ ચાકળો અહીં હતો પહેલાં લખેલું. બહાર બેઠા હતા. મોહનભાઈના સગા થાય. છેને? રાજકોટવાળા. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, ઈ જાણે કે અહીંયા પૈસાવાળા બહુ અહીંયા આવે છે. એટલે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ... ઈ શું? પૈસાવાળા? માણેકચંદભાઈ છે હજી ત્યાં થાનમાં. મોહનભાઈના સગા, જસાણીના સગા. પોટરીવાળા. ઈ બિચારા આવ્યા હતા. કાંઈ સાંભળ્યું ન હોય. દ્રવ્ય એટલે શું? એ અહીં હતું લખેલું. ઈ બહાર બેઠા હતા અમે. ઘણા વર્ષ પહેલાંની વાત છે. આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એટલે... એમના વેવાઈઓ બધા સગા મોહનલાલ કાળીદાસ, કરોડપતિ માણસો, જસાણી રાજકોટવાળા. એ બધા અહીં આવનારાને. મહારાજ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એટલે શું? પૈસાવાળા સમ્યગ્દૃષ્ટિ? અરે..! આ દ્રવ્યની-પૈસાની ક્યાં માંડી? આ તો દ્રવ્ય એટલે આત્મા. ત્રિકાળી આત્મા અખંડાનંદ દ્રવ્ય આત્મા એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દૃષ્ટિ, એમ વાત છે. ત્યારે કહે, અમે સાંભળ્યું નહોતું, વાત જ સાંભળી નથી. સમજાણું કાંઈ? હવે એ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો વિષય લેશું.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ ૫, રવિવાર, તા. ૨૭-૦૩-૧૯૬૬,
## ગાથા-૧૯, પ્રવચન નં. ૩૩

આ નિયમસાર શાસ્ત્ર છે, મોક્ષના માર્ગનો અધિકાર, એમાં ૧૯મી ગાથા ચાલે છે. પહેલો જીવ અધિકાર એની છેલ્લી ગાથા છે. જુઓ, અહીં સુધી આવ્યું છે. ભગવાનના શાસ્ત્રમાં બે નયથી કથન ચાલે છે. બે નય નામ જ્ઞાનના બે ભાગ. એક વર્તમાન અવસ્થાનો ખ્યાલ કરાવવા માટે વ્યવહારનયથી કથન ચાલે છે, એક ત્રિકાળ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવવા માટે દ્રવ્યાર્થિકનયનું કથન ચાલે છે. શું આમાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક? હતું ત્યાં? આ બધા..

અહીં પરમેશ્વરના માર્ગમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના માર્ગમાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક બે નયથી કથન ચાલે છે. ઈ આવ્યુંને? જુઓ, પછી અહીંયા આવ્યું. દ્રવ્યાર્થિકનો અર્થ શું? **'સત્તાગ્રાહક (-દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત (-સિદ્ધ તેમ જ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.'** જરી ઝીણી વાત છે. સાંભળો! આ આત્મા વસ્તુ સત્તા શુદ્ધ છે અંતર. વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં જે આકાર વિભાવિકવ્યંજન આકૃતિનો જે

આકાર પર્યાયમાં દેખાય છે, ઈ શું? આ શરીર નહિ, વાણી નહિ. આત્મામાં મનુષ્યાકારે પોતાની પર્યાય આકૃતિ વિકારી પર્યાય જે વ્યંજન પ્રગટ દેખાય છે એને અહીંયા વ્યંજનપર્યાય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

આ ચાર ગતિ છેને ગતિ? તો ગતિ પ્રમાણમાં જે શરીર મળ્યું એ શરીર પ્રમાણે આત્મામાં વર્તમાન આકાર એ પ્રમાણે થાય છેને? એ શરીર પ્રમાણે આકાર એ ગતિનો આકાર વિભાવ છે. સમજાણું કાંઈ? તો એ વિભાવને અહીંયા વ્યંજનપર્યાય વિકારી કહેવામાં આવી છે. અંતર દૃષ્ટિથી જોવાથી વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. શું? '**શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...**' વસ્તુ શુદ્ધ પરમપવિત્ર. ઈ આકૃતિનું લક્ષ છોડીને અંતર સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ એવા પૂર્ણાનંદની દૃષ્ટિથી જોવાથી પૂર્વોક્ત નામ પૂર્વે વ્યંજનપર્યાય કહી હતી, કે સંસારીજીવને ચાર ગતિને યોગ્ય પોતાની પર્યાયમાં વિકારભાવ છે જે એમ કહ્યું હતું, એ અંતર દૃષ્ટિનો (વિષય) શુદ્ધ સ્વભાવ મહાસત્તા પ્રભુ ચૈતન્ય મહાપ્રભુ. શુદ્ધ સત્તાગ્રાહક દૃષ્ટિથી જોવાથી મુક્ત નામ સિદ્ધ જીવ અને અમુક્ત નામ સંસારી, સમસ્ત જીવરાશિ એ આકૃતિ વિકારથી રહિત છે. શું કહે છે? સમજાણું કાંઈ?

આ શરીર પ્રમાણે આત્માનો આકાર અંદર દેખાય છેને? આ તો જડ છે, માટી છે. દરેક પ્રાણાનો શરીર પ્રમાણે આકાર છેને આત્માનો? અરૂપી આકાર, હોં! અરૂપી આકાર છે. વળી અરૂપી આકાર? આત્મા તો નિરાકાર છે. એમ નથી, ઈ સિદ્ધ કરે છે કે આકાર છે. અરૂપી આકાર આત્મામાં છે.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કહીએ છીએને હળવે હળવે. સમજાણું કાંઈ? આ દેહ તો માટી છે. અંદર કર્મ છે એ જડ છે. આત્મા જે શરીર વ્યાપક વસ્તુ છે તેના અસંખ્ય પ્રદેશ છે. અંશ અંશ દેખાય છે. એક રજકણ જેટલી જગ્યા રોકે એને પ્રદેશ કહે છે. એવા અસંખ્ય પ્રદેશ છે. એનો શરીર પ્રમાણે આકાર, પોતાનો અરૂપી વિકારી આકાર છે. નિરાકાર જે કહ્યું એ જડનો આકાર એમાં નથી. આહા..હા..! આ કહેવાનું કારણ (ઈ કે) આવો આત્મા સર્વજ્ઞે જોયો એવો જ આત્મા છે. અજ્ઞાની આત્મા આત્મા કરે છે, (એને) આત્માની ખબર નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને બે દૃષ્ટિથી જોવો એમ નયનું જ્ઞાન કરાવ્યું. એમાં વર્તમાન આત્મામાં શરીર પ્રમાણે વિકારી પર્યાયની જે આકૃતિ અરૂપી દેખાય છે એ વર્તમાન વ્યવહાર પર્યાયનયનો વિષય છે. આકાર-બાકાર બીજામાં ન હોય. પ્રવીણભાઈ! આત્મા કરો. પણ આત્મા કેવો છે ઈ ખબર છે? આત્માનું ધ્યાન કરો. પણ કેવો છે આત્મા? આત્માની વર્તમાન દશામાં વિકારી આકૃતિનો અરૂપી પરિણામરૂપી વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ વર્તમાન અવસ્થાનું લક્ષ કરવાથી એમ છે, પણ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યનું લક્ષ કરવાથી એ વિકારી આકૃતિ નથી સિદ્ધમાં, નથી સંસારીમાં. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં કાંઈ? હિંમતભાઈ!

ભારે વાત, ભાઈ! શું કહે છે આ?

અહીં તો કહે છે, તારે આત્માની શાંતિ અને ધર્મ કરવો છે? તો ધર્મ કરવો છે તો આત્મામાં બે પ્રકારના અસ્તિત્વ છે. પરનું અસ્તિત્વ શરીર, કર્મ જડ એમાં રહ્યા, પોતામાં નથી. હવે આત્મામાં રાગ-દ્વેષ છે એ વાત અહીંયા કરી જ નથી. આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકાર છે એ તો ખરેખર વાત કરી જ નહિ. હવે આત્મા અંતર આ શરીર પ્રમાણે પોતાની યોગ્યતાથી પોતાની આકૃત પ્રમાણે વિકારરૂપ રહે છે તે વર્તમાન અવસ્થાનું લક્ષ કરવાથી એમ છે. વસ્તુ ત્રિકાળની દૃષ્ટિથી જોવાથી શુદ્ધ શુદ્ધ શુદ્ધ જ છે. સમ્યક્ સમજણ વિના ધર્મ થતો નથી એમ કહે છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે બહારથી મળી જાય. સમજાણું કાંઈ?

કહે છે કે શુદ્ધ સત્તાગ્રાહક. વસ્તુ એમાં વર્તમાન અવસ્થા હોવા છતાં... પહેલાં કેમ કહ્યું હતું? કે અર્હંત ભગવાને બે નય કહ્યા છે. બે નયનો ઉપદેશ ગ્રહણ કરવાયોગ્ય છે. કોઈ આત્મા એવો કહે કે 'આત્મા તો શુદ્ધ જ છે. એની આકૃતિમાં પણ શુદ્ધ જ છે' એમ કોઈ કહે તો એ ઉપદેશ ગ્રહણ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? શશીભાઈ! આત્મા, બસ આત્મા. આત્મા શુદ્ધ છે. વસ્તુ શુદ્ધ છે, શક્તિએ શુદ્ધ છે, અવસ્થાએ શુદ્ધ છે. કહે છે, એ સમજતા નથી. બે નયનો વિષય છે એ સમજતા નથી. એ સર્વજ્ઞના શાસનમાં, પરમેશ્વર વીતરાગના શાસનમાં જ આ છે. આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અંતર દૃષ્ટિથી જુઓ તો શુદ્ધ સત્તા આનંદકંદ એકરૂપ સત્તા ત્રિકાળ છે એમ એ દૃષ્ટિનો, દ્રવ્યાર્થિકનયનો દ્રવ્ય જેનું પ્રયોજન જે જ્ઞાનમાં એના વિષયમાં આત્મા શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? પણ પર્યાયનું લક્ષ કરવાથી એમાં આકૃતિમાં વિકાર છે. હિંમતભાઈ! રાગ-દ્વેષની વાત તો આમાં કરી જ નથી. આ તો આકૃતિની વાત ખાસ (કરી છે). ભાઈ! જીવનો અધિકાર છેને. આકારનો વિકાર અને એનો આકાર અન્યમતિમાં માનતા નથી અને અન્યમતિમાં છે નહિ. તો જીવના અધિકારમાં એ વાત ખાસ લીધી છે. સમજાણું કાંઈ? વળી આ આકાર કેવો? અરૂપીને વળી આકાર? વળી અરૂપીને વિકારી આકાર? સમજાણું કાંઈ? આ શું? એમ છે, શું છે શું?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં વસ્તુ તરીકે પદાર્થ તરીકે શુદ્ધ શુદ્ધ શુદ્ધ પવિત્ર છે. એની દૃષ્ટિના વિષયથી જોવાથી પવિત્ર આનંદકંદ આત્મા એકરૂપ છે. નજીક આવો નજીક. અહીં મોઢા આગળ જગ્યા છે. નજીક આવો નજીક, પાછળ માણસ ઘણા બેઠા છે. અહીં તો શરૂઆતથી વાત સાંભળે તો પકડાય, નહિતર એ વાત ચાલી ગઈ. અહીં તો ત્રણથી ચાર. એક મિનિટ આઘી પાછી નહિ. સમજાણું કાંઈ? ક્યાંથી શરૂ થઈ વાત એ ગયું. શું ચાલે છે એ મેળવવું મુશ્કેલ પડે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આત્મા, ભગવાન સર્વજ્ઞે જોયો એને જેણે જાણવો હોય તો એ આત્મા એક એક આત્મા પ્રત્યેક, એના અસંખ્ય પ્રદેશ છે અને અસંખ્ય પ્રદેશમાં કર્મનો સંયોગ જ્યાં

સુધી છે ત્યાં સુધી એની આકૃતિ વિકારરૂપે છે. સમજાણું કાંઈ? શરીર પ્રમાણે વિકારરૂપે. સિદ્ધને વિકાર નથી. પણ અહીંયા છે તો વિકારી મનુષ્ય પ્રમાણે નાના-મોટા શરીર પ્રમાણે થાય છે કે નહિ? કંથવામાં જાય તો આત્માનો આકાર કંથવા જેવો થાય છે. હાથીમાં જાય તો (હાથીના આકારે થાય છે). એ આત્માનો (આકાર) હોં! શરીરનો જુદો. આત્મા પોતાની પર્યાયમાં આકૃતિમાં વ્યંજન નામ વિભાવિક અવસ્થા આકારને ધારણ કરીને સંસારી દશામાં રહે છે. એમ બરાબર જ્ઞાન કરવું જોઈએ.

પણ અંતર દૃષ્ટિથી જોવાથી શુદ્ધ સત્તા ચૈતન્યમાત્ર એકરૂપ સ્વરૂપ છે. ઈ આવ્યુંને? '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે...**' બળે લીધું છે ભાઈ જોયું. શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નહિ, બળથી એમ શબ્દ વાપર્યો છે. અંતર્મુખ દૃષ્ટિ ભગવાન આત્મા આકૃતિ વિકૃતિ હોવા છતાં અંતરમાં એની દૃષ્ટિ સમ્યક્દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ થવાની સમ્યક્દર્શનની જે પર્યાય છે, પર્યાય છે સમ્યગ્દર્શન ધર્મ પહેલો, એ ધર્મદૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. શુદ્ધ દ્રવ્ય એકરૂપ સામાન્ય અનંત આનંદકંદ એકરૂપ સત્તા છે. એ દૃષ્ટિથી પોતાને જોવાથી દ્રવ્યાર્થિકનયના બળથી જોવાથી. અરે..! આ શું? આ કઈ જાતની વાત? વાત દયા ને વ્રત ને ભક્તિની હોય તો સમજાય વાત. અનંતકાળથી ભ્રમણામાં એ માની લીધું છે. આ વાત શું છે એ એના ખ્યાલમાં ક્યારેય આવી નહિ.

**શ્રોતા :—** બળ શબ્દ ... વધારે બળ આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બળમાં ઈ કહે છે કે પર્યાયમાં વર્તમાનમાં વિકારી આકૃતિ હોવા છતાં, સ્વભાવની દૃષ્ટિના જોરથી જુઓ તો વિકારી પર્યાયમાં વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા, આઠ-આઠ વર્ષની છોડી પણ સમ્યગ્દર્શન પામે છે અને એક દેડકો-મંડુક એ પણ પામે છે. તો એ પામે છે તો કઈ રીતે પામે છે? કહે છે. ભગવાન આત્મા.. આ જડની વાત નથી. જડથી તો ભિન્ન જ છે. જડ શરીર, વાણી, કર્મ પર્યાયનયથી એમાં છે, એ તો છે જ નહિ. શું કહે છે સમજાય છે? વર્તમાન પર્યાય અવસ્થાદૃષ્ટિથી કર્મ છે, શરીર છે, એમ તો છે જ નહિ. સમજાણું કાંઈ?

આ જીવ અધિકાર છેને. ભગવાન આત્મા નિશ્ચયદૃષ્ટિમાં તો કર્મ, શરીર તો છે નહિ પોતાના આત્મામાં, પણ વર્તમાન પર્યાય અવસ્થાદૃષ્ટિથી જુઓ તો પણ પોતાની પર્યાયમાં કર્મ, શરીર અને વાણી આદિ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ફક્ત છે તો કેટલું છે પોતાની પર્યાયમાં? એની વિકારી અવસ્થા થાય છે અવસ્થા, શરીર પ્રમાણે આકાર, કર્મનું નિમિત્ત અને પોતાની યોગ્યતા. એ શરીર પ્રમાણે આકારની વિકૃત અવસ્થા. એ વર્તમાન અવસ્થાનું લક્ષ કરવાથી આવો વિકાર છે. એટલું અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. પર્યાયનયથી એનામાં કર્મ છે ને શરીર ને વિકાર છે, રાગ-દ્વેષ છે એ વાત અહીંયા કરી જ નથી. આહા..હા..! એઈ..! ભારે વાત ભાઈ!

ભગવાન આત્મા, આ આત્મા સમ્યગ્દૃષ્ટિ કેવો માને છે? ધર્મીજીવ ધર્મ કરવાવાળો ધર્મ કઈ રીતે કરે છે? કે ધર્મની વર્તમાન જે પર્યાય સમ્યગ્દર્શન છે એ પર્યાય વર્તમાન ત્રિકાળ શુદ્ધતત્ત્વ છે તેને શ્રદ્ધે છે, તેને જોવે છે, તેને માને છે. સમજાણું કાંઈ? વર્તમાનમાં આકૃતિ વિકાર છે એ પર્યાયનયનો વિષય છે એ સમ્યગ્દૃષ્ટિ, છે એમ જાણે છે, આદરણીય નહિ. આહા..હા..! ભારે ભઈ આ નિયમસાર! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મામાં અસ્તિત્વ જોયું, આત્માનું અસ્તિત્વ, મોજૂદગી, આત્માની મોજૂદગી જોઈ એ મોજૂદગી ક્યા પ્રકારની જોઈ? અને ક્યા પ્રકારે છે? તો કહે છે કે આત્મામાં મોજૂદગી બે પ્રકારની છે. એક વર્તમાન અવસ્થાથી જુઓ તો વિકારની આકૃતિની એક સમયની મોજૂદગી એમાં છે. એ... પ્રવીણભાઈ! આ વાત. આ બધા આત્મા આત્મા કરે છેને? આત્મા આત્મા કરો. શું આત્મા? ભગવાને કહેલો આત્મા જાણ્યા વિના કદી સમ્યગ્દર્શન-જ્ઞાન થતા નથી. આહા..હા..!

કહે છે, ભાઈ! તારું અસ્તિત્વ, તારી મોજૂદગી બે પ્રકારની છે. હયાતી, તારી હયાતીમાં બે પ્રકાર છે. તારી હયાતીમાં શરીર, કર્મ, વાણી એ તો છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો જડ છે, પર છે.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ના, ના. જાડ્યા-ફાડ્યા જેવો કાંઈ ન મળે અહીં. ધોળું સોનું હોય છેને? સફેદ સોનું. કાંઈ નહિ અહીં તો કહે છે. એ વાત તો અહીંયા આચાર્ય મહારાજે કરી જ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ જે બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં દિગંબર મુનિ થયા. બે હજાર વર્ષ પહેલાં. સમજાણું કાંઈ? એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન વર્તમાનમાં બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. દિગંબર મુનિ. સંવત ૪૯. ત્યાં ગયા હતા, ત્યાં આઠ દિવસ સાંભળીને અહીં આવ્યા અને પછી આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? એ મદ્રાસથી એંસી માઈલ દૂર એક પોન્નુર હિલ ટેકરી છે. વંદેવાસ એક નાનું ગામ છે, ત્યાંથી પાંચ માઈલ દૂર ટેકરી છે. ત્યાં રહેતા હતા. અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા, કુંદકુંદાચાર્ય. એ અહીંયા નિયમસારમાં મોક્ષમાર્ગ અધિકાર કહે છે. મોક્ષનો કરનાર મોક્ષમાર્ગ પ્રાપ્ત કરનાર મોક્ષમાર્ગ કઈ રીતે પ્રાપ્ત કરે છે?

પોતાના આત્મામાં વર્તમાન આકૃતિનો વિકાર છે એની મોજૂદગી છે એટલું જાણે છે. જાણે છે, આદરણીય નથી કરતાં. આહા..હા..! તો શરીર, વાણી, મન એનો આદર કરવો એ તો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને, ધર્મની દૃષ્ટિવંતને શુભાશુભ રાગ થાય છે એ પણ આદરણીય નથી. આહા..હા..! અહીં તો આખો આકાર છેને એની વાત લીધી. એક સમયમાં અર્થપર્યાય વિકૃત ક્ષણિક છે એ કંઈ નહિ. આખો આત્મા જે

બીજામાં છે જ નહિ. અસંખ્યપ્રદેશી આત્મા એનો આકાર જે વિકાર, આમ વિકૃત આકાર છે એ એની મોજૂદગીમાં છે. એ આદરણીય નથી, જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જાણવાલાયક છે. નકાર કરે કે અમારી આકૃતિમાં વિકાર છે જ નહિ, વર્તમાન પર્યાયનો અંશ છે જ નહિ. (તો તે) મૂઢ છે, એવાનો ઉપદેશ ગ્રહણ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? છગનભાઈ! કોઈ એમ કહે કે આત્મામાં આકૃતિ-ફાકૃતિનો વિકાર-બિકાર અત્યારે છે જ નહિ. એ ઉપદેશ ગ્રહણ કરવાલાયક નથી. કેમકે વસ્તુનું સ્વરૂપ એવું છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ!

કહે છે કે ભાઈ! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, નાથ! તું અસંખ્યપ્રદેશી અનંતગુણનો સાહેબો છો. અહીં અસંખ્યપ્રદેશી, અસંખ્યપ્રદેશની આકૃતિ સિદ્ધ કરીને નિષેધ કરવો છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવા આત્માનું જ્ઞાન કદી કોઈને થયું જ નથી. અજ્ઞાની આત્માની વાત કરે કે આવો આત્મા, આમ કરવું. બધું ગપ્પેગપ છે. સમજાણું કાંઈ? ગપ કહે છે? શું કહે છે? એઈ..! ગપ જ કહે છે?

અહીંયા તો કહે છે, પદ્મપ્રભમલધારિદેવ, સર્વજ્ઞનો ઉપદેશ બે નયથી અંગીકાર કરવાલાયક છે. ભગવાન આત્મા દેહથી તો ભિન્ન છે. પોતામાં દેહ છે? કે ના. કોણે કહ્યું? આ તો પરમાણુ છે, રજકણ છે, રજકણ જડ છે. આત્મામાં કર્મ છે? કે ના. કર્મ તો અજીવતત્ત્વ છે. અહીં તો જીવ અધિકારની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આત્મામાં અજીવ છે? કે ના. અમે અજીવનો અધિકાર ક્યાં કહીએ છીએ, અમે તો જીવનો અધિકાર કહીએ છીએ. એમાં કર્મ છે? કે ના. અમે તો જીવનો અધિકાર કહીએ છીએ. પણ જીવના અધિકારમાં છે શું? જીવના અધિકારમાં ભગવાન અસંખ્યપ્રદેશી પ્રભુ આત્મા પોતાની આકૃતિ વિકૃતિરૂપ ચાર ગતિમાં રાખે છે, એટલો અંશ એનામાં છે. એમાં એટલો અંશ છે, પણ એ અંશ આશ્રય કરવાલાયક અને આદરણીય નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ તે કઈ જાતનો? કોઈ કહે કે આ વીતરાગ ધર્મ હશે? આ બધા ગપ્પેગપ ચલાવે છેને આત્માના. વેદાંત કહે છે, સર્વવ્યાપક છે; કોઈ વળી કહે છે, એક જ આત્મા છે; કોઈ કહે, એકલા પુદ્ગલ જ છે; કોઈ કહે છે, અનંતમાં અનંત ભળી જાય છે. મરી જાય એટલે એકમાં બીજો ભળી જાય છે. જ્યોતમાં જ્યોત (ભળી જાય છે). એમ છે જ નહિ.

પ્રત્યેક આત્મા પોતાની મોજૂદગી ભિન્ન રાખે છે અને પ્રત્યેક આત્મામાં બે અંશ છે. સંસાર અવસ્થામાં. સમજાણું કાંઈ? એક વિકૃતની અવસ્થાનો અંશ છે, એક ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ સત્તા, મહાસત્તાનો મહાઅંશ છે. તો કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળથી. આ એટલી વ્યાખ્યા ચાલે છે. '**પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી...**' પૂર્વે જે આકાર કહ્યા આત્માના અરૂપી વિકૃત આકાર. એનાથી મુક્ત નામ સિદ્ધ જીવ, અમુક્ત નામ સંસારી, '**સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.**' ઓહો..હો..! નિગોદ જીવ, નિગોદના જીવ છે એ પણ પોતાની

આકૃતિ રાખે છે અસંખ્ય પ્રદેશની, પણ શુદ્ધદ્રવ્યાર્થિક દૃષ્ટિથી જુઓ તો એ વિકૃતિના આકારથી રહિત જ છે. સમજાણું કાંઈ?

ચૈતન્યનું જ્ઞેય કેવું છે ઈ બતાવે છે. ચૈતન્ય જ્ઞેય છે જ્ઞાનમાં, તો જ્ઞાનમાં જ્ઞેય જાણવાલાયકમાં બે અંશ છે. અંતરની દૃષ્ટિથી વસ્તુને જોવાથી સંસારી હો કે સિદ્ધ હો, બેયમાં આકૃતિની વિકારની અવસ્થાથી શુદ્ધદૃષ્ટિથી જુઓ તો એ આત્મા વિકૃત અવસ્થાથી રહિત જ છે. સંસારી જીવ પણ એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! '**સમસ્ત જીવરાશિ...**' અભવિ! અભવિ પણ એવા છે. '**સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત...**' પાછું સર્વથા શબ્દ લીધો, જુઓ, આહા..હા..! એઈ..! વળી સર્વથા શબ્દ લીધો. ભગવાન! એક કોર પર્યાયમાં છે અને વળી સર્વથા? વસ્તુદૃષ્ટિમાં સર્વથા નહિ. ભાઈ! આ સર્વથા શબ્દ મૂક્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ છે પિંડ ચૈતન્ય. સમજાણું કાંઈ? એ અસંખ્ય પ્રદેશમાં એક-એક પ્રદેશમાં અનંતગુણ છે, અનંતગુણ. એવો જે પિંડ આત્મા છે એની પિંડ દૃષ્ટિથી જુઓ, સમ્યગ્દર્શનની દૃષ્ટિથી, દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી (જુઓ તો) જેનું દ્રવ્ય જ, વસ્તુ જ જેના જ્ઞાનમાં પ્રયોજન છે એવી દૃષ્ટિથી જુઓ તો સર્વથા વ્યંજન નામ આકૃતિ પર્યાય દેખાય છે એ સર્વથા દ્રવ્યદૃષ્ટિમાં રહિત છે. ભઈ, સર્વથા રહિત, એટલું કેમ કહો છો? એઈ..! સમજાણું કાંઈ? '**વ્યતિરિક્ત જ છે.**' આહા..હા..! વીતરાગમાર્ગ.. આત્માની હયાતીનો સ્વીકાર અલૌકિક વાત છે! સમજાણું કાંઈ? એમને એમ આત્મા આત્મા માને એમ ન ચાલે.

આત્મામાં ત્રિકાળ શુદ્ધપણું અનંત આનંદકંદ વસ્તુ સત્તામાં પડી છે, એની દૃષ્ટિથી જોવાથી આત્મા સંસારી પણ, સિદ્ધની વાત શું કરવી, સંસારની વિકૃત અવસ્થા જે એક અંશમાં દેખાય છે, એ વસ્તુની દૃષ્ટિથી જોવાથી સર્વથા એ વિકાર વ્યંજનપર્યાયથી રહિત છે. સમજાણું કાંઈ? આવી આત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમ્યગ્દર્શન એવી કોઈ વસ્તુ નથી કે બહારથી માની લીધું, નવ તત્ત્વને માન્યા, દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા એમ નહિ, એમ કહે છે. મોક્ષમાર્ગ બતાવે છે. હીરાલાલજી! સમજાય છે કે નહિ? આહા..હા..! આ ભારે, ભાઈ!

'**કેમ?**' '**सव्वे सुद्धा हु सुद्धणया**' '**(શુદ્ધનયે સર્વ જીવ ખરેખર શુદ્ધ છે). એવું (શાસ્ત્રનું) વચન હોવાથી.**' શાસ્ત્રના વચન છે કે વસ્તુએ જુઓ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ ત્રિકાળ રહેનારી શક્તિ સત્ત્વ એ તો વિકારની વર્તમાન એક અંશની જે દૃષ્ટિ છે એમાં દેખાય છે, ત્રિકાળ દ્રવ્યદૃષ્ટિમાં એ રહિત જ છે, એ સહિત છે નહિ. અવસ્થાથી સહિત છે, દ્રવ્યદૃષ્ટિથી રહિત છે.

**શ્રોતા :–** સંસારીને પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંસારીની વાત ચાલે છે. મુક્ત અને સંસારી બેય. એકરૂપ ભગવાન આત્મા, નિગોદનો જીવ હો, અભવિનો હો, સિદ્ધનો હો, મોક્ષમાં જવાની તૈયારીવાળા ચૌદમા

ગુણસ્થાનવાળા હોય, ચૌદમે ગુણસ્થાને શરીર પ્રમાણે આકાર છે કે નહિ ભગવાનનો? ચૌદમા ગુણસ્થાને જ્યારે આવે છે, કેવળજ્ઞાની છે, શરીર પ્રમાણે આકાર છે કે નહિ એને? શરીર નહિ, વાણી નહિ, એ કર્મ નહિ. એનો જે આકાર છે શરીર પ્રમાણે, વિકૃત હોં! એ અંશદૃષ્ટિથી જોવામાં છે, જાણવાલાયક છે, પણ ત્રિકાળ વસ્તુમાં જોવાથી એ આકૃતિથી સર્વથા રહિત દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ તો સમજવું કઠણ. શું ચીજ છે એ સમજ્યા વિના શ્રદ્ધા કોની? એ.. વસંતીલાલજી! ન્યાં કેમ બેઠા છો આઘે? કેટલી વાત છે જુઓ, આહા..હા..!

કહે છે કે તારે હિત કરવું છેને, પ્રભુ? તારે હિત કરવું છે? તારે કોઈ ધર્મ કરવો, ઠીક કરવું, શ્રેય કરવો છો? તો શ્રેય કરવામાં કેવું થશે? કે તારો આત્મા ત્રિકાળી કેવો છે અને વર્તમાનમાં કેવો છે, બેને તારે જાણવું પડશે. બીજાની વાત અહીંયા નથી. જડ જડમાં રહ્યા, કર્મ કર્મમાં રહ્યા. તારો આત્મા કેવો છે વર્તમાન અવસ્થામાં અને ત્રિકાળમાં એમ બેને જાણવું પડશે. બેને જાણીને વર્તમાન અવસ્થાનું લક્ષ છોડીને ત્રિકાળ એક ધ્રુવ ભગવાન આત્મા એ આકૃતિના વિકારથી રહિત છે તેના ઉપર દૃષ્ટિ દેવાથી દ્રવ્યાર્થિકનયનો વિષય લક્ષમાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** ..ત્રિકાળ એકરૂપ રહે એવો આકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આકાર-ફાકાર નહિ. આકાર નહિ, વસ્તુ એક જ છે સત્તા. આકાર પર્યાયમાં જાય છે. કહો, સમજાણું કાંઈ? શશીભાઈ! આ વેદાંત કહે છે કે આત્માનું ધ્યાન કરો. પણ શું આત્મા? કેવો છે? ક્યા પ્રકારે છે? એની મોજૂદગી ક્યા પ્રકારની છે? તો અહીં કહે છે કે મોજૂદગી અસંખ્યપ્રદેશી છે. આકાર સંસારમાં વિકૃત છે. છતાં એમાં ત્રિકાળમાં વિકાર નથી, એકાકાર આનંદકંદ ધ્રુવ છે. ધ્રુવ પણ છે અને પર્યાયમાં વિકૃત પણ છે. બેયનું જ્ઞાન કરીને એકનો આશ્રય કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** અસંખ્યપ્રદેશી... એકાકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ તો એક જ સ્વરૂપ છે, આકાર-ફાકાર નહિ. એને આકાર કબુલ કરાવવો છે, એકરૂપે. અહીંયા તો..

'**सव्वे सुद्धा हु सुद्धणया**' પિંડ પ્રભુ એકરૂપ. આ અસંખ્ય ભેદ છે એમ પણ ક્યાં છે. એકરૂપ ચૈતન્ય. એક સેકંડના અસંખ્યભાગમાં અંતર દૃષ્ટિથી જોવાથી દ્રવ્યને જોવાથી વસ્તુની મહાસત્તા એકરૂપ જોવાથી એની દૃષ્ટિના વિષયમાં વ્યંજનપર્યાય સંસારીને પણ નથી. સમજાય છે કાંઈ? '**વિભાવવ્યંજનપર્યાયાર્થિકનયના બળે...**' પણ વર્તમાન આકૃતિ આત્મામાં છે વિકાર એવા લક્ષથી, એવું જ્ઞાન કરવાના કારણે. અહીંયા પણ વિભાવિકપર્યાયાર્થિકનયના બળે, અહીંયા પણ બળ લીધું. જોયું? આહા..હા..! વીર્યથી જાણવું છેને ત્યાં. વિભાવિક વર્તમાન આકાર આત્માનો વિકાર છે, શરીરને કારણે નહિ, શરીરમાં રહ્યો છતાં શરીરની મોજૂદગી એમાં

નથી, પણ પોતાની પર્યાયમાં વિકૃતની મોજૂદગી છે એ વિભાવવ્યંજન પ્રગટ અવસ્થાના બળે **'સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.'** જુઓ, એ વિભાવવ્યંજનપર્યાય. સિદ્ધ પણ વિભાવવ્યંજનપર્યાય સહિત છે. એ.. ધર્મચંદજી! શું કહ્યું? કોઈ દિ' વાંચ્યા જ નથી વિચારીને. એમને એમ... સર્વ જીવ. પહેલાં કહ્યું કે સર્વ જીવ વિભાવિકવ્યંજનપર્યાય રહિત છે, વસ્તુદૃષ્ટિથી. પછી કહે છે કે વિકારની આકૃતિ છેને એમાં, આકાર. એ આકાર સિદ્ધ કરવો છે. અત્યારે નથી, પણ સિદ્ધ થયા પહેલાં હતો કે નહિ? પહેલાં પણ વિભાવવ્યંજનપર્યાયનો આકાર એની મોજૂદગીમાં હતો કે નહિ? એ અપેક્ષાથી અત્યારે છે એમ નયથી કહેવામાં આવ્યું છે. ઓહો..હો..! શું વાત કરે છે! સમજાણું કાંઈ?

સિદ્ધ થઈ ગયા તો સિદ્ધને તો નથી. સિદ્ધને વર્તમાન પર્યાયમાં નથી, પણ પૂર્વમાં વિકારી વ્યંજનપર્યાય એમને હતી, એ અપેક્ષાથી નૈગમનયથી વર્તમાનમાં છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગે કહેલો આત્મા અજ્ઞાનીને કઈ રીતે પ્રત્યક્ષ થાય છે એ વાત કરે છે. વિભાવવ્યંજનપર્યાય. અહીં તો આત્માને જુઓ. બસ, આત્મા વસ્તુમાં તો અનંત જ્ઞાનના પિંડની દૃષ્ટિ કરો. એ જ સમ્યગ્દર્શન અને ધર્મની દશા છે. અને છતાં વર્તમાન અવસ્થામાં વિકાર છે તેને જાણો, અવસ્થાદૃષ્ટિથી જાણો. સંસારમાં પણ છે. સિદ્ધની પર્યાયમાં વર્તમાન વિકાર વ્યંજનપર્યાય છે એમ એક ન્યાયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વિશેષ એટલું કે—સિદ્ધ જીવોને અર્થપર્યાયો સહિત પરિણતિ છે,...'** જુઓ, હવે કહે છે, સિદ્ધ જીવમાં નિર્મળ પર્યાય છે. **'પરંતુ વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી. કેમ?'** શિષ્યનો પ્રશ્ન છે. સમજ્યા? **'સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી.'** એને આકૃતિ ક્યાં છે વિકારની? શિષ્ય કહે છે. એ તો નિરંજન શુદ્ધ થઈ ગયા, નિર્વિકાર થઈ ગયા. તો તેમને વ્યંજન વિકારી પર્યાય છે એમ કેમ કહ્યું?

**'(પ્રશ્ન :-) જો સિદ્ધ જીવો સદા નિરંજન છે, તો 'બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે (અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે)' એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે.'** મહારાજ! શિષ્યનો પ્રશ્ન છે તો સમજીને પ્રશ્ન કરે છે. આપ તો કહો છો કે આ આત્મા અનંત આત્માઓ વસ્તુદૃષ્ટિથી એનામાં વિકાર અવસ્થા નથી, પણ પર્યાયદૃષ્ટિથી સિદ્ધ અને સંસારી બન્ને વિકાર વ્યંજનપર્યાયવાળા છે. તો મહારાજ! એને વિકારી વ્યંજનપર્યાય અત્યારે તો નથી. એની તો શુદ્ધ અર્થપર્યાય નિર્મળાનંદ પર્યાય પ્રગટ પરિણત થઈ ગઈ છે. વ્યંજન વિકારી પર્યાય તો છે નહિ. તો છે નહિ અને સંયુક્ત કેમ કહો છો? પોપટભાઈ! સમજાય છે. **'વ્યર્થ ઠરે છે.'**

**'(ઉત્તર :- વ્યર્થ નથી ઠરતો કારણ કે-) નિગમ એટલે વિકલ્પ; તેમાં હોય તે નૈગમ.'** નય. જુઓ નીચે છે જુઓ. નોટ. 'જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત

કરે...' સિદ્ધમાં પૂર્વે વિકૃત અવસ્થા હતી. એ સંસારી આત્મા હતા ત્યારે વિકાર હતો. એ વિકારને સંકલ્પિત કરવો. વર્તમાનમાં સંકલ્પ કરવો એ નૈગમનયનો વિષય જાણવાલાયક છે. આહા..હા..! કેટલી વાત કરે છે એક જીવનો અધિકાર વર્ણવીને. 'ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે...' ભવિષ્યની પર્યાય થવાની છે તેને અત્યારે નક્કી કરે કે આ ભગવાન જ છે. તીર્થંકર થવાના હોય તો અત્યારે કહે કે એ વર્તમાન તીર્થંકર છે. એમ ભવિષ્યનયનો આરોપ કરીને નૈગમનય કહે છે. ભૂતનૈગમનયનો આરોપ કરીને વર્તમાનમાં કહે છે. 'અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત...' કંઈક થોડી પ્રાપ્તિ થઈ છે અને થોડી બાકી છે 'અનિષ્પન્નતાયુક્ત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે...' સમજાણું કાંઈ? કાંઈક પર્યાય નિર્મળ થઈ છે અને કાંઈક મલિન છે તોપણ નિર્મળ છે પૂર્ણ એમ સંકલ્પ કરે તેને નૈગમનય કહે છે. બહુ કઠણ વાત છે. બધી કઠણ છે આજ તો. ગાથાનો અર્થ જ કઠણ.

**શ્રોતા** :—

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ચક્કર ખાતો નથી. ખાતો નથી. વિચાર જ નથી કર્યો મૂઢ થઈને. જેચંદભાઈ! વિચાર જ કર્યો નથી. મૂઢ થઈને ચાલ્યો જ ગયો છે અનંતકાળથી. મિથ્યા રાગ-દ્વેષ, અજ્ઞાન કરતો-કરતો અનંતકાળથી ચાલ્યો જ ગયો છે. પણ શું આત્મા અને શું આત્માની દશામાં છે એનો કદી એણે યથાર્થપણે વિચાર, નિર્ણય કર્યો નથી.

**શ્રોતા** :— અમને સમજાય એટલે આપ કેટલું સહેલું કરીને સમજાવો છો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ અહીં છે કે નહિ એમાં? આહા..હા..!

તારા હોવાપણાની તારે પ્રતીતિ કરવી છે કે નહિ? બીજાનું તારે શું કામ છે? બીજા બીજામાં રહ્યા. તારું હોવાપણું, સત્તા તારી મોજૂદગી કેવી છે? એવો તારે નિર્ણય કરવો છે કે નહિ? એ મોજૂદગીનો નિર્ણય કર્યા વિના તને ધર્મ થશે? તારી મોજૂદગીમાં બે અંશ છે. સંસારદશામાં વિકૃત અંશ છે એક આકારનો અને એક ત્રિકાળી શુદ્ધ છે. તો બેય નયનો ઉપદેશ જ્ઞાનીનો છે તો બેયને બરાબર જાણવા પડશે. એક નયનો ઉપદેશ કરે કે આત્મા શુદ્ધ જ છે અને પર્યાયમાં આકાર અશુદ્ધ છે એમ ન જાણે તો દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. અને અશુદ્ધ અવસ્થા છે એટલો જ આખો આત્મા માને તો પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? લોકો કહે છે કે .. શુદ્ધ છે. પણ સાંભળ તો ખરો. શુદ્ધ તો ત્રિકાળી શુદ્ધ છે. પર્યાયમાં શુદ્ધતા હોય તો પુરુષાર્થ કરીને ટાળવું શું રહ્યું? અવસ્થામાં અશુદ્ધ છે. અહીં તો રાગ-દ્વેષની અશુદ્ધતાની વાત જ કરી નથી, ભાઈ! ફક્ત વ્યંજનપર્યાયનું કારણ છે, એ વાત સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. રાગદ્વેષની વાત તો અજ્ઞાની પણ કરે છે.

આ તો ભગવાન આત્મા અસંખ્યપ્રદેશનો પિંડ પ્રભુ, એક પોંઈટ રજકણ લ્યો એ જેટલી જગ્યા રોકે એટલી જગ્યાને આત્માનો એક પ્રદેશ કહે છે. એવો અસંખ્યપ્રદેશી આત્મા છે. તો અસંખ્યપ્રદેશીમાં સંકોચ-વિકાસ થાય છે. આવો સંકોચ-વિકાસ પર્યાયનયથી થાય છે અને

એની પર્યાયમાં વિકારની વિકૃતિ પણ છે. એ પર્યાયનયથી જુઓ તો વિકૃતિ છે, ત્રિકાળની દૃષ્ટિથી જુઓ તો વિકૃતિ નથી. એક દૃષ્ટિથી જુઓ તો વ્યંજનપર્યાય વિકૃત સંસારીને છે, પર્યાયનયથી, એમ સિદ્ધને પણ વર્તમાન વિકૃત છે એમ કહેવામાં આવે છે. કેમકે ભૂતકાળમાં એની પર્યાયમાં એવી મોજૂદગી હતી. ઓહો..હો..! સિદ્ધ થયા પહેલાં સંસારી જીવને, પહેલાં સંસારી હતા કે નહિ? તો એમને વિકૃતનો આકાર વિકાર, ચાર ગતિનો આકાર હતો એ સિદ્ધ કરે છે. એ આકાર વર્તમાનમાં ભલે નથી તો પૂર્વ નયની અપેક્ષાથી વર્તમાનમાં છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રગટરૂપ નથી. સમજાણું? એ બધી આકૃતિ પ્રગટરૂપ નથી. સિદ્ધને વિકાર. પણ પ્રગટરૂપ છે એમ નૈગમનય જાણવામાં લ્યે છે. પૂર્વે હતી એ અપેક્ષાથી વર્તમાનમાં છે એમ કહેવામાં આવે છે. ઓહો..હો..! અલૌકિક વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

‘**તેમાં હોય તે નૈગમ. તે નૈગમનય ત્રણ પ્રકારનો છે : ભૂતનૈગમ,...**’ ગયા કાળની વાત વર્તમાનમાં કહેવી એ ભૂતનૈગમ. જેમ ભગવાન દિવાળીને દિવસે મોક્ષ પધાર્યા, આજ ભગવાન મોક્ષ પધાર્યા દિવાળીના દિવસે કહેવું એ ભૂતનૈગમનયનું જ્ઞાન છે. એમ ગયા કાળમાં.. અહીં તો ભૂત, વર્તમાન અને ભવિષ્ય બધાને લઈને પર્યાય અને દ્રવ્ય બેને સિદ્ધ કરવા છે. મુક્ત થઈને... પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તો પૂર્ણાનંદની જ્યાં પ્રાપ્તિ થઈ ત્યાં આગળ વિકૃત દશા રહી નહિ. પણ વિકૃત રહી નહિ તોપણ પૂર્વે વિકૃત હતી તો વર્તમાનમાં પૂર્વનો આરોપ કરીને ‘છે’ એમ નૈગમનયથી જ્ઞાન કરવાલાયક છે. સમજાણું કાંઈ?

પહેલાં રાજા હોય. ગરીબ થઈ ગયો, લ્યો. કહે છે કે નહિ આ રાજા હતો? છેને આપણે ત્યાં. રાજા કહેવાય. મહારાજા કહેવાય. આપણે ત્યાં કયુ ગામ? એના મકાનમાં ઉતર્યા હતા. શ્રેવણબેલગોલા નહિ. મૂડબિદ્રી. મૂડબિદ્રીમાં દિગંબર છે. રાજા કહેવાતા, પહેલાં રાજા હતા. અત્યારે એના ઘરમાં.. સમજ્યા? કસોટીનો સ્તંભ છે. રાજા હતો. કસોટીનો સ્તંભ. રાજ તરફથી એક હજાર મળે છે એને. આપણા દિગંબર જૈન છે. તો અમે એના મકાનમાં ઉતર્યા હતા. રાજા કહેવાય પણ મકાન-બકાન.. પણ કહેવાય શું? રાજા છે, ઈ રાજા છે. પૂર્વે રાજા હતો ઈ અપેક્ષાએ રાજા કહેવાય. અત્યારે તો મકાન-બકાનમાં ગાર કરવાના ઠેકાણા નથી. સાધારણ છે. છે મકાન બહુ ઓલા.. શું કહેવાય? બહુ સારું. અને વન છે, બાગ છે મોટા, બગીચા મોટા. બગીચામાં પાક પાકે છે બહુ. પણ રાજની ઋદ્ધિ હતી એ કંઈ રહી નહિ. પણ કહેવાય કે અમે રાજા, એમ કહેવાય.

એમ સિદ્ધની દશામાં વર્તમાન વિકાર નહિ હોવા છતાં પૂર્વમાં વિકાર હતો એમ ભગવાન સિદ્ધ કરે છે. એવાને એવા સિદ્ધ નિર્મળ રહ્યા છે અનાદિથી એમ નથી. આહા..હા..! ભારે! ઓલા વેદાંતવાળાને તો એવું લાગે કે આ.. શશીભાઈ! સિદ્ધ વર્તમાનમાં પર્યાયમાં નિર્મળ

થયા તો કહે છે એ પણ વિકારી વ્યંજનપર્યાયસહિત (છે). આહા..હા..! ભાઈ! પૂર્વમાં હતા એ વર્તમાનમાં પ્રગટરૂપે આરોપ (કર્યો). શક્તિમાં તો બધું છે. સમજાય છે કાંઈ? પણ પ્રગટરૂપ થા એ પ્રગટ થઈ ગયું તો પ્રગટ છે એમ નૈગમનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વર્તમાનનૈગમ અને ભાવીનૈગમ.'** લ્યો. ભાવીમાં તીર્થંકર થવાના હોય તો કહે છેને, શ્રેણિક રાજાનો જીવ જન્મશે તો કહે કે તીર્થંકર જન્મ્યા. એમ કહે છે કે નહિ? તીર્થંકર તો તેરમે ગુણસ્થાને થશે. પણ ભાવિ પર્યાયને લઈને તીર્થંકરનો જન્મ થયો. ચાલો ઈન્દ્રો મહોત્સવ કરવા. ઈન્દ્રો મહોત્સવ કરવા ચાલો તીર્થંકરનો. તીર્થંકર તો ક્યાં હતા? તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો તેરમે ગુણસ્થાને થાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ઉદય નથી થતો, તીર્થંકર પ્રકૃતનો ઉદય થતો જ નથી. છતાં ભાવિ નૈગમનયથી વર્તમાનમાં તીર્થંકર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? **'અહીં ભૂતનૈગમનયની અપેક્ષાએ ભગવંત...'** ભૂતનૈગમ. આ તે કેવી વાત શાસ્ત્રની! ભૂત નામ જે કાળ વીતી ગયો, જે કાળ વીતી ગયો એવું જ્ઞાન કરવાથી **'ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે,...'** વ્યંજનપર્યાય અને અશુદ્ધપણું બેય વર્તમાન કહેવામાં આવે છે. ઓહો..હો..! ત્રિકાળી દ્રવ્ય અને પર્યાયને સિદ્ધ કરે છે અહીંયા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેમકે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા...'** કેમકે પૂર્વ કાળમાં ભગવાન સંસારી હતા **'એવો વ્યવહાર છે.'** વ્યવહાર કહેવામાં આવે છે કે નહિ? સંસારી હતા. વર્તમાન સંસારી છે એમ પૂર્વ નયથી કહેવામાં આવે. **'બહુ કથનથી શું? સર્વ જીવો બે નયોના બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે એવો અર્થ છે.'** દ્રવ્યે ત્રિકાળ શુદ્ધ ત્રિકાળ, શુદ્ધ ત્રિકાળ બધા. અને પર્યાયે અશુદ્ધ, સિદ્ધ પણ અશુદ્ધ. એમ એક નયે કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** અશુદ્ધ.. નૈગમનય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ... પર્યાય પૂર્વે હતીને. એમ કોઈ કહે કે સિદ્ધ સિદ્ધ સિદ્ધ શુદ્ધ છે અનાદિથી. એક મુક્ત શિવ છે, અનાદિથી મુક્ત છે. એણે આ બધું બનાવ્યું છે. એમ છે જ નહિ. કોઈ અનાદિનો શિવ કર્તા-ફર્તા છે જ નહિ. જે મુક્ત થયા એ પણ પૂર્વે અશુદ્ધ હતા. આહા..હા..! સમજાણું કાંઈ? એ અશુદ્ધનો વર્તમાનમાં આરોપ કરીને એક નયે કહેવામાં આવે છે.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા કહ્યું છે કે :—'**

(मालिनी)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।

सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।

સમયસાર કુંદકુંદાચાર્ય મહારાજનું બનાવેલું છે. એની ટીકા અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં થયા. મહા ધર્મના સ્તંભ, ધર્મના ધોરી. એ અમૃતચંદ્રાચાર્યદેવે એની ટીકા બનાવી. એ ટીકાનો ચોથો શ્લોક છે.

'**શ્લોકાર્થ :— બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,...**' જુઓ, બે નયનો વિષય છે, પણ બે નયમાં વિરોધ છે. વ્યવહારનય કહે છે કે વર્તમાન પર્યાય આદિ છે, આકારાદિ છે, રાગાદિ છે. નિશ્ચય કહે છે કે રાગ-બાગ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? '**બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા, સ્યાત્પદથી અંકિત..**' ભગવાન કથંચિત્ પર્યાયમાં વિકાર કહે છે, ત્રિકાળમાં વિકાર સર્વથા નથી એમ પણ કહે છે. બેયનો વિરોધ નથી. બરાબર સમજવું જોઈએ. વિષયને વિરોધ છે, ન્યાયથી વિરોધ નથી. વિરોધ હોવા છતાં વિરોધ નથી. પર્યાયમાં વિકાર છે, ત્રિકાળમાં નથી. એ વિરોધ દેખાય છે, પણ અંદરમાં વસ્તુના સ્વરૂપમાં વિરોધ નથી. સમજાણું કાંઈ?

'**સ્યાત્પદથી અંકિત...**' સ્યાત્ નામ અપેક્ષાએ વર્તમાનમાં વિકાર છે એ પર્યાયનયથી છે. ત્રિકાળમાં વિકાર નથી એ દ્રવ્યનયથી છે. એમ વસ્તુદૃષ્ટિથી બે નયોના વિષયમાં વિરોધ હોવા છતાં કથંચિત્ લગાવવું (કે) પર્યાયથી છે અને વસ્તુમાં નથી. '**જિનવચનમાં જે પુરુષો રમે છે,...**' એવા વીતરાગના વચન છે એનું વાચ્ય આત્મા ત્રિકાળ છે, શુદ્ધ ગુણથી ભરેલો એને મુખ્ય કરીને એમાં રમે છે તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એને ધર્મ થાય છે એમ કહે છે. પર્યાયમાં અશુદ્ધતા છે, આકૃતિ પણ મલિન છે અને ત્રિકાળમાં નથી. એવું જ્ઞાન કરીને જે પુરુષ વીતરાગે કહેલ, શુદ્ધ સત્તા સ્વરૂપની દૃષ્ટિમાં નથી એવી દૃષ્ટિ કરીને અંતરની દૃષ્ટિ કરે છે, આત્માનું અંતર જ્ઞાન કરે છે '**તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને,...**' એના મિથ્યાત્વનો નાશ થાય છે. સ્વયમેવ એટલે અંતર એકાકાર થાય છે એને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી તો મિથ્યાત્વનો નાશ સ્વયમેવ થઈ જાય છે. આહા..હા..!

**શ્રોતા :—** વમી નાખવાની વાત કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વમી નાખ્યું એટલે ફરીને લેતા નથી. ઉત્પન્ન થતું નથી એનું નામ વમન કર્યું. પાછું લે નહિ એ અપેક્ષાએ. લે નહિ, કરે નહિ એવો એનો સ્વભાવ છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ભૂતાર્થ શુદ્ધચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ભ્રમણા અને અજ્ઞાનનો નાશ થાય છે. બીજો કોઈ નાશ કરવાનો ઉપાય નથી. એ વીતરાગના કહેલા તત્ત્વોથી મિથ્યાત્વનો નાશ થાય છે. અજ્ઞાનીએ કહેલા તત્ત્વોની દૃષ્ટિથી મિથ્યાત્વનો નાશ થતો નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, એમણે કહ્યું કે ભગવાન! તારી પર્યાયમાં અશુદ્ધતા છે, એ પણ

ઠીક છે, તારા સ્વભાવમાં નથી એ પણ ઠીક છે. દૃષ્ટિ બદલવાથી. સમજાણું કાંઈ?

વિકારની પર્યાય હોવા છતાં પોતાના સ્વભાવ ઉપર એકાગ્ર થાય તો એ જિનવચનમાં રમે છે એમ કહેવામાં આવે છે. કારણ કે જિનવચન વીતરાગી ભાવને સ્થાપન કરે છે. અવસ્થામાં વિકાર હોવા છતાં તેની ઉપેક્ષા કરીને વીતરાગ સ્વભાવમાં દૃષ્ટિ કર, એમ જિનવચન કહે છે. મહેનત બહુ પડે છે આમાં. આમાં તો એક બે અપવાસ કરી નાખવા, ફટ દઈને. એક પોષો કરજે, સામાયિક કરજે. પણ એ સામાયિક, પોષા હતા ક્યાં? પોતાના સ્વરૂપના સમ્યગ્દર્શન વિના સામાયિક, પોષા થાય ક્યાંથી? સંખ્યાબંધ થઈ ગયા. સમ્યગ્દર્શન વિના સંખ્યાબંધ પોષા અને સામાયિક થઈ ગયા, કહે છે. આહા..હા..! નિંબોળીને નિલમણિ માન્યું. લીંબડાની નિંબોળી હોય છેને, એને નિલમણિ (માની). માનો, એમાં શું છે? પૈસા-બૈસા કંઈ એમાંથી મળશે નહિ.

એમ ભગવાન આત્મા.. ઓહો..! એક સેકંડના અસંખ્યભાગમાં એની દ્રવ્યાર્થિકનય.. જિનવચન મુખ્ય-ગૌણ કરીને કહે છે. તો વસ્તુનો ત્રિકાળ સ્વભાવ મુખ્ય કરીને દૃષ્ટિ કરાવે છે. વર્તમાન અવસ્થા હોવા છતાં એને ગૌણ કરીને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? સમજણ.. સમજણ.. સમજણ.. કેમકે એ તો જ્ઞાનનો પિંડ જ આત્મા છે, ચૈતન્યસૂર્ય છે. આ તો માટી-બાટી એનામાં કંઈ નથી. આ તો માટી ધૂડ છે, અજીવતત્ત્વ છે. આ તો જીવનો અધિકાર છે. સમજાણું કાંઈ?

કહે છે, **'સ્વયમેવ મોહને વમી નાખીને,...'** ભગવાન પરમેશ્વરે આત્મા કહ્યો, ત્રિકાળી શુદ્ધ અને વર્તમાનમાં અશુદ્ધ. એ અશુદ્ધતાનું લક્ષ ગૌણ કરીને અને ત્રિકાળ શુદ્ધની દૃષ્ટિ મુખ્ય કરીને મુખ્ય સ્વભાવ ત્રિકાળ છે એની દૃષ્ટિ કરીને જે પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે, તે સ્વયમેવ મોહને વમી નાખે છે, એને મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી કોઈ ક્રિયાકાંડ કરવાથી આવું વમન થાય છે એમ નથી કહ્યું અહીંયા. આહા..હા..! ક્રિયાકાંડ તો શુભભાવ છે, એ તો રાગ છે. રાગ છે એટલું લક્ષ કરીને લક્ષ છોડી દે. ત્રિકાળ શુદ્ધચૈતન્યસ્વરૂપ પૂર્ણ આનંદની ખાણ, ખાણ, ખાણ. એની દૃષ્ટિ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. બીજો કોઈ મિથ્યાત્વનો નાશ કરવાનો ઉપાય નથી. એમ ભગવાનના વચન છે. સમજાણું કાંઈ? કોઈ આપી શકતું નથી. કોઈની કૃપાથી મળી શકતું નથી. આશીર્વાદ મળ્યા, આશીર્વાદની વાત કાલે ચાલતી હતી. ઓલો આવ્યો હતોને, પોપ, પોપ. બહુ લાખો માણસ. પોપ. ઝાઝા માણસ ... આમ આશીર્વાદ આપતો હતો. આમ આશીર્વાદ. જે લોકો સામે હોયને, આમ હાથ (કરે).

**શ્રોતા :—** હવામાંને હવામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હવામાં, ગપ્પે ગપ બધું. પોપ આવ્યોને પોપ. કાલે કોઈ કહેતું હતું, હોં! લાખો માણસ. ઈ પોતે મૂઢ છે મિથ્યાદૃષ્ટિ. સામાવાળા પહોંચી શકે નહિને. લાખો


માણસો.. અહીં ગુંજામાં આશીર્વાદ આપતા હતા, કહે છે. કાલે કોઈક કહેતું હતું, કોણ કહેતું હતું? ... કાળીદાસ કામદાર. લાખો માણસ આવતા, ગોરા, બોરા, બધા ચાલી નીકળેલા મૂઢ જીવો. ભાન ન મળે કાંઈ કે આત્મા શું અને ધર્મ શું! આ એના ગુરુ! અત્યારે ચાલી નીકળ્યા છેને, મુંબઈમાં ઓલો છેને, સાંઈબાબો. એ અહીં નાખે છે.


અહીં તો કહે છે કે ભગવાનના આશીર્વાદથી પણ મુક્તિ નથી થતી.


**શ્રોતા :–** ભગવાન આશીર્વાદ આપતા જ નથી!


**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ દે કોને? અહીંયા આત્માના આશીર્વાદ મળવા જોઈએ. ઓહો..! 'હું પરમાત્મા શુદ્ધ દ્રવ્યસ્વભાવ છું' એમ અંતર દૃષ્ટિ કરવાથી આત્માની શક્તિની વ્યક્તતા સમ્યગ્દર્શનમાં થાય છે. એ જ એનો આત્માનો આશીર્વાદ છે અને એનાથી આત્માનું કલ્યાણ અને મુક્તિનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.


(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)



દૃષ્ટિનાં નિધાન
પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ



શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત
પાંડવ પુરાણ
અર્થાત્
જૈન મહાભારત
પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ



ભાગવત શાસ્ત્ર
(ભાગ-૧)
ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ
પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧-૧૨, શ્લોક ૧-૪) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧-૩૨)



गुरु कहान - दृष्टि महान
(भाग - १)
आध्यात्मिक सत्पुरुष पूज्य गुरुदेवश्री कानजीस्वामी के
द्रव्यदृष्टि प्रधान आध्यात्मिक प्रवचन



શ્રીમજ્જિનસેનાચાર્ય-વિરચિત મહાપુરાણ ભાગ-૧
(આદિપુરાણ)
પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ



બોધિ-સમાધિ-નિધાન
(ભાગ-૨)
યશોધર ચરિત્ર
તરંગ ચરિત્ર
પ્રદ્યુમ્ન ચરિત્ર
પ્રકાશક:
નાગરદાસ બેચરદાસ મોદી-પરિવાર



કહાન દેશના


મહાવીર પુરાણ
શ્રી સકલકીર્તિ આચાર્ય વિરચિત
મહાવીર પુરાણ
પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ


પરમ-પારિણામિકભાવ
(અલગથી ઉપલબ્ધ પ્રવચનો)
ભાગ - ૧
શ્રી સીમંધરસ્વામી
શ્રી કુંદકુંદ આચાર્યદેવ
શ્રી પદ્મપ્રભમલધારિદેવ
શ્રી કાનજીસ્વામી
:પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ


श्री राममुनि विरचित
पाहुड-दोहा
(हिन्दी अनुवाद सहित)
प्रकाशक
श्री कुन्दकुन्द-कहान मोक्षार्थी परिवार
सोनगढ़ (सौराष्ट्र)


આત્માનુશાસન
શ્રી ગુણભદ્ર આચાર્ય
પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ


બ્રહ્મોપદેશ
ભાગ
૨
પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ